અણ-કસબી, } **અણ-કિસબી,** } *adj.* [P. कसबा skilled, professional.] Inexperienced; unskilful.

Prov. અણકિસબી હજામને અસ્ત્રા ઘણા A bad workman quarrels with his tools. અણકસબી હજામ પાટા મુંડે A barber learns to shave by shaving fools.

અણ-કહ્યા-ગરૂ, *adj.* [+ કહેવું + કરવું] Disobedient.

અણકી, [Used in Kathiawad.] See **અણચી.**

અણ-કુટ, } **અણ-કોટ,** } *s. m.* [S. अन्न food *fr.* अद् to eat + कोष्ठ a store-room.] A collection of varieties of sweet-meat put before an idol on a great holiday.

Id. અણકોટ ભરવો To celebrate the festival of અણકોટ. અણકોટનાં દર્શન Visits paid to an idol during the time of the festival. અણકોટનો ઓચ્છવ The fastivities of અણકોટ

અણખત, *s. f.* Envy; jealously. 2. Hatred; disgust. 3. Inconvenience; obstruction.

અણ-ખૂટ, *adj.* [See અણ priv. + ખુટવું to be exhausted.] Inexhaustible.

અણ-ગણ, *adj.* [+ ગણવું.] Countless; innumerable.

અણ-ગમ-તું, } **અણ-ગમું,** } *adj.* [+ ગમવું to be agreeable.] Disagreeable.

અણ-ગમો, *s. m.* Dislike.

Id. અણગમો થવો-ઉપજવો To dislike. અણગમો વેઠવો To put up with an unpleasant feeling; to submit to a state which produces a dislike.

અણ-ગળ, *adj.* [+ ગળવું to drop.] Unfiltered (water).

અણ-ગાર, *adj.* [+ S. अगार a house.] Houseless; having no fixed place of residence.

અતિ માન, હો, આહાર તજે, અણગાર.—**ઉદયરત્ન.**

અણ-ગોક, } **અણ-ગોખ,** } *s. m.* [See અન્ન food + ગોખ, ગોખલો, a cavity in a wall.]A vow practised by women, in which they eat their food in the open air

અણ-ગોખ, [See અણ + ગોખવું to say aloud.] Not learnt by heart.

અણ-ઘટતું, *adj.* [+ ઘટવું to be fit.] Improper; unfit; unsuitable.

Id. અણઘટતું કરવું To do an improper act. અણઘટતું થવું To take place in an unexpected manner. અણઘટતું કહેવું-બોલવું To give expression to an improper sentiment.

અણ-ઘડ, *adj.* [+ ઘડ-વું to give a form.] Raw; inexperienced. 2. Foolish.

અણ-ઘડયું, *adj.* Unworked.

Id. અણઘડયું લાકડું A piece of wood not fashioned (by a carpenter, &c.)

અણ-ચવ્યું, *adj.* [+ ચાવવું to bite, to taste.] Not tasted. 2. Unfit.

અણ-ચાલે, *adv.* [+ ચાલ, ચાલવું.] Out of necessity; being indispensable.

Id. અણ-ચાલે બોલવું To speak out of necessity.

અણ-ચિંત્યું, } **અણ-ચિંતવ્યું,** } *adj.* [S. अ not + चिन्त् to think.] Sudden; unexpected.

અણચી, *s. f.* [S. अन्यस्य pertaining to another *fr.* અન્ય another.] Injustice done

in a play. (Used in the Baroda districts.)

Id. અણુચી બકવી To speak a lie in a game with a view to save oneself from unpleasant consequences.(Saying "It is another boy, not I, who committed the fault.")

અણુછ, *s. f.* [S. अनिच्छा absence of a wish *fr.* અણ+ઇચ્છા.] Unwillingness; disgust.

અણ·છત, See **અ·છત.**

અણછતે છાનો ભ્રમ, પણ બ્રહ્મ-વેત્તા જાણે એ મર્મ.
—અખો.

અણ·છતું, *adj.* [+ છતું being.] Absent; wanting. 2. [+ ચતું, છતું, open.] Secret; hidden.

અણુછિ·યું, *s. n.* [See અણુછ.] Contempt. 2. A gesture or expression of contempt.

Id. અણુછિયાં કરવાં To make gestures of contempt; to use expressions of contempt.

અણ·છુટકે, *adv.* [+ છુટકો release.] Out of necessity. *Cf.* અણ·ચાલે.

અણ·જાણ, *s. f.* [+ જાણવું, S. ज्ञा to know.] Ignorance; unskilfulness. 2. *adj.* Ignorant; unskilful.

અણ·જાણ·પણું, *s. n.* Ignorance; want of skill.

અણ·જુગતું, See **અ·જુગતું.**

અણ·ટેવા·યલું, *adj.* [+ ટેવ, ટેવા·વું.] Unaccustomed.

અણ·તેડયું, *adj.* [+ તેડવું.] Uninvited.

અણ·તોલ્યું, } **અણ·તોળ્યું,** } *adj.* [+ તોલવું.] Not weighed.

Id. અણતોળ્યું માપ A portion taken out of a heap without weighing or measuring it.

અણ·દાતા, *s. m.* [+ દાતા.] One who does not give money in charity; a miser.

અણ·દાતા હોય અધિપતિ.—**સામળભટ.**.

અણ·દીઠ, } **અણ·દીઠું,** } *adj.* [+ દીઠું.] Invisible; unseen.

Prov. અણદીઠાનું દીઠું, માર મૂળા ને મીઠું=અણદીઠી વહુ, ને ઉમાદે નામ Great indeed, but of little worth = Beggars mounted run their horses to death.

અણ·દોહ્યું, *adj.* [+ દોહવું.] Not milked; unserved; wasted.

Id. એના વિના શું અણદોહ્યું રહ્યું છે? What is lost, if he does not come? What does it matter, if he refuses to come?

અણ·ધાર્યું, *adj.* [ધારવું.] Unexpected.

Id. અણધાર્યું થવું–બનવું To take place unexpectedly. અણધાર્યું આવી મળવું To meet, find, or get unexpectedly. અણધાર્યો બનાવ An unexpected event.

Prov. અણધાર્યું આગળ થાય, અને વિચાર્યું વાએ જાય Likely lies in the mire when unlikely gets over, *i. e.* It is the unexpected that happens.

અણ·નામી, *adj.* [+ નામ.] Having no name; nameless; unnamable. 2. *s. n.* The Supreme Being.

અણનામીનાં નામ જ બહુ.—**અખો.**

અણ·ફોડ, *adj.* [+ ફોડવું.] Unbroken; whole.

અણ·બનાવ, *s. m.* [+ બનાવ.] Disagreement.

Id. અણબનાવ થવો To disagree અણબનાવ કરવો To bring about a disagreement; to quarrel. અણબનાવ રાખવો To keep up a disagreement or a quarrel.

અણ·બુદ્ધ, *adj.* [+ બુદ્ધિ.] Ignorant; innocent; devoid of sense or feeling.

એમ વિલપે રાણી, રાય બેશુદ્ધ રે,
પાસે બાળક ઊભો અણ·બુદ્ધ રે.
—પ્રેમાનંદ.

અણ·બોટ, } **અણ·બોટે·લું,** } *adj.* [+ બોટવું *fr.* S. भुक्त eaten *fr.* भुज् to eat.] Unpolluted or undefiled by eating.

અણ·બોલાવ્યું, *adj.* [બોલાવવું.] Uncalled; not spoken to.

Prov. અણબોલાવ્યું બોલે, તે તણખલાની તોલે An uninvited guest is like straw.

અણ·બોલ્યું, *adj.* [+ બોલવું *fr.* S. ब्रू to speak.] Not expressed. 2. Dumb; silent.

અણ·ભોમિયું, *adj.* [+ ભોમિયો.] Not acquainted with the details of a matter; not conversant with.

અણ·મણું, *adj.* [+ મન.] Dejected; sad.

આણંદ પામ્યા સૂર્યવંશી, જે પૂર્વજ હંસધ્વજ તણા;

જે પિતૃ પારથ વીરના, તે થાય રૂપે અણમણા.
—પ્રેમાનંદ.

અણ·માનીતું, *adj.* [S. अ not + मन, મા-નવું, to think.] Disagreeable; under disfavour; disliked.

અણ·માપ, *adj.* [+ માપ a measure.] Not measured. 2. That which cannot be measured; immeasurable.

અણ·માહિત·ગાર, *adj.* [+ માહિતગાર.] Unacquainted with; ignorant of.

અણ·માહિતી, *s. f.* Want of acquaintance; ignorance.

અણ·મૂલ, *adj.* [+ મૂલ્ય.] Invaluable.

અણ·રાગ, *s. m.* [+ રાગ affection.] Want of affection; loss of affection.

Id. અણરાગ થવો To lose affection for.

અણ·રૂપ, *adj.* [+ રૂપ form.] Ugly.

અણ·લિંગ, *adj.* [+ લિંગ a mark.] Dispossessed of the લિંગ શરીર; having only the ethereal body. 2. Having no mark. 3. Having no sex.

એ આશ્ચર્ય ગુરૂનું ઘણું, જે અણરૂપી ને અણલિંગ.
—અખો.

અણ·વટ, *s. m.* A silver ornament for children & women.

અણ·વર, *s. m.* [S. अन्य different + वर husband *fr.* वृ to choose.] A relative or a friend of a newly married couple.

Id. અણવર સાથે તેડવું To invite the bride and bridegroom together with their companions.

અણ·વરિ·યું, *s. n.* The state or position of an **અણ-વર.** 2. See **અણવર.**

ઉદ્ધવજી અણવરિયું થઇ, પૂઠે રે ગયા;
રસિયો જી રીઝયા, તેઇ રૂપનું ધામ.
—દયારામ.

અણ·વાકેફ, } **અણ·વાકેફ·ગાર,** } *adj.* [See અણ priv. + વાકેફ, વાકેફ·ગાર, acquainted.] Unacquainted; not conversant with.

અણ·વાકેફ·ગારી, *s. f.* Want of acquaintance; want of knowledge; inexperience.

અણ·વિચાર્યું, *adj.* [+ વિચાર thought.] Thoughtless; rash.

Id. અણવિચાર્યું કામ A thoughtless or rash act.

અણ·વિંધ્યું, *adj.* [S. अ not + व्यध्, વિંધ·વું, to pierce.) Unpierced. 2. Ungelded (of a horse.) 3. Inexperienced.

Id. અણવિંધ્યું મોતી An unpierced pearl. અણવિંધ્યો સાંઢ An ungelded bull. અણવિંધ્યો માણસ An inexperienced man.

Prov. અણવિંધ્યું મોતી, તેનાં નીવડે વખાણ Never praise a ford, till you are safe over, *i. e.* The end crowns all.

અણ·સખડી, *s. f.* [S. अन्न food *fr.* अद् to eat + S. शुष्क, સૂકું, dry *fr.* शुष् to be dry; or सुख pleasure. See સુખડી.] Sweetmeat.

અણસણ, *s. n.* [S. अनशन not eating *fr.* + अ, अन, not + अशन eating *fr.* अश् to eat.] Abstaining from food; fasting. 2. The vow of abstaining from food till death.

અણ·સમજ, } **અણ·સમજ·ણ,** } *s. f.* [See અણ not + સમજવું to know सम् *fr.* together + ज्ञा to know.] Ignorance.

અણ·સમજુ, *adj.* Ignorant; unacquainted with.

Prov. અણસમજુ, ને આખો ભાગ (માગે) A little pot is soon hot, *i. e.* An empty vessel makes most noise.

અણ·સરજ્યું, *adj.* [+ સરજ·વું to create.] Not destined; accidental; avoidable. 2. Not expected; unexpected.

Id. અણસરજી પીડા Misery which a man was not destined to suffer, or which it was not necessary for him to suffer; or which could have been avoided; an accidental misfortune; a preventable evil.

અણસારો, *s. m.* [Ar. इशारह् hint.] A hint; an insinuation.

Id. અણસારો કરવો To give a hint. 2. To beckon; to make a sign or gesture to show one's intention. અણસારે સમજી જવું To know the intention from a sign or gesture. આંખનો અણસારો A hint given by a twinkling of the eye.

અણ·હદ, See **અનહદ.**

અણ·હુતું, *adj.* [+ હોવું, હતું. *Cf.* અણ-છતું.] Not existing; absent; wanting.

સંત સારૂ શીષ ન કાપ્યું રે, આણી અણહુતું આપ્યું રે.
—ભોજોભગત.

અણા-વવું, *v. f.* [Causal of આણ-વું to bring.] To cause to bring.

અણિમા, *s. f.* [S. *fr.* अणु small.] The superhuman power of assuming an imperceptible form; one of the eight siddhis (accomplishments) in Yoga philosophy.

અણિ-યાળું, } Same as **અણિ-દાર.**
અણી-વાળું, }

અણી, } *s. f.* A point. 2. A critical moment; a crisis.
અણિ, }

Id. કલમની અણી The point of a pen. ચપ્પુની અણી The point of a knife. અણીનો વખત A critical moment. અણી સાચવવી To be serviceable at a critical moment. અણી ચૂકવવી To be saved at a critical moment. અણી કાઢવી To sharpen the point; to put a point to.

Prov. અણી ચૂક્યો, સો વરસ જીવે Threatened folks live long.

ન અણિ કાઢીનેપડિયા રથો,
ન અણિ અસ્રથી છેદિયા રથો,
ન અણિ લીધી રાન હણી કરી,
ન અણિ ચૂકી નારી અરે ફરી.—પ્રેમાનંદ

અણીદરો-કણીદરો, *s. m.* A child's game generally known as હરી-વટો. (In the Petlād distics.)

અણી-દાર, } *adj.* [+ દાર P. having.] Pointed.
અણિ-દાર, }

અણી-શુદ્ધ, } *adj.* [અણી + શુદ્ધ complete.] Entire. 2. Safe.
અણિશુદ્ધ, }

અણી-સું, [અણી + શુદ્ધ.] See **અણી-વાળું.**

અણીસુ, *s. n.* A kind of medicinal seed.

અણુ, *s. m.* [S.] An atom; an indivisible particle.

અણુ-દિન, *adv.* [S. अनुदिन *fr.* अनु after + दिन a day.] Day after day; every day. See અનુ દિન.

પરપુરૂષશું લાગી રમવા, લાગ્યું અણુદિન અતિઘણું ગમવા.
—દયારામ.

અણોજો, } *s. m.* [S. अ, અણ, net + उज्ज्वल white, shining, or ओजस् might, power.] A day on which artisans do not work, such as the day of the new moon.
અણુજો, }

Id. અણોજો પાળવો To observe as a day of rest.

અણ્ટ-વાણ, } *s. f.* [See આંટો.] stumbling on account of the feet being entangled in a string.
અંટ-વાણ, }

અણ્ટસ, } *s. m.* [See આંટો.] Enmity.
અંટસ, }

અંટવા-વું, } *v. i.* To stumble on account of the feet being entangled in a string.
અંટેવા-વું, }

અંટે-વાળ, *s. f.* [See અણ્ટ-વાણ.] coming unexpectedly in the way of a person when he is walking.

અંટોળ-કાટલું, *s. n* [See અણ + તોળવું + કાટલું a weight.] An uncertain weight; a false weight. 2. An unreliable person.

અંડ, *s. n.* [S.] An egg. 2. The testicles.

અંડ-કટાહ, *s. m.* [+ कटाह a frying pan.] The palate. 2. The egg of the universe.

અંડ-જ, *adj.* [+ जन् to be born.] Born from an egg; hatched out of an egg.

અંડ-વૃદ્ધિ, *s. f.* [+ वृद्धि *fr.* वृध्, વધ-વું, to increase.] A disease of the testicles; hydrocele.

અંડાકાર, *s. m.* } [+ આકાર, આકૃતિ form *fr.* आ up to and कृ to do.] The shape of an egg; an oval 2. *adj.* Egg-shaped; oval.
અંડાકૃતિ, *s. f.* }

અંડુસ, *s. m.* The testicles. 2. *s. n.* A custard apple.

અંડોળ, *adj.* [S. आन्दोल् to swing.] Swinging; moving to and fro.

ધરા કપી તે સમે, થયા સિંધુ અંડોળ. —ગિરધર.

અતઃ, *adv* [S. *fr.* अदस् this or that.] Therefore. 2. From this time. 3. Hence.

Prov. અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ Between two stools we come to the ground.

અતઃ-પર, *adv.* [S. + पर another.] Hereafter; henceforward.

અત-એવ, *adv.* [+ एव only.] Only for this reason.

અતડા·ઈ, *s. f.*
અતડા·પણું, *s.n.* } [S. आ intens. + તોડવું; or, S. आ up to + तट bank.] Pride. 2. Bashfulness. 3. Reserved character. 4. Want of cordiality.

અતડું, *adj.* Distant; reserved.

Id. અતડું રહેવું To be distant or reserved.

અતન-મતન, *s. f.* A child's game.(Used in the Hālār distiets.)

અ·તનુ, *s m.* [S. *fr.* अ not + तनु the body. *Cf.* અનંગ.] The god of love.

મદાલસા મન મગ્ન અતીરો, તેણે દેહમાં અતનુ પેઠો.
—**પ્રેમાનંદ.**

અ·તરંગ, *adj.* [S. अ prefixed for euphemy, or आ intens.+ तरङ्ग waves.] Unsupported.

અતરડી, *s. f.* [See રેતરડી.] A small file.

અતરડો, *s. m.* A large file.

અતરાપી, *s. m.* [S. अत्र here+अपि even.] A foreigner; a stranger.

અતરે, *adv.* [अत्र *fr.* अदस् this or that.] Here.

અ·તર્ક્ય, *adj.* [S. अ not+तर्क to guess.] Inconceivable.

અત-લગ-નું, *adj.* [See અતિ intens. + લગવું, લાગવું.] Very near; close.

Id. અતલગનું સગું A near relative.

અતલસ, *s. f.* [Ar. अतलस.] A kind of silken cloth.

અતસી, *s. f.* [See આતસ heat.] The linseed plant.

જેની અતસી કુસુમ સરખી કાંતિ છે. —**દયારામ.**

અ·તળ, *s.* [S. अ not + तल the bottom.] The first of the seven lower worlds.

અ·તળી, *adj.* [S. अ not + तुल, તોળવું, to weigh, to compare.] Incomparable.

અતળી બળ ઇંદ્રજીતને, ચાંચણવત્ જેણે ચોળિયા.
—**સામળભટ.**

અતા·ઈ, *s.m.* [Ar. इता labouring; or अता gift + P. ई of.] An unprofessional musician; an amateur musician.

અતિ, *adj.* [S.] Excessive. 2. A prefix meaning *very, exceedingly, very much.*

Prov. અતિ ઋણિયાને ઋણ નહિ, ને અતિ દુખિયાને દુઃખ નહિ Too much is stark naught. અતિ વેપારે દેવાળું, અને અતિ ભક્તિએ છીનાળું Pleasures become bitter as soon as they are abused, *i. e.* Too much of a thing is good for nothing. અતિ લોભ, તે પાપનું મૂળ Avarice is the root of all evils. અતિ સર્વત્ર વર્જયેત્ Moderation is the mother of good luck, *i. e.* Excessive merriment is the mother of grief. અતિ ડાહ્યો, તે અતિ ખરડાય Positive men are very often in error.

અતિ-કાળ, *s. m.* [+ काल time.] The state of being very late.

અતિ-ક્રમ, *s. m.*
અતિ-ક્રમ·ણ, *s.n.* } [+ क्रम् to walk.] Transgression; encroachment. 2. Abandonment. 3. Rushing upon an enemy; an invasion.

અતિ·ક્રાન્ત, *adj.* Trangressing; going beyond the limits. 2. Passed away; elapsed; expired (of time).

અતિ-ઘણું, *adj.* [+ ઘણું much *fr.* S. घन thick.] Exceedingly large; very much.

અતિથિ,
અતિત, } *s. m.* [S. *fr.* अ not + तिथि a day, or अत् to walk continuously.] A pilgrim; a devotee. 2. A guest.

અતિથિ-પૂજન, *s. n.* [+ પૂજન, પૂજ્, worship.] Worship of guests; hospitality.

અતિથિ-સત્કાર, *s. m.* [+ સત્કાર welcome.] Welcome to guests; hospitality.

અતિ-પાત, *s. m.* [S. अति excessively + પાત fall *fr.* पत , પડવું, to fall.]Going beyond; transgression. 2. Mischief.

અતિ-પાતક, *s. n.* [S. अति excessively + पातक sin *fr.* पत to fall.] Great sin.

અતિ-પાતકી, *adj.* Very sinful.

અતિ-બળ, *s. n.* [+ બળ.] Great strength.

અતિ-રથ,
અતિ-રથી, } *s. m.* [S.+રથ a chariot.] A very powerful warrior fighting in a chariot.

અતિ-વિખ,
અતિ-વિષ, } *s. n.* [S. + વિષ poison.] A bitter medicinal drug.

અતિ·શય, *adj.* [S. *fr.* + शी to lie down.] Very much; excessive.

અતિશયોક્તિ, *s. f.* [+ ઉક્તિ speech *fr.* वच् to speak.] An exaggeration. 2. A hyperbole.

અતિ-શાણું, *adj.* [+ શાણું prudent.] Very prudent or mild.

• **અતિ-શૂદ્ર**, *s. m.* [S. अति intens. + शूद्र a man of the lowest of the four castes.] A man of a very low caste

અતિ-સાર, *s. m.* [S. + सृ, सर्, to move.] Dysentery.

અતિ-સ્નેહ, *s. m.* [S. + સ્નેહ affection *fr.* स्निह् to feel affection.] Great love.

અતિ-સ્વાથ, *s.m* [S.+ સ્વાર્થ self-interest *fr.* स्व own and अर्थ interest *fr.* अर्थ to beg.] Greediness; selfishness.

અ-તીક્ષ્ણ, *adj.*[S. अ not + तीक्ष्ण, તીખું, sharp.] Not sharp; blunt.

અતીત, *adj.* [S. *fr.* अति beyond + इत gone *fr.* इ to go.] Gone beyond; exceeding.

ગુણથી અતીત પંથ એકલો ફરે.—**જીવરામભટ.**

2. Beyond the power of. 3. Averse to.

અતીત, *s. m.* [See અતિથિ] A mendicant. 2. An itinerant ascetic.

અતીતાણી, *s. f.* A female ascetic.

અતીન્દ્રિય, *adj.* [S. अति beyond + इन्द्रिय the senses.]Incomprehensible by the senses; super-sensuous.

અતીવ, *adv.* [S. *fr.* અતિ + इव like.] Very much; exceedingly.

ઘણી હિંસા કરી છે અતીવ.—**ગિરધર.**

અતીશી, See **અતશી.**

અતીસ, **અતીસે**, See **અતિશય.**

અ-તુલ, **અ-તુલિ-ત**, **અ-તુલ્ય**, *adj.* [S. *fr.* अ not + तुल, તોલ-વું, to weigh.] Matchless; unparalleled.

અ-તૂટ, *adj.* [अ not + त्रुट्, તુટ-વું, to break.] Unbroken; entire; whole. 2. That which cannot be broken.

અ-તૃપ્ત, *adj.* [S. *fr.* + तृप्त satisfied *fr.* तृप् to be satisfied.] Not satisfied; unsatiated.

અ-તોલ, *adj.* [See અતુલ.] Immeasurable. 2. Incomparable.

અત્તર, *s. n.* [Ar. इत्र fragrance.] Ottar; perfume.

Id. અત્તર ગુલાબ આપવાં To present (guests) with perfumes and roses.

અત્તર, *adv.* [S. अत्र here *fr.* अदस् this or that. See અત્ર.] Here.

Id. અત્તર મતુ Here is the consent. અત્તર સાખ Here is the evidence.

અત્તર-ઘડી, *adv.* [+ घटिका a period of 24 minutes *fr.* घट a pot *fr.* घट् to form.]At this moment; just at this time; just now.

અત્તર-દાની, *s.f.* [See અત્તર *s. n.* + P. दान् a holder + H. इ Dim. suffix, *Cf.* S. धान holding *fr.* धा to hold.] A phial for holding ottar; a scent-box.

અત્તર-સાહેત, *adv.* [S. अत्र here + Ar. साअत time, moment, an hour.] Just now.

અત્ય, See **અતિ,**

અત્યન્ત, *adj.*[S. *fr.* अति beyond + અંત the end.] Very much.

અત્યય, *s. m.* [S. *fr.* अति beyond + इ to go.] Destruction. 2. Transgression. 3. A bad act; wrong-doing.

અત્યાગ્રહી, *adj.* [S. *fr.* अति excessively + આગ્રહ urgency *fr.* + आ intens. and ग्रह् to take.] Very pressing; obstinate.

અત્યાચાર, *s.m.* [S. *fr.* अति + आचार conduct *fr.* आ intens. + चर् to walk.] Conduct in violation of the general custom. 2. Wickedness.

અત્યાર, *s. f.* [S. अत्र here, in this + કાળ time.] This time; this moment; the present; the present time.

Id. અત્યાર પછી After the present time. અત્યાર લગી=અત્યાર સુધી Up to this time; up to the present time.

અત્યાર-પહેલાં, *adv.* [+ પહેલાં.] Ere now; before this time.

અત્યારે, *adv.* At this time; now.

અત્યાસક્તિ, *s. f.* [S. *fr.* अति intens. + आसक्ति attachment *fr.* आ intens. + सञ्ज् to go.] Excessive attachment.

અત્યુક્તિ, *s. f.* [S. *fr.* + उक्ति saying, speech, *fr.* वच् to speak.] Exaggeration; extravagent language; speaking beyond the limits of modesty.

અત્ર, *adv.* [S. *fr.* इदम् this.] Here; at this place.

અ·ત્રૂટ, }
અ·ત્રૂટ·ક, } See **અ·તૂટ.**

અ·ત્રૂપ, *adj.* [S. अ not + त्रप् to be ashamed.] Shameless.

અત્રે, See **અત્ર.**

Id. અત્રેની સરકાર The government in this country.

અથ, *adv.* [S.] Now. 2. *s. f.* Commencement.

અથ-ઈતિ, *adv.* [S. *fr.* + इति.] From beginning to end.

અથડ·વું, *v.i.* [S. आ up to + स्थल a place *fr.* स्था to stand.] To come into collision with. 2. To wander from place to place. See **અથડા·વું.**

અથડા-અથડી, *s. f.* See **અથડા·મણ.** 2. Collision; dashing against one another.

Id. અથડા અથડી થવી To dash against one another.

અથડા·ઉ, *adj.* Vagabond.

અથડા·મણ, *s. f.* Wandering. 2. Putting oneself to trouble. 3. Intricacy.

Id. અથડામણ થવી-પડવી To be obliged to wonder from place to place.

અથડા·મણ-કુટા·મણ, *s. f.* [+ કુટા·મણ crushing.] Vary great trouble.

અથડા·વું, *v. i.* See **અથડવું.** 2. To wander. 3. To try in vain. 4. To be tired.

Id. (એક બીજા સાથે) અથડાઈ પડવું To dash against one another. 2. To quarrel. અથડાઇ અથડાઇને થાકવું=અથડાઈ મરવું. To be exhausted by being obliged to wander from place to place.

અથર્વ, *s.m.* [S.] One of the four Vedas.

અથર્વણ, *s. m.* [S.] The god Siva.

અથર્વેદી, *s. m.* [S. अथर्व-वेदी *fr.* अथर्व + वादन Knowing *fr.* विद् to know.] Knowing the Atharva Veda. 2. A troublesome man. 3. A rogue. 4. An infidel.

અથ-વા, *conj.* [S. अथ + वा or.] Or. 2. Either.

અ·થાક, }
અ·થાગ, } *adj.* [S. अ not + Dh. Des. थग्घो, थाहो, deep, Hem. Des. थग्गो=S. गाध: shallow *fr.* S. स्थग् to stop.] Unfathomable; bottomless.
અ·થાહ, }

Id. અથાગ પાણી Deep water. અથાગ ઊંડું So deep as may be considered bottomless; very deep.

અથાણું, *s. n.* [See આથવું] A pickle; pickles.

Id. અથાણું નાખવું-કરવું To make pickles. અથાણું મૂકવું To serve (the guests) with pickles. અથાણું કરી રાખવું To keep unused; to spare the use of.

Prov. અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું, અને બૈરી બગડી તેનું ઘર બગડ્યું If your pickles are spoiled, you will have tasteless meals the whole year round, likewise a wife may make her husband's home miserable.

અથોટી, *s. f.* [See હથોટી હથોડી, *fr.* S. हस्त the hand + वृत्ति turning *fr.* वृत to turn] Skill in manual profession; special skill; a peculiar way of working; expertness; a manner peculiar to oneself.

અથોડી, *s. f.* A small hammer.

અથોડો, *s. m.* A hammer.

અદ, }
અધ, } *adj.* [See અદ્ધ, અર્ધ.] Used as a prefix to show "a half of," *e. g.*, **અદ-શેર, અધ-મણ.**

Prov. અધ વસાનું માણસ, ને લાખ વસાનાં લગડાં Fine feathers make fine birds, *i. e.* Good clothes open all doors.

અદ-કચરૂં, *adj.* [+ કચરવું to crush.] Half-crushed.

અદક·જીભું, *adj.* [See અધિક more than +જીભ the tongue.] Talkative. 2. Thoughtless of speech; having an insolent tongue.

અદ-કડું, *adj.* [See અડૂ-કડું.] Resting on the feet; sitting in a posture in which only the two feet touch the ground.

અદક-પાંસળી, *adj.* [અધિક more than + પાંસળી a rib.] Talkative; humourous. 2. Mischievous (Generally said of barbers, who are naturally talkative and make humourous remarks.)

અદકું, See **અધિક.**

અદકેરૂં, *adj.* More (used in poetry).

• **અ·દક્ષ**, *adj.*[S. *fr.* अ not + दक्ष diligent.] Not diligent; careless.

અદ-ખોખું, *adj.* [See અદ, અર્ધ, half + ખોખરૂં hoarse.] Almost broken.

અદ-ખોલું, *adj.*[+ ખોલ·વું to open.] Half-opened.

Id. અદખોલું મૂકવું-રાખવું-કરવું To leave or keep half-opened.

અદ-ગારિયું, *s. n.* [+ ગારો mud.] Mud and cow-dung mixed together and used in fomentation.

અ·દગ્ધ, *adj.* [S. *fr.* अ not + દગ્ધ burnt *fr.* दह् to burn.] Unburnt.

અ·દત્ત, *adj.* [S. *fr.* अ not + દત્ત given *fr.* दा to give.] Not given; withheld.

અ·દત્તા, *s. f.* [S.] A girl not given in marriage; an unmarried girl; a maid.

અદન, *s. n.* [S. *fr.* अद् to eat.] Eating. 2. Food.

અદના, *adj.* [Ar. अदना lower; lowest.] Poor; wretched. 2. Useless. 3. Low; base.

અદ-પચુ, *adj.* [See અદ, અધ, અર્ધ + S. पच, પચ·વું, to cook.] Half cooked. 2. Existing in a state between the solid and the liquid. See અધ-પચુ.

અદ-પડિયાળી, *adj. f.* [See અદ, અધ, *fr.* S. अर्ध half + પટ a fold.] Half closed (eye.)
અદપડિયાળી આંખે ઝીણું ઝાંખ મારે.
—**દયારામ.**

અદબ *s. f* [Ar. अदब]Civility; decorum; urbanity; good breeding; modesty.

Id અદબ કરવી-વાળવી To assume a decent position of the body. અદબ રાખવી=અદબમાં રહેવું To keep oneself within the bounds of decency towards another.(તેની) અદબ મૂકવી-છોડવી-તોડવી To cast off a feeling of respect towards (a person).

અદ-બદ, *adj.* [અદ, અર્ધ, half + બદ્ધ bound *fr.* S. बन्ध्, બાંધ·વું, to bind.] Not destined; not certain.

Id. અદબદ રાખવું-રહેવા દેવું To keep uncertain, undetermined, or unappropriated. 2. To keep as a deposit (money, &c.).

અદબ·સર, *adv.* [See અદબ+સર upon.] Politely; respectfully.

અદરસ, *s. m.* [S. आर्द्रक ginger + रस juice.] The juice of ginger.

અદરા·વું, *v. i.* [See આદર *fr.* S. आदृ to honour.] To be betrothed. 2. To begin with a heart in the matter; to begin with a heart.

Id. (તેનું) લગન અદરાયું છે (He) Is betrothed. અદરાએલું જોડું A betrothed couple. અદરાએલું કામ A work begun with a heart. શિરીનબાઈ કાવસજીથી અદરાએલી છે (Lit.) Sh. receives attentions from (is courted by) K; Sh. is betrothed to K.

અ·દર્શ, *adj.* [S. अ not + दृश to see.] Invisible.

અ·દર્શન, *s. n.* Disappearance.

અદલ, *adj.* [Ar. अद्ल equal, justice.] Impartial; right; just; exact.

Id. અદલ ઇનસાફ Impartial or true justice. અદલ માપ Exact measure. અદલ તોલ Fxact weight. અદલ કામ Just, honest, or exact work.

અદલ-બદલ,*adv.*[+ Ar. बद्ल् to change.] In exchange.

Id. અદલબદલ કરવું To exchange. અદલબદલ થવું To be exchanged or transposed for another.

અદલા-બદલી, *s. f.* } [+ Ar. बदली substitute.] The act of exchanging.
અદલો-બદલો, *s. m.* }

Id. અદલાબદલી કરવી To exchange. અદલાબદલી થવી To be exchanged or transposed for another.

અદ-મુઉં, *adj.* [S. अर्ध half + मृ, મરવું, to die.] Half dead.

અદ-સસ·તું, } *adj.* [See. અદ, अर्ध, half + શ્વાસ breathing *fr.* S. श्वस् to breathe.] Half-dead.
અધ-સસ·તું, }

અ·દળ, *adj.* [S. अ not + दल a leaf.] Having no leaves.

અદા,*s. f.* [Ar.] Blandishments;amours; coquetry. 2. Peculiar grace. 3. Payment.

Id. અદા કરવીTo practise blandishments; to make amorous gestures. 2. To act the

part of. કરજ અદા કરવું To repay a debt. અદાથી જોવું To cast amorous glances. 2. To look with a peculiar grace. અદાથી ચાલવું To walk with a graceful gait. અદાથી-અદાની સાથે ગાવું To sing with graceful or amorous gestures.

અદા, See **અદાવત.**

ભગવું, જગવું, જીુક્તિ, ૨ક્તિ,
નહિ જો હરિ આજ અદા આપદા.—**વલ્લભ.**

અ·દાતા, *adj.* [S. *fr.* अ not+ દાતા a giver *fr.* दा to give.] Miserly.

અ·દાપ, } **અ·દાપો,** } *s. m.* [S. आ intens. + તાપ heat.] Heat of pain. 2. Suffering; distress.

પ્રીતડી જેને વ્યાપે, તેને મારે અદાપે.—**પ્રેમાનંદ.**
હું તો આવી બેસું નહિ અદાપમાં.—**ધીરો.**

અ·દાર, *adj.* [S. *fr.* अ not + દારા wife.] Having no wife; unmarried. 2. Deprived of a wife.

અદાલત, *s. f.* [Ar. अदालत justice.] A court of justice.

Id. અદાલતમાં જવું=અદાલતે ચઢવું To institute legal proceedings.

અદાવત, *s. f.* [Ar. अदावत.] Spite; enmity; a destructive tendency.

Id. અદાવત કરવી To act with spite. અદાવત રાખવી To continue a spite; to grudge. (એની સાથે મારે) અદાવત ચાલે છે There is enmity (between him and me).

અદાવતિ·યું, *adj.* Inimical; arising from a grudge.

અ·દાહ્ય, *adj.* [अ not + दह to burn.] Incombustible; fire-proof.

અદિયો, *s. m.* [S. आ intens + दाय a gift *fr.* दा to give.] A present; a gift.

અ·દીઠ, *adj.*[S. अ not +દીઠું] Not seen; invisible. 2. That of which the sight cannot be borne.

Id. અદીઠ વાળો-કરો Begone !; Hide your face.

મોઢે ફૂલ, ને પાછળ અદીઠ. —**અખો.**

અ·દીન, *adj.* [S. अ not + दीन poor.] Rich; well-to-do; needless.

અદુ·કડું, } **અદુ·અડું,** } *adj.*[S. अर्ध half + कट side.] Sitting on the feet; unstable. See **અદ·કડું.**

Id. અદુકડું-અદુકડે બેસવું To sit on the feet. અદુકડે રહેવું To stoop.

અદુઘાડું, *adj.*[S. अर्ध half + ઉઘાડું open.] Half-open.

અદુડો-મદુડો, *s. m.* A game for children, generally known as **અણુલો-દણુલો.**

અ·દૂર *adj.* [S. *fr.* अ not + દૂર distant.] Not distant; near; close at hand.

અ·દૂર-દર્શી, *adj.* [S. *fr.* + दृश to see. See દર્શન.] Not far-sighted; short-sighted.

Id. અદૂર-દર્શી મુસદ્દી A short-sighted statesman. અદૂર-દર્શી રાજ્ય-રીતિ A short-sighted policy.

અ·દૃશ્ય, *adj.* [S. *fr.* अ not + दृश to see.] That which cannot be seen; invisible.

Id. અદૃશ્ય થવું To be invisible. અદૃશ્ય રહેવું To become invisible; to remain concealed.

અ-દૃશ્ય-વિદ્યા, *s. f.* [S. *fr.* + विद्या knowledge *fr.* विद to know.] The science or art of working by invisible forces; magic; a spell.

અ·દૃષ્ટ, *adj.* [S. *fr.* अ not + दृष्ट seen *fr.* दृश to see.] Unseen. 2. *s n.* The future. 3. Fate; destiny.

Id. અદૃષ્ટ ખરચ Unexpected expenditure. અદૃષ્ટ જોવું-પારખવું To know or try to know the future or destiny. અદૃષ્ટમાં હોવું To be destined. અદૃષ્ટમાં લખેલું Determined by fate.

અદૃષ્ટ·વાન, *adj.* [+ वत्, वान् = Guj. વાળું having.] Fortunate.

અ·દેખાઇ, *s. f.* [S. अ not + દેખવું to see.] Jealousy; enmity.

Id. અદેખાઈ કરવી To be jealous. અદેખાઇ થવી-ઉપજવી To become jealous.

અ·દેખું, *adj.* Jealous.

અદો, *interj.* [S. उदय rise *fr.* उत up + इ to go.] The cry उदय (prosperity) generally uttered before a goddess.

અદ્યા, See **આદ્ય.**

Id. અદ્યા ભવાની Lit. The goddess who existed in the beginning of the creation. 2. A eunuch. 3. A man without manliness;

a good-for-nothing man.

• **અદ્દલ,** See અદ્દ્વ.

અદ્ભુત, *adj.* [S.] Odd; strange; wonderful.

Id. અદ્ભુત માયા Wonderful deception. અદ્ભુતાકૃતિ Having a wonderful form. 2. *s. m.* God.

શ્રેય, સદ્દમ, નામ શામ, અદ્ભુતાકૃતિ.
—દયારામ.

અદ્ભુત-રસ, *s. m.* [S. *fr.* + રસ a sentiment.] One of the nine qualities necessary to the Hindu drama; the marvellous.

અ-દ્રવ, *s. m.* [*fr.* अ not + દ્રવ a liquid.] Not a liquid. 2. *adj.* Insoluble; unliquefiable.

અદ્ય, *adv.* [S.] To-day. 2. Now.

અદ્યાપ, } **અદ્યાપિ,** } *adv.* [S. *fr.* अपि even.] Even now. 2. Still; as yet.

અદ્રક, *s. m.* [S. आर्द्रक.] Ginger.

અદ્રિ, *s. m.* [S.] A mountain.

અ-દ્રોહી, *adj.* [S. *fr.* अ not + द्रुह् to hate.] That which does not hate; free from hatred.

અ-દ્વય, *s. n.* [S. *fr.* अ not + द्वय a couple *fr.* द्वि two.] Identity; oneness. 2. *adj.* One; single; unattended by anything else; without a second.

અદ્વા-તદ્વા, *adj.* [S. यत् which + वा or + तत् that + वा or.] Irregular. 2. Extravagant. 3. Extravagant in speaking; talking without restraint.

અ-દ્વિતીય, *adj.* [S. *fr.* अ not + द्वितीय second *fr.* द्वि two.] Without a second; sole; unique; rare.

અ-દ્વૈત, *s. n.* [S. *fr.* + द्वैत quality *fr.* द्वि two.] Non-duality; unity; identity.

અદ્વૈત-પંથ, *s. m.* [+ પંથ a way.] A religious sect which holds the doctrine of non-duality.

અદ્વૈત-ભાવ, *s. m.* [+ ભાવ being *fr.* भू to be.] The one only essence; the sole existence. 2. Belief that one only God exists.

અદ્વૈત-મત, *s. n.* [+ મત opinion *fr.* मन to think.] The doctrine that the individual soul and the Supreme Soul are not two separate entities.

અદ્વૈત-વાદ, *s. m.* [+ વાદ doctrine.] The philosophy which teaches non-duality, or the identity of the individual soul with the Supreme Soul.

અદ્વૈત-વાદી, *adj.* Holding the doctrine of non-duality, &c.

અધ, *adj.* [S. अर्ध a half.] Half (used as the first member of a compound word).

અધ-કચરૂં, *adj.* [S. + કચરવું to crush.] Half-crushed.

અધ-કાચું, *adj.* [+ કાચું raw, unripe.] Not ripe; premature; almost raw.

અધકું, *adj.* [S. અધિક more.] More; greater.

અધ-કોશ, *s. m.* [S. अर्ध half + क्रोश કોશ, two miles.] Half a kos; a mile.

અધ-ખોખરૂં, *adj.* [S. अर्ध half + Guj. ખોખરૂં hoarse.] Dull in sound; half-broken.

અધ-ખોલું, *adj.* [S. अर्ध half + Guj. ખોલવું to open.] Half-open.

અધ-ગજ, *adj.* [+ अर्ध half + P. गज़, ગજ a yard.] Half a gaj in length; about 12 inches

અધ-ગજી, *adj.* Half a gaj in breadth.

અધ-ગાઉ, *s. m.* [S. अर्ध half + गव्यूति. ગાઉ, two miles.] Half a kos; one mile.

અધ-ગારિયું, *adj.* [S. अर्ध half + Guj. ગારિયું. ગાર, cool.] Tepid; luke-warm; milk-warm.

અધ-કુકું, See **અદ્દ-કડું, અદ્દ-ગડું, અદ્દ-કડું.**

અ-ધણિ-યાતું, *adj.* [S. अ not + Guj. ધણી master, owner.] Masterless; poor; helpless; unclaimed.

અધધ, *interj.* [Imit.] Oh !

અ-ધન, } **અ-ધન-વાન,** } **અ-ધના,** } *adj.* [S. अ not + ધન wealth.] Not rich; poor.

અધનીને મળે નહિ, માનિની કે મોંઘાં સૂત.
—વલ્લભ.

અધ-પચ્યું, *adj.* [S. अर्ध half + पच्, પચવું, to cook.] Half-cooked; half-digested. See

અચ-પચુ, અદ-પદુ.

અધ-બળ્યું, *adj.* [S. अर्ध half + ज्वल्, બળવું, to burn.] Half-burnt. 2. Jealous; grudging.

અધમ, *adj.* [S.] Low; base; mean; contemptible.

અધ-મણિ·યું, *s. n.* [S. અધ half + મણ a weight in Ahmedabad of forty pounds *fr.* मा to measure.] A vessel that can hold half a maund.

અધ-મણિ·કો, અધ-મણિ·ચો, *s. m.* A weight of half a maund, or 20 lbs.(in Ahmedābād).

અધમાધમ, *adj.* [S. અધમ + અધમ.] very sinful.

અધ-મુવું, અધ-મોયું, *adj.* [See અધ + મૂવું dead *fr.* મરવું.] Half-dead; almost dead.

અધમોદ્ધાર, *s. m.* **અધમોદ્ધાર·ણ,** *s.n.* [S. *fr.* अधम low + ઉદ્ધાર salvation.] Salvation of sinners. 2. *s. m.* A saviour.

અધર, અદ્ધર, *adj.* [Dh. Des. उद्दुर high *fr.* S. उद्धुर freed from a yoke, unrestrained, *fr.* उत् up + धुर् a yoke.] Supportless; hanging in mid air.

Id. અદ્ધર રહેવું To live in a mid air or without a support. 2. To conduct oneself without regard to other people's opinion. અદ્ધર અદ્ધરથી જવાબ દેવો To avoid a direct answer; to give an evasive answer. અદ્ધર ખાવું-પીવું To eat or drink without the hand touching the mouth. અદ્ધર શ્વાસે ખાવું To eat in a hurry. અદ્ધર ને અદ્ધર ચાલવું To behave oneself without regard to other people's opinion. અદ્ધર કામ કરવું To do a work superficially. અદ્ધર ઉપાડી જવું-ઉડાવવું To do away with a thing boldly and in the presence of men concerned; to misappropriate (money, &c.) boldly and without regard to appearances or principles of honesty. 2. To do away with a thing without letting others know how it was done. 3. To despatch a business without the help of others, and without letting others know how and when it was done. (રકમ) અદ્ધર રાખવી Not to make an entry in the regular account-book. અદ્ધર ઉડવું To have no regard to the opinions of other people; to be extravagant in one's conduct. અદ્ધરથી ઝીલી લેવું To make a clean catch. અદ્ધરથી લણી લેવું To reap a harvest by cutting off the ears of corn and leaving the stalks standing in the field. અદ્ધરનું અદ્ધર રાખવું Not to allow to rest; to keep busily engaged; to oblige to make haste. 2. To treat with great fondness. અદ્ધર લટકવું To be without a footing; to have no *locus standi.* 2. To be restless; to be anxious. અદ્ધરના અદ્ધર ચાલ્યા ગયા Passed way without being noticed.

અધર, *s. m.* [S.] The lower lip.

અધરક·વુ, See **અધ્રક·વુ.**

અધરણુ, See **આધરણુ, આધણુ.**

અ·ધર·તુ, *adj.* [See અધર, અદ્ધર.] Stopped in the middle; left unfinished.

અધર-દલ, *s. n.* [S. *fr.* અધર the lower lip + દલ a leaf.] A lower lip resembling a leaf; a thin lower lip.

અધર-ધરન·હાર, *s. m.* [See અધર hanging + ધરવું to hold.] A supporter of those who have no support. 2. God.

અધર-પલ્લવ, *s. m.* [S. *fr.* અધર the lower lip + પલ્લવ tender sprout.] A lower lip having the appearance of a tender leaf.

અધર-પાન, *s. n.* [+ પાન drinking *fr.* पा, પીવું to drink.] Kissing the lips.

અધરાત-મધરાત, *adv.* [See અર્ધ half + રાત, રાત્ર, રાત્રિ, night *and* મધ્ય middle + રાત] At any time of night.

Id. અધરાત-મધરાતે રખડે છે He wanders at all times in the night.

અધરામૃત, *s. n.* [S. *fr.* અધર the lower lip + અમૃત nectar.] (Lit) The nectar-like pleasure of kissing the lower lips; hence, the pleasure of kissing; a sweet kiss.

અ·ધરા·યું, *adj.* [S. अ not + ધરા·વું to be satisfied.] Not satisfied.

અધર-વટ, *adv.* [See અધર, અદ્ધર, sup-

portless + વૃતિ being.] In mid air. 2. Being without a supporter.

દાનિવથી બીતાં હશો, અધર-વટ પાપીને હુ કરૂં દે'વટ.
—પ્રેમાનંદ.

અધર-સુધા, *s. f.* [S. *fr.* અધર the lower lip + સુધા nectar.] See **અધરામૃત.**

અધર-સુધા-ધર, *s. m.* [+ ધરવું to hold, to have.] The person who kisses the lips; a lover.

અ·ધર્મ, *s. m.* [S. *fr.* अ not + ધર્મ religoin *fr.* धृ to hold.] Demerit; the reverse of duty; vice; injustice; wickedness.

Id. અધર્મ બોલવું To say what is undutiful. અધર્મ ચાલવું To conduct oneself undutyfully or wickedly. અધર્મ ઈચ્છવું To wish evil to. અધર્મનું ઈચ્છવું To wish to take dishonestly. આ અધર્મ થાય છે This is unjust or dishonest. તે અધર્મ કરે છે He does an injustice.

Prov. અધર્મના અઢી દિવસ Liars have short wings, *i. e.* A lie has no legs. અધર્મનો પૈસો રહે નહિ Cheating trade seldom thrives.

અ·ધર્માચર·ણ, *s.n.* }
અ·ધર્માચાર, *s. m.* } [S. *fr.* + આચરણ, આચાર, conduct.] Undutiful conduct; wicked conduct; wickedness; a career of vice.

અ·ધર્માચારી, *adj.* [+ आ intens. and चर् to walk.] Undutiful; wicked; vicious.

અ·ધર્મિષ્ઠ, *adj.* [See અધર્મ +S. इष्ठ superl. suffix.] Very irreligious.

અ·ધર્મી, }
અ·ધર્મિષ્ઠ, } See **અ·ધર્માચારી.**

અધ-વચ, *adv.* [S. અર્ધ half + વચ્ચે in the middle.] Midway.

Id. અધવચ મૂકવું-રાખવું To keep suspended; to leave unfinished. અધવચ બોલી ઊઠવું To interrupt in speaking.

અધ-વચાળ, *adv.* [In this word ચાળ seems to have been added by the analogy of અંતરિયાળ, અંત્રિયાળ, *fr.* S. अन्तराल the sky.] See **અધ-વચ.**

અધ-વચ·રૂં, *adj.* Suspended from the middle.

અધ-વધરૂં, *adj.* [+ વધારો growth.] Half-grown; undeveloped; imperfect; inexperienced.

મૌન ગ્રહીને મેહેતોજી ચાલ્યા,
અધવધરાને શો ઉત્તર દેઉં.
—નરસિંહ મહેતા.

અધ-વાયો, *s. m.* [S. अन्न the way + वाह a carrior *fr.* वह् to carry. See અધો-વાયો.] A cartman who carries in his carts trader's goods from one place to another. 2. One who trades in cattle.

અધ-વાર·વું, *v. i.* [See અધ, અર્ધ, half + વાર a day.] To pass or elapse (of a half of a month or other period.) 2. *v. t.* To divide the contents (of a pot or bag) into two equal parts.

Id. વૈશાખ મહીનો અધવાયો A half of the month of વૈશાખ (May-June) has passed away. આ ગોળીનું પાણી પેલી ગોળીમાં અધવાર Put a half of the water in this pot into the other.

અધ-વારિ·યું, *adj.* [See અધ + વાર a day.] Dwelling or living at two places.

અધ-વાડું, *s. n.* Residence or interest at two places.

Id. આ માણસનું અહિં અધવાડું છે (Lit.) This man has half an interest here. 2. This man lives here as well as at some other place. આ અહિં અધવારે રહે છે (Lit.) He lives here sharing half an interest. 2. He lives here as well as at some other place.

અધ-વાલી, *s. f.* [S. अर्ध a half + Guj. વાલ a single bean.] A weight of half a val; $\frac{1}{60}$ part of a tolā.

અધ-વાવર્યું, *adj.* [+વાવર·વું to use.] Half-used; half-spent.

અધ-શત્રુ, *s. m.* [+ શત્રુ an enemy.] Almost an enemy.

અધ-સસ·તું, *adj.* [+ શ્વાસ breathing *fr.* S. श्वस् to breathe.] Having weak respiration; lying on one's death-bed. *Cf.* **અદ·સસ·તું.**

અધ-સૂકું, *adj.* [+ સૂકું dry.] Half-dried; almost dry.

અધ-ધુન્ધ, *s. f.* [See અંધા·ધુન્ધી.] Disorder. 2. Ignorance.

અધા·ધુમ, }
અધા·ધોમ, } *adv.* [Imitative. See ધુમ

imit. & અન્ધાધુન્ધી.] Quite; altogether.

અધાન્ધ, *adj.* [See અધ, અર્ધ, half + અંધ blind.] Half-blind; almost blind; purblind.

અ·ધાર્મિક, *adj.* [S. *fr.* अ not + धार्मिक religious, pious, *fr.* ધર્મ religion.] Irreligious. 2. Unjust; iniquitous.

અધિ, *prep.* [S.] On; upon. 2. Beyond. 3. *adj.* Excessive; superior. (Used before verbs & sometimes before nouns.)

અધિક, *adj.* [S] Additional; more.

Id. અધિક કહેવું To speak specially about a matter. અધિક બોલવું To speak beyond the bounds of decency or reason. અધિક થઇ પડવું To be more than the required quantity. 2. To be heavier than what one can bear or carry. અધિકોત્તર ખરચ Incidental expenses.

Prov. અધિકસ્ય અધિકં ફલમ્ Plenty makes dainty.

અધિક·તા, *s. f.* Greatness; superiority. 2. Excess.

અધિક-તિથિ, *s. f.* [+ तिथि a day of the month.] That day or period of time which commences before or with one sunrise and ends after or at the next, and thus comprises two suns.

અધિક-મહિનો, }
અધિક-માસ, } *s. m.* [+ મહિનો, માસ.]
An intercalary lunar month, recurring after every interval of rather more than 32½ lunar months.

Note–The અધિક માસ takes the same name as that of the month next following, being distinguished from it merely by the prefixed term અધિક (additional).

અધિકરણ, [S. अधि over, on + कृ, કર·વું, to do.] Place; receptacle. 2. The relation of the Locative case (in grammar).

અધિકા·ઈ, See **અધિક·તા**.

અધિ·કાર, *s.m.* [S. *fr.* अधि over, on, + कृ, કર·વું, to do, *Cf.* P. कार work, act, *fr.* करदन to do.] Power; authority.

Id. અધિકાર આપવો. To empower. અધિકાર મળવો To obtain power અધિકાર ખોવો To lose power.–ઉપર અધિકાર હોવો To have power over. અધિકાર બહારનું Beyond the power or jurisdiction of. અધિકાર ચલાવવો To exercise power.

અધિ·કારી, *s. m.* An officer; an agent.

અધિકારી·પણું, *s. n.* The state or position of a government officer entrusted with power.

અધિકું, See **અદકું**.

અધિ·દેવ, *s. m.* [S. See અધિ superior + દેવ a god.] A superior god; the presiding god. 2. The special divinity.

Note—The અધિદેવ of the eye is held to be the sun. Each of the eleven organs of sense is supposed to be under the special control of its own presiding deity.

અધિ·દૈવત, *s. n.* [+ દૈવત.] The presiding deity. See **અધિ·દેવ**.

અધિ·દૈવિક, Correctly **આધિ-દૈવિક**.

અધિ·કૃત, *adj.* Authorized.

અધિ·ગત, *adj.* [S. अधि over, on, + ગત gone *fr.* गम् to go.] Known; obtained.

અધિ·પ, *s. m.* [+ पा to protect. *Cf.* Ar. अदीब tutor or patron. [A governor; a master.

અધિપ·પણું, *s. n.* Governorship.

અધિ·પતિ, *s. m.* [S. *fr.* + પતિ master.] An editor of a newspaper. 2. A chief; a king.

અધિપતિ·પણું, *s. n.* Editorship. 2. Kingship; rulership.

અધિ·માંસ, *s. m.* [S. अधि over, on, + मांस flesh.] A kind of disease.

અધિયારી, *s. f.* [See અધિકારી; અધિકાર.] Forced labour. (Used in Kathiawad.)

અધિ·યારૂં, *s. n.* [See અધ, અર્ધ half.] Entrusting cattle to a keeper on the condition of his receiving half of the progeny of the cattle.

અ·ધિ·યો, *adj. m.* [S. अ not + धी intellect.] Dull; stupid.

અધિ·રાજ, *s. m.* [S. *fr.* अधि over, on + રાજ a king *fr.* राज् to shine.]A great king.

અધિ·રૂઢ, *adj.* [S. *fr.* અધિ on + રૂઢ. Mounted; seated on (of a throne, horse, elephant, &c.)

અધિ·વાસ, *s. m.* [S. *fr.* અધિ + વસવું.]

Residence. 2. A dwelling place. 3. An inhabitant. 4. A neighbour.

અધિ-વાસ, *s. m.* [See અધિ + વાસ a fragrant smell.] Perfuming; application of perfumes. 2. Fragrant odour; a scent.

અધિ-વાસ, *s. m.* [S. *fr.* + વાસ dwelling *fr.* वस्, વસ-વું, to dwell.] Dwelling; residing, residence.

અધિ-વાસ-ન, *s. n.* The summoning and fixing of the presence of a divinity upon an image, &c., when it is wanted for any solemnity. 2. Preliminary consecration of an image.

અધિ-વાસ-ન, *s. n.* [S. *fr.* અધિ + વાસ a fragrant smell.] Scenting with perfumes or odorous substances.

અધિ-વાસર, *s. m.* [S. *fr.* अधि over, on, great + वासर a day.] A holiday; an auspicious day.

અધિ-ષ્ઠા-તા, *s. m.* [S. *fr.* अधि over, on + स्था to stand.] A leader; the president. 2. The presiding deity.

આધિ-ષ્ઠા-ત્રી, *s. f.* A presiding goddess. 2. A female president.

અધિ-ષ્ઠા-ન, *s. n.* An abode. 2. Pre-eminence.

અધિ-ષ્ઠિ-ત, *adj.* Residing. 2. Presiding. 3. Placed as the principal divinity.

અધીત, *adj.* [S. *fr.* अधि over, on + इ to go.] Studied.

અધીન, Classical form of **આધીન.**

અ-ધીર, *adj.* [S. *fr.* अ not + धीर patient *fr.* धृ to hold.] Impatient; anxious.

અ-ધીર, *s. f.* Impatience; haste.. 2. [See ધીર-વું to give on credit.] Mistrust.

Id. અધીર લાવવી-આણવી-રાખવી To become impatient. અધીર આવવી To be impatient.

અ-ધીરજ, *s. f.*
અ-ધીરજ-તા, *s. f.*
અ-ધીરજ-પણું. *s. n.*
} [S. अ not + ધીરજ, ધૈર્ય, patience.] Impatience.

અ-ધીર-તા, *s. f.* See **અધીર,** *s. f.*

અ-ધીર-પ, *s. f.* [S. अ not + ધીર + પ abst. suffix.] Distrust.

અ-ધીરા, *s. f.* An impatient or jealous woman.

અ-ધીરા-ઈ. *s. f.* See **અ-ધીર-તા.**

અ-ધીરૂં, *adj.* See **અધીર,** *adj.*

અધીશ, *s. m.* [S. *fr.* अधि over, on + ईश ruler *fr.* ईश् to rule.] A great king.

અધુ-કડું, See **અદ-કડું, અદુ-કડું, અદુ-ગડું.**

અધુ-ધુ, *interj.* [Imit.] See **અધધ.**

અધુના, *adv.* [S.] Now.

અધુરૂં, *adj.* [By metathesis of the two last consonants of Guj. અરધું *fr.* S. अर्ध half.] Unfinished; imperfect.

Id. અધુરે જવું To miscarry. અધુરૂં રાખવું-મૂકવું To leave incomplete or unfinished. 2. To stop work. અધુરૂં પૂરૂં કરવું To finish that which was left incomplete. તે અધુરા (દહાડા) પૂરા કરે છે (Said of a dying man) He is making up with difficulty, or with bodily suffering, the appointed period of his life, *i. e.* His end is at hand. અધુરે જનમવું To be born before nine months from conception are over.

Prov. અધુરો ઘડો છલકાય ઘણો Empty vessels make most sound: Barking dogs seldom bite. અધુરામાં પૂરૂં To add fuel to fire.

અધેડ, *adj.* [See અધ, અર્ધ + વૃત્તિ being.] Being in the early half or early prime of life; middle-aged; (for a man) being about the age of forty. See **આધેડ.**

અધેલી, *s. f.* A *silver* coin; an 8 anna piece.

અધેલી, *s. f.*
અધેલા, *s. m.*
} [S. अर्ध a half.] A half pice coin.

અ-ધૈર્ય, *s. n.* [See અ-ધીરજ.] See **અ-ધીર-તા.**

અ-ધૈર્ય-વાન, *adj.* See **અ-ધીર,** *adj.*

અધો, *adv.* [S. अधः] Downward.

ઉદરમાં અધો મસ્તકે જ્યાં રહ્યા'તા. —**ભૂષણ.**

અધો-ગતિ. *s. f.* [S. *fr.* + ગતિ going *fr.* गम् to go.] Falling into hell. 2. Downward motion.

અધો-ટ,
અધો-ડ,
} *adj.* [+ વૃત્તિ being.] On the downward path of life; past middle-age.

અધો-ન્ટી, *s. f.* [See અર્ધ half + વૃત્તિ being.] Juice of sugar-cane boiled but not allowed to coagulate.

અધો-તું, *s. n.* [See અધ, અર્ધ + ધોતિયું.] A worn out dhotar (a loin-cloth).

અધો-દ્વાર, *s. n.* [See અધો downward + દ્વાર a door.] The anus.

અધો-બિન્દુ, *s. m.* [S. *fr.* અધો down + बिन्दु a point.] The nadir (as opposed to the zenith શિરો-બિન્દુ); that point of the celestial sphere which is directly under one's feet; the lowest point. *Cf.* **શિરો-બિન્દુ.**

અધો-મુખ, *adj.* [S. *fr.* અધો down + मुख the mouth.] Having the face downwards. 2. Dejected. 3. Ashamed.

અધો-લ, *s. n.* [See અધો + તલ bottom.] A plain near the foot of a mountain.

અધો-વાયો, See **અધ-વાયો**.

અધો-વાયુ, *s. m.* [S. *fr.* अधः down + वायु wind *fr.* वा to blow.] The breaking of wind; crepitus.

અધોળ, *adj.* [S. अर्ध half + તોલું a weight.] A weight of two rupees and a half; a weight of about an ounce.

અધોળી, *s. f.* A measure of capacity weighing an ounce.

અદ્ધર, *adj.* See **અદ્ધર, અધર**.

અધ્યક્ષ, *s. m.* [S. *fr.* अधि over + अक्ष axis.] A president.

Id. ધર્માધ્યક્ષ The supreme head of a religious community. 2. A bishop. કોશાધ્યક્ષ A treasurer.

અધ્યક્ષર, *s. m.* [S. *fr.* अधि over + અક્ષર a letter.] The pre-eminent syllable; the sacrosanct syllable ओम.

અધ્યયન, *s. n.* [S. *fr.* अधि over + इ to go.] Study.

અધ્યા, See **અધ્યાય**.

અધ્યાત્મ, *s. n.* [S. अधि over, on + आत्मन् the soul.] The knowledge of Brahma, the Supreme Spirit.

Id. અધ્યાત્મ જ્ઞાન-અધ્યાત્મ વિદ્યા knowledge of the working of the soul or mind; psychology.

અધ્યાત્મ-ક, **અધ્યાત્મિ-ક**, *adj.* Relating to the individual soul and the Supreme Spirit.

અધ્યાપ-ક, *s. m.* [See અધ્યયન.] A teacher. 2. A teacher of the Vedas.

અધ્યાપ-ન, *s. n.* Teaching.

અધ્યાય, *s. m.* A chapter; a section of a book.

અધ્યારૂ, *s. m.* [S. *fr.* अध्वर्यु a sacrificial priest.] A Zoroastrian priest. 2. A teacher.

અધ્યારોપ, *s. m.* **અધ્યારોપ-ણુ**, *s. n.* [S. *fr.* अधि upon આરોપ ascribing.] A false perception. 2. A false knowledge. 3. The cause of false knowledge. 4. A false charge.

જૂઠ્ઠું ભલી સમજવા મન, એજ અખા, અધ્યારોપ અન્ય.
—અખો.

અધ્યારોહણ, *s. n.* [S. *fr.* अधि + આરોહણ mounting.] Ascending.

અધ્યાસ, *s. m.* [S. *fr.* अधि + अस to throw.] False attribution; wrong impression. 2. Abstraction; concentration. 3. The power of the mind by which general ideas are arrived at; generalization. 4. Uninterrupted meditation.

આ ચવ્યો મત માયા તણો, દ્વૈત અધ્યાસ સૌને છે ઘણો.
—અખો.

અધ્યાહાર, *s. m.* [S. *fr.* अधि over + आ up to + ह to take away.] Ellipsis (in Grammar).

અધ્યો, See **અધ્યાય**.

અધ્રણ, *s. n.* Lime or other acid added to milk to curdle it.

અધ્રક-વું, *v. t.* To coagulate (of milk, &c.) by the addition of an acid substance.

અ-ધ્રુવ, *adj.* [S. *fr.* अ not + ध्रुव firm.] Unsteady; uncertain.

અધ્વર, *s. m.* [S.] A sacrifice.

અધ્વર્યુ, *s. m.* [S.] A sacrificial priest.

અન્, [S.] A prefix showing negation, placed before words beginning with vowels.

અન-કૂટ, See **અન્ન-કૂટ**.

અનક્ષર, *adj.* [S. *fr.* अ, अन , not + અક્ષર a letter.] Illiterate; foolish.

અનગલ, See **અનર્ગલ**.

અનઘ, *adj.* [S. *fr.* अ, अन, not + अघ sin.] Sinless.

અન-ઘડ, See **અણ-ઘડ**.

અનંક, *adj.* [S. *fr.* अ, अन्, not + અંક a number.] Innumerable.

વૃક્ષ ચારુ ચારોળીના, ચંદન ચંપા અનંક.—**પ્રેમાનંદ.**

અનંગ, *s. m.* [S. *fr.* अन् not+अङ्ग a limb.] Cupid; the God of love whose body was burnt by S'iva. 2. The mind. 3. The sky.

અનત-દોરો, *s. m.* [S. अनन्त the god Visnu *fr.* अ not + अन्त the end + Guj. દોરો thread.] An auspicious thread tied on the Ananta Chaudasa day.

અનંત, *adj.* Endless; infinite. 2. *s. m.* God.

અનંત-ચૌદસ, *s. f.* [+ ચૌદસ *fr.* चतु four + दश ten.] The fourteenth day of the bright half of Bhadarva (Sept-Oct.)

અનંત-તા, *s. f.* Eternity; endlessness; infinity.

અનંત-દોરો, See **અનત-દોરો**.

અનંતર, *adj.* [S. *fr.* अन् not + अन्तर distance.] Close.

અનંત-રાશિ, See **અનંત-શ્રેણી**.

અનંત-શ્રેણી, [See અનંત endless + श्रेणी a row.] An infinite series (Mathem).

અનનાસ, } *s. n.* Pine-apple.
અન્નાસ, }

અનન્ય, *adj.*[S. *fr.* अ, अन +अन्य another.] Having no second; same. 2. Matchless. 3. Not attached to anybody or anything.

Id. અનન્ય ભાવ-ભક્તિ Devotion to, or worship of, no other than the true God.

તમો રામના પરમ પ્રિય છો, સેવક ભક્ત અનન્ય છો.
—**ગિરધર.**

અનન્ય-તા, *s. f.* Sameness; identity. 2. Devotion to, or worship of, none but the true God.

બ્રાહ્મનિષ્ઠા પળ નવ ચળે, અનન્યતા એહ.
—**પ્રીતમદાસ.**

અનપેક્ષ, *adj.* [S. *fr.* अ, अन्, not + અપેક્ષા requiring, desire.] Having no regard for; independent of; absolute.

અન-ભે, *adj.* [S. अन्, અણ, + ભય fear.] free from fear; safe.

મન્મથ પૂર્ણ કરો, હે મુરારિ,
નારી નાચત કુદત નાગી,
અનભે થઈ, ભય ગયો ભાગી.—**ભોજોભગત.**

અનભ્યાસ, *s. m.* [S. *fr.* + અભ્યાસ study *fr.* अभि round, on all sides, +अस् to throw.] Want or absence of practice.

અન-મઠયું. *adj.* [S. अ-मृष्ट angry *fr.* અ-મર્ષ anger.] Angry. 2. Displeased.

મહારાજ હાલમાં અનમઠયા રહે છે.—**અંધેરીનગરી.**

અન-મનું, *adj.* [See અ, અન્ + મન the mind, માનવું to honour.] Under disfavour; despised. 2. Sorry; sad.

અ-નમ્રી, *s. f.* [S. अ not + नम्, નમ-વું, to bend.] A disobedient woman.

અનર્ગણ, *adj.* [See અ, અન્, અણ + ગણવું to count.] Countless; unmeasured.

અપુત્રવન્ત અનર્ગણ ધન, જશવંત જાણીતો જન.
—**શામળભટ.**

અનર્ગલ, *adj.*[S. *fr.* अ not+अर्गल a bolt.] Unrestrained. 2. Plentiful.

આ ખેપે હું ઘણું રે કમાયો, ભર્યો અનર્ગલ માલ.
—**રાવોભક્ત.**

અનર્થ, *s. m.*[S. अ, अन्, not+अर्थ a thing.] Partiality; injustice. 2. Calamity. 3. *adj.* Meaningless; nonsensical.

Id. અર્થનો અનર્થ ના કરતા Don't change sense to nonsense. રાજાએ ઘણો અનર્થ કરવા માંડયો The king did great injustic. દક્ષિણના દુકાળથી ઘણો અનર્થ થયો The famine in the Deccan brought on a great calamity.

અનલ, *s. m.* [S.] Fire. 2. Fiery passions.

અનવટ, See **અણવટ**.

અનશન, *s. n.* [S. *fr.* अ, अन्, not + अशन eating *fr.* अश् to eat.] Fasting. 2. The vow of fasting.

અન-હદ, *adj.* [S. अ अन्, અણ, not + હદ a limit.] Unlimited.

અન-હદ, *adj.* [See અનાહત & અનહદ.] Uninterrupted; continuous.

Id. અનહદ નાદ A very loud sound. 2. The sound heard by a man when he closes his ears with the tips of his fingers.

અજપા જપો, અનહદ સુણો, પોપવાં સઘળાં અર્થ.
—**દયારામ.**

અન·હિત, *s. n.* [See અણ્ not + हित benefit.] Loss; evil.

અનાગત, *adj.* [S. *fr.* अ, अन्, not + આ·ગત come *fr.* आ up to + गम् to go.] Future.

અનાચાર, *s. m.* [S. *fr.* + આચાર conduct.] Bad conduct; vice.

Id. અનાચાર થાય છે It is bad conduct. અનાચાર વધે છે Vice spreads. અનાચાર કરવો To act wickedly.

અનાચારી, *adj.* Vicious; voluptuous; licentious.

અનાજ, *s. n.* [S. अन्न food *fr.* अद् to eat.] Corn; grain.

Id. (ખેતરમાં) અનાજ પાકે છે Corn grows in the fields;corn is produced in the fields. અનાજ વાવવું To sow corn. અનાજ ભરી રાખવું-મૂકવું To store up corn.

અનાડ, *s. m.* [S. अ, आ, prefixed for euphemy + નડવું.] Spoiling. 2. Injury. 3 Waste; wastage.

અ·નાડી, *adj.* [S. अ not + ज्ञानी having knowledge *fr.* ज्ञा to know. *Cf.* અ·ણાણી.] stupid. 2. Obstinate.

અનાડી-વેડા, *s. m. pl.* } [+ વૃત્તિ Conduct.] Stupid conduct; stupidity. 2. Obstinacy.
અનાડી-પણું, *s. n.* }

અ·નાથ, *adj.* [S. *fr.* अ not + नाथ a lord.] Forsaken; masterless; fatherless; orphaned.

અનાદર, *s. m.* [S. *fr.* अन not + आदृ to honour] Disrespect. 2. Contempt.

Id. અનાદર કરવો to show disrespect towards. અનાદર ઉપજવો To feel disrespect towards; to lose respect for;to begin to hate.

અનાદિ, *adj.* [S. *fr.* + आदि the beginning.]Without beginning; eternal. 2. *s. m.* The Supreme Being.

અ·નામ *adj.* [S. *fr.* अ not + નામ a name.] Nameless. 3. That which cannot be named. 2. *s. m.* God.

નામ અનામ સદ્‌ગુરૂ બતાવ્યું.
—બાપુસાહેબ ગાયકવાડ.

અનામ, *s. n.* See ઇનામ. 2. *adj.* Fit to be given as a prize. 3. Excellent.

અનામત, *adj.* [Corruption of Ar. अमानत्.] Kept in deposit. 2. *s. m.* A trust. 3. Honesty.

Id. અનામત મૂકવી To deposit. અનામત રાખવી To keep as a deposit. આ રકમ હું અનામત લાવ્યો છું I have brought this amount as a deposit. અનામત-ગળત કરવી-ખાઇ જવી—ઓળવવી To misappropriate a deposit.

અનામતી, *adj.* Kept as a deposit.

અ·નામિ·ક, *s. m.* [See અ·નામ.] One whose name need not be uttered. 2. A scavenger.

અ·નામિ·કા, *s. f.* A female scavenger. 2. The finger next to the little finger, having no special name.

અનામિષ, *adj.* [S. *fr.* अ, अन, not + आमिष flesh, a bait.] Not fit to be enjoyed. 2. *s. m.* Food other than animal food;food from which flesh is excluded.

અનાયાસ, *s. m.* [S. *fr.* अ not + आयास effort *fr.* आ intens. + यस् to strive.] Absence of difficulty or trouble; ease.

અનાયાસે, *adv.* Without effort; easily. 2. Unexpectedly.

અનાર, *s. n.* [P.] A pomegranate. 2. A fruit resembling a pomegranate. 3. A kind of fire-work appearing like a pomegranate.

અનાર્ય, *adj.* [S. *fr.* अ, अन, not + आर्य respectable.] Non-Aryan; ignoble.

અનાવૃત, *adj.* [S. *fr.* अ, अन, not + आवृ to cover, See આ·વરણ.] Not covered;bare; open.

અનાવૃષ્ટિ, *s. f.* [S. *fr.* अन not + आवृष्टि rain *fr.* आ intens. + वृष to rain.] Drought. 2. A famine.

અનાશ્રમી, *adj.* [S. *fr.* अ, अन, not + આ·શ્રમ.] One who does not belong to, or follow, any of the four orders of life,viz. બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ, or સંન્યાસ.

અનાશ્રિત, *adj.* [S. *fr.* अ, अन, not + આ·શ્રિત supported.] Supportless; helpless.

અનાસર, *s. n.* [Ar. अनासिर *pl.* of उनसुर्.]

The four elements.

અનાસ્થા, *s. f.* [S, *fr.* अन् not + आस्था care *fr.* आ intens + स्था to stand.] Mistrust. 2. Disregard.

Id. અનાસ્થા થવી-ઉપજવી To feel disregard for. અનાસ્થા કરવી To treat with disregard; to treat carelessly.

અનાહત, *adj.* [S. *fr.* अ, अन , not + आहत beaten *fr.* आ intens + हन to strike.] Unbeaten; not produced by beating (of a sound).

Id. અનાહત શબ્દ-ધ્વનિ-ધ્રુની Sound not produced by beating or striking.

અનાહાર, *s. m.* [S. *fr.* अन not + आहार eating *fr.* आ up to and हृ to take away.] Refraining from eating; a fast.

અનાહૂત, *adv.* [S. *fr.* अन् not + आहूत called *fr.* आ up to + ह्वे to call.] Uselessly. 2. *adj.* Uncalled; uninvited. 3. Unentitled.

Id. તે અનાહૂત જૂઠું બોલે છે He speaks an uncalled-for lie;he speaks an unnecessary lie.

અનિચ્છિત, *adj.* [S. *fr.* अन not + इच्छा desire *fr.* इष to wish.]Not desired; unsought.

અ·નિત્ય, *adj.* [S. *fr.* अ not + नित्य eternal.] Uncertain; transitory.

અ·નિન્દિત, *adj.* [S. *fr.* अ not + निन्द् to censure.] Uncensured; approved.

અ·નિન્દ્ય, *adj.* Uncensurable; faultless.

અ·નિમેષ, *adj.* [S. *fr.* अ not + निमेष twinkling.] Having eyes not twinkling; having eyes ever open (of God).

અ·નિયત, *adj.* [S. *fr.* अ not + नि down + यम् to restrain.] Unrestrained; unsteady.

અ·નિયમિ·ત, *adj.* Irregular.

અ·નિર્વચન, *adj.* [S. *fr.* अ not निर् out + वच् to speak.] Inexpressible.

અ·નિર્વાહ, *s. m.* [S. *fr.* अ not + निर् out + वह् to bear.] A state in which a man is not able to provide for himself; necessity.

અ·નિલ, *s. m.* [S.] Wind.

અ·નિવાર, *adj.* [S. *fr.* अ not + नि down + वृ to cover.] That which cannot be warded off; unavoidable; incontestable; irresistible. 2. Plentiful.

અ·નિશ્ચિત, *adj.* [S. *fr.* अ not + निस् out + चि to collect.] Uncertain; indefinite.

અ·નિશ્ચિત·પણું, *s. n.* Uncertainty; indefiniteness. 2. Hesitation.

અનિષ્ટ, *adj.* [S. *fr.* अन not + ઇષ્ટ wished *fr.* इष् to wish.] Undesired. 2. *s. n.* Loss; evil. 3. Fault.

અનીક, *s. n.* [S.] An army; a force.

અનીઠ, *adj.* [S. अ not + નીઠવું.] Inexhaustible.

અનીઠ, *adj.* [See અનિષ્ટ.] Undesirable. 2. Evil; inauspicious.

મોઢે ફૂલ, ને પાછળ અદીઠ,
ખપે ખરૂં, અને રહે અનીઠ.—અખો.

અ·નીત, }
અ·નીતિ, } *s. f.* [S. *fr.* अ not नीति morality *fr.* नी to lead.] Immorality; indecency.

Id. અનીતિ કરવીTo do an injustice or dishonest act. અનીતિએ ચાલવું To act unjustly, dishonestly; or immorally.

અ·નીતિ-ભર્યું, }
અ·નીતિ·વાન્, } *adj.* Unjust; dishonest; immoral; wrong.

અનીશ્વર, *s. m.* [S *fr.* अन not + ईश्वर God *fr.* ईश् to rule + वर great *fr.* वृ to choose.] Absence of God.

અનીશ્વર-વાદ, *s. m.* [+ વાદ speech.] The doctrine of atheism; atheism.

અનીશ્વર-વાદી, *adj.* Holding or professing the doctrine of atheism; atheistic. 2. Atheistical. 3. *s. m.* An atheist.

અનીસું, See **અણીસું.**

અનુ, *prep.* [S.] After. 2. With. 3. As well as 4. Similar to 5. Near. 6. Inferior.

અનુ-કમ્પા, *s. f.* [S. *fr.* अनु after कम्प् to tremble.] Pity; sympathy. 2. Favour.

તે સાંભળી જનક નૃપ બોલ્યો, અનુકંપાએ આમ જી.
—પ્રેમાનંદ.

અનુક્ત, *adj.* [S. *fr.* अ, अन् , not + ઉક્ત said.]Not mentioned. 2. Improper. 3. Extraordinary.

અનુ-કર·ણ, *s. n.* [S. *fr* अनु + कृ કર·વું,

to do.] Imitation.

અનુ-કાંક્ષા, *s. f.* [S. *fr.* अनु + काङ्क्ष् to desire.] Desire; 2. Hope.

અનુ-કૂળ, *adj.* [S. अनु + कूल the bank or shore.] Agreeable. 2. Favourable.

Id. તેને અનુકૂળ હોવું-થવું-પડવું-આવવું To be in harmony with him, or in keeping with his plans.

અનુ-કૂળ-તા, *s. f.* Favourableness.

અનુ-ક્રમ, *s. f.* [S. *fr.* अनु + क्रम् to go.] Order; regular succession.

Id. અનુક્રમે ગોઠવવું To arrange in order of precedence.

અનુ-ક્રમણિ-કા, *s. f.* Order. 2. Index; the contents; a table of contents.

અનુ-ક્ષણ, *adv.* [S. *fr.* अनु following + क्षण a moment.] Every moment.

અનુ-ગમન, *s. n.* [S. *fr.* अनु+गम् to go.] Following. 2. Becoming a suttee.

અનુ-ગામી, *adj.* Going after; following. 2. *s. m. f.* An attendant; a dependant.

અનુ-ગ્રહ, *s. m.* [S. *fr.* अनु + ग्रह् to take.] Favour; kindness. 2. A Gift. 3. Initiation into a holy study.

અનુ-ગ્રહી, *adj.* Showing kindness.

અનુ-ગ્રાહ-ક, Same as **અનુગ્રહી.**

અનુ-ગ્રાહ્ય, *adj.* Deserving favour.

અનુ-ચર, *s. m.* [S. *fr.* अनु+चर् to walk.] A servant. 2. A companion.

અનુ-ચરી, *s. f.* A maid servant. 2. A female companion.

અનુચિત, *adj.* [S. *fr.* अन not + उचित fit *fr.* वच् to speak.] Unbecoming; improper.

અનુ-ચિન્તવન, *s. n.* [S. अनु after + चिन्त-वन thinking *fr.* चिन्त्to think.] Ceaseless meditation.

અનુછ, *s. n.* A custard apple.

અનુછ-ડી, *s. f.* A custard-apple tree.

અનુ-જ, *s. m.* [S. *fr.* अनु after + जन् to be born.] One born afterwards; a younger brother.

અનુ-જા, *s. f.* A younger sister.

અનુ-જીવી, *s. m.* [S. *fr.* अनु after + जीव्, જીવ-વું, to live.] One who depends upon another for maintenance; a dependant; a hanger-on.

અનુ-જ્ઞા, *s. f.* [S. *fr.* अनु + ज्ञा to know.] Permission. 2. Consent. 3. Order.

અનુ-તાપ, *s. m.* [S. *fr.* अनु + તાપ heat *fr.* तप् to be hot.] Repentance; grief.

અનુત્તમ, *adj.* [S. *fr.* अ, अन , not + उत्तम the best *fr.* उत up + superl. suffix.] Unsurpassed; matchless.

અનુત્તર, *adj.* [+ ઉત્તર an answer.] Having no answer; unanswerable. 2. Unable to answer. See **નિરૂત્તર.**

અનુત્સાહ, *s. m.* [S. *fr.* अ, अन , not + उत्साह delight *fr.* उत up + सह् to bear.] Absence of alacrity; dejection.

અનુદાત્ત, *adj.* [S. *fr.* अ, अन not + उदात्त raised up *fr.* उत up + आ up to + दा to give.] Pronounced with the low tone (applied to certain vowels). 2. *s. m.* The grave accent.

અનુદિત, *adj.* [S. *fr.* + ઉદિત risen, See ઉદય.] Not risen.

અનુદિત, *adj.* [S. *fr.* + उदित spoken *fr.* वद् to speak.] Not spoken; not mentioned.

અનુ-દિન, *adv.* [S. *fr.* अनु after + दिन a day.] Day after day; continually.

ત્રાહિ ત્રાહિતણી તાણી પરે,
હો બહુચરી,રાતદિવસ અનુદિન.
—**વલ્લભ.**

અનુદ્યમી, *adj.* [S. *fr.* अ, अन , not + ઉદ્યમી industrious.] Not industrious; idle.

અનુ-ધ્વનિ, *s f.* [S. *fr.* अनु after + ध्वनि sound.] The sound heard after the original sound has ceased; an echo.

અનુ-નાસિક, *adj.* [S. *fr.* अनु + नासिका the nose.] Nasal.

અનુપ, *adj.* [S. अन not+उपमा likeness *fr.* उप near +मा to measure.] Incomparable.

અનુપકારી, *adj.* [S. *fr.* अन not + उपकार benevolence *fr.* उप near + कृ to do.] Ungrateful. 2. Disobliging.

અનુપમ, *adj.* [S. See અનુપ.] Matchless. 2. Excellent.

અનુપયોગી, *adj.* [S. *fr.* अन not = उपयोग use *fr.* उप near + यु to join.] Useless.

અનુ-પળ, *s. n.* [S. *fr.* अनु after + पल, પળ, a moment.] $\frac{1}{60}$ part of pala (પળ); two fifths of a second.

Note—24 seconds = 60 અનુપળ = 1 પળ.
24 minutes = 60 પળ = 1 ઘડી.
24 hours = 60 ઘડી = 1 રાતદહાડો.

અનુ-પાન, *s. n.* [S. *fr.* अनु+पा to drink.] A fluid vehicle in medicine. 2. An antidote.

અનુ-પૂર્તિ, *s. f.* [S. *fr.* अनु after + पूर्ति completion.] Completing the meaning of a part of a verse or sentence.

અનુ-પ્રાસ, *s. m.* [S. *fr.* अनु+प्रास alliteration *fr.* प्र forth + अस् to throw.] Alliteration; rhyme.

Id. અનુપ્રાસ મળવો To rhyme; to agree in sound. છેકાનુપ્રાસ Alliteration by the return or repetition of a plurality of letters. વૃત્ત્યનુપ્રાસ Alliteration by the retnrn or repetition of one letter. લાટાનુપ્રાસ Alliteration by the return or repetition of a word in the same sense, but with different implication.

અનુ-બંધ, *s. m.* [S. *fr.* अनु+बन्ध् to bind.] Continuation. 2. A suffix added to a word to show a grammatical peculiarity. 3. Relationship. 4. Ties; bonds.

અનુ-ભવ, *s. m.* [S. *fr.* अनु+भू to be.] Experience. 2. Experiment; trial.

Id. અનુભવ થવો-મળવો To have an experience; to get experience. અનુભવ કરવો-લેવો To experiment. અનુભવની વાત A matter of personal experience. અનુભવ-સિદ્ધ Proved from experience.

અનુભવ-વું, *v. t.* To experience.

અનુભવી, *adj.* Experienced.

Id. અનુભવી માણસ An experienced man. અનુભવી જ્ઞાન Practical knowlege.

અનુ-ભાવ, *s. m.* Greatness; dignity.

અદ્ભુત જેહ પુરાણનો અનુભાવ બ્રહ્માકાર;
એક એ પુરાણ ચારે વેદ મધ્યે સાર.—**રત્નેશ્વર.**

2. (In Rhet.) An external manifestation or indication of a feeling (ભાવ).

અનુ-ભૂત, *adj.* Known from experience proved. 2. Enjoyed; suffered; experienced.

અનુ-મત, *s. n.* [S. *fr.* अनु+मन् to think.] Assent. 2. Judgment. 3. *adj.* Assented; consented.

Id. સર્વાનુમતે Unanimously.

અનુ-મતિ, *s. f.* Consent.

Id. અનુમતિ આપવી To give consent. અનુમતિ લેવી to obtain consent.

અનુ-માન, *s. n.* [S. *fr.* + માન measure *fr.* मा to measure.] An inference; a conception. 2. Hesitation.

Id. અનુમાન કરવું-બાંધવું To draw an inference. અનુમાન થાય છે It is inferred.

અનુ-મોદન, *s. n.* [S. *fr.* अनु + मुद् to be delighted.] Satisfaction; joy. 2. Consent; compliance.

અનુ-યાયી, *s. m.* [S. *fr.* अनु after + या to go.] A retinue; dependants; followers. 2. *adj.* That which follows; following.

અનુ-યોગી, *adj.* [S. *fr.* + યોગી, યોગ, joining.] (In Gr.) Conjunctive; governing (said of a preposition with reference to the noun governed by it.)

અનુ-રક્ત, [S. *fr.* + रञ्ज् to be pleased.] Greatly attached.

અનુ-રાગ, *s. m.* Affection; attachment.

અનુ-રાગી, *s. m* One who is attached to another. 2. *adj.* Attached; loving.

અનુ-રાધા, *s. f.* [S. *fr.* + राध् to please.] The fifteenth of the lunar astrisms. (This constellation contains at least three of the stars of Scorpio.)

અનુ-રૂપ, *adj.* [S. *fr.* + रूप form *fr.* रूप to see.] Similar to. 2. According to.

વિલાપ કર્યા રઘુનાથે, પ્રાકૃત જન અનુરૂપ.
— **ગિરધર.**

અનુ-રોધ, *s. m.* [S. *fr.* + રોધ obstruction.] Compliance. 2. Conformity; accordance.

Id. આ કાયદાને અનુરોધે In accordance with this law.

અનુ-લક્ષીને, *adv.* [+ લક્ષ attention.] With reference to; in the direction of.

અનુ-લેપ, *s. m.* [S. *fr.* + લેપ.] Application; besmearing.

અનુ-લોમ, *s. m.* or *f.* [S. *fr.* + लोमन् hair.] The offspring of a woman married

to a man of a caste higher than her own. 2. *adj*. In natural order. 3. Hence, Agreeable; favourable. *Cf*. **વિ-લોમ.**

અનુ-વાદ, *s. m.* [S. *fr.* + वद् to speak.] Report. 2. Talkativeness. 3. A translation.

અનુ-વૃત્તિ, *s. f.* [S. *fr.* + वृत्ति being *fr.* वृत to be.] Maintenance; keeping up. 2. A copy.

અનુ-શાસન, *s. n.* [S. *fr.* + शासन order *fr.* शास् to rule.] A rule; regulation. 2. Instruction; a science.

અનુ-ષંગી, See **અનુ-સંગી.**

અનુષ્ટુપ્, *s. m.* [S.] A stanza of four lines, each of 8 syllables, of which the 5th must be short and the 6th long.

અનુ-ષ્ઠાન, *s. n.* [S. *fr.* अनु after + स्था to stand.] Performance of worship; worship. 2. Performance.

Id. અનુષ્ઠાન કરવું-માંડવું To perform worship. અનુષ્ઠાન કરાવવું-બેસાડવું To set priests to perform worship.

અનુ-સંગી, *s.m.* [S. *fr.* अनु + सङ्ग् to go.] An associate; a friend. 2. *adj*. Following.

Id. અનુસંગી થવું To follow; to be a companion or accomplice.

Note—The vowel अ *inherent* in each letter of the Gujarati alphabet is called અનુષંગી or અનુસંગી.

અનુ-સંધાન, *s. n.* [S. *fr.* अनु + संधान junction *fr.* सम together + धा to put.] Attention. 2. Continuation.

વાતે વાત અનુસંધાને પૂછી, શે ચિતરાવ્યું ?
—**દયારામ.**

અનુ-સર-ણુ, *s. n.* [See અનુ-સર-વું.] Going after; following; pursuit.

અનુ-સર-વું, *v. t.* [S. *fr.* अनु + सृ, सर् to move.] To follow; to agree.

અનુ-સરી-ને,
અનુ-સાર,
અનુ-સારે, } *adv*. According to; in accordance with; by the analogy of; in keeping with; consistently with.

Note—અનુસાર and અનુસારે form compound words with preceding nouns, *e. g.* **આજ્ઞાનુસાર-રે, કર્માનુસાર-રે, ક્રમાનુસાર-રે.**

Id. હોદ્દા અને આબરૂને અનુસરીને In keeping with, or consistently with, his office and reputation.

પૂર્વજન્મ કરમ અનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર.
—**અખો.**

અનુ-સારી, *adj*. [See અનુ-સર-વું.]Following. 2. *s. m. f.* A follower. 3. *adv*. [See અનુ-સાર, અનુ-સારે.] Consistent with; like; according to.

અનુ-સ્વર, *s. n.*
અનુ-સ્વાર, *s. m.* } [S. *fr.* अनु + स्वृ स्वर्, to sound.] The after-sound; the nasal sound indicated in Gujarati orthography by a dot above the line.

અનુ-હત, *adj*. [S. *fr.* + હત struck.] Uninterrupted; unbroken; continuous. 2. Used by mistake for **અનાહત.**

Id. અનુહત નાદ-ધ્વનિ Uninterrupted or continuous sound.

અનૂઠું, *adj*. [S. अन् not + એઠું eaten.] New.

અનૂઢ, *adj*. [S. *fr.* अ, अन्, not + ऊढ married *fr.* वह् to carry.] Not married; unmarried. 2. *s. m.* A bacheler.

અનૂઢા, *adj. f.* Unmarried (a girl). 2. *s. f.* A maid; a spinster.

અનૂપ, See **અનુપ, અનુપમ.**

અનૂરી, *s. f.* [See અનાર.] A custard-apple tree.

અનૂરું, *s. n.* [See અનૂરી, અનાર.]
અનૂસ, *s. n.* [See અનનાસ, અનેનાસ.] } A custard-apple.

અનૃણ,
અનૃણી, } *adj*. [S. *fr.* अन् not + ऋण debt.] Freed from debt.

અનૃત, *s. n.* [S. *fr.* अन् + ऋत true.] Falsehood.

નાથ નમેરા એ શું બોલો ? કાંઇ અનૃતમાં રૂડું ?
—**પ્રેમાનંદ.**

અને, *conj*. [S. अन्य another.] And.

અનેક, *adj*. [S. *fr.* अन् not + एक one.] Not only one; more than one; many.

અનેક-તા, *s. f.* Variety; difference.

અનેક-ધા, *adv*. [S. *fr.* + धा a suffix showing manner.] In many ways.

અનેક-વચન, *s. n.* [+ વચન speaking *fr.* वच् to speak.] Plural number (in Grammar).

અનેક-વર્ણ-સમીકરણ, *s. n.* [S. *fr.* + વર્ણ a letter + સમીકરણ equation.] A simultaneous equation.

અનેકાર્થ, *adj.* [S. + अर्थ meaning *fr.* अर्थ् to seek.] Having more than one meaning; equivocal; ambiguous.

અનેનાસ, See **અનનાસ**.

અનેરૂં, *adj.* [S. અન્ય other + કેરૂં an adjective suffix.] Another; different. 2. Many.

અવતાર અનેરા ધારૂં, વિસરૂં નહિ ધ્યાન તમારૂં.
—**ગિરિધર.**

3. Extraordinary.

મહિમા જેને બે મુખ, સુખ અતિરૂપ અનેરે.
—**સામળભટ.**

અનૈક્ય, *s. n.* [S. *fr* अ, अन, not + एक्य unity *fr.* एक one.] Disunion; disagreement. 2 Variety; diversity. 3. Variation; unsteadiness.

અનૈશ્વર્ય, *s. n.* [S. *fr.* + ऐश्वर्य Godhead *fr.* ईश्वर God *fr.* ईश् to rule.] Absence of glory or riches.

અ-નોખું, *adj.* [S. अ not + નોખું.] Not different; like; same.

અનોઠી, [See અંગુઠો.] A heavy blow with the index finger to keep time in music; a thump.

રાગ, તાલ, સ્વર, ગ્રામ, મૂર્છના, તાન, માનમેં લેઇ;
સારી ગમ પધની, નિધપમ ગરિસા, ઉપજ અનોઠી દેઇ.
—**દયારામ.**

અ-નોપમ, See **અનુપમ, અનૂપ**.

અનૌરસ, *adj.* [S. *fr.* अन + औरस legitimately born *fr.* उरस् the chest.] Adopted; illegitimate (of a child).

અંત, } **અન્ત**, } *s. m.* [S.] End. 2. Limit. 3. Death.

Id. અંત આવવો To end. અંત આણવો-લાવવો To bring to an end; to finish. અંત લેવો-કાઢવો To know a concealed truth. 2. To give the utmost trouble.

અંતઃ, } **અંત-તઃ**, } *prep.* [S. अन्ततः at the end.] As far as; at last.

અંતઃ, *adv.* [S.] Inwardly.

અંતઃ-કરણ, *s. n.* [S. *fr.* अन्तर् inward + करण an organ *fr.* कृ, કર-વું, to do.] The internal organ; the heart; the conscience.

Id. અંતઃકરણ ચતુષ્ટય The four internal functions of the heart:–મન the faculty of cognition બુદ્ધિ the faculty of the mind by which it forms a resolution ચિત્ત the reasoning faculty & અહંકાર self-consciousness. અંતઃકરણ પંચક The five internal functions of the heart:–the four mentioned above, and જીવાત્મા life. અંતઃકરણ પારખવું To examine and know the heart. ખરા અંતઃકરણથી કહેવું To speak sincerely. અંતઃકરણથી ચહાવું To love from the heart. અંતઃકરણના લાળા A heart-felt anxiety. અંતઃકરણનો ધક્કો A shock to the heart; a heavy shock.

અંતઃ-પટ, See **અંતર-પટ**.

અંતઃ-પુર, *s. n.* [S. *fr.* अन्तर् inward + पुर a city.] A harem; a seraglio.

અંતઃ-માત્ર, *s. n.* [S. अन्तः + मात्र whole. See અંતઃકરણ.] The whole mind; the heart.

કોઇને નવ દેખો સત્પાત્ર, તેણે આવર્યું અંતઃમાત્ર.
—**ગિરિધર.**

અંત-ક, *s. m.* [S. *fr.* अन्त the end + कृ, કર-વું, to do.] Death. 2. The god of death.

અંત-કાલ, } **અંત-કાળ**, } *s.m.* [S. अन्त + काल time.] The time of death.

Id. તારી અંતકાળની વખતે આડું આવજે (In cursing) May this stand in the way of your salvation at the time of your death.

અંતરૂ, } **અંતર**, } *adv.* [S. अन्तर, अन्तः, inwardly. See अन्तः *adv.*, & અંદર.] Inwardly; internally. 2. *adj.* Inward; internal. 3. *s.n.* The interior. 4. The heart; the mind.

અંતર માંહિ અત્યંત વૈરાગ્ય. —**નિષ્કુળાનંદ.**

Id. અંતરની આગ A secret sorrow. અંતર ખોલવું To open the heart; to be open-hearted; to speak freely.

અંતર, *s. n.* [S.] Distance; difference. 2. (Arith) The remainder; the difference.

Id. અંતર પડવું To be at a distance. 2. To be at variance, to disagree. 3. To lose

confidence. અંતર જોવું-પારખવું To examine & know the heart or mind. અંતરનો ઉમળકો A real feeling of affection. અંતરની લાગણી-દાઝ Real sympathy.અંતરનું સગું A close relative. અંતરની ટાઢક Real happiness. અતરનો ઉજેશ The light of God in the heart; self-enlightenment. અંતર રહે છે There is a difference. અંતર રાખવું To keep a difference; to repel; to keep distant; to be repulsive. 2. Not to confide; not to trust. 3. To fail to do. 4. Not to work with the whole heart; to work without zeal. અંતર આપવું-દેવું To give out a secret.હું તેનાથી અંતર રાખનાર નથી I shall show him no coldness; I will not be cold towards him.

હરિ ગુરૂ સંતમાં અંતર પડે, જીવને લાલચ લોભ દેખાડે.
—પ્રીતમદાસ.

અંતર, See **અન્ત્ર, અંત્ર.**

અંતર, *s. n.* [S. अन्तर.] Another; not the same.

Note—In this sense, અંતર occurs as the last member of a compound noun, e. g. ગ્રામાન્તર; દેશાન્તર, ગ્રંથાન્તર.

અંતર-ગળ, *s. m.*[S. અન્ત્ર + गल् to drop.] A tumour of the testicles; hydrocele.

અંતરંગ, *adj.* [S. *fr.* अन्तर् + अङ्ग, અંગ, a limb.] Intimate. 2. Special.

અંતરંગ, *adv.* [See અન્તર્ + તરંગ a wave.] Moving; unsteady. 2. Hanging; suspending. (Used in the Surat Districts).

અંતર-છાલ, *s f.* [+ છાલ.] The innermost bark of a tree.

અંતર-જામી, *adj.* [S. अन्तर् + यम to restrain.]Knowing what passes in the hearts of men. 2. *s. m.* The Ruler within the heart; the All-knowing God. Also written **અંતર્જામી.**

અંતર-પટ, *s. m.* [S. *fr.* अन्तर distance + पट cloth.] A curtain. 2. A piece of cloth held between the bride and the bridegroom in the marriage-ceremony.

Id. અંતરપટ રાખવો To screen; to keep secret. અંતરપટ ખોલવો To remove a screen; to lay bare. 2. To remove the innate ignorance or weakness of the mind. ભક્તિભાવનો અંતરપટ A screen (or back-ground) of devotion.

અંતર-મેળ, *s. m.* [See અંતર્, અંતર+મેળ.] A real (internal)unity of hearts, though not ostentatiously proclaimed to the outside world.

અંતર-વાસિયું, *s. n.* [+S. वासस्, वासः cloth. See વસન, વસ્ત્ર.]A piece of cloth worn round the shoulders in a s'radha ceremony.

અંતર-શત્રુ, *s. m.* [+ શત્રુ.] An internal enemy; a secret enemy. 2. A friend outwardly, but an enemy at heart.

અંતરસ, *adv.* [See અંત્રાસે *fr.* અત્ર + S. अश् to eat or drink.] See **અંત્રાસે.**

અંતર-વેલ, *s. f.* [S. अन्तर् inward + वेला a creeping plant *fr.* वेल्ल् to shake.] Name of a plant.

અંતર-સાક્ષી, *s.m.*[S.अन्त. + साक्षिन present *fr.* स, सह, with + अक्षि eye.] Conscience. 2. *adj.* Knowing what is in the mind of men (spoken of God).

અંતરાત્મા, *s. m.* [S. *fr.* अन्तर् + आत्मन soul.]The individual soul;the inward soul.

અંતરાય, *s. m.* [S. *fr.* अन्तर् + इ to go.] Impediment.

Id. અંતરાય કરવો To interpose; to interfere; to hinder; to meddle. અંતરાય રાખવો See અંતર રાખવું. અંતર પાડવો To separate.

અંતરાયી, *adj.* Coming between; intervening; hindering; putting an obstacle in the way of.

મને પરણી મનની રૂચે, અંતરાયી દેવ થયા વચ્ચે.
—પ્રેમાનંદ.

અંતરા-વવું, *v. t.* [See અંતરાય *Cf.* આંતર-વું] To intervene; to hinder. 2. To separate.

અંતરા-વું, *v. i.* [Passive of અંતરા-વવું, which is itself the causal form of આંતર-વું.] To have something intervening; to be hindered; to be kept at a distance. 2. To be separated.

અંતરાળ, *s. n.* [S. अन्तराल the space between two things.] Space. 2. The sky.

અંતરિક્ષ, અંતરીક્ષ, *s.n.* [S.] The sky;ether;the firmament. 2. *adj.* Aerial; atmospheric.

અંતરીયાળ, See **અન્ત્રિયાળ.**

અંતરે, See **આંતરે.**

અંતર્ગત, *adj.* [S. *fr.* अन्तः, अन्तर्, inward + ગત gone.] Interior; inward.

અંતર્ગત વિના એહ, પ્રેમની વાત કોણ થકી કહું ?
—દયારામ.

અંતર્ગોળ, *s. m.* [S. *fr.* अन्तर् + गोल a ball.] A round hollow thing. 2. The concave side of a circle.

અંતર્ચક્ષુ, / **અંતશ્ચક્ષુ,** } *s.n.*[S. अन्तर् + चक्षुस् the eye.] The mind's eye; the eye that can see the heart.

અંતર્જામી, See **અંતર-જામી.**

અંતર્જ્ઞાન, *s. n.* [S. *fr.* अन्तर् + ज्ञान *fr.* ज्ञा to know.] Inward knowledge.

અંતર્દશા, *s. f.*[S. *fr.* अन्तर् + दशा condition, state.] Influence of minor planets on the course of a major planet (in Astrology).

અંતર્દાહ, *s. m.* [S. *fr.* अन्तर् + દાહ burning.] Heat of the mind. 2. Grief.

અંતર્દૃષ્ટિ, *s. f.* [S. *fr.* अन्तर् + दृष्टि sight *fr.* दृश् to see.] Knowledge of one's own mind; insight into oneself.

અંતર્દ્વાર, *s. n.* [S. *fr.* अन्तर् + द्वार a door.] An inner door; a secret door; a trap-door.

અંતર્ધાન, *s. n.* [S. *fr.* अन्तर् + धा to put, to hold.] Disappearance.

અંતર્ધ્યાન, *s. n.* [S. *fr.* अन्तर् + ધ્યાન *fr.* ध्यै to contemplate.] Contemplation.

અંતર્બાહ્ય, *s. n.* [S. *fr.* अन्तर् + बाह्य outward *fr.* बहिस् out.] The interior as well as the exterior part.

અંતર્ભાવ, *s. m.* [S. *fr.* अन्तर् + भाव a state *fr.* भू to be.] The state of being included; inclusion. 2. The internal idea. 3. The inherent disposition.

અંતર્ભૂત, *adj.* [See અંતર્ભાવ.] Included; contained.

અંતર્ભેદ, *s. m.* [S. *fr.* अन्तर् + भेद breaking *fr.* भिद् to break.] The secrecy of the heart; the secret thoughts of the heart. 2. Discord; internal dissensions.

અંતર્ભેદી, *adj.* Knowing the secret thoughts of the heart. 2. That can penetrate; penetrating. 2. Piercing volatile.

અંતર્ભેદુ, / **અંતર્ભેદિયો,** } *adj.* See **અંતર-ભેદી,** 2. Treacherous; that gets a knowledge of the secrets of a man's heart, and reveals them to his enemy. 3. *s. m.* A traitor.

અંતર્યામી, [S.] See **અંતર-જામી.**

અંતર્લાપિકા, *s. f.*[S. *fr.* + लप् to speak.] A riddle, generally in verse, which proposes a question, and covertly contains in its own body an answer to the question. *Cf.* **બહિર્લાપિકા.**

અંતર્વર્તી, *adj.* [S. *fr.* + वृत्, वर्त्, to be.] Existing within; contained in.

અંતર્વિવૃષ્ણુ, *adj.* [S. *fr.* +वृध्, वर्ध्, to increase.] Growing from within. 2. (In Botany) Endogenous.

અંતર્વૃત્તિ, *s. f.* [S. *fr.* + वृत्ति state.] See **અંતર્ભાવ.**

અંતર્વેધ, *s. m.* [S. *fr.* + વેધ, **વેધ-વું,** to penetrate.] Penetrating; piercing. 2. The position of two opposit doors in a house, when the width of the outer door is less than that of the inner one (in શિલ્પ-શાસ્ત્ર Architecture).

અંત-વેળા, *s. f.* [S. *fr.* अन्त the end + वेला time.] The point of death; the last moment.

અંતસ-કરણ, Corrup. of **અંતઃ-કરણ.**

અંત-સ્થ, *adj.* [S. *fr.* अन्तर् inward + स्था to stand.] Internal; intrinsic; inherent. 2. Secret; private. 3. *s. m.* The letters ય, ર, લ, વ, inasmuch as in the arrangement of consonants in the Sanskrit alphabet this group of semi-vowels *stands between* the mutes and the spirants.

અંતિક, *s. m.* [S. अन्तिक near.] A body-guard.

અંતી-પંતી, *s. f.* Children's game.

અંતે, *adv.* [S. *fr.* अन्त the end.] Lastly; at the end.

Prov. અંતે ધૂળને ધૂળ Wickedness is sure to lead to ruin. અંતે ધર્મો જય, અને પાપે ક્ષય Truth has always a fast bottom, and he who swims in sin will sink in sorrow.

અંત્ય, *adj.* Final; last. 2, *s. m.* The

number got by raising ten to its fifteenth power; 10^{15}.

અંત્ય-જ, *adj.* [S. *fr.* अन्त्य + जन् to be born.] Born in the lowest caste.

અંત્યાક્ષર, *s. m.* [S. *fr.* अन्त्य + अक्षर a letter.] The final letter of a word.

અંત્યાવસ્થા, *s. f.* [S. *fr.* अन्त्य + अवस्था state.] Old age.

અંત્યું, *adj.* Final; ultimate. 2. Ready to die. 3. Desperate; maddened. 4.Greedy; misery. *s. n.* An ultimatum; a desperate resolve.

Id. અંત્યાં કરવાં To do act of desperation; to be desperate or mad. અંત્યો માણસ A greedy man.

અન્નવસ્ત્રની આશાથી, ધાયો ફરે છે અંત્યો.

—રામકૃષ્ણ.

અંત્યેષ્ટિ, *s. f.* [S. *fr.* अन्त्य + इष्टि sacrifice *fr.* यज् to sacrifice.] (Lit.) The last sacrifice; hence the inauspicious funeral rites commencing with the cremation of the body and performed for ten days after death.

અંત્ર, *s. n.* [S. अन्त्र.] Entrails, intestines. See **આંતર·ડું**.

અંત્ર·જાળ, *s. f.* [+ જાળ a net.] The arrangement of the intestines.

રામબાણે ઉદરમાં કરી અંત્રજાળ છેદન રે.

—ગિરધર.

અંત્રાસે, *adv.* [+ S. अश् to eat or drink.] Coming out of the nose, when drunk in haste (water).

અંત્રાસ·ણું, *s. n.* See **અંત્રાસે**.

અંત્રિયાળ, *adj.* [See અંતરાળ.] Unassisted; unsupported. 2. Pertaining to a jungle.

અંદર, *prep.* [P. *fr.* S. अन्तर् inward.] In; within.

Id. પાંચ વાગ્યાની અંદર Before 5 o'clock. તે ગામ ત્રણ ગાઉની અંદર છે The village is less than three kos off. હદની અંદર Within the limits. સત્તાની અંદર Within the power. કબજાની અંદર લેવું To take possession of. કામની અંદર પડવું To meddle with; to interfere with. કામની અંદર આવવું To interrupt; to disturb.

અંદર-ખાને, **અંદર-ખાને·થી**, *adv.* [Abl. of અંદર-ખાનું (Lit.) An inner or secret drawer.] Secretly.

અંદાજ, **અંદાજો**, *s. m.* [P. अन्दाज़ *fr.* अन्दा ख़्तन् to throw] A measure. 2. An estimate; a guess. 3. A limit.

Id. અંદાજ કાઢવો To make an estimate. અંદાજ જોવો To make a trial. અંદાજમાં રહેવું To be within the estimate; not to exceed the estimate.

અંદેશો, *s. m.* [P. अन्देशह् thought, fear.] Imagination. 2. Confusion. 3. Doubt; suspicion.

Id. અંદેશો રાખવો To be suspicious. અંદેશો લેવો-આણવો To have one's suspicions aroused. અંદેશો લાવવો To become suspicious.

અંદોલ·વું, **અંદોળ·વું**, See **હિંડોળ·વું**.

અંધ, *adj.* [S.] Blind.

અંધ·ક, *adj.* [+ ક dim.] Dim.

અંધ·કાર, *s. m.* [S. *fr.* + કાર doing.] Darkness.

અંધ-કૂપ, *s. m.* [S. अन्ध blind+कूप a well.] A well into which light does not enter.

અંધ·ત્વ, *s. n.* [S.] See **અંધા·પો**.

અંધ-પરંપરા, *s. f.* [S. *fr.* अन्ध + परंपरा a series *fr.* पर another.] Long continuance of a bad usage

અંધરા·વું, *v. i.* [See અંધકાર darkness.] To be dark or cloudy.

અંધા-ધુન્ધ, **અંધા-ધુન્ધી**, *s. f.* [S. अन्ध + धुन्ध gloom.] Disorder; chaos 2. A calamity. 3. An intoxicant's after-effects in the enervation of the body.

અંધા·પો, *s. m.* Blindness.

અંધાર, See **અંધ·કાર**.

અંધાર-કોટ, *s. m.* [+ કોટ an enclosed place.] Deep darkness.

અંધાર-પટા, *s. m. pl.* [+ પટો, પાટો a strip of cloth.] Children's game, generally known as **આંધળી ખીસકોલી**. (Used in the Surat Districts.)

અંધાર·પિછોડો, *s. m.* **અંધાર·પિછોડી**, *s. f.* [See + અંધાર પિ-

છોડો a blanket.] A blanket which makes the wearer invisible to other eyes; the invisible cloak. 2. Cheating a person for selfish ends.

Id. અંધાર પિછોડો નાખવો-ઓઢાડવો To hoodwink. અંધાર પિછોડો ઓઢવો-પહેરવો To put on a magic cloak, so as to make oneself invisible. અંધાર પિછોડી ઓઢાડવી To mislead or deceive a person by keeping him in ignorance on a subject. 2. To mislead a person in order to gain one's own interest. 3. To keep a person under one's control, so that he should see or do nothing but what one tells him to see or do અંધાર પિછોડો ઓઢવો To be absent-minded. 2. To be invisible to others by putting on a magical sheet.

અંધારાં, *s. n. pl.* [See **અંધારૂં.**] A dazzled state of the eyes. 2. Giddiness.

Id. આંખે અંધારાં આવવાં To be giddy.

અંધારીઉં, } **અંધારિયું,** } *s. n.* The dark half, or last fortnight, of a lunar month; the fortnight during which the moon is waning. 2. *adj.* Having darkness; dark.

અંધારિયું-અજવાળિયું, *s. n.* [+ અજવાળું.] Children's, game generally known as તઘક છાયડો (Used in the Dhari district.)

અંધારી, *s. f.* A dazzled state of the eyes. 2. The side-pieces used to protect the eyes of a horse; blinkers. 3. An iron-piece placed before a forge by blacksmiths to protect themselves from the heat and light of the fire.

Id. ઉપર અંધારી નાખવી To hoodwink.

અંધારૂં, *s. n.* Darkness. 2. Disorder. 3. Gloominess. 4. Distracted state of the mind; sadness. 5. Ignorance.

Id. અંધારૂં ઘોર-અંધારૂં ઘબ Deep darkness. અંધારાં આવવાં To be dizzy. અંધારાં ઉલેચવાં (Lit.) To banish darkness. 2. To attempt to carry out an impossible scheme or plan. અંધારામાં કુટાવું To attempt to do a thing in ignorance of its nature. અંધારામાં જતું રહેવું To pass away or happen in ignorance. અંધારામાં રહેવું To be not known to the public. અંધારામાં રાખવું To keep unknown to the public. અંધારી ઓઢાડવી To keep in ignorance of. 2. To keep a person under one's control. અંધારી કોટડી Solitary confinement. 2. A prison. અંધારી બાંધવી To tie a piece of cloth over one's eyes. 2. To be totally ignorant of. અંધારૂં વળી જવું To spread over (of darkness). 2. To be stopped. 3. To be thrown into a state of darkness, anarchy or confusion. અંધારે કે અજવાળે Openly or secretly. અંધારે પડવું To lie in darkness; to be unknown.

Prov. સોમણ તેલે અંધારૂં=ચોળે દહાડે અંધારૂં= દીવા પાછળ અંધારૂં There is darkness under the lamp. અંધારાની મારી બે, કે ખાધી બે He that runs in the night stumbles : Ignorance augments our evils. અંધારે કાંઈ કોળીઓ કાનમાં જવાનો છે ? Habit overcomes little obstacles=Nature will ever assert herself. ગોળ અંધારે ખાધો, તોએ ગળ્યો; અને અજવાળે ખાધો, તોએ ગળ્યો Truth is truth to the end of the reckoning. અંધારી રાત, અને તઘ કાળા; લે, રે વાણિયા, તારા ને તારા. When candles are out, all cats are grey.

અંધે-મૂલ, *adj.* [S. अन्ध+मूल root.] Stupid; dull; unintelligent.

અંધેર, *s. n.* Disorder; anarchy.

અંધેરૂં, *adj.* Dark. 2. Disorderly. Anarchic.

Prov. અંધેરી નગરી, ને ગંડુ રાજા, ટકે શેર ભાજી, ટકે શેર ખાજા All of one price, good or bad. અંધેરી નગરી, ને ગંડુ રાજા; બાર કોળાં, ને તેર લાગા Under anarchy and disorder, you have to pay more than you get.

અંધો, *adj. m.* } **અંધી,** *adj. f.* } See **અંધ, આંધળું.** **અંધું,** *adj. n.* }

Prov. અંધેકી જોરૂ, ખુદાકા રખવાળા A blind man's wife needs no paints.

અંધ્યારૂ, *s. m.* [S. अध्वर्यु a sacrificial priest.] See **અધ્યારૂ.**

અન્ન, *s. n.* [S. *rt.* अद् to eat.] Grain. 2. Food.

Note—અન્ન (food) is divided by Hindu

writers into four classes:–Nutritive, luxurious, drinkable, and that which is licked.

Id. અન્ન ભેગું થવું To be able to eat after a great trouble has been gone through. અન્ન ભરવું–ભરી રાખવું To store up corn. અન્નને અને દાંતને વેર Starvation; having nothing to eat. અન્ન પાણી ઝેર થઇ જવાં To be unable to eat, through disease or sorrow. અન્નનો કીડો Gluttonous. અન્નનો માળવો Liberally supplying food to those who want it. 2. Charitably distributing food.

Prov. અન્ન તેવો ઓડકાર As you sow, so shall you reap : As you mend your bed, so shall you lie on it. અન્ન, તેનું પુણ્ય, અને રાંધનારીને ધુમાડો It is the master, and not his steward, that deserves the thanks of his guests. અન્ન સમાણા પ્રાણ, અને પ્રાણ સમી પ્રીત As is the tree, so is the fruit. અન્ન આહારે, અને ઘી વ્યવહારે All things should not be used in an equal quantity=Bread at pleasure, drink by measure. અન્નનું માર્યું નીચું જુવે Men are generally true to their salt. અન્ન પારકું છે, પણ કાંઇ પેટ પારકું છે? Never scald your lips with another man's porridge. અન્ન મીઠું કરીને ખાવું Content is more than a kingdom.

અન્ન-કુટ, }
અન્ન-કોટ, } See **અણ-કૂટ, અણ-કોટ.**

અન્ન-છત્ર, *s. n.* [S. अन्न + सत्र a place for sitting *fr.* सद् to sit.] Daily distribution of food to the poor.

અન્ન-જળ. *s. n.* [S. अन्न + जल water.] Food and drink. 2. Livelihood; the necessaries of life.

Id. એનું તો અહીંથી અન્નજળ–ઊઠયું છે–ખૂટયું છે He is out of his element here; he will not stay here long: he will have to leave this place. અન્નજળ પાણી Same as અન્નજળ (પાણી, having the same meaning as જળ, is here redundant). અન્નજળ પાણીના હાથમાં If Fate would have it. See **અંજળ.**

અન્ન-દાતા, *s. m.* [S. *fr.* अन्न+दाता a giver *fr.* दा to give.] A donor of grain. 2. One who maintains dependants; a patron.

અન્ન-દાન, *s. n.* [+ દાન a gift.] Giving food in charity. 2. Distribution of food to the poor.

અન્ન-દેવ, *s. m.* }
અન્ન-દેવ-તા, *s. f.* } [S. *fr.* + દેવ, દેવ-તા, a god.] The divinity who is believed to preside over the articles of food. 2. Food considered as a divinity.

અન્ન-પાણી, *s. n.* [S. अन्न + પાણી water *fr.* पानीय a drink *fr.* पा to drink.] Food and water. 2. Victuals; provisions.

અન્ન-પૂર્ણા, *s. f.*[S.*fr.* अन्न+पूर्ण filled *fr.* पॄ to fill.]A goddess that provides a person with food according to his desire; the goddess of plenty.

અન્ન-પ્રાશન, *s. n.* [S.*fr.* अन्न + प्राशन eating *fr.* प्र forth + अश् to eat.] The ceremony of feeding an infant with rice between its fifth and eighth month.

અન્ન-મય-કોશ, *s. m.* [S. *fr.* अन्न + मय a termination added to nouns and meaning 'full of,' 'made of' + कोश a sheath.] (Lit.) The covering supported by food; the fifth of the five sheaths that, according to the Vedant, envelope the individuated soul while separate from the Supreme Soul. These five sheaths or cases are:—1, આનંદમય કોશ; 2. વિજ્ઞાનમય કોશ; 3, મનોમય કોશ; 4. પ્રાણમય કોશ; and 5, અન્નમય કોશ.

અન્ન-રસ. *s. m.* [S. *fr.* अन्न + रस juice.] The essence of food.

અન્ન-વસ્ત્ર, *s. n.* [S. *fr.* अन्न+वस्त्र clothes *fr.* वस to dress.] Food and clothes. 2.Maintenance; means of livelihood.

અન્નાચ્છાદન, *s. n.* [S. *fr.* अन्न + आच्छादन covering, clothes, *fr.* आ intens. + छद् to cover.] Same as **અન્નવસ્ત્ર.**

અન્નાશય, *s. m.* [S. *fr.* अन्न + आशय a reservoir *fr.* आ intens. + शी to lie down.] The stomach.

અન્નાસ, See **અનનાસ, અનેનાસ,**

અન્નોદક, *s. n.* [S. *fr.* अन्न + उदक water.] Grain and water; food and drink. See **અન્ન-જળ.**

અન્ય, *adj.* [S.] Another. 2. Separate. 3. Different.

Id. અન્યે કે પન્યે Directly or indirectly. 2. Willingly or unwillingly; *nolens volens.*

અન્ય·ત્ર, *adv.* At another place. 2. Otherwise.

અન્ય·થા, *adv.* Otherwise; on the contrary.

અન્યા, See **અન્યાય.**

અન્યાડી, See **અનાડી.**

અન્યાડી-વેડા, *s. m. pl.* [+ See વૃત્તિ.]
અન્યાડી·પણું, *s. n.* [+ પણું a suffix.]
Awkwardness.

અ·ન્યાય, *s. m.* [S. *fr.* अ not + न्याय justice *fr.* नी to lead, to carry.] Injustice. 2. An offence.

Id. અન્યાય કરવો To do injustice. તેને અન્યાય આપવો To do him injustice. તેને અન્યાય મળ્યો Injustice was done to him. અન્યાય બોલવું To speak what is unjust.

અન્યાયી, *adj.* Unjust; dishonest. 2. Guilty.

અ·ન્યાયું, See **અ·ન્યાયી.**

અ·ન્યાવ, See **અ·ન્યાય.**

અન્યાશ્રિત, *adj.* [S. *fr.* અન્ય + આશ્રિત.] Dependent on another.

અન્યોક્તિ, *s. f.* [S. *fr.* અન્ય + ઉક્તિ.] A speech referring to a thing other than the one intended; an indirect speech; a disguised or dark speech; covert insinuation or intimation; an inuendo.

અન્યોન્ય,
અન્યો-અન્ય, *adj.* [S. *fr.* अन्य another.] Mutual; reciprocal.

અન્યોન્યાભાવ, *s. m.* [S. *fr.* + અભાવ.] Reciprocal non-being; the not being any other thing (of this thing), and the not being this thing (of any other thing).

અન્યોન્યાશ્રય, *s. m.* [S. *fr.* + આશ્રય.] Mutual dependence; mutual support or protection; reciprocal illustration and confirmation.

અન્યોન્યાશ્રિત, *adj.* Dependent on each other; mutually supported or aided.

અન્વય, *s. n.* [S. *fr.* अनु after + इ to go] Relation; concord. 2. Line;family. 3. Agreement or relation (Gr.) 4. Syntactical order or connexion. 5. Logical order, consecution or consequence. 6. Drift; tenor; bearing; strain.

Id. અન્વય કરવો-બેસાડવો-લગાડવો To construe. 2. To put a verse into its prose order. તેની જોડે એનો અન્વય બેસે છે This is related to that. 2. This can be understood, when taken with that.

અન્વયી, *adj.* Bearing relation; related; relative.

અન્વિત, *adj.* Accompanied by. 2. Possessed of.

અપ્, *s. n.* [S. See આપ] Water.

અપ, *adv.* [S.] A prefix showing privation; down; below. 2. *adj.* Mean; wretched.

અપ·કર્ષ, *s. m.* [S. *fr.* अप down + कृष् to draw.] Decline; fall.

અપ·કાર, *s. m.* [S. *fr.* अप + कृ to do.] Injury. 2. Faithlessness; ingratitude.

Id. અપકાર કરવો To do harm.

Prov. અપકારને બદલે ઉપકાર કરવો To return good for evil; To heap coals of fire on the head.

અપ·કાર·ક,
અપ·કારી, *adj.* Injurious. 2. Faithless; ungrateful.

અપ·કીર્તિ, *s. f.* [S. *fr.* अप + कीर्ति fame, *fr.* कृत् to praise.] Disgrace; infamy.

Id. અપકીર્તિ થવી To be disgraced. અપકીર્તિ કરવી To disgrace.

અપ·કૃષ્ટ, *adj.* [S. *fr.* अप + कृष् to draw.] Inferior. 2. Ruined.

અ·પક્વ, *adj.* [S. *fr.* अ not + पक्व ripe *fr.* पच् to cook.] Unripe.

અ·પક્ષ, *adj.* [S. *fr.* अ + पक्ष a wing.] Not winged; unfledged.

અ·પક્ષ-પાત, *s. m.* [S. *fr.* अ + पक्षपात partiality *fr.* पक्ष a wing, side, + पात falling *fr.* पत् to fall.] (Lit.) Not falling to one side; hence, impartiality.

અપ·ઘાત, *s. m.* [S. *fr.* अप down + घात killing *fr.* हन् to kill.] Accidental or untimely death.

અપંગ, *adj.* [S. अप down, gone, lost,

+ अङ्ग a limb, a part. Or, S. अ not, used for euphemy + પંગુ lame.] Maimed; mutilated; wanting a limb or an organ. 2. Helpless

અપ-ચાર, *s. m.* [S. *fr.* अप down, wrong, injurious, + चर् to walk.] The taking of unwholesome food. 2. Going astray; wrongdoing.

અપ-ચિન્હ, *s. n.* [S. *fr.* अप bad, injurious, + चिन्ह a sign.] Evil omen.

અ-પચો, *s. m.* [S. अ not + पच् to cook, to digest.] Indigestion; dyspepsia.

Id. અપચો થવો To suffer from indigestion. અપચો મટવો To be cured of indigestion.

અપછરા, *s. f.* [S. अप्सरा.] A celestial damsel. 2. A beautiful woman.

અપ-ચ્છાયા, *s f.* [S. *fr.* અપ evil + છાયા shadow.] A terrible shade; an evil shade (said of the appearance of an evil spirit.)

અપ-જય, *s. m.* [S. अप down, opposite of, + जय victory *fr.* जि to conquer.] Defeat.

અપ-જશ, *s. m.* [S. अप down, opposite of + જશ fame.] Demerit; disgrace.

Id. અપજશ મળવો To be disgrace. અપજશ લેવો To incur disgrace.

અપ-જશિયું, *adj.* Disgracing; causing disgrace; disgraceful.

અપટ, See **અપ્પટ.**

અ-પઠ, *adj.* [S. अ not + पठ्, પઠવું, to repeat, to learn.] Illiterate.

અપત, *s. n.* [S. अपत्य.] An offspring.

અ-પતિ-વતા, *adj.* [S. अ not + पति husband *fr.* पा to protect + व्रत a vow.] Unfaithful to one's husband; unchaste (a woman.)

અ-પતીજ, *s. f.* [S. अ + प्रत्यय trust *fr.* प्रति towards + इ to go.] Mistrust; want of credit.

અપત્ય, [S.] See **અપત.**

અ-પથ, *s. m.* [S. अ dim + પથ, પંથ, way.] Not the correct way; a wrong way. 2. Heresy, a wrong or false religious doctrine.

અ-પથ્ય, *adj.* [S. *fr.* अ not + पथ्य beneficial *fr.* पथिन् પંથ, પથ, way.] Unwholesome.

અ-પદાર્થ, *s. m.* [S. *fr.* अ + पदार्थ a thing *fr.* पद् a word + अर्थ meaning.] Non-entity; that which is not comprised under any of the seven categories (પદાર્થ) of the Vais'esika philosophy.

અપ-દેશ, *s. m.* [S. *fr.* अप down + दिश् to show.] Disguise; pretext.

અપ-દ્વાર, *s. n.* [S. *fr.* अप dim + द्वार a door.] A back door. 2. The anus.

અપન, Hind. for **આપણ.**

Prov. અપન તો કહેનેકા, કુછ કરનેકા ? Action is more difficult than speech. અપના રખ, પરાયા ચખ What's my wife's is mine, whats mine is my own. અપની તો એસીતેસી, દુસરેકી આટ આટ Every hen thinks her own chickens swans. અપઅપના સમાલિયો, મેં મેરી ફોડતા હું Every one should sweep before his own door.

અપ-ભ્રંશ, *s. m.*[S. *fr.* अप down + भ्रंश to fall.] Corruption. 2. One of the Prakrit languages.

અપ-માન, *s. n.* [S. अप down, opposite of, + मान respect *fr.* मन to think.] Insult; dishonour; disrespect.

Id. અપમાન કરવું-લગાડવું To insult. અપમાન ખમવું To bear an insult.

અપ-યશ, [S.] See **અપ-જશ.**

અપર, *adj.* [S.] Hinder; backward. 2. Another. 3. Later.

Id. અપર રાત્ર The letter part of the night. અપર સૂર્ય (Lit.) Another sun; as bright and glorious as the sun ; intelligent; very bright (of a man.)

અપરંગ, / **અપરંચ,** } *conj.* [S. + च and] And; moreover. 2. And further; more particularly. (Used at the beginning of a letter.)

અપરંચ એજ લખ્યા કારણ છે,
સહુ ગુણનિધિમાં રૂડ્યા હરિ રે.—**દયારામ.**

અપરમ, *conj.* [S. अपरम्.] See **અપરંચ.**

અપર-મા, / **અપર-માત,** / **અપર-માતા,** } *s. f.* [+ મા, માતા.] A stepmother.

પ્રથમ પ્રણામ અપર માને, તે બેટાડયા શ્રીપત્ય.
—ધ્રુવાખ્યાન.

અ·પરં-પાર, *adj.* [S. अ not + पर another +पार the opposite. shore.]Endless; infinite.

અ·પરાજિત, *adj.* [S. *fr.* अ+परा opposite +जि to conquer.] Unconquered. 2. Unconquerable; invincible.

અપ·રાધ, *s. m.* [S. अप away, dim. + राध् to accomplish.] A fault; a crime; a sin; guilt; an offence.

અપરાધ·ણુ, અપરાધે·ણુ, } *s. f.* A guilty woman.

હું અપરાધણ હરખે હણાઇ.—પ્રેમાનંદ.

અપરાધી, *adj.* Guilty; sinful.

અપરાન્હ, *s. n.* [S. *fr.* अपर the letter part+अहन् a day.] The interval of time between 1 P.M. and 4 P.M.; the afternoon.

અ-પરિગ્રહ, *s. m.* [S. *fr.* अ not+પરિગ્રહ.] Non-acceptance; rejection. 2. *adj.* Without possessions or belongings, or attendants, &c.

અ·પરિમિત, *adj.* [S. *fr.* अ not + परिमित limited *fr.* परि around + मा to measure] Unmeasured. 2. Vast; extensive.

અ·પરીક્ષિત, *adj.* [S. *fr.* अ+परीक्षित examined *fr.* परि around + ईक्ष् to see.] Unexamined.

અ·પરોક્ષ, *adj.* [S. *fr.* अ + परोक्ष absent *fr.* अ not + पर another, beyond, + अक्षि the eye.] Present to the eye.

અપ·લક્ષણ, *s. n.* [S. अप away, dim., +लक्षण a mark *fr.* लक्ष् to see.] Evil or inauspicious marks. 2. Vice; conduct which is likely to lead to vice or sin.

અપ·લક્ષણું, *adj.* Having evil or inauspicious marks; showing signs of vice. 2. Vicious.

અ·પલાયન, *s. d.* [S अ not + पलायन running away *fr.* परा in the opposite direction + अय् to go. The radical meaning of this word is 'not running away,' अ being used for euphemy. *Cf.* અ·લોપ.] Running away.

અ·પલ્યા, *s. f.* [S. अ not + पल flesh] A lean emaciated woman. 2. A dirty woman.

અપ·વર્ગ, *s. m.* [S. *fr.* [redacted] away from +वृज् to go.] Salvation.

જે કર્મ તણું ફલ સ્વર્ગ, નવ આપ તે અપવર્ગ.
—ગિરધર.

અપ·વાદ, *s. m.* [S. *fr.* अप dim. + વાદ speaking *fr.* वद् to speak.] False imputation; censure; speaking evil. 2. An exception.

Id. અપવાદ મૂકવો To impute evil to. અપવાદ લાગવો–બેસવો To be liable to censure. અપવાદ તરીકે As an exception.

અપ·વાદ·ક, અપ·વાદી, } *adj.* Exceptional; as an exception.

અપ·વાસ, *s. m.* [S. In this word अप is a corruption of उप near + वस् to dwell. See ઉપ·વાસ.] A fast.

Id. અપવાસ કરવો To observe a fast. અપવાસ મૂકવો–ભાગવો To give up fasting. મને અપવાસ છે I have observed a fast.

અપ·વાસી, *adj.* One who observes a fast. 2. Hungry; starving.

Id. હું ચાર દિવસનો અપવાસી છું I have been starving for four days.

Prov. અપવાસીને ઘેર ટોકળાં ! Beggars can never be bankrupts.

અ·પવિત્ર, *adj.*[S *fr.* अ not + પવિત્ર pure *fr.* पू to purify.] Unholy; impure; unclean.

અ·પવિત્ર·તા, *s. f.*
અ·પવિત્ર·તા·ઇ, *s. f.* } Impurity; uncleanliness; unholiness.
અ·પવિત્ર·પણું, *s. n.*

અપ·શબ્દ, *s. m.* [S. *fr.* अप away from, dim., + શબ્દ a word.] An obscene word;an abusive language. 2. An incorrect word (Gram.).

Id. અપશબ્દ બોલવો–કાઢવો To use abusive language; to abuse (a person).

અપ·શકુન, અપ·શુકન, } *s. n.* [S. शुकन = P. शगुन् a bird, an omen.] An ill omen; an evil auspice or augury.

Id. તેને અપશુકન કરવા To put an ill omen in his way. અપશુકન કહેવા To ask an inauspicious question. અપશુકન થવા To meet with an ill omen.

અપ·શુકનિ·યાળ, અપ-શુકનિ·યું, *adj.* Inauspicious.

અપ·સવ્ય, *adj.* [S. + सव्य left, opposed to right.] Left-handed. 2. Moving from left to right. 3. Contrary. 4. Evil; inauspicious.

Id. અપસવ્ય કરવું To change the sacred thread from the laft shoulder to the right, as in performing a ceremony for the benefit of the dead. 2. To perform a શ્રાદ્ધ (s'rāddha) ceremony.

નહિ સવ્ય અપસવ્ય જાણું, મા.—**વલ્લભ.**

અપ·સ્માર, *s. m.* [S. *fr.* + स्मृ, स्मर् . to remember.]Epilepsy;fainting sickness;fits.

અપ·હરણ, *s. n.* [S. *fr.* + हृ, हर्, to take away.] Kidnapping. 2. Taking away; misappropriation. 3. Theft.

અપ·હાર, *s. m.* Misappropriation; embezzlement. 2, Hiding; concealing. 3. A decrease; a deficiency.

અપ·હ્નુતિ, *s. f.* [S. *fr.* ह्नुति concealing *fr.* ह्नु to conceal.] Concealment of knowledge; denial. 2. A figure of speech, in which the thing in question is denied, and another reason is ascribed; evasion; prevarication; a subterfuge.

અપાઙ્ગ, *s. n.* [S.] The outer corner of the eye. 2. A sectarian mark on the forehead.

કમળ કુસુમ ચઢાવ્યું, અપાઙ્ગમૃગમય કરાવ્યું કેસરનું.
—**પ્રેમાનંદ.**

અ·પાતકી, *adj.* [S. *fr.* अ not + પાતકી sinful.] Not sinful: sinless.

અ·પાત્ર, *adj.* [S. *fr.* + પાત્ર fit.] Unfit.

અપાદાન, *s. n.* [S. अप away from + आदान taking *fr.* आ up to + दा to give.] The ablative case (Gram).

અ·પાન, *s. m.* [S. *fr.* अप down + अन् to breathe.]One of the five vital winds,which goes downward and out at the anus.

અ·પાપ, *adj.* [S. *fr.* अ not + પાપ sin.] Not sinful: sinless.

અપામાર્ગ, *s. m.* [S. *fr.* अप away + आ up to + मृग् to seek.] Name of a plant.

અ·પાર, *adj.* [S. *fr.* अ not + પાર the opposite bank *fr.* पॄ to fill.] Endless: infinite.

અ·પાર-દર્શ·ક, *adj.* [S. *fr.* अ + पार the other side + દર્શ·ક showing *fr.* दृश् to see.] Opaque; not transparent.

અપા·વવું, *v. t.*[Caus. of આપ·વું to give.] To cause one to give. 2. To cause to be given.

અપાસરો, *s. m.* [Corrup. of S. उपाश्रय a resort *fr.* उप near + आ up to + श्रि to go.] A Jain monastery.

Prov. અપાસરે દીવો When the east and west meet = When Calais and Dover meet.

અપિ, *conj.* [S.] Even. 2. Also; moreover.

અપીલ, *s. f.* [Eng. *Appeal.*] A petition against a judicial decision; an appeal.

Id. અપીલ કરવી–લઈ જવી To appeal. અપીલ ચલાવવી–સાંભળવી To proceed with an appeal; to hear an appeal. અપીલ ચૂકવવી To decide an appeal. અપીલ રદ કરવીTo reject an appeal. અપીલ રદ ગઈ છે The appeal is rejected.

અપીલ કોર્ટ, *s. f.* [+ કોર્ટ.] An appellate court.

અ·પુત્ર, *adj.* [S. *fr.* अ not + પુત્ર a son.] One who has no son. 2. Childless.

અ·પુચ્છ, *adj.* [S. *fr.* अ not+પુચ્છ a tail.] Having no tail. 2. Deprived of the tail.

અ·પૂજ, *adj.* [S. अ + पूज् to worship.] Unworshipped; unadored.

અ·પૂજ્ય, *adj.* Not fit to be worshipped.

અ·પૂર્ણ, *adj.* [S. *fr.* + પૂર્ણ full *fr.* पॄ to fill.] Incomplete; imperfect.

અ·પૂર્ણ-કાલ, *s. m.* [+ કાલ time.] Imperfect tense (Gram.).

અ·પૂર્ણ·તા, *s. f.* Imperfection; a defect.

અ·પૂર્ણાંક, *s. m.* [+ અંક a figure.] An incomplete number, as opposed to an integer; a fraction.

અ·પૂર્વ, *adj.* [S. *fr.* अ not + પૂર્વ previous.] Not happened before. 2. New. 3. Wonderful.

અપૂશ, *s. f.* [See કાપુસ cotton.] A ball made of rags with which a small opening is

shut up; a plug. 2. Spirit; vigour; energy. Id. કામ કરી કરીને મારી તો અપૂશ નિકળી ગઈ I am done up with hard work; I am overworked.

અપેક્ષા, *s. f.* [S. *fr.* अप away from + ईक्ष् to see.] Expectation; wish; eager desire. 2. Requirement; want.

અપેક્ષિ·ત, *adj.* Expected; desired. 2. Required; wanted.

અપેલણ્ટ, *s. m.* [Eng. *Appellant.* See અપીલ.] An appellant.

અપ્પટ, *adj.* [अ not + पटु skilful.] Not skilful; unskilled. 2. Foolish. *Cf.* અ·પટ.

અપ્પાસ, [A further corruption of અપવાસ.] See **અપવાસ.**

અ·પ્રકટ, *adj.* [S. *fr.* अ not + प्रकट. પ્રગટ, manifest *fr.* प्र forth + कट side.] Not manifest; not made known; not plain; unintelligible.

અ·પ્રગલ્ભ, [S. *fr.* + प्रगल्भ bold *fr.* प्र forth + गल्भ to be bold.] Not bold; bashful; shy.

અ·પ્રતિકૂલ, *adj.* [S. *fr.* अ not + પ્રતિકૂલ unfavourable.] Not unfavourable; favourable

અ·પ્રતિમ, *adj.* [S. *fr.* अ + પ્રતિમા a likeness, an image, *fr.* प्रति against + मा to measure.] Matchless; unequalled.

અ·પ્રતિષ્ઠા, *s. f.* [S. *fr.* अ + प्रतिष्ठा respect *fr.* प्रति + स्था to stand.] Desrespect; dishonour; humiliation.

અ·પ્રતીજ,
અ·પ્રતીત,
અ·પ્રતીતિ, } *s. f.* [S. *fr.* अ + प्रतीति confidence *fr.* प्रति + इ to go.] Mistrust.

અ·પ્રધાન, *adj.* [S. *fr.* अ + प्रधान principal *fr.* प्र forth + धा to put.] Not chief or superior; inferior.

અ·પ્રમાણુ, *adj.* [S. *fr.* अ + પ્રમાણ authority, proof, *fr.* प्र forth + मा to measure.] Immensurable. 2. Unreliable. 3. Without proof; wanting proof.

અ·પ્રમાણિ·ક, *adj.* Dishonest.

અ·પ્રમાણિક·પણું, *s. n.* Dishonesty. 2. Untrustworthiness.

અ·પ્રમિત, *adj.* [S. *fr.* अ not + प्र forth + मित measured *fr.* मा to measure.] Unmeasured. 2. Inexhaustible.

અ·પ્રમેય, *adj.* [S. *fr.* + प्रमा true knowledge *fr.* प्र forth + मा to measure, See પ્રમાણ.] That which cannot be truly known; unknowable.

અ·પ્રયોજક, *adj.* [S. *fr.* + પ્રયોજક causing] Not instigating or causing; not active; passive. 2. Not inventive. 3. Commonplace; ordinary. 4. *s. m. f.* An ordinary, commonplace, or bashful man or woman.

અ·પ્રવાસી, *s. m. f.* [S. *fr.* अ not + प्रवासिन a traveller *fr.* પ્રવાસ travel *fr.* प्र forth + वस् to dwell.] One who has not travelled or does not travel; a permanent resident. 2. *adj.* Not travelling; residing permanently.

અ·પ્રવાહી, *adj.* [S. *fr.* + પ્રવાહી flowing.] Not liquid.

અ·પ્રવૃત્ત, *adj.* [S. *fr.* + प्र forth वृत् to be, to turn.] Not engaged in action; inert.

અ·પ્રશસ્ત, *adj.* [S. *fr.* + પ્રશસ્ત praised.] Not praise-worthy; censurable.

અ·પ્રસન્ન, *adj.* [S. *fr.* + પ્રસન્ન pleased.] Not pleased. 2. Not favourable.

અ·પ્રસન્ન·તા, *s. f.* Displeasure. 2. Absence of favour.

અ·પ્રસાદ, *s. m.* [S. *fr.* + પ્રસાદ favour *fr.* प्र forth + सद to sit.] Disfavour.

અ·પ્રસિદ્ધ, *adj.* [S. *fr.* अ + પ્રસિદ્ધ well-known *fr.* प्र + सिध् to be accomplished.] Obscure; unknown; insignificant. 2. Hidden; secret.

અ·પ્રસ્તુત, *adj.* [S. *fr.* अ + પ્રસ્તુત present, in hand, *fr.* प्र + स्तु praise.] Foreign to the matter in hand.

અ·પ્રાકૃત, *adj.* [S. *fr.* + પ્રાકૃત ordinary.] Not ordinary; extraordinary.

છે નિત્ય લીલા અપ્રાકૃત, આનંદમય શ્રુતિ ગાવે.
—દયારામ.

અ·પ્રાપ્ત, *adj.* [S. *fr.* + પ્રાપ્ત obtained *fr.* प्र forth + आप् to obtain.] Not obtained; unobtained 2. Not arrived.

અ·પ્રાપ્ત-કાળ, *s. m.* [S. *fr.* + કાળ time.] Improper time. 2. *adj.* That of which the time has not arrived; inopportune; unsuited to the occasion.

અ-પ્રાપ્તિ, *s. f.* Not having arrived; non-arrival. 2. Not being applicable. 3. Loss.

અ-પ્રામાણિ-ક, [S.] Same as **અ-પ્રમાણિ-ક.**

અ-પ્રિય, *adj.* [S. *fr.* अ not + પ્રિય pleasing *fr.* प्री to please.] Unfavourable; disagreeable.

Id. કડી કરવી To shut up with a chain. 2. To shut up under the orders of a court;to keep under custody. કડી કરવી-મારવી-દેવી To shut up with a chain. હાથે કડી કરવીTo put on handcuffs. પગે કડી ઘાલવી To put fetters on. કડીએ ભરાવવું To hang on a hook. કાને કડી ઘાલવી-પહેરવી To put on ear-rings. કવિતાની કડી Two or four lines of a poetry. કડીબંધ Tied, fastened,or shut up with a chain.2 Arranged in lines rhyming together. કડીબંધ ગાવું To sing in a manner to bring the couplets into prominence. કડીતોડ Striking so as to break the chain of a door. 2. Hard; severe; violent. 3. Detailed; item by item; accurate.

કડું, *s. n.* [S. कटक a bracelet.] A circular ring;a gold or silver circular ornament.

કડુ, *adj.* [S. कटु.] Bitter.

કડુ, *s. n.* [S. कटुकी *fr.* कटु bitter.] A very bitter medicinal drug.

કડુ-ખ-લો, *s. m.* [See કડ, કટ, side + ક and લો dim.] A corner.2. A small room. મુખીએ કોંડિયાનો એક કડુખલો ખાલી કરાવી આપ્યો. —**અંધેરીનગરી.**

કડુ-યું, *adj.* [S. कटु bitter. + P. चेह् dim. termination.] A little bitter.

કડે, *prep.* [S. कट side.] Towards. 2. With; in charge of. *Cf.* **કેડે.**

કડે-ડાટ, Same as **કડ-કડાટ** Roaring; thundering.

કડે-ધડે, *adv.* [+ ધ-ધડા-ટ, ધડ-ધડા-ટ, thundering.] In a flourishing state.

કડો, *s. m.* [S.कुटज, See કડા.] The plant from which કડા, ઇંદ્રજવ, are obtained.

કડો, *s. m.* [See કટ, ચટા-ઈ, a mat.] A large mat.

ક-ડોળ, *adj.* [S. कु bad + Guj. ડોળ form.] Ill-shaped; ugly.

ક-ઢંગ, *s. m.* [S. कु bad + ઢંગ fashion.] Rude manners; rudeness; oddity.

ક-ઢંગું, *adj.* Rude; unmannerly;ill-bred. 2. Awkward; ugly.

કઢણ, *s. f.* [See કઠણ; or કટ side.] Edge or verge of a rock; a precipice. 2. The wooden circle fixed to the edge of the hide of a *kos* (કોસ). 3. A bamboo stick with a hook at its end (Used in the Surat District)

કઢ-ણ, *adj.* [See કઢ-વું to boil; or કઠણ hard.] Hot-tempered; angry; peevish.

કઢણ, *s. n.* [See કઢ-વું to boil.] Water taken from boiling pulse, &c., and mixed with spices.

કઢ-વું, *v. t.* [S. क्वथ् to boil.] To boil milk, &c., so as to render it thicker. 2. To boil.3. To be angry.

કઢા, } **કઢા-ઈ,** } *s. f.* [S. कटाह a frying pan; or

કઢ·વું to boil.] A frying pan. 2. A frying vessel with handles.

કઢા·ણું, કઢિ·યલું, adj. [See કઢ·વું to boil.] Boiled so as to thick.

કઢા–પો, s. m. [See કઢ·વું to boil + S. ताप heat *fr.* तप् to be hot; or આપો may be taken to be a noun suffix.] Sultriness. 2. Grief; sorrow.

કઢા·મ, s. n. [See કાઢ·વું.] A triangular frame of wood, used by farmers in dragging their tools,materials,&c.,to the field.

કઢા·યું, Same as કડા·યું.

કઢા·યેલું, adj.Same as કઢા·ણું,કઢિ·યલું.

કઢારો, s. m. Same as કડ. 2. [See કાઢ·વું to take out.]A purchase or sale in a military camp.

ક·ઢાળ, s. n. [See કુ bad + ઢાળ slope.] H piece of wood fixed in a hedge and branching into two directions at an angle to allow men to pass through; a stile.

કઢી, s. f. [S. कथिका curry *fr.* क्वथ to boil, See કઢ·વું to boil.]A kind of Indian soup; curry.

કઢેલું, Same as કઢેલ·ડું.

કઢો, Same as કાઢો.

કણ, s. n. [S.]A single grain (of corn); a particle; an atom. 2. A facet of a gem. 3. An angle or point.

ભુજ પારો ભીડતાં કંકણ કણ ગડિયાં રે,
કે શું, એને કાળજડે કઠોર કુચ નડિયાં રે.
—દયારામ.

Prov. કણના મણ (થાય) A grain may grow into maunds. કીડીને કણ, ને હાથીને મણ To each according to his needs.

કણ·ક, s. f. Grains. 2. Flour. 3. Dough. Id.કણક પલાળવી–બાંધવી To make flour fit to make cakes of. કણક ટુંપવી To knead flour mixed with water.

Prov. કણક ને કણબી કસણ્યા ગુણ દે Pressure is advantageous for flour and for a Kaṇabī. કણકમાં પાણી પડ્યું તે પડ્યું Done is done, cannot be undone.

કણ–કણ, s. f. [Imitative of the sound.] A tingling noise.

કણ–કણા, s. m. pl. [Imit. of the feeling.] Feverishness; tremor proceeding from fever. 2. [See કમ-કમા·ટ.] Disgust.

કણ–કણા·ટ, s. m. A tingling sound. 2. Same as કણ–કણા.

કણ–કણી, s. f. [See કણ·કણા.] Tremor.

કણ–કણો, s. n. The singular form of કણ–કણા.

કણ·કી, s. f. [See કણ a grain.]A granule of rice.

કણજિ·યું, s. n. [See કણઝી.] A medicinal oil obtained from the seeds of કણઝી.

કણઝી, s. f. [S. करज, करञ्ज.] A plant bitter to the taste.

કણ-દિયો, s. m. [S. कण a grain + દીપ, દીવો, a lamp.] A silver ornament worn on hands by women.

કણ-પીઠ, s. f. [S. कण grain + पीठ a footstool *fr.* अपि down + स्था to stand.]A grain-market.

કણબી, s. m. [S. कुटुम्बिन possessing or supporting a family *fr.* કુટુંબ a family. Or, S. कुलालम्बिन् depending upon a family *fr.* कुल a family + आलम्बिन् hanging, depending, *fr.* आ intensive + लम्ब to hang. Or, Dh. Des. कलमो *fr.* S. कलमः rice.] A cultivator; a farmer.

Prov. કણબીની મત ફુલે, ને ભણે ભણે ને ભૂલે A kaṇabī wants intelligence, and cannot be taught. કણબી કાર્તકે ડાહ્યો Everyone is wise in times of plenty. કણબીનું મોંહ કુહાડે ચીરેલું A kaṇabī is generally abusive and repulsive of speech. કણબીનો કૂવો, એક મુવો, ને બીજો ઊભો There can be no widows among the kaṇabīs, because marriage and divorce are very light affairs with them. કણબી બગાડ્યા કેડવે, ને મણિધર બગાડ્યા ચૈડવે One sheep with mar a flock. કણબી પાછળ કરોડ, કણબી કો' પાછળ નહિ, પણ મૂળમાં મોટી ખોડ, કે ઊંહું નું ઓસડ નહિ The whole world depends upon agriculturists, who do not depend upon any one else;but they are generally cursed with obstinacy.

કણ·મણ·વું, v. i. [Imit.] To grumble; to be dissatisfied.

કણ-વટ,
કણ-વટિ-યું, } *s. n.* [See કણ grain + વૃત્તિ livelihood.] Corn of various kinds mixed together;espicially,that which is obtained by begging from door to door.

કણ-વતિ-યું, *adj.* Living by begging.

જુવો તમાસા તાતજી, મારા સમ થાઓ મતિયા,
એ કૃપ, દ્રોણ, ને અશ્વત્થામા, શું વડે કણ-વતિયા?
—પ્રેમાનંદ.

કણવીર,*s.n.*[S. कर्णिकार.]A kind of flower.

કણ-વું, *v. i.* [Imit.] To groan;to moan.

કણસ,
કણસ-લું, } *s. n.* [S. कणिश] An ear of corn.

•**કણ-સાઇ,** *s. f.* [See કણ grain.] A preparation of gram-flour fried in ghee, and made into small pills.

Id. કણસાઇના લાડુ Sweetballs made of કણ-સાઇ mixed with sugar.

કણ-સારી, *s. f.* [See કાણું a hole + સાર-વું to bore a hole.] A cricket.

કણસારો, *s. m.* [See કાંસું *fr.* S. कांस्य bell-metal + कार worker *fr.* कृ to do.] A copper-smith.

કણસું, Same as **કણસ, કણસ-લું.**

કણા-યતું,
કણ-તું,
કણો-તું, } *s. n.* [See કણ grain + વૃત્તિ livelihood.] Corn paid every month as salary.

કણિ-ક, *s. f.* [See કણ grain.] Flour; corn. 2. A small particle.

કણિ-કા, *s. f.* [S. *fr.* कण a grain.] A very small grain.

કણિ-યું, *s. n.* A blanket stuffed with cotton or rags.

કણિ-યો, *s. m.* A grain-dealer; a corn-merchant.

Prov. કણિયાના શ્રાપથી કંઈ વરસાદ અટકે? Cattle do not die from crows' cursing.કણિયો સદાય રણિયો, કોઈ દિન કાંકણિયો A grain-merchant is always in debt, he is seldom rich.

કણી, *s. f.* [S. कण a grain.] A small particle. 2. The facet of a diamond.

કણું, Same as **કણ** A grain.

કણે-ક, *s. f.* Same as **કણિ-ક, કણ-ક.**

કણેર, *s. f.* [S. कर्णिकार.] A particular shrub. *Cf.* **કણવીર.**

કણો, *s. m.* A very young snake. 2. The axis of a spinning wheel. 3. A strip of cloth worn round the head.

કણોજી, *s. n.* [See કણ grain.] Seeds of onion.

કંટક, *s. m.* [S.] A thorn. 2. A pest; an obstacle. 3. *adj.* Cruel; wicked; troublesome.

કંટલ, *s. n.* [S.] A bābul tree.

કંટા-રિયું, *s. n.* [See કાંટો a thorn + વાડ a hedge; the cloth is thrown on a thorny hedge. *Cf.* કાંટિયું.] A piece of cloth placed on the dead body.

પ્રથમ કંટારિયું પહેરીને ચાલિયા,
મરી મટચા તેહને કોણ મારે?—ભોજોભગત.

કંટ-વાડ, *s. f.* [See कण्टक a thorn + વાડ a hedge.] A thorny hedge.

કંટાળ-વું, *v. t.* [See કંટક thorn +વાળું having.] To be tried of. 2. To be sick of;to dislike.

કંટાળો, *s. m.* Weariness. 2. Disgust. 3. Dislike.

કંટી, *s. f.* [See કણ્ટક thorn.] Little grains on the ears of કોદરા, ટાંગર, &c.

કંટી-યુ, *s. n.* An ear of જુવાર, &c.

કંટી-વાળો,
કંટે-વાળો, } *s. m.* [See કંઠી a necklace *fr.* S. कण्ठ the neck + વાળું having.] The application of ashes on the outside of cooking pots before they are placed on the fire.

કંડુ, *s. n.* Thick impure milk obtained from a cow just after delivery.

કંડુ, *adj.* [See કડું.] Hot-tempered; irascible.

ખાંડાં ખડખડે, વાંકડા વીર કંડા.—ગિરધર.

કંડુડિયા, *s. f.* [Diminutive form of Guj. કોઠી a jar, or કાન, S. कर्ण the ear + તોડ-વું *fr.* S. त्रुट् to break.] A small earthen vessel.

કંટોલી, *s. f.*[See કંટોલું.]A creeper which bears the fruit called કંટોલું.

કંટોલું, *s. n.*[See કંકોડું.] A kind of wild fruit used for food.

કંઠ, *s. m.* [S.] The throat; the neck. 2. The voice; the tone.

Id. કંઠ બેસવો-બેસી જવો To become low or hoarse (of the voice). કંઠ ફુટવો To begin to speak. 2. The appearance of the large bone in the front of the throat. 3. The appearance of a coloured ring round the neck of a bird. કંઠ ખુલવો To become clear (of the voice). ખુલા કંઠે ગાવું To sing with a clear voice; to sing setting aside shyness, reserve, or restraint; to sing freely. ઝીણો કંઠ A high pitch of the voice. જાડો કંઠ A thick and loud voice. મધુર કંઠ A sweet voice. કંઠે કાંટા પડવા, કંઠ સુકાવો To have huskiness in the throat; to have a dry throat; to be afflicted with thirst. કંઠે સોસ પડવો To be afflicted with thirst. કંઠ રૂંધાવો-બંધ થવો To be suffocated. કંઠ ભરાવો To be choked with emotion (of the throat). કંઠે પ્રાણ આવવા To be in danger one's life; to be on the point of losing one's life. કંઠે પ્રાણ આવે તોપણ Even though one's life should be at stake.

Prov. કંઠ વિનાનું શાનું ગાવું ? No one can make a good songster, who is not endowed with a sweet voice.

કંઠ-પાશ, *s. m.* [+ પાશ, ફાંસો, a noose.] A halter round the neck.

કંઠ-મણિ, *s. m.* [S. मणि a bead, a jewel.] The large bone in front of the throat. 2. A jewel worn round the neck. 3. A very dear thing.

કંઠ-માધુર્ય, *s. n.* [S + माधुर्य sweetness *fr.* मधुर sweet.] Sweetness of voice.

કંઠ-માળ, *e. f.* [S. + माला a garland.] A necklace. 2. Goitre; a disease of the neck.

કંઠ-સ્થ, *adj.* [S. + स्था to stand.] Situate in the throat. 2. Guttural. 3. Being ready on the tongue; learnt by heart or by rote.

કંઠ-સ્થાન, **કંઠ-સ્થાની**, } Same as **કંઠ-સ્થ** (1) & (2).

કંઠ-સ્નાન, *s.n.* [S.+a bath *fr.* स्नान to bathe.] Ablution from the throat downwards.

કંઠાગ્ર, *s. n.* [S. + अग्र the front, the foremost point.] The front of the throat. 2. The tip of the tongue.

કંઠાભરણ, *s. n.* [S. *fr.* + આભરણ an ornament.] A neck ornament; a necklace.

કંઠાભરણ હીરે જડયાં, ઝાલ્ય ઝૂમણાં તાંત.

—રણછોડજી દિવાન.

કંઠાર, *s. f.* [S. + हार a line.] The shore; the coast-line.

કંઠાવરોધ, [S. + अवरोध obstruction *fr.* अव down + रुध् to obstruct.] Obstruction of the throat; suffocation; choking.

કંઠાળ, *s. f.* [S. + आवली a line.] A double sack. 2. The sea-shore.

કંઠિ-યું, *adj.* Sticking in the throat. 2. Wanting in ghee (of sweet balls at a dinner).

કંઠી, *s. f.* [S. कण्ठ the throat.] A necklace. 2. The chequered flower work on the neck portion of an અંગરખા.

Id. કંઠી બાંધવી Lit. To put a necklace round the neck of. 2. To make a disciple of. 3. To bring under one's control. કંઠી-બંધ, કંઠીબંધા Baniās who wear the કંઠી, *i. e.* the Vaiṣṇavites. કંઠી પગલું A golden necklace with a pendant on which the foot-prints of Viṣṇu are enamelled.

કંઠો, *s. m.* A gold necklace set with diamonds.

કંડ, Same as **કુંડ**.

કંડિ-યો, *s. m.* [S. करण्ड-क.] A box made of cane or bamboo.

કંડિલ, *s.n.* [Ar. कन्दील.] A glass-lamp. 2. A lantern. 3. A chandelier.

કંડિલિ-યું, *s. n.* [S. + आलय a house.] A lighthouse.

કંડી, *s.m.* A snake-charmer, who carries snakes in a wicker-box.

કંડૂ, *s. f.* [S.] The itch. 2. An itching sensation; a desire to scratch one's own body.

કત, *s. f.* [Ar. कत्.] The point of a pen.

કત-કું, *s. n.* [See કત.] A wooden pestle with which bhāng, &c., is pounded.

શિવજી જાવા સજ્જ થયા, ચેલા નંદી ભંગી,
વિભૂતિ ગોળા, કુંડી, કતકાં, સામાન લીધાં સંગી.

—હરગોવન.

કતરણી, *s. f.* [S. कर्तनी a pair of scissors

fr. कृत् to cut.] A pair of scissors used to cut sheets of metals.

કતર-વેધિ-યું, *adj.* [S. कृत् to cut + વેધ piercing *fr.* व्यध् to pierce.] Partial to one's own favourites.

કતર-ઝોડ, *adj.* [See કાતર-વું to cut + ઝૂડ-વું to thrash.] Odd; senseless (of person); a brute. 2. *s. m.* A man void of reason.

કતરા-તું, } **કતરા-યું,** } *adj.* [See કતરા-વું to be cut.] Cross; side-long; slanting.

મુખ, નાસિકા મોહનનાં ચૂવે,
કર કપાળે દઈ, કતરાયું જૂવે.—પ્રેમાનંદ.

કતરા-વું, *v.i.* [Passive form of Guj. કાતર-વું to cut *fr.* S. कृत् to cut.] To be cut. 2. To deviate from a straight line(of a road, &c.).

કતરાંશ, *s. f.* [There is a confusion in the formation of this word. It may be an abstract noun *fr.* કતરાઉં diverging, or *fr.* S. क badly+ત્રાંસું diverging from a straight line.] Divergence or deviation from a straight line.

કતલ, *s. f.* [Ar. कत्ल्.] A slaughter; a massacre.

Id. કતલ કરવું To kill; to murder; to assassinate. કતલની રાત The night previous to the Tābut procession; literally, the night of slaughter the night on which Hasan and Husain. sons of Alī, were killed; the anniversary which is regarded as a great holiday by Mahammadans.

કતલે-આમ' *s. n.* [+Ar. आम् general.] A general massacre; a general slaughter without distinction or quarter.

કતાર, *s. f.* [Ar. क़िताल्.] An indiscriminate slaughter. 2. [Ar. क़िताल] A line; a row; a string.

કુ-તાલ, } **કુ-તાળ,** } *s. m.* [S. कु bad, wrong, + ताल clapping of the hands to measure time in music, harmony.] Discord; a quarrel. 2. Lamentations.

પ્રાણ ગયા પિછ, પલ ન રખાયે, ફોગટ કરે કતાળ.
—મનોહરસ્વામી.

કતોદય, *s. m.* [S. कृतोदय *fr.* કૃત done + ઉદય rising = the result of actions done.] Chance.

કતોદિ-યો, *s.m.* [See. કતોદય.] A plunderer. (Used in Jhālāwāḍ.)

કત્તા, *s. f.* [Hem. Des. कत्ता = S. वराटकपर्दिका a small shell or cowrie used in gambling. Or, See કત્તો Ar. a piece.] A round piece of an earthen vessel used in a game for children (કુકો).

કત્તો, *s. m.* [Ar. कित्अः a piece.] A thick pen for writing large-hand text.

કથ-ક, *s*, [S. कथ् to tell.] A narration; a description. 2. A saying; a proverb.

કથ-ન, *s. n.* [S. See કથા.] Narrating. 2. A narration; a story.

કથ-ની, *s. f.* A story. 2. The manner of telling a story. 3. Idle gossip. 4. Slander.

શામ સેવીએ રે, ગોવિંદ ગાઈએ રે;
કોરી કથનીથી શું થાય ? —દયારામ.

કથ-નીય, *adj.* Fit to be told.

કથરોટ, *s.f.* A large flat circular vessel; a trencher (generally made of wood).

કથ-વું, *v. t.* [S. कथ to tell.] To narrate; to relate. 2. To tell in verses.

ગણપતિ ગુણ વર્ણિને કર્યું છું,
વર્ણન હું અતિશે પવિત્રકારી. —પ્રેમાનંદ.

ક-થળ-વું, } **ક-થલ-વું,** } *v. i.* [S. कु bad + स्थल a place See કુ-થલી.] To be spoiled; to be damaged. 2. To be put out of order; to be deranged.

કથા, *s. f.* [S. *fr.* कथ् to tell.] A story; a tale; a romance; a religious legend.

Id. કથાભટ A minstrel.

Prov. કથા સાંભળી, ફૂટ્યા કાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન Black stones will never turn white, *i. e.* You will end him, but you will not mend him; To throw pearls before swine.

કથા-ન-ક, *s. n.* [S. *fr.* कथ् to tell.] A part of a story; an incident.

ક-થાન-ક, *s. n.* [S. कु bad + स्थान place *fr.* स्था to stand.] A bad place.

કથા-નાયક, *s. m.* [S. *fr.* + નાયક the hero.] The hero of a story or of a poem.

કથાનુસંધાન, *s.n.* [S. कथा a story+अनुसंधान

connexion between the preceding and the following incidents *fr.* अनु after, सम् to gether + धा to put.]Connexion or consistency of the incidents in a story.

કથાન્તર, *s. n.* [S. *fr.* + अन्तर another.] A digression from the principal story; a subordinate story.

કથા-પ્રસંગ, *s. m.*[S. *fr.*+ પ્રસંગ occasion.] The occasion of a conversation.

કથામૃત, *s. n.* [S. *fr.* + अमृत nectar *fr.* अ not + मृ to die.] The sweetness of a story. 2. A sweet story.

કથા-શરીર, *s. n.* [S. *fr.* + શરીર the body.] The principal part of a story; The body of a story.

કથિ·ત, *adj.* Related; told.

કથીર, *s. n.* [*Cf.* M. कथील.] Pewter. 2. An inferior thing; a mean, despicable thing.

સોનું જાણી રાજા સંગ કર્યો, ને વળી કર્મે નીકળ્યું કથીર.
—સહદેવંત સાવળિંગા.

કથીરી, *s. f.* } A kind of insect found
કથીરો, *s. m.* } in the ears of dogs, &c.

કઃથોલ, *s. f.* [See કઃથલ·વું.] The failure of a scheme.

કથોલું, *adj.* Hard; difficult; insurmountable.

કથ્ય, *adj.* [S. *fr.* कथ् to tell.] Fit to be told or narrated.

કદ, *s. n.* [Ar. कद.] Size; bulk; form; state. 2. Weight; importance. 3. Position; rank; office.

વદે છે મદે સિંહરો જે દદે છે,
કદે ભીષણો ભીમ નામે ઉદી. —પ્રેમાનંદ.

4. A kind of silk garment.

Id. કદ ખસી જવું-ઓછું થવું To lose position or rank.

કઃદખળા·ઈ, *s. f.* [Confusion of S. कु, कद्, dim. + દખલ hindrance & ખળ a rogue.] Roguery. (Used in Kāṭhiāwāḍ.)

કઃદખળિ·યું, *adj.* Roguish.

કઃદખોળ, *s. f.* [See કઃદખળા·ઈ & कद dim. + ખોળ·વું to seek.] Faultfinding; slander.

કઃદડો, Same as કંદોરો. (Used in the Bhil districts.)

કદ·ન, *s. n.* [S. *fr.* कद् to kill.] Murder; slaughter; destruction.

મદન ! કદન તારૂં શંભુથી જે થયું છે,
વદનનવ વદે કો, કષ્ટ જાણે ગયું છે.
—પ્રેમાનંદ.

કદમ, *s. n.* [Ar. क़दम्.] A pace; a step. 2. The foot. 3. A measure of 2½ feet.

કદમ·નિવાજ, *s. f.* [+ નિવાજ praying.] Most gracious.

કદમ-બોસી, *s. f.* [+ બોસી kissing *fr.* P. बोसीदन् to kiss.] The ceremony of kissing the feet, or performing obeisance to the king, or to one's father and other respectable persons.

કદમી, *adj.* [Ar. क़दीम्.] Ancient.

કદંબ, *s. n. m.* [S.] A kind of tree having sweet-scented flowers.

કદર, *s. f* [Ar. क़द्र.] Pity; sympathy. 2. The quality of appreciating merit.

Id. કદર કરવી-જાણવી-બુઝવી To appreciate merits.

કદરજ, *adj.* [S. कदर्य a miser.] Stingy; parsimonious.

સહેજે દુર્લભ જ્ઞાન કદરજને મળ્યું,
ગોપી સહજ પ્રેમ મન હરિમાં ગળ્યું.
—દયારામ.

કદર·દાન, *s. m.* [See કદર appreciation + P. दान् knowing *fr.* दानिस्तन् to know.] One who appreciates merit.

કદર·વું, } *v. i.* (For euphemy) To be
કદરા·વું, } extinguished (of a lamp.)

Id. દેવતા કદરાઇ ગયો The fire is extinguished.

કદરી, *adj.* [See કદરજ stingy.] Stingy; miserly.

કદ·રૂપું, *adj.* [S. कद्, कु, bad + रूप form.] Deformed; ugly.

કઃદવા, *s. f.* [See કુ + દવા a blessing.] A curse.

કદશના, *s f.* [See कद्, कु, bad + अशना enjoyment *fr.* अश् to enjoy.] A bad wish. 2. Eagerness; anxiety.

કઃદહાડે, } *adv.* [+ દહાડો a day.] On
કઃદહાડો, }

a bad or unluckly day. 2. Ill-timed.

કદળી, *s. f.* [S. कदली.] The plantain or banana tree.

Id. કદળી ફળ A plantain. કદળી વન A grove of plantain trees. કદળી સ્તંભ The stock of a plantain-tree.

કદા, *adv.* [S *fr.* किम् what ?] When? at what time ?

વળી સહેજ વાતમાં આપ દે, કશં ક વાત કહે કદા.
—સામળભટ.

કદાગરો, *s.m.* Internal disunion; quarrel; enmity (colloq.)

કદા॰ચ, કદા॰ચિત, કદાપિ, *conj.* [See કદા when ? + चित्, अपि, indef. suffixes.] If; perhaps; peradventure; lest; in case. 2. *adv.* Perhaps; possibly.

કદાવર, *adj.* [See કદ size + P. आवर् bringing *fr.* आवर्दन् to bring.] Tall in 2. Consequential; important.

કદાસ, A form of કદાચ.

ક-દાસ॰ણ, *s. f.* [S. कु bad + Guj. દાસ॰ણ *fem.* of દાસ *fr.* S. दास a slave.] A scolding woman; a vixen.

કદી, કદી॰ક *adv.* [A short form of Guj. કોઇ દીવસ on some day + એક indef.] Ever; at any time.

કદી-મદી, *adv.* [+ મદી redup.] On an occasion; occasionally.

Prov. કદીમદી મીયાં ચાલ્યા નદી (તો નદી ગઈ આધી) A rare occurrence meets with a rare difficulty.

ક॰દષ્ટિ, *s. f.* [S. कु bad + दृष्टि sight *fr.* दृश् to see.] An evil glance; an evil sight. 2. An amorous look. 3. Loss of favour.

કદ્દુ, *s. m.* [P. कद्दु a gourd=કોહળુ.] The private parts of a man; the panis.

ક॰ધાન, *s. n.* [S. कु bad + धान्य corn.] A inferior kind of corn. 2. Spoiled corn.

Prov. કધાન કેળવીને ખવાય Make the best of a bad bargain.

ક॰ધો॰ડું, *s. m.* **ક॰ધો॰ણું,** *s. n.* **ક॰ધો॰ણી,** *s. f.* [S. कु bad + ધો॰વું to wash.] State of dirtiness (of clothes) caused by not having been washed for a long time.

કનક, *s. f.* [S.] Gold; wealth. 2. Thorn-apple; dhaturā.

કનકવી, *s. f.* [Dim. of કનકવો.] A small paper kite.

કનકવો, કનકુ॰ડો, Same as કંકુ॰ડો.

ક॰નજર, [S. कु bad, evil + Ar. नज़र् sight.] Same as ક॰દષ્ટિ.

કનડ-ગત, *s. f.* [See કનડ॰વું to harass + S. गति state *fr.* गम् to go.] Harassing; the act of putting to inconvenience.

કંધ Same as સ્કંધ.

કનડ॰વું, *v. t.* [S. कु bad + નડ॰વું to harass.] To harass; to give pain to (through ill-will); to put to inconvenience.

કનડા॰ટ, *s. m.* [+ વૃત્તિ being.] Harassing. 2. Disturbance.

કન-ફુલ, *s. n.* [S. कर्ण, કાન, the ear + ફુલ a flower *fr.* S. फुल्ल blown, open.] An ear-ornament worn by women.

કનવાર, *s. f.* [Mar. कवार *fr.* कींव, S. कृपा, pity.] Anxiety; concern.

કન-સાર, *s. m.* [S. कण grain + सार essence.] A kind of sweet food prepared of wheat flour and molasses cooked in water. Same as કંસાર.

કનસારી, *s. f.* [See કંસારી.] A kind of moth which eats away woollen clothes.

કનસારી, *s. f.* [See કનસારો *fr.* S. कांस्य pewter + कार a doer, a worker, *fr.* कृ, કર॰વું, to do.] The wife of a copper-smith (કનસારો)

કન-સારો, *s. m.* A coppersmith.

કનાત, *s. f.* [A; क़नात्.] A flap of the sides of tent.

કનસ્તર, *s.n.* [Eng. *Conister.*] A small basket made of split canes and reeds. 2. A case made of tin. 3. A bundle of 4000cups of leaves (પડિયા).

ક-ની, *interj.* [See કે what ? + નાહ not. *Cf.* Hem. Des किणो = S. प्रश्ने used in questioning.] Or not ? whether or not ?

કનિષ્ઠ, *adj* [S.] Youngest. 2. Inferior

(in merit, &c.) 3. The least; lowest; worst. 4. Smallest.

Prov. કનિષ્ઠ ચાકરી Lean liberty is better than fat slavery.

કનિષ્ઠ-પક્ષ, *s. m.* [S. + पक्ष side.] The lowest stage or degree. 2. The weaker side.

કનિષ્ઠિ-કા, *s. f.* [S.] The little finger.

કની, Same as **કન્યા.**

કનીનિકા, *s. f.* [S.]The pupil of the eye.

કને, *prep. adv.* [See કેડે beside.] With; near; by the side of.

કનેરી, *s. f.* [Mar. कण्हेरी *fr.* S. कण grain + આ-હાર eating, food.] Gruel made of pounded rice.

કનેરી, *s. f.* [See કિનારી border, કિનારો shore.] A cornice.

કનૈ-યો, *s.m.*[See कृष्ण a Hindu god widely known for his wanton frolicks.]A gallant; a fop; a gay man; a beau.

કનોચાં, *s. m. pl.* [S. कर्ण, કાન, the ear + નીચું below.] The part below the ears.

કંત, *s. m.* [See કાન્ત.] A lover. 2. A husband.

ક-તરેહ, *s. m.* [S. कु bad + Ar. तरह a mode.] Disagreement.

કંતા-ઈ, *s. f.* [See કાંત-વું to spin.] Spinning. 2. The wages paid or obtained for spinning.

કંતાણ, કંતાન, કંતરાણ, *s. n.* [P. कत्तान flax.] Flaxen cloth.

કંતર, Same as **કાન્તાર.**

કંથ, Same as **કન્ત, કાન્ત,** A lover, a husband.

Prov. કંથ જોઈ મહાલીએ, ને શેરી જોઈ ચાલીએ Cut your coat according to your cloth.

કંથ-ડો, *s. m.* [+ Guj. ડો, રો, લો, a dim. suffix.] A husband (a term expressing fondness).

Prov. કંથડો એક, ને દેશાવર ઘણા The same man has to attend to many things–said out of pity for an overworked person.

કંથ-વો, *s. m.* [See કંથ a quilt + વાહ-ક one who wears *fr.* S. वह् to carry.] He who puts on rags; a poor man.

દીન દુર્બળ હું કંથવો, કૃપા કરી પ્રભુ સન્મુખ જુવો.
—**હરિદાસ.**

કંથ-વો, *s. m.* [See કાંત-વું to spin.] A threadlike little insect, seen in the rainy season.

કંથા, *s. f.* [S.] A quilt of rags and shreds. 2. A patched garment.

કંથા ન કરીશ કાસદું, તેથી ભુંડો ભાર;
સૌથી ભુંડું જાચવું, સુમ કે'વો દાતાર. —**ભાષા.**

કંથાર, કંથારી, કંથેર, *s. n.* [See કાંટો a thorn + થુરિયો prickly pear.]A kind of thorny plant.

કંથાળ, *s. f.* [S. कण्ठ the neck + आवली a line, or वलय a circle. *Cf.* કંઠાળ.] A double sack with which asses, mules, &c., are laden.

કંદ, *s. n.* [S.] A tuberous root. 2. (As the last member of a compound) The source, &c, *e. g.* સુખ-કંદ, વિલાસ-કંદ. આનંદ-કંદ.

Id. કંદમૂળ Roots of several kinds.

કંદરા, *s. f.* [S.] A cave.

ત્યાંથી ચમકયા સર્વે ભય પામી રે,
પેઠા કંદરામાં અંતરજામી રે. —**દયારામ.**

કં-દર્પ, *s. m.* [S. *fr.* किम्, कम्, any one + દર્પ pride, making proud or mad, *fr.* दृप् to be proud.] Cupid; the Hindu god of Love.

કંદુક, *s. m.* [S.] A ball for games.

કંદોઇ, *s. m.* [S. कान्दविक a baker, a confectioner, *fr.* कान्दव anything baked or roasted in an iron pan or oven. *Cf.* P. कन्द् sugar = Guj. ખાંડ.] A confectioner.

કંદોરા-બંધ, *a v.* [See કં-દોરો waist-band + બાંધ-વું to bind.] Limited by the waistband; confined to those that wear a waistband; confined to males only.

Id કંદોરાબંધ નોતરાં Invitations to males alone, *i. e.* excluding women and girls.

કંદોરો, *s. m.* [P. कमर a waist + દોરો a string.] A waist-band (of silk, gold, silver, &c.).

કં-દ્રપ, Same as **કં-દર્પ,**

કંધ, Same as **સ્કંધ, ખાંધ.**

કં-ધરા, *s. m.* [S. *fr.* क the head+धृ, ધરવું, to hold.] The neck.

કંધોડું, *s. n.* [See કાંધો an instalment.] The practice of hiring cattle for ploughing fields on certain conditions.

કન્ના, *s. f.* [S. कर्ण a diagonal of a four-side figure.] A string tied to the diagonal stick in a paper-kite.

કન્ની, *s. f.* [S. कनिष्ठ lowest.] A piece of cloth attached to the lower end of a paper-kite in order to counterbalance the weight at the other end.

કન્યકા, *s. f.*[See કન્યા a girl.] A maiden; a girl.

કન્યા. Same as **કન્ના**.

કન્યા, *s. f.* [S.] A virgin; a bride. 2. A girl. 3. The sign Virgo.

કન્યા-કાળ, *s.m.* The period of time during which a girl may remain unmarried.

કન્યા-કુમારી, *s. f.* Cape-comorin.

કન્યા-ચૂડી, *s f.* Bracelets presented to the girl at the time of કન્યાદાન (giving her away in marriage).

કન્યા-ગ્રહણ, *s. n.* Taking a girl in marriage.

કન્યા-દોષ, *s. m.* A blemish in a virgin.

કન્યા-દાન, *s.n.* Giving away a daughter in marriage. 2. The dowry given to the son-in-law.

કન્યા-ધન, *s. n.* Purchase-money for a maiden (intended to be the price of the bride).

કન્યા-પુત્ર, *s. m.* The sun of an unmarried girl.

કન્યા-રાશ, *adj.* Impotent; effeminate; womanish.

કન્યા-રાશિ, *s. f.* The sign Virgo. 2.*adj.* Feminine; womanish.

કન્યા-વિક્રય, *s. m.* Selling a girl;selling daughters in marriage; acceptance of money by the girl's father from the bridegroom.

કન્યા-શાળા, *s. f.* A girl's school.

કન્યા-હરણ, *s. n.* Carrying off a girl; elopement.

કન્યાણું, *s. n.*[S. कु bad+નાણું a stream.] A well not made strong with masonry work.

નદી, નાળાં, કન્યાળાં, ટીંકવામાંથી પાણી લે.

—**અંધેરીનગરી.**

કનૈયા, *adj.* [S. कृष्ण, Guj. કાન્હો, the god Krisna. *Cf.* કનૈયો.]Playful;blithe;gallant.

કપ, *s. m.* [S. कार्पास.] Cotton.

કપ, *s. m.* [Eng. *Cup.*] A cup.

કપ, *s. m.* [See કાંપ mud.] Mud. (Used in the Surat District).

કપચી, *s. f.* [See કાપવું to cut + P. चेह dim.] Metal for roads; pieces of stone knocked off. 2. A thin piece;a thin crust.

કપટ, *s. n.* [S.] Fraud; deceit; guile. 2. Malice; grudge.

Id. કપટ કરવું-ખેલવું-રમવું To deceive.

Prov. કપટ, તેનું ચપટ A cheating trade seldom thrives.

કપટ-કોટ, *s. m.* [+ કોટ a rampart.] A sham rampart or wall.

વેશ્યા કેરાં વેણનો નેહ કરે વિશ્વાસ,
કપટકોટ માની ખરો, જાએ તેની પાસ.

—**રત્નેશ્વર.**

કપટખોર, **કપટબાજ**, *adj.* [+ ખોર P.enjoying and બાજ P. playing.] Deceitful.

કપટ-બાજી, *s.f.* A deceitful arrangement or scheme.

કપટ-ભાવ, *s. m.* [+ ભાવ feeling.] A disposition towards fraud or deceit.

કપટ-વેષ, *s. m.* [+ વેષ dress.]A deceitful dress; a disguise.

કપટી, *adj.* Fraudulent; deceitful; malicious.

Prov. કપટી મિત્ર કરતાં, દાનો દુશ્મન સારો False friends are worse than open enemies.

કપઠાર, **કપઠાળ**, *s. f.* A long and thick piece of wood cut off for burning.

કપડ-છાણ, *s. n.* [See કપડું cloth + છાણવું to sift.] Filtration. 2. *adj.* Filtered.

કપટ-મટ્ટી, *s. f.* [+ મટ્ટી earth *fr.* S. मृत्तिका earth.] The act of making air-tight with a piece of cloth and clay.

કપડું, *s. n.* [S. कर्पट cloth *fr.* कार्पास cotton.]Cloth. 2.A web.3. Dress;garments.

કપતરું, *s. n.* [S. कु bad + પતરું a sheet

metal *fr.* S. पत्र a sheet of paper.] The rind; the bark of a tree. *Cf.* ક-પોતડું.

કપતાન, *s. m.* [Eng. *Captain.*] The captain of a ship. 2. A military officer.

કપરૂં, *adj.* [Dh. Des. खपरो, खप्पुरो = S. रूक्ष dry.] Difficult; hard. 2. Merciless; unfeeling.

કપરોડ, *s. f.* A ditch across another ditch.

કપર્દિકા, *s. f.* [S. *fr.* कपर्दक.] A cowri; a shell. 2. A coin of a very low value.

કપાટ, *s. n.* [S.] A door; the shutters.

કપા-ણ, *s. m.* [See કાપ-વું to cut.] Sun-stroke.

ક-પાતર, *adj.* [Corruption of કુ-પાત્ર.] Unworthy; low; mean.

કપાલ, *s. m.* [S.] The skull; the cranium. 2. The forehead.

કપાલી, *s. m.* The God S'iva. 2. [S. कापालिक one who carries a human skull in one's hand, as a mark of being a S'ivite.] A devotee of S'iva.

જોઈ વિષ્ણુ તણી અર્ચાય, કપાલી જંગમને દુઃખ થાય.
—ગિરિધર.

Id. કપાળમાં ચાંલો કરવો, કપાળમાં ચોટવું, કપાળમાં ડામ દેવો To give nothing. કપાળે કાજળ, કપાળે મેશનો A mark of disgrace. કપાળે ચોંટવું To be inseparably connected with. કપાળે લખેલું To be destined. કપાળે હાથ દેવો To point the finger to one's forehead; to find fault with or blame one's own fate. 2. To be hopeless.

કપા-વું, *v. i.* [Pass. of કાપ-વું to cut.] To be cut.

કપાસ, *s. m.* [S. कार्पास.] The cotton-plant. 2. Cotton.

કપાસિ-યા, *s. m. pl.* Cotton-seeds. 2. Small bits or little globules of flesh in the skull of a man (vulgar).

ક-પાસી, *s. f.* [S. कु bad+पार्श्व, પાસુ, side.] Sore feet caused by ends of thorns being left in them.

કપાસી, *s. f.* [See કપાસ cotton.] A disease in sugar-cane by which the stalk grows soft. 2. A surname given to a cotton-merchant.

કપાળ, *s. n.* [See કપાલ forehead.] The forehead. 2. Fate; chance. 3. Nothing at all.

Id. કપાળ કુટવું To beat the head with the hands through great disappointment. 2. To work hard till the head aches. 3. To grieve at a loss; to bewail a loss. કપાળ ફુટવું To be struck on the head. 2. To have incurred a great loss; to fall into great misfortune. 3. To fail in fulfilling great hopes. મોટું કપાળ A large forehead. 2. A great destiny; a good fortune. કપાળે લખાવી લાવવું To be born to; to be destined to; to be bound to.

Prov. કપાળ કુટે કંઈ નસીબ ઉઘડે ? Grief is not the way to improve one's fortune. કપાળે કપાળે જૂદી મતિ Many men, many minds. કપાળ પ્રમાણે ટીલું Every one according to his means or merits.

કપાળ-કુટ, *s. f.* [S. + Guj. કુટ-વું to beat.] Wearisome labour.

કપિ, *s. m.* [S.] A monkey; an ape.

કપિ-ંજલ, *s. n.* [S.] The chātaka bird. 2. The partridge.

કપિ-તાન, *adj.* [S. कपि a monkey + ताण्डव a dance.] Mischievous; troublesome.

કપિ-મુખ, *s. n.* [S. + मुख the face.] A monkey-like face.

કપિલ, *adj.* [S.] Tawny.

કપિલા, *s. f.* [S.] A fabulous cow spoken of in the Purānas as being all of one colour. 2. A brown or black cow.

કપિલા-ષષ્ઠી, *s. f.* [S. + षष्ठी sixth *fr.* षष् six.] A day on which six astronomical particulars synchronize, and on which it is considered very meritorious to make a gift of a કપિલા cow

કપિલો, *s. m.* [S. કપિલ tawny.] A tawny coloured medicine used for the itch.

ક-પૂત, *s. m.* [S. कु bad + पुत्र a son.] A disobedient son. 2. The son who brings dishonour upon his family.

કપૂર, *s. n.* [Dh. Des. कप्पूरो *fr.* S. कर्पूर, *Cf.* Ar. काफूर.] Camphor.

Id. કપૂરનું વહિતરૂં Labour of love. કપૂરે કોગળા કરવા To roll in luxury; to experience pleasures; to be happy.

કપૂર-કાચલી, *s. f.* [+ Guj. કાચલી.] A certain fragrant root.

કપૂર-ચીની, *s. f.* [+ ચીન China.] A kind of medicinal drug.

કપૂરિ-યાં, *s. n.pl.* Slices of raw mangoes.

કપૂરિ-યો, *s. m.* The penis.

કપૂરી, *adj.* Fragrant (of betel leaves).

કપેચાં, *s. n. pl.* [See કપચી a thin slice.] A particular kind of spice.

ક-પેચું, *adj.* [See કુ bad + પેચ a twist.] Having difficult turns or windings. 2. Difficult.

કામ કપેચું કંઈક આવે, ધીરાં થાવું જાણી જી.
—દયારામ.

કપોટી, *s.f.* An upper film.

કપોત, *s.m.* [S.] A kind of pigeon.

ક-પોતરૂં, Same as **ક-પતરૂં.**

કપોતી, *s. f.* The female of a pigeon. See **કપોત.**

કપોળ, *s. m.* [S. कपोल.] The cheek.

અધર દંત, પીસે ઘણું રીસે, ક્રોધ રક્ત કપોળ.
—ગિરિધર.

2. The temples. 3. A certain section of Bainās.

કપોળ-કલ્પિત, *adj.* [S. कपाल head, & कपोल cheek, are confounded in this compound in Guj. + कल्पि-त invented *fr.* क्लृप् to arrange.] Fabricated; invented; fictitious.

કપ્પડ, *s. n.* [S. कर्पट cloth.] Cloth; generally, cotton cloth.

કપ્પી, *s. f.* } **કપ્પો,** *s. m.* } A pully; a pully-block. 2. A bag made of mat.

કફ, *s. m.* [S.] Phlegm. 2. The mucus hawked up. 3. Watery froth.

કફ, *s. m.* [Eng. *Cough.*] A cough.

કફ-જ્વર, *s. m.* [S. + ज्वर fever.] Fever due to an excess of phlegm in the body.

કફન, *s. n.* [Ar. कफन.] A shroud; a winding sheet.

Prov. કફનફાડુ ગયો, ને એખમારુ આવ્યો Change of King Log to King Stork.

કફની, *s. f.* [Ar. कफनी, *Cf.* S. कौपीन a loin cloth.] A sort of cloak worn by Fakirs.

કફરૂં, Same as **કપરૂં.**

કફા, Same as **ખફા.**

કફાત, *s.f.n.* [Ar. कफारत.] Damage; injury.

કફોરૂં, Same as **કફરૂં, કપરૂં.**

કફાયત, Same as **કિફાયત.**

ક-ફોડું, *adj.* [S. कु bad + Guj. ફોડ-વું, S. स्फुट्, to break.] Troublesome. 2. Unsuited; disagreeing; badly matched (said of husband and wife), *Cf.* **ક-જોડું.**

કબજ, *adj.* [Ar. कब्ज़ hold, possession.] In the possession of. 2. Having constipation of the bowels.

Id. કબજ કરવું To seize; to take possession of. 2. To arrest. તેને ઝાડો કબજ છે He has constipation of the bowels.

Prov. કબજ રાજા, ને મુલક ટેં ટેં When the king is in the possession of his enemies, his subjects can but weep and cry.

કબજિ-યત, *s. f.* Constipation of the bowels; costiveness.

કબજે-દાર, *adj.* [See કબજો + દાર P. holding.] Holding possession; possessing. 2. 2. *s. m. f.* A possessor.

કબજો, *s. m.* [P.] Possession; custody. 2. A waist-coat with or without the sleeves.

Id. કબજો કરવો-લેવો-મેળવવો-કબજે લેવું To take possession of; to seize. કબજો આપવો-છોડવો To give up possession. કબજો રાખવો, કબજે રાખવું To keep possession of. 2. To keep an eye on; to keep under one's control. કબજો પેહરવો To put a waist-coat on.

ક-બડ, *adj.* [See કુ + બુદ્ધિ; *Cf.* ક-બુદ્ધિ-યું.] Foolish; idiotic.

ક-બડા-વું, *v. i.* [S. कु bad + Hind. बडा = S. वृद्ध big. grown, *fr.* S. वृध् to grow.] To be emaciated; to grow lean. 2. To lose health; to be ill.

કબંધ, *s. n.* [S.] The trunk; the body without the head.

તે દેખી ભૂપતિ ભય પામ્યો, પડયાં દીઠાં કબંધ.
—પ્રેમાનંદ.

કબર, *s. f.* [Ar. क़ब्र.] A tomb; a grave.

કબર-સ્તાન, *s. n.* [+ સ્થાન a place.] A burial place; a cemetery.

કબરી, *s. f.* [S.] A braid of hair.

ક-બાજી, *s. f.* [S. कु dim,+ બાજી a game.] A bad act; a losing concern. 2. A foolish busi-

ness. 3. Disarrangement; disorganization; disorder.

Id. કબાજી કરવી To do a foolish act. કબાજી સૂઝવી To enter into the head (of a foolish or wicked plan). બાજીની કબાજી થઇ ગઈ= બાજી કબાજી થઇ ગઈ A well-organized business has become disorganized or ruined.

કબાટ, *s. n.* [Eng. *Cupboard. Cf.* S. कपाट a door.] A cupboard; a book-case.

કબાડ, *s. n.* [S. कपाट the shutters of a door. See કમાડ.] Timber.

કબાડી, *s. m.* A timber-merchant. 2. A wood-cutter (used in Sorath)

ક·બાડી, *s. m. f.* [See ક·બડ.] A fool; an idiotic person. 2. *adj.* Quarrelsome.

ક·બાડું, *s. n.*[S. कु dim.+બાડું squinting.] An unfavourable act; an act contrary to what was foreseen or expected.

કબાબ, *s. f.* [P.] Roasted meat.

કબાબ-ચીની, *s. f.* [P.] Cubeb; the ferry of a kind of papper.

કબાલો, *s. m.* [Ar. कबालह, *Cf.* Hem. Des. कव्वालं=S.कर्म स्थानम् ,कर्मालयम ,a place of work or bussiness, *fr.* કર્મ work + આલય a house.] A title-deed; a deed of sale or purchase

કબિલો, *s. m.* [Ar. कबीलह.] A family; a household. 2. The wife. 3. A household.

કબિલ·દાર, *adj.* [+ દાર P. having.] Having a large family.

ક-બી, *adv.* [S. कदापि *fr.* किम what ?+ अपि even.] Sometimes; at times.

કબીર, *s. m.* [Ar. कबीर् great.] A bard; a poet. 2. *prop. s. m.* The founder of a religious sect in the Panjāb, who lived in the sixteenth century of the Christian era.

કબીર-પંથી, *adj.* [+ S. पथिन् the way.] A follower of the sect of કબીર.

કબીરો, *s. m.* An earthen cup or porringer, with which the followers of કબીર beg and in which they eat their food.

ક·બુદ્ધિ, *s. f.* [See કુ dim, + બુદ્ધિ mind. A wicked turn of the mind. 2. Folly.

Id. કબુદ્ધિથવી-સૂઝવી To have a wicked or foolish turn of the mind.

કબુદ્ધિ કબૂ ન વિસરે, સો સાધુકે સંગ.—**ભાષા.**

ક·બુદ્ધિ·યું, *adj.* Wicked. 2. Foolish; senseless.

કબૂ, Same as **કબી**

કબૂતર, *s. n.* [P. कबूतर्. *Cf.* S. कपोत.] A pigeon; a dove.

કબૂતર-ખાનું, *s. n.* [+ ખાનું a place.] A pigeon-house. 2 A dirty place.

કબૂલ, *adj.* [Ar. कबूल.] Accepted; agreed; consented.

કબૂલ·ત, *s. f.* A written or oral agreement. 2. Promise. 3. A confession; an admission.

Id. કબૂલત કરવી-આપવી To make a promise; to consent to the terms of an agreement. કબૂલત લેવી To receive or get a consent. કબૂલત માગવી To ask for a sanction. કબૂલતનામું, કબૂલતપત્ર, A written agreement between two parties.

કબૂલ-મંજુર, *adj.*] + મંજૂર approved.] Sanctioned; accepted; consented to.

કબૂલ·વું *v. t.* To agree; to consent to; to promise.

કબૂલા·ત, Same as **કબૂલત.**

કબેલું, *s. n.* [See કવેલું. *Cf.* M. कौल.] A large tile. 2. A piece of a broken earthen pot.

ક·બોલ, *s. m.* [See કુ dim. +બોલ speech.] A bad word; bad or abusive language.

ગરજ બોડાવે હાથ, ગરજ કબોલ જ સાંખે.

—**સામળભટ.**

કભા, *s. m.* [Ar. कबा a coat] A robe of brocade put on by the bridegroom.

કભા·ય, *s. m.* A long loose garment; a gown; a robe.

સરપાવ આપ્યો ભાટને, ધન, અશ્વ, કનક, કભાય.

—**વીરજી.**

કભાય કોને પામરી,પટકા, નામ ન જાયે ગણિયાં જી.

—**પ્રેમાનંદ.**

કેસરી વાઘો પેહરણે, શોભતી જોડ કભાય.—**ભાષા.**

2. The sleeves.

ક·ભાવ, *s. m.* [See કુ dim. +ભાવ feeling.] A hostile feeling. 2. Contempt; disgust.

ભાવે કભાવે મારા વારામાં જેને ન ડરનાર.

—**પ્રેમાનંદ.**

ક-બોઠું, *adj.* [See કુ + બૂઠું blunt, point-

less.] Rusty. 2. Lying in an out-of-the-way place; lying uncared for; lying in a dirty place.

કમ, *adj.* [P.] Wanting; deficient; less; short of. 2. A prefix showing " littleness" or " dificiency."

કમ-અક્કલ, *s. f.* [P.+ અક્કલ intelligence.] Feeble understanding. 2. *adj.* Stupid.

કમ-કદર, *s. f.* [P. + A. क़द्र appreciation.] Little appreciation.

કમ-કમ-વું, *v. i.* [See કમ-કમા-ટ.] To tremble; to quiver. 2. To be shocked at.

કમ-કમાટ, *s. m.*
કમ-કમા-ટી, *s. f.* } [Hem. Des. खम्मक्खमो= S. मनो-दुःखम् mental suffering; or See કમ-કમ-વું, Imit. to shake + વૃત્તિ state.] A shudder; a shrinking. 2. Disgust; horror.

કમ-કમી, *s. f.* Trembling; quivering; tremor.

Id. કમકમી ખાવી To tremble; to shiver. 2. To shrink.

કમ-કૌવત, *adj.* [P. कम् less + कौवत strength.] Weak; feeble.

કમ-ખરચ, *s. m.* [P. + ખરચ expense.] Little ependiture; economy; frugality; retrenchment in expenditure.

કમખી, *s. f.* [Dim. of કમખો.] A small bodice.

કમખો, *s. m.* [See કંચુક *fr.* S. कमखंब. A bodice.

કમચી, *s. f.* [Turk. कमची a twig.] A switch; a whip. 2. A twig.

કમ-જબાન, *s. f.* [P. कम् little + जबान् the tongue. *Cf.* S. जिह्वा.] Mean language; abusive language. 2. Taciturnity; reticence; reserve in speech. 3. *adj.* Using abusive language. 4. Taciturn; reverved in speech.

કુ-મજરે, *adv.* [S. कु bad + p. मुजरा મજરો payment.] Uselessly.

કમ-જાત, *adj.* [P. कम् low + Ar. ज़ात *Cf.* P. जाद् born, *fr.* S. जात born *fr.* जन् to be born.] Of low caste; lowbred; ignoble. 2. Illegitimate (of a child).

કમ-જાદે, *adv.* [P. + જાદે more.] More or less.

કમ-જુસ્ત, *adj.* [P. कम् + जोश् boiling, excitement.]Powerless;having no strength; weak.

કમ-જોર. *adj.* [P. Guj. જોર power.] Weak; feeble; impotent; infirm.

Prov. કમજોર, ને ગુસ્સા બહોત A little pot is soon hot.

કમ-જોરી, *s. f.* Weakness; want of strength.

કમઠ. *s. m.* [S.] A crab; a tortoise. 2. An earthen pot having the form of a crab or tortoise.

કમઠ રૂપ ધર્યું મોરાર, ચૌદ રત્ન કાઢ્યાં સમુદ્ર મોઝાર.
—પ્રેમાનંદ.

કમ-ઠાણુ, *s. n.* [See કર્મ, કામ business + સ્થાન, થાણું, a place *fr.* S. स्था to stand.] Arrangement of one's business; putting into order or managing one's business.

કમ-ઠાયો, *s. m.* [See કમ-ઠાણુ] A learned carpenter or mason, working on scientific principles.

કમઠી, *s. f.* [See કમઠ a tortoise.] A female crab or tortoise.

કમંડળ, *s. m*, [S. कमण्डलु.] An earthen or wooden water-pot used by ascetics.

કમ-તર, *adj.* [P. *fr.* કમ little + P. तर् = S. तर comparative suffix.] Less.

Id. કમતર કરવું To reduce: to assuage.

કમ-તરીન, *adj.* [P.] Very humble; least; lowest.

કમ-તાકાત, *adj.* [See કમ little + તાકાત strength.] Powerless; weak.

કમ-તાકાતી, *s. f.* Powerlessness; weakness.

કમ-તી, *adj*, Less. 2. Not enough.

કમ-તોલ, *adj.* [P. + તોલ-વું to weigh.] Of dificient weight. 2. Of little influence.

કુ-મન, *s. n.*[S. कु Dim. + मनस् , મન, the mind *fr.* मन् to think.] Unwillingness.

કુ-મન-નું, *adj.* [Genitive as કુ-મન.] Not from the heart; insincere; reluctant; unwilling.

કમ-નજર, *s. f.*[P. कम little +નજર sight.] Disfavour; lessened favour. 2. *adj.* Showing less or no favour. 3. That to which

little or no favour is shown.

કમ-નસીબ, *s.n.* [P.+Ar. नसीब fortune.] Misfortune. 2. *adj*. Unfortunate.

કમ-નીય, *adj*. [S. *fr*. कम् to desire, to love.] Desirable. 2. Lovable.3. Charming; pleasing.

કોટી મનોજ તનુ કમનીય. —**ગિરધર.**

કમ-પાક, *s. m.* [P. कम little+S. पाक produce *fr.* पच् to cook.] A small produce; a bad harvest.

કમ-બખત, **કમ-બખ્ત,** *adj*. [P. + बख्त fortune.] Of ill luck;unfortunate. 2. *s.m. f.*A rogue; a scoundrel.

કમ-બખતી, **કમ-બખ્તી,** *s. f.* Unluckiness; misfortune; adversity.

કમર, *s. f.* [P.] The loins; the waist.

Id. કમર ભાગવી to beat on the waist. 2. To sink in spirits. કમર તોડવી to work hard or laboriously. કમર બાંધવી-કસવી to gird up one's loins; to be up; to pick up one's courage.

કમર-કસ,*s.n.*[+P.कश holder,supporting, *fr.* कशीदन to draw.] The gum of the Butea Frondasa; a drug which strengthens the loins.

કમરખ, *s. n.* [S. कर्मरङ्ग a particular fruit.] The gooseberry.

કમરખ, જાંબુ, બોર, તાલ, તમાલ, સાલ ને સમડી. —**પ્રેમાનંદ.**

કમર-પટી, *s. f.* [See કમર the waist + પટી a narrow strip of cloth.]A strip of cloth sewn on as a belt to a coat.

કમર-પટો, *s. m.* [P. कमर the waist + પટો, S. पट, a strip of cloth.] A belt; a girdle.

કમર-બન્ધ, *s. m.* [+ S. बन्ध a tie *fr.* बन्ध् to bind.] A girdle intended for the loins; a girdle. 2. *adj*. Ready; alert; ready to act.

કમલ, Sanskrit form of **કમળ.**

કમલા, *s. f.* [S.] The goddess Lakṣmī. 2. An excellent woman.

કમલિ-ની, *s. f.* [S. See કમળ a lotus.] The lotus plant.

કમ-સુખન, [P. कम less + सुखन speech.] Same as **કમ-જબાન.**

કમ-સુખની, Same as **કમ-જબાન.**

કમળ, *s. n.* [S. कमल.] A lotus. 2. A metallic vessel in the form of a lotus.3. The womb.

Id.કમળ પૂજા Worship with lotus flowers. 2. Worship with the head cut off and placed on the image.

કમળ-ભૂ, *s. m.* [+ S. भू to be.] The god Brahmā, said to be born in a lotus.

કમળભૂ તનયા સતી સરસ્વતીને લાગું પાય. —**ગિરધર.**

કમળ-કાકડી, [+ કાકડી cucumber.] The seeds of the lotus plant.

કમળ-કોશ, [+ કોશ cavity.] All the space in a lotus.

કમળ-લોચના, **કમળ-લોચની,** *s. f.* [+ લોચ-ન the eye *fr.* S. लोच् to see.] A woman whose eyes are as beautiful or attractive as a lotus flower; a beautiful woman.

કમળ-વદના, **કમળ-વદની,** *s. f.* [+ વદ-ન the face *fr.* S. वद्, વદ-વું, to speak.] A woman whose face is as charming as a lotus flower.

કમળા, Same as **કમલા.**

કમળાસન, *s. m.* [See કમળ a lotus flower + આસન a seat.] The god Brahmā whose seat is in a lotus.

તેજપુન્જ સિંહાસન વિષે, કમળાસન ત્યાં બેઠા સુખે. —**ગિરિધર.**

કમળી, *s.f.* [See કમળ a lotus flower.] A kind of blue flower resembling a lotus.

કમળો, *s. m.* [S. कमला.] Jaundice, 2. Envy. 3. An orange.

Prov. કમળાની આંખે, સૌ પીળું દેખે To a jaundiced eye everything appears yellow.

કમા-ઈ, *s. f.* [See કમા-વું to earn.] Earnings; gains; profits.

કમા-ઉ, *adj.*That which gains or earns; earning; gaining; lucrative.

Prov. કમાઉ દિકરો માબાપને વહાલો લાગે Everyone who brings in an income is a dear little fellow.

કમાચણ,*s. f.*A woman of low character.

કમાડ, *s. n.* [S. कपाट.] A door.

Id. કમાડ વાસવું-દેવું To shut a door.

Prov. કમાડ કરતાં ઉચાળો ભારે Don't burn a candle worth a shilling in seeking a farthing.

કમાણી, Same as **કમાઈ.**

કમાન, *s. f.* [P.]A bow. 2. An arch. 3. A rain-bow. 4. The spring of a watch or clock.

Id. કમાન ખેંચવી To draw the bow; to pull the string of a bow. આકાશમાં કમાન ખેંચાઈ છે There is a rainbow in the sky. કમાન ચઢાવવી To string a bow. 2. To be ready for action. કમાન ઢીલી પડવી To lose elasticity(of a bow).2.To be slow in work; to be inattentive to one's duty. કમાન કાઢવી To make an arch. કમાન નખાવવી-ઘલાવવી-બેસડાવવીTo get the spring set in a watch or clock. કમાન તુટવી To be broken (of the spring of a watch or clock).

કમાન·દાર, *adj.* [+ દાર P. having.] Curved; arched.

કમાલ, *adj.*[Ar. कमाल् perfection.]Beautiful. 2. Excellent. 3. Perfect.

ક·માલિ·યો, **ક·માળિ·યો,** } *s. m.* [S. कु dim, + માલ substance.]A man devoted to the service of the goddess બહુચરાજી.2.A castrated man; a eunuch. 3. A headstrong or shameless woman.

કમાવીસ·દાર, *s. m.* [Ar. कुमाश cloth, furniture, + P. दार् a keeper.] The head collector of the revenues of a district.

કમા·વવું,*v.t.* [Causal form of Guj. કમા·વું to earn.]To assist a person in earning his livelihood.

કમા·વું, *v. t.* [S. क्षम् to be able.] To earn; to gain.

કમી, *adj.* [See કમ little.] Deficient; wanting; short of.

કમી-જાસ્તી, *adj.* Same as **કમ-જાદે.**

કમીન, *adj.* [P. See કમી.] Low; mean.

કમીના, *s. f.* [P. कम् less.] Want.

કમીનાશ, *s. f.* [See કમીન, કમી, કમ.] Deficiency.

કુ·મુહુર્તો, *s. n. pl.* [See કુ dim. + મુહૂર્ત an auspicious time.] Days on which,according to astrologers, no auspicious ceremonies should be performed.

ક·મોત, *s. n.* [S. कु dim. + मृत्यु death *fr.* मृ to die.] Unnatural death.

કમોદ, *s. f.* [S. कुमुद a white lotus.] A kind of fragrant rice of high quality.

Id. કમોદ આપવી to cudgel. કમોદ ઝિલવી to be beaten.

કમોદની, Same as **કુમુદિની.**

ક·મોસમ, *s. f.* [S. कु dim. + Ar. मवसिम season.] Improper time or season.

કંપ, *s. m.*[S. *fr.* कम्प् to shake.] Tremor; trembling.

કંપ·ન, *s. n.* Same as **કંપ.**

કંપની, *s. f.* [Eng. *Company.*] A company; a band;an association.2.An association formed for trade;a mercantile company. 3.The body of share-holders in a mercantile company.

Id. કંપની કાઢવી–ઊભી કરવી To form a mercantile company. કંપની રજીષ્ટર કરાવવી To get a trading company registered under the Indian Companies' Act. કંપની ફડચામાં ગઈ-મૂકાઈA trading company in under liquidation. કંપની બંધ થઈ A trading company is wound up.

કંપની સરકાર, *s. f.* [+ સરકાર government.]The government of the East India Company in India.

કંપ-વા, **કંપ-વાયુ,** } *s. m.* [S. *fr.* कम्प to shake+ वायु wind *fr.* वा to blow.] Palsy.

કંપ·વું, *v. i.* [See કંપ.] To shake; to tremble. 2. To shudder.

કંપા·ણ,*s. n.*[S. कम्पमान shaking *fr.* कम्प् to shake.] A steelyard; a balance.

કંપાણી, *adj.* He who uses a કંપાણ. 2. *s. f.* A caste or a class among merchants, whose occupation is weighing with a steelyard.

કંપાય·માન, *adj.* Tremulous; trembling.

કંપારી, *s. f.* **કંપારો,** *s. m.* } Same as **કંપ.** 2. Dis-

gust; contempt.

Id. કંપારી આવવી-છુટવી-વછુટવી To shake. 2. To be disgusted.

કંપાસ, *s. m.* [Eng. *Compass.*] A pair of compasses. 2. A compass with a magnetic needle fixed in it. 3. A mariner's compass.

કંપિત, *adj.* [See કંપાયમાન.] Trembling; shaking.

કંપુ, *s. f.* [Eng. *Camp* or *Company.*] Encampment. 3. A regiment. 2. A company of soldiers.

કંબલ, *s. m.* [S.] A blanket. 2. The dewlap; the food of skin that hangs from the throat of an ox or a cow.

કંબા, *s. f.* [S. कम्बी a branch or joint of a bamboo.] A chip of a bamboo. 2. A measure of 24 inches used by carpenters in measuring timber.

કંબ, *s. f.* [S. कम्बु.] A bracelet. 2. An anklet.

કંબુ, *s. m.* [S.] A conch. 2. The neck.

તારી ગ્રીવાએ કપોત કંબુ રેખા રાજે, રે.

—**દયારામ.**

Id. કંબુગ્રીવા, કંબુ કંઠી A lady with a neck like a conch-shell; a beautiful woman.

કંબોઈ, *s. f.* [S. कम्पू.] A kind of plant, sticks of which are used to brush the teeth with.

કમ્મર, *s. f.* [See કમર.] The waist; the loins.

કયડો, *s. m.* [S. कटक a bracelet; or, કડી a link of a chain.] A finger-ring (generally of gold).

કયામત, Same as **કયામત.**

કયાસ, Same as **કયાસ.**

કયું, *pron. adj.* [S. किम् what ?] Who? which ? what ?

કર, *s. m.* [S. *fr* कृ to do; or to कॄ to scatter.] A toll; a tax; a duty. 2. A settled demand. 3. [S. *fr.* कृ to do.] The hand. 4. The trunk of an elephant. 5. [S. *fr.* कॄ to scatter.] A ray. 6. *s. f.* An unlucky day. 7. [See કરવું.] Doing; action.

Id. કર નાખવો-બેસાડવો-લેવો To put a tax on; to impose a tax. કર ઉઘરાવવો To collect a tax. કર માફ કરવો To remit a tax. મારો તારા ઉપર આટલો કર છે This is my settled demand from you. તારા કરકમળ વડે With your lotus-like hands. શશિકર The rays of the moon. હોળીની કર The days that are considered unlucky before or after the Holī festival. જેને કર નહિ, તેને ડર શાનો ? Why should he fear, who has done no offence. સુખકર Giving pleasure.

Prov. કર કરનારો જાય, પણ કર ન જાય A tax once imposed is seldom abolished.

હિમકર કર અડતાં, દુખહર નિશિ મૂર્છા જ.

—**ગિરધરગોવિંદ.**

કરકટી, *s. f.* A wooden bier.

કર-કઠોળ, *s. n.* [કર is a redup. of કઠોળ.] Pulse and the like kinds of grain.

કર-કડ, *s. f.* [Imitative of the sound, See કડ-કડ.] A loud grating creaking, &c.

કર•કડ•વું, Same as **કડ•કડ•વું.**

કર-કડા•ટ, *adv.* [See કડ-કડા•ટ.] Fluently; readily; swiftly.

કર-કર, *s. f.* [Imitative of a plaintive voice.] Idle or troublesome prattle. 2. [Imit. or See કંકર pebbles.] Very small particles of stone or dust.

Id. એની આંખમાં કરકર શી છે ! Lit. There is a large quantity of dust in his eyes. 2. He is very jealous.

કર-કરિયા•વર, *s. m.* [See કર a settled demand. + કરિયા•વર presents.] A settled sum of money and other things which are sent with a married daughter to her husband's house.

કર-કરું, *adj.* [Imitative of the sound or feeling produced by moving a finger over a rough surface. See કર-કર.] Rough. 2. Sharp.

કરકશ, *adj.* Same as **કર્કશ.** 2. *s. f.* Gritty particles; grittiness.

કરકશા, *s. f.* [S. कर्कशा *fr.* कर्कश harsh.] A scold; a vixen.

કર-કસર, *s. f.* [P.] Frugality; economy; clippings.

Prov. કરકસર ત્રેવડનો ત્રીજો ભાઇ Competency attends on frugality.

કર-કસરિ-યું, *adj.* Economical; frugal.

કરકાટક, *s. n.* A pair of compasses used by Hindū astrologers.

કર-કાંટિ-યું, *adj.* [S. कर the hand + કાટ-વું to cut.] Fleshless; reduced to a skeleton.

કરકોચલી, *s. f.* [S. + કોચ-વું to cut *fr.* S. कृत to cut. Or this word may be a corruption of કર-ચોળી.] See **કર-ચોળી.**

કર-કોલ-વું, *v. t.* [See કર the hand + ખોલ-વું to open.] To eat little by little or slowly.

કર-કોસર, } Same as **કર-કસર.**
કર-કોસીર, }

કરખ, *s. m.* [S. कु dim. + હરખ joy.] Sorrow.

કરખે હરખે અનુભવ કરશા. —અખો.

કરખી, *s. m.* [S. कृषा a ploughman *fr.* कृष् to draw, to plough.] A cultivator; a farmer.

કર-ગર, *s. f.* [Imit. *Cf.* કર-કર.] Grit; grittiness; gritty particles.

કર-ગર-વું, *v. i.* [Imit.] To implore; to crave; To beseech. 2. To expostulate.

કર-ગરૂં, *adj.* [See કર-ગર grit.] Gritty; mixed with gritty particles.

કર-ગરા-ટ, *s. f.* [See કર-ગર-વું to solicit + वृत्ति being.] Entreaty; a troublesome solicitation made in a whining tone.

કરગરાટ કરતો કર જોડે. —રેવાશંકર.

કર-ગસ, *s. f.* [See કર-ચ.] A bit; a small part. 2. Dirt.

કર-ચ, *s. f.* [Dh. Des. किलिंचं = S. लघु दारु a small piece of wood, *fr.* S. कृत, कर्त, to cut + P. चह dim. *Cf.* કાટ-વું.] A small bit; a fragment; a scrap.

કરચ-લી, *s. f.* [See કર-ચ a bit, or કરચોલી a wrinkle.] A ruffle; a wrinkle; a fold.

કરચલું, *s. n.* } [S. कर्कट a crab; or
કરચલો. *s. m.* }
Hem. Des. कुरुचिल्लो = S. पिशुन a back-biter or, See કર-ચોલી a wrinkle.] A crab having lines or wrinkles on its body.

કરચો, *s. m.* [See કર-ચ a bit.] A strip of hair left on the head. 2. A person having no sense.

કર-ચોલી, } *s. f.* [S. कर the hand +
કર-ચોળી, }
ચોળ-વું to rub *fr.* S. चूर्ण् to crush; or, S. कृत, कर्त, to cut + P. चह Dim. + લી Dim.] A ruffle; a wrinkle; a fold.

કરજ, *s. n.* [P. कर्जह debt. or, S. कर्ज् to pain.] Debt.

Id. કરજ કરવું To incur a debt. કરજ-કરજે કાઢવું To borrow money. કરજે આપવું To lend money as a debt. કરજ આપવું--ફેડવું--વાળવું--અદા કરવું To repay as a debt. કરજ પતાવવું To make an amicable settlement of a debt by repaying a portion of the debt instead of the whole.

Prov. કરજ ને કન્યા કરગરે ન મળે One cannot obtain money in debt, nor a girl in marriage bp begging for it or her

કરજ-દાર, *adj.* [+ P. દાર holding.] Having a debt to pay; owing; indebted. *s. m.* A debtor.

કરજાળી, *s. f.* [S. कज्जल lamp-black + આલય an abode.] An earthen pot placed over a lamp to collect a soot.

કરઝાળી, [+ ઝાલ-વું to catch. Or, S. ज्वाला flame *fr.* ज्वल् to burn.]Same as **કરજાળી.**

કરંજ, *s. n.* [S.] A tree the Galedupa Arborea.

કરંજો, *s. m.* A cascade; a playing fountain.

કરડ, *s. f.* [See કરડું hard, or કરડ-વું to bite.] Rice once ground and divested of its outer husk. 2. A percentage given to the buyer on a purchase of certain articles of food.

કરડ, *s. f.* [See કરડ-વું to bite.] A sting; a bite.

કરડ-કણું, *adj.* [See કરડ-વું to bite.] Addicted to biting; having the habit of biting.

Prov. કરડકણા કૂતરાને હડકવા હાલ્યો Confusion worse confounded.

કરડ-કણા-પણું, *s. m.* Harshness. 2. Hot temper.

કરડકણાપણું કે'છે, નથી એનામાં હીરજ;
ત્રીરગ્રંથ ભાળ્યા નહિ, ખત્તા તેણે ખાય છે.
—વલ્લભ.

કરડવું, *v. t.* [S. कृत, कर्त, to cut.] To gnaw; to nibble. 2. To bite.

કરડાકી, } **કરડાગી,** } *s. f.* [P. *fr.* કરડું harsh. Or, કડડવું to bite.] An ironical speech; a taunt. 2. A caustic speech.

હું સરખી લક્ષ્મી, સાવિત્રી, કરે મારી કરડાગી.
—**પ્રેમાનંદ.**

કરડા-પાટી, *s. f.* [Same as ખરડા-પાટી.] A wooden board in the form of a slate, on which little boys learn elementary figures and the letter of the alphabet.

કરડું, *adj.* [Hem. Des. कुरुडा = S. निर्दयः merciless. *Cf.* P. करड़ा.] Severe; rigorous; oppressive.

કઠિન કરાળ કળા છે કરડા, માન સર્વનું મોરે.
—**છોટમ.**

Id. કરડી નજર A severe look; a look of displeasure. 2. Displeasure. કરડી નજર લાગવી–બેસવી To be under the influence of the evil eye.

કરડું, *s. n.* [S. कुरण्ट yellow amarynth.] An ear-ring worn by women.

કરડો, *s. m.* A toe-ring. 2. A goldsmith's tool.

કર-ણ, *s. n.* [S. *fr.* कृ, कर्, કરવું, to do.] The idea expressed by the instrumental case (Gram.). 2. The instrument of an action. 3. Cause; motive. 4. An astronomical division of a day.

કરણ, *s.n.* [S. किरण *fr.* कृ, किर् to scatter.] A ray.

કરણ્યુટ, *s. n.* [See કર્ણ the ear + વૃત્ત a circle.] A musical instrument having the form of the ear.

કર-ણી, *s. f.* An act; an action; a deed.

ધન્ય ધન્ય મયાસુર કરણી, શારદા, શેષ ન શકે વરણી.
—**ગિરિધર.**

2. Merit; deserts. 3. Surds (in Algebra)

Prov. કરણી તેવી પાર ઉતરણી As you sow, so you will reap.

કરંડો, *s. m.* [S. करण्ड.] A box of metal or wicker-work; a casket.

ક-રત, *s. f.* [S. कु dim. + ऋतु a season.] An improper season or time.

કર-તલ, *s. n.* [S. कर the hand + तल the surface.] The palm of the hand.

કૃષ્ણ કૃપા થઈ, તે થઈ, ફરી જાય ન પીઠી,
બાંની પટોળ રંગચોળની જ્યમ કરતલ લીટી.
—**દયારામ.**

કર-તવ, *s. n.* [S. कर्तव्य *fr.* कृ, कर्, to do.] That which should be done;duty.2. Magic; enchantment.

કર-તાં, *conj.* [See કરવું.] Though; yet; although. 2. Than. 3. Moreover; besides; further.

કર-તાર, *s. m.* [S. कर्तृ a doer *fr.* कृ, कर्, to do.] The Creator.

કર-તાલ, } **કર-તાળ,** } *s. f.* [S. *fr.* कर the hand + ताल clapping *fr.* तड् to strike.] A musical instrument,made of wood or metal to keep time in music.

ક-રતુ, *s. f.* [See ક, કુ, bad, evil, + ઋતુ a season.] A bad season; an unfavourable season. 2. An unfavourable time.*Cf.* **ક-રત.**

કર-તૂક, *s. n.* [S.कृ,कर्, to do.] Bad action or conduct.

કરત્રિમ, Same as **કૃત્રિમ.**

કરદમ, Same as **કર્દમ** Mud.

રમતાં આંગણે રે, કદરમ વળગ્યો છે શ્રીઅંગે;
બહેકે બરાસથી રે, ઝાઝી ફેલી છે હરિ સંગે.
—**દયારામ.**

કર-નાર, *s. m. f. n.* [See કરવું to do.] The doer; an agent.

કર-નારૂ, *adj.* Doing; working; active.

કર-ન્યાસ, *s. m.* [See કર the hand + ન્યાસ putting.] Putting down, or assigning (particular deities) to the several fingers of the hands.

કરે-તાં, *pres. part.* While doing (Used in poetry).

કરપ, *s. m.* [See કડપ, કરબ.] Pomp; awe; prestige.

Id.–ઉપર કરપ બેસાડવો-રાખવો To hold in awe; to establish one's power over.

કરપણ, } **કરપિણ,** } Same as **કૃપણ.**

કર-પલ્લવ, *s. m.* [S. कर the hand + पल्लव leaves.] The hand when like to a bunch

of leaves. 2. Beckoning with the hand.

કર-પલ્લવી, *s. f.* The art of talking with the fingers; the art of teaching the blind and deaf with the fingers; dactylology.

કર-પલું, *s. n.* A quantity as much as is contained in the two arms extended. (Used in the Bhāl District.)

કરપ.વું, *v. t.* [S. कृप् to arrange, to cut.] To eat away little by little. 2. To shear off.

કરપ.વું, *v. t.* [See કલ્પ.વું.] To make a gift of certain articles to Brāhmans for the benefit of the dead on the first ઉતરાણ day and on the ધરો આઠમ after a death.

કરપી, *s. f.* [See કાપ.વું to cut.] A farmer's weeding tool, otherwise called **રાંપડી.**

કરપી, } *adj.* [S. कृपण] Miserly;
કરપીણુ, }
niggardly.

Prov. કરપીનું ધન એળે જાય A miserly father has generally an extravagant son.

કરપો, *s. m.* [See કલ્પ.વું to arrange.] A wooden terrace raised in a field on which a man takes his station and drives away birds. (Used in Kāṭhiāwāḍ.)

કરબ, [Ar.] Same as **કડપ, કરપ.**

કરબ.ડી, Same as **કરપી.**

કર-બોરૂં, *s. n.* [S. कर the hand + બરૂ reed.] A kind of reed used for making pens.

કરભ, *s. m.* [S.] A young elephant. 2. The back of the hand from the wrist to the root of the fingers; the metacarpus.

કર-ભાગ, *s. m.* [S. कर a tax + भाग a part *fr.* भज् to break.] A tribute.

કરમ, Same as **કૃમિ** a worm.

કરમ, *s. n.* [S. कर्मन् an action *fr.* कृ to do, See કર્મ.] An action. 2. A wicked deed. 3. Destiny; Fate; the Fates.

Id કરમ કરવું To act in obedience to evil tendencies; to do a wicked act. કરમ ખુલવું-ઉઘડવું To get a favourable opportunity; to be fortunate. કરમ ફુટવું To be unfortunate. કરમનો આગળો-બળિયો Fortunate. કરમનો બોળો Unfortunate. કરમના કાળા (ડાઘ) Evil destiny. કાળાં કરમનો કરનાર An evil-doer. કરમે ચહોટેલું-લખેલું-લાગેલું-વળગેલું Destined; permanently attached; being a permanent encumbrance. કરમનો-કરમે (સોધી) કાઢેલો Brought in by Destiny (of an obstacle). કરમનો ફુટેલો-ફુટયો Unfortunate. કરમ બાંધવાં To commit sin or sinful acts. કરમના ભોગ Sufferings appointed by Fate.

Prov. કરમના આગળા, કે પરણ્યા પહેલાં રાંડયા There is no flying against Fate. કરમ કઠણ, ને કાયા સુંવાળી=કરમ કડિયારાનું, ને દેહ રાજાની=કરમ કથીર ને દેહ સોનાની The misery of putting together unsuitable things. કરમ કરે, તે કોઇ ના કરે The ways of Fate are mysterious. કરમ કહે "કોઠીમાં પેસું," ને મન કહે "માળવે જાઉં" A desire quite out of proportion to one's conduct. કરમમાં ન હોય કોઠાં, ને કોનાં જોઇએ ઓઠાં? Who can help me against my Fate? કરમની રતી, નાખી ઉંધી, તો થઈ છતી Good fortune can easily turn the table. કરમને કાંઇ શરમ નથી the Fates are inexorable. કરમ પ્રમાણે બુદ્ધિ, ને જાત પ્રમાણે પોચણું Our inclinations are determined by our past conduct and our surroundings. કરમમાં ને ધરમમાં કોઈનો ભાગ નથી There is no partnership in Fate and Piety. કરમ વગરનો ખેતી કરે, બળદ મરે કે સુકવણું પડે Misfortunes seldom come single. કરમ હોય પાધરાં, તો વેરી સૌ આંચળાં Good fortune can silence all opponents. જ્યાં જાય, ત્યાં કરમ આગળ ને આગળ The more I try, the further I am off. જનમ આપે જનેતા, પણ કરમ ન આપે કોઇ Every one has to suffer the consequences of his past conduct.

કરમ-કથા, } *s. f.* [S. कर्मन् fate + કથા,
કરમ-કહાણી, }
કહાણી, a story.] The history of one's misfortunes.

કરમ-કુટ, *s. f.* [+ કુટ.વું to beat.] Unnecessary or useless trouble. 2. Drudgery.

કરમ-જ, Same as **કિરમ.જ.**

કરમ-જી, Same as **કિરમ.જી.**

કર-મણ.વું, *v. i.* [S. कु, कद्, ill + મન mind.] To be dissatisfied; to be perplexed.

કરમણતી બોલી કામિની. —**સામળભટ.**

2. To be incommoded.

કરમદી, *s. f.* [Hem. Des. करंदी *fr.* S.

करमर्द.] The corinda tree.

કરમદું, *s. n.* A fruit of the corinda tree.

કરમ-બખસેશ, *s. f.* [See કરમ Fate + બક્ષિસ a gift.] Good fortune. 2. A gift. 3. Forgiveness.

કર-મળો, *s. n.* [See કર the hand + મેળવ-વું to mix.] A sweetmeat ball made of the flour of parched bājrī and molasses mixed together with the hands.

કર ને કરમળો શે ન શીરાવતો ? —નરસિંહમેહેતો.

કરમાણી-અજમો, *s. m.* [P. कर्माणी brought from Karman + અજમો.] A kind of medicinal drug.

કરમા-ધરમી, *adj.* [S. कर्मन destiny + धर्म religious merit.] Experienced (in happiness or unhappiness) as the fruit of merit or demerit.

કરમા-વું, *v. t.* To wither; to fade; to pine away.

Id. તેનું મોઢ઼ કરમાયું She felt ashamed.

કર-માલા, *s. f.* [S. कर the hand + माला a garland.] The fingers used as a rosary. 2. A rosary kept in the hand.

કરમિયો, } Same as કૃમિ, **કરમ**, A worm.
કરમી, }

કરમી, *adj.* [See કરમ a fate.]Fortunate; lucky.

ન ગમ્યો કરમી કોઈ, ગમ્યો નહિ સામદ શૂરો.
—સામળભટ.

કરમો, *s. m.* [S. કર્મ an act.] A particular offering to a goddess.

કર-મોડ, *s. f.* [See કર-મોડ-વું.] A sprain.

Id. કરમોડ ખાવી To suffer from a sprain.

કર-મોડ-વું, *v. t.* [See કર the hand + મોડ-વું to break.] To twist; to bend; to dislocate.

કરમોડિયા, *s. m. pl.* A disease to which cattle are subject.

કર-મોવું, *v. t.* [See કર the hand + મોવું to mix with oil.] To mix (flour, &c.) with oil or ghee with the hand.

ચોળા ને ચણાની (દાળ) રે, ઘીમાં કરમોઇને.
—પ્રેમાનંદસ્વામી.

કર-વડો, *s. m.* [See કર the hand + वृत्त turning.]A pot with a tube attached to it.

કરવત, *s. n.* [S. करपत्र] A saw.

Prov. કાશીનું કરવત ઊભું એ વહેરે, ને આડું એ વહેરે Time cuts both ways = Time and tide wait for no man.

કરવતિ-યો, *s. m.* A sawyer.

કરવતી, *s. f.* A small saw.2. A kind of carriage.

કરવતી-કોર, *s. f.* [+ Guj. કોર the edge.] The edge of a saw; the border of a dhotar in the form of a saw.

કરવતી-દાવ, *s. m.* [+ Guj. દાવ a game.] A particular position or hold in wrestling.

કર-વરું, *s. n.* [See કહેર calamity + વરસ a year.] A year of scarcity.

કરવાલ, *s. f.* } [S. करवालिका a small
કરવાલું, *s. n.* } club.] A sword.

ઉંચાં આયુધ કરી રખવાળ, સંનાહ પહેર્યાં,કર કરવાળ.
—ભાલણ.

કરવીર, *s. n.* [S.] A kind of flowering plant. 2. The flower of the plant.

કર-વું, *v. t.* [S. कृ to do.] To do. 2. To execute; to perform. 3. To make; to create; to form. 4. To commit; to prepetrate. 5. To observe.

N. B.—કરવું, Showing *action* in the widest sense,is used with verbal nouns widely differing in their meaning, *e. g.* શયન કરવું to sleep, ભોજન કરવું to eat.

Id. અછો અછો કરવું, ઘણાં વાનાં કરવાં To fondle; to indulge. 2. To press. કરી લેવું To do beforehand. 2. To make one's own; to adopt. કરતો કારવતો પુરૂષ The leading member in a family.

Prov. કરીએ, તેવું પામીએ = કરવું તેવું પામવું, ને વાવવું તેવું લણવું=કરશે તે ભરશે, ને પોકરો તે પસ્તાશે = કરેગા સો પાવેગા = કર અને જો As you sow, so you will reap = Gather thistles, expact prickles = Do good, if you expect to receive any. કરે ચાકરી, તો પામે ભાખરી No pains, no gains = no sweat, no sweet. કરે હાથે, ને વાગે માથે The evil we do to others frequently falls over our heads with added interest. કરતાં હો, તે કરો, ને છાસની દોહણી ભરો Do what you are wont to do, if you wish

to secure your object. કર્યું એ કામ, ને વીંચ્યું એ મોતી Procrastination is the thief of time. કર્યું તે ખરૂં, ને કરીશું તે ખોટું You are no more master of your future than of your past. કર્યું પણ રોકી વાળ્યું Work done against one's will. કર્યું ભગાના જેવું The work is spoiled. કર્યાં કરમ ભોગવવાં પડશે One has to suffer the consequences of one's past conduct. કરતા હોય સો કીજીએ, ઓર ન કરિયે કામ Do not give way to any bold novelties. કરના તો ડરના નહિ, ઓર ડરના તો કરના નહિ Attempt not, or accomplish what you attempt.

કરશણુ, *s. n.* [See કણુસ-લું.] An ear of corn.

કરશ-ણુ, *s. n.* [S. कर्षण ploughing *fr.* कृष् to draw, to plough.] Cultivation; ploughing.

કરશ-ણી, *s. m.* A cultivator; a farmer.

કરશ-લી, *s. f.* [See કલશ, કળશ, કળશિ-યો.] A small water-pot; a small goblet.

કરસફ, *s. f.* [Ar.] Fibres of silk.

કરાં, *s. n. pl.* [S. कर the hand.] Bangles; wristlets.

કરાંજ-વું, } **કરાંઝ-વું,** } *v. t.* [S. कट side, कटी the waist, See કેડ + જવું to go.] To strain (the bowels). 2. To make an inarticulate sound. 3. To turn and twist the body while lying down in bad (as a relief from pain).

કરાંટી, } **કરાઠી,** } *s. f.* Dry cotton-stick.

કરાંઠું, *s. n.* Same as **કરાંઠી.**

કરાંશી, *s. f.* A carpenter's tool.

કરા, *s. m. pl.* [S. कर hail.] Hail stones; hail.

કરાઇ, *s. m.* [See કરવત a saw.] A sawyer; one whose business it is to saw timber, &c. 2. *s. f.* A crow bar (Used in Kāṭhiāwāḍ)

કરાખી, *s. f.* [See કર the hand + S. कक्षा, કાખ, the arm-pit.] A long and triangular strip of cloth used in sewing a bodice or an **આંગરખા.**

કરાડ, *s. f.* [See કર the hand+આડું cross or, S, कराल high, lofty, uneven, jagged.] A precipice. 2. *s. m.* A tall plant (Used in Kāṭhiāwāḍ)

કરાડી, *s. f.* A deep hollow in the bed of a river always filled with water. 3. A goldsmith's tool.

કરાડો, *s. m.* A high and steep bank. 2. The horizontal shaft, on which a beam rests in the process of sawing. 3. A cerpenter's tool used in hewing down large pieces of wood (Used in the Surat District.)

કરાણી, *s. m.* A purser in a ship.

કરામણ, } **કરામત,** } *s. f.* [Ar. करमात .] Contrivance; ingenuity. 2. Skill; art. 3. Cleverness; fraud; dishonesty. 4. Magic.

કરામતી, *adj.* Ingenious; skilful. 2. Clever; fraudulent; dishonest.

કરાર, *s. m.* [Ar.] A promise. 2. An agreement. 3. Ease; quiet. 4. Recovery from sickness.

તરફડે ત્રાસે તારૂણી, કરાર થશે એ કાલ.
વિઘ્ન ટળ્યું વિનતાતણું, અમને વધાઈ આલ.

—**સામળભટ.**

Id. કરાર કરવો To make an agreement કરાર તોડવો To violate an agreement. કરાર પાળવો To keep an agreement. કરાર લખવો To write an agreement. કરાર થવો To take place (of an agreement). 2. To be recovered from sickness. કરારે By right. 2. At ease. 3. Without fear or restraint, *e. g.* કરારે જા; કરારે ખા; કરારે પૂછ. કરાર હોવું To recover from illness.

કરાર, *adj.* [See કરાડ 1, કરાડો.] Sloping. (Used in the Surat District.)

કરાર-વું, *v. t.* [See કરાર an agreement.] To make an agreement.

મેં તો વચને કીધેલ છે વાત. કરારેલ કોલે રે.

—**બોળોભગત.**

કરાર-દાદ, *s. m.* [Ar.] A deed of compromise. 2. An agreement.

કરાર-નામું, *s.* [+ P. नामह a description.] A deed; a bond. 2. An agreement or engagement.

કરાળિયો, *s. m.* [See કરોળિયો.] A spider.

કરાળ, *adj.* [S. कराल.] Formidable; dreadful.

સુણી રગે રગ પસરી ગઈ, કર્ણને આળ કરાળ.
—પ્રેમાનંદ.
2. High; lofty.

કરાળિ·યો, *s.* [S. कुलालक earthenware. *fr.* कुलाल a potter.] A seller of earthenware, earthen goblets, smoking-pipes, &c.

કરોળિયો. Same as **કરાળિયો.**

કરિણી, *s. f.* [S. *fem.* of करिन , કરી an elephant.] A female elephant.

કરિયાણું, *s. n.* [See કિરિયાણું.] Grocery; drugs.

કરિયાતુ, *s. m.* [S. किरात.] Chiretta.

કરી, *s. m.* [S. करिन *fr.* कर the trunk of an elephant.] An elephant.

કરી, *s. f.* [See ચરી,ચર્યા, conduct.] Diet, regimen.

Id. કરી પાળવી To live on a diet prescribed by a physician.

કરી, *prep.* Same as **કરી·ને.**

કરી·ને, *prep.* [Guj. કરી·ને having done *fr.* કર·વું to do; or S. करणे "in the sense of an instrument" *fr.* કર·ણ an instrument *fr.* कृ, कर , કર·વું, to do.] By; from; owing to; through; by means of.

કરીઆવર, *s. m.* [See કર a tax + વર husband.] Money or articles which a person must give to his son-in-law, daughter, sister, &c., on certain auspicious occasions.

Id. કરીઆવર આપવો-કરવો To make a present, &c. કરીઆવર લાવવો (said of a girl) To bring a present, &c.

કરીમ, *adj.* [Ar.] Bountiful; gracious; generous. 2. *s. m.* The lord of the earth.

કરીર, *s. n.* [S.] A kind of plant.

કરૂણ, *adj.* [See કરૂણા pity.] Pitiable; exciting compassion.

કરૂણા, *s. f.* [S.] Grace; mercy; compassion; pity.

Id. કરૂણા કરવી-લાવવી-આણવી To have pity on. કરૂણા માગવી To appeal to mercy.

કરૂણાકર, *adj.* A mine of mercy (generally applied to God).

કરૂણા-નિધિ, *s.m.* Store of mercy (generally applied to God).

કરૂણા-પાત્ર, *adj.* Fit for mercy.

કરૂણા·મય, *adj.* Merciful; kind.

કરૂણા-રસ, *s. m.* The feeling of compassion. 2. A tragedy.

કરૂણા-સાગર, } **કરૂણા-સિન્ધુ,** } *s.m.* An ocean of mercy (applied to God).

કરૂણાળુ, *adj.* Full of compassion; merciful.

ક·રૂપ, } **ક·રૂપું,** } *adj.* [S. कु bad + रूप form.] Deformed; ugly; ill-shaped.

કરેડું, *s. n.* [See કર a tax + વૃત્તિ being.] An annual offering or present to a goddess or to an evil spirit. 2. Same as **કરેડું.**

કરેઠી, *s. f.* Whitesand.

કરેડું, *s. n.* [*Cf* Mar. खारट Saltish *fr.* ખાર solt+ S. ड, ડું, dim.] A cow's milk obtained immediately after the cow has given birth to her young one.

કરેડું, *adj.* [See કરડું harsh.] Having a disagreeable taste; tasteless.

કરેડો, *s. m.* (See કરાડો 1.] A vertical prop in an Indian spinning wheel.

કરેણ, *s. f.* [S. कर्णिकार.] A flowering plant.

કરેણા, *s, m. pl.* The flowers of **કરેણ.**

કરેણુ, *s. m.* [S.] An elephant. 2. *s. f.* A female elephant.

કરે·લું, *adj.* [Past. Part. of **કર·વું** to do] Done.

કરેળી, *s. f.* [See કરાળ terrible.] A terrible cry; a loud scream.

કરેળી, *s. f.* [See કરાળ terrible.] Anger; angry excitement.

હોરડો એ કોણે આંધ્યો છે, શું આવે તાવની ઝરેળી જી;
તું સરખો જોદ્ધો થયો રોગિયો. દેખી મુને ચઢે છે કરેળી જી.
—પ્રેમાનંદ.

કરો *s. m.* [See કડ, કટિ, S. कट, a side, the waist.] The side-wall of a house.

Id. કરો ચણવો-ચણાવવો To raise or build a side-wall of a house. કરો પાડવો To pull down a side-wall. સહિયારો કરો A sidewall common to two adjoining houses.

કરોટી, *s. f.* [S. करोटि.] A human skull.

કરોઠ, *s. f.* The sides of the body.

કરો·ડું, *s. n.* [See કરે·ડું] Usage; custom

કરોડ, *s. f.* [S. क्रोड the bosom.] The spine.

કરોડ, *adj.* [S. कोटि.] Ten millions.

Id. કરોડ-પતિ=કરોડાધિપતિ A millionaire.

કરોડો, *adj.* Many *crores*; billions; innumerable.

કરોધ, Same as **ક્રોધ.**

કરોયલ, *s. m.* [See કલા-ધર.] A peacock. (Used in the Bhāl District.)

કરોલિયો, કરોળિયો, } *s. m.* [Dh. Des. कोलिआ a spider *fr.* S. कौलिक a weaver. *Cf.* Hem. Des. कोलिओ = S. तन्तु-वायः a spider.] A spider. 2. [S. कौलालक earthenware *fr.* कुलाल a potter. See કરાળિયો.] A seller of earthen pots. 3. A particular kind of plant and its seeds.

કર્ક, કર્કટ, } *s. m.* [S.] A crab. 2. The zodiacal sign Cancer.

કર્કટ, *s. m.* A kind of tree.

કર્કશ, *adj.* [S.] Harsh. 2. Hard.

કર્કશા, *s. f.* An ill-conducted or unfaithful woman.

કર્કટિક, *s. n.* [S. कर्कटक.] A pair of compasses.

કર્કાર્ક, *s. m,* [S. कर्क Cancer + अर्क the sun.] The time when the sun's rays are vertical in the tropic of Cancer.

કર્કોટક, *s. m.* [S.] A species of corba.

કર્ણ, *s. m.* [S.] The ear. 2. The hypotenuse of a right-angled triangle. 3. A diagonal of a parallelogram. 4. The helm of a ship.

કર્ણ-કઠોર, *adj.* Harsh to the ear.

કર્ણ-ચ્છેદ, *s. m.* The cutting off the ear (of a criminal).

કર્ણ-ધાર, *s. m.* A helmsman.

કર્ણ-પિશાચ, *s. m.* A spirit capable of being subdued by a *mantra* and forced to tell the affairs of other people.

કર્ણ-ફુલ, *s. n.* An ear-ornament worn by women.

કર્ણ-રેખા, કર્ણ-દોરી, } *s. f.* The line which forms the hypotenuse or a diagonal.

કર્ણ-વેધ, *s. m,* The ceremony of piercing holes in the lobes of the ears of a child.

કર્તરિ, *adj.* [See કર્તા a doer.] Agreeing with or indicating the agent (Gram.).

કર્તરિ-પ્રયોગ, *s. m.* A sentence in which the verb agrees with its subject. 2. The active voice. (Gram.)

કર્તરી, *s. f.* [S. कृत to cut.] Scissors; clippers.

કર્તવ્ય, *adj.* [S. *fr.* कृ to do.] Required to be done. 2. *s. n.* A deed. 3. An action. 4. One's duty.

Id કર્તવ્ય ભૂમિતિ Practical geometry.

કર્તવ્ય-તા, *s. f.* Mode of action. 2. Duty; one's whole duty.

કર્તા, કર્તાર, } *s. m.* [S. *fr.* कृ to do.] A doer; an agent; a maker; an author. (2.) The Nominative case; the subject of the verb (Gram.).

કર્તા-હર્તા, *s. m.* [S. + हर्ता a destroyer *fr.* हृ to take away.] The creator and the destroyer. 2. The sole manager.

કર્તૃ-ત્વ, *s. n.* The power of doing; potentiality; capacity; energy.

કર્તૃ-વાચ્ય, *adj.* [S. + वाच्य fit to be spoken of *fr.* वच् to speak.] That (sentence) in which the agent is spoken of, *i. e.* in which the agent is the principal word; active in construction.

કર્તુક, Same as **કરતુક.**

કર્દમ, *s. m.* [S.] Mud; dirt. 2. Intermixture of castes.

કર્પટ, *s. n.* [S.] Cloth. 2. A garment. [કપડ, કાપડ, કપડું, are derived from this Sanskrit word.]

કર્પૂર, *s. n.* [S.] Camphor.

કર્પૂર-ગૌર, *adj.* [S. + गौर white.] White like camphor. 2. *s. m.* The god S'iva.

કર્બુર, *adj.* [S.] Variegated; spotted.

કર્મ *s. n.* [S. *fr.* कृ to do.] An action. 2. A religious action or ceremony (sacrifice, &c.). 3. Works; conduct; course. 4. Destiny. 5. Moral duty. 6. (Gram.) The object of an action; the Accusative case;

the object of a verb. 7. A function; an office. 8. Immoral or censurable conduct. 9. Sexual intercourse.

કર્મ-કાણ્ડ, *s.n.* The section of the Vedas which treats of rites and observances.

કર્મ-ગતિ, *s. f.* The force of past actions.

કર્મઠ, *adj.* Strong or strict in adherence to duty or religious observances.

મેં કર્મઠ સંગ બહુ કર્યો, સંન્યાસી યોગી અત્ય.
—દયારામ.

કર્મણિ-દ્વિતીયા, *s. f.* The second or the Accusative case used to show the object of a verb.

કર્મણિ-પ્રયોગ, *s. m.* A sentence in which the verb agrees with its object. 2. The passive voice.

કર્મણિ-વાચ્ય, *adj.* That (sentence) in which the object is the principal word; passive in construction.

કર્મ-નિષ્ઠ, *adj.* Exact in the observance of rites; devoted to one's duty; firm in the performance of one's duty.

કર્મ-નિષ્ઠા, કર્મ-નિષ્ઠાઇ, *s. f.* Firmness in the performance of religious observances of forms.

કર્મ-પાશ, *s. m.* Same as **કર્મ-બંધ**.

કર્મ-બંધ, *s. m.* The tie of actions; the necessary relation between actions and their results; the bond of Fate.

કર્મ-ભ્રષ્ટ, *adj.* Lax in keeping ordinances and observances. 2. Not doing one's duty.

કર્મ-માર્ગ, *s. m.* The law of works. 2. The prescribed way of performing religious acts.

કર્મ-યોગ, *s. m.* The power of destiny; chance; an accident; an accidental union. 2. Application to, or diligence in, one's duty.

કર્મ-રેખા, *s. f.* Writing, (lit.) lines, written by Destiny on the forehead of a man. 2. Destiny; Fate.

કર્મ-વાદ, *s.m.* The theory of predestination; fatalism.

કર્મ-વાદી, *s.m.* An adherent of fatalism; a fatalist.

કર્મ-વિપાક, *s. m.* The result or effect of one's past actions.

કર્મ-સંગ, *s. m.* A desire to secure and enjoy the results of one's own past actions.

કર્મ-સંજોગ, *s.m.* An accidental meeting; an accidental conjunction of circumstances.

કર્મ-હીણુ, કર્મ-હીણું, *adj.* Unfortunate; unlucky; unhappy.

કર્મી ધર્મી, Same as **કરમા-ધરમી**.

કર્માતીત, *adj.* Being beyond the power of action; free from the bond of Action or Destiny.

કર્માધીન, *adj.* Dependent on one's past actions. 2. Dependent on Fate.

કર્માનુસાર, *s. m.* Following one's past actions.

કર્માનુસારી, *adj.* Following one's past actions.

બુદ્ધિઃ કર્માનુસારિણી. —ભગવદ્ગીતા.

કર્માન્તર, *s. n.* All rites and ceremonies.

કર્મિષ્ઠ, *adj.* Very dutiful; exact in performing religious rites and ceremonies.

કર્મેન્દ્રિય, *s. f.* The five principal organs of action.

કર્ષ, *s. m.* [S.] A goldsmith's weight equal to eighty ratis, or sixteen māsas, or $\frac{5}{6}$ of a tolā.

કર્ષણ, *s. n.* [Classical form of Guj. કરશણ.] Attraction. 2. Ploughing. 3. Cultivation.

કલ, *s. f.* [See કળા art.] A fixed lock. 2. A spring; a contrivance; a machinery. Same as **કળ**.

કલઈ, *s. f.* [Dh. Des. कलहोयं *fr.* S. कलधौतम् silver.] Tin. 2. Coating or lining with tin.

Id. કલઈ કરવી-દેવી-ચઢાવવી To cover or line with tin. 2. To give a bright appearance; to polish. કલઈ ઉતરી ગઈ-જતી રહી The

lining of tin has worn off.

કલ-કલ, *s. m.*[S. Imit. *Cf.* Eng. *Cluck.*] A confused jangling or noise (of men). 2. The chattering of birds.

કલ-કલ-ણું, Same as ક-કલ-ણું.

કલ-કલા-ટ, *s. m.* } A loud confused
કલ-કલા-ણ, *s. n.* } noise; an uproar. Same as ક-કળા-ટ.

ક-લક્ષણ, Same as કુ-લક્ષણ.

ક-લક્ષણું, } *adj.* Having bad signs;
ક-લખણું, } unlucky; unfortunate.

કલ-ખાપરી, *s. f.* [S. कला contrivance + खर्पर an earthen pot.] A medicinal preparation of burnt clay.

કલગી, *s. f.* [P.] A gem-studded ornamental crest. 2. A nosegay. 3. A flowering tree. 4. A kind of song.

કલગી-દાર, *adj.* [+ દાર P. having.] Having a crest (કલગી).

કલગે-ર, *s. f.* A kind of silk cloth worn by women.

કલંક, *s. n. m.* [S.] A blot:a spot. 2. An imputation; an accusation; a stigma; a stain.

Id. કલંક ચોટવું-ચડવું-બેસવું-આવવું-લાગવું To be blotted,stained,or under a stigma. કલંક ઉતારવું-ધોઇ નાખવુંTo make or be free from a blot or a stigma.

કલંકી, *adj.* [See કલંક a blot.] Soiled; contaminated. 2. Slandered.

કલંકી, Same as S.કલ્કી, of which કલંકી is a popular form.

કલ-દાર, *adj.* [See કલા art + દાર P. having.] Made with art. 2. (In coinage) Of the British Indian currency, as distinguished from the Gāikawāḍ's currency (which latter is called બાબાશાહી).

કલ-જુગ, *s. n. m.* [S. कलि-युग *fr.* कलि a quarrel + युग an age, a period.]The fourth age of the world;the present Iron Age;the age of vice according to the Hindūs. (It commenced about three centuries before the Christian era, & is to last 4,32,000 years, at the expiration of which period, according to the S'āstras, the world is to be destroyed).

Id. કલજુગ બેઠો છે The iron age of the world has set in. કલજુગ આવવો-બરાબો To come into play (of the vices and evils of the iron age). કલજુગનો પોરોA sinful person.

કલણ, *s.* [S. कल् to go, to incline.] A swamp; a bog; a morass; a marsh.

ક-લંઠ, *adj.*[See કુ dim. +લંઠ a mischievous person.] Troublesome; mischievous.

કલત્ર, *s. n.* [S.] The wife.

કલ-તર, *s. f.* [Guj. કળ-વું to pain. *Cf.* વેદના.] Rheumatism.

કલ-તર, *s. n.* [S. कल् to know.] An estimate of the produce of a harvest.

કલથી, *s. f.* [S. कुलित्थ.] A coarse grass. 2. A kind of black seeds used as food.

કલ-ના,*s.f.* [S. *fr.* कल् to know;to guess, See કળ-વું.] Knowledge; conception. 2. A conjecture; a guess; an estimate.

કલપ, *s. m.* [See કલફ.] A composition used to blacken hair; a hair-dye.

કલપ-ના, Same as કલ્પ-ના.

કપલ-વૃક્ષ, Same as કલ્પ-વૃક્ષ.

ક-લપ-વું, *v. t.*[S. कु dim. + लप् to speak.] To be in a great distress; to grieve over.

કલપ-વું, *v. t.* [See કલ્પ-ના imagination.] To imagine: to suppose.

કલપાન્ત, *s. n.* [S. कल्प arrangement, creation, See કલ્પ + अन्त the end.] The end of the age of the world; the destruction of the world.2.Affliction;bewailment; sorrow.

કલપિ-ત, *adj.* [See કલ્પિ-ત.] Conceived; invented; imaginary.

કલફ, *s. m.* [Ar.] A composition for blackening the hair; a hair-dye.

કલફાત, *adj.* [Ar.]Caulking; a process in ship-building; the act of stopping and sealing the seams of planks to make them waterproof or air-tight.

કલ-બલ, *s. f.* Same as કલ-કલ.

કલ-બલા-ટ, Same as કલ-કલા-ટ.

કલમ, *s. f.* [S.=Ar.] A pen; a reed. 2. Hand-writing. 3. A paragraph; a section,

4. A condition in an agreement. 5. A language or dialect. 6. A painter's brush. 7. A graft on a tree or plant. 8. Lopping and pruning of trees.

Id. કલમ કરવી–ઘડવી To mend a pen. કલમ કરવી To engraft. કલમ ઘડવી–કાપવી To cut the point of a pen. 2. To dismiss from service. આ ત્રણ કલમ જાણે છે He knows three languages.

કલમ-કશ, *s. m.* [Ar. कलम् a pen+P. कशह् one who draws *fr.* कशीदन् to draw.] A writer;one who skilfully wields the pen.

કલમ-તરાશ, *s.*[Ar. + P. तराशीदन् to cut.] A ready pen-man. 2. A penknife. 3. *adj.* Cut vertically and transversely like the point of a Hindū pen.

કલમ-દાન, *s. n.* [A. + P. दान a suffix showing place.] An inkstand. 2. A portable case for the instruments of writing.

કલમ-બંદી, *s. f.* [Ar.+P. बन्द् binding *fr.* S. बन्ध्, બાંધ-વું, to bind.] Attachment; sequestration. 2. A document showing the management and the state of affairs in a district. 3. A writing under distinct heads and items. 4. *adj.* Written under distinct heads and sections.

કલમી, કલમીન, } *s. f.* The second mast in a ship.2. The sail hung on the second mast.

કલમી, *s. m.* [S. कलम rice. *Cf.* કળમી, કણબી.] A cultivator;one who works in the field. 2. The name of a caste among the Hindūs.

કલમો, *s. m.* [Ar. कलम् to speak.] A precept of a chapter of the Qurān; the Muhammadan confession of Faith, "there is no God but Accah, and muhammed is the apostle of Accah". 2. A noisy brawl; a loud vociferation.

કલ-રવ, *s. m.* [S. कल indistinct + रव sound *fr.* रु to cry.] A soft sweet sound.

અલિકુલ ને કોકિલના કલરવ, કુંજ ગૃહે ઉભરાયે.
—**ગીતગોવિંદ.**

કલ-વું, Same as **કળ-વું.**

કલવાર, *s. f.* Red beetle-nut (Used in Kāṭhiāwāḍ). 2. Rotten beetle-nut (Used in Surat).

કલવો, *s. m.* A ceremony performed by the woman of the bride's party a little before the marriage-procession starts, consisting in carrying to the bridegroom some sweetmeats. (Written also કલેવો.)

ત્યાંથી અભિમન્યુ જાનીવાસે આવ્યા,
કાકાજી કલવો કરાવો રે.
—**અભિમન્યુનો ચકાવો.**

કલશ, *s. m.* [S. कलश a pot.] A water-pot;a jar. 2. A dome; a spire; the spire of a temple.

કલશી, *s. f.* A measure of 16 maunds used in weighing corn. Same as **કળશી.**

કલસ. કલસી-ઓ, } *s. m.* A water-pot

કલહ, *s. m.* [S.] A quarrel; a strife; a brawl.

કલહાન્તરિતા, *adj. f.* [S. *fr.* कलह a quarrel + अन्तरित separated *fr.* अन्तर a distance.] Separated from her lover on account of a quarrel with him (of a woman).

કલાં-કલાં, *adv.* [See કાલું pleasing to the ear.] Blooming; growing; prospering.

Id. ખેતરમાં બાજરી કલાં કલાં થઇ રહી છે Bājrī is blooming or thriving in the fields.

કલાંઠી. *s. f.* [S. कट કડ, કેડ, side.] The side or ribs of the body.

કલા, Classical form of **કળા** An art.

જીનકી કલાસે હાલત ચાલત, બોલત પ્રાણ આધારા,
નેનકી કલાસે સબ જગ ભૂલ્યો, એહી પુરૂષ હૈ ન્યારા.
—**મીરાંબાઇ.**

કલાઈ, Same as **કલઈ.**

કલાક, *s. m.* [Eng. *O'clock.*] An hour.

ક-લાગું, *adj.*[S.कु dim.+ લાગ-વું to attach, to suit.] Unsuitable.

કલાદ, *s.* m. A goldsmith.

કલા-ધર, *s. m* [S. *fr.* કળા a digit + ધર-વું to hold.] The moon. 2. [See કળા a beautiful appearance + ધર-વું to have.] A peacock.

કલાપ, *s. m.* [S.] A group. 2. The

feathers of a peacock. 3. The moon.

કલાપી, *s. m.* A peacock.

શોભે મંડપ ઊંચું શિખર, ઉપર નાચે કલાપી કીર.
—ગિરધર.

2. A cuckoo.

કલા-પીટ, *s. f.* [Guj. કલ-કલાટ noise + પીટ-વું to beat.] Hubbub; uproar. 2. Bewailment.

કલા-ફૂલ, *s. n.* [See કલા, કળા, a bright beautiful appearance + ફૂલ a flower.] A particular kind of earring, also called કોકરવું.

કાને કલાફૂલ ઝાલ ઝબુકે. —ભાષા.

કલાબૂત, *s. m.* [P. कलाबतुन् gold thread] Silken thread covered with gold or silver wire.

કલાબો, *s. m.* [P.] The cuts in the sleeves of an અંગરખા.

કલામ, *s. f.* [Ar.] A speech; a sentence; words.

Id. કલામે શરીફ The Quran.

કલાર, *s. n.* [S. कल्हार a white water-lily.] The name of a plant, with the leaves of which S'iva is particularly pleased.

કલા-રસ, *s. m.* [S. See કલા, કળા, art + રસ sentiments.] The sentiment awakened under the inspiration of any of the fine arts.

મિથુની માયા રચી આ મેદિની રે,
હરે ભાઇ કોટી કલારસ કાન રે. —મૂળદાસ.

કલાલ, *s. m.* [Ar. कलाल a childless man (being used as a curse), a liquor-seller, showing public contempt at the traffic. Or, S कल्या-पालः a distiller *fr.* कल्या a spirituous liquor + पाल a keeper *fr.* पाल् to protect, to keep.] A distiller; a vendor of spirituous liquors.

કલાલ-ખાનું, *s. n.* [Ar.+P. खानह् a house.] The shop of a liquor-seller; a liquor-shop; a tavern; a public-house.

કલાલ-ણ, } **કલાલ-ણી**, } *s. f.* The wife of a liquor-seller. 2. A female liquor-seller.

કલાલી, *s. f.* The trade or business of a liquor-seller.

કલા-વંતી, *s. f.* [S. कलावती *fr.* કલા an art + वत्, वान्, having.] A dancing-girl.

કલા-વવું, *v. t.* [See કલા art] To persuade; to induce.

કલાવી પૂછયું કામની, કહ્યાં નારીએ કેણ,
રાજા માંહી પડદે રહ્યો, સુણે વનિતાનાં વેણ.
—સામળભટ.

કલાસ, *s. f.* [Eng. *Class.*] A class.

કલિ, *s. m.* [S. कलि a quarrel.] Same as કલ-જુગ. 2. A quarrel. 3. Vice.

કલિંગ-ડું, *s. n.* [S. कालिङ्ग.] A water-melon.

કલિ-ત, *adj.* [S. *fr.* कल् to know.] Known.

કલિયાર, *s. m.* [S. काल black.] A black antelope.

કલિ-યુગ, [S.] Same as કલ-જુગ.

કલુષ, *s. n.* [S] Sin. 2. *adj.* Muddy. 3. Dirty. 4. Sinful.

કલુષિ-ત, *adj.* Same as કલુષ, *adj.*

ક-લંક, Same as ક-લંક.

કલેકટર, *s. m.* [Eng. *Collector.*] A Collector of the Government Revenue; the chief revenue-officer in a collectorate in the Bombay Presidency.

કલેજું, *s. n.* [S. कालय the liver.] The liver; the heart. 2. A term expressive of strong attachment.

Id. કલેજું બળવું To grieve deeply. કલેજું ટાઢું કરવું To appease; to please; to delight. 2. To satiate (of thirst, &c.). કલેજું કાપવું To pierce the heart.

કલે-ડું, *s. n.* [Dh. Des. काहिल्लिया *Cf.* Hem. Des. काहल्ली = S. अपूपादि पचन भाण्डम् a pan for baking bread.] A hemispherical earthen-pan.

Prov. કલેડા વગર શું શ્રાદ્ધ રહેશે? If one will not, another will. સાસુ ભાગે તે ઠીકરાં,ને વહુ ભાગે તે કલેડાં A great person is never at fault: The king can do no wrong.

કલેશ, Same as ક્લેશ.

કલેવર, *s. n.* [S.] The body (of a man or a beast).

કલૈ, *s. f.* Same as કલાઈ, કલઈ.

કલોડું, Same as કરોડું.

કલોડી, *s. f.* [*Cf.* M. कालवड *fr.* S. कल्य auspicious.] A young cow; a heifer.

કલોલ, *s. m.* [S. कल्लोल.] Billows; surges,

કામના તણા કલોલ, અનેક ઉપજે એલે.—વલભ.
2. The noise or roar of billows. 3. A noise; an uproar. 4. Merriment.

કલોલો, Same as **કલોલ.**

કલ્ક, *adj.* [S.] Sinful. 2. *s. n.* Dirt. 3. Deceit; hypocrisy. 4. A viscous sediment or paste obtained by crushing or pounding together medicinal drugs.

કલ્કી, *s. m.* [S. कल्कि.] The tenth and last incarnation of Viṣṇu.

કલ્પ, *s. m.* [S. *fr.* क्लृप् to arrange, to create.] One day of Brahmā; a period of 4,320,000,000 years; the period between the creation and destruction of the world. 2. A work on Hindū ceremonial.

કલ્પ-વૃક્ષ, **કલ્પ-તરૂ,** **કલ્પ-દ્રુમ,** *s. n.* [S. + तरु, द्रुम, वृक्ष, a tree. See કલ્પ-વૃક્ષ.] A fabulous tree in Indra's garden; a tree that yields whatever may be desired of it. 2. A tree which bears a large quantity of fruits. 3. A lucrative profession.

કલ્પના, *s. f.* [Classical form of કલ્પના.] An idea; imagination. 2. A device. 3. A sentiment. 4 An assumption; a hypothesis.

કલ્પના-શક્તિ, *s. f.* The power of forming ideal pictures; the faculty of imagination.

કલ્પના-સૃષ્ટિ, *s. f.* A creation of the imagination; an imaginary story; a fiction.

કલ્પનીય, *adj.* [S.] That can be imagined; conceivable.

કલ્પ-લતા, *s. f.* [S. + लता a creeper.] A fabulous creeper, supposed to have the power of fulfilling desires. *Cf.* **કલ્પ-વૃક્ષ.**

કલ્પ-વું, *v. t.* To imagine; to conjecture.

કલ્પાન્ત, *s. m.* Classical form of **કલપાન્ત.**

કલ્પાવવું, *v. t.* [Caus. of કલ્પવું to imagine.] To cause to resolve or come to a determination. 2. To cause anxiety or affliction.

કલ્પિત, *adj.* [S. form of કલ્પિત.] Imagined; fancied; fictitious.

કલ્મેશરીફ, *s. n.* [Ar.] The Qurān.

કલ્યાણ, *s. n.* [S.] Well-being; welfare. 2. *s. m.* A particular tune in music.

Id. કલ્યાણ કરવું To do good. કલ્યાણ ઇચ્છવું -ચાહવું To wish well of. કલ્યાણ ચિંતન Anxiety for the welfare of.

કલ્યાણી, *s. f.* A goddess who does good to all.

પીઠી ચોળીરે પચ કલ્યાણી. —આખા.

2. A woman whose husband is alive. 3. A woman who gads about (used for euphemy).

Id. બાઈ કલ્યાણી A person crying " બાઈનું કલ્યાણ થજો May your ladyship be happy. " 2. Begging; cringing; meanness.

કલ્લા, *s. m. pl.* [Hind. See કલ્લો, 2.] Whiskers.

કલ્લી, *s. f.* [Dim. of કલ્લું.] A gold or silver armlet. 2. The folds of the lower garment formed with fingers.

Id. કલ્લી કરવી-પાડવી To make folds. કલ્લી ખોસવી To fix the folded end of a garment.

કલ્લું, [S. कटक gold, a golden bracelet. See કડું.] A gold or silver ring for the ankles. 2. A garment folded together to be put on by a woman.

કલ્લો, *s. m.* [See કલ-કલ noise, or કલ્લોલ roaring of waves.] An uproar.

કલ્લો, *s. m.* [Dh. Des. कल्ली *fr.* S. कल्पः a bundle of grass *fr.* S. क्लृप्, कल्प्, to arrange.] A handful of grass. 2. Thick and long mustaches. 3. Pressure of the hand or of a bandage exerted on the waist of a woman in delivery.

Id. કલ્લો કરવો-દેવો To exert a pressure on the waist, &c.

કલ્લોલ, *s. m.* [S. Imit. of the sound of waves.] A tumultuous noise; bellowing. 2. Merriment.

કલ્હાર, [S.] Same as **કલાર.**

ક-વખત, *s. m. f.* [See કુ dim. + વખત time.] A wrong time; a bad time.

Id. કવખતે At a wrong time; unseasonably.

ક-વગું, **ક-વેગું,** *adj.* [S. कु dim. + વગ convenience.] Inconvenient.

Id. કવચા આવ્યાથી Owing to cramps coming on. કવગો An unfamiliar part of a city or country; a strange district.

કવચ, Same as **કૌવચ**.

કવચ, *s. n.* [S.] An armour; a defensive coating. 2. A coating. 3. A mystical syllable used as a preservative or as a defensive coating.

કુ·વચન, Same as **કુ·વચન**.

કવચ-બીજ, *s. n.* [See કવચ, કૌવચ, + बीज seeds.] The seed of a climbing herb; the *Mucuna Pruriens*.

કવચાં, *s. n. pl.* A medicinal drug.

ક·વા·છટ, *s. f.* [S. कु dim. + વા wind + છાંટો a drop, See વા·છંટ.] Trouble; drudgery; Labour. 2. The time of the monthly course of a woman.

કવડી, *s. f.* A game for children, otherwise known as મોઈ-દંડો. (Used in Rewā Kānthā)

ક·વર્ણ, *adj.* [S. कु dim. + वर्ण a caste.] Of low or degraded rank (of persons).

ગરજ ગણી સાકર થકી, કવણને કાકા કહે.

—સામળભટ.

કવણ, Same as **કોણ** Who ? Which ?

કવણ તે આવ્યો હતો ? કવણ સરૂપી કામ ?
કવણ સાથે સ્નેહ કર્યો ? કવણ દેશ કોણ કામ ?

—સામળભટ.

કવ·ન, *s. n.* [S. *fr.* कु to sound.] Same as **કવિ·તા**, 2. Composing verses. 3. A poetical composition.

કવની *s. m.* A versifier; a bard. 2. A cheat; a deceiver.

કવર, *s. n.* [Eng. *Cover.*] A covering; an envelope.

ક·વરણ, *s. f.* [See કુ dim. + વર્ણ a caste] A low caste. 2. *adj.* Belonging to a low caste.

ક·વરધું, *adj.* [S. कु dim. + વરધું grown *fr.* S. वृध् to grow.] Crooked; cross. 2. Bitter; harsh.

કોણે વચન કહ્યું રે કવરધું ?—**ભાષા.**

Id. કવરધું કહેવું-બોલવું To be crooked or cross in speech; to speak bitter or harsh words.

ક·વર્ફ, *s. n.* [See કુ + વર husband.] An ill match; a badly matched husband and wife.

ક-વર્ગ, *s. m.* [S. क the letter or sound *Ka* + वर्ग a class.] The five consonants of the ક class; ક, ખ, ગ, ઘ, ઙ, the gutturals.

કવરા·વવું, *v. t.* [See કાયર, કાવરો. harassed, perplexed.] To harass.

કવલ, *s. m.* [S. See કોળિ·ઓ.] A mouthful of food.

કવલાં, *s. n. pl.* [*Cf.* Mar. कौल a tile *fr.* S. कुलाल a potter.] The lines of tiles on the roof of a house.

કવ·વું, *v. t.* [See કવ·ન a poem.] To compose verses; to versify.

કવ્યું કવે, તે શાનો કવિ ? અને શીખી વાત, તે શાની નવી?

—ભાષા.

ક·વશ, *adj.* [S. कु dim. + वश power.] Dependent; under the control of. 2. *s. f.* The monthly course of a woman.

ક·વાંગું, Same as **ક·વગું**, **ક·વંગું**.

ક·વા, *s. m.*
ક·વાયુ, *s. m.* } [See કુ dim. + વા, વાયુ. wind.] An ill wind; a sickly wind. 2. A disease. 3. A change for the worse. 4. Disunion. 5. Unfavourable circumstances.

Id. હાલ કવા છે-વાય છે The atmosphere is at present infected. તેને શરીરમાં કવા પેઠો છે His body has become an abode of sickness or disease.

એકલો જતીને આવે, ન લે સવા કવાને. **—વલ્લભ.**

કવાએત, *s. f.* [Ar. कवाएद *pl.* of काएदा military exercise.] Military discipline; military drill or exercise; parade. 2. A subtle device.

કવાએતી, *adj.* Pertaining to military discipline. 2. Disciplined.

ક·વાટ, *s. f.* [S. कु dim. + वर्त्मन्, વાટ, a way *fr.* वृत् to turn.] A bad way; a bad course of life. 2. Immoral conduct or course of life.

ક·વાણું, *s. n.* [See કુ+વર્ણ, વાન, colour. *Cf.* સ·વાણ.] Defect.

કવાબ, Same as **કબાબ**.

કવાલ, *s. m.* [Ar. कव्ल् to speak.] A songster. 2. A particular air in music (ખ્યાલ.)

કવાલી, Same as **કવાલ** A songster.

ક·વા·વું, *v. i.* [See ક·વા, ક·વાયુ, a disease.] To be affected by a disease.

કોને કહીએ જે, કવાઈ કૂખ? —**ગિરધર.**
જેવું કવાયું વાદળું, એવું મિથ્યા શરીર.
—**જીવરામભટ.**

2. To be spoiled. 3. To cease to give milk (of a cow, &c.).

Id. કવાઈ જવું To be spoiled; to undergo a change for the worse. ભેંસ કવાઈ-કવાઈ ગઈ The she-buffalo has ceased to give milk.

Prov. કવાયે કાંકરા Disunion goes before destruction.

ક·વાસ, *s. m.* [S. कु dim.+वास residence *fr.* वस् to dwell.] Residence in a bad place.

ક·વાસ, *s. m. f.* [S. कु bad + वास a smell.] A bad smell.

કવિ, *s. m.* [S. *fr.* कु to sound.] A poet; a bard; a minstrel.

Prov. જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ A poet can talk of things not seen in this world.

કવિ·ત, *s. n.* A verse.

કવિ·તા, *s. f.* Poetry. 2. A poem.

કવિ·તા·ઈ, *s. f.* The profession of making verses.

સવિતાઈ સેવકથી, કવિતાઈ કો કરત;
પિતૃતાઈ પામી પ્રેમે, વેષતાઈ વામણે. —**વલ્લભ.**

કવિતા–કરણ, *s. n.* Skill in poetical composition; the art of composing verses.

કવિ·તા–શક્તિ, *s. f.* Lit. The power of writing poetry. 2. Poetical genius.

કવિ·ત્વ, *s. n.* Versification. 2. The power of versifying; poetical genius.

ક·વિદ્યા, *s. f.* [S. कु dim. + विद्या] learning *fr.* विद् to know.] Bad learning; seductive speeches. 2. Roguery; cunning.

કવિ–મણિ, *s. m.* [See કવિ+મણિ.] A jewel among poets.

કવિ–રાજ, *s. m.* [S. + राजन् a king *fr.* राज् to shine.] An eminent poet; a prince among poets; a poet-laureate.

કવિ–વર, *s. m.* The best of poets.

કવિન્દ્ર. [S. + इन्द्र the king of gods.] Same as **કવિ–રાજ.**

કવીશ્વર, [S. + ईश्वर lord *fr.* ईश् to rule.] Same as **કવિ–રાજ.**

કવેશ્વર, [Corrup. of કવીશ્વર.] Same as **કવિ–રાજ.**

ક·વેણ, Same as **કુ·વચન.**

ક·વેળા, *s. f.* [S. कु dim.+ वेला, વેળા, time.] An ill time; an improper time. 2. An unlucky time.

કવ્ય, *s. n.* [S.] The oblation of the funeral cakes to the ancestors.

કશ, *s. f.* [See કોશ an iron-bar.] An iron instrument for digging.

કશટો, *s. m.* [S. कष्ट, કષ્ટ, pain.] Affliction; misery. 2. Bodily exertion; hard work.

કશલું, *s. n.* [Metathesis of કલુસ.] An ear of corn.

કશલી, *s. f.* [Metathesis of S. कलश a water-pot.] A small water pot which exactly fits the mouth of a large pot.

કશીદો, Same as **કસીદો.**

કશું *adj.* [S. किम् what ? + दृश like *fr.* दृश् to see.] Any; whatever.

કશાલો, *s. m.* [S. कश्, कष्, to rub. See કસ·વું.] A crowd; a crowded condition.

કષાય, *s. m.* [S.] A decoction. 2. An astringent taste. 3. A brick-colour; a reddish colour. 4. Dirt; uncleanliness; sin.

જે ઇંદ્રિયે જે કષાય કર્યું, તેથી કામ ત્યાં તેવું સર્યું.
—**અખો.**

5. Passion; emotion.

કષ્ટ, *s. n.* [S. *fr.* कष् to give pain.] Bodily exertion. 2. Suffering; pain.

Id. કષ્ટ થવું-પડવું To undergo bodily exertion. 2. To suffer pain. કષ્ટ ખમવું-વેઠવું To bear bodily or mental trouble. કષ્ટ દેવું To give pain to. કષ્ટ કરવું=કાયા કષ્ટવી To undergo bodily exertion. કાયાકષ્ટ Bodily pain. 2. Mortification of the flesh. કષ્ટસાધ્ય (A disease) Which can be cured with difficulty. કષ્ટમોચન Deliverance from suffering. કષ્ટહારી A deliverer from suffering.

કષ્ટ·વું, *v. t.* To give bodily or mental pain to.

કષ્ટા·વું, *v. i.* To travail; to labour. 2. To suffer the pangs attendant on delivery (of

a woman). 3. To suffer pain.

કષ્ટિ·ત, કષ્ટી, } *adj*. Hard-worked. 2. Afflicted; distressed.

કસ, *s. m.* [S. कस pith *fr.* कष् to rub, to test. Or, Ar. कस pith.] Pith; marrow; essence. 2. Strength. 3. The nutritive principle (of vegetable substance and articles of food) 4. The remunerativeness (of a trade). 5. The quality of gold or silver (as determined by rubbing it on a touch-stone).

Id. કસ કરવો-કાઢવો-જોવો-લેવો To test by rubbing. કસ કાઢવો To extract the essence of. કસ લેવો-ચુસવો To deprive of the essence. કસ આવવો-વધવો To have an increase of essence, substance, or strength. કસ ચોરવો To lose essence, substance, or strength, *e. g*, આ સાલ ધરતીએ પણ કસ ચોર્યો. તેમાં કશો કસ રહ્યો નથી He is penniless. કસે આવવું=કસ પર આવવું = કસે ચઢવું = કસે ભરાવું To reach a crisis; to be obstinate.

કસ, *s. f.* [S. कश a string.] A bandage of an અંગરખા or bodice.

Id. કસ બાંધવી To tie the bandages of a garment. કસ ટાંકવી-મારવી-દેવી-ચોડવી To sew tapes or bandages (on a coat, &c.).

કસાઈ, *s. m.*[Ar. कसरत् plenty.] A butcher. Same as કસાઈ.

કસ-કસ·તુ, *adj*. [See કસ-કસા·વવું to make tight.] Tight.

કસ-કસ·વું, કસ-કસા·વવું, } *v. i.* [S. कष् to rub, to scratch.] To bind tightly. 2. To rub hard. 3. To test; to try hard.

Id. કસકસીને બાંધવું To bind tightly.

ક·સટિ·યો, *s. m.*[S. कु dim.+ સટ્ટો speculation.] A pawnbroker; a money-lender.

કસ·ડો, *s. m.* [See કચ્છ the tuck of a garment.]A waistband of silver or gold.

કસણ, *s. f.* Same as કસ Rubbing; testing.

કસણ કર્યા વિના રે. —પ્રેમાનંદ.

કસણ·વું, *v. t.* [S. कषण rubbing *fr.* कष् to rub.] To mix by gradually rubbing the ingredients together; to mix by rubbing.

કસ·ણી, *s. f.* [S. कास a cough.] A disease of the lungs (in children).

કસ·ણી, *s. f.* [See કસ test.] A test by rubbing. 2. Distress.

આવી કસણી ન દેજો રે કોઇને, સ્વામીએ માગ્યું વરદાન રે.
—ભોળોભગત.

કસણું, Metathesis of કણસ, An ear of corn.

કસદ,[Ar.]Inclination; desire; purpose.

કસ·દાર, કસ·વાળું, } *adj*. [See કસ essence + P. दार, S. वत्, वान्, વાળું, possesing.] Sappy; substantial; nutritive. 2. Pithy.

કસબ, *s. m.* [Ar.] Gold or silver thread used in embroidery. 2. A business; a trade; a profession. 3. Conversancy in an art; proficiency. 4. An artifice; a device. 5. Harlotry.

Id. જુઠ્ઠો-ખોટો કસબ Imitation lace: Lace not made of gold or silver thread. સાચો કસબ Lace made of gold or silver thread. એ એનો કસબ છે This is his forte. 2. He is an expert in this matter.

કસબ-ચોર, *s. m. f.* He or she who cunningly learns an art from another and practises it. 2. An artificer who cunningly spares his skill, or refuses to teach it to others. 3. He or she who pilfers articles entrusted to him or her (of an artisan or a skilled labourer).

કસબ-ચોરી, *s. f.* The act of secretly learning and practising an art without admitting one's obligation to the teacher. 2. The act of dishonestly concealing one's skill from learners. 3. The act of dishonestly pilfering articles entrusted to one (of an artisan).

કસબ·ણ, *s. f.* A courtezan; a whore; a prostitute; a harlot.

કસબા·તી, *adj*. Belonging to a કસબો or town.

કસબી, *s. m.* [See કસબ an art.] An artist; an artisan. 2. *adj*. Skilful; clever. 3. Made of brocade.

Id. કસબી માણસ A skilful man;an artist. કસબી કોર A tape interwoven with gold or silver thread.

કસબો, *s. m.* [Ar. कसबह् a town.] A town.

Prov. કસબે તરક ન છેડીએ, ઊનાળે અંગાર; વગડે જટ ન છેડીએ, બજારે બકાલ Every man is a king in his own house: Every cock is proud of his own dunghill: Everp dog is a lion at home.

કસમ, *s. m. pl.* [Ar. कसम an oath.] An oath.

Id. કસમ ખવડાવવા-દેવા To administer an oath. કસમ ખાવા To take an oath; to swear.

ક•સમજ, *s. f.* [S. कु dim. + સમજ•વું to understand.] A wrong understanding. 2. A weak intellect.

ક•સમો, *s. m.* [S. कु dim. + સમો time *fr.* S. समय time *fr.* सम together with + इ to go.] A bad or unluckly time; an inconvenient time.

ક•સમો•ડા, *s. m. pl.* [S. + समय, See ક•સમો + उदय rise, beginning, *fr.* उद् up + इ to go. Or, કસ strength+ Mar. मोडणं, મોડ•વું, to break *fr.* S. मृद् to pound, to rub.] Yawning and other signs of idleness or of coming illness.

કસર, *s. f.* [Ar.] Deficiency; imperfection. 2. Detect; short-coming. 3. A sum added to, or subtracted from, either side of an account to make the two sides balance. 4. Thrittiness. 5.Faint symptoms of a disease almost cured.

Id. કસર કરવી To be thrifty. કસર આપવી To pay less. 2. To pay or make an allowance for contingencies.કસર દેવી To pay less. કસર રાખવી To allow a defect to continue;to neglect. તેની અંદર હજી જરા કસર છે There is still a little defect left in him.

Prov. એક કસર, ને સો સફર Money saved is money got.

કસરત, *s. f.* [Ar.] Practice. 2. Exercise; the state of being constantly engaged (in gymnastic feats, &c.).3.The state of being accustomed to exertion or hard work.

કસરત•બાજ, *adj.* Loving physical exercise; practised in physicial exercise; fond of athletics. 2. Skilful; clever.

કસરત-શાળા, *s. f.* A gymnasium.

કસરતિ•યું, કસરતી, } *adj.* Same as **કસરત•બાજ.** 2. Practised; exercised. 3. Clever.

કસરિ•યું, કસર•ખોર, } *adj.* [See કસર frugality.] Erugal; thrifty; economical.

કસલિ•યું, કસળિ•યું, } *s. n.* [See કુશળ good health.] (Used for euphemy) A kind of epidemic disease. 2. Cholera.

કસ-વાટ, *s. n.* [See કસ essence + વાટ way.] A wooden frame fixed in an oil-mill, through which the oil passes.

ક•સ•વાણ, *s. n.* [See કુ dim. + સ•વાણ good health. *Cf.* ક•વાણ disease.] Ill health; sickness.

કસ•વું, *v. t.* [S. कष् to rub.] To bind tightly.2.To test;to try;to put to the test. 3. To try or test gold, &c., by rubbing it on a touchstone. 4. To put to exertion; to exert; to exercise; to fatigue; to exhaust by hard work.

Id. શરીર કસવું=કાય કસવી To make the body strong by hard work. સોનું કસવું To test gold by rubbing in on a touchstone. ટેવ કસવી To cultivate a habit. કેડ કસવી To bind the waist tight; to gird up the loins. 2. To work with a heart. કસીને કામ લેવું To exact work.

Prov. સોનું જોઈએ કસી, ને માણસ જોઈએ વસી The value of gold is determined by rubbing it, and that of a man by living long in his company.

હસે પાસ બેસી કસે, દાસ તે ઉદાસમાં.—**વલ્લભ.**

કસાઈ, Same as **કસાઇ.**

Prov. કસાઈને ઘેર કુશળ, ને ધર્મીને ઘેર ધાડ Honesty is praised but starves: Plain dealing is a jewel, but they that use it die beggars. કસાઈને ઘેરથી ગાય છોડાવવી To save an innocent creature from certain death.

કસાઈ-વાડો, *s. m.* The quarter inhabited by butchers. 2. A slaughter-house.

કસા-કસ, *s. n.* **કસા-કસી**, *s. f.* } [See કસ-વું to rub.] Rivalry; competition; emulation. 2. Rashness.

Id. કસાકસીનો વખત A time of hard competition. કસાકસી ચાલે છે There is a hard struggle or keen competition.

કસાણું, Same as **કટાણું**.

કસા-ય-લું, *adj.* [See કસ-વું to rub.] Tested. 2. Practised; accustomed to hard work.

કસાર, Same as **કનસાર**.

કસારી, Same as **કંસારી**.

કસારો, Same as **કણુસારો**.

કસા-વું, *v. i.* [Pass. of કસ-વું to test, to rub.] To be tested. 2. To be accustomed to hard work.

કસીદો, *s. m.* [P. *fr.* कशीदन् to draw.] Embroidery. 2. A piece of a brick or tile burnt in fire and turned hard.

Id. કસીદો ભરવો-કાઢવો To do embroidery.

ક-સુ-તર, *adj.* [कु dim.+सु-तर easy to cross or to accomplish *fr.* सु well + तॄ, तर्, to cross.] Difficult; intricate; vexatious. 2. Inconvenient.

કસુમ્બ-લ, *adj.* Same as **કસુમ્બી**, 2.

કસુમ્બી, *s. f.* [S. कुसुम्भ.] Safflower; saffron. 2. *adj.* Red; coloured with safflower.

કસુમ્બો, *s. m.* Saffron-colour; red colour. 2. A garment dyed with a red or saffron colour. 3. A drink of opium diluted with water and having a saffron colour.

Id. કસુમ્બો કાઢવો To make a red liquid. 2. To get a red liquid from safflowers. 3. To make a drink of opium, &c. કસુમ્બો ગાળવો To make a red-coloured liquid of safflowers. કસુમ્બો પીવો-લેવો To drink a preparation of opium. કસુમ્બા પાણી કરવાં To make a feast in which a preparation of opium is the chief attraction. 2. To effect a reconciliation between rivals who thereafter drink an opium preparation at a feast; to reconcile. કસુમ્બો ચઢાવવો-દેવો-મૂકાવવો To dye red.

કસુર, *s. f.* [Ar.] A fault; an error; a shortcoming.

Id. કસુર કરવી To commit a fault. કસુર કાઢવી To find fault with.

ક-સુવા-વડ, *s. f.* [S. कु dim. + સુવા-વડ confinement.] Abortion; miscarriage. 2. A painful delivery.

ક-સોણું, *adj.* [+ સોણું clean.] Not pure; impure; defiled; polluted. 2. Not in working order; out of order.

Id. જીભ કસોણી કરવી To defile one's tongue; to make use of abusive words.

ક-સોળ-ણુ, *s. n.* Rubbish. 2. Chaff.

કસોટી, *s. f.* [See કસ rubbing + વૃત્તિ a circle.] A touchstone; generally round in form. 2. Making a trial; an experiment; a trial.

Id. કસોટી કાઢવી To test by rubbing. 2. To test a man by putting him to a severe trial. કસોટીમાં લેવું To exact hard work from a man.

કસ્તર, *s. n.* Rubbish. 2. Old grass used for thatching. 3. Patching up old metal vessels.

કસ્તી, *s. f.* [P.] The sacred thread tied round the waist by the Pārsīs.

કસ્તુરી, *s. f.* [S. कस्तूरी.] Musk.

કસ્તુરિ-યો-બાટ, *s. m.* A fragrant plant.

કસ્તુરિ-યો-મૃગ, *s. m.* [S. + मृग a deer.] The musk-deer.

કહાડ-વું, Same as **કાઢ-વું**.

કહા-ણી, *s. f.* [See કહે-વું to tell.] A story; a tradition. 2. A proverb. Same as **કે'ણી**.

કહા-વવું, *v. t.* [Caus. of કહે-વું to tell.] To send a message.

Id. કહાવી મોકલવું To send word.

કહીં, *adv.* [S. कस्मिन् in what ? *fr.* किम् what ?] Where ? at which place ?

કહીં-કહીં, *adv.* At some places.

કહે-ણુ, *s. n.* [See કહે-વું to tell.] A message. 2. An invitation. Same as **કે'ણુ**.

Id. કહેણ મોકલવું To send an invitation.

કહે-ણી, *s. f.* That which is said. 2. A mode of telling or speaking. 3. A proverb; a maxim. 4. A bad reputation; a public scandal. Same as **કે'ણી**.

રામ સા'ય લઈ લઈ, કયું કહેણી કઈ કઈ,
કરે દુઃખે રહી રહી, સ્મરી રામ નામને.

—વલ્લભ.

શેઠાણી પગ ખેંચી રહી, શુક પ્રત્યે એક કહેણી કહી.

—સામળભટ.

કહે-વત, *s. f.* A proverb; a maxim. 2. A bad reputation.

Id. કહેવત છે=કહેવત ચાલે છે As the proverb goes: As the proverb says. માથે કહેવત આવવી To be subject to a charge; to be charged with an offence; to be reputed guilty.

કહે-વરા-વવું, Same as **કહા-વવું**.

કહે-વા-વું, *v. i.* [Pass. of the Caus. of કહે-વું to tell.] To be called. 2. To be reputed. 3. To be charged.

કહે-વું, *v. t.* [S. कथ् to tell.] To tell; to inform. Same as **કે'વું**.

Id. કહી દેવું To give out; to express. કહી છુટવું–નાખવું To have finished telling. કહી સંભળાવવું To relate; to tell. 2. To use abusive language towards.

Prov. કહેવું જૂદું, ને કરવું જૂદું=કહેવું કંઈ, ને કરવું કંઈ=કહેવામાં ને કરવામાં ફેર છે Saying and doing are two things: It is easier to speak than to do. કહેવા કરતાં કરવું ભલું Better to do a thing than say it. કહેવું થોડું, ને કરવું ઘણું Promise little and do much. કહેવું થોડું, પણ કરવું ઘણું Be slow to promise but quick to perform. કહેવું સહેલું છે, પણ કરવું કઠણ છે Saying is one thing, doing another. કહ્યું તે કર્યા બરાબર છે Take the will for the deed. કહેનાર કહી છુટે, ને વહેનાર (બળદ) વહી છુટે = કહું તો મા મર જાયગા, ના કહું તો બાપ કુત્તા ખા જાયગા=હા કહું તો હાથ વઢાય, ના કહું તો નાક કપાય It is a dilemma or a case difficult to decide. કહે ઘણું, કે સહે ઘણું If a man do not give vent to his grief and cry out, he shall have to bear in silence much mental agony. કહેતાં તો કહેવાયું, પણ આખી રાત ન સહેવાયું A rash speech is followed by painful consequences. કહેતા બી દીવાના, ને સુનતા બી દીવાના A foolish speaker generally finds an equally foolish audience. કહે લુંડી "નવાબ," તો કહે "નવાબ" A dependent is bound to humour his master. કહો છોને "વર ઘરડા"? Experience generally belies the appearance.

કહોડ, Same as **કોડ** A cow-pen.

કહોડ, Same as **કો'ડ**.

કહોડિ-યું, Same as **કો'ડિ-યું**.

કહ્યા-ગરૂં, *adj.* [See કહ્યું told *fr.* કહેવું to tell + કર-વું to do.] Obedient.

કહ્યું, *adj.* [Pret. of કહે-વું to tell.] Told; mentioned; ordered.

Id. મારી અક્કલ કહ્યું કરતી નથી My mind cannot comprehend it. 2. I am astonished at it. મારી આંખ કહ્યું કરતી નથી I cannot bear the sight. 2. I am envious. 3. I am astonished at the sight. મારૂં કાળજું કહ્યું કરતું નથી I cannot control my heart; I feel pity for it; I am moved with pity for it. 2. I cannot believe it. મારી છાતી કહ્યું કરતી નથી I cannot repress my heart; I am impatient. મારો જીવ કહ્યું કરતો નથી I am not satisfied. મારા પગ કહ્યું કરતા નથી My legs refuse to carry me about; I am so tired that I cannot walk. મારૂં મગજ કહ્યું કરતું નથી My head does not obey me, either because I am excited, or because it cannot comprehend the matter. મારૂં મન કહ્યું કરતું નથી My mind is not satisfied. 2. My mind is beyond my control. 3. I am astonished at it.

કળ, *s. f.* [S. कल् to know. *Cf.* વેદના pain *fr.* विद् to know.] A sharp excruciating pain.

Id. કળ આવવી–ચઢવી To have a sharp pain. કળ વળવી To be free from a sharp pain. 2. To be at ease.

કળ, *s. f.* [S. कला art.] A stop-cock; a door-handle. 2. A scheme; a contrivance.

Id. કળ દાબવી To turn on (of a knob, a stop-cock., &c). 2. To put into motion. 3. To incite the parties to a quarrel. કળ દેવી–મારવી To stop a machine from working. કળ ઉઘાડવી To turn on (of a knob, &c.), and remove the covering. કળ મરડવી To twist and break a knob, &c. કળ બતલાવવી To show the secret way of solving a difficulty.

Prov. કળથી થાય, તે બળથી ન થાય Knowledge is power=Mildness governs more than anger.

કળ, *s. m.* Soft and cold clay.

કળ-કળ-તું, *adj.* [See કળ-કળ-વું.] Moaning; weeping aloud. 2. Boiling hot. Same as **ખળ-ખળ-તું**.

કળ-કળ-વું, *v. i.* [See કલ-કલ-વું; ક-કળ-વું.] To murmur. 2. To grumble.

કળ-કળા-ટ, *s. m.* [+ वृत्ति being.] Moaning; weeping aloud; a loud noise. Same as **ક-કળા-ટ**.

Id. કળકળાટ કાઢવો To banish moaning and weeping; to put a stop to moaning and weeping. કળકળાટ ગયો An expression used when oil is spilt on the ground. કાળી ચૌદસને કળકળાટ કાઢવો An expression used while cakes are fried in oil on the કાળી ચાદસ day, to show that all moaning and weeping is banished from the house.

કળછા, *s. f.* [See કલેશ, કલેશ.] Disagreement; a quarrel. (Used in Kāthiāwāḍ.)

કળ-જુગ, Same as **કલ-જુગ**.

કળ-ણા, Same as **કલ-ના** Knowledge.

કળણા રહિત કોઈ નિબંધ. —અખો.

કળ-તર, Same as **કલ-તર**.

કળત્ર, Same as **કલત્ર** Wife.

પુત્ર કળત્ર પરિવાર વહાય. —નરસિંહમેહતો.

કળથી, Same as **કલથી**.

કળપ-વું, *v. t.* [S. क्लृप्, कल्प्, to arrange, to resolve.] To resolve. 2. To pour water into the hands of a priest as a mark of making a resolution to perform a religious ceremony.

કળપ-વું, *v. t.* [See કળપી a harrow.]To harrow a field.

કળપા-વવું, *v. t.* [See કલ્પાન્ત the end of the creation.] To afflict; to distress.

કળપી, *s. f.* [S. क्लृप् to arrange.] A harrow with which lines are made in a field.

કળબ, *s. m.* A large harrow.

કળબ-વું, Same as **કળપ-વું** To harrow.

કળમ-ણ, Same as **કળુબ-ણ**.

કળમી Same as **કલમી, કળુબી**.

કળ-વ-કળ, *s. f.* [S. कला, કળ,a contrivance + વિ-કળ putting a contrivance out of order *fr.* वि privative of + કળ.] Tact; skill in managing.

કળ-વળ, *s. f.* [Imit.] Same as **કલ-બલ** An indistinct loud noise.

વાટે કરતી વાત, કંઈક મળીને કળવળ. —કૃષ્ણરામ.

કળ-વળ-વું, *v. i.* To make a noise.

કળ-વું, *v. t.* [S. कल् to know.] To understand.

માગ મુકાવે વીરમાંય, કળે યુદ્ધ કે ચઢતો ત્યાંય. —પ્રેમાનંદ.

2. To guess. 3. *v. i.* To give rise to a sharp pain.

Id. વાત કળવી To comprehend all about a thing. 2. To guess a thing. પગ કળે છે There is a sharp pain in the legs. કળી જવું-બેસવું To be engulfed or stuck fast (as in mud). કળા જવું To know. 2. To have numbness (as in cold weather). 3. To be stuck (as in mud).

Prov. કળ્યો કોયડો કોડીનો A puzzle loses its value, when you know the solution.

કળશ, *s. m.* [S. कलश.] A water-pot. 2. A pile of metal water-pots, set one above another. 3. A cupola; a dome.

કળશિ-યો, *s. m.* A goblet; a jug.

કળશે-જવું, *v. i.* To go to stool.

કળસી, Same as **કલસી**.

કળ-હીણુ, See **કળા-હીણુ** under **કળા**.

કળ-હીણુ, See **કુળ-હીણુ** under **કુળ**.

કળા, *s. f.* [S. कला art *fr.* कल् to know.] Art. 2. Ingenuity. 3. A sixtieth part of a circle. 4.A digit of the moon. 5.The lustre of the countenance;a beautiful appearance. 6. The expanded tail of a peacock.

Id. કળા કરવી-આવડવી To contrive; to scheme. કળા કરવી To spread the tail(said of a peacock). કળા શિખવી To learn an art. કળા પાડવી To lose the lustre of the countenance. કળા ઝાંખી થવી To become less (of the luster of the countenance). કળા દેખાડવી To show one's own ingenuity or cleverness. મુખકળા The lustre of the countenance. ચાદ વિદ્યા ને ચોસઠ કળા There are fourteen departments of learning and sixty-four departments of technical skill. શિલ્પ-કળા Arts;manual arts. એક જીવની પાછળ સોળ કળાઓ છે A single life has

sixteen attributes. ચંદ્રની કળાઓ The digits of the moon. ચંદ્રકળા A kind of sārī. છાપવાની કળા The art of printing. કળાકુશળતા=કળાકૌશલ્ય Skill in manual arts.2.Arts and sciences;genius & skill.3.Skill in mechanics. અંશ, કળા, વિકળા (In circular measure) A degree, a minute,a second. કળાહીણું Stupid. 2. Destitute of lustre of countenance.

કળા-કર, *s. m.* A peacock.

કળા-ધર, *s. m.* The moon. 2.A peacock.

કળા-નિધિ, *s. m.* The moon.

કળાણ, *s. n.* [See કળ mud.] Muddy ground; a morass; a slough.

કળાપો, Same as **કંકળાટ.**

કળાયલ, *adj.* [See કળા the extended tail of a peacock.] Having the tail spread out (of a peacock).

કામની જાણે કળાયલ મોર, તેવી રામા લક્ષણની ચોર.
—**સામળભટ.**

કળાવન્ત, [S. कला art, See કળા, 1, 4, + वत्, वन्त, વાળું, having.]Lustrous;glorious. 2. Skilful. 3. *s. m.* A skilful songster. 4. A man skilful in playing on musical instruments.

કળાવન્તિણી, **કળાવન્તી,** } *s. f.* A dancing girl; a courtesan.

કળાવાન, *adj.* Skilful.

કળિંગડું, Same as **કલિંગડું.**

કળિત, Same as **કલિત.**

કળિયો, *adj.* [S. कुलीन or कुलिन् born in a noble family *fr.* कुल a family.] Nobly born; born in a high family.

કળિયો, *s. m.* **કળી,** *s. f.* } [S. कलिका, कली, a bud.] A bud. 2. The hard seeds of certain trees. 3.A thread-like eatable made of gram-flour. 4. A kind of sweetmeat. 5. A side, or the skirts, of an અંગરખા.

Id. ફુલની કળી The bud of a flower. કળી ખીલવી To open(of the bud of a flower).2.To reveal or open one's heart. 3. To be pleased. 4. To be in one's youth. 5. To appear beautiful. 6. To spread and fix the folds in the skirts of an અંગરખા. ચણાની કળી A preparation made of gram-flour. કળી પાડવી To prepare & cook a preparation of gram-flour. કળીના લાડુ Sweet balls made of a preparation of gram-flour.

કળી, Same as **કલિ** The Iron Age.

Id. એના ઘરમાં કળી પેઠો છે There are quarrels in his house. એના શરીરમાં કળી પેઠો છે He has become vicious.

કળી-કાળ, **કળી-યુગ,** } Same as **કલ-જુગ.**

કળી-ચુનો, *s. m.* [+ ચુનો lime *fr.* S. चूर्ण powder.] Quicklime.

કળુંડું, *adj.* [See કળ mud] Muddy.

Id. કળુડું પાણી Muddy water.

કળે-વળે, *adv.* [Guj.Instrumental cases of કળ art + વળ a turn, a twist.] By hook or by crook 2. Cleverly; skilfully.

કળો, *s. m.* Same as **કલહ** A quarrel.

કહે અખો "ઉપજાવ્યો કળો." —**અખો.**

કૃષ્ણ કહે "પાછા વળો, મારી સાથ તજી કળો;
તો તો વેણ મારાં કળો, જશ જામે જગમાંય કરેડી.
—**વલ્લભ.**

કળો, *s. f. pl.* [See કળ pain.] Fits; paroxysms.

Id. કળો ખાઈને રોવું To be in a fit of weeping, કળો ખાઈને હસવું To be in a fit of laughter.

કળોટી, *s. f.* [See કરેડી.] White sand.

કાં, *adv.* [S. किम् what ?] Why ? wherefore ? 2. An expletive particle.

કાંઈ, Same as **કંઈ.**

કાંઈ-એક, **કાંઈ-ક,** } Same as **કંઈ-એક.**

કાંઈ-કાંઈ, *pron. n.* Something; something unspeakable or indescribable.

લાલ તમારો લાડકવાયો, મુને કાંઇ કાંઇ કહે છે રે.
—**દયારામ.**

2. A little.

કાંકે, Same as **કાંઈ-ક,કંઈ-એક.**

કાંકડું, *s. n.* [S. कङ्क.] A ravenous bird.

કાંકણ, Same as **કંકણ.**

કાંકણુ, **કાંકણી,** *s. f.* } [See કાકડી.]2.A kind of cucumber.

કાંકણુ-દોરો, *s. m.* Cotton thread made

into a wristlet, and tied round the wrist of the bride and bridegroom.

કે મારા કાંકણ-દોરા છોડાવ રે, બાળા રાજા રે.

—અભિમન્યુનો ચકાવો.

કાંકરી, *s. f.* [S. कङ्कर.] A small pebble. 2. Sand.

Id. કાંકરી ચાળો કરવો To throw pebbles at each other in play.

Prov. કાંકરી ઘડાને ફોડે A little leak will sink a great ship (of children).

કાંકરી-દાવ. *s. m.* A play for children, in which sixteen or thirty-two pebbles are used.

કાંકરેટ, *s. n.* [Eng. *Concrete.*] Concrete; a hard mass formed by mixing together lime, sand, pebbles, &c.

કાંકરો, *s. m.* [See કાંકરી.] A pebble. 2. A misgiving. 3. A doubt; the cause of a doubt. 4. A pain in the eye.

Id. કાંકરો કાઢવો To take pebbles out of the bed of a river. કાંકરો ભરવો To carry away pebbles. કાંકરો ખુચવો To prick (of pebble). 2. To be distressed in mind. કાંકરો કાઢી નાખવો To throw away a pebble. 2. To remove an obstacle. 3. To disregard. આબરૂના કાંકરા કરવા To lose one's character or reputation. કાનમાં કાંકરા ઘાલવા To twist the ears with a pebble, in order to enhance the pain. 2. Not to hear. 3. To disregard.

Prov. કાંકરે કાંકરે પાળ બંધાય, ને ટીપે ટીપે સરોવર ભરાય Constant dropping wears away stones, and little strokes fell great oaks.

કાંકીડો, Same as **કાચીડો**.

કાં-કે, *conj.* [See કાં, કેમ, why ? + કે that, *conj.*, both being derived from S. किम what ?] Because; for; since.

કાંકે, *adv.* [See કમ-કમી shivering.] In excitement; in anger. (Used in the Surat District.)

Id. કાંકે ચઢવું To be angry with કાંકે ચઢાવવું To make angry.

કાંકેલ, *s. m.* A kind of thorny shrub.

કાંગ, *s. m.* [S. कङ्गु.] A kind of corn.

કાંગડ, *s. m.* A weaver's instrument. (Used in Sorath.)

કાંગ-ડું, *s. n.* [See કાંગ corn + ડું dim.] That (grain) which will not boil soft, nor swell and shoot on being soaked in water.

કાંગર-વું, *v. i.* To be angry. (Used in Jhālāwād.)

કાંગરી, *s. f.* [See કાંગરો.] Indentations in an ornamental border. 2. An ornamental border.

કાંગરૂ, *s. m.* [Eng. *Kangaroo.*] A kangaroo.

કાંગરો, *s. m.* [See કાંગુરો.] Indentations on the edge of a thing. 2. One of such indentations. 3. A battlement. 4. A spire; the top of a dome.

Id. કોટના કાંગરા કુદવા To leap over the battlements of a town. 2. To be uncontrollable or wild. કાંગરાવાળી કોર The border (of a garment) having indented embroidery on it.

કાંગરા-દાર, **કાંગરા-વાળું**, } *adj.* Edged with indented embroidery; having ornamental borders.

કાંગ-વો, *s. m.* [See કાંગ.] A dish prepared of કાંગ and pulse.

કાંગસી, *s. f.* A flowering plant.

કાંગાઈ, *s. f.* [See કાંગું weak.] Delicate nature. 2. Weakness.

કાંગું, *adj.* [See કંગાલ wretched.] Delicate. 2. Weak.

કાંચનાર, **કાંચનાલ**, } *s. f.* A flowering plant.

કાંચ-વું, *v. t.* [See કંચની a courtesan.] To seduce. 2. To deceive. 3. To copulate.

કાંચળી, *s. f.* [S. कञ्चुकी.] A sleeved breast-band worn by women; a tucker. 2. The slough or covering of a snake.

Id. કાંચળી કાઢી નાખવી-ઉતારવી To throw off the slough (of a snake). કાંચળી પહેરવી Lit. To put on a bodice. 2. To act cowardly; to be effeminate.

કાંચળી-યા-પંથ, *s. m.* [See કાંચળી a bodice + S. पन्थाः way.] A sect of persons who perform grossly licentious ceremonies in the name of religion.

કાંચી, Same as **કંચી**.

કાંચીડી, Same as **કાચંડી.**

કાંચીડો, Same as **કાચીડો.**

કાંજી, *s. f.* Cunjee; gruel. 2. Paste.

કાં-જે, *conj.* [See કાં why ? + જે since *fr.* S. यद् which.] Because; for; since.

કાંટ•લી, *s. f.* [S. कण्ठ the neck+ લી dim.] A kind of gold-necklace.

કાંટ•લો, *s. m.* The cut of a coat round the neck. 2. A red circle round the throat of a parrot.

કાંટલો, *s. m.* [S. कण्टक a thorn. See કાંટો.] A shuttle.

કાંટા-રખું, *s. n.* [See કાંટો thorn + રાખ•વું to protect.] A shoe. 2. *adj.* Unshrinking; undaunted; indomitable (Used in Kāṭhī. awād.)

કાંટા-સરિ•યો, *s. m.* [+ સળી a stick.] A hedgehog.

કાંટા•ળું, *adj.* [+ વાળું having.] Thorny; prickly.

કાંટિ•યું, *s. n.* A piece of cloth used for covering a dead body and afterwords thrown on a thorny bush on the burning ground.

કાંટિ•યો, *s. m.* A revengeful man. 2. A man of one of the mountain tribes.

કાંટી, *s. f.* [See કાંટો a fish-bone.] A kind of fish.

કાંટું, *s. n.* A loop or eye for a button.

કાંટો, *s. m.* [S. कण्टक.] A thorn. 2. The tongue of a balance. 3. A balance. 4. The hand of a clock or a watch. 5. A troublesome fellow. 6. The backbone. 7. Spirit; mettle. 8. A fish-bone. 9. The hair on the body standing erect through joy, fear,&c. 10. The sting of an animal, such as a scorpion or a bee. 11. An ornament worn by women on the left nostril. 12. A fork. 13. A cross (×)drawn to test the correctness of the product of a multiplication. 14. A disease in the throat (in parrots).

Id. કાંટો મારવો To sting. કાંટો વાગવો To be pricked with a thorn. કાંટો કાઢવો To extract a thorn. કાંટો કાઢવો-કાઢી નાખવો To get rid of an obstacle or hindrance.

કાંટો મનનો કાઢી નાખજો, તમે તમારી સલાહ રાખજો.
—પ્રેમાનંદ.

કાંટામાં પડવું To throw oneself into a difficulty. કંઠે કાંટા પડવા To be dry & rough (of the throat, for want of water.) ધરમનો કાંટો-અદલનો કાંટો The scales of justice. પ્રેમનો કાંટો The restlessness caused by love.

કાંઠ•લી, *s. f.* Same as **કાંટ•લી.**

કાંઠલો, *s. m.* Same as **કાંટલો.** 2. A circular ring of iron, &c. (generally used as a support for vessels having a round bottom).

કાંઠિ•યો, *s. m.* [See કાંઠો the limit.] A cesspool.

કાંઠો, *s. m.* [S. कण्ठ the neck, the edge.] A bank; a coast. 2. The margin of a well. 3. The limit; the end.

Id. તેના દુઃખનો કાંઠો નથી There is no end to his troubles.

કાંડ•વું, *v. t.* [See ખાંડ•વું.] To oppress.

કાંડા-છોડ,
કાંડા-વછોડ,
કાંડા-અળિયું, } *adj.* [See કાંડું, the wrist + છોડ•વું, વછોડ•વું, to release અળિ•યું strong.]Strong-armed;muscular.2. Powerful; mighty.

કાંડ•યું, *s.n.*A wristlet worn by women.

કાંડી, *s. f.* Same as **કાણ્ડ.**

કાંડી, *s. f.* [M. काडी, काडी, a stick *fr.* કાષ્ઠ wood.] A lucifer match.

કાંડું, *s. n.* [S. काण्ड a shaft,a long bone.] The wrist. 2. A thread worn on the wrist on the fourteenth day of the bright fortnight of Bhādarvā (August-September).

Id. કાંડું ઝાલવું-પકડવું To catch by the wrist. 2. To catch in the act; to catch redhanded. કાંડું છોડાવવું To free oneself from a catch by the wrist(of a game in wrestling) કાંડું વછોડવું To repel; to show contempt to. કાંડા કલમ કરવાં To cut off the hand. કાંડું કાપી આપવું To put down one's signature.

કાંણું-કોઠી, *s. f.* [See કાણું a hole + કોઠી a store S.कोष्ठ a store-room and કોઠી embrace.] A trick to please little children, in which a child is embraced (See કોઠી કર૦).

કાંણું, Same as **કાણું.**

કાંડ, Same as **કાણ્ડ.**

કાંત, Same as **કાન્ત.**

કાંત *s. f.* [See કાંત-વું.] A spindle.

કાંત-ણી, *s f.* [S. कर्तनी. See કાંત-વું.] The style or manner of spinning.

કાંત-ણું *s. n.* Act of spinning.

કાંત-વું, *v. t.*[S. कृत, कृन्त, कर्त, to cut.] To spin; to draw out into threads.2. To make thin. 3. To curtail; to deduct; to make deductions.4. To reduce.

Id. ઝીણું કાંતવું To work with a careful attention to the minutest details. કાંતેલાને કાંતવું–કાંતેલું કાંતવું Unnecessary repetition.

Prov.કાંત્યું પીંજ્યું કર્યું કપાસWell thrashed.

કાં–તો, *conj.* [See કાં why ? + તો but.] Either; or; whether.

કાંદ-ડું, *s. n.* [See કાંત-વું to weave.] A weaver's tool.

કાંદો, *s. m.* [S. कन्द a root.] An onion. 2. A tubulous root. 3. Profit; gain.

Id. કાંદો કાઢવો To secure the substance. એમાં શો કાંદો કાઢયો ? (Slang) What have you gained by this ?

કાંધ, *s. f.* [S. स्कन्ध.] The shoulder.

કાંધિ-યો, *s. m.* [S. स्कन्धिक, See કાંધ.] An ox trained to carry burdens 2.A man who carries a dead body on his shoulders to the burning ground.

Id. કાંધિયા કરવા To give a feast to those men who have assisted in carrying a dead body to the burning ground. 2. To give a feast on the tenth, eleventh, twelfth, or thirteenth day after a death.

કાંધી, *s. f.*A stone-shelf constructed in a wall (Used in Kāthiāwāḍ).

કાંધે-લી, *s. f.* [See કાંધ shoulder + લી dim.] A yoke.

કાંધે-વળિ-યો, *s. n.* [+ વાળ-વું to turn.] An officer whose duty it is to supervise a toll-station (Used in Jhālāwāḍ.)

કાંધો, *s. m.* }
કાંધું, *s. n.* } [S. स्कन्ध the shoulder; a part of a book. An instalment.

Id. કાંધાં કરવાં To agree to receive payment in instalments. કાંધે કાઢવા To get money in instalments. કાંધું ભરવું To pay an instalment. 2. (Slang) To be pregnant. કાંધું ચઢવું To be due (of an instalment). કાંધું પડવું To fail to pay an instalment. કાંધાના રૂપીયા Money to be paid as an instalment.

કાંપ, *s. f.* [S. कम्प shaking *fr.* कम्प् to shake.] A shivering. 2. *s. m.* Black soft clay fit for manure,borne down a river in a flood.

કાંપ, *s. f.* [Eng *Camp.*] a camp.

કાંપ-વું, *v. i.* [S. कम्प् to shake.] To shiver; to quake.

કાંપો, *s. m.* [See કાંપ-વું.] As much as can be contained in a man's extended arms (Used in Soraṭh). 2. As much as a man can carry on his back (Used in Kāṭhiāwāḍ).

કાંબ, *s. f.* [S. कम्बा.]A bamboo-chip. 2. An instrument used in measuring length (by carpenters, &c.). 3. A ruler to draw lines with.

કાંબ-ડી. *s. f.* Same as **કાંબ.** A bamboo-chip.

કરમાં લઇ કાંબડી રે, કુંવર પુંઠે ધાય,
રીસે લોચન રાતડાં રે, યશોદાને સાસ ભરાય.
—**ભાલણ.**

કાંબલેટ, *s. f.* [Eng. *Blanket,* See કાંબળી a blanket; the cloth is called કાંબલેટ from the resemblance between the two things and their English and Gujarati names.] A superior kind of woollen cloth.

કાંબળી, *s. f.* [S. कम्बल.] A loosely woven woollen stuff; a blanket.

કાંબળો, *s. m.* A coarse blanket.

Prov. કાંબળો ભિંજાય તો ભારે થાય An evil neglected,grows worse and worse:A stitch in time saves nine.

કાંબી, *s. f.* [See કાંબ a bamboo-chip.] A kind of silver anklet. 2. A ring, generally made of a bamboo chip.3.A leathern water-bag, used for drawing water from a well; a leather bucket.

કલ્લાં રે કાંબી, અણવટ, વિંછવા, ઝાંઝરનો ઝમકાર રે.
—**ભાષા.**

કાં·ય, } **કાં-રે,** } *adv.* [See કાં.] Why? 2. where?

કાંસ, *s. m.* [S. कंस a drinking vessel.] An artificial canal for irrigation.

Id. કાંસ કાઢવો-ખોદવો-ખોદાવવો To make an irrigation canal.

કાંસ·કો, *s. m.* [S. कश्, કસ·વું, to rub, to make tight; or S. कृष to draw.] A large-sized comb.

કાંસ·કી, *s. f.* A small comb used by women; a lady's comb.

કાંસ·ણું, *s. n.* [See કાંસું bell-metal.] A drinking vessel made of bell-metal.

કાંસ·વું, *v. i.* [S. काम panting *fr.* काम् to cough.] To pant; to breathe hard.

કાંસ·વું, *v. t.* [See કસ·વું to make tight.] To fill by pressing the contents (Used in the Surat District).

કાંસાં, *s. n. pl.* [S. कांस्य. કાંસું,bell-metal.] Large cymbals.

કાંસા, *s. m. pl.* [S. काश a kind of white grass.] Weeds taken out of a field (Used in Gohilwad).

કાંસા-કુટ, *s. f.* [See કાંસાં + કુટ·વું] The making a tinkling noise, as of musical instruments of bell-metal. 2. A tinkling noise made by striking a metallic vessel.

કાંસા·ણું, *s. n.* Large cymbals made of bell-metal.

કાંસિ·યો, Same as **કાંસ·કો.**

કાંસિ·યો, *s. m.* [See કાંસું bell-metal.] A large open vessel made of bell-metal.

કાંસી, } **કાંસી-જોડ,** } *s. f.* [See કાંસું + જોડ a pair.] A pair of cymbals made of bell-metal.

Id. કાંસી જોડા વગાડવા To go about begging and beating a pair of cymbals.

કાંસું, *s. n.* [S. कांस्य.] Bell-metal; queen's metal; any amalgam of zinc and copper.

કાંઈ, *s. f.* [See કાયા the body.] A thin layer. 2. A thin covering.

કામ, ક્રોધ,મદ, મોહમા મોહ્યો; ચઢી રે કર્મ કેરી કાઈ.
—ભોજોભગત.

કાંઈ જવું, *v. i.* [See કાયર tired + જવું to go.] To be tired of.

કાઉ, Same as **કાગ·ડો.**

કાઉ-કાઉ, } **કાઉ-વાઉ,** } *adv.* [Imit. Or, See કાઉ a crow+redup.]Talking indistinctly. 2. *s. n.* Loud and simultaneous speaking of many persons.

કાઉસગ, *s. m.* [S. कायोत्सर्ग leaving the body *fr.* કાયા the body + ઉત્સર્ગ leaving.] Leaving the body. 2. Deep meditaton, in which the man loses all care about his body. 3. The grave of a saint.

કાએમ, Same as **કાયમ.**

કાક. *s. m.* [S.] A crow; a rook;a raven.

કાકચા, *s. m. pl.* Same as **કાચકું.**

કાકચી. Same as **કાચકી.**

કાકડ, *s. n.* [S. कर्कट.] A kind of plant, of the fruit of whice a pickle is made.

કાકડ-કુંભો, *s. m.* A game for children.

કાકડા-શીંગ, *s. n.* [+ શીંગ a pad.] A medicinal drug.

કાકડિ-યું, *s. n.* [See કાકડો.] A kind of rough silk.

કાકડી, *s. f.* [S. कर्कटी.] Cucumber.

કાકડી, *s. f.* [See કાકડો.] A small torch; a coarse wick.

કાકડો, *s. m.* [S. कार्पट, कर्पट, a rag.] A thick torch; a thick coarse wick.

Id.કાકડો કરવો To twist rags into a torch. 2. To light a torch. કાકડા બાળવા To light torches, and place them on the head of a person possessed by an evil spirit, as a means of driving away the evil spirit.કાકડા નાખવા A trick of children to determine who should begin a play, in which each one puts down its hands on the ground.

કાકડો, *s. m.* [See કાકડી a cucumber.] A young and tender cocoanut.

કાકડો, *s. m.* [S. काकलक the top of the wind pipe.] The tonsils.

Id. કાકડા મળી જવા To swell so as to meet each other (of the two tonsils); swelling of the tonsils. either through great thirst or heat.

કાક-તાલી·ય, *adj.* [S. *fr.* काक a crow + ताल the fruit of a palm-tree.] Lit. Like

the alighting of a crow on a branch of a palm-tree and the falling down of its fruit. 2. Accidental; happening by mere coincidence.

કાક-દૃષ્ટિ, *s. f.* [+ દૃષ્ટિ.] Lit. The sight of a crow. 2. Fault-finding.

કહેવાય છે ડાહ્યા પણ જાણતા કંઈ નથી,
કાકદૃષ્ટિ કરી કર્મ પાવે. —ભોજોભગત.

કાક-પક્ષ, *s. m.* [+ પક્ષ a wing.] The locks of hair kept on the temples of boys and young men.

મણિ જડિત મુકુટ બિરાજે, કાકપક્ષ શોભાય;
ત્રિપુંડ્ તાણું વિશાળ ભાળે, સુરગણ કેરા રાય.
—નાકર.

કાક-પત્ર, } **કાક-પદ,** } *s.n.* [S.काक + પત્ર a feather, પદ the foot.] A caret; the mark (/\) showing that something omitted is interlined above, and should be inserted.

કાકબ, *s. m.* [See કાકવી.] A decoction of mahudā (mhowra) flowers, boiled to some consistency.

કાકમ, *s. m.* [See કાકવી.] The juice of sugarcane,boiled till it has the consistency of a paste.

કા૰કર, *s. m.* [See કર-કરૂં rough.] The teeth of a saw.

કાકર૰ડી, Same as **કાકરી.**

કા૰કર૰ણી, *s. f.* [See કાકર] A file for blacksmiths. (Used in Sorath).

કાકર૰વું, *v. t.* To sharpen the teeth of a saw. 2. To make use of deriphrastic language.

કાકરિ૰યાં, *s. n. pl.* [Guj. કાંકરા pebbles.] Small globules made of a preparation of sesamum and molasses.

કાકરિ૰યા. *s. m. pl.* Sweet balls made of flour and molasses.

કાકરિ૰યું, *s. n.* Singular of **કાકરિયાં.** 2. *s. n.* [See કાંકરો.]A field in which pebbles are found in large quantities.

કાકરિ૰યું, *adj.* [See કાંકરો a pebble.] Having pebbles. 2. Abounding with pebbles.

કાકરી, Same **કાંકરી.**

કાક૰લિ૰યા, *s. m. pl.* [See કાકા paternal uncle + લો dim.] A maternal uncle. 2. Small-pox, called કાકલિયા (dear uncle) out of respect to the god who is supposed to preside over the disease.

કાક-લુંઠી-વેડા, *s. m. pl.* [See કાખ the arm-pit + લોઠો a lump + વૃત્તિ being.] Mimicking, by beating the arms against the sides of the body.

કાક-વંઝા, } **કાક-વંધ્યા,** } *adj. f.* [See કાક a crow + + વંધ્યા barren.]Bearing fruit only once in life;only once in one's life giving birth to a child.

દમયંતીની જંઘા દેખી, કેળ રહી કાકવંધ્યા.
—પ્રેમાનંદ.

કાકવી, *s. f.* Molasses.

કાસકા. Same as **કાંસકા.**

કાકા. *s. m.* [Hind. चचा.]Paternal uncle. 2. A respectful appellation for an elderly man.

Id.સગો કાકો The brother of one's father. પિતરાઈ કાકોA man standing in the relation of an uncle through his being in the position of a brother to one's father. ફોઈઆઇ કાકો A man standing in the relation of an uncle through his being in the position of a brother to one's father's sister. મસીઆઇ કાકો A man standing in the relation of an uncle through his being in the position of a brother to one's mother's sister.ગામશાહી કાકો An elderly man who is addressed as કાકા, simply because he lives in the same village. 2. A man who is addressed as કાકા by all the people of the village. કાકા ગુરૂ A disciple of the religious preceptor of one's own religious preceptor; a fellow-disciple of one's own religious preceptor. કાકા મામા કરવા To praise falsely; to flatter. 2. To solicit a favour meanly.

Prov. કાકા, ખીચડી ખાશો ? તો, કહે " નાંખો ખાડમાં "=કાકા પરણ્યા, ને ફોઇ રાંડયાં=કાકો રીઠી, ભત્રિજો કોણ થાય ?=કાકા મરશો ? તો કહે " ચુમાઇને જા તો'Patiently should that be borne,which no strength can overcome, nor counsel

avoid. "કાકા, મામા" કહેવાના, ને ગાંઠે હોય તે ખાવાના With provisions in store, we have freinds by the score.

કાકા, *adv.* [Imit. *Cf.* S. काक a crow.] Cawing; cooing.

કાકા-કૌઆ, *s. m.* [Imit. Or, See કાક a crow + કોઆ a crow.] A cockatoo;a macaw.

કાકા-જી, *s. m.* [See કાકા + देव a god, a term of respect.] A husband's or a wife's, paternal uncle; an uncle-in-law.

કાકા-પુરી, *s. m.* [See કાકા paternal uncle + પુર·વું to fill.] A bastard. 2. A slave. 3. *adj.* Promiscuously mixed up. 4. Worthless. 5. Decayed; tottering.

કાકા-બલિ·યા, }
કાકા-બળિ·યા, } *s. m. pl.* [+ બલિ·યા. strong *fr.* S. बल strength. *Cf.* કાક-લિયા.] Small-pox.

કાકાબારશી, *s. m.* [See કાકા uncle, or કાક, કાગ, a crow + બાબાસ name of a port in the Persian Gulf.] An inferior kind of pearls having stains and flaws.

કાકિની, *s. f.* [S. काकिणी a cowry,a shell.] A cowry; a shell. 2. A small quantity. 3. A worthless woman.

કાકિની, *s. f.* [S. कङ्कणी.] An ornament with bells attached to it.

નોહે શત્રુ હું ઇંદ્રસેન કહી હે, જલ્પે નરો કાકિની;
દીનત્વે મુખ સૂકવું, નયન મીચ્યાં, શે તને કાકિની;
આંખો જો ઉઘડે જ તો, ધવલ તે જાણે દિસે કાકિની;
સત્યાસત્ય વદો, કુરૂપતિ જૂઠું ન જો કાકિની.

—પ્રેમાનંદ.

કાકી, *s. f.* [See કાકા.] The wife of one's paternal uncle. 2. A term of address to a respectable elderly woman.

કાકી-જી, *s. f.* [See કાકા-જી.] An aunt-in-law.

કાકી-સાસુ, *s. f.*[See કાકી + સાસુ *fr.* S. श्वश्रू mother-in-law.] The wife of a husband's uncle; an aunt in-law.

કાકુ, *s. m.* [See કીકો a boy.] A pet name for a boy.

કાકુ, *s. n. m.* [S.] A change in the voice, caused by fear, sorrow, &c.

કાકો, *s. m.* Same as **કાકા.** 2. A person of whom one is afraid (slang).

કાકોલ, *s. m.* [S.] A snake.

ત્યાં જીવ, જંતુ, વૃશ્ચિક, કાકોલ, આદિક દિવા રાત જી.

—પ્રેમાનંદ.

કાકો-સસરો, Same as **કાકા-જી.**

કાખ, *s. f.* [Dh. Des. कक्खा *fr.* S. कक्षा the arm-pit.] The arm-pit.

Id. કાખમાં રાખવું Lit. To keep under the arm-pit. 2. To conceal. 3. To protect.

કાખ-બલા·ઈ, *s. f.* [+Ar. बला a calamity.] An abcess in the art-pit.

કાખ-બલાડી, }
કાખ-બિલાડી, } *s. f.* [+ Guj. બિલાડી *fr.* S. बिडाल a cat.] Same as **કાખ-બલા·ઈ.**

કાખ·લી, Same as **કાખ.**

Id. કાખલી કુટવી Lit. To beat the arm-pit (as a sign of delight).2.To be delighted.

કાખા·ઈ, *s. f.* [*Cf.* કાંસ·કી a comb.] A comb. (Used by non-Aryan tribes in the Dharampur & Vānsadā States.)

કાખી, *s. f.* [See કાખ the arm-pit.] The cut of a bodice under the arm-pit.

કાખુ, *s. m.* The hair in the arm-pit.

કાખો-લા·ઈ, Same as **કાખ-બલા·ઈ.**

કાગ, *s. m.* [Dh. Des. काय·लो *Cf.* Mar. कावळा *fr.* S. काक.] A crow; a rook; a raven. 2. *adj.* Clever; shrewd; cunning.

Prov. કાગનો વાઘ કરવો=કાગનું પીંછું કરવું The making out that one has seen three crows, when there was none at all = To make a mountain of a mole-hill. કાગનું બેસવું, ને તાડનું પડવું (*Cf.* **કાક-તાલી·ય**) An accidental occurrence. તારે બારણે કાળો કાગ કળકળે May a death occur in your house ! (Used as a curse.)

કાગજ, *s. m.* [P.] See કાગળ.

કાગ·ડા-કામ·ઠી, *s. f.* [See કાગ·ડો + કામઠી, કમ-કમા·ટી shivering.] A feeling of repulsion; disaffection; disagreement.

કાગડા-કેરી, *s. f.* [+ કેરી.] A kind of wild fruit resembling a mango.

કાગડા-સાણસી, *s. f.* [+ સાણસી.] Pinches with hooked points;a goldsmith's pinches.

કાગડિ-યા, *s. m.* [See કાગ·ડો a crow, *fr.* કૂકડો, & કાગદ paper.] A paper kite.

(Used in Kāṭhiāw d.)

કાગ-ડી, *s. f.* A female crow. 2. A piece of wood in the pole of a waggon. 3. Same as **કાગડા-સાણસી.** 1. A shrewd or peevish woman.

કાગ-ડો, Same as **કાગ,** A crow.

Id. આ તો કાગડો છે He is a shrewd man. કાગડાની નજરે જોવું To be watchful. કાગડા ઉડવા Lit. To fly (of crows). 2. To be deserted by the tenants (of a house). 3. To be in a dilapidated condition (of a house). 4. To lose almost all the members of one's family. 5. To become childless. કાગડા કકળવા Lit. To crow (of crows). 2. To have indications of the immediate ruin of one's family. 3. To lose almost all the members of one's family. 4. To become childless.

Prov. કાગડાની કોટે તે રતન શોભે? Every thing has its place – Wit is folly unless wisdom has the keeping of it. કાગડાની કોટે દહીંથરૂં શું ? Do not throw pearls before swine. કાગડાને હાથે કંકોતરી આપી An indifferent invitation.

કાગ-ડોળ, *adj.* [See કાગ a crow + ડોળ a form.] Having an ugly form.

કાગ-ડોળિ-યું, *s. n.* A medicinal fruit used as a purgative.

કાગદ, [Ar.] Same as **કાગજ, કાગળ.**

કાગદી, *s. m.* A paper-manufacturer; a stationer. 2. A kind of lemon. 3. *adj.* Slight; flimsy. 4. Having a thin delicate skin or bark. 5. Of superficial structure.

Id. કાગદી બદામ (–ઇલાયચી–લીંબુ) An almond (or cardamom or lime) having a thin delicate skin or shell. કાગદી જવાન A young man of a delicate and sickly constitution.

કાગ-માળો, *s. m.* [See કાગ a crow+ માળો a nest.] A raven's nest.

કાગ-મું, / **કાગ-વું,** *s. n.* [See કાગ-ડી 2.] The end of the pole of a cart where the yoke is tied.

અર્જુન લાજે ઓસરે તો, હું નમાવ્યા નહિ નમું;
એમ કહીને દ્રોણ રથનું બાણે કાઢ્યું કાગમું.
—પ્રેમાનંદ.

કાગ-વાસ, / **કાગ-વાશ,** *s.m.* [S. काक a crow + वासना a wish.] An oblation offered to crows.

કાગ-વિદ્યા, *s. f.* [+ S. विद्या learning.] Prophecy.

કાગળ, *s. m.* [P. काग़ज़.] Paper. 2. A letter; an epistle.

Id. કાગળ લખવો To write a letter. 2. To send a letter. કાગળ બીડવો To close with gum an envelope containing a letter. 2. To send a letter. કાગળ વાંચવો To read a letter. કાગળ વંચાવવો To get a person to read a letter; to get a letter read. કાગળ ફોડવો To open a letter. કાગળ મોકલવો-નાખવો To send a letter. કાગળ નાખવો To feed a printing press with paper. કાગળ ઉપાડવો To pick up a paper from the press after it is printed. કાગળ આપવો Lit. To give a letter. 2. To send a letter to a person through another person. કાગળ લાવવો To bring a letter of recommendation. કાગળ માગવો Lit. To ask for a letter. 2. To require a letter of introduction. કાગળ ચોટાડવો Lit. To stick a paper. 2. To close an envelope with a letter in it. 3. To paste up an anonymous public notice. કાગળે ચઢવું Lit. To appear on a paper or in writing. 2. To be brought into public notice. 3. To appear before a court of law. કાગળની કોથળી જેવું Easily broken. 2. Weak.

Prov. કાગળની કોથળીમાં લોઢાના ખીલા An unsuitable combination. કાગળની હોડીથી દરિયા ન તરાય One cannot cross the ocean in a paper-boat; an impossibility.

કાગળ-પત્તર, / **કાગળ-પત્ર,** *s. m.* [+ S. पत्र a sheet of paper, a letter.] An epistolary correspondence. 2. Correspondence; communication by means of letters.

કાગળિ-યાં, *s. n. pl.* Important papers. 2. Useless papers.

કાગળિ-યો, *s. m.* A carrier of letters; a messenger who carries letters.

કાગા-રોળ, *s. m.* [See કાગ a crow + आराव a cry *fr.* आ upto + रु to cry.] Bewailment.

2. A catastrophe.

કાઙ્કોળ, *s. n.* [S. कङ्कोली.] A thorny shrub.

કાઙ્ક્ષા, *s. f.* [S. *fr.* काङ्क्ष to desire.] A desire.

કાચ, *s. m.* [S.] Glass.2.Crystal; quartz. 3. A looking-glass.

Id. કાચનો બંગલો A glass-house. કાચ જેવું પાણી Clear water. કાચનું વાસણ = કાચનો કૂપો Lit. A glass-vessel. 2. Brittle; fragile; easily broken.

કાચકી. *s. f.* A thorny shrub.

કાંચકું, *s. n.* } The fruit of **કાચકી**.
કાચકો, *s. m.* }

કાંચ-ડ, *s. f.* [See કાચું raw, unripe + ડી dim.] The swollen part round a boil.

કાચંડી, *s. f.* [See કાચિંડો.] A female chameleon.

કાચંડો, *s. m.* A chameleon.

કાચબી, *s. f.* A female of a **કાચબો**. A tortoise. 2. A rainbow (Used in Kāthiāwad). 3. A kind of disease; cancer.

કાચબો, *s. m.* [S. कच्छप.] A crab; a tortoise.

Id. કાચબાની આંખથી જોવું To have a sharp sight; to be Argus-eyed.

કાચર, *s. f.* [A metathesis of કરચ.] A small bit; a small piece.

કાચર-કુચર, *s. n.* [+ કુચર a redup.] Small broken things of little value.2.Bits of different kinds of food.

કાચરી, *s. f.* [See કાચર.] Slices of raw fruit preserved in salt.

કાચ-લવણ, *s. n.* [See કાચ glass + લવણ salt.] A kind of salt used in making glass. Also called બંગડી ખાર.

કાચલી, *s. f.* A cocoa-nut shell.2. Pieces of dried vegetable.

Id. કાચલીનો ચુવો An oily extract of a cocoa-nut shell.

કાચ-લું, *s n.* [See કાચ glass + લું dim.] A hard shell.

Id. કાચલાં કુટવાં To attempt an impossibility.

કાચ-લું, *s. n.* [S. कच्छ a marshy ground a shore. See કાછિયો.] A plot of ground in a river-bed under cultivation (generally for water-melons).

કાચિંડો, *s. m.* [Hem. Des. किकिंड. किकिंडो, *fr.* S. कृकलासः.] A chameleon.

કાચી-કેદ, *s. f.* [See કાચું raw, unripe + કેદ imprisonment.] Imprisonment during a police or magisterial inquiry; custody.

કાચી-જપ્તી, *s. f.* An attachment before judgment; sequestration.

કાચી-જમાબંદી, *s. f.* A statement of the estimated revenue of a district.

કાચી-નોંધ, *s. f.* A rough account.

કાચી-બુદ્ધી, *adj.* Of immature judgment; foolish; negligent; simple-minded; not shrewd.

કાચી-બુદ્ધિ, *s. f.* Immature judgment; childishness.

કાચી-મુદત, *s. f.* Time not yet due.

કાચું, *adj.* [S. कृश thin, lean, *fr.* कृश् to become thin, lean, or emaciated.] Raw; unripe; not mature; imperfect. 2. Not quite skilful; not adept; inexperienced. 3. Not durable; not fast (of colour, &c.). 4. Less than the full measure. 5. Of recent growth. 6. Soft.

Id. કાચું અન્ન Raw or uncooked food. કાચું ફળ An unripe fruit. કાચું ગુમડું A boil that has not yet come to a head. કાચું માણસ A young man not of age. 2. A man whose intellect is not developed. 3. An inexperienced man. કાચો ખરડો A rough document or account. કાચો દસ્તાવેજ A rough and incomplete document. કાચો હિસાબ An account not finally settled. કાચો સોદો A purchase not finally settled. કાચો કરાર An incomplete agreement. કાચું તોલ-માપ Weight or measure in which the wrapper is counted, &c. કાચું તોલ Weight in which the unit is a *sheer* (શેર) weighing forty tolās. કાચું કપાવું To be revealed at an imperfect stage (of news, a scheme, &c.). કાચો રંગ A colour not fast. કાચો પાયો Groundlessness. કાચે પાયે Without good ground; groundlessly. કાચો પાયો-

મનસુબો Not a firm resolution. મેં આ કામ કાચે પાયે-મનસુબે-કર્યું નથી I have not begun this work (taken this resolution) without great consideration. કાચું કામ An imperfect or unfinished work. 2. A work not durable, or permanent. કાચું સૂતર Thread not fast twisted. કાચું ઘર સૂત્ર Management of household affairs not placed on a firm basis. 2.The relation between husband and wife when both have very little experience of each other's company, or when both are inexperienced in the management of domestic concerns. કાચો કબીલો Children not able to conduct household affairs, or to assist the father of the family.કાચું હૈયું A heart wanting boldness,or yielding to little sorrows.હું એનો કાચે તાંતણે (સૂતરે) બંધાએલો છું Lit. I am bound to him with a weak thread.2. A weak thread is enough to bind me to him. *i.e.*My submission to him is so great that the weakest thread is able to bind me to him. આ છોકરો ગણિતમાં કાચો છે=આ છોકરાનું ગણિત કાચું છે This boy is below the standard in mathematics: This boy is weak in mathematics. કાચી સડક An unmetalled road. કાચી ઉમર The age when the body and mind are undeveloped; minority. કાચા કાનનું Easily believing whatever one is told;credulous. કાચી બુદ્ધિ A fool; a simpleton. કાચું કઢાવવું To compel a person to be insolvent. એના વગર શું તે કાચું ખાય છે? He does not wholly depend upon him; he would not be quite helpless without him; he has other patrons besides him.કાચું સોનું Fertile land. કાચે ઘડે પાણી ભરવું To attempt an impossibility. કાચી તોડવી To deflour. કાચું પાડવું To cause an abortion.

સાંભળો ને સામળીયા વહાલા મારે,
તમથી નથી કાંઈ કાચું રે;
દુર્જન મળી સૌ આડું બોલે છે,
રખે તે માનતા સાચું રે. —નરસિંહમેહતો.

કાચું-કુંવારૂં, *s. n.* An unmarried little girl or boy.

કાચું-કોરૂં, *s.n.* Sundry eatables consisting of dry and raw articles. 2. Food not requiring to be cooked.

કાચું-દઝાયું, *adj.* Food badly cooked (raw or burnt).

કાચું-પાકું,*adj.*Partly cooked and partly not cooked (of the articles of food at a meal). 2. Well cooked and half-cooked (of the several preparations at a meal).

કાચું-પોચું, *adj.* Not skilful; not clever; not shrewd. 2. Inexperienced.

કાછ, Same as **કચ્છ.**

કાછ-ઈ, *s. f.* [See કાછિયો.] A plot of ground in the bed of a river under cultivation (Used in Rewā Kāntha).

કાછ-ડી, *s. f.* [See કક્ષા, કચ્છ.] The tuck of a *dhotar.*

Id. કાછડી છુટી જવી To lose courage. કાછડી ઝાલીને દોડવું To be in haste. 2. To be perplexed. કાછડીનો છુટો Addicted to adultery.

કાછ-ડી-છુટો,*adj.*Unrestrained in sexual enjoyment; dissolute; lewd.

કાછ-ડો, *s. m.* The tuck of a sari.

Id. કાછડો વાળવો To tuck up the ends of a garment.કાછડો મારવો To tuck up tightly the ends of a garment.

કાછર, *s. n.* A kind of coarse grass (Used in Dharampur State).

કાછિ-યેણ, *s. f.* The wife of a કાછિયો.

કાછિ-યો, *s. m.* [S. कच्छग or कच्छ living in a marshy place *fr.* S. कच्छ a marshy ground.] A vegetable-seller.

કાછો,
કાછોટો, } Same as **કચ્છ.**

કાજ, *s. n.* [S. कार्य *fr.* कृ to do.] Work; business.

કાજ-કાર, *adj.* [S. कार्यकर *fr.* + कृ, કરવું, to do.] Able to do work; capable.

કાજ-કારથી થયું નહિ કાજ,
એ શુણી, મુનિ મને આવે લાજ.—**દયારામ.**

કાજ-ગરૂં, *adj.* [+ S. कर doing *fr.* कृ to do.] Able to do one's duty; capable; sufficient; enough for the purpose. 2. Dear; precious. 3. That which is in the bloom of life. 4. Delicate.

કાજળ, *s. n.* [S. कज्जल.] Lampblack. 2. A black pigment for the eyes.

Id. કાજળ સારવું To apply a black pig-

ment to the eyes.

Prov. કાજળથી કાળું શું ? What can be blacker than lampblack ? ; the blackest of all; the vilest.

કાજળ-વું, *v. i.* To covered with soot or ashes (of a lamp or fire).

કાજળી, *s. f.* Soot; a fungous excrescence, generally black, found in rotten nuts. 2. A small pot on which lampblack is collected. 3. A particular vow taken by women.

કાજા, *s. f.* Same as **કાજ, કાર્ય**, Duty, business.

નવા રાજા, ને નવી પ્રજા રે. નવી થઈ માઝા કાજા રે.
—**પ્રેમાનંદ.**

કાજા-ગરૂં, [See કાજ-રૂ.] Relating to business. 2. Profitable.

કાજી, }
કાજી-જી, } *s. m.* [Ar.] A judge among the Muhammadans. 2. A judge.

Prov. કાજીજી, દુબળા કેમ ? તા કહે, " સારા શહેરકી ફીકર " A Paul Pry is over uneasy. કાજીની કુતરી મુઈ ત્યારે બધું ગામ, ને કાજી મુવા, ત્યારે કોઈ નહિ Men often worship power more than the person. કાજી વિના હાલાલ ન થાય Every man has his proper duty. કાજી સાહેબ, કયા કરતા ? તા કહે, " હિંદુસે ઉલટા ચલના " Every body speaks what is uppermost in his mind.

કાજુ, *s. n.* [S. करञ्ज.] The cashew-nut. 2. Cashew-nut fruit coated with sugar.

Id. કાજુ કળીઆ Cashew-nuts.

કાજુ, *interj.* Well; all right. (Used in Kathiawad.)

કાજે, *prep.* [S. कार्ये Locative case of कार्य *fr.* कृ to do. See કાજ and કારજ.] For; on account of. 2. *adv.* On business.

કાજો, *s. m.* Sweeping.

કાઞ્ચન, *s. n.* [S.] Gold.

કાઞ્ચન-લતા, *s. f.* [+ લતા a creeper.] A kind of flowering creeper.

કાઞ્ચી, *s. f.* [S.] A girdle.

કાટ, *s. m.* [See ખાટું, sour; or S. कष्ट rubbed. *fr.* कष् to rub.] Rust; incrustation on iron or any other metal.

Id. કાટ વળવા–ચઢવા To be covered with rust. કાટ કાઢવા To remove rust.

કાટ, *s. m.* [See કાંટા a thorn.] An obstacle.

Id. કાટ કાઢવા To remove an obstacle. 2. To kill. 3. To compromise; to settle an account.

કાટ, *s. m.* [S. काष्ठ wood. See કાઠી.] Timber; wooden materials for house-building.

Id. કાટ ખરીદવા To buy timber. કાટ નાખવા To cover the roof of a house with rafters.

કાટ-કુટ, *s. f.* [+ કુટ redup. of કાટ, काष्ठ wood. Or See કાટ-વું to cut.] Cuttings; chips. 2. Discussion; argumentation. 3. Broken wooden materials for house-building.

કાટ-કા, *s.m.* [Imit. See કડા-કા.] Thunder.

Id. કાટકા થવા To thunder.

કાટ-કાણ, }
કાટ-ખુણ, } *s. m.* [See કાટ-વું to cut + कोण an angle.] A right-angle. 2. A carpenter's right-angled four-sided frame or rule; a T-square.

કાટખુણ-ચાખુણ, *s. m.* [+ ચાખુણ a quadrangular figure.] A rectangular figure; an oblong.

કાટખુણ-ત્રિકાણ, *s. m.* [+ ત્રિકાણ a triangle.] A right-angled triangle.

કાટ-પીઠિ-યા, *s. m.* [S. काष्ठ wood, See કાટ wood + પીઠું a market.] A leader in timber; a timber-merchant.

કાટ-લિ-યા, *s. m.* [See કાયઠું.] A person who officiates at a funeral ceremony and divides and joins the rice-balls.

કાટ-લું, *s. n.* [See કાટ-વું to cut + તાલું a weight.] A weight made of a piece of iron exactly cut. 2. A deduction; loss. 3. A medicinal preparation made for a woman in childbed.

Id. કાટલું કરવું To put (a person) to a loss. 2. To pay less than another man's dues. ઓછાં કાટલાં Weight less than the standard. છાપેલાં કાટલાં Stamped weights. છાપેલું કાટલું A notorious person. કાટલાં સાંખવાં To examine weights. 2. To have sexual union with a woman; to commit adultery. કાટલાં કુટવાં To attempt an impossibility.

Prov. આપવા લેવાના કાટલાં જૂદાં Dishonest dealings.

કાટ·વું, *adj.* [See કાટ rust.] Having a reddish colour.

કાટ·વું, *v. t.* [Hind. *fr.* S. कृत, कर्त, to cut.] To cut.

Prov. કાટ્યો મુંડ્યો કોઈનો નહિ (said of a Muhammadan) One cannot rely upon a Muhammadan.

કાટ·વો, *s. m.* [See કાટ wood.] A medicinal plant.

કાટા-કાટ, *s. f.* [See કાટ·વું to cut + કાટ redup.] A cutting up; a mutual slaughter. 2. Deductions in making a payment. 3. Reduction in expenses.

કાટો·ડો, *s. m.* [See કાટ rust.] A stone from which iron is obtained. 2. The residue left in the furnace after iron has been obtained from the ore.

કાટ્ટી, *s. f.* [See કાયટું.] A funeral ceremony performed on the eleventh day after the death.

કાઠ, See **કાટ** Timber.

કાઠ·ડી, *s. f.*
કાઠ·ડું, *s. n.*
કાઠ·ડો, *s. m.*
} [S. काष्ठ wood + ડી, ડું, ડો, dim.] A wooden saddle.

Prov. ઊંટે કર્યા ઢેકા, તો માણસે કર્યા કાઠડા Tit for tat.

કાઠ·લો, *s. m.* [S. कण्ठ the neck + dim.] A part of the ornaments given as dowry to the bride by the parents of the bridegroom.

કાઠા-ઘઉં, *s. m. pl.* [Guj. કાઠા relating to કાઠિયાવાડ, or કઠિન, કઠણ, hard + ઘઉં wheat.] A kind of hard red wheat.

કાઠા-દલી, *s. f.* [See કાઠડી + દલી a covering *fr.* S. दल a sheath.] A waterproof covering for the harness of a horse. 2. An inhabitant of Kāṭhiāwāḍ.

કાઠાળું, *adj.* [See કાઠું + વાળું.] Having a remarkable frame or structure of the body. 2. Stout and tall. (Used in Kāṭhiāwāḍ.)

કાઠિન્ય, *s. n.* [S. *fr.* કઠિન hard.] Hardness.

કાઠિયાવાડી, *adj.* [Guj. કાઠીઆવાડ *fr.* કાઠી the name of a tribe. + S. वाट a region.] Of or pertaining to Kāṭhiāwāḍ.

કાઠિ·યો, *s. m.* [See કાઠ wood.] The wooden frame of a waggon. (Used in Bābariāwāḍ.)

કાઠી, *s. f.* [Dh. Des. कट्ठ *fr.* S. काष्ठ wood.] A stick; a staff. 2. Fire-wood. 3. Five cubits; five hand-breadths; $\frac{1}{400}$ of a વિઘું. 4. The people of Kāṭhiāwāḍ proper (the Kāṭhis.) 5. The make of the body; the stature of a man.

કાઠું, *s. n.* [S. काष्ठ wood.] Bodily frame or structure. 2. A frame. 3. A reed. 4. A collection of reeds. 4. See **કાઠ·ડું**.

કાઠું, *adj.* [S. कठिन.] Hard. 2. Hard-hearted. 3. Miserly.

Id. સજ્જત કાઠું A robust frame or constitution આ માણસ ખરચનો કાઠો છે This man is miserly in spending his money. કાઠું માણસ A hard-hearted man.

કાઢ-ઘાલ, *s. f.* [See કાઢ·વું to take out + ઘાલવું to put in.] Repeatedly taking out and putting in; removing and replacing; rummaging.

કાડ, *s. m.* [See કાટ wood.] The male generative organ (Used in the Panch Mahals).

કાડ·વું,
કાઢ·વું,
} *v. t.* [Dh. Des. कड्ढय *fr.* S. कृष्ट drawn *fr.* कृष् to draw.] To take out, off, forth, from, away from. 2. To trace, from, draw (of letters, figures, lines.). 3. To form on the loom; to weave (of cloth). 4. To invent; to devise; to strike out (of a fashion, way, mode.) 5. To draw; to derive; to gather; to obtain from. 6. To earn; to gain by labour. 7. To take up money; to draw; to borrow (from a bank, &c.). 8. To bring out or introduce (as a subject of discourse). 9. To detect; to discover; to apprehend (of faults, excellences, properties). 10. To drag along; to bear or undergo (of grievous days or circumstances, pain or affliction). 11. To explore, search out (of a road or an object

of quest). 12. To wreak vengeance. 13. To strike out; to erase. 14. To force or bring on (of a quarrel). 15. To prolong or draw out (of work). 16. To gain one's object.

કેસ, *s. f.* [Corrup. of કસ a bandage.] The string or tie of an angarakha.

કે, *conj.* [S. कम what ?] That. 2. Either; or.

કેઈ, Variant of કઈ.

કે-કા, *s.* [S. Imit.] The voice of a peacock.

કાંઈ કેકિન કેકાએ શબ્દાયમાન રે,
એમ જોતો જાતો તે મહાન રે. —પ્રેમાનંદ.

કેકાણુ, *s. m.* [Imit. *Cf.* ખોખાર-વું to neigh.]A horse.

કેકી, *s. m.* [S. *fr.* કેકા + S. ई, इन, having.] A peacock.

કેટલાં-એક, *adj. n. pl.* [See **કેટલું** how much + એક indefinite.] Some; several; a few.

કેટ-લું, *adv.*[S. कियत् how much ? *fr.* किम what ? + લું dim.] How many ? how much? of what size ?

કેડ, *s.f.* [Dh. Des. कडि *fr.* S. कटि.] The waist.

કેડ મરડીને ઘડો મેં ભર્યો રે લોલ;
તુટયો મારો નવસર કેરો હાર.
મારા વહાલાજી હો. —**દયારામ.**

2. [S. कट side.] The back; the rear.

Id. કેડનું ભાગેલું Idle;dull; that will not make any exertion. કેડ ભાગવી To beat one so severely as to disable one from walking about. કેડે લેવું-તેડવું To set (a child) on one's hip and carry it about.કેડ લેવી, કેડે પડવું To pursue.

લે કામનીની કેડ, જીવ, જર, જશ, તે જાશે;
લે કામનીની કેડ, અધિક અતિ અનરથ થાશે.
—**સામળભટ.**

2. To persecute.કેડે કેડે જવું To go along or after.2.To follow secretly with a malicious purpose. કેડે કેડે ફરવું To follow. આ તો મારી કેડ મૂકતો નથી He does not leave me alone. કેડ મરડવી To bend down; to bend low. કેડ મરડીને ઊભું રહેવું To show one's disgust towards. (a thing or person). 2. To stand aloof from; to refuse to join (used with reference to women). કેડ પૂર, કેડવા, કેડ સમું, કેડ સમાણું As high or low as the knee; up to the knee; down to the knee.

Prov. કેડમાં છોકરૂં, ને ગામમાં ઢંઢેરો You cannot see wood for the trees.

કેડ-વા, *s. m.* Progeny; descendants; a race.

કેડિ-યું, *s. n.* A jacket reaching down to the waist.

કેડી, *s.f.* A foot-path.

કેડે, *prep.*[See કેડ the back.] Behind; after. 2. *adv.* Afterwards; then.

કેડો, *s. m.* [*Cf.* એડો, છેડો, સિમા-ડો.] The end. 2.The following after; a pursuit. 3. Persecution.4.A track; a way; a road.

Id. કેડો લેવો To pursue. 2. To insist upon. 3.To persecute; to annoy. કેડો મૂકવો To give up a pursuit.2. To give up thinking about. 3. To cease to persecute.

કે'-ણુ,*s.n.*A dialectical variant of **કહે-ણુ**.

કે'-ણી,*s.n.*A dialectical variant of **કહે-ણી**.

કેણી-ગમ,*adv.* [See કેણ what ? + ગમ, માગ, માર્ગ, a way.] Whither ? where ? in what direction ?

કેતક, *s m.*[S.]Same as **કેતકી**. 2. A gold ornament worn on the head by women.

કેતક-કેવડો, *s. m.* [+ કેવડો = કેતક.] Same as **કેતક**.

કેતકી, *s. f.* [S.] A fragrant shrub. 2. A blade of this shrub.

કેતું,A dialectical variant of **કેટ-લું** How much ?

કહો ભાગી જાય કયાંહી, ખંતથી કેતું ખસે.—**વલ્લભ.**

કેતુ, *s.m.* [S. *fr.* कत to make known *fr.* कित to know.]The ninth of the planets; the descending node (opposed to Rahu; the ascending node). 2. A comet.3. A flag; a banner.

કેથાં, } **કેથે**, } *adv.* [S. कुत्र where ? *fr.* किम what?] Where ? 2. Anywhere; wherever. 3. Somewhere.

કેદ, *s.f.* [Ar.] Imprisonment; confinement. 2. Constraint; restraint.2. Awe; respect.

Id. કેદ કરવું-પકડવું To make a prisoner. કેદમાં નાખવું-ઘાલવું To put into prison; to imprison.

કેદ-ખાનું, *s.n.* [Ar. + P. खानह a house.] A prison; a jail.

કેદાર, } **કેદારો**, } *s. m.* A musical mode.

કેદી, *s.m. f.* [See કેદ imprisonment.] A prisoner; a captive.

કે-નું, [Properly કેણ-નું, કો-નું, of whom ? *fr.* કેણ who ?] Of whom ? whose ?

કેન્દ્ર, *s.n.* [S.] The centre of a circle;

the focus of a curve. 2.The point at issue.

કેફ, *s. m.f.* [Ar.] Intoxication; inebriation. 2.An intoxicating drug; an intoxicant.

Id. કેફ કરવી To take an intoxicant. કેફમાં પડવું To acquire the habit of indulging in an intoxicant. કેફ ચઢવી To be overpowered by an intoxicant.

કેફિ-યત, *s.f.* [Ar. कैफ how.] Particulars; details. 2. A written statement.

કેફી, *adj.* [See કેફ.] Addicated to the use of intoxicating drugs or liquors. 2.Intoxicating.

કેબીન, *s. f.* [Eng. *Cabin.*] A cabin; a room in a ship.

કેમ, *adv.* [S. किम् what ?] How? in what manner? 2. Why? wherefore? 3. Well !

Id. કેમે કરતાં-કરીને In any way; by any means. કેમ કરતાં-કરીને How?

કેમ-કે, **કેમ-જે**, *conj.* [S. किम् + किम् & S. किम् + यत which.] For; because; since.

કેમ-રે, *adv.* [+ રે, અરે oh.] Why? wherefore ?

કેર, *s.n.* [S. केसर a mango tree.] A kind of wild fruit.

કેર, *s.m.* [Ar. कह्र] Killing of many men, beasts, &c. 2. A slaughter; oppression. 3. A calamity. 4. Doing to excess; vehemence; boundlessness.

Id. કેર કરવો To tyrannize. કાળો કેર A great calamity; great tyranny.

કેરખી, *s.f.* A small round body like a pebble. 2. A gold-necklace.

કેર-ડો, *s. m.* [See કેર.] The tree which bears a fruit called કેર.

કેરબો, *s. m.* [Hind. कार-वाह् a palanquin-bearer, a disguise, *fr.* કાર an officer + वह् to carry.] A kind of dance in which a male performer is disguised as a female, or a female as a male. 2. The musical mode suited to this dance. 3. A conical glass vessel for holding rose-water.

કેરાં, *s. n. pl.* of **કેરું**. [See કેર.] A kind of small sour berries.

કેરી, *s. f.* [S. केसर a mango tree.] A mango.

કેરી-ગાળો, *s. m.* [+ કાળ time.] The season in which mangoes ripen.

Prov. કેરીગાળો, ને પુંજી ટાળો The mango-season is a time of great temptation to spend one's money.

કેરું, *s.n.* A kind of small sour berry.

કેલ, *adj.* A term used for "one" (as in કેલપડી) (by merchants); one.

કેલ. *s. m.* [See કેળ-વવું to bring up.] Mortar or chunam made ready for use.

Id. કેલનો પાયો A firm foundation. કેલ કરવો To cover a wall, &c., with chunam.

કનક કેલ બંધ કામ જ કીધું, ત્યાં નાણાંની નહિ ન્યૂન.
—પ્રેમાનંદ.

કેલ-પડી, *adj.* [See કેલ one+પટ, પડી, a packet.] A term used for " eleven " (by merchants).

કેલિ, *s. f.* [S.] Play; sport; pastime.

આલિંગન ચુંબન રે દેતા, અલબેલાને ઉર પર લેતાં,
કામની કેલિ રે કરતાં, મનડું મોહનજીનું હરતા.
—ગિરિધર.

કેલિ-કલહ, *s. m.* [S. *fr.*+કલહ a quarrel.] A quarrel in play only; a pretended quarrel.

કેવડિ-યો-કાથો, *s.m.* [See કેવડો + કાથો.] Catechu kept in the blades of **કેતકી** or **કેવડો**, and made fragrant.

કેવડું, *adj.* [S. कि-यत् ? *fr.* किम् what ?] How long ? how large ? of what size or dimensions ?

કેવડો, *s. m.* [S. कतकी] A kind of fragrant tree or its flower.

કેવત, A dialectical variant of **કહેવત**.

કેવળ, *adj.* [S. केवल] Pure; mere. 2. Alone; only. 3. *adv* Altogether; in every respect. 4 Exactly; precisely.

કેવળ-ધામ, *s. n.* [S. + धाम an abode *fr.* धा to put.] Absoluteness; the state of perfect freedom from pain.

કેવળ-પ્રયોગી-અવ્યય, *s. m.* [S. प्र-योग use *fr.* प्र forth & युज् to join + अव्यय a particle.] An interjection; a word which is used to show merely the feeling of the speaker, but which bears on relation to the words

of a sentence.

કે-વારે, [S. किम्, કયું, what ? + वासर, વાર, a day.] At what time ? on what occasion ?

કેવું, *adj.* [S. कियत *fr.* किम् .] Of what sort or description ?

કે'વું, A dialectical variant of **કહેવું.**

કેશ, *s. m. pl.* [S.] The hair.

કેશ-પાશ, *s. m.* [S. *fr.* पाश a tie.] A queue; a knot of hair.

કેશ-વાળી, *s.*[S. केशावलि a line of hair *fr.* केश + आवलि a line.] A horse's or a lion's mane.

કેશાકર્ષણ, *s. n.* [S. + आकर्षण attraction *fr.* आ up to +कृष् to draw.] Capillary attraction.

કેસ, *s. m.* [Eng. *Case.*] A case; a suit at law. 2. A sick person under treatment by a doctor, a patient. 3. The condition of a sick person.

કેસર, *s. n.* [S.] Saffron. 2. The mane of a horse, &c.

કેસર-પપ્પુ, *s. m.* A Brāhmaṇa beggar coming from the Madras Presidency.

કેસરિ·યાં કરવાં, *v. t.* To make one last and desperate effort in a battle, (so called because men on such occasions take large doses of opium and sprinkle their bodies with saffron water).

કેસરિ·યું, *s. n.* A saffron-coloured cloth worn by women.

કેસરી, *s. m.* [S. *fr.* केसर the mane.] A lion. 2. *adj.* [S. केसर saffron.] Saffron-coloured.

કેસ·વાઈ, Same as **કેશ·વાળી.**

કેસુ,
કેસુ·વાઈ,
કેસુ·ડાં, } *s. n. pl.* [S. किंशुक] The name of a flower used in making saffron-colour.

ફાગણે કેસુ ફૂલ્યાં, હું કરમાણી રે. **—દયારામ.**

કેસુ·ડી, *s. f.* The name of the tree which bears કેસુ·ડાં flowers.

કેહ, A dialectical variant of **કોણ.**

સાદ કરે કેહને, પુત્ર, પુત્રી હરિનામ.**—તુલસીદાસ.**

કેહ·વું, Same as **કે'વું, કહે·વું.**

કેહેર, Same as **કેર.**

કેળ, *s. f.* [S. कदली.] The plantain tree. Id. કેળના ગર્ભ જેવું Smooth and full. કેળ-સોપારી A superior kind of betel-nut.

Prov. કેળે કેળાં, ને કાવચે કૌવચાં As is the father, so is the son.

કેળ-ફૂલ, *s. n.* [S. + ફૂલ.] The flower of a plaintain tree.

કેળવ·ણી, *s. f.* [See કેળવ·વું.] Education. 2. Discipline; training. 3. Knowledge; learning.

કેળવણી-ખાતું, *s. n.* [+ ખાતું.] The Educational Department.

કેળવ·વું, *v. t.* [S. कल् to urge, to instigate.] To educate; to teach; to instruct. 2. To breed; to train; to bring up. 3. To make better; to improve.

Id. કધાનને કેળવીને ખાવું Even bad food, when skilfully prepared and cooked, is good. કણક કેળવવી To prepare flour for making bread (by kneading it, &c.). છોકરાંને કેળવવાં To educate or train up children.

કેળવા·વું, *v. i.* [Pass. of કેળવ·વું.] To be educated. 2. To be improved.

કેળિયું, *s.n.*[See કેલ mortar or chunam.] An iron-pan used in carrying chunam. 2. A metallic tray. 3. An ear-ornament (Used in Kāṭhiāwāḍ).

કેળું, *s. n.* [See કેળ.] A plantain; a banana.

કૈ, A variant of ક્યાં Where ?

કૈં, A variant of **કાંઈ** Some.

કૈં·ક,*adj.* [See + એક indef.] Many; many a one; a great many. 2. Some; several.

વનવાસ કેરી મધ્ય, દ્રૌપદીનું હરણ થયું,
મરણ કરી કૈંક કેરે, પાછી આણી છે સતી.
—વલ્લભ.

કૈલાસ, *s. m.* [S.] The mount Kailas. 2. The heaven of S'iva.

કૈલાસ-નાથ, *s. m.* [S. + नाथ a lord.] An epithet of S'iva.

કૈલાસ-વાસી, *adj.* [S. + वस् to dwell.] An inhabitant of the heaven of S'iva.2. *s. m. f.* A deceased one; one who has departed from this world and is transported to

the heaven of S'iva.

કૈવલ્ય, *s. n.* [S. *fr.* केवल pure, absolute.] Detachment of the soul from matter; becoming one with the Supreme Spirit. 2. Absorption salvation.

કૈશિકી-વૃત્તિ, *s. f.* [S.] A composition in verse or prose in which the three sentiments of love, pleasure, and pity are combined.

કો, A variant of **કોઈ** Some.

કો, *s. m.* [Imit.] The sound uttered by a dove (હોલો).

Prov. કો કાળે ફળદાયકા Keep a thing for seven years, and you will find a use for it. હોલો બોલે "કો, કો, ને કો" Even a dove says "If one will not, another will."

કો૰ઈ, *adj.* [S. को-पि and *fr.* कः, किम, what? + अपि even.] Any; some.

Prov. કોઈ પોતાના વાંસાનો વાંક ન દેખે Every cook praises his own broth. કોઈ માના પેટમાંથી શીખીને નીકળ્યું છે ? There is no royal road to learning. કોઈએ પોતાનું નસીબ વેચી ખાધું છે ? Every man is the architect of his own fortune. કોઈ દહાડો હસવું, ને કોઈ દહાડો ખસવું Those who smile on Saturdays weep on Sundays. કોઈ ન પરણે, તેને ખેતરપાળ પરણે Bad men get bad companions: *i. e.*, Birds of a feather flock together. કોઇ કહે "રાંડ" તો કોઇ કહે "છિનાળ" He who says what he likes, hears what he does not like; *i. e.* Injury done to others is repaid with interest. કોઈના હાથ (ચાલે), તો કોઈનું મોડું (ચાલે) Words are but wind; but blows unkind. કોઈની એબ ઉઘાડવી નહિ We should not expose others' weakness. કોઈની દાઢી બળે, ને કોઈને અજવાળું થાય What is one man's food may be another man's poison: *i. e.* The wearer knows best where the shoe pinches. કોઈની હવેલી જોઇ, આપણી ઝુંપડી તોડી પાડીએ ? The greatest wealth is contentment with little. કોઈ વેંત નમે, તો કોઇ હાથ નમે Who stoops will conquer. કોઈ કહેરો શું ખાઉં ? ને કોઈ કહેરો શામાં ખાઉં ? Poor men seek meat for their stomach, rich men a stomach for their meat. કોઈના પેટ ઉપર પગ મૂકવો નહિ Never deprive one of one's means of livelihood. કોઈના પેટમાં કોઈ પેસી નિકળ્યું છે ? Nobody can judge what passes in the mind of another. કોઈની રીસ કોઈના ઉપર (ન કાઢવી) One should not suffer for another's fault. કોઈનો વાદ કરવો નહિ Be not hasty to outbid another.

કોઈ-એક, કોઈ-ક, } *adj.* [+ એક indef.] Anyone; someone; some; any.

કોઈ-કાળે, *adv.* [S. + કાળ time.] Sometimes; seldom. 2. On certain occasions. 3. Once upon a time.

કોઈ-સમે, *adv.* [S. + સમો, समय, time, coincidence.] Same as **કોઈ-કાળે.**

કોએલ, *s. f.* [S. कोकिल Imitative of the sound a cuckoo utters.] The black cuckoo.

કો૰ક, Same as **કોઈ-એક.**

કોક, *s. m.* [S.] A dove (હોલો).

વ્યાસ એક વરણાગિયો, કથા સંભળાવે કાન;
કવિતાને કંદ્રપ ભર્યો, કાયા કોક સમાન.

—**સામળભટ.**

2. The god of love. 3. A treatise on the art of love.

કોક ભણી તું કામની, અનંગરંગ અપાર,
વાચ્છાયન મત વાંચિયો, તેથી વંઠી નાર.

—**સામળભટ.**

કોક૰ડી, *s. f.* [S. कोक, a goose, a cuckoo, a frog + ડી dim.] A skein; a hank of thread. 2. A dried fruit.

કોક૰ડું, *s. n.* Same as **કોક૰ડી** A skein. 2. An intricate matter; a confused business.

Id. કોકડું ગુંચવાવું-વળવું To be in a confused state; to be complicated.

કોકણી, *adj.* [S. कोङ्कण the strip of land to the west of the Sahyādri Mountains (the Western Ghāts.)] Belonging to the Province called the Konkan. 2. *s. m.* A person living in the Konkan.

કોક-બાણ, *s. n.* [S. कोक love + बाण an arrow.] Cupid's arrow.

કોકમ, *s. n.* A kind of sour fruit. 2. *s. n. pl.* Dried peelings of this fruit.

કોકર-વરણું, કોકર-વાચું, } *adj.* [Hem. Des. कुरमाणं =

S. म्लानम् faded. *Cf.* કરમા-વું.] Tepid; lukewarm.

કોકરવું, *v. t.* To get by cheating. 2. To cajole and cheat; to deceive or delude by flattery; to coax; to wheedle; to inveigle.

કોકરવું, *s.n.* The small projection opposite to the flap of the ear. 2. A pearl ornament worn by women in this projection of the ear. 3. A flower-like ornament, generally of pearls set in gold, worn by men or women in the middle of the inner part of each ear.

કોક-લાલ, *s. m.* [See કોક-શાસ્ત્ર the science of love + લાલ a dandy.] A procurer.

કોક-લાલી, *s. f.* The occupation of a procurer.

કોક-શાસ્ત્ર, *s. n.* [S. कोक the name of a minister to a king, who wrote a treatise on the art of love for his master's amusement + शास्त्र a science.] A treatise on the art of love.

કોકા, *s. f.* A kiss.

પાનો ઉભર્યો રે, કોકા દઈને કંઠ લપટાવે;
શિર શુદ્ધિ કરી રે, ઉચ્છંગે લઈને ધવરાવે.
—દયારામ.

કોકિલ, *s. m.* [S.] The male cuckoo.

કોકિલા, *s. f.* [S.] The Indian cuckoo.

કોકીલું, Same as **કોકરવાયું.**

કોકીશાં, *s. n. pl.* The ends of a bow. 2. The holes in the wall of a city or a fort through which musket-shots or arrows may be discharged.

કોકીશું, *s. n.* Singular of **કોકીશાં.**

કો-કો, *s. m.* [Eng. *Coat.*] A baby's jacket.

કોકો, *s. m.* [Eng.] Cocoa; a preparation from which a beverage is made.

કોગળિ-યું, *s. n.* [See કોગળો vomiting.] Cholera.

કોગળો, *s. m.* [S. कवल a mouthful.] A mouthful of water or of any other liquid.

Id. કોગળો કરવો To gargle. મેં એના નામનો ક્યારનોએ કોગળો કર્યો I have washed my hands of him : *i. e.*, I have given up all connexion with him.

Prov. કોગળે દવ ન હોલવાય A drop in the ocean.

કોચ, *s. m.* [Eng. *Couch.*] A sofa.

કોચ, *s. n.* [See કોચ-વું.] A hole.

કોચરાંની સાલ, *s. f.* [See કચરો + સાલ the year. Or, S. कुचर going slowly, a fixed star, *fr.* क dim. + चर् to walk સાલ.] Remote antiquity.

કોચરી, *s. f.* [See કોચ-વું.] A woman (a term of contempt, used in the Sorath district).

કોચ-ડું, *adj.* Having holes.

કોચ-રો, *s. m.* [See કોચ-વું to carve, to cut.] The god Indra, who had one thousand holes in his body, which were afterwards turned into one thousand eyes.

કાણો (શુક્રાચાર્ય,) કુબડો (બળિયા કાકા), કોચરો(ઇંદ્ર);
નાકડ (હનુમાન), બટુક (વામન), બિલાડ (નરસિંહ);
એ સૌ તમ રક્ષા કરો, ભાંડ (શિવ), દાંડ (નારદ).
—ભાષા.

કોચ-લું, *s. n.* [See કોટ-લું a shell; or કોચ-વું, કોતર-વું, to pierce.] The shell of a nut.

કોચ-વું, *v. t.* [See કોતર-વું to carve, to cut.] To prick; to pierce. 2. To make a hole.

Id. ઘર કોચવું To break into a house for the purpose of robbery to commit robbery in a house. 2. To commit adultery.

કોચું, *adj.* [See કાચું raw.] Rotten. 2. Wanting pith or substance.

કો-જાગરી *s. f.* [S. कोजागर *fr.* कः, किम्, what ? + जागृ to wake.] A festival held at full-moon in the month of As'vina, and celebrated with various games. 2. The full-moon night of As'vina.

કોટ, *s. m.* [S. कोष्ट the inner space, the surrounding wall.] A rampart; a fort. 2. A solid square formed of troops.

Id. કોટ ચણવો-બાંધવો To build or erect a wall or rampart. ધૂળકોટ A rampart made of earth. બહાર કોટ Lit. Beyond the fort. 2. An esplanade; a suburb. કોટમાં જવું To file a suit or complaint. કોટમાં ઘાલવું-પૂરવું To put into prison; to make a prisoner.

કોટ, *s. f.* [S. क्रोड the chest, breast.] The neck. 2. [See કોટી.] Lamentation while

hanging on the neck of a person.

Id. કેટે ઘાલવું put an ornament round one's neck. 2. To throw responsibility on a person. 3. To throw one's own fault or responsibility on another. અડવી કેટLit. The bare neck. 2. The neck without any ornament on it. કેટ કરવી To lament in sympathy, by putting the neck on the shoulders of the other party (among women). કેટે વળગવું To cling to the neck of.2.To be a burden or trouble to. 3. To be unable to eat (through remembering an absent child) કેટનું માદળિયું Lit. An ornament worn round the neck. 2. A darling.

Prov. કેટમાં માળા, ને હૈયામાં લહાળા A hypocrite.

કેટ, *s. m.* [S. कोट a strongly enclosed place.] (In the game of cards) Gaining seven tricks successively by one party before the other has scored any.

Id. કેટ આપવો-દેવો To gain successively seven tricks before the adversary has scored any. કેટ લેવો To lose a game of cards through the first seven successive tricks being won by the opposite party.

કેટ, *s. m.* [Eng. *Coat.*] A coat.

કેટ-ડી, *s. f.* [See કેટ a fort. + ડી dim.] A small room.

કેટ-ડાં. *s. n. pl.* Houses. 2. Walls.

કેટ-લું, *s. n.* [S. कोष्ट the inner space + લું dim.] The shell of a nut containing a kernel. 2. The mere shell; the husk.

કેટ-વાલ, *s. m.* [See કેટ a fort + વાળું having.] A police-magistrate.

કેટ-વાલી, *s. f.* The office of a police-magistrate.

કેટા-કેટ, *adj.* [See કોટિ ten millons + redup.]Several *crores*; hundreds of millons.

કર્યા છે કેટાકેટ. **—પ્રેમાનંદ.**

કેટા-કેટ, *adv.* [See કેટ a fort.] Along a rampart.

કેટા-ન-કેટ, *adj.* [See કોટિ + અનુ after +કોટિ.]Millions on millions; many *crores.*

કોટિ, *s. f.* [S.]A crore; ten millions.

કોટિ-ધ્વજ, *s. m.* [S. + ध्वज a banner.] A man on the top of whose house there is a banner to show that he possesses a crore of rupees; a millionaire.

કોટિ-યું, *s. n.* [See કેટ-ડી a room.] A canoe; a small boat.

કોટિ-યો, *s. m.* [See કેટ, કોટી, neck.] A wooden circle put round the neck of an animal. 2. A trick in the Indian game of મોઈદંડા.

કોટિ-લી, *s. f.* [See કેટ-લું a shell.] A calico-printer's die.

કોટિ-લો, *s. m.* [See કેટ-લી.] A spinning instrument.

કોટી, *s. f.* [See કેટ the neck.] An embrace; a hugging; clasping in the arms.

Id. કોટી કરવી To embrace.

કોટી, *s. f.*[S. कोटि.] One side of a question in dispute. 2. A class; a genus.3. [S. कोटि.] See કોટિ Ten millions; a *crore.* 4. The highest point; the pitch; the extreme; an extremity. 5. A point of a bow. 6. The largest bead in a rosary from which the counting begins.

કોટું, *s. n.* [See કોટી one side, &c. Or, See કેટ a fort.] A dodge. 2. An intrigue.

કોટ, *s. n.* [See કેટ a fort.] A nest.

કોટે-કોટ, } *adv.* [See કેટ a fort.] Along
કોટે-કોટ, } the surrounding wall.

કોટ્યાવધિ, *adj.* [S. कोट्यवधि *fr.* कोटि a crore + अवधि a limit *fr.* अव down + धा to put.] Reckoned by crores; innumerable.

કોઠ, *s. m.* [See કુષ્ઠ leprosy; or કેટ-લું a shell, a cowrie. *Cf.* કોડિયો સાપ.] A kind of snake,having the colour of a cowrie on its back.

કોઠ, *s. n.* [S. काष्ठ the inner part,a shell, a store room.] A wood-apple.

કોઠ-લી, *s. f.* [S. કોઠી + લી a dim.] A small earthen jar.

કોઠ-લો, *s. m.*[See કેટ a fort.]A wooden box or cupboard,or a large circular earthen vessel, for preserving bread, meat, &c.

કોઠા-દાવ, *s. m.* [See કેટ a fort + દાવ a game.] A game for children, in which

there are seven squares; generally known as નિસરણી (Used in the Nausar- District.)

કોઠાર, *s. m.* [S. कोष्ठागार *fr.* कोष्ठ See કોટ a fort + अगार a house.]A granary; a store-house.

કોઠારિ·યું, *s. n.* A small **કોઠાર.**

કોઠારી, *s. m.* [+ S. ई. इन having.] A store-keeper.

કોઠા-વિરામ, *s. m.* [See કોઠો the stomach + S. विराम rest.*fr.* वि away from,opposite to, + रम् to play.] Temperament; constitution.

કોઠી, *s. f.* [S. कोष्ठ a store-room.] A large earthen jar. 2. A kind of fire-work. 3. A factory. 4. A store-room; a go-down. 5. The Residency (of a political officer).

Prov. કોઠી ધોઈને કાદવ કાઢવો To carry coals to Newcastle; a dirty work has a dirty end. પાકી કોઠીએ કાના ન ચઢે Try to do a thing before it is too late. કોઠીમાં ઘાલ્યાં કંઈ છવે ? Death meets us anywhere.

કોઠી, *s. f.* [See કોઠ a wood-apple.] The tree which bears કોઠ (wood-apples).

કોઠીમડી, *s. f.* The name of a creeping plant.

કોઠીમડું, *s. n.* The fruit of **કોઠીમડી.**

કોઠું, *s. n.* [See કોઠ.] A wood-apple. 2. [See કોટ neck.] The face; the physiognomy; attention. 3. [See કોડું.] An intrigue; a love-intrigue. 4. [S. कोष्ठ.] A nest.

કોઠો, *s. m.* [S. कोष्ठ the inner part.] The stomach; the belly. 2. A table; a written statement in a tabular form. a synopsis. 3. A warehouse. 4. The upper part of an *angarkha*. 5. An earthen vessel in which indigo is stored. 6. A tower. (in Kathi wad). 7. A revenue office, in which dues are paid and collected. 8. A multiplication table.

Id. કોઠો વટલાવવો To eat a forbidden article of food. કોઠા લાગી (Slang) Lit. May your heart be afflicted (an expression used in abusing a woman).

Prov. કોઠે કોઠે નવી બુદ્ધિ Many men, many minds.

કોડ, *s. m.* [S. कौतुक wonderment, curiosity.] Longing; hankering; one's heart's desire.

મને રાસ રમ્યાના રસ કોડ વહાલા,
થૈ થૈ રાસ રમાડ વહાલા. —ભાષા.

Id. કોડ પૂરવા—પૂરા કરવા—પૂરા પાડવા To gratify a longing; to supply what is wished for.

કોડ, *s. f.* [See કહોડ *fr.* S. गोष्ठ *fr.* गो a cow + स्था to stand.]A cow-pen;a cattlepen; a byre. 2. The place where artisans work.

કોંઢ, *s. m.* [S. कुष्ठ leprosy.] Leprosy.

Id. ધોળો કોંઢ White leprosy. કાળો કોંઢ Black leprosy. ગળત કોંઢ Leprous sores. કોઢ નિકળવો To be attacked with leprosy.

કોડાં, *s.n. pl.*[S. कोष्ठ or कोश an enclosed Space.] Shells.

કોડા·મણું, *adj.* [See કોડ a longing.] Foppish; vain of one's own beauty. 2. Enthusiastic; cheerful.

કોડિ·યું, *s. n.* [Dh. Des. करोडिया *fr.* S. करोटिका the skull, *Cf.* Hem. Des. कोडिये *fr.* S. कोष्ठ the inner part.] An earthen cup holding oil and a wick for a light.

Prov. કોડિયા જેટલું કપાળ, ને તેમાં વચ્ચે ભમરી

કોંઢિ·યું, *adj.* [See કોંઢ, *s. m.*] Afflicted with white leprosy.

કોંઢિ·યું, *s. m.* Same as **કોઢ.**

કોડિ·યો-લોબાન, *s, n.* [See કોડી a cowrie + લોબાન.] A kind of fragrant gum.

કોડિ·યો-સાપ, Same as **કોઠ.**

કોડિ·લું, *adj* [See કોડ a longing.]Ardent; eager.

રંગે રૂડો, રૂપે પૂરો, દીસતો કોડિલો કોડામણો.
—નરસિંહ મહેતો.

કોડી, *s. f.* [See કોડું.] A small cowry; a sea-shell. 2. A coin of a small denomination. 3. Worthlessness

Id. કોડી માત્ર અન્યાય The least wrong.

Prov. કોડીની કમાણી નહી, ને ઘડીની ફુરસદ નહિ Busy doing nothing; *i. e.*, Engaged in a profitless business. કોડી ચોર તે પાડી ચોર He that will steal an egg will steal an ox. કોડીની સત્તા, ને લાખની મત્તા Property gives a right to hold one's possessions against the whole world. કોડી હરામ, બચકા હલાલ To strain

out a gnat and swallow a camel.

કોડું, *s. n.* [S. कोष्ठ an enclosed space.] A sea-shell.

કોડો, *s. m.* A large cowry. 2. *adj.* Foolish; dull (of a man).

કોડ્ડો, *s. m.* Same as **કોરડો** A whip. 2. Same as **કોયડો** A riddle, a puzzle.

કોઢ, Same as **કો'ડ** Leprosy.

કોઢિ·યું, } Same as **કો'ઢિ·યું,** Leprous.
કોઢી·લું, }

કોણ, *pron.* [S. कः who ? *fr.* किम् what ? + पुनः again.] Who ? which ? what ?

Prov. કોણે કહ્યું હતું કે, "બેટા, આવળિયે ચઢજે?" You have to thank yourself for your misfortune; (of a self-inflicted difficulty). કોણે દીઠી છે કાલ Who knows what the morrow will bring forth: *i. e.* Boast not thyself of tomorrow, for thou knowest not what a day may bring forth. કોણ કહે છે કે, રાપણીના ઘા વાગ્યા ? If the cap fits you, you may wear it.

કોણ-માત્ર, *adj.* [+ S. मात्र only, or See માત્રા a measure.] Of what consideration ? Who cares for you ? 2. Inconsiderable; insignificant.

કોણ, *s. m.* [S.] An angle; a corner.

કોણી, *s. f.* [S. कोण an angle.] The elbow.

કોતક, *s. n.* [S. कौतुक.] A wonder; a marvel; a wonderful thing or act.

કોતર, *s. n.* [S. कोटर a hollow, a hole. Or, See કોતર·વું to dig, to carve.] A cave; a den. 2. A deep and broad arm of the sea; a gulf.

કોતર·ડું, *s. n.* A very small gulf.

કોતર·ણી, *s. f.* [See કોતર·વું to carve.] An engraving. 2. An instrument for engraving.

કોતર·ણું, *s. n.* Same as **ખાતર·ણું.**

કોતર·વું, *v. t.* [S. कृन्त to cut.] To engrave; to carve. 2. To burrow. 3. To dig.

Id. કોતર કામ An engraving; sculpture.

કોતલ, *adj.* [See કોટ·વાળ the governor of a fort.] Adorned and walking without a rider in the front of a procession (of horses, &c.).

સુખપાલ સાથે ચાર કોતલ, સબળ શોભા જાણ.

—હરિદાસ.

કોતાઈ, *s. f.* [P.] Want; deficiency; insufficiency.

કોતાર, *s. m.* An elephant-driver (used in Kāthiāwāḍ).

કોથમી, } *s. f.* The coriander plant.
કોથમીર, }

કોથ·ળી, *s. f.* [See કોથ·ળો.] A purse; a bag. 2. The covering of the testicles. 3. A term for 1,000.

Id. કોથળીવાળાં પ્રાણી Marsupials.

Prov. કોથરીમાંથી સાપ નિકળ્યો Deceiving expectation.

કોથળી-સાંથ, *s. f.* [+ સાંથ a share of the produce.] A share paid to privileged persons out of the produce of land.

કોથળો, *s. m.* [Dh. Des. कोट्टओ *fr.* S. कोष्ठ, S. કોઠો, a closed store-room. *Cf.* Hem. Des. कोत्थलो *fr.* S. कोष्ठक a granary *fr.* कोष्ठ a store-room.] A large bag or sack.

Id. કોથળો કરવો To fill a bag and go as a pedlar; to put knicknacks in a bag and go about to sell them.

કોદંડ, *s. n.* [S.] A bow (archery).

કોદરા, *s. m. pl.* [S. कोद्रव.] A species of corn used for food by the poor.

Prov. કાળમાં કોદરા પણ વહાલા લાગે Hunger is the best sauce.

કોદરી, *s. f.* Grains of કોદરા separated from the husks.

કોદાળી, *s. f.* [S. कुद्दाल.] A hoe; a spade.

કોદાળો, *s. m.* A large spade.

કો-દી, *adv.* [See કોઈ some + દિવસ a day.] Ever; at any time; sometimes.

કો-દું, *s. n.* [S. कु dim. + દૂધ milk.] An old she-buffalo, yielding little or no milk.

કો·નું, *adj.* [Genitive of કોણ, કો, who ?] Whose ?

Prov. કોના બાપની દીવાળી ? Men are liberal in the use of other's money. કોની ગાય ? કોનું ખાય ? હાંકે તેનું નખોદ જાય Nobody concerns himself with other people's losses. કોને માથે લાકડું ઘાલ્યું છે ?=કોને માથે મોડ છે ? Everybody's business is nobody's business.

કોપ, *s. m.* [S. *fr.* कुप् to be angry.] Wrath; anger.

કોપટી, *s. f.* [S. कुर्पट a rag. See કપોટી.] A thin film. (Used in Kathiawad).

કોપર-બરાસ, *s. m.* [Eng. *Copper-brass.*] An alloy of copper and brass.

કોપરા-પાક, *s. m.* [કોપરું kernal + પાક a medicinal preparation.] A sweetmeat made of cocoanut, sugar, &c. 2. A beating (Used for euphemy.)

કોપરિ·યું, *s. n.* [S. कुर्पर.] The elbow.

કોપરું, *s. n.* [Guj. ટોપરૂં. See ટોપી.] The kernel of a cocoanut.

કોપરે-લ, *s. n.* [+ S. तल, તેલ, oil *fr.* तिल, તલ, sesamum.] Cocoanut-oil.

કોપ·વું, *v. i.* [See કોપ anger.] To be angry; to be enraged.

કોપાય·માન, *adj.* Angry; wrathful.

કોપીન, *s. n.* [S. कौपीन.] A cloth worn over the private parts.

કોબર, *s. n.* [See કોતર.] A valley.

કોબાડ, Same as **કેબડું.**

કોબા·વાળી *adj. f.* [See કુબો a mallet + વાળી, વાળું, having.] A woman who does the work of beating & levelling the ground with a કુબો or wooden hammer.

કોબી, કોબીજ, } *s. f.* [Eng. *Cabbage*, See કુબી.] Cabbage.

કોબો, Seme as **કુબો.**

કોમ, *s. f.* [Ar.] A people; a tribe; a sect; a nation.

કોમળ, *adj.* [S. कोमल.] Soft; tender; delicate. 2. Mild; agreeable.

કોમળ·તા, *s. f.* Softness; mildness; tenderness.

કોમળ·તા·ઈ, *s. f.* [+ ઈ is redundant, the abstract noun being complete with ता.] Same as **કોમળ·તા.**

કોય, A variant of **કો, કો·ઈ.**

કોયડો, Same as **કોરડો** a lash.

કોય·ડો, *s. m.* [Hem. Des. कुडुं, कोड्डा = S. आश्चर्यम wonder, *fr.* S. कुटम a puzzle.] A puzzle; a riddle.

કોયલ, કોયલ·ડી, } *s. f.* [S. कोकिला.] The Indian cuckoo.

કોયલી, *s. f.* A boil in the throat.

કોય·લું, *adj.* [Correctly કોહે·લું *fr.* કોહ·વું to rot.] Decayed; decomposed; rotten. *Cf.* **કોહ્ય·લું.**

કોય·લો, *s. m.* [Hem. Des. कोइला = S. काष्ठाङ्गारो: burning embers of wood, & कोडआ= S. करिषाग्नि: a fire of cow-dung cakes, *fr.* S. काक charcoal.] Charcoal; a coal.

Id. કોયલા જેવું Black. 2. Worthless; useless. 3. Wicked; evil.

Prov. કોયલાની દલાલીમાં હાથ કાળા He that deals in dirt gets foul fingers. કોયલાને સો મણ સાબુએ ધૂએ, તોએ કાળા ને કાળા You cannot wash a blackamoor white.

કોયા-બોલું, કોયું, } *adj.* [See કોયું, કોય·લું, rotten + બોલ·વું to speak.] Speaking at tedious length and unnecessarily upon any object.

કોર, *s. f.* [See કોર·વું to bore a hole.] A side; the directoin. 2. The edge; the border. 3. The edging or border of a cloth. 4. A piece of bread.

Id. કડકો કોર રોટલો A crust of bread. કડકો કોર Lit. A piece or a crust. 2. A piece. કોર મરડવી To play false to one's own party; to change sides; to go over to the enemy's side. કોર મૂકવી–ચોડવી To apply, sew, or put a border (to a garment). કાળજાની કોર A darling.

કોરણું. *adj.* [Mar. कोडग *fr.* કૌતુક wonder.] Shameless; callous; obdurate; incorrigible.

કોરટ, *s. f.* [Eng. *Court.*] A court of law.

કોરડા-દાવ, *s. m.* [See કોરડો a lash + દાવ a game.] A game for children, generally known as ઘડી-ખીસકો.(Used in the Songhad. Prant.)

કોર·ડું, *adj.* [See કોરૂં.] Dry; free from moisture.

કોર·ડો, *s. m.* [S. क्रूर cruel.] A lash; a scourge. 2. Power; authority. 3. Oppression. tyranny.

Id. કોરડો મારવો To lash. 2. To subject to tyranny. કોરડો બજાવવો To exercise tyranny over. શું, તારો હેઠ કોરડો વાગે છે ? How ? am I subject to your tyranny ? કાયદાને કોરડે વશ

કરવું To reduce to subjection by the power of law.

કોરંડા, Same as **કોયંડા** A riddle; a puzzle.

કોર-ણ, *s. f.* Same as **કોર** A side.

કો-રણ, *s.n.* [See રણ a battle.] An army. 2. A cyclone of dust.

ઊડે કોરણ, કાંકરા, રજ ઘણી, ઉલ્કા તણા પાત જો.
—**પ્રેમાનંદ.**

કોરણિ-યો, *s. m.* [See કોરણી engraving.] The sides of a wooden frame which are grooved so as to fix boards in it.

કોર-ણી, Same as **કોતર-ણી.**

કોર-મું, *s.n.*[S. कुर boiled rice.] Coarsely ground pulse.

કોર-વંકુ, *adj.*[See કોર side+વાંકુ crooked.] Lying slanting; sloping.

કોર-વાણ, *adj.*[See કોરૂં dry + વર્ણ colour, state.] Dry. (Used in Kāṭhiāwāḍ).

કોર-વું, *v. t.*[See કોતર-વું to cut.] To bore a hole; to scoop. 2. To carve; to engrave.

Id. કાળજું કોરવું To afflict the heart. ડુંગર કોરવા To excavate mountains.

કોરસણી, Same as **કોતરણી.**

કોરા-ડું, **કોરા-ણ,** **કોરા-ણું,** Same as **કોરૂં** Dry.

કોરા-ણ, Same as **કોર, કોર-ણ,** A side.

કોરી, *s. f.* A small silver coin worth about one third of a Rupee.

કોરૂં, *adj.* [S. क्रूर cruel, raw, hard, *fr.* कृत to cut.] New; not used; not washed even once (of cloth). 2. Dry; not watery. 3. Barren; fruitless; unproductive.

શામ સેવીએ રે,ગોવિંદ ગાઈએ રે,કોરી કથનીથી શું થાય?
—**દયારામ.**

Id. કોરૂં વાસણ-લુગડું A new and unused pot or cloth. કોરૂંકટ, કોરૂં કડાક, Brand-new; quite new and unused. 2. Quite dry. 3. Having no affection. કોરો કાગળ Blank paper. કોરે કાગળિયે મતું કરવું Signing a blank paper; giving a *carte blanche*.

કોરૂં-મોરૂં, *adj.* [+મોરૂં redup.] Quite new.

કોરે, *adv.* [See કોર side.] Aside; by the side of.

Id. કોરે કરવું-મૂકવું To set aside. કોરે કરી રાખવું-મૂકી રાખવું To lay by; to abstain from present expenditure. કોરે બેસવું To be in the monthly course (of a woman).

કોલ, *s. m.* [Ar.] A word; a promise. 2. A custom-house entry of the arrival or departure of a ship.

Id. કોલ આપવો To give a promise. કોલ લેવો To obtain a promise. કોલ તોડવો To break a promise. કોલ પાળવો To keep a promise; to fulfil a promise.

કોલ, *s. m.* [See કેલ.] Mortar.

કોલ, *s. m.* [See કો'લું.] A jackal.

કોલ-કરાર, *s. m.* [+ કરાર a contract.] An agreement; a treaty.

કોલમ, *s. m.* [See કુલમ *fr.* S. कलम rice; or a metathesis of कमल, *Cf.* કમોદ *fr.* S. कुमुद a kind of lotus.] A kind of rice.

કોલમ, *s.m.* [Eng. *Column.*] A column.

કોલસો, Same as **કોયલો.**

કોલાહલ, *s. m.* [S. Imit.] An uproar; a bustle; a tumultuous noise.

કોલી, *s. f.* [S. कपिला a brown cow *fr.* कापिल brown.] A cow.

કોલું, *adj.* [S. कपिल brown.] Of a reddish brown colour.

કોલું, **કો'લું,** *s. n.* [Dh. Des. कोल्हुयो, *Cf.* Hem. Des. कुल्हो, कोल्हुआ, *fr.* S. क्रोष्टृ] A jackal; a fox.

કો'લુ, *s. m.* [Hem. Des. कोल्हुओ = S. इक्षु निपीडन यन्त्रम्.] A machine for extracting the juice of the sugar-cane.

કોલેરા, *s. m.* [Eng. *Cholera*] Cholera.

કોલો, *s. m.* A hole in a wall.

કોવાડ, *s. m.* [See કૂવો a well + આડુ across.] A piece of wood supporting the wooden wheel in a water-machine (કોસ).

કો'વાડી, Same as **કોહાડી.**

કો'વાણ, *s. n.* [See કોહો-વું to rot.] Decay; decomposition; putrefaction.

કોવિદ, [S *fr.* किम् + अपि anything + विद् to know.] A learned man; a doctor.

કો'વું, *v. i.* [Hem. Des. कुहिअं = S. लिप्तम् besmeared, also + तामनम् becoming wet. *Cf.* Mar. कुसणे to putrefy.] To putrefy; to decay.

કોશ, *s.m.* [S.] A treasury. 2. A cavity

in the body.3.A dictionary; a lexicon. 4.A sheath; a scabbard.5.A bud.6. A leathern bag used in drawing water out of a well.

Id. અન્નમય કોશ The cavity in the body which stores and digests food. શબ્દકોશ A vocabulary. ચાર કોશનું પાણી A quantity of water such as to require four bags or buckets to draw it out.કોશ ચાલે છે A water-machine is working. કોશ જોડવો To work with a water-machine, to draw out the water of a well.બળદ કોશ તાણે છે Oxen work a water-machine.

કોશ, *s. m.* [S. क्रोश.] A measure of length; a distance of one mile and a half.

Id. ચાર કોશનું છેટું A distance of four કોશ (six miles). 2. A very long distance. 3. A vast difference.

કોશ, *s. f.* [S. कुशी a plough share.] An iron bar sharpened at one end, used as an instrument for digging.

કોશ-તારો, *s. m.* [See કોશ a leather-bucket + તર-વું to swim.] A man who cannot swim.

કોશર, કોશિર, } Same as **કોસર,કસર,**Economy.

કોશર કોડી કેરી કરે, ખરચ કોડ જરા જાણિયો,
છે ચાર વર્ણમાં ચતુર નર, વિવેકી જોતાં વાણિયો.
—સામળભટ.

કોશિરિ-યું, *adj.* Frugal; economical; miserly.

કોશાગાર, *s. n.* [S. *fr.* + અગાર a house.] A treasure-house.

કોશા-ધિકારી, કોશા-ધિપાત, કોશા-ધ્યક્ષ, } *s. m.* [+ અધિકારી, અધિપતિ, અધ્યક્ષ.] A treasury-officer.

કોશિ-યાળો, *s. m.* [S. कुशापाल *fr.* કુશી, કોશ, an iron bar + आपाल a protector *fr.* आ all around पाल्, पा, to protect.] A wooden wedge, placed between a ploughshare and the wooden frame of a plough,to hold both firm and tight.

કોશિયો, *s. m.* [See કોસિયો.] A kind of bird.

કોશિશ, કોશેશ, } *s. f.* [P.] An endeavour; an effort.

કોશે-ટો, *s. m.* [Dh. Des. कोसो *fr.* S. कोश a cavity.] The cocoon of the silk-worm.

કોષ્ટ-ક, *s. n.* [S. कोष्ट-क *fr.* कोष्ट. See કોઠો.] A table of weights, measures, coins, &. 2. Each of the four-sided figures, formed on a paper with horizontal and vertical parallel straight lines.

કોષ્ઠ, *s. m.*[S.]The stomach. 2. See કોઠ.
Id. બદ્ધ કોષ્ઠ Constipation.

કોસ, *s. m.* [S. क्रोश. See કોશ.] A measure of distance; one mile and a half.

કોસ, *s. m.* [S. कोश a cavity.] A leather-bucket.

કોસ, *s. f.* [S. कुशी a plough-share.] An iron bar used in digging.

કોસ-કુવો, *s. m.* [See કોશ + કુવો.] A well from which water is drawn by means of a large leather-bucket.

કોસ-ણ, *s. f.* [S कुक्षि.] The side below the ribs.

કોસણ-વું, *v. t.* [S. कषण rubbing *fr.* कष् to rub. *Cf.* કશાણ-વું, કસણ-વું.] To mix together by rubbing.

કોસમ, *s. m.* [S. कुसुम्भ saffron.] The flower of **કોસંબી.**

કોસંબી, *s. f.* A tree from the flowers of which a red colour is obtained.

કોસંબો, Same as **કસુંબો.**

કોસલ, *s. f.* [Eng. *Council, counsel.*] A council. 2. Counsel; secret deliberation.

Id. કોસલ કરવી To deliberate secretly. કોસલ ભરવી To call a secret meeting.

કોસિ-યો, *s. m.* [See કોશ, કોસ.] One who draws water from a well with a leather-bucket.

કોસર, Same as **કસર.**

કોસ-લું, *s. n.* [S. कुशी a ploughshare; See કોશ, કોસ.] A bar of iron attached to a plough.

કોસી-ટો, Same as **કોશેટો.**

કોસીસ, Same as **કોશિશ.**

કોસીસું, *s. n.* [See કળશ.]An ornamental

structure on a parapet or rampart.

કોટ કેરાં કોસીસાં માંય, કાંગરા બહુવિધ જડયા.

—પ્રેમાનંદ.

કોસું, *s. n.* [S. कुश a kind of grass.] A shoot springing from a joint in a stock of bājrī, juwār, &c. 2. An end of a bow (of an archer).

કો, **કોહ,** **કોહો,** *s. f. m.* [See કોહો·વું.] Decay; decomposition. 2. Mortification. 3. A disease in which the skin, or flesh, or both become rotten.

કોહ·પણ, *s. n.* Malicious fault-finding; peevishness; malice; spite; rancour.

કોહ·વું, Same as **કોહો·વું, કો'·વું.**

કોહ·વણ, **કોહ·વાણ,** Same as **કો'·વાણ.**

કોહળું, Same as **કો'ળું.**

કોહિનુર, *s. m.* [P. कोह् a mountain + नूर light.] Lit. A mountain of light. 2. A large brilliant diamond, the kohinur.

કોહોવું, Same as **કો'વું.**

કોહ્ય, *s. f.* Same as **કોહ-પણ.**

કોહ્ય·લું, *adj.* [See કોય·લું.] Malicious; spiteful; rancorous.

કોહ્યા-બોલું, *adj.* [+ બોલ·વું to speak.] Peevish. 2. Quarrelsome.

કોળ, *s. m.* [Dh. Des. कोलो = S. किरि a hog.] A large rat.

કોળ·ણ, *s. f.*[See કોળી.]Wife of a **કોળી.**

કોળ·વાઈ, *s. f.* [See કોળ.] A trap for rats.

કોળિ·યું, *s. n.* Same as **કોળ·વાઈ.**

કોળિ·યો, *s. m.* [S. कवल.] A mouthful. 2. A small quantity of food.

કોળી, *s. m.* [S. कौल a worshipper of S'akti, according to the left hand ritual (વામ માર્ગ.)] A particular S'udra class. 2. An individual of that caste. 3. A black and dirty stout man (colloq.). 4. An unsympathising brute; a man of no feeling (colloq.).

કોળી-નાળી, *s. m. pl.* [+ નાળી redup. of કોળી.] All the castes of S'ūdras.

કો'ળું, *s. n.* [Dh. Des. कोहलियो, *Cf.* Hem. Des. कोहली *fr.* S. कूष्माण्ड.]A gourd; a pumpkin.

કોળે-કોળો, *adv.* [See કળ pain *fr.* કળ·વું to pain.] Laughing boisterously.

Id. કોળેકોળો લેવી To laugh till one has a stitch in the side, or till the sides are about to burst.

કૃષ્ણશું કટાક્ષ કરી, કોળેકોળો લઈ કૃષ્ણ,

કૃષ્ણશું હસે અપાર, પય વિષ ચાખવે. —**વલ્લભ.**

કોઓ, *s. m.*[Dh. Des. कवोओ *fr.* S. कपोतः a dove; or, कयवाओ *fr.* S. कृकवाकः a cock.] A crow.

કૌતક, Same as **કૌતુક.**

કૌતી, Same as **કૈવત.**

કૌતુક, *s. n.* [S, *fr.* कुतुक.] Wonder. 2. A marvel; any object, event, or act exciting fondness, admiration, or delight. 3. Curiosity. 4. An object of curiosity or wonder.

Id. કાંઈ કૌતુક વગર અપાય છે ? I will come to see you, when there is a delightful occasion at your house, and make you a present (said at the time of parting as a benediction or expression of affection).

Prov. કૌતુક વિના હસવું ન આવે One laughs only when one is delighted or sees a marvel.

કૌપીન, Sanskrit form of **કોપીન.**

કૌભાણ્ડ, *s. n.* [S. कु dim. + भण to speak.] A false charge; a false claim; deceit; roguery.

કૌમાર, *s. n.* [S. *fr.* कुमार a boy.] Childhood. 2. The state of being unmarried.

કૌમુદી, *s. f.* [S.] Moonlight.

કૌરવ, *s. m.* A descendant of Kuru. 2. A ruler of the Kuru family.

કૌવચ, *s. n* [S. कुश a kind of grass + सूच a needle.] A kind of nettle; cow-itch.

કૌવત, *s. n.* [Ar.] Power; strength; vigour.

કૌશલ્ય, *s. n.* [S. *fr.* कुशल skilful.] Expertness; cleverness.

કૌસ્તુભ, *s. n.* [S.] One of the fourteen precious things obtained from the ocean when it was churned by the gods.

ક્યમ, A variant of **કેમ**.

ક્યાં, *adv*. [S. कस्याम् in what ? *fr*. किम् what ?] Where ?

Prov. ક્યાં ઘોડું, ને ક્યાં ગધેડું ?–ક્યાં રાજા ભોજ, ને ક્યાં ગાંગા તેલી ?=ક્યાં મોહર, ને ક્યાં અધેલી ?= ક્યાં લંકાં, ને ક્યાં લાહોર ? = ક્યાં બીબી ફાતમા, ને ક્યાં દાવલશા પીર ?=ક્યાં ચંદન, ને ક્યાં મલયાગિરિ, ક્યાં સાયર ક્યાં નીર ? = A vast difference. જેમ જેમ પડે વિપતડી, તેમ તેમ સહે શરીર A man's power of endurance is almost unlimited, it grows with his difficulties.

ક્યાં-ઈ, ક્યાં-એ, ક્યા-ય, ક્યાં-હી, *adv*. [+ એ also, even, *fr*. S. अपि also, even.] Somewhere. 2. anywhere.

☞ When there is a negative word in a sentence, these words have an exhaustive meaning; as, એવી ચીજ ક્યાંએ મળે નહિ Such a thing can nowhere be found.

ક્યાડો, *s. m.* A species of horses.

ક્યામત, *s. f.* [Ar.] The judgment-day; doomsday.

ક્યાર-ડી, *s. f.* [See ક્યારો a plot of ground.] A small plot of ground in a field or garden to keep water in.

ક્યારી, *s. f.* A small ક્યારો. 2. Land which requires to be irrigated. 3. Land which can be cultivated.

ક્યારે, *adj*. [See ક્યો which ? + વાર time.] When ? at what time ?

ક્યારે-ક, *adv*. [+ એક indef.] Sometimes.

ક્યારો, *s. n.* [S. केदार a field under water.] Same as ક્યાર-ડો. 2. A basin for water near the root of a tree.

ક્યાસ *s. m.* [Ar.] A guess. 2. Valuation; an estimate of the value of a thing. શું બોલશે, એવી આશ; રાજા કરતો મનમાં ક્યાસ.

—**પ્રેમાનંદ.**

Id. ક્યાશ કરવો To guess. ક્યાસ કાઢવો To make an estimate.

ક્રતુ, *s. m.* [S.] A sacrifice.

સાહિત્ય સર્વે સંભારીને, કરો એ ક્રતુ રાજ રે.

—**ગિરિધર.**

ક્રમ, *s. m.* [S. क्रम to go.] Order; succession; a series. 2. A particular arrangement of the words of a Vedic verse. 3. Going; proceeding; a course.

Id. ચાલતો અવેલો ક્રમ A way or line of conduct that has been handed down to us. ક્રમમાં ગોઠવવું–મૂકવું–લાવવું To put in order; to reduce to order; to arrange in order. ક્રમે ક્રમે Gradually. ક્રમે કરીને One after the other.

ક્રમ-ણ, *s. n.* Act of walking or going. 2. Advance; progress.

ક્રમ-ભંગ, [+ भङ्ग a breach *fr*. भञ्ज to break.] Irregularity.

ક્રમ-વાર, *adv*. [+ વારો a turn.] According to an order.

ક્રય, *s. m.* [S. *fr*. क्री to buy.] Buying; a purchase.

ક્રય-વિ-ક્રય, *s. m.* [+ वि-क्रय selling *fr*. वि opposite to + क्री to buy.] Buying and selling; trade.

ક્રાન્તિ, *s. f.* [S. See ક્રમ.] The act of going. 2. A change; a revolution. 3. The ecliptic. 4. The declination of a planet.

ક્રાન્તિ-વૃત્ત, *s. n.* [S. + वृत्त a circle *fr*. वृत to turn.] The ecliptic.

ક્રિય-માણ, *s. n.* [S. *fr*. कृ to do.] A rite; ritual; a ceremony. 2. *adj*. Being done; in process; under operation.

ક્રિયા, *s. f.* An act; a deed. 2. Motion; action; being. 3. A ceremony; a religious rite. 4. Practice, as opposed to શાસ્ત્ર (theory).

ક્રિયા-નષ્ટ, *adj*. Lost or ruined by one's own acts. 2. Forgetting benefits done to oneself; ungrateful.

ક્રિયા-પદ, *s. n.* A verb.

ક્રિયા-ફળ, *s. n.* The fruit or result of an act.

ક્રિયા-ભ્રષ્ટ, *adj*. Not performing proper ceremonies.

ક્રિયા-વિશેષણ અવ્યય, *s. n.* A predicative adjective. 2. An adverb.

ક્રિયા-શક્તિ, *s. f.* Power of action; energy; an act.

ક્રિયાશ્રય, *s. m.* The subject or agent of a verb.

ક્રિશ્ચિયન, *adj.* [Eng. *Christian.*] Believing in Christ; following the precepts of religion laid down by Jesus Christ.

ક્રીડા, *s. f.* [S. *fr.* क्रीड् to play.] Sport; play; recreation; a pastime; a pleasant occupation.

Id. ક્રીડાગાર, ક્રીડાગૃહ, A pleasure-house. ક્રીડાસ્થાન A place for sports; an arena; a gymnasium. ક્રીડાશૈલ A pleasure-mountain. ક્રીડા કરવી-રમવી To sport.

ક્રૂર, *adj.* [S.] Cruel; wicked. 2. Formidable; dreadful. 3. Harsh; merciless.

ક્રોડ, *adj.* [S. कोटि.] Ten millions.

ક્રોધ, *s. m.* [S. *fr.* क्रुध् to be angry.] Wrath; anger; ire.

Id. ક્રોધ કરવો To get angry. ક્રોધ મારવો To restrain one's own anger. ક્રોધ આણવો-લાવવો To be angry; to make oneself angry. ક્રોધાન્ધ Blind wind anger; maddened with anger.

ક્રોધ·વું, *v. i.* To be angry.

કળીનો પ્રેર્યો ક્રોધ્યો ઘણું. —**પ્રેમાનંદ**.

ક્રોધા-ગ્નિ, *s. m. f.* The heat of anger.

ક્રોધાય·માન, *adj.* Angry; wrathful.

ક્રોધાવેશ, *s. m.* A fit of anger.

ક્રોધિ-ષ્ઠ, *adj.* Passionate; ireful; angry; fiery-tempered.

ક્રોધી, Same as **ક્રોધિ·ષ્ઠ**.

ક્રૌઞ્ચ, *s. m.* [S. क्रौञ्च.] A heron; a curlew.

ક્લિષ્ટ, *adj.* [S. *fr.* क्लिश् to give pain to.] Distressed. 2. Far-fetched; forced.

ક્લીબ, *adj.* [S.] Impotent; neuter.

ક્લીમ્, *Interj.* A mystic syllable used in reciting a Vedic verse addressed to the god of love.

ક્લેશ, *s. m.* [S. *fr.* क्लिश् to give pain to.] Distress; affliction. 2. A quarrel.

Id. ક્લેશ કરવો=જીવને ક્લેશ કરવો To worry oneself.

ક્લેશી, *adj.* Quarrelsome.

ક્વ·ચિત્, *adv.* [S. क्व where ? *fr.* किम् what? चित् indef.] Seldom; rarely.

ક્વાથ, *s. m.* [S. *fr.* क्वथ् to boil.] Decoction.

ક્ષણ. *s. m.* [S.] A measure of time equal to four-fifths of a second. 2. A moment; an instant.

ક્ષણ-બુદ્ધિ, *adj.* [S. *fr.* + बुद्धि intellect, mind, *fr.* बुध् to know.] Fickle-minded; capricious.

ક્ષણ-ભંગુર, *adj.* [S. + भङ्गुर easily broken *fr.* भञ्ज् to break.] Frail; transient; evanescent.

ક્ષણ-ભર, *adv.* [S. + भृ to fill.] For an instant; for a moment.

ક્ષણિ·ક, *adj.* Momentary; transient.

ક્ષણે-ક્ષણે, *adv.* Every moment; repeatedly; every now and then; continually.

ક્ષત, *s. n.* [S. *fr.* क्षण् to wound.] A wound. 2. *adj.* Having a wound; wounded.

કો ક્ષત ઢાંકે ગાલનાં, કો હૃદયચંદ્ર છુપાવતી.

—**પ્રેમાનંદ**.

ક્ષતિ, *s. f.* [S. See ક્ષત.] Loss.

ક્ષત્રાણી, *s. f.* [See ક્ષત્રી.] A woman of the ક્ષત્રિય caste.

ક્ષત્રા-વળી, [+ આવલિ a line.] Same as **ક્ષત્રીવટ**.

ક્ષત્રિય, [S. *fr.* ક્ષત a wound + त्रै to protect.] The classical form of **ક્ષત્રી**.

ક્ષત્રી, *s. m.* The second of the four great classes of the Hindu people. 2. An individual of the class.

ક્ષત્રી-વટ, *s. m.* [Same as + વૃત્તિ living.] The reputation, honour, or pride of the ક્ષત્રિય caste; military glory; militarism.

ક્ષમ, *adj.* [S. *fr.* क्षम् to forbear.] Enduring; able to endure. 2. Able; capable; competent. 3. Patient.

ક્ષમા, *s. f.* [S. *fr.* क्षम् to forbear.] Forbearance. 2. Forgiveness; pardon. 3. Patience. 4. The earth.

સ્વચ્છ મનોહર મૃદુ મણિમય ક્ષમા છ,
અચળાનંદમય પૂર્ણચંદ્રમા છ. —**દયારામ**.

Id. ક્ષમા કરવી-ક્ષમા કરવું-ક્ષમા આપવી To forgive. ક્ષમા માગવી To beg pardon.

ક્ષમા-પાત્ર, *adj.* [+ પાત્ર.] Fit to be pardoned.

ક્ષમા-વાન, } *adj.* Forbearing. 2. Forgiving. 3. Patient.
ક્ષમા-વન્ત, }

ક્ષમા-શીળ, *adj.* [S. *fr.* क्षमा + शील character.] Of a mild, forbearing disposition.

ક્ષય, *s. m.* [S. *fr.* क्षि to waste away.] Waste; decline. 2. Destruction; extinction; annihilation. 3. Consumption.

ક્ષય-તિથ, [S. + तिथि a day.] A day that is not reckoned in a lunar month. 2. The ceremony of s'rāddha performed every month during the first year after the death of a person. 3. The anniversary of the death of a person.

ક્ષય-વૃદ્ધિ, *s. f.* [S. *fr.* + वृद्ध increase *fr.* वृध् to increase.] Fall and rise. 2. The waning and waxing of the moon.

ક્ષયી, *adj.* Liable to be destroyed. 2. Consumptive. 3. *s. m.* The moon.

ક્ષર, *adj.* [S. *fr.* क्षर् to drop.] Liable to destruction; destructible; perishable.

ક્ષાત્ર, *adj.* [See ક્ષત્રિય.] Relating or peculiar to the military class. 2. *s. n.* The ક્ષત્રિય caste. 3. The characteristics of a ક્ષત્રિય.

ક્ષાત્ર-કર્મ. *s. n.* [S. *fr.* क्षत a wound *fr.* क्षण to wound + त्र to protect + કર્મ.] The duty or occupation of the **ક્ષત્રિય** (warrior) class.

ક્ષાર, *s. m.* [S. *fr.* क्षर् to drop, to ooze.] Salt. 2. A salty taste. 3. Ashes of certain medicinal drugs.

ક્ષાલ-ન, *s. n.* [S. *fr.* क्षल् to wash.] Washing; removing; getting rid of.

ક્ષિતિ, *s. f.* [S.] The earth.

ક્ષિતિ-જ, *s. n.* [S. *fr.* + जन to be born.] The horizon.

ક્ષિતિ-પાલ, *s. m.* [S. *fr.* ક્ષિતિ + પાળ-વું.] A king.

ક્ષિપ્ત, *adj.* [S. *fr.* क्षिप् to throw.] Thrown.

ક્ષિપ્ર, *adv.* [S.] Quickly.

પ્રાત:કાળે વહેલા ઊઠી, હરિને ભજતાં ક્ષિપ્ર.
—મુકુન્દ.

ક્ષિપ્રા, *s. f.* [S.] Rice-pudding.

ક્ષીણ, *adj.* [S. *fr.* क्षि to waste away.] Wasted away; consumed; exhausted. 2. Weak; disabled; invalid.

ક્ષીણ-તા, *s. f.* Weakness; exhaustion. 2. Delicate health.

ક્ષીર, *s. f.* [S.] Milk. 2. Water. 3. Juice of trees or plants.

Id. ક્ષીર નીર જુદાં કરવાં Lit. Taking out milk from water—said to be done (only by a રાજહંસ royal swan). 2. A disposition to find out merits in others and disregard their faults.

ક્ષીરોદક, *s. n.* [S. *fr.* + उदक water.] A silk garment worn by women.

ક્ષુધા, *s. f.* [S.] Hunger. 2. Appetite.

ક્ષુધિ-ત, *adj.* Hungry.

ક્ષુદ્ર, *adj.* [S.] Very small. 2. Unimportant; insignificant. 3. Trifling.

ક્ષુદ્ર-ઘંટા-ળી, [S. + घण्ट a bell + आवली a line.] Same as **ક્ષુદ્રઘંટિકા.**

ક્ષુદ્ર-ઘંટિ-કા, *s. f.* [S. *fr.* + घण्टि-का a small bell *fr.* घण्ट limit, a bell.] A waistband or girdle having smalls bell attached to it.

ક્ષુદ્ર-તા, *s. f.* Littleness; smallness. 2. Meanness.

ક્ષુર, *s. m.* [S. *fr.* क्षुर् to cut.] A razor. 2. The hoof of a cow or horse.

ક્ષુલ્લક, *adj.* [S.] A little; trifling. 2. Low; mean. 3. Unimportant; insignificant.

ક્ષેત્ર, *s. n.* [S.] A field. 2. A holy place; a place of pilgrimage. 3. Area; surface. 4. The body. 5. A wife.

ક્ષેત્ર-જ, *s. m.* [S. *fr.* + जन to be born.] A son of the wife by a kinsman or by a person duly appointed to procreate issue for the husband.

ક્ષેત્ર-પાળ, *s. m.* [क्षेत्र-पाल *fr.* + पाल्, पा, to protect.] The tutelary god of a place; a local guardian deity.

ક્ષેત્ર-ફળ, *s. n.* [क्षेत्र-फल *fr.* + फल fruit, the result of a calculation.] The superficial contents of an extended body; the area. 2. The result. 3. The net gain or loss in a transaction.

Id. ક્ષેત્રફળ કાઢવું To find out the area.

ક્ષેત્ર-વહી, *s. f.* [+ વહી a book.] A field-book (in land-surveying).

ક્ષેત્ર-સ્થ, *s. m.* [S. *fr.* + स्था to stand.] The embodied soul. 2. *adj.* Living in a holy place.

ક્ષેપ, *s. m.*
ક્ષેપ-ણ, *s.n.* } [S. *fr.* क्षिप् to throw.] Throwing; casting. 2. Passing away; whiling away (of time).

ક્ષેપ-ક *s. m.* A stanza inserted into the writing of one man by another; a passage interpolated. 2. An interpolator. 3. The number to be added to or subtracted form a calculation (as of the heavenly bodies) in order to make the calculation correct.

ક્ષેમ, *s. n.* [S.] Well-being; welfare; weal. 2. *adj.* Happy; prosperous; thriving.

ક્ષેમ-કર, *adj.* [S. *fr.* + कृ to do.] That which confers happiness; that which promotes well-being.

ક્ષોણી, *s. f.* [S.] The earth. 2.A hundred billions.

ક્ષોભ, *s. m.* [S. *fr.* क्षुभ् to be agitated.] Agitation; commotion. 2. The excitement of anger; passion.

ક્ષોભ-વું, *v. i.* To be agitated. 2. To be angry.

ક્ષોભ-વવું, *v. t.* [Caus. of ક્ષોભ-વું.] To stir one up against.

ક્ષોભિ-ત, *adj.* Agitated; excited.

ક્ષૌર, *s. n.* [S. *fr.* क्षुर a razor.] Shaving (of the head).

ક્ષ્મા, *s. f.* [S.] The earth.

ખ

ખ, *s. m.* [S.]. The thirteenth letter of the Gujarati Alphabet.

ખ,
ખં, } *s. n.* [S.] The sky; the heavens. 2. A cipher.

ખઈ, *s. m.* [See ક્ષય.] Consumption ; phthisis.

ખઈ, *s. f.* Same as **ખાઈ**.

ખખ, *adj.* [Imit. See ખોખ-રું.] Very old; decayed; rotten.

ગદ-બદ, *adj.* [Imit. of the motion.] Swarming with (insects).

ગદ-બદિ-યાં, *s. n. pl.* [Imitative of the sound or motion.] Immense wealth.

ગદલું, *adj.* [See ગરદ dust. Or, Mar. ग-दळ grass trodden by cows *fr.* S. गो a cow + दल् to tread.] Dusty. 2. Dirty.

ગદ-વું, *v. i.* [See ગો-ધો a strong bull.] To stand firm (used in Kthd.).

ગદા, *s. f.* [S.] A mace; a club.

Id. ગદાઘાત A blow with a mace. ગદા-યુદ્ધ Fighting with maces as weapons. ગદા-ધર Lit. One who bears or uses a mace. 2. An epithet of the god Visnu

ગદા-ર-વું, *v. t.* [Caus. of ગદ-વું.] To hold firm; to support (used in Kathiāvād).

ગદિયાણી, *s. f.* A kind of plant.

ગદિયાણો, *s. m.* A weight equal to half a tolā or 52 grains Troy.

ગદે-લું, *s. n.* [See ગાદી.] A quilt.

ગદ્ગદ, Classical form of ગદ-ગદ.

ગદ્ય, *s. n.* [S. *fr.* गद् to speak.] Prose.

Id. ગદ્ય-પદ્ય Prose and poetry. ગદ્ય-બદ્ધ Composed in prose. ગદ્યપદ્યાત્મક Consisting of prose and verse.

ગધા-ડિ-યું, *s. n.* [See ગદ-ડ-વું.] A piece of wood, in which the axles of the wheels of a carriage are fixed.

ગધા-ડી, **ગધે-ડી**, *s. f.* [S. गर्दभी] A she-ass.

Prov. ગધેડી ગંગામાં નહાય, તો એ ગાય ન થાય A rogue is still a rogue, though he puts on a surplice. ગધેડી ફુલેકે ચડી A fool puffed up with an idea of his own importance.

ગધા-ડું, **ગધે-ડું**, *s. n.* An ass.

ગધા-ડો, **ગધે-ડો**, *s. m.* [S. गर्दभ.] An ass; a donkey. 2. A stupid man; a dunce.

Id. ગધેડા બનવું=ગધેડે ચડી ઘેર ઉતરવું To be made a fool of ગધેડા વહિતરૂં કરવું To work hard without a proper remuneration. ગધેડાનું પૂછડું આમળે એવો A fool; an illiterate person. ગધેડાનું પૂછડું પકડી રાખવું To be obstinate even to one's own injury or loss. ગધેડાનો પાછલો પગ Making no distinction between good and bad, or right and wrong. 2. Doing harm

without discrimination. ગધેડે ગવાવું To be very cheap. 2. To be disgraced.

Prov. ગધેડાને ડફણાં, ને તેજને ઇશારત A word to the wise, and a rod for the fool's back. ગધેડા ઉપર અંબાડી Spending much on a worthless object to make it look better. ગધેડાનું પૂછડું સાહ્યું, તે સાહ્યું Firm in one's obstinacy. ગધેડાની જોડે ઘોડું બાંધે, તો છ મહીને ભુંકવા શીખે An evil lesson is soon learnt. ગધેડાનાં હાંડાએ પાપડ થાય, તો અડદનો ભાવ કોઇ પૂછે નહિ=ગધેડાથી મુલક લેવાય, તો પછી ઘોડાનો ભાવ કોણ પૂછે ? The use of a thing determines its value. ગધેડાની ગાય ન થાય You cannot wash the black-a-moor white. ગધેડાનું મોહ કુતરે ચાટ્યું Two of a feather flock together. ગધેડાને પણ તાવ આવે એવું Very iritating. ગધેડાને માથે શું શીંગડાં હોય છે ? Nothing outward betrays a fool. ગધેડાના પાછલા પગ જેવો (વાંકો) The greatest fool. ગધેડું ઉકરડો દેખી ભુંકે Like goes to like. ગધેડે બેસાને ઘેર ઉતરવું To complete one's disgrace. ગધડાનો વિવાહ, ને પાટુએ રળિયાત Injury is the sure reward for keeping a fool's company. ગધેડાને વળી અગાઈ વળગી Confusion worse confounded.

ગધે-વાન, *s. m.* The owner of an ass.

ગધો, } *s. m.* [Dh. Des. गद्दहो *fr.* S.
ગદ્ધો, } गर्दभ.] An ass.

Prov. ગદ્ધેને ખાયા ખેત, નહિ પુણ્ય નહિ પાપ Kindness is lost upon an ungrateful man. ગદ્ધા કયા જાને જાફરાનકી બાત A fool cannot appreciate merits.

ગદ્ધા-ઈ, *s. f.* Folly; stupidity.

ગદ્ધા-પચીશી, *s. f.* [+ પચીસ.] The age of twenty-five or thereabouts when a man has wild and foolish ideas in his head.

ગદ્ધા-પાટુ, } *s. f.* Wild and foolish
ગદ્ધા-મસ્તી, } pranks.

ગદ્ધા-વહિ-તરૂં, *s. n.* [+ વહિ-તરૂં.] Useless drudgery.

ગદ્ધિ-યું, *s. n.* A kind of thick old coin.

ગદ્ધી, Same as ગધે-ડી.

ગનમત, *s. f.* [P.] A blessing; good fortune.

ગનીમ, *s. m.* [Ar.] An enemy; an open foe.

ગનેહને, *adv.* [P.] By a guess.

ગંદ-કી, *s. f.* [S. गन्ध smell.] A stink; a stinking spot.

ગંદ-વાડ, } *s. m.* [+ વૃત્તિ.] A stink. 2.
ગંદ-વાડો, } Filth.

ગંદું, *adj.* Filthy; dirty; nasty.

ગંધ, *s. f.* [Hem. Des. गंधिओ = S. दुर्गन्धः a bad smell, *fr.* S. गन्ध smell.] Smell; scent. 2. A dirty smell. 3. The smallest degree.

ગંધક, *s. m.* [S.] Sulphur.

ગંધ-ઘાણ, *s. f.* [Guj. ગંધ + ઘાણ.] Strong stink.

ગંધ-પુષ્પ, *s. n. pl.* [S. *fr.* + पुष्प a flower.] Sandle ointment and flowers, esp. used in the worship of gods and Brāhmans.

ગંધરપ, } *s. m.* [S.] A musicion; a
ગંધર્વ, } chorister. 2. A class of demi-gods whose occupation is music and singing.

ગંધર્વ-નગર, *s. n.* [S. + नगर a town.] The city of the Gandharvas (ગન્ધર્વ). 2. A fictitious town which appears and disappears at its pleasure. 3. Mirage.

ગંધર્વ-વિવાહ, *s.m.* } [S. *fr.* + विवाह
ગંધર્વ-લગ્ન, *s. n.* } marriage *fr.* वि apart from and वह् to carry; and લગ્ન.] A love-marriage: a marriage contracted by reciprocal affection.

ગંધર્વ-વેદ, *s.m.*[S. *fr.* +वेद the scriptures, knowledge, *fr.* विद् to know.] The science of music.

ગંધ-સાર, *s. m.* [S. *fr.* ગંધ सार essence.] A fragrant pigment.

ગંધાક્ષત, *s. m. pl.* [+ અક્ષત.] Sandal ointment and grains of rice, used as materials of worship.

ગંધા-તું, } *adj.* Stinking. 2. Putrified.
ગંધા-ય-લું, }

ગંધાર, *s. m.* [S. गान्धार.] The third of the seven primary notes of Hindu music.

ગંધા-વું, *v. i.* [See ગંધ.] To stink; to emit an offensive smell. 2. To be putrified.

ગંધિ-યા-ળું, Same as **ગાંધિ-યાળું.**

ગંધી-લું, *adj.* Malicious; peevish; quarrelsome.

ગપ, *s. f.* [See ગુફતેગુ.] A common report; a popular talk; a rumour. 2. Prattle; chatter.

Id. ગપ ચાલે છે There is a rumour; a rumour is in circulation. ગપ મારવી-ઠોકવી-હાંકવી To put a rumour into circulation. 2. To tell an extravagant story; to exaggerate matters. ગપે ગપ ચુમાળસો Giving an exaggerated account of. 2. Speaking without a foundation in truth.

ગપ-તાલિ-યું, *s. n.* [S. गुप्त secret *fr.* गुप् to protect + તાળી clapping of the hands.] Theft.

ગપ-સપ, *s. f.* [Reduplication of ગપ.] Rumours of several kinds and of several degrees of truthfulness; idle talk on several subjects; idle and incoherent talk.

ગપા-સ, *s. f.* [+ આસ abst.] A rumour very wide of the fact.

ગપા-ગપ, *adv.* [Imitative of the sound and motion.] Eating briskly, hurriedly, or without restraint. 2. [*Cf.* ગબા-ગબી] Beating briskly.

ગપા-ગપી, *s f.* Boxing, brisk, hurried, or unrestrained beating with closed fists.

ગપા-ટો, *s. m.* Same as **ગપ.**

ગપાષ્ટક, *s. n.* [Guj. ગપ + S. अष्टक a collection of eight *fr.* अष्टन् eight.] A chat; a chatter 2. An idle incoherent talk.

ગપો-ડું, Same as **ગપ્પું.**

ગપોલિ-યું, *s. n.* [S. गोपाल Name of Krisna well-known for his amours.] Copulation.

ગપ્પાં-ગોષ્ઠી, *s. f.* [See ગપ્પું + S. गोष्ठी a talk. An idle, loose, or incoherent talk.

ગપ્પી, *adj.* Gossiping; spreading rumours; prating; exaggerating.

Prov. ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, "આવો, ગપ્પીજી," "બાર હાથનું કાલિંગડું, ને તેર હાથનું બી" Travellers have the privilege of lying.

ગપ્પી-દાસ, *s. m.* [દાસ a term of respect *fr.* S. दास a slave.] A gossip; a newsmonger; a prater.

ગપ્પું, *s. n.* Same as **ગપ.**

Id. ગપ્પાં હાંકવાં-મારવાં To talk big.

ગફલત, *s. f.* [Ar.] Negligence; inadvertency. 2. A mistake; a fault; an error.

Id. ગફલત કરવી-ખાવી To be negligent; to neglect.

ગફલતી, *adj.* Negligent; careless.

ગફલું, *adj.* [See ગબરૂ.] Fair and plump.

ગફા, Same as **ગુફા.**

ગફ્ફો, *s. m.* [See ગાલ + ફાડ part.] A mouthful swallowed in haste.

ગબ, } Same as **ગપા-ગપ.**
ગબ-ગબ, }

ગ-બડ-ગોડ *adj.* [See ગડ-બડ + ગાંડું.] Credulous and rash.

ગબડ-ગંદું, *adj.* Dirty and confused; filthy.

ગબડ-વું, *v. t.* [See ગડ-બડ.] To roll. 2. To stumble. To have a griping sensation in the bowels; to suffer from gripes.

Id. ગબડી પડવું To roll down; to stumble down.

ગબડા-વ-વું, Causal of ગબડ-વું.

ગબડી, } *s. f.* The act of running fast
ગબર-ડી, }

ગબર, *s. f.* [S. गह्वर.] A cave.

ગબ-રૂ, *adj.* [See ગર્ભ+વાળું; or ગરવું great.] Full and juicy. 2. Substantial; weighty. 3. Comely.

ગબલ, *s. m.* [See ગુલાબ] A form showing endearment, of the name of a person, which begins with the word **ગુલાબ.**

ગબા-ગબ, Same as **ગપા-ગપ.**

ગબા-ગબી, Same as **ગપા-ગપી.**

ગબાર, *s. f.* [See ગર્ભ interior hollow.] A pit.

ગબારો, *s. m.* [See ગર્ભ + અગાર. *Cf.* ગભારો.] A small balloon.

ગબી, *s. f.* A little pit in the ground for playing at pebbles.

ગબો-ગબ, [See ગબા-ગબ.] Hastily (of eating).

ગંબ, *adv.* [Imitative of the sound.] Falling smartly.

ગબ્બર, *adj.* [See ગબરૂ.] Substantial, 2. Wealthy.

ગબ્બો, *s. m.* Same as **ગબ્બી.**

ગબ્બો, *s. m.* [See ગાભો pith.] A joint of a stalk of sugar-cane. 2. [See ગાભો—of a turban.] A soft stupid man.

ગભરા-ટ, *s. m.* [See ગભરા-વું.] Confusion of the mind. 2. Alarm; surprise. 3. Pain; distress.

Id. ગભરાટ થવો—લાગવો To be confused and distressed. ગભરાટ કરવો To raise an alarm; to make a confusion.

ગભરા-ટ-વું, Same as **ગભરા-વું.**

ગભરા-વું, *v. i.* [See ગર્ભ.] To be confused. 2. To be alarmed. 3. To be distressed.

Id. મારો જીવ ગભરાય છે I feel dreadfully put out. તમે કામ કરતાં ગભરાઓ છો You get flurried over your work.

ગભા, *s. m. pl.* [S. गर्भ the fœtus. *Cf.* ગાભો.] Mucus hawked out.

ગભાણ, *s. f.* [S, गवाश्र *fr.* गो a cow+ અન્ન. *Cf.* Mar. गवाण, गमाण.] Pasture-land. 2. The place in front of cattle tied to pegs, where fodder is placed for them to eat.

ગભારો, *s. m.* [S. गर्भागार *fr.* गर्भ interior + अगार house.] The inner room in a temple in which the images are placed.

ગમ, *s. f.* [See માગ, માર્ગ. Also changed to કમ.] A side.

Id. આણી ગમ—કમ To this side. પેલી ગમ—કમ To that side. સૂરજ ગમ On the side of the sun; towards the sun.

ગમ, *s. f.* [S. गम् to go.] Knowledge; apprehension; thought. 2. Inclination. 3. Insight.

Id. ગમ પાડવા To know. ગમ પાડવી To give an insight into.

ગમ, *s. n.* [Ar.] Grief; sorrow; vexation. 2. Forbearance.

Id. ગમ કરવી—ખાવી—મારવી To swallow one's vexation; to take an insult quietly; to say nothing; to forbear.

ગમ-ગીન, *adj.* [+ P. गीन having.] Sorrowful; sad; disconsolate.

ગમ-ગીની, *s. f.* Sorrow; sadness.

ગમ-ચાં, *s. n. pl.* [+ P. चेह् dim.] Disinclination; dislike; repugnance.

બોલ્યા શિવજી, "વહાલામાં વિટાળ ન હોય," તે સાચું;
શાં ગમચાં કરો છો મનમાં, સાચું, નહિ કાચું.
—**હરગોવન.**

ગમણાગમણી, *s. f.* Same as **ગમનાગમન.**

ગમત, *s. f.* [P.] Amusement; diversion. 2. A play; a sport.

ગમતિ-યાળ, ગમતી, } *adj.* Amusing; diverting; pleasant.

ગમ-તું, *adj.* [See ગમ-વું to like.] Agreeable; acceptable.

Id. ગમતું ઘડાવવું To reconcile oneself to a disagreeable or inconvenient occurrence.

Prov. ગમતું ગોવિંદનું થાય છે, મારૂં તારૂં મિથ્યા જાય છે The will of God prevails, *i. e.*, Man proposes and God disposes.

ગમ-ન, *s. n.* [S. *fr.* गम to go.] Going; departure. 2. Moving.

ગમનાગમન, *s. n.* [S. *fr.* गमन going + आ-गमन coming *fr.* आ upto+गम् to go.] Going and coming.

ગમ-વું, *v. i.* [See ગમત.] To like; to approve of. 2. To be at one's ease.

ગમા, *s. m. pl.* [See ગમ knowledge.] Power: vigour of the mind; courage; energy. 2. The joints of the body.

ગમાણ, Same as **ગભાણ.**

ગમાણિ-યું, *s. n.* A piece of wood placed between a beast and the grass thrown before it.

ગમાર, *adj.* [See ગુમાર.] Unmannerly; rude; foolish.

ગમા-વ-વું, *v. t.* [See ગુમા-વ-વું P.; or, Caus. of S. गम् to go.] To lose. 2. To drop. 3. To waste; to throw away; to squander. 4. [Caus. of S. गम् to go.] To pass one's time. કેમ ગમાવું દિવસ? શીષ જઈ કેને નામું?—**સામળભટ.**

ગમી, *s. f.* [P. *fr.* ગમ Ar.] Grief; sorrow.

ગમી, *adv.* [See ગમ, side.] Towards.

ગમે-તે, *adj.* [See ગમ-વું to like + તે he, she, it, *fr.* S. तत् that.] As desired; agreeable to one's desire. 2. Any; any you like; any you please.

ગમે-તેમ, *adv.* [+ તેમ.] Agreeably to

one's desire; anyhow. 2. By any means; at any risk; at all risk.

ગમોતરું *s. n.* [S. ग्रामान्तर another village *fr.* ગ્રામ, ગામ, + અંતર another.] Emigration.

ગંભીર, *adj.* [S.] Grave; serious; solemn. 2. Considerate; thoughtful. 3. Patient.

ગંભીર·તા, **ગંભીર·તા·ઈ,** } *s. f.* Gravity. 2. Thoughtfulness. 3. Patience.

ગમ્ય, *adj.* [S. *fr.* गम् to go.] Accessible; attainable.

ગયઠે·રો, *s. m.* [See ઘરડું.] An old and respected headman (પટેલ) in a village.

ગયણુ, A form of **ગગન.**

ગય-વર, *s. m.* [S. गज an elephant + वर best *fr.* वृ to choose.] A large elephant.

ગયું, *v. t.* [Hem. Des. गयं = S. मृतम् dead, *fr.* S. गत gone *fr.* गम् to go.] Past tense of **જ·વું** or **જા·વું** to go; went; passed. 2. *adj.* Gone; past.

Prov. ગયો અવસર પાછો ન આવે=ગયું, તે ગયું જ Lost time cannot be recalled. ગયું ખોખું, ને થયું ચોખું Young men look upon old men as so many obstacles in their way. ગયું ઊંટનાં શિંગડાંની પેઠે Lost for ever: The time past never returns.

ગર, *s. m.* [S. गर्भ the fœtus.] Pulp; kernel; marrow; pith. 2. A secret thought; an intention. 3. A mystery.

ગર, *s. m.* [S. गॄ to drop. See ગર·વું.] Poisonous fœcal matter of some animals and birds.

ગર, *adj.* [P.=S. कृ, કર·વું, to do.] A suffix found at the end of compounds, showing the "doer of an action".

Id. સોદા·ગર A seller. કારી·ગર An artizan.

ગરક, *adj.* [Ar.] Drowned; sunk. 2. Absorbed in; engrossed in.

Id. ગરક થવું To be swallowed up or engulphed. 2. To be absorbed in contemplation.

ગરક·વું, *v. i.* To be drowned; to be buried deep. 2. To be absorbed in; to be engrossed in.

ગરકા·વ, *adj.* Full of; abounding with. 2. Absorbed in.

ગર-ગટ, *s. m.* [See ગર pulp + ગટ્ટો a lump *fr.* S. ग्रन्थि; See ગાંઠ.] A short man.

ગર-ગડી, *s. f.* [See ગડ-ગડ.] A small pulley.

ગર-ગડિ·યું, *adj.* [See જરજર, જર્જર. Or, redup. of ગળ·વું to drop.] Old and worn out.

ગરચ·વું, *v. t.* [Imit. Or, ગળ·વું + ચાવ·વું.] To eat gluttonously; to glut.

ગરજ, *s. f.* [Ar.] Need; necessity. 2. Selfishness; self-interest. 3. Care; heed.

Id. ગરજ પડવી-હોવી To be in need; to require. ગરજ સારવી To serve the purpose of.

Prov. બેદિલ નોકર દુશ્મનની ગરજ સારે છે A heedless (faithless) servant is as bad as an enemy. ગરજ બિચારી બાપડી, ઉભે બજારે ત્રાપડી Necessity has no law. ગરજે ગધેડાને બાપ કહેવો પડે Necessity has no law. ગરજ સરી, ને વૈદ વેરી A gig to the doctor, when cured. ગરજ સાકરથી ગળી=ગરજે ગધેડાને બાપ કહીએ Necessity has no law.

ગરજણુ, *s. f.* [S. गर्जना.] A kind of bird.

ગરજ·ના, Same as **ગર્જ·ના.**

ગરજ·વંત, **ગરજ·વાન,** } *adj.* [See ગરજ + S. वत्, वान् વંત, વાણું, having.] Needy; necessitous. 2. Selfish.

Prov. ગરજવંત ને દરદવંત A man in want is a man in woe. ગરજવાનને અક્કલ ન હોય Necessity has no law.

ગરજ·વું, *v. i.* [S. गर्ज् to thunder.] To thunder. 2. To bellow.

ગરજી બોલી બાળા, ઘણા મોટા સોરથી જે.

—**અખેરામ.**

ગરજ-સવાદી, *adj.* [See ગરજ + સવાદ, સ્વાદ.] Selfish.

ગરજ-સવાદી ના થઇએ રે, મારા વ્હાલા,
ગરજ-સવાદી ના થઇએ. —**દયારામ.**

ગરજા·ઉ, **ગરજી,** **ગરજી·લું,** **ગરજુ,** } Same as **ગરજ·વંત.**

Prov. ગરજુ ને ગધેડો, બે બરાબર Necessity has no law.

ગરબો, *s. m.* A pointed weapon. 2. A thorn. 3. A shoot of a leaf.

ગરડ-ગપ, *adv.* [Imitative of the sound.] Being drowned suddenly; suddenly disappearing.

ગરડ-વું, *v. t.* [S. घृष् घर्ष्, to drag. See ઘસડ-વું.] To form or fashion (letters in learning to write) by drawing a style or dry pen through the letters of the copy-book.

ગરડ-વું, *v. i.* [See ઘરર-ઘરર gurgling.] To gurgle.

ગાયે ગીત ગરડી, અંગ મરડી, અંગે અનંગ જગાડતી.
પ્રેમાનંદ.

ગરડો, ગયડો, *s. m.* [See ગરડ-વું.] A copy, slip for little children to write with a style or dry pen.

ગર-ણી-જી, *s. f.* [See ગુરૂ a teacher + ણી fem. suffix + જી, દેવ, દેવી, a term of respect.] A female devotee among the Jains.

ગર-ણું, Same as **ગળ-ણું**.

ગર-ણું, *s. n.* [See ગર-ણી-જી.] A kind of religious ceremony.

ગરથ, *s. m.* [S. ग्रन्थि a knot *fr.* ग्रन्थ् to tie.] Money; wealth.

Prov. ગરથ વેચી ઘેલા થવું Many buy nothing with their money but repentance. ગરથ ગાંઠે, વિદ્યા પાઠે, સ્ત્રી સાથે You should not part with your money, nor your knowledge, nor your wife. ગરથ વિનાનો ગાંગલો, ને ગરથે ગાંગાશાહ Money makes the mare go. ગરથ વિનાનું ઘેલું, ને છૈયાં વિનાનું નાનું A man without money is taken to be a fool, and a man without a child is considered to be a child himself.

ગરદ, *adj.* [P.] Thick; crowded. 2. Buried; lost; engrossed.

ગરદ, *s. f.* Dust.

સ્વર સુણતામાં હું તો શુધ-બુધ વિસરી,
દરદમાં ગરદ ગઈ છે મળી. —**દયારામ.**

ગરદન, *s. f.* [P.] The neck.

Id. ગરદન કાંટા ઉપર ન હોવી To hold one's neck high. 2. To be proud or haughty. ગરદન નમવી To be disgraced. 2. To suffer a loss. 3. To be on the decline (of a person). 4. To be insolvent. ગરદન નમાવવી To be engaged in work; to be busy. ગરદન નાખી દેવી To be on the point of death. ગરદન મારવું-ગરદન કાપવી To behead. 2. To put to a loss. 3. To ruin.

ગરદી, *s. f.* [See ગરદ crowded.] A crowd; a throng.

ગરદો, *s. m.* [See ગરદ dust; also *Cf.* જરદો.] Tobacco crushed and otherwise prepared for chewing.

ગર-નાળ, *s. f.* [See ગર-નાળું; or, See ગર pith + નાળું.] A short piece of ordnance; a mortar.

ગર-નાળું, *s. n.* [See ગળ-વું to drop, to dribble, to flow, + નાળું, નાડું, નાડી, નળી, a tube. Or, See ગિરિ a mountain + નાળું a river-bed.] A culvert; a tunnel.

ગર-બડ, Same as **ગડ-બડ**.

Id. ગરબડગોટો વાળવો To make a confusion 2. To speak indistinctly. 3. To embezzle accounts; to make false entries in account books. ગરબડ કરવી -મચાવવી To make a confusion. 4. To create a breach of peace. to make a disturbance.

ગર-બડ-વું, Same as **ગ-બડ-વું**.

ગરબડ-સડબડ, *s. f.* [Redup. of ગર-બડ] A confusion; mixture. 2. A complete change made by mixing together.

ગર-બડા-ટ, Same as **ગડ-બડા-ટ**.

ગરબી, *s. f.* [See ગરબો.] A shed or canopy erected for the purpose of placing a lamp in its interior, and enabling women to dance and sing round the lamp 2. A particular kind of song sung under such a shed or canopy.

ગરબો, *s. m.* [S. गर्भ the interior.] A song (ગરબી); a song sung by women while dancing in a circle. 2. A circular dance; a dance round a lamp or a temporary shrine. 3. An earthen vessel, which has holes in its sides, and in the interior of which a lamp is placed burning.

ગરભ, *s. m.* [S. गर्भ the fœtus.] The fœtus; an embryo. 2. Pregnancy; conception. 3. Pulp; pith; kernel; marrow. 4. The interior portion. 5. The essence; moral; sum; substance. 6. Roe; the eggs of the

fish. 7. The space included; surface; area.

Id. ગરભ રહે૦ To conceive in the womb. ગરભ પડ૦ To miscarry. ગરભ પાડ૦ To procure abortion.

ગરભ-છાંટ, *s. f.* [+ છાંટ-વું.] A bomb. 2. A short piece of ordnance; a mortar. Same as **ગર-નાળ**.

ગરભ-સૂતર, *adj.* [S. गर्भ the interior + सूत्र cotton-thread.] (Cloth) Of which the warp is cotton and the woof silk.

ગરમ, *adj.* [P. = S. घर्म heat.] Hot; warm. 2. Impassioned; excited; angry.

Id. ગરમ લુગડું Woollen cloth. ગરમ થવું To be hot. 2. To be angry. ગરમ કરવું To make hot. ગરમ પડવું To find or feel hot–a medicine. ગરમ મિજાજ Hot temper; anger. ગરમ મસાલો Spices; curry-stuff. ગરમ આગ Very hot.

ગર-મર, *s. n.* [See ગર pith + મૂળ root. Or, ગરમ + મરી.] A kind of wild root. (Used in Kthd.).

ગરમા-ઈ, *s. f.* / **ગરમા-વો**, *s. m.* } Same as **ગરમી**.

ગરમા-ગરમ, / **ગરમા-ગરમી**, } *adj.* [Redup. of ગરમ.] Very hot; piping hot. 2. Mixed with spices.

ગરમા-ળો, *s. m.* [+ ગોળ.] A kind of medicinal plant, the pods of which contain pith like molasses.

ગરમી, *s. f.* [See ગરમ. Or, Hem. Des. गुम्मी, *Cf.* Mar. गुरमी pride, = S. इच्छा a wish.] Heat; warmth. 2. Passion; anger. 3. The lues venerea. 4. Morbid heat.

Prov. ગરમી ગરમીને મારે Like cures like = Diamonds cut diamonds.

ગર-વું, *s. n.* [See ગળ-વું = Hind. गिर-ना, to drop, to fall.] A bowl made of bell-metal and having no seat attached to its bottom.

ગરમે-લ, *s. f.* [See ગરમ hot.] A kind of plant much esteemed for pickles.

ગરમો, *s. m.* Same as **ગરમા-વો** (Used in Kthd.).

ગરલ, *s. n.* [S.] A Poison thrown out or vomited by a serpent. 2. A poison.

ગરલ હોય સાગર શિવ પીધો જી,
ચંદ્ર ચતુરથી ભાલ લીધો. —દયારામ.

થયો બાળો બેહેબાકળો, ક્રોધ સમાવ્યો તર્ત;
ગરલ વાક્ય હું ગારૂડી, માનની પામશે મર્ત.
—સામળભટ.

ગરવ, Same as **ગર્વ**.

ગરવું, *adj.* [S. गुरु great.] Grand.

ગરજ પડે ગરવી ઘણી સ્વામી સાથ સમરથ સદા.
—સામળભટ.

2. [See ગુરૂ great, or ગર્વ-વાળું proud.] Proud.

બચકે બાંધ્યાં વસ્ત્ર ને વાગા, ઘણું ધરેલું ગરવું રે.
—કલ્યાણ.

ગર-વું, *v. i.* Same as **ગળ-વું**. To drop.

ગર-વું, *v. t.* [S. गर्भ the interior part. Or, Hind. गिर-ना. ગળ-વું, to drop. To enter.

વિષય વિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ગરે રે.
—ભોજોભગત.

ગરાગ, Same as **ઘરાક**.

ગરાગી, Same as **ઘરાકી**.

ગરા-ડ, *s. m.* [See ગરાડો.] A ditch; a pit. 2. *adj.* Large; grand.

ગરા-ડી, *adj.* [See ગરક.] Addicted to.

ગરા-ડો, *s. m.* [See ગર્ભ+ખાડો. *Cf.* ગરા-ડ.] A ditch; a pit.

ગરાસ, *s. m.* [S. ग्रास eating, food, *fr.* ग्रस् to eat.] Lands given for maintenance.

ગરાસ-ણ, / **ગરાસ-ણી**, } *s. f.* The wife of a ગરાસિ-યા; a woman of the ગરાસિ-યા caste.

ગરાસિ-યો, *s. m.* A landholder. 2. An individual of a caste of Rajputs.

ગરિ-મા, *s. m. f.* [S. *fr.* ગુરૂ.] Greatness. 2. The power of becoming heavy at will; one of the eight kinds of Siddhi.

ગરિયો, *s. m.* A top.

ગરી-ડું, *s. n.* [See ગળ-વું to drop.] A globule of dung.

ગરીબ, *adj.* [Ar.] Poor, indigent. 2. Meek; gentle; mild.

Prov. ગરીબનો બેલી રામ God helps the poor, for the rich can help themselves. ગરીબનો બેલી પરમેશ્વર God protects the poor. ગરીબનું ખાય, તેનું સત્યાનાસ જાય The poor man's penny unjustly detained, is a coal of fire in a rich man's purse. ગરીબકી જોરૂ સબકી ભાભી All lay load on a quiet poor horse. ગરીબની ગાંડમાં દાંત He is a wolf in a lamb's

skin. ગરીબનું નશીબ ગરીબ Misfortunes seldom come single. ગરીબને ઘેર ગોદો, ને પૈસાદારને ઘેર સાદો Riches beget riches, poverty begets poverty. ગરીબને મન પોતાની ઝુંપડી મહેલ બરાબર A poor man's hut is his own palace.

ગરીબ-નિવાજ, *adj*. [+P. नवाख्तन् to give.] Charitable towards the poor; conferring blessings an the poor.

ગરીબ-ગરબા, } **ગરીબ-ગુરબા,** } *s. n. pl.* [+ redup. or, + ગરવું, ગુરૂ, great.] The poor (collectively); paupers.

ગરીબ-ડું, *adj*. Poor and wretched.

ગરીબ-પરવર, *adj*.[+ પરવર a protector.] Friendly to the poor. 2. An expression used in addressing petitions to superiors.

ગરીબા-ઈ, } **ગરીબી** } *s. f.* Poverty; indigence. 2. Meekness; humility.

Prov. ગરીબાઈની કાંઇ દવા નથી Poverty is a boundary difficult to pass. ગરીબાઈમાં કાંઇ શરમ નથી Poverty is no vice.

ગરૂ, Same as **ગુરૂ**.

ગરૂડ, *s. m.* [S.] An eagle.

ગરૂડ-ગામી, } **ગરૂડ-ધ્વજ,** } *s. m.* [S. *fr.* + गम् to go; S. *fr.* + ध्वज a banner.] A name of Visṇu, whose conveyance, as represented in the Purāṇs, is an eagle.

ગરૂડ-પાચુ, *s. n.* [+ S. पाच an emerald.] An emerald.

ગરૂડ-પાચુનાં પાટિયાં જડયાં,
અન્યો અન્ય શોભા લેઈ અડયાં. —ગિરિધર.

ગરૂ-ડો, *s. m.* [See ગુરૂ + ડો dim. suffix.] A priest of the pariahs.

ગરૂર, *adj*. [P. *Cf.* મ-ગરૂર.] Haughty; proud; arrogant.

ગરૂરી, *s. f.* Haughtiness; pride; arrogance.

Prov. ગરૂરીનું ઘર ખાલી Pride goes before destruction.

ગરૂવું, Same as **ગરવું** Great.

ગરૂવા ગુરૂ મળ્યા રે, એવા સત્ય નિરંજન દેવ.
—અખો.

એમાં અર્થ છે અવનવા, ગરૂવો છે ગ્રંથ.
—સામળભટ.

દમયંતી કહે ઊઠી કાં ન નાઠો;
અલ્યા, ગુરૂવો થઈ શું ગાઠો ?" —પ્રેમાનંદ.

ગરો-ડો, Same as **ગરૂ-ડો**.

ગરોદર, *adj. f.* [S. गर्भ the fœtus + उदर the belly, the womb.] Pregnant.

ગરોળી, *s. f.* [Hem. Des. घरोली = S. गृह-गोधि-का, गृह-गोलि-का, a house-lizard. *Cf.* કાચિંડો: See કરોળિ-ઓ *fr.* Hem Des. करेडु = S. कृकलासः a lizard.] A lizard.

ગર્જ-ના, *s. f.* [S. *fr.* गर्ज् to thunder.] Thunder; a roar. 2. Bellowing; roaring. Sanskrit form of **ગરજ-ના**.

ગર્ત, *s. n.* [S.] A hollow; a hole; a cave. 2 A ditch.

ગર્ત માંહી ગાડયા જાણો, આ પાશ આ વ્યાધ છે.
—વલ્લભ.

ગર્દભ, } **ગર્ધપ,** } **ગર્ધવ,** } *s.m.*[S. गर्दभ.] An ass; a donkey.

ગર્ભ, *s. m.* [S.] The fœtus; an embryo. 2. Marrow; kernel; pulp. Same as **ગરભ**.

ગર્ભ-પાત, Abortion; miscarriage.

ગર્ભ-પાતી, That procures abortion or miscarriage.

ગર્ભ-યાતના, The discomforts which the soul suffers while in the womb of the mother.

ગર્ભ-વતી, } **ગર્ભ-વંતી,** } *adj. f.* Pregnant (a woman).

ગર્ભ-વાસ, Dwelling in the womb.

ગર્ભ-શ્રી-મંત, Wealthy or great from birth; born to riches; born with a silver spoon in the mouth.

ગર્ભ-સ્થાન, The womb; the uterus.

ગર્ભ-સ્રાવ, Abortion.

ગર્ભાશય, The womb.

ગર્ભાધાન, The ceremony of consummation of marriage.

ગર્ભિ-ણી, Same as **ગર્ભ-વતી**.

ગર્ભિ-ત, *adj*. Included; contained. 2. Implied; not expressed.

ગર્વ, *s. m.* [S.] Haughtiness; pride; arrogance.

Id. ગર્વ થવો–ચઢવો To have pride. ગર્વ કરવો To behave oneself with pride. ગર્વ ઉતર-

વો To be humiliated.

Prov. ગર્વ તો રાજા રાવણનો એ રહ્યો નથી Pride goes before destruction.

ગર્વ-ઘેલું, *adj.* [+ ઘેલું.] Maddened or blinded with pride.

ગર્વિ-ષ્ઠ,
ગર્વી, } *adj.* Haughty; proud; arrogant.

ગલ, *s. m.* [S. गृ to swallow. See ગળ-વું] A fish-hook. 2.A hook.3.A bait;an allurement.

Id. ગલ આપવો To hold forth a bait; to tempt. 2. To offer or give a bribe.

ગલ, *s. m.* [See ગર, ગર્ભ, pith.] The pith; the pulpy part. 2. The essence. 3. A secret.

Id. ગલ આપવો To tell a secret in confidence.2.To speak freely what is in one's mind.

ગલ, *s. m.* [S. गरल poison.] Poisonous exudation.

ગલ, *s. m.* [See ગુલ a flower.] The snuff of a wick in a burniug lamp. 2. Tobacco burnt red-hot in a hubble-bubble.3. A red spot on a tobacco leaf (Used in Kthd.). 4. [See ગુલ a flower, as also ગર-વું to drop.] A spark of the snuff of a wick in a burning lamp, falling down. 5. [See ગુલ as also ગુડ, ગોળ, and ગળ-વું, ગળી જ-વું.] A bribe.

ગલ, Same as **ગર, ગર્ભ,** Pith.

ગલ-કી, *s. f.* [See ગલ-કું.] A plant, the fruits of which are used for food.

ગલ-કું, *s.n.*[See ગર.]The fruit of **ગલ-કી.**

ગલ-ગલા-મણી, *s. f.* [See ગલ-ગલિ-યાં.] A game for children (Used in Kthd.).

ગલ-ગલિ-યાં, *s. n. pl.* [Hem. Des. गिलिगिला-वि-अं=S. हास्य स्थाने अङ्ग स्पर्शः touching the parts of the body so as to excite laughter, to titillate; *fr.* S. गृ, गर्, गल्, ગળ-વું,to drop. Or, Imit. *Cf.* કલ-કલ.] Titillation.

Id. ગલગલિયાં કરવાં To titillate; to tickle.

ગલ-ગોટો, *s. m.* [P. गुल a flower + ગોટો a ball.] A kind of flowering plant, or its flower.

ગલ-જીભી, *s. f.* A kind of vegetable used for food.

ગલત,
ગળત, } *adj.* [Ar. Or, Hem. Des. गलत्थालि-ओ = S. क्षिप्तः thrown, rejected, *fr.* S. गृ, गर्, गल्, ગળ-વું, to drop + સ્થલ place.] Erroneous. 2. Wrong. 3. False.

ગલ-થુથી, Same as **ગલ-હુતી.**

ગલ-પટો, Same as **ગળ-પટો.**

ગલ-પાપડી, *s. f.* [See ગોળ + પાપડી.] A kind of sweetmeat made from molasses.

ગલ-બલ, Same as **કલ-બલ.**

ગલબા, *s. m. pl.* [Ar. घलबा an attack.] Crackers; squibs.

ગલબું, *s. n.* [See ગલ-બલ.Or, See ગલબા.] An uproar; a shout. 2. A rumour.

એવે ગલબું સૂણ્યું ગરજતું, " કાશીરાયે પાડી છે વાટ;"
ચાર આવી એક ત્યાં વધ્યો, "તજો, સર્વ શૂર, ઉચ્ચાટ."
—પ્રેમાનંદ.

ગલબો, *s. m.* [See ગલબું.] A rumour.

ગલબો, *s. m.* [See ગુલાબ.] A rose-plant.

ગલ-મેંદી, *s. f* [See ગુલ flower + મેંદી.] A kind of fragrant plant.

ગલ-હુતી, *s. f.* [See ગોળ molasses + S. च्यु-ति dropping *fr.* च्यु to drop;or થોથું a plug, a thick and soft thing steeped in a liquid; or S. हु-ति an offering *fr.* हु to sacrifice.*Cf.* ગૂલ-થુથી; ગળ-હુતિ.] Drops of a mixture of molasses, ghee,and water slowly put into the mouth of a new-born infant by means of cotton steeped in the mixture.

ગલાલ, Same as **ગુલાલ.**

ગલાસ, *s. m.* [Eng. Glass.] A glass. 2. A tumbler.

ગલિ-ત, *adj.*[S. *fr.* गल् to drop, to fall.] Dropped; fallen.

ગલિત લલિત ફૂલની લટેરે,રતિમાં ગ્રંથી તે ફરી બેશ ને.
—ગીતગોવિંદ.

ગલી, Same as **ગલી-ગલી.**

ગલી, *s. f.* [See ગળું the neck.] A lane; an alley. 2. A valley.

ગલી-કુંચી, *s. f.* [+ કુંચી a key *fr.*S. कूर्च a bunch,a bundle.]Narrow and crooked lanes.

ગલી-ગલી,
ગલી-પચી, } *s. f.* [Imit. of the sensa-

tion. See ગલ-ગલિ-યાં] Titillation; tickling.

ગલીચ, *adj*. [Ar.] Filthy; dirty.

ગલીચી, *s. f.* Filth; dirt.

ગલીચો, Same as **ગાલીચો**.

ગલેફ, *s. m.* [P. गिलफ़] Covering; a sheath.

ગલેફી, *s. f.* A kind of fried cake.

ગલે-લી, *s. f.* [See ગર, ગલ.] The kernel of a palm-nut.

ગલો-ફું, *s. n.* [See ગાલ cheek + પાસું side.] The inside of the cheeks.

ગલોલ, *s. f.* } **ગલોલો**, *s. m.* } [See ગોલંદાજ.] A pellet-bow.

ગલ્લ, *s. m.* [S.] The cheek.

ગલ્લાં-તલ્લાં, Same as **ગાંગાં-તલ્લાં**.

ગલ્લો, *s. m.* [P.] A money-box. 2. A money-box in a shop; a till.

ગલ્લો, Same as **ગિલ્લો**.

ગવન, *s. n.* [S. गमन *fr.* गम् to go.] Going; motion; gait.

ગવન, *s. n.* [Eng. Gown.] Fine chintz; calico. 2. A kind of upper garment (for women).

ગવરનર, *s.m.* [Eng. Governor.] A governor; the head executive officer in an Indian Presidency.

ગવરનર-જનરલ, *s. m.* [Eng. Governor-General.] The Governor-General; the chief British executive officer in India.

ગવરી, *s. f.* [See ગૌ + વર great.] A cow.

ગવરી, Same as **ગૌરી**.

ગવળી, Same as **ગો-વાળિ-યો**.

ગવા-ડ-વું, *v. t.* [Causal form of ગા-વું.] To cause to sing; to ask to sing.

ગવાનિક, } **ગવાનેક**, } *s. n.* [S. गवान्न *fr.* गो a cow + अन्न food *fr.* अद् to eat; or અનેક many.] Food set aside for cows. 2. All sorts of food mixed together.

ગવાર, *adj.* [See ગમાર.] Clumsy; awkward; dull; stupid.

ગવાર, *s. f.* A kind of bean. Same as **ગુવાર**.

ગવાર-ફળી, } **ગવાર-શાગ**, } *s. f.* [+ ફળી, શીંગ.] A pod of ગવાર, ગુવાર.

ગવા-વું, *v. i.* [Passive form of ગા-વું.] To be fit to sing; to be sung. 2. To be talked of; to be slandered.

ઘણા દિવસની ગવાઈ છું જૂઠી,
તે આજ લઈએ લાહવો. —**દયારામ**.

ગવાહી, *s. f.* [Ar.] Evidence; testimony; deposition.

ગવાળો, *s.m.* [See ગોપ a cowherd + આલય house.] A medley of articles. 2. A woman's portmanteau. 3. A covering; a case.

Id. વેહીનો ગવાળો A bundle or heap made up of several odd things; odds and ends.

ગવાક્ષ, *s. n.* [S. *fr.* गो a cow + अक्ष the eye.] An air-hole; a loophole. 2. A small window.

પડ્યું છિદ્ર ગવાક્ષના જેવું. —**પ્રેમાનંદ**.

ગવેહ, *s. f.* [S. गवेष् to search for.] Malice; grudge. (Used in the Hālār Prānt.)

ગવૈ-યો, *s. m.* [S. गायक *fr.* गै to sing.] A songster.

ગવ્ય, *s. n.* [S. *fr.* गो a cow.] Milk, butter, &c., of a cow.

ગસેડ-વું, Same as **ઘસડ-વું**.

ગસ્ત, *s. f.* [P.] Rounds of a patrol. 2. Patrolling; going the rounds.

ગહન, *adj.*[S.] Inaccessible. 2. Difficult. 3. Incomprehensible; inscrutable. 4. Secret.

ગહું, *s. m.* [S. गोधूम.] Wheat. Same as ઘઉં.

ગહું-લો, *adj.* Of a wheat-colour; brown.

ગહ્વર, *s. n.* [S.] A cave.

ગુહા, ગહ્વર, નદીઓ, ન તીર,
સમુદ્ર, બેટ, પર્વતની તીર. —**સામળભટ**.

ગળ, Same as **ગલ** A fish-hook.

ગળ-કેરી, *s. f.* [See ગોળ + કેરી.] A preserve of mangoes in molasses.

ગળ-કો, *s.m.* [S. गॄ, गर्, गल्, to swallow; See ગળ-વું Or, See ગોળ molasses + કો dim.] Taste; liking; relish.

ગળ-ગળ-વું, *v. i.* [Imitative of the feeling. Or, S. गॄ, गर्, गल्, ગળ-વું, to drop.] To become piteous and supplicating.

ગળ-ગળિ-ત, } **ગળ-ગળું**, } *adj.* [See ગળ-વું, ગળી જવું.]

Humble; submissive; piteous and supplicating.

ગળું ગળગળું થાય, નેત્રથી નીર ઝરે છે;
બોલે હળવા બોલ, શ્વાસ ઉસાસ ભરે છે.
—સામળભટ.

2. Watery; washy.

Id. ગળ•ગળું થવું To be affected by a feeling and be about to cry. ગળગળો અવાજ A Piteous voice.

ગળ-ગોટિ•યો, ગળ-ગોટ•ડો, ગળ-ગોટો, *adj.m.* [See ગોળ *fr.* S. गोल round + ગોટો a ball.] Round; spherical.

ગળ-ચકું, [See ગળ્યું + ચાખ•વું.]Same as ગળ-ચટું.

ગળ-ચટું, *adj.* [See ગળ્યું+ચાટ•વું.] Sweetish.

ગળ-ચવાં, *s. n. pl.* [See ગળ-ચવો.] Being stupid;standing; standing still and silent through confusion.

ગળચ•વું, Same as **ગરચ•વું.**

ગળ-ચવો, *s. m.* [ગળુ + ચાવ•વું.] A kind of necklace.

ગળ•ચિ•ચું, *s. n.* [See ગળુ +P. चेह् & યું dim.] The bobbing up and down of a drowning man.

ગળ•ચી, *s. f.* [+ P. चेह् dim.]The neck; the throat; the wind-pipe.

ગળ•ણી, *s. f.* [See ગળ•વું to drop; also ગાળ•વું to sift.] A sieve.

ગળ•ણું, *s. n.* A piece of cloth used as a seive; a filter.

ગળત, Same as **ગલત.**

ગળત-કોડ, *s. m.* [S. गलित dropped *fr.*गल् to drop. See ગળ•વું, + कुष्ठ leprosy, See કોડ.) Leprosy.

ગળ•તી, *s.f.* [See ગળ•વું.] A vessel with a hole at its bottom through which water dribbles.

ગળ-થુથી, Same as **ગલ-કુતી.**

ગળ-ધાઈ, *s. f* [See ગળુ+S. दाह burning *fr.* दह् to burn.] A burning sensation in the throat.

ગળ-પટો, *s. m.* [S. + पट cloth.]A collar; a neckerchief.

ગળ•પણ, *s. n.* [See ગળ્યું.] Sweetness.

ગળ-પાપડી, Same as **ગલ-પાપડી.**

ગળ•ફો, *s. m.* [See ગળુ throat + ફીણ foam.] Phlegm.

ગળ-માણું, ગળ-વાણું, *s. n.* [See ગોળ + પાણી.] A kind of sweet-meat made of wheat-flour boiled in molasses or sugar dissolved in water.

ગળ•વું, *v. t.* [S. गॄ, गर्. गल्.] To swallow.

શૂરમણિ કર્ણ પાસ, ધારતો ન તેનો ત્રાસ;
દુઃશાસનનો ઉજાસ,એથી એ શું ના ગળે ?—વલ્લભ.

Id. વાત ગળી જવી Lit. To eat or swallow what has been heard.Hence.2. To give no reply.3.To drop a subject in conversation. લાડવા ગળી જવા To swallow sweet-meat balls; to eat sweet-meat balls greedily.

ગળ•વું, *v. i.* [S. गल् to drop, to ooze.] To drop; to ooze; to leak. 2.To melt;to be dissolved; to be melted and purified or refined. 3. To be ripe and sweet. 4. To waste away; to grow thin or lean. 5. To soften; to be over-awed; to be submissive.

Id.આંબા ઉપરથી કેરી ગળે છે Mangoes drop down from a mango-tree. છાપરામાંથી પાણી ગળે છે Water trickles through the roof.દાળ ગળી ગઈ છે Pulse has been dissolved. કેળાં ગળી ગયાં છે Plantains have been ripe and sweet. તેનું શરીર ગળી ગયું છે His body has grown thin. તેનું નાક ગળે છે His nose drops down rheum. ગાંઠ ગળી ગઈ A knot (in the body) is dissolved. હાડ ગળવું To be thin in body; to lose flesh.વાત ગળી જવીNot to speak about, or refer to, a matter.કાદવ-માં ગળી જવુંTo sink and stick in mud. ખાંડ ગળી ગઈSugar is dissolved and has become a liquid.2.Sugar is lost by being dissolved. ગળતી ગોદડીએ Without accomplishing one's object; being disappointed. ગળિયો બળદ An unwilling ox. 2. Unwilling to work.

ગળ•વું, *v.t.* [Used as the causal of ગળ•વું to drop, *Cf.* ગાળ•વું.] To strain; to filter to sift.

Id. પાણી ગળવું To strain or filter water.

Prov. સો ગળણે ગળી, પાણી પીવું One should be cautious everywhere.

ગળ-ફુલી, Same as **ગલ-ફુલી.**

ગળા-મણ, *s. f. n.* The process of melting. 2. Wages for melting. 3. The residue left after melting, at the bottom of a crucible.

ગળા-વું, *v.i.* [Passive form of ગાળ-વું *fr.* S. गल् to drop.] To be melted or dissolved. 2. To be wasted away; to be consumed. 3. To be sifted or strained.

ગળિ-ત, Same as **ગલિ-ત.**

ગળિ-યા-ગોટી, *s. f.* [See ગોળ molasses + ગોટી a pill.] A game for girls.

ગળિ-યારો, *s. m.* [See ગળી + કાર doing.] One who dyes with indigo.

ગળિ-યેર, } **ગળિ-યેલ,** } *adj.* Having the colour of indigo. 2. Dyed with indigo.

ગળિ-યો, *s. m.* [S. गल to drop.] An obstinate bullock, who drops or sits down when urged on.

ગળી, *s. f.* [Hind. नीला- લીલું, *fr.* S. नीली indigo *fr.* S. नील black, blue.] Indigo.

ગળી, *s. f.* [See ગળું.] The voice; the tone.

ગળું, *s. n.* [Hem. गलओ *fr.* S. गल throat *fr.* गृ to swallow.] The throat. 2. The voice; the tone.

Id. ગળું પડવું To have the voice lowered down; to be hoarse. 2. To have the neck dislocated. 3. A disease among infants. ગળું કરાવવું To cure an infant affected by the disease (ગળું પડવું). ગળે પડવું To lay a false complaint against. 2. To flatter; to court the favour of; to oblige another to grant one's request; to insist upon another man's granting a favour; to importune. 3. To lay claim to what belongs to another, as if it were one's own. 4. To be obliged to do against one's own wish (of an evil habit). ગળે ઘાલવું To throw responsibility upon. 2. To pierce the throat with. ગળાકાપુ, ગળાકાટુ, ગળાફાંસુ A cut-throat. 2. A rogue; a swindler. ગળે હાથ નાખવોTo embrace (a woman) through love. ગળે હાથ મૂકવોTo swear by (a person). ગળું પકડવું To catch by the throat. 2. To stop from swallowing. 3. To seize red-handed or in the act. વાત મારે ગળે ઉતરી The argument has convinced me. 2. I was convinced of the truth of the matter. ગળે ઉતરવું To be swallowed (food). ગળી જવું To be melted or dissolved. વાત ગળે ઉતારવી To convince with arguments. 2. To convince of the truth of a matter. અમે તારે ગળે નહિ પડયા હતા We would not force ourselves on you. ગળે વળગવું-બાઝવું Same as ગળે પડવું. 2. Not to be able to eat owing to the remembrance of an absent child or a dear person. આ વાતમાં મારે તો ગળે ટાંટિયા આવ્યા I am at my wits' end in this matter. 2. I am disgusted with this matter. 3. I shall be ruined in this business; I rue the day when I put my hands in this matter. ગળું બંધાવું To be obstructed; to be choked (the throat). ગળા લગી Lit. As far as the throat. 2. Completely. 3. More than wanted. 4. Extremely. ગળામાં જીભ ઘાલવી To stop speaking. ગળામાં જોતરૂં ઘાલવું-વળગાડવું To set a person to do an undesirable work; to throw responsibility upon an unwilling person. ગળું કાપવું-રહેંસવું To cut off the head. 2. To betray; to be perfidious to. ગળું બેસી જવું To be hoarse (of the voice). ગળ ગળું મળી જવું To be extremely thirsty. ગળ-ગળા ઉપર-છરી મૂકવી To threaten to cut off the head of; to threaten to kill. 2. To be perfidious to. ગળે ઝલાવું To be caught by the neck; to be thrown into a very difficult position. ગળે દોરી આવવી: ગળે ફાંસો આવવો To be suffocated. 2. To be about to lose one's life. 3. To be in a great difficulty; to be perplexed. 4. ગળે નાખવું To throw responsibility upon. ગળે પાણી ન પડવા દેવું To tyrannize over; to harass. ગળે બાંધવું To throw a work upon a person against his will. 2. To accept the responsibility of taking care of a child. 3. To accept. 4. To charge falsely with. 5. To acquire an evil habit. ગળેથી ઝાલવું To catch red-handed. 2. To catch so as to leave no change of escape. ગળાના સમ To swear sincerely by (a person).

અળે-પડુ, *adj*.[અળુ + પડ-વું.] Laying claim to a thing without having any right to it. 2. Bringing a false charge.

અળો,*s.m.f.*[See ગળ્યું, sweet,for euphemy = Mar.गुळ-वेल.] A medicinal bitter plant. 2. Bad habit; addictedness.

ગળ્યું, *adj*. [Guj. ગોળ *fr*. गुड molasses.] Sweet.

ગાંગડી, *s. f.* [A corruption of કાંકરો *fr*. S. कङ्कर sharp pieces of stone.] A small bit; a small **ગાંગડો**.

ગાંગડુ, *adj*. Hard; that cannot become tender even though well-boiled(beans,&c.).

Id. ગાંગડુ રહેવું To lose the confidence of each of the parties; to be disliked by both parties.

ગાંગડો, *s. m.* [See કાંકરો.] A large piece 2. A dry and unopened cotton-pod.

ગાં-ગર-વું, *v. i.* [Imit.] To bellow like a bull.

ગાંગરી, Same as **ગાગર**.

ગાંગ-ણું. *s. n.* [Imit. *Cf.* ગણ-ગણ, Eng. Hum.] A humming sound. 2. Hesitation. 3. Grumbling;a complaint.

ગાંગ-લું, *adj*. [See ગાંગા-તલ્લી, ગાંગો.] Impotent; wanting the power of procreation (of males);effeminate. 2. *s. n.* Adultery.

ગાંગાં-તલ્લાં, *s. n. pl.* [See ગાંગો + તેલી. Or, Imit.] Hesitation; uncertainty.

ગાંગો, *s. m.* [Familiar corruption of **ગંગ-દાસ** (a servant of the holy river Ganges). As the proverb says "કહાં રાજા ભોજ, અને કહાં ગાંગો તેલી."] An itinerant oil-man. 2. An humble person.

ગાંગે-ડ-વું, Same as **ગાંગ-ર-વું**.

ગાંજ-વું, *v. t.* [S. गञ्ज disrespect, contempt. Or, S. गञ्जन hating.] To overpower; to over-awe. 2. To deceive.

જ્યાં સુધી ગ્રહ પાધરા, જ્યાં સુધી આયુષ હોય;
ત્યાં સુધી હાથ આવે નહિ, ગાંજી શકે નહિ કોય.

—સામળભટ.

ગાંજા-કસુ,
ગાંજા-ખોર,
ગાંજા-ખોરિ-યું, } *adj*. [See ગાંજો + કસ-વું, ખોર.]Addicted to smoking Ganja or dried hamp-flowers.

ગાંજો, *s. m.* [Hind.] Hemp-flowers.

ગાંઠ, *s. f.* [S. ग्रन्थि.]A knot;a tie;a joint. 2. Union; agreement; a firm resolution. 3. Entanglement; enmity. 4. Possession.

Id. ગાંઠ બાંધવી—વાળવી To tie a knot. 2. To come to a resolution.3.To be spiteful.4. To remember well. 5. To be clotted. **ગાંઠનું** One's own; out of one's own purse.6. ગાંઠની બીજી વાતો જોડવી—ઉમેરવી To make an addition to a story out of one's own imagination to invent; to fabricate; to give one's own version of a story. ગાંઠ ઘાલવી To have a swollen gland. ગાંઠ કરવી, ગાંઠે કરવું To collect money secretly for one's own use. **ગાંઠ હોવી** To be friends. મડાગાંઠ A very firm knot or tie. ગાંઠ મારવી To tie a knot. ગાંઠનું ગોપીચંદન At one's own expense. ગાંઠ ગળફા Scruples and objections.2. Fraud. ગાંઠે બાંધવું To settle firmly. 2. To keep under one's control. 3. To secure; to gain.

Prov. ગાંઠે પૂરો, તો બોલવામાં શૂરો A full purse makes the mouth to speak. ગાંઠનું ખાવું, ને ગાંડા સાથે જવું It is folly to spend one's own money for the enjoyment of a fool's company.ગાંઠનું ગોપીચંદન કરવું To spend one's money and be called a fool in the bargain.

ગાંઠ-ડી, *s. f.*A bundle. 2. Wealth; property.

ગાંઠ-ડો, *s. m.* A large bundle.

ગાંઠ-ણું, *s. n.* A junction; a joint.2. The knot of two threads at a junction.

ગાંઠ-વું, *v. t.* To knot;to knit.2. To mind; to obey.

રોકે સાસુ, દીયરૂ; કોઈને નથી ગાંઠતી જો,

—મણિરામ.

ગાંઠિ-યો, *s. m.* A knot of turmeric; the root of turmeric. 2. An article of food made in the form of roots and knots of turmeric. 3. Any knotty root. 4. *pl.* The testicles.

ગાંઠિ-યો તાવ, *s. m.* [See ગાંઠ+તાવ.] Bubonic fever; bubonic plague.

ગાંઠો, *s. m.* A knot; a joint. Same as **ગાંઠ**.

ગાંડ, *s.n.* [S. गण्ड the temples, used for

euphemy.] The anus. 2. The bottom of anything (vulgar.).

Id. ગાંડ પર હાથ મૂકવો Not to be sorry about one's defeat. 2. To make oneself free from anxiety. ગાંડમાં પેસવું To flatter meanly. ગાંડ આંગળી કરવી To touch a thing unnecessarily and spoil it. ગાંડ ચાલવી-વહેવી To have frequent stools; to suffer from diarrhœa.

Prov. ગાંડ તળે રેલો, તો પારકી વાત મેલો Point not at anothers' spots with a foul finger. ગાંડ બતાવીએ, પણ દાંત ન બતાવીએ One may undergo any sacrifice, but never show disrespect towards others. તે તો ગાંડના વેહ લગી ડાહ્યો છે He is very conceited.

ગાંડ-ગમચાં, *s. n. pl.* [+ P. गमजा sport, *Cf.* ગમ·ચું.] Playful fretting; apparent anger. 2. Boasting; making much of. 3. Playful delay or uncertainty.

ગાંડ-ગુલામી, *s. f.* [+ ગુલામી, ગુલામ.] Abject servility; mean adulation.

ગાંડ-છા, *s. f.* [ગાંડું + શાહી; શાહ.] Same as **ગાંડા·ઈ.**

ગાંડ·પણ, Same as **ગાંડા·ઈ.**

Id. ગાંડપણ કાઢવું To play the fool.

ગાંડા·ઈ, *s. f* [See ગાંડું.] Folly; stupidity; madness.

ગાંડિ·યું, Same as **ગાંડું.**

ગાંડું, *adj.* [See ગંડું. Hem. Des. खल-गंडि·ओ = S. मत्तः maddened *fr.* S. खल a rogue + ગંડિયો a cheat *fr.* S. ग्रन्थि, ગાંઠ, a knot.] Mad; foolish.

Prov. ગાંડી ગુજરાત, આગે લાત, પીછે બાત For a mischievous dog a heavy clog. ગાંડાને જ્ઞાન આવ્યું A fool does not know that he is a fool. ગાંડાનાં ગામ જૂદાં ન વસે There are fools in every station of life. ગાંડો, ને વળી ભાંગ પીધી Confusion worse confounded.

ગાંડું-ઘેલું, *adj.* [+ ઘેલું mad.] Foolish in several respects. 2. Over-joyed.

Prov. ગાંડા-ઘેલા પણ ધણીના રોટલા Substance is always preferred to form.

ગાંડું-તૂર, *adj.* [+ તૂરૂં astringent to the taste.] Very foolish. 3. Totally foolish.

ગાંડુ, *s. m.* [See ગાંડ and ગાંડું.] A mad man. 2. A coward; a womanish fellow.

ગાંદરું, *s. n.* }
ગાંદરો, *s. m.* } [See ગામ + પાદર. Or, S. गोदघ्न by a transposition of ર, and placing દ for ધ, *fr.* गो a cow + दघ् to obstruct.] The confines of a village, where the cattle are made to stand.

ગાંધિ·યા·ણું, *s. n.* Same as **ગાંધી·વડું.**

ગાંધી, *s. m.* [S. गन्ध smell, fragrance.] A grocer; a druggist; a vendor of drugs, aromatics, and perfumes; an apothecary.

Prov. ગાંધીનો ગાંધી, ને પોઠીનો પોઠી A box contrived a double debt to pay: A bed by night, a chest of drawers by day.

ગાંધી·વડું, }
ગાંધી·વટો, } *s. n.* [+S. वृत्ति a profession *fr.* वृत् to be.] The business of a grocer. 2. A little knowledge of everything; a smattering of every subject.

ગાંયજો, *s. m.* [Hem. Des. गंठ·ओ = S. वरुड: a low caste; also गंडा or गंज्झ·ओ = नापितः a barber.] A barber.

Id. ગાંયજા જેવો Insolent; impudent. ગાંયજાની પેઠે આરશી હાથમાં ને હાથમાં જ રાખે છે He makes a show of his importance.

Prov. બિલાડીના પેટમાં ખીર ટકે, તો ગાંયજાના પેટમાં વાત ટકે A barber cannot keep a secret.

ગાંસ·ડી, Same as **ગાંઠ·ડી**. 2. A purse of money (colloq.).

ગાંસ·ડો, *s. m.* A large **ગાંસ·ડી.** *Cf.* **ગાંઠ·ડો.**

Id. ગાંસડા પોટલા બાંધવા To remove one's lodging.

ગાઉ, *s. m.* [S. गव्यूति.] A distance of two miles; a *kos.*

ગાગર, }
ગાગેર, } *s. f.* [S. गर्गरी.] A vessel or pot for holding water.

Id. ગાગર-બેડિયાની માનતા The vow of carrying two painted earthen pots, one upon the other, on the head to the temple of a goddess in a procession to the accompaniment of singing and tom-tom.

ગાગેર·ડી, *s. f.* A small **ગાગેર.**

ગાજ, *s. m.* [Eng. Gauge.] A kind of thin silken or cotton cloth.

ગાજર, *s. n.* Carrot.

Id. ગાજર તાણવું To make a vertical mark on the forehead with a red powder.

Prov. ગાજરની પીપુડી, વાગી તો વાગી, નહિ તો કરડી ખાધી Profitable both ways, in success or failure.

ગાજરિ·યો, *s. m.* [Guj. ગાજર, so called from its likeness to the root.] A large cross mark made on the forehead.

ગાજ-વીજ, *s. f.* [S. गर्ज·ना, See ગાજ·વું + વીજ *fr.* S. विद्युत् lightning *fr.* वि intens. + द्युत् to shine.] Thunder and lightning.

ગાજ·વું, *v.i.* [Dh.Des. गाज·अं= S. गर्जि·तम् S. गज.] To thunder. 2. To roar.

ગાઉં ગુણ હું ગાજી ગાજી, કરો નિર્મળ મતિ સારી.
—પ્રેમાનંદ.

3. To fill the world with one's name and fame; to be very famous.

વહાલાજી હું તો તમારા બળથી ઘણી ગાજું,
જાણો છો, કહું શું ઝાઝું રે, પાવલે લાગું.
—દયારામ.

Id. ગાજતું વાજતું In a procession accompanied with tom-tom. મેઘ ગાજે છે The thunder rolls.

Prov. ગાજતું વાજતું સૌ એ માંડવે આવશે The secret will be out. ગાજે તે વરસે નહિ, ને ભુંકે તે કરડે નહિ A rolling thunder seldom bursts, and a barking dog seldom bites. ગાજે, તેનું વાજે No love without fear.

ગાજી-મરદ, *s.m.* [Ar. ग़ाज़ी brave + P. मर्द a man.] A brave man; a warrior; a hero.

ગાઠ·વું, *v. i.* [See ગાઠ, ગ્રંથિ.] To be deceived.

દમયંતી કહે "ઊઠી કાં ન નાઠો ?
અલ્યા, ગરૂવો થઈ શું ગાઠો ?" —પ્રેમાનંદ.

ગાઢું, *adj.* [See ગાઢ.] Worn out. 2. Weak.

કુંક નાગેંદ્રની ત્યાં ગાઠી રે. —પ્રેમાનંદ

અસ્થિ નીકળ્યાં, ત્વચા ગાઠી, ભયાનક હણહણે.
—પ્રેમાનંદ.

3. Defeated.

ગાડદી, *s. m.* [Eng. Guard.] A soldier; a guard. Same as **ગારદી**.

ગાડર, *s. n.* [Hem. Des. गड्डरी = S. छागी a female sheep, *fr.* S. गड्डर.] A sheep.

ગાડરિ·યું, *adj.* Pertaining to sheep. 2. Like sheep; sheepish.

Id. **ગાડરિયો પ્રવાહ** The following or imitating another without due consideration; following like sheep.

Prov. ગાડરિયો પ્રવાહ One sheep follows another; blind imitation.

ગાડરૂં, Same as **ગાડર**.

ગાડ·વું, *v. t.* [See ગર્ત.] To bury; to inter.

ગર્ત માંહી ગાડ્યા જાણો, આ પાશ આ વ્યાધ.
—વલ્લભ.

ગાડ·વો, *s. m.* [S. घट, See ઘાડ·વો.] An earthen jar.

ગાડિ·યું, *s. n.* [See ગાડી.] A small ગાડી (cart).

ગાડી, *s.f.* [Hem. Des. गड्डी a carriage *fr.* S. गन्त्री that goes (*fem.*) *fr.* गम् to go.] A cart 2. A carriage. 3. A railway carriage or waggon.

Id. ચાલે તેને કહિએ ગાડી, એવી દુનિયા આડી People in their perversity call a thing which moves (ગાડી) a thing buried—a pun upon the word ગાડી (a cart, and buried *fr.* ગાડ·વું to bury).

Prov. ગાડી દેખી પગ થાકે Unknown, unmissed: Out of sight, out of mind. ગાડી તળે કુતરૂં જાય, તે કહે "હું જ ભાર ખેચું છું" Every man boasts of his own power. ગાડી, વાડી, ને લાડી, એ ત્રણ મળ્યાં, એટલે ત્રિભુવન મળ્યું Indulgence of the senses is with many the goal of life.

ગાડી·ત, **ગાડી·વાન**, *s. m.* [+ વાન, વાળું.] A cart-driver.

ગાડું, *s. n* [See ગાડી.] A cart; a carriage used in contempt). 2. A load-cart.

Id. ગાડું-ગરીડું A cart and such other things. ગાડું જોડવું To yoke the bullocks to a cart, and make it ready for driving. ગાડું છોડવું To unyoke the bullocks from a cart and bring it to a stop. 2. To take rest on a journey. ગાડું હાંકવું–ચલાવવું To drive a cart. 2 To set out on a journey. 3. To push one's business on without fear or thought. 4. To do one's own business without other's help. ગાડે ગાડાં Carts upon carts; cart-loads; a large heap. ગાડે ગાડાં ભરીને In cart-loads. ગાડે ગાડાં વખત A great deal of time. **ગાડાવાટ** A way on which carts can be driven. 2. A high road. ગાડાના પડા જેવો (રૂપીયો)

Round;true.2.Valuable ગાડાના પૈડા જેવડું (નાક) A very large nose. ગાડે ચઢીને આવવું To be open or patent. ગાડે ચઢીને મોત આવવું To die suddenly.

ગાઢ, *adj.* [S. *fr.* गाह् to enter.] Deep; sound (sleep). 2. Thick. 3. Great; extreme.

Id. ગાઢ નિદ્રા Sound sleep.ગાઢ પ્રીતિ Great love.

ગાઢું, Same as **ઘાટું**.

ગા-ણું, Same as **ગા-ન, ગાય-ન.**

ગાત, Same as **ગાત્ર** The body.

શ્રાવણ મનન કરે ગુહ્ય વાત,
બોલે. દરસે, પરસે નારી-ગાત. **—નિકુળાનંદ.**

ગાત-ડી, *s. f.* [See ગાત્ર.] A knot of the upper garment of women worn on the breast.

ગાત્ર, *s. n.* [S.] A limb; a member. 2. The body.

ગાથા, } **ગાથી,** } *s. f.* [S. *fr.* गै to sing.] Verse; a poem. 2. A story written in verse.

એક ચિત્તે સાંભળ ભાઈ, ગાથા અત્રીની સુખ-દાઈ. **—પ્રેમાનંદ.**

જરા તૃણવત ગુણ-ગાથી કહું ઉંડળ ગુંડળમાં. **—વલ્લભભટ.**

ગાદ-લું, *s. n.* [Diminutive of ગાદી.] A small bed; a mattress of cotton.

ગાદી, *s. f.* [P.] A raised seat. 2. A throne. 3. A cushion; a soft pad.

Id.ગાદી તકિયો A soft seat and a cushion attached to it. 2. Luxury; luxurious state. ગાદી-પતિ A crowned king; an established ruler.

Prov ગાદી-તકિયો કે દોરી-લોટો An adventure which will either secure a throne or reduce the person to extreme poverty.

ગા-ન, *s. n.* [S. *fr.* गै to sing. See ગા-વું.] Singing.

Id.ગાન-તાન Singing and music in their various forms. 2. Revelry.

ગાન્ધર્વ, *adj.* [S. *fr.* ગંધર્વ.] Pertaining to or according to the musicians of gods (ગન્ધર્વ).

Id. ગાન્ધર્વ વિવાહ A form of marriage in which the parties fall in love with each other and secretly marry.

ગાફેલ, *adj.* [Ar. *fr.* गफलत.] Negligent; inadvertent.

Id. ગાફેલ રહેવું To be negligent;to neglect.

ગાબ-ડી, *s. f.* [See ગાભ, ગેરભ, ગર્ભ.] That with which a hole is filled up. 2. A small hole. 3. Absconding (Slang.)

Id. ગાબડી મારી જવું To disappear suddenly. 2. To be absent without notice.

ગાબ-ડું. *s. n.* A hole. 2. A loss.

Id. ગાબડું પડવું To have a hole (a ship). તેનું ગાબડું નિકળ્યું It sprang a leak (a ship). ગાબડું પૂરવું To make up a loss.

ગાભ, Same as **ગરભ.** (Used in the case of lower animals.)

આભ, ગાભ, ને વર્ષા-કાળ, સ્ત્રી-ચરિત્ર, ને રોતાં બાળ,
એની પરીક્ષા જો કોઈ કરે,તેને ઘેર સહદેવ જોશી પાણી ભરે. **—ભાષા.**

ગાભ-ણ, } **ગાભ-ણી,** } [S. गाभ-णी. See ગાભ.] *adj. f.* Pregnant; big with young (used in the case of lower animals)

ગાભરું *adj.* [See ગર્ભ + ભાર burden.] Confused; perplexed.

ગાભ-લું, *s. n.* [See ગાભ + લું dim.] A quantity of carded cotton. 2. A thin sheet of carded cotton. 3. *adj.* Soft and tender.

ગાભા-ચુંથા, *s. m. pl.* [See ગાભો+ચુંથ-વું.] Crumpled pieces of cloth or paper.

ગાભો, *s.m.* [See ગાભ] That with which a hole or a hollow is filled up. 2. Pulp. 3. Crumpled cloth or rags used in making up a turban. 4. A bar of copper or brass used in making up gold or silver ornaments.

Id. ગાભા-ગાભેગાભા કાઢી નાખવા To beat severely.

ગામ, *s. n.* [S. ग्राम.] A village.

Id. ગામ ગાંડું કરવું To please or charm the whole village. ગામ માથે કરવું To make an inquiry throughout the village. ગામ હુલાવી મારવું-નાખવું To excite or rouse the whole village. ગામનો ઉતાર-ગામનું પાપ The worst man in the village. ગામે ગામનાં પાણી પીવાં To become clever by travelling. ગામ રીતે દીવાળી In Rome you must be a Roman.

Id. ગોદમાં લેવું To take in one's lap. 2. To treat with care and affection. ગોદમાં ઘાલવું To place in the lap of. 2. To request to treat with care and affection.

ગોદડિ-યું, *s. n.*[See ગોદ-ડું.]A particular species of small-pox covering the whole body as with a quilt.

ગોદ-ડી, *s. f.* A quilt; a mattress.

ગોદ-ડું, *s. n.* [Hem. Des. गड्डं = S. शय्या, गाढ-निद्रा, a bed, sound sleep.]A large quilt or mattress.

ગોદાવરી,*adj*.[S. गोदावरि name of a holy river in Southern India.]A secret number to express 12 (the date of the Godāvārī pilgrimage occurring once in twelve years)

ગોદા-વ-વું, *v. t.* [See ગોદો.] To give a push. 2. To postpone from time to time; to make several postponements.

ગોદી, *s. f.* [See ગોદ *fr*.Ar. गौता a plunge.] A dock-yard.

ગોદો, *s. m.* [See ગોથ, ગોદ.] A push.

Id. ગોદો આવવો–વાગવો To receive a push. 2.To suffer a loss. ગોદો મારવો–ઘાલવોTo give a push. 2. To inflict a loss.

ગો-ધણ, *s. n.*[S. गो a cow + धन wealth.] A herd of cattle.

ગોધમ, Same as **ગોધૂમ**.

ગોધરિ-યું, *adj*. [Guj. ગોધરા a part of the province of Rewā Kānthā.] Produced in Godharā; brought from Godharā.

Id. ગોધરિયું તેલ Oil of an inferior quality, generally brought from Godhara. ગોધરિયું વાનું A troop of fools.

ગોધલી-લગન, Same as **ગોધું લગન.**

ગોધલિ-યું, }
ગોધું, } *s. n.* [See. ગોધો.] A young bull; a male young one of a cow.

ગોધું લગન, *s. n.* [S. गो + धूलि dust + લગન a marriage.] A marriage celebrated at the dusk of the evening, when cattle return from the forest to the house, and raise dust in their way.

ગોધુમ, }
ગોધૂમ, } *s. m.* [S. गोधूम.] Wheat.

ગો-ધો, *s.m.* [S. गो a cow + धव husband.] A bull.

ગો-પ, *s. m.* [S. *fr.* गो + पा to protect.] A cow-herd.

ગોપ, }
ગોફ, } *s. m.* [S. गुम्फ् to weave.] A necklace intended for men.

ગો-પદ, *s. n.* [S. गो + पद foot.] The foot, or the foot-print of a cow.

ગોપ-ન, *s. n.* [S. *fr.* गुप् to protect.] Concealment; protection.

ગોપ-વ-વું, *v. t.* [S. गुप्, गोप्, to hide.] To hide.

મારત પિચકારી ગોપવી ગૈરવ શામ હરિ.
—નરભેરામ.

પાવક ભસ્મ ઢાંકિયો ત્યમ ગોપવ્યું તેજ જી.
—ભાલણ.

ગોપ-હાર, *s. m.* [See ગોફ, ગોપ, + हार necklace. *Cf.* ગોપ a necklace for men.] A neck-lace for women.

ગો-પાલ, }
ગો-પાળ, } *s. m.* [S. गो a cow+पाल् from पा to protect.] Same as **ગો-પ** A cow-herd. 2. A child.

હે ગુરૂ આ ગોપાળ મેં આપ્યું એ આપને,
વશ કરી રાખો નિજ પાસે. **—દયારામ.**

ગો-પિ-કા, }
ગોપી, } *s. f.* A woman of the class of cow-herds.

ગોપી-ચંદન, *s. n.* [S. गोपी fem. of ગોપ, + चंदन sandal-wood.] A kind of yellowish earth found in the river ગોમતી near દ્વારકા in Kthḍ.

Id. ગોપીચંદન કરવું To spoil;to waste. ગાંઠનું ગોપીચંદન કરવુંTo spend one's own money for the use of other.

ગોપુર, *s. n.* [S.] A town-gate. 2. The principal gate.3.The ornamental gate-way of a temple.

ગોપ્ય, *adj.* [S. *fr.* गुप् to protect, to conceal.]That which should be kept secret.

ગોફ-ણ, }
ગોફે-ણ, } *s. f.* [S. गुम्फ् to weave.] A sling.

ગોફણિ-યું, *adj.* That can be thrown with a sling (of a stone). 2. *s. m.* A sweet-meat ball (Slang).

ગોફણી, *s. f.* [S. गुम्फ् to weave; or+ ફણા, ફેણ, the hood of a snake.] An ornament for the hair-knot usually worn by women.

ગોબર, *s. m.* &. *n.* [Hem. Des. गोवरं=S. पुरीषम् human ordure; also Hem. Des. गोहूरं *fr.* S. गो-पुरीषम् cow-dung.] Cow-dung cakes in a powdered state. 2. Dirt; filth.

ગોબર કાઢે ગાયનું, નાખે ઉકરડા માંય;
એમ નિશ દિન તે તો કરે, રક્ષા નાખી ન્યાંય.**—મુકુંદ.**

ગો-બરૂં, *s. n.* Measles. 2. *adj.* [See ગોબર.] Dirty; filthy.

ગોબા-વું, }
ગોભા-વું, } *v. i.* [See ગોબો, ગોભો.] To be depressed in mind.

ગોબો, }
ગોભો, } *s. m.* [See ગર્ભ + ભાવ.] A depression in a metallic vessel.

ગોમ, *s. f.* [See ગુમ.] A blemish; a defect. 2. Hesitation.

હા કહીને હેલા માંહી, ઊઠી મહી ચાલી સાથ;
રીઝે સહુ ભાવતાથી, અભાવ તે ગોમ છે. **—વલ્લભ.**

ગોમટો, *s. m.* A skein of thread left unwoven (used by weavers).

ગો-મય, *s. n.* [S. गो a cow + मय made of, obtained from.] Cow-dung.

ગો-માંસ, *s. n.* [S. *fr.* गो + मांस flesh.] The flesh of a cow; beef.

ગો-મુખ, *s.n.* [S. *fr.* गो + मुख the mouth.] The mouth of a cow.2.A figure of a cow's mouth made of wood, stone, or metal.3.A drum having the form of the mouth of a cow. 4. A trumpet having the form of the mouth of a cow.

મૃદંગ, ભેર, દદામા દમકે, ધમકે ગોમુખ ઘોર જી;
દશો દિશા દડબડતા ચાલે, પાયક જાલમ જોર જી.
—ગિરિધર.

ગો-મુખી, *s. f.* [S. गो + मुख.] A bag, enerally made of woollen cloth, in the orm of a gnomon,used in repeating Vedic erses, or telling the beads of a rosary.

ગો-મૂત્ર, *s. n.* [S. *fr.* गो + मूत्र urine.] he urine of a cow.

ગો-મેદ, *s. m.* [S. + मद fat.] A gem of our different colours, white, pale,yellow, ed, and dark blue.

ગો-મેધ, *s. m.* [S. *fr.* गो + मेघ sacrifice.] sacrifice, in which a cow is offered to he gods.

ગોય-ણી, Same as **ગોર-ણી.**

ગોર, *s. m.* [S. गुरु.] A family-priest.

Prov. ગોર પરણાવી આપે, કંઇ ઘર ન ચલાવી આપે Marry, marry, and who is to manage he house ? વર મરો, કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરોA selfish man looks to his own inerest without any regard to circumstances.

ગોર, *s. f.* [S. गौरि.] Same as **ગૌરી.**

તેં વશ કીધો રાધે, દયાનો પ્રભુજી;
હું નવ જાણું, તેં તે કેઇ ગોર પૂજી. —દયારામ.

ગોર, *s. m.* [See ગોબર.] Dust of cowung cakes.

ભરે ગોર છાણ તણો અગ્નિ આંચ દિન આઠ.
—સામળભટ.

ગોર, *s. n.* [See ગો a cow.] A herd of nilch cattle, sheep, or goat.

ગો-રક્ષ, *adj.* [+ રક્ષ-ણ.] Protected by a ow. 2. [See ગો an organ of sense + રક્ષ-ણ.] hat has controlled the senses or passions.

ગોરક્ષ સાધુ જે થયા, ગોરક્ષ પડિયું નામ;
તેહ તણાં ચરિત્ર ગાવા, મનમાં થઇ હામ.—મુકુંદ.

ગો-રજ, *s. f.* [S. गो + रजस् dust.] Dust hrown up by cows running fast.

ગોરજ વદન વિરાજે, જાણે, પંકજ પર પરાગ થોભે.
—દયારામ.

. *adj.* Same as **ગોધું** in **ગોધું લગન.**

ગોર-જી, *s. m.* [S. गुरु a priest + देव a god r. दिव् to shine.]A Jain priest or religious reacher.

ગોર-ટિ-યું, } **ગોર-ટું,** } Same as **ગોરૂં.**

ચિત્ત-ચોરટી, કો ગોરટી, કો શામળી સોહામણી.
—પ્રેમાનંદ.

ગોર-ડી, Same as **ગોરી,**

ફટફટ રે ઘેલી ગોરડી, વિપ્ર ગરીબને કેમ વરે ?
—સામળભટ.

ગોર-ણી, *s. f.* [See ગૌરી.] A woman in her wife-hood; a woman whose husband is alive.

ગોર-તો, *s. m.* [See ગોર, ગોરી, + વ્રત.] A vow in which women in wifehood are feasted.

ગોર-પદું, *s. n.* [S. गुरु + पद position.] The position,duties,or profession of a **ગોર.**

ગોર-મટી, *s. f.* [S. गौर yellow + मृत्तिका. માટી, earth.] A yellow clay.

ગોરં-ભા-વું, *v. i.* [See ઘોરં-ભા-વું; ઘોર+ભાવ.] To be confused; to be vexed and grieved.

ગોરં-ભો, *s. m.* Confusion.

મોટે રે પ્રભાતે મારે દ્વારે શીદ ઊભા,
જાઓ, શો ગોરંભો ઠાલો રે ? —દયારામ.

Id.ગોરંભો ઘાલવોTo throw into difficulty. 2.To arise (of clouds and darkness in the (sky).3. To bear an angry or gloomy face.

ગોરવ, *s. m.* [S. गौरव greatness *fr.* गुरु great.] A dinner given by the father of the bride to the bridegroom and his relations,when great respect is shown to them.

ગો-રસ, *s. n.* [S. *fr.* गो a cow + रस juice, a liquid, water.] Milk; whey; curdled milk; butter.2. A vessel for holding milk, whey, &c.

Id. ગોરસ લગન [See ગોરજ] A marriage in which the ceremony should be completed before 12 o'clock at night.

ગોર-સિ-યું, } **ગો-રસું,** } *s. n.* Same as **ગો-રસ.**

ગો-રસી,*s. f.*A small vessel for holding milk, whey, &c.

ગોરા-ટ, } **ગોરા-ડુ,** } *adj.* [See ગોરૂં.] Light and Sandy (soil).

ગોરાણી, *s. f.* [See ગોર, *s. m.*] The wife of the family-priest.

ગોરા-દે, *s. f.* [See + ગૌરી + દેવી.] Same as **ગોરી.**

ગોરા-શ, *s. f.* [See ગોરૂ.] Whiteness; fairness.

ગોરી, *s. f.* A handsome, beautiful, and charming woman. 2. A female; a woman.

ગોરી ગુલાબી હું હરિ, ખટરસ રઘુકુળ ભાણ,
શ્રે' ચંપક જોઈ પળ્યા, પરિમલ ગ્રહી ન જાણ.
—**દ્વારકો.**

ગોરૂ, *adj.* [S. गौर yellowish white.] White; fair; handsome.

Id. ગોરૂ ગફલ Very fair or white of complexion.

ગોરૂ-ચંદન, *s. n.* [A popular form of S. गो रोचना.] The Bezoar stone.2. The name of a drug or medicine. 3.A bright yellow pigment prepared from the urine of a cow, or vomited by a cow, in the form of Scybala.

ગોલ, *adj.* [S.] Circular; cylindrical; round. 2. Spherical.

ગોલઈ-યો, *s. m.* [Hem. Des. गोल्लो = S. साक्षी a witness.] A person who comes to a dinner-party uninvited.

ગોલક, *s. m.* [See ગલ્લો.] A till; a money-box.

Id. ગોલકમાં નાખવું-મૂકવું To lay aside; to lay by. 2. To misappropriate.

ગોલક, [S.] The offspring of a widow or of an unmarried girl.

ગોલક ને મિત્રનો દ્રોહી રે, ન જોઇએ નપુંસક કોઈ રે.
—**પ્રેમાનંદ.**

ગોલ-ણ, *s. f.* [See ગોલો.] A woman of the caste of rice-beaters.

ગોલં-દાજ, *s. m.* [P. गुल्लः a ball + अन्दाज् a thrower *fr.* अन्दाख्तन to throw. See ગલોલ.] A gunner; a bombardier; a cannonier.

ગોલ-વાડ, *s. f.* [See ગોલો + વાડો.] That part of a town, in which rice-beaters live.

ગોલ-વું, *v. t.* [See ઘોળ-વું.] To crush or press under feet.

ગોલાર્ધ, *s. m.* [See ગોલ, ગોળ, + S. अर्ध a half.] A hemi-sphere; a semi-sphere.

ગોલી, *s. f.* [See ગોલો, 2.] A female servant in the harem of a king. 2. Same as **ગોલણ.**

ગોલો, *s. m.* [Hem. Des. गोल्ला = S. सखी a female friend.] A rice-beater. 2. A menial servant in the harem of a king. 3. The knave in a pack of cards. 4. A mean person. (Colloq),

Prov. ગોલો ગોલી લઢે, ને ગધેડાના કાન કપાય The poor do penance for the follies of the great.

ગોલ્લો, *s. m.* [See ગોલો + લો dim.] A devotee of a goddess.

Id. માતાનો ગોલ્લો A devotee of a goddess.

ગો-વધ, *s. m.* [S. *fr.* गो a cow + वध killing.] The slaughter of a cow.

ગો-વડું, Same as **ગો-બડું.**

ગો-વાંદરૂં, *s. n.* [S. गो a cow + वृन्द a group.] A plot of ground set aside for cattle-pasture.2. The confines of a village.

ગોવા-ગરી, *adj.* [Mar. गोवें-करी *fr.* गोवें Goa, a Portuzuese town on the west coast of India, + कर Mar. suffix showing "residence."] Produced at or about Goa. 2. Brought from Goa.

ગો-વાડું, *s. n.* [See ગો-વાંદરૂં.] A herd of cattle.

ગો-વા-વું, *v. i.* [See ગા-વું, વ-ગોવ-વું.] To be ridiculed (Used in the Surat Dst.).

ગો-વાળ, *s. m.* [S. गो a cow + पाल् *fr.* पा to protect.] A cowherd.

ગો-વાળ-ણ, } *s. f.* A woman of the
ગો-વાળ-ણી, } cowherd caste.

ગો-વાળ-બકરી, *s. f.* [+ બકરી.] A game for children, generally known as બકરાંની ગંઝર.

ગો-વાળિ-યો, *s. m.* A cowherd; one who tends cattle.

ગોશ, *s. n.* [P. गोश्त flesh.] Meat; mutton.

ગોષ, *s. m.* [S. घोष a cow-pen.] A yard for shepherds.

ગોષ્ટી, } *s. f.* [S. गोष्ठी.] A tale; a story.
ગોષ્ઠી, } 2. Conversation.

ગોસ, *adv.* To the right (used by mariners in steering a ship) star board (nautical).

ગોસ, Same as **ગોશ.**

ગો-સાંઈ, *s. m.* [S. गो a cow + स्वामी a lord, a protector.] A mendicant; a Fakir; a monk; an itinerant beggar. 2. A Shudra that professes to have renounced wordly business, pleasures, and affections.

ગોહ, *s. f.* [S. गुहा *fr.* गुह् to conceal.] A cave; a cavern.

ગો-હત્યા, *s. f.* [See ગો a cow + હત્યા.] Killing a cow, being one of the five great sins according to Hindū Scriptures, which can be atoned for only with capital punishment.

ગો-હત્યા-રો, *s. m.* [+S. कार a doer *fr.* कृ, કરવું, to do.] A killer of a cow. 2. A great sinner.

ગોહટાવું, *v. i.* [See गुह् to conceal.] To be confounded or puzzled.

ગોહોર, *s. f.* [Ar. गौहर.] Deed; thought.

ગોહોર, *s. f.* [P. गोर.] A grave.

ગોળ, *adj.* [See ગોલ.] Circular; spherical; round; cylindrical; globular. 2. A circle. 3. A limited body; an organized association. 4, A round piece of ivory.

Id. ગોળ ચક્કર લેવું–ફરવું To sing and dance round and round; to revolve. ગોળ-મટોળ,ગોળ દડા જેવું Quite circular. ગોળ બાંધવો To organize an association. ગોળમટોળ A cipher. 2. Valuless. 3. Worthless.

ગૅાળ, } **ગોળ,** } *s. m.*[S. गुड.] Molasses; joggree; raw sugar.

Id. ગૅાળે ત્વંટાળીને વાત કરવી To give information in a flattering or harmless form.2. To make indefinite statements.ગૅાળને પાણીએ નહાવું To lose and have no hope of recovery. ગૅાળ ખાધા સાથે કામ Attend to your object. એની જીભમાં ગૅાળ છે He has a sweet tongue. ગૅાળનું ગાલ્લું A great gain.

Prov.ગૅાળ ઘાલે,તેવું ગળ્યું થાય The sweetest wine makes the sharpest vinegar. ગૅાળે મરે, તેને વિખે (વખે) ન મારવો Never draw your dirk, when a dint will do. ગૅાળ કાંકરી, ને ઘી આંગળી Great things can be judged even in small quantities. ગૅાળ વગરનો મોળો કંસાર, ને સ્ત્રી વગરનો સૂનો સંસાર Sweet-meat is not sufficiently sweet without molasses, and life is not full without wife. ગૅાળ જ્યારે ખાય,ત્યારે ગળ્યો The sweetness of molasses can be known only by eating it: Do not be deceived by appearance. ગૅાળ ખોળનો એક ભાવ Want of right appreciation.

ગૅાળકેરી, *s. f.* [See ગૅાળ+કેરી.] A decoction of molasses and mangoes.

ગૅાળ-ગૅાળ, *adj.* Uttering sweet words. 2. Mitigated; softened.

Id. ગોળગૅાળ કરી નાખવું To win the favour of with sweet words.

ગૅાળ-ધાણા, *s. m.pl.* [+ ધાણા.] Molasses and coriander-seeds (distributed on occasions of joy.)

Id. ગૅાળ-ધાણા વહેંચવા To fall out; to quarrel.

ગૅાળ-પાપડી, *s. f.* [+ પાપડી.] A kind of sweetmeat or pastry made of raw sugar, wheat-flour,and ghee; a sugar cake.

ગૅાળિયા-કેરી, *s. f.* [See ગૅાળ-કેરી.] A pickle made of mangoes and molasses.

ગૅાળિ-યો, *s. m.* [See ગૅાળ] An earthen vessel now empty,but which was previously filled with molasses.

ગોળ-ગોળ, *adj.* [See ગોળ.] Unintelligible. 2. Ambiguous.

ગોળ-વો, *s. m.* [See ગોળ.] A round piece of ivory. 2. A dense and hard lump of curdled milk.

ગોળાકાર, *adj.* [See ગોળ + આકાર.] Globular; circular; spherical.

ગોળાર્ધ, Same as **ગોલાર્ધ.**

ગોળી, *s. f.* [Dh. Des. गुलिआ, Hem. Des. गुलिया, *fr.*S.गुटिका a pill,a small round body. See ગોળ round.]A small ball. 2. A bullet; shot. 3. A pill; a globule. 4.Loss; damage.

Id. ગોળી વાગવી To be shot. 2. To incur loss;to suffer a damage.3.To be unable to do a thing through some obstruction. 4. To have one's object accomplished. ગોળી બેસવી To suffer a loss or damage.

ગોળી, *s. f.* [Hem. Des. गोली =S. मन्थनी a vessel in which curdled milk is churned,

fr. ગો-રસ.] A round vessel in which curdled milk is churned.

Id. ગોળીનું પાણી સૂકાવું To suffer a great loss (either in money or men).

ગોળો, *s. m.* [See ગોલ.] A globe; a ball; an orb; an artificial globe.2.A large vessel or pot round in shape.3. A rumour;news. 4. A mass; a lump.5.Clod; clot.6. Hernia; a kind of disease. 7. The included kernel; large pea-like seeds.

Id. ગોળો ગગડાવવો To throw an obstacle in the way.2. To circulate a rumour. ગોળો વાળવો,ગોટો વાળવો To make a confusion.ગોળો-પિંડાળો Confusion; disorder. 2. Entanglement. ગોળો અને ગોફણ સાથે ગઈ Freed from all trouble.

Prov. કજીઆ કંકાસથી ગોળાનું પાણી નાશ પામે Quarrels drive all prosperity from the house.

ગૌ, *s. f.* [S. गो.] A cow. 2. A helpless person seeking protection.

ગૌ-ચર, *s. n.* [S. + चर् to walk.] A pasture reserved near a village;the village-common.

ગૌડ, *adj.* [S.] Pertaining to Bengal; Bengalese.

ગૌડ-સારંગ, *s. m.* [S.] A particular musical mode.

ગૌણ, *adj.* [S. *fr.* गुण an attribute.] Secondary; inferior.

ગૌ-ત-રાટ, } **ગૌ-ત્રાટ,** } *s. n.* [S. गो a cow + त्रि three + रात्रि a night.] A vow of cow-worship observed for three nights.

ગૌ-દાન, *s. n.* [+ दान a gift *fr.* दा to give.] The giving away of a cow in charity.Same as **ગો-દાન.**

ગૌ-ધન, *s. n.* [See ગૌ + ધન.] Cows and other cattle considered as wealth.

અકળસ્વરૂપ અખંડ અવિનાશી તે,ગૌધનકે સંગઆવે રે.
—**ભોજોભગત.**

2. The senses; the organs of sense.

ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાલ, *s. m.* [+ બ્રાહ્મણ + પ્રતિપાલ.] The protector of Brāhmans and cows. 2. A title assumed by Hindū kings.

ગૌ-મુખ, Same as **ગો-મુખ.**

ગૌ-મુખી, Same as **ગો-મુખી.**

ગૌ-મુખો વાઘ, *s. m.* [+ વાઘ a tiger.] A wolf in a lamb's skin.

ગૌ-મૂત્ર, Same as **ગો-મૂત્ર.**

ગૌર, *adj.* [S.] White. 2. Yellowish white.

ગૌરવ, *s. n.* [S. *fr.* गुरु great.] Weight; gravity. 2. Influence. 3. Respect; honour.

ગૌર-વર્ણ, *adj.* [+ वर्ण colour.] Having a white yellowish colour.

ગૌરી, *s. f.* A name of પાર્વતી, the wife of Shiva.2. An unmarried girl under ten years of age.

ગૌ-વિલાપ, *s. m.* [S. गो a cow + विलाप mourning.] Lamentation or distress of cows. 2.Lamentations of a helpless person seeking protection.

ગૌ-શાળા, *s. f.* [S. गो a cow + शाला a house.] A cow-house; a cow-pen.

ગ્યાલન, *s. n.* [Eng.] A gallon.

ગ્યાસ, *s. m.* [Eng. Gas.] A gas.

ગ્રંથ, *s. m.* [S. *fr.* ग्रन्थ् to weave.] A book. 2. A composition in prose or verse. 3. A part, divison, or section of a book.4. A large volume of literary composition.

ગ્રંથ-કર્ત્તા, } **ગ્રંથ-કાર,** } *s. m.* [S. *fr.* + कर्ता, कार. a doer *fr.* कृ to do.] A composer; a book-maker; an author.

ગ્રંથાન્તર, *s. n.* [+ अन्तर another.] Another book.2.Another scriptural authority.

ગ્રંથિ, *s. f.* [S. *fr.* ग्रन्थ् to weave.] A knot. 2. A joint.

ગ્રસ્ત, *adj.* [S. *fr.* ग्रस to eat.] Embezzled. 2. Striken; afflicted.

ગ્રહ, *s. m.* [S. *fr.* ग्रह् to take.] Taking; seizing; receiving; holding; accepting. 2. An impression produced on the mind. 3. An eclipse of the sun or moon; seizure of the sun or moon The chief. (by Rāhu). 4. A planet.

Id. મુખ્ય ગ્રહ A chief planet. ઉપગ્રહ A smaller planet; a satellite. ઇષ્ટ-સારા ગ્રહ a planet in a favourable position (in Astro-

logy). કનિષ્ઠ–કઠણ–વાંકો ગ્રહ A planet in an unfavourable position (in Astrology). ક્રૂર ગ્રહ An evil planet (in Astrology.). બેના મળતા ગ્રહ આવવા To have the positions of planets in the horoscope of one (bride or bridegroom) agreeable or favourable to those of the other. ગ્રહ ગામ જવા–ઘરેણે મૂકવા To have an unfavourable conjunction of planets. 2. To lose one's senses.

ગ્રહ-ણ, *s. n.* [S. *fr.* ग्रह् to take.] An eclipse. 2. Receiving; seizure. 3. Comprehension; understanding.

Id.–નું ગ્રહણ થવું To be eclipsed. ગ્રહણ કરવું To seize. 2. To receive. 3. To accept. ગ્રહણ કાઢવું To clear the house of unclean things after an eclipse.

Prov. ગ્રહણ વખતે સાપ (નિકળવો or કાઢવો) To have one more difficulty added to those that already exist : Confusion worse confounded.

ગ્રહ-ણી, *s. f.* Diarrhœa. 2. Dysentery. *Cf.* **સં-ગ્રહ-ણી.**

ગ્રહ-દશા, *s. f.* [See ग्रह planet+ दशा condition.] The (evil) influence of planets over men's fortune. 2. Aspect of the planets.

Id. ગ્રહદશા બેસવી To begin (of the influence of a planet; generally used with reference to the evil influence of a planet).

ગ્રહ-પીડ-ન, *s. n.* } **ગ્રહ-પીડા**, *s. f.* } Baneful influence of a planet. 2. An eclipse.

ગ્રહ-ભાવ, *s. m.* [+ भाव condition *fr.* भू to be.] The prosperity or adversity of a man arising from the influence of planets.

ગ્રહ-મખ, *s.m.* [S.*fr.*+ मख a sacrifice.] A sacrifice performed to propitiate the planets.

ગ્રહ-મંડળ. *s.n.* [S. + मंडल a circle.] The circle of the planets; all the planets.

ગ્રહ-વું, *v.t.* [S. ग्रह् to take.] To seize; to catch. 2. To comprehend. 3.To have an impression produced on the mind.

ગ્રહ-શાન્તિ, *s.f.* } **ગ્રહ-શાંતિ-ક**, *s. n.* } [+ શાન્તિ.] A religious ceremony performed in the beginning of an auspicious ceremony, to remove the evil influence of planets.

ગ્રહ-શાંતિક વેળા ગોરી રીસાવી બેઠાં,
એને કોણ મનાવે, હો લોલણી,
આછો ઘુંઘટ રે વહુને વહાલેરો લાગે. —**ભાષા.**

ગ્રહ-સંગમ, *s. m.* [S. + संगम joining *fr.* सम् together + गम् to go.] Conjunction of planets.

ગ્રામ, *s. n.* [S.] A village; a hamlet. 2. The scale in music; the gamut. 3. A group; a collection.

એકાદશમું પર્વ કહીએ, સ્ત્રી-પર્વ જેનું નામ;
પાંચ પ્રકરણ તેનાં છે, ગાઇએ તેના ગુણ-ગ્રામ.
—**હરિદાસ.**

ગ્રામ-કંટક, *s. m.* [+ कण्टक a thorn.] A village pest. 2. A villifier.

ગ્રામ-દેવ-તા, *s. m. f.* [+ દેવ-તા.] The guardian deity of a village.

ગ્રામ-સિંહ, *s. m.* [+ सिंह a lion *fr.* हिंस् to kill.] A dog.

ગ્રામાચાર, *s. m.* [+ આચાર.] The laws and customs of a village; *lex loci.*

ગ્રામ્ય, *adj.* [S. *fr.* ग्राम a village.] Relating to a village. 2. Rustic.

ગ્રાસ, *s. m.* [S. *fr.* ग्रस् to eat.] A mouthful. 2. Swallowing. 3. An eclipse; the part of a planet eclipsed.

ગ્રાહ, *s. m.* [S. *fr.* ग्रह् to take.] A whale. 2. An alligator.

ગ્રાહ-ક, *s. m.* A customer; *Cf.* ઘરાક. 2. An appreciator.

ગ્રાહ્ય, *adj.* [S. *fr.* ग्रह् to take.] Fit to be received, taken, or accepted.

ગ્રીવ, } **ગ્રીવા**, } *s. f.* [S. ग्रीवा.] The neck.

ગ્રીષ્મ, *s. m.* [S.] The hot season (June–July.)

ગ્લાનિ, *s. f.* [S. *fr.* ग्लै to be fatigued.] Lassitude; languor; dullness. 2. Fatigue of the body. 3. Depression of spirits.

ગ્વાલ, Same as **ગો-પાલ, ગો-વાળ.**

ગ્વાલ-ન, Same as **ગો-વાળ-ણ.**

સુર, નર, મુનિ કેરા સ્વપ્નમાં ના'વે;
તુંકું ગ્વાલન હેત હે ગારી રે. —**ભોજોભગત.**

ઘ.

ઘ, The aspirate of **ગ,** and represented by *gh*; the fifteenth letter of the Alphabet and the fourth consonant.

ઘઉં, *s. m. pl.* [S. गोधूम = P. गन्दुम.] Wheat.

Id. ઘઉં ભરવા જવું Lit. To go to bring wheat(from Malva).2.To die.ઘઉંપુરAs little as or equal in weight to,a grain of wheat.

Prov. ઘઉં ખેતમાં, ને બેટા પેટમાં Count not your chickens before they are hatched. ઘઉંના રોટલા એ થાય, ને ઘઉંનાં થૈબર એ થાય The best material may be put either to the best or worst use.

ઘઉં·લા, *s. m.* A fragrant drug.

ઘઉં·લાસાપ, *s. m.* [See ઘઉં + સાપ.] A kind of snake, tha colour of whose skin is brown or wheaten.

ઘઉં-વરણું, **ઘઉં-વર્ણું,** *adj.* [+ વર્ણ colour.] Of a wheaten colour; brown.

ઘખ·વું, *v. t.* [S. घुष to cry aloud.] To upbraid; to chide.

ઘ-ઘર·ણું, *s. n.* [See ઘર.] Remarriage; a second marriage.

ઘઘો, *s. m.* [See ઝભ્ભો.] A robe. (Used in Kthd.).

ઘં-ઘોલિ·યું. *s. n.* [See ઘન-ઘોર.] Desolation; ruin; destruction.

ઘં-ઘોલિ·યું, *s. n.* [See ઘન-ઘોર, Also ઘર + redup. Or, See ગાગો + આલય.] A toy-house made with pieces of cloth by children in play, and in which they hide themselves.2. A wretched dwelling-place; a pig-stye.

ઘચ, *adv.* [See ઘોંચ·વું; or ઘટ *adj.* tight. Or, Imit.] Pricking; piercing.

ઘચડ·વું,[S. घृष्, घर्ष्, घृष्ट,to rub;*Cf.*કચડ·વું *fr.* कृष्, कर्ष्, कृष्ट, to draw.] Same as **કચ·ડ·વું.**

ઘચડા-ઘચડી, *s.* [*Cf.* કચડા-કચડી.] Press; over-crowdedness.

ઘચડા·વું, Same as **કચડા·વું.**

ઘચરકો, *s. m.* Same as **ગચરકું.**

ઘચુ·મલ, *adj.* [See ઘચુ·મલો.] Confused; mixed together.

અણવટ વિછવા તો ચારૂ રે ઠમકે,
નેપુર કેરી ઘચુમલ ઘુઘરી ઘણકે. **—દયારામ.**

ઘચુ·મલો,*s.m.* [See ગુંચ-વાડો.] Confusion. ગળે ઘરેણાં થયાં ઘણાં ઘચુમલો રે લોલ.—**વલ્લભભટ.**

ઘટ, *s. f.* [S. घट् to form.] Decrease; deficiency;abatement; diminution. 2. Loss.

Id. ઘટ જવી–આવવી–પડવી–લાગવી To be decreased; to have a deficiency. ઘટ ખમવી To suffer a loss or decrease.

ઘટ, Same as **ઘટ્ટ.**

ઘટ, *s. m.* A water-pot. 2. The body.

ભગવાન તો ઘટ ઘટ વ્યાપી રહ્યો છે.—**ભાષા.**

દયા ધરમકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાન.
—તુલસીદાસ.

મિથ્યા દેહનો મમત મૂકાવી, લગાડે આત્મારામશું રંગ;
ધીર દંગ થયો રે, ઘટ્યા ઘટ જ્ઞાન ગ્રેહ. **—ધીરો.**

3. The individual soul; the mind; the heart. 4. Life.

Id. ઘટમાં પ્રાણ હોય, ત્યાં સુધી As long as there is life in the body.

ઘટ·ક, *adj.*That which forms or constitutes; constituent. 2. *s. m.* A constituent; an essential or elementary part; an ingredient; a member. 3. A manager.

Id. ઘટકાવયવ A constituent part; an ingredient. વાયુરૂપી ઘટકાવયવ Gaseous ingredients or parts. હવાના ઘટકાવયવ Associated gases of the air.

ઘટક, *adv.* [Imit.] Swallowing eagerly or in haste; gulping down.

Id. ઘટક લેઇને Swallowing down at once.

ઘટક-ઘટક, *adv.* [Imit.] Drinking eagerly or in haste.

ઘટક·વું, *v. t.* [See ઘટક *adv.*] To swallow; to gulp down.

ઘટકાવયવ, *s. m.* [See ઘટક constituent +અવયવ.]A constituent part;an ingredient; an essential or elementary part;a member.

Id. વાયુરૂપી ઘટકાવયવGaseous ingredients

or parts. હવાના ઘટકાવયવ Associated gases of the air.

ઘટકા•વ•વું, *v. t.* [See ઘટક-ઘટક.] To drink eagerly or in haste.

ઘટકી, *s. f.* [See ઘટક *adv.*] A draught of water or any other liquid.

કરી ચરણામૃત પી ગઈ મીરાં, અમૃતકી જેસી ઘટકી.
—**મીરાંબાઈ.**

ઘટ•કો, *s. m.* [Imit. See ખટ•કો, ચટ•કો.] Smarting pain.

ઘટ•તું, *adj.* [See ઘટ•વું to form.] Fit; proper; deserving; suitable; worthy; becoming.

Id. ઘટતો ઉપાય A proper remedy. ઘટતું કરવું To do the needful.

ઘટ•તું, *adj.* [See ઘટ•વું to decrease.] Decreasing; lessening; diminishing.

ઘટ•ના, *s. f.* [S. *fr.* घट् to form.] Workmanship; skill. 2. Bringing about; happening; occurring.

દેવ જેની અયોગ્યમાં ઘટના કરે,
તેણે યોગ્ય થવું કયાં ઘટારત છે ? —**પ્રેમાનંદ.**

ઘટ-પાટ, *s. n.* [See ઘટ tight + પાટ, પાટ•લો.] A firm seat.

સંતો, પરમ ગુરૂજીએ ઘટપાટ જ માંડયો.
એ તો અલખ ધણીને આરાધે.—**ભોજોભગત.**

ઘટ•માન, *adj.* [See ઘટ•વું] Happening. 2. Possible. 3. Same as **ઘટ•તું** Fit.

ઘટ-માળ, *s. f.* [See ઘટ a pot + माला a series.] A line or circle of earthen pots set round a wheel to draw water up out of a well. 2. Ordinary course; course; routine.

કો સમે મારો પુત્ર-થયો, કો સમે હું તારો બાળ;
એમ અનાદિક આગળની, ચાલી જાયે ઘટમાળ.
—**દયારામ.**

ઘટ-વધ, Same as **વધ-ઘટ.**

ઘટ•વું, *v. i.* [S. घट् to form.] To shrink; to contract. 2. To decrease; to abate. 3. To waste; to subside; to be wanting; to be deficient.

Id. શરીરે ઘટવું To lose flesh. ઘટી જવું To become less. 2. To shrink. 3. To be wanting.

ઘટ•વું, *v. t.* [S. घट् to form.] To deserve; to merit; to be worthy of.

ઘટ-સ્ફોટ, *s. m.* [S. *fr.* घट a pot + स्फोट breaking *fr.* स्फुट् ફુટ•વું, ફોડ•વું, to break.] The ceremony of ejecting irreversibly a person from the caste, also of deciding an offender to be civilly and religiously dead.

ઘટા, *s. f.* [S. *fr.* घट् to form.] Masses of clouds, trees, &c. 2. A thick close mass; a thick-set arrangement. 3. A large number or quantity.

ઘટાકાશ, *s. n.* [See ઘટ a pot + આકાશ.] Lit. The portion of the આકાશ (the sky or space) contained in or limited by a water-pot. Hence. 2. The individual soul.

ઘટા•ડ•વું, *v. t.* [Caus. of ઘટ•વું to decrease.] To diminish; to lessen; to reduce.

ઘટા•ડો, **ઘટા•રો**, } *s. m.* Deficiency. 2. Diminution; decrease.

ઘટારત, *adj.* [See ઘટ•વું to deserve + અર્થ.] Becoming; fit; proper; worthy; deserving.

ઘટિ•કા, *s. f.* [See घट a pot. *Cf.* ઘડો.] A period of 24 minutes. 2. Same as **ઘડી.**

ઘટિ•ત, *adj.* [See ઘટ•વું to deserve.] Proper; right; fit; suitable; worthy; deserving.

ઘટી, Sanskrit form of **ઘડી.**

ઘટીમાં ઘટી જાય આયુષ્ય અલ્પ. —**ભૂખણ.**

ઘટી-યંત્ર, *s. n.* [+ યંત્ર.] A contrivance for measuring time; the metallic sinking cup; an hour-glass; a clock; a watch. 2. A Persian water-wheel.

ઘટ્ટ, *adj.* [Hem. Des. घिट्टो = S. कुब्जः a hunch-back.] Close; compact; firm. 2. Thick; of close texture; having compact structure; frame, or make.

ઘટ્ટ-પણું, *s. n.* Closeness; compactness. 2. Thickness; closeness of texture; compact structure, frame, or make.

ઘડ, Same as **ગઢ.**

ઘડ•તર, *s. n.* [See ઘડ•વું.] Manufacture; an article manufactured by beating, hammering, or cutting. 2. Skill displayed in a manufactured article. 3. The wages of a manufacturer or artizan, who makes an article.

ઘડ•પણ, *s. n.* [See ઘરડું.] Old age; senility; grey hair; ripe old age; the vale of years; the decline of life.

બચપણમાં ભાવે લાબશી, ઘડપણમાં ભાવે શેવ;
એ તો બળી રે ઘડપણની ટેવ; ઘડપણ કોણે મોકલ્યું ?
—ભાષા.

Prev. ઘડપણ ને બચપણ બરાબર Old age is second childhood.

ઘડ-ભાંગ, ઘડ-ભાજ, *s. f.* [See ઘડ•વું + ભાંગ•વું, ભાજ•વું.] Opposing thoughts; struggling thoughts.

ઘડ-માંચી, *s. f.* [See ઘડો + માંચી.] A wooden tripod for placing a water-pot on.

ઘડ-વી, *s. m.* [See ગઢ-વી *fr.* ગઢ + વાહી.] A bard.

ઘડ•વી, [Dim. of ઘડો.] A small store for water.

Prov. "ઘડવી, કયાં ગયા હતા ?" તો કહે "ઘેરના ઘેર" Much bruit, little fruit.

ઘડ•વું, *v. t.* [S. घट् to form.]To fashion; to forge; to shape; to frame; to form. 2. To make by hammering, chiselling, chipping, &c. 3. To draw up; to manufacture (a paper, a document).

Id. ઘાટ ઘડવોTo fashion;to manufacture; to give a shape to. 2. To plan; to make a design; to arrange a scheme. 3. To put to a loss; to ruin. 4. To beat. ઘાટ ઘડી નાખવો To ruin irretrievably. 2. To kill. અરજી ઘડવીTo frame a petition. કલમ ઘડવી To mend a pen. રોટલો ઘડવો To make a cake. વાસણ ઘડવાં To make pots.

ઘડા•ઈ, ઘડા•મણ, ઘડા•મણી, *s. f.* Same as **ઘડ•તર.**

ઘડા•વું, *v. t.* [Passive of ઘડ•વું.] To be made; to be framed. 2. To be drawn up. 3. To acquire experience by being repeatedly corrected.

Id. ઘડાઈ ઘડાઈને After repeated bitter experiences.

ઘડિ•યાં-લગ્ન, *s. n. pl.* [See ઘડી, ઘડી,+લગ્ન.] Marriage at any time or season. 2. Spec., A marriage ceremony, of which all the parts are performed at the same time.

ઘડિ-યાલ, ઘડિ-યાળ, *s. f. n.* [See + ઘડી+ આલય.] A chronometer; a watch; A clock.

ઘડિ-યાલી, ઘડિ-યાળી, A watch-maker; a watch-repairer.

ઘડિ•યાળાં, *s. n. pl.* Same as **ચો-ઘડિ•યાં.**
ઘંટ ઘડિયાળાં ઘોર.—**સામળભટ.**

ઘડિ•યું, *s. n.* [See ઘડો.] A pitcher.

ઘડી, *s. f.* [See ઘડો, ઘટિ•કા.] A period of 24 minutes (two ghaḍīs and a half, being equal to one hour). 2. An instrument for measuring time by letting water to trickle down; aclepsydra. 3. An hour-glass.

Id. ઘડી મૂકવી–માંડવીTo begin to measure time with a clepsydra. ભવિષ્યમાં જે ઘડી માંડી છે, તે મિથ્યા થવાની નથી What is preordained, will not be changed. ઘડીઓ ગણવી Lit. To measure or count ghaḍīs. 2. To wait for anxiously. 3. To be on the point of death. ઘડીના છઠ્ઠા ભાગમાં In a very short period of time; in a moment.

Prov. ઘડીનો ભરોસો નથી Life is transient. ઘડીએ ઘુંટ ભરાય On the point of death. ઘડી ગઇ, તે સોનાની Nobody can be sure of the future. ઘડીમાં ઘોડું, ને ઘડીમાં ગધેડું Ever changing.

ઘડી-એક, ઘડી-ક, *adv.* [See ઘડી + **એક.**] An hour or so; about an hour.

ઘડી-ઘડી, *adv.* Every hour. 2. Often; frequently. 3. Constantly; continually. 4. Repeatedly.

Id. ઘડીઘડીનો રંગ Ever changing.

ઘડી-તાળ, *adj.* [+ તાળ, તાલ.] Being on the point of death.

Id. આ માણસ ઘડીતાળ છે This man is on the point of death.

ઘડી-બંધ, *adj.* [See ઘેટ + बन्ध to bind.] Folded up. 2. Unopened. 3. Unused (cloth, &c.)

ઘડી-ભર, *adv.* [See ઘડી short time + ભર•વું.] For a moment.

Id. ઘડીભર થોભવું To wait for a short time.

ઘડું, *s. n.* [See ઘડો.] A very large earthen pot to hold grain or water.

ઘડુડાટ, *s. m.* [Imitative of the sound.]

Rumbling sound.

ઘડુ·લી, *s. f.* [See ઘરો.] A very small water-pot.

ઘડુ·લિ·યો, } **ઘડુ·લો,** } *s. m.* [Diminutive of ઘરો.] A small water-pot.

ઘડો, *s. m.* [घट *fr.* घट् to form.] An earthen vessel to hold water; a pitcher; a ewer; a jar.

Id. પાપનો ઘડો The cup of iniquity. તારા પાપનો ઘડો ભરાઇ ચુક્યો The cup of your iniquity is full: Your sin will soon find you out. પાપનો ઘડો ફુટશે Be sure your sin will find you out. (ચાક ઉપર પેડો) ઘડો ઉતરશે કે ગાગર None can say what the result will be so long as the causes are in the process of working.

Prov. અધુરો ઘડો છલકાય ઘણો Empty vessels make most noise. ઘડાના ધોણિયા કરવા To exchange a thing of great value for several of smaller value. ઘડો તેવી ઠીકરી, ને મા તેવી દીકરી As is the father, so is the son. ઘડા જેટલું માથું જજો, પણ ચણા જેટલું નાક ન જજો One would rather lose one's head than one's honour.

ઘડો-ઘાટ, *s. m.* [See ઘડ·વું+ઘાટ.] Judgment; decision.

ઘડો લાવવો, *s. m.* The ceremony of breaking an earthen pot with a sweet-ball put on it, in the cemetry after a dead body is burnt.

Id. ઘડો લાડવો કરવો To reconcile by any means;to do a business with fair means or foul. 2. To do a thing treacherously.3. To have done with a business whether to one's advantage or loss.

ઘઢાણુ, *s. n.* [See ઘાડું + રાન.] Grass standing on the ground; grass not mowed.

ઘણ, *s. f.* [S, घन thick.] A large hammer.

ઘણ, *s. m.* [S. घुण.] A particular kind of insect found in timber.

ઘણ-ઘણ, } **ઘણા-ણ,** } *adj.* Tinkling; jingling.

ઘણ-ઘણા·ટ, *s. m.* [+ वृत्ति.] A peal;clanging; din.

ઘણા-એક, } **ઘણા-ક,** } *adj.* Many; several; some.

ઘણા-ઘણી, *s. f.* [See ઘણ-ઘણ, or ઘણું.] Close friendship; familiar footing;intimate terms.

ઘણું, *adj.* [S. घन thick.] Dense; close. 2. Deep; much; a deal. 3. Enough. 4. *adv.* Largely; on a large scale; ever so much;in a great degree; not a little; in all conscience; too much; very; for the most part.

Id. ઘણાં વાનાં કરવાં Frequent persuasion. 2. Persuasion based on many grounds.ઘણું ઘણું કહેવું To persuade frequently.2. To persuade by appealing on many grounds.ઘણું કરવું To spend one's money frugally. ઘણું હોવું To be very sick.

Prov. ઘણાં ઘરનો પરોણો ભૂખે મરે Between two stools we come to the ground : No man can serve two masters. ઘણું કરે, તે થોડાને માટે=ઘણું તાણું,તે તુટવાને માટે After a storm comes a calm: The hotter war, the sooner peace. ઘણો બાએ, તેમ ઘણો સપડાય Harm watch, harm catch. ઘણાં છોકરાં હોય, પણ ગોસાંઇને ન અપાય One may be angry with one's dear ones, but would not part with them. ઘણો ડાહ્યો ઘણો ખરડાય=ડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય Don't be fastidious,lest you come to grief. ઘણાં સાથે વેર ન કરવું Don't quarrel with those who are strong in their number, or they will make you unhappy. ઘણી ભૂખ હોય, પણ બે હાથે ન ખવાય Eagerness is no excuse for impropriety. ઘણાવાળાને ઘણી લાલ Avarice increases with wealth. ઘણા કાયદા, ત્યાં ઘણા ચોર The more laws, the more offenders.ઘણે પૈસે દેવાળું, ને ઘણી ભક્તિએ છિનાળું Every excess becomes a vice.

ઘણું·ક, *adj.* [See ઘણું +એક.] Much; in many ways.

ઘણું·કરી·ને, *adv.* [See+કર·વું.] Especially. 2. Mostly; chiefly. 3. Probably; for the most part; 5. Most frequently.

ઘણું-ખરૂં, *adv.* [See ઘણું+ખરૂં.] On several occasions. 2. Probably. 3. Almost certainly.

ઘણું-જ, *adv.* [See ઘણું + જ *fr.* S. च and, moreover.] Intensely; very much; excessively. 2. *adj.* Intense; very much; excessive.

ઘણું-તો, *adv.* [+ તો.] At the most.

ઘણે-રૂં, *adj.* Plentiful; intense. (Used in Poetry.)

ઘંટ, *s. m.* [S. घण्टा.] A bell.

Id. ઘંટ જેવો Rascally (vulgar) ઘરમાં ઘંટ ફરેછે The house is empty of the necessaries of life. ઘંટ વાગવો-ફરવો To be wanting.

Prov. ઘરમાં તો ઘંટ વાગે, ને બહાર તો લાલા સાહેબ Poor and yet foppish.

ઘંટ-ડી, *s. f.* A small bell.

Id ઘંટડી વગાડવી To beg for alms.

ઘંટ-રવાળ, *s. m.* [S. + रव sound *fr.* रु to cry + આલય place.] A kind of musical instrument used by hunters.

ઘંટા, *s. f.* [S. Imit.] A bell. 2. Nothing (slang).

ઘંટા-રવ, *s. m.* [+ રવ.] The sound of a bell.

ઘંટિ-યો, *s. m.* [See ઘંટી.] A portable grinding-mill.

ઘંટી, *s. f.* [S. घरट्ट, घरट्टी, घरट्टिका, a grinding hand-mill. See ઘર-ઘર Imit.] A grinding-mill. 2. A moving circular machine.

Prov. ઘરનાં છોકરાં ઘંટી ચાટે, અને ઉપાધ્યાયને આટો કોણ આપે ? Charity must begin at home. ઘંટીના સો, ને ઘંટાનો એક One blow with a heavy hammer more than counterbalances a hundred blows with a lighter one: One shift of the cat is worth a hundred of the fox. ઘંટી પ્રમાણે ઓયણું, ને ચુલા પ્રમાણે ખોયણું Cut your coat according to your cloth.

ઘંટી-ચોર, *s. m.* [Hem. Des. गण्ठि-च्छेओ *fr.* S. ग्रन्थि-च्छेद-कः a cut-purse *fr.* S. ग्रन्थि, ગાંઠ, a knot + छिद्, છેદ-વું, to cut.] A cut-purse. 2. A skilful thief; a clever cheat.

Prov. ચોરનો ભાઈ ઘંટીચોર Both are equal in cunning or roguery.

ઘન, *s. m. n.* [S.] A cloud.

ગગન ઘન ગાજે રે, બિજલી ચમકે બાદલમેં.—**ભાષા.**

2. [S. घन thick, solid.] The cube of a number. 3. A cube; a solid. 4. (Arith.) The cube power. 5. *adj.* Thick; dense.

વસંતે વાસંતી કુસુમ સમ ઘન વને—**ગીતગોવિંદ.**

6. Solid. 7. Cubic. 8. [See ઘણું.] Much.

અંતરનો ઉરૂ રાગ પ્રકાશે, ઘેને ઘન ઘેરાતાં. —**ગીતગોવિંદ.**

Id. ઘન પદાર્થ A solid substance. ઘન ઇંચ A cubic inch. ઘન ફુટ A cubic foot.

ઘન-ઘટા, *s. f.* [+ ઘટા.] A thick mass of clouds.

ઘન-ઘટા વિના થાય વૃષ્ટિ. —**અખો.**

ઘન-ઘોર, *adj.* [S. + घोर dreadful.] Dark and dreadful; very dark. 2. Terrible on account of the pouring down of rain.

ઘન-ચક્કર, *adj.* [See ઘન a cloud + ચક્કર, ચક્ર, a circle.] Mad; stupid; foolish. 2. Muddle-headed.

ઘન-ફલ, **ઘન-ફળ,** *s. n.* [S. + फल fruit, result.] Cubical content. 2. The cube; the result obtained by cubing a quantity.

ઘન-માપ, *s. n.* [+ માપ.] Cubic measure.

Id. ઘનમાપ-કરણ Calculation of the cubic contents of a solid body.

ઘન-માળ, *s. f.* [+ માળા.] An assemblage of clouds.

વરસે શત વર્ષ ઘન-માળ. —**ગિરધર.**

ઘન-મૂળ, *s. n.* [+ મૂળ.] Cube root.

ઘન-શ્યામ, *adj.* [S. *fr.* घन a cloud +श्याम black]Of the colour of a storm-cloud;of a dark colour.

ઘન-સાર, *s. m.* [S. *fr.* + સાર.] Camphor.

ઊંટને રંભા-ફળ ભોજન, શૂકરને ઘન-સાર.—**ગિરધર.**

ઘનાક્ષર, *s. m.* [+ અક્ષર.] A particular metre, in which each line contains thirty-two syllables.

ઘબ, *adv.* [Imit.] Piercing with force. *Cf.* **ઘચ.**

Prov. ઘબ ગોદો, ને ચાપુ ચણા The work is heavy and the remuneration light.

ઘભરા-ટ, *s. m.* [See ધાબરૂં+વૃત્તિ.] Confusion; perplexity; agitation. 2. Disorder; disturbance; alarm.

ઘભરા-વું, *v. i.* [See ધાબરૂં.] To be confused or alarmed; to stand agog; no to

know what to make of; to lose the clew; to beat about the bush.

ઘભાણું, Same as **અભાણું.**

ઘમ-ક-વું, *v. i.* [See ઘમ-ઘમ.] To make a rumbling sound.

ઘમ-કાર,
ઘમ-કારો,
ઘમ-કો, } *s. m.* [+ S. कार sound *fr.* कृ, કર-વું, to do.] A rumbling sound.

રૂમઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર.—**દયારામ.**
મોહ્યો મોહ્યો ઘુઘરીને ઘમકે.—**પ્રેમાનંદ.**

ઘમ-ઘમ, *adv.* [Imit.] With a rumbling sound. 2. Swiftly; soon.

Prav. સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ Spare the rod and spoil the child.

ઘમ-ઘમ-વું, *v. i.* To make a rumbling sound.

પાયે નેપુર ઘમઘમે.—**રણછોડજી દિવાન.**

ઘમ-ઘમા-ટ, [+ વૃત્તિ.] Same as **ઘમ-કાર.**

ઘમ-ઘમા-વવું, *v. t.* To beat with force or severely.

ઘમં-ડી, *s. f.* [+ ડું, ડી, dim.] Revelling; luxurious indulgence. 2. Pride; arrogance; haughtiness.

ઘમંડી તજી, મંડિતા પંડિતા થઈ, ઉદંડી રણ રાખજે રોષ તું.
—**પ્રેમાનંદ.**

ઘમ-વું, *v. t.* To beat. *Cf.* **ઘમ-ઘમા-વ-વું.**

ઘમ-ઘોર, Same as **ઘન-ઘોર.**

ઘમ-ચકર-ડી, *s. f.* [See ઘમ-ઘમ + ચકર-ડી] Circular motion; a game played by children.

ઘમર-ઘમર ફેર-વું, *v.i.* [ઘમર-ઘમર Imit. of the motion and sound + ફેર-વું.] To turn round and round; to whir.

ઘમસ-ઘંમા, *s. f.* Crowdedness; pushing.

ઘમસા-ણ, *s. n.* [See ઘમ-ઘમ.] Violence of action; exuberance or extravagance of action.

જેમ તેમ સમજાવે એકને, ઉતારે તેની રીસ;
એ ઘમસાણ મચ્યું ઘણું, દશ, વીસ, ત્રીસ, ચાળીસ.
—**સામળભટ.**

2. Riot; revel; luxurious banqueting. 3. Mad capering; wild tumultuous jollity; romping. 4. A crowd of people.

Id. ઘમસાણ વાળવું To make havoc; to slaughter. 2. To fight a long and fierce battle.

ઘમા-ઘમ, *s. f.* [See ઘમ-ઘમ.] Hurry; confusion.

ઘર, *s. n.* [S. गृह a house *fr.* गृह्, ग्रह्, to include, to take.] A house; a habitation; a mansion; an edifice. 2. Home. 3. A family; a household. 4. Domestic life; social life. 5. Ancestors; ancestry. 6. A den; a nest; a hole; a cell; a burrow (of lower animals). 7. A hole; a cavity. 8. A frame; a stand; a cup; a socket; a pigeon-hole. 9. (In Astronomy) The station of a planet; a region or square in astronomical or astrological calculations; the quarter; the station. 10. The source; spring; seat; root; cause; the place of inherence. 11. The compass; reach; sphere. 12. Powers of accomplishing. 13. The key; means; resources. 14. A firm hold or ground reserved to stand by (in argument).

Id. ઘર કર૰ To set up a house; to marry a wife. 2. To obtain a footing. 3. To take up one's abode. 4. To settle down. 5. To make a large collection by robbing others of their things. ઘર કાણું કરવું To make a traitor of one of the members of a family. 2. To commit adultery with a female member of a family. ઘર ફોડવું To commit adultery with a female member of a family. ઘર ઘાલ૰ To make a theft in the house of an acquaintance or friend. 2. To rob a person of his property by making friends with him. 3. To misuse one's hospitality. 4. To ruin the reputation of a family. ઘર જોવું Same as ઘર વિચારવું. 2. To search a house under a search-warrant. ઘર ચલાવ૰ To manage one's domestic affairs. ઘર જોડ૰ To form a friendly union with a family; to restore peace and union with a family. ઘર તૂટ૰ To be dissolved (of union with a family). ઘર ઘુ-જાવ૰ To turn the house out of the windows. ઘર ખા૰ To consume, devour, or dissipate the property of a family; to fleece utterly. ઘર ફાડ૰ To commit robbery. ઘર ફોડ૰ To cause a member, &c., of a household to play the traitor. ઘર બેસ૰ To sink in reputation (of a family). 2. To become

insolvent. ઘેર બેસવું Lit. To sit at home. Hence. 2. To be out of employment. ઘેર બેસાડવું To dismiss from employment. ઘેર બઠાં Lit. Sitting at home. 2. Without active service; being out of employment. ઘર બુડ૦ To be ruined (of a family). ઘર ભર૦ To enrich oneself. ઘર ભાગ૦ To cause to dissolve a marriage. 2. To break the unity between husband and wife. ઘર માંડ૦ To set up, or furnish a house. 2. To bring about a marriage-union. ઘર માર૦ To plunder a house; to rob a family. ઘર રાખવું To take care of one's own affairs. 2. To protect one's own interest. ઘર રાખી વાત કરવી To take care of or protect one's own interest, and then undertake a new responsibility. ઘર તપાસવું-વિચારવું To examine one's own strength or circumstances. રાગનું ઘર ઓળખવું To know clearly what particular musical air is being sung or performed. તે ઉદાસીના ઘરમાં છે He is in a sorrowful mood. ઘર સૂનું લાગવું Lit. To feel that a house is empty, either through being deserted or through the loss of a dear person. તેનું ઘર સારૂં છેઃ તે સારા ઘરનો છે He belongs to a respectable family. નીચ ઘરનો Born in a low family. તે ઘરનો સુખી છે He is a well-to-do man. ઘર આંગણું : ઘરનું આંગણું The open ground or court-yard in front of a house. 2. The range of one's domestic influence. 3. Not very distant. ઘર આંગણું કરવું To wait for impatiently. 2. To be impatient.

હું તો તુજ પાખે ઘર આંગણલું કરતી હતી રે,
મારી રાધા મારા લોચનનો સણગાર. —**દયારામ.**

ઘર ઉખડી જવું To become childless or without an heir. ઘર ઉખેડી નાખવું To rase to the ground. 2. To reduce a family to utter ruin. ઘર ઉઘડવું To be benefited. 2. To get a wife. 3. To get a child. ઘર અજવાળવું: ઘર ઉજળું કરવું To raise the reputation of one's family. ઘર ઉપાડી લેવું-લઈ બેસવું To take upon oneself the management of the house. ઘર ઊભું રાખવું To keep up the reputation of the family. ઘર કુકડો A stay-at-home; home-keeping. ઘર જમાઈ Not sold off; lying uselessly on one's hand (of an article for sale). 2. Keeping a thing to which one has no right, and use it as one's own. વંઠી ગયેલું ઘર The family of which the members are ill-behaved. ઘર ભલું કે આપણે ભલા Not to concern oneself about other people's affairs; to confine oneself to one's own house, and do nobody any harm. ઘર માથે કરવું To search in all parts of the house. ઘર લાગવું To become childless through the death of an only son. ઘર વસાવવું To get a house and furnish it. 2. To get oneself married. 3. To bring up a family. ઘરનું ઉઘાડું પડવું To be exposed to public view (of the defects or reputation of a family). ઘરનું ઢંઢોલિયું થઈ જવું To be reduced in size or number (of a family). ઘરને ઉમરે Near the house. ઘરને ખૂણે Secretly. ઘરનો ખુણો-ઓરડો The pecuniary condition of a family. ઘરનો થંભ-દીવો The supporter of a family. ઘરમાં બાર હાથનો (વાંસ) ફરે છેઃ ઘરમાં ભૂત ભુસકા મારે છેઃ ઘરમાં શંખ વાગે છેઃ ઘરમાં હાંલ્લાં કુસતી કરે છે It is an empty house. ઘરનું માણસ A confidential or trustworthy person. ઘરનો સુખી He commands a competency. ઘરનો થંભ The supporter of one's family; he on whom the family and their reputation and position depends. 2. The husband. ઘરને ખૂણે પૂછવું To make a private inquiry.

Prov. ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો કોણ આપે ? Charity must begin at home. પાણી પીને ઘર શું પુછવું ? No weeping for shed milk: It is too late to shut the stable-door when the steed is stolen: After the death, the doctor. ઘરની દુખણી જંગલમાં ગઈ, જંગલમાં લાગી લાયઃ ઘરનાં ઉઠયા વનમાં ગયા, ત્યારે વનમાં ઉઠી લાય Out of the frying-pan into the fire. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે, ને બહાર તો લાલા સાહેબ He robs his belly to provide for his back. ઘેર ઘેર માટીના ચુલા All men have their defects. ઘેર આવે, ત્યારે માલમ પડે Put yourself in his position. ઘર બાળીને તીરથ કોણ કરે ? Charity begins at home. ઘેર બેઠે મોતીએ ચોક પુરવા To build castles in the air. ઘરમાં વાઘ સમાન, ને બહાર બકરી સમાન Argus at home, but a mole abroad. ઘર સૌને લાગ્યું છે Every one for himself, and God for us all. ઘર ફુટે ઘર

જાય: ઘર ફુટ્યું, તેનું કરમ ફુટ્યું A house divided against itself cannot stand: The evils of divided interest in a house are bad enough. ઘરના ભૂત, ને ઘરના જાગરિયા He whose father is judge, goes safe to trial. ઘરનો રોટલો બહાર ખાવો Hospitality received is only a return for hospitality shown. ઘર પ્રમાણે બારસાખ Everything has its measure and proportions. ઘર વની હલે, પણ ઘર વની ન હલેIf one has the means to live by, one can dispense with superfluities. ઘર વંઠ્યું, ભગતાણું પેટું When one finds no pleasure at home, one seeks pleasures outside one's family. ઘર છોડ્યું, ને દુ:ખ વિસર્યું Out of sight, out of mind. ઘરમાં ન મળે ઘેસ, ને રાંધવા પેસ Empty-handed, one can do nothing. ઘરમાં બોલે ડોકરાં, ને બહાર બોલે છોકરાં A man, who is subjected to ridicule in public and to abuse at home, can command no respect. ઘર ભાડે, હાટ ભાડે, વાણોતર, ને વ્યાજ, । શેઠ હીંડે મલપતા, તો દેવાળાની શી લાજ? ॥ He who has no house of his own, who has to pay rent for his shop, who has to pay his servant, who has to pay interest on his capital, and who has to maintain himself in pomp, is sure to be insolvent.

ઘર-ખટલો, *s. m.* [See + ખટલો.] Household affairs; domestic duties. 2. A family dispute; the troubles and cares or the family. 3. Family; wife, children, &c; all the appurtenances of a family.

ઘર૰ક૰વું. [Imit ઘરર] Same as **ઘુર૰ક૰વું.**
કુમતડું તો ફરકે છે, ઓઝો બેઠો ઘરકે છે.—**ભાષા.**

ઘર-કાજ, } **ઘર-કામ,** } *s. n.* [See ઘર + કાજ, કામ.] Domestic duties.

ઘર૰કિ૰યું, *s. n.* [See ઘર૰ક૰વું.] Peevishness; a threat.

ઘર-કેળવણી, *s. f.* [See ઘર + કેળવણી.] Home Education.

ઘર-ખરચ, *s. m.* [See + ખરચ.] The household expenses. 2. Home consumption.

ઘર૰ખૂણિ૰યું, *adj.* [+ ખૂણો.] Lit. Confined to a corner of a house. Hence, 2. Relating to the secrets of a family.

ઘર-ગતુ, **ઘર-ગથા૰ઉ,** **ઘર-ગથી,** **ઘર-ગુતી,** } *adj.* [See ઘર + गत gone *fr.* गम् to go; and ઘર + ગુંથ૰વું.] Made, raised, produced or used at home. 2. Not made for sale. 3. Private; not public.

ઘર-ગોટી, } **ઘર-ઘોટી,** } *s. f.* A silk cloth used at the time of taking meals at home.

ઘર-ઘરા૰ઉ, Same as **ઘર-ગતુ.**

ઘર-ઘાલુ, *adj.* [See ઘર ઘાલ૰વું under ઘર.] Treacherous. 2. Expensive; profitless; fruitless.

ઘર-ચોળું, *s. n.* [See ઘર + ચોળી a bodice.] A silk-cloth worn at home by women.

ઘર-જમાઈ, *s. m.* [See ઘર + જમાઈ.] He, who with his wife dwells in the house of his father-in-law, and manages his domestic affairs.

Id. ઘર જમાઈ પડી રહેવું To lie idle on one's hand; to have no demand for (of an article of commerce).

ઘરડ, *s. f.* [S. घर्ष rubbing *fr.* घृष् to rub.] A cart-road. 2. A wheel-rut.

ઘરડ૰કો, Same as **ઘસર૰કો.**

ઘરડ૰પણ, *s. n.* } **ઘરડા૰પા,** *s. m.* } Same as **ઘડ૰પણ.**

ઘરડ-વું, *v. t.* [See ઘરડ.] To drag on the ground; to drag along a surface.

ઘરડિ૰યો, *s. m.* [See ઘરડ૰વું.]A wooden ladle with which little cakes are turned in a frying pan. 2. A small scythe with which short grass is cut. 3. A whetstone. 4. [See ઘર૰ડ૰કો.] A gurgling sound in the throat. 5. The last hard breathing of a dying man.

ઘરડિ૰યો, *s. m.* [See ઘરડો.] An old man.

ઘરડિ૰યું, } **ઘરડું,** } *adj.* [Hem. Des. जरंडो, जरडो, = S. वृद्ध: old, *fr.* S. जरण्, जरठ, *fr.* जॄ to be old.] Advanced in year. 2. Antique; ancient. 3. Worn out.

Id. ઘરડું પાન Very old. ઘરડામાં ખપવું To be included in the class of old men; to be regarded as old.

Prov. ઘરડી ઘોડી, ને લાલ લગામ: ઘરડી ગાય, ને કોટે ડેરો He has a colt's tooth yet in his old head. ઘરડાં ગાડાં વાળે If you want good advice, consult an old man. ઘરડું થાય, એટલે ગતિ જાય: ઘરડું થાય, એટલે અક્કલ જાય Old age is second childhood. ઘરડાં માબાપે લાજ ન જાય An old man in a house is a good sign on the door. ઘરડા એટલા શું ગાંડા ? Wisdom is acquired by age.

ઘરડે•ઙું, Same as **ઘરડું.**

ઘર•ણ, *s. n.* [See ગ્રહ•ણ] An eclipse; an obscuration of the sun or the moon. 2. A criticle juncture.

Id. ઘરણ્ થવું To obtain a firm footing;to be taken possession of. ઘરણ્ લાગવું To be eclipsed. ઘરણ્-ઘેલું Lunatic. ઘરણ્ વખતે સાપ કાઢવો To throw an obstruction in one's way at a critical juncture.2. To begain a work requiring a long time and to expect to finish it with great speed.

ઘર•ણી, *s. f.* [S. गृहि•णी the mistress of the house *fr.* गृह a house. *Cf.* અ•ઘરણી.]The mistress of the house; the wife; the housewife.

પુર જોબન પચવીસ, ઘેર ઘરણી શું ગમતાં.

—**સામળભટ.**

ઘર-ધણિ•યાણી, *s. f.* [See ઘર-ધણી.] The mistress of the house. 2. The wife.

ઘર-ધણી, *s. m.* [See ઘર + ધણી.] The master of the house; the chief supporter of the family. 2. The landlord.

ઘર-ધંધો, *s. m.* [See ઘર + ધંધો.] Business of the house;domestic duties;household affairs.

ઘર-ધવું, *s. n.* [+ S. धव husband.] Remarriage of a woman.

ઘર-ધાવ•ડું, *adj.*[+ ધા•વું to run or ધાવ•વું to suck.] Maintaining oneself upon what is left by one's ancestors. 2. Idle; unemployed. 3. Home-keeping.

ઘર•નાળું, Same as **ગર•નાળું.**

ઘર-પ્રવેશ, *s. m.* [S. + प्रवेश *fr.* प्र forth and विश् to enter.] Entering into a new house or building. 2. The ceremony of occupying a new house.

ઘર-ફોડુ, *adj.* [+ ફોડ•વું to break.] That breaks open a house to commit a theft.

ઘર-બાર, *s. n.* [See ઘર + બાર•ણું.] A family.2. A house and its appurtenances.

ઘર-બારી, *s. m.* A familyman; a married man. 2. A householder.

ઘર-બારી, *s. f.* [+ બહાર out.] A feast given out of one's house, or in the open country; a picnic. (Used in Kthd.).

ઘર-બોળુ, *adj.* [+ બોળ•વું to soak in water.]Ruining one's own house or family.

ઘર•ભેદુ, *adj.* [+ ભેદુ breaking,revealing a secret,*fr.* ભેદ revealing, breaking, *fr.* S. भिद्, ભેદ•વું, to break.] Acquainted with the secrets of a house or family,and unscrupulous in betraying them.

ઘર-મેળ, *s. m.* [+ મેળ Union, harmony.] Union between separate families; friendly intercourse between families.

ઘર-મેળે, *adv.* [Instr. Case of ઘર-મેળ.] With union or harmony privately secured, without the knowledge of a third party; privately.2. Amicably; peaceably. 3. In a friendly way;without coercion. 4.Without going to law. 5. Amongst one's relations and friends.

Id. ઘરમેળે પતાવવું To settle a matter in dispute amicably,without going to law or to a third party.

ઘર-રખુ, } **ઘર-વખુ,** } *adj.* [+ રાખ•વું to keep, & વિષય the province,the range.]Protecting the house or family-reputation.

ઘર-વટ, *s. f.* [See ઘર + વૃતિ.] Friendly intercourse.2.Close connexion or acquaintance. 3. Union.

ઘર-વાખરો, *s. m.* [See ઘર + વાખરો. S. गृहोपस्कर *fr.* गृह, ઘર, house + उपस्कर adornments, furniture.] Household furniture; household goods or chattle.

ઘર-વેરો,*s.m.* [+ વેરો a tax.] A house-tax.

ઘર-સંસાર, *s.m.* [See ઘર+ સંસાર.]Household affairs. 2. Worldly affairs.

ઘર-સંસારી, *adj.* (A man) Who manages his household and worldly affairs;busy

or embarrassed with the troubles of maintaining one's family. 2. Pertaining to worldly affairs.

ઘર-સૂત્ર, *s. n.* [See ઘર + S. सूत्र thread.] Same as **ઘર-સંસાર.**

ઘરા-ઉ, *adj.* [See ઘર-ગતુ] Private; not public.

ઘરાક, } **ઘરાગ,** } *s. m. n.* [S. ग्राह-क *fr.* ग्रह् to take.] A customer; a purchaser. 2. An appraiser.

ઘરાકી, } **ઘરાગી,** } *s. f.* Sale; purchasing goods or wares; coming to buy; frequenting any place of sale for purchasing goods. 2. The customers at a shop; custom; good-will.

ઘરાણિ-યાત, } **ઘરેણ-યાત,** } *adj.* [See ઘરેણે.] Mortgaged.

ઘરાણું, Same as **ઘરેણું.**

ઘરાર, *adj.* [See ધરાર *fr.* A करार rest, settling.] of course.

ઘરે, *adv.* To or in the house. Same as **ઘેર.**

ઘરેડ, Same as ઘરડ.

ઘરેડી, *s. f.* [Imit. See ઘરેડો or ઘસડ-વું.] A pulley.

ઘરેડો, *s. m.* [Imit. Dh. Des. गग्गर *fr.* S. गद्गद For the change of द to र *Cf.* અગિયાર *fr.* S. एकादश.] A rattling in the throat; the death rattle.

ઘરેણા-ઉ, *adj.* [See ઘરાણે.] Pertaining to a mortgage. 2. Kept as a mortgage.

ઘરેણું, *s. n.* [See ગ્રહ-ણ] An ornament; jewellery; trinkets; joys.

Id. ઘરેણાં જેવું લાગવું To appear nice or beautiful.

ઘરેણે, *adv.* [S. ग्रह-ण in possession *fr.* ग्रह् to take. Or, P. गिरव mortgaged.] Mortgaged; pawned; pledged.

Id. ઘરેણે મૂકવું To give in mortgage; to mortgage. ઘરેણે રાખવું To receive as a mortgage.

ઘરે-બારે, *adv.* [See ઘર-બાર.] Having a family; being happy in the married state; being a happy wife, and the mother of a family (said of a young woman).

Id. ઘરે બારે હોવું To be a happy wife and mother.

ઘરોડ, *s. m.* Same as **ઘરડ** A cart-road.

ઘરોડ છોડી જતા, પડ્યું જઈ જ નાવમાં.

—**પ્રેમાનંદ.**

ઘરો-બો, *s. m.* [See ઘર + ભાવ state.] Friendly relation, connexion, or intercourse between families; intimacy; close acquaintance.

ઘરોળી, } **ઘલોડી,** } *s. f.* [S. गृहालिका.] A lizard.

ઘર્મ, *s. m.* [S.] Heat. 2. Perspiration.

ઘર્ષ-ણ, *s. n.* [S. *fr.* घृष्, घर्ष्, to rub.] Friction.

Id. ઘર્ષણવિજળી Frictional electricity.

ઘલા-વું, *v. i.* [Pass. of ઘાલ-વું to thrust, to push.] To be thrust or pushed; to be penetrated through. 2. To be a loser.

Id. ઘલાઈ જવું To lose money by the failure of a debtor. પૈસા ઘલાઈ જવા To be lost (of money). ઘલાઈ રહેવું To confine oneself to one's house; to be unwilling to move about; to sit idle and without occupation.

ઘલો-ડી, *s. f.* [See ઘિલોડું a kind of fruit of the form of a button.] A wooden button in the tether of cattle.

ઘલોડી, A dialectic variant of **ઘિલોડી.**

ઘલોડું, Same as **ઘિલોડું.**

ઘવ-ડ-વું, *v. t.* [See ઘા a wound.] To rub with the nails; to scratch.

ઘ-વા-વું, *v. i.* [See ઘા.] To be wounded.

ઘશિ-યું, *adj.* [See ઘસ-વું to rub.] Salt in the form of a rough powder. 2. Salt obtained from sea-water.

ઘસ-ઘસા-ટ, *adv.* [See ઘસ-વું + redup. + वृत्ति state.] Soundly (sleeping).

Id. ઘસઘસાટ ઉંઘવું To sleep soundly.

ઘસ-ડ-વું, *v. t.* [S. घृष्ट rubbed *fr.* घृष्, घर्ष्, to rub.] To pull, drag, or roll along. 2. To write in haste or carelessly, and very fast.

Id. કોરટમાં ઘસડી જવું Lit. To drag to a

court of justice.Hence.2.To file a suit or a complaint against. ઘસડી કાઢવું To write in haste or carelessly, and very fast. ઘસડી નાખવું To write in haste or carelessly and bring fast to an end.

ઘસર·કો, *s. m.* [See ઘસ·વું.] A scratch; laceration.

ઘસર·ડો, Same as **ઘસા·રો**. A scratch.

વાર વાર વઢું કહું, જહુ લિમ હણું પણું,
ખૂન ખૂની ઘસું, રે બદન આવડું. —**વલ્લભ.**

ઘસ·વું, *v. t.* [S ઘૃષ્, ઘર્ષ, to rub.] To rub. 2. To scour; to scrub; to polish. 3. To edge; to whet; to sharpen. 4. To write; to pen—without attention to the meaning.

Id. વાસણ ઘસવાં To rub and clean a vessel. ઓસડ ઘસવું To rub a medicinal drug on a stone, &c. ચાકુ ઘસવું To sharpen a knife. કાગળ ઘસી કાઢવો Same as ઘસડી કાઢવું. અક્ષર ઘસી નાખવા To rub out letters; to erase letters. ઘસી પીવું Not to care about; to consider as of no value or importance. ઘસીને કાપી નાંખવું

ઘસાર·ણ, *s. n.* [See ઘસા·રો rubbing.] Dust obtained by rubbing.

ઘસારો, *s. m.* [+ કાર sound, a meaning] A scratch; a stroke;a rough rub or brush. 2. A shock; a blow. 3. A loss.

Id. ઘસારો પડવો–લાગવો To be scratched or rubbed. 2. To be injured. 3. To be put to a loss. ઘસારો આપવો–દેવો To scratch or rub. 2. To put to a loss. ઘસારો વેઠવો–ખાવો To be subjected to scratching or rubbing. 2. To be subjected to injury. 3. To suffer a loss.

ઘસા·વું, *v. i.* To be rubbed. 2. To be worn out. 3. To be emaciated; to be lean. 4. To suffer a loss.

Id. ઉઘરાણી પણ ઘસાતી જાય છે Debts due to him are paid more and more slowly and reluctantly; all his dues cannot be collected. ઘસાતું બોલવું To slander behind one's back;to defame one in one's absence; to back-bite. તેનું નામ નિસાન ઘસાઈ ગયું Every trace of it is lost. તે પૈસેટકે ઘસાયો He lost some of his wealth; he is reduced in his pecuniary circumstances; he is hard up. તેઓ ઘસાવા માંડ્યા They began to feel the shoe pinch. શરીરે ઘસાઈ જવું To be worn out or exhausted; to lose flesh.

Prov. સુખડ ઘસાશે, કંઈ ઓરસિઓ ઘસાશે ? It is the sweetscented sandal-wood, and not the hard stone, which yields when rubbed : It is better to give than to take.

ઘસિ·યો, *s. m.* Flour of bājri, wheat, &c., soaked in milk and rubbed or kneaded, and parched or fried.

ઘસોટિ·યો, *s.m.* Flour of parched wheat mixed with ghee and sugar and rubbed or kneaded.

ઘળ·કો, [Imit.] Same as **ખળ·કો** A gurgling sound.

ઘાંઘરી, *s. f.* [Imit. Or, See ગાગર a large round copper pot.] A kind of musical instrument.

ઘાંઘલાં, *s.n. pl.* [See ગાંગ·લું stupid.] A ceremony intended to remove evil. 2. A particular form of benedictory ceremony.

ઘાંઘું, *adj.* [See ગાંગો. *Cf.* ઘાંઘા·ટ.] Hasty. 2. Bewildered. (Used in Kthd.).

ઘાંચ, *s. f.* [See ખાંચ.] A pit. 2. A rut in a cart-way. 3. An obstacle.

ઘાંચ·ણ, *s. f.* [See ઘાંચી.] An oilman's wife. 2. A woman who makes and sells oil.

ઘાંચી, *s. m.* [S. ઘૃષ્, ઘર્ષ્, to rub] An oilman; an oil-maker; one who deals in oil; an oil agent.

Id. ઘાંચીનો બળદ Lit. The bull of an oilman (driven to go in a circle with his eyes closed).Hence.2.A drudge. 3. A person that can do nothing but hard bodily labour. મેલો ઘાંચી જેવો Very dirty. ઘાંચી ખુટવો To want oil (of a lamp).

Prov. ઘાંચીનો બળદ ઠામ ને ઠામ Like a mill-horse that drudges much,but gains no ground.

ઘાંચે·ણ, Same as **ઘાંચ·ણ**.

ઘાંચો, *s. m.* A mat-maker. 2. Same as **ઘાંચી** (slang).

ઘાંટા-ઘાંટ, *s. f.* [See ઘાંટો + redup.] A confused noise of several loud voices.

ઘાંટી, *s. f.* [See ઘાંટો.] The throat; the

prominence in the throat; Adam's apple. 2. [See ઘાટ a mountain pass.] Obstacle. 3. An uneven and precipitous path.

Id. ઘાંટી આવવી-આવી પડવી-નડવી To meet with an obstacle. ઘાંટી વટાવવી To overcome or surmount an obstacle. મરણની ઘાંટી Death is a gate or pass difficult to pass through. સુવાવડની ઘાંટી The time of delivery is very difficult. ઘાંટી ફુટવી To have the voice changed and become hoarser (of a young man, a lad). 2. To come of age.

ઘાંટો, *s. m.* [S. कण्ठ the throat; or; घण्ट a bell] The throat; voice. 2. A loud voice; speaking aloud.

Id. ઘાંટો કાઢવો-પાડવો To speak loudly. 2. To call out loudly. 3. To speak loudly in anger; to be angry. ઘાંટો પાડીને બોલવું To speak in a loud voice. ઘાંટો પાડીને કહેવું To say aloud. ઘાંટો પાડી લખવું To write while speaking the words aloud. ઘાંટો બેસવો To sink or fall (of the voice); to be hoarse. ઘાંટો ઉઘડવો-ખુલવો To be able to speak. 2. To be cured of the falling of the voice or hoarseness.

ઘા, *s. m.* [S. घात killing, striking.] A wound; a cut; a hurt; a stroke; a blow.

Id. ઘા કરવો-મારવો To strike a blow. 2. To make a wound; to wound. ઘા થવો To be wounded. ઘા વાગવો To receive a wound. ઘા રૂઝવો To be healed (of a wound). ઘા ગણવો To throw an obstacle in one's way. છાતીનો ઘા A mortal blow. ઘા મારીને કામ કરવું To work with a heart.

Prov. ઘા ભેગો વસરકો The greater contains the less: As good twenty as nineteen.

ઘા, *s. m.* [See ઘાયો *fr.* S. घात a collection.] A quire of paper.

ઘાઈ, *s. f.* [See ઘાતે.] Headlong eagerness; haste; hurry; precipitancy. 2. Tumult; bustle. 3. Tumultuous and violent commotion, working, or action. 4. Crowded state; crowdedness.

ઘા-એલ, *adj.* [See ઘા.] Wounded; hurt.

ઘાઘરી, *s. f.* [See ઘાઘરો.] A lower garment worn by women; a petticoat.

ઘાઘરો, *s. m.* [Hem. Des. घग्घरं= S. जघनस्थ वस्त्र भेदः *fr.* P. गर्रर.] A petticoat; a garment worn by women.

ઘાટ, *s. m.* [S. *fr.* घट् to form.] Mode; manner. 2. Form; shape; external appearance. 3. An intrigue; cabal: a deep laid plot; machination. 4. An opportunity. 5. Same as **ઘાટ-પોત.**

ઘાટ ઘાલે અતિ શોભતો, હરિ કરૂણા રે;
નિરખીને સાહું નાક, શ્રીહરિ કરૂણા રે.
—**હરદાસ.**

Id. ઘાટ ઉતારવો To give a shape; particularly on a lathe. 2. To carry out a plot; to make a plot successful. ઘાટ ઘડવો-રચવો To give a required form. 2. To make a design; to intrigue. 3. To make a resolution. 4. To make an opportunity. 5. To inflict a great loss. 6. To kill; to destroy. ઘાટ આવવો-બનવો To acquire a good shape 2. To get or have a good opportunity. ઘાટ લાવવો To give a shape, particularly by beating or hammering. 2. To make an opportunity. ઘાટમા લેવું-લાવવું-આણવું To bring into a required shape. 2. To catch in a snare; to make the victim of an intrigue. કાંઈ ઘાટ બેઠો નહિ The plan miscarried; the plan totally failed. ઘાટ બેસવો To be suitable to a plan. 2. To be successful of a plan. ઘાટ મળતો આવવો To agree in form; to be similar ઘાટ ઘાલવો To put on a white piece of cloth on an auspicious occasion (of a woman). 2. To carry out a design; to bring to a successful end. 3. To put to death.

ઘાટ, *s. m* [Hem. Des. घट्टो = S. नदी तीर्थम्, *fr.* S. घट्.] A landing place; a quay; a wharf. 2. Steps on the side of a river or tank, leading to the water. 3. A washing place on the bank of a river or tank.

વાટે ને ઘાટે શાને વળગો છો વાતે !—**દયારામ.**

4. A mountain defile or pass. 5. The country east of the Sahyādri range.

Id. ઘાટ ઘાટનાં પાણી Lit. Water taken from different places. એણે ઘાટ ઘાટનાં પાણી પીધાં છે He has obtained experience from different places, in different circumstances,

and among different people;He has acquired varied experience of the world. નદીનો ઘાટ Steps on the side of a river. ધોબીનો ઘાટ Steps on the side of a river used to by washermen. ખાઇબર ઘાટ The Khyber Pass.

ઘાટ·ડી, *s. f.* [See ઘાટ-પોત.] White-specked cloth.

Prov. આવી ઘાટડીએ, ને જઈશ કાઠડીએ A life-long union(between husband and wife).

ઘાટ-પોત, [See ઘાટ. + P. पोद् the weft of cloth = S. प्रोत woven *fr.* प्र forth + वे to weave.] A kind of silk cloth.

ઘાટી, *s. m.* [See ઘાટ.] A mountaineer; a highlander;an inhabitant of the Ghauts or the country above the Sahyādri range. 2. *adj.* Pertaining to the country known as the Ghauts.

ઘાટી·લું, *adj.* [See ઘાટ form.] Beautiful; well-shaped; fashionable.

ઘાટું, Same as **ઘાડું** Thick; unfeeling, callous.

સંતાડશો કિયે ઠામ? ઘાટો પડ્યો ઘન છે.
—**વલ્લભ.**

મુજને સૌ એ રાંક કહે છે, હું સરખી નહિ ઘાટી રે;
મુખ આગળથી મા'વજી ગયા, તેણે દુ:ખે નહિ ફાટી રે.
—**ભાલણ.**

ઘાડ, Same as **ઘાડું**, ગાઢ, Thick; close.

ઘાડ·વું, *s. n.* [See ઘડો.] An earthen vessel.

ઘાડ·વો, *s. m.* An earthen pot. 2. A round vessel made of hide (to hold ghee, oil, &c.).

Id. જાણે ઘીનો ઘાડવો જ મળ્યો ને ! As if one has met with one's desired object by one's good fortune; he is overcome with joy at what he thinks to be his good fortune.

ઘાડા·પણું, *s. n.* }
ઘાડા·શ, *s f.* } [See ઘાડું.] Thickness; density.

ઘાડું, *adj.* [See ગાઢ, ઘટ્ટ.] Thick; close; dense; crowding. 2. Coarse. 3. Capable of endurance; enduring; hardy.

એમ વદી ત્રાડ પાડી, ગર્જના અશાઢ ઘાડી;
દ્રોપદીશું દીધ ગાડી, કંપ કંપ સાથમાંય.
—**વલ્લભ.**

Id. ઘાડોસ્નેહ Close friendship. ઘાડું : Lit.A hard heart. Hence,2.A heart stro[ng] and able to bear pain or misfortune.

નિજ બળથી નિજ જાણી ધ્યાને,
આપો પ્રેમ જુગલ પદ ઘાડો રે લોલ. —**દયારા[મ]**

ઘાણ, *s. f.* [S घ्राण *fr.* घ्रा to smell.]An o[ff]ensive smell;stench.2.Anything nauseo[us] a stinking stuff; rubbish.

ઘાણ, *s. m.* [Hem. Des. घण्णो = S. [...] the chest, the heart. Or, See ઘાણી.] [A] quantity thrown at a time into a fryin[g] pan, &c.; a quantity of materials to [be] pounded,ground,&c. 2 Ruin; destructio[n].

Id. ઘાણ કાઢવો-વાળવો To extirpate; [to] ruin. 2. To do too much in any mat[ter] (used in contempt). ઘાણ ઘાલવો-નાખવો [To] throw a quantity of a preparation f[or] frying into a frying-pan. ઘાણ ઘાલવો-[ક]... નાખવો To ruin; to spoil. ઘાણ બગડવો To [be] spoiled; to be thrown into confusion ([of] a plan or scheme). ઘાણ નિકળી જવો To [be] ruined. 2. To be tired or exhausted. 3. [To] be put into a difficult position. ઘાણ પેર[વો] To be sickly in body. 2. To be attack[ed] by discord and disunion (of a famil[y], society, body).

ઘાણી, *s. f.*[See घन a large heap;or S.घ[ाण] सं·घात, a collection, *fr.* हन् सं·हन, to colle[ct] or, S. घूर्ण rolling, revolving, *fr.* घूर्ण् [to] revolve.]An oil-mill.2.A sugar-cane pre[ss]. 3. The block, in which the roller mov[es] in an oil-mill.

Id. ઘાંચીની ઘાણી Lit. The mill of [a]n oil-man. Hence, 2. Drudgery; hard a[nd] tedious work. ઘાંચીની ઘાણીનો બળદ Lit. T[he] bullock who turns the mill of an oil-ma[n]. Hence,2. A drudge; one who does har[d], tedious,and monotonous work. 3. One wh[o] is fit only for routine work. ઘાંચીની ઘાણી[એ] જોડાવું To be set to do a hard, tedious, m[o]notonous, and routine work. અવળી ઘાણી પીલવું: ઘાણીમાં ઘાલીને તેલ કાઢવું To set to do hard work. 2. To punish severely. 3. T[o] harass; to persecute (used as a threat.

ઘાત, *s. m. f.* [S. *fr.* हन् to strike, to kill.]Murder. 2.Slaughter; killing; striking. 3. A blow; a stroke. 4. Destruction; smash; ruin. 5. Loss of life. 6. Barbarity; wickedness. 7. Treachery. 8.The power,to which a quantity is raised; the index (in math.).

Id. ઘાત કરવી To kill.2.To ruin; to spoil; to throw into disorder. ઘાત જવી To have a hair-breadth escape. આત્મ-ઘાત Suicide.પ્રાણ-ઘાત Killing. જળ-ઘાત Death by drawing. દ્વિ-ઘાત Second power of a number or quantity; the square power. ત્રિ-ઘાત, ચતુર્ઘાત, પંચ-ઘાત. &c.

ઘાત·ક, ઘાત·કી, ઘાતી, *adj.*Destructive; murderous. 2. Pitiless. 3. Atrocious; barbarous. 4. Treacherous; deceitful; faithless.

ઘાત–ચંદ્ર, *s. m.* [+ ચંદ્ર.] The moon when she is in an inauspicious mansion in the horoscope of a person.

ઘાતી, *s. m.* A butcher;a slaughterer.

સજ્જનો ઘાતી તે પશુ-પરોધી. —**પ્રીતમદાસ.**

ઘાતુ·ક, Same as **ઘાત·ક.**

ઘા·તેલ, *s. n.* [See ઘા, ઘાત, + તેલ.] A kind of oil used in healing wounds.

ઘા–પાણુ, *s.m.*[+ પાણો.] A stone which, when placed on a wound, sticks to the skin, and does not leave in until the wound is healed up.

ઘાબરૂં, ઘાભરૂં, *adj.* [S. गर्भ-भरित *fr.* गर्भ fœtus +भर burden *fr.* भृ, भर्, ભર·વું,to hold;Seeગાભરૂં.] Confused;embarrassed;having a disturbed or restless mind; alarmed; surprised.

ઘા–બાજરિ·યું, *s. n.* [See ઘા + બાજરિ·યું.] A kind of plant whose stalk resembles a bajri-stalk,and has the property of healing wounds.

ઘાભ, *s. m. pl.* Same as **ગાભ.**

ઘાભો, Same as **ગાભો.**

ઘામ, *s. m.* [Dh. Des. घम्मा *fr.* S. घर्म heat. *Cf.* P. गरम.] Warmth;heat. 2. Perspiration; sweat.

Id. ઘામ થવો To feel warm or hot.

ઘામચ, ઘામછ, ઘામટ, *s. n.* [Correctly ગંમત *fr.* S. गम् to go.] Water collected in the hold of a ship through a leak.

ઘામ·ચ, ઘામ·છ, ઘામ·ટ, [See ઘામ sweet + ટ dim.] Dirty with sweat.2.Ignorant; uninformed.

ઘામોટ, ગામોટ, *s. m.* [S. ग्राम a village+ हो·तृ a sacrificer *fr.*हु to sacrifice.]A village priest.

ઘામોટું, ગામોટું, *s. n.*The duties of a village-priest.

ઘાય, Same as **ઘા, ઘાયો.**

ઘાયડ–મલ, *adj.* [See ઘાય a wound + S. मल्ल an athlete.] Brave; war-like.

ઘા·યલ, ઘા·યેલ, *adj.*Wounded; injured;hurt. 2. Having a bitter experience. 3. Experienced(used in the Bhāvnagar Prānt.)

ઘાયા–બુડયા, *adj. m. pl.* [See ઘાયલ + બુડ·વું] (Men) Wounded or drowned. (On the 14th day of the dark half of the month of Bhādarvā, *Shrādha* ceremony is performed for the benefit of the souls of persons, who died by wounds or by drowning).

ઘાયો, *s. m.* [S. घात a collection *fr.* हन to go.] A quire of paper; 24 sheets. 2. [See ઘાવ a wound.] A wounded person; a person, who died of a wound.3. [See ઘાવ a wound.] A literary composition, which wounds or otherwise affects the mind of the reader.4. A literary composition that can be understood only by those persons, who have a clew to its meaning.

ઘારણ, *s. n.*[See ઘેરા·વું, અણ·ણ; ઊંઘ (sleep) being understood.] Being overcome by sleep.2. Sound sleep.

પડયા ઘારણમાં કોઇ, કોઈ ઘારણને તજી;
ભજ ના રણને ભાથી, ભલે કીર્તિ કાંપતી.—**વલ્લભ.**

Id. ઘારણ નાખવું To throw into sound sleep;to produce drowsiness in; to make drowsy.

ધારી, *s. f.* [See ઘેર.]The circumference. 2.A kind of sweetmeat; a particular kind of pastry (of a circular form).

ધારૂં, *s. n.* [S. ધર a hole.] A hole caused by disease in the body.

ઘણું થયું પડયાં ધારાં, પીડ આવી આ અતી ।
—વલ્લભ.

Id. ધારાં પડવાં To have holes in the body, caused by a disease.

ઘારૂં, *s. n.* A lamb (used in the Sorath Prānt.)

ઘાલ, *s. f.* [See ગાલ *s. f.*] A row; a rank; a file; a column. 2. The number of guests dining at one time at dinner party. 3. [See ઘાલ-વું.] Loss. 4. Deficiency.

ઘાલ-ખાદ, *s. f.* [+ ખાદ.] Loss. 2. Deficiency.

ઘાલ-ણ-દાસ, *s. m.* [See ઘાલ-વું + દાસ.] An insolvent debtor;a bankrupt merchant.

ઘાલ-મેલ, **ઘાલ-ઘુસેડ**, } *s. f.* [+મેલ-વું, ઘુસેડ-વું.] Derangement; disorder.2.Jumbling together; hurry; bustle; fuss. 3.Chicanery; intrigue. 4. Turmoil; tumult; dark manœuvring.

Id. ઘાલમેલ-ઘાલઘુસેડ કરવી To cause disorder; to jumble together. ઘાલમેલ-ઘાલઘુસેડ થવીTo be caused—of disorder.2.To be jumbled together.

ઘાલ-મોલ-ચો,*adj*.Always disturbing or disordering. 2. Busy and bustling. 3. Intriguing, full of fraudulent schemes. 4. *s. m.* A toad-hunter; a flatterer, a sycophant.

ઘાલ-વું, *v. t.* [S. ग्राह् to cause to take *fr.* ग्रह्,to take.] To thrust into; to drive into; to penetrate. 2. To put on. 3. To misappropriate; to defraud. 4.To dip into. 5. To set to; to apply.

Id. ઘર ઘાલવું To bring disgrace on one's family. નીચું ઘાલવું, મોહ નીચું ઘાલવું To hang down the head; to be ashamed. કોઠી ઘાલવી To establish a factory. ખોળે ઘાલવું Lit. To place in the lap of.Hence,2.To place under the guadianship of. ખોળે માથું ઘાલવું Lit. To place one's head in the lap of. 2. To place oneself totally at the mercy of. 3. To beg pardon. માથે પાઘડી ઘાલવી To put a pāghadī (a turban)on the head. જોડા ઘાલવા To put shoes on.અંગરખું ઘાલવું To put a coat on.ચશ્મા ઘાલવા To put spectacles on. નાણું ઘાલવાં To misappropriate money. ઘાલી બેસવું To refuse to give back or return what one has borrowed.માથું ઘાલવું To thrust oneself into another's affairs; to interfere or meddle uncalled, with another's affairs. માથે પાણી ઘાલવું Lit.To bathe(a sick man after recovery).2. To perform a ceremony, in which a sick man after his recovery is given a bath of medicinal waters,and a feast is given to friends and Brahmans.માથે ધૂળ ઘાલવી to commit some kind of wickedness or villany to injure another person. માથે તેલ ઘાલવું To apply oil to the hair on the head. શૂળ ઘાલવું To have a shooting pain. ઘાબ ઘાલવી To form a knot—of a boil.વેઢ ઘાલવીTo have a swelling of a gland or in a mascular centre. વાને ઘાલવું To perform a ceremony previous to the investiture with the sacred thread of a Brāhmaṇ boy. ગાડીમાં ઘાલવું To place in a carriage of a sick man. નજર ઘાલવી Lit. To look at carefully. Hence,2.To pay particular attention to.

મંદ હાસ મુખ મરકલડાં, ચંચળ નયન નિહાળે જી,
પાગે વિછિયા રણઝણે, ચો દિશ મિઠડી ઘાલે.
—ભાલણ.

ઘાવ, *s. m.* [See ઘાત killing, *Cf.* ઘા, ઘાય, ઘાયો.] Same as **ઘા** A stroke; a cut.

સરસ ઘાવ સમશેર, જોરથી લાગે અટકો.
—સામળભટ.

2. [See ઘાયો 3.] A literary composition, in which questions are proposed, answers to which can be found only by those who have a clew to the author's meaning; *e. g.* કયાં ચંદન ? કયાં મલયાગિરિ ? કયાં સાહેર ?કયાં નીર ? જ્યમ જ્યમ પડે વિપતડી, ત્યમ ત્યમ સહે શરીર.
—સામળભટ.

ઘાવર, *s. n.* Dew. (used in the Surat Prant.)

ઘા-વેડી, *adj*. [See ઘા a blow + વૃત્તિ state.] Sharp; clever. (Used in Kṭhḍ.).

ઘાસિ·યો, *s. m.* [See ઘાસ grass.] A grass-cutter.

ઘાંસિયો, Same as **ઘાસિયો.**

ઘાસ, *s. n.* [S.] Grass; straw.

Id. ઘાસ કાપવું Lit. To cut grass. 2. To do work of no value. 3. To speak to no purpose (Colloq.)

Prov. ઘાસની ગંજી ઉપરનો કુતરો Like the dog on the manger.

ઘાસ, *s. f.* [See ઘસ·વું to rub, ઘસા·વું to be rubbed.] Wear and tear. 2. Loss.

Id. ઘાસ ખાવી To suffer or bear a loss, ઘાસ પડવી–જવી–લાગવી To be put to a loss.

ઘાસ-તેલ, *s. n.* [Eng. Gas + તેલ.] } Pet-
ઘાસ-લેટ, *s. n* [Eng. Gas+light.] } roleum; kerosine.

ઘાસ-દાણો, *s m.* Grass and grain (comprehensively) the *keep* (of horses).

ઘાસ·વું, *v. t.* [See ઘસ·વું.] To scrub; to clean. 2. To wear away; to suffer wear and tear. 3. To bear a loss; to be put to a loss.

Id. ઘાસી છુટવું To bear a loss and get rid of a troublesome affair.

ઘાસિ·યું, *adj.* [See ઘાસ grass.] Producing grass. (Used in the Surat Prānt)

ઘાસિયો, *s. m.* [Ar. गाशियः] A woollen covering on a saddle of a horse.

Id. ઘાસિયો ગુંડાળવો To pack off bag and baggage.

ઘાસો·ટિ·યું, *s. n.* [See ઘાસ, ઘસ·વું, ઘસા·રો rubbing + વૃત્તિ state.] A bracelet worn while doing domestic duties, in which there is much wear and tear.

ઘિમેલ, *s. f.* A kind of insect.

ઘિ·યાળ, *adj.*[See ઘી + વાળું.](A cow or she-buffalo) Yielding milk which contains a large quantity of ghee.

ઘિલોડી, *s. f.* [S. गृहालिका. See ઘરોળી.] a lizard.

ઘિલોડી, *s. f.* [See ઘિલોડું.] A plant which bears fruit called **ઘિલોડું.**

ઘિલોડું, *s. n.* [Hem. Des. गोल्हा फलं = S. बिम्बम् a kind of fruit]A sort of vegetable.

Id ઘિલોડું પેસવું To have an unnecessary and troublesome encumbrance added.

ઘિ-સલું, *s. n.* [See ઘી + સળી.] A pointed rod used in training a bullock; a goad.

ઘિસ·વું, *v. t.* [S. घृष् to rub. See ઘસ·વું.] To beat with clenched fists; to box.

ઘિસ્સો, *s. m.* [See ઘસ·વું.] A scratch or a cut made by rubbing one thing on another.

Id. ઘીસ્સો દેવો To make a scratch 2. To put to a loss.

ઘી, *s. n.* [S. घृ·त *fr.* घृ to make oily.] Clarified butter; ghee.

Id. ઘી-ચોપડ, ઘી-ચોપટ Besmeared or covered with ghee—cakes, &c. ઘી-કેળાં Lit. A dis made of ghee and plantains. 2. A large profit (slang).

Prov. ઘી ઢોળાયું, પણ ઘીનું માપ ન ગયું Slander always leaves a slur. ઘી ઢળ્યું, તો ખીચડીમાં It is not lost what a friend gets. ઘી પીરસે, તે મખિયાશાહ Handsome is that handsome does. ઘી ખિચડી એક, અને પાપડ બેઠો દેખ Don't put your finger between the wood and the bark: Don't meddle in another's family affairs.

ઘી-ગળણી, *s. f.* [+ ગળણી.] A sieve for refining ghee.

ઘીચ, }
ઘીટ, } [S. कृच्छ्र a difficulty.] Same as **ગિચ્ચ** Crowded.

ઘીટ, *adj.* [See ઘટ્ટ thick, hard.] Thick; Stout;strong.

ઘીટ, *adj.* [S. घृष्ट rubbed, beaten, snubbed.] Shameless. 2. Bold. 3. *s. n.* Boldness. 4. Shamelessness.

વહાલે તારૂં નિર્લજ્જ ઘીટમાં નામ પાડ્યું, તું કાંઇક ડાહ્યો થા;
કોણ પુત્રી પરણાવશે,તારાં દેખી લક્ષણ આ—**દયારામ.**

ઘીમ, *s. m.* Suspicious; doubt.(Used in Gohilwād.)

ઘી·યો, *s. m.* A ghee-seller.

ઘીસ, *s. f.* [P. गश्त *fr.* गश्तन् to turn.] A patrol; a round taken to watch and observe what is passing inside,and secure the peace of a camp. 2. A procession; (particulary) the Holī procession.

ધીસ, *s. f.* [Seeધિસ•વું.] Beating.

ધીસરૂં, *s. n.* [See ધુંસરૂં.] The yoke of a plough. (Used in Gohilwāḍ.)

ઘુંગટ, ઘુંઘટ, *s. m.* [See ઘુમટો.] A veil; a garment worn over the face and head; a cover to conceal the face—worn by women.

ઘુંગટી, *s. f.* A rough woollen garment broad enough to cover the head.

ઘુંજ•વું, *s. i.* [S. गुञ्ज hum. Imit.] To hum; to buzz. 2. To hum while moving.

ઘુંટ•ડો, *s. m.* [S. गुटि•का a pill; or, Imit.] A draught of a liquid; a gulp.

Id. ઘુંટડા ગળી જવા To swallow down a bitter pill.2.To eat the humble die;to put up with an insult.ઘુંટડો ઊતારવો To swallow down.

ઘુંટ•ણ, *s. n.* [S. घुण्ट. घण्ट•क, घुण्टि•का, the ankle.] The knee.

Id. ઘુંટણે-ઘુંટણિયે પડવું To kneel.

ઘુંટણિ•યાં, *s. n. pl.* Moving about with the hands and knees—of a child.

ઘુંટ•વું, *v. t.* [S.घुष् to rub;or घूर्ण् to roll.] To rub. 2. To glaze; to polish;to burnish. 3. To form letters of the alphabet. 4. To pulverize.

Id. કોપિસ્તાં ઘુંટવાં To settle one's hand-writing by passing one's hand through the letters in copy-slips. રાગ ઘુંટવો To hum over the tunes of an air in music.દમ ઘુંટવો To draw in and hold one's breath. ઓસડ ઘુંટવું To press and mix the ingredients of a medicine by moving the pestle backward and forward in a mortar.

ઘુંટાં, *s. n. pl.* A confused and involved state; an imbroglio.2. Intricacy.

Id.આંટા ઘુંટા Intricate sums or accounts.

ઘુંટી, *s.f.*[See ઘુંટ•ણ.]The ankle-joint.

ઘુંટી, *s. f.* [S. गुटि•का a pill. See ઘુંટ•ડો.] A medicine consisting of aloes, spices,and borax, given to a new born babe.

ઘુંટી, *s. f.* [See ઘુંટાં, ઘુંટ•વું.] Intricacy; entanglement.

Id. આંટી ઘુંટીના હિસાબ Intricate sums, calculations, or accounts.

ઘુંટો, *s. m.* [Seeઘુંટ•વું.] A tool used in rubbing, pounding, or polishing.

ઘુએડ, Same as **ઘુવડ.**

ઘુઘર-માળ, *s. f.* [See ઘુઘરી, ઘુઘરો, + માળા.] A string of little bells; bells tied round the neck of a bullock.2.A neck-lace of little bells.

ઘુઘરી, *s. f.* [See ઘુઘરો.] A little bell.2. A jingling bell worn on the toes. 3. A rattle. 4. A sort of sweet-meat.

ઘુઘરી•યાળું, *adj.* [See ઘુઘરી + વાળું *fr.* S. वत् having.] Having-bells. 2. Torn (Used ironically).

ઘુઘરો, *s. m.* [S. घर्घर. See ઘુ-ઘુ Imit.] A small jingling bell. 2. A kind of sweet meat. 3. A kind of flax.

Id. ઘુઘરા બાંધવા Lit. To tie jingling bells (to the ankles). 2. To dance wildly with jingling bells tied round the ankles. ઘુઘરા મૂકાવવા To get jingling attached to an ornament. ઘુઘરો બનવું To indulge oneself in one's vagaries. 2. To be delighted.

ઘુ-ઘવ•વું, *v. i.* [See ઘુ-ઘુ Imit.] To roar. 2. To growl.3. To speak loudly in anger.

ઘુઘ-વાટ, ઘુ•ઘ•વાટો, *s.m.*[+ વૃત્તિ state.] A roar. 2.A growl. 3.Speaking loudly in anger.

Id.ઘુઘવાટો કરવોTo speak loudly in anger; to threaten.

ઘુ•ઘુ, *adv.* [Imit.] Roaring. 2. *s. n.* The indistinct sound of a pigeon.

ઘુડારથ, Same as **ગુઢાર્થ.**

ઘુણ, *s. n.* [S.] A particular kind of insect found in timber.

ઘુનો, Same as **ગુનાહ.**

ઘુનો, *s. m.* A ditch. (Used in Kthd.).

ઘુમચો, *s. m.* [See ઘુમજ + चेट् dim.] A company of persons sitting close in a group.

ઘુમજ, ઘુમટ, *s. m.* [P. गुम्बद् a dome. *Cf.* S. गुण्ठ•न wrapping, a wrapper, *fr.* गुण्ठ् to wrap.] A dome; a cupola.

ઘુમટી, *s. f.* A small dome or cupola. 2. The top of a tābūt,generally in the form of a small dome. 3. An umbrella made of leaves.

ધુમટો, *s. m.* A veil. Same as ઘુંઘટ,ઘુંઘટ. Id. ઘુમટો તાણવો-ખેંચવો Lit. To draw a veil over the face-by a woman. Hence, 2. To hide one's face.

ધુમ•ડ•લી, *s. f.* [See ધુમ•વું to whirl round.] A push or pull given to a cradle when the child is in it.

કુંવરને ધુમડલી ઘાલો, ચેલૈયાને હાલો રે હાલો.
—તુલજારામ.

ધુમ•ણી, *s. f.* [See ધુંજ•વું or ધુમ•વું.] Movements of a cradle or a hammock; rocking a child in a cradle or hammock. 2. A lullaby; a soothing song.

હાલો ને વા'લો, ભાઈને ધુમણીએ ઘાલો;
ભાઇ મારો, અટારો, ઘીને ખિચડી ચટાડો.
—ભાષા.

Id. ધુમણી ઘાલવી To rock a child in its cradle.

ધુમં•ડી, *s. f.* [See ધુમ•વું. See ધમં•ડી, ગુમાન.] Pride; arrogance; haughtiness.

વાત એ કરે કદાપિ, ઘેર જઇ ધુમંડીથી—**વલ્લભ.**

ધુમ•ર•ડી, *s. f.* [See ધુમ•વું.] Turning, running, or dancing in circles. 2. Intricate movements. 3. An artifice to elude; subterfage; prevarication; equivocation. 4. Giddiness; a swoon; dizziness; vertigo.

ઘણું નાઠો ધુમરડી દેઈ, ચુકવી ચાલિયો રે;
દુધ રવાની ખોરાક ખાનારી, કંઠે જઈ ઝાલિયો રે.
—દયારામ.

ધુમ•ર•ડી•યો, } **ધુમ•ચ•ડી•યો,** } *s. m.* A mendicant begging from door to door in the dress of a ગોપી (a shepherdess in love with the god Kṛishna.)

ધુમરા•ઈ, } **ધુમરી,** } *s. f.* Rolling the eyes as in intoxication, through pride, arrogance, or haughtiness. 2. Same as **ધુમર•ડી.**

ધુમ•રા•વું, *v. i.* To frown; to snarl; to be gloomy.

ધુમ•વું, *v. i.* [Imit. *fr.* Hem. Des. घुम्मइ =S. घूर्णते it rolls, *fr.* S. घूर्ण् to roll. *Cf.* Hem. Des. गुमइ=S.भ्रमति it wanders.] To resound; to ring. 3. To fill the air with a sound. 2. [See ધુમ, ગુમ.] To be deeply engaged in; to be engrossed with; to enjoy to one's fill. 3. To revolve or simmer in the mind.

ધુમા-ધુમ, } **ધુમા-ધુમી,** } *s. f.* [See ધુમ•વું.] Wild noise; confusion accompanied with noise. 2. Wild irregular movements.

પેલી વાદળીઓએ ધુમાધુમી માંડી રે;
હવે વરસાદ આવશે માડી રે. —**નવલરામ.**

ધુમા•વ•વું, *v. t.* [Causal of ધુમ•વું.] To turn in a circle. 2. To revolve in the mind; to be deeply engaged in; to be engrossed with. 3. To equivocate in answering a question.

ધુમૈ•ડ•વું, } **ધુમ•ચ•ડ•વું,** } *v. t.* [See ધુમ•ર•ડી, ધુમ•વું.] To turn or dance in circles. 2. To stir; to agitate.

ધુર•ક•વું, *v. i.* [Imit.] To growl; to snarl. 2. To frown.

ધુર•કા•વ•વું, *v.* To threaten; to frighten.

ધુર•કિ•યાં, *s. n. pl.* Growling; a growl. 2. Frightening; threats.

ધુલર, } **ધુલરૂં,** } *s.* [See ઝાલર, ઝુલ•વું.] The pulp or pith of a lotus flower. 2. An ornament worn by women on the ears, generally consisting of pendant gold berries surmounted by a few small jewels.

વળી ધ્રુધરીયાળું ધુલરૂં, ને કરડે તીને દંત.
—**ભાલણ.**

ધુવડ, *s. n.* [Hem. Des. घुओ = S. उलूक an owl, *fr.* S. घूत hooting; Imit.] An owl.

ધુસણિ•યો, *s. m.* [See ધુસ•વું.] An intruder; an uninvited guest.

ધુસ•વું, *v. i.* [S. घृष् to rub.] To enter forcibly; to rush; to pierce in; to push in. 2. To enter uninvited, unprivileged, or unwarranted.

Id. ધુસી જવું To enter uninvited, &c.

ધુસિ•યું, *s. n.* [See ધ્રુસ.] A rat-trap.

ધુસિ•યું-મધ, *s. n.* [See ધુસ•વું + મધ.] Honey made by bees in the hollows of trees.

ધુસ્સો, Same as **ગુસ્સો.**

ધુસ્સો, *s. m.* [See ધુસ•વું.] The box; the clenched fist; a thrust with the clenched fist.

ઘૂંટ, *s. m.* [Imit. See ઘુટ-ડો.] Same as ઘુંટ-ડો. 2. The throat.

Prov. ઘડીયે ઘૂંટ ભરાય છે The present is the most important time: The present is the time for work.

ઘૂ-ઘૂ, Same as ઘુ-ઘુ A roaring sound.

એમ બોલી શંખ વાય, પારાવાર પ્રલય શું;
ઘૂઘૂ કરે જાણે, નાશવા સૃષ્ટિ જરે જર.—**વલ્લભ.**

ઘૂડ, Same as ઘુવડ.

ઘૂમ, *adv.* [P. गुम lost.] Absorbed in 2. Intoxicated.

ઘૂસ, *s. m.* A rat; a bandicote rat.

ઘૃ-ત, *s. n.* [S. *fr.* घृ to make oily.] Clarified butter; ghee.

ઘેં-ઘ-ટ. *s. f.* [Imit. S. झञ्झा wind accompanied with rain.] The state of the sky when it is overspread with clouds saturated with rain.

ઘેંઘ-ટ, *adj.* [See ગેન, ઘેન.] Intoxicated; drowsy; dull.

ઘેંસ, *s. f.* A preparation of juwār-flour with whey.

Prov. આવડે નહીં ઘેંસ, અને રાંધવાં પેસ A little pot is soon hot: Little pitchers have great ears.

ઘેટી, *s. f.* [See ઘેટું.] A female of sheep.

ઘેટું, *s. n.* A sheep; a lamb.

ઘેટો, *s. m.* A male of sheep.

ઘેડ, *s. f.* Same as ઘડી A fold, a plait—of cloth or a garment.

ઘેડ, *s. f.* [See ઘડો.] A small water-pot.

શું ઘડો કે ઘેડ ઉતરશે ? ચાક ઉપર હજી પેડો છે.
—**સામળભટ.**

ઘેન, *s. n.* [P. गन intoxication.] Drowsiness; sleepiness; a wink of sleep. 2. Lethargy. 3. Trance.

ઘેબર, } **ઘેભર,** } *s. m.* [S. घृत-वार *fr.* घृत butter.] A kind of sweetmeat.

ઘેબરિ-યું, *adj.* Delicious.

આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ;
ઉની ઉની રોટલી, ને કારેલાનું શાક.—**ભાષા.**

ઘેર, *s. m. f.* [S. ग्रह् to take.] The circumference; the periphery; an orb; a circle. 2. A halo. 3. The flaps of a garment.

Id. અંગરખાનો ઘેર The circumference of an Angarakhā (a long robe).

ઘેર, *adv.* [See ઘર.] In the house. 2. Towards the house.

Id. See under ઘર. બાજરીને ઘેર ઊઠી ગયું છે Bājar̄ is very dear. (દીવો) ઘેર કરવો To put out (of a lamp). ઘેર કાંટા પડવા To be deserted (of a house.) 2. To be childless. ઘેર ગોળી બેસવી To suffer a loss. ઘેર જવું Lit. To go home. 2. To disappear. 3. To be put out (of a lamp). ઘેર મૂકવું To leave behind at home 2. To be without; to be unaccompanied by.

ઘેર-ણ, *s. f.* [See ઘેર-વું.] Being under the influence of sound sleep. 2. Sound sleep. 3. Unconsciousness caused by sound sleep.

Id. ઘેરણ-ગોળી A pill to put a child to sleep, generally called બાળ-ગોળી.

જિમ કાયા ગાઢ ઘેરણ કરશે. —**લાલદાસ.**

ઘેર-ણું, *s. n.* Act of encircling or besieging. 2. A siege.

ઘેર-દાર, *adj.* [See ઘેર flaps + P. દાર having.] Having a large circumference or flaps; having long flaps or skirts. 2. Loose; flowing; flapping.

ઘેર-વું, *v. t.* [S. ग्रह् to take.] To encompass; to environ; to surround; to beset; to hem in. 2. To involve in difficulties and embarrassments. 3. To cover. 4. To block the way of; to stop from advancing or moving about.

Id. ઘેરી લેવું To encircle completely; to cut off from communication with the outside words. ઘેરી બેસવું To lay siege to; to lay a long siege to. ઘેરીને ગોળાનો મારો ચલાવવો To lay into and bombard.

ઘેરાવ, } **ઘેરાવો** } *s. m.* Circumference; an orb. 2. The flaps of a garment.

ઘેરા-વું, *v. i.* To be surrounded; to be encompassed, beset, or hemmed in.

ઉંઘે ઘેરાણા રે ડોલો, મોહન બોલાવ્યા નવ બોલો.
—**દયારામ.**

Id. આપણો જીવ ઘેરાએલો નહિ We do not know each other well enough.

ઘેરી, *s. f.* [See ઘેર circumference.] A circular border of short hair on the head.

ઘેરૂં, *adj.* [P. गहेरा = S. गभीर deep.]Deeply coloured; having a deep colour.2. [Also See ઘેર•વું to surround.] Engrossed with; deeply engaged in.

ઘેરૂં, *s. n.* [See ગેરૂ.] The owder of a worm-eaten piece of wood.

ઘેરે-ઘેર, } **ઘેર-ઘેર,** } [See ઘેર at home.] In every house.

Prov. ઘેર ઘેર માટીના ચુલા Everyman has his defects.

ઘેરો, *s. m.* [See ઘેરાવ.] Circumference; girth; measure around;encompassing; the environments. 2. A seige.

Id. ઘેરો ઘાલવો-નાખવો To besiege. ઘેરો છોડાવવો-ઉઠાવવો To raise a siege..ઘેરો ઉઠાડવો-ઉઠાડી મૂકવો To cause to raise a siege.

ઘેલ-ચંદ્ર, *s. n.* [See ઘેલું + ચંદ્ર.] A person whose madness increases and decreases with the waxing and waning of the moon; a lunatic.

ઘેલ-છા, *s. f.* [+ છાયા shade.] Madness; folly; craze.

Id. ઘેલછા કરવી-કાઢવી To do mad acts.

ઘેલ•ડી, *s. f.* A foolish woman (said in endearment).

ઘેલ-સફ્રકું, *adj.* [+ S. शष्प grass. See સફ્રકું.] Mad; stupid.

ઘેલા•ઈ, *s. f.* Madness; foolishness;stupidity. 2. Insanity.

ઘેલું, *adj.* [Hem. Des. घल्लो=अनुरक्त pleased with. loving;*fr.* S. गृहि•त taken possession of *fr.*ग्रह to take.*Cf.*ગેલ pleasing tricks.]Mad; foolish; stupid. 2. Distracted; enraged; furious. 3. Insane.

Id. ઘેલાં કાઢવાં To act like a fool. 2. To feign madness. 3. To mock; to mimick.

ઘેલાં કાઢયાની તમને ટેવ, પાનીડાં કેમ ભરીએ.

—**દયારામ.**

શું તને ઘેલું લાગ્યું છે ? Have you gone mad ? તે એકાદને ઘેલો કરશે He will drive anyone mad. 2. He is very cunning.

Prov. ઘેલા સાથે ઘેલું થવું In Rome you should be a Roman. ઘેલીનાં ઘેરઘેર સાસરાં A fool is at home wherever he happens to go.ઘેલીનો ગવાળોA collection of nick-nacks. ઘેલી સાસરે ન જાય, ને ડાહીને શીખામણ દે Example is better than precept : It is easier to advise than to do.

ઘેંક•વું, Same as **ઘેંચ•વું.**

ઘેંકો, *s. m.* A shooting pain; aching; sharp pain;smart pain.2.Pricking;piercing.

ઘેંગાટ, } **ઘેંઘાટ,** } *s. m.* [Imit. + વૃત્તિ.] Noise; clamour;disturbance;bawling;wild uproar or outcry; bellowing. 2. Noising abroad; making notorious.

ઘેંચ•વું, *v. t.* [See ઘુસ•વું. *Cf.* ભોંકુ•વું.] To poke. 2. To pierce;to prick; to thrust into.

ઘેંટ•વું, *v. i.* [Imit.Or, See ઘુંટ•વું to roll; શ્વાસ (breath)being understood.]To snore; to make the sound ઘેંઘેં in sleep (used in contempt). 2. To sleep soundly.

ઘેંટા•ળો, [See ઘુંટ•વું.] Same as **ગોટા•ળો.**

ઘો, *s. f.* [S. गोधा] An iguana.

ઘોક•વું, *v. t.* Same a **ઘેંક•વું.** 2. To box.

ઘોકો, Same as **ઘેંકો.**

ઘોગર, } **ઘોઘર,** } *s. m.* An imaginary monstrous being with which children are frightened into sleep. 2. A terrible cat.

ઘોગર, } **ઘોઘર-રાણો,** } *s. m.* [+ રાણો.]The same as **ઘોગર.**

ઘો•ઘળો, *s.m.*[Guj. ઘો Imit.+ ગળુ throat *Cf.* Eng. Gurgle *fr.* Gurgula the throat.] The throat.

ઘોઘારી, *adj.* Pertaining to ઘોઘા (Gogo).

ઘો-ઘો, *adj.* [Imit.] Foolish; stupid. 2. *s. m.* A word uttered by boys who hide themselves in the game of "Hide and seek."

ઘોઘો-રાણો, See **ઘોગર.**

ઘોચ•વું, Same as **ઘેંચ•વું.**

Id. ઘોચી ઘાલવું To put into prison; to imprison.

ઘોટ, *s. m.* [See ઘુંટ•ડો.] A mouthful of water or any other liquid; a gulp.

ઘોડ-ગાંઠ, *s. f.* [See ઘોડું + ગાંઠ.] (In

chess) The position of the knights when they defend each other. 2. A particular kind of knot.

ઘોડ-દોડ, *s. f.* [+ દોડ-વું.] A horse-race. 2. A race-course.

ઘોડ-મહાત, *s. f.* [+ મહાત.] (In chess) Checkmate by a knight.

ઘોડ-મુખું, *adj.* [+ મુખ.] Having the face like that of a horse.

ઘોડ-લી, Same as **ઘોડી.** (Used in endearment.)

ઘોડ-વેલ, *s. f.* [+ વેલ, વહેલ, a carriage *fr.* S. वह् વહે-વું, to carry.] A horse cart.

ઘોડા-ગાંઠ, Same as **ઘોડ-ગાંઠ.**

ઘોડા-ગાડી, *s. f.* [+ ગાડી.] A horse-carriage.

ઘોડાર, *s. f.* [See ઘોડું + S. अगार a house.] A stable for horses.

ઘોડા-વછ, } *s. f.* An aromatic herb.
ઘોડા-વજ, }

ઘોડા-વાળો, *s. m.* [See ઘોડું + S. वत्, વાળું, having.] A groom; a horse-keeper.

ઘોડિ-યું, *s. n.* A cradle; a hammock.

Id. ઘોડિયામાંથી ઝડપાવું To make an offer of a daughter in marriage, while the bridegroom is in his cradle.

ઘોડી, *s. f.* A mare. 2. The bridge of a સારંગી (lyre). 3. A board-stand. 4. a woman of a girlish manner (used in contempt). 5. A knight (in chess). 6. A frame to support; crutches. 7. The loop or cord, from which offending school-boys are suspended by their hands.

Id. ઘોડીએ ચઢવું To be under the influence of an intoxicant drug. કાળી ઘોડીએ ચઢવું To be under the influence of opium. ઘોડી કુદાવવી To limp; to walk lame. ઘોડી પલાણવી To train a mare. 2. To have sexual intercourse with a woman (slang).

Prov. ઘોડી છુટી, કે ઘોડો છુટયો (કોણ જાણે, શું થશે) Nobody can say what may happen the next moment: Whatever may happen the object will be lost. ઘોડી, ઘર આપણાં You should not expect at home the same delicacies that you are treated to at your friend's house as a guest.

ઘોડું, *s. n.* [See ઘોડો.] A horse without distuction of sex. 2. A bad or poor horse.

Prov. કાણું ઘોડું, ને કરડકણું Poor and proud: A little pot is soon hot. ઘોડું ઘોડાના રૂપને દોડે One can work only in proportion to one's strength. ઘોડું કે ગધેડું વગર વાપરે બગડે Disuse brings on wreck and ruin: A used key is always bright.

ઘોડે-સ્વાર, *s. m.* [+ અસ્વાર.] A rider; a horseman; a trooper; a mounted soldier.

ઘોડો, *s. m.* [S. घोट-क.] A horse. 2. The knight (in chess). 3. A hobby; the stick on which children ride. 4. A big giddy boy. 5. A stick stuck into a wall to put clothes on. 6. A stand with steps on both sides. 7. A ladder. 8. The cock of a gun.

Id. ઘોડા જેવો Very strong and healthy. ઘોડે ચઢવું To mount a horse. 2. To be puffed up; to be elated. ઘોડે બેસવું, ઘોડો પલાણવો To sit on or ride a horse. ઘોડો પલાણવો To train a horse. ઘોડે પલાણ માંડવું To place a saddle on a horse. (બંદુકનો) ઘોડો ચઢાવવો To cock a gun. (બંદુકનો) ઘોડો પાડવો To drop the cock of a gun. 2. To discharge or fire a gun. ઘોડે બેસીને આવવું, ચઢે ઘોડે આવવું To come in haste. 2. To be urgent in demanding; to make an urgent demand. ઘોડ ઉપર ઘોડા વધવા To increase by Compound Interest. મારા ઘોડા પોંચતા નથી My legs refuse to carry me farther. 2. I am exhausted. ઘોડાના ગાઉ A very long distance. ઘોડાની ચાલે Quickly. ઘોડો ગઢવો To deliberate in secret. ઘોડો ચડાવવો To weigh less than the proper weight (said of a false balance).

Prov. ઘોડે ચઢે, તે પડે Every tide has its ebb. (જેટલા) ઘોડા, એટલા અસવાર In proportion to each other: As many as wanted.

ઘોઢ-લો, *s.m.* [See ગોધો+લો dim.] A bull.

ઘોણ, *s. m.* [See ઘણ.] A large and heavy hammer.

ઘોળિ઼ુ-યું, *s. n.* [See ઘણ-ઘણ.] A drum.

ઘોળિ઼ુ-યો, *s. m.* A large round copper-pot (Used in Kthd.).

ઘો-તું, Same as ગો-તું Food placed before female cattle while milking.

વાળી હાતું ઘેર, ને ઘોતું માંડયું ગજવું,
હીલું નીરૂં છું, પણ તે ન સુંઘે. —**દયારામ.**

ઘોધા॰વ॰વું, Same as ગોદા॰વ॰વું. (Used in Kṭhd.).

ઘોબો, ઘોલો, } *s. m.* [See ગાબો.] A deep indentation. 2. A hollow made in a metal-pot by its being thrown violently on the ground, or by its being struck with any harder thing.

Id. ઘોબો પડવો To have a hollow (of a metal-pot, &c.). ઘોબો પાડવો To make a hollow in a metal-pot, *&c.* ઘોબો ઉપાડવો To set a metal-pot right by raising the part pressed and bringing it back to its proper shape.

ઘો॰યું, *s. n.* [See ઘા.] A wound.

ઘોર, *s. m.* [S. घोष *fr.* घुष् to proclaim.] The bass of a musical instrument. 2. Loud howling.

Id. ઘોર અવાજ A loud, deep, and hoarse sound.

ઘોર, *adj.* [S.] Frightful; horrible; terrific. 2. Furious. 3. Monstrous; prodigious.

Id. ઘોર નિદ્રા Deep and sound sleep. ઘોર અંધારૂં Dreadful darkness.

Prov. ચાર દહાડાનું ચાંદરણું, ને ઘોર અંધારી રાત A short-lived pleasure is followed by a life-long misery.

ઘોર, *s. f.* [See ગોહોર.] A grave.

Id. ઘોર ખોદવી To dig a grave. 2. To appoint or settle a marriage for a daughter (a remnant of the custom of female infanticide). ઘોર ચણવી To build a gave. 2. To dig a grave.

ઘોર॰ણુ, *s. n.* [See ઘોર॰વું.] Snoring; snore.

ઘોર॰તર, *adj.* [See ઘોર frightful + S. तर suffix of the comparative degree.] More terrible. 2. Very terrible.

ઘોરતર પરિતાપ પામી, અહો સ્વામી શણ.
—**રત્નેશ્વર.**

ઘોરં-ભા॰વું. *v. i.* [See ઘોર frightful + ભાવ.] Same as ગોરં-ભા॰વું. 2. To be terribly black.

ઘોર॰વું, *v. i.* [Imit. Or, See ઘોર bass.] To snore. 2. To sleep soundly (used in contempt).

ઘોરા-ઘોર, *s. f.* [See ઘોર bass; or, See ઘોળ॰વું.] A loud noise accompanied by running about; hurry and confusion.

ઘોલ, *adj.* Weak (Used in Jhālāwāḍ).

ઘોલો, *s. m.* [See ગોલો.] An intruder.

ઘોલ્લો, *s. m.* [See ઘોડિ॰યું + લો dim.] A kind of cradle for babes.

ઘોળ, *s. m.* [See ઘોળ॰વું.] Botheration; busy-bustling; hurry-skurry; animated, vivid, wild, or tumultuous action.

Id. ઘોળ ઘાલવો To make a confusion and tumult.

ઘોળ॰વું, *v. t.* [Dh. Des. घोलियं revolving, rolling; Hem. Des. घोलइ = S. घूर्णते it rolls *fr.* S. घूर्ण to roll.] To shake about; to agitate briskly. 2. To smooth. 3. To mix. 4. To squeeze with the fingers. 5. To dissolve. 6. To ponder on; to think upon.

Id. ઘોળીને પીઈ જવું To care very little about.

ઘોળા-ઘોળ, *s. f.* Revolving in the mind. 2. Uncertainty; suspense; hesitation.

ઘોળા॰વું, *v. i.* [Passive of ઘોળ॰વું.] To be shaken about; to be agitated. 2. To be delayed; to wait; to lounge.

Id. ઘોળાયાં કરવું To dwell long and frequently in the mind.

ઘોળ્યું, *interj.* Never mind; let it be; let it alone.

ઘ્ન, *adj.* [S. *fr.* हन् to kill.] That kills or destroys; a suffix denoting "a killer." (Used the end of a compound, *e. g.*, **કૃત-ઘ્ન.**)

ઘ્રાણ, *s. n.* [S. *fr.* घ्रा to smell.] The nose. 2. The sense of smell.

ઘ્રાણેન્દ્રિય, *s. f.* [See ઘ્રાણ + **ઇન્દ્રિય.**] The organ of smell.

ङ, The sixteenth letter of the Alphabet, and fifth among the consonants. There is no word beginning with ङ.

ચ.

ચ, The seventeenth letter of the Alphabet, and sixth among the consonants.

ચઇતર, Same as **ચૈત્ર.**

Prov. ચઇતર ચઢયો નહિ, ને વૈશાખ ઉતર્યો નહિ

ચઉદું, Same as **ચૌદું.**

ચઉદ, Same as **ચૌદ.**

ચઉદસ, Same as **ચૌદસ.**

ચક, *s. m.* [P. चिक.] A curtain. 2. A kind of screen made up of bamboo chips, used to keep out the glare of light, mosquitoes,and to prevent strangers from looking into a private apartment.

Id. ચક નાખવો To place or hang a curtain.

ચક-ચક, *adv.* [*Cf.* કચ-કચ.] Chirping.2. Speaking quickly and without thought; lisping (Used in the Bhāl Prānt).

Id. ચકચક કરવું To chirp. 2. To speak quickly and without thoughts; to lisp.

ચક-ચક, *adj.* [Hem. Des. चाचिक्क Imit.= S. मण्डितम् adorned.] Glittering; gleaming. 2. *adv.* Glitteringly.

ચક-ચક•તું,*adj.*Brilliant;shining;glittering; gleaming; glistening;dazzling.

ચક-ચક•વું, *v. i.* To shine; to glitter; to glisten; to gleam.

ચક-ચક•વું, *v. i.* [See કચ-કચ.] To regret or grieve about.2.To fret and be fidgetty. 3. To make the sound *chaka-chaka* (as by a swallow); to chirp.

ચક-ચકા•ટ, *s. m.* [+ વૃત્તિ.] Refulgence; radiance;brilliancy; lustre; gloss.2.Cleanliness.

ચક-ચકિ•ત, *adj.*Brilliant;bright;glossy; lustrous. 2.Clean; tidy; neat; trim; fair.

ચક-ચાર, ચક-ચાળ, *s.f.*[S. चर्, चल्, to move;ચક Redup.] Inquiry; investigation. 2. Habit of questioning and making inquiries.

ચક-ચુંથ, ચકચંધ, *s. f.*[+ ચુંથ•વું,ચુંદ•વું.] Fastidious habits; fastidiousness; over-exactness.

ચક-ચૂર. *adj.* [+ ચૂરો.]Engrossed in; absorbed in.2.Dead drunk 3.Overcome;overtaken;wrapped;rapt. 4. Flushed; flustered. 5. Top-heavy; half-seas over; three sheets in the wind. 6. Voraciously eating.

Id ચકચૂર થવું-બનવું To be engrossed or absorbed in.

જ્ઞાની, વૈરાગી, જોગી, જતી રે, ચાવી કર્યા ચકચૂર.

—દયારામ.

ચક-ડોલ, ચક-ડોળ, *s. m.* [See ચકર + ડોલ•વું, ડોળ•વું.] A swing. 2. Giddiness.

Id. ચકડોળે ચઢવું To be giddy; to be in a state of giddiness. 3. To be intoxicated.4. To lose one's senses. 5. To go beyond the proper limit.6.To be postponed from time to time.

ચકડ્ડી, Same as **ચકર•ડી.**

ચકડડું, Same as **ચકર•ડું.**

ચક-તી, *s. f.* [S.चक्र a wheel.]A flat round piece;a round slice;anything circular,flat, and thin.

ચક•તું,*s.n* A round piece;a round slice.

ચક-તું, *adj.* [See ચક-ચક, ચક-ચક•વું; Or ચેત•વું.]Circumspect;looking sharp;watchful.

ચકદ•વું, *v. t.* [P. चकीदन् to drop.] To crush under foot;to trample upon;to press hard. 2. To harass; to oppress.

ચકંદું, *adj.* [See ચકતું watchful + ખંધું.] Clever; circumspect; watchful.

ચકંદો, Same as **સકંચો.**

ચક-ભિલ્લું, *s. n.* [See ચક + ભીરૂ a companion.] A game for children, generally known as ખોભીલું(Used in the Broach Dst.).

ચક-મક, *s. m. n. f.* [Imit. *Cf.* ચક-ચક•વું. Or, P, चकमाक.] Glitter; a gleam; a flash. 2. A kind of mineral; flint; spar.

Id.તે બંને વચ્ચે ચકમક ઝરીThey quarrelled with each other. ચકમક ઝરવાનો સંભવ A likelihood of high words or a quarrel.

ચક-મંડળ, *s. n.* [See ચકર + S. मण्डल a

circle.] A whirling motion. 2. Intrigues. 3. A body of persons met for light talk.

Id. ચકમંડળે ચઢવું To be involved in intrigues.

ચકમો, *s. m.* A kind of blanket (Used in Kthd.).

ચકર, *s. n.* [S. चक्र a wheel.] A wheel. 2.A circle. 3. A ring. 4. Rotation of the heavens. 5. Giddiness.

Id. ચકર આવવાં To be giddy. ચકર ખાવું -મારવું-લેવું To take a turn; to wheel round.

ચકર-ચકર, *adv.* Round and round; turning in a circle.

Id. ચકરચકર ફરવું To turn round and round.

ચકર·ડી, *s. f.* A circle. 2.A circular motion. 3. A toy for children.

Id. ચકરડી ભમરડી A toy for children. 2. A whirlpool in water. ચકરડી ભમરડી રમાડવી To mislead on various pretexts, and disappoint in the end.

ચકર·ડું, *s. n.* [+ ડું dim.] A small circle. 2.A round and flat thing.3. A turban having a round shape worn by the Deccanese (used in contempt).

Id. ચકરડા જેવો (રૂપિયો) Genuine; real; sterling (of a Rupee as a coin).

ચકરડો, *adj.* Tall and big.

ચકર-વકર, *adv.* [+ વિખેર·વું.] Being out of senses owing to giddiness. 2. Being unconscious.

Id. ચકર·વકર થઈ જવું To be unconscious owing to giddiness.

ચકરા·વો, *s. m.* A long turn; a circumference.

ચકરા-વો, *s. m.* [+ વ્યૂહ.] A peculiar arrangement of troops in circle within circles.

ચકરી, *s. f.* Rotation. 2. Whirling. 3. Giddiness.

Id. ચકરી આવવી-ખાવી To fall down while in a state of giddiness.

ચકરી·દાર, *adj.* [+ દાર having.] Having a circular form.

ચકરૂં, *s. n.* A thick round bread.

ચકલી, *s. f.* [See ચકલો] A hen-sparrow. 2. The cock of a pipe.

Prov. ચકલી કરતાં ફૂદકો મોટો Making a show quite beyond one's power: Out of all proportion; disproportionate.

ચકલી ભટ, *s. m.* [+ ભટ.] A thin poor begging Brahman.

ચકલું, *s. n.* Any little bird.2.Any living being (colloq.)—Used with a negative.

Id. ચકલાં ચુંથવાં To be employed in a trifling business.

ચક·લું, *s. n.* [See ચોક a spare space + લું dim.] A spot where four roads meet. 2. A small market.

Id. ચકલે મૂકવું To expose to public view.

ચકલે·દાર, *s. m.* [See ચકલો a cort-yard + દાર having.] An officer in charge of a street. 2. A police constable. 3. One who guards a street.

ચકલો, *s. m.* [S. चटक.] A cock-sparrow.

ચક·લો, *s. m.* [See ચોક + લો dim.] A square; a court-yard. 2. A hall or stand of a banker; a station.3.A street. 4. A sub-division of a city or town.

ચકવા-ચકવી, *s. n.* [S. चक्रवाक + चक्रवाकी.] The male and female of particular birds. (These birds always go in pairs, and one of a pair cannot beat to be separated from the other). 2. A lover and his lady-love.

ચકવા ચકવી ચતુર નર, નિત પત રહત ઉદાસ;
ખર ઘૂવડ અરૂ અબૂઝ નર, સદા મગન પ્રથીરાજ.
—રાસો.

ચક·વું, *adj.* [See ચકિ·ત.] Watchful; ready. (Used in Kthd.).

ચકએ, **ચકવે,** } *adv.* [S. चक्रे, See चक्र.] In a circle (*of kings*). [This word occurs in such phrases as તેણે એક ચકવે રાજ્ય ચલાવ્યું He ruled alone over a whole circle of kings.]

ચકા, *s. m. pl.* Slips or ships of stalks of grass.

ચકામું, *s. n.* [See ચકમ.] A round sore or scar of the skin.

ચ·કાર, *s. m.* [S. च and+कार suffix showing the sound of the letter ચ (ch). 2. *adv.* Nothing more; nothing at all. (Generally used with verbs meaning બોલવું (to speak).

Id. તે એક ચકાર શબ્દ બોલ્યો નહિ He did not speak even a single word.

ચકિત, *adj*. [S. See ચક-ચકિ·ત.] Dazzled. 2.Confounded.3.Bewitched; wonderstruck. 4. Puzzled. 5. Bewildered;astonished.

ત્યારે તો પેલાં સ્ત્રી સરથાર,
હવાં ચકિત ચિતમાં અપાર. —**દયારામ.**

ચકી, Same as **ચક્કી.**

ચકોતરું, *s n.*
ચકોતરો, *s. m.* } [P.चकोतरः.*Cf.*Lat.*citrus.*] Pompelmoose;shaddock; a citron fruit.

ચકોર, *s. m.* [S.] A kind of bird; the Greek partridge. 2. *adj.* Active; sharp. 3. Attentive; cautious.4. Prompt;alert;brisk. 5. Circumspect.

ચક્કર, *s. n.* [See ચક્ર.] A wheel. 2. A ring; a circle. 3. Circular road. 4. The wheel-rut of a lime-mill. 5. A halo. 6. A puzzle. 7. A trip hither and back;a turn: a round. 8. A trouble. 9. Giddiness.

Id. ચક્કર ફરવું To turn upside down. 2. To suffer alternately the various and contrary states of life.3.To be revolutionized; to undergo a revolution. 4. To be set in motion; to be started; to set a-going. ચક્કર મારી આવવું To take a round.

ચક્કી, *s. f.* A hand-mill.

ચક્ર, *s. n.* [S.] A wheel. 2. A disc (especially applied to the disc in the hands of Visnu);a sharp circular missile weapon. 3. A host; an assemblage. 4. An array of troops. 5. A diagram of various forms.6. A cycle. 7. A sphere; a circle.

ચક્ર-દંડ, *s. m.* [S. *fr.* + दण्ड the arm.] A kind of gymnastic exercise.

ચક્ર-ધારા, *s. f.* [S. + धारा periphery.] The periphery of a wheel.

ચક્ર-પાણિ, *s. m.* [S. *fr.*+पाणि the hand.] The God Visnu, who is represented as holding a wheel in his hand.

ચક્ર-વર્તી, *s. m.* [S. *fr.* + वृत्, to be.] The ruler of a country extending from sea to sea; an absolute king. 2. A king who rules over a circle or a number of lesser kings *Cf.* **ચક્રવે.**

ચક્ર-વાક, *s. m.* [S. + S. वाच्, वाक्, વાચા, a name.] A kind of goose or duck; the ruddy goose.

ચક્ર-વાકી, *s. f.* The female of **ચક્ર-વાક.**

ચક્ર-વાત, *s. m.* [S. *fr.* चक्र a circle + વાત wind.] A whirlwind; a hurricane.

ચક્ર-વૃદ્ધિ, *adj.* [S. *fr.* + वृद्धि increase.] Compound (interest.)

ચવ, *s. f.* [See ચાવ-વું.] Taste; relish; preception by the palate, &c. 2. Flavour; sapidity; pleasingness; agreeableness. 3. Excitement; emulative ardour; an impulse or itching. 4. A measure or standard of estimation obtained from a calculation based upon the number or weight of pearls. 5. Manners; knowledge; ability; power.

ચવ-ડા-વ-વું, *v. t.* To make to eat; to cause to chew.

ચવડ, }
ચવડું, } *adj.* [See ચાવ-વું; ચીવટ; or See ચોવડું.] Tough; hard; strong.

ચવડું, *s. m.* [See ચોડું.] The part of a plough which enters the soil.

ચવ-રા-વ-વું, *v. t.* [Caus. of ચાવ-વું *fr.* S. चर्व् to eat.] To cause to bite or swallow. 2. To feed. 3. To give as a bribe. *Cf.* **ચવ-ડા-વ-વું.**

ચવલા, *s. m. pl.* [See ચાવ-વું.] A kind of insect, which eats away stalks of rice-plants.

ચવ-લી-ઓ, *s. f. pl.* [S. चतुर्थ fourth part.] Two-anna pieces.

ચવલો, *s. m.* [See ચમરી.] A kind of broom attached to a stick, carried by Jain ascetics.

ચવ-વું, *v. t.* [Hem. Des. चवइ = S. कथयति he tells, *fr.* S. कथ to tell.] To narrate; to speak.

શિવ સનકાદિક ઇમ ચવે, વ્યાપ્યો ત્રૈહે લોક.
—ભાલણ.

ચવ્યું ચવે, તે શાનો કવિ ? —વલ્લભ.

ચવ-વેરો, *s. m.* [See ચાવ-વું to eat + વેરો a tax.] A tax levied on land and houses.

ચવ-વું, *v. i.* [S. च्यु to fall.] To experience another birth.

ચ-વળ-વું, *v. i.* [See ચળ-વું + વળ-વું.] To be restless; to be unquiet.

ચ-વળા-ટ, *s. m.* [+ વૃત્તિ.] Restlessness; disquietude.

ચવળો, *s. m.* [See ચાર four(બાજુએ being understood)+વાળ-વું to sweep. Or, See ચવલો, ચમરી.] A brush or broom with a handle carried by Jain ascetics under their arm.

ચવા-ણું, Same as **ચવે-ણું.**

ચવા-વું, *v. i.* [Pass. of ચાવ-વું to munch. Or, Hem. Des. चवेणं=S. वचनीयम् censurable.] To be censured by the public.

ચવા-ણું, }
ચવે-ણું, } *s. n.* Dry eatables. 2. Parched
ચવી-ણું, }
grain.

ચવે-ચા, *s. m. pl.* [See ચાવ-વું.] Making mouths; gestures; mockery.

ચવો, *s. m.* [See ચાવ-વું. *Cf.* ડંખ.] A sore of the foot.

ચવ્વડ, Same as **ચવડ.**

ચશ્મ, *s. f.* [P. = S. चक्षु.] The eye.

ચશ્માં, *s. n. pl.* }
ચશ્મા, *s. m. pl.* } Spectacles; eye glasses.

Id. ચશ્મા આવવા To have weak sight; to be required to wear spectacles. ચશ્માં ઠેકાણે ન હોવાં To have lost one's temper.

ચશ્મા, *s. m. pl.* [P.] A spring of water; a fountain.

ચશ્મી કોર, *s. f.* [+ કોર.] A border (of a garment), in which figures are painted or woven in the form of eyes.

ચશ્મે-ધાબ, *adj.* [+ ધાબું] Stone-blind; perfectly blind.

ચશ્મે-સુલાખ, *adj.* [+ સુલાખ.] Having a defect in the eyes.

ચસ-ક, *s. f.* [See ચસ-કો.] A throbbing pain; a shooting pain.

Id. ચસક આવવી–મારવી–લાગવી To feel a throbbing or shooting pain.

ચસ-ક-વું, *v. i.* [See ખસ-વું.] To move. 2. To be demented.

ચસ-કા-વું, *v. i.* To be moved out of place or dislocated (of a bone).

ચસ-કો, *s. m.* [S. चष् to drink. *Cf.* તૃષ્ણા.] A desire; a craving. 2. Bragging 3. Coquetry 4. [See ચસ-ક.] Pain; a shooting pain; a smarting pain.

ચસ-ચસા•ટ, *adv.* [See ચસ•વું + વૃત્તિ.] Tightly.

ચસમ-પોસી, *s. f.* [See ચશ્મા + પોસ•વું.] Connivance.

ચસમું, *s. n.* *Sing.* of **ચશ્માં.**

ચસ•વું, } *v. i.* [Imit. *Cf.* કસ•વું, ખસ•વું.]
ચસી-જવું, }
To fail; to sink. 2. To be lost; to become almost dead and breathless; to die.

ચહા•વું, Same as **ચાહ•વું.**

ચહુ•દા, *adj.* [See ચાર *fr.* S. four + P. दा a suffix showing "time," here used to show "place"=S. धा suffix showing manner.] In all places, sides, or directions.

ચહુદા અગ્નિ લગાવી દીધ, જાણી રિપુની હાણ.
—**દયારામ.**

ચહુવાણ, *adj.* [See ચાર, ચો, four + આણ, આજ્ઞા, command.] An appellation of one of the noblest and bravest tribes of Rajputs.

ચળ, *adj.* [S. चल *fr.* चल् to walk.] Transitory; fugitive; movable; passing away; not fixed or stationary; in motion. 2. *s. f.* Scratching sensation; itching.

ચળ•ક, *s. f.* [Imit.] Brightness; glitter.

ચળક-ચળક, *adv.* Brightly shining.

ચળક•તું, *adj.* Shining; glittering; gleaming; brilliant; bright.

ચળ•ક•વું, *v. i.* To shine; to glitter; to glisten to gleam.

ચળ•કા•ટ, *s. m.* [+ વૃત્તિ.] Lustre; brilliancy; radiance; splendour; refulgence; brightness; glitter; gleam.

ચળ•કા•રો, *s. m.* [See ચળક + કાર.] Brightness; splendour. 2. A flesh of light.

ચળકી, *s. f.* Same as **ચળકા•ટ.**

ચળ•કી-બંધ, *adj.* [+ S. बन्ध to bind.] New and bright (of coins &c.)

ચળ•ણ, *s. n.* [See ચલ•ણ.] Passing of coins; currency. 3 Practice; conduct. 4. Rule; power; authority. 5. Prevalence. 6. Departing. 7. Habit; custom.

ચળ•ણી, Same as **ચલ•ણી.**

ચળ•વ•ણી, *s. f.* [See ચલા•વ•વું.] Change of place.

ચળ-વળ, *s. f.* [See ચળ-વળ•વું.] Restlessness; unsettled state; disquietude; uneasiness; fidgetiness. 2. Movement; disturbance.

ચળ-વળ•વું, *v. i.* [See ચાલ•વું + વળ•વું.] To be restless; to turn and toss about.

ચળ-વળા•ટ, *s. m.* Same as **ચળ-વળ.**

ચળ•વું, *v. i.* [S. चल् to walk, to wander.] To move away from; to shake. 2. To be infatuated. 3 To swerve from the right path.

Id. વચનથી ચળવું To break one's promise. પાતિવ્રત્યથી ચળવું To swerve from the vow of chastity (of a woman). અકલ ચળવી To go astray (of one's reason). અકલથી ચળવું To lose one's reason. ચળી જવું To transgress the limits of good conduct; politeness, or modesty.

ત્યારે મહાદેવે માધવને કહ્યું રે, ના, ના, હું નહિ ચળું લગાર.
—**દયારામ.**

ચળાઉ, *adj.* [+ વૃત્તિ] Transgressing the limits of good conduct, politeness, or modesty; insolent; imprudent. 2. Foolish; idiotic; mad. (Used in Kthd.).

ચળા•ઈ, Same as **ચળા•મણી.**

ચળાચળ, *adj.* S. चलाचल *fr.* चल् to walk + अ not and चल्] Movable and stationary. 2. Animate and inanimate. See **ચરાચર.**

ચળા•મણ, *s. n.* Same as **ચળા•મણી.** 2. The refuse obtained by sifting corn, flower, &c.

Id. એના કામમાં ચળામણ શું નિકળે? There is nothing that can be rejected in his work: His work is always perfect.

ચળા•મણી, *s. f.* [See ચળા•વ•વું, 2.] The wages for turning tiles on the roof of a house

ચળા•વ•વું, *v. t.* [Caus. of ચળ•વું.] To lead astray; to cause to swerve from the right path.

ચળા•વ-વું, *v. t.* [Caus. of ચાળ•વું.] To have the tiles on a roof turned; to engage (a man) to turn the tiles on the roof of a house.

ચળિ•ત, Same as **ચલિ•ત.**

ચળિ•યેલ, Same as **ચળે•લ.**

ચળિ•યાં, *s. n.* *pl.* [See કળી, *Cf.* કળીના લાડુ. Or, See ચાળ•વું.] Hard piece of the materials of which sweet-balls. (લાડુ) are

made (Used in the Hālār Prānt.)

ચળિ-યાં પુતળિ-યાં, *s. n. pl.* [See ચલિ-યું, ચકલું,a bird+ પુતળું.]The flowers or blossoms of wheat (Used in Kṭhḍ.).

ચળું કરવું, }
ચળું દેવું, } *v. i.* [चलक a cavity or hollow of the hand formed by contracting the fingers;the quantity of water contained in such a cavity + કરવું, દેવું.] To wash the mouth after eating.

જીવન જમીને, રે, ચળું કરો નાથ,
ચંદન ગોરેશું, રે, ધોવરાવું હાથ. —**પ્રેમાનંદ.**

ચળું પાણી, *s.n.* [+ પાણી.] Water used in washing the mouth after eating.

ચળે-લ, }
ચળે-લું, } *adj.* [See ચળિ-ત.] Having an unsound mind; weak-minded. 2. Having a wavering mind. 3. Gone astray. 4. Apostate. 5. Moving or moved from the proper place.

ચાંઈ, *s.f.* [See ચાંદ-લો.] A small mark made with a pigment on the forehead or between the eye-brows.

ચાંઈ, *adv.* [Imit.] Ashamed; abashed.

ચાંઈ, Vulgar form of **ક્યાંઈ,** or **ક્યાંય.**

ચાંક-વું, Same as **ચોંક-વું.**

ચાંખડ,*adv.* [See ચાંચડ.]Poor;wretched. (Used in Jhālāwāḍ.)

ચાંખડા-ઈ,*s. f.* Poverty (in Jhālāwāḍ).

ચાંગળું, *s. n.* [See ચાર four + આંગળી.] The hollow of the palm. 2. The quantity of water, &c. contained in such a hollow. 3. *adj.* A little.

Id. ચપટી ચાંગળું દાણા A snatch or handful of grain. ચાંગળું પાણી પણ પાય એવો નથી He is very miserly. He would give away nothing that he can call his own.

ચાંગી, *adj.* [P. चंगा good.] A species of good horses.

ચાંચ, *s.f.* [S. चञ्चु.] A beak; a bill. 2. The projecting front of a turban.

Id. ચાંચ મારવી To peck at with the bill. 2. To interfere with another person's business. 3. To dip in; to get a superficial knowldege about. ચાંચ બોળવી નહિ-ખુંપવી નહિ To get no access to.2.To get no knowledge of. ચાંચે ચઢવું To be the subject of popular talk. 2. To be the subject of unfavourable comment of the people. ચાંચમાં લેવું To hold firmly in one's power,and to threaten to kill.

નહિ તો ગઢ લંક લૂંટયો, જનો આપ કાલ ખૂટયો;
જબ રામ નામ, કાલ લિયો ચાંચમેં.—**શામળભટ.**

ચાંચડ, }
ચાચણ, } *s. m.* A flea.

Id. ચાંચડની પેઠે ચોળી નાખવું To easily crush and put to death.

ચાંચલ્ય, Same as **ચાગ્ચલ્ય.**

ચાંચ-વો, *s. m.* A pirate.

ચાંચવો, *s. m.* [See ચાંચ + P. वा dim.] A hoe.

ચાંચિ-યો, *s. m.* [See ચાંચ.] An individual of a community who wear long pointed turbans.

ચાંચિ-યો, *s. m.* A pirate.

ચાં-ચું, *s.n.* [Imit.] Any sound; the least sound.

ચાંટી, *s.f.* [S. शाठ्य roguery *fr.* શઠ a rogue.] Foppishness; empty pride, undue elation of mind. (Used in Kṭhḍ.).

ચાંદ, *s. m.* [See ચંદ્ર.] The moon. 2. A medal.

ચાંદરણું, }
ચાંદર-ણું, } *s.n.* Moonlight. 2. A little quantity or time.

Prov. ચાર દિવસનું ચાંદરણું Pleasures have a short life.

ચાંદ-ની, }
ચાંદર-ણી, } *s.f.* [See ચંદની, ચંદર-વો.] Moonshine; the light of the planets. 2.An awning. 3. A star; a planet.

ચાર દિવસની ચાંદની, જતાં નહિ લાગે વાર રે.
—**દયારામ.**

ચાંદ-બીજ, *s.f.* [See ચાંદ + બીજ.] The second day in the bright fortnight of a lunar month; the new-moon day.

ચાંદર-ડાં,*s.n. pl.* The stars and planets.

ચાંદર-ણું, Same as **ચાંદ-ણું.**

ચાંદ-રાત, *s. f.* [See ચાંદ + રાત.] The night, on which the new moon is seen.

ચાંદરૂ, *adj.* [See ચંદ્ર.] Having white spots.

ચાંદ-લિ-યો, *s. m.* The moon (so called out of endearment).

Id. તેમણે ચાંદલિયો ચુંટી લીધો They have secured the best thing of the lot.

ચાંદ-લો, *s. m.* [See ચાંલ્લો.] A round sign made on the forehead. 2. A present of money on a marriage occassion.

Id. ચાંદલે ચહેટવું To be inseparably attached to; to be destined.

દયા પ્રભુને કરવો ઘટે હમારે ચાંદલો,
તે મોકલવાને પ્રાણ કર્યા છે તૈયાર. **—દયારામ.**

ચાંદ-વું, *s. n.* [*Cf.* Derivation of Eng. Lunatic *fr.* L. Luna the moon.]Lunacy. 2. Innocent and merry tricks;pranks.3. *adj.* Lunatic. 4. Tricksy; prankish; frolicsome.

ચાંદા-એ-લું, } **ચાંદા-ય-લું,** } *adj.* [See ચાંદું.] Marked with signs of decomposition; decomposed.

ચાંદ્રા-યણ, Same as **ચાન્દ્રાયણ.**

ચાંદી, *s. f.* Pure silver; silver bullion; silver. 2. Ashes as white as pure silver. 3. Syphilis. 4. *adj.* Pure.

Id. ચાંદી કરવી To reduce to white ashes. 2. To ruin completely.

ચાંદું, *s. n* An ulcer having a round shape. 2. A spot; a stigma. 3. A fault.

Id. ચાંદાં જોવાં-ખોળવાં To make a search for others' faults. 2. To be fault-finding.

ચાંદો, *s. m.* The moon.

કાગ તણાં કુટમની હોય, તે જનનાં ચાંદાં જુવે.
—છોટમ.

ચાંપ-ટ, *s. f.* [See ચાંપ-વું.] A clasp; a fastening. 2. A lock.3.The lock of a gun. 4. The key of a machine. 5.A screw-press. 6. A fish-hook; an angle. 7.An instrument of torture.8.Restraint;control.9. Influence; authority.10. Instigation.

Id. ચાંપ દેવી To fasten with a clasp. 2. To instigate. ચાંપ રાખવી To be careful about; to take care of. ચાંપમાં લેવું-રાખવું To bring under one's control; to keep under one's influence. ચાંપ ચઢાવવી To cock a gun.

ચાંપણ, } **ચાંપણી,** } *s. f.* Squeezing;compression. 2. Instigation. 3. Influence; pressure.

ચાંપણિ-યું, *s. n.* The upper piece of the frame of a door, which presses down upon the two side-pieces.

ચાંપ-ણું, *s.n.* A part of a weaver's loom, which is pressed down. (Generally Used in the plural, as ચાંપણાં.)

ચાંપ-તી, *s. f.* Injunction; warning; strict instruction.

ચાંપ-તું, *adj.* Authoritative. 2. Strict; rigorous. 3. Vigorous.

Id. ચાંપતા ઉપાય Rigorous or drastic measures.

ચાંપલા વેડા, *s.m. pl.* [See ચાંપલું + વેડા, વૃત્તિ.] Punctiliousness; over-nicety.

ચાંપ-લું, *adj.* Punctilious; over-nice; fastidious. 2. Worn away or twisted on one side; away (of shoes). 3. Having the soles of the feet flat so as to wholly touch the ground in walking.

ચાંપ-વું, *v. t.* [P. चस्पीदन् to press, to stick. Or, S. चम्प् to go, to move.]To press; to compress; to squeeze. 2. To knead the limbs; to shampoo. 3. To crush; to tread. 4. To thrust; to cram (of food, &c.). 5. To try the strength of; to sound. 6. To bribe; to give a bribe to. 7. To thrash;to pommel. 8.To feel and press in order to discover the seat of a disease. 9. To feel and grope about.

Id. શરીર-માથું-પગ-ચાંપ૦ To shampoo the body &c. પગે ચાંપવું To trample upon. ચાંપી જોવું To try;to sound. ચાંપીને ચાલવું To walk quickly.ચાંપીને બોલવું To speak so as to bring under control; to speak authoritatively.જામગરી ચાંપવી To light the touch-hole of a gun or musket. 2. To excite (persons)to quarrel. ચાંપીને ખાવું To cram with food; to eat to excess. ચાંપી ઘાલવું-દેવું To push into a corner.બે પૈસા ચાંપવા To give a bribe. ગજવું ચાંપવુંTo feel one's pocket.2.To try to exact money from. ચાંપીને Quickly.

ચાંપી પેહેરે મોજડી, ચાંપી લેવરાવે નખ,
ચાંપી પેહેરે પાઘડી, એ ત્રણે અણસરજ્યાં દખ.
—બાપા.

ચાંપું, *s.n.*[See ચંપો.] The seed of the jack-fruit (ફણસ). 2. A kind of fragrant flower, or the tree bearing it. 3. A pearl in a nosering. 4. A gold or silver head-ornament worn by women.

ચાંલ્લા-વહેવાર, *s.m.* [See ચાંદલો + વહેવાર.] The practice of making and receiving presents on such occasions as marriage-festivities,&c.,in a family.2.Friendship between families; familiarity.

ચાંલ્લો, *s. m.* [See ચાંદ્લો.] A mark made on the forehead.2.A nuptial present.3. A present of money on any festive occasion.

Id. ચાંલ્લો કરવો To make an auspicious mark on the forehead. 2. To make an agreement of marriage. 3. To make a present on an auspicious occasion. 4. To put to a loss (by euphemy). ચાંલ્લો ચોઢવો To declare a sentence either of fine or imprisonment.

ચા, *s.f.* & *m.* [P.] Tea.

Id. ચા પીવી-પીતું હોવું To go wrong (of a clock or watch);*e.g.*, તમારી ઘડીયાળ ચા પીએ છે Your clock or watch goes wrong.

ચા, **ચાહ**, *s. m.* [See ચાહ્વું.] Love;affection. *Cf.* **ચાહના.**

ચાઉસ, *s. m.* [P.] The head of a certain number of soldiers; a jamedār.

ચાક, *s. m.* [Dh. Des. चक्क *fr.* S. चक्र.] A wheel; a potter's wheel; a millstone. 2. An ornament worn in the hair by women. 3. A rotatory motion.

Id. ચાક આપવો-દેવો To give a rotatory motion; to turn round & round.ચાક લેવો To turn round;to rotate. ચાકે ચઢવું To be exposed to ridicule;to be ridiculed. 2. To be revolutionized.3.To be destroyed. 4. To be unsteady,to be transitory;to be perishable. માથું ચાક ચઢ્યું હોય તેમ As if one's head were turning round; being giddy.

Prov. ચાક ઉપર પેડો,ઘડો ઉતરશે કે ગાગર(તેનો દૈવ ઉપર આધાર છે)No one can positively say what the result will be while the causes are yet working.

ચાક, *s. m.* [Eng. *Chalk fr.* Lat. calx.] Chalk.

ચાક, *adv.* [See ચક-ચકિત.] Bright.

Id. ચાક કરવું To brighten; to polish. 2. To arouse;to shake off the dullness of.3.To excite; to put one on one's guard. દીવો ચાક કરવો To make a lamp brighter (by snuffing). ચાક થવું To be made bright. 2.To be aroused.

ચાકટ, **ચાકણુ**, Same as **ચાકળ.**

ચાક-પાક, **ચાક-બાક**, *adj.*[See ચાક bright + પાક, બાક, redup.] Bright. 2. Clever; sharp.

ચા-કર, *s. m.* [P. *fr.* चह् anything *fr.* S. किम्, कः, anything + P. कर्दन् *fr.* S. कृ कर्तुम्, to do. *Cf.* कि-कर.] A servant; a domestic; an attendant; a menial; a slave.

Id. ચાકર નફર *s. m. pl.* Servants and the like; any one of a class of menials (Used in contempt).

Prov. ચાકરને ઘેર ચુકર, ને ચુકરને ઘેર નફર ઘણા Too many cooks spoil the broth.ચાકરને શેઠ ઘણા, ને શેઠને ચાકર ઘણા If a master won't stick to his servants,the servants will find other masters. ચાકર એવા ઠાકર (શેઠ) Like servant, like master. ચાકર તે ચાકર A hireling is a hireling; The work of a hireling cannot be expected to be as good as that of an interested person.

ચા-કર-ડી, *s.f.* A maid-servant;a female servant.

ચાકરિ-યા-ત, *adj.* [See ચાકરી + વૃત્તિ.] Engaged in service.2.Working as a servant

Id. ચાકરિયાત માણસ—આદમી A servant.

ચાકરિ-યું, *s. n.* Lands, &c., given in return for service done to a whole village.

ચા-કરી, *s.f.* [See ચા-કર.] Service; the pay of a servant; duty; employment; attendance; one's proper business or work.

Id. ચાકરી કરવી To serve; to wait upon. માંદા માણસની ચાકરી કરવી To nurse a sick man. ચાકરી મળવી To be employed-ની ચાકરીમાં રહેવું.-ની ચાકરીએ રહેવું To be employed as a servant of. ચાકરીમાં રાખવું To

employ as a servant.કઠણ ચાકરીHard service. ચાકરી-ચોર Avoiding work or one's own duty—of a servant.

Prov. ચાકરી વિના ભાખરી નહિ: ચાકરી કરે, તે ભાખરી પામેNo gains without pains:He that doth not work shall not eat:No sweat, no sweet. ચાકરી સબસે આકરી The position of a servant is very hard.

ચાક·લો, *s. m.* [See ચાક, ચક્ર.] A water-wheel; the Persian wheel.

ચાક·ળ,
ચાક·ળે·ણ, } *s.f.*A kind of snake which, when coiled, appears like a wheel.

ચાક·ળી, *s. f.* A small pot used on auspicious occasions.

ચાક·ળો, *s. m.* [See ચાક·લો.]A circular seat made of leather. 2. A water-wheel. 3. A small water-pot.

ચાકી, *s. f.* A circular and flat piece fixed in the axle of a wheel. 2. A round flattish gourd; a pumpkin.

ચાકુ, *s. m. n.* [See ચપ્પુ.] A penknife.

ચાકું, *s. n.* [See ચક.] Any large thick slice. 2. A thick roundish mass.

ચા-ખડી, *s. f.* [See ચાર+ખડું. Or. P. चेह dim. + S. खट्वा a cot, *Cf.* Mar. खडावा] A wooden shoe; a patten; a clog. (Generally used in the plural.).

ચાખડીઓ પેહેરીને, મંદિરે એમ ચાલો.—**પ્રેમાનંદ.**

ચાખ·ણું, *s. n.* [See ચાખ·વું.] Pickles. (Used in the Surat Dst.).

ચાખ·વું, *v. t.* [S. चष् to drink.]To taste; to relish. 2. To experience. 3. To appreciate. 4.To smack;to try the flavour of.

ચાખ·ળિ·યો,
ચાખ·ળો, } Same as **ચાક·ળો.**

ચાગલું,
ચીગળું, } *adj.* [See ચંગ, Mar. चांगले *fr* P.चंग.ચંગ,good,handsome;or ચાર four+ગળ·વું to filter.]Pretending to be very clean,pure, or holy (Used in Gohilwad). 2. Foolish but striving to be accounted shrewd or knowing [Used in Kthd.). 3. Darling; fondled; indulged (Used in Hālār).

ચાગ,-ચુંગું,*adj.*Idiotic; wanting in common sense (Used in Kthd.).

ચાચર, *s. m.* [S. चत्वर] A square; a court-yard.

ચાચરિ·યાં, *s. n. pl.* The attendants of the guardian deity of a street.

ચાચરું, *s. n.* The forehead (Used in Jhālāwād).

ચાચા, *pl.* of **ચાચો.**

ચાચો, *s. m.* [See કાકો.] An uncle.

ચાઞ્ચલ્ય, *s. n.* [S. *fr.* ચઞ્ચલ, ચંચલ.] Unsteadiness; fickleness; transitoriness.2. Activity. 3. Cleverness.

ચાટ, *s. m.* [S. चाट a cheat *fr.* चट् to pierce, to injure, to kill.Or, S.चाटु sweet.] A cheat who wins confidence and then deceives. 2. A person who is refuted in arguments.3.A person who is put to shame.

Id. ચાટ પાડવો To prove (a person) to be a rogue. તેને ચાટ પાડે છે He makes him feel ridiculous.

ચાટ, *s. f.* A slab of stone with a hole scooped in it, in which is collected the refuse of food for the use of cattle and dogs.

Id. કુતરાની ચાટ A hollow made in a slab of stone, into which is thrown refuse of food for the use of dogs.

ચાટ·કો, Same as **ચટ·કો.**

ચાટ·ણિ·યું, *adj.* [See ચાટ·વું, ચાખ·વું, to lick.] Accustomed to obtain bribes.

ચાટ·ણું, *s. n.* [See ચાટ·વું.] A lambative or linctus. 2. A form of medicine; an electuary or bolus.

ચાટ·લું, *s. n.* [See ચાટ a slab+લું dim.] A mirror; a looking-glass.

ચાટ·લું. *s. n.*[See ચાટ a slab of stone+લું dim] A square nugget of gold or silver.

ચાટ·લો, *s. m.* [See ચાટ·લું.] A rupee (spoken of in contempt or disgust).

ચાટ·વું, *v. t.* [Hem. Des. चट्टइ = S. भुङ्क्ते he eats, *fr.*S. चाटु to stick to cause *fr.*S.चट् to stick; orS. चष् to drink.]To lap;to lick. 2. To take down; to swallow; to get down.

ચાટવો, *s. m.* A wooden ladle; a large spoon made of wood. 2. arwodeo Aon.

ચાડુ, } *s. f.* [S. चाटु sweet + ઉક્તિ.]
ચાટક્તિ, }
Pleasing or agreeable words; flattery.

ચાડુ•ડી, *adj. f.* [S. चाटु sweet talk. Or, See ચાતુર્ય, ચાતુરી, ચતુર.] Loquacious (of a woman). 2. Pretending to be wise (of a woman.)

ચાડુ•ડી, *s. f.* [See ચાટુ or ચાટ•વું.] An instrument of silver or of other metal having the form of a ladle, about a finger in length, used in removing wax or matter from the ear.

ચાડુ•ડો, *adj. m.* [See ચાટુ•ડી.] Loquacious (of a man).2. Pretending to be wise (of a man).

ચાટો, *s. m.* Same as **ચાટ•ણું.**

ચાઠું, *s. n.* [See ચામ•ડું.] The mark of a sore or boil on the skin; a scar. 2. An open ulcer.

ચાડ, *s. f.* [See ચાટ•વું to lick; or ચાટુ pleasing words.] Anxiety; care; heed.

ચાડ-ખું, *s. n.* [+ રખુ, રાખ•વું.] A body of watchmen in a village.

ચાડ-સરી, }
ચાડ-સોરી, } *s. f.* [+ સળી a stick.] A
ચાડ-હરી, }
peg driven in the ground to hold a tent, &c, firm & erect (Used in Kthd.).

ચાડિ•યું, *adj.* [*Cf.* Har. चहाड a tell-tale *fr.* S.चाटु sweet-speaking. See ચાહ•વું, ચહા•વું + ટ, ડ, dim. See ચાડી or ચાવ•વું+ટ, ડ, dim.] Addicted to slandering other persons; slandering; tale-bearing; calumniating.

ચાડિ•યે•ણ, *Fem.* of ચાડિ•યો.

ચાડિ•યો, *s. m.* [See ચાડી.] A slanderer; a backbiter; a calumniator; a tell-tale; a tale-bearer. 2. A thin fleshless person. 3. An ugly representation of a notorious wicked person, exposed in a village at a prominent place a Guy Fawkes.4.An image of a a person held up to public ridicule.5. A scare-crow placed in a field to frighten away birds, beasts,&c., that would eat up the crop.

ચાડી, *s. f.* [Hem. Des. चाडो = S. माया•वी deceitful. *fr.* S. चाटु sweet.] Calumny; evil report; defamation; slander; tale-bearing; backbiting.

Id. ચાડી ખાવી-કરવીTo backbite;to revile the absent. ચાડી•ચુગલી Malicious babbling of another's misdeeds or foibles;inventing and telling tales of another's misdeeds or foibles.

ચાડી-ખોર, *adj.* [See ચાડી + P. ख़ोर् fond of *fr.* खुर्दन् to eat.] Same as **ચાડિ•યો.**

ચાડું, *s. n.* [See ડાચું the mouth (spoken of in contempt)by transposition of letters.] The mouth; the face (spoken of in contempt) 2. The cavity or hollow at the end of a spoon.3.A saucer-shaped vessel forming a part of a lamp-stand; a lamp-stand.

ચાણકય, } *s. n.* [S. चाणक्य name of a
ચાણાખ્ય, }
clever statesman.] A work on politics.

ચાણ્ડાળ, Same as **ચણ્ડાળ, ચંડાળ.**

ચાણ્ડાળ•ણી, } Same as **ચણ્ડાળ-ણ,**
ચાણ્ડાળે•ણ, }
ચંડાળ•ણ.

ચાતક, *s. n.* [S.] A bird supposed to drink water only from the clouds.

ચાતર•મ, *s. n.* [S. चातुर्यम्. See **ચાતુર્ય.**] Arbitration; investigation of a matter in dispute by an assembly of arbitrators. 2. The judgment or decision of a matter by arbitrators. (Used in the Surat Dst.).

ચાતર•વું, *v. t.* [S. चर् to walk.] To move away; to slink or sneak away; to stir.2.To depart; to deviate from. 3. To brag.

આગળ થઈ એક આવિયું, અતી ફળ ત્યાં અપાર રે,
ચાખે તો ડગ કેમ ચાતરે, એવો માયા-રૂપ રસાળ રે.
—**ભોજોભગત.**

ચાતરી, *s. f.* The axle of a spinning wheel.

ચાતુર, Same as **ચતુર** Clever.

ચાતુર-માસ, *s.n.* [S. चातुर्मास्य *fr.* चतुर् four + मास a month.]A period of four months. 2.The rainy season;July to October.

ચાતુરી, *s. f.* [S. चातुर्य *fr.* चतुर clever.] Ingenuity; cleverness; shrewdness; sagacity; intelligence.

ચાતુર્ય, *s. n.* Sansk. form of **ચાતુરી.**

ચાતુર્વેદી, *adj.* [S. *fr.* चतुर four + वेद the Vedas, See વેદ.] Studying or learned in the four Vedas.

ચાદર, *s. f.* [P. चद्दर *fr.*S.छद् to cover.] A sheet for a bed.2.A blanket;a sheet of cloth.

Id. ચાદર ઓઢાઢવી-નાખવી Lit. To place a sheet on or over (a person).2. To perform a ceremony by placing a sheet of cloth or a robe of office over a person-particularly the ceremony of investing a pupil of a holy man or priest with the robe of his spiritual preceptor, and appointing the pupil as heir to the preceptorship. 3. To invest with an office.4.To make a recluse of. 5. (Ironical) To divest one of all one's worldly belongings; to impoverish; to ruin. ચાદર ઓઢવી To become insolvent. ચાદરમાં પાંચશેરી ઘાલી મારવું To beat in such a way that other people may not know of it.

ચાદર-પાટ, *s. m.* [See ચાદર+S. पट cloth.] Cloth broad enough to be useful as a sheet for a bed.

ચા-દાની, *s. f.* [See ચા +P. દાની holding] A kettle for boiling tea.

ચાનક, *s. f*, [See ચાહક; or ચિત, ચૈતન્ય, ચાહે•ના.]Care;salutory advice; admonition; warning.

ચાન•કી, *s. f.* [See ચાંદ + કી dim.] A small baked cake.

ચાન•કું, *s. n.* A small **ચાન•કી** 2. A little boy.

ચાન્દ્રાયણ, *s. n.* [S. *fr.* चन्द्र the moon + अयन motion.] An expiatory observance regulated by the moon's waxing and waning. In this observance the quantity of food taken on the day of full-moon is sixteen mouthfuls, and is reduced by one mouthful every following day during the waning of the moon, until on the day of new-moon no food is taken; it is then increased by one mouthful every following day during the waxing of the moon, until it reaches sixteen mouthfuls on the day of full-moon.

ચાપ, *s. n.* [S.] A bow; an instrument for shooting arrows.

ચાપ, *s. f.* Corruption of **ચાંપ.**

ચાપકો, } Same as **ચાબક.**
ચાપખો, }

ચાપટ, Same as **ચપટ.**

ચાપટિ•યું, *s. n.* [See ચપટ, ચપટું.] A flat kind of diamond, generally of a yellowish colour.

ચાપા-ચિપ, *s. f.* [See ચાંપ•વું.] Making up with minute care;a nice arrangement; fastidiousness. 2. The habit of delaying; procrastination.3.Botheration; tediousness.

ચાપા-ચિપિ•યું, *adj.* Nice or careful in arranging; fastidious.2.Causing delay. 3. Tedious.

ચાપ•ડો, *s. m.* [See ચાંપ•વું.] A clasp.

ચાપ-લુસી, *s. f.* [See ચાંપ•વું + લુછ•વું, લોહ•વું.] Flattery; fawning.

ચાપુ, *s. m.* & *n.* [See ચપ્પુ, કાપ•વું.] A knife; a penknife.

ચાબક, }
ચાબુક, } *s. f.* [P. चाबुक.] A whip; a horse-whip.
ચાબુખ, }

ચાબખો, *s. m.* A mild correction.2.An instructive poem.

ચાબુક-સ્વાર, *s. m.* [+ અસ્વાર; સ્વાર.] A rider; a jockey; a skilful rider.2.A horse-breaker.

ચામ, *s. n.* [S. चर्म.] Leather. (Used in poetry.)

ચામ-ખેડું, *s. n.* [See ચામ•ડું skin + ખેડ•વું to plough.]A magician's bag or wand.

ચામ-ચિડિ•યું, } *s. n.* [See ચામ, ચામડી,
ચામા-ચડિ-યું, }
+ ચિડિ•યું a bird.]The leather-winged bat.

ચામ-ચોરી, *s. f.* [See ચામ•ડી + ચોરી theft.]Adultery;illicit intercourse between persons of different sexes.

ચામ-જૂ, *s. f.* [+ જૂ.] A louse which sticks to the skin.

Prov. તે મને ચામજૂની પેઠે વળગ્યો છે He does not cease to trouble me; *i. e.*, He follows me wherever I go.

ચામ•ઠી, *adj. f.* Fault-finding(a woman).

ચામ·ડું, *s.n.* [Seeચામ·ડી.] Same as **ચાડું.**

ચામ·ડિ·યો, *s. m.* One who takes off the skin of dead animals.

Prov. ચામડિયા, ગંધ ગઈ કે સહી ? A tanner must put up with bad smells;*i. e.*,A workman must put up with the inconveniences and discomforts of his work.

ચામ·ડી, *s. f.* [Dh. Des. चम्म *fr.* S. चर्म.] The skin. 2. Hide; leather. 3. The bark of a tree or of a fruit.

Id. ચામડી જવી To lose one's skin (by disease). 2. To be punished severely. ચામડી આવે છે New skin forms. ચામડી ઉતરડી નાખવી Lit. To take off the skin. Hence, 2. To flay. 3. To lash; to whip. 4. To punish severely.—ની ચામડી ચુંથવી To expose the wicked deeds of. See N. B. under **ચામ·ડું.**

ચામ·ડું, *s. n.* The skin. 2. Hide.2. Leather.

Id. ચામડું તોડી નાંખવુંTo beat severely;to beat to death.ચામડું ચુંથવુંTo thrash the husk. 2. To take useless trouble. 3. To commit adultery. ચામડું ચુંથાવું To be exposed to the tender mercy of wind, air, heat, beasts, and birds(of a dead body) ચામડું ખરાબ થવુંTo be beaten or thrashed. ચામડાનું તાળું A respectable elderly woman, who is able to take care of the affairs of the family and exercises a check over the younger members. ચામડાનું નાણું A government currency-note or loan-bond. ચામડાની નોટ વટાવવી To take money for giving away a daughter in marriage. ચામડાની નોટ ચલાવવી, ચામડાનું ગાજ ચલાવવુંTo commit adultery for money(said of a woman). ચામડાની જીભ છે The tongue can easily roll about in talking, *i. e.*, The tongue is liable to speak a lie.

N. B.—ચામડી is thin and delicate; and ચામડું is thick and rough.

ચામર, *s. m. & f.* [S. *fr.* चमरी a kind of cow.] A fly-driver. 2. A kind of metre or poetical composition, the letters in which can be written in the form of a ચામર (a fly-driver).

ચામ-રસ, *s. m.* [See ચામ·ડી + રસ.] Carnal pleasure; sexual enjoyment.

Prov. આમરસ ને ચામરસ (બે સરખા) Mango juice and carnal pleasure are equally enticing.

ચામા-ચિડિ·યું, Same as **ચામ-ચિમડિ·યું.**

ચામા-ચોણુ, *s. f.* A large kind of mouse. 2. Same as **ચામા-ચિડિ·યું,**

ચામુણ્ડા, *s. f.* [S. चामुण्डा Name of the goddess who killed the monsters शुम्भ and निशुम्भ.] Name of a goddess. 2. A woman in her angry mood.

ચામોદિ·યું. *adj.* [See ચામોદી.] Coquettish. 2. Prankish.

ચામોદી, *s. f.* [See ચામ·ડી + મોદ joy.] Haughtiness; arrogance. 2. Coquetry. 3. Amorous blandishments.

ચાય·ણી, Same as **ચાર·ણી, ચાળ·ણી.**

ચાય·ના, Same as **ચાહે·ના.**

ચાર, *adj.* [S. चतुर् .] Four. 2. Any moderate number or quantity.

Id. ચાર ખાણ The four great divisions of animals, *viz.* અંડજ born from eggs; ઉદ્ભિજ્જ born by germination; સ્વેદજ born from sweat or warm vapour; and જરાયુજ viviparous. ચાર ખુંટ The four corners. 2. The whole earth. ચાર દાણાLit.Four grains. 2. A small quantity of corn. તેનામાં ચાર દાણા એ નથી He has no common-sense. 2. He is an idiot. ચાર ધામ The four great holy places in the four directions in India, *viz.*, જગન્નાથ પુરી in the East, સેતુ-બંધ રામેશ્વરin the South, દ્વારકા in the West,and બદરી કેદાર in the North.ચાર પદાર્થThe four great objects of life.*viz.*,ધર્મReligious merit, અર્થWorldly objects, કામDesire (wealth),and મોક્ષ Final emancipation. તેના એના ઉપર ચાર હાથ છે This man enjoys that man's full favour. તે ચાર પૈસે સુખી છે He enjoys a competency; He is rich. ચાર માણસમાં વિચારીને બોલવું One must be careful about what one says in the presence of a large number of men. ચાર લોકમાં ગણાવું To be respected amoug the people. 2. To be counted as one of the Upper Ten. ચાર વાત કહીને વાળીશ I shall dissuade him in a few words. ચાર દહાડાના જૂઠા

લોભને માટે For a few days' false gain. ચાર આંખ Very circumspect or watchful. ચાર આંખો કરવી To have an angry look. ચાર આંખો થવી To be angry. 2. To envy. 3. To meet face to face. 4. To be mad. ચાર હાથ કરવા To make haste. 2. To get another to help oneself. ચારે હાથ હેઠા પડવા To lose support or patronage. 2. To be disappointed. ચારે ચકે At all times.

Prov. ચાર દહાડાનું ચાંદરણું, ને ઘોર અંધારી રાત A few days of pleasure are succeeded by a long period of misery. ચાર મળે ચોટલા, ને ઉંધા વાળે ઓટલા Too many cooks spoil the broth. ચાર કાનની વાત છ કાને જવા દેવી Don't repeat among strangers what you hear among friends. ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય Step by step one goes very far.

ચાર, *s. f.* [See ચાર·વું Or, Dh. Des. चारं = S. पयालम् name of a plant.] Green grass.

ચાર, *s. m.* [S. *fr.* चर् to walk] A secret messenger; a scout.

ચાર-કણું, *s. n.* [See ચાર grass+કણ a particle.] A preparation of coarse-ground grain, boiled to serve as food for cattle.

ચાર-ખાની, *s. f.* [See ચાર four + खण्ड a piece of cloth.] A kind of chequered cotton-cloth.

ચાર-જામો, *s. m.* [+ જામો.] A saddle composed of four folds of cloth.

ચારટ, ચારઠ, *s. f.* [Eng. *Chariot.*] A chariot; a kind of horse-carriage.

ચારણ, *s. m.* [S.] A panegyrist; a bard. 2. Name of a Hindu caste. 3. An individual of this caste.

ચારણી, *s. f.* [See ચારણ.] The dialect of the ચારણ community.

ચાર·ણી, *s. f.* [See ચાળ·ણી.] A sieve.

Prov. ચારણીમાં પાણી ભરવું To store up water in a sieve. 2. To undertake to do a fruitless work. ચારણીનો ગુણ કરવો તાજ, સુપડા ગુણ ગ્રહેવાનું કાજ Do as the bee does with the rose, take the honey and leave the thorn.

ચાર-પાઈ, *s. f.* [See ચાર four + પાયો a leg.] A cot; a bed-stead; a charpoy.

ચાંપો બેઠો ચાર-પાઇ પર, ગઇ દોઢ પોહોર રાત,
ચરિત્ર કીધું ચંતની, વિસ્તારી કહું વાત.
—સામળભટ.

ચાર·ણો, *s. m.* [See ચાર·ણી.] A large sieve.

ચાર-વાલી, *s. f.* [See ચાર, four + વાલ.] A weight equal to one-eighth of a tol (તોલા).

ચાર·વું, *v. t.* [See ચાળ·વું.] To sift (flour) through a sieve.

ચાર·વું, *v. t.* [See ચાળ·વું. *fr.* S. चल् to move.] To turn the tiles on a roof; to put tiles on a roof; to tile a roof.

ચાર·વું, *v. t.* [Caus. of ચર·વું.] To graze cattle. 2. To tend cattle.

ચાર-સેં, *adj.* [See ચાર four+S. शत સો, a hundred.] Four hundred; (400).

ચારસો, *s. m.* [See ચોરસું, ચોરસો.] A covering for the bed.

ચાર-સો, *adj.* Same as **ચાર-સેં**.

ચારિત્ર, ચારિત્ર્ય, *s. n.* [S. See ચરિ·ત્ર.] Good conduct.

ચારી, *s. f.* [See ચર a long trench for cooking.] A long trench in which a fire is made.

ચાર ગજની ચારી ખોદાવો રે, તે મધ્યે અગ્નિ ધિકાવો રે.
—ગોવિંદ.

ચારું, *s. n.* [S. चर्, चल्, ચાલ·વું, to walk.] A wound on the outer part of the thigh of an ox, caused by frequent pricking with a goad.

ચારુ, *adj.* [S.] Beautiful; elegant; handsome.

વિશ્વમાં ન કાંઈ ચારુ, યોગ્ય ગુરુ કયાં વસે ?
—વલ્લભ.

ચારુ·તર, *adj.* [S. *fr.* + तर comp. suffix.] More beautiful. 2. Very beautiful.

શોભવી ચારુતર ગુર્જર વાણી તેવી,
શોભે સુ-ચારુતર ગુર્જર ભૂમિ જેવી.
—પ્રાચિન-કાળ-માળા.

ચારેક, *adj.* [See ચાર four + એક one.] About four.

ચારે-ગમ, *adv.* [+ ગમ, મગ, માગ.] All around; on four sides; on every side.

ચારે-વેળા, *s. f.* [+ વેળા time Correctly,

ચોથી વેળા. *fr.* ચોથી fourth + વેળા.]The fourth or last part of the day. Hence, 2. The evening time.

ચારો, *s. m.* [See ચાર grass.] Fodder. 2. Food for cattle or birds.

ચારો, *s. m.* [S. चार् to walk.] Mode of living.

Id. ભાઈ ચારો Brotherly conduct.

ચારો, *s. m.* [P. चारह् remedy = S. चार in ઉપ-ચાર *fr* चर् to walk. *Cf.* લા-ચાર for ના-ચાર Or, Hem. Des. चारा = S. इच्छा a wish.] A means; a step; a measure; a remedy. 2. Influence; efficiency; effectiveness.

Id. તે કામમાં મારો કશો ચારો ચાલતો નથી I can do nothing effective in the matter; I can do nothing that will influence the result.

ચારોળી, *s. f.* [Guj. ચાર a kind of tree + ગોળી small balls.] Seeds of the tree called ચાર.

ચારોણું, *s. n.* [See ચાળ-વું.] Dust. (Used in Kthd).

ચાર્વાક, *s. m.* [S. Name of a philosopher.] An athiest; a materialist. 2. A talkative man; a man that takes pleasure in talking.

ચાલ, *s. f.* [S. चल् to walk. See ચાલ-વું.] Moving; walking; gait. 2. Air; step; pace; manner of walking.3. The pace of a horse. 4. Behaviour. 5. *s. m. f.* Custom; fashion; practice; habit; way; manner; method. 6. Currency or circulation (of a coin).7. *s. f.* A uniform row,line, or series of houses.8. [See ચાળો.] A trick; a whim.

Id. ચાલ ચાલવી To follow a line of conduct. ચાલ ચલાવવી To introduce a custom. એકની એક ચાલે ચાલે છે He moves at a uniform pace.ઘોડાની ચાલે ચાલવુ To walk at the speed of a horse.ન્યાતમાં ચાલ પડ્યો છે It is a custom in the caste.

ચાલ-ક, *adj.* [S. *fr.* चल् to move.] Regulating;directing. 2. *s. m.* A regulator; a director.

જે માયા-ચક્ર-ચાલક નિત્ય. —ગિરધર.

ચાલ-ચલ-ગત, *s. f.* [See ચાલ-ચલ-ણ+ગતિ.] Same as **ચાલ-ચલણ.**

ચાલ-ચલ-ણ, *s. n.* [See ચાલ-ચલ-ણ.] Manners; behaviour; conduct; practice; usage; custom; ways; demeanour.

ચાલ-ચલ-ણિ-યું, *adj.*Serviceable for the time only; temporary.2. Nat steady;fickle.

ચાલ-ણ-ગાડી, *s. f.* [See ચાલ-વું + ગાડી] A go-cart;a machine for teaching children to walk.

ચાલ-ણ-ચૂલો, *s. m.* [+ચૂલો.] A stove that can be removed from one place to another.

ચાલ-તાં લગી, *adv.* [+ લગી up to] As far as can be carried out;as far as one can exert one's influence; as far as can be managed; as far as possible;if it be within one's power.

ચાલ-તી, *s. f.* Sneaking away.

Id. ચાલતી પકડવી To sneak away; to withdraw privately, as a person afraid or ashamed of being seen.

ચાલ-તું,*adj.*That is in motion or action; active.2.Continuous.3.Current, prevalent. 4. Being in the ascendant; being in use. 5. Existing; subsisting. 6. Going away; withdrawing.

Id. ચાલતો કજીયો વેચાતો લેવો-હોરવો To mix oneself up in a quarrel, in which one has no concern. ચાલતાં કજીયો શોધવો To seek occasion for quarrelling. ચાલતી ગાડીએ બેસવું To take the side of the successful party in a quarrel;to worship the rising sun. ચાલતું ચલણ કરવું To manage with those things which are within one's reach. ચાલતું પેઢું A thriving and prosperous business. બોલતાં ચાલતાં મરી ગયો He died while in the bloom of health (Lit., able to walk and talk). બોલતો ચાલતો Able to walk and talk.2.Quite well; all right. ચાલતો કાળ The season of power and prosperity. મારે તના વના ચાલતું નથી I cannot do without it; I will find no ease without it. ચાલતી પકડવી, ચાલતું થવું, To be gone; to withdraw oneself. ચાલતું થવું To be started or begun. ચાલતી શેર Lit., A running stream of water.2.A continuous flow of money into one's treasury. ચાલતું ચાલણ A

temporary measure; a temporary arrangement.

Prov. ચાલતાંનાં વધામણાં: ચાલતી વહેલે સૌ બેસે Every man worships the rising sun. ચાલતા બળદને આર ઘોચવી નહિ Do not spur a free horse. ચાલતી રોજને લાત મારવી નહિ Don't give up the employment that you have, for a prospective post.

ચાલ•ન, *s. n.* Moving a thing from its place; shaking.

ચાલ•વું, *v. i.* [S. चल to walk.] To move; to walk. 2. To march; to travel. 3. To proceed; to make a progress; to be under process. 4. To flow; to pass; to have a course; to continue on; to pass through successive stages; to have currency. 5. To be permitted, suffered, or allowed. 6. To behave. 7. To serve; to satisfy; to be content. 8 To act; to work; to be in action. 9. To go on regularly (of a watch). 10. To suit; to answer; to do; to be adequate to a purpose. 11. To have effect, influence, or prevalence. 12. To be received or tolerated; to pass with. 13. To perish; to die.

Id. કામ ચાલવું To proceed—of a work. 2. to be not stopped; to continue—of a work. 3. To be conducted in a criminal court—of legal proceedings. તેની અક્કલ આ કામમાં ઠીક ચાલે છે He has an insight into this business. મોઢું ચાલવું To speak. 2. To use abusive language. 3. To get an appetite after a sickness. 4. To be eating continually. હાથ ચાલવો To work with the hand. 2. To be able to work with the hands. 3. To beat or strike with the hand. આ કલમ ઠીક ચાલી This pen continued serviceable for a long time. વરસનાં વરસ ચાલ્યાં ગયાં Year after year elapsed. વેપાર—ધંધો—રોજગાર ચાલવો To be employed in a lucrative business. 2. To be respected as an honest man. સાખ ચાલવી To be exercised—of power, influence; or authority. મસલત ચાલે છે A consultation is going on. સંદેશા ચાલે છે Messages are passing or interchanged (between two places). એ પુસ્તકો નિશાળમાં ચાલે છે These books are in use in schools. આડી ચાલે ચાલવું To act wrong. નાક એવા જોરથી ચાલે છે He snores so loudly. સંચો ચાલતો થયો The machinery was set in motion.

Note.—The applications of this verb are manifold; but the general import is that of motion or progression.

ચાલાક, *adj.* [P. *fr.* S. चल to move.] Active; sharp; brisk; smart; nimble. 2. Intelligent; clever.

ચાલાકી, *s. f.* Activity; sharpness; briskness; smartness. 2. Intelligence; cleverness.

ચાલી, *s. f.* [See ચાલ, ચાલ•વું.] A row of houses.

ચાલુ, Same as **ચાલ•તું.**

ચાલ્યું, *interj.* Never mind! don't care!

ચા•વડી, *s. f.* [See ચાર four + વાટ.] A police office, gate, or station.

ચાવડી, *s. f.* [See ચાવડો.] A woman of the ચાવડા class.

ચાવ•ડું, *adj.* [See ચાળ•વું. ચળ•વુ, or ચાવ•વું.] Nice or careful in talking. 2. Talkative.

વ્યંતર શું વ્યંગ કરી, છૈયાં બોલે ચાવડું ?—**વલ્લભ.**

ચાવડો, *s. m.* An individual of a subdivision of Rajputs.

ચાવ•ણિ•યા, *s. m. pl.* [See ચાવ•વું.] The grinders. 2. The gums of the teeth. 3. The temples.

ચાવ•ણું, *s. n.* [See ચાવ•વું.] Something to eat; food.

ચાવ•રો, *s. m.* A bug.

ચાવલ, ચાવળ, } *s. m.* [Hem. Des. चाउल *fr.* S. तडुला: rice.] (Generally in the plural). Rice.

ચાવ•વું, *v. t.* [S. चर्व to eat.] To grind with the teeth; to masticate; to chew. 2. To bite. 3. To defame; to calumniate. 3. To speculate; to take bribes or douceurs.

Id. ચાવી ખાવું–નાખવું To devour. 2. To subject to public ridicule or disgrace. ચાવી ચાવીને બોલવું To speak with deliberation and with an attempt to produce a rhetorical effect. 2. To repeat the same meaning in different words. ચાવીને કૂચો કરવો To suck up the juice and to leave behind only the husk.

2. To discuss at great length or tediously.

ચાવળ, *s. n.* [See ચાશ + વાળ•વું.] An agricultural implement.

ચાવી, *s. f.* [Port *Chave.*] A key.

Id. (ઘડીયાળને) ચાવી આપવી To wind a watch or clock.

ચાશ, *s. m.* [Hem. Des. चासो = S. फल स्फाटित भूमि रेखा a furrow, *fr.* S.कृष् to draw.] A furrow made with a plough.

Id. ચાશ દેવી To give less than due. ચાશ ખાવી–આપવી To take less than due.

ચાષ, *s. m.* [S.] A kind of bird.

ચાસ, *s. f.* [See ચાસ•ણી.] Boiled syrup.

ચાસ•ણી, *s. f.* [S चष् to drink *Cf.* P. चाश्नि.] Boiled syrup; sugar prepared for confectionery.

Id. ચાસણી થવી To be boiled completely.

ચાસ•ણી, *s f.* [Seeચાખ•વું.] A test; a trial.

ચાસ•વું, *v. t.* [See ચાશ a furrow.] To plough deep.

ચાહ, } Same as **ચા.**
ચાહે, }

ચાહ, *s. m.* } Same as **ચાહે•ના.**
ચાહ•ના, *s.f.* }

ચાહ-ક, *adj.* [See ચાહ•વું.] Loving; affectionate. 2. *s. m.* A lover.

ચાહાન, } *adj.* [P.] Open; public. 2. Notorious.
ચાહન, }

ચોરી ચાહન થાય છે, જ્યારે ચોર ઝલાય.

—**દલપતરામ.**

ચાહ•વું, } *v. t.* [S. कम्, काम, to desire, to love.] To love; to be fond of; to like. 2. To wish; to desire; to long for. 3. To regard with tenderness or affection.
ચાહા•વું, }

ચાહે•ના, *s.f.* Love; fondness; attachment. 2. Wish; desire. 3. Choice.

ચાળ, *s.f.* [See ચાલ•વું.] The flaps of a garment.

ચાળ•ણ, *s. n.* [See ચાળ•વું.] The refuse obtained by sifting in a sieve (ચાળ•ણી).

ચાળ•ણી, *s. f.* [See ચાળ•વું.] A sieve; a strainer. 2. Sifting. 3. Lifting or turning the tiles of a roof.

ચાળ•વ•ણી, *s. f.* [See ચાળ•વ•વું.] Sifting; turning. 2. A change.

ચાળ•વ•વું, *v. t.* [Caus. of ચાળ•વું.] To turn frequently. 2. To make use of in several ways.

જુગારીમાં ડહાપણ ઘણું, ઘડે ઘણેરા ઘાટ;
જુગારી ચતુરાઈ ચાળવે, તેમાં ઊંઠી વાટ.

—**સામળભટ.**

ચાળ•વું, *v.t.* [See ચાલ•વું.] To sift; to strain. 2. To turn the tiles of a roof.

ચાળા, *s. m. pl.* Gestures. 2. Tricks; pranks; frolics. 3. Mimicry. 4. Blandishments; playfulness. 5. Coquetry.

Id. ચાળા પાડવા To imitate or mimic the gestures of a person in order to annoy him. ચાળા કરવા–માંડવા Same as ચાળા પાડવા. 2. To give excuses in order to avoid work.

ચાળા:ખોર, *adj.* [+ P. ख़ोर् fond of *fr.* ख़ुर्दन् to eat.] Addicted to playful pranks and tricks.

ચાળા-ચસ•કા, *s.m.pl.* [+ ચસ•કો.] Playful gestures.

ચાળી, *s. f.* A she-goat.

ચાળીસ, *adj.*[S.चत्वारिंशत् *fr.* चतुर् four + दश ten.] Forty; (40).

ચાળીસ•મું, *adj.* Fortieth.

ચાળું, *s. n.* A sheep. (Used in Kthd.).

ચાળો, *s. m.* [See ચાલ•વું to walk, to move.] Gestures; blandishments. 2. Winking of the eyes.

આ શો આંખલડીનો ચાળો રે,
સાહેલી આ તો કાનુડો કામણગાળો રે.

—**દયારામ.**

3. An affected gait. 4. Coquetry. 5. [See ચાર a spy.] A precursor; a harbinger; an omen.

ચાળો, *s. m.* [See ચાળ•વું to turn tiles.] A tile-turner.

ચિચ•વા•વ•વું, *v.t.* [See ચીં•ચીં] To tantalize.

ચિચ•વા•વું, *v.i.* [Pass. of ચિચ•વા•વ•વું.] To be tantalized.

ચિંથરિ•યું, }
ચિંથરી, } Same as **ચિંથરિ•યું, ચિંથરી,**
ચિંથરૂં, }
ચિંથરે-હાલ }

ચિથરું, ચિથરે-હાલ, Clothed in rags.

ચિંદર-ડું, *s. n.* [S. चीर, ચીર, a fine garment. Or Dh. Des. चिंधं *fr.* S. चिह्न a sign.] A strip of cloth; a rag.

ચિંદર-ડો, *s.m.* A long cut in a piece of cloth.

ચિંદરી, ચિંધ-ડી, ચિંધર-ડી, *s. f.* [See ચિંથરું + ડી dim.] A piece of rag; a rag.

ચિંધ-વું, *v. t.* [See ચિન્ત-વું.] To order; to direct.

ચિંબોળ-વું, ચિંમળ-વું, *v. t.* [See ચિમ-ટો.] To pinch (the ear).

ચિકટ, *adj.* [See ચીક. Or, S. चिक्कण.] Gummy; adhesive. 2. Tough; tough and enduring. 3. Persisting; dogged; enduring. 3. Inflexible. 4. Importunate. 5. Grasping tight. 6. Niggardly; slow in working.

ચિકટ-પણું *s.n.* Adhesiveness; stickiness. 2. Toughness. 3. Persistency. 4. Importunity. 5. A tight grasp. 6. Niggardliness.

ચિકટ-વું, ચિકટા-વું, *v. i.* To be soiled with oil, sweat, &c. 2. To stick; to adhere.

ચિક-ટો, *s. m.* A kind of flaxen cloth having the appearance of being soiled with oil, &c. 2. Gold wire about 50 yards long.

ચિકટો ચિકટવાળો થઈને ભમાવિયા —**વલ્લભ**

ચિકણુ, *s. f.* A kind of cucumber.

ચિકણા-ઈ, *s. f.* [See ચિકણું.] Unctuousness; fattiness.

ચિક-ણા-શ, Same as **ચિક-ણા-ઈ.**

ચિક-ણી સોપારી, *s.f.* [+ સોપારી.] A kind of areca-nut, which forms a sticky lumpin the mouth; areca-nut gathered at an early stage of ripeness, boiled in milk, and dried in the shade.

ચિક-ણું, *adj.* [See ચિક-ટ. S. चिक्कण.] Sticky; adhesive; greasy; gummy. 2. Thick; substantial. 3. Griping fast. 4. Tough. 5. Miserly; stingy. 6. Haggling.

Id. ચિકણો લાટ–વાઘર Very tough. 2. Very persevering-ચિકણો વાર Saturday.

ચિકન, *s. n.* [Eng. *Chequered.*] Embroidery.

ચિકન, Same as **ચિકણુ** A kind of cucumber.

ચિકસા, *s. f.* [See ચિકિત્સા.] Same as **ચિકિત્સા.** 2. A fault-finding and slandering tendency of the mind.

ચિકસા-ખોર, *adj.* [+ P. ख़ोर fond of *fr.* ख़ुर्दन to eat.] Fault-finding and slandering.

ચિકાર, *adv.* [Guj. ચી. ચીં-ચી, Imit. + કાર sound or meaning.] Filled to the utmost capacity or fully. 2. Crowdedly. (Used with the verbs બેસવું, ભરવું, &c.).

ચિકા-શ, *s. f.* [See ચીક, ચિક-ટ, ચિક-ણું.] Adhesiveness; viscidity; glutinousness; unctuousness; greasiness.

ચિકિત્સ-ક, *adv.* [See ચિકિત્સા.] Knowing and distinguishing different diseases. 2. Observant of other's defects. 3. Able to distinguish merits from demerits. 4. Critical; fastidious.

ચિકિત્સ-ખોર, *adj.* [See ચિકસા-ખોર.] Hypercritical; carping; captions. 2. Fastidious. 3. Falling an easy prey to one's fancies and unfounded apprehension.

ચિકિત્સ-નીય, *adj.* [See ચિકિત્સા] Fit to be treated and likely to be cured by a physician. 2. Medicable; curable.

ચિકિત્સા, *s. f.* [S. *fr.* कित् to heal, to suspect.] Knowledge of different diseases. 2. The habit of observing defects. 3. The ability to distinguish between merit and demerit.

ચિકોટી, *s. f.* [See ચિકટ.] A grip of the wrist.

ચિખલ, ચિખ્ખલ, *s. m.* [Hem. Des. चिक्खल्लो = S. कर्दम: mud, *fr.*S. चिखिल mud.] Mud; mire.

ચિઙ્ગૂટ, *adj.* [See ચિક-ટ, ચેંગ-ટ.] Sticky; tough. 2. Slow; dilatory; lingering. 3. So importunate as to tire.

ચિઙ્ગા સૂ-વું, *v. i.* [+ સૂ-વું to sleep.] To pretend to be asleep.

ચિઙ્ગું, *adj.* [*Cf.* Mar. चेंगट. See ચિકટ.] Same as **ચિઙ્ગૂટ.** 2. Artful; cunning.

ચિચર-વટી, *s. f.* [See છાંછરું + વાટ.] A

strip of land; a narrow piece of land. 2. [See ચિતરી + વાટ.] A dirty narrow piece of land.

ચિચર-વટી, *s. f.* [Imit. See ચ·ચરા·ટ.] A pain in the throat caused by eating sweet or warm substances. 2. A feeling of excitement. 3. Violent love.

ચિચર-વટો, *s. m.* Same as **ચિચર-વટી.** 2. Fear; dread. 3. Perplexity.

ચિચર-વટો ચિતમાં પડયો, નીચ વાતથી નેટ;
હસવું તો ભૂલી ગયો, પડયો ધ્રાસકો પેટ.

—સામળભટ.

ચિચકૂકો, *s. m.* A squirt; an instrument to throw out a stream of liquid; a jet.

Id. ચિચકૂકે ખેલવું To play with a squirt; to squirt; to throw out a jet of liquid.

ચિચ·વાડો, *s. m.* [See ચીસ + વૃત્તિ.] A loud noise; a scream. 2. A row.

ચિચ·વા·વ·વું, *v.t.* Same as ચિ઼ચ·વા·વ·વું 2. [See ચિચ·વાડો.] To cause or oblige to scream.

ચિચ·વો, *s. m.* [Imit.] A see-saw.

ચિચા·ડી, *s.f.* [Imit. See કિકિ·યારી.] A scream.

ચિચુડો, } **ચિચોડો,** } *s. m.* [S. चिञ्चा a tamarind tree + કુકો a pebble to play with.] A tamarind seed.

ચિટ-ણીસ, } **ચિટ·નિસ,** } *s. m.* [See ચિઠ્ઠી + P. नवीसद writer *fr.* नाविस्तन to write.] A writer of notes; a private secretary. 2. A shirestadār; a clerk with whose assistance the superior officer conducts office work.

ચિઠ્ઠી, *s. f.* [See ચિથ·ડું + ઈ dim.] A note; a small epistle. 2. A bill of exchange; a bond. 3. A label. 4. A note of invitation. 5. An order. 6. A letter of mourning. 7. A card. 8. A ticket.

Id. ચિઠ્ઠી લખવી To write a small letter. ચીઠ્ઠી લખી આપવી To write a bill of account. 2. To write a promissory note of hand. ચિઠ્ઠી ચોટાડવી To stick a label. શાહજોગ ચિઠ્ઠી A promissory note, the amount of which is to be paid to any respectable person. ચિઠ્ઠીનો ચાકર Lit. A messenger that carries a written note. Hence, 2. A servant whose duty it is to duly deliver his master's note to the right person, but who is not free to do more. ચિઠ્ઠી ફાટી જવી To die (of an unmarried daughter, referring to her parents' freedom from their duties and responsibilities.).

ચિઠ્ઠી-ચપાટી, *s. f.* [+redup.] Epistolary correspondence. 2. A note; a letter.

ચિઠ્ઠી-પતરી, *s. f.* [S. + પત્ર.] Same as **ચિઠ્ઠી-ચપાટી.**

ચિઠ્ઠી-દોરો, *s.m.* [+ દોરો.] A string or a small note containing some inexplicable letters; having the efficacy; when tied on any part of the body of a person, of guarding him against evil spirits.

ચિડ·વ·વું, *v.t.* [S. खिद् to be fatigued. See ખિજ·વ·વું.] To provoke; to excite; to irritate. 2. To vex; to tease; to offend.

ચિડા·વું, *v.i.* To be enraged.

ચિડિયા-સેર, Same as **કિડિયા-સેર.**

ચિડિ·યું, *adj.* Irritable; provokable; excitable. 2. That can be easily vexed or teased.

ચિડિ·યું, Same as **કિડિ·યું** A bead.

ચિડિ·યું, *s.n.* [See ચકિ·યું, ચકલું.] A bird.

ચિઢ્ઢી, *s.f.* [See ચીર a fine garment + ઈ dim.] A kind of garment worn by women. 2. A share of marriage-presents given to the relations of the bridegroom as wearing apparel (પહેરામણી).

ચિઢા·ણી, *adj.* [See ચીડ, ચિડ·વું.] Sticky and stinking.

ચિણ·ગારી, *s. f.* }
ચિણ-ગારો, *s.m.* }
ચિણ-ગી, *s. f.* } [ચિણ Imit. of the
ચિણ-ગો, *s. m.* }
sound + S. कार suffix showing the sound of the preceding letters.] A spark.

Id. ચિણગારી મૂકવી To set fire to. 2. To incite men to quarrel.

ચિણ·વું, *v. t.* [S. चि, चि·नु, to collect.] To fold into long strips. 2. To form into wrinkles.

ચિત્, *s. n.* [S.] Intellect; understand-

ing. 2. [See ચિત્ત.] Mind; attention. 3. Heed; care; caution.

ચિત, Same as **ચિત્ત.**

ચિત·ડું, Same as **ચિત્ત.** (Used in poetry.) મંદ હસીને ચિતડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું. —**દયારામ.**

ચિત-ભરમ, ચિત-ભ્રમ, s.m [+ S. भ्रम् to wander.] Distraction; bewilderment; lunacy; insanity. *adj*. Bewildering; making mad.

ચિતર·વું, *v.t.* [See ચિત્ર.] To trace; to draw; to sketch. 2. To cover with figures and pictures. 3. To scrawl and scribble. 4. To paint. 5. To fill with flourishes. 6. To write carelessly.

ચિતરા·વું, *v. i.* [Pass. of ચિતર·વું.] To be drawn, sketched, or painted. 2. To be distracted in mind.

ચિતરી, *s.f.* [See ચિત્ર.] Shuddering. 2. Disgust. 3. Horror.

Id. ઉપર ચિતરી ચઢવી To be disgusted with

ચિતરો, Same as **ચિત્તો.**

ચિતવણી, Same as **ચેતવણી.**

મંદ હસણી, વાંકી ચિતવણીમાં તેં,
વહાલમ, છાની દીધી છે છરી, રે.—**દયારામ.**

ચિત·વ·વું, *v. t.* [See ચેત·વ·વું.] To intimate. 2. To lead one to understand.
તે કાંટો ઉર અંતર સળકે છે, દેખી મુને ચિતવો છો આડું. —**દયારામ.**

ચિત·વું, *v.t.* [See ચિત્ત mind.] To think; to consider; to ponder; to muse; to meditate. 2. To desire; to long for.

ચિતા, *s. f.* [S.] A pyre; a funeral pile.

Prov. ચિતા કરતાં ચિંતા કઠણ Anxiety is worse than death.

ચિતાર, *s.m.* [See ચિત્ર + કાર sound or meaning.] A portrait; a likeness. 2. An exact description.

Id. ચિતાર આપવો To give a lively description.

ચિતારો, *s.m.* [S. चित्र-कार *fr.* चित्र a picture + कृ to do.] A painter; a draughtsman.

ચિત્ત, *s. n.* [S. *fr.* चित् to perceive.] The mind. 2. Attention.

Id. ચિત્ત આપવું, ચિત્ત દેવું, ચિત્ત લગાડવું, ચિત્ત ઘાલવું To pay attention to; to mind; to heed. ચિત્ત ઠેકાણે રાખવું To pay close attention to. ચિત્ત ચોરવું To attract or divert one's attention. ઉદાર ચિત્તનો Noble-minded; magnanimous. એક ચિત્ત થવું Lit. To have one mind; to be unanimous. એક ચિત્ત થાઓ Be of one mind (an instruction given to the guests to begin to eat at a caste dinner). એક ચિત્તથી With one accord.

ચિત્ત·ચોર, *s. m.* [S. *fr.* + चोर a thief *fr.* चुर् to steal] A man who steals or attracts the heart (of a woman); a dandy.

ચિત્ત·ભ્રમ, *s. m.* Same as **ચિત-ભરમ.**

ચિત્ત-વૃત્તિ *s. f.* [S. *fr.* + वृत्ति state *fr.* वृत् to be.] The passions; feelings. 2. The state of the mind; an inclination or tendency of the mind.

ચિત્ત-વેધ, *s. m.* [S. *fr.* + वध piercing *fr.* व्यध् to pierce.] Same as **ચિત્ત-ભ્રમ.** 2. *adj*. Attracting the mind or heart; alluring; enticing.

ચિત્ત-સમાધાન, *s. n.* [S. *fr.* + સમાધાન.] Composure; ease or peace of mind. 2. Contentment.

ચિત્ત-હર, ચિત્ત-હારી, *adj.* [हृ to take away.] Fascinating; attractive; beautiful.

નાચે નારી ચિત્તહરા —**સુદામાચરિત્ર.**

ચિત્તાકર્ષ·ક, *adj.* [S. *fr.* + आ·कर्ष·क attracting. See આ·કર્ષ·ણ.] Attracting the heart; interesting.

ચિત્તો, *s.m.* [Dh. Des. चित्तओ *fr.* S. चित्र·कः *fr.* ચિત્ર.] A leopard. 2. A panther; a cheetah.

ચિત્ર, *s. n.* [S.] A drawing; a picture-card. 2. Variegated colour. 3. A puppet. 4. Mirage. 5. Ceylon leadwort.

Id. ચિત્ર કાઢવું-પાડવું To draw a picture. ચિત્ર આપવું To give a life-like description.

ચિત્રક, *s m.* [S.] A medicinal plant.

ચિત્ર-કળા, *s. f.* [See ચિત્ર + કળા.] The art of drawing or painting.

ચિત્ર-કાર, Same as **ચિતા·રો.**

ચિત્ર-કાવ્ય, *s.n.* [S. *fr.* + કાવ્ય.] A verse or a poem written in the form of a picture or figure.

ચિત્ર-ન્યસ્ત, [S.+ न्यस्त placed *fr.* नि down + अस् to throw.]Same as **ચિત્રાર્પિત** Painted.

ચિત્ર-વત્, *adv.* [S. *fr.* वत् like.] In the manner of a picture. 2. Being still or motionless.

ચિત્ર-વિ-ચિત્ર, *adj.* [S. *fr.* + वि intens. + चित्र] Variously coloured or figured; variegated.] 2. Various; multiform.

ચિત્ર-શાળા, [S. + शाला a room.] A painter's studio.

ચિત્રા, *s. f.* [S.] The fourteenth lunar mansion. 2. A kind of metre.

ચિત્રા-મણ, *s. n.* [See ચિત્ર.] Scribbling. 2. A drawing. 3.A painting.

ચિત્રાર્પિત, [S. अर्पित given.] Painted.

ચિત્રિ-ણી, *s.f.* [S.]A woman of varied talents.[The four classes of womankind are પદ્મિની, ચિત્રિણી, શંખિની, and હસ્તિની.]

ચિત્રિ-ત, *adj.* Painted.

ચિત્રો, *s.m.* Same as **ચિતરો, ચિત્તો.** 2. A kind of snake.

ચિત્સ્વરૂપ, *s.n.* [S. *fr.* ચિત્ + સ્વ-રૂપ.] Pure intelligence—an epithet generally applied to God as the Universal Soul.

ચિથ-ડું, *s. n.* [Dh. Des. चिंधं *fr.* S. चिह्न a sign.] A rag; a clout; a shred; a tatter.

ચિથ-રિ-યું, *adj.* Ragged; dressed in tatters; clothed in rags.

ચિથ-રી, *s. f.* Same as **ચિથ-ડું.**

ચિથ-રું, Same as **ચિથ-ડું.**

Id. ચિથરાં વિણવાં To be reduced to a ragged condition;to be reduced to poverty.

ચિથરે-હાલ, *adj.* [+ હાલ.] Same as **ચિથરિ-યું.** 2. Reduced to abject poverty.

ચિદાકાશ, *s. m. n.* [S. *fr.* + આકાશ.] The Universal Soul.

ચિદાભાસ, *s. m.* [S. *fr.* + આભાસ.] The individual soul, which clings to worldly defilements.

ચિદ્-ઘન, *adj.* [S.*fr.*See चित् + घन thick.] Full of knowledge;possessed of pure intelligence.(An epithet applied to the Supreme Being.)

ચિદ્-રૂપ, *adj.* [S. *fr.*+ रूप form.] Whose essence is knowledge. 2. Intellectual; spiritual.

ચિદ્-વિ-લાસ, *adj.* [S. *fr.* + विलास sport *fr.* वि intens. + लस् to dance.] That which sports in knowledge. 2. *s. m.* Sports in knowledge.

ચિદાનંદ, *adj.* [S. *fr.* + આનંદ; or, આનંદ corrup. of S. आनन face.] Whose essence is knowledge and delight. 2. *s. m.* Brahma the supreme.

ચિન, *s.f.* [See ચિન-વું.] Knowledge; acquaintance; familiarity.

જપ તપ કરિયે યોગ સમાધિ, તન લગી ત્યમ તું;
આપ કર્તાકી ચિન ના પાવે, અન્ય દેવને નમતું.
—**નિરાંતભક્ત.**

ચિન, *s. m.* [S.] China.

Id. ચિનનો શાહુકાર A thief. 2. A rogue. ચિનનો માલ Perishable articles.

Prov. ચિન, પૈસા લિયા છિન Money spent in fancy articles is money lost.

ચિન-ગારી, } Same as **ચિણ-ગારી.**
ચિન-ગી, }

ચિન-માળા, } *s. f.* [See ચિન China,from
ચિણ માળા, }
which pure gold was imported + માળા.] A necklace of beads of gold.

ચિન-વું, *v.t.* [S. चिन्त् to think.] To know; to recognize;

આત્મ-તત્વ ચિન્યા વિના સાધના સર્વ જૂઠી.
—**નરસિંહમહેતા.**

ચિના-ઈ, } *adj.*[S. चीन China.]Relating
ચિને, }
to China;Chinese.2. *s.n.*A fine silken cloth having beautiful devices woven into it.

Id. ચિનાઈ માલ Articles of a perishable nature; articles fine but not durable. 2. Fine; delicate.

ચિનિકબાલા, Same as **ચણિકબાલા.**

ચિન્ત-ન, *s. n.* [S. *fr.* चिन्त् to think.] Thinking; considering; pondering; planning; devising; musing; meditation; contemplation.

ચિન્ત-નિ-કા, } *s. f.* Same as **ચિન્ત-ન.**
ચિન્ત-ની, }

ચિન્ત-નીય, *adj.* Fit to be considered.

ચિન્ત-વન, *s. n.* Same as **ચિન્ત-ન**.

ચિન્ત-વું, *v. t.* [S. चिन्त् to contemplate.] To think; to contemplate.

ચિન્તા, *s. f.* Anxiety; care; concern.

Id. ચન્તા કરવી-થવી To have anxiety; to be anxious.

ચિન્તાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન;
ચિન્તા બડી અભાગણી, ચિન્તા ચિતા સમાન.
—ભાષા.

ચિન્તાગ્નિ, *s. m.* [+ અગ્નિ.] Lit. Fire of anxiety. Hence, 2. Extreme anxiety.

ચિન્તાતુર, *adj.* [S. *fr.* + આતુર.] Anxious; solicitous.

ચિન્તા-મણિ, *s. n. m.* [S. *fr.* + मणि a jewel.] A stone which yields everything desired; a wish-fulfilling gem; the philosopher's stone.2. A name of ગણ-પાત.3. An auspicious mark on a horse.

ચિન્તાર્ણવ, *s. m.* [S. *fr.*+अर्णव an ocean] A sea of anxieties.

ચિન્તિ-ત, *adj.* Thought of; reflected or pondered upon. 2. Planned; devised.

ચિન્ત્ય, *adj.* Fit to be considered or pondered upon. 2. Questionable; faulty.

ચિન્મય, **ચિન્માત્ર**, *adj.* [See ચિત્ + S. मय. मात्र, suffixes meaning " full of "] Spiritual; all intelligence (an epithet of the Deity).

ચિપ-ટી, *s. f.* [See ચપ, ચપ-ટી, ચાંપ, છાપ-વું, *fr.* P. चस्पीदन to stick.] A pinch.

Id. ચપટી ભર As much as can be contained in a pinch; a pinch of. ચપટી ભરવી To pinch.

ચિપ-ડું, *s. n.* **ચિપ-ડો**, *s. m.* [See ચિપ-ટી + પડ.] The mucus of the eye;the aqueous humour.

ચિપ-વું, *v. t.* [Imit See ચિપિ-યો.] To shuffle (cards at a play). 2. To fold the front part of a dhotar. 3. To press and draw out.

In. ચિપી ચિપીને બોલવું To be particular and over-nice or over-accurate in speaking. પાનાં-પત્તાં ચિપવાં To shuffle cards. ધોતિયું ચિપવું To make regular folds in a dhotar.

ચિપા-ચિપ, *s. f.* Nicety; the habit of being particular about the details of an affair.

ચિપાચિ-યું, *adj.* Spruce; fastidious; overexact.

ચિપિ-યો, *s. m.* [See ચિપ-ટ.] Tongs; pincers. 2. Same as **ચિપ-ડો**.

ચિબ-ડી, *s. f.* [See ચીબું.] A kind of owl (considered as a bird of bad omen).

ચિબાવલું, *adj.* [Hem. Des. छिब्बोल्लो = S. निन्दार्थं मुख विकूणितम् distorting one's face to provoke another's anger. See ચીબું.] Childish; puerile. 2. Mischievous. 3. Abject.4. Wicked; naughty; boyish. 5. Too wise by half.

ચિબુક, *s. f.* [S.] A dimple in the chin.

અધર પ્રવાળ, દાડિમ દશન, ચિબુક ચારૂ ચહેન.
—સામળભટ.

ચિભડી, *s. f.* [Dh. Des. चिब्भिडं *fr.* S. चिर्भटी.] The creeper which bears musk melons. 2. Same as **ચિબડી**.

ચિભડું, *s. n.* A musk-melon.2.The head (spoken of in contempt).

Prov. ચિભડામાંથી વરાળ નિકળે નહિ You cannot draw blood from a post.

ચિમ-ટી, Same as **ચમ-ટી**, **ચિપ-ટી**.

ચિમ-ટો, *s. m.* [See ચિપિ-યો.] Tongs; pincers.

ચિમડા-વું, *v. i.* To wither; to fade; to droop; to decay. 2. To be scorched. 3. To pine; to grieve.

ચિમડી, *s. f.* A small stalk of juwār or bājrī,left standing in a field after the harvest has been reaped.

ચિમની, *s. f.* [Eng.] A chimney.

ચિમળા-વું, Same as **ચિમડા-વું**.

ચિમા-વું, *v. i.* To be grieved at one's own want of a thing.2.To look wistfully at.3.To eye a thing with desire.4. To look shy because of one's being without a thing.

ચિમેડ, **ચિમેદ**, *s. f.*A kind of medicinal seed.

ચિમોટી, *s. f.* The neck.

ચિમોડી, *s. f.* Seeds of a particular plant.

ચિમ્મડ, *adj.* [See ચિવટ.] Tough. 2. Stingy; miserly.

ચિયું, A dialectic variant of કયું, કિયું.

ચિર, *adv.* [S.] For a long time. 2. Eternally.

ચિર-કાળ, *adv.* [+કાળ.] For a long time. 2. Eternally.

ચિરં-જીવ, **ચિરં-જીવી**, **ચિરણ્-જીવી**, } *adj.* [S. *fr.* +जीव् to live.] Long-lived. 2. Immortal; eternal. 3. *s. m.* A son.

N. B.—As an adjective it is used with reference to a relative younger than the speaker.

ચિરાગ, *s. m.* [P.] Light. 2. A lamp.

ચિરા-ડો, *s. m.* Same as **ચીર** A split.

ચિરાયુ, *adj.* [S. *fr.* चिर + आयुः the period of life.] Long-lived. See N. B. under **ચિરં-જીવ.**

ચિલખત, *s. n.* [S. चीर+P. बख्तर] Armour for the body as light as a fine garment.

ચિવટ, *s. f.* [See ચિમ્મડ.] Care; attention. 2. Perseverance.

Id. ચિવટ રાખવી To peresevere.

ચિંવડ, Same as **ચિમ્મડ.**

ચિષ્ટા, *s. n. pl.* [S. कृष्ट drawn *fr.* कृष् to draw. Or see છિલ્ડું.] Fibres.

ચિષ્ટું, *adj.* [S. चुष् to suck.] Dry and tough.

ચિહ્ન, **ચિન્હ**, } *s. n.* [S.] A mark; an indication; a sign; a symptom. 2. A symbol; a token. 3 A badge. 4. A blot; a spot. 5. A characteristic.

ચિન્હિ-ત, *adj.* Marked; bearing a sign or badge.

ચીઉં, *s. n.* A seed of an apple.

ચીગું, Same as **ચિગું.**

ચી-ચી, *adv.* [Imit.] Imitative of the twitter of sparrows, the chattering to birds, &c.

ચીઓ, *s. m.* Hard and black stone.

ચીક, *s. m.* [S. चिक्कण greasy.] A glutinous and acrid juice of trees, fruits, &c.; the viscid ooze or sap of plants. 2. Greasiness; unctuousness. 3. Beestings.

ચીકટ, **ચીગટ**, } Same as **ચિકટ.**

જ્યમ રસના ન અડે ચિગટ પંકજ પાન.

—દયારામ.

ચીચ-વાડો, *s. m.* [See ચીચ-વું.] A scream; moaning.

ચીચ-વું, *v. i.* [See ચીં-ચીં.] To scream; to cry to weep.

ચીચો, *s. m.* [See કાકા.] An uncle.

ચીચુ, *s. n.* A sprout; particularly the sprout end of a stalk of sugar-cane.

ચીજ, *s. f.* [P.] A thing; any substance; anything spoken of indefinitely. 2. An admirable thing. 3. A bit of poetry; an air.

ચીજ-વસ્ત, **ચીજ-વસ્તુ**, } *s. f.* [+ S. वस्तु a thing.] Goods; chattels: things; baggage; furniture; traps.

ચીટિ-યું, *s. n.* [See ચીઠી.] A chip of wood.

ચીઠ-ડું, *s. n.* [See ચીઠી + ડું dim.] A small piece of paper with anything contemptible written on it. 2. A piece of paper with magic squares and charms drawn on it.

કો મંત્ર, જંત્ર, કામણ કરે, કરતા દોરા, ચીઠડાં.

—સામળભટ.

ચીડાં, *s. n. pl.* [See ચીર-ડાં.] An allowance given by the landholders to the Patels of a village for collecting their dues.

ચીડ, **ચીઢ**, } *s. f.* [See ખીજ *fr.* S. खिद् to be sorry.] Offence; huff; angry excitement; displeasure conceived. 2. Irritability; huffishness. 3. Provocation. 4. Aversion.

Id. ચીડ ચડવી To be offended.

ચીડ-વ-વું, Same as **ચિડ-વ-વું.**

ચીણ, *s. f.* A neck-ornament worn by women.

ચીણ, *s f.* [S. चि-नो-ति he collects *fr.* चि to collect. See ચણ-વું.] Tucks made in a garment.

ચીણ, *s. n.* [See ખણ-વું.] An instrument for digging up earth, salt, &c.

ચીણ-વું, *v. t.* [See ચીણ *fr.* S. चिनोति.] To make tucks in a garment.

ચીણ-વું, Same as **ચિન-વું.**

ચીણી-બોર, Same as **ચીની-બોર.**

ચીણો, *s. m.* A very poor kind of produce; the third crop obtained from a field in the same year.

ચીત, *adj*. [S. चि॰त conquered *fr.* चि to conquer. Or, Imit. of the sound uttered by an elephant when he feels helpless; *Cf.* S. चीत्कार.] Floored; thrown (in wrestling). 2. Prostrated; ruined; marred.

ચીત॰ણિ॰યો, *s. m.* [See ચિત્ર-કાર.] An artist who works on gold or silver ornaments.

ચીતળ, ચીતળો, } *s. m.* [See ચિત્ર-વિ॰ચિત્ર.] A spotted serpent; supposed to live on the juice of the prickly pear.

ચીતળ, *s. f.* A faggot of firewood.

ચીન કબાલા, ચીની કબાલા, } Same as **ચણિક॰બાલા.**

ચીની-કામ, *s. n.* [See ચિનાઈ કામ work.] China porcelain. 2. Glassware.

ચીની-ખાનું, *s. n.* Same as **ચીની-કામ.** 2. Fireworks; pyrotechnics.

ચીની બોર, *s. n.* [Guj. ચીની of China. small, delicate, or ચણો gram+બોર.] A small kind of bore-fruit (બોર).

ચીપ, *s. f.* [See કાપ॰વું,] A slip; a slice; a thin flat piece; a narrow shred.

Id. ચીપ ચઢાવવી To get a thin flat piece of gold fixed on bangles. કાગળ કાપવાની ચીપ A paper knife.

ચીપ॰વું, Same as **ચિપ॰વું.**

ચીપા-સોનું, *s. n.* [See ચીપ slits + સોનું.] Gold of the best quality, sold in thin strips.

ચીબ॰ડી, *s. f.* [See ચીબું.] A bird having a flat face; a kind of owl.

ચીબડું, *adj*. Flat. 2. *s n.* A flat nose.

ચીમડું, *s. n.* [See ચિમા॰વું.] A tender plant of juwār or bājrī.

ચીબું, *adj*. [Hem. Des चिच्चो, चिच्चिरो, = चिपिट-नासः flat-nosed *fr.* S. चिपिट, ચપટું, flat.] Flat-nosed.

ચીર, *s. n.* [S.] A fine silken garment worn by women.

ચીર, *s. f.* [See ચીર॰વું.] A crack; a slit; a rent. 2. A small piece.

ચીર॰ડાં, *s. n. pl.* Plot of land given by the landholders in a village to the village officials in consideration of their services *Cf.* **ચાકડાં.**

ચીરમુઠ, *s. f.* A wick. (Used in the Sūrat Districts.)

ચીર॰વું, *v. t.* [Imit. See ચરર॰ર. Or, S. शॄ, क्षीर्, to cut.] To split; to slit; to rend; to tear. 2. To cleave; to cut. 3. To cross.

Id. મુડદું ચીરવું hold a *post mortem* examination. ચીરીને મીઠું ભરવું To inflict a severe punishment.

ચીરા॰ઈ, *s f* The price or cost of sawing, splitting, or cutting.

ચીરા॰ડો, *s. m.* [See ચીર.] A long slit. *Cf.* ચીર *s. f.*

ચીરા-બંધ, *adj.* [Mar. चीरा a cut stone *fr.* ચીર॰વું + બાંધ॰વું.] Flagged. 2. Paved with stones or bricks.

ચીરા॰મણ, ચીરા-મણી, } Same as **ચીરાઈ.**

ચીરા॰વું *v. i.* To be split.

Id. આ છોકરો બહુ ચીરાઈ ગયો છે This lad has gone beyond the limits of good conduct or politeness.

ચીરિ॰યું, *s. n.* A small piece.

ચીરી, *s. f.* A long narrow piece.

ચીરો, *s. m.* A slit; a crack; a crevice. 2. A long piece of canvas for embroidery. 3. [Mar. चिरा a cut stone.] A quay. 4. The end.

ચીલ, *s. f.* [See ચહ્લી, ચકલી.] A kite (bird).

ચીલ, *s. f.* A kind of weed.

ચીલો, *s. m.* [Hem. Des. उच्छिल्लं = S. छिद्रम् a rent, a hole.] A cart-rut. 2. A way; a path. 3. A line of conduct; a practice; a custom.

તમો કીધું, તો અમો કરવું; રખે રહેતો વીલો;
અમો કાંઈ લોપું નહિ; મામા કેરો ચીલો.

—**પ્રેમાનંદ.**

Id. ચીલે પડવું To be set in the proper line; to be set a-going.

ચીવટ, Same as **ચિવટ.**

ચીવર, *s. n.* [S.] A fine garment.

ચીસ, *s. f.* [Imit.] A yell; a scream; a

shriek; a loud cry; a hue and cry;a cry of horror.

Id. ચીસ પાડવી To shriek; to scream; to yell. ચીસ ખાવી To be afraid of; to be disgusted with.

ચીસ•કાર, **ચીસ•રાણ,** } [+કાર.]Loud and continued screaming.

ચીસ-પટ્ટી, *s. f.* [Mar. चिच-पेट्या *fr.* चिच=S. चिंचा a tamarind-tree + પેટી.]An ornament worn by women round the neck.

ચીસું, *adj.* [See ચુસ•વું. *Cf.* મખ્ખી•ચૂસ.] Stingy; miserly.

ચુંક, Same as ચૂક.

ચું-કે-ચાં કર•વું, *v. i.* To utter even the least sound of (spoken as a threat), *e. g.*, જો ચું કે ચાં કર્યું, તો આ કોરડો,ને તારો વાસો Utter a word, and you shall be thrashed severely on your back.

ચુંખડું, **ચુંખણું,** **ચુંચણું,** } *adj.* Squint-eyed; short-sighted; purblind.

ચુંગા, *s. f.* Claws; grasp. 2. Possession; custody; power.

ચુંગી, *s. f.* A tobacco pipe. 2. A tax levied on grain, cotton, &c.

ચુંચણું, *adj.* Having the eyes half opened.

Id. ચુંચણું-આળવું-જોવું To look at with the eyes half opened.

ચુંચી, *s. f.* [S. चूचुक.] The nipple of the breast. 2. The breast of a woman.

ચું-ચું, *s. n.* [Imit.] Chirping (of birds, mice, &c.).

ચુંટ, *s. f.* [See ચુંટ•વું.] An itching sensation; a desire to scratch.

ચુંટ•ણી, *s. f.* [See ચુંટ•વું.] Plucking up. 2. Selection. 3. Election.

ચુંટ•લો, *s. m.* Same as **ચુંટી.**

ચુંટ•વું, *v. t.* [See ખુંટ•વું *fr.* S. कुण्ट् to stop.] To gather;to pick up;to pluck out. 2. To select.

Id. ચુંટી ખાવું To peck at in anger or endearment. ચુંટી લેવું To pluck and take. 2. To select. ચુંટી કાઢવું To elect. ચુંટી નાખવું To pluck up and tear.

ચુંટી, *s. f.* Pinching; pricking; digging with the fingers.

Id.ચુંટી લેવી-ખણવીTo pinch.2.To punish.

ચુંથ•વું, *v. t.* [S. चुष्ट munched, chewed, *fr.* चुष् to munch, to suck. *Cf.* ચુસ•વું.] To turn and toss over and over confusedly. 2. To ransack; to rummage.3. To spoil by turning over and over.

ચુંથા-ચુંથ, *s. f.* Ransacking; rummaging.2.Spoiled state; spoiling.3. Derangement; disorder arising from turning and tossing.

ચુંથા•રો, **ચુંથા•ડો,** *s. m.* **ચુંથા•ણ,** *s. n.* } Anything turned over confusedly. 2. Gripes in the stomach.

ચુંથા•વું, *v. i.* To be confused;to be restless or disquieted. 2. To gripe. 3. To be dishonoured in a crowd of men (said of a woman.). 4. To have the cleanliness and orderliness of clothes spoiled. 5. To be dissected after death (of a corpse).

ચુંથો, *s. m.* Anything ransacked, rummaged, &c. 2. Rags.

ચુંદ•ડી, *s. f.* [See ચુંદવું to prick.] A mode of dyeing cloth by previously folding it. 2. A silken cloth having devices painted on it.

ચુંધણું, Same as **ચુંખણું.**

ચુંધા, *s. f.* Watching another's action and general behaviour narrowly. 2. Finding faults.

ચુક, *s. f.* [See ચુક•વું.] A mistake; an error; a blunder; a fault; an inaccuracy.

ચુકતે હિસાબે, *adv.* [+ હિસાબ.] By squaring all accounts.2.Finally.3.In full; fully.

ચુક•વ•વું. *v. t.* To decide; to settle; to adjust.2.To pay off;to discharge.3.To evade (the sight, &c., of) 4. To cause to lose one's aim.

Id. કજીઓ ચુકવવો To decide or settle a matter in dispute. નાણાં હિસાબ ચુકવ૦ To settle an account. નજર ચુકવવી To evade the

sight or attention of. 2. To take advantage of a person's want of vigilance. તું મને ચુકવે છે, કેમ? Are you trying to escape from me? Are you trying to avoid me?

ચુક-વું, *v. t.* [Dh. Des. चक्क *fr.* S. च्युत्नम् fallen; also Hem. Des. चक्कइ = S. भ्रश्यति it falls, *fr.* S. च्यु to fall.] To mistake: to blunder; to err. 2. To stray; to wander. 3. To deviate from the road. 4. To fail; to come short. 5. To be deficient in duty; to miss. 6. To fly wide; to fail to hit or catch. 7. To be eluded. 8. To let time pass.

Id. કામમાં ચુકવું, કામ કરતાં ચુકવું To make a mistake in one's work. રસ્તો ચુકવો To go astray from the right path. નિશાન ચુકવું To miss the aim.

Prov. અણી ચુક્યો સો વરસ જીવે Threatened folks live long.

ચુકા-દો, *s. m.* [See ચુક-વ-વું + S. दाय, दान, a gift *fr.* दा to give.] Decision; settlement; adjustment; termination of differences.

Id. ચુકાદો કરવો–આપવો To give a decision; to pronounce a judgment.

ચુકા-વ-વું, Same as **ચુક-વ-વું.**

ચુકો, *s. m.* A kind of plant.

ચુગઠી, *s. f.* [See ચાર four + અંગુઠી.] A pinch; a small quantity. 2. A silver ornament worn by women on their fingers.

ચુગણી, *s. f.* [See ચુંગ-વું.] Food for birds.

જન્મતાં પહેલું જનની સ્તન પય,
પ્રકટ કર્યું પ્રભુ પાસ;
ચુગણી રચ્યા પછી ચંચુ રચી,
જડ જીવ નથી વિશ્વાસ. —દયારામ.

ચુગલ, ચુગલી, *s. f.* [P. चग़ल.] Calumny; slander; back-biting.

ચોર હશે, માટે કહે, એ ચુગને ચોર;
જટિયાં ખેંચતી ઊતરી, કાઢો મારો જોર.
—સામળભટ.

ચુગલ-ખોર, ચુગલી-ખોર, *adj.* [See ચુગલી + P. ख़ोर fond of *fr.* ख़ुर्दन to eat.] Addicted to slandering or defaming.

ચુગ-વું, *v. t.* To pierce or prick and then eat (of a bird).

ચુઞ્ચુની, *s. f.* [See ચુની, ચૂર્ણ.] A white kind of sugar.

ચુટ-કી, *s. f.* [Imit.] A fillip; a snap with the thumb and a finger. 2. A moment.

રામ મંદિરમાં મિરાંબાઈ નાચત,
તાલ બજાવત ચુટકી. —મિરાંબાઈ.

ચુટ-કો, *s. m.* A short and effective sheech or writing. 2. Short sentences or words. 3. An incantation; a spell.

Prov. રસના ચુટકા હોય, કાંઈ કુંડાં ન હોય Good things are found only in small quantities.

ચુડ, Same as **ચૂડ.**

ચુડ-ગર, *s. m.* [See ચુડો + P. गर्, गार्, = S. कर, कार, *fr.* कृ to do; or, See ઘડ-વું.] A bangle-maker.

ચુડ-લા, *s. m.* Bangles; bracelets.

ચુડા-ઉતાર, *adj.* [+ઉતર-વું sloping.] Having the form of a cone cut into several circles, each of the upper ones being smaller than the lower ones; sloping.

ચુડી-ગર, Same as **ચુડ-ગર.**

ચુડે-લ, *s. f.* A female goblin; a fury; a witch. 2. A hag; a slut; a beldam.

ચુડો, Same as **ચૂડો.**

ચુણ, *s. f.* [See ચણ-વું, *fr.* S. चि, चि-नो-ति, to collect.] Pecking for food (of birds).

ચુણ-વું, Same as **ચિણ-વું.**

ચુણી, *s. f.* Small folds or wrinkles in coats or trousers.

ચુન-ચુની, Same as **ચુઞ્ચુની.**

ચુન-વું, *v. t.* [S. चि, चि-नु. to collect. See ચણ-વું] To pick up. 2. To glean; to select.

રોમ રોમકી છાંઈ બનાઈ, ત્રણ ગુણકા ગાલા,
કહેત કબીરા સુન ભાઈ સાધુ ચેતન ચુનવાવાલા.
—કબીર.

ચુન-વું, Same as **ચુમ-વું.**

ચુના-રો, *s. m.* [See ચુનો + કાર doing.] One who plasters walls with lime; a bricklayer. 2. A lime-maker.

ચુના-ળ-વો, *s. m.* [See ચુનો + આલય + P. वा dim.] A lime-pot.

ચુના-ળુ, *adj.* [+ વાળું suffix showing possession.] Covered with lime.

ચુની, *s. f.* [See ચૂર્ણ.] A small ruby.

ચુનો, *s. m.* [S. चर्ण to powder.] Lime; chunam. 2. Utter demolition or destruction;a crumbled, crushed, or ruined state.

ચુપ, *interj.* [Imit. Or P. चस्पीदन् to stick.] Silent ! Quiet ! Hush ! Hold your tongue ! Peace ! 2. *adj.* Silent; speechless.

ચુપ·કી, *s. f.* Silence; quietness.

ચુપ·ચાપ, Same as **ચુપા-ચુપ**.

ચુપવું, *v. i.* To be thrust;to be pierced.

ચુપા-ચુપ,*adv.*Silently; quietly;secretly; private y.

ચુમ·વું, *v. t.* [See ચુમ્બ·ન.] To kiss; to touch with the lips.

ચુમા·વું, *v. i.* [Pass. of ચુમ·વું.] Lit. To be kissed. Hence, 2. To be obliged to remain quiet;to be quiet against one's will.

Id. ચુમાઈ રહેવું To be obliged to remain quiet; to suffer patiently.

ચુમી, *s. f.* A kiss a buss.

Id. ચુમી લેવી To kiss.

ચુમો-તેર, *adj.* [S. चतुर् four + સિત્તેર *fr.* S. सप्तति seventy.] Seventy-four; (74).

ચુમ્બ·ક, *s. m.* [S. चुम्ब् to kiss.] A debauchee; an adulterer. 2. A miser. 3. A loadstone; a magnet.

ચુમ્બ·ન, *s. n.* A kiss. 2. The act of kissing.

ચુમ્બ·વું, Same as **ચુમ·વું**.

ચુમ્માળાં,*s.n.pl.* [See ચુમ્માળી forty-four.] Weakness of sight owing to advanced age. Hence, 2. Spectacles.

Id. તેને ચુમાળાં આવ્યાં His sight is weak owing to his advanced age; he is obliged to use spectacles.

ચુમ્માળી, **ચુમ્માળીશ**, *adj.* [S. चतुर् four+ चत्वारिंशत forty.] Forty-four; (44).

ચુમ્માળું, *adj.* Taking forty-four as the unit (of a measure or weight). 2. Taking forty-four seers to be equal to one maund instead of forty.

ચુમ્માળો, *s. m.* [S. कम्बल, કામળો.] A coarse blanket.

ચુમ્મી, Same as **ચુમી**.

ચુમ્મોતેર, Same as **ચુમોતેર**.

ચુરમું, *s. n.* [See ચુર·વું.]A kind of sweetmeat made of crumbled bread, molasses, and *ghee*.

ચુર·વું, *v. t.* [See ચૂર્ણ.] To reduce to powder by crushing. 2. To crumple; to crush; to rumple; to ruffle; to rudely put into disorder. 3. To rub hard.

ચુરા·ડો,*s.m.* Bricks reduced to powder; large fragments of bricks.2. Same as **ચૂરો**.

ચુલ·ડી, **ચુલી**, *s. f.* [S. चुल्ली. See ચૂલો.] A small fireplace; a hearth.

ચુલા-વેરો, *s. m.* [+ વેરો.] A house-tax.

ચુલા-સગડી, *s. f.* [+ સગડી.] A portable hearth or stove of iron, clay, &c.

ચુલેતરું, *s. n.* A kind of partridge.

ચુલો, *s. m.* [S. चुल] A fire-place; the hearth; a stove.

Id. ચુલામાં જા–પડ–પેસ Go to the bad; do what you like (Used by women in utter contempt). ચુલામાં પેસવું, ચુલો ફુંકવો To do cooking operations. ચુલો સળગાવવો To light the fire for cooking.ચુલા અબોટ કરવોTo clean the fire-place after a meal. 2. To sweep the fireplace and clear away the leavings. ચુલા ઉપર કાંઈ ચઢી બેસાય ? The cooking cannot be hastened even should the cook sit on the fireplace. ચુલામોંનો Lit. Having a face that burns or hurts everything.2. Malevolent; malicious. ચુલામાં નાખવું–ઘાલવું To burn; to set fire to (Used in contempt). તેના ચુલામાં બિલાડી આળોટે છે He has nothing to cook, nor to eat; he has nothing in his larder. 2. He is very poor.

Prov. ચુલામાંથી નિકળી હોલામાં પડવું To go from the frying pan into the fire. ચુલાનું લાકડું ચુલામાં બળવાનું Fire-wood must come at last to the fire-place:The dog returneth to his vomit : Sorrow carried to excess destroys both body and mind.ઘેર ઘેર માટીના ચુલા Everyone has his infirmities:All alike have their misfortunes. ચુલાનું ઉપરીપણું The direction of the affairs of the house.

ચુવા ચંદન, *s. n.* [See ચુવો 2.] A kind of sandal-wood.

ચુવવું, *v.i.* [S. च्यु to drop, to fall.] To drop; to leak.

ચુવો, *s. m.*[See ચુવવું.] A leak in the roof of a house. 2. Fragrant ointment. 3. A rat.

Prov. સો ચુવા મારી, બિલ્લી બાઈ પાટ બેઠાં Having more than satisfied his wants by several evil acts, he now claims to be a respectable man.

ચુસવું, *v.t.* [S.चुष् to suck up. Or S. शुष् to be dry.] To suck; to imbibe. 2. To enfeeble.

Id. ચુસી લેવું To suck up; to leave dry and bloodless. ચુસીને ખોખું કરવું To suck up the blood & leave a skeleton. લોહી ચુસવું To suck up the blood or vital elements and leave the body lifeless. રસ ચુસવો To suck up juice.

ચુસ્ત, *adv.* [P. चुस्त smart.] Devoted; firm in principle; staunch;zealous. 2. Sedulous; resolute. 3. Persevering.4. Tight.

ચૂં, } *adv.* [Imit.] Chirping.
ચૂં-ચૂં, }

ચૂંક, *s. f.* A small nail. 2. A nose-ornament in the form of a nail. 3. Cramps; stomach-ache; gripes; colic.

Id. ચૂંક મારવી To drive in a nail. ચૂક ઘાલવીTo drive in and fix a nail.2.To throw an obstacle in one's way. 3. To wear a nose-ornament. ચૂંક આવવી To have a stomach-ache or the gripes. 2. To be unwilling to do a work.3. To have a secret object in refusing to do a work.

ચૂંચી, Same as **ચુંચી**.

ચૂક, Same as **ચુક**.

ચૂકણુ,*s.m.*A tailor (Used in the Bhāl.)

ચૂ-કર, *s. m.* [Corrup. of **ચા-કર**.] A menial; a very low servant.

Prov. ચાકરનો ચુકર, ને તેને ઘેર પેજખાનાં What good result can you expect from the work of a very low servant ?

ચૂડ, *s. f.* [See ચુડો.] Bangles (worn by a widow.) 2. Bangles set with pearls (worn by children.).3. A twist; a trap.

Id. ચૂડ ભરવવી-મારવી

ચૂડ-ઘડ, } Same as **ચુડગર**.
ચૂડ-ઘર, }

ચૂડા-કર્મ, *s.n.*[S.*fr.*चुडा the crest + કર્મ] See ચૂડી કરમ. 2. [See ચુડો + કર્મ.] Cooking work, generally done by women who wear bangles (ચૂડા.) (Spoken in contempt.)

ચૂડા-મણિ, *s.m.* [S. *fr.* चुडा the crest + મણિ.] A crest-jewel. 2. A thing that is the best of its kind.

ચૂડી, *s. f* [See ચુડો, ચૂડો.] A bangle; a bracelet of ivory or glass.

ચૂડી-કરમ, *s. n.* Breaking bangles or bracelets of a woman on the death of her husband. 2. Cooking (Said of a man in contempt).

Id. ચૂડીઓ પેહરવી To act the woman. 2. To be womanish; to be effeminate; to lose one's manly qualities. 2. To be cowardly.

ચૂડો, *s. m.* [Hem. Des. चुडो = S. वलयम a bracelet.] A bangle worn by women on their wrists.

Id.ચૂડો પહેરવો-ઘાલવો To put on a bangle. ચૂડો પહેરાવવો To marry (of the bridegroom marrying the bride). ચૂડો ઉતારવો-ફોડવો Lit. To put off or break the bangles. Hence, 2. To make a widow; to perform a rite in which a woman is divested of all the marks of her wifehood. તારો ચૂડો ચોટલો ઉતરે An abusive expression used towards women.

Prov. ચૂડામાં મૂડો સમાય Wifedom is a safe cover for adultery.

ચૂત,*s. m.* [S.] A mango-tree.

ચૂત, *s. f.* [S. च्युति.] The vulva; the female organ of generation.

ચૂન, *s. m.* [See ચુનવું.] Food.

ચૂનો, Same as **ચુનો**.

ચૂપ, Same as **ચુપ**.

ચૂર, } Same as **ચૂરો**.
ચૂરી, }

ચૂરણ, *s. n.* [See ચૂર્ણ.] Powder; a preparation made of various spices,flour, &c; a medicinal powder.

ચૂરે-ચૂરો, *s.m.* Smashed state.

ચૂરો, *s. m.* Shattered and crumbled state; ruins; fragments; shivers; bits. 2.

Smashed state.3.Powder; splinters; atoms.

ચૂર્ણ, Classical form of **ચૂરણ**.

ઉર આણ્યો અવિશ્વાસ પતિ, સહુ કર્યું સાધન ચૂર્ણ.
—**દયારામ.**

ચૂર્ણિ-કા, *s. f.* Prose explanation of a verse.

ચૂલ, *s. f.* Same as **ચુલો**.

ચૂલિ-યું, *s. m.* [See ચૂલો.] An instrument for cutting and preparing vegetables for cooking.

ચૂલેતરો, *s.m.* [See ચૂલો + કાતરવું.] An instrument for cutting mangoes into pieces.

ચૂલો Same as **ચુલો**.

ચૂસ-ણિ-યું, *s. n.* [See ચુસ-વું.] A toy for infants.

ચેં કે ચૂં, *s. n.* [Imit. *Cf.* ચું કે ચાં કર-વું.] The least sound.*Cf.* **ચું-કે-ચાં**.

Id. ચેં કે ચૂં કર્યા વગર Without making the least sound.

ચેંગટ,*adj.* [See ચિકટ.] Slow; dilatory; tiresome.

ચેં-ચીં, *s. f.* [Imit.] Arrogance;haughtiness; conceit; affectation.

ચેં-ચેં. *s. f.* [Imit.] The cry of little birds. 2. Loquacity.

ચેંચેં-પેંચેં, *adv.* [Imit + redup.] A little. 2. In some places. 2. *s. f.* Struggle; hesitation; a murmur.

ચેંડું, ચેંદુ, ચેંદુ, *s. m.* [S. कन्दुक] A play ball.

ચેંડુલ, *s. m.* Same as **ચંડુલ**.

ચેંડલ, *s. m.* [See ચંડોલ.] The pyramid-crested wood-lark.

ચેંણુ, *s. n.* A mole or musk-rat.

ચેંણ, *s. m.* [See ચિણ-વું.] Folds.

ચેક, *s.m.* [Eng. *Cheque.*] A cheque; a draft on a bank.

ચેક, *s. m.* [Eng.] Check; control.

ચેટક, *s. n.* [S. चित to know; to have the power to move.] Sorcery; witchcraft. 2. Wiles; cunning; arts. 3. Evil machinations; wicked scheming and devising. 4. A lesson; a warning (Colloq.).

ચેડ-વ-વું, *v.t.* [See ચઢ-વું.] To boil; to cook.

ચેડાં, *s. n. pl.* [See ચેષ્ટા.] Folly. 2.Foolish pranks.

Id. ચેડાં કાઢવાં To act as a fool or a buffoon.

ચેડા, *s. m. pl.* [See છેડો.] A hint; a clue; a previous intimation.

ચેણુ,Same as **ચેંણુ** A mole, a musk-rat.

ચેત-ન, *adj.* [See ચિત્.] Endued with life; sentient, conscious;percipient.2. *s. n.* Intelligence, understanding. 3. Power to move; vitality; life.

ચેત-ના, *s,f.* Life;vitality.2. Understanding; mind; wisdom. 3. Generative power.

જેમ મૃતકને અમૃત સીંચે, કે ઉઠે ચેતના પામી.
—**પ્રેમાનંદ.**

ચેતર-ડ,*adj.* [See ચિત્ર.] Foolish.

ચેત-વ-ણી,*s. f.* [See ચેત-વ-વું.] A hint;a caution;a warning;information previously given; a notice.

Id. ચેતવણી આપવી-દેવી-કરવી To give a warning.

ચેત-વ-વું, Same as **ચેતા-વ-વું**.

ચેત-વું,*v.i.* [S. चित to be able to move; to know.]To catch fire;to kindle(of a light). 2. To make out;to take a hint; to beware. 3. To think;to perceive. 4. To recollect; to remember.

Prov. ચેતતા નર સદા સુખી Forewarned is forearmed.

ચેતા,*s.m. pl.* An intimation; a hint.

ચેતા-વ-વું, *v. t.* [Caus. of ચેત-વું.] To hint;to caution;to warn; to apprise previously.2.To kindle; to light; to set fire to. 3. To repair a building or its parts.

ચેન, *s. f. n.* [See ચેત-ન.] Rest; ease; repose; relief; tranquillity, peace of mind. 2. Merriment.

Id. ચેન કરવું, ચેન મારવી, ચેન ઉડાવવી To be merry. ચેન પડવું To be at one's ease.

ચેન, *s. n.* [See ચિન્હ.] A sign; a mark.

ચેન-કાં, *s.n. pl.* [See ચેન, ચિન્હ.]Gestures; tricks; frolics.

ચેન-બાજી, *s. f.* [See ચેન rest + P. बाज़ fond of *fr.* बाख़्तन to play.] Merriment; luxury; luxurious way of living; a life of

ease and merriment.

Id. ચેનબાજી કરવી-મારવી-ઉડાવવી To live a life of ease and merriment; to lead a dissolute life.

ચેનો, *s.m.*[See ચેન merriment.Or ચાહ઼વું, ચા઼વું.] Eager desire; craving; diligence.

ચેપ, *s.m.*[See ચેપ઼વું.] Pressing; thronging. 2. A throng; crowdedness. 3. Contagion; infection. 4. Pus. 5. Effects of evil association. 6. Difficulty.

Id. ચેપ લાગવો To be affected by contact; to be infected. ચેપ કાઢવો-પતાવવો-મટાડવો To adjust, to settle to decide (an account, &c). 2. To get rid of a bother or nuisance. 3. To press, to compress; to squeeze. ચેપ છોડવો To let go (a matter &c.) (used contemptuously).

ચેપ઼વું, *v. t.* [Imit. See ચપ. Or P. चस्पीदन् to press.] To press; to squeeze. 2. To trust.

ચેપી, *adj*. Contagious; infectious. 2. Persevering (Used in a bad sense).

ચેપી, } *adj*. [See કૃપણ.]Miserly;stingy.
ચેપુ, }

ચેર, *s. n.* Wood (Used in Kthd.).

ચેરમ-ચેરા, *s.m.pl.* Same as **ચેહેરમ-ચેરા**.

ચેર઼વું. *v. t.* [See ચિર઼વું.] To strike out what has been written by running a line through it; to erase; to blot out. 2. To expose to ridicule; to expose another's faults.

ચેરી-મેરી, *s.f.* [Eng. *Cheery + Merry.*] A reward; a present; a gift; a bonus; a prize. (This word is used particularly by servants then asking for little presents from Englishmen).

ચેલ-કી, *s. f.* [See ચેલી, ચેલો.] A girl (Used in endearment).

ચેલ઼કો, *s. m.* A boy (Used in endearment).

ચેલિ઼યું, *s.n.* A basket, generally made of metal or leather.

ચેલી, *s. f.* [See **ચેલો**.] A female disciple.

ચેલો, *s.m.* [Hem. Dem. चिल्लो, चेडो, = S. बाल; a boy, *fr.* S. चेटक an attendant; a friend.] A disciple. 2. A pupil; a scholar.

Id. ચેલો મુંડવો To make a disciple of. 2. To bring under one's control. 3. To deceive.

ચેવટ, Same as **ચિવટ**.

ચેવલી, *adj*. Pertaining to Cheval or Chaul; a village in the Konkan well-known for its betel-leaves.

ચેવ઼વું, *v. t.* [See સેવ઼વું.] To make warm (with heated wax, water, &c.).

ચેષ્ટા, *s. f.* [S. *fr.* चेष्ट् to move.] Mischievous tricks; waggery; banter; quirks. 2. Wild capers. 3. Worrying; teasing. 4. Jokes. 5. Calumny. 6. Mimicry.

Id. ચેષ્ટા કરવી To play pranks. 2. To tease by imitating one's gestures or movements.

ચેષ્ટા-ખોર, *adj*. [+ P. खोर् fond of *fr.* खुर्दन to eat.] That which is full of tricks and pranks; given to making jests. 2. Calumnious; censorious.

ચેષ્ટાળી, *s. f.* [+ આવલિ.] A series of jokes. 2. Mischief. 3. A joke.

ચેહ, *s. f.* Same as **ચિતા** A funeral pile; a pyre.

ચેહેન, Same as **ચેન**. 2. Same as ચિન્હ.

આજનાં ચેહેન દીસે કાંઇ અંગે,
રાતલડી રમ્યા છો પેલીની સંગે. —**દયારામ.**

ચેહેબચો, *s.m.* [P. चह् dim. of चाह् a well + ब with + चह् redup.] Mud. 2. A pond.

પોતાનાં વસ્ત્ર દાસીને પેહેરાવી,
બેઠી ચેહેબચામાં આવી. —**પ્રેમાનંદ.**

ચેહેર઼વું, Same as **ચેર઼વું** To expose to ridicule.

રૂડા ભુંડી વાત સાંભળી હોય,
કોઇ આગળ નવ ચેહેરીએ. —**પ્રેમાનંદ.**

ચેહેરમ-ચેહેર, *s. f.* }
ચેહેરમ-ચેહેરા, *s m.pl.* } Scratching out; erasures made in a document.
ચેહેરા-ચેહેર, *s. f.* }

ચેહેરા-દાર, *adj*.[P. चेहरः + દાર having.] Beautiful-faced; having a handsome face.

ચેહેરો, *s.m.*[P. चेहरः] The face; features; the visage; air; look; mien; countenance. 2. A joke (Used in Kthd.).

Id. 2. ચેહેરો કઢાવવો-રખાવવો To get the hair cut and the head shaved in an English

fashion. ચેહરો થવો To be talked of ચેહરો પડાવવો–ઉતરાવવો To get a picture drawn of one's likeness.

ચેળ, *s. f.* [Dh. Des. चवल *fr.* S. चपल active, moving.] Itching; a desire to scratch. 2. Excitement. 3. Eagerness; inclination of the mind.

Id. ચેળ આવવી–થવી To have a desire to scratch. ચેળ થવી To feel inclined.

ચેડ·કો, *s. m.* [See ચેળ. or ચર·ડ·કો.] Anxiety.

ચડવો, Same as **ચરડવો.**

ચૈતન, *s. n.* [See ચૈતન્ય.] Life; spirit; essential activity. 2. Intelligence.

ચૈતન્ય, *s. n.* [S. *fr.* चेतना *fr.* चित to move, to know.] Life. 2. Knowledge. 3. The Supreme Being.

ચૈતન્ય-ઘન, *adj.* [S. + ઘન. thick.] Full of knowledge. 2. *s. m.* The Supreme Being.

ચૈતર, ચૈત્ર, *s. m.* [S. चैत्र *fr.* चित्रा one of the lunar mansions.] The name of the Hindu month corresponding to March-April.

Prov. ચૈતર ચઢ્યો નહિ, ને વૈશાખ ઉતર્યો નહિ It is neither the one, nor the other.

ચૈત્ય-વંદન, *s. n.* [See ચૈતન્ય + વંદન.] Bowing before the an idol in a temple (Used by Jains).

ચૈયું, *s. n.* A rope of darbha grass used in plaiting the tape of a cot or bed-stead.

ચૈત્રી, *adj.* Relating to the month of **ચૈત્ર.** 2. *s. f.* A festival held in the month of **ચૈત્ર.**

ચોં, Vulgar for **ક્યાં.**

ચોંક, *s. f.* [Imit. Or See ચાનક.] Startling; a sudden start; a bounce.

Id. ચોંક રાખવી To be startled. 2. To be in fear of.

ચોંકવું, ચોંકી ઉઠવું, *v. t.* To start. 2. To shrink. 3. To wince; to shy (as a horse).

ચોંચલું, *adj.* [See ચંચલ.] Mischievous. 2. Squint-eyed. *Cf.* **ચુંખલું.**

ચોંચલાં, *s. n. pl.* Amorous dalliance; coquetry; love-airs; blandishments. 2. Fun; fuss; wantonness.

ચોંટ, *s. f.* [See ચોટ, ચોટવું.] A pain in the stomach caused by eating half-cooked substances.

ચોંટવું, *v. i.* To stick; to adhere; to cling.

ચોંટાડવું, *v. t.* [Caus. of ચોંટવું.] To make to stick; to paste; to affix.

ચોંપ, *s. f.* [See ચાંપ, ચાંપવું, *fr.* P. चम्पोदन to press.] Vigilance. 2. Haste.

Id. ચોંપ રાખવી To have care; to be careful.

ચો, *s. f.* [See ચવ.] Taste.

ચો, *s. m.* [See ચહાવું.] Eager; desire; a craving.

ચોક, *s. m.* [S. चतुष्कोण *fr.* चतुर् four + कोण an angle. Or Hem. Des. चउक्क *fr.* S. चतुष्क a square. *fr.* चतुर्, ચાર, four + क collection.] A square; a court. 2. An area. 3. A number four (on dice); a throw of four. 4. A chunam floor. 5. A bazar. 6. A market. 7. The square or quadrangle forming the central portion of a temple; an open space in a thickly populated part of a city or town. 8. [S. चतुष्क a group of four *fr.* चतुर् four.] the term used for multiplying a number by four. 9. A stanza of four lines.

Prov. ઘેર બેઠા મોતીએ ચોક પુરવા, See Prov. under **ઘર.**

ચોક, Same as **ચોકસ.**

પુત્રી પીતાંબર તણી બેઠી'તી ગુણ ગોખ;
દૃષ્ટિ ગઈ ત્યાં માહરી, ચિત નથી રહેતું ચોક.

—**સામળભટ.**

ચોકઠું, *s. n.* [S. चतुष्क collection of four *fr.* चतुर् four + क collection + ट dim.] A frame; a quadrangular frame; a doorcase; any four-sided or rectangular frame. 2. An open quadrangle in a street.

Id. ચોકઠું બેસાડવું To fix a frame or door-case. 2. To settle a plan. 3. To settle a matrimonial alliance.

ચોકડિયું, *s. n.* [See ચોકડી.] A silken garment having squares woven in it, worn by widows.

ચોકડી, *s. f.* An aggregate of four. 2. A square. 3. An asterisk. 4. A period comprising the four ages of the world accord-

ing to Hindū Mythology.5.A square spot, generally in a corner of a room, set apart for accumulating waste water. 6. One stroke crossing another. 7. The sign for addition (+) or for multiplication (×).

Id.ચંડાળ ચોકડી A gang for conspirators. 2. A company of ruffians. ચોકડી મુકવી To erase; to scratch out. 2. To write an asterisk.-નામ ઉપર ચોકડી મૂકવી To pluck a candidate at an examination.

ચોક·ડું, *s. n.* [See ચોક square,four] An ornament worn in the ear, containing four pearls. 2. [S. चतुर् four + કડી.] That part of a bridle which is put in the mouth of a horse.

રાવત તો રીસે ચડયો, આળસ ગોડી ઊઠ;
મુખમાં ઘાલ્યું ચોકડું, રાણી ઉપર રૂઠ—**સામળભટ.**

ચોક-વટી, *s. f.* [See ચોક + S. वाट a place, or Guj. વાટ a way, a road.] An open spot where four roads meet. 2. A bazar in the front of one or more streets;a market-place.

ચોકવટી ને પેહેલવાન, નવા મેહેલ છે શોભાવાન;
—**વીરજી.**

ચોક·વું, Same as **ચોક·વું.**

ચોક·વું, *v. t.* [See ચોક.] To prepare in all details or equip (of a માંડવો or square enclosure with a canopy). 2. To perform the final religious ceremony in a marriage.

Id. માંડવો ચોકવો To prepare a square enclosure for a marriage ceremony. 2. To perform the final religious ceremony in a marriage.

ચોકસ, *adj.* [S. चोक्ष pure.] Exact; precise; strict.2. True; correct. 3. Certain; sure. 4.Shrewd; sharp; intelligent. 5. Determined; indubitable. 6. Of an inquiring mind. 7. Cautious; circumspect.

Id. ચોકસ કરવું To determine; to come to a determination; to resolve. ચોકસ ઠરવું To be determined; to be settled; to be resolved. ચોકસ રહેવું To be cautious; to be particular. ચોકસ ઠેકાણું A particular place;a place determined upon.

ચોકસા·ઇ, } **ચોકસી,** } *s. f.* A careful inquiry or investigation; scrutiny. 2. Caution; circumspection;vigilance;carefulness.3.Cleverness.

Id. ચોકસી ઉપર રહેવું To look after; to be watching.

ચોકસી, *s. f.* Same as **ચોકસા·ઈ.** 2. *s. m.* An assayer or gold and silver; one that tests the quality of gold and silver;an assaymaster. 3. A dealer in gold and silver; a jeweller.

ચોકિ·યા·ત, *s. m.* [See ચોકી + વૃત્તિ.] A guard; a watchman. 2. *s. f.* A toll or duty; money paid for guarding; the wages of a guard.

ચો·કિ·યું, *s. n.* A waggon or cart drawn by four bullocks. 2. Same as **ચોક·ડું.**

ચોકી, *s. f.* [See ચોક.] A low square seat.

તર્ત ઊઠયા શ્રી ભુવન પતિ, બેઠા ચોકી ઉપર તેણ વાર.
—**ગિરિધર.**

2. A guard; a watch. 2. A party of constables,&c.,stationed as guards.4.A police station or gate.

Id. ચોકી કરવી–ભરવી To guard;to watch.

ચોકી·દાર, } **ચોકી·વાળો,** } *s. m.* [+ P. दार् keeping *fr.* दाश्तन=હ, धार् to keep, to hold, = વાળું.] A man on guard;a watchman.

ચોકી·દારી, *s. f.* The duty of a guard.

ચોકી-પહેરો, *s. m.* [+ પહેરો, પોહરો.] Careful watching and guarding.

ચોકો, *s. m.* A quadrangular spot. Especially.2.A spot cleared for cooking.3. A spot cleared for a dying man to lie upon.

Id. ચોકો પાટલા કરવાTo clean the kitchen after meals are over. 2. To be completely free from a business. ચોકે લેવો–ઉતારવો–નાખવોTo plece a dying man on the ground as on his last bed. ચોકો વાળવો-દેવો To prepare the last consecrated bed for a dying man. 2. To upturn or upset a proposal, &c., by any means.

ચોખ, *s. f.* [See ચોખ્ખું.] Cleanliness. 2. The adjusting of accounts,&c.3.Adjustment; a decision (Used in K. hd.). *adj.* See ચોખ્ખું.

ચોખ-ટ, Same as **ચોખ-વટ.**

ચોખ-ટિ-યાટ, Same as **ચોખ્ખું.** *Cf.* **ચોખ-લા-આટ.**

ચો-ખંડ, ચો-ખાણુ, } *adj.* [S. चतुर् + ખંડ, ખુણો] Square; quadrangular; oblong. 2. Broad; large; ample; spacious. 3. *s. m.* A square. 4. *s. m. pl.* [Or See + खण्ड a continent, a division.*fr.*खण्ड् to divide.]The four regions or quarters.

ચો-ખંડું, Same as **ચો-ખંડ.**

ચો-ખરૂં, ચો-ખળું, } *s. n.* [See ચાર four + ખળું.] A group of villages.2.A district;a province.

ચોખ-લિ-યાટ, *adj.* [ચોખ્ખું + લું dim + વૃત્તિ.] Same as **ચોખ્ખું.** 2. Specially, so clean as not to be defiled by contact with persons or things of a lower class;so clean as to be partaken of by persons of higher classes (of food, clothes, &c.).

ચોખ-વટ, *s. f.* [See ચોખ્ખું + વૃત્તિ.] A particular desire or eagerness to be clean; love of cleanliness; fastidiousness. 2. Cleanliness.

ચોખા, *s. m. pl.* [See ચોખ્ખું.] Rice.

Id. ચોખા ચોહોડવા Lit. To stick rice to the forehead of. Hence, 2. To wish well; to give a blessing to. ચોખા મૂકવા Lit. To give rice to (a mark of a solemn invitation). 2. To invite. ઘેર ઘેર ચોખા મૂકવા Lit. To go about distributing rice or making solemn invitations to all persons one meets. Hence, 2. To go about gossiping or exposing secrets.તારા ચોખા ખાઉ -રાંધું-ખાકું (vulgar) May you die—a term of abuse used by Kolīs and Vāgharīs. ચોખા નાખવા-વેરવા To marry a second time (of a woman).

Prov. ચોખા ભેગી એળ (ખફાવી)Great fish eat up small ones.

ચો-ખાની, *s. f.* [S. चतु four + P. ख़ानः a division.] A kind of checkered cloth.

ચોખા-પુર, ચોખા-ભર, } *adj.* [See ચોખા + પૂરૂં, પૂર-વું, *fr.* S. पृ and भृ, ભર-વું, to fill.]Being a grain of rice in weight or measure.

ચોખા-સું, Same as **ચોખલિ-યાટ.**

ચોખાળ-વું, *v. t.* [See ચોખ્ખું.] To make clean; to cleanse.2. To express clearly.

ચો-ખુણ, ચો-ખુણિ-યું, } *adj.* [S. + ખુણ *fr.*S. कोण an angle.] Quadrangular.

ચો-ખંટ, *adv.* [S. चतुर्, ચાર, + See ખૂટ, ખુંટો,a pivot *fr.* S. कुण्ट् to stop.]In the four regions or quarters;on all sides;all around.

ચોખ્ખા-ઈ, *s. f.*[See ચોખ્ખું.]Cleanliness; purity. 2. Honesty; integrity. 3. Spotlessness; faultlessness. 3. Clearness.

ચોખ્ખું, *adj.* Hem. Des. चक्खुड्डणं = S. प्रेक्षणीयम् handsome, *fr.* S. चोक्ष, चौक्ष, pure, clear.] Clean; chaste; free from impurity. 2.Good;excellent. 3. Unadulterated; clear. 4. Sincere; faithful. 5. Real; genuine. 6. Abstaining from corruption and bribery; honest.

Id.ચોખ્ખું કરવું To make clear.ચોખ્ખું રહેવું To live a pure life.એને ઘેર ચોખ્ખું ને ચોખ્ખું જ રહેવાનું છે Lit. His house will be for ever clean (as he has no children). 2. He is childless. ચોખ્ખો હિસાબ A clear and honest account.ચોખ્ખે ચોખ્ખે કહેવું To speak plainly, boldly,and honestly. Hence,2. Expressing one's ideas in the most realistic manner without regard to person, time, or place; openness of speech.ચોખ્ખું ચણક Quite clear and open.ચોખ્ખો હાથ Clean hands.2.Honest.

ચો-ગઠ, *s. f.*[See ચાર four+ગાંઠ.] A knot of ropes tied round the marriage altar.

ચોગ-ડો, *s. m.* [S. ચો-ક four. + ડો dim.] The figure four; (4).

ચો-ગણું, *adj.* [+ गुण multiplication.] Four-fold; four times more.

ચો-ગમ, *adv.* [+ ગમ, મગ, માગ, માર્ગ. *Cf.* અણી-ગમ, પેલી-ગમ.]On all sides, all around.

ચો-ગર્દમ, *adv.* [See ચાર four + P. गर्दिदन to surround.] Surrounding; on all sides.

ચો-ગાન. *s. n.* [See ચો-ક a square.] An open space; a large plain.

ચો-ઘડિ-યાં, *s. n. pl.* [See ચાર four + ઘડો a pot, a drum. There is in this word a confusion between ઘડો a pot, a drum, and

ઘડીa period of twenty-four minutes.]Four drums beaten together at the end of એપ્હર (three and three-fourths ghadees), four times in the day and four times at night—before the palace of a king or the temple of a god.

ચો-ઘડિ·યું, *s. n.* [S. चतुर् four + ઘડી.] A period of four *ghadees*, or, more accurately, three and three-fourths ghadees; a period of one hour and a half. 2. A period of time under the influence of a particular planet.

Id. અમૃત-કાળ-શુભ-ચળ-રોગ-લાભ-ઉદ્યોગ-ચોઘડિયું are the seven names given to the several parts of the days of the week according to Hindū astrologers.

ચો-જાવો, *s. m.* [See ચાર four + Java N. of island.] Lit. The four things brought from the Island of Java, *viz.*, લવિંગ,એલાયચી, તજ, જાયફળ. Hence, 2. Spices.

ચોટ, *s. f.* [See ચોટ·વું.] A wound; a cut; a bruise; a blow with the fist. 2. A blow or stroke of misfortune. 3. A spell causing death. 4. A loss

Id. ચોટ મારવી To strike a blow; to hit the one thing aimed at out of many. 2. To make use of a magical charm in getting a man killed. ચોટ ખાવી To be hurt; to be beaten or wounded. ચોટ લાગવી To be successful in carrying out one's object. ચોટ વાગવી To be struck a blow. ચોટ રહેવી To have a stomach-ache.

ચોટ·ણું, *s. n.* Clinging; adhering; adhesion. 2. A thing that adheres.

ચોટ·લી, *s. f.* [Hem. Des. चोट्टी = S. शिखा the tuft of hair on the head *fr.* S. चूडा crest.] A tuft or lock of hair on the head.

Id. ચોટલી લઇ જવી-મંતરવી To outwit; to be superior in intellect or bodily strength. ચોટલી હાથમાં આવવીTo be under one's control.

ચોટ·લો, *s. m.* The hair on the head of a woman. 2. The hair on the head.

Id. ચોટલો ગુંથવો-વાળવો To braid the hair (of a woman). ચોટલો ઝાલીને ખેંચી નાખીશLit. I will drag you by your hair (said to a woman). Hence, 2. A term of abuse used among women.

Prov. ચાર મળે ચોટલા, તો વાળે ઊંધા ઓટલા Gossiping women are sure to give rise to a quarrel.

ચોટ·વું, *v. i.* [Dh. Des. चोतओ *fr.* S. चोत्त a goad *fr.* S. चुद्, चोद्, to drive. Or Hem. Des. चहुट्ट = S. निमग्न sunk, plunged, *fr.* S. चट·ति it sticks to.] To stick; adhere, or cling to. 2. To be struck or hit.

Id. ચોટી રહેવું-બેસવું To stick fast.

ચો·ટા·વું, *v. i.* [Pass. of ચોટ·વું.]To make to adhere, stick, or cling. 2. To be made to suffer a loss,

ચોટા·ડ·વું, *v. t.* [Caus. of ચોટ·વું.] To stick; to affix.

ચોટી, *s. m.* [See ચોટ·વું.] He who strikes a blow.

ચોટી, *s. f.* Same as **ચોટ·લી**. 2. The fibres at the top of a cocoanut.

ચોટ્ટા·ઈ, *s. f.* [See ચોટ્ટું.] Theft; misappropriation. 2. Thievish conduct.

ચોટ્ટું, *adj.* [See ચોર+ટ્ટું dim.] Thievish; roguish.

ચોડ, *s. f.* [Seeચો-પટ,ચો·વટ, ચો-વડ, ચો-ડું.] A small heap of thin and flat things.

શ્રી સંકર્ષણ શિવજીનું સર્વસ્વ,ઉપનિષદોની ચોડ છે જી.
—**દયારામ.**

ચોડ·વ·વું, *v. t.* [See ચડા·વ·વું, ચઢા·વ·વું.] To cook.

ચોડ·વું, *v. t.* [Caus of ચોટ·વું.]To plaster; to apply; to fix.

ચોડા·ણ, *s. n.* [See ચોડું.] Breadth; width.

ચો·ડું, *adj.*[S. चतुर् four + पट cloth, fold. *Cf.* ચો-વડું.] Four-fold. 2. Broad; wide.

ચોડો, *s.m.*A heap of thin & flat things. *Cf.* ચોડ.

ચોઢ·ણું, *s. n.* [See ચોડ·વું.] A small bright circle stuck on the forehead by women. (Used in K. hd.).

ચોઢ-વું, Same as **ચોડ·વું.**

ચો-તરફ, *adv.* [S. चतुर्, ચાર, four + તરફ *fr.* P. तर्फ़ side.] On four sides; on all sides; all around.

ચો-તરીસ, }
ચોત્રીસ, } *adj.* [+ ત્રીસ *fr.* S. त्रिंशत thirty.] Thirty-four; (34).

ચોતરો, *s. m.* [S. चत्वर a quadrangle. *fr.* चतुर् four.] A raised square. 2. A police gate. 3. A rectangular mass of earth or stone-work. 4. An oblong structure of stone-work erected for drying clothes.

ચો-તારું, *adj.* [See ચાર four + તાર wire, thread.] Having four wires (of a musical instrument). 2. Having four threads (of a coarse kind of cloth).

ચો-તારો, *s. m.* A kind of coarse cloth.

ચો-તાલ, }
ચો-તાળ, } *adj.* [S. चतुर् four + ताल clapping the hands *fr.* तड् to beat.] Having four measures of time (of particular modes of music).

ચો-તાલું, }
ચો-તાળું, } Same as **ચો-તાલ.**

ચો-થ, *s. f.* [S. चतुर्थ fourth *fr.* चतुर् four.] The fourth lunar day. 2. A fourth part. 3. A tribute equal to a fourth part of the revenue.

Id. ચોથ આપવી To pay a tribute. ચોથ ઉઘરાવવી-લેવી To collect a tribute.

Prov. તેણે ચોથનો ચંદ્રમા જોયો છે Lit. He has seen the moon on the fourth day of the bright half of ભાદરવો (ગણપતિ ચોથ)—believed to make a person liable to a false charge. Hence, 2. He is falsely charged with having acquired his property by foul means.

ચો-થાઈ, *s. f.* A fourth part; a quarter.

ચો-થિ-યું, *s. n.* The ceremony observed on the fourth day after the death of a child. 2. A fourth part. 3. Occurring on the fourth day.

Id. ચોથિયો તાવ Quartan fever.

ચો-થું, *adj.* Fourth.

Id. એને ચોથો પાયો જ નથી It wants one of its four legs. 2. It is very defective.

ચોદ-વું, *v.t.* [S. चुद् to drive.] To copulate; to unite (of the opposite sexes).

ચો-દશ, }
ચો-દિશ, } *adv.* [Corrup. of ચો-દિશાએ *fr.* S. चतुर् four + दिश्, દિશા, a direction.] On all sides; all around; everywhere.

ચોદા-ચોદી, *s. f.* Copulation; cohabitation.

ચોદુ, *adj.* Lustful; lecherous.

ચો-ધરી, *s. m.* [See ચાર four + ધરી a holder.] The headman among cart-drivers. 2. A public officer in a village. 3. The name of a tribe of mountaineers.

ચો-ધરો, *s. m.* The headman of a village.

ચો-ધાર, *adj.* & *adv.* [See ચાર four + ધારા a stream, an edge.] Flowing in four lines (of tears); crying bitterly; over-flowing with tears. *Cf.* **ચો-ધારે.**

Id. ચોધાર રોવું-ચોધારે રોવું-ચોધાર આંસુએ રોવું To shed tears copiously; to cry bitterly.

ચો-ધારી, *s. f.* [S. चतुर् four + ધાર *fr.* धारा edge.] A kind of bean having four edges.

ચો-ધારું, *s. n.* A weapon having four edges.

ચો-ધારે, Same as **ચો-ધાર.**

ચોપ, *s. f.* [See ચાંપ, ચેંપ, *fr.* P. चस्पीदन to press.] Repressing; disciplining. 2. Vigilance: attention.

ચોપ, Same as **ચોબ.**

ચો-પગું, *s. n* [S. चतुर् four + પગ *fr.* S. पद the foot *fr.* पद् to go.] A quadruped; a four-footed animal.

ચોપ-ચીની, *s. f.* [S. चीन China.] China root; China cubebs.

ચો-પટ, *s. f.* [S. चतुर् four + पट a strip of cloth.] The cloth or beard on which draughts, &c., are played. 2. The game of સોગટાં.

ચોપટ, Same as **ચપટ.**

ચોપડ, *s. f.* [See ચોપડ-વું,] The applying of *ghee* to biscuit, bread, &c.

ચોપડ-વું, *v. t.* [Hem. Des. चोप्पडइ = S. म्रक्षति he besmears.] To besmear; to grease; to rub over, to daub; to lubricate. 2. To use abusive language towards (a person).

Id. તેલ ચોપડવું To besmear with oil. ગાળ ચોપડવી To use abusive language towards.

ચોપડાવવું, Caus. of **ચોપડવું.**

ચો-પડી, *s. f.* [Hem. Des. चोप्पडइ=S.म्रक्षति he besmears. Or S. चतुर् four + पट a strip of cloth, a fold.] A book.

ચોપડું, *adj.* [See ચોપડવું.] Greasy; oily; fatty; unctuous. 2. *s. n.* [Or, See ચાર + પડ.] A bread having several layers.

ચો-પડો, *s. n.*[See ચોપડી.] A large account-book;a quarto volume;a folio volume.

ચો-પન, *adj.* [S. चतुर् four + पञ्चाशत् fifty *fr.* पञ्च five+दश ten.] Fifty-four: (54).

છાવ·ર·વું, *v. t.*[See છાયા*fr.* S.छद् to cover.] To hide;to conceal;to keep secret.2.To take under one's protection.3. To compromise.

છા·વું, *v. t.* [S. छद् to cover; See છા·વણ.] To thatch.

છાશ, છાસ, } *s. f.* [Hem. Des. छासी = S. तक्रम whey.] Whey;the serum or watery part of milk; butter-milk.

Id. છાશ બાકળા થઈ ગયા All gone to dogs. છાશ પીવી To breakfast. છાશ બાકળા થવું To become sour; to become tasteless. 2. To become pale in the face; to be disappointed. છાસમાં પાણી ઉમેરવું To give an exaggera-

ted account of.

Prov. છાસ લેવા જવું ને દોહણી સંતાડવી Do nothing,which you would wish to conceal. કોઢી છાસ ઉકરડે ઢોળવી Giving away a thing at a dead loss. 2. Marrying a girl to an unworthy man.

છા-સટ, } છા-સેટ, } *adj.* [S. षट् six+षष्टि, સાઠ, sixty.] Sixty-six; (66).

છા-સટ·યો, *s. m.* Juvār crop grown by irrigating the fields in the month of Jeṭh (May–June).

છા-સી, *adj.* [S. षट् six + अशीति. એંશી, eighty.] Eighty-six; (86).

છા-સેટ, Same as છા-સટ.

છાળ, Same as છોળ.

છિં·ક, *s. f.* [See છિં·ક·વું.] A sneeze.

Id. છિંક આવવી–ખાવી To sneeze. છિંકો આવે એવું Very clean.

છિંક·ણી, *s. f.* Snuff.

છિંક·વું, *v, i.* [S. छिक्का a sneeze.] To sneeze.

Id. છિંકતાં છિંડું પડવું To take offence without any serious fault. છિંકતાં દંડે (એવો જુલમ) Arbitrary sway; a tyrannical rule.

છિંકારવું, } છિંકારૂં, } *s. n.* [See શિંગડું + વાળું having.] A kind of deer having horns;a stag.

છિંટ, Same as છીંટ.

છિંડી, *s.f.*[Hem. छेंडी=S. लघु रथ्या a narrow lane.]A narrow open space behind a house.

છિ:, *interj.* [Imit.] Pshaw ! fie ! pish ! for shame ! an interjection showing contempt.2.A term used by children to denote some thing dirty, filthy, or disagreeable.

છિક·ણી, Same as છિંક·ણી.

છિકાર·ડું, *s. n.* An animal of the lizard kind, which is supposed to breathe out poison. 2. A small kind of deer.

છિં·કાર·વું, } છિં·કારૂં, } Same as છિં·કાર·વું, છિં·કારૂં.

છિછરું, *adj.* [See છાછ·રું shallow.] Unsocial; insolent; impolite. 2. Childish; foolish. 3. Mischievous; troublesome.

છિટ·કોર·વું, *v. t.* [Imit. See છાંટ·વું.] To sprinkle.

છિટ-છિટ, Same as છટ, છિ:.

છિણ·વું, Same as છણ·વું.

છિણ·વું, Same as છિન·વું.

છિતરી, Same as છિડી.

છિત·વું,*v.i.*To be driven on to the shallows; to be aground or stranded.

છિદ·રી, *s. f.* [See ચીંટ, ચુન·ડી.)A kind of upper garment of varied colours worn by women.

Prov. છિદરી, એટલી ભાત (માણસ બિલકુલ ભૂલનો ભરેલો છે) Every man has his defects: Every man is liable to err: To err is human. 2. (= કપાળે કપાળે જૂદી મતિ) Many men, many minds.

છિદ·વું, *v. t.* [See છેદ·વું] To pound; to beat severely;to press violently.2.To trample; to tread upon.

છિદ્ર, *s. n.* [S. *fr.* छिद् to cut.] A hole; a bore. 2. A way of entrance.3. A flaw; a defect. 4. A secret fault. 5. Vacuity.6.A foible; a shift; a salvo; a loophole. 7. A vulnerable point.

Id. છિદ્ર શોધવું To find out a hole or a defect. 2. To find out a fault in a man with a view to censure him. 3.To slander.

છિન·વ·વું, } છિના·વ·વું, } *v. t.* [Caus. of છિન·વું *fr.* S. छिद्, छि·न·द्, to cut,to divide.]To snatch; to wrest; to deprive of;to usurp; to take away by force.

છિન·વું, *v. t.* [S. छिद् to cut.] To peel. 2. To slit.

છિનાળ *s. f.* [Dh. Des. छिछइ = S. दुःशीला an ill-behaved woman; or Hem. Des. छिण्णा, छिण्णालो, छिण्णाली.=S. जारः a paramour, *fr.* S. छिन्न cut + नाल નળ, નાળ, a tubular vessel of the body.]An adultress; a whore; a fornicatress; a harlot.

છિનાળ-વાડો *s. m.* [+ વાડો.] The part of a town, where concubines reside. 2. A brothel.

છિનાળ·વું,*adj.*Practising adultery; lewd; debauched.

છિનાળી, *s. f.* } છિનાળું, *s. n.* } Whoredom; adultery;

concubinage; fornication.

છિન્ન, *adj*. [S. *fr*. छिद् to cut.] Divided; cut off.

છિન્ન-ભિન્ન, *adj*. [+ભિન્ન.]Cut and broken. 2. Completely spoiled.

છિપ-કલી, *s. f.* A kind of snake.

છિપ-ણું, *s. n.* A large and shallow earthen dish.

છિપર, *s f*. [See ચિપ.]A large flat stone.

છિપ-રૂં, *adj*. Dirty; filthy.

છિપ-વું, Same as **છિત-વું**.

છિપ-વું, Same as **છીપ-વું**.

છિ-યે, } **છી-એ**, } *v. i.* [Pres. 1st pers. pl. of છ to be.] (We) Are.

છિલે-ટું, *s. n.* [See છાલ.] A bark; peel.

છિલર, } **છિલ્લર**, } *s. n.* [See છાછરૂં.] A tank in a ruined state. 2. A pond.

છિલ્લર છલાઈ જાય, જળ આવી મળે જ્યારે.
—વલ્લભ.

છિલ-વું, Same as **છોલ-વું**.

છીંક, Same as **છિક**.

છીંટ, Same as **છીટ**.

છીંડું, *s. n.* [See છિડું.] An opening in a hedge.

Id. છીંડું પાડવું To make a gap in a hedge. 2. To make an opening in order to get access to, or go out of a place.

Prov.છીંડે ચઢયો તે ચોર There is a presumption against a tresspasser.

છી, } **છી-છી**, } *interj*.Pshaw ! tush ! tut !fie ! *adj*. Bad; dirty. (Used in speaking with little children.)

છી-આડી, *s. f.* [See છારી.] Dust.

છી-આરો, *s. m.* [See છી + કાર the sound *fr*. કર-વું.] Putting one to shame.

છીટ, *s. f.* [See છાંટ-વું.] Chintz; printed cloth; calico.

છીટ, *interj*. [See છટ, Imit.] Same as **છી**.

છીટ, *s f*. [See છીત.] A prejudice; an objection. 2. Disgust.

છીટી, *s. f.* [See છીટ calico.] a printed piece of cloth.

છીડું, *s. n.* [See છીત.] A pretence; a pretext.

છીટું, *s. f.* [See છેટું.] Distance.

છીડી, *s. f.* [છિંડી, છીડું.] A narrow path; an alley. 2. A hedge.

છીડું, Same as **છીંડું**.

છીણી, *s. f.* [Sse છિણ-વું.] A scraper; a scoop.

Id. માથે છીણી મૂકવી Lit. To cut down. 2. To destroy. 3. To waste. 4. To annihilate.

છીત, *s. f.* [See છીટ.] A prejudice; scrupless; an objection.

છીછ-રૂં, *adj*. [See છાછરૂં] Shallow.

છીની, Same as **છીણી**.

છીપ, *s. f.* [S. शुक्ति] A shell.

છીપર, Same as **છિપર**.

છીપ-વું, *v. i.* [Hem. Des. छिप्पइ *fr*. S. तप्यति it is satisfied *fr*. S. तृप् to be satisfied; or S. सिच्, सिञ्च्, to sprinkle.] To be satisfied; to be allayed; to be quenched. 2. To sprinkle.

Id. તરસ છીપવી To quench or allay thirst.

છીપો, *s.m.* [Dh. Des. छिपओ = S. छिम्पकाख्य कारु विशेषः a calico-printer *fr*. P. चस्पीदन् to press. See છાપ-વું to print.] A cloth-printer. 2. A stamper.

છીપો-લી, Same as **છીપ**.

છીબું, *s. n.* [See છાબ.] A flat dish.

છું, *v. i.* [Pres. 1st Pers. Sing. of છ to be.] (I) Am.

છુંછાં, *s. n. pl.* Unwoven stuff.

Id. છુંછાં નિકળવાં To be worn out; to be threadbare (of a garment).

છુંછું, *s. n.* [See ચંચુ, ચાંચ.] The long projecting mouth of a beast; the snout.

છુંછુંદર, Same as છછુંદર.

છુંદ-ણી, *s. f.* [Ses છુંદ-વું.] Act of treading or crushing.

છુંદ-ણાં, *s. n. pl.* Ornamental small black dots tatooed on the hands; feet, and forehead of women.

છુંદ-વું, *v. t.* [S. क्षुद्, क्षु-ण-द्, to wound.] To tread; to trample. 2. To crush; to beat; to press violently.

છુંદા-વ-વું, *v. t.* To tread; to trample

upon. 2. To cause to crush.

ખુંદાવું, *v. i.* To be trampled upon.2.To be crushed.

ખુંદો, *s. m.* Mince; crushed state; anything crushed, or reduced to powder.

Id. ખુંદો કરવો To make fine pieces of a fruit, &c., by means of a scoop or knife.

છુઃ, *interj.* [Imit.] A term showing contempt. 2. *s. n.* Conjuration; a charm; a spell.

છુટ, *s. f.* [See છુટવું.] Liberty; freedom; exemption from control. 2. Permission; allowance.3. The amount deducted; abatement.

Id. છુટ મેલવી-મૂકવી To make a reduction in an account for prompt payment.છુટ રાખવી To make an exception or provision in an agreement. છુટ આપવી To give leave to do; to allow; to leave a matter to one's discretion. 2. To leave one free to do or omit to do a thing. છુટ લેવી To take the liberty of;to presume. બોલવાની છુટ લેવી To take the liberty of saying. છુટથી વાત કરવી To talk freely. 2. To talk unguardedly.3.To speak cheekily; to take liberties with.

છુટક, *adv.* By retail; not whole-sale (of selling or buying).2. Selling or buying in small quantities.

છુટકબારી, *s. f.* [+ બારી.] A way or means of escape.

છુટકઆરો, *s. m.* [+ આરૂં.] Same as **છુટકારો,છુટકો.** 2. Delivery; giving birth to a child.

છુટકારો, } *s. m.* Release; liberation;
છુટકો, }
emancipation; deliverance: freedom from restraint. 2. Remission of a claim; aquittance from debt.

છુટવું, *v. t.* [See मुट left *fr.* मुञ् to leave.] To become loose; to get loose from bondage; to be released from restraint or trouble; to be extricated. 2. To part or come asunder; to be disunited; undone, disjoined, or disengaged.3.To break out; to burst forth. 4. To spring up; to rise into active operation. 5. To set in furiously;to run off wildly and madly. 6. To become dissolute; to rush headlong. 7. To go off; to explode; to be discharged (of a gun, &c.). 8. To be reckless; to set to with full swing; to engage in ardently.

N. B.—છુટવું is used as an auxiliary verb to show the completion of the action, in which the doer was engaged against his will, and of which he was glad to be free, *e. g.*, લખી છુટવું, કહી છુટવું.

Id. બંધનમાંથી છુટવું To be from a bondage or a binding. કરજથી-કરજમાંથી છુટવું To be free from a debt. ગાંઠ છુટવી To be untied; to be unloosened (of a knot).2. To be separated from (of friends). સાંધા છુટવા To be from gout.2.To be free (in body) to move about. સાંધે સાંધા છુટી જવા To be disjointed; to be loosened in the several joints of a whole. પરસેવો છુટવો To arise (of perspiration).ધ્રુજારો-કમકમાટી-કમકમી છુટ૦ To have a trembling fit. પવન છુટવો To arise (of wind).2.To break wind. પાણી છુટવું To have an unusual exeretion of saliva. 2. To have a discharge of seminal matter. ગાંઠ છુટવી To suffer from diarrhœa. બંદુક-તોપ-તીર-આતસબાજી છુટ૦ To be discharged (of a musket, &c.). નિશાળ છુટવી To be dismissed (of a school). પોતિયું છુટવું-છુટી જવું To be terrified. છુટી પડવું To drop down, by the knot being loosened or untied. 2. To be expended uselessly; To be wasted (of money). 3. To be free from a binding;to plead that an agreement is not binding upon oneself (in law). છુટી ચાલે ચાલવું To walk without a restraint or freely. કામ કરી છુટે એવું Obliging; of an obliging nature. ગ્રહણ છુટીરહેવું To be over (of an eclipse).

Prov. ચમડી તુટે, પણ, દમડી ન છુટે, એવો A miser. 2. Miserly.

છુટાપણું, *s.n.* Release. 2. Freedom.

છુટી, } *s. f.* Remission; leave; liberty.
છુટ્ટી, }
2. Permission. 3. Freedom from work; a vacation; the recess-time.

છુટું, છુટ્ટું, } *adj.* Loosened; disengaged; loose. 2 Not fixed; hanging; flowing. 3. Not crowded or close. 4. Free; unengaged; unemployed. 5. Exempt; free; detached. 6. Unbound; at large. 7. Not made fast; not attached. 8. Distinct; separate.

Id.—છુટું મૂકવું To let loose; to set at liberty. 2. To weep and cry aloud. છુટા થવું To play freely; not to be at the heels of the mother (of a child). (બોલવામાં) છુટા થવું To speak without any restraint; to speak freely (of a child). છુટે મ્હોડે રોવું To weep bitterly or putting aside all restraint.

છુટા છેડા, *s. m.* Divorce; dissolution of marriage; legal separation of husband and wife (Generally used with the verb કર૰.). 2. છુટા છેડા થવા To give birth to or deliver a child (of the mother).

છુટું પડવું To be separated. છુટું મારવું To throw. મોહડું છુટું Free in talking; talking freely. હાથનું છુટું Liberal; free in spending; senerous; extravagant. કોથળીનું મોહ છુટું મૂકવું To spend freely. છુટે દોપટ્ટે Unencumbered. 2. Securely; with out fear. છુટે મોહડે With the face open. 2. Without restraint.

છુટું છવા·યું, *adv.* [+ છવા·યું.] Being few and far between. 2. Occurring at intervals.

છુપ-છુપા·મણું, *s.f.* A game for children, generally known as એણ-ગેણ દીવા-ગેણ (Used in the Surat Dst); the play of Hide and Seek.

છુપ·વું, *v. i.* [S. गुप्त protected *fr.* गुप् to protect.] To hide or conceal oneself.

છુપા·ડ·વું, છુપા·વ·વું, } *v. t.* To conceal; to hide; to lock up; to seal up. 2. To withhold; to reserve; not to disclose; not to divulge; to conceal; to secrete. 3. To supress; to hush up; to keep back. 4. To make a secret of.

છુપા·વું, *v. i.* [Pass. of છુપ·વું.] To be hidden. 2. To hide in ambush; to conceal oneself.

છુપું, *adj.* Hidden; concealed; secret.

છુમ·કાર, છુમ·કો, } *s. m.* [See છુમ-છુમ + કાર the sound.] A jingling sound.

ગિડ ગિડ તાન છુમ્ છુમ્ છુમ્ છુમ્ કે, બાજે ઘૂઘરા રે લોલ.
—દયારામ.

છુમ-છુમ, *adv.* [Imit.] Jingling; tinkling.

છુ-મંતર, *s. n.* [Guj. છુ Imit. મંતર, મંત્ર.] Conjuration; incantation; enchantment; a charm; spells.

છુરી, [S. क्षुरिका. Or, क्षु to wound, to injure.] Same as છરી.

છુવા·વું, છુવા·ઈ જ·વું, } Same as છવા·વું.

છુરા·વું, છુરા·ઈ જ·વું, } Same as છોવા·વું.

છુ·વું, *v. t.* [See સ્પર્શ·વું.] To touch; to come in contact with; to meddle with. 2. To feel. 3. To pollute with the touch.

છૂટ, Same as છુટ.

છૂટું, Same as છુટું.

છૂપું, Same as છુપું.

છૂરી, Same as છુરી, છરી.

છૂવું, Same as છુવું.

છેટા·વ·વું, *v. i.* [See છેટું.] To be cross or sullen.

છે·તાળીસ, *adj.* [See Guj. છ *fr.* S. षट् six + ચાળીસ forty.] Forty-six; (46).

છે, *v. i.* [S. अस्ति *fr.* अस् to be.] Third person singular and plural, indicative present of છ; is; are

છે, *interj.* [Imit.] Fie ! Pshaw !

છે-છે, Same as છી-છી.

છેક, *s. f.* [See છેકો.] The end. 2. An extremity. 3. *adv.* Very much; exceedingly. 4. Wholly; entirely. 5. At length; at last; after all.

એ વૈરાગ્યને જાઉં વારણે, બીજા ગયા રે અનેક જી;
ભલા રે ભુંડા અવની ઉપરે, ગણતાં ન આવે છેક જી.
—નિષ્કુળાનંદ.

છેક·ણી, *s. f.* [See છેક·વું.] An erasure; act of erasing. 2. An eraser.

છેક·વું, *v. t.* [See છેકો.] To blot out; to cross; to cancel; to score out. 2. To erase; to scratch.

છેકા·છેક, *s. f.* Scratches in several places (in writing).

છેકો, *s. m.* [Hem. Des. छेक्क = S. स्पृष्ट

touched.]The stroke,line, cross,&c., showing a cancellation;an erasure;a scratch.

Id. છેકો મારવો-મૂકવો To scratch out; to take out (of a list) by scratching.

છેદી, *s. f.* [S. शाटी a piece of cloth. See સાડી.]A dhotar worn by a child at night.

છેટું, *s. n.* [See છેડા, છેદવું.] A distance. 2. An interval. 3. Extent;reach; range. 4. Impossibility.

પૃથ્વીમાં આના જેવી અન્ય જોવી, તેનાં તો છેટાં જ !
—**પ્રેમાનંદ.**

Id. છેટું ભાગવું To reduce the distance between. છેટું પડવું To be come distant; to be left at a distance.

છેટ, *adv.* Far off; at a distance.

Id. છેટે બેસવું To be in the monthly course.

છેડ, **છેડ·ણી,** *s. f.* [See છેડ·વું.] Teasing. 2. A nickname.

છેડ·તી, *s. f.* [See છેડ·વું.] A fault. 2. A defect.

Id. છેડતી શોધવી To find fault with.

છેડ-લો, A poetic variant of **છેડો.**

છેડ·વું, *v. t.* [S. खिद् to be afflicted. See ખિજ·વ·વું.] To vex; to fret; to tease; to irritate. 2. To touch; to intermeddle.

Id. છેડી જોવું To harass or insult a man in order to ascertain what stuff he is made of.2.To inquire into;to test; to sound.3.To play upon a musical instrument. છેડ્યાં કરવું To offend or tease a man often and often.

છેડા-ગાંઠ·ણ, **છેડા-ગાંઠ·ણું,** *s. n.* [See છેડો + ગાંઠ·ણ.] The garment with which the ends of the bride's and bridegroom's upper germents are tied in the marriage ceremony.

છેડા-છુટ·કો, *s. m.* [+ છુટ·કો.] Divorce.

છેડા-છેડી, *s. f.* [See છેડો.] A knot of one of the ends of the upper garments of the bride and bridegroom tied at the time of performing the marriage ceremony.

છેડા-બંધ·ન, **છેડા-બાંધ·ણ,** **છેડા-બાંધણું,** *s. n.* [+ બંધ·ન, બાંધ·ણ, બાંધ·ણું.] Same as **છેડા-ગાંઠ·ણ.**

છેડો, *s. m.* [Dh. Des. छेयो *fr.* S. छेदः, છેદ, cutting, a cut, a division.See છેવટ,છેવાડું,છેક, છેટું, છેટે, છેદવું.] The end; termination; conclusion. 2. Limit; boundary;skirts;border.

Id. છેડો ઝાલવો-પકડવો To take support. 2. To importune. છેડો મૂકવો To leave all connection with; to have nothing to do with.2.To cease from harassing. છેડો ફાડવો-ફાડી આપવો To divorce. છેડો વાળવો To weep in a mourning with an end of the upper garment drawn over the face. તારો છેડો વાળું ! A term of abuse used by women. [N. B.—છેડો વાળવો To draw the upper end of the sāḍī over the face and weep. *Cf.* ઘુંઘટો તાણવો or લાજ કાઢવી To draw the upper end of the sāḍī over the face from modesty.]

છેડો લાવવો To bring to a termination. છેડો આવવો To come to an end. 2. To be extinct. છેડો માથે નાખવો To throw away all restraints of decency or politeness. છેડા તળે ઢાંકવું To cover the head of an infant with the end of the sāḍī in order to protect it from the sun, rain, &c. છેડો છોડવો To divorce. છેડો પાથરવો To beg pardon. છેડો શોધવો To seek the protection of. છેડા છોડી નાખવા To lose courage. 2. To give up all concern with. છેડે ગાંઠ વાળવી To remember. 2. To make a resolution. છેડે બાંધવું To collect. 2. To follow an advice. 3.To withdraw (a promise); to recant. 4. To attach oneself firmly to(of a vicious habit). છેડે બાંધી જવું To carry the results of one's meritorious deeds to the next world (of a dead or dying person).

છેણી, *s. f.* [S. छिद्, छि·न·द, to cut. See છેદ·ન.] A chisel.

છેતર-પીંડી, *s. f,* [See છેતર·વું to deceive +પીંડો a ball.]Confusion.2.Cunning;deceit.

છેતર·બાજી, *s.f.* [+P.बाज़ fond of *fr.* बाखितन to play.] Same as **છેતર-પીંડી.**

છેતર·વું, **છેતરી જ·વું,** *v. t.*To cheat;to decieve; to impose upon; to defraud.

છેતરા·મણુ, *s. f.* A deceit; a deception;

cheating; the state of being deceived or cheated.

છેતરા-વું, *v. i.* To be deceived, cheated, or imposed upon; to be taken in.

છે-તાલીસ, છે-તાળીસ, *adj.* [See છ *fr.* S. षट् six + ચાળીસ.] Forty-six; (46).

છેદ, *s. m.* [S. *fr.* छिद् to cut.] A hole; a bore; an orifice; a burrow. 2. A crack; a cleft; a fissure. 3. The denominator of a fraction. 4. The divisor.

છેદ-ક, *adj.* That cuts, splits, or severs; piercing. 2. *s. m.* A divisor. 3. The denominator of a fraction.

છેદ-ન, *s. n.* Cutting; dividing; splitting; intersecting.

Id. છેદન-બિંદુ, છેદન-સ્થળ The point of intersection. છેદન રેખા-લીટી The secant of a circle.

છેદન-ભેદન, *s. n.* [+ ભેદ-ન.] Complete wreck; total ruin.

છેદ-વું, *v. t.* To cut; to split; to divide; to bore; to intersect. 2. To destroy; to cut up. 3. To pierce through; to sever. 4. To perforate.

છેદા-વું, *v. i.* To be cut.

છેદો, *s. m.* [S. छिद् to cut. See કેડો, ખેડો, છેડો.] Following; a pursuit.

છેબાં, *s. n. pl.* Holes.

છેર, *s. f.* [See સેર. સેર-ડો, *fr.* S. सृ, सर्, to move.] Watery excrement; animal discharges; an animal secretion. 2. Matter excreted and ejected by a bird; that which is discharged from the body of an animal after digestion.

છેર-ટો, *s. m.* Watery excrement.

છેર-વું, *v. i.* [See ખેર, ખીર, ક્ષીર.] To discharge watery excrements.

Id. છેરી ભરવું To pass or discharge watery excrements and spoil (clothes.) Hence, 2. To leave unfinished. 3. To fail in fulfilling a promise.

છેલ, *s. m.* [Hem. Des. छलिओ, छइल्लो, = S. विदग्धः clever. *Cf.* P. चेहल् forty, *i. e.*, he who spends forty Rupees, where one would do. Or See ખેલ play.] A fop. 2. *adj.* Foppish; beauish; elegant; gallant; dashing; flashy.

છેલ-કડી, *s. f.* [+ કડી, કડું.] An ear-ring worn by men.

છેલ-છબીલું, *adj.* [+ છબી-લું.] Same as **છેલ** Foppish.

Prov. છેલ છબીલો હાથમાં છાલું; ઘેર આવ્યા, ત્યારે કહેવું કાંઈ Fops live by empty show.

છેલ-ડી, *s. f.* A foppish woman; a coquette.

છેલ-ડો, Same as **છેલ** A fop.

છેલ-પડી, *adj.* Sixteen (Used in secret conversation by brokers).

છેલ-બટાઉ, *s m.* [See છેલ + S. बटु a boy.] A beau; a foppish fellow; an elegent person; a dandy.

છેલ-વહેલું, *adj.* [See છેલ્લું + વહેલું.] First and last; final.

છેલા-ઈ, *s. f.* Foppishness.

છેલા-ણી, છેલા-ની, Same as **છેલ** A fop. *Cf.* **સહેલાણી.**

Id. છેલાણી–છેલાની છબલો A belle or a beau.

છેલાર-વું, *v. t.* To steal.

છેલી, Same as **છેલા-ઈ**.

છેલ્લું, *adj.* [Hem. Des. छिल्लं = S. शिखा the top + ડું, ડું, લું, dim. See છેડો, છેવટ, છેવાડું, છેક, છેડું, છેટે.] The last. 2. Latest. 3. Hindmost.

Id. તેને છેલ્લા દહાડા જાય છે The last days of her pregnancy are passing. છેલ્લો ઉપાય The last remedy, when all other remedies have failed to effect a cure. છેલ્લી અવસ્થા Old age. 2. The time just before death.

ખાન, પાન, ભાન કશું નથી, લાજ મેલી;
રખે એની થાય, અવસ્થા છેલ્લી. —દયારામ.

છેલ્લી ઘડી Lit. The last moment. 2. The point of death. છેલ્લી સર્ણંદ The last birth of the Soul; the human existence of the Soul, being the last of the eighty-four lacs (ચોરાશી લક્ષ) existences (outward forms), through which the Soul has to pass.

સાચા તણી પત રાખો શામળિયા, થાજો ખુદયહના બેલીરે;
ભોજો ભગત કહે, આવો અંતકાળે, હવે સર્ણંદ છે છેલ્લીરે.
—ભોજોભગત.

છેલ્લે છેલ્લું Quite the last; certainly the last. છેલ્લી સલામ Lit. The last salutation. 2. Farewel. છેલ્લું ઘર The burning ground; the

burial ground. છેલ્લે પગથીએ At the lowest rung of a ladder. 2. At last.છેલ્લે પાટલે બેસવું To revert to one's original nature. છેલ્લો અક્ષર The last word. 2. The name of God.

Prov. છેલ્લે ક્યારે પાણી He is on his last legs.છેલ્લે તણખલે ઊંટ બેસે The last straw breaks the camel's back. છેલ્લો ઉપાય છાસનો : છેલ્લું ઓસડ છાસ The last remedy : Ultimatum remedium.

છેલ્લે સરવાળે, *adv.* [+ સરવાળો.] Finally; at length; after all; in the end; at last.

છેવટ, *s. f. n.* } **છેવાટું,** *s. n.* } **છેવાડું,** *s. n.* } [See છેડો, છેલ્લું, છે-વટ, સેવટ, સિમાડો.] The end; the conclusion. 2. The result; the consequence.

Id. છેવટ આવવું To come to an end; to be ended. છેવટ આણવું-લાવવું To bring to an end; to conclude.

છેવા-વું, *v. i.* To arrive late. 2. To feel ashamed at having arrived late.

છેહ, *s. m.* [Hem. Des. छोहो *fr.* S. क्षोभः agitationor, = S. विक्षेप throwing away; or See છેદ.] Breach of trust.

ચતુરપણું સહુ જાણીયું, અમને દીધો છેહ જી.
—ભાલણ.

2. The end or conclusion.3. Abandonment.

Id.છેહ દેવોTo commit a breach of trust. છેહ મૂકવો To make a cut; to cut.

છૈયાં, *s. n. pl.* [See છોકરું.] Children; progeny; offspring.

છૈયું, *s. n.* A child.

છૈયો, *s. m.* A boy; a lad. 2. A son.

છો, *s. f.* [See છો-વું.] A plastering with chunam, mortar, &c.

Id. છો ફેરવવી-વાળવી To make useless. 2. To spoil.

છો, *v. i.* [See છ to be.] (You) Are.

Prov. છો ભલા ? તો છીએ ભલાLit. Are you all right ? Yes, we are. 2. Polite forms of conversation, in which nothing serious is meant on both sides.

છો, } **છો-ને,** } *interj.* [See છો you are + ને, નહિ.] Let it; leave it. 2. What; if it be. 3. *adv.* Let; what if.

Id. છો રહ્યું It does not matter; Who cares ? તે છો એકલો બેસી રહેતો Let him feel free, and sit alone; he is welcome to sit alone.

છોઈ, *s. f.* [See સોય.] A thin stick with which leaves are sewn to make a dish of leaves.

શેલડીની છોઈ ઉતારતાં, છરી બેઠી છે હાથે.
—નરસિંહમહેતો.

છોઈ, Same as છો Plaster.

છોઈ, Same as છોલ.

છોકર-મત, } **છોકર-વાદ,** } *adj.* [See છોકરું + મત, વાદ.] Boyish; childish; puerile.

છોકર-વાદી, *s. f.* Boyishness; childishness; puerility.

છોકરી, *s. f.* A girl; a maid; a maiden; a lass. 2. Daughter.

છોકરું, *s. n.* [S. स्तोक little, small. *Cf.* છોટું, થોડું, ટુંકું.]A child;a strippling;a brat.

Prov. છોકરાથી છાસ પીવાય નહિ A fog cannot be dispelled by an ant : You cannot expect old heads on young shoulders. છોકરું કેડમાં, ને શહેરમાં ઢંઢેરો You should not seek wood for trees. આ કંઇ નાનાં છોકરાંનો ખેલ નથી This is no child's play. છોકરું ને ગરાશિયું (બે બરાબર) A landholder is as stupid and obstinate as a child.

છોકરો, *s. m.* A son. 2. A boy; a lad; a youngster.

Prov. છોકરો હોય તો વહુ આવે, ને નાણું હોય તો વ્યાજ આવે You must have the capital before you can expect to get interest.

છોગ-લું, Same as છોગું.

છેલ છબીલા તારું છોગલું રે, મને પ્રીતમ લાગે પ્યારું.
—બ્રહ્માનંદ.

છોગલો, *s. m.* A piece of cloth useful for any occasion.

છોગાં, *s. n. pl.* [See છોગું.] Tassels in a cap;gold-threads in a turban;gold-threads at the end of a turban.2.Hair on the head which fall over the forehead when not properly arranged.

છોગા-ળો, *s.m.* [+વાળું possessing.] A fop.

છોગું, *s. n.* [L. *toga* a robe.] The tassels

or gold-threads at the end of a turban left hanging and dancing to the movements of the wearer. 2. A bunch of flowers left hanging on the dress worn.

Id. ઉઘાડે છોગે Openly.

છોછ, *s. f.* [S. शौच purity *fr.* शुचि pure, clean. Or See શુદ્ધિ, શોધ. See છોત.] Shrinking from a fear of being polluted by filthy, impure, or unholy touch; sensitiveness or fastidiousness in matters of cleanliness.

Id. છોછ ધરવી–રાખવી–વળવી To be sensitive or fastidious in matters of cleaning and cleanliness.

છોછ·ત, *s. f.* Same as **છોછ**. 2. [See છોજ, છોત, *fr.* S. शोध a search *fr* शुध् to search.] A careful watch; narrowly watching one's actions and general behaviour. 3. Finding fault with another.

છોછું, *adj.* [See છાપરૂં & ઓછું.] Not prominent. 2. Faint. 3. Alone.

કહે દુર્યોધન ખટ રથીને, "ભાઇઓ, શું વિચારો ?
આવો છોછો નહિ મળે, માટે સર્વે મળીને મારો.

—પ્રેમાનંદ.

4. *s. n.* Solitariness. 5. Weakness; deficiency; a deficit.

ત્રીજો ધરમ એક તરતીમ, સત્ સાહેબ કહે સરવ;
છેક છોછું છે તેહમાં, ઘણો આણે છે ગરવ.

—સામળભટ.

છોજ, Same as **છોછ**.

છોટું, *adj.* [Dh. Des. छुट्ट *fr.* S. स्तोकम् small, little.] Small. 2. Little.

છોડું, *s. n.* [See છોલ, છોડ,+ ડું dim. Or S. छुद् to cut.] A chip. 2. Same as **છોડું**.

છોડ, *s. n.* [Hem. Des. झोडप्पो = S. शुष्क चणक शाकम् a dry plant of gram.] A plant; a shrub; a tree. 2. An embryo arrested in its growth in the womb; a mole.

છોડ, *s. n.* A dry crust of slime in the nose. 2. The bark of a tree. 3. Same as **છોડ** A chip.

છોડ·ણુ, **છોડ·ણુ-હાર**, } *s. m.* [See છોડ·વું+ કાર.] A liberator; a deliverer; a saviour.

બાંધી છોડણ બહુ, ચોટ શિરની ચુકાવે.

—સામળભટ.

છોડ-બાંધ, *s. f.* [See છોડ·વું + બાંધ·વું.] Frequent tying and untying; loosening and fastening.

છોડ·વ·વું, **છોડા·વ·વું**, } *v. t.* [Caus. of છોડ·વું.] To cause to loosen; to let go. 2. To deliver; to liberate; to release. 3. To extricate; to set free. 4. To sever.

છોડ·વું, *v. t.* [Hem. Des. छुड्ड·इ *fr.* S. सृज·ति it leaves, *fr.* S. सृष्ट left *fr.* सृज् to leave. See છુટ·વું, છૂટું.] To let loose. 2. To loosen from a bondage; to release; to extricate. 3. To part or separate; to sever; to break asunder. 4. To untie; to disunite. 5. To let go; to let alone; to quit hold of. 6. To remit; to forego one's claim to; to absolve. 7. To leave; to forsake; to abandon. 8. To resign; to yield; to surrender. 9. To discharge; to let off; to fire; (a gun, &c.).

Id. ગાંઠ છોડવી To loosen or untie a knot. પાણીનો નળ છોડવો To turn a water-pipe on. -નું બંધન છોડવું To release from bondage. પ્રીત–મિત્રાઈ–સ્નેહ છોડ૰ To break asunder; to sever. બાણ છોડવું To let go an arrow. સઢ છોડવો To untie or unfurl a sail. હક છોડવો To forego one's claim. છોડી દેવું–મૂકવું To leave; to forsake. 2. To yield; to surrender. તોપ છોડવી To discharge a gun. 2. To circulate a false rumour. આતશબાજી છોડવી To discharge fire-work. લાજ છોડવી To leave off shame; to set aside considerations of shame. નિશાળ છોડવી To leave a school; to give up study. 2. To dismiss the boys in a school.

છોડ·વો, *s. m.* [See છોડ + P. वा dim.] A shrub; a plant.

છોડા·વ·વું, Same as **છોડ·વ·વું**.

છોડિ·યું, Same as **છોડી·યું**.

છોડી, Same as **છોકરી**.

છોડી·યું, *s. n.* [See છોડું.] Same as **છોડું**, (1) and (2). 2. A slice of mango. 3. A small chip of fuel.

Id. છોડીયાં પાડવાં–ઉતારવાં See છોડાં પાડવાં under **છોડું**.

છોડું, *s. n.* [Hem. Des. छल्ली=S. चर्म skin.] A piece of the dry bark of a tree. 2, A

chip.3. The shell of a fruit or a nut.

Id. છોડાં ઉતારવાં-ઉખેડી નાખવાં To beat severely. છોડાં પાડવાં To find fault with one's actions with a view to censure one. 2. To scold severly.

છોત, Same as **છોછ, શુદ્ધિ**.

છોતરૂં, Same as **છોડું**.

છો·તેર, છો-ત્તેર } *adj*. [See છ six + સિત્તેર.] Seventy-six; (76).

છોતો, *s. m*. [See છોત, છોછ, શુદ્ધિ.] A brush to clean pots with; a brush.

છો-બંધ, *adj*. [See છો plaster+ બાંધ·વું] Covered with chunam;chunamed.

છોભા·વું *v. i*.[See છોભું.]To be ashamed.

છોભું, *adj*. [See ક્ષોભ agitation.] Ashamed; taken aback.

છોભો પડયો ને પાછો ફર્યો રે, રાણો આવ્યો પોતાને ઘેર.

—**દયારામ.**

છો·ય·લું, છો·એ·લું, } *adj*. [See છો plaster.] Plastered.

Id. છોએલો કૂવો Lit. A plastered and cleaned well. 2. A business, in which one has to depend upon one's honest gains.

છો·ય·લું, *s. n*. A brick.

Id. છોયલું કુટવું To talk; to be voluble in taking;to talk so as to be tiresome.

છોર, Same as **છુર, ક્ષુર**, A razor.

નારી સન્મુખ નાખિયો, છોર એક નગ્ન શરીર.

—**સામળભટ.**

છોર·વું, *v. t*. [See ક્ષુરી & ક્ષુર.] To dig up with a sharp spade.

છોરિ·યું, *s. n*. A sharp-edged spade.

છોરી, Dim. of **છોકરી**. *Cf*. **છોડી**.

છોરૂં, Same as **છોકરૂં**.

Prov. છોરૂં કછોરૂં થાય, પણ માતા કમાતા ન થાય A son might neglect his parents, yet for all that parental solicitude would not abate in the least.

છોરો, Same as **છોકરો**.

છોલ, *s.f*. [See છાલ, ખાલ, skin.] Rind; peel; bark.

Id. છોલ ઉતારવી To take off the skin.

છોલ·વું, *v. t*. To peel; to skin; to flay; to scrape; to shell.

છોલા·ટ·વું, *v. t*. Same as **છોલ·વું**. 2. To scold. 3. To give vent to one's anger.

છોલા·વું, *v.i*.To be peeled;to be scraped, pared, or scooped.

છો· લા·ણું, *s. n*. [See છો plaster.] A plastered surface.

છોવ·રા·વ·વું, *v. t*. To get plastered.

છો·વા·વું, *v. i*. [Hem.Des. छिव·इ, छिह·इ,=S. स्पृशति it touches; also छोभाइत्ति=S. अ·स्पृश्या (a woman) unfit to be touched, (as in her monthly course.] To be polluted by a filthy or unholy touch.

છોવા·વું, Pass. of **છો·વું**.

છો·વું, *v. t*. [Hem, Des. छुहिअं = लिप्तम् besmeared, covered. See છો plaster.] To plaster with chunam, mortar, &c.

છો·વું, *v. i*. [See છોછ.] To be polluted by a filthy or unholy touch.

આંગળી માહે આગે ન હોતો, છયો છબીલા છોવા દે.

—**નરસોરામ.**

છોહ, Same as **છેહ**.

છોહ, Same as **છોછ, છોત**.

છોળ, *s.f*. [S. उच्छ्वास rising up *fr*. उद् up + श्वस् to breathe.]A splashing of water. 2 A wave; billows.

છોળ·વું, *v. i*. [See છોળ.] To vomit the milk sucked (of a baby).

જ.

The nineteenth letter of the Gujarātī Alphabet, and eighth consonant.

જ, *indecl*. [S. च and, certainly.] One of the consonants. 2. A suffix of emphasis; indeed; surely; positively; *e. g*. તે ચોર છે જ He is certainly a thief.

જ, *adj*. [Used at the end of compounds, S.*fr*. जन् to be born.]Born of;sprung from;

produced; *e. g.* મનુ•જ Produced from Man; a man; સ્વેદ•જ Produced from perspiration.

જઈ, *s.m.* [S. जयिन् a conqueror. See જયી.] A copper coin; a pice; a quarter-Anna piece.

જઈફ, *adj.* [Ar.] Old. 2. Feeble.

જઈફી, *s. f.* Old age. 2. Feebleness; debility.

જક, *s. f.* [See જખ.] Obstinacy; stubbornness.

Id. જક લેવી–પકડવી–કરવી To be obstinate.

જકડ-બંદ, *adj.* [See જક્ષ+બંધ.] Tied up (of a beast to a stake).

જક•ડ•વું, *v. t.* To tighten; to draw tight.

જકર, Same as **જિકર**.

જકાત, *s.f.* [Ar. जकात one-fortieth part of one's income, which should be given away in charity.] Duty; customs-duty; duty levied on goods exported or imported.

જકાત•દાર, *s. m.* [P. दार् keeper *fr.* दाश्तन् to keep=S. धृ, धार्, to hold, to put.] An officer who collects customs-duties.

જકિ•ચો, **જક્કી,** *adj.* [See જક.] Obstinate;

જક્ષ, *s. m.* [S. यक्ष] An individual of a class of demi-gods. 2. A strange and terrible man.

જક્ષ•ણી, *s. f.* A female of the જક્ષ class. 2. A strange or terrible woman.

જખ, *s. f.* [S. झष] A fish.

ચકોર, ચંદ્ર, ફણી, મણી, જખ, જલ,
ઉપમા શું દેઉં, પડયું કાચું, રે લોલ. —**દયારામ.**

2. Obstinacy.

Id. જખ મારવ To suffer from the evil consequences of one's own conduct; to repent. ખાઈને જખ મારવીTo be compelled to do the dirty work of removing the dishes and cleaning the floor after one has eaten one's meal.

જખમ, *s. m* & *n.* [P. जख्म्.] A wound; a hurt; an injury. 2. A disgrace. 3. A loss.

Id. જખમ રૂઝવેTo be healed (of a wound).

જખમા•ય•લું, **જખમી,** *adj.* Wounded; bruised; hurt; injured.

જખ્ખડ, *adj.* [See જક્ષ+ડું dim.] Stout and stupid.

જગ, Same as **જગત**.

જગ-કર્તા, *s. m.* [+ કર્તા maker.] The creator of the world.

જગ-જીવ•ન, *s. n.* [+ જીવ•ન life.] Providence; God; the Almighty; the life-giving Being; the Life of the world.

જગત્, **જગત,** *s. n.* [S. जगत् intens. of गम् to go.] The whole world; the universe 2. The earth. 3. People at large.

Id. જગત પાણી Gānjā smoking. જગતની ગાળ, જગત ભવાડો, The censure of the whole world. જગતનો વા વાવો To experience the ups and downs of worldly existence. 2. To be acquainted with the ways of the world.

Prov. જગત જીતાયું નથી It is very hard to gain universal applause. જગતમાં બે પ્રકારની નામના(સારી કે નરતી)A man becomes known in the world in two ways, viz., by his good or bad actions.

જગત-જનેતા, *s. f.* [+ જનિ•તા father *fr.* जन् to be born.] The mother of the world. 2 A goddess.

જગત-જામ, *adj.* [+S. यम् to restrain. *Cf.* અંતર્જામી, અંતર્યામી.] All-pervading.

આશા કેરી તે દોરી તોડી, દોરી જોડી જગત-જામ;
ઇન્દ્રી વશ કરી આપ બિરાજ્યા, નમો હે સુંદરશામ.
—**નિરાંતભક્ત.**

જગત-પ્રસિદ્ધ, *adj.* [+ પ્રસિદ્ધ.] Known to the whole world; universally known; of world-wide fame or renown.

જગત-ભવાડો, *s. m.* [+ ભવાડો] Public infamy; public disgrace.

એક દિવસમાં સહુ સુખ સાંત્યું, જગત ભવાડો કીધો.
—**દયારામ.**

જગતી, *s. f.* The earth; the world.

જગતી પર જળધર કરો, સહિત તરણી તૂર્ણ રે.
—**પ્રેમાનંદ.**

જગતી, *s f.* [S.] A kind of metre.

જગત્ત્રય, *s. n.* [+ S. त्रय group of three *fr.* + त्रि three.] The three worlds, viz., the heaven (આકાશ), the earth (મૃત્યુ લોક), and the lower world (પાતાળ).

જગત્પતિ, Same as **જગ-પતિ**.

જગત્પ્રાણ, *s.m.* [+ પ્રાણ.] The Life of the

world. 2. The Supreme Soul. *Cf.* **જગદાત્મા.**

જગદંબા, }
જગદંબિ·કા, } *s. f.* [+ अम्बा mother.] The mother of the world; a female personification of the Diety.

જગદાત્મા, *s. m.* [+ આત્મા.] The Supreme Being; the Soul of the universe.

જગદાધાર, *s. m.* [+ આધાર.] The support of the world. 2. The Almighty.

જગદાભાસ, *s. m.* [+ આભાસ] Semblance or seeming of the world, *i. e.* unreality or physical illusion. 2. The outward (apparent and unreal) world.

જગદીશ, }
જગદીશ્વર, } *s. m.* [+ ઈશ્વર.] The Supreme Being; the Lord of the universe.

જગદુદ્ધાર, *s. m.* [+ ઉદ્ધાર.] Salvation of the world. 2. The Saviour of the world.

જગદ્-ગુરૂ, *s. m.* [+ ગુરૂ.] The Teacher of the world.

જગદ્-વંદ્ય, *adj.* [+ वन्द् to salute.] Adorable by the whole world.

જગન, *s. m* [Dh. Des. जन्नो *fr.* S. यज्ञः *fr.* यज् to sacrifice.] An offering. 2. An auspicious occasion; an occasion of festivity in a family.

Id. જગનભડાકો કરવો To accomplish a very difficult work.

જગન્નાથ, *s. m.* [જગત્ + નાથ.] The ninth incarnation of the god Viṣṇu. 2. The celebrated idol of this name worshipped at Orissa on the Coromandel coast.

Id. જગન્નાથજીનો પ્રસાદ Lit. Food distributed at the temple of જગન્નાથ at Orissa. 2.Food that can be eaten by all men without scruples of ceremonial purity.

જગન્નાથી, *s. f.* A kind of fine white cotton cloth.

જગન્નિન્દ્ય, *adj.* [+ निन्द् to censure.] Universally censured or reviled; calumniated by all around.

જગન્નિવાસ, *s. m.* [+ નિ·વાસ residence *fr.* नि down + वस् to dwell.] The Dweller in the universe; the Supporter of the universe. 2. The god Viṣṇu.

જગન્નિયંતા, *s. m.* [+ નિ·યંતા ruler *fr.* नि down + यम् to restrain.] The Ruler of the world, *i. e.,* God.

જગન્મિત્ર, *s. m.* [+ मित्र a friend.] A friend of the world; a friend to all without discrimination.

જગ-પતિ, *s. m.* [+ પતિ lord.] The Lord of the universe; God.

જગ-બી, *s. n.* [+ બી *fr.* S. बीज seed.] An uncultivated piece of ground preserved as a pasture; a meadow; the village common.

જગ-માન્ય, *adj.* [+ માન્ય.] Honoured all over the world. 2. Acknowledged as an authority by the whole world.

જગ-મોહ·ના, *s. f.* [+ *fr.* S. मुह् to be silly.] *Lit.* The charmer of the world. Hence, 2. A very beautiful or enchanting woman.

જગ-રાય, *s. m.* [+ રાય, રાજા.] The Lord of the world.

જગ-લીલા, *s. f.* [+ लीला.] The world's amusement; a public sport or fun. 2. The world created by God at His sweet pleasure.

જગા, *s. f.* [P.=S. ज्या the earth + गो the earth.] A place; a spot; a site. 2. Ground; room. 3. A situation; a place in an office. 4. A footing; the standing ground. 5. Space unoccupied. 6. A station; rank. 7. A field.

Id. જગા આપવી See જગા કરવી. 2. To give a post. જગા કરવી To make room for another. જગા પૂરવી To fill up a vacancy. જગા લેવી To accept an employment; to be employed somewhere. જગા માગવી To apply for a situation.

જગા·ડ·વું, *v. t.* [Caus. of જાગ·વું.] To awake; to rouse. 2. *Fig.* To apprize of beforehand; to forewarn.

જગાત, Same as **જકાત.**

જગા·વ·વું, *v. t.* [See જગા·ડ·વું.] To get up (a tumult). 2. To instigate.

જગુ, }
જકુ, } *s. m.* [Telugu=7.] A term used in the game of ગિલ્લી દંડો.

જગો, Same as **જગા.**

જગ્ત, Same as **જગત.**

જગ્યા, Same as **જગા.**

જઘન, *s. f.* [S.] The hip and loins.

જઘન્ય, *adj.* [S.[Lowest; worst.

જ-ઘાત, *s.f.* [S. घात death *fr.* हन् to kill.] The day (Bhādarvā Vad 13th) fixed for performing the *Shradha* ceremony of dead children.

જંખા·ન, *s.f.* [See ઝંખું.] A dim recollection. 2. A dream. 3. [See જંખ·વું.] Attention; care; constant thinking on the same subject.

જંખ-વાઈ જ·વું,
જંખ·વા·વું, } *v. i.* [See જંખ·વું+જ·વું.] To be ashamed.

જંખ·વા·ણું, *adj.* Ashamed; abashed; confounded; perplexed.

Id. જંખવાણું પડવું To be abashed.

જંખ·વું, *v. t.* [See ઝંખ·વું.] To think on the same subject. 2. To speak on the same subject incessantly through madness, &c.

જંગ, *s.f. m.* [P.] A battle; a war. 2. Any great bustle; a tumult. 3. A row; a noisy quarrel.

Id. જંગ મચાવવો To raise a row.

જંગ·ડિ·યા, *s. m. pl.* Military guards who carry government treasury from one place to another.

જંગમ, *adj.* [S. Intens. *fr.* गम् to go.] Movable; moving, (opposed to સ્થાવર immovable). 2. *s. m.* A particular class of followers of Shiva.

જોઇ વિષ્ણુ તણી અર્ચાય, કપાલી જંગમને દુખ થાય.
—ગિરિધર.

જંગલ, *s. n.* [S.=P.] A forest; a wood; a thicket; a wilderness.

Id. જંગલ જવું To ease nature; to answer a call of nature. જંગલનું રોઝ An awkward person; a stupid person.

Prov. જંગલમાં મંગલ, ને વસ્તીમાં કડાકા A festival in a forest: Solitude is at times the best solace : A great city is a great solitude.

જંગલી, *adj.* Pertaining to a forest; sylvan. 2. Wild; uncultivated. 3. Uncivilized; unpolished; rustic; boorish; barbarous.

જંગલી જટ, *adj.* [+ જટા, જટ.] Boorish; clownish; rustic. 2. Wanting in common sense.

જંગલો, *s. m.* A particular air in music.

જંગાલ, *s. m.* Verdigris; green rust.

જંગી, *adj.* [See જંગ battle.] Brave; courageous; daring. 2. Requiring great efforts; vast; large. 3. Weighty; heavy.

જંઘ,
જંઘા, } *s. f.* [S. जङ्घा.] The thigh. 2. The whole leg.

જજ·માન, *s. m.* [See યજ·માન.] The performer of a sacrifice. 2. The host. 3. The patron of a priest. 4. A patron.

Prov. જજમાનની જાત શી જોવી ? Beggars can be no choosers. જજમાનને મન ગોરાણી, કાંઇ ગોરને મન ગોરાણી છે ? Everything has its right place and right time.

જજમાન વરતી,
જજમાન વૃત્તિ, } *s. f.* [+વૃત્તિ.] The way of living by what is obtained by serving as a priest. 2. The duty of a priest.

જજમાનિ·યા, *s. m. pl.* The priests who have been engaged by lay men. 2. Priests engaged by Banias.

જજીયો, *s. m.* [P.] A poll-tax.

જંજાર, *s. f.* [See જંજીરો.] A small piece of cannon.

જંજાળ, *s. m.* [S. जन people + जाल a net. Or S. जञ्ज्वाल intense heat *fr.* ज्वल् to burn.] Entanglement; embarrassments; cares; anxieties; worldly troubles. 2. A load; an encumbrance. 3. Distress; misery. 4. A bore; a clog.

જંજાળી, *adj.* Teasing; tiring; difficult; embarrassing. 2. Having worldly anxieties and troubles.

જંજીર, *s. f.* [P.] A chain. 2. The spring of a watch or clock.

જંજીરો, *s. m.* [P.] A kind of gun. 2. An ornamental silver or gold border. 3. A fort surrounded by the sea. 4. An island; an islet.

જટ,
જટ·લ, } *adj.* [See જટા.] Obstinate. 2. Talking indistinct words. 3. Chattering; loquacious.

જટા, *s. f.* [S.] Matted hair on the head worn by devotees. 2. The pendent branches of a banian tree. 3. A particular mode of combining and dividing Vedic verses.

Prov. આજ કાલનો જોગી, ને ઘુંટણ લગી જટા It is impossible that a young ascetic can have long matted hair : He is in a disguise : A disguise is soon detected: He shows wisdom above his years. જટા ધરે જગદીશ મળે તો, વડલા વૈકુંઠ પામે It is not the cowl that makes the friar.

જટા-જૂટ, *s. m.* [S. *fr.* જટા + जूट group.] A crown of matted hair; matted hair on the head arranged in the form of a crown.

જટા-ધર, જટા-ધારી, *adj.* [+धृ to hold.] Wearing matted hair. 2. *s. m.* An ascetic. 3. The god Shiva, that wears matted hair. 4. A banian tree.

જટા-માસી, *s. f.* [See જટા+માંસ.] A particular medicinal root.

જટાયુ, *s. m.* [S.] A fabled bird spoken of in the રામાયણ.

જટિ-યાં, *s. n. pl.* Short and thick hair. 2. Dishevelled hair.

જટિ-લ, Same as **જટા-ધર**.

જટ્ટ, *adj.* [See જડ heavy.] Hard.

જઠર, *s. n.* [S.] The stomach. 2. The belly. 3. Same as **જઠરાગ્નિ**.

જઠરાગ્નિ, *s. m.* [+અગ્નિ fire.] The fire of the stomach, *i. e.*, the gastric juice; the digestive power.

જડ, *adj.* [S.] Heavy. 2. Dull; stupid; senseless; irrational. 3. Slow. 4. Heavy of digestion. 5. Inanimate; motionless. 6. Sluggish; inert. 7. Material as opposed to ચેતન (spiritual).

જડ, *s. f.* [See જટા hair.] A root. 2. Stock; capital; wealth. 3. A small nail; a fastening wire; a tack. 4. The origin.

Id. જડ બાઝવી To accumulate money. જડ ઘાલવી–નાખવી To throw deep roots into the soil. જડ ઘાલીને બેસવું To be settled and firmly established. જડ ઉખેડી નાખવી To pull up the roots of; to extirpate; to eradicate.

જડજ, *s m.* [Eng. *Judge.*] A judge; an officer who administers justice.

જડ-તર, *s. n.* [See જડ-વું.] The manner of joining, setting, or inlaying. 2. Gain.

જડ-તા, *s. f.* **જડ-ત્વ**, *s. n.* [S. *fr.* જડ heavy.] Heaviness; weight. 2. Stupidity; ignorance. 3. Inertia; inactivity; dullness; disinclination to work.

જડત્વાકર્ષણ, *s. n.* [+આકર્ષણ.] Gravitation; attraction of gravitation.

જડ-તું, *adj.* [See જડ-વું.] Fitting; fit; suitable; proper.

જડ-નાર, જડ-નારો, *s. m.* A joiner.

જડ-પણું, *s. n.* Same as **જડ-ત્વ**.

જડ-બુદ્ધ, *adj.* [+ બુદ્ધિ.] Having a dull intellect; stupid; not quick in comprehending.

જડબું, *s. n.* [S. दंष्ट्रा the jaw *fr.* दंश् to bite] The jaw-bone; the lower part of the face which contains the teeth and jaws.

Id. જડબું ફાડવું To open the mouth wide. 2. To speak (in contempt). જડબું વધવું To speak thoughtlessly.

જડ-બે-સલાખ, *adv.* [+ બે, વિ. + સલાખ.] Firmly; being fixed accurately. 2. At once; without the slighest delay.

જડ-ભરત, *adj.* [See જડ dull + S. भरत Name of a king *fr.* भृ to fill.] Dull-headed; stupid.

જડ-મૂળ, *s. n.* [See જટા, જડ, root +મૂળ.] A root. 2. *adv.* Completely; entirely; wholly; altogether; utterly.

Id. જડમૂળથી-જડમૂળમાંથી કાઢવું–ઉખેડી નાખવું To eradicate; to extirpate; to root out.

જડ-રૂપ, *adj.* [+રૂપ.] Having a motionless or insensible form. 2. Stupid; dull of intellect.

જડ-વું, *v. t.* [Dh. Des. जडि-यं = S. खचितम् inlaid, infixed, *fr.* S. जट् to become twisted. Or See જોડ-વું *fr.* S. युक्त joined *fr.* युज् to join;] To join; to connect; to combine; to put together. 2. To set; to inlay; to infix; to stud. 3. To find. 4. To get; to acquire; to gain; to win. 5. To derive or reap (a profit). 6. To meat with.

જડશો, *s. m.* [See જડ dull.] Dull of intellect and heavy of body. 2. Stout and stupid.

જડા·ઈ, *s. f.* }
જડા·મણ, *s.n.* } The cost of setting gems. 2. Joinery.

જડા-મૂળ, *adv.* [See જડ-મૂળ.] Plucking up by the root; extirpating.

જડા·વ, *s. m.* Jewel ornaments. 2. Setting; inlaying; set or inlaid state; infixing.

Id. જડાવ દાગિના Ornaments made of gems set in gold.

જડા·વ·વું, *v. t.* [Caus. of જડ·વું.] To cause to be studded or set. 2. To give a slap on the face.

જડિ·ત, *adj.* [See જડ·વું.] Studded; set with gems.

Id. રત્ન જડિત An ornament studded with gems.

જડિ·યાં, *s. n. pl.* [See જટા, જડ, root.] Roots. 2. Fibres attached to the root.

જડિ·યો, *s. m.* [See જડ·વું.] A setter; an inlayer.

જડી, *s. f.* [See જટા, જડ, root.] A medicinal root or herb.

જડી બુટ્ટી, *s. f.* [See જડ root + બુટ્ટી] Medicinal herbs; drugs.

Id. જડી બુટ્ટી સુંઘાડવી Lit. To compel to smell a medicinal herb. 2. To bring under one's control by misrepresentations. 3. To win over to one's side by a secret advice. 4. To initiate into the mysteries of a profession.

જણ, *s. m. n.* [S. जन a man *fr.* जन् to be born.] A person; an individual.

Prov. જણ આવે, ને જણનું કામ લેતું આવે Every one has his duty. જણ આવે, ને જણનું નશીબ લેતું આવે God gives the mouth not without food to fill it.

જણ-ઝણા·ટ, Same as **ઝણ-ઝણા·ટ**.

જણ·તર, *s. n.* [See જણ·વું to give birth.] An infant. 2. Giving birth to a child; delivery.

જણ·તી, *s. f.* She who gives birth to a child; the mother.

જણ-દીઠ, *adv.* [See જણ + દીઠું *fr.* S. दृश् to see; or दिश् to show.] To each individual or man severally; *per capita.*

જણ-નાર, }
જણ-નારી, } *s. f.* [See જણ·વું.] A woman in labour. 2. The mother.

Prov. જણનારીમાં જોર નહિ, તો દૈયાણી શું કરે? One must depend upon oneself: Self-reliance is the salt of life.

જણ·વ·વું, Same as **જણા·વ·વું**, Caus. of **જણ·વું**.

જણ·વું, *v. t.* [S. जन् to be produced.] To bear; to bring forth. 2. To deliver; to produce offspring; to give birth to; to propagate the species.

Prov. જણે તે જાણે, વાંઝણી શું જાણે ? The wearer best knows where the shoe pinches. જણે તેટલાં જીવે નહિ, ને વાવે તેટલાં ઉગે નહિ All do not live that are born. જણે તેના પૂત, ને કાંતે તેનાં સૂત He who sows will reap. જણ્યાને જીવાડે, ને પરણ્યાને પાળે, તેમાં પાડ શાનો ? Everyone is bound to protect his wife and children.

જણસ, *s. f.* [Ar. जिनस.] A thing; an article. 2. Goods; merchandise; a commodity; wares. 3. A jewel; an ornament. 4. A trinket. 5. The number nine (used in secret communication). 6. Opium.

જણસ-ભાવ, *s. f.* [+ ભાવ existence, a thing.] Costly articles or things.

જણા·વ·વું, *v. t.* [Caus. of જાણ·વું.] To inform; to acquaint; to intimate; to apprise. 2. To signify; to impart or convey the knowledge of. 3. To let know; to announce; to send word; to tell; to communicate. 2. To give notice of; to report.

જણા·વ·વું, *v. t.* [Caus. of જણ·વું.] To treat a woman in her delivery; to assist a woman in childbirth.

જણા·વું,
જણા·ઈઆવ·વું,
જણા·ઈ જ·વું, } *v.i.* [See જાણ·વું.] To be known; to be found. 2. To seem; to appear.

જણી, *s. f.* [See જણ.] A woman.

જં-ડો, Same as **ઝંડો**.

જત, *conj.* [S. यत्.] That; namely.

જત·કું, Same as **જતર·કું**.

જત·ન, *s. n.* }
જત·ના, *s. f.* } [S. यत्न *fr.* यत् to strive.]

Preservation; care; heed. 2. Protection; nurture.

જતર-ડું, *s. n.* } **જતર-ડો**, *s. m.* } [See યન્ત્ર.] An iron plate with holes of different dimensions through which wires are drawn.

Id. જતરડામાં ઘાલવું-ખેંચવું To catch in a trap. 2. To bring under control.

જતી, *s. m.* [S. यति an ascetic *fr.* यम् to restrain.] A religious mendicant of the Jain sect.

Prov. વાટયું ઓસડ, ને મુંડયો જતી, એ બેઉની પારખ નથી When a medicine is pounded, and a man becomes an ascetic, all marks of recognition are lost.

જતી-મતી, *s. f.* [See જથો a group & જથા as + મતિ used for સંમતિ.] (In law) Responsibility of one solely or of many singly and severally; responsibility (in a company or party) of one member for all, or of each and every member for himself and the body. Also એકાજતી એકામતી Agreement or concurrence (of a number of individuals); full unanimity or agreement. 2. *adv.* With one consent or accord.

જથર-પથર, *adv.* [See પત્થર stone; the first part being a redup. of the second.] At random; confusedly. 2. In a deranged condition; in a state of disorder.

જથા, *adv.* [S. यथा *fr.* यद् which.] As; like as.

Prov. જથા રાજા, તથા પ્રજા People follow their king: As is the king, so are the people.

જથા-બંધ, *adv.* [See જથો + બાંધ-વું.] Wholesale; in the lump; in large quantites.

જથારથ, *adj.* [S. यथा as *fr.* यत् which = अर्थ thing.] Real; actual. 2. Fit; suitable. Same as **યથાર્થ**.

જથો, } **જથ્થો**, } **જત્થો**, } *s. m.* [S. यूथ a herd, a group.] A mass; a heap; an aggregate. 2. A collection. 3. A band. 4. A crowd; an assemblage.

જદપિ, } **જધપિ**, } *conj.* [S. यद्, यदि, if + अपि even.] Although; even if; notwithstanding.

જદા, *adv.* [S. यदा *fr.* यद् which.] When.

જદા-તદા, *adv. conj.* [+ તદા.] At any time; at some time.

જદ્વા-તદ્વા, *adv.* [See જદ + વા or + S. तद् that + વા or.] Wild; inconsistent; extravagant; preposterous (of speech, conduct, procedure).

Id. જદ્વા તદ્વા ભવિષ્યતિ Producing some sort of result; expressive of the conviction of the glorious uncertainty of medicine."

જન, *s. m. n.* [S. *fr.* जन् to be born.] Man; mankind. 2. A collective body of men; the world.

Prov. જનને મોઢે ઢાંકણું નહિ The world cannot be restrained from speaking unfavourably or calumniously of any man; one cannot curb man's tongue. સાંભળીએ જનનું, ને કરીએ મનનું Listen to public opinion, but follow your own mind : Inquire and consult, but act upon your own judgment.

જન-ક, *s. m.* Father. 2. *adj.* Creative; productive.

જન-કથા, *s. f.* [+ કથા.] Folk-lore; a legend; a tradition.

જન-ચર્ચા, *s. f.* [+ ચર્ચા.] Popular report or talk; what the world says.

જન-તા, *s. f.* [+ S. ता suffix showing collection.] A multitude or assemblage of persons. 2. The people. 3. The subjects as distinguished from the rulers.

જન-ન, *s. n.* Birth.

જન-ની, *s. f.* A mother.

જન-પદ, *s. m.* [+ पद place *fr.* पद् to go.] A country. 2. The country; villages.

(હું) વિદેહ જનપદ જનક કુળનો,
વિપશ્ચિત નૃપ છું પ્રખ્યાત. —**પ્રેમાનંદ.**

2. The people.

જન-પદ-ધર્મ, *s. m.* [+ ધર્મ.] Local practice; local customs.

જન-પ્રવાહ, *s. m.* [+પ્રવાહ.] Lit. A stream of the people; a crowd of men. Hence, 2. Popular usage; general practice.

જનમ, *s. m. n.* [See જન્મ.] Birth. 2. Lifetime; the period of existence or natural life.

Id. જનમનો જુઠો A liar from infancy.

Similarly જનમનો રોગી, જનમનો અભાગિયો,&c. જનમની રોટલી A maintenance for the whole life. જનમનું સાર્થક Attainment of the goal of life or of one's existence. નવો જનમ આવવો To be well after a severe illness or accident. પેલે જનમ In a past birth. આવતે જનમ In the next birth. પુનર્જનમ Transmigration of the soul; re-birth; the "new birth." જનમની ખોટ A defect from birth; a natural defect.

Prov. જનમ આપે જનેતા, પણ કરમ ન આપે The parents bring the child into the world, but its own act determine its future.

જન-મત, *s. m. n.* [See જન+મત.] Public opinion; popular belief.

જન-મર્યાદા, *s. f.* [+ મર્યાદા.] The bounds, order, or set course of the people.

જનમ-વું, *v. i.* [See જનમ birth.] To be born. 2. To come to light; to see the light.

જનમ-ગાંઠ, *s. f.* [+ગાંઠ.] The anniversary of one's birth. 2. Ceremonies performed every year on the birthday. 3. A tie lasting for life; an indissoluble connection (as that of husband and wife). 4. Firm, strong; unalterable resolution; stout determination.

જનમા-રો, *s. m.* [+ આરો the other side or કાળ.] The period of the life of a person; a lifetime.

જનમોતરી,
જન મોત્રી,
જન્મોત્રી, *s. f.* [+ પત્ર, પત્રી.] The paper, on which are recorded the day, year, and the configuration of planets, &c., at one's birth. 2. The table of the fortunes of a person through out his life; a horoscope.

જન-રંજન, *s. n.* [See જન+રંજન.] Gratifying the people; courting popular favour.

જન-રીત,
જન-રીતિ, *s. f.* [See જન +રીત, રીતિ.] Popular usage. 2. General practice.

જન-રૂઢિ, *s. f.* [+ રૂઢિ.] Popular practice or usage.

જન-લજ્જા, *s. f.* [+ લજ્જા.] Regard for public opinion. 2. Fear or shame of the opinion of the people.

જન-લોક, *s. m.* [+ લોક.] People generally; all men. 2. The fifth of the seven heavens in Hindu mythology.

જન-વાણી, *s. f.* [+વાણી speech.] Popular report; common report or talk. 2. The voice of the people; public opinion.

જન-વાદ, *s. m.* [+ वाद speech *fr.* वद् to speak.] Popular talk. 2. News; report; rumour. 3. A scandal.

જન-વાર્તા, *s. f.* [+ વાર્તા talk.] Popular talk or report. Same as **જન-વાણી**.

જનસ, Same as **જણસ**. 2. Balance (in accounts).

જન-સમૂહ, *s. m.* [+ સમૂહ.] An assemblage of men.

જન-હિત, *s. n.* [+ હિત.] The welfare of the people.

જન-હિત-કારી, *adj.* [+ કર-વું.] Beneficent; benevolent.

જન-હિતેચ્છુ, *adj.* [+ઇચ્છવું.] Benevolent.

જનસ-પડી, *s. f.* A term to show the number nineteen (used by merchants in secret communication).

જનસા-ઉ,
જન-સુ, *adj.* [See જનસ.] (money) Lent or borrowed on the credit of a thing pawned.

જનાક, *s. f.* Power to work; energy.

જના-કારી, *s. f.* [P. जिना-कारी *fr.* जिना illicit sexual intercourse *fr.* जन् a woman. + કાર doing *fr.* कर्दन = S. कृ to do.] Fornication; adultery.

જનાચાર, *s. m.* [S. जन+आचार.] Popular custom.

જનાજો, *s. m.* [Ar. जनाज़ा.] A bier. 2. A funeral procession among the Muhmmadans.

જનાદી, *s. m.* [P. दीना.] A copper coin; a pice.

જનાન-ખાનું, *s. n.* [P. जनान *pl.* of जन् a woman+खान a house.] A harem; a seraglio; the female apartments.

જનાની, *adj.* Feminine. 2. Womanish; effeminate. 3. Cowardly.

જનાનો, *s. m.* Same as **જનાન-ખાનું**.

જનાબ, *s. f.* (Ar.] Your Honour, Majesty,

Highness, Excellency. (A title by which Muhammadan kings are addressed.)

જનાબે-આલી, *s. m.* [=अल्ला, अली, God.] A person honoured by God; a very respectable man.

જનાવર, *s. n.* [P.] A beast; an animal; a brute; a quadruped. 2. A negligent person.

જનિ-ત, *adj.* [S. *fr.* जन् to be produced.] Born. 2. Formed; produced; made. 3. Caused.

જનુન, *s. f.* [P.] Fanaticism; enthusiasm. 2. Madness; insanity. 3. Anger; passion. 4. Perverseness. 5. Stubbornness; obstinacy.

જનુની, *adj.* Fanatical; enthusiastic. 2. Mad. 3. Passionate; angry. 4. Perverse. 5. Stubborn; obstinate.

જનુ-ની, } Same as **જન-ની.**
જને-તા, }

જનુની જણજે ભક્ત જન, કાં દાતા, કાં શૂર;
નહિ તર રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર. —ભાષા.

જનોઈ, *s. f.* [S. यज्ञोपवीत *fr.* यज्ञ. + उपवीत an upper garment *fr.* उप near, inferior, +वे to weave.] The sacred thread; the Brahmanical thread; the distinguishing thread worn over the left and under the right shoulder by the males of the higher classes among Hindūs.

Id. જનોઈ દેવું To perform the ceremony of investing a boy with the sacred thread. જનોઇ ઘાલવું-પહેરવું To perform the annual ceremony of putting on the sacred thread.

જંત, *s. m.* [See જંતુ.] A worm found in the intestines.

જંતર, *s. n.* [S. यन्त्र.] A charm. 2. Squares, or figures, having a magical effect. (Generally used as **જંતર-મંતર.**)

જંતર-ડું, Same as **જતર-ડું.**

જંતુ, *s. m.* [S.] A living creature; an insect. 2. A reptile. 3. A being of the lowest organization.

જંત્ર, *s. n.* [See યંત્ર.] A kind of musical instrument.

વીણા, વેણુ, જંત્ર, ને તાલ; તેના શબ્દ બોલે છે રસાલ. —ગિરિધર.

જંત્રી, *s. m.* A musician who plays on a જંત્ર.

જંત્રની જુક્તી જંત્રીની જ છે; દોષ શી પેરે લાવે ?
—દયારામ.

જંત્રી, *s. f.* An index (to a book); the table of contents. 2. A table (of accounts). 3. A tabular presentation generally.

જન્મ, *s. m. n.* [S. *fr.* जन् to be born.] Birth. 2. Production. 3. Life-time.

Id. See Id. under **જનમ.**

Prov. જન્મ, જરા, ને મરણ, સૌને માથે છે Birth, old age, and death are common to all: The fairest rose will wither at last.

જન્મ-કુણ્ડલી, *s. f.* [+ कुण्डल a circle; See કુણ્ડાળું.] The figure drawn of the positions of the planets at the time of birth; the figure in a horoscope representing the position of the planets and stars at the time of a person's birth.

જન્મ-ગાંઠ, Same as **જનમ-ગાંઠ.**

જન્મ-ચરિત્ર, *s. n.* [+ચરિત્ર.] A biography.

જન્મ-તિથિ, *s. f.* [+ તિથિ.] Same as **જન્મ-દિવસ.**

જન્મ-દિવસ, *s. m.* [+ દિવસ.] The anniversary of one's birth; a birth-day. Same as **જનમ-ગાંઠ.**

જન્મ-દેશ, *s. m.* [+દેશ.] One's birth place; one's native country; the mother country.

જન્મ-નક્ષત્ર, *s. n.* [+નક્ષત્ર.] The natal star.

જન્મ-નામ, *s. n.* [+નામ.] The name given to a child at its birth.

જન્મ-પત્રિ-કા, } *s. f.* [પત્ર.] A horoscope.
જન્મ-પત્રી, }
Same as **જનમોતરી.**

જન્મ-પ્રભૃતિ, *adj.* [+प्रभृति from the time forward *fr.* प्र forth + भृ to fill.] From the time of birth forward.

જન્મ-ભાષા, *s. f.* [+ભાષા.] One's mother-tongue; one's native tongue.

જન્મ-ભૂમિ, [+ભૂમિ.] Same as **જન્મ-દેશ.**

જન્મ-સાફલ્ય, *s. n.* [+ S. साफल्य *fr.* स-फल fruitful *fr.* स with + फल a fruit *fr.* फल् to bear fruit.] Attainment of the goal of one's existence.

જન્મ-સ્થાન, *s. n.* [+ S. स्थान a place *fr.* स्था to stand.] One's birthplace; one's native country.

જન્મ-સ્વભાવ, *s. m.* [+ સ્વભાવ.] One's natural disposition.

જન્માક્ષર, *s. m.* [+ અક્ષર.] A scroll of paper, on which are put down the positions of the planets and stars at the birth of a child. Same as **જનમોતરી.**

જન્માન્તર,*s.n.* [+अन्तर another.] Another birth. 2. Another state of existence.

જન્માન્ધ, *adj.* [અંધ.] Blind from birth; born blind.

જન્માષ્ટમી, *s. f.* [અષ્ટમી.] The eighth day of the dark half of the month of Shrāvaṇa, on which Krisṇa was born.

જન્મો-જન્મ, *adv.* [+P. व and + જન્મ.]In all forms of existence;from birth to birth; through many births.

જન્મોતરી, જન્મોત્રી, Same as **જનમોતરી.**

જપ, *s. m.* [S. *fr.* जप् to mutter.] Muttering.2.Muttering prayers and counting the beads of a rosary.3.Repeating passages of the *Vedas*. 4. A muttered prayer.

Id. જપ કરવો To say one's prayers. બેઠા બેઠા જપ કરવોTo pass one's time in idleness. 2. To think constantly about. 3. To wait for with eagerness.

જપ ખોયા, તપ ખોયા, ખોઈ કાયા કંચની
—ભાષા.

જપત,*adj.*[Ar. जप्त.] Seized; sequestrated; attached.

Id. જપત કરવું To seize possession of; to take into custody; to keep under arrest.

જપતી, *s. f.* Seizure; sequestration; attachment.

Id. જપતી મૂકવી–બેસાડવી–લાવવી To effect a seizure or attachment.

જપ-માળા,*s.f.* [See જપ+માળા.] A string of beads on which to tell one's prayers; a rosary.

જપ-વું, *v. t.* [See જપ.] To mutter.2. To repeat and count the beads of one's rosary. 2.To remmeber very often. 3. *v. i.* To wait patiently for; to remain inactive; to leave or desist from one's efforts.

Id. મંત્ર જપવો To repeat a verse of the Vedaa. નામ જપવું To think constantly about. માળા જપવી–લેવી To pass one's time in idleness. 2. To think constantly about; to harp on or dwell on;to be ever reiterating (the same subject.)3. To wait for with eagerness.

જફા, *s. f.* [P.] Oppression; tyranny.

જબર,*adj.* [Ar. जब्र oppression.] Powerful. 2. Heavy. 3. Strong. 4. Violent. 5. Great; weighty. 6. Difficult. 7. Huge;vast. 8. Arduous. 9. Severe. 10. Enormous.

જબર-જંગ, *adj.* [જંગ.] Heroic; warlike.

જબર-જસ્ત, જબર-દસ્ત, *adj.*[P.ज़ from+वर् upon+ दस्त the hand.] Powerful. 2. Oppressive; tyrannical; unjust and violent.3. Strong; mighty.

જબર-જસ્તી, જબર-દસ્તી, *s. f.* Violence; force. 2. Oppression; unjust force. 6. Vehement action.

જબરી, જબરાઈ, Same as **જબર-જસ્તી.**

જબરૂં, Same as **જબર** Powerful.

Id. જબરૂં લાકડું The stronger party.

જબ-લગ, *adv.* [S. यावत् + Guj. લગી, લગણ.] So long as.

Prov. જબલગ સાસ, તબલગ આસ While there is life, there is hope.

જબાં, જબાન, *s. f.* [P. जबान.] The tongue. 2. Tongue; language; speech.3. A dialect.

Id. જબાનનો જૂઠો Telling lies. જબાનનો સાચો Telling the truth.

Prov. જબાન હાર્યો, તે સર્વે હાર્યો False of speech, false in all matters.

જબાબ, Same as **જવાબ.**

જબાની, Same as **જુબાની.**

જબે કર-વું, જબેહ કર-વું, *v. t.* [Ar. ज़बाह् to cut + કર-વું.] To kill; to slaughter; to slay.

જબ્બર, Same as **જબર.**

જભ-ક-વું, જભ-કી ઉઠ-વું, *v. i.* [See ઝપ+ઉઠ-વું.] To be terrified; to be frightened.

જભકોળ-વું, Same as **ઝબકોળ-વું.**

જભો, } s. m. [P. जुब्बा.] A loose coat;
જલ્ભો, } a robe; a gown.

Id. જભો મેળવવો To win the right of putting on a robe; to win honours.

જમ, } Same as જેમ.
જયમ, }

જમ, s. m. [S. यम fr. यम् to restrain.] The god of death. 2. The punisher of the wicked. 3. A cruel pitiless man; a revengeful person.

Id. જમ જેવો Stout; strong. જમનો દૂત Merciless.

Prov. જમનું તેડું સારૂં, પણ સરકારનું ખોટું A king is often more frightful than the god of Death. જમ ને જમાઈ, એક બરાબર A son-in-law is as oppressive as the god of Death. જમને કાંઈ તેડું જોઈતું નથી Death does not require to be courted.

જમ-કિંકર, Same as યમ-કિંકર.

જમ-ડો, s. m. [See જમ death + ડો dim.] A messenger or angel of the god of Death; Death.

જમણ, s. n. [S. जमन See જમવું.] A meal; a dinner. 2. A feast; an entertainment. 3. A day passed in a journey.

જમણ-વાર, s. m. [+વાર fr. S. वासर a day.] A feasting day. 2. The day, on which many men are feasted. 3. The day, on which a caste-dinner is given. 4. A dinner party.

Prov. જમણવાર કે જમણ ધાડ? Dinner-parties should be quiet and well arranged: There should be no bustle at dinner-parties.

જમણું, adj. Hem. Des. जेमणयं=S. दक्षिण मङ्गम् the right side of the body. Or see જમવું to eat.] Right; not left.

Id. જમણો હાથ The right hand; the principal helper. જમણો હાથ ઝાલવો To help.

Prov. જમણો હાથ મોંઢ ભણી વળે Habit is second nature.

જમ-દંડ, Same as યમ-દંડ.

જમ-દૂત, Same as યમ-દૂત.

જમ-રૂખ-ડી, } s. f. [See જાંબુ + S. वृक्ष a
જમરૂ-ખી, } tree.] A guava tree.

જમ-રૂખ, s. n. A guava.

જમશે, adj. m. [See જુમલે.] All-pervading; all in all (applied to God).

જમવું, v. t. [Hem. Des. जिमिअं = S. भुक्तम् eaten fr. S. जम् to eat.] To eat; to dine; to sup. 2. To reap the advantage of. 3. To take bribes; to take payment from both parties.

જમવું, v. i. [See જામવું, જમા.] To assemble; to collect; to gather. 2. To congeal; to thicken; to coagulate; to solidify; to curdle.

જમા, s. f. [Ar. जमा collection.] Receipts; collections; profits; income. 2. The sum total; amount.

Id. જમા પાસું The credit side of an account.

જમા-ખરચ, s. m. Income and expenditure. 2. An account of income and expenditure.

જમાઈ, s. m. [S. जामातृ] A son-in-low; a daughter's husband.

Prov. જમાઈ રહ્યો ભુખ્યો, તો કોનો કુલો દુખ્યો? Nobody is affected at a stranger's misery.

જમાડવું, v. t. [Caus. of જમવું.] To feed; to entertain; to give a dinner party to. 2. To give bribes.

જમાત, s. f. [Ar.] Community; co-religionists. 2. An assembly; a crowd.

જમા-દાર, s. m. [See જમાત+ P. दार् keeper fr. दाश्तन् to keep = S. धृ, धार्. to put.] The head of a small body of sepoys. 2. A commander of a body of troops.

જમા-દારી, s. f. The duties of a commander; the office of a Jamādār; the position of a Jamādār.

જમાન, Same as જામીન.

જમાની, Same as જામીન-ગીરી.

જમાનો, s. m. [P. जमान:] A period; time. 2. An age. 3. The times.

જમા-બંદી, } s. f. [See જમા + બાંધવું.]
જમા-બંધી, }

The settlement of the amount to be paid annually into the government treasury. 2. The amount of the revenues. 3. Assessment of lands, &c. 4. Levying troops; enlisting soldiers for an army.

જમાલ-ગોટો, *s. m.* [Ar. जमाल् beautiful + ગોટો a ball.] A powerful purgative nut.

જમાવ, *s. m.* [See જમા.] A concourse; a multitude; a crowd. 2. A collection; an accumulation; a heap.

જમાવ, *s. m,* [See જમ·વું.] Agreement; accordance; correspondence; agreeing; answering; tallying.

જમા-વટ, *s. f.* [See જમવું + વૃત્તિ.] A harmonious mixture (of colours, sounds, tempers.)

જમા-વસૂલ, *s. f.* [See જમા + વસૂલ.] The revenue of a state; revenue-receipts.

જમા·વ·વું, *v. t.* [See જમા or જમ·વું.] To assemble; to gather. 2. To collect; to hoard up.

જમા·વ·વું, *v. t.* [See જમ·વું.] To congeal; to thicken; to coagulate; to curd.

જમા·વ·વું, *v. t.* [See જમાવ.] To harmonize; to make to agree. 2. To organize and bring prosperity to.

જમી-દાર, *s. m.* [See જમીન land + P. दार् keeper *fr.* दाश्तन् to keep=S. धृ, धार् , to hold.] A landlord; a land-holder; a zamindar.

જમી·દારી, *s. f.* The business, duties, rights, tenures, lands, &c., of a zamindar.

જમીન, *s. f.* [P. जमीन्.] Land; ground. 2. Terrestrial distance; distance. 3. The soil; globe; earth. 4. Arable land. 5. Earthen floor. 6. A country. 7. The world.

Id. જમીન માપવી To stumble and fall prostrate on the ground. જમીન છોડવી To leave one's native country; to emigrate. જમીન ને આસમાન એક થવું To suffer from a great misfortune or calamity. જમીન આસમાનનું છેટું A vast difference. જમીન કરવી To buy land. 2. To repair the floor of a house with cow-dung and mud. 3.To come down to the shore after a long sea-voyage (of a ship or men). તે જમીન પર પગ મૂકતો નથી He walks very fast. 2. He is very proud.

Prov. જમીન ખેડો હળથી, ને મન ખેડો બળથી Resolute application is to the mind what deep tillage is to the soil.

જમીન·દાર, Same as જમી·દાર.

જમીન·દારી, Same as જમી·દારી.

જમીન-દોસ્ત, *adj.* [+ દોસ્ત friend.] Levelled to the dust; razed to the ground; lying level with the ground. 2.Thrown on the ground; baulked; floored.3. Destroyed utterly; overthrown. 4. Annihilated.

જમે, *s. f.* [See જમા.] Items entered on the credit side of an account; receipts; collections. 2. Profits. 3.*adv.* On the credit side.

Id; જમે કરવું-લખવું To write on the credit side of an account.

જમે-બંધી, Same as જમા-બંદી.

જમે-પાસું, *s. n.* [+ પાસું.] The credit side of an account.

જમૈયો, *s. m.* [Ar.] A dagger.

જંપ, *s. m.* [S. यम् to restrain.] Quiet; rest; ease.

જંપ·વું, *v. i.* [See જંપ.] To rest; to be quiet.

જંપા-પાત, Same as ઝંપા-પાત.

અગાધ જળ ત્યાં આગળ આવ્યું,માહે માયાવી પરવરિયોજી;
ત્યાં જંપાપાત ઘોડે કીધું, રાયને લઇ તરિયો જી.

—પ્રેમાનંદ.

જંબુ, Same as જાંબુ A rose apple.

જંબુરો, *s. m.* [P. जम्बूर.] A small cannon. 2. The assistant of a juggler.

જંબુક, *s. m.* [S.] A jackal.

જંબૂર, *s. m.* [See જંબૂરો.] A carpenter's instrument for extracting nails.

જંબૂરો, *s. m.* [P. जम्बूरः.] A small kind of cannon. 2. Same as જંબૂર. 3. A magician's wand.

જમ્મર, *s. m.* A great misfortune.

કુટનારી કહેતી જમ્મર થયો, તમે કહો હવે રોઈ રે.

—બાપુસાહેબ.

જય, *s. m.* [S. *fr.* जि to conquer.] Victory; conquest. 2. Triumph.

Id. જય કરવો-મેળવવો To gain a victory.

જય-જય, }
જય-જય-કાર, } *s. m.* [+कार suffix showing the sound or meaning *fr.* कृ to do.] A sound showing triumph or success; shouts of acclamation.

જય-કામી, *adj.* [S. *fr.* + S. कम् , काम्, to

desire See કામી.] Desirous of victory. 2. Ambitious; aspiring; aspirant.

જયકામી કરતા યુદ્ધ, અતિ અંતઃકરણ અશુદ્ધ.
—ગિરિધર.

જયંતી, *s. f.* A flag of victory. 2. The day of the year, on which great men achieved their greatest work.

જય-શાલી, *adj.* [S, *fr.* + शालिन् endowed with *fr.* शाल् to be endowed with.] Endowed with victory; victorious. 2. Long accustomed to be victorious; never failing to gain a victory; always successful.

જયાનંદ, *s. m.* [+ આનન્દ.] Joy or exultation for success; a triumph.

જયી, *adj.* Victorious; conquering; successful.

જય્ય, *adj.* That can be conquerd; conquerable.

જર, *s. m.* [P. जर् gold.] Brocade. 2. Wealth; riches. 3. Money.

Prov. જર કરાવે વેર Lend your money and lose your friend. જર કોતા, મરદ રોતા An empty purse fills the face with wrinkles. A wrinkled purse, a wrinkled face જર, ચાહે સો કરઃ જર કરે પાણીમાં ઘર Money can do anything: Money make the mare to go: Gifts break rocks. જર દેખી મુનિવર ચળે Money allures even the greatest of ascetics: Riches rule the roast. જર, જોર, ને જમીન એ કજીયાનાં મૂળ Money, land, or a woman is at the bottom of every quarrel. જરકુ કર લે જમા, ફિર નહીં કિસીકી તમા Money makes the mare go.

જર-કસી, *adj.* [See જર brocade + કસબ.] Worked with gold thread.

જર-કોસ, *s. m.* False brocade.

જર-જર,
જર-જરિ-ચું, } *adj.* [S. जर्जर *fr.* जॄ to be old.] Old. 2. Worn out.

જર-જરિયાન, *s. n.* [See જર gold + જરિ-યાન.] Brocade and embroidery. 2. Money and trinkets. 3. Valuable things; gold and golden things.

જર-જોખમ, *s. n.* [+ જોખમ.] Ornaments and other valuable articles.

જરઠ, *adj.* [S. *fr.* जॄ to become old.] Worn out; decrepit. 2. An old man.

એવું જરઠ રૂપ જોઇ કળિ વરનું, બોલ્યો વૃકોદર વાણી.
—ગિરિધર.

જરણ, *s. f.* [See જીર્ણ *fr.* S. जॄ, जर् to digest, to become old.] Patience.

સાધુ ચરણે સર્વે સમર્પે, જરણાનાં ફળ જીરવે.
—ભોજોભગત.

જરતોસ્તી, *adj.* [P. जर्तास्त् the prophet of the Parsis.] Pertaining to zoroaster (Zartusht) 2. *s. m.* A follower of Zoroaster; a Parsi.

જરદ, *adj.* [P. जर्द] Yellow.

જરદો, *s. m.* Tobacco of a yellow colour, cut, washed, and prepared for chewing.

જર-દોજ, *s. m.* [See જર gold+P. दोशॉदन to gild *fr.* P. जरदूज् *fr.* जर् gold + दुख्तन, दूज to sew.] A worker in gold thread.

જરબ, *s. m.* [Ar. जर्ब् to beat.] Terror; dread. 2. Awe. 3. A blow; a beating.

જર-વ-જર, *adv.* [See જરા P. little+ P. व and + જરા P.] A little; in a small degree.

જર-વું, *v.i.* [S. जॄ to become old.] To be digested; to be absorbed; to subside. 2. To pass off without effect.

જરા, *s. f.* [S. *fr.* जॄ to become old.] Old age. 2. The relaxation and debility that attend old age.

જેમ દેવને જરા જાય, તેવો સતી રૂપાઢ્ય થાય.
—પ્રેમાનંદ.

જરા, *adv.* [P. जरा a particle Hem. Des. दरं=S. अर्धम् a half. Or S. दरम a little.] Somewhat; a little; rather; in a small degree; in a small quantity.

જરા-ક, *adv.* [+એક about.] Very little.

જરા-તરા, *adv.* [Redup. of જરા P.] A little; in a small degree.

Id. જરાતરામાં For an unimportant reason. 2. In a very short time.

જરાયુ-જ, *adv.* [S. जरायु the skin which covers the embryo+ जन् to be born.] Born from the womb; viviparous.

જરાયેત, *adj.* [P. जुराअत् *fr.* जरे he sowed.] Watered only by the rain (of soil).

જરિ-યાન, *s. n.* [P. जरान् *fr.* जर् gold.] Ornaments of gold or silver.

જરી,
જરીનું, } *adj.* [See જર gold.] Worked with gold or silver thread.

જરી,
જરીકું, } Same as જરાક.

જરી-જરી, Same as જરા-તરા.

જરો-પટકો, *s. m.* [See જર, જરી, gold + S. पट cloth.] A golden girdle.

જરી-પુરાનાં, *s. n. pl.* [+ પુરાણું *fr.* S. पुराण old *fr.* पुरा formery.] Old brocade; fragments and scraps of brocade.

જરીફ, *s. m.*[Ar. जराव] A land-surveyor.

જરીફ-ખરડો, *s. m.* [+ખરડો.] A land-surveyor's field-book.

જરી મરી, *s. f.* [See જ્વર fever + મરકી.] Epidemic or pestilential disease–especially, epidemic cholera. This descase is, like small-pox and cholera, personified as a goddess and propitiated.

જરૂર, *s. f.*[Ar. ज़रूर.]Necessity; urgency. 2. Emergency; an urgent occasion; an imperative call. 3. *ddj.* Necessary; urgent; emergent. 4. Expedient; requisite; indispensable. 5. *adv.* Necessarily; positively; absolutely; at all risk.

જરૂરિયાત,
જરૂરિયાતી,
જરૂરી, } *s. f.* Necessity; exigency; an occasion. 2. An emergent business.

જરોઇયું, *s.n.*[See જડવું.]A chip of wood placd under a joint of planks in the ceilling.

જર્જર, Same as જર-જર.

જલ, Same as ઝલ.

જલ, *s.n.*[S.] Water. Same as જળ.

જલજ, *s. n.*[+जन् to be born.] A lotus flower. 2. A couch.

જલ-દ, *s. m.* [S. *fr.* + दा to give.] A cloud of rain.

ઉજ્જવળ ઈન્દુ કિરણ થકી અંકિત, સજળ જલદ જ્યમ સોહે.
—**ગીતગોવિંદ.**

જલદ, *adj.* [P. जल्द.]Quick; smart; active; fleet; rapid. 2, Ardent; hot. 3. Rapid in operation (of a medicine).

જલ-દાહ, *s. m.*[See જલ+દાહ.] Disposing of a dead body by throwing it into water.

જલં-દર,
જલ-ધર, } *s. n.* [S. जलोदर *fr.* जल water+ उदर the belly, or the enlargement of the abdomen.] Dropsy.

જલદી, *s. f.* [See P. જલદ quick.]Hurry; haste. 2. *adv.*Quickly;soon;rapidly;hastily.

જલ-ધિ, Same as જળ-ધિ.

જલાલી, *s. f.* [P. जलाल See under જાહો-જલાલી.]Pomp; splendour.

જલેબી, *s. f.* A kind of sweetmeat.

જલ્પ, *s. m.* [S. *fr.* जल्प् to prattle.] A speech; words; sounds.

સામું જોઈ અલ્પ,કાંઈ એક જલ્પ;વદી તે અનલ્પ, સુણ,રાજા
—**પ્રેમાનંદ.**

જલ્પવું, *v. i.* To prattle; to chatter.

જગ્યા ખગ જલ્પે ઘણું, લેતા તરૂ-વર વાસ.
—**ગિરિધર.**

જલ્દ, Same as જલદ Quick.

જવ, *s. m.* [Dh. Des. जवो, Hem. Des. जवओ, *fr.* S. यव.] Barley. 2. The measure of a finger's breadth. 3. A natural line across the thumb. 4. A golden bead for a necklace, of the form and size of a grain of barley.

જવ, *adv.* [S. यावत् when *fr.* यद् which.] When.

જવ-ખાર, *s. m.* [See જવ barley + ખાર.] Nitrate of potash; saltpetre; carbonate of potash.

જવન, *s. m.* [S. यवन.] A non-Aryan; a barbarian.

જવર-અવર, Same as જવાર-અવાર.

જવલે,
જવલ્લે, } *adv.* [Mar. जवळ P.जवार neighbourhood.] Seldom; rarely.

જવલો, *adj.* Brave.

જવવું, *v. i.* [S. જીવ life *fr.* जीव् to live.] To be full-grown; to be ripe. 2. To have insects in the inside (of fruits).

જવાં,
જવાં-મર્દ, } *s. m.* [See જવાન + મરદ.] A bold intrepid man; a valiant and courageous man; a brave man; a hero; a warrior.

જવા દેવું, *v. t.* [See જવું+દેવું.] To Let go. 2. To overlook; to tolerate(a fault or offence.)

જવાન, [P. युवन् brave=S. युवन्.] Same as જુવાન.

જવાન પઠ્ઠો, *s. m.* [+S. पुष्ट nourished *fr.* पुष् to nourish.] A stout, brave man.

જવાની, Same as **જુવાની.**

Id. જવાની આવવી To reach manhood. જવાની પાછી આવવી To be youthful again in old age. 2. To have the vigour and enthusiasm of youth in old age. જવાનીનું જોર The strength and enthusiasm of youth.

Prov. જવાની દો ચાર દિવસની Youth is short. જવાની ને દીવાની (બે સરખાં) Youth is wild and full of freaks. જવાનીનું રળ્યું, ને રાતનું દળ્યું (દીસી આવે) Youth is the time for making one's fortune.

જવાબ, *s. m.* [P. जवाब् .] An answer; a reply; a rejoinder.

Id. જવાબ દેવો-આપવો To answer; to give a reply. 2. To be responsible for. 3. To be useful at a critical time. જવાબ લેવો To get a reply. 2. To write down the deposition of a witness in a court of law.-પાસે જવાબ માગવો-નો જવાબ લેવો To call one to account; to hold one responsible for જમને પણ જવાબ દે એવો Very strong and stout. જવાબ દેવો To be the evidence of.

જવાબ-દાર, *adj.* [+ दार् keeper *fr.* दाश्तन to keep=S. धृ, धार् , to hold.] Answerable; responsible; accountable.

જવાબ-દારી, *s. f.* Resposibility.

જવાબી, *adj.* That can give an answer; having presence of mind.

Id. જવાબી હુંડી A bill of exchange, the price of which is not paid till notice is received of the bill having been cashed.

જવાર-અવાર, *s. f.* [See જ-વું + આવ-વું; or અવાર redup. of જવાર.] The habit of paying frequent visits. 2. Going and coming.

જવારા, *s. m. pl.* [See જવ, જુવાર, જુહાર.] Tender plants of corn grown on the altar before a goddess.

Id. જવારા વાવવા Lit. To sow corn on the altar before a goddess. Hence, 2. To invoke a goddess to enter into the house of a family and to begin a festival in her honour.

જવાસો, *s. m.* [Dh. Des. जवसं *fr.* S. यवसम् grass.] A prickly shrub, which grows in the hot season, and dies in the rainy season.

જવાહીર, જવાહેર, *s. n.* [Ar. जवाहिर् .] A jewel; a gem; a precious stone. 2. Jewelry; jewels. 3. A jewel-trinket. 4. A sword of very superior material or workmanship.

જવાહીર-ખાનું, *s. n.* [+ખાનું.] The place where jewelry is kept.

જવાળી, *s. f.* [See જવ + S. अवालि a line.] The lines on the thumb, which are consulted by chiromancers. 2. A kind of ornament worn by women, also called **વાંક-જવાળી.**

જ-વું, *v.i.* (Past tense **ગયું.**) [Hem. Des. जवइ *fr.* यापयति caus. S. या to go.] To go; to pass; to popart; to proceed; to travel; to leave. 2. To be lost, mislaid, destroyed, or removed. 3. To go by; to pass on; to elapse. 4. To be deducted or subtracted from. 5. To be ruined. To take place. 7. To lose power. 8. To be extinguished (of a lamp). 9 To waste away (of the body). 10. To go wrong. 11. To be made.

N. B.-In verbs like જણાઇ જવું, પકડાઈ જવું, the idea conveyed by જવું is that the careful efforts of the agent to keep back certain matters were accidentally frustrated.

2. The verb જવું when joined with some other verbs is equal in import to the intensive adverbs, "*down*, *away*, *off*, *up*, *over*", &c., *e.g.*, પડી જવું To fall *down*; સુકાઈ જવું To be dried *up*.

3. In such compound verbs as લખી જવું, વાંચી જવું, ખાઇ જવું, જવું has the sense of "completion."

4. In such compound verbs as લખતા જવું, વાંચતા જવું, ખાતા જવું, જવું has the sense of "continuance."

5. In such compound sentences as લખતો જાય છે અને બોલતો જાય છે, જવું has the sense of "continuance of one action *wish* anothe

Id. હાથથી-હાથમાંથી જવું To go beyond the control of. 2. To throw off obedience to. પછવાડે જવું To follew secretly. જવું કરવું To acquit a person of a charge; to excuse. જવું મેલવું To let go. જવું રહેવું To go away; to

disappear. 2. To be missed; to be lost. 3. To elope. જઈ આવવું To go and come back. જઇ મળવું To overtake; to keep up with. જવું આવવું થવું To be on terms of paying visits. 2. To be on friendly terms with. જા જા Go awao; get away.

Prov. તેમાં મારૂં—મારા બાપનું શું જાય છે? How can that affect me? What is that to me? What does it matter to me? What am I to lose thereby. જતાના જાનૈયા, ને વળતાના માંડવિયા Those who would join a marriage party when it is proceeding, but would stay behind when it has left the marriage canopy.(Said of a man who whould look to his own interest, whether his companions gain or lose). ગયું તે ગયું What is lost, is lost for ever. આવ્યું સમાય, પણ ગયું ન સમાય The inconveniences caused by an arrival or acquisition can be put up with more easily than those caused by a departure or loss.

જવેર, **જવેરાત,** } Same as જવાહેર.

જવેરી *s. m.* A jeweller; one dealing in gems.

જવૈ, *s. f.* A kind of reed.

જશ, **જસ,** } *s. m.* [S. यशः] Reputation; fame; honour; success; prosperous issue. See યશ.

Id. જશના થવા To be successful.

Prov. જશ તો જાનગરો Without fighting there can be no victory. જશ ઉપર જૂતિયાં Save a thief from the gallows, and he will be the first to cut your throat. જશ મેળવતાં વાર, પણ ખોતા વાર નહિ From fame to infamy is a short road.

જસત, *s. n.* Pewtor; zinc; spelter.

જસતા, *s. m. pl.* Blots; spots.

જસાં, *adj. n. pl.* [S. या॰दृश *fr.* यद् which + दृश like *fr.* दृश् to see.] Like.

જહાં, Same as જ્યાં.

જહાં-ગીર, *s. m.* [P. जहान the world + गी॰ conqueror *fr.* गिरफ्तन् = S. गृभ्, ग्रह्, to take.] The conqueror of the world.

જહાં-ગીરી, *adj.* Befitting a conqueror. 2. Imperious; positive. 3. Absolute; uncontrolled. 4. *s. f.* Absolute power; tyranny; oppression.

Id. જહાંગીરી ચલાવવી To rule with a high hand. 2. To tyrannize over.

જહાંગીરી-ફકીરી, એ હલાટે છે લખાવી મ્હે.!
—સરસ્વતીચંદ્ર.

જહાંનમ, See જહાન્નમ.

જહાં-પન્હા, *s. m.* [P. जहान the world + पन्हा guard, defence.] The drotector of the world. 2. An emperor.

જહાજ, *s. n.* [P. जहाज़.] A ship; a vessel. 2. Anything very vast or uncommonly large.

જહાન, *s. f.* [P. जहान.] The world. 2. The earth as the residence of man. 3. Mankind.

જહાન્નમ, *s. n.* [Ar.] The hell; the infernal regions.

Id. જહાન્નમમાં જા Begone! Get away! Make yourself scarce.

જહીં, Same as જ્યાં.

જહુ, *s. f.* Dust.

વાર વાર વદું કહું? જહુ લિપ્ત હતું પશું;
ખૂન ખૂની બની ઘસું, રે, બદન આવડું.—વલ્લભ.

જહ્નુ-કન્યા, **જહ્નુ-જા,** } *s. f.* [S. जह्नु name of a king who adopted the river Ganga (Ganges) as his daughter + कन्या a daughter; जा a daughter *fr.* जन् to be produced.] The river Ganges.

જળ, Same as જલ.

Id. જળ જંપ્યું ત્યારે In the dead of night. જળ લેવું-મૂકવું To take a firm resolution by taking a quantity of water in one's hand and pouring it out. જળ પોતિયાં કરવાં To bathe while naked. જળ જંપવું To be perfectly quiet.

Prov. જળને ઠેકાણે સ્થળ, ને સ્થળને ઠેકાણે જળ Change of land to water and of water to land by a volcanic irruption. 2, A divine visitation. જળમાં રહેવું, ને મઘર સાથે વેર (એ કેમ ચાલે?) In Rome you must be a Roman.

જળ-કમળ, *s. n.* [+ કમળ.] A lotus flower growing in water.

જળ કમળ છાંડી જા ને બાળા, સ્વામી હમારો જાગશે;
જાગશે, તને મારશે, બાળહત્યા અમને લાગશે.
—નરસિંહમહેતો.

જળ-કીડો, *s. m.* [+કીડો.] A water-insect; an insect found in water; microbes growing in water.

જળ-કુંડુ, *s. n.* [કુંડું, કુંડાળું, a circle.] A halo.

જળ-કુકડી, *s. f.* [+ કુકડી.] A water-fowl.

જળ-કેલિ,
જળ-ક્રીડા, } *s. f.* [केलि=ક્રીડા.] Diversion in water; splashing one another with water; bathing gambols; a sea-excursion.

જળ-ચક્કી, *s. f.* [+ચક્કી.] A river-jaunt; a water-mill.

જળ-ચર *s. n.* [+ S. चर् to walk.] A water-animal; an aquatic animal. *adj.* Aquatic.

જળ-જંતુ, *t. m.* [+ જંતુ.] An aquatic insect. 2. A fish.

જળ-જંત્ર,
જળ-યંત્ર, } *s. n.* [+ યંત્ર.] A water-mill; a water-engine or machine generally. 2. A machine to shoot water; a spout; a jet.

જળજંત્ર ઉરાડે તોય, અવળાના ઉચ્છવ સહુ જોય.
—ગિરિધર.

જળ-જળ-વું, *v. i.* [Guj. જળ rudup. + જળ-વું.] To have the burning sensation. 2. To burn.

જળ-જણું, Same as **ઝળ-ઝણું.**

જળ-જણું, *adj.* [See ઝળ-ઝળિ-યાં.] Filled the tears (of eyes).

જળ-જળાંલોચન જુએ અરવરૂ,માથે બાંધ્યું ફાટ્યું ચીથરૂં
—પ્રેમાનંદ.

જળ-જાંબુ-વો, *s. m.* [+ જાંબુ.] A plant growing on river banks.

જળ-ઝળિ-યું, *s. n.* [See ઝળ-ઝળિ-યું.] Shedding tears. 2. Twilight.

જળ-ણુ, *s. n.* [See જળ-વું to burn.] Fuel.

જળ-તરંગ, *s. n.* [+ S. तरङ्ग r wave *fr.* तॄ to float.] A watery wave. 2. A musical instrument producing notes made by striking china cups filled with water.

જળ-દાહ, *s. m.* [+ S. दाह burning *fr.* दह् to burn.] A watery grave.

જળ-દેવ-તા, *s. f.* [+ देव-ता a goddess.] A water-nymph.

જળ-ધર, *s. m.* [+ ધર-વું.] A cloud.

જળ-ધિ, *s. n.* [+ *fr.* धा to hold.] The ocean. 2. A hundred billions.

જળં-દર,
જળં-ધર,
જળોદર, } *s. m.* [+ S. जलोदर *fr.* उदर the belly or the enlargement of the abdomen.] Abdominal dropsy.

જળ-નિધિ, *s. m.* [+ निधि a store.] The ocean.

જળ-પતિ, *s. m.* [+ પતિ master. *fr.* पा to protect.] The ocean. 2. Varuṇa, the lord of waters.

જળ-પર્યટન, *s. n.* [+ પર્યટન.] Sailing over waters, a voyage.

જળ-પાત્ર, *s. n.* [+પાત્ર.] A water-vessel.

જળ-પા-ન, *s.n.* [+S. पा-न *fr.* पा to drink.] Drinking water.

જળ-પ્ર-લય, *s. m.* [+ प्र-लय.] An inundation; a deluge.

જળ-પ્ર-વાસ, *s. m.* [+ પ્ર-વાસ.] An expedition over the seas; a voyage.

જળ-પ્ર-વાહ, *s. m.*[+ प्र-वाह *fr. fr.* प्र forth +वह् to carry.] A current of water.

જળ-બિલાડી, *s.f.* [+बिडाल, બિલાડી, a cat.] An otter.

જળ-મય, *adj.* [+S. मय full of.]Abounding in water;overflowing with water;consisting of water.

જળ-માણુસ, *s. n.* [+ માણસ.] A merman, or a mermaid. 2. A meagre person; a dwarf-like person.

જળ-માર્ગ, *s. m.* [+ માર્ગ.] A way by water.

જળ-યંત્ર, Same as **જળ-જંત્ર.**

જળ-યાત્રા, *s. f.* [+ યાત્રા.] A journey by water; a voyage.

જળ-યાન, *s. n.* [+ यान a conveyance *fr.* या to go.] A ship; a boat.

જળ-રોધ-ક, *adj.* [+ રોધ-વું.] Impervious to water.

જળ-વાસ, *s. m.* [+ વાસ, વસ-વું.]Drowning in water; death by drowning.

જળ-વાસો, Same as **જવાસો.**

જળ-વિયોગ-સ્થળ, *s. n.* [+ વિયોગ+સ્થળ.] A watershed.

જળ-વું, *v. i.* [S. ज्वल् to burn.] To burn; to be kindled; to be on fire; to be inflamed. 2. To burn through grief.

Id. જળો તે ! Damn it !

જળ-શાઈ, } **જળ-શાયી,** } *adj.*[+S. शायिन् lying down *fr.* शी to lie down.]Lying in water(instead of being buried or burnt; said of a dead body.) 2. *s. f.* Moss.

જળસ, *s. n.* [See જળ or જાળ.] Slime passed with excreta.

જસ-સમાધિ, *s. f.* [+ સમાધિ.] Freeing oneself from the troubles of life by drowning. [A way permitted only to Sannyāsis, and only at Prapāg,a city at the confluence of the Ganges and the Jumnā.]

જળ-હળ, *adj.* [See જળ-વું.] Bright.

જળા-ઉ, *adj.* [See જળ-વું.] Fit for fuel.

જળાધારી, *s. f.* [See જળ + S. आधार support *fr.* आ up to + धृ to hold.] That part of the phallic representation of Shiva which holds water.

જળા-પો, *s. m.* [See જળ-વું. *Cf.* બળા-પો.] Burning. 2. Anxiety. 3. Envy.

જળાભાસ, *s. m.* [See જળ + આભાસ.] Semblance of water: mirage.

જળાશય, *s. m.* [+ S. आशय a reservoir *fr.* आ upto + शी to lie down.] A collection of water; a reservoir. 2. The occan; a sea; a lake; a tank; a pond; a basin; a trough.

જળો, *s. f.* [S. जलूका.] A leech. (Plural form is જળો.)

જળો-જથા, *s. f.* [+ વ્યથા.] Embarrassments of the family life; family cares. 2. Scattering about; throwing about.

જળોયું, *s. n.* [See જડ-વું, જોડ-વું.] An iron or wooden strap.

જળો-ચું, *s. n.* [See જળ-વું. to burn.] a cicatrix; a scar.

જાંખ-વું, } **જાંખી લે-વું,** } *v. t.* [See ઝાંખું લે-વું.] To have glimpses of; to glance at.

જાંખી, *s. f.* [See ઝાંખું.] A glimpse; a glance. *Cf.* **ઝાંખી.**

નિશ્ચયના મેહલમાં વસે મારો, વહાલમો રે;
વસે વ્રજ લાડિલો રે, જે રે જાએ, તે જાંખી પામે છે.
—**દયારામ.**

જાંખું, *adj.* [See ઝાંખું.] Faint; dim.

જાંગ, } **જાંઘ,** } *s. f.* [S. जङ्घा.] The thing; the loins.

Id. જાંગ ઉઘાડી કરવી To expose to public view one's own defects.

જાંગ-ડ,*adj.*(Things)Given for approval; (goods) taken from a shop to be bought if approved; taken without definite settlement of purchase.

જાંગ-ડ, *adv.* [See જંગ a tumult+ડું dim.] Making a confused noise.

ધજા,પતાકા,કળશ બિરાજે, જાંગડ જાંગડ દુન્દુભિ વાજે.
—**પ્રેમાનંદ.**

જાંગલો, *s. मि.* [See જંગલ, જંગલી.] A barbarian. 2. A European (probably derived from "les Anglais").

જાંગિ-યો, } **જાંઘિ-યો,** } *s. m.* [See જાંગ, જાંઘ] A kind of short breeches.

જાંગી, *s. m.* [See જંગ, જંગી.] A large drum.

જાંઘ, Same as **જાંગ.**

જાંદર-ણી,*s.f.* [See જાન a marriage party + રાણી a queen.] A woman of the bridegroom's side going with a marriage-party.

જોવા સરખી જાંદરણી ગાય છે,ત્રીયા દેવની, જાગ કુમાર.
—**ગિરિધારી**

જાં-બુ, *s. n.* [S. जम्बु.] A rose-apple.

જાંબુ-ડી,*s. f.* A rose-apple tree.2.A kind of toy of the form or size of a rose-apple.

જાંબુ-ડો, *s. m.* Same as **જાંબુ-ડી,** A rose-apple tree.

જાંબુ-ડું, *adj.* Of a dark purple colour.

જા, *interj.* [Imperative, 2nd person, sing. of જ-વું.] Go; begone; depart; hence !

જા-આવ, *s. f.* [See જ-વું આવવું.] Frequent coming and going; restless going and coming;vain and wearisome trudging backwards and forwards;fruitless journeying to and fro.

જાઈ, *s. f.* [S. जाति. जाती.] The jasmine flower or plant.

જાઈ, *s. f.* [S. जन् to be born. See જાયા.] A mother. 2. A goddess.

હાવ ભાવ નેત્રસેં એતે ડાલેગા, બાહેર ન આવે જાઈ.
—નિરાંતભક્ત.

જાકડ-શીકલું, *adj.* [See જકડા·વું to be tied tight + શિકલ face.] Having delicate health; suffering from a chronic illness.

જાગ, *s. m.* [S. याग *fr.* यज् to sacrifice.] Same as જગ·ન.2.A deity invoked on auspicious occasions in a family.

Id. પગ વાવવા See Id. જવારા વાવવા under **જવારા**.

જાગ·તું, *adj.* [See જાગ·વું.] Wakeful; cautious; vigilant.

Id. જાગતી જોત or જોધ, જાગતું જોત or જોધ, An idol in which the divinity is in full activity;an idol which is not sleeping or journeying.2.A charm or medicine having a ready virtue, power, or effect. 3.Wakeful;watchful. જાગતો દહાડો Days of prosperity. જાગતાની પાડી, ને ઉંઘતાનો પાડો An over-active man will gain by his diligence what the indolent will lose by his idleness.

જાગર·ણ, *s. n.* [S. *fr.* जागृ to be awake.] Wakefulness; the waking state.2.Forbearance from sleep;watching or keeping vigils.

જાગર·ણિ·યો, **જાગરિ·યો**, } *s. m.* One who beats drums before a goddess to keep her awake.

Prov. ભૂવાનું માન જાગરિયા વધારે It is to the interest of the worshippers to raise the idol in popular esteem.

જાગરૂ·ત, Same as **જાગ·તું**, **જાગૃ·ત**.

જાગરૂ·તી, *s f.* [Same as જાગૃતિ.] Wakefulness. 2. Caution; circumspection.

જાગ·વું, *v. i.* [S. जागृ to be awake.] To wake; to keep awake. 2. To watch; to be awake;to be vigilant;to be on one's guard. 3.To be alive to or attentive;to be cautious.

જા-ગિર, **જા-ગિરી**, } *s.f.*[P.*fr.*जाय् place + गिरफ्तन= S. गृभ्, ग्रह्, to hold.] A freehold;a grant of land; an assignment by government of lands or revenues; a pension in land.

જા-ગિર·દાર, *s. m.* [+ दार् keeper *fr.* दाश्तन् to keep=S.धृ, धार्, to hold.]A freeholder; a landholder;one who holds a Jāgīr.

જાગૃ·ત, *adj.* [S. See જાગ·વું.] Awake. 2. Attentive; vigilant; heedful. 3. Ready; prompt; vigorous.

જાગૃ·તિ, [S.] Same as **જાગરૂ·તી**.

જાગો, *adj. m.* [See જાગ·વું.] Awake; watchful.

Prov. નાગો કુદે, કે જાગો કુદે It is either a worthless or a wide-awake man who can afford to be violent.

જાગ્રદવસ્થા, *s. f.* [See જાગ·વું+અવસ્થા.] A state of wakefulness.

જાચ·ક, *s. m.* [S. याच·क *fr.* याच् to beg.] A beggar; a mendicant.

જાચ·ના, *s. f.* Begging;the act of begging or asking for charity. 2. A humble request.

જાચ·વું, *v. t.* To beg;to ask for alms. 2. To beseech; to entreat; to solicit;to humbly request.

જાચા-વેડા, *s. m. pl.* [+ વૃત્તિ.] Teasing solicitations.

જાચિ·ક, Same as **જાચ·ક**.

જાચું, *adj.* Solicitous; importunate.

જાજમ, *s. f.* [P. जाजम् a carpet.]A large carpet.

જા·જર·માન, *adj.* [S. जा·ज्वल्य·मान *fr.* जा·ज्वल् intens.*fr.* ज्वल् to burn.] Bright. 2. Hot-tempered. 3. Watchful. 4. Brave. 5. Glorious. 6. Splendid.

જાજરૂ, *adj.* [S. Same as જર્જર.]Poor; wratched; exhausted; fatigued.

જાજરો જીવ જુગત શું કરે? પ્રકૃતિ પાપિણી પૂઠે ફરે.
—અખો.

જા-જરૂ, *s. m.* [P. जाय् a place + Ar. ज़ुरूर necessity.] A privy room; a closet.

જા·જુલ·માન, Same as **જા·જર·માન**,

તે કરે સોમવલ્લીનાં પાન, તેજેશ્વરી ઋષિ જાજુલમાન.
—પ્રેમાનંદ.

જાટ, *s.m.* A particular tribe of Rājpūts.

જાટ, *s.f.*[See જટા.] The hair of sheep.

જાડ, }
જાડા•ઈ, } *s.f.* [See જાડું.] Thickness. 2. Coarseness.

જાડું, *adj.* [S. जाड्य heaviness *fr.* जड heavy.] Thick. 2. Plump. 3. Sturdy. 4. Coarse. 5. Fat.

Id. જાડી બુદ્ધિનો માણસ A man of a dull intellect; a dolt. જાડો પાતળો રોટલો Food, however coarse and however little. 2. Any kind of food.

જાણ, *s.f.* [S. ज्ञान *fr.* ज्ञा to know.] Knowledge; information. 2. Acquaintance. 3. Intimation; notice.

જાણણ•હાર, }
જાણણ•હારૂ, } *adj.* [+હાર doing.] knowing.

જાણ•પણ, *s. n.* Knowledge; the state of knowing.

જાણ-પિછા•ણ, *s. f.* [See જાણ + પિછા•ણ.] Acquaintance.

જાણ-ભેદુ, *s. m.* [+ભેદુ.] A hypocrite; a dissembler. 2. One who knows the secrets of a matter.

જાણ•વા-જોગ, *adj.* [+ જોગ *fr.* S. योग्य fit. *fr.* युज to join, to be fit.] Fit to be noticed or marked; noteworthy; worth knowing.

જાણ•વા•માં, }
જાણ્યા•મા, } *adv.* Within one's know-
જાણ્યા-મેળે, }
ledge; to one's knowledge or cognizance; according to one's knowedge; as far as one knows.

જાણ•વું, *v. t.* [S. ज्ञा, जा•ना•ति to know.] To know; to understand; to apprehend; to perceive.

Prov. જાણી જોઈને કુવામાં ન પડવું Let not your tongue cut your throat: One should not, with a full knowledge of the evil consequences of a coarse of conduct, adopt that course: Do not be suicidal in your conduct.

જાણી-જોઈ, }
જાણી-બુઝી, } *adv.* [+જો•વું, બુ•જ, સમજ•વું.]
જાણી-સમજી, }
Knowingly; deliberately; designedly; intentionally; purposely; wilfully.

જાણી•તું, *adj.* Knowing; understanding, 2. Acquainted with or versed in; well-skilled in; familiar with. 3. Arrived at an age of discretion.

Prov. જાણીતો ચોર ઘર ઘાલે A traitor can effect a tatal ruin. જાણીતો કોયડો કોડીનો A puzzle when solved loses its charm: A disease known is half cured.

જાણે, }
જાણે-કે, } *adv.* As if; as it were; seemingly. 2. Suppose that.

જાણે-અ•જાણે, *adv.* Whether knowingly or unknowingly.

જાત, *s. f.* [S. जाति *fr.* जन् to be born. = Ar. जात race.] Race; tribe; caste. 2. Family; blood. 3. Lineage. 4. Original constitution; kind; sort; class; species. 5. Quality; description. 6. Nature; disposition. 7. Origin; inherited qualities. 8. The body. 9. Self; one's own person.

Id. જાતને To oneself. જાતે By oneself. personally. જાતે ને જીવે Single; the only one surviving member of the family. જાતનો By-of-as to caste. જાત ઉપર જવું To act according to one's inherited tendencies. જાત ચોરવી To conceal one's own caste. 2. Lit. To save one's body; not to work with a heart; to idle at work. જાતે જાત જુદી કરવી To sort. જાત વેચીને પુરૂં કરવું To pay off a debt at any cost. જાત કજાત જોવી To ascertain the parentage of. જાત તોડવી To work hard. જાત ખોવી To lose one's caste. 2. To commit adultery. જાતનું અડધું Weak in body. જાતમાં લેવાવું To suffer a loss for the sake of one's caste.

Prov. જાત જણાય, પણ મન ન જણાય We may easily tell a man's caste, but we cannot tell his thoughts. જાત વિના ભાત ન પડે A difference in appearances indicates a difference in origin: There can be no difference in appearances, unless there is a difference in origin. આપણે નઠારા, તો આપણી જાતને ભારે If we are bad. the results of our badness will affect us alone, why shoulds others concern themselves with it ? જાત ઉપર ભાત પડે, કાંબળી ઉપર ભોયું ન પડે Just as no impression or mark can be made on a woollen carpet, so

cannot a man having the qualities of a low caste be successfully advised or persuaded to take to the path of righteousness. જાત તે જાત, ને કજાત તે કજાત The boughs that bear most hang lowest: Nobility binds to noble conduct. જાત જોઈએ વસીને, ને સોનું જોઇએ કસીને The character of a man is ascertained by living with him and that of gold by rubbing it hard on a touch-stone. જાત જાતને ખાય Diamond cuts diamond.

જાત, *p. p. adj.* [S. *fr.* जन् to be born.] Born; produced.

જાત-કર્મ, *s. n.*[+કર્મ.] One of the sixteen Samskaras; giving the new-born infant clarified butter out of a golden spoon before cutting the navel string; a ceremony performed at birth.

જાત-જમાત, *s.f.* [See જાત + જમાત.] A whole caste;a caste considered collectively or an assembled together.

જાત-ભાઇ, *s. m.* [+ ભાઈ.] A person of the same religion or caste;a caste-brother; a co-religionist.

જાતરા, Same as **જાત્રા, યાત્રા.**

જાત-વંત, **જાત-વાન,** } *adj.* [See જાત race.] Of high caste or family; high-born. 2. Genuine. 3. Of a superior quality.

જાતિ, Classical form of **જાત** Race.

જાતિ-ધર્મ, *s. m.* [+ ધર્મ.] The duties of a caste. 2.The duties of an individual according to his caste.

જાતિ-ભેદ, *s. m.* [+ ભેદ.] Caste-distinctions.

જાતિ-ભ્રંશ, *s. m.* [+ भ्रंश falling.] Loss of caste,

જાતિ-ભ્રષ્ટ, *adj.* [+ ભ્રષ્ટ fallen.]Out caste; fallen from caste; boycotted.

જાતિ-વેર, *s. n.* [+ વેર enmity.] Natural hostility or antipathy.

જાતિ-વહેવાર, **જાતિ-વ્યવહાર,** } *s. m.* [+વહેવાર, વ્યવહાર.] The intercourse of one caste with another in eating and drinking together, &c.

જાતિ-વાચક,*adj.* [વાચક expressing +*fr.* वच् to speak.]Expressing a genus;generic.

જાતિ-સ્મરણ-પણું, *s. m.* [+ સ્મરણ + પણું abstract suffix.]Knowledge of one's previous births and existences.

ત્યાર પછી તેને અવતાર્યો ઉતમ દ્વિજને ઘેર;
જાતિ-સ્મરણ-પણું સાંપડયું વળી તે ગણિકાની મેર.
—દયારામ.

જાતિ-સ્વભાવ, *s. m.* [+ સ્વભાવ.] Natural or innate disposition.2.Natural or original constitution. 3. A generic character.

Prov. જાતિ-સ્વભાવો ન મુચ્યતે=જાતિ-સ્વભાવ જાય નહિ Habit is second nature.

જાતીય, *adj.* Pertaining to a class.

Id. સ્વજાતીય Homogeneous. વિજાતીય Heterogeneous.

જાતે, *adv.* [See જાત self.] Personally. 2. By caste. 3. Naturally.

જાત્યંધ, *adj.* [+અંધ.]Blind from birth; born blind.

જાત્યભિમાન, *s. m.* [+ અભિમાન.] Pride of caste.

જાત્રા, *s.f.* [S.यात्रा *fr.* या to go.] Pilgrimage. 2. A fair.

જાત્રાળુ, *s. m.* [+ आलु suffix showing possession.] A pilgrim.

જાથુ, **જાથુક,** } *adv.* Permanently. 2. Fixedly; regularly:constantly;continually; always.

જાદણી, **જાદ-રણી,** } Same as **જાંદ-રણી,**

જાદરિ-યું,*s.n.*Sweetmeat made of unripe wheat.

જાદર-નું કાપડું, *s. n.* [+ કાપડું.] A white silk garment worn by the bride during the marriage ceremony.

જાદા, *adj.*[Ar.ज्यादा=P.जियादा.] More.

જાદી, *s. f.* [P. जादी born *fr.* जादन् to give birth=S. जात born *fr.* जन् to be born.] A daughter. *Cf.* **જાદો.**

જાદુ, **જાદૂ,** } *s. n.* [P.]Magic;sorcery; witchcraft; enchantment; necromancy; conjuration;incantations. 2. A spell;a charm.

જાદુ-ખોર, **જાદુ-ખોરો,** } *s. m.* [+ खोर enjoying *fr.*

खुर्दन् to eat, to drink.] A magician; a sorcerer; a wizard; a necromancer; a conjuror; one who practises magic.

જાદુ-ગર, } **જાદુ-ગિર,** } [+P.गर् doing *fr.* कर्दन् =S. कृ, कर् કર-વું, to do.] Same as **જાદુ-ખોર.**

જાદુ-ગિરી, *s. f.* Magical arts or practices; witchcraft.

જાદુ-ટોણું, *s. n. pl.* The black art; conjuration.

જાદુ-મંતર, *s. m.* [+ મંત્ર.] Enchantment.

જાદે, Same as **જાદા.**

જાદો, *s. m.* [See જાદી.] A son.

જાન, *s. f.* [See જન.] A company and attendants at a mariage festivity, come from a different place. 2. Friends who accompany the bridegroom or bride in the marriage procession.

Prov. જાનમાં કોઇ જાણે નહિ, ને ભાઈ જાણે હું વરનો બાપ He has neither house nor family, yetregards himself as the head of the house.

જાન, *s.m.*[P. S. जन् to be born.] Life; vitality. 2. The soul; spirit. 3. Love; a darling; a sweet heart.

Id. જાન આપવો To surrender one's life for the sake of another. જાન પર આવવું To require a life to be sacrificed or lost. જાનપર કરવું To undertake a business at the risk of life; to run serious risk. જાનથી મારવું, જાન લેવો To kill. જાન આપવો To sacrifice one's own life. જાનથી બેજાન કરવું To kill. જાન સંભાળીને કામ કરવું To do a business without running any risk.

જાન, *s. f.* [P.जियान्.] Injury; damage; loss.

Prov. નાદાનકી દોસ્તી ઓર જીવકા જાન The friendship of an ape leads to loss of life.

જાન-પિછાન, Same as **જાણ-પિછાણ.**

જાન-માલ, *s. m.* [See જાન life + માલ property.] Person and property.

Id. જાન-માલનું સંરક્ષણ Protection of person and property.

જાન-રણી, *s. f.* [See જાન a marriage party + રાણી a queen.] A woman accompanying the bridegroom in a marriage party.

જાન-વર, *s. n.* [See P. જાન life +वर् possessing.] An animal. 2. A beast. 3. A fool.

જાનાં, *s. f.* [See જાન life+Ar. आ ob.] A beloved woman.

જાની, *adj.* [P. *fr.* જાન life.] Dear; hearty; sincere.

Id. જાની દુશ્મન A bitter enemy; a deadly foe. જાની દોસ્ત An intimate friend.

જાની-વાસો, *s.m.* [See જાનૈયો a man of a marriage party + વાસો residence *fr.* वस् to dwell.] A lodging-place given to the bridegroom and his followers during the marriage ceremonies.

જાનુ, *s. m.* [S.] The knee.

જાનૈ-ડી, *s. f.* Same as **જાન-રણી.** 2. A cow or a buffalo whose milk owing to a vow cannot be used for food.

જાનૈ-યો, *s. m.* [See જાન a marriage-company.] A man accompanying the bridegroom.

જાનો-તર, Same as **જાન** *s. f.* A marriage party.

અભિમન્યુનો વિવાહ કીધો, પછે વળ્યા વૈકુણ્ઠરાય;
જાનોતર ગઈ દ્વારકાં, એક રહ્યો છે સોભદ્રરાય.

—**પ્રેમાનંદ.**

જાપ, Same as **જપ.**

જાપ-ક, } **જાપી,** } *s. m.* One who recites Vedic verses.

જાપતો, *s. m.* [Ar. जाबिता, जब्त् to hold. See જપતી.] A strict watch; a keen eye; a look-out.

Id. જાપતો રાખવો To keep a watch.

જાફર-માની, *adj.* [See જાફરાન.] Saffron-coloured; reddish yellow.

જાફરાન, *s. n.* [Ar. = Eng. *Saffron.*] Saffron.

Prov. ગધેડું જાફરાનકી કયા ખબર ? To him that has lost his taste sweet is sour.

જાફરાબાદી, *adj.* [P. *fr.* जाफर् a proper name + आबाद् flourishing.]Relating to the city of Jāfrābād in Kāthiāwāḍ.

જા-ફાટ, *s.n.* [See જા-વું+ફાટ-વું.] Carelessness.

જામ, Same as **જાંબુ.**

જામ, *s. m.* [See **જામ-દાર,** or P. जामा,

જામો, dress.] The title of the chief of Jāmnagar.

જામ, *s.m.* [P.]A bowl;a goblet;a flagon.

જામ, *s.m.* [S. याम.] A period of three hours.

જામગરી, } *s. f.* [P.] The match of a
જામગિરી, } gun; the end of a squib where fire is applied.

જામ-ણુ, *s. n.* [See જામ-વું to congeal.] Congelation.2. An acid substance put into milk to make it turn rennet.

જામ-દાની, *s.f.* [P. See જામો + दानः place *fr.* दाश्तन् to hold.] A kind of cotton cloth in which flowers are woven, uesd in making robes. 2. A leathern basket.

જામ-દાર, *s m.* [P. See જામો + दार् keeper *fr.* दाश्तन् to keep = S. धृ, धार् to hold.] The keeper of the wardrobe. 2. The officer in charge of the treasure and jewels.

જામ-દાર-ખાનું, [+ ખાનું place.]A room where jewels, ornaments, and valuable clothes are kept. 2. The treasure-house; a treasury.

જામ-ની, *s.f.* [S. यामिनी *fr.* याम, જામ, a period of three hours.] Night.

જામ-ફળ, *s. n.* [See જાંબુ, જામ, + ફળ.] A guava; a pear.

જામ-વું, *v.i.* [See જમા, જમાવ્ત.] To collect;to gathered. 2. To be firmly established; to be consolidated. 3. To congeal; to coagulate.

Id. ધંધો જામવો To be firmly established (of a business).ધંધામાં જામવું To be engrossed in conducting one's own business.કજિયો જામવો To gather to a head (of a quarrel). દૂધ જામવું to coagulate (of milk).

જામાત્ર, *s.m.* [S. जामातृ.] A son-in-law.

જામિ-ની, Same as **જામ-ની.**

જામીન, *s.m.* [Ar.] A security; a surety; bail.

Id. જામીન આપવો To give as a security. જામીન લેવો To accept as a security. જામીન માગવો To ask for a security. જામીન થવું To be a security; to stand security.

Prov. જામીન થઇને ગાંઠનું ખોવું He that is surety for a stranger has to smart for it.

જામીન-ગિરી, *s. f.* [P. कर्दन्=S. कृ, કર-વું, to do.] Security; obligation; bail.

જામો, *s. m.* [P. जामा] A long robe or vest; a gown.2. A long loose garment descending to the feet.

જામ્બુક, *s.n.*[S. जम्बुक a jackal.] A class of goblins.

જામ્બુ-નદ, *s. n.* [S.] Gold.

બીજી સભા યમરાજ તણી, તે ઈન્દ્રસભાથી ઓપે ઘણી;
તેનો શત યોજન વિસ્તાર, જામ્બૂનદ મણિ જડિત પ્રકાર.
—ગિરિધર.

જાય-પત્રી, *s. f.* [S. जाती-पत्री.] Mace.

જાય-ફળ, *s. n.* [S. जाती-फळ.] Nutmeg.

જાયા, *s. f.* [S. *fr.* जन to be produced.] Wife.

એમ સૂણીને અકસ્માત જ, તે દ્વિજ કેરી જાયા.
—દયારામ.

જાયી, *s. f.* [See જાદી.] A daughter.

જાયું, *adj.* [See જાયો, જાદો, જાદી.] Born; produced.

Prov. જાયું તે જવાને Everything that has a beginning has its end: Everybody that is born has to die.

જાયો, *s. m.* [See જાદો.] A son.

જાર, Same as **જુવાર.**

Id. જાર બાજરી થવી To be lowered in reputation.

જાર, *s. m.* [S. = P. यार् a friend]A paramour; a lover; an *amoroso*; a leman; a gallant.

જાર-કર્મ, *s. n.* [+કર્મ.] Adultery; illicit sexual intercourse; fornication.

જાર-કર્મી, *adj.* Adulterous; unchaste.

જાર-જ, *adj.* [+ S. जन् to be born.]Born of a paramour. 2. Born out of wedlock.

જાર-ણુ, *s.m.* [*s.f.* जॄ to become old, to waste.] Incantations to produce disease, infirmities, or death; incantations to produce some severe bodily injury.

જારત, *s. f.* [P.] Religious ceremonies performed by Muhammadans on the thir d day after death.

જારિ-ણી, *s.f.* [See જાર.] An adulteress; an unchaste woman.

જારી, *s. f.* Adultery.

Id. જારી કરવી To cry; to weep.2.To commit adultery.

જારી, *adv.* [Ar.] That is in progress; that is going on; continuing.

Id. જારી કરવું To begin. જારી થવું To go on without interruption. જારી રાખવું To carry on; to continue.

જારી-વિજા-રી, *s. f.* [See જારી adultery + વિ-જારી absence of adultery *fr.* S.वि priv. + જાર a lover.]Unlawful intimacy so cleverly conducted as to be even free from suspicion.

જારૂં, *s. n.* [See જાર-કર્મ.] Adultery.

જારૂં, *s.n.*[See જાળું.] A cobweb; the line, thread,or filament which a spider spins from its abdomen; the net of a spider.

જારૂ, Same as **જારી.** Progressing.

જાલ, Classical form of **જાળ.**

જાલમ, } **જાલમી,** } *adj.* [Ar.] Cruel. 2. Oppressive;tyrannical.3. Potent; sharp; violent; severe. 4. Overbearing.

દશો દિશા દડબડતા ચાલે, પાયદ જાલમ જોર છે.
—**ગિરિધર.**

જાલિન્દર,*s.m.* [See ઈન્દ્ર-જાલ.] An order of ascetics.

જાલી, *adv.* [See જાલમ.] Cruel. 2. Oppressive. 3. Severe. 4. Overbearing.

સારનકો સાર એહ, જાલી ગીન્યોહે સંદેહ;
નિર્મળ ભઈ હે દેહ, સાર સાર છાન્યો હૈ.
—**મુકુન્દ.**

જાવ-આવ, Same as **જા-આવ.**

જા-વ-ક, *adj.* [See જ-વું.]That witch is to go out or to be despatched;outward(of file or record).2. *s. f.* Exportation.3. Exports. 4. Issuing; issue. 5. Expenditure.

જાવક, *s. m.* Lac dye; red colour.

સજ સોળ ઓપીતો અંગ, જાવક રાગ રૂડેરા રંગ.
—**સામળભટ.**

જાવક-બાર-નિશી, *s. f.* [+ બાર-નિશી.] Writing in an outward book;entries in an outward book. 2. An outward book.

જાવત, *adv.* [S. यावत् *fr.* यद् which.] So long as; as long as. 2. Until. 3. While; during. 4. *s. f.* A mark of contraction or abbreviation.

જાવત ચંદ્ર દિવાકર,*adv.*[S. यावत् चन्द्र-दिवाकरौ *fr.* यावत् See જાવત, चन्द्र दिवाकर.] As long as the moon and the sun exist;eternally; for ever.

જાવંત્રી, Same as **જાય-પત્રી.**

જાવરી, *s.f.* [See જ્વર fever.] A preparation of pulse and rice, often prescribed as diet by native physicians in cases of fever.

જા-વ-રૂં, *adj.* [See જ-વું.] Perishable; destructible. 2. Exhausted fatigued; worn out. 3. Delicate.

ધારી ધારી જ જાવરી વિરહથી વ્હાલી છાવે છે કયમે.
—**ગીતગોવિંદ.**

જા-વું, Same as **જ-વું.**

જા-વું, *v. i.* [S. जन् , जा, to be born.] To be born.

એવા ચતુરાનન પંકજ જાતા. —**પ્રીતમદાસ.**

જાવેદાન, *adj.* [P.]Eternal; everlasting. 2. *adv.* Eternally; for ever. 3. *s. f.* The next world.

જાવેદાની, *s. f.* Eternity.

જાસક, *adj.* Abundant; plentiful.

જાસકિ-યાં, Same as **જાહકિ-યાં.**

જાસવેણુ, Same as **જાસ્વંદ.**

જાસો, *s. m.* Incendiarism; secretly setting fire to, out of vengeance. 2. Writing or posting up secret defamatory notices.

રે આ ઉભા રાય, બૃહત્ ગર્તે શું પડે;
વાહા કોઈન સાંચ, કરી જાહા તડે.
—**પ્રેમાનંદ.**

જાસુદી, } **જાસુસી,** } *s. f.* [See જાસૂજ, જાસૂદ.] The business or duty of a messenger.2.A work entrusted to a spy.

જાસુદી, } **જાસુન્દ,** } *s. f.* A plant bearing **જાસ્વંદ** flowers.

જાસૂજ, } **જાસૂદ,** } **જાસૂસ,** } *s.m.* [Ar. जासूस.] A spy. 2. A messenger; a courier; a runner; an emis-

sary. 3 A letter-carrier.

જાસૂસી, } *s.f.* The duty or position of a
જાસુસી, } messenger.

જાસ્ત, } *adj.* [Ar.] Much; more; a
જાસ્તી, } great deal.

જાસ્તી, *s. f.* Increase; surplus. 3. *s. f.* Compulsion; force.

Id. જાસ્તી ગુજારવી To make use of compulsion or force; to compel. 2. To oppress.

જાસ્વંદ, *s. n.* [Dh. Des. जासुणीय *fr.* S. यशस्विनी a wild cotton tree.]A kind of flower.

જાહકિયાં, *s.n.pl.* [See ઝાંખી.] Abundance; plenty.

જાહેર, *adj.* [Ar. जाहिर.] Evident; open; public; published; proclaimed.

Id. જાહેર કરવું To proclaim; to inform. જાહેર થવું To become public; to be desclosed; to be known. જાહેર પડવું To come to light; to become publicly known. જાહેર પાડવું To exposé.to reveal. જાહેરમાં આવવું To come to light; to be exposed.

જાહેર-ખબર, *s. f.* [+ખબર.]An advertisement; a notification; a proclamation.

જાહેર-નામું, *s.n.* [+ P. नामः a paper.] A public notification;a proclamation; a promulgation.

Id.જાહેરનામું કાઢવુંTo issue a proclamation.

જાહેરા-ત, *adv.* Openly; publicly.2. Externally; outwardly; apparently.

જાહેરાત, *s. f.* An advertisement; a notification; a proclamation.

જાહેલ, *adj.* [Ar.] Irritable; furious: easily excited. 2. Obstinate. 3. Perverse.4. Barbarons; uninformed; ignorant.

જાહો, *s.m.*[P. जाह dignity.]Splendour; pomp. 2. Act of threatening; a threat; violent language.

જાહો-જલાલી, *s. f.* [+ and +जलाल splendour.]Pomp; splendour;dignity;grandeur; magnificence.

જાળ, *s.f.* [S. जाल.] A net. 2. An entanglement. 3. Temptation.

Id જાળ નાખવી–પાથરવી To spread a net.

જાળ-ક, *s. m.*[See જાળ-વ-વું.] A protector.
તારક, હારક, જાળક તેમાં, બની આવે એસાએસ.
—આપુસાહેબ ગાયકવાડ.

જાળવ-ણી, *s. f.* [See જાળ-વ-વું.] Care. 2. Protection; preservation.

જાળવ-વું, *v. t.* [See જાળ.] To take care of 2. To preserve uninjured.

જાળા-વાળિ-યું, *s. n.* [See જાળ + વાળો.] Same as જાળિ-યું. 2. A kind of thin cloth.

જાળિ-યું, *s. n.* A wicket. 2. A small wooden frame with iron bars.

જાળિ-યો, *s.m.* A kind of neck-ornament.

જાળી, *s. f.* A net; a net-work.2.A muzzle. 3. A window secured with bars; lattice; trellis. 4. The unwoven threads at the extremity of a piece of cloth. 5. The string of a spinining top.6.Any reticulation 7.Anything drilled or perforated with holes.

જાળી-યું, *s.n.*A kind of medicinal plant.

જાળી-દાર, *adj.* [P. दार keeper *fr.* दाश्तन्= S. धृ धार् to hold.] Reticulated. 2. Drilled with little holes. 3. Having holes.

જાળું, *s. n.* A net. 2. A cobweb. 3. A pellicle; a speck in the eye.4.An entanglement. 5. An embarrassment.6. A bush; a shrubbery.7. A film;a membranous tissue.

Id. રીસનું જાળું Irritable; excitable; losing one's temper on slight grounds.

જિંગો-ડું, *s.n.*A louse on dogs;sheep,&c.; a tick.(Used in the three genders:-**જિંગોડો, જિંગોડી,જિંગોડું.**)

જિંડ-વું, *s. n.* [See ડિંડ-વું.] A pod.

Id. જિંડવાનું જોડકું One of twin children.

જિકર, *s. f.*[Ar.] Obstinacy. 2. Discussion. 3. Importunate begging, obstinate haggling and chaffering.

Id. જિકર કરવી–લેવી To be obstinate.

જિગર, *s. n.* [P.] The liver; the diaphragm. 2. The heart.

જિ-જ્ઞા-સા, *s.f.* [S. Desid of to know.] Inquisitiveness;curiosity;desire of knowledge.

જિ-જ્ઞા-સુ, *adj.*Inquisitive; curious; desirous of knowing.

જિક્ષુ-ડી, *s.f.* [See ઝીણું.] A female chil d

a few weeks old, or newly born. 2. A girl.

જિણુ·કો, *s.m.* A male child a few weeks old, or newly born. 2. A boy.

જિ·ત, *adj.* [S. *fr.* जि to conquer.] Conquered; gained; won; overcome. 2. Excelled; surpassed. 3. *s. f.* Victory; success.

જિત·વું, *v. t.* To win; to conquer; to subdue. 2. To get the better of.

જિતેન્દ્રિય, *adj.* [+ ઇન્દ્રિય.] Having one's affections and passions subdued, or under one's control.

જિદ, *s.f.* [Ar.] Obstinacy-2. Contrariety; opposition. 3. Perverseness.

જિદ્દી, / **જિદ્દી-ખોર**, } *adj.* Obstinate; stubborn. 2. Perverse.

જિન, *adj.* [S. *fr.* जि to conquer.] Victorious. 2. *s.m.* A generic term for the chief *Buddha* or *Jaina* saint. 3. A term applied to the *Arhats* of the *Jainas*. 4. An epithet of Visṇu.

જિનેન્દ્ર, / **જિનેશ્વર**, } *s. m.* [+ S. इन्द्र, ईश्वर, lord.] The chief *Buddha* saint. 5. An *Arhat* of the *Jainas*.

જિનસ, Same as **જણુસ**.

જિંદ·ગી, / **જિંદ·ગાની**, } *s.f.* [Hind. जीता living *fr.* S. जीव्, જીવ·વું, to live.] Life; existence; living; subsisting; existing. 2. The period of existence.

Id. જિંદગીમાંથી નિકળી જવું To be ruined; to suffer a civil death.

જિભ·ડી, / **જિભ·લ·ડી**, } Same as **જીભ**.

જિમ, Same as **જેમ**.

જિયાફત, *s. f.* [Ar.] A feast; a banquet; an entertainment.

જિયા-વર, *s. m.* [See જાયા wife + વર husband.] A bridegroom.

જિર·વ·વું, *v. t.* [S. जॄ, जिर्, to become old.] To digest.

જિરા-કેરી, *s. f.* [See જીરૂં+કેરી.] A preserve made of cumin-seed and mangoes.

જિરાયત, Same as **જરાયેત**.

જિરા-સાળ, *s. f.* [See જીરૂં+S. शालि rice.] A kind of rice.

જિલ્લો, *s. m.* [Ar. जिला.] A district; a zilla; a division of a province.

જિવ·ડું, *s. n.* [See જીવ + ડું dim.] An insect.

જિવ·ડો, *s. m.* A small living creature. 2. A darling. 3. Life.

જિવ·ત, *s. n.* Existence. 2. Life.

જિવ·ત-ચરા, *s f.* [+ આ·ચાર conduct *fr.* ચર·વું to behave.] Caste-dinners given during the lifetime of a man instead of after his death.

જિવ·તર, *s.n.* Life in this world; worldly existence.

જિવ·ત-દાન, *s. n.* [+ દાન gift.] The gift of life; saving an imperilled life.

જિવ·તું, *adj.* Alive; living; not killed. 2. Running; not stagnant. 3. Fresh; quick; active. 4. Extant; current.

Id. જિવતો કોયલો Glowing charcoal. જિવતો જાગતો All alive. જિવતી ડાકેણ Lit. A living with. 2. A bad woman. 3. A quarrelsome woman. જિવતી માખ ગળયા જેવું Lit. As injurious as swallowing a live fly. 2. Putting to a loss far exceeding the gain (of a dishonest transaction). જિવતું પાણી Water coming up from the bowels of the earth. 2. An inexhaustible supply of water. જિવતું મારવું To put to a civil death. 2. To destroy everything dear in this world.

Prov. જિવતાની ખોડ મુવે જાય Though you drive nature with a stick, yet she will return. જિવતો નર ભદ્રા પામે Those who live longest will see most.

જિવા·ઈ, *s. f.* A fixed income; pay; a salary. 2. Land held by village-officers or servants on a particular tenure.

જિવારી, *s. f.* A musical instrument; a particular kind of drum.

જિવા·ળ, *adj.* [+S. आलु, વાળું, suffix showing possession.] Living; existent. 2. Spirited; energetic; high-mettled; high-spirited.

જિવે·જાન, *adj.* [+ જાન life.] Hearty; sincere. 2. Affectionate. 3. Familiar; in-

timate. 4. Fast; devoted; warm; ardent (of a friend) Same as **જીવ-જાન**.

જિષ્ણુ, *adj*.[S. *fr*. जि to conquer.]Ever-triumphant.

જિહાન, Same as **જહાન**.

રાજા કેરો અધિકાર મળ્યો હોય,જેને તાબે હોય સર્વ જિહાન.
—**ધીરો.**

જિહ્વા, *s. f*. [S.] The tongue.

Id. જિહ્વા દોષ A slip of the tongue.

જિહ્વાગ્રે *adv*. [+ અગ્ર.] On the tip of the tongue; by heart (learnt).

જી, *ind*. [S. जीव May you live long; See જીવ•વું.Orजय•तुMay your honour conquer *fr*. जि to conquer term. See જીવ•વું and જિત•વું.] A term of respect corresponding to *Sir, Madam*.2.A term expressing the assent of an inferior to a superior; yes, sir; very well, sir. 3. A honorific suffix added to proper names.

જી• *s. f*. [See જનની.] A mother.

જી•ઓ, *interj*. [See જીવ•વું.] May you live long. 2.Well done !

જીક, } **જીકર,** } *s. f*. Obstinacy. 2. Discussion.

જીક, *s. f*. [Imit. See ઝિક•વું.] The beating of a dhotar against a slab of stone (in washing). 2. Beating; dashing.

જી-જી, *s. f*. [See જી Madam.] A mother; a term of respect for an elderly female.

જીજી-બા, } **જીજી-બહેન,** } *s. f*. [See + બા, બેહેન.] A husband's sister.

જીજી-મા, *s. f*. [+ મા.] A grandmother.

જી-જો, *s m*. A grand-father.

જીટ•વું, Same as **ઝિટ•વું,**

જીઠું, *s. n*. [See ઝાડ.]A thorny twig of a plant.

તેમાં હુતું નીર ભરાણું, જીઠું જીટતાં તે ઝપટાણું.
—**દયારામ.**

જીણુ, *s. n*. The stone in a mango.

જીડકું, Same as **જિણુકવું,**

જીત, *s. s. f*. [See જિત•વું.]Victory;winning; gaining; suceess.

જીત-લખોટા, *s. m. pl*. [+ લખોટો.] A game for children.

જીત•વું, Same as **જિત•વું** To win.

Id. જીતી બાજી હારવી To lose a game, which was almost won.

જીતા•ડ•વું, } **જીતા•વ•વું,** } *v. t*. [Caus. of જીત•વું.] To assist one in gaining a victory.

જીતા-વું, *v. t*. [Pass. of જીત•વું.] To be conquered; to be defeated.

જીન, *s. m*. [Ar.] A genius; a demon; a spirit; one of the genii; an evil spirit.

જીન, *t. m*. [S. *fr*. जि to conquer.] Same as **જિન**.

જીન, *s. m*. [P.] A saddle.

જીનો, *s. m*. [P. जीनः] A staircase; a flight of stairs.

બીજો જીને કાઢયો બહાર, ગયો ઘેર નિશ્ચય નિરધાર.
—**સામળભટ.**

જીન્નત, *s. n*. [Ar.] Paradise.

જીભ, *s. f*. [Dh. Des. जीहा *fr*. S. जिह्वा.] The tongue. 2. Speech.

Id. તેને જીભ નથીHe cannot speak (either becausei he is dumb, or because he has his own reasons to be silent).તેની જીભ લાંબી છેHe speaks impertinently,flippantly,or saucily. તેની જીભ સખણી રહેતી નથી He cannot hold his tongue. તેની જીભ ઘણી છુટી છે: તે જીભનો છુટો છે He is abusive in his speech; he speaks without any restraint. જીભ હલાવવી To speak. 2. To speak a little. જીભનો કરડો Harsh of speech; threatening in speech. જીભ કરડીને મરવુંTo commit suicide by biting off one's own tongue. જીભ કાપવીLit.To cut off one's tongue. Hence. 2. To stop speaking. જીભ કાપવાના સમાચાર Unwelcome news. જીભ ટુંકી કરવી To shorten one's speech; to speak in measured terms.જીભ ટુંકી થઇ જવીTo stop speaking,a(little before one's death). કડવી જીભ A bitter tongue, જીભ કઢાવવી To tire out. 2. To astonish. જીભ ઘસાઇ જવી To speak the same thing repeatedly. મોઢમાં જીભ ઘાલવી: જીભ ટુંકી કરવી To stop speaking. 2. To speak in measured terms; to speak with modesty or shyness. જીભ આડી વાળવી To speak in opposition to;to speak against.

જીભમાં હાડકું નથી=જીભ ચામડાની છે He speaks without the restraints of truth or decency. જીભ દોડવી Lit. To run (of the tongue).2. To speak volubly and without restraint. જીભ બંધ કરવી To order to stop speaking. જીભ લગામમાં રાખવી To exercise control over one's tongue. જીભે કાંટા પડવા To be dry with thirst (of the tongue). જીભે લોચા વાળવા To speak indistinctly.2.To speak unintelligibly; not to give the correct information; not to answer decisively;not to give a decisive answer. જીભ વાળવી To remove the defect of stammering (from one's tongue); to cure the tongue of the defect of. જીભના કટકા કરવા Lit. To turn the tongue in several ways in learning the proper sounds. 2. To attempt to learn to speak correctly. જીભના કટકે કટકા કરવા=જીભનો કુચો કરવો To speak words of advice repeatedly. જીભને ટેરવે At the tip of the tongue. જીભમાં ગોળ અને જીભમાં ઝેર Lit. There is honey and poison in the tongue. 2. The same tongue may be used in speaking both sweet and harsh words. જીભે ચઢવું To be committed to memory તેની જીભે સરસ્વતી છે Lit. The goddess of learning dwells on his tongue.2.He can easily learn 3. He is very learned. જીભનો જૂઠો Telling lies; lying- જીભનો સાચો speaking the truth; truthful; veracious;

Prov. ઉપાડી જીભ, ને લગાડી તાળવે It is easy to speak, but difficult to act. જીભને કાંઇ હાડકું નથી હોતું A fair word is as soon said as an ill one. કહી કહીને જીભે કુચો વળ્યો Repeatedly said જે છે, તે જીભમાં છે Goodness or badness is generally the result of what one says. જીભને સ્વાદ છે, મોંહને નથી It is the tongue and not the mouth that tastes. જીભમાં ઝેર, ને જીભમાં અમૃત The same tongue may speak good or bad words.

જીભ-ડી, Same as **જીભ** used in contempt.
Id. જીભડી કરવી To be talkative and quarrelsome.

જીભા-જોળી, *s. f.* [+ જોર.] A quarrel, in which each party talks the loudest; wrangling; a noisy brawl.

હેવ, ત્યારે એને વારો, કે મારી જોડે જીભા-જોળી કરે નહિ.
—પ્રેમાનંદ.

જીભા-ળું. *adj.*[+S. आलु, વાળું, suffix showing possession.] Foul-tongued; rabid (of words spoken).

જીભિયા રસ, *s. m.* [+રસ.] A delight in quarrelling.

જીભી, *s. f.* The sail hung on the foremost mast in native ships.

જીર-ણુ, *adj.*[S. जीर्ण *fr.* जॄ to become old.] Old and wasted; infirm and decayed; worn out. 2 Digested.

જીરણુ તાવ, Same as **જીર્ણ જ્વર**.

જીરૂં, *s. n.* [P.=S. जार.] Cumin seed.

જીર્ણ, Classical from of **જીરણુ,**

જીર્ણ-જ્વર, *s. m.* [S. जीर्ण + ज्वर fever.] A lingering fever.

જીર્ણો-દ્ધાર, *s. m.* [S. + ઉદ્ધાર.] Repairs. 2. Especially, the repairs of a temple or any other building devoted to charitable or religious purposes.

જી-હજીએ, *adv.* Meanly; slavishly.
પરંતુ, અલકકિશોરી આગળ જીહજીએ થઇ રહેલો હતો.
—સરસ્વતીચંદ્ર.

જીવ, *s. m.* [S. *fr.* जीव् to live.] Life; 2 A living being; an animate creature. 3. A small insect or creature.4. Energy; mettle; pluck; capability; life; spirit. 5.Strength; firmness. 6. Soundness; truth; reality. 7. Animation; fire; heart. 8. Power; vigour; productiveness.9.Solidity;consistency. 10. Mind; intention; inclination. 11. Worth; riches. 12. Importance. 13. Soul. 14. The vital breath.

Id. જીવ અડધો કરવો To vax a person by teasing him, &c. 2. To spend one's strength in toil, &c. જીવ અર્ધો થઈ જવો To be worked, worried, or frightened to death's door. જીવ આપવો-કાઢવો To sacrifice one's life.2. To work hard.3.To commit suicide. જીવ આવવો ન જવો To be quivering in the last agonies. એક જીવ થવું To unite; to join; to become one જીવ કાઢવો To exhaust or waste oneself through exertion. 2. To urge (a claim). 3. To press; to worry.4.To

chafe; to storm at-જીવ અદ્ધર રહેવો–ટંગાઈ રેહેવો To hang upon (any beloved object); to be extremely anxious. જીવ ઉડી જવો To be bewildered or perplexed; to lose one's self-possession. જીવ ઘાલીને કરવું To work with all one's might and main જીવ ખાવો–લેવો To vex one's life out; to worry to death. જીવ ઘાંટીમાં આવી રેહેવો To be on the point of death. જીવ લઈ નાસવું To flee for one's life. જીવ નાખી દેવો To sacrifice one's life; to "refuse to be comforted." જીવ તાણી–તોડી બોલવું–રડવું–હસવું To speak, cry, laugh vehemently, or excessively, or with might and main. જીવ ઠેકાણે નહીં રેહેવો To be disconcerted or discomposed; to be thrown off one's balance. જીવ તુટવો To be wearied out at one's life. જીવ તોડવો To be strenuous; to work oneself beyond one's strength; to over-exhaust oneself. જીવ ઠરાવવો To make oneself calm or composed; to satisfy; to console. જીવ ઠરવો–ઠરી ઠામ બેસવો–ઠેકાણે પડવો To be at rest(of the soul); to find peace, or satisfaction (of mind). જીવ થોડો થોડો થવો To be languishing, failing dying; to be extremely solicitous about; to be sinking under; to misgive and lose heart. જીવ પર કરવું–આવવું To commit suicide. જીવ ઉપર આવી પડવું To endanger one's life; to be personally responsible. જીવ ધરવો To be about to recover; to be convalescent (after a sickness), 2. To be patient. જીવ ધરીને Summoning one's strength; earnestly; engagedly; intently; with alacrity and animation. જીવ નાંખીને–લગાડી–કરવું To enter into heartily; to perform (a work) with the mind fully set on it મારો જીવ માને નહીં I can have no peace, rest confidedce, assurance, ease of mind, &c. જીવ બેસવો To have great delight in or fondness for. જીવ મોટો કરવો To keep up the spirits; to arouse oneself to great liberality (in giving or spending money). જીવ રાખવો Not to be niggardly or stingy; to be liberal, generous, or high-minded (*in its good sense*). જીવ ઊંચો થવો To feel melancholy, heavy at heart, sad, dispirited જીવ છોડવો To give up the ghost. જીવ પર બેસવું To be doggedly and persistingly asking. 2. To depend upon. જીવના સમ (A most solemn assurance.) Upon my life or soul. જીવમાં જીવ છે ત્યાં લગી As long as there-is life (in me, you, &c.). જીવથી જવું To lose life (through some violence or with prematureness.) જીવનો જીવ (A phrase expresssve of endearment) The life; of my life *my life*, "*bone of my bones and flesh of my flesh.*" જીવે ધરવું–બાંધવું To love or prize dearly. જીવ લાગવો To be attached to; to be very desirous of; to be set or fixed on any loved object. જીવે લાગવું To be excessively importunate; to be greatly interesting or dear unto. જીવ લગાડવો To apply oneself to; to give one's mind to. જીવ બગડવો To be uneasy; to be giddy. જીવ બગાડવો To do an unlawful act. 2. To commit theft. જીવ ટુંકો કરવો To be stingy. જીવથી બચવું To be delivered from jeopardy or imminent death; to escape with life. જીવ-લેવો To harass, or tease one's life out. 2. To kill. જીવ જતા રેહેવો–નિકળી જવો To die; to expire. જીવ ખોટો થવો To be disappointed, displeased, and mortified. જીવ બાળવો, જીવને બળાપો કરવો To pine; to fret; to grieve. 2. To sympathize with. 3. To be jealous of જીવ બળ્યાં કરવો To be longing, or earnestly desiring; to be grieved, saddened, or mortified જીવ ટળવળવો To be fidgety, restless, or ill at ease; to be asking for (water, &c.) importunately (as a sick man). જીવ ચલાવવો To dare, venture, or hazard. જીવ ફરવો or બગાડવો To be indisposed જીવ દેખાડવો To show oneself willing (to do a work, &c.). જીવ જોવો To try one's mettle. જીવ ચાલવો To be willing, moved. prompted. 2. To be courageous. જીવથી મારવું To beat to death, *i. e.*, to kill. જીવ થવો To desire; to wish for આ ધંધામાં હવે જીવ રહ્યો નથી There is now not much to gain in this occupation; this occupation has now ceased to be a lucrative one. તેની પાસે દશ લાખનો જીવ છે He has property worth ten lacs of Rupees. જીવ અધો અધો થઈ જવો To be pleased with; to be delighted; to be filled with joy

and be astonished. જીવ અદ્ધર રહેવો: જીવ શિંકે ટંગાવો To be anxious. જીવ અદ્ધર ફરવો To be distracted; to be unable to concentrate (the mind). જીવ ઊંચો થવો To be excited; not to be at rest; not to be at ease. તારો જીવ કઇ પાંખડીએ ગયો છે? What are you thinking about ? you are unable to fix your attention on one subject. જીવ કપાઈ જવો To be very sorry. જીવ ઘેરાવો To be friends with; to love the company of જીવ ચકડોળે ચઢવો To be ill at ease. 2. To lose one's wits. જીવ આલ્યો ન રહેવો To lose control over one's mind. 2. To be charmed with. 3. To be impatient. જીવ ટગમગ થવો To be wavering in mind; to be indecisive. જીવ તલપાપડ થવો To be impatient; to be eager. જીવ ઠેકાણે રાખવો To have one's wits about oneself. જીવ ટાઢો પડવો: જીવને ટાઢક વળવી: જીવ નીચો બેસવો To be at rest; to be in peace or free from excitement. મારો જીવ ત્યાં, ને ખોળિયું અહીં છે My mind is there, although my body is here: My mind is engrossed with thoughts about the person who is there. જીવ પડીકે બંધાવો Not to be at ease. જીવ ભડકે બળવો To be very anxious. જીવ ભરાઇ રહેવો: જીવ વળગી રહેવો To be unwilling to give away or part with, owing to great attachment. જીવ ધ્રુક ધ્રુક થવો To be frightened. જીવ સટોસટનું Involving danger to one's life. જીવથી જવું To die. જીવમાં જીવ હોવો As long as one lives. જીવનું જીવન The dearest; one most beloved.

Prov. કોઇનું કોઇના જીવ પર ચાલે નહીં No one has right over another's life or person. જેનો જીવ તેને પ્યારો No man ever hated his own flesh.

જીવ જીવકે આસરે, જીવ કરત હૈ રાજ;
તુલસી રઘુવીર આસરે, ક્યું બગરેગા કાજ.

—તુલસીદાસ.

જીવ-જંત, } Same as *s. m.* [+જંત=જંતુ.]
જીવ-જંતુ, }
An insect.

જીવ-જાન, *adj.* [+જાન life;] Dear as life; precious.

જીવ-ડું, Same as **જિવ-ડું**

જીવણ, Same as **જીવન.**

જીવણ-જી, *s. m.* [+દેવ.] The lord of life; the husband.

જીવત-દાન, Same as **જિવત-દાન.**

જીવતવ્ય, See **જીવિતવ્ય.**

જીવ-તું, Same as **જિવ-તું.**

જીવ-દાર, *adj.* [See જીવ+P. दार् having *fr.* दारतन=S. ध, धार्, to hold.] Worthy; fit. 2. Noble; generous. 3. Strong; stout; robust. *Cf.* **દિલ-દાર.**

જીવ-દેહ, *s. m. f.* [+દેહ.] The gross and material body, as opp. to લિંગ-દેહ.

જીવ-ન, *s. n.* Livelihood; subsistence. 2. Food; provisions. 3. Water.

જીવન-ગાળો, *s.m.* [+ગાળવું to pass; or કાળ time.] Means of maintenance or subsistence.

જીવન-દોરી, *s. f.* [+ દોરી.] Lit. The thread of life. Hence, 2. A thread of hope. 3. The ground or motive of living.

જીવન-મુક્તિ, *s. f.* [+ મુક્તિ.] Liberation from the pain of being born again and again. 2. Salvation.

જીવન-મૂળી, *s. f.* [+ મૂળી.] Lit. The root of life. Hence, 2. The object of motive of living.

જીવનિ-યું, *s.n.* } Means of livelihood. *Cf.*
જીવની, *s. f.* }
જીવા-ઈ, જિવા-ઈ.

જીવંત, Same as **જીવ-તું.**

જીવન્મુક્ત, *adj.* [+ મુક્ત.] Emancipated even during this lifetime (of the soul). 2. Purified by divine knowledge; absorbed in divine contemplation.

જીવ-લગ, *adj.* [+લાગ-વું to stick.] Hearty; intimate; dear to one's soul.

જીવ-વું, *v. i.* To live; to have life; to exist; to be; to have being.

Prov. જીવે તેને જોખમ(જોખમ) છે While there is life, there is hope. જીવેગા નર, તેમ ફિર બસાયગા ઘર While there is life, there is hope. જીવવું થોડું, ને મમતા ઘણી = જીવવું થોડું ને જંજાળ ઘણી Life is short, and attachments are many. જીવવું જગતને વહાલું છે. Every body wishes to live. જીવશો તે જોશો, You will see it, if you live long enough.

જીવ-સટોસટ, *adj.* [+સટો-સટ Imit.] Dan-

gerous to life;perilous;extremely hazardous

જીવ-હત્યા, *s. f.* [+હત્યા killing.]Destruction of life; taking life.

જીવાઈ, Same as **જિવાઈ.**

જીવા-જીવ, *s. m.* [+ જીવ.] The life of life; the support of life.

જાણે આનંદ આનંદનાથ, કોઇ દિન મુજને જો;
દીવાળીના જીવા-જીવા, સુખ અતિ મુજને જો.
—દીવાળીબાઈ.

જીવા-ડ-નાર, *s. m.* [See જીવ-વું.] A nourisher, a guardian; a patron; a protector.

જીવા-ડ-વું, *v. t.* [Caus. of જીવ-વું.] To bring back to life; to spare; to preserve the life of.

જીવા-ત, *s. f. pl.* [See જીવ+જાતિ.] Insects found in food grains.

જીવાત્મા, *s. m.* [+આત્મા.] The personal soul; the sentient soul.

જીવા-રો, *s. m.* [+ આરો.] The aim of living or life. *Cf.* **જીવિ-કા,જીવા-ઈ,જીવન-દોરી, જીવન-ગાળો.**

જીવા-ળ, Same as **જિવા-ળ.**

જીવિ-કા, *s. m.* Means of subsistence or livelihood; property; the profession or occupation, by which life is maintained.

જીવિ-ત, *s. n.* Life.

જીવિ-તવ્ય, *adj.*That for which one lives; the aim of living or life.2.Life;existence.

જીવી, *adj.* Living; existing.

Id. ચિરંજીવી A son. 2. A daughter.

જીવે-જાન, Same as **જિવે-જાન.**

જી-સાહેબ. *interj.* [See જી+સાહેબ.] Said by an inferior in reply to call from a superior. 2. Expressing assent—from an inferior.

જું-આળ, Same as **જુ-આળ.**

જુંગું, *adj.* [See જુગતું, યુક્ત.] Strong. 2. Skilful; ingenious.

જુંફણ, Same as **ઝુંફણ.**

જુંહલ-વું, *v. i.* [See જુંસરૂં, ઝુંસરૂં, ધુસરૂં.] Lit. To be yoked. Hence.**2.**To go on horseback in a marriage procession(spoke in jest of the bridegroom).

એવું જાણ્યા છતાં,જું હલતાં શે' હશે ?—**પ્રેમાનંદ.**

જુ, *s. f.* [S. यूका.] A louse.

જુઆ-ખાનું, *s. n.* [See જુગાર + ખાનું.] A gambling house.

જુઆ-ખોર, *s. m.* [+ P. ख़ोर fond of *fr.* खुर्दन to eat.] A gambler.

જુ-આળ, *s. m.* Tide.

જુઈ, *s. f.* [S. युतिका.] A kind of plant bearing sweet smelling white flowers.2. A flower of this plant.

જુઓ, Same as **જુવો.**

જુક્ત, Same as **યુક્ત.**

જુક્તિ; જુક્તી, જુક્તા-ઇ, *s. f.*[S. युक्ति *fr.* युज् to join, to fit.]Contrivance; scheme;art;means; knack. 2. Skill. 3.A device;a cunning invention.4.Delicacy of management.

જુકતે, *adv.* At that very moment; as soon as.

જુખામ. *s. n.* [S. श्लेष्म સળેખમ.] Cold.

જુગ, *s. m.* [S. युग *fr.* युज् to join,to fit.] A couple; a pair; a brace.

વર વાગે, અદ્ભુત ઉપરણો, નૂપુર ઝમક જુગ પાય.
—દયારામ.

2. A period; an age.

જુગ-જુગ. *adv.* [Imit.] Glimmeringly; flickeringly; quiveringly.

જુગ-ટું, *s. n.* [See જુગાર.] Gambling; gaming; dice-throwing.

જુગત, જુગતી, Same as **જુક્તિ.**

દેહ તારી નથી જો જુગતે કરી,રાખતાં નવ રહે,નિશ્ચે જાયે.
—નરસિંહમહેતા.

2. *adj.* See **જુકત.**

જુગતંબા, Same as **જગદંબા.**

જુગ-જુતા-ગતી, *adv.* [જુગત + ગતિ.] Together.

જુગ-તું, *adj.* [S. युक्त proper *fr.* युज् to join, to fit, to be proper.] Proper. 2. Fit; suitable. 3. Agreeable.

રોહિણીજી આદિ આડોશી-પાડોશી સહુ આવ્યાં રે,
સહુ કહે, એ કહાનાને કન્યા જુગતી જોડ. **—દયારામ.**

જુગદીશ, જુગદીશ્વર, Same as **જગદીશ.**

જુગમ, *s. m.* [S. युग्म See જુક્તિ.] A pair; twins.

જુગમ રવિ-સુત રૂપ આગળ જાય નાખી વાટ.
—પ્રેમાનંદ.

જુગ·લ, *s. f.* [S. युग·ल, See જુક્તિ.] A pair; a match; joining with another; twins. 2. The agreeing, according, harmonizing, suiting (of various agents, measures, &c.).

જુગલ સ્વરૂપ આ જોઇને, ઠરે આંખડી માહરી.
—દયારામ.

જુગલ-કિશોર, *s. m.* [+કિશોર.] A beautiful child.

જુ·ગાર, *s. m.* [S. द्युत *fr.* दिव् to gamble + કાર doing.] Dice-throwing; gambling; gaming.

Id. જુગાર ખેલવો–રમવો To gamble. જુગાર-ખાનું A haunt or den of gamablers.

જુ·ગારી, *s. m.* A gamble; he wno plays at dice. 2. *adj.* Addicted to gambling.

જુગો-જુગ, [See જુગ+ P. =S.वै and.] In every age. 2. Constantly; always.

જુગ્તિ, Same as **જુક્તિ.**

જુગ્મ, Same as **જુગમ.**

જુઝુંા·ઈ, *s.f.* [See જુઝું., ઘિઝું.]Stoutness. 2. Activity. 3. Sharpness of intellect.

જુઝું, *adj.* [See ઘિઝું.] Strong; robust. 2. Active. 3. Sharp.

જુજ, *adj.* [Ar. जुज़् a part.] A little; a part.]A little; a few, little; small in quantity. 2. Trifling; of no weight or importance.

જુજ·વી, *adj.* [Ar.] Slight; flimsy; narrow. 2. Trifling. 3. Conducted on a small scale; a little.

જુજવું, Same as **જૂ દું.**

પડ્યા સ્વજનથી જુજવો, ત્યારે સુરતીને દુખ થાય.
—કાળીદાસ.

જુજ·વું, *v. t.* [S. युध् to fight.] To show courage or valour. 2. To fight with.

જુ·ઝ·વું, Same as **જુઝ-વું.**

જુઠ·ણ. *adj.* [See અ-જીઠું.] Offal; refuse of food.

જુઠ·ણુ, *s. m.* [See જૂઠું.] The buffoon in a drama.

જુઠા·ણું, *s. n.* [See જુઠું.] Untruth; a lie.

જુઠા-બોલુ, *adj.* [+ બોલ·વું.] Telling lies; lying.

જુઠું, } *adj.* [Hem. Des. झुट्टं=S. अलीकम्
જુટ્ઠું, }
false. *fr.* S. दुष्ट polluted wicked, *fr.* दुष् to be polluted, to be spoiled.] False; untrue, 2. Fictitious; forged; counterfeit; spurious. 3. Mendacious; lying.

Id. જુઠું બોલવું To tell a lie. જુઠું પડવું To prove false; to turn out untrue. જુઠું પાડવું To prove to be false; to give the lie to. જુઠું (નામું) માંડવું To make false entries in an account-book. મારો હાથ જુઠો પડયો છે My hand is benumbed or paralysed.

Prov. જુઠાની માને જુઠો(ભાંડ) પરણે Birds of a feather flock together. જુઠાનો આવરદા ચાર ઘડીનો A cheating trade seldom thrives. જુઠું બોલવું ને જખ મારવી (બે બરાબર) To tell a lie is a great sin. જુઠો સાચાને વટલાવે: જુઠાને ક્યાં પકડીએ ? Falsehood has often a better look than truth.

જુઠું, Same as **અજીઠું.**

દયાના પ્રીતમ વહાલા, મનમાં વિચારો,
જુઠું ખાય, તે મીઠાની આશે રે. —દયારામ.

જુડી, Same as **જૂડી.**

જુ·ત, *adj.* [S. युत *fr.* यु to join.] Joined; accompanying.

જુ·ત, *s. n.* [S. युत or, See જુથ, જૂથ.] A carriage to which bullocks, &c., are yoked.

જુતી·ખોર, *adj.* [See જૂતી shoes+ P, खोर fond of *fr.* खुर्दन to eat.] Always liable to blame.

જુથ, Same as **જૂથ.**

જુદું, Same as **જૂદું.**

જુદ્ધ, } Same as **યુદ્ધ** A battle.
જુધ, }

જુનું, *adj.*[S. जीर्ण *fr.* जॄ to become old.] Old; ancient; not recent or modern. 2. Long-used; long-standing.

Id. જુનો પાપી A man addicted to cunning practices for a long time; a man grown old in wickedness. જુનું વેર શોધવું To find out an old cause for a quarrel; to gratify an old grudge. જુના જમાનાનું Of the olden times; old.

Prov. જુની આંખે નવાં કૌતુક New things in an old light. જુનાં ઝાડનાં ઉંડાં મૂળ Old trees have deep roots.

જુનું-ખખ, *adj.* [See ખડ-ખડ, or, ખોખરૂં] Worn out; somewhat old.

જુનું-પાનું, } **જુનું-પુરાનું,** } *adj.* [+ પાનું redup.& પુરાણું very old.] Worn-out; used and worn; old and impaired.

જુબાં, } **જુબાન,** } Same as **જીબાં, જીબાન.** The tongue.

જુબાની, *s. f.* A deposition; the oral testimony of a witness.

Id. જુબાન આપવી To depose (of a witness). જુબાની લેવી To obtain information from a witness. 2. To write down the deposition of a witness.

જુમખું, Same as **ઝુમખું.**

જુમલે, } **જુમલ્લે,** } *adv.* [See જુમલો.] Altogether; in the aggregate; on the whole.

જુમલો, } **જુમલ્લી,** } *s.m.*[Ar. जुमलः.] The amount; the sum; the total; the whole.

Id. જુલમ કરવો–ગુજારવો To oppress. 2. To subject one to injustice.

જુમ્મો, *s. m.*[Ar. जुम्मः.]Responsibility. 2. Charge.

જુરત, } **જુરિ-યત,** } *s.f.*[Ar.]Boldness;bravery. 2. Interpidity; audacity.

જુલમ, *s. m.* [Ar. ज़ुलम.] Oppression; tyranny. 2. Injustice; wrong.3. Violence; force.

જુલમ-ગાર,*s.m.* [+ कार doing *fr.* P. कर्दन =S. कृ to do.] A tyrant; an oppressor.

જુલમા-ત, *s. m.* [Ar. See જુલમ.] Oppression; tyranny. 2. Injustice.

જુલમી, *adj.* Oppressive; tyrannical; iron-handed.

જુલાબ, *s. m.* [Ar. for P. गुलाब *fr.* गुल a rose + आब=S. अप्, आपः, water.] A purgative. 2. A purge. 3. Scolding; upbraiding a threat.

Id. જુલાબ આપવો To administer a purgative or an opening medicine. 2. To frighten with threats. જુલાબ લેવો To take a purgative.

જુલ્ફ, } **જુલ્ફાં,** } *s.n. pl.* Locks of hair hanging over the temples.

જુવતી, } **જુવતી,** } *s. f.* [S. युवति *fr.* युवन a young man.] A young woman.

જુવા, *s.m.pl.* [S. यूका See જૂ.] A kind of insect.

જુવા-ખાનું, Same as **જુગાર-ખાનું.**

જુવા-ખોર, *adv.* [+ P. ख़ोर fond of *fr.* ख़ुर्दन to eat.] Same as **જુગારી.**

જુવાન, *s.m.* [S. युवन young. P. जवान See જવાં, જવાન.] A young man. 2. A stout and healthy young man. 3. *adj.*Young.4.Stout and healthy.

Prov. જુવાન જોશી,ને ઘરડો વૈદ (હોય, તો સારા) A young astrologer and an old physician are to be preferred.

જુવાન-જોધ, *s.m.* [+ જોદ્ધો,] A stout and rash young man.

જુવાની, *s. f.* Youth. 2. Bloom of life; youthfulness.

Id. જુવાનીનું જોર The rashness and enthusiasm of youth. જુવાનીનો વખત The time of youth.

Prov. જુવાની ને દીવાની (બે બરાબર) Youth and madness are synonymous terms.

જુવાબ, Same as **જવાબ.**

જુવાર, *s.m.* [Hem. Des. जोण्णलिआ (Mar. जोंधळा), जोवारी, =S. धान्यम corn. *Cf.*જવાર,જવારા, (જવ+આકાર; જવાહિર=જવ+હીરો.)] A kind of grain.

જુવાર, See **જુહાર.**

જુવારા, Same as **જવારા.**

જુ-વું, [Dh. Des. झुंपं *fr.* S. द्यूतम.] Same as **જુગ-ટું, જુ-ગાર.**

જુસતિસ, *s. f.* [Eng. *Justice.*] Justice.

જુસરી, Same as **ધુંસરી.**

જુસ્સો, *s. m.* [P. जुस्सः.] Excitement; passion. 2. Rage.

જુહાર, *s. m.* [See જવ+હાર a necklace.] Salutation (made by Kanbis and Rajputs).

જુહાર પટોળાં, *s. m. pl.* [+પટોળું.] A visit paid on the Hindū New Year's day. 2. A feast given to the son-in-law on New Year's day.

જૂ, *s. f.* [Hem. उआ *fr.* S. यूका.]A louse.

જૂઈ, Same as **જુઈ**.

જૂજ, Same as **જુજ**.

જૂઠું, Same as **જુઠું**.

જૂડી, *s. f.* [S. यूक्ति *fr.* युज to join. Or, जुड़ to join.] A bunch; a bundle.

જૂતી, *s. f.* } A shoe.
જૂતું, *s. n.* }

Id- જૂતું મારવું Lit. To strik with a shoe. Hence, 2. To treat with contempt. 3. To give a refusal before the eyes of the public; to give a flat refusal. જૂતે મારી જવું To treat a loss with indifference; not to care about a loss.જૂતું ખાવું–પડવુંTo be struck with a shoe. 2. To be disgraced. 3. To be treated with contempt. એ તો મારી પગની જૂતી બરોબર છે I look upon it with as much concern as I do upon my shoes.એને ઘેર કોણ જૂતીઆઈ જાય ? I would not care to send even my shoes to his house.

જૂથ, *s. n.* [S. यूथ.] A herd. 2. A troop (of birds). 3. A group; an assemblage; a crowd.

જૂદા·ઈ, }
જૂદા·ગિરી, } *s. f.* [See જૂદું.] Separation;
જૂદા·પણું, }
disjunction. 2. Disnuion; alienation in friendship. 4. Difference; dissimilarity.

જૂદું, *adj.* [P. जुदा *fr* S. द्वितीय second *fr.* द्वि two.]Separate; distinct. 2. Different.

Id. જૂદું કરવું–પાડવુંTo separate.જૂદું પડવું–થવુંTo become separated.2.To be distinguished from. **જૂદું રહેવું** To live separated. તે તો **જૂદું** That is a different thing. એ વાત જૂદીજ તોOf course,that is quite a different thing.

Prov. જૂદે જૂદે મોહડે જૂદી જૂદી વાત Many men, many minds.

જૂન, *s. m.* [Eng. *June.*] June.

જૂનું, Same as **જુનું**.

જૂમ, *s. f.* [See જોમ.] Cheerful spirits; energy.

જૂ·વું, *s. n.* Same as **જુ-ગાર**.

જેંસલો, *s. m.* [See ધુસરૂં a yoke.] A machine made to train a bullock.

જે, See **જય**.

Id. જે કરવી To make a bow to a god.

જે, *s. f.* [See ઘેર, ઘેરાવ.] The bounding line. 2. The fringe of a garment.

જે, *rel. pron.* [S. यद् who, which, rel.] Who; which; that. 2. *conj.* That.

Prov, જે પીએ શરાબ, ઉસકા ખાના ખરાબ Counsels in wine seldom prosper. જે મોહડે પાન ચાવ્યાં, તે મોહડે કોયલા કેમ ચવાય ? If a promise be given, it must be fulfilled = Lawmakers should not be law-breakers. જે ખાય, તે સ્વાદ જાણે He only knows who has experienced જે ઘેર બૈરીનું જોર, ત્યાં મોટું રોળ It is a bad house, where the hen crows more than the cock. જે જેમ ધાય, તે તેમ પાય Everyone to his liking.જે થયું, ત ઠીક જ છેIt is well; it is no worse.જે થાય છે,તે સારાને માટે All for the better:Nothing for the worse. જે જાય દરબાર, તેનાં જાય ઘરબાર Law licks up all. જે ડાળીએ બેસવું, તેને જ કાપવી ?Don't kick the ladder on which you stand. જે પાણીએ દાળ ન ચડે, તેણે મગ શું ચડે ? How can he do a greater thing,when he cannot do a smaller one ? જે બચાવ્યું, તે ખરૂં When the house is on fire. save what little you can. જે મોતથી ન ડરે, તે ચાહે તે કરે A desparate man may do anything.જે રસ્તે આવ્યું, તે રસ્તે ગયું Light come, light go. જે ઘેર ન જવું, તે ઘરનું નામ શું કરવા દેવું ? Why should you talk of a thing, when you don't wish to do it ? જે ચૌદ જાણે, તેને ચારવાળો શું શિખવે ? You must not teach fish to swim. જે જેવો,ને તે તેવો Like for like. જેનેકોઈ ન પરણે, તેને ખેતરપાળ પરણેHe can put up with all, good or bad. જેને રામ રાખે, તેને કોણ મારી શકે ? Whom God will help, none can hinder. જેને વાગે તેને પીડા = જેને માથે પડે તેજ જાણે The wearer knows best where the shoe pinches. જેણે મૂકી લાજ,તેને નાનું સરખું રાજ He that has no shame, has no conscience. જેણે માખ મારી,તે માણસ મારેHe that will steal an egg, will steal an ox. જેણે મન જીત્યું તેણે સર્વે જીત્યું Command yourself, and you will

command others. જેણે પોરવ્યાં, તે રંગે=જેણે પલાળ્યું, તે મુંડે The responsibility of finishing a work lies upon him who begins it. જેણે દાંત આપ્યા છે, તે જ ચાવણું આપશે The God who gave us teeth will give us food to eat. જેનું કામ તે કરે, બીજો કરે તો ગોદા ખાય Every man to his trade=Let the cobbler stick to his last. જેના દહાડા પાધરા, તેના વેરી આંધળા The better the day, the better the deed. જેની ધંટીએ દળીએ, તેનાં ગીત ગાઇએ Him laud whose bread you eat=It is an ill guest that never drinks to his host's health=Set your sails as the wind blows. જેનો અહીં ખપ, તેનો ત્યાં પણ ખપ A bad thing never dies. જેના પેટમાં દુખે, તે અજમો માગે He who suffers will ask for a remedy. જેના હાથમાં પૈસો, તેનાં છોકરાં ધુધરે રમે Money makes the mare go. જેનું કોઇ નહિ, તેનો પરમેશ્વર God helps the helpless.

જે કાંઈ, *pron.n.* [Guj. જે which+કાંઇ some.] Anything whatever. 2. *adv.* Whoever.

જે કોઈ, *pron. m.f.* Whosoever; whoever.

જે ગમ, જે તરફ, જે પાસ, જે મેર, Same as **જે·ણી ગમ,** &c.

જે ગોપાળ, *s. m.* [Guj. જે, જય, victory+ગોપાળ.] A word of salutation used by Yaniās.

જે જે, *pron.* [See જે which + redup.] Each; whoever; whichever; whatever.

જે-જે-કાર, *s. m.* [See જે, જય, victory+S कार suffix showing the sound and meaning of the preceding letters *fr.* कृ, કરવું, to do.] Extolling with shouts; acclamations of praise; cries of exultation; shouts of victory. 2. Rejoicings.

જે-જે·વંતી, *s. f.* [S. जय-जय•वन्ती. See જય.] A kind of metre. 2. A made of music. 3. A flowering creeper.

જે·ટ·લું, *adj.* [S. या•वत *fr.* यत which.] As much; as large. 2. As many.

Prov. જેટલો ગોળ નાખશો, તેટલું ગળ્યું થશે Plenty makes dainty. જેટલું પેટનાને લાગે, તેટલું પરાયાને ન લાગે The weaver knows best where the shoe pinches, *i. e.,* He is the best udge whose own interests are concerned. જેટલો બહાર છે, તેટલો માંહે છે His plans are laid deep.

જે·ટ·લે, *adv.* As; just as; while; when.

જેઠ, *s. m.* [S. ज्येष्ठा the eighteenth lunar mansion.] The eighth month of the Samvant year, corresponding to May–June. 2. [S. ज्येष्ठ eldest.] The husband's elder brother. 3. *adj.* Eldest; older.

જેઠા·ણી, *s. f.* The wife of the husband's elder brother.

જેઠી, *s. f.* The day of full moon in the month of જેઠ (May–June).

જેઠી·પુત્ર, *s. m.* [+પુત્ર.] The eldest son.

જેઠી-મધ, *s. n.* [S. यष्टि a stick + मधु, મધ, honey.] Liquorice.

જેઠી-મધ·નો શીરો, *s. m.* [+ શીરો.] Juice of liquorice.

જેઠી-મલ, *s. m.* [See જેઠ greatest+S. मल्ल, મલ, મલ્લ, a gymnast.] The best among gymnasts or athletes.

જેઠા·ણું, *s.m.* [See જેઠ greateast.] A feast given by the bride's father to the bridegroom's party.

જે·ણી ગમ, જે·ણી તરફ, જે·ણી પાસ, જે·ણી મેર, *adv.* [See જે which + ગમ, તરફ, પાસ, મેર, side.] Whither; in which direction; on which side.

જે તે, *indef pron.* [+તે that.] Anybody; whatever; whatsoever. 2. Anything.

જે પ્રમાણે, *adv.* [+ પ્રમાણ.] As; in the way or manner. 2. In like manner; accordingly; as; like.

જેબ, *s m.* [P. जब्र peculiarity.] Tyranny; Oppression.

એટલાથી એ તે સંતોષ ન માનતાં, મારી એબ સભા વચ્ચે જોવડાવવાનો જબર જેબ કર્યો. —**પ્રેમાનંદ.**

2. A large quantity.

તેને પસીનાના જેબે જેબ વળ્યા. —**ભાષા.**

જે·મ, Same as **જે પ્રમાણે.**

જેમ·કે, *adv.* [+કે.] For instance; for example.

જે·મ તે·મ, *adv.* [+ તેમ,] Indifferently; negligently. 2. Somehow or other; anyhow; tolerably.

જેમ-નું તેમ, *adv.* Precisely the same; in the same state; just as it was; *in statu quo.*

જેર, *adj.* [P. जर्] Overcome: exhausted; enfeebled; reduced; subdued.

Id. જેર કરવું To subdue. જેર થવું To submit.

જેર કડી, *s. f.* [+કડી.] The curb-chain or strap of a bit; an iron chain attached to a horse's bridle.

જેર-દસ્ત, *adj.* [P. + दस्त the hand.] Inferior; feebler; of less power; of less dignity; subject to the will of a superior.

જેર-બંદ, [P. + बन्द् a band=S. बन्ध् બાંધ-વું, to bind.] A strap to curb a horse. 2. A scourge; a lash.

જેર-વ-વું, *v. t.* [S. जॄ, जिर् ,to become old.] To digest. 2. To endure. 3. To keep secret.

જેલ, *s. f.* [Eng. *Jail.*] A jail; a gaol.

Id. જેલ જાત્રા કરવી To be thrown into a prison.

જે-વ-ડું, *adj.* [See જેટ-લું.] As big as; as much as; as large as.

જેવર, Same as **જવાહીર,**

થાળ ધર્યો કર,તેથી દિસે વર,જેવર, નેવર,સોચવતી ત્યાં.
—**વલ્લભ.**

જેવા-ણી, *s. n.* [See જમ-વું = Mar. जेवणे + પાણી.] The refuse water in a kitchen.

જે-વું, *adj.* [See જે-વ-ડું.] Similar; such; like; as.

Prov. જેવો દેશ તેવો વેશ In Rome be as a Roman. જેવાં ભાઈનાં મોસાળાં, તેવાં બેનનાં ગીત Like fof like: Tit for tat. જેવા વડ તેવા ટેટા, ને બાપ તેવા બેટા As is the father so is the son. જેવો દેવ તેવા ભક્ત As is the god so is the worshipper. જેવો સંગ, તેવો રંગ Tell me the company you keep and I'll tell you what you are. જેવા શેઠ, તેવા વાણોતર As is the master, so is the servant.

જેવું-તેવું, *adj.* [+ તેવું.] Common; ordinary. 2. Not particularly chosen or selected.

જે-વે. *adv.* [Loc. of જેવું.] While; when; during.

જેષ્ટ, Same as **જેઠ,**

જેષ્ઠા, *s. f.* [S. ज्येष्ठा.] The eighteenth lunar mansion.

જેષ્ટિકા, *s. f.* [S. यष्टि-का.] A stick.

જેસલી, *s. f.* A plough.

જેહુ, Same as જેહુ.

જેહ, Used in poetry for જે Which.

જેહુ, *s. f.* Dust.

જેહેર, Same as **ઝેર.**

જૈ, Same as **જઈ** A pice.

જૈન, *s. m.* [S. *fr.* जिन one of the deified mortals among the Baouddhas *fr.* जि to conquer.] A worshipper of the Jinas; a Jaina.

જૈસા, [Hind *fr.* S. यादृश such *fr.* यद् which + दृश् to see.] See જેવું.

Prov. જૈસેકુ મિલા તૈસા, તૈસેકુ મિલા તાઈ, તીનું મિલકે, તુનતુની બજાઈ Birds of a feather flock together.

જૈસા-તૈસા, [+S. तादृश like that *fr.* तद् that + दृश to see.] Same as **જેવું-તેવું.**

Prov. જૈસા તૈસા ભાવે નહિ, ને મન-ગમતા પાવે નહિ One would not when one may.

જો, *conj.* [S. यदि, यावत , if.] If; provided; in case.

જો, *v.t.* [Imp. Second Per. Sing. of જો-વું.] Behold; see; look.

જો વર્સે આર્દ્રા, તો બારે માસ પાધરા;
જો વર્સે ઉત્તરા, તો ધાન ન ખાય કુતરા;
જો વર્સે પૂર્વા, તો કણબી બેસે ઝુરવા;
જો વર્સે હસ્ત, તો પાકે અરાઢે વસ્ત. —**ભાષા.**

જો-ઇ-તું, *adj.* [See જો-ઇ-એ.] Needful, expedient. 2. Incumbent. 3. Requisite.

Prov. જોઈતું હતું, ને વૈદે કહ્યું Being compeelled to do what one wishes to do.

જોઇ-એ, *v. i.* [S. युज्य-त it fits *fr.* युज् to join. Or Pass. of જો-વું to see, *Cf.* Mar. पाहिजे must *fr.* पहाणे *fr.* S. पश्य-ति it sees.] Must; ought; should.

જોક, *s. f.* [S. जलूका.] A leech.

જો-કે, *conj.* [See જો if + કે that.] Although; though; notwithstanding.

જોખસે, *adv.* [See જોસ, જોસ્સો, effervescence.] Of course; as a matter of course.

જોખ, *s. n.* [See જોખ-વું.] A weight; a mass to weigh with. 2. Weighting.

જોખ, *s. f.* [See જોક.] A leech.

જોખ, *s. f.* [S. जोष *fr.* जुष् to delight.] Pleasure.

જરથી પામે જોખ, સતી શુભ કુળની આવે.
—સામળભટ.

Prov. જીવે, તેને જોખ Those who live longest, will see most.

જોખમ, *s. n.* [Ar.] Risk; hazard, peril; danger. 2.A venture;an enterprise.3. Loss or deficiency of money.4.Responsibility.

Id. જોખમ ઉતારવું To insure.2. To be free from responsibility.જોખમ ખમવું-ખાવુંTo bear a loss. જોખમ લાગવું To be damaged. જોખમમાં નાખવું To place in a responsible or risky situation. એમાં જોખમ છે It is risky; it involves a loss. એની પાસે જોખમ છે He has valuable property (of gold, &c.,) in an unsafe place).

જોખમ-કારી, *adj.* [+ S. कृ, કર-વું, to do.] Perilous; hazardous.

જોખમ-દાર, *adj.*[P. दार् keeper *fr.* दाश्तन =S.धृ, धार्, to hold.]Answerable;responsible.

જોખમ-દારી, *s. f.* Responsibility.

જોખ-માપ, *s. n.* [See જોખ weight + માપ measure.] A measure and weight; measurement and weightment. (in ascertaining and identifying a thing).

જોખમા-વું, *v. i.* [See જોખમ risk.] To be damaged, hurt, or injured;to substain an injury.

જોખ-વું. *v. t.* [S. जुष्, जोष्, to be heated, to shine. See જોશ, જોસ, ebullition.] To weight; to examine by a balance.2.To beat severely; to thrash. 3. To abuse with bad words (vulgar).

Id. જોખી નાખવું To ascertain the weight of. 2. To beat. 3.To threaten.

Prov. જોખ્યાનું મોહ કાણુ The weight of a things is no respecter of person.

જોખો, *s. m.* [S. जोष pleasure *fr.* जुष् to be pleased. See જોખ pleasure. See ઝોકો a nod with the head.] Pleasure.

પાંચે ઘડીએ પધારજો, કરૂં ચાકરી પેર;
રમી, જમી, જોખો કરી, જજો તમારે ઘેર.
—સામળભટ.

જોગ, *s. m.* [S.योग *fr.* युज् to join.] Junction.2.Consecutive disposition or arrangement of things. 3. A way;a means;an expedient. 4.Spiritual or abstract devotion; abstract worship. 5. Renunciation of the world and worldly passions and affections.

Id. જોગ આવવો-બનવો To take place (of a conjuncture or crisis). જોગ મળતો આવવો To occur(of a suitable or favourable conjuncture). જોગ સાધવો To take advantage of an opportunity; to make the best of an occurrence. 2.To effect a junction of broken threads in weaving. જોગ લેવો To adopt ascetic practices. જોગ વહેવા To undergo a particular kind of ceremony, whereby a Jaina ascetic becomes entitled to great purity and sanctity.

જોગ, *adj.* [S. योग्य *fr.* युज् to join.] Suitable; worthy; becoming; fit proper.

Id. લખવા જોગ, બોલવા જોગ, ખાવા જોગ Suitable for writing, speaking, eating.

જોગ, *adv.* To; towards.

Id. તેના જોગ કાગળ લખ્યો A letter was written to him. તેના જોગનો કાગળ A letter addressed to him. નામ જોગ હુંડી A money-order to be paid to the person whose name is mentioned therein. શાહ જોગ હુંડી A money-order to be paid to the bearer who should be ascertained to be in lawful possession of the document.

જોગ-ટી, *s. f.* [See ગી + જોટી dim.] A female recluse;a female ascetic.2.A female devotee of a goddess. 2. A female beggar. 4. A female friend. 5. A witch.

જોગ-ટો, *s. m.* [+ ટો dim.] An ascetic; a recluse. 2. A devotee.3.A religious mendicant (used in contempt).

જોગ-ણ, **જોગ-ણી,** [S. योगिनी See જોગી.] A female ascetic.

જોગ-દેવ, *s. m.* [+ દેવ.] A great ascetic.
ધીર ધારે ધારણા રે, જોગદેવ જાણી, જાણી. —ધીરો.

જોગ-નિદ્રા, **જોગ-માયા,** *s. f.* [+ નિદ્રા, માયા.] The period between the destruction of the world and its new creation,during which

Brahmā, the creating god, is supposed to sleep.

જોગ-વટો, *s. m.* [+ S. वृत्ति way of living *fr.* वृत् to be.]The state of a **જોગી** or **જોગ-ણ**.

Id. જોગ વહેવા To perform the religious ceremony,by which Jaina ascetics attain to holiness.

જોગ-વ-વું, *v. t.* [See જોગ.] To get on tolerably well. 2. To jog on. 3. To obtain a sufficiency without much trouble. 4. To pass or proceed. 5. To thrive;to prosper; to flourish. 6. To do for; to serve; to be sufficient for.

જોગ-વા-ઈ, *s. f.* Convenience.2. Opportunity; juncture;occasion; fit time; seasonable time.

Id. જોગવાઈ કરવી To make an arrangement for the convenience of.

જોગાણ,*s.f.* [+અન્ન.] The food of a horse, ox,&c.,the allowance of grain, &c. given to a horse, ox, &c., a ration.

જોગાભ્યાસ, *s.m.*[See યોગ + અભ્યાસ.] Exercise in or practice of the principles of the Yoga philosophy; exercise in or practice of abstract worship or communion with the Universal Soul.

જોગિ-યો,*s.m.*A particular air in music.

જોગી, *s.m.* An individual of the lowest caste.

Prov. જોગી વજીર, ત્યાં તુમડું As is the minister, so is the nation.

જોગી, *s. n.* [S. योगिन्.] Same as **યોગી**.

Prov. આજ કાલના જોગી, ને ઘુંટણ સમી જટા A false ascetic.

જોગી-આસાવરી, *s. f.* [See જોગિ-યો + આસા-વરી.] A particular air in music; a combination of the two airs **જોગિ-યો** and **આસા-વરી.**

જોગું, Same as **જોગ, યોગ્ય,** Fit.

જોગે-ણ, Same as **જોગ-ણ.**

જોજન, Same as **યોજન.**

જો-જો, *interj.* [See જો-વું.] Take care ! Look sharp !

જોટ-ડી, *s.f.* }
જોટું, *s. n.* } A young female buffalo.

ભાભીએ આલ્યાં જોટડીઓનાં દાન રે.
—અભિમાન્યુનોચક્રાવો.

જોટ-લાં, }
જોટ-વાં, } *s. n. pl.* [See જોટો.] Silver rings worn on the toes by women.

જોટો, *s.m.* [See જોડો.] A couple;a pair. 2. A pair of clothes.

Id. એ તેના જોટાનો છે He is his equal એનો જોટો મળે નહિ He has no equal; there is none to match him. ધોતી જોટો A suit of wearing apparel for men.

જોડ, *s. f.* [See જોડ-વું.] A pair. 2. A set; a pack.3. Close connection. 4.A match; a fellow; a parallel;one of the same kind; a similar person or thing. 5.An inclination to be united with; affinity.

મનને જોડ માયાની ઘણી. —અખો.

જોડ-અક્ષર, *s. m.* [+ અક્ષર.] A conjunct consonant. (Gr.)

જોડ-ક-ણાં, }
જોડ-ક-લાં, } *s. n. pl.* [See જોડ-વું.] Extempore songs sung in antiphony by women at a marriage.

જોડ-કું, *s. n.* A couple; a pair.

જોડ-ણી, *s. f.* [See જોડ-વું.] Joining; union; combination. 2.Spelling; orthography (Gr). 3. The conjugation; a verb.

જોડ-લા, *adj. m. pl.* Twelve. (Used by brokers, &c.).

જોડ-વું, *v. t.* [S. युक्त joined *fr.* युज् to join; or जुड्, जुड्, to join; to invent, See જડ-વું.] To join; to unite; to put together; to add to. 2.To place or lay equally together; to lay along.3. To attain;to acquire. 4. To contrive;to invent; to fabricate; to compose.5. To accomplish;to bring about. 6. To yoke or put to. 7. To apply at the end; to append; to attach; to annex; to subjoin.

Id. હાથ જોડવા To beseech;to supplicate; to entreat. જોડી કાઢવું To invent. વાત જોડવી To invent a story. વાત જોડી મૂકવી To have a story ready beforehand. ગાડીએ બળદ જોડવા To yoke the bullocks to a carriage. હાથ

પગ જોડી બેસી રહેવું To sit idle doing nothing.

જોડા, *s. m. pl.* [See જોડ.] A pair of shoes.

Id. જોડા પેહેરવા–ઘાલવા To wear shoes. જોડા ફાડવા–ઘસવા To tear one's shoes. 2. To visit & wait upon with laborious trudging. જોડા મારવા To reprimand or rebuke severely. જોડા ખાવા Lit. To suffer being beaten with shoes. 2. To suffer blame.

જોડાક્ષર, Same as **જોડ-અક્ષર.**

જોડા-જોડ, *adv.* Closely; being close to each other.

જોડા·મણ, *s. n.* [See જોડ·વું.] The price or cost of putting together (of pieces).

જોડા·વું, *v. t.* To be joined or united. 2. To be yoked, &c.

જોડિ·યો, *t. m.* [See જોડ·વું.] A companion; an associate; a single one of any pair or couple.

જોડી, *s. f.* A pair; a couple; two of a sort. 2. [See જોડ.] A match. 3. A shoe of native fashion.

જોડું, *s.n.* [See જોડ·વું.] A married couple; a wedded pair. 2. [See જોડી.] A couple. 3. A shoe.

Id. જોડું જમાડવું To invite a married couple to dinner, as a part of a religious ceremony.

Prov. અલ્લાને બનાવ્યા જોડા, એક આંધા ને દુસરા ખોડા Lit. God made a pair, the one blind, the other lame=Six one, and half a dozen of the other.

જોડે, *adv.* [Loc. of જોડો.] With; along with; together with; in company with. 2. Near; close; by; beside.

જોડો, *s. m.* A pair. 2. A shoe.

જોડ્યા-બોલ, *s. m. pl.* [+ બોલ, બોલ·વું.] Same as **જોડ·ક·ણું.**

જો·ણું, *s. n.* [See જો·વું.] Seeing; a sight; a spectacle. 2. An object of censure.

Prov. જોણું, રોણું, ને વગોણું, એ ત્રણે ભેળાં હોય When a man has attracted the altention of the people, he shall have cause to grieve and be censured.

જોત, *s. f.* [S. ज्योतिस् *fr.* द्युत् to shine.] Light; brilliancy; brightness; lustre. 2. The lighted wick of a lamp; the flame of a light or lamp.

Id. જાગતી જોત, See Id. under **જાગ·તું.**

જોતર, *s.n.* [S. योत्र योक्त्र, *fr.* यु, युज् to join.] A yoke-strap; a yoke-collar; a throat-band; a leather-strap.

જોતર·વું, *v. t.* To put a yoke on; to join in a yoke; to yoke.

જોતરા·વું, *v. i.* To be yoked together; to be joined to. 2. To be united with (of husband and wife).

જોતરું, Same as **જોતર** A yoke-strap.

Id. જોતરું ઘાલવું To throw an unnecessary and unprofitable burden on. જોતરે જોડાવું Lit. To be yoked; to have the harness put upon 2. To have the duties and responsibilities of one's family thrown upon oneself. 3. To be married. 4. To be engaged to do a hard work.

જો·તાં,
જો·તાં વાર·માં, } *adv.* [See જો·વું to see + વાર time.] While being seen; while all were
જો·તા·માં,

looking. 2. In the twinkling of an eye; in a moment; instantly.

Id. ડોકું કાપવું To betray the confidence of; to commit a breach of trust. 2. To behead. ડોકું ઘાલવું To meddle with; to interfere in. ડોકું કાઢવું To raise one's head. 2. To appear in public; to be seen. ડોકું કાપવું To play the traitor; to betray; to commit a breach of confidence. ડોકું ધુણાવવું To shake one's head in answer to a question either in the negative or in the affirmative.

ડો-ખલ, *s. f.* [See દો two + ખલ a rogue. *Cf.* દિ-ખળ, ચાવડાળ-ચોક-ડી.] A troop of children.

ડોખલી, *s. f.* A kind of spoon.

ડોઘ-લું, *s. n.* [See ડેઘ.] A round pot of clay.

ડોઘો, *s m.* A foolish man; a stupid man.

ડોચ-કું, Same as **ડોકું** (used in contempt.)

ડોટ, *s. f.* [S. द्रुत *fr.* द्रु, દો-ડ-વું, to run.] Running.

Id. ડોટ મૂકવી–કાઢવી To run.

ડોટી, *s. f.* [S. पटी cloth.] A kind of thick cloth.

ડોડ, *s. m.* Malice; grudge.

ડોડ-કું, *s. n.* [See ડોડું, ડોડી, ડોડો.] A kind of vegetable.

ડોડકું, Same as **ડોડું.**

ડોડા-વું, *v. i.* [See ડોડો.] To put forth

an ear of corn or the early fruit.

ડોડી, *s. f.* A kind of vegetable. 2. An ornament worn above the elbow.

ડોડું, *s.m.* [See ડોડો.] A small ped.

ડોડો, *s.m.*[See ડુંડું *fr.* S. दण्ड the stalk of a flower.] A pod.

ડોફો, *s.m.* [See ડુ + ફળ. *Cf.* ડફ્ફળ, ડફોળ.] Membrum virile.2. The testicles. 3. Nothing (vulgar).

ડોબ-રૂં, *s.n.* [See દે-હુ-ણી, દોણી + રૂં dim.] A broken earthen pot.

ડોબું, *s. n.* [Sea દોહ-વું] An old cow or buffalo. 2. An idiot.

Id. ડોબા ચારવા To graze cattle. 2. To be illiterate, ignorant, or unskilful.

ડો-યો, Same as **ડોઇ-યો.**

ડોર-ણું, *s.n* [See દોરો.]A button.

ડોલ, *s.f.* [Ar. दल्व.] A bucket; a pail.

Prov. ડોલ ને વરાડું કૂવામાં પડયાં The scheme proved a total failure.

ડોલ, *s.m.* [See ડોલ-વું.] A mast a ship.

ડોલ-ચી, *s.f.* [See ડોલ a bucket + P. चह् dim.] A leathern bucket; a small bucket for drawing water.

ડોલ-ણિ-યું,*adj.*[See ડોલ-વું] Oscillating; wavering; unsteady.

ડોલ-મ-ડોલા, *adv.* [See ડોલ-વું.]Moving to and fro. 2.Wavering.2.Being uncertain; hesitating.

Id. ડોલમડોલા કરવા To rock; to swing.

ડોલર, *s. m.* The jasmine plant.

ડોલરિયો, *s. m.* A kind of jasmine.

લાગી આંખલડીની ચોટ ડોલરિયો દેખીને ઘાયલ હું થઇ, છ, મારા રાજ. —**પ્રેમાનંદ.**

ડોલ-વું, *v.i.* [S. दुल See ઝુલ-વું, ઝુલો.] To oscillate; to nod. 2. To dangle; to swing; to move backwards and forwards. 3. To walk nodding and waggling. 4.To reel; to stagger; to roll; to rock; to totter: 5. To swerve.

સાત ગળણે ગળ્યા પછી બોલ બોલીએ, જો;
બોલ્યો પછી દુખ થાય, નવ ડોલીએ, જો.

—**દયારામ.**

ડોલું, *s. n.* Moving backwards and forwards.2. Nodding; a nod. 3. A light slumber; a nap.

Id. ડોલાં ખાવાં-આવવાં To oscillate; to have a nap.

ડોલો, *s. m.* Gain; profit. 2. An important business.

ડોસ-લાં, *s. n. pl.* [See ડોસી, ડોસો, ડોકરી, ડોકરો, + લાં dim.] An annual ceremony performed among the Pārsis in commemoration of the dead.

Id. ડોસલાં બેસવાંTo be on the losing side. 2. To be discouraged.

ડોસી, *s. m.* [See ડોશી વાણિ-યો.]A cloth-dealer.

ડોસી, } *s.f.*[See ડોસો.] An old woman.
ડોશી, }

Id. ડોશી મારવી To do an insignificant or unimportant work or service. ડોશીનો રેંટિયો Slow work.

Prov. ડોશીએ ડાટ વાળ્યો An old woman generally works the ruin of the family.ડોશી મુવાનો ભો નથી, પણ જમ પળકયાનો ભો છે A small evil may be put up with, but a repetition is dangerous.ડોશી ને અસવાર, સાથેનાં સાથે Slow but sure wins the race. ડોશી મરી જાય, તો ઘરમાં મોકળું થાય Younger persons are at liberty, when old men die.

ડોસી વાણિ-યો, Same as **દોશી વાણિયો.**

ડોસું-ડગરૂં, *s. n.* [+ ડગરૂં redup of ડોસું; or see ડગ-લો ડગ ડગ-લો.]An old and decrepit person.

ડોસો. *s. m.* [Hem. Des. दासा=S. अधम् a half. *Cf.* ડોકરો, દિકરો.] An old man.

ડોહ, *s.m.* [S. संदोह.] A pit for water; a deep pond.

ડોહોળ-વું, Same as **ડોળ-વું.**

ડોળ, *s. m. n.* [See ડોલ-વું.] A pompous air or mien; swaggering; swelling; strutting. 2. Shape. form; figure; fashion. 3. Way; manner; style;air; general features. 4. Signs; indications; manifestations; demonstrations.

Id. ડોળ ઘાલવું, ડોળ બતાવવું, ખોટું ડોળ ઘાલવું To keep up false appearances. ડોળમાં આણવું-લાવવું To give the required shape. ડોળ-

-દમામ–ડોળદમાક A pompous show. એવું ડોળ દેખાયું It seemed so.

ડોળ, *s. m.* [See દાળ, or ડોળો, or ડોળ-વું.] Pulse roughly ground. 2. A fool; a vagabond; an idiot.

ડોળ-ઘાલુ, *adj.* [See ડોળ pompous airs + ઘાલ-વું.] Pretentious. 2. Hypocritical.

ડોળ-ચાર-ણી, *s. f.* [See ડોળ rough pulse + ચાળ-ણી, ચાર-ણી.] A sieve with large holes in which rough pulse is sifted.

ડોળ-દાર, *adj.* [See+P. दार् keeping *fr.* दाश्तन्=S. धृ, धार्, to keep.] Well-shapen; well fashioned; well made. 2. Having a good form; shapely; fashionable in form.

ડોળ-વ-વું, *v.t.*[See ડોળ shape.] To bring into shape; to give the required shape.

ડોળ-વા, *s. m. pl.* [See ડોળ rough pulse+ P. वा dim.] Grains of millet,&c., that have remained unparched in a quantity that has been parched.

ડોળ-વું, *v. t.* [See ડોહ-વું Or. See ડોહ a deep pond.] To shake or agitate(a liquid). 2. To rub (the eyes) so hard as to make them red. 3. To shake: to agitate. 4. To engage in many works at the same time.

Id. ડહાપણ ડોળવું To affect to be wise and meddle with another's business. 2. To act beyond the limits of power with which one is invested.

ડોળ-વું, *v. t.*To shake and pick up what comes to the surface.

ડોળ-વું, *s. n.* [See ડોળ form+P. वा dim.] A small entire piece of wood for fuel; a small faggot.

ડોળિ-યું, *s.n.* [See ડોળ shape.] A mould; a model. 2. [See ડોળી.]

ડોળિ-યું, *s. n.* Oil extracted from the fruit of the Mahudā tree.

ડોળી, *s. f.* [Dh. & Hem. Des. डोला *fr.* S. दोला a swing, शिबिका a palanquin.] A litter; a kind of swinging cot. 2. Loss;ruin; disagreeable news.

ડોળી, *s. f.* A મહુડા fruit.

ડોળો, *s. m.* [Hem. Des. डाअलं, डोलो, डोअणं, दोलिअं, = S. लोचनम्. *fr.* लोच् to see.] The eyeball; the pupil of the eye. 2. The eye. 3. Sight; vision. 4. Attention. regard. 5.The eye of a peacock's feather.

Id. ડોળો ફરવો To be dizzy or giddy; to have swimming in the eyes. ડોળો ફટકી જવો To be dying. ડોળો ફેરવવો To glare at angrily. ડોળા ફુટવા To become blind. ડોળા કાઢવા To goggle at.2.To threaten.3.To thrash till the eyes shoot out. ડોળા ઉઘાડવા To come to one's senses. ડોળા ઓચ્ચીએ જવા To be proud and haughty. ડોળા ખેંચાવવા To compel to wait however impatiently. ડોળો ચસકવો To look at with a desire to possess a thing.

Prov. ડોળે દીઠું બને નહિ, ને છુટું પડવું ગમે નહિ One would not like to lose another's company, but at the same time would not live in harmony with him.

ડોળો, *s. m.* [See ડોળ-વું, ડોહોળ-વું.] A thick filthy liquid.

ઢ.

ઢ, The twenty-fifth letter of the alphabet, and the fourteenth consonant.

ઢ, Same as **ઢઠ્ઠો.**

ઢગ, *s. m.* [See ડગ-લો a coat.] A heap; a pile; numerous things piled together.

Id. ઢગ કરવો-મારવો To make a heap; to pile in a heap.

ઢગ-રાં, *s. n. pl.* The buttocks; the hips.

ઢગ-લી, *s. f.* A small **ઢગ.**

ઢગ-લે ઢગ-લા, *adv.* Plentifully; abundantly; in profusion; in heaps.

ઢગ-લો, Same as **ઢગ.**

Id. તે ઢગલો થઇ ગયો--વળી ગયો He was struck all of a heap. 2. He was exhausted. 3. He became quite helpless.

ઢંકા-વું, *v. i.* [Pass. of ઢાંક-વું.] To be covered; to be clossed; to be concealed.

Id. ઢંકાયેલો હીરો An intelligent person

unknown to fame.

ઢંગ, *s. m.* [See ઢોંગ.] Pranks; frolics; tricks; practices. 2. Conduct; behaviour; habits; demeanour; manners.

શિખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢંગે. —**દયારામ.**
રંગ શું જોવા રે, નથી કાંઇ ઢંગ જનોમાં. — ૦

Id. ઢંગ વિનાનું Contrary to the received rules of conduct;*gauche*; awkward; unsuitable. ઢંગે રહેવું To behave oneself according to the recevied rules of conduct; to be neat and decent. એના ઢંગ તો જુઓ ! Look at his pranks and tricks. એનામાં શા ઢંગ બળ્યા છે !=એનામાં કશી વાતના ઢંગ નથી He has no manners;he is awkward in his behaviour; he is dissolute in his conduct.

ઢચ્ચર, ઢચ્ચરો, *s. m.* [Dh. Des. ढच्चरा= S. पिशाचः an evil spirit. See ઢચરો.]An old man (used in contempt) *Cf.* **ડોકરો.**

ઢચુ-પચુ, Same as **ધચુ-પચુ.**

ઢંઢણાવવું, Same as **ઢણુ-ઢણાવવું.**

ઢઢ્ઢો, *s. m.* [Dh. Des. ढड्ढो=S. भेरी a large drum. *fr.* S. ढक्का a large drum.] A stupid man, fat and dull.

ઢઢ્ઢો, *s. m.* The letter and sound ઢ (dh). 2. An illterate person. 3. A stupid and senseless person.

ઢઢ્ઢો, Same as **ધઢ્ઢો.**

ઢણુકવું, *v. i.* To wander aimlessly; to lounge;to pass one's time in idle wandering.

મારૂં ઢણકતું ઢોર ઢણકે છે સહુ નગમાં,
સીમ ખેતર ખળુ કાંઈ ન મૂકે. —**દયારામ.**

ઢણુ-ઢણુ, *adv.* [Imit.] Clanking; clanging; ringing.

ઢણુ-ઢણુવું,*v.i.* [Or, S. धू-म-य-ति it shakes *fr.* धू to shake.] To shake; to tremble.

ઢણુ-ઢણાવવું, *v. t.* To shake; to cause to tremble. 2. To commence with great enthusiasm.

ઢંઢાકાર, *adj.* [See ઢાંઢો+કાર state, or આકાર form.] Vast; prodigious.

ઢંઢેરો, *s. m.* [See ઢણ-ઢણ + કાર doing. Or S. दुन्दुभि a drum + કાર doing.] Publication by means of a crier,who beats a little drum; a promulgation. 2. A proclamation; a notification; a public notice.

ઢંઢેળવું, ઢંઢોળવું, *v. t.* [Hem. Des. ढुंढुल्लइ=S. भ्रमति it wandes.] To catch and shake.

ઢબ, *s. f.* [S. दम्भ show *fr.* दम्भ to make a show.] A manner of action; a peculiar air; a style; a mode; a fashoin. 2. An imposing air, form, or appearance.

ઢબ-છબ, *s. f.* [+ redup, or see છબ, છબી.] Manner;behaviour.2. Outward appearance.

ઢબદાર, [+P. दार having. *fr.* दाश्तन=S. ધ, धार् , to keep.] Showy; fine; of imposing appearance.

ઢબવું, *v. i.* [See ડુબવું] To move the hands and feet up and down in swimming. 2. To be drowned. 3. To expire;to breathe one's last.

ઢબુ, ઢબ્બુ, *s. m.* [See ઢબ.] A piece of copper money; a double pice;a half-anna coin. 2.A person seemingly strong and healthy, but really weak. 3. A worthless person.

Prov. દેખવેમેં ઢબુ, ઔર ચલનેમેં શિવરાઇ,Oxford knives and London wives:Much show little work. ટકાની ડોશી, ને ઢબુ મુંડામણ Great toil, little work: Much bruit, little fruit: Much cry and little wool.

ઢબુડવું,*v.t.* [See બુડવું. ડુબવું.] To cover over.

ઢબુડીશ નવ ધોતિયામાં એને,દેખાડજે તું તો જેને તેને. —**ધીરો.**

ઢબુડવું, *v. t.* [Guj. ઢબ Imit.]To strike; to beat. 2. To stroke gently.

ઢોંગીને તો ઢબુડશે પેહેલાં, કહેશે કૃત્ય તારાં જણાય. —**ધીરો.**

ઢબુવો, *s. m.* [See ઢબુ + वा.] A worthless person. 2. A mean profligate wretch, who caters for the lust of others; a pander; a pimp.

કેટલાક ગુણકાને ઘેર ઢબુવા જેવા જડ ભરાયા હતા. —**અંધેરી નગરીનો ગર્ધવસેન.**

ઢમ-ઢમ, *adv.* [Imit *Cf.* ડમ-ડમ, S. दुन्दुभि a large drum.] Imitative of the sound of a drum.

ઢમ-ઢોલ, *adj.* [+ ઢોલ.] Showy; empty.

Prov. ઢમ ઢોલ, અને માંહે પોલ Great show and empty pockets.

ઢમ-પાટુ-ડી, *s. f.* [See ઢમ-ઢમ + પાટુ.] A play for children.

ઢર-ડ-વું, *v. t.* [See ઘર-વું.] To drag; to pull on.

ઢસ-ળું, ઢસ-ણું, *adj.* Credulous; simple.

ઢહડ-વું, *v.t.* [See ઘસડ-વું.]To push along; to pull on. 2. To draw; to drag.

Id. ઢહડા કાઢવું To drag along; to drag out. 2. To write in haste and without much care.

ઢળ-ક-તું, *adj.* [See ઢળ-વું.] Inclining; sloping.

Id. ઢળકતું બોલવું To speak inadvertently; to speak without firmness. 2. To speak in such a manner as to betray one's leanings to the opposite party.

ઢળ-વું, ઢળી જ-વું, *v. i,* [S. धू, धून. to shake. *Cf.* ઝોક-વું.] To slip aside; to slide; to move out of place; to roll; to glide. 2. To incline; to lean over. 3. To come out: to be poured out in a large quantity. 4. To lie down to sleep. 5. To be enticed; to yield; to swerve from the path of rectitude.

Id. ઢળી પડવું To incline; to tumble. 2. To swerve from one's promise. 3. To lie down to sleep. 4. To die. ઢળતો કાંટોLiberal; tolerant; forgiving.

અટળક ઢળિયો રે શામળિયો, મુષ્ટિ તાંદુલ માટે;
ઈન્દ્રનો વૈભવ સહજમાં આવ્યો, સ્વલ્પ સુખડી સાટે.
—પ્રેમાનંદ.

ઢળા-વ-વું, Same as **ઢોળા-વ-વું.**

ઢળિ-યું, *s. n.* A lump of earth; a piece of a brick.

ઢયા, *interj.* Come along, you wicked boy (Said by a mother to her son as a term of abuse).

ઢાંક-ડું, ઢાક-ણું, Same as **ઢાંક-ણું.**

કુવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર.

(The lid protects a well, the fence a field; the son protects a father; and the wife a house). —બાપા.

ઢાંક-ણી, *s. f.* The knee-cap. 2. A lid; a cover; a covering. 3. An earthen vessel serving as a lid for another.

Id. ઢાંકણીમાં પાણી ઘાલી તારે બુડી મરવું જોઇએ Lit. Pour water in an earthen lid (which can contain no water in it), and drown yourself in it. Hence, 2. You have done a very shameful act, for which you should put an end to your life in some way.

ઢાંક-ણિ-યું, ઢાક-ણું, *s. n.* [See ઢાંક-વું to cover.] A lid; a cover; a covering. 2. Protection; a protector.

ઢાંક-પિછોડો, *s. m.* [+ પિછોડો.]A scheme intended to conceal a fault; an excuse. 2. A particular game played by children.

ઢાંક-વું, *v. t* [Hem. Des. ढक्-णी = S. पि-धा-नि-का a lid,a cover, *fr.* S. अपि-धान a cover *fr.* अपि all round + धा to put Or Hem. Des. ढक= S. छादयति it covers.] To cever;to close with a top or lid; to overspread a thing with something else. 2. To shut; to close. 3. To hide; to conceal.

હવે તમ પાખ્યે કેમ રહેવાશે?ઢાંક્યાં ધોક્યાં કેમ રહેવાશે?
મે એ દુ:ખ કેને કહેવાશે ? —દયારામ.

4. To veil;to suppress; to smother;to stifle.

Id. ઢાંકી દેવું-મૂકવું-રાખવું To cover and hide securely. માથું ઢાંકવું To cover the head with the upper end of one's *saree*,out of respect. મોંહ ઢાંકવું To stop talking. 2. To weep in mourning. 3. To weep in secret or away from public gaze. તારૂં મોંહ ઢાંક, શું જોઇને બોલે છે?You should be ashamed to speak, as you have done a shameful act. અવગુણ ઢાંકવા To conceal or not to notice one's faults. ઢાંકી નાખવું To cover over entirely. 2. To overcast; to eclipse; to surpass; to excel. ઉપકારથી ઢાંકી નાખવું To render great and many services; to place under a debt of obligation. ઢાંક્યાં ઉઘાડાં જોવાં To inquire into the conduct of other people; to talk slander.

ઢાંકો-ડુમો, *s.m.*[+ઢૂંઢ-વુંto search.]A survey

of the house, in which things left open are covered anb secured (at night by the mistress of the house).

ઢાંકયું, *s. n.* Meals prepared at one house aud brought to another.

ઢાંગ-રૂ, *s. n.* [S. कडङ्कर See ઢાંગર.] A kind of large cucumber.

ઢાંઢું, *s. n.* [See ઢાંઢો.] A dead ox, buffalo, or other such animal.

ઢાંઢો, *s. m.* [See સાંઢ.] An ox.

ઢાક-ઢોળ, *s. m.* [See ઢાંકવું-વું + ઢોળ show.] The external appearance; the form.

ઢા-કણો, *s. m.* [See ઢાહું + કળા.] Wisdom; prudence; foresight. 2. Modesty; good manners.

ઢાકો-ડુમો, Same as **ઢાંકો-ડુમો**.

ઢાઢી. *s. m.* [See ડાઢી.] The beard. 2. A particular class of musicians. 3. A class of Muhammadan singers.

ઢાલ, *s. f.* [S.] A shield; a buckler.

સજ્જન એસા કીજીએ, ઢાલ સરીખા હોય;
સુખમેં રહેવે પીઠપે, દુખમેં આગે જોય.

(O good man, act like a shield; which hangs at the back in time of peace, but comes to the front in time or trouble).

—**ભાષા.**

2.The grand flag of an army directing its march and encampments; the standard or banner of a chieftain; a flag flying on a fort, &c.

Id. અડી વેળાની ઢાલ A person or thing, resorted to asthe last but unfailing remedy. 2. A powerful patron.

Prov. ઢાલ હોય, તોર આગળ ધરાય If one has a protector, one can protect oneself behind him:A helpless man cannot protect himself.

ઢાલ-પછેડો, Same as **ઢાંક-પિછોડો**.

ઢાળ, *s. m.* [See ઢળ-વું.] A slope; the inclination of a plane.

Id. ઢાળ પડવો To be sloping; to have a slope. ઢાળ ઉતરવો To come down a slope. ઢાળ ચઢવો To go up a slope. ઢાળ ઉતારવો Lit. To lessen a slope; to remove a slope. Hence, to make level.

ઢાળ, *s. m.* [See ઢાળ-વું, to smooth, &c.] Way; manner; style.

રાગ ઢાળનું માપ ન જાણું, અહ-બુદ્ધિ કવિની વસે;
અલંકારનો અક્ષર કેવો, જાણું નહિ હું નવ રસે.

—**આલણ.**

2. Intercourse; familiarity.

Id ઢાળમાં ગાવું To sing in the proper style.

ઢાળ-ણી, *s. f.* [See ઢાળ-વું to fuse.] A metal heated and poured into a mould. 2. A solid piece of metal; an ingot.

ઢાળ-કો, *s. m.* A large **ઢાળકી**.

ઢાળ-ણી, *s. f.* [See ઢાળ-વું to mow.] The act of reaping a harvest.

Id. ઢાળણી પડવી To be the time for reaping a harvest.

ઢાળ-દાર, *adj.* [See ઢાળ style, form, + P. दार् having. *fr.* दाश्तन= S. ध, धार्, to keep.] Sloping; inclining.

ઢાળ-વું, *v. t.* [See ઢળ-વું, ઝુક-વું. ઓક, ઢોળ-વું.] To spill; to pour. 2.To fuse; to melt; to cast (a metal).3.To drop or shed (tears). 4.To smooth or break the clods.5.To mow; to reap.

Id. આંસુ ઢાળવાં To shed tears. પાસા ઢાળવા To throw the dice in a game.

ઢાળિ-યું, *adj.* Sloping; inclining.

Id. એક ઢાળિયું A shed having the roof only with one slope.

ઢાળિ-યો, *s. m.* [See ઢાળ-વું to mow.] A reaper. 2. [See ઢાળ.] A water-course; an aqueduct.

ઢીંક, *s. f.* [Imit.] A push given from behind. 2. A slap on the back

Prov. ઢીંક મારવી,ને ઢીંક ખાવી If you give a push, you must expect a push in return.

ઢીંક-ણું, *adj.* [S. धिक fie upon.] Some; certain; unknown; uncared for; so and so.

ઢીંક-પાટું, *s. n.* [See ઢીંક + પાટું.] Wild boisterous jests, played by slapping and kicking each other; horse play.

ઢીંક-વો, *s. m.* [See ઢીંચણ + વાટ a place.] A pit as deep as the knee made in a tank or in a river-bed.

Id. ઢીંકવો કૂવો A pit made as above.

ઢીંગલ મલ, Same as **ધીંગલ-મદલ**.

ઢીંગ-લી, *s. f.* A doll; a puppet;

ઢીંચણ, *s. m. n.* The knee.

ઢીંચણ-પૂર, *adj.*[+ પૂર-વું, પૂરૂં.]As deep as the knee.

ઢીંચણિ-યું, *s. n.* A support for the knee used during dinner-time. 2. *adj.* Having the tail reaching to the knee (of a bullock horse, &c.).

ઢીંચ-વું, *v. t.* [Imit.]To drink excessively; to drink profusely; to gorge oneself.

ઢીક, } Same as **ઢીંક**.
ઢીકો, }

ઢીકણું, Same as **ઢીંક-ણું**.

ઢીગલ-મલ, Same as **ધિંગલ-મલ્લ**.

રાણી રૂકિમણીએ વિધાવિયા, ત્રિકમરાય જીતિયા રે;
તે તો પુરાણે પ્રસિદ્ધ, ઢીંગલમલ જીતિયા રે.
—**પ્રેમાનંદ**.

ઢીગા-ર, *s. m* [See ઢગ, ઢગ-લો.] A pile; a heap; a large mass.

ઢીચ-વું, Same as **ઢીંચવું**.

ઢીચ, *adj.* [*Cf.* ભીમ.] Strong; stout.

કૃષ્ણ સાથ ગયો ભીમ, બીકણશો બની ઢીચ;
જડી બુદ્ધી મંત્રી નીમ, મૂકી બળ-ભીમ સાથ.
—**વલ્લભ**.

ઢીમચું, *s. n.* [P. दमज़ twisted lock of hoir+ચ:dim.]A block of wood; a broad and thick piece of wood. 2. A child short in thick piece of wood. 2. A child short in stature for its age.3.[P. दम clotted blood.]A round swelling resulting from contusion;

ઢીમ-ડું, } *s. n.* A block of wood for
ઢીમ-ણું, }
mincing meat on.2.A big swelling or bump.

ઢીમર, } *s. m.* [See ધીંવર.] A fisherman.
ઢીમ્મર, }

ઢીમ-ચું, Same as **ઢીમ-ચું**.

ઢીમું, Same as **ઢીમ-ડું**, **ઢીમ-ણું**.

ઢીલ, *s. f.* [See ઢીલું.] Looseness; slackness; laxity. 2. Remissness; perfunctoriness. 3. Delay; procrastination. dilatoriness. 4.Relaxation; remission of attention; sluggishness.

Id. ઢીલ કરવી To delay.

ઢીલ-અંડું, *adj.* [+ અંડું.] Timid; cowardly.

ઢીલું, *adj.* [S. शिथिल.] Loose; not tight; slack; relaxed. 2. Slow; remiss; lazy. 3. Weak; cowardly.

Id. ઢીલી દોરી A lax restraint or rule. ઢીલું મુકવું To slacken or release. 2. Not to be pressing in one's demand. ઢીલું પડવું To be loose. 2. To relax the rigour or vigour of. ઢીલી દાળનો ખાનારો Weak in body or mind.

ઢુંક-ડું, *adj.* [S. ढौक to approach; to go.] Near; nigh; close.

Id. ઢુંકડે At a short distance; close by.

ઢુંક-વું, Same as **ઢુંઢ-વું**. To search for.

તે બ્રહ્મ દ્વાર આવિને ઉભા રહ્યા, ગોપિકા મુખ જોવાને ઢુંકે.
—**નરસિંહ મેહેતો**.

ભરી ભરી ઘણા શ્વાસ મૂકતી, ડરી ડરી દિલે નાથ ઢુંકતી.
—**વલ્લભ**.

ઢુંકું, Same as **ઢુંક-ડું**.

ઢુંગ, Same as **ઢોંગ**.

ઢુંગ-વું, *v. t.* To eat.

કોહલા રાડાંઓ ઘાસ કહ્યું કુસકા, માર ખાઇને પણ તેજ ઢુંગે
—**દયારામ**.

ઢુંગું, *s.n.*A body or troop of players in children's games;a side of players in a game.

ઢુંઢ-વું,*v.t.*[See ઢુંઢ-વું.] To seek;to search.

Id. ઢુંઢી ઢુંઢીને મરવું To make a minute search to no purpose.

ઢુંઢી,*s.f.*[See ઢુંઢ-વું.]A game for children, generally known as **ઘંટી-ખીલડો**.

ઢુંઢણી, *s. f.* A game for children, generally known as **ખોડિયો પાડો** (used in the Sidhapura Dst.

ઢુંઢ-વું *v. t.* [Hem. Des. ढंढोलइ= S. गवेषयति it searches; also, ढंढुलइ=S. भ्रमति it wanders. Or S. ढुण्ढन seeking. prob. *fr.* ધુ, ધુ-નાતિ, to shake.] To seek; to search for; to look for; to make an inquiry; to go to find; to rummage for.

ઢુંઢસાં, *s. n. pl.* [See ઢુંઢું.] Ears of bājrī from which the grains have been removed.

ઢુંઢિ-યો, *s. m.* [See ઢુંઢ-વું.] A man belonging to one of the sects of the Jain religion.

ઢુંઢું, *s. n.* [See ડુંડું.] An ear of bājarī.

ઢુંસો, } *s. m.* A thick wheaten cake
ઢુંઢો, }
more than ten seers in weight.

ઢુંબુસાં, } Same as ઢુંઢસાં.
ઢુંબુડાં, }

ઢેક, *adj*.[See ઢેકો.]Last (used by children in their games).

ઢેગી, *adj*. Indolent; lazy.

ઢે-ચલો, *s. m.* [See દેવ-ચકલી.] A kind of bird.

ઢેક-વો, [See ઢેકો, + P. वा dim.] Same as ઢેકો.

ઢેકા-ઢૈયા, *s.m. pl.* [+ ઢૈયા redup.] Pits and holes; roughness of roads; unevenness of surface.

ઢેકા-ઢૈયા-વાળું,*adj*. [+ વાળું having.]Having pits and heights full of holes and heights; uneven.

ઢે-કુટ, *s.f.*[See દેહ + કુટ-વું; *Cf.* માથા-કુટ.] A wearisome, vexatious, and unprofitable labour.

ઢેકો, *s.m.* A protuberance; a knot.

Id. ઢેકો નમાવવો To work hard.

ઢેડ, *s. m.* [Dh. Des. ढयरो=S. पिशाचः an evil spirit. See ઢચ્ચર ઢચ્ચરો, ઢચરો.] An individual of the class of sweepers, &c.; a scavenger;a sweeper;a man of the lowest caste.

Id. ઢેડ ગુજરાતી The Gujaratī language spoken by the low-caste people in the Surat District. 2. A corrupt form of the Gujarati language.

Prov. ઢેડ ઢેખડે રાજી Poor folks are glad of cottages. ઢેડ મુવો, ને આભડછેટ ટળી Getting rid of trouble once for all. ઢેડવાડામાં તરક પેઠું Confusion worse confounded, ઢેડવાણિયા, ભાઈ, ઢેડવાણિયા It is hard to get rid of one's nature; nature will always assent itself.

ઢેડ-ફજેતી,*s.f.* [+ફજેતી.] Public disgrace; the greatest infamy.

ઢેડ-વાડો, *s. m.* [+ વાડો, S. वाट a place.] The part of a town where Dheḍs dwell.

ઢેડિ-યો, Same as ઢેડ.

ઢેડી, *s.f.* A female ઢેડ.

Prov. ઢેડીને હવાલદારે બોલાવી Little men are proud of little honour.

ઢેડું *s. n.* [+ ધાડું.] A troop, body, or number of low-caste people.

ઢેડો, *s. m.* A man of the scavenger class. 2. A low, wicked man.

ઢેપ-લું, Same as ઢેપું, ઢેફું.

ઢેપું, } *s.n.* [S. स्तेप: a small quantity.]
ઢેફું, }
A clod; a lump of earth or clay; a stone jutting out. 2. A square of sweetmeat.

ઢેબ-રૂ, *s. n.* [See ઢેપું + રૂ dim.] A thick cake; a cake spiced and fried.

Id. ઢેબરાં બાંધીને With energy;vigorously.

ઢેમણો,*s. m.* A kind of medicinal plant.

ઢેર, *s.m.* [See ઢગ, ઢગલો, ડગલો.] A heap; a mass.

દ્રવ્ય અધર્મે કીધો ઢેર, ઉપમા દેવા એક કુબેર.

—દયારામ.

ઢેલ, *s. f.* [Hem. Des. ढक्को = S. निधनः deprived of wealth.] A pea-hen; a female of the pea-cock (The masculine is મોર.)

ઢેશા-કું, *s. n.* [See ઢેપું, ઢેબરૂં.] A thick cake. 2. A necklace.

ઢેપ-કાં, *s. n. pl.* Same as ઢેશાકું A necklace.

ઢેસ-રો, } *s.m.*[See ઢગ, ઢગલો.]A heap of
ઢેસ-લો, }
dung.

ઢૈડ, *adj*. [See ઢેક. as વાંકું ઢૈડ.] Very crooked. 2. Used with વાંકું.

ઢૈ-યું,*s.n.*[See ઢેકો.]A large lump of clay.

ઢોંગ, *s. m.* [S. दम्भ *fr.* दम्भ् to make a show.]Hypocrisy; dissimulation; arrogant and fraudulent presumption and display.2. A pretence; a feint;a false appearance; a disguise;a masquerade.3.Trickery; deceit; knavery.

Id. ઢોંગ કરવો-માંડવો To play the hypocrite. ડાહી ઢોંગ Empty show or pomp.

ઢોંગી, *adj*; Hypocritical; pretending; pretentions.

ઢોંચ, *adj*. Worn out.

ઢોંડ-ફોડો,*s.m.*[Mar.धोंडा a stone+ ફોડ-વું.] A stone-cutter; a stone-mason.

ઢોંડો *s m.* A stone. 3. A blockhead; a stupid person.

ઢોક-ડું, Same as ધોક-ડું.

ઢોકળાં, *s. n. pl.* A dish prepared of

pulse and rice flour.

ઢોકળિ·યું વેલણું, *s.n.*[+See વેલણું.] A small and thick wooden roller with which cakes are made.

ઢોકાળ·ચો, } **ઢોકળી,** } *s. f. pl.* Same as **ઢોકળાં.**

ઢોચકી, A small **ઢોચ·કું**.

ઢોચ·કું,*s.n.*[See ડોક, ડોકું, ડોચ·કું.]A kind of earthen pot with a narrow mouth.2.The head.

ઢોઢો, *s.m.* [See ડોડો.] The female generative organ.

ઢોણુ઼ં, *s.n.* [See ધોક·ણું.] A small stick attached to an end of a cradle to keep its width constant.

ઢોર, *s.n.* [S. धुर्य a bull that is fit for the yoke *fr.* धुर् a yoke.] A beast. 2. A stupid person.

ચોર ઢોર મળ્યાં ટોળે, હવે જૂઠું આવશે ?

—**વલ્લભ.**

3. Stolen property.

Id. ચોર ઢોર એકઠાં મળ્યાં, હવે એનું નક્કી કરો Here are the thieves and the property they stole, brought together before the court; now decide the case.ઢોર જેવો Stupid. વેદિયો ઢોર A learned fool; a person versed in book-lore but devoid of practical knowledge.

Prov. ઢોરના ચાલ્યામાં કુચો પડે, પણ માણસના ચાલ્યામાં ન પડે When a wicked man is bent upon ruining a person he is unsparing. ઢોરનું તો ચામડુંએ કામમાં આવે છે, અને માણસનું તો એક વચન માત્ર કામમાં આવે The conduct of a man, whose word cannot be relied upon, is worse than that of a beast.

ઢોર-ઢાંક, *s.n.* [+ ઢાંઢું.] Cattle (including old and useless ones).

ઢોલ, *s.m.* [S. ढोल] A large drum.

ઢોલ, *s. f.* [See ધોલ.] A cuff; a box; a blow with the palm of the hand.

Id. ઢોલ ખાઉ One who is often beaten or cuffed by his equals. 2. One who is commonly rebuked. ઢોલને ..ભકે Very distant (alluding to the practice prevalent in Mārwār of indicating to the driver of the bullocks the arrival of the water-bag at the mouth of the well, beat of drum) at a given alarm; at the proper time ઢોલ વાગવું To be known to the public by one's evil deeds; to be notorious.

Prov. ઢોલ વાગ્યું, ઢાંક્યું રહેશે?Who can think of keeping a thing secret which has been notified to the public by beat of drum?

ઢોલ·ક, } **ઢોલ·કી,** } *s.f.* A small **ઢોલ.**

Id. ઢોલકી બજાવવી To encourage and flatter a person by supporting his statement. આખા ગામમાં ઢોલકી બજાવવી To make known to the public by beat of drum. 2. To give notoriety to.

ઢોલ·કું, *s. n.* Same as **ઢોલ·કી.**

ઢોલ·ડી, *s.f.* [See ઢોલિ·યો.] A coloured and painted cot. 2. A small bedstead.

ઢોલિ·યો, *s.m.* [See ઢાળ·વું in the phrase ખાટલો ઢાળ·વો.] A bedstead; a cot.

Prov. ઢોલિયો તળાઇએ શોભે It is the appendages which adorn a thing.

ઢોલી, *s.m.* [See ઢોલ.] A drum-beater; a drummer.

Prov. ઢોલીને ઘેર વિવાહ, તે છંદે છંદે નાચે When a person can have his own way, he may indulge himself in all his vagaries.

ઢોલો, *adj.* Foolish; senseless; stupid.

ઢોલો,*s. m.* [S. धव husband + લો dim.] The husband.

ઢોસું, *s. n.* Bran; husks.

ઢોસો, } **ઢોઢો,** } Same as **ઢોંસો.**

ઢોળ, *s. m.* [S. धवल white. See ધોળું.] Plating; gilding. 2. Lining; coating.

Id, ઢોળ ચડાવવો To gild; to plate.

ઢોળ·વું, *v. t.* [See ઢળ·વું, ઢાળ·વું, ઝુલ·વું, ઝુલો; ઘુણ·વું.] To spill; to pour out.

Id. ઢોળી પાડવું—નાખવું To bring down to the ground; to defeat (a wrestler).2.To refute in argument. 3. To frustrate; to baffle.ઢોળી નાખવું To spill.

Prov.કોઢી છાસ ઉકરડે ઢોળવી To make the best of a bad bargain. 2. To throw a girl that has reached marriageable age away

on a bad husband, because no other is to be secured.

ઢોળા-ણુ, *s. n.* } **ઢોળા-વ**, *s. m.* } [See ઢાળ.] A gradual descent; an inclined plane; a declivity; a slope.

ઢોળાવું, *v. i.* [Pass. of ઢોળ-વું.] To be spilt; to be poured out.

Id. વા ઢોળાઈ રહ્યા છે Lit. Wind is sent in currents with fans and whisk(said of a person who possesses tokens of royalty). 2.He rolls in royal luxury and splendour.

ઢોળી પાડ-વું, *v. t.* [+ પાડ-વું.] To tumble down. 2. To frustrate; to baffle. 3. To refute in argument.

ઢો-વો, *adj.m.*[S. धव husband+P. व dim.] Effeminate; feminine; impotent. 2. *s. m.* A cuckold.

ણ.

ણ, The twenty-sixth letter of the Alphabet, and the fifteenth consonant.

N. B.—There is no word begining with ણ.

ત.

ત, The twenty-seventh letter of the Alphabet, and the sixteenth consonant.

તક, *s. f.* [See તાક-વું, or ટક time.] A juncture; an opportunity; an occasion. 2. A crisis; a critical time.

Id. તક મળવી–આવવી To get an opportunity. તક ખોવી–ગુમાવવી–જવા દેવી To lose or let go an opportunity. તક સાચવવી To supply a thing wanted at the proper time; to meet an emergency. તક જોવી To watch for an opportunity. તકનો લાભ લેવો To embrace an opportunity.

Prov. તક, તેવો તાલ To behave oneself suitably to the occasion.

તક-તક, Same as ટક-ટક Murmuring.

તક-તક, *adv.* [Imit. *Cf.* ચક–ચક.] With a glitter; sparkling; brightly; brilliantly.

તક-તક-વું, *adj.* Glossy; shining; glistening; bright.

Prov. સૌ એ તકતકતાની તાપણીએ તાપનાર Everyone worships the rising sun.

તક-તક-વું, *v. i.*[Imit. *Cf.* ચક–ચક.]To appear bright.

તકતી, *s. f.* [See તકતો.] A small frame.

તકતો, *s. m.* [See તખતો.] A plank. 2. A plate. 3. A pane of glass. 4. A looking glass; a mirror.

તકદીર, *s. f.* [Ar.] Fate; destiny.

Prov. તકદીરની આગળ તદબીરનું કાંઇ ચાલતું નથી Nature predominates over Art: Man proposes and God disposes.

તકરાર, *s. f.* [Ar. कर to repeat.] Disputing; altercation; contention; a difference in opinion. 2. Starting objections; making difficulties; arguing the point; perverse demurring. 3. Controversy; argument, discussion; argumentation. 4. Strife; contention; dispute.

Id. તકરાર કરવી To dispute; to quarrel. તકરાર ચલાવવી To discuss; to argue. 2. To continue a dispute or quarrel. તકરાર લેવી To raise an objection. તકરારની ખાતર For the sake of argument.

તકરારી, *adj.* Contentious; captious; disputatious. 2. Disputed; controversial.

તકલેદી, *adj.* [Ar. तकूलीदी.] Delicate. 2. Weak; impotent; wanting the force of truth and judgment; not durable; not lasting. 3. Imitated; forged; false; counterfeit. 4. Not strong; unstable; not well executed.

તકશીર, } **તકસીર**, } [Ar.] *s. f.* An offence; a fault;

a crime. 2. Guiltiness; transgression.

તકાજો, તકાદો, s. m. [Ar. तकाज़ा demanding.] Demanding; soliciting urgently; dunning exacting.2.Importunity; urgency; an urging for payment; inexorable dunning or importunity.

તકા-વ-વું, તકાસ-વું, Same as **તાક-વું.**

તકિયો, s.m.[P. तकीय: a pillow.]A pillow. a bolster; a cushion; a pad. 2. The stone-seat in a vestibule.&c.; a seat.3. A fakir's seat with a garden attached to it.

તક્ર, s. n. [S.] Whey.

તખ્ત, તખત, s. n, [P. तख़्त.] A throne; a royal seat.

તખ્ત-નશીન, તખત-નશીન, s. m. [P.+નશીન sitting.] A king; a sovereign; a crowned king.

તખતી, s. f. [Ar. तख़्ती fr. कता to cut.] A piece of paper cut and shaped as a model by which to form other similar pieces. 2. A page; a sheet of paper; a little board used as a slate.

તખતો, [P. तख़्तह्.] Same as **તકતો.**

તગડ, s. f. Exhaustion. 2. Walking on foot.

તગડ-વું, v. t. To exhaust; to tire. 2. To walk; to walk fast; to trudge.

તગ-ડો, s. m. [S. त्रिक a group of three fr. त्रि three.] The figure three; (3).

ત-ગણું, adj. [+S. गुण multiplication fr. गुण् to multiply. See ત્ર-ગણું.] Three-fold.

તગ-તગ-વું, Same as **તક-તક-વું.**

તગર, s. f. n. [S.] A flowering shrub. 2. s. n. A plant in bloom.

તગ-તગ-વું, [Intens. of તગ-વું. Cf. તક-તક-વું.] To shine very brightly.

તગ-વું, v. i. [Hem. Des. तअवइ Mar. तेवणं =S. प्रदीप्यते it shines, fr. S. तिप् to ooze.] To shine; to appear bright.

તગાજો, તગાદો, Same as **તકાજો, તકાદો.**

તગારૂં, s. n. [P. तग़ारह्.] A bricklayer's trough; a hod,

Id. તગારૂં ભરવું To gorge oneself.

તગાવી, s. f. [Ar. तक़ावी See કૌવત, Ar. तक्वा strength; Cf. ટકાવ, ટક-વું to continue.] Advance of money made by government to the cultivators.

તગેડ-વું, Same as **તગડ-વું.**

તગેડો, s. m. Same as **તગડ.**

તંગ, adj. [P.] Tight; straitened; pressed; pinched. 2. Narrow; close. 3. Scarce. 4. s. m. A horse-belt; the belt by which the saddle is fixed tight on the back of a horse. 5. A garter.

Id. જીવ તંગ રહેવો To be sparing in spending money. 2. To feel uneasy; to be anxious. તંગ બજાર A tight market; a market in which the supply is less than the demand. તંગ કસવો-ખેંચવો To fix the saddle or harness tight on the back of a horse.

તંગ-ડી. s.f The leg.2. Short light trousers, covering the legs, for little children.

તંગાશ, Same as **તંગી.**

તંગિ-યો, m. A kind of tight trousers.

તંગી, s. f. Straitness of circumstances: pinched state; closeness; embarrassment. 2. Scarcity; deficiency; want. 3. Poverty; penury; tightness; narrowness.

તજ, s. f. [Dh. Des. तया fr. S. त्वच्, त्वचा, the skin.] Cinnamon.

તજ-ગરો, s. m. [+ P. कर्, गर्, doing.] A superficial examination. 2. Auditing; checking; examination.

Id. તજગરો લેવો To audit; to examine.

તજવીજ, s. f. [P. तजवीज़.] Inquiry; investigation; search;scrutiny. 2. Considering; contriving; planning; arranging; attempting. 3. An effort; an endeavour; a contrivance; a plan.

Id.-ની તજવીજ કરવી To make an arrangement about; to take steps in the matter of. તજવીજ લેવી To take care about; to look after.

તજ-વું, v. t. [S. त्यज्] To abandon; to forsake; to quit; to desert; to give up; to resign; to leave. 2. To avoid; to shun,

તજા-વ-વું, *v. t.* To cause to abandon or resign.

તટ, *s. m. f. n.* [S.] A shore; a margin; a border; a side; a bank. 2. Certain parts of the body which have sloping sides, *e.g.*, કુચ-તટ, શ્રોણી-તટ, &c.

તટ-પટ, *s. m.* [S. *fr.* તટ+પટ.] The length or extent of the bed of a river; the bed of a river.

તટિ-ની, *s. f.* A river.

તટ-સ્થ, *adj.* [+S. स्था to stand.] Indifferent; unconcerned; neutral. 2. Astonished; wonder-struck.

તડ, *s. f.* [See તુટ-વું.] A split; a breach. 2. A division; a sect; a party; a schism. 3. A feud in a caste causing dissension and a split. (The plural of this word is તડ or તડો; તડાં being used in the neuter gender.)

Id. તડ આવવી–પડવી To split. તડ આણવી–પાડવી To cause to split; to bring about a division; to give rise to a schism.

તડ-ક, *s. f.* [Imit.] A shooting pain; a sharp sudden pain.

તડ-ક-વું, *v. i.* [See તડ, તુટ-વું.] To crack; to split; to open in chinks and fissures.

તડ-ક-વું, *v. i.* [See તડ-ક.] To be startled; to be alarmed.

તડ-કા-વ-વું, *v.t.* [Cause. of તડ-ક-વું. to split, to be alarmed.] To frighten; to threaten.

તડ-કો, *s. m.* [Hem. Des. तिरिडी = S. उष्ण वात: a hot wind *fr.* S. तप्त heated *fr.* तप् to be heated.] Sunshine; sunbeams; rays of the sun. 2. Heat.

Id. તડકો છાંયડો વેઠવો To experience the sorrows and pleasures of the world. 2. To be well versed in the ways of the world.

તડક-છાંય-ડો, **તડક-છાંયો**, **તડક-શીળો**, *s. m.* [+ છાંય-ડો, છાંયો, શીળો.] A game for children.

તડ-તડ, *adv.* [Imit.] The splitting and sputtering of things frying or parching, the cracking sound of a smart caning, or the popping of a brisk musket fire. 2. Violently; roughly (tearing, &c.).

હાથ ઝાલી બાંહ્ય મરોડી, તડતડ ચોળી તુટી.
—મીરાંબાઈ.

3. Snappishly; impertinently; outright; with plain and plump speaking; rattlingly; railingly; sharply and clamorously. 4. Briskly; smartly; energetically. 5. *s. f.* Any crackling, snapping, sharp rattling sound, &c. 6. Haste; hurry.

Id. તડતડ તુટવું–ફુટવું To break or split with a cracking noise.

તડ-તડ-વું, *v. i.* To make a cracking noise; to split or break with a cracking noise.

તડ-તડા-ટ, *s. m.* [+વૃત્તિ state.] A cracking noise.

તડ-તડિ-યું, *s. n.* Fuel which makes a crackling sound, or throws out sparks, while burning.

તડ-તડિ-યો, *s. m.* A spark of fire. 2. Same as **તડ-તડિ-યું**. 3. A hopping insect.

ત ડકઈને, **તડ લઈ-ને**, *adv.* [*Cf*, ઝટ લઈ-ને.] Quickly; at once; suddenly.

તડ-પડ, *s. f.* **તડ-પડા-ટ**, *s. m.* [See તડ-ફડ-વું.] Struggles; a conflict. 2. Activity; briskness.

તડ-ફડ-વું, *v. i.* [Hem. Des. तड-फडिअ = S. परित: चलितम् walking round about.] To toss about with violent agitation; to flounce; to flounder. 2. To fume and chafe; to stamp and storm; to flutter; to palpitate. 3. To struggle. Same as **તર-ફડ-વું**.

તડ-ફડા-ટ, *s. m.* [+ વૃત્તિ.] Fuming and chafing; fluttering; storming; struggling.

તડબુચ, *s. n.* [S. चीर्भिटी.] A water-melon.

તડ-ભડ, *adv.* [See તડા-ક+ ભડા-ક.] Precipitately; hurriedly; hastily. 2. *s. f.* A sudden breach of affection.

તડ-વા, *s. m.* [See તડ a party, a schism, + S. वाही the leader *fr.* वह् to lead, to carry, See વહેવું. *Cf.* ગઢ-વા, સંઘ-વી.] The leader of a party or schism.

તડ-વું, *v. i.* [See તડ-તડ.] To run to strike; to run to attack; to attack. 2. To oppose, to rise in revolt.

મારવાને જાય તરી, વળી અટકી રહે તે. —વલ્લભ

તડાક, } તડાક-ભડાક, } *adv.* [See તડાકો & ભડાકો.] At once; with one stroke or blow. 2. Suddenly.

તડાકા-બંધ, *adv.* [See તડાકો + બાંધ-વું.] At a stroke or blow; suddenly; quickly.

તડાકો, *s. m.* [See તડ-તડ.] A sounding blow or stroke; a crack; a clash;a clatter;a collision of two bodies. 2. Bustle; briskness; din and clamour. 3.Force;sharpness; severity; an animated course or full flow. 4. A peal; a blast; a roar. 5.A speech very wide of the truth;a boisterous false speech; a gossip; an idle tale. 6. A sudden gain; goop luck; profit.

Id. તડાકા મારવા-હાંકવા To tell stories very wide of the truth;to gossip;to tell idle tales. ઉપર તડાકો પડવો To be subjected to a blow; to receive a blow. તડાકો પડવો-લાગવો-વાગવો-ચાલવો To be successful in a hazardous business. પહેલેજ તડાકે Lit. At the first stroke. Hence, 2. With the enthusiasm generally shown at the beginning of a business.

તડાકી, } તડાકી-દાસ, } *s. m.* [+ દાસ a term of respectful address.]A gossip;an idle tattler.

તડાગ, Same as તડાક.

તડાગ, *s. m.* [S.] A tank; a pond.

એકાએક કેમ આવું થઈ આવ્યું, નિરખીએ;
પરખ ન પરખીએ, વલ્લભ તડાગમાં. —વલ્લભ.

તડા-તડ, } તડા-તડી, } *adv.* An intens. of તડ-તડ. 2. *s. f.* An altercation; a noisy quarrel. 3. Competition; rivalry.

તડા-તુમ, *adv.* [See તડ-તડ + તુંબડી.]Inflated and glossy(of the skin or a full leather bag).

તડા-પીટ, } તડા-ફીક, } *s. f.* [See તડાકો + પીટ-વું, ફિક-વું.] Beating repeatedly and severely.

તડા-માર, *adv.*[+ મારવું.] At a stroke or blow; rapidly; quickly.

તડા-માર, } તડા-મારી, } *s.f.* Beating repeatedly and severely. 2. Haste; hurry.

તડિંગો, *adj.* [See તડ-તડ + અંગ.] Fat and strong.

તડિત, *s.f.* [S. *fr.* तड् to strike.] Lightning.

તડિત મેઘ મેઘ, તડિત્ વણ ન સોય. —દયારામ.

તડી, *s. f.* [Dh. Des. ताडि-य *fr.* S. ताडि-तम् beating *fr.* तड्, ताड्, to beat.] Beating. 2. A quick succession of blows in beating. 3.A shower of abusive language.

Id. તડી પડવી To be subjected to a quick succession blows. 2. To be subjected to a shower of abusive language.

તડુક-વું, *v. i.* [Imit.] To roar;to bellow.

તડુકો, *s. m.* A sudden roar.

તડુસ-વું,*v.t.* [S. तड् to strike. See તડ-તડ.] To strike. 2. To eat; to swallow.

તડે-અંકોડે, *adv.* [See તીડ + અંકોડો.] Readily. 2. Anxiously.

તડો-તડ, *adv.* Same as તડ-તડ.

તડો-વડ, *adj.* [S. तुल्य-वत् equally *fr.* तुल्, તોલ-વું, to weigh, + वत् suffix showing equality,or વડ class *fr.* वृत्ति state.]Equal; like.

તણ-ખ, *s. f.* [Imil. See તન,તનુ, the body + ખણ-વું to dig.]An itching sensation.2 A smarting pain.

તણ-ખ-લું, *s. n.* [S. तृण + ક + લું dim.]A straw; a blade of grass. 2. A trifle; anything worthless, insignificant, of no consequence, of no weight, &c.

તણખિ-યો, } તણછિ-યો, } *s. m.* A lame ox.

તણખો, *s. m.* [Imit.] A spark.

Id. તણખા ઉડવા-ખરવા-ઝરવા To emit sparks. શરીર તણખા નાખે છે There is pain in several parts of the body.

તણ-ગણું, *adj.* [See ત્રણ + ગણું *fr.*ગુણ-વું.] Threefold.

તણછ, *s. f.* A kind of wood.

તણછા-વું, *v. i.* [See તણ-છિ-યો, તણખિ-યો.] To be lame.

તણા-વું, *v. i.* [Pass. of તાણ-વું.] To be

draw away; to be pulled; to be straitened. 2. To be contracted. 3. To be impoverished through extravagance.

Id. તેનો પૈસો તણાતો જાય છે=તે પૈસે તણાતો જાય છે His money grows less and less; he feels the want of money; he is gradually being reduced to poverty. તણાઇ મરવું To spend beyond one's means. તે ખરચમાં ને ખરચમાં તણાઈ ગયો He was reduced to poverty owing to his expenditure. તેની પાછળ તણાઇ જવું To be drawn by the influence of; to be under the influence of; to be guided by; to follow submissively. ચાલતા પ્રવાહમાં તણાયું જવું–તણાઇ જવું To behave oneself according to the traditions or established custom. 2. To be time-serving. તણાઈ જવું To be lean (of the body). 2. To be carried away by feelings. 3. To be wafted or carried away; to be fruitless; to produce no effect. 4. To be reduced to a worse condition.

તણું, [S. तन.] A termination of the genitive case used in poetry; appertaining to; belonging to.

તટો, Same as ટટો.

તતકાળ, Same as **તત્કાળ**.

તત-ક્ષણ, Same as **તત્ક્ષણ**.

તત-ખેવ, Same as **તત્ક્ષણ**.

તતંગ, Same as **ધતિંગ**.

ત-તડ-વું. *v. i.* [Redup. & Intens. of તડ-તડ crackling.] To crack; to crackle. 2. To give pain owing to a contraction of the muscles or skin.

ત-તડા-વ-વું, *v. t.* To cause to crack or crackle. 2. To tighten. 3. To chide; to threaten.

ત-તડિ-યું, Same as **તડ-તડિ-યું**.

તડ-તડિ-યો, Same as **તડ-તડિ-યો**.

ત-ત-ડી, *s. f.* A small **તતુડું**.

ત-તુ-ડું, *s. n.* [Imit.] A small bugle.

તત્કાલ, *adv.* [S. *fr.* तद् that + काल time.] At the same time; instantly; immediately.

તત્ક્ષણ, *adv.* [S. *fr.* + क्षण a moment.] Instantly; immediately.

તત્પદ, *s. n.* [+ પદ.] Lit. The word तद् (that) in the aphorism, तत् त्व मसि, of the Vedānt philosophy. Hence, 2. The God-head; the Deity.

તત્વ-ગ્રાહી, *adj.* [S. *fr.* + ग्रह् to take.] One who adopts the truth.

તત્પર, *adj.* [Dh. Des. तैयरो *fr.* S. *fr.* +पर great.] Devoted; intent: diligent; attending closely and anxiously. 2. Ready; prepared (of a person).

તત્પુરુષ, *s. m.* [S. *fr.* +પુરુષ.] One of the forms of grammatical composition, in which the case-terminations of the first element are omitted. (Gr.).

તત્ર, *adv.* [S. *fr.* + त्र adverbial suffix showing " place. "] There; in that place; therein. 2. Thither; to that place.

તત્રાપિ, *adv.* [S. *fr.* अपि even.] Nevertheless; notwithstanding that; still; yet.

તત્ત્વ, *s. m.* [S. *fr.* +त्व suffix showing "state or quality."] Essential nature. 2. Actual existence. as opposed to unreal, fallacious, illusory. 3. A property. 4. An element. 5. The cream; the pith; the essence; the sum and substance; the condensed strength. 6. A first principle; an axiom. 7. The contents; the purport. 8. The chief portion; an essential part. 9. The real nature of the human soul, considered as one and the same with the Divine Spirit animating the universe. 10. A name of બ્રહ્મા (the Creator in the Hindu Trinity).

તત્ત્વ-જ્ઞ, *adj.* [S. *fr.* ज्ञा to know.] Knowing the truth.

તત્ત્વ-જ્ઞાન, *s. n.* [S. *fr.* + જ્ઞાન.] A knowledge of the essential nature. 2. Knowledge of divine truth or of the deity as the Truth or Reality; knowledge of the substantial being. 2. Philosophy.

તત્ત્વ-જ્ઞાની, *adj.* (Generally masculine). One that knows the Truth; a philosopher.

તત્ત્વમસિ, *s. n.* [S. *fr.* तद् that +त्वम् thou+ असि art *fr.* अस् to be.] Lit. 'Thou art That', being the highest teaching of the Vedānt philosophy. Hence, 2. The highest truth. 3. The essential and the most valuable

part of a thing.

તત્ત્વ-વિદ્યા, *s. f.* [S. *fr.* + વિદ્યા.] Same as તત્વ-જ્ઞાન.

તત્ત્વ-વેત્તા, *s. m.* [S. *fr.* + વેત્તા.] Same as **તત્ત્વ-જ્ઞાની.**

તત્ત્વા-તીત, *adj.* [S. *fr.* અતીત.] Gone or existing beyond the influence of the elements.

તથ, Same as **તિથિ.**

તથા, *adv.* [S. *fr.* +था adverbial suffix showing "manner".] So; like; after that manner. 2. *Conj.* And; also; as well as. 3. *s. f.* Extension; expansion; continuation. 4. Regard; concern.

Id. હવે તું તથા કરવી મૂકી દે Now give up prolonging your story; don't spin out your story. એની મારે શી તથા પડી છે I have no concern with him.

તથાપિ, *Conj.* [S. *fr.* + अपि even.] Same as **તદ્યપિ.**

તથાસ્તુ, *adv.* [S. *fr.* =अस्तु let it be *fr.* अस् to be.] Let it be so; so be it. 2. *interj.* Amen.

તથા-સ્વ-રૂપ, *adj.* [+ સ્વ-રૂપ.] Uncertain; hesitating.

તથી, Same as **તિથિ.**

તદ-ઉપરાંત *adv.*[S. तद् that+ ઉપરાંત over.] Moreover; in addition to that; also.

તદન, *adv.* [S. तद् that + अनु like, after.] Wholly; altogether; entirely; utterly totally; completely; thoroughly.

તદ-ન્તર, *adv.* [S. तदनन्तर *fr.* तत् that+See અનન્તર.] After that.2.Totally;wholly; quite.

તદપિ, *adv.* [S. *fr.* तत् that + अपि even.] Nothwithstanding; however.

ઇચ્છા એક મુને છે તદપિ, પૂર્ણ કરો અવિનાશી.

—**દયારામ.**

તદબીર, *s. f.* [P. तद्बीर.] A plan; a contrivance; a measure; an expedient; a device.

તદા, *adv.* [S. *fr.* तद् that +दा adverbial suffix showing "time".] Then; at that time.

તદાકાર, *adj.* [S. *fr.*+આકાર form.] Having the same form; of the same sort. 2. Absorbed in that; devoted to that.

તદા-કાળ, *adv.* [See તદા + કાળ.] At that time; then.

તદાકાળ શંકર એમ બોલ્યા, " સાંભળીએ અવિનાશ,
આ નરસૈંયો ભક્ત જ મારો, તે કરવો તમ દાસ. "

—**હરિદાસ.**

તદ્રૂપ, *adj.* [S. *fr.* + રૂપ form.] Same as **તદાકાર.**

તન, Same as **તનુ** The body.

Id. તન મન ધનથી At any sacrifice; at any risk.

Id. તનથી, તન દઈને At great personal sacrifice; at great personal inconvenience.

તનક, *adj.*[S. तनु small, little,+ क dim.] Small; little.

નહાની તો નીચી ઘણી, તનક ન દેખે કાન.

—**સામળભટ.**

કેટલું બળ તમ અબળા કેરૂં ? તનક તાલ તે હેલાં રે.

—**સીતાજીની કાંચળી.**

તનખ, *s. f.* [See તણખો a spark.] A burning sensation; a smarting pain.

તનખાવવું, *v. t.* [See તણખો, તનખો.] To harass. 2. To annoy; to tease. 3. To be angry with.

તન-તાપ, *s.m.*[+ તાપ.] Bodily sufferings; bodily pain.

તનખો, Same as **તણખો** A spark.

Id. તનખા મારવા To throw out sparks of resentment 2. To taunt.

આ શ્રદ્ધાનો તનખો જૂની અવસ્થામાં પ્રગટાયો હતો.

—**સરસ્વતી-ચંદ્ર.**

તનખો, *s. m.* [P. *fr.* तन *fr.* S. तनु, तन, the body + P. ख़ाहनन *fr.* S. काङ्क्ष् to desire.] An assignment from the revenues for an officer's personal expense. 2. A standard rent-roll of villages 3. A salary. 4. A claim; a right.

તનડું, [+ડું dim.] Same as **તન, તનુ,** The body (said by endearment).

તન-દુરસ્ત,*adj.* [P. *fr.* तन, તન, the body, +दुरस्त right, See દુરસ્ત.] Healthy. 2. Vigorous; hale.

તન-દુરસ્તી, *s. f.* Bodily health; bodily vigour. 2. Sound health.

તનનન, *adv.* [Imit.] Running over the

notes of music in tuning the voice. 2. Humming a tune.

તન્મન-તન્મન, *adv.* [See તન + મન; or તન્મય] Being absorbed in. 2. Being impatient. 2. Being excited.

તન-મન-ધન, *s. n* [See તન + મન + ધન.] Lit. The body, the mind, and one's wealth. Hence, 2. All that one loves; the highest object of one's ambition.

તન-મનાટ, *s.m.* [See તન્મય+વૃત્તિ.] Absorption of the mind. 2. Impatience of the mind with regard to an obstacle; impatience. 3. Excitement.

તન-મનિયું, *s.n.* [+મન.] A kind of flower. 2. A neck-ornament worn by women.

રાતે રંગે રાજે દાડમ બીજશા દંત;
તુસી, તનમનિયું, ચાર ચોરે ચંત. —**દયારામ.**

તનય, *s. m.* [S.] A son.

તનયા, *s. f.* A daughter.

તનિયો, *s.m.* [See તન the body. *Cf.* The derivation of બદન a shirt.] A coat; a shirt.

તની, *s. m.* [See તાણો thread.] A thread; a wire. 2. An incantation. 3. *adv.* Precisely; exactly; accurately.

તનુ, *adj.* [S.] Thin; emaciated. 3. Small; scanty; little.

તનુ, *s. n.* [S.] The body.

તરસ તનુ નિહાળે, થાય શત્રુ વિભાગે. —**પ્રેમાનંદ.**

તનુજ, *s. m.* [S. *fr.* +जन to be born.] A son.

તનુજા, *s. f.* A daughter.

તનોડો, *s. m.* An ear-ornament worn by women.

તંત, *s. m.* [See ટંટો.] Argument; discussion.

કૃષ્ણ કૃષ્ણ શો હિસાબ, તંત કરતાં તરો. —**વલ્લભ.**

2. A quarrel.

Id. તંત કરવો-તાણવો To discuss. 2. To oppose.

તંત, *s. m.* [See તંતુ.] The thread or connection of events. 2. Relatedness. 3. Pursuit; following.

ધર્મ સતવાદી ભીમવંત. સહદેવ જોશી જાણે તંત. —**અખો.**

Id. તંત લેવા To pursue; to follow.

તંત, *adv.* [See અત્યંત.] Extremely. 2. Wholly; quite. 3. Fully.

Id. તંતોતંત, તંતોનંત, Fully; being filled to the brim.

પછે બાહુકે ગણી જોયાં, હતાં તંતોતંત. —**પ્રેમાનંદ.**

તંતની, Same as **તુન-તુની** A lyre.

એસેકુ મિલા તેસા, તેસેકુ મિલી તાઇ,
તીનું મિલકે, તંતની બજાઇ.
(Birds of a feather flock together.)

—**ભાષા.**

તંતુ, *s.m.* [S. *fr.* तन् to stretch.] A thread; a string; a chord; a fibre; a filament; a capillament; a tendril.

Id. જ્ઞાન-તંતુ A nerve.

તંત્ર, *s. n.* [S.] A ceremony; a formality; action as opposed to contemplation; a bodily act as opposed to a mental or spiritual act. 2. Handiwork; handicraft; legerdemain; a sleight of hand. 3. A troublesome or tedious work.

તંત્ર-ખેલ, *s. m.* [+ ખેલ.] A magical performance.

તં-દુરસ્ત, Same as **તન-દુરસ્ત.**

તં-દુરસ્તી Same as **તન-દુરસ્તી.**

તંદ્રા, *s. f.* [S.] Lassitude; weariness; exhaustion. 2. Sleepiness; sluggishness.

આવી નિદ્રા કોઈને, તો કોઇ તંદ્રામાં તણાયા.

—**વલ્લભ.**

તંદ્રાલુ, *adj.* [S. +आलु having.] Tired; exhausted. 2. Sleepy; slothful.

તન્મય, *adj.* [S. *fr.* तद् that + मय suffix showing ' filled with, full of".] Absorbed in; engrossed in. *Cf.* **તદાકાર, તદ્રૂપ.**

તન્મય-તા, *s. f.* Absorption in.

તન્માત્ર, *s. n.* [+मात्र only.] An archetype or subtile rudiment of any of the five forms of elementary matter. 2. *adj.* Nothing else; simple; pure; only.

તન્વંગી, [See તનુ thin + અંગ.] A slight and delicate woman.

તન્વી, *s. f.* [S. *fr.* તનુ thin.] A slight and delicate woman; a slender woman.

તપ, *s.n.* [S.तपः *fr.*तप् to be hot.] Religious austerity; penance; mortification of the flesh; the practice of mental or personal self-

denial;the infliction of bodily tortures.2.A term of twelve years. 3. Duty; the special observance of certain vows. 4. Adoration; devotion.

Id. તપ કરવું-તપવું-માંડવું To perform a penance.

Prov. તપને અંતે રાજ, ને રાજને અંતે તપ Religious austerity leads to luxury, and *vice versâ*.તપ કીધે બાવો ન થાય It is not the cowl that makes the monk: It is not the gay coat that makes the gentleman.

—વલ્લભ.

તપ, *s. f.* Same as **તાપ** Fever.

તપ-ખીર, *s. f.* [+ ક્ષીર.] Snuff; powdered tobacco.

તપ-ખીરિ-યા, *adj.* Snuff-coloured;brown; dark-gray.

તપ-ગચ્છ, *s. m.* [+ ગચ્છ.] One of the Jaina sects.

તપત, *s. f.* [See તાપ, તપ fever.] Fever.

તપ-ન, *s. m.* [S.] The sun.

તપન તપે છે સર્વદા, જે મહા ભવનનો ભૂપ રે.

—પ્રેમાનંદ.

તપ-વ-વું, Same as **તપા-વ-વું.**

તપ-વું, *v.i.*To be hot; to burn; to shine; to glow;to give light and heat.2. To shine in full splendour. 3. To be in a passion or fume. 4. To delay; to tarry.

Id. તપી જવું To be angry; to be excited. તપ્યાં કરવું To wait for.

તપશ્ચર્યા, *s. f.*[S. *fr.*तपः, તપ,+चर्या conduct *fr.* चर् to walk,to practise.] The practice of austerity; religious mortification.

તપસી, Same as **તપસ્વી.**

Prov. તપસી, પડયા લપસી Ascetics often swerve from their vow.

તપસીલ, *s. f.* [Ar.] A detailed account or statement. 2. The details.

તપસીલ-વાર, *adj.* [+ વાળું having.] Containing the details; detailed.

તપસ્વી, *adj.* [S. *fr.* તપ.] Engaged wholly in the exercises of devotion and mortification. *s. m.* An ascetic.

તપા-ડ-વું, / **તપા-વ-વું,** } *v. t.* [Caus. of તપ-વું.] To heat;to warm. 2. To inflame (one's anger). 3. To make one wait; to detain.

તપાસ, / **તપાસ-ણી,** } *s. f.* [Ar. तफ्हस.]An inquiry; an examination; an investigation; an inspection.

Id. તપાસ-તપાસણી કરવી To make an inquiry;to examine minutely; to scrutinize. તપાસ-તપાસણી ચલાવવી To carry on a secret inquiry or a police-inquiry. તપાસ-તપાસણી ચાલે છે A secret inquiry or police-inquiry is in progress. તપાસ મળે છે-લાગે છે A clue is found. મૂળ-પહેલી તપાસણી The examination-in-chief of a witness. આડી-વિરૂદ્ધ તપાસણી The cross-examination of a witness. ફેર-બીજી તપાસણી The re-examination of a witness.

ધિંગો ધણી જે કહેવાય, ન તે અતી કષ્ટ આપે.
—**વલ્લભ.**

ધિણોજો, *s. m.* A rogue.

ધિબ-વું, *v. t.* [Imit. *Cf.* ધબ ધાબ, થાપ.] To beat; to strike with the fist.

ધિબા-ધિબ, *adv.* Imitative of the sound of quick blows.

ધિબો-વ-વું, Same as **ધિબ-વું**.

ધિર-વું, } **ધીર-વું,** } *v. t.* [See ધીર, patience.] To confide; to trust. 2. To lend; to give on credit; to advance (money).

ધી, *s. f.* [S. *fr.* ध्यै to contemplate.] Intellect; understanding. 2. The mind. 3. Thought; idea; imagination.

અધર સુધા રસ પાયપિવાવત, ઉપમા દેત મન ધી સકુચાઇ.
—**ગિરિધર.**

ધી, *s. f.* A daughter.

ધીક-ડી, *s. f.* [See ધીક-વું.] Warmth; slight heart.

ધીક-ધીક-તું,Same as **ધગ-ધગ-તું** Burning.

ધીક-વું, *v. i.* [S. दह्, दग्ध, to burn.] To be heated. 2. To be conducted or carried on at a brisk rate; to be profitable.

Id. દેવતા ધીકવો To be lighted (of fire).એને ધંધો સારો ધીકે છે His business is brisk;his business is profitable. ધીકતી રાગડી Anxiety.

ધીકા-વ-વું, *v.t.* To light or make a fire. 2. To conduct a profitable business; to gain profit in one's business.

ધીજ, *s. f.* [S. दिव्य *fr.* दिव् to shine.] An ordeal.

કહો તો ધીજ પતીજ કરૂં, શિવપિંડી હાથ ધરાવો રે.
—**દયારામ.**

ધીટ, *adj.* [S. धृष्ट *fr.* धृष् to challenge.] Bold; daring;forward;impudent; saucy.

મૃગલીએ શેર દીઠો, બગલીએ ગરૂ ધીટો;
ઠગલી શ્રી બીચ સાપ, કશાં કેવાં કાજકાજ?
—**વલ્લભ.**

ધીબ-કારો, Same as **ધબ-કારો**.

ધીબ-કો, *s. m.* [see **ધીબ-વું**.] A blow with the fist.

ધીમંત,ધીમાન્, *adj.* [S. धीमत् *fr.* ધી+ मत् suffix showing possession.]Intellectual, intelligent; wise.

ધીમર, *s.m.* [S. धीवर.] A fisherman.

ધીમા-શ, *s.f.* [See ધીમું.] Slowness. 2. Patience. 3. Courage.

ધીમું,*adj*.[Seeધી-મંત,ધીમાન્.] Deliberate; grave;steady, staid; sedate; gentle; slack; soft. 2. Cool; patient;forbearing. 3. Slow; dull; heavy. 4. Not loud, slow; low.

Id. ધીમું કરવું-પાડવું To lessen the speed or degree of;to relax; to soothe; to pacify. ધીમું પડવું To be less in speed or degree. ધીમો અવાજ A low sound.

ધીમે, *adv.* Slowly; gently.2.Coolly; patiently.

Id. ધીમે ધીમે Slowly; gradually; by degrees. ધીમે રહીને Slowly; patiently. ધીમેથી સાંભળવું To hear patiently. 2. To hear attentively or quietly.ધીમે બોલવું To speak slowly. 2. To speak in a low voice.

ધીર, *adj.*[See ધીર, *s. f.*] Patient; forbearing; composed;calm;collected. 2. Bold energetic; strong; courageous; brave. 3. Undaunted; intrepid; resolute; of a firm mind; persevering. 4. Wise; learned; clever; intelligent. 5. Grave; solemn.

Prov. ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર They tumble down, who run fast.

ધીર, *s. f.* [S. ધૈર્ય *fr.* धीर patient *fr.* धृ to hold.] The quality or power of expecting, induring, or persisting; patience; forbearance; steadiness; resolution. 2. Trust; confidence; credit.

ધીર-અંડું, *adj.* [+આંડું. *Cf.* ઢીલ-અંડું]Timid; cowardly.

ધીરજ, *s. f.* [S. ધૈર્ય. See ધીર, *s. f.*] Patience; calmness; forbearance. 2. Fortitude.

Id. ધીરજ આપવી To console; to encourage. ધીરજ પકડવી-રાખવી To be forbearing or patient; to comfort; to reassure.

Prov. ધીરજ મોટી વાત છે Patience is a plaster for all sores: He that can have patience, can have what he wills. ધીરજનાં ફળ મીઠાં Patience is a plaster for all sores.

ધીર-તા, *s. f.* [See ધીર bold + S. ता an abstract suffix.] Boldness. 2. Wisdom.

કદાચ કાંઇ સંકટ પડે વિનતીનું કામ,
તો ત્યાં ચરિત્ર બતાવજે, ધીરતા ધઇને ઠામ.
—**સામળભટ.**

ધીર-ધાર, *s. f.* [See ધિર-વું + ધાર redup.] Commercial dealings on credit; money-lending.

ધીર-પ, *s. f.* [See ધીર-વું+પણું.] Credit in money matters; commercial credit.

ધીર-વું, Same as **ધિર-વું**.

ધીરૂં, *adj.* [See ધીર, *adj.*] Patient; forbearing. 2. Slow; calm. 3. Cool; deliberate.

Prov. ધીરા સો ગંભીર wisely and slowly: They tumble down, who run fast. ધીરાં કામ **સાહેબ**નાં God's ways are slow but good.

ધીરે, *adv.* Slowly. 2. Patiently.

Id. ધીરે ધીરે Very slowly. 2. Very patiently.

ધીરો, *s. m.* [S. धृ to hold. See ધાર-ણ. 2. ધાર-ણિ-યો.] A prop; a support.

ધી-શ, *s. m.* [S. *fr.* ધી + ઈશ.] The lord of intellect; a very intelligent man.

દુરમતી ને સરસ્વતી સરી, ઉતરી આવ્યા ધીશ ઝ.
—**ગિરિધર.**

ધું-આળ-વું, *v.t.* [See ધો-વું + S. क्षल्, આ-ળ-વું, to wash.] To wash clean.

ધુંધ, Same as **ધુન, ધુન્દ**.

ધુંધ-વાટ, *s. m.* [+ વૃત્તિ.] Suppressed excitement.

ધુંધ-વા-વું, *v. i.* To emit smoke. 2. To have suppressed excitement.

ધુંવા-પુંવા, *adv.* [See ધૂમ smoke + વા wind + પુંવા redup.] Excited; confused through excitement.

ધુંધ-ળા-વું, **ધું-ધળું**, *s. n.* [See ધૂમ + આંધળું] Dusk; the evening twilight. 2. The morning twilight. 3. *adj.* Misty; foggy.

ધુંવર, Same as **ધુમર**.

ધુંવો, Same as **ધુમા-ડો**.

ધું-શ, *s. m.* [See ધૂમ smoke + શ, આશ, abst. suffix.] Heat; the heat of the sun. 2. *s. f.* Loud noise; *eclat*.

ધું-શળ, *s.m.* [See ધુસરું, ધુસરૂં, *fr.* S. धुर् a yoke + સળી a stick.] A yoke.

ધું-સરી, *s. f.* Same as **ધું-શળ**.

ધું-સરૂં, Same as **ધુંસરી**.

ધું-સો, *s.m.* [See ધૂમ smoke + શાલ. Or S. धूसर smoke-coloured.] A kind of warm woollen cloth, generally of a dusky shade.

ધુડ-કા-વ-વું, *v. t.* [Dh. Des. धुडुक्कियं. *Cf.* ધુત-કાર-વું.]To treat with contempt; to scold. 2. To defy.

ધુજ-વું, *v.i.* [S. धु.] To shake; to quiver; to tremble. 2. To lose one's wits; to be overawed or overwhelmed.

ધુજા-રી, *s. f.* Trembling; tremor; trepidation. 2. Delirium tremens. 3. Horror.

ધુજા-રો, *s. m.* Same as **ધુજા-રી**.

ધુજા-વ-વું, *v. t.* To cause trembling; to make one tremble; to create horror. 2. To make a loud sound and wild uproar.

ધુ-ણ-વું. *v.i.* [S. धु, धून्.] To quiver; to shake. 2. To be under a demoniac influence causing a violent shaking of the head.

ધુ-ણા-વ-વું, *v.t.* To shake; to nod. 2. To fleece a man of his money by tricks.

Id. ડોક ધુણાવવી To refuse.

ધુ-ણી, *s. f.* [See ધૂમ.] The smoky fire of an ascetic. 2. A fire lighted by a Hindu ascetic, over which he sits inhaling the smoke.

Id. ધુણી ઘાલીને બેસવું To sit down with a resolution to compel a person to grant one's request.2.To persist in one's request. ધુણી તાપવી To perform austerities by sitting near a fire.

ધુ.ણ્ડ.વું, *v.t.* [See ધુ.ણ.વું.] To seek or search for.

ધુત, *interj.* [S. हत *fr.* हन to strike.]Get away ! Get thee gone.

Id. ધુત બે કરવું To disrespect a person; to treat a person with scorn.

ધુત.કાર.વું, *v.t.* [+ Dh. Des. धुड्डक्कियं scolding. *fr.* ધુત, ધિક્, + કાર suffix showing the sound. Also Hem. Des. धत्त *fr.* S.ध्वस्तम् destroyed *fr.* ध्वंस् to destroy.] To scorn; to defy.

ધુત.વું, } **ધૂત.વું**, } *v.t.*[See ધુતા.રો.] To cheat;to deceive; to impose upon.

ધુતા.રું, Same as **ધૂર્ત** *adj.*

ધુતા.વું, *v.i.* To be cheated; to be imposed upon.

ધુ-ધુ, *s. n.* [Imit.] The sound of a trumpet or horn.

ધુન, } **ધુન્દ**, } **ધુની**, } *adj.* [See ધૂન, ધૂમ, ધુણ.વું.] Of dimmed and dull vision, 2. Bereft of sense or consciousness. 3. Blinded; infatuated. 4. Absorbed (in); abstracted; lost in. 5. Same as **ધુન્દી**.

ધુન્દી, *s. f.*Dimness of sight.2. A senseless or unconcious state.

ધુન્ધ.કાર, *s.m.* [See ધૂળ+અંધ.કાર. Or see ધુન્દ+કાર.]Darkness caused by a cloud of dust.

ધુન્ધકાર નભમાં થઇ રહ્યું, શું થશે પ્રલયે કાળ રે ?

—**ગિરિધર**.

ધુપ.ડું, Same as **ધુપેલ**.

ધુપ.વું,*v.t.* [See ધૂપ.] To burn incense. 2. To hold over the smoke of incense.

ધુપેલ *s. n.* [See ધૂપ + તેલ] A scented oil obtained by burning frankincense.

ધુપેલિ.યો, } **ધુપેલી**, } *s.m.* One who makes or sells **ધુપેલ**.

ધુમ, *adv.* [Imit.Or, ધા.વું to run.] With haste and force. 2. *s. f.* Same as **ધુમ-ધામ**.

Id.ધુમ મચાવવી–લગાવવીTo raise a tumult and continue it.

ધુમ-ધામ, *s. f.* [+ધામ redup.] Wild hurry and bustle; noisy and glaring pageantry; pomp; parade; *eclat*; an osten display; an imposing style or air. 2. Hurry-skurry; confusion; tumult.

ધુમ-ધોકાર, Same as **ધમ-ધો.કાર**.

ધુમર, } **ધુમસ**, } *s.f.n.* [Hem. Des. धूमरी, धूम-सिहा= S. निहार a fog, a mist; *fr.* S. धूम, धूम, + शिखा] Fog; mist. 2. *adj.* Smoke-coloured.

ધુમા.ડિ.યું, *s.n.*[See ધુમા.ડો.]A chimney; a passage for smoke to get out through; the fire-place.

ધુમા.ડો, *s. m.* [S. धूम.] Smoke.

Id. ધુમાડામાં બાચકા ભરવા To be struggling in vain.ધુમાડાના ગોટા Clouds of smoke. 2. In vain; fruitless. ધુમાડામાં જવું To pass away in smoke. 2. To be in vain; to be fruitless. ધુમાડો કાઢી નાખવો To harass.

ધુમા.ળું, *adj.* Smoking. 2.Morose;sulky.

ધુ-મ્માર, Same as **ધમાર**.

ધુમો, *s. m.* A yearly payment of rent for the use of government land.

ધુરૂ, } **ધુર**, } *s. n.* [S. धुर् a yoke.] A yoke. 2. The front. 3. *adj.* Of the first importance.

લીધા સરવ મકરન પદ, ધુર અધિકાર સુગાય.

—**દયારામ**.

ધુરં-ધર, *adj.* [S. *fr.* धुर् a yoke +धृ, ધર.વું, to hold.] Bearing a burden; able to bear a burden. 2. Laden with important duties. 3. Proficient; expert; adept. 4. Grand. 5. Chief; foremost; preeminent.

ધુર.પ.ચ્ય, } **ધુર.પ.ત**, } Same as **ધરપત**.

ધુર-પદ, Same as **ધ્રુ-પદ**.

ધુરાળ-મુરાળ, *s. n.* [See ધુ સરૂં + મુરાળ.] A yoke, a wooden pestle, &c., presented to the bridegroom by the bride's mother, in the marriage ceremony.

ધુરાળ મુરાળ ત્રાક, રવૈયા લાવ્યાં,
વિવેક તેને કરીને શીશ ચડાવ્યાં. —**ગિરિધર**.

ધુસ-કો, *s. m.* [Imit.+કો, કાર, suffix.] A sudden crying; a sob.

ધુળ, Same as **ધૂળ.**

ધુળ-કોટ, *s. m.* [+કોટ] The state of being covered with dust. 2. A heap of dust.

ધુળ-ધાણી, *s. f.* [+ધાણી.] Ruin; discomfiture; failure; destruction; annihilation; the state of being reduced to dust:devastation; demolition; total defeat; rout.

Prov. ધુળધાણી, વા પાણી A complete destruction or devastation; being reduced to dust; Rack and ruin.

ધુળ-ધો-યું, *adj.* [+ધો-યું.] Besmeared or covered with dust.

ધુળ-ધોયો, *s. m.* One who washes sweeping from the street in the hope of finding something valuable.

ધુળ-પડવો, *s. m.* [+પડવો.] The second day after the Holi festival, on which Hindus throw dust at one another.

ધુળા-ડો, *s. m.*[+ડો dim.]Dust, as flying in clouds or as lying thick on the road.2. Same as **ધુળ-કોટ.**

ધુળે-ટી, *s. f.* [+વૃત્તિ] Same as **ધુળ-પડવો.**

ધૂણ-વું, Same as **ધુણ-વું.**

ધૂણા-વ-વું, Same as **ધુણા-વ-વું.**

ધૂતા-ઈ, Same as **ધૂર્તા-ઈ.**

ધુન, *s. f.* [S. ધ્વનિ *fr.* ધ્વન to sound.] Sound. 2. Fine continuous undulations of a sound; recollection of a pleasing continuous sound. 3. Meditation; deep thought.

ધૂન, *s. f.* [See ધુન્ધ, ધુન, ધુન્દ.] Stupor; dullness arising from intoxication;drowsiness, &c.

ધૂપ, *s. f.* [S. *fr.* ધૂપ્ to heat.] Sunshine. 2. *s. m.* [S. *fr.* ધૂપ્ to make fragrant.] Incense; frankincense.

Id, ધૂપ કરવો-આપવો-દેવો To fumigate (particularly in magic).

ધૂપ-દાની, *s. f.* [+દાની, P., a receptacle.] A vessel for burning incense; a censer.

ધૂમ, [S.] Same as **ધુમા-ડો.**

ધૂમ, *adv.* [See ધુમ.]Smartly; vigorously; vehemently; impetuously.

ધૂમ-કેતુ, *s. m.* [S. *fr.* ધૂમ smoke + કેતુ a banner.] A comet.

ધૂર્ત, *adj.* [S.] Shrewd; sharp; discerning. 2. Fraudulent; crafty; subtle. 3. *s. m.* A lover or gallant who having secured one mistress makes love to a second; a gay deceiver; a lothair.

ધૂર્ત-તા, ધૂર્તા-ઈ, ધૂતા-ઈ, *s. f.* Fraud;craftiness; shrewdness; cleverness.

ધૂસર, *adj.* [S.] Brown; tawny.

ધૂસરે દિશ, ને રવિ શશી પાંડુરા, જગ કુંડળ ભયકારી.

—રત્નેશ્વર.

ધૂસ-મૂસ, *adv.* [See ધસ-વું+મૂસ redup.] Rushing; running fast and recklessly.

ધૂળ, *s. f.* [S. ધૂલિ] Dust. 2. Confusion; a disconcerted, or baffled state; discomfiture; rout; overthrow; destruction;demolition; a ruined or damaged state.

Id. ધૂળ નાખી-પડી Fie on it. ધૂળ વળવું-મળવું To be spoiled. ધૂળમાં મળી જવું To be utterly destroyed. 2. To die: *Cf.* "Dust to dust, ashes to ashes" ધૂળ ઉડવી To be thrown (of dust). ધૂળ ઉડાડવી To raise dust. માથે ધૂળ ઘાલવી To raise a quarrel.2.To take the blame upon one's own head. આંખમાં ધૂળ નાખવી To throw dust into the eyes to deceive. હું તને આટલી વાતની ધૂળ સરખી પણ નહિ આપું I will give you nothing:You shall get not even a farthing from me.–ની ધૂળ કાઢી નાખવી–ખંખેરવી To pitch into; to scold.ધૂળ અનાજની–ધમાસાની વાતો Trivial matters. ધૂળ કચુ-મેળવ્યું Lit. Turned to dust. 2. Spoiled. 3. Quite useless. ધૂળ ખાવી To speak improper or insulting words. 3. To repent. ધૂળ ચાટતું કરવું To ruin. ધૂળને પાડે At a very low price. ધૂળને પેટે ઘાલવું To put to shame;to disgrace. ધૂળ પર ઠેકો Keeping up appearances;useless. ધૂળ ફકાવવી To harass. 2. To ruin. ધૂળ ફાકતું જવું To go away disappointed. એ બધા ધૂળ ફાકે છે I do not care for them. ધૂળ ભેગું કરવું To level to the ground; to reduce to dust. ધૂળ વાળવી–ફેરવવી, ધૂળમાં જવું To become fruitless; to be spoiled. ધૂળમાંથી સોનું મળવું To make a gain from an unexpected source.

Prove ધૂળ ધાણીને વા પાણી=ધૂળના ઢગલા, ને રાખના પોટલા Rack and ruin: Being reduced to dust. ધૂળમાં વિશ્રામણ કાંકરા Nothing can come out of nothing. ધૂળની બેન રાખોડી Between the hammer and the anvil. ધૂળનો પણ ખપ પડે છે Even little things have their value.

ધૂળ-ધમાસ, *s. n.* [+ ધમાસો.] Anything not worth mentioning.

ધૃ-તિ, *s. f.* [S. *fr.* धृ to hold.] Steadiness; firmness; fortitude. 2. Satisfaction.

ધૃષ્ટ, *adj.* [S. *fr.* धृष् to challenge.] Courageous; brave; bold; confident. 2. Impudent.

ધેડ, Same as ઢેડ.

ધેડ-ગુજરી, *s. f.* [+S. गुर्जरी the Gujaratī language.] A barbarous mixture of languages.

ધેડિ-યું, *adj.* Fit for a **ધેડ.** 2. Base; low.

ધેડો, } Same as **ધેડ.**
ધેઢ, }

ધેન, *s. f.* [S. धेनु.] A cow. 2. A woman in her first pregnancy.

Prov. કોની ધેન વિયાઈ છે ? Who will be so bold ? Who dares ?

ધેનુ, *s. f.* [S.] A cow; a milch cow.

ધેર-વા-વું, *v. t.* [Caus. of ધરા-વું] To give (a horse) water to drink.

ધૈર્ય, *s. n.* [S. *fr.* धीर.] Courage; firmness; resolution. 2. Fortitude; forbearance; patience.

ધૈવત, *s. m.* [S.] The sixth of the seven ascending notes in Indian music.

ધોંડો, *s. m.* [Mar.] A stone. 2. A grown up man (used in contempt or as a rebuke).

ધોંસરી, Same as **ધુંસરી.**

ધો-ંસો, *s. m.* [Imit.] A particular air in music.

ધોંસો, *s. m.* [See ધુંસો.] A coarse kind of woollen cloth.

ધોંસો, *s m.* [S. धूसर smoking.] Anger.

ધો, *s. m.* [See ધો-વું.] Washing: a wash.

ધો-ઈ-ઓ, *s. m.* [See ધો-વું to wash.] Sweetmeat made of washed **અડદ** (pulse).

Id. ધોઇયો કાઢવો-આપવો To beat severely.

ધોકડું, *s. n.* [S. स्तोक small. Or S. स्तोम a group.] A large bale of cotton. 2. The body.

ધો-ક-ણું, *s. n.* [See ધો.] A thick and short piece of wood used to beat clothes with in washing operations.

ધો-કારા-બંધ, } *adv.* [See ધોકો + બાંધ-વું.]
ધો-કારે, }
Dashingly. 2. Splendidly; prosperously.

ધો-કો, *s. m.* [Imit. See ધોકાર in ધમ-ધોકાર.] A blow. 2. A thick stick; a club. 3. A blow of evil fortune; a great shock. 4. A great loss in trade. 5. A ground for fear; a danger; a peril; risk; hazard. 6. [See દુઃખ, ધોખો.] Anger; indignation; taking offence; being offended.

Id. ધોકો લાગવો-પોહોંચવો To receive a blow; to be injured. ધોકો ધરવો To be suspicious of danger.

ધોખ, *s. m.* [See ધોક.] A large heap.

ધોખ ને ધોખ, જે દ્રવ્ય તે ધારતો;
તોય તે, ભાઇ રે, દુખિયો હોય જે.—**પ્રેમાનંદ.**

ધોખ-વું, *v. i.* [See ધોખો.] To be without food and water; to die for want of food and water.

ધોખો, *s. m.* [S. दह to burn. See ધખ-વું. Or see દુઃખ.] Same as **ધોકો,** 6.

કહે સૈયર સુણો આચારી જન, ધરશો નહિ મન ધોખો.
—**પ્રેમાનંદ.**

ધોતર, Same as **ધોતિ-યું.**

ધોત-લી, *s. f.* A small **ધોતિ-યું.**

ધો-તાળ, *adj.* [S. धौत washed, See ધો-વું + S. आलु suffix showing habit. Or ધો Imit, + તાલ keeping time in music.] Profuse in spending; open-handed; liberal; generous; munificent. 2. Lavish of money; extravagant.

ધોતાળ-પણું, *s.n.* Prodigality; lavishness

ધોતિ-યું, *s. n.* [See ધો-વું.] A white garment worn round the waist by men, and tucked in behind; a *dhotar.*

Id. ધોતિયાં ઢીલાં થઇ જવાં—લેવાઇ જવાં—છુટી જવાં To be frightened.

Prov. ધોતિયામાં બધાં એ નાગાં No man is a hero to his own valet ધોતિયું ઊંચું કરીએ, તો

આપણે જ નાગાં દેખાઇએ No man should expose his own weakness.

ધોતી, Same as **ધોત-રી.**

Prov. ધોતી પોતી છતના ચાળા, ને ટીલાં ટપકાં હાથના ચાળા Luxuries cost an amount of money, while everyone has it in one's power to be cleanly and neat.

ધોતી-કરમ, Same as **ધૌતિ-કર્મ.**

ધોધ, ધોધ-ડો, ધોધ-વો, *s. n.* [Imit. See ધો-ધો. Or Hem. Des. धुध-वो, धुद-ओ = S. समूह a multitude.] A water-fall; a cascade.

ધો-ધો, *adv.* Imit. of the sound dash-dash (of falling water).

ધોન, *s. f.* [See ધરણી. Or ધેનું a cow; the earth being often represented in the Purāṇs as a cow.] The earth.

ધોનાર-વું, *v. t.* [See ધો-વું.] To beat.

ધોબ-ણ, *s. f.* [See ધોબી.] The wife of a **ધોબી**; a female of the ધોબી caste; a washer-woman.

ધોબાં, *s. n. pl.* [See ધાબું.] Bricks.

ધોબી, *s. m* [See ધો-વું.] A washerman.

Prov. ધોબીનો કુતરો નહિ ઘરનો, ને નહિ ઘાટનો He that serves everybody, is paid by nobody.

ધોબી-અડ્ડો, ધોબી-ઘર, *s. m.* [+ ઘાટ.] A place where washermen wash clothes.

ધોબુ', *adj.* Foolish stupid.

ધોબો, *s. m.* A dunce; a dolt; a block-head. 2. A false plea. 3. A handful of liquid opium, offered to a guest. 4. A silver vessel in the form of the cavity made by the palm of the hand.

ધોમ, *s. m.* Same as **ધૂમ** smoke.

Id. ધોમ ધખવો To be very angry.

દિલ્લીથી કોપ્યો દિલ્લીનો પાદશાહ, ધોમ ધખિયો અપાર રે.

—ભોળોભગત.

ધો-યણો, *s. m.* [See **ધો-વું** to wash.] A sweetball made of **washed અડદ** (pulse).

Id. ધોયણો આપવો-કાઢવો To beat. 2. To tire down; to tire out. 3. To threaten.

ધોર-ણ, [S. a vehicle/*fr.* धोर् to go quickly, to be skilful.] Bearing; aspect; appearance; look. 2. Bent; leaning; inclination; tendency; propension. 3. Direction; aim. 4. Attention; advertency; heed; regard. 5. A standard; an authority.

Id. ધોરણ રાખવું To have a fixed standard.

ધોરિ-ધર, Same as **ધુરં-ધર.**

ધોરિ-યો, *s. m.* [S. धुर्य fit for a yoke *fr.* धुर् a yoke] The shaft or pole of a carriage. 2. A drain of water.

ધોરી, *s. m.* [See ધોરિ-યો.] A son. 2. The husband, brother, or any male relation (used by women ironically or endearingly). 3. A bull.

ધોરી, *adj.* [Hem. Des. धुरि-अं = S. दीर्घत long, broad, *fr.* S. धौरेय fit for a yoked carriage, *fr.* धुर् a yoke.] Large; great; main; public (a road, &c.).

Id. ધોરી નસ A large artery. **ધોરી રસ્તો** A main road; a high road. ધોરી ખરચ A large expenditure.

ધોરો, *s. m.* [See ધોરિ-યો.] A parapet wall.

Id. ધોરો પાડવો To put together two or more threads for weaving.

ધોલ, *s. f.* [See ઢોલ.] A drum. 2. A thump; a rap. 3. A slap on the head.

Id. ધોલ થાપોટ કરવી To threaten. 2. To inflict a milder punishment as a warning ધોલ મારવી To give a slap. 2. To inflict a loss. 3. To deceive.

ધો-વ-ડા-વ-વું, *v. t.* [Caus. of ધો-વું.] To get washed. 2. To cause to wash.

ધો-વું, *v. t.* [S. धावन washing *fr.* धाव् to wash]. To wash. 2. To clear away clean; to bleach; to clean. 3. To scour; to purge. 4. To strip; to bare; to despoil. 5. To beat; to strike.

રીસ ચઢી ઋતુપર્ણને, પછી પ્રખિયાણીને ધોય.

—પ્રેમાનંદ.

Id. હાથ ધોવા, હાથ ધોઇને બેસવું To give up; to leave (a work) in disappointment and despair. એ એનું પાપ ધોએ છે This man talks ill of him. ધોવાઈ જવું To be washed away. 2. To lose flesh or blood; to lose strength. 3. To be reduced in strength. ધોઈ નાખવું

To beat. 2.To make worthless;to spoil. ધોઈ પીવું To have no regard for. ધોઈ વાળવું To settle amicably (of a quarrel).

ધોસો, Same as **ધોંસો**.

ધોળ, *s. m.* [See ઢોલ.] A kind of song sung generally by women.

ધોળવું, *s. n.* [See ધોળું, ધવલ, white; or ડોળ-વું ડુહ-વું, to shake.] Curdled milk churned into thick whey.

પાણી વિના જે મહી ડોળવું;
તે લાગે ખરું, પણ થાય ધોળવું. —અખો.

ધોળ-વું, *v. t.* [See ધોળું.] To make white. 2. To whitewash. 3. (Used in jest) To be successful; to accomplish an object.

Id. ત્યાં જઈને શું ધોળ્યું ? What good work have you done there ? ત્યાં ધોળીને જ આવ્યા છે ? You have spoiled everything there: You have spoiled the thing in every way.

ધોળાશ, *s. f.* Whiteness. 2. Whitishness.

ધોળિ-યો, *s. m.* A white man. 2. A white bull, dog, &c.

ધોળી મુસળી, *s. f.* [+ મુસળી.] A kind of medicinal drug of a white colour.

ધોળું, *adj.* [S. धवल.] White. 2. Pale.

Id. ધોળું ફગ Quite white. ધોળું પૂણી જેવું As white as cotton; quite pale.

Prov. ધોળા ઉપર કાળું કરવું To reduce to writing. 2. To give in writing. ધોળામાં ધૂળ પડી To be disgraced in one's old age. "ધોળિયા, ધાડ આવી ", તો કહે " ચણીને વેર " They only are in danger from robbers,who have something to lose.

ધોળે-દહાડે, } **ધોળે-દિવસે,** } *adv.* [+ દિવસ, દહાડો.] In broad daylight; openly.

Prov. ધોળે દહાડે અંધારું It is dark under the lamp.

ધૌત, *adj.* [S.] Washed; cleaned;purified. 2. White; bright.

ધૌતિ-કર્મ, *s. n.* [S. *fr.* + કર્મ.]The act of washing.2. Washing the intestines–one of the ways of purifying the body,according to the Yoga system of philosophy.

ધ્યાતા, *s. m.* [S. *fr.* ध्यै to meditate.] That meditates, reflects, or contemplates.

ધ્યાન, *s. n.* [S.] Meditation; reflection. contemplation. 2. Religious meditation.3. Divine intuition or discernment. 4.Mind; apprehension; understanding.5. Attention; advertency; heed; regard. 6. Memory; remembrance. 7. Consciousness of the senses and faculties. 8.Liking; approval; application.

Id. ધ્યાનમાં આવવું–ઉતરવું To be approved. ધ્યાનમાં લેવું To pay attention to; to mind. ધ્યાન ધરવું To meditate. ધ્યાન આપવું–દેવું To pay attention to.

ધ્યાની, *adj.* meditative; reflective; contemplative.

ધ્યા-વું, *v. t.* [See ધ્યાતા.] To meditate; to think closely about.

ધ્યાસ, [S. अध्यास *fr.* अधि upon + अस् to throw. Or S. निदिध्यास *fr.* नि down + ध्यै to contemplate.] A close, intent, unremitting contemplation; a fond or anxious dwelling upon.

ધ્યેય, *adj.* [See ધ્યાતા, ધ્યાન.] Worth contemplating.

ધ્રાગો, *s. m.* A drop.

ધ્રાગવું, *s. n.* A bar attached to a door.

ધ્રા-વું, Same as **અધક-વું**.

ધ્રાસકો, *s. m.* [See ત્રાસ.] Fear; terror.

ધ્રુજ-વું, Same as **ધુજ-વું**.

ધ્રુજારી, } **ધ્રુજારો,** } Same as **ધુજારી, ધુજારો**.

ધ્રુ–પદ, *s. n.* [See ધ્રુવ-પદ.] A kind of song.2.The introductory stanza of a song, which is repeated after each verse.

ધ્રુવ, *adj.* [S. *fr.* ध्रु to be firm.] Firm; fixed; immovable. 2. *s.m.* The Polar Star; the North Pole.

ધ્રુવ–પદ, *s. n.* [S. *fr.* + પદ.] The position or place of the Polar Star. 2. Same as **ધ્રુ-પદ**.

ધ્રુવ–વૃત્ત, *s. n.* [S. *fr.* + વૃત્ત a circle.] The polar circle; the polar region.

ધ્રોણિ-યું, *s. n.* [See ધોળ-વું whey.] A large vessel in which whey is kept.

ધ્વંસ, *s. m.* [S. *fr.* ध्वंस् to destory.] Destroying; demolishing; destruction; demolition.

ધ્વજ, *s. m.* [S.] A flag; a banner; a standard.

ધ્વનિ, *s. f.* [S. *fr.* ध्वन् to sound.] Sound; noise; echo. 2. Tune; the sound of a musical instrument. 3. allusion; hint.

ધ્વનિ·ત, *adj.* Sounded. 2. Alluded to; hinted at. 3. Implied.

ન.

ન, The thirty-first letter of the Alphabet, and the twentieth consonant.

ન, *adv.* [S.] No; not; neither. 2. A particle of negation, or privation.

Prov. ન આવડે ભીખ, તો તંબાકુ ખાતાં શીખ The use of tobacco is a sure road to beggary. ન કરે નારાયણ, કે ઘટવી ઘોડે ચડે He has no chance of securing his object. ન જાણે જોશી, તે જાણે ડોશી Old woman often predict more accurately than many an astrologer. ન દીઠાનું દીઠું; ને માર મકુડાં ને મીઠું Set a beggar on horse-back, and he will ride to the devil. ન મળી નારી, તો સદા બ્રહ્મચારી Making a virtue of necessity. ન મળ્યાનાં વેવલાં An unwilling man can show many difficulties in his way. ન મામા કરતાં કાણો મામો શો ખોટો ? Something is better than nothing. ન બોલ્યામાં નવ ગુણ Silence is the sanctuary of truth: Silence is golden: He that keepeth his mouth, keepeth the life.

નઈ, *s. f.* [See નહા·વું to bathe. *Cf.* નહી.] A white pumpkin.

નકટું, *adj.* [Hind. *fr.* નાક nose + H. काट·ना *fr.* S. कृत to cut.] Nose-cut; noseless. 2. Camous. 3. Shameless.

Prov. નકટે નાકે દીવાળી, તે ગધેડા પર સવારી Either the rich or the fool can afford to be extravagant.

નકતો, Same as **ગુકતો**.

ન·કરા·મણ, *s. n.* [See ન·કાર·વું *Cf.* સ·કા·ર·વું, સ·કરા·મણ.] Payment made by way of damages by the man who cashes a hundi, in the event of its being dishonoured.

ન·કરૂં, *adj.* [See ન not + કર a tax.] Exempt from taxation.

ન·કરૂં, *adj.* [S नि intens. + કોરૂં unused. Or see નકર.] Untouched. 2. Not interfered with; free; absolute. 3. Pure; unmixed. 4. Same; like; similar.

Prov. નકરો ને અકરો (બે સરખા) Either the rich or the fool can afford to be extravagant.

નકલ, *s. f.* [Ar. नक़्ल.] A copy; a transcript; imitation; mimicry. 2. A tale; a story; an anecdote; an apologue.

Id. નકલ કરવી–ઉતારવી To copy; to imitate.

Prov. નકલમાં અક્કલ શી ? Make no changes in copying a document.

નકલ·ખોર, *adj.* [+ P. ख़ोर enjoying *fr.* ख़ुर्दन to eat, to enjoy.] Full of diverting tales; a romancer. 2. *s. m.* A mimic; an imitator.

નકલી, *adj.* Made in imitation; copied; imitated; forged; fabricated; counterfeit. 2. Full of tales and anecdotes; diverting.

નકશી, } *s. f.* [Ar. नक़्श to paint.] Orna-
નકસી, }

mental representation; carved or sculptured work; figured work; engraving; embroidery, &c.; flowered wood.

નકશી·દાર, } *adj.* [+દાર, P.] Ornament-
નકસી·દાર, }

ed; carved; flowered.

નકશી·ગર, } *s. m.* [+ *fr.* P. कर्दन = S. कृ to
નકસી·ગર, }

do.] An engraver; a carver.

નકશો, } *s. m.* [Ar. नक़्शः.] A picture; a
નકસો, }

drawing; a painting; a map; a sketch; a plan. 2. A prank; an act exciting laughter; a scene; a spectacle.

નકસ, *s. m.* [See નકશી adornment, or નકશો a map,] Reputation; credit.

નકામું, *adj.* [Hem. Des. निक्काम *fr.* S. निष्कामम् without a desire *fr.* निस् priv. + काम a desire *fr.* कम् to desire, to love.] Of no use. 2. Hollow; unsubstantial; vain; unsatisfactory; undeserving; unworthy. 3. Vacant. 4. Fruitless; unprofitable; unmeaning; idle. 5. Unfurnished with the necessary materials. 6. Unemployed; wanting occupation; not engaged; unapplied. 7. Not bearing or having; not having accomplished the object purposed. 8. *adv.* For nothing; to no purpose; unnecessarily; in vain.

નકાર, *s. m.* [S. *fr.* ન + कार suffix showing the sound of the preceding letters.] Denying; refusing; denial; refusal; rejection. 2. Dishonouring (a bill, a cheque, &c.).

નકારવું, *v. t.* To deny; to decline; To negative; to refuse; to reject. 2. To dishonour (a bill, a cheque, &c.).

નકારૂં, **નક્કારૂં**, *adj.* Naughty; obstinate; bad; worthless.

નકાશો, **નકાશ્યો**, Same as **નકશો**, **નકસો**.

નકાસ, Same as **નકસ**.

નકી, **નકીબ**, **નકીબ**, *s. m.* [Ar. नकीब.] A person in the train of a great man, who proclaims his title, introduces visitors, &c; an usher.

નકુચો, *s. m.* [See ન + ચૂક. See નચુકો.] A staple; a loop of iron; a bar of iron bent and driven in at both ends.

નકો, *s. m.* [See નાક.] The nose.

Id. નકો દામવો To shut up or enclose the nose and mouth with a net (of cattle).

નકોડો, **નકોરડો**, **નકોરડો**, *adj. m.* [See નકર. Or ન not (used for enphemy) + કોરું dry + ડો dim.] Strictly fasting.

નક્કર, **નક્કુર**, *adj.* [Hem. Des. णिक्कर=S. कठिनम् hard, *fr.* नि-कट close, near, *fr.* नि intens. + कट side.] Solid; dense; compact; strong; firm; hard; weighty. 2. True; not fallacious or counterfeit.

નક્કી, *adj.* [Hem. Des. णिक्क *fr.* S. निष्क a gold coin, *Cf.* Eng. Sterling. See નકી, નકીબ, Ar.] Exact; definite; fixed; settled. 2. Right; correct. 3. *adv.* Exactly; definitely. 4. Quite; just.

નક્ષત્ર, *s. n.* [S.] A star; a constellation. 2. One of the 27 lunar mansions.

નક્ષત્રી, *adj.* See [ન+ક્ષત્રી.] Having no representative of the warrior or military class alive; destitute of the military class.

નખ, *s. m. n.* [S.] The nail of a finger or of a toe. 2. A claw; a talon.

Id. નખ પર ચાલવું To walk mincingly or delicately. નખ પર દહાડા ગણવા To hope for with impatient eagerness. નખનું ઝેર The poison of the nails, supposed to be communicated by scratching. નખ જેટલું Insignificant; very small in quantity. નખ ખુંપવો To obtain a foothold. નખ નખ બોલવું To speak rapidly. નખથી શિખા સુધી from top to toe. તેના નખમાંએ રોગ નથી He is quite healthy.

Prov. આંગળીથી નખ વેગળા, તે વેગળા My flesh is nearer to me than my shirt.

નખ-ક્ષત, *s. m.* [S. *fr.* + ક્ષત a wound.] A wound made with the nails.

નખ-તેલ, *s. n.* [Ar. नफ्त=Eng. *Naphta.* +તેલ.] Turpentine; rock-oil.

નખ-ભર, *adj.* [See નખ + ભરવું.] Small or little in size.

નખરાં, *s. n.* [P. नखरा.] Coquetry; feminine blandishments; prudery; flirting. 2. Strutting; frivolous pranks.

નખરાંખોર, **નખરાંબાજ**, *adj.* [+P. खोर having *fr.* खुर्दन to eat, and P. बाज़ playing *fr.* बाखतन to play.] Coquettish; prudish; flirting. 2. Strutting; giving oneself airs.

નખલો, *s. m.* [See નખ.] An ornament of the form of a crescent, worn on the forehead by women. 2. Silk thread spun with the nails. 3. A small tool used by carpenters in carving. 4. A medicinal drug, having the form of a nail.

નખ-શિખ, *adv.* [+ શિખા.] From the

nails of the toes to the tuft of hair on the head; from head to foot; from top to toe; from head to heel; *cap-à-pie.*

નખાલસ, *adj.* [See નિખાલસ.] Simple-minded; guileless; innocent.

નખાવવું, નંખાવવું, *v. t.* [Caus. of નાખવું] To get thrown out; to make one to throw. 2. To get one employed.

નખિયાં, *s.n. pl.* [See નખ.] A nail-parer. 2. Pods of bean prepared with the nails for cooking. 3. Scratches made with the nails.

Id. નખિયાં ભરવાં To scratch with the nails.

નખી, *s.f.* A nail-parer. 2. An ornament for children made of a nail of a tiger or of a bear, and inlaid with gold. 3. A metallic ring worn while playing on certain musical instrument.

નખી, *adj.* Having nails or sharp claws.

નખેતર, Same as **નક્ષત્ર.**

નખોદ, *s. n.* [S. निषूदन killing *fr.* नि down + सूद् to kill.] Leaving nothing to be destroyed; total destruction; perdition; annihilation. 2. Loss of fortune.

Id. નખોદ ઘાલવું-વાળવું To destroy totally; to annihilate. નખોદ વળવું-જવું To be destroyed totally; to be annihilated. 2. To leave no child to inherit one's estate or property.

Prov. નવરો બેઠો નખોદ ઘાલે An idle man tempts the Devil.

નખોદ-પાટી, *s. f.* [+ પાટિયું a board with which a shop is shut up.] Total destruction.

Id. એને ઘેર નખોદપાટી વળી His house is shut up owing to the death of all his children.

નખોદિયું, *adj.* Destructive; ruinous. 2. Pertaining to one who has left no issue after him.

Id. નખોદિયો માલ The property of one the members of whose family are all dead.

નખોરિયું, *s. n.* [See નખ.] Scratches made with the nails or claws.

નગ, *s. m.* [S. *fr.* ન not + S. गम् to go. *Cf.* અચલ.] A mountain.

મેરૂ નગ સહુ લાવિયા હો, આવી ગંગા પવિત્ર પુણ્ય.
—પ્રેમાનંદ.

નગ, Same as **નડૂઅ.**

નગણું, Same as **નગુણું.**

રંક સંઘાતે પ્રીત, તેહ તેને મન રાજ્ય,
સગણા સાથે નેહ, તેને મન તે ગણ આગ્રા.
—સામળભટ.

નગદ, *adj.* [Ar. नक़्द.] Ready money; in cash, coin, or specie. 2. Valuable. 3. Substantial; essential. 4. Solid. 5. Clever.

Id. નગદ નાણું Hard cash; property that can be turned into money at any time. દમ નગદ Cash. નગદ માણસ A man clever, sharp, vigilant, or not easily deceived. નગદ ઘરાક Lit. A person with solid means; a man of substance. નગદ નારાયણ Rich. 2. (For euphemy) Poor; penniless.

નગદા-નગદી, *adj.* Substantial; solid.

નગદી, *s. f.* Cash; bullion; specie. 2. A treasure; a valuable property.

નંદ નંદન નગદી નાણું, પ્રગટ દૃષ્ટે જોઈએ;
જોગ જજ્ઞમાં પડયા શિદ, વૃથા તે દિન ખોઈએ ?
—દયારામ.

નગર, *s. n.* [S.] A town; a city.

Prov. નગરે વસતા દેવતા ગામે વસતા માનવી Inhabitants of cities command more comforts than those of villages.

નગર-ચર્ચા, *s. f.* [+ ચર્ચા.] The talk of the town; a rumour.

નગ-રચો, *s.m.* [See નગ, a mountain. + રચવું.] A game for children, in which seven pieces of bricks are placed one upon another.

નગર-પડો, *s. m.* [+ પડઘો.] A proclamation made by the town-crier for the information of the inhabitants of the town; a public notice given by beating a drum.

નગર-પ્રદક્ષિણા, *s. f.* [+ પ્રદક્ષિણા.] Carrying an idol round a city in a procession.

નગર-શેઠ, *s.m.* [+ શેઠ.] A chief or leading person in a city or town.

નગરી, *s. f.* Same as **નગર.**

નંગડું, *adj.* [See ન + ગુરૂ.] Having no leader or guide. 2. Irreverent. 3. Ungrateful. 4. Shameless.

નગાર-ખાનું, *s. n.* [See નગારૂં + ખાનું.]The place, in which drum and other musical instruments of a band are kept and played.2.A band of musicians;musical instruments and performers (collectively).

નગાર-ચી, *s. m.* [See નગારૂં + P. चह् dim.] A beater of a kettle-drum; a drummer.

નગારૂં. *s. n.* [Ar. नक्कारह.] A kettle-drum. Prov. નગારાના અવાજમાં તુતીને કોણ સાંભળે ? The moons's not seen,where the sun shines.

નગાધિપ,
નગાધિરાજ, } *s.m.*[See નગ + અધિપ, અધિરાજ, ઇન્દ્ર, the lord.]The Himālayas,the lord
નગેન્દ્ર,
of mountains.2.The Su-meru mountain.

નગિનો, *s.m.* [P. नगीन a signet.] A gem; a precious stone. 2. A good-looking or clever man.3.(For euphemy) A blockhead; a worthless man.

ન-ગુણું, *adj.* [See ન + ગુણ.]Ungrateful; making ill returns for benefits received.

નગોડ, *s. f.* [S. निर्गुण्ड.] A kind of plant.

નગ્ન, *adj.* [S.] Naked; nude; bare. 2. Divested; destitute of.

ન-ઘરો-ળ, *adj.* [See ન-ગરૂં.] Respecting nothing as great; considering nothing as great. 2. Careless; heedless.

નંખા-વું, *v. i.* [Pass. of નાખ-વું.] To be fatigued or exhausted. 2. To vomit.

નંખા-ઈ જ-વું, *v. i.*[See નંખા-વું + જ-વું.]To be dejected; to be in very low spirits.

નંગ, *s. n.* [*Cf.* નગિનો.] An ornament; a jewel; a trinket. 2.The stone or gem of a ring; a precious stone. 3. An article; an item. 4. The pride of one's family. 5. (for euphemy) A blockhead. 6. A mischievous or cunning person.

નચા-વ-વું, *v. t.* [Caus. of નાચ-વું.] To make or compel to dance.

ન-ચિન્ત, *adj.*[See ન + ચિન્તા.]Free from anxiety or solicitude; at ease; free from care; without care or apprehension; careless. 2. Fearless; confident.

ન-ચિન્ત-પણું, *s.n.* Freedom from anxiety; carelessness.

ન-ચુકો, Same as **ન-ચુકો.**

ન-ચોવ-વું, Same as **નિ-ચોવ-વું.**

ન-છઇ,
ન-છોર-વું, } *adj.* [See ન + છોરૂં, છોકરૂં, +P. वा dim.] Childless; Having no progeny.

નજદીક, *adv.* [P. नज़दीक.] Beside; by; nigh.2. Almost; about.

નજર, *s. f.* [Ar. नज़र.] Sight; seeing; vision. 2. A look; a glance; a glimpse. 3. Regard; countenance; esteem; a favourable look. 4. Estimation; opinion; judgment. 5. Attention; mind. 6. A present; a gift.

Id. નજરે આવવું-ચઢવું To come under observation; to be seen. 2. To draw another person's attention to oneself. નજરે-નજરમાં-આવવું To be liked; to be chosen. નજરે ચઢવું To draw another person's attention to oneself. નજર તળે રાખવું To have an eye upon; to take care of. નજર રાખવી To secretly keep an eye upon; to keep under observation. નજર ખેંચવી To draw the attention of; to bring to the notice of.કરડી-સખત નજર Disfavour.2.An evil eye. મીઠી નજર A favourable eye or look;a sweet disposition. ટુંકી નજર A short sight. 2.Narrow-mindedness.3. Want of generosity or liberality.ટુંકી નજરનો Short sighted. નજર પહોંચવી-ચાલવી To reach (of the sight).2.To be able to see; to comprehend. ખોટી નજર Evil sight.2.Envy. 3. An inclination to ruin. 4. A sensual desire;a lustful desire. નજરમાં ધાલવું To watch an opportunity to ruin.નજરે દેવું To have a personal look at; to see with one's own eyes. નજર કરવી To look at. 2. To show favour to. નજર કરવું To make a present of; to present. નજર ઉતારવી-વાળવી-બાંધવી, To get the bad effects, of evil sight removed by incantations &c. નજરે ઓળખવું To know a person only when he appears. નજર ધાલવી To be attentive to. નજર ચુકવી To lose sight of; to make an omission; to make an oversight; to make a mistake. નજર ચુકવવી To commit an oversight. નજર ચોરાવવી-ચુકાવવી To elude the observation of. નજર પ-

ડવી To happen to see. નજર બગાડવી To wish to accomplish a business dishonestly. 2. To make an illicit use of one's eyes. નજરબંધી કરવી To deceive the sight by jugglery. નજર લાગવી–બેસવી–ચહોંટવી To fall under the influence of a malignant eye. નજરે નજર મળવી To look at each other. નજરનો ભેદ A delusion of the eye. 2. A trick of optical delusion.

નજર-કેદ, *s. f.* Surveillance. 2. *adv.* Under surveillance.

નજર-ચૂક, *s. f.* [+ ચૂક.] An error of the sight; a mistake overlooked; an oversight.

નજર-ચોર, *s. m.* [+ ચોર.] One that artfully eludes observation.

નજર-ચોરી, *s. f.* Eluding observation.

નજર-બંધી, *s. f.* [+ બાંધ-વું.] Fascination and deception of the sight; jugglery. 2. Restraint not by imprisonment, but by sight; restraint of personal liberty under a watch; Same as **નજર-કેદ.**

નજર-બાગ, *s. m.* [+ બાગ.] A garden near one's house, which one can easily have a look at.

નજર-બાજ, *adj.* [+P. बाज़ playing *fr.* बाख़तन to play.] Having a quiet but keen sight. 2. Circumspect; cautious; far-seeing; having fore-sight. 3. That ogles, leers, darts, glances, &c.

નજરા-ણું, *s. n.* A present; a gift.

નજરા-નજર, *s. f.* Looking at each other; a mutual sight; a personal interview. 2. *adv.* Seeing with one's own eyes.

નજરિ-યું, *s. n.* A black spot made on one of the cheeks of a child, &c., to neutralize the effects of the evil eye.

આંજી આંખડી રે, માંજી ગાલ–નજરિયું કીધું;
વિલવટ લાલનું રે, શોભે કુંકુમ બિન્દુ દીધું.

—**દયારામ.**

નજરો-નજર, Same as **નજરા-નજર.**

નજલો, *s. m.* [Ar. नज़ल a disease of the eye.] The gout; flowing of humours of the eyes; coryza; catarrh.

નજીક, Same as **નજદીક.**

ન-જીવું, *adv.* [See ન + જીવ.] Lifeless; weak. 2. Unimportant. unsubstantial; immaterial; trifling; worthless.

નજીસ, *adj.* [Ar.] Foul; dirty; filthy. 2. Churlish; captious; petulent; ill-tempered; teasing; troublesome.

નજુમ. *s. m.* [Ar.] Astrology.

નજુમી, *s. m.* An astrologer.

નટ, *s. m.* [S. *fr.* नट् to play a part.] A player; an actor. 2. A dancer. 3. A class or caste of rope-dancers. 4. A particular air in music.

નટ-ડી, } Same as **નટ-વી, નટી.**
નટ-ડી, }

નટ-ખટ, *adj.* [+ ખટ.] Rougish; knavish.

નટ-નાગર, *s. m.* [+ નાગર.] A clever actor. 2. An epithet generally applied to Krisna by the Gopis.

નટ-વર, *s. m.* [+ **વર** chief.] The best actor.

નટ-વા-ઈ, *s. f.* [See નટ-વો.] Rope-dancing. 2. The profession of an actor; the skill of an actor. 3. Love of show and finery.

નટ-વી, Fem. of **નટ-વો.**

નટ-વુ, *v. i.* To act the part of in a drama.

વૈરાગી થઇ નાટક નટીએ, તુલસી તીલક સંયમ ધરીએ રે?

—**નરસિંહ મેહેતા.**

નટ-વો, } [See નટ + P. वा dim.] Same as
નટુ-વો, }
નટ. (Used in contempt or endearment.)

નટી, Fem of **નટ.**

નટેશ્વર, *s. m.* [S. નટ + ઈશ્વર.] The god Shiva.

નઠારું, *adj.* [S. नष्ट् *fr.* नश् to perish + કાર doing. Or See નિષ્ઠુર.] Bad; naughty. 2. Bad; useless; worthless; the refuse. 3. Rude; improper; unbecoming. 4. Of an inferior quality; low; wicked; mischievous. 5. *s. n.* Abusive language. 6. Indecent gestures.

નઠોર, *adj.* [S. निठुर hard, unfeeling.] shameless; impudent.

Prov. નઠોર નિશાળિયાને વતરણાં ઘણાં A bad workman quarrels with his tools.

નઠોર-પણું, *s. n.* Shamelessness.

નડ, } *s. f.* [See નડ-વું.] An impedi-
નડ-તર, }
ment; a hindrance; an obstruction. 2. *s. m.* A low-caste man.

નડવું, *v. t.* [Dh. Des. नडिअं = S. आ क्रान्तम्

overpowered; also Hem. Des.णाडि·ओ = S. वञ्चित deceived,खेदित made sorry; also Hem. Des. णडि·ओ = S. दुःखित distressed, *fr.* S. नष्ट ruined *fr.* नश् to be ruined.] To obstruct; to impede; to hinder. 2. To hurt; to injure; to embarrass.

નડ્ડો, *s. m.* Same as **નડ**.

નણદ·લ,
નણદી, } *s. f.* [S. ननान्दृ. *fr.* नद् to delight.] Husband's sister.

નણદો·ઈ, *s. m.* [+ પતિ.] Husband of the husband's sister.

નણંદ, Same as **નણદી**.

નત-વાળિ·યો, *s. m.* [S. नत fallen *fr.* नम्, નમ·વું to bend + વાળ·વું to turn away, *caus.* of વળ·વું to turn.] A Brâhmana who is fed every day for one year after a death has occured in a family.

નથ, *s. f.* [See નાક.]A nose-ring; a ring worn in the nose by women.

નથ, Same as **નથી** (Vulgar).

નથ·ડી,
નથ·ણી, } Same as **નથ**.

નથા·વું, *v. i.* [Pass. of નાથ·વું.] To be pierced in the nose. 2.To be brought under control; to be reduced to subjection;to be tamed.

નથી, *v.i.* [S. नास्ति *fr.* न ન, not+अस्ति it is *fr.* अस् =L. *esse* to be.] Is not; are not,&c.

નદ, *s. m.* [S. See નદી.] A great river.

ન·દાત,
ન·દાતિ·યું, } *adj.* [See ન + दत्त given.] Having the habit of not returning what has been received.

ન·દારં·ત,
ન·દારં·દ, } *adv.* [See ના·દાર.] Having nothing. 2. Not at all; nothing.

ન·દાવો, *s. m.* [See ન + દાવો.] An aquittance;a release;freedom from all liability.

નદી, *s. f.* [S. *fr.* नद् to sound. See નદ.] A river.

Prov. નદીનું મૂળ અને ઋષિનું કુળ જેવું નહિ Every light has its shadow. નદી પછવાડે ઓવાર હોય *or* Everything has its own remedy; Every sore has its salve. નદી નાવનો સંજોગ A happy conjuncture.

નદી·નાળું, *s. n.*[+ નાળું.]A small or large river; any kind of river.

નદી·માર્ગ, *s. m.*[+માર્ગ.]A river-channel. 2. A way in river for a boat, &c. 3. A way by a river.

ન·ધણિ·યા·તું, *adj.* [See ન + ધણી.]Being without an owner; unclaimed; unowned; 2. Being without a guardian, patron, or benefactor.

ન·ધણિ·યેણ, *adj. f.* (A woman) Deserted by her husband, or who has left her husband. 2. Helpless or unfortunate (of a woman).

ન·ધાર, *adv.* [See ન not + આધાર.] Standing without a support.

ન·નડ·વું, *v. t.*[નડ·વું; ન redup.] Same as કનડ·વું.

ન·નામી, *s. f.* [See ન·નામું.] A frame of bamboo for carrying a dead body to the burning ground, so called for *euphemy*; a bier.

ન·નામું, *adj.* [See ન + નામ.] Being without a name; anonymous.

ન·નૈ·યો, Same as **ન·ને**.

નંદ, *s. m.* [See નંદ·ન.] A merchant. 2. A son.

નંદના નંદ ગોવિન્દ ન જાણે

ઘેલી મુને કીધી શ્રીનંદજીના નંદે. —**દયારામ.**

ભૂધર ભક્તિ સદા મન ભાવે રે,

વહાલો રે નંદ ઘેર ધેનું ચરાવે રે.—**ભોજેભગત.**

3. Pride (according to the Vedânt philosophy).

નંદ·ન, *s. n.* [S. *fr.* नन्द् to rejoice. See આ·નંદ.] Delighting; rejoicing; making pleased or happy. 2. Indra's pleasure garden; Elysium. 3. A son.

નંદ·વ·વું,
નંદ·વું, } *v. t.* [S. नन्द् to delight, for euphemy used to avoid the evil or inauspicious idea suggested by " breaking. "] To break (of an auspicious ornament).

નંદ·વા·વું, *v.i.*To be broken (of an auspicious ornament)..

નંદા, Same as **નિન્દા**.

નંદિ·ની, *s. f.* [Fem. of નંદ·ન a son.] A daughter.

નંદી, *s. m.* [Hem. Des. णंदा, णंदो, णंदिणि = S. नंदः a bull.] One of Shiva's principal attendants. 2. Shiva's riding bull.

ન-ન્નો, *s. m.* The letter **ન**. 2. Denial. 3. Negation.

Id. નન્નો વાસવો To refuse: to say No.

ન-પંગી, *adj.* [See ન not + પગ Or see પંગુ lame, ન not being prefixed for euphemy.] Having no feet; lame. 2. Lame; groundless. 3. Fictitious; invented; false.

ન-પાટ, *adj.* Same as નફ્ફટ. 2. Bad.

ન-પુંસ-ક, *adj.* [S. *fr.* न, न, not + S. पुंस् a man.] Neuter (in Gram.) 2. Spiritless. 3. Impotent.

ન-ફ્ફટ, *adj.* [Hem. Des. णिप्पट्टो = S. अधिक superior to, extraordinary, *Cf.* Ar. ફાજલ, *fr.* S. निस्त्रप *fr.* निस् without + त्रपा shame *fr.* त्रप् to be ashamed; or, S. निष्पट without clothes. naked, *fr.* निस् without + पट a garment.] Shameless; barefaced; disgraceful; reproachful; immodest.

ન-ફ્ફર, *s. m.* [Ar. नफ़र] A servant for low or petty work; a menial.

ન-ફકરું, *adj.* [+ ફિકર.] Careless; indifferent.

નફટ, Same as **ન-ફ્ફટ**.

Prov. નફટનાં નફટ ચાકરી Service is the most cursed of occupations.

નફટ દીકરો, નિર્લજ્જ વહુ, આવ રે દીકરા, કહાણી કહું.

Shameless Come, my son, I will tell you a story-my daughter-in-law is shameless, and my son more shameless still.

—ભાપ.

નફેરી, *s. f.* [P. नफ़ीर noise.] A kind of drum.

નફો, *s. m.* [Ar. नफ़अ] Profit; gain; lucre; advantage.

Id. નફો કરવો-મેળવવો To gain a profit. નફો ખાવો To claim a profit; to profit oneself; to reap the benefit.

ન-બળા-ઈ, *s. f.* [See ન-બળું.] Want of strength, force, or power; weakness; feebleness.

ન-બળું, *adj.* [See ન + બળ.] Wanting strength, force, or power; feeble; weak. 2. Not trustworthy; not reliable. 3. Weak-minded.

Id. નબળું પાતળું Lil. Thick or thin, good or bad, coarse or delicate (of cloth, food, &c.); ordinary; (anything) that can be had, whether good or bad.

Prov. નબળા ઢોરને બગાઈઓ ઘણી Poor cattle are plagued with virmin. નબળે દહાડે આડું સૂઝે What is worse than ill luck? નબળો ધણી રાંડ ઉપર શૂરો A cowardly husband finds no better cause to show his temper than when his wife is the subject of his anger.

ન-બાપું, *adj.* [+ બાપ.] Fatherless.

નબાબ, Same as **નવાબ**.

નભ, *s. n.* [S.] The sky. 2. A cloud.

ન-ભરમું, *adj.* [See ન + ભરમ.] Divested of mystery; revealed; disabused; undeceived.

ન-ભ-વું, Same as **નિ-ભ-વું**.

ન-ભાવ, Same as **નિ-ભાવ**.

નમ-ણ, *s.m.* [See નહા-વું.] The water, in which the image of a god has been bathed.

અંતે કરી મહાદેવનું નમણ તથા બીલીપત્ર લઈને આગળ થયાં. —**સરસ્વતી-ચંદ્ર**.

નમ-ણી, *s. f.* [See નમ-વું.] A rope tied to the horns anb fore-legs of a bull in order that he may hold his head down while walking.

નમ-ણું, *adj.* Bent and well-shaped.

નમ-તું, *adj.* Lowering; declining. 2. Submitting; yielding.

Id. નમતું જોખવું To weigh more than the proper weight. નમતી દોરી મૂકવી To yield; to submit. નમતી દશા Declining state; decline; evil days. નમતો પહોર The latter part of the day, when the sun declines; the afternoon. નમતા દિવસ Days of decline. નમતી બેસવી To begin (of days of decline.) નમતું દુઃખ Lessening pain.

Prov. નમતે ત્રાજવે સૌ બેસે Friends are plenty, when the purse is full.

નમ-ન, *s. n.* [S. See નમ-વું.] Bending; bowing. 2. Rendering obeisance or reverance (unto).

નમન નમનમેં ફેર હૈ, કપટી નમે નિદાન,
દગલબાજ દોહોરા નમે, ચિત્તા ચોર કમાન.

There are different ways of bending. Treachery bends itself twice, as for example, a tiger, a thief, and the bow of an archer. —**આપ્ત.**

3. The lines in praise of the deity said at the commencement of a Purāṇa or other work.

નમ·ન·તા·ઈ, *s. f.* Submissiveness; humility; freedom from pride; modesty; politeness; condescension. Same as **નમ્ર·તા.**

નમ·યં·તી, *s. f.* Submission; yielding.

ન·મર્દ, Same as **ના·મર્દ.**

ન·મર્દા·ઈ, Same as **ના·મર્દા·ઈ.**

નમ·વું, *v. t.* [S. नम् to bend, to salute.] To bend; to be inclined or incurvated by. 2. To bend or bow to; to pay obeisance; to render homage; to yield reverence to. 3. To become humble before; to succumb or submit to; to fall, abate, or give way before; to be assuaged or mitigated by. 4. To stoop low; to bow like a mean, vile, slave.

Id. નમી પડવું To humble oneself before. નમ્યું આપવું To yield; to submit.

Prov. નમવામાં નવ ગુણ=નમ્યો તે પરમેશ્વરને ગમ્યો Humility is the foundation of all virtue. The more humble, the more noble.

નમસ્કાર, *s. m.* [+ S. कृ, કર·વું, to do.] Obeisance; reverential or respectful address or salutation. (It is performed by joining the palms, inclining the head, and pronouncing the word નમસ્કાર salutation.)

Id. નવ ગજના નમસ્કાર કરવા To keep at a respectful distance. 2. To keep away from; to avoid.

નમાજ, Same as **નિમાજ.**

નમા·ય·લું, *adj.* [See નમ·વું.] Humble; spiritless; dispirited.

નમાયલા ન બાયલા બનો સહુ સમર્પીને —**પ્રેમાનંદ.**

ન·મા·યું, *adj.* [See ન+મા.] Motherless.

નમાર, *s. m.* [S. नीवार] Rice growing spontaneously.

નમાર-મું ડું, *adj.* [See નિમાળાhair+મુંડ·વું.] Unrestrained; insolent; impudent. *Cf.* **નમોર-મું ડું.**

ન·માલું, *adj.* [+ માલ substance.] Having no substance; worthless.

નમા·વ·વું, *v. t.* [Caus. of નમ·વું.] To incurvate; to bow; to bend. 2. To subject; to humble; to bring under. 3. To lower; to bend downwords.

નમુના·દાર, }
નમુન·દાર, } *adj.* [See નમુનો + દાર P. દાર having.] Serving as a specimen. 2. The best of its kind.

નમુનો, *s. m.* [P. नमून.] A specimen; a sample; a pattern; a model. 2. The best of its kind. 3. An example; an illustration; an instance.

ન·મેરૂ, *adj.* [See ન + મેહેર.] Merciless; cruel; pitiless; unrelenting.

નમોર·મું ડું, *adj.* [See નિમાળા + મુંડ·વું.] Idle; unemployed. *Cf.* **નમાર-મું ડું.**

નંબર, *s. m.* [Eng.] Number. 2. A rank; position; degree.

Id. નંબર રાખવો To keep one's position or rank. નંબર નાખવો-પાડવો To put or write a number (on a thing). નંબર પાડવો To classify or sort according to quality or merit.

નંબર·વાર, *adv.* [+ વાર, વારો.] According to quality or merit.

નમ્યું, Same as **નમ·તું** Submitting.

Id. નમ્યું આપવું To give more than the proper weight. 2. To yield; to submit.

નમ્ર, *adj.* [S. See નમ·વું.] Humble; obedient; submissive; mild; meek; civil.

નમ્ર·તા, *s. f.* Lowliness; humbleness; modesty; mildness; obedience.

નયણું, Same as **નરણું.**

નય·ન, *s. n.* [S. √r. नी to lead.] The eye. 2. Leading; directing.

નર, *s. m.* [S.] Man. 2. A male. 3. The spike which fits into a ring (માદા) of the other portion forming together a hinge (નર-માદા.) 4. A brave man.

Prov. એક નર, ને હજાર હુન્નર Man has a thousand busy schemes and devices. **નર અમર છે** A man is free to make his choice, but not a woman.

નરક, *s. n.* [S.] Hell; the infernal re-

gions. 2. Human or animal excrement.

Id. નરકમાં જવું To engage oneself in a bad business for another. નરકમાં ડુબવું To be deeply involved in debt. નરક ખાડી A place of filth. નરક કુંડ An abyss in hell where the wicked are tormented. નરકનો ટોપલો A sinful work. 2. A disagreeable business. 3. A debt.

નરખ, Same as **નિરખ.**

નરખ-વું, Same as **નિરખ-વું.**

નરઘાં, *s. n pl.* [See નગારું.] A pair of drums used for keeping time in music.

નર-જાતિ, *s. f.* [See નર + જાતિ.] The masculine gender (in Gram.).

નર-ડી, } **નરડો,** } *s. m.* [See નર.] The throat or gullet. 2. The wind-pipe; the trachea.

નરણું, *adj.* [See નિસ્, નિર્, without+અન્ન.] Having no food; fasting. 2. [See નરું] Unmixed; unalloyed.

માંદા પાસે રાત તજીને, નરણા પાણી નવ પીવું.
—**વીરવિજય.**

ન-રતું, *apj.* [See ન-રસું; or S. રત pleased, pleasing, *fr.* રમ્, રમ-વું to play, to be pleased.] Bad. 2. Wrong.

નરદમ, *adj.* [P.] pure; unadulterated; unalloyed. 2. Simple; mere; unmingled with things of other kinds. 3. *adv.* Absolutely; entirely.

નર-દેવ, } **નર-પત,** } **નર-પતિ,** } **નર-પાલ,** } *s. m.* [See નર + દેવ god, પતિ, lord, પાલ a protector.] A king; a sovereign prince; a ruler.

નરધીશ, Same as **નરાધીશ** A king.

હું જીવતાં તુંને કો નવ મારે, સાંભળ હો નરધીશ.
—**ગિરિધર.**

નર-નાથ, *s. m.* [S. *fr.* + નાથ.] The lord of men; a king.

નર-પ-લું, *adj.* [See નૃ-પ + લું dim.] Thin; slender; weak (of a person).

નર-લે, Same as **નિર્ભય.**

નરમ, *adj.* [P. નર્મ = S. નમ્ર.] Bending; yielding; soft; tender. 2. Gentle; easy; mild; meek; civil; slow; simple; silly; effeminate; imbecile. 3. Watery; oily; smooth.

Id. નરમ કરવું To make soft. નરમ કરવું-પાડવું To soften; to make gentle or yielding. નરમ પડવું To be softened; to abate; to slacken. 2. To be pacified.

નર-માદા, *s. n. pl.* [See નર + માદા.] The relation of male and female in the figurative sense. 2. The spike and ring of a hinge; any pair of things bearing this relation.

નરમા-ઈ, } **નરમાશ,** } *s. f.* [See નરમ.] Softness; gentleness; meekness; mildness. 2. Ductility; flexibility. 3. Composure.

નર-મેધ, *s. m.* [S. *fr.* નર+મેધ.] A human sacrifice.

નરમો, *s. m.* [See નરમ.] A kind of cotton.

નર-વર, *s. m.* [S. *fr.* નર + વર.] The best of men. 2. A king. 3. God.

નરવી, *adj. f.* [See નરું. *Cf.* Mar. नवरी or see ન+વર.] Unmarried (of a woman).

પઢ, *s. m.* [See પ્રધાન.] The leader or captain of a party at play.

પઢ-વું, *v. t.* [S. पठ् to repeat.] To read; to study; to learn.2.To speak; to utter.

પઢે-લું, *adj.* Learned.

Prov. પઢેલ પણ કઢેલ નહિ Learned but not experienced. પઢેલ, કઢેલ ને ફરેલ Learned, experienced, and inquiring.

પણ, *s. n.* [S. *fr.* पण् to promise.] A promise; an assurance; an engagement. 2. Credit; reputation.

Id. પણ લેવું To take a vow. પણ મૂકવું To break one's vow.

પણ, *conj.* [S. परम् *fr.* पर another.] But; yet; Nevertheless. 2. *adv.* Even; so much as; also; likewise.

પણ, [S. त्व.] A suffix attached to adjectives and nouns to form abstract nouns, corresponding in sense to English " hood ", " ship", "ness", "tion", "ment", &c., *e. g.*, બચપણ childhood.

પણ-ઘટ, *s. f.* [See પાણી + ઘાટ.]A place erected for drawing water from wells, tanks, &c.

પણછ, *s. f.* [Dh. Des. पड्चा *fr.* S. प्रत्यञ्चा *fr.* प्रति against + अञ्च् to go.]The string of a bow. 2. A chip of bamboo.

પણ-તર, *s. n.* [See પર-ણ-વું.]Wedding; marriage; nuptials. 2. The wife.

પણવ, *s.n.*[S. पटह् a drum.]A trumpet.

મૃદંગ તાલ પણવ ને વીણા, પટહ વેણુ સ્વર તાન છે.

—**ગિરિધર.**

પણિ-ય-ત, *adj.* [See પરણિ-યત, પણ-તર, *fr.* પરણ-વું to marry.] (The woman) Married,in relation to her husband, as distinguished from one living in concubinage.

પણિ-યારી, *s. f.*[See પાણી + S.कार doing.] A woman carrying water from a public wattring-place.

પણી, *s. f.* [See પિંડ.] A bundle of grass; vegetable, &c.

પણું, Same as પણ (A suffix.)

પણે, *adv.* [See પર the other.] There; at that place.

પણો, *s. m.* Sand or sandy soil.

પંડ, *s. m.* [S. पिण्ड the body.] The body. 2. Self; oneself.

Id. પંડ સુધીની પથારી Living a single unencumbered life.

Prov. પંડ સલામત, તો પથડિયાં બોહોતેરી.

પંડ, *adj.* [S. पाण्डु white; pale.Seeપડ્ડુ.] Jaundice.

પંડિ-ત, *s. m.* [S. *fr.* पण्डा wisdom.] A scholar; a learned man.

પંડિ-તા-ઈ, *s. f.* The quality of being a scholar; learning; wisdom.2. The dignity, position, or duty of a learned man.

પંડુ, *s. m.* [S, पाण्डु white, pale.] Anæmia;a disease in which the blood contains an insufficient number of red corpuscles.

પંડે, *adv.* [See પંડ, self.] Personally.

પંડોળું, *s. n.* [S. पटोल.] A snake-gourd.

પણ્ય-સ્ત્રી, પણ્યાઙ્ગના, *s. f.*[S. *fr.* पण्य saleable *fr.* पण् to sell +स्त्री अंगना a woman.] A harlet; a courtezan.

પત, Same as રકત-પિત્ત.

પત, Same as પિત્ત.

પત, s. f. [See પતીજ, પ્રતીતિ, પ્રત્યય.] Reputation. 2. Credit.

Id. પત ખોવી-જવી To lose respect. 2. To lose credit. પત રાખવી To preserve respect. 2. To preserve credit.

પત કર-વું, v. t. [+ કર-વું.]To respect; to regard; to mind. 2. To accept;to admit; to allow. 3. To undertake to do.

પતંગ, s. m. [S.] A moth 2. A paper-kite. 3. A bird. 4. The sun. 3. Sappan wood; *Cæsalpinia Sappan*.

પતંગિ-યું, s. n. } A butter-fly.
પતંગિયો, s. m.

પત-જડી, s. f. [See પત + ઝર-વું, ખર-વું. to drop. *Cf.* પાન-ખર.] The end of autumn and the beginning of winter.

પત-ન, s. n. [S. *fr.* पत् to fall.] Falling; alighting; descending.

થારે પાપ પતન, સંકટ સઘળાં સમરે.

—કૃષ્ણારામ.

Id. પતન પામવું-થવું To suffer a fall; to fall. પતન-કોણ-પતન-ખૂણો The angle of incidence.

પતર-ડી, Same as પત્તર.

પતરાજ, } s. f. [See પતીજ, પ્રત્યય.]
પતરાજી,
Boast; bragging; consequential strut; supercilious airs;empty show;vain conceit; vanity; inflation.

પતરાજ-ખોર, } adj. [P. *fr.* + खोर् enjoying *fr.* खुर्दन to eat.] Inflated; vain; consequential.
પતરાજી-ખોર,

પતરાંવળ, }
પતરાવળી, } s. f. [See પત્ર + આવલિ.] A plate made of leaves sewn together. 2. A dish containing food.
પતરાળ,
પતરાળી,

પતરાળું, Same as પતરાળ.

પતરી, s. f. [See પતરું.] A thin and small piece of metal.

Id. પતરીવાળો રૂપિયો A Rupee coin having a pit which is filled up with a thin and small piece of silver.

પતરું, s. n. [See પત્ર a leaf, paper.] A thin sheet or plate of metal. 2. Tin.

પત-વું, s. n. [See પત credit.] To be adjusted, settled, or determined. 2. To go away; to be got rid of.

પતળ-વું, v. i. [See પિત્ત bile + વાળું.] To be offended; to be displeased. 2. To break a promise.

પતળ-વું, v. i. [See પાતળું.] To melt; to soften.

પતાક, } s. f. [S. પતાકા.] An ensign; a flag.
પતાકા,

પતા-વ-વું, v. t. [Caus. of પત-વું.] To settle; to decide; to adjust; to determine. 2. To compromise (a claim). 3. To have done with.

પતાસું, s. n. [See પત્ર.] A sugar-cake; a kind of sugar-biscuit.

પતાળ, Same as પાતાળ.

પતિ, s. m. [S. *fr.* पा to protect.] A lord; a master;an owner. 2. The husband.

પતિ-ત, adj. [S. *fr.* पत् to fall.] Fallen. 2. Wicked; abandoned. 3. Fallen from one's caste; excommunicated.

પતિ-ત-પાવન, s. m. [S. *fr.* + પાવન.] A purifier of the wicked.2. God.

પતિ-પરાયણ, adj. f. [S. *fr.* + પરાયણ.] Devoted to one's own husband.

પતિ-યાર, Same as પત,પતીજ.

પતિરાં, s. n. pl. White kids.

પતિ-વ્રત, s. n. [See પતિ + વ્રત.] Chastity (of a woman). (*Cf.* S. पातिव्रत्य.)

પતિ-વ્રતા, s f. A chaste and dutiful wife; a devoted and virtuous wife.

પતિ-સેવા, s. f. [See પતિ + સેવા.] Devotion to one's own husband.

પતીજ, s. f. [See પ્રતીતિ, પ્રત્યય.] Satisfaction; conviction; assurance. 2. Confidence; faith; reliance; trust.

Id. પતીજ પડવી To be established (of one's reputation.)પતીજ રાખવી To keep up ones reputation. પતીજ ખોવી-ગુમાવવી To lose one's reputation.

પતુણું, Used in secret communication for **પોણું**, Three-fourths.

પતેલી, Same as **તપેલી**.

પતેલું, Same as **તપેલું**.

પત્તન, *s. n.* [S.] A city.

પત્તન પુનીત રળિયામણું, જળસ્થળ કમળ ત્યાં અત્ય;
ગુર્જ્જર ઘણું મધુ-વ્રત કરે; મકરંદ મોહિત મત્ત.

—**દયારામ.**

પત્તર, *s. f.* [S. पात्र-ता *fr.* પાત્ર.] Reputation; credit. (Used with **રગડવું.**)

Id. પત્તર રગડવી To cause one to lose one's reputation. પત્તર ફાડવી To harass; to annoy; to tire by overwork, &c.

પત્તર-વેલિયું, *s. n.* [See પત્ર + વેલ.] A preparation of gram-flour and slices of leaves of vegetables.

પત્તું, *s. n.* [Dh. Des. पत्तइं *fr.* S. पत्राणि leaves *fr.* પત્ર; or S. पात्राणि vessels *fr.* પાત્ર.] A leaf of a tree. 2. A card for play.

પત્તો, *s. m.* [See પદ place.] A trace; an indication; a vestige. 2. Tidings; an account; an intelligence. 3. A clue; a guide; a direction. 4. A person's address.

Id. પત્તો મળવો–લાગવો To get a trace of. 2. To get intelligance about. પત્તો લાગવો To be successful in finding out. પત્તો દેવો To give a clue to. 2. To give intelligence about.

પત્થર, Same as **પથ્થર.**

પત્ની, *s. f.* [S. Fem. of પતિ husband.] Wife.

પત્ર, *s. m. n.* [S. *fr.* पत् to fall.] A leaf. 2. A letter; a note; an epistle; a written paper or deed. 3. The leaf of a book. 4. Any thin sheet or plate of metal.

પત્રક, *s. n.* A leaf of a book; a sheet of writing; an epistle. 2. A paper containing accounts; a statement; a table. 3. A slip from a memorandum-book; a list; a roll.

પત્ર-પતિ, **પત્રા-ધિપતિ**, *s. m.* [+ પતિ, અધિપતિ.] The editor of a newspaper.

પત્રાજ, **પત્રાજી**, Same as **પતરાજ**, **પતરાજી.**

પત્રાવળ, **પત્રાવળી**, **પત્રાળ**, **પત્રાળી**, Same as **પતરાવળ. પતરાવળી, પતરાળ, પતરાળી.**

પત્રિકા, *s. f.* [See પત્ર.] A small letter; a note. 2. A horoscope.

પત્રી, *s. f.* A short but expressive letter.

પત્રી, *s. f.* [See જાવંત્રી.] Mace.

પત્રું, *s. n.* A thin tin sheet or plate of metal. 2. Tin. Same as **પતરું.**

પથ, *s. m.* [See पथिन् = Eng. *Path*, *fr.* S. पथ्, पद्, to go.] A way; a road; a path.

પથરાણ, *s. n.* [See પથરાવું, પાથરવું.] A scattered state.

પથરાવું, *v. i.* [Pass. of પાથરવું.] To be spread out to be extended. 2. To be dispersed; to be scattered.

પથરી, *s. f.* [See પથરો.]A small stone. 2. A whet-stone for razors; a hone. 2. The flint (of a musket.) 3. Stone in the bladder. 4. Grit; gravel. 5. A marble for play.

Id. પથરી કાઢવી To remove the stone in the bladder.

પથરો, *s. m.* [Hem. Des. पत्थरा=S. चरण घातः a stroke with the leg, a kick *fr.* S. प्रस्तर a stone.] A latge stone. 2. An impediment; an obstacle. A dull man. 4. A stupid, dull-headed man. 5. An unfeeling, hard-hearted person. 6. Nothing.

Id. વચ્ચે પથરો નાખવો To throw a difficulty in a person's way. પથરો આપવો Lit. To give a stone (to a person engaged in a quarrel to throw at his enemy.) Hence, 2. To incite a person to a quarrel. 3. To misrepresent matters and create a quarrel. એને શું પથરા આવડે છે ? Lit. Does he know stones ? Hence, 2. He knows nothing. એને શું પથરા આપે ? He is to be given nothing. એનું માથું તો પથરાનું છે Lit. His head is made of stone. Hence, 2. He is not tired of speaking=He keeps on talking without being tired. એ તો પથરો છે He is a stupid man=He is a blockhead.

Prov. પથરા એટલા દેવ કરવા To worship every image of God with a view to satisfy

and please all persons.

પથાર, Same as **પથારો**.

પથારી, *s. f.* [Dh. Des. पत्थारी =S. प्रस्तरः a bed; also Hem. Des. गुरुणुवणयं =S.शय्या a bed *fr.*S.प्र+स्तृ, स्तर्, to spread.See પાથરવું.] Anything spread. *e. g.*, a seat, a bed; bedding. 2. Halting; lodging temporarily.3. Death-bed.

Id. પથારી કરવી-નાખવી To make a settled residence of. પથારી સેવવી=પથારીએ પડવું To lie in a sick bed.

પથારો, *s.m.* [S. પ્રસ્તાર *fr.* प्र forth+ स्तृ to cover.]Expanse; the extent.

પથિક, *s. m.* [See પથ.] A traveller; a way-farer.

પથિરો, Same as **પથારો**, Expanse.

પાંચ પથિરાથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભારી રે;
કર્મના પારાવા કાપી નાખ્યા, ભાઈ ઓળખ્યા અવિનાશી.
—ભોળોભગત.

પથ્થર, Same as **પથરો**, Stone.

Id. પથ્થરનો ભમરડો Dull; stupid.પથ્થર એટલા દેવ કરવા Lit. To turn every stone into a god; to regard every stone as a god.2. To make vows to propitiate any and every god. 3. To use all means within one's reach. 4. To do one's best. પથ્થર ખેંચવો To maintain one's family with a difficulty. પથ્થરની છાતી A hard heart. છાતીનો પથ્થર કરવો To make oneself ready and willing to bear any kind of difficulty or misfortune.

Prav. પથ્થર ઉપર પાણી To fruitlessly use all energy after an unworthy object.પથ્થર પર પાણી, અને સર્વે ધૂળધાણી Fruitless trouble. પથ્થર ઉપરની જડ, ઉખડી જતાં કેટલી વાર ? That which can be easily extirpated,crushed,or ruined.પથ્થર તળે હાથ આવે,તે કળે કળે નિકળે when a man is in difficulty,he must use patience to extricate himself. પથ્થર જોડે રતન પછાડવું To throw pearls before swine. પથ્થર સાથે પાનું પડવું To have to deal with a bad man. આવ પથરા, પગ ઉપર પડ To court troubles. પથ્થર કરતાં ઇંટ કુમળી Something is better than nothing. પથ્થરને બચકું ભરે, તો સામા દાંત ભાગે He that blows in the dust, fills his own eyes. પથ્થર પર પાણી ભીંજે, પણ ભેદે નહિ As is the water poured on an inverted pitcher, so is instruction to deaf ears.2.To work on an improper material is to waste one's energy.

પથ્થરિયો, *s.m.* A bowl made of stone.

પથ્ય, *s. n.* [See પથ.] Diet; regimen. 2. Dietetics. 3. *adj*. Dietary; dietetic. 4. Wholesome; healthy (of food).

પદ, *s.n.* [S. पद=L. *pes, pedis*, the foot, *fr.* S. पद् to go.]The foot.2. A foot-print;the mark of a foot.3.An office; a post;a rank; a station. 4. A syllable (in Grammar.) 5. A word. 6. An inflected word.7.A variety of metrical composition used in hymns and anthems.

પદે પદે હરિ કથા પાવન, વૈષ્ણવનો વિશ્રામ.
—ગિરિધર.

પદ અક્ષરના બંધથી, સહુ અઘ દુઃખ વામે.
—દયારામ.

8. A connected sentence. 9. A foot or a line of a verse or stanza. 10. A collection of certain articles given to Brāhmans 11. A fourth part of a circle; a quadrant. 12. A quantity; a term of a series; a factor; the root of an expression (Math.).

Id. પદ મળવું-પામવું To get a rank or position. પદ ખસી જવું To lose a rank or position; to be lowered; to be degraded. પદે પદે ગાવું To sing in a systematic way. રાજ-પદ, ગુરૂ-પદ The position, dignity or office of a king, preceptor; &c. સજાતીય પદ Quantities of the same kind. વિજાતીય પદ Quantities of different kinds (Math).

પદક, *s. n.* An ornament hanging on the breast like a medal.

સોના સાંકળી, પદક જડાવ —ગિરિધર.

પદ-ચ્છેદ, *s. m.* [See પદ a word + છેદ.] Resolving a sentence or a compound word into its elementary parts. 2. Parsing.

પદ-ચ્યુત, *adj*. [See પદ a place + S. च्युत fallen *fr.* च्यु to fall.] Fallen from office or rank; degraded; deposed; dethroned.

પદડી, *s. f.* A purse to keep tobacco in.

પદ-પંકજ, *s. n.* [See પદ the foot + પંકજ.] A lotus-like foot.

પદ-બંધ, *s. m. n.* [See પદ metre + બંધ, બાંધ-વું.] Versification; prosody.

પદ-ભ્રષ્ટ, *adj.* [S. *fr.* + ભ્રષ્ટ.] Fallen from one's position; deposed.

પદમ, Same as **પદ્મ.**

પદમ-ણી, પદમ-ની, } Same as **પદ્મિ-ની.**

પદર, *s. m.* [S. पत्र a leaf, the skirt of a garment.] An end of a garment. 2. An ornamented border. 3. Protection; support; patronage. 4. *s. f.* Self; a personal concern.

Id. **પદરનું** One's own. પદરે પડવું To depend on for support.

પદર-ખાનું, *s. n.* [+ ખાનું, ખા-નું.] A bakery; a bakehouse.

પદ-રજ, *s. f.* [S. *fr.* પદ the foot + રજ, રેણુ dust.] The dust under the feet. 2. *adj.* Low; humble.

પદ-રેણુ, Same as **પદ-રજ.**

પદ-લાલિત્ય, *s. n.* [See પદ a word + લાલિત્ય.] Elegant and elaborate diction; the beauty resulting from rhyme, alliteration, or sonorous words, melodious arrangement of words; melody; harmony.

પદ-વિ-ગ્રહ, *s. m.* [See પદ + વિ-ગ્રહ *fr.* S. वि apart + ग्रह् to take.] Same as **પદ-ચ્છેદ.**

પદવી, *s. f.* [S. *fr.* પદ.] Rank; position; dignity; station; post; office.

Id. પદવી વધવી, પદવીએ ચઢવું To be promoted; to rise in rank. પદવી ઘટવી–ઉતરવી To be degraded.

પદ-સેવા, *s. f.* [+ સેવા.] Lit. Service at the feet (of a god, religious preceptor, &c.) 2. Humble and faithful service.

પદારથ, પદાર્થ, } *s. m.* [S. *fr.* પદ a word + અર્થ meaning.] An object; an end. 2. A category or predicament (in Logic.) 3. The literal meaning of a sentence.

Id. ચાર પદાર્થ The four highest objects of life, *viz*, ધર્મ, અર્થ, કામ, મોક્ષ પદાર્થ-માત્ર All things; the whole creation.

પદાર્થ-વિજ્ઞાન, *s. n.* [S. *fr.* + વિ-જ્ઞાન.] Natural Philosophy; the science of Physics.

પદા-વ-વું, *v.t.* [Caus. of પાદ-વું] To cause to break wind. 2. To cow; to browbeat; to bully; to frighten.

પદી, *s. f.* [See પદ a word, a song.] A group of words, metres, or songs, *e. g.*, અષ્ટ-પદી.

પદું, Same as **પદ** a position, *e.g.*, **મોટ-પદું.**

પદે-ડ-વું, *v.t.* [See પદા-વ-વું.] To drive fast.

પદો-ડ-વું, *v.t.* To soil; to dirty.

પદ્ધતિ, *s. f.* [S. *fr.* પદ the foot + हति striking *fr.* हन् to strike.] A method; a mode; a way; a manner; course or practice. 2. A work prescribing rites and ceremonies; a ritual; a manual; a formulary. 3. A line; a row; a range. 4. A style or fashion (in composition or writing.)

પદ્મ, *s. n.* [S.] A lotus. 2. One thousand millions; ten thousand lākhs; a hundred crores. 3. One of the nine treasures of Kubera (See under **નવ-નિધિ**). 4. A particular mode of sexual enjoyment.

પદ્મ-રાગ, *s. m.* [S. *fr.* + રાગ red colour.] A ruby.

પદ્મ-રેખા, *s. f.* [See પદ્મ + રેખા.] The figure of a lotus on the palm of the hand, held to be indicative of wealthiness.

પદ્મા, *s. f* [S. See પદ્મ, 2.3.] An epithet of Lakṣmī, the goddess of wealth.

પદ્માસન, *s. n.* [See પદ્મ + આસન.] A particular posture in religious practices.

પદ્મિ-ની, *s. f.* A woman of the first of the four classes into which the female sex is divided by writers on શૃંગાર (the sentiment of Love.) 2. A most beautiful woman.

પદ્ય, *s. n.* [See પદ a metre.] A metre. 2. A piece of metrical composition.

પદ્ય-ગ્રંથ, *s. m.* [S. *fr.* + ગ્રંથ.] A poetical composition.

પધરા-ઈ, પધરા-મણી, } *s. f.* [See પધાર-વું.] Presenting clothes and money to relations on their departure. 2. Departure. 3. Invitation to and entertainment of a great person.

પધરા-વ-વું, *v.t.* To see one off respectfully. 2. To invite respectfully. 3. To bring

about a purchase by persuading the buyer.

પધાર-વું, *v. i.* [S. પ forth + धृ, धार्, to hold. See ધાર-વું.] To go in peace and safety; to go; to depart; to leave; to proceed on a journey; to quit. 2. To come; to give the pleasure of one's company; to honour by one's presence at.

પન-ડો, *s. m.* [See પાન-ડું] A kind of ear-ring worn by women.

પન-ઘટ, Same as **પણ-ઘટ**.

પના-દાર, *adj.*[See પનો + P.દાર having.] Having breadth; broad (cloth, &c)

પનારો, *s.m.* [See પાણી + આરો.] The state of being carried dwon the stream; being doomed to live in the company of 2. Company; companionship.

પનિ-હાર, } **પનિ-હાર-ણ**, } *s.f.* [See પાણી + S. हृ to carry.) A woman carrying water.

પનાહ, *s.f.* [P. पनाह् refuge.] Careful protection; a refuge; a shield; a shelter; an asylum.

પનું, *s. n.* } **પનો**, *s.m.* } [S. पानीय a drink *fr.* पा to drink. See પાણી.] Water acidulated with boiled mangoes or tamarind, and mixed with molasses and other condiments.

પનો, *s. m.* [P. पेहनह्.]Breadth of cloth.

પનોતી, *s. f.* A particular configuration of planets,supposed to bring evils. 2 Evil destiny;ill fate; evil stars.

પનોતું, *adj.* Fortunate; lucky; auspicious; propitious.

રત્ન દીકરી ક્યાંથી છવે ? ત્રણ ભાઇની બેન પનોતી.

—પ્રેમાનંદ.

પંતિ-યાણું, *s.n.* [See પાંતી, or S.पञ्च પાંચ, + યાણું *fr.* S. वत, वान , having.] Partnership; fellowship.

પંતિ-યાળો, *s. m.* A partner.

પંથ, *s. m.* [See પથ.] A road; a way.

પાંચમે, મોરી સાહેલડી, પંથ પતંગ, કંથ દૂર.

—પંદર તિથિઓ.

2. Manner; fashion. 3. A religious order or persuasion.

Prov. એક પંથ બોર દો કાજ To kill two brids with one stone.

પંથ, Same as **પ્રથમ** First.

Id. પંથ વર A bridegroom who marries for the first time, dist. from બીજ વર who marries a second time.

પંથિ-ક, Sams as **પંથી**.

પંથી, *s.m.* A sectary; a sectarian; a disciple of a leader in religion. 2. A wayfarer; a traveller.

પંદર, *adj.* [S. पञ्च-दश *fr.* પાંચ + દશ.] Fifteen; (15.).

પન્નગ, *s. m.* [S. *fr.* પદ the foot + ન not + गम् to go.] A serpent.

વર પામી પન્નગ ત્રણે, તે યમુનાની તીર પધર્યા રે.

—પ્રેમાનંદ.

પન્નાળ, Same as **પર-નાળ**.

પન્નાળિ-કા, Same as **પરનાળિ-કા**.

પપનસ, } **પપાઈ**, } *s. m.* [A word from South America.] A pompelmoose.

પપેટી, *s. f.* [Zend. पतेती. *Cf.* S. पतित fallen.] The Pārsī New Year's Day.

પપૈયો, [Hem. Des. पप्पीहो = S. चातकः] Same as **ચાતક**.

પપૈયા, Same as **પપૈ**.

પપૈ, *s. n.* A kind of fruit.

પબ્લિક,*adj.* [Eng.] Public. 2. *s. f.* A prostitute; a courtesan.

પમાડ-વું, *v. t.* [Caus. of પામ-વું.] To cause to reach or get. 2. To give.

પં-પાળ-વું, *v. t.* [See પાળ-વું; redup.] To feel with the hand so as to soothe; to pass the hand over so as to give a pleasing sensation. 2. To grope.

પય, *s. n.* [S. पय.] Milk. 2. Water.

પયું, *s. n.* [See પાય, પગ, the foot.] The track over which the bullocks walk while drawing water from a well.

પયો-ધર, *s. m.* [S. *fr.* પય + ધર-વું.] A woman's breasts.2.A cloud.3.An ocean.

પયો-ધિ, } **પયો-નિધિ**, } *s. m.* [S. *fr.* પય water + નિ-ધિ a store *fr.* नि down+धा to hold.] An ocean; the sea.

પર, *adj.* [S.] Another; different; not

one's own; alien.

માટે થતું ધર્મી રાય, પ્રેમ માની પરનો —વલ્લભ.

N. B.–પર occurs as the first member of several compounds, where it means " Another man's; not one's own ", *e. g.*, પરગૃ-હ, પર-સ્ત્રી.

2. Distant.

સહદેવ સાગર મૂક્યા છે પર,
છે દ્રોપદીના બાળ કૃતાન્ત રાય. —પ્રેમાનંદ.

3. Great; high.

કપટીને માને વર, પર એ પ્રખ્યાત છે. —વલ્લભ.

4. *s. m.* God; Godhead.

પર, Same as ઉપર.

પર, *s. n.*[P.*fr.* परिदन् to fly *fr.* S. प्र forth + डी to fly.] A feather; wings.

Id. પર આવવાં To be able to fly. 2. To be able to rise or soar. પર મૂકવાં Lit. To put forth feathers; to acquire the power of flying or rising into the sky.2.To perform an exploit.

પરઈ, } **પરાઈ,** } *s. f.* [See પ્ર·હાર.] A piston; a pestle. 2. A crowbar.

પર·ઈ, *s. f.* Corruption of the Feminine of પરા·યું.

પરકમણ, *s. f.*]
પરકમણું, *s. n.* }
પર·કમા, *s. f.* } [S. परि·क्रम·ण *fr.* S.
પરક્રમા, *s. f.*]
परि =Gr. *peri* around + क्रम् to walk.] Circumambulation; walking round or about. 2. Same as પ્ર·દક્ષિણા.

પર-કાય-પ્ર·વેશ, *s. m.* [See પર another + કાયા + પ્રવેશ.] Entering of the soul of a man into another man's body.

પર·કીય, *adj.* [S. See પાર·કું.] Belonging to another person.

પર·કીયા, *s. f.* The wife or mistress of another man; a mistress.

પરખ, *s. f.* [See પારખ, પરીક્ષા.] A test an examination. 2. Recognition.

બાળા માળા ઉપર ચઢીને, પુષ્પ મોતી વધાવે;
નિર્ખી, હર્ખી, પરખ પરખી માન મોંઘેરૂં લાવે.
—પ્રેમાનંદ.

પરખણ·હારો, } **પરખ·નાર,** } *s. m.* [See પરીક્ષા, પરીક્ષ·ણ, + કાર doing.] One who can test; a connoisseur.

પરખ·વું, *v. t.* To test; to prove; to try; to examine; to inspect.

પરખાણ, *s. n.* A cross beam in a ship, to which a mast is fixed.

પરખા·વ·વું, *v. t.* [Caus. of પરખ·વું.]To submit for testing or proving; to get tested or examined.2.To give;to pay (colloq).

Id. એ તો રાતી દમડી પણ પરખાવતો નથી He does not give or pay even a copper coin.

પરખા·વું, *v. i.* To be tested or proved.

પરખિ·યો, *s. m.* A tester.

પર-ગજુ, *adj.* [See પર another + ગરજ.] Benevolent; generous.

પરગણું, *s. n.* [P. परगन.] A district; a province; a canton; a *Pargani*.

પર-ગમ·ન, *s. n.* [See પર another+ગમન] Adultery; fornication.

પર-ગામ, *s. n.* [See પર not one's own + ગામ.] Another village. 2. A foreign country.

પર-ગામી, *adj.* A foreigner;an outsider.

પર-ગૃહ, } **પર-ઘર,** } *s. n.* [+ ગૃહ, ઘર.] Another man's house.

પર·ચુટ·ણ, } **પર·ચુરણ,** } *adj.* [S. प्रचूर्ण *fr.* प्र forth + ચુર્ણ, ચુ ટ·વું.] Sundry; miscellaneous; diverse; various. 2.Coins of a lower denomination; change.

પરચો, Same as પ્ર·તાપ, પરતો, Might, power (of a god).

પરચો, Same as પરિ·ચય,Familiarity.

પરજ, *s. m.* A basket-hilt (of a sword); the handle of a shield.2. A musical mode.

પરજંક, Same as પર્યંક.

પર-જાન,*s. f.*[See પર other+જાન marriage party.] A party for a friend's marriage.

જોજન એક પર·જાન વળાવી, મદન મેહેતો આવ્યા છ.
—હરિદાસ.

પર-જળ·વું, *v. i.* [S.प्रज्वल् to burn severely *fr.* प्र forth + ज्वल् to burn.] To burn brightly.

પરજાળ·વું, *v. t.* To flame; to ignite.

પરજિ-યો, *s. m.* Same as **પરજ** A musical mode. 2. A dirge; an elegy.

પરઠ-વું, *v. t.* [Dh. Des. परि-हट्ठिय *fr.* S. परि-घट्टितम् stirred up *fr.* परि around + घट्ट् to stir=to settle after much shaking,stirring. haggling over (of a contract); also पयट्टयं *fr.* S.प्रवृत्तम् rolling on,going on; also Hem. Des. पइट्ठा *fr.* S. પ્રતિષ્ઠા firmness.] To hold; to catch.

સતી કહે, " જતી, સુણો, પતિએ પરઠી આણી;
રતિ રતિ ચરણ ચાલે નહિ, જોગી મનમાં જાણી. "
—સામળભટ.

2. To go.

તરૂણી, તારે આશરે, પરઠું હું પર-દેશ.
—સામળભટ.

પરઠવું, *v. t.* Same as પેઠ-વું, To settle.

Prov. પરઠયું આપે, તેમાં શાનો પાડ? There is no obligation done when a man performs or fulfils his part of a contract.

પરઠો, *s. m.* An agreement; a decision.

નારદ કહે તમો ટાળી મૂક્યા, છે ગાલવને ઘેર યાગ;
દેવ માત્રે પરઠો પરઠી, કાઢયો તમારો ભાગ.
—પ્રેમાનંદ.

પરડ, *s. f.* [Eng.] Parade. 2. Concern; trouble; botheration.

Id. આ નાગી પરડ શી ?Why should I have this useless or unnecessary trouble.

પરડો, *s. m.* The pod of a bābul tree.

પરણ, *s. n.* [S. परि-णय See પરણ-વું] Marriage.

જનન, મરણ, ને પરણ Every man has to undergo birth,marriage,and death.—ભાષા.

પરણ, Same as **પર્ણ** A leaf.

હુત દ્રવ્ય આદે યજ્ઞ-સામગ્રી, અન્ય પરણ પુરોડાશ.
—ગિરિધર.

પરણ-વું, *v. t.* [S. परि-णय marriage *fr.* S. परि = Gr. *peri* around + S. नी to carry.] To marry; to wed.

Prov. પરણે, તેનાં ગીત ગાવાં Prosperity brings friends. પરણે પાનેતર નહિ, ને અધરણીએ ચીર It is lost labour to sow where there is no soil. પરણ્યો પીડાએ મરે, ને કુંવારો કોડે મરે Commend a wedded life; but keep thyself a bachelor. પરણ્યાને પાળે, ને જણ્યાને જીવાડે, તેમાં શાનો પાડ? There is no obligation done in a man's maintaining his wife and children. પરણ્યા પહેલી અધરણી = પરણ્યા પહેલાં કુંવારો You cry out before you are hurt: Catch the hare, before you sell his skin.

પરણા-વ-વું, *v. t.* [Caus. of પરણ-વું.] To get married. 2. To give in marriage.

પરણિ-યત, *adj.* [See પરણ-વું.] Married: joined in lawful wedlock.

પરણેત,
પરણેતર, } *s. n.* Marriage.

સગરો પહેલા પરણેતનો, જાણે સઘળો મર્મ.
—સામળભટ.

2. *adj.* Married (Same as **પરણિયત**).

પર-તંત્ર, *adj.* [See પર another + તંત્ર doing, conduct.] Controlled by another; subject to another;dependent;subservient.

પરત-વું, *v. t.* [S. परि about + वृत् , वर्त् ,to turn.] To pound into a fine powder.

પરતી, *s. f.* A narrow strip or slip.

પરતો, *s. m.* [See પ્ર-તાપ.] Watchfulness; vigilance (of a god or of a supernatural power.) 2. A miracle; a prodigy. 3. Dignity; power; awe.

પર-ત્વે, *prep.* [S. पर-त्व greatness, power, *fr.* પર great.]By virtue of;through; owing to. (Generally used at the end of a compound, *e. g.*, કારણ પર-ત્વે Owing to a certain cause.).

પરથાર, A bed.

કદી ના મળે બહેની ભરથાર,કુમાર કાળો રાયનો રે લોલ;
તો તો પાડું હું પરથાર, કુમાર કાળો રાયનો રે લોલ.
—દીવાળીબાઈ.

પર-દાદો, *s. m.* [See S. પર great + દાદો.] The great-grand-father.2.A distant ancestor; a progenitor.

પર-દારા, *s. f.* [S. *fr.* પર another's+દારા.] The wife of another man.

પર-દુઃખ-ભંજન, *s. m.* [See પર another + દુઃખ + *fr.* ભાંગ-વું.] One who destroys or alleviates the sorrows of others; a philanthropist. 2. An epithet of God.

પર-દેશ, *s.m.*[S.+દેશ.]A foreign country.

પર-દેશી, *adj.* Foreign; not native. 2. *s. m. f.* A foreigner; a stranger. 3. A particular caste of Hindūs in Upper India.

પર-ધર્મ, *s. m.* [S. *fr.* + ધર્મ.] The religion of another man or foreigner; a religion not one's own.

પર-નાતી, *adj.* [+ નાત.] Belonging to a caste different from one's own.

પર-નાળ, *s. f.* [S.પ્રणालि-का a water-course *fr.* प्र forth + नल a reed. See નળ, નળી.] A water-pipe; a water conveyance.

પર-નાળિ-કા, પર-ણાળિ-કા, Same as **પર-નાળ**. 2. A family-custom; a family-tradition.

પર-નિન્દા, *s. f.* [S. See પર another + નિન્દા.] Speaking ill of another person; slander.

પરં-તુ, *conj.* [S.] But; yet; however.

પર-ન્દું, *s. m.* [P. परन्दह् *fr.* પર feather.] A bird.

પરપંચ, Same as **પ્રપંચ**.

પરપટી-પાટે, *adv.* [S. परि-पाठ complete enumeration *fr.* S. परि=Gr.*peri* around +S. पठ् to repeat.] Certainly; surely; assuredly.

પર-પુરૂષ, *s. m.* [See પર not one's own + પુરૂષ.] A man other than one's husband. 2. The husband of another woman.

પર-પેઠ, *s. f.* [See પર another + પેઠ.] A third copy of a Hundi (an order to pay money).

પર-પોટો, *s. m.* [S. प्र intensive + पोत a boat.] A bubble.

પરબ, *s. f.* [S.प्र-पा *fr.*S. प्र=L. *pro* forth +S. पा to drink.] A place on a public road to supply water to thirsty men.

પરબ, Same as **પરવ**, **પર્વ**.

પરબ-ડી, Same as **પરબ** *fr.* S. प्रपा.

પરબડી, *s. f.*[See પરબ, પરવ, પર્વ. Or see પરબ *fr.* प्रपा Or S. पारावत=પારેવો a pigeon.] A high stand, on which grain and water are placed for pigeons, squirrels, &c., on sacred days by persons after their bath.

પરબિ-યો, *s. m.* [See પરબ.] A man employed to supply water to thirsty people on a public road at a **પરબ**. 2. A watering place.

પર-બુદ્ધિ, *s. f.* [S. See પર another's + બુદ્ધિ.] Another's counsel or judgment.

પર-બ્રહ્મ, *s. n.* [S. See પર great + બ્રહ્મ.] The Supreme Being; the Supreme Spirit.

પર-ભવ-વું, *v. t.* [S. परि-भव defeat *fr.* परि =Gr. *peri* around+भू भव्, to be.] To weary; to tire; to harass.

પર-ભાતિ-યું, *s. n.* [See પ્ર-ભાત.] A morning hymn.

પરભાર્યું, *adj.* [*fr.* પર another + ભાર burden.] At another's cost; not at one's own cost. 2. Unconcerned; indifferent. 3. *adv.* Without one's knowledge or information; in ignorance. 4. Without intervening; directly.

પર-ભોગી, *adj.* [See પર another + ભોગ-વું.] Enjoyed by persons other than the possessor (of a smell, &c.). 2. Enjoying other persons property. 3. Adulterous.

પર-મ, *adj.* [S. See પર + great + S. तम suffix of the Superlative Degree.] Best; most excellent; highest. 2. Chief; uttermost; exceeding; extreme.

પરમ, Same as **પરમ-દહાડે**.

પરમ-દહાડે, પરમ-દી, *adv.* [પરમ-દહાડો, પરમ-દી.] On the day before yesterday. 2. One the day after to-morrow.

પરમ-દહાડો, પરમ-દી, *s. m.* [See પર-મ + દહાડો, દી, દિવસ.] The day before yesterday. 2. The day after to-morrow.

પરમ-પ્રિય, *adj.*[S. *fr.* + પ્રિય.] Most beloved; dearest.

પરમહંસ, *s. m.* [S.]An ascetic who has subdued all his senses by abstract meditation.

પર-માટી, *s. f.* [See પર another + માટી flesh.] Meat.

પરમાણ, Same as **પ્રમાણ**, A standard.

Id. તેનું જીવતર પરમાણ છે ! Blessed in his life !

એ રીતે આનંદ વન આવ્યું, પૂર્યા પુન્યે પરમાણ.

—**ગિરિધર.**

પર-માણ-વું, *v.t.* [See પ્ર-માણ.] To accept or agree to as true.

પરમાણાં, *s. n. pl.* [See પરમાણ, પ્રમાણે]

A certificate; an authority.
ગરડગઢ ગયા, પોહોંચ્યાનાં પરમાણું કોણે મોકલ્યાં નહિ.
—મીરાં.

પરમાણું, *s. n.* [See પ્રમાણ.] Measure. 2. Size.

પરમાણુ, *s. m.* [S. See પરમ+અણુ.] An atom;the indivisible base of all compound bodies; an infinitesimally small particle.

પર-માણે, *prep*, According to; conformably with; agreeably to.2.Like unto;in a manner resembling. *Cf.* **પ્રમાણે**.

પરમાત્મા, *s. m.* [S. See પરમ+આત્મા.] The Supreme Being considered as the Soul of the universe. 2. The highest or most exalted soul in animated beings; God.

પરમાનંદ, *s. m.* [S. *fr.* + આનંદ.] Superlative or exceeding joy. 2. Supreme bliss. 3. God.

પરમાર્થ, *s. m.* [S. *fr.* + અર્થ.] The highest and most excellent end of man. 2. Benevolence; philanthropy; charity.

પરમાર્થી, *adj*.Studious of Divine Truth; striving after conformity with the Deity. 2. True; honest. 3. Beneficent; philanthropic; charitable.

પરમિ-યો, *s. m.* [S. પ્રમેહ *fr.* S. प्र=L. *pro* forth + मिह to be wet.] Gonorrhœa; gleet.

પરમેશ, } **પરમેશ્વર**, } *s. m.* [S.See પરમ + ઈશ,ઈશ્વર.] The Supreme Being; God.

Id. પરમેશ્વરની ગાય A snail: See ગોકળ ગાય. પરમેશ્વર માથે રાખીને Swearing before God.પરમેશ્વરને ખોળે બેસવું To be secure and happy. પરમેશ્વર વહાલા હોય તો If you love God;if you want to please God.

Prov. પરમેશ્વરે ધાર્યું હશે, તે થશે God's will be done. પરમેશ્વર પાધરો, તો વેરી આંધળો When God will help, none can hinder.

પરમેશ્વરી, *s. f.* The greatest goddess.

પરમો, Same as **પરમિ-યો**.

પર-મોદ-વું *v.t.*[See પ્ર-મોદ.]To persuade.

પરં-પરા, *s. f.* [S. See પર another.] Regular succession. 2. *adv.* Successively. 3. From one generation to another; from generation to generation.

પરંપરાગત, *adj.* [S. *fr.* + S. आगत come *fr.* आ up to + गम् to go.] Come down from one generation to anther; traditional.

પર-રાજ્ય, *s. n.* [S. See + રાજ્ય] A foreign kingdom or government. 2. Foreign domination or rule.

પરલી, *s. f.* [S. पल्ली] A lizard.

પર-લોક, *s. m.* [S. See પર another + લોક a world.] The other world; the state after death; the region of bliss. 2. A comprehensive term for all the places of bliss and woe after death invented by the Hindū; imagination.

પરવ, Same as **પર્વ**.

પર-વડ-વું, *v. i.* [S. प्र=L. *pro* forth + S. वृत्=L. *verto* to turn.] To please;to suit the fancy; to meet with one's approval; to serve one's purpose. 2. To afford.

પર-વડ-તું. *adj.* Agreeable; acceptable; suitable.

પરવ-ણી, Same as **પર્વ-ણી**.

પર-વરતા-વ-વું, *v. t.* [S. प्र-वर्त् causal of प्र-वृत्. See પર-વડ-વું.]To set up; to set a-foot or a-going; to establish. 2. To found.

પરવરદિ-ગાર, *s. m.* [P. *fr.* पर्वर्दन to nourish +गार् doing *fr.* गारदन to do=S.कार doing *fr.* कृ to do.] Providence; the Almighty.

પર-વર-વું, *v.i.* [S. प्र-वृत् to set about *fr.* प्र forth + वृत् to be.] To go; to depart.

પરવરશી, *s. f.* [P. पर्वरिश *fr.* पर्वर्दन to nourish.]Maintenance;subsistence;sustenance. 2. Breeding;fostering;rearing;nourishing.

પર-વશ, *adj.* [S. See another + वश power.] Subject to another; dependent.

Id. પરવશ થવું-હોવું-પડવું To be dependent.

પર-વશા-તા,*s. f.* } **પર-વશા-પણું**,*s.n.* } [+તા, પણું.]Dependence on others.

પરવળ, *s.n.* [See પરોળું.] A gourd long and round.

પરવા, *s.f.*[P.*fr.* S. પરિ-હાર.] Care; heed; regard; value for; anxiety; concern; solicitude; thought.

Id. પરવા કરવી To worry oneself about.

પર॰વાડ, *s. f.* [S. परि=Gr. *peri* around + S. वाट a place. See વાડો.] The precincts of a village or town.

પરવાન॰ગી, *s. f.* [P. *fr.* પરવાનો] Permision worng font; leave. 2. Order.

Id. પરવાનગી માગવી To ask permission. પરવાનગી લેવી To get permission. પરવાનગી આપવી To give permission.

પરવાનો, *s. m.* [P.] An order; a pass; a license; a commission.

પર॰વાર, *s. f. m.* [See પરવાર॰વું. S. परि about + वृ to cover.] Leisure; freedom from business; disengagedness;respite.

Id. પરવાર આવવી To be at leisure; to be free from work.

પળ ન મળે પરવાર જ્યહાં લગી,અમતો પુરૂષ નવ લાવે રે.
—**દયારામ.**

પરવાર, Same as **પરિ॰વાર.**

પર॰વાર॰વું, *v. i.* [Hem. Des. परिवारिओ = S. परि॰त: made, done; also, परिवाडइ= S. घट॰यति; *fr.* S. પરિ॰હાર removal of an evil.] To be disengaged from work; to have leisure; to have finished (a work.)

Id. કામથી–કામમાંથી પરવારવું To finish one's work; to be at leisure. ભાઇ તો હવે પ॰રવાર્યો The fellow has lost his all. તેણે મિલકત ઘણી ખરી પરવારી છે He has spent nearly all his property. પરવારી લેવું–રહેવું To finish one's work. પરવારી ચુકવું–બેસવું To lose; to have lost all concern or interest in.

પર॰વાર॰તું, *adj.* Disengaged; unemployed.

પરવારી, *s. m.* [P. पर्वारि a shepherd See ભરવાડ.] An individual of a low caste.

પરવાળું *s.n.* [S. प्रवाल.] Coral.

પર॰વીંટો, *s. m.* [S. परि around + વીંટ॰વું.] A wooden instrument used in spinning.

પર॰શાળ,
પર॰સાળ, } *s. f.* [S. प्रति against + શાળા a house.]The front portion of a house on the ground. 2. A distinct and dependent erection attached to house.

પરશુ, *s. m.* [S.] An axe; a hatchet.

પરશુ–ધરશું કર્યો, પરશુ ધરીને જય. —**વલ્લભ.**

પરશુદ્ધી,
પરશુદ્ધી, } *s. f.* [S. परि around + शुद्धि purity.] Fine flour of wheat.

પરસ, *s.f.* [See પરસેવો.] Dew; frost; moisture.

પરસન, Same as **પ્રસન્ન.**

પરસ॰વું, *v. t.* [See સ્પર્શ.] To touch.

દરશનથી દુકરિત ટળે રે, પરસતાં પાવન થાય.
—**અખો.**

2. To serve faithfully and obediently.

પાસે છે પીયુ, અલ્યા, તેને નવ પરસિયો.
—**નરસિંહ મહેતો.**

3. To worship.

પર॰સાદ, Same as **પ્ર॰સાદ.**

પર॰સેવ,
પર॰સેવો, } *s. m.* [S. प्र॰स्वेद *fr.* S. प्र = L. *pro* forth + स्विद् to perspire.] Perspiration; sweat.

Id. પરસેવો વળવો To sweat; to perspire. પરસેવો ઉતારીને with the sweat of the brow.

પરસ્તી, *s. f.* [S. प्र॰शस्ति, પ્રશંસા praise.] Praise. 2. Flattery.

Id. પરસ્તી કરવી To flatter.

પર॰સ્ત્રી, Same as **પર॰દારા,** Another's wife.

પરસ્ત્રી પાર સદા ખુવાર,
કાંટોકા બિછાના, ચ્યાર જુતીકા માર.
Adultery is always ruinous and disgraceful
—**ભાષા.**

પરસ્પર, *adj.* [S. See પર another.] Mutually; reciprocally.

પર॰સ્મૈ॰પદ, *s. n.* [S.] The Active Voice (Gram.)

પર॰સ્વાધીન, *adj.* [S. *fr.* પર, S. + સ્વાધીન.] Subject to another; dependent.

પર॰હર॰વું, *v. t.* [See પરિ॰હાર.] To forsake;to abandon; to give up;to relinquish. 2. To remove; to avert.3. To hold.

હું કહે, તે કબુલ જ કરૂં, પલક એક તો નહિ પરહરૂં.
—**શામળભટ.**

પર॰હસ્ત॰ગત, *adj.* [See પર another + S. हस्त હાથ,+ गत gone *fr.* गम् to go.] Passed into the hands of another.

પરહેજ, *adj.* [P. *fr.* पर्हेख़्तन to abstain: See પરિ॰હાર.] Abstaning. 2. Having control over the passions; continent.3. Living under restraint or surveillance.

પરહેજ, પરહેઝ, } *s. f.* Abstinence; diet; regimen. 2. Control over the passions; continence. 3. Restraint; surveillance.

પરહેજ-આર, *adj.* [P. આર=S. આર doing.] Abstinent; continent. 2. Observant of vows. 3. Pious; devout.

પરાં, *adv.* [See પર distant.] Being at a distance; removed.

પરાંત, *adj.* [See ઉપરાન્ત.] Remaining; being the diffrence.

પરાંત-વું, *v. i.* [S. परा-वृत्त returned, retired, *fr.* परा opposite + S. वृत् = L. *verto* to turn.] To be disengaged from work; to have leisure.

પરા, Same as **પરાં** At a distance.

વરી હરિ કરી પરા, ધરી હૃદય સાર રે. —**પ્રેમાનંદ.**

પરા, Sk. Prefix meaning "away, back, in an inverted order, towards."

પરા, *s. f.* [S. See પર, great.] Speech in the first of its four stages. 2. The highest or best state.

પરા, પરાઈ, } *s. f.* [See પરઈ, પ્ર-હાર.]A piston; a pestle. 3. A crowbar.

પરા-કાષ્ઠા, *s. f.* [S. *fr.* पर, परा, distant + काष्ठा a direction, an extremity.] Excessiveness; superlativeness; the greatest possible degree; the uttermost height or extremity.

પરા-ક્રમ, *s. n.* [S. *fr.* परा towards, opposite, + क्रम् to walk.] Prowess; valour; puissance. 2. Exploit; achievement; heroism.

પરા-ક્રમી, *adj.* Powerful; mighty; puissant; eminent for feats of strength or valour; valiant.

પરાગ, *s. m.* [S.] The pollen or farina of a flower.

પરાઙ્ગના, *adj.* [S. *fr.* પર another + અંગના.] Same as **પર-સ્ત્રી.**

પરાઙ્-મુખ, *adj.* [S. *fr.* पराक् turned away from + મુખ face.] With the face turned away from. 2. Averse to; not favourably inclined towards; not favourably disposed.

પરાછિત, Same as **પ્રાયશ્ચિત.**

પરાજ, પરાત, } *s. f.* A circular dish with rising edges.

પરા-જય, *s. m.* [S. *fr.* परा opposite + जि to conquer.] Defeat; overthrow; discomfiture.

પરાજું, *s. m.* A measure of land equal to 30 vighas or 24 acres.

પરાણી, *s. f.* [See પ્રહાર+અણી.] A goad.

પરાટ, *s. f.* A rope of hair, with which a saddle is fastened on the back of an ass.

પરાણે, *adv.* [See પરાણો a good.] Against one's will; forcibly; by constraint; at the point of the bayonet.

Prov. પરાણે પ્રીત ન થાય you may lead a horse to the water, but you cannot make him drink.

પરાણો, *s. m.* [See પરાણી] A goad.

પરાણો, *s. m.* [Dh. Des. पई *fr.* S. प्रत्यर्थी a beggar *fr.* प्रति towards + अर्थिन् a beggar *fr.* अर्थ् to beg. Or S. प्रघूर्ण *fr.* प्र forth + घूर्ण् to wander.] A guest.

પરાત્પર, *adj.* [S. *fr.* परात् than the great + પર great.] Most high; the greatest of the great. Supreme (used of the Deity).

પરાધીન, *adj.* [S. *fr.* પર another+अधीन.] Subject to another; dependent.

પરાધીન-તા, *s. f.* **પરાધીન-પણું,** *s. n.* } Dependence; the state of being subject to another.

Prov. પરાધીનતા સ્વપ્ને સુખ નહિ Dependence is a poor trade to follow.

પરાન્ન, *s. n.* [S. *fr.*+અન્ન.] Food obtained or purchased at another's expense; dining at another's expense.

પરા-પૂર્વ, પરા-પૂર્વ-થી, } *adv.* [See પરા back + પૂર્વ old.] From old times.

પરા-ભવ, *s. m.* [S. *fr.* परा opposite + भू to be.] Defeat; overthrow; discomfiture.

પરાય, Same as **પરાઈ**, A crowbar.

પરાયણ, *adj.* [S. See પર great + S. अयन an abode.] Adhering; attached to; devoted to. (At the end of a compound.)

પરાયું, *adj.* [Dh. Des. परि-हार्य = S. क्षीणम् left abandoned, *fr.* परि around + हा to go,

Or S. परकीय belonging to another *fr.* पर another.] Pertaining to another; another's; not one's own.

Prov. રામ નામ જપના, પરાયા માલ અપના To be a hypocrite in matters of religion.

પરાર, *adv.* [S. परारि.] The year before last. 2. The year after next.

પરાર્ધ, *s. m.* [S. *fr.* પર another + અર્ધ half.] A number of years equal to a half of Brahmā's life. 2. *adj.* One hundred thousand billions.

પરાલ, *s. f.* [S. पलाल.] Rice-straw.

પરા·વર્ત·ન, *s. n.* [S. *fr.* परा opposite+वृत् to turn.] Turning back or from. 2. Reflection.

Id. પરાવર્તન પામવું To be reflected (of the rays of light.).

પરા·વૃત્ત, *adj.* Turned back. 2. Reflected. 3. Retired. 4. Disgusted.

પરાશ, *s. f.* Water floating on the surface of whey.

પરાળ, Same as **પરાલ.**

પરિ, *adj.* [S.=Gr. *peri.*] A prefix in Sanskrit showing "ubiquity, all around, on every side."

પરિ-ક્રમણ, *s. n.* [S. *fr.* પરિ +ક્રમણ.] Going round; circumambulation.

પરિ·ગ્રહ, *s. m.* [S. *fr.* + ग्रह् to take.] Acceptance; taking. 2. Assent; consent. 3. Dependants; a retinue; the members of one's family.

પરિ·ઘ, *s. m.* [S. *fr.* + घ going *fr.* हन to go.] The circumference of a circle. 2. An enclosure.

પરિ·ચય, *s. m.* [S. *fr.* + चि to collect.] Acquaintance; intimacy; familiar intercourse; being conversant with.

પરિ·ચિ·ત, *adj.* Familiar; acquainted with; intimate with.

પરિ·ચ્છિન્ન, *adj.* [S. *fr.* + छिद् to cut.] Distinguished; defined.

પરિ·ચ્છેદ, *s.m.* That which distinguishes; a mark. 2. A division; a segment.

પરિ·જન, *s. n.* [S. *fr.* પરિ around + જન a man.] A servant. 2. A retinue.

પરિ·ણામ, *s. m. n.* [S. *fr.* + नम् to bow.] Result; fruit; product; end; sequel; consequence.

Id. પરિણામ લાવવું-આણવું To get the result. 2. To bring to an end. લખ્યા વિના પરિણામ નથી There is no way out of it except writing=(I) must write.

પરિ·ણય, *s. m.* [S. See પરણ·વું.] Marriage;

પરિ·તાપ, *s. m.* [S. *fr.* + તાપ.] Great heat. 2. Pain; sorrow; anguish. 3. Anxiety; uneasiness.

પરિ·તોષ, *s. m.* [S. *fr.* + तुष् to satisfy.] Satisfaction; gratification; delight.

પરિ·ત્યાગ, *s. m.* [S. *fr.* + ત્યાગ.] Quitting; giving up utterly; abandonment.

પરિ·ધાન, *s. n.* [S. *fr.* + धा to put.] Wearing; putting on. 2. Garments.

પરિ·ધિ, *s. m. f.* The circumference of a circle. 2. An enclosure. 3. A halo. 4. An epicycle.

પરિ·પક્વ, *adj.* [S. *fr.* + પક્વ.] Perfectly ripe; mature; ready to produce the effect.

પરિ·પાક, *s. m.* [S. *fr.* પાક.] Perfect maturity; ripening. 2. The consequence of an action.

પરિ·પૂર્ણ, *adj.* [S. *fr.*+પૂર્ણ.] Quite filled; entire; completed; perfected.

પરિ·ભાવ, } **પરી·ભાવ,** } *s. m.* [S. *fr.*+भू to be.] Insult; disrespect; humiliation. 2. Same as પરા·ભ·વ.

પરિભ્રમ, Same as **પર-બ્રહ્મ.**

પરિ·ભાષા, *s. f.* [S. *fr.* परि around+ભાષા.] A conventional term in a science; a technical term. 2. A list of definitions; a table of abbreviations. 3. An introductory chapter; preliminary observations; prolegomena. 4. A rule of interpretation. 5. A maxim given as an interpretation of the rules of Pānini the Grammarian.

પરિ·ભ્રમણ, *s. n.* } **પરિ·ભ્રમણા,** *s. f.* } [S. परि·भ्रमण *fr.* પરિ+ ભ્રમણ.] Wandering about.

પરિમળ, *s. m.* [S. परिमल.] An exquisite fragrance.

પરિ•મા•ણ, *s. n.* [See પરિ + S. मा to measure.] Measure; magnitude; quantity. 2.The rule or standard by which a thing is determined, adjusted, or proportioned. 3. Notation and numeration (Mathem.) 4. Measurement; ascertainment by measuring. 5. Geometrical dimension.

પરિ•મિ•ત, *adj.* Measured; limited; encircled; confined.

પરિ•મિ•તિ, *s.f.* Measure; quantity; limitation. 2. Measure round; girth.

પરિયંક, Same as **પર્યંક**, A bed.

પછી રતિ•રસ પોઢયાં પરયંક, વિનય વિવેકશું રે.
—**દયારામ.**

પરિયટ, } *s. m.* [Mar. परिट *fr.* S. परि
પરિયેટ, }
around + अट् to wander.] A washerman who goes about from house to house;collecting people's clothes for washing.

પાગરણ પરિયટ પેર, આપટી ઝીંકે જ્યારે;
અંગદે સમર્યા રામ, તનથી દૂર્યો ત્યારે.
—**સામળભટ.**

પરિયા, *s. m. pl.* [See પેત] Forefathers; ancestors.

Id. પરિયાંનાં પરિયાં ઉકેલવાં To talk slander about one's ancestors. 2. To talk slander. પરિયાંનું પાણી ખોવું To injure the reputation of one's ancestors.

પરિયાણ, Same as **પ્રયાણ**.

રાજાએ કર આયુધ ધર્યાં, પ્રેમદા પુંઠ પરિયાણ જ કર્યાં.
—**સામળભટ.**

પરિ•રંભ•ણ, *s. n.* [S. *fr.* પરિ + S. रम्भ्, to begin.] An embrace.

પરિરંભણ કરતા પાળે, મૂખે સ્તુતિ કરતા દીનવાળે.
—**ગિરિધર.**

પરિ•વર્ત•ન, *s. n.* [S. *fr.* परि round + वृत् = L. *verto* to turn.] Turning round. 2. Revolution.

પરિ•વાદ, *s. m.* [S. *fr.* + वद् to speak.] Reproach. 2. Censure; scandal.

પરિ•વાર, *s. m.* [See પરિ +S. वृ to cover.] Dependants. 2. Train;retinue.3. Progeny; children; family; attendants.

પરિ•વેષ્ટ•ન, *s. n.* [S. *fr.*+ વેષ્ટ•ન.] A wrapper; a cover.

પરિ•શિષ્ટ, *adj.* [S. *fr.* + शिष् to remain.] Left behind; remaining. 2. *s. n.* A supplement; an appendix.

પરિ•શુદ્ધિ, *s. f.* [S. *fr.* + શુદ્ધિ.] Complete purification.

પરિ•શેષ, *s. m.*[S.]Remainder; residue.

પરિ•શ્રમ, *s. m.* [S. *fr.* + શ્રમ.] Labour; trouble;pains;exertion.2.Distress; fatigue.

પરિ•સંખ્યા, *s. f.*[S.*fr.* + સંખ્યા.]Computation. 2. Sum; total. 3. A particular figure of speech.

પરિ•હાર, *s. m.* [S, *fr.* + हृ, हर्, to take away.] Removing; averting; remedying; clearing away; avoiding.

શ્રીના પરિહાર અર્થે છ, કૃપા પંચમી તજવી સામર્થે છ.
—**પ્રેમાનંદ.**

Id. પરિ•હાર કરવો To remove; to avoid; to remedy.

પરિ•હાસ, *s. m.* [S. *fr.* + हस् to laugh. See **હસ•વું**.] Joking;jest;mirth;merriment. 2. Redicule.

પરી, *s. f.* [P. *fr.* S. अप्सरस्] A fairy.2. A fabulous winged monster with a human face,the body of a horse, made by Mussalmans during the Muharram. 3. A very beautiful woman.

પરીક્ષ•ક, *s. m. f.* [See પરીક્ષા.] An examiner. 2. He or she who investigates accurately;a connoisseur;a critic;a judge.3. An assayer. 4. An experimenter; a tester. *Cf.* **પરિખ.**

પરીક્ષા, *s. f.* [S. *fr.* પરિ around + ईक्ष् to see.] Examination; investigation; trial;experiment; putting to the test or proof. 2. Knowledge, skill, or ability, as acquired from practice.3. Experimental knowledge; experience.

Id. પરીક્ષા કરવી To examine. પરીક્ષા આપવી To submit to an examination;to appear at an examination. પરીક્ષા લેવી To examine by questions and answers; to examine (a person). પરીક્ષા જોવી To test; to put to the test. પરીક્ષા પસાર કરવી To be successful at an examination; to pass an examination. પરીક્ષામાં નાપાસ થવું To fail to pass an examination.

પરીક્ષા-પત્ર, *s. m. n.* [+ પત્ર.] A question paper set at an examination.

પરીખ, *s.m.*Same as **પરીક્ષ-ક**. 2. A term of respect applied to brokers, &c.

પરિ-ધરો, *s. m.* [See પરિ-ગ્રહ.] Property; estate.

પરીસો, *s. m.*[See પરિ +સહે-વું or પરિ-શ્રમ.] Pain; distress; adversity.

પરૂં, *adj.* [See S. પર another, distant.] Distant; remote; removed.

તેણે લોભાણો નાવલિયો,મુજ પાસેથી પરો ન થાય રે.
—**નરભેરામ.**

સમર ને શ્રીહરિ, મેલ મમતાપરી,જોને વિચારી,મૂલ તારૂં.
—**નરસિંહ મહેતા.**

આરાઠી આવું છું વસ્ત્ર, વાએ જે પરૂં કર્યું.
—**વલ્લભ.**

પરૂં જોઇને ઓખા કહે છે, " જાદવ કુળ તો પવિત્ર
વિચારીને બોલો નાથજી, જાણું પિતામહનાં ચરિત્ર. "
—**પ્રેમાનંદ.**

પરૂં, *s. n.* [See પુર.] A suburb.

પરૂ, *s. n.* [S. पूय् to drink.]Puss;matter.

પરૂપ-વું, *v. t.* [S. उप near + रूप् to see: See રૂપ.] To speak; to tell.

પરૂષ, *adj.*[S.] Harsh; cruel; rough.

પરેજ, **પરેજી**, } Same as **પરહેજ**.

પરેસાન, *adj.* [P. परेशान् confused *fr.* परिशादिन् to be confused=S.परि-षीद् *fr.* परि about + सद् to sit.] Unchaste (of a woman.)2. Shameless; bare-faced. 3. Mischievous; turbulent. 4. Cunning; sharp; clever.

પરેસ્તાન, *s. n.* [See પરી a fairy + સ્થાન.] Heaven.

પરોક્ષ, *adj.*[S. *fr.* S. પર, distant S.=अक्षि =આંખ the eye,or an organ of sense.]Unseen; invisible; absent. 2. *adv.* Behind the back; in the absence;secretely.

પરોગ, *s. m.* The end; the conclusion.

પરોડ, **પરોઢ**, } *s. m. n.* [S.प्र-भात *fr.* प्र forth + भा to shine.] Dawn; daybreak.

પરોડિ-યું, **પરોઢિ-યું**, } *s. n.* Same as **પરોડ, પરોઢ**.

પરોડિ-યે, **પરોઢિ-યે**, } *adv.*Early in the morning.

પરોણી, *s. f.* [See પરોવ-વું.] A piece of thread put through the eye of a needle.

પરોણી, *s. f.* [See પરાણી, પરાણો.]A goad.

પરોણી, *s. f.* [See પ-રોણો,] A female guest.

પરોણો, Same as **પરાણો**. 2. A guest.

Id. પરોણા-પાર્ઈ Guests and their minor attendants.

Prov-પરોણાથી કાંઈ ભીડ ભાગે? Guests serve only to increase the host's difficulties.

પરોણાગત, **પરોણા-ચાકરી**, } *s. f.* [+ આગતા સ્વાગતા, ચાકરી,]Hospitality;entertraining strangers

પરોણાચાર, *s. m.* [+ આચાર.] Same as **પરોણાગત**.

પરોપકાર, *s. m.* [S. *fr.* S. પર, another + ઉપકાર.]Benefaction.2.General graciousness; benevolence;philanthropy; munificence.

પરોપકારી, *adj.* Beneficent. 2. Benevolent; philonthropic.

પરો-વ-વું, *v. t.* [Hem. Des. पाहहअं = S. मालीकृतम् made into a garland,*fr.* S.प्र forth + रूढ grown *fr.* रुह् to grow; or S. परि वे to weave.] To thread a needle. 2. To string glass beads, &c. 3. To connect.

Id. દોરો પરોવવો To thread a needle. કામમાં જીવ પરોવવો To devote one's attention to one's work.

પર્ચ, *s. m.* [Eng. *Perch.*] A measure of length;sixteen feet and a half long; a perch.

પરો-વા-યું, Same as **પાક-કું**.

પર્જન્ય, *s. m.* [S.] Rain. 2. Thunder-clouds.

પર્ણ, *s. n.* [S.] A leaf. 2. A paper; a letter.

ગર્જ હોય, પર્ણ લખો, પત્રી વાંચી. —**દયારામ.**

Id. પર્ણશય્યા A couch of leaves. પર્ણશાળા A house thatched with leaves of trees. 2. A hermitage.

પર્ણ-કુટી, *s. f.* [S. *fr.* + S. कुटी a hut.] A hut made of leaves of trees.

પર્મ, Used in poetry for **પરમ**.

પર્યંક, *s. m.* [S.] A bedstead; a couch; a cot.

પર્યટ-ન, *s.n.* [S. *fr.* પરિ + અટ-ન્.] Wandering about; peregrination; roaming.

પર્યંત, *prep.* [S. *fr.* + અંત.] Until; till; unto. 2. Up to; as far as.

પર્યવસાન, *s.m.* [S. *fr.* + અવસાન.] The end; a termination.

પર્યવસ્થા, *s. f.* [S. *fr.* + અવસ્થા.] Opposition.

પર્યાણ, Classical form of **પલાણ**.

પર્યાપ્તિ, *s. f.* [S. *fr.* + आप् to obtain.] Fullness. 2. Satisfaction; content. 3. End; limit; conclusion.

પર્યાય, *s. m.* [S. *fr.* + इ or अय् to go.] Manner; way; style; fashion. 2. A synonymous word. 3. A scheme; a contrivance. 4. An alternative.

પર્યુષણ, Same as **પજુસણ**.

પર્વ, *s. n.* [S. पर्व a juncture, a joint.] A common term for particular periods of the year. 2. A name given to certain days in a lunar month; a religious holiday; a festival. 3. The moment of the sun's entering a new sign. 4. A chapter. *Cf.* પરબ.

પર્વ-ણી, *s. f.* [S. पर्वणि at a juncture, S. Loc. of पर्वन् a juncture.] Same as પર્વ. 1, 2, 3, &c. 2. The day of full-moon. 3. The day of new moon; *Cf.* પરબ.

પર્વત, *s. m.* [S.] A mountain.

પલ, *s. f.* [S.] A moment; a minute; a second. 2. A very short time.

પલ, *s. n.* [S.] Flesh.

જઠરાગ્નિ બાળે અઢાર માસ, ન દહે કયમ પલ ચર્મ.

—દયારામ.

પલ, Same as **પુલ**.

પલક, } **પલખ**, } *s. f. n.* [P. पलक्.] A twinkling of the eye. 2. A moment; an instant.

પલક-દરિયાવ, *s.m.* [+ દરિયો.] A continued shower of rain; a perfect deluge. 2. The great ocean. 3. The Fountain of all blessings; God.

પલક-વું, } **પલકા-વું**, } *v. i.* [See પલક.] To smile. 2. To be pleased or delighted.

પલકા-રો, *s. m.* [See પલક + કાર.] Same as **પલક**.

Id. આંખનો પલકારો કરવો To make a sign with the eye. આંખનો પલકારો મારવો To cast a glance at.

પલ-કો, *s. m.* A flash; lustre.

ધાઈ ગયા હરી સર્વે રાજા, પ્રથમ રૂપના પલકા.

—પ્રેમાનંદ.

પલંગ, Same as **પર્યંક**.

પલંગ-ડી, *s. f.* A small cot. 2. An old and useless bedstead.

પલંગ-પોષ, } **પલંગ-પોસ**, } **પલંગ-પોખ**, } *s. m.* [+ પોષ-વું to nourish.] A counterpane or coverlet; a covering for the bed.

પલટણ, } **પલટન**, } *s. f.* [Eng. *Battalion.*] A battalion or regiment of soldiers.

પલટ-વું, *v.t.* Hem. Des. पलट्टइ, पलोट्टइ, *fr.* S. पर्यस्यति it solls about *fr.* S. परि= Gr. *peri*, around + S. अस् to throw.] To return; to send back; to turn up. 2. To break a promise or contract. 3. To change.

પલટ-વું, Same as **પલોટ-વું** To train.

પીતામ્બર, પ્રભુ, પલટી રહ્યા છો ક્યાંહે ?

કેહોનાં ઓઢી લાવ્યા છો લેહેરિયાં છ ?

—દયારામ.

પલટા-વું, *v.i.* To change; to be changed.

પલટો, *s. m.* [Hem. Des. पलत्थो पलट्टो, *fr.* पर्यस्तः thrown about *fr.* परि about + अस्त thrown *fr.* अस् to throw.] Rise and fall of notes in music. 2. A particular exercise in fencing.

પલ-ભર, *adv.* [See પલ a moment + ભર-વું.] For a moment.

પલવટ, *s. m.* [S. परि = Gr. *peri*, around + S. वृत् =L. *verto* to turn; or + S. वेष्ट् to wrap.] A kind of cloth worn round the waist by Bhīls and other rude tribes in Gujarāt. 2. A particular way of wearing a garment.

તારે સુન્દર વદન, લાજ મરજાદનું કાજ નહિ,

મારે હું તો પ્રેમેશું, પલવટ વાળું રે.

—ભોળોભગત.

પલવવું, *v. t.* [See પાળવું.] To please; to amuse.

પાધરૂં, *adj*. [Hem. Des. पद्धर = S. ऋजु straight.] Not crooked; straight; upright;

erect; direct.2.Right; correct; not wrong. or amiss; straight-forward.

પાધરૂં-દોર, *adj.* [S. + દોર.] Straight; direct. 2. Reclaimed from vice.

પા॰ન, *s. n.*[S. *fr.* पा to drink.]Drinking 2. A drink.

Id. પાન કરવું To drink.

પાન, *s. f.* [See પા, પાણ.] A perpendicular stroke (+) denoting a forth part; one-forth.2.A perpendicular stroke (|) showing the end of a sentence.

Id. પાન મૂકવી To bring to an end; to stop. પાનમાં લાવવું-આણવું-લેવું To bring under one's control or power.

પાન, *s. n.* [S. पर्ण.] A leaf. 2. A roll of betel-leaf with arecanut, lime; &c. 3. A leaf or plate of metal foil. 4. A leaf-shaped ornament.

Id. પાનની જડની માફક ઊડી જઈશ You will be ruined in no time. પાનાં ફૂલામાં ઉછરવું To be brought up in luxury; to be indulged and fondled.

પાન સડે, ઘોડા અડે, બિદ્યા બીસર જાય,
ચૂલે પર રોટી જલે; કહો, ગુરૂજી, કયું થાય ?
(ઉ.-ફેરવ્યા વિના)—**ભાષા.**

પાન, *s. f.* Hair divided in the form of a leaf on the head of a woman.

પાન-ખર, *adj.* [See + ખર॰વું to drop.] (The season) In which trees drop their leaves; autumn; the " fall ".

પાન-ચાલ॰વ॰ણી, *s. f.* [+ ચાળ॰વ॰ણી.]Lit. Lifting and assorting betel leaves. Hence, 2. Cleverness;quick comprehension.

પાન॰ડી, *s. f.* An ornament for the front of the neck of females; a kind of ear-ring. 2. A thin leaf.

જુગલ શ્રવણે લાલ મણિની રે ચળકે;
તેની ઉપર ઝૂમ પાનડીઓ રે ઝળકે. —**દયારામ.**

પાન॰ડું, *s. n.* A leaf. Same as **પાંદ॰ડું.**

પાન॰દાન, *s. n.* [+P. दान holding, a receptacle,*fr.* दाशतन = S. धृ, धार्, to hold.] A box or casket to hold betel leaves, areca nut, &c.

પાન-સોપારી, *s. f.* [+ સોપારી.]Betel leaf and areca nut.2.A small present; a bonus. 3. A small bribe.

પાનાં, *s.n.pl.*[See પાનું.] Cards. 2. Leaves or pages of a book. 3. Gold,silver,or brass foils.

પાનિય॰લ, *adj.* Having the colour of a leaf.

પાની, *s. f.* [See પગ, પાદ, the foot.] The hinder part of the sole; the heel.

Id. પાછી પાની કાઢવી To turn back; to retreat; to shrink from.

Prov. સ્ત્રીની બુદ્ધિ પાનીએ The talents of a woman, however great, should be under a check.

પાનું, *s. n.* [See પાન a leaf.] A leaf of a book. 2. A leaf, foil, or plate of metal. 3. A single card out of a pack.4.An emerald.

પાનું, *s. n.* [Hem. Des. पत्तण = S. बाणस्य फलम् the head of an arrow.] The blade of a cutting instrument.2.One's lot or fortune.

Id.-ની સાથે પાનું પડવું To have one's lot cast with another;to be obliged to live in the company of,or deal with, a particular person. પાનું કાઢવું-ઉકેલવું To repeatedly refer to the same subject or person. પાનું શોધવું To refer to the past history of a person with a view to find out his faults, પાનું શોધવું-ખોળવું To make inquiries about the antecedents of a person with a view to gratify one's revenge.

પાને॰તર, *s. n.* [See પાનું & પરણે॰તર, પરણ॰વું.]A silk or fine cotton garment worn by the bride at the time of marriage.

માતા મારી શીશ તમારાં નથી વેહેર્યાં,
પાનેતર પ્રભુનાં પહેર્યાં રે; મેં બહુ સારૂં કીધું.
—**રાજે.**

પાનો, *s. m.* [Hem. Des. पा॰ण्हवो = S. स्तनधारा flow of milk from a woman's breasts, *fr.* S. प्र॰स्नव *fr.* प्र forth + स्नु to flow.] The flowing of milk into the udder. 2. The filling with milk (of the breasts of a woman).3. Excitement; spirit. 4. [*Cf.* પાણી.] Spirit; excitement.

તો ડરે છે શાનો?મૂઢ મતિ માનો,તજી દઈ પાનો,પંથ પળો.
—**પ્રેમાનંદ.**

પાનો ઉભર્યો રે, ડોકાં દઈને કંઠ લપટાવે;
શિર શુદ્ધિ કરી રે, ઉચ્છંગ લઈને ધવરાવે.

—**દયારામ.**

Id. પાનો મૂકવો To yield milk (of a cow, &c.) **પાનો ચોરવો** To refuse to yield milk (of a cow, &c.). પાનો ચઢવો To have the breasts filled with milk (of a woman). 2. To have a desire to suckle. 3. To feel affection for (as the mother for a long-lost child). 4. To be excited. પાનો ઉતરવો To subside (of the flow of milk into the teats or breasts). પાનો ચઢાવવો To excite.

પાનોઢ, *s. f.* [See પાંદડું.] Leaves of *juvār* or *bājari*.

પાન્થ, *s. m.* [S. *fr.* પંથ.] A traveller.

પાપ, *s. n.* [S.] Sin; crime; wickedness; vice; offence. 2. Immorality; an evil intent. 3. A wicked or troublesome person; a pest; a plague.

Id. પાપ કરવું To commit a sin. પાપે પેટ **ભરવું** To maintain oneself by wicked practices. પાપ કરતાં પાછું જોવું To strinke from committing a sin. એણે પાપ કરતાં પાછું જોએલું, તેથી એ બચ્યો He seems to have shrunk back from committing a sin, as a result of which he is now saved. એના મનમાં કાંઈ પાપ છે He entertains some dishonest or fraudulent thought. પાપ ધોવું Lit. To wash off another man's sin. 2. To speak ill of; to defame. પાપ ગયું It is well, he is gone. પાપ છૂટી વાત An honest expression; a sincere expression. પાપ ફરી વળવું To be overcome by one's sins; to be subjected to the consequences of one's sinful acts. પાપ ફૂટી નિકળવું To be revealed (of one's sins), *Cf.* Murder will out. 2. To be a prey to a terrible disease. પાપનું પોટલું બાંધવું To add one sin to another; to commit various sins.

Prov. પાપનો ઘડો ભરાય, ત્યારે ફૂટે Wicked actions, when accumulated, are sure to produce their evil consequences. પાપ છાપરે ચઢીને પોકારે Murder will out: Every sin will cry out from the house-tops. પાપ બોલે નહિ, પણ બોળે Sin and sorrow cannot long be separated.

પાપ-ગ્રહ, *s. m.* [S. *fr.* + ગ્રહ.] An evil or inauspicious planet.

પાપડ, *s. m.* [S. पर्पट.] A short of water-cake; a this crisp cake made of flour mixed with spices.

પાપડ-ખાર, *s.m.* [+ખાર.] Impure carbonate of soda.

પાપડ-પાદું, *adj.* [+ પાદવું.] Weak; powerless; spiritless (Slang).

પાપડી, *s. f.* A pat of flour. 2. Bean-pods. 3. A thin slice of bread, cake, &c.

પાપણી, *s. f.* [S. पापिनी *fr.* પાપ.] A vixen; a virago. 2. A sinful woman.

પાપા, *s. m. f.* [Imit.] Bread. (Used by infants.)

પાપિષ્ઠ, } **પાપી,** } *adj.* [See પાપ + ઇ, ઇષ્ઠ.] Sinful; wicked; depraved. 2. Vicious; criminal; guilty.

Prov. પાપીનો આવરદા ખુટે નહિ A long life is a sinner's punishment.

પામર, *adj.* [S.] Wretched; miserable.

પામરી, *s. f.* [Hem. Des. पामरं = S. कुसुम्भ रक्तं वस्त्रम् a red garment. Or पामीर a country in the North of Afganistān, celebrated for silk.] A kind of fine silk-cloth. 2. A kind of coarse shawl.

પામવું, *v. t.* [S. प्र = L. *pro* forth + आप् to obtain.] To get; to obtain; to acquire; to procure. 2. To fetch; to bring. 3. To suffer; to undergo. 4. To come to know; to gain the knowledge of; to know.

વાતડી ગઇ છું રે પામી, કહો તો, કહું દાસ, દયાના સ્વામી.

—**દયારામ.**

Id. દશાને-દશા પામવું To be in a state. સુખ પામવું To be happy.

પાય, *s. m.* [P. *fr.* S. पाद, પાદ.]The foot. 2. The leg.

Id. પાય પડવું-લાગવું To fall at the feet; to bow to; to bow before.

પાય-કિસ્ત, *adj.* [+ કિસ્ત defeat. *Cf.* પાયમાલ.] Deserted; barren.

પાય-ખાનું, *s. n.* [See પાય + ખાનું.] A privy; a water-closet.

પાયઆ, *s. f.* [P. पाय् the foot + गाह् a

place *fr.* પાય, પાદ, + ગૃહ.] An extensive stable for horses. 3. A troop of horses.

પાય-ચાલી, *s. f.* [+ ચાલવું.] Walking about in the contemplation of; walking about and thinking of.

પાય-જામો, *s. m.* [P.+ જામો.] Trousers; long drawers.

પાય-દળ, *s.n.* [+ દળ an army.] A troop serving on foot; infantry;foot-soldiers.

પાય-માલ, *adj.* [P. *fr.* + P. मालिदन = S. मृद् मर्द्, to rub.]Trampled under foot. 2. Destroyed; runed; annihilated.

પાય-માલી, *s. f.* Ruin; destruction; annihilation; devastation and ravages.

પાયરી, *s. f.* A step; a rank; a grade; a station; dignity.

Id. પાયરીએ ચઢવું, પાયરી મળવી To be promoted.

પાયરી, *s.f.* [Portug. Pierre, from whom this kind of mango is called.] A kind of mango,

પાયલ, *s. m.* [See પાય.] An ornament worn round the ankles by women; an anklet with bells attached to it.

ભાદરવો ભડ વરસે, ચપળા ચમકે રે, રસિયાજી;
એક સમે હું આવી, પાયલ ઝળકે, રંગ-રસિયાજી.
—દયારામ.

પાયલી, *s. f.* [See પા.] A silver coin equivalent to a quarter of a rupee.2. [See પ્યાલો.] A measure of about *four sheers.*

પાયલું, Same as **પાવલું.**

પાયો, *s. m.* [Dh. Des. पाया *fr.* S. पादाः the feet.] The bottom of a hill. 2. The foundation 3. The base. 4. A support. 5. A leg (of a thing). 6. A piece of wood used for washing clothes on.

Id. પાયો નાખવો-રોપવો To lay the foundation of. પાયો ટેરવવો Lit. To help in standing erect. 2. To recommend and obtain a footing for. એક પાયો ઓછો છે એવું, દોઢ પાયાનું હોવું To be half mad; to be a fool. પાયામાંથી ઉપડી જવું, પાયા ઉપડી જવા To be rooted out; to be extirpated. પાયા પાડવા To wash (clothes, &c.) by beating them with a piece of wood called ધોકણું.

પાયો, *s. m.* [See પા.] A fourth part.

પાર, *s. m.* [S.] The end; the bottom; the utmost reach or extent.

જેનું અન્ન ઊદર વશ્યું, લહો તીનો પાર રે. **—પ્રેમાનંદ.**

2. The opposite bank of a river.3. Protection.

જેને ઇચ્છા હોય, તે આવે તે પારે રે. **—ભાપો.**

4.*adv.*Over; across; right through; on; at; across to the other side.

Id. પાર કરવું-મેલવુંTo ferry over;to cross. 2.To finish; to conclude; to do away with. પાર પડવું-ઉતરવું To get safely out of or through; to be duly and fully executed or accomplised. પાર પાડવું-ઉતારવું To carry to a successful termination.-નો પાર લેવોTo know the end or aim of. પાર ન હોવો To be endless; to be interminable. પાર થવું=પસાર થવું, *v. i.* To decamp. પાર મૂકવું To go through; to conclude. વારનો પાર થયા There was a long delay. પાર પતવું To be finished.

Prov. આ પારકે પેલે પાર He will be a Cæsar or a nobody; Attempt not, or accomplish what you have in view.

પારકું, *adj.* [See પર another.] Foreign; not one's own. *Cf.* **પરાયું.**

Id. પારકું ધન A daughter. છોકરાંને પારકાં કરવા To give away children in marriage; to betroth children.

Prov. પારકી આશ સદાય નિરાશ Dependence upon others is a certain disappointment. પારકે પૈસે દીવાળી Cocks make free use of horse's corn. પારકાં છોકરાંને જોગી કરવાં To be liberal when one has nothing to pay from one's own pocket;to be liberal at another's expense. પારકે ઘેર પહોળા, ને પોતાને ઘેર સાંકડા To talk big in the case of others; to pretend to be liberal when others are to pay. પારકે ભાણે મોટા લાડુ The crow thinks her own birds the fairest : The wholesomest meat is at another's cost. પારકે રોટલે જાડી કોર No one cries ' Stinking fish.'' પારકા જશ અને પોતાનાં અપલક્ષણ ઢાંકી ન રાખ Search others for their virtues and thyself for thy vices. પારકાના પગ તળે બળે, તેના કરતાં પોતાને માથે બળે, તે જુઓ Reform those things

in yourself that you blame in other. પારકી ભૂલ પહેલી દેખાય, આપણી ભૂલ ના સમજાય Men's faults seldom to themselves appear. Our own opinion is never wrong. પારકી હવેલી દેખી, પોતાની ઝુંપડી ના તોડી પડાય Do not hate your things by comparing them with those of others. પારકા પેટ ઉપર પાટુ To be merry at the expense of others. પારકા તે પારકા, ને પોતાના તે પોતાના The natural feelings will at last assert their supremacy. પારકી ચેહમાં કોણ બળી મરે? = પારકી પીડા કોણ વહોરે? Who will trouble himself with what does not concern him? પારકી મા કાન વીંધે No one can be just in what concerns oneself. પારકી માના મળશો નહિ It is an evil day when one is placed at the mercy of strangers. પારકી લેખણ, પારકી શાહી, મતું કરે મારા માવજીભાઈ One is easily liberal with what does not concern oneself. પારકે ઓટલે બેસવું, ને વળી ખુંખારા કરવા No man can take advantage of his own wrong. પારકે પુત્રે સપુત્ર (થવાય નહિ) That is but an empty purse othat is full of other's money.

પારખ, *s. f.* [See પરખ, પરીક્ષા.] Examining; examination; test; appreciation.

પારખ-નાર, *s. m.* A critic; a tester; a judge; a connoisseur.

પારખ-વું, *v. t.* To examine; to try; to bring to the test. 2. To indentify; to recognize.

પારખું. *s. n.* Examination; test; trial.

Id. પારખું જોવું-લેવું To put to the test.

પારં-ગત, *adj.* [S. *fr.* પાર the other end +गत gone.] Well-versed; adept; expert.

પાર-ણાં, *s. n. pl.* [S. पार- , पारणा, *fr.* पृ to fill.]Eating after a fast; breaking a fast.

પાર-ણું, *s. n.* [See પાર-ણાં.] Eating after a fast; breaking a fast.

પાર-ણું, *s. n.* [S. पालन *fr.* पाल् to cause to protect *fr.* पा to protect.] A cradle.

Id. પારણું બંધાવવાં To bless with a child born after threatened sterility.

પારદ, *s. m.* [S.] Quick-silver; mercury.

પાર-દર્શ-ક, *adj.* [S. *fr.* પાર the other side+दर्श to show *fr.*दृश् to see.]Transparent.

પારધ, *s. f.* [See પારધી.] Hunting; fowling; shooting. 2. An animal pursued; game; a prey.

પારધી, *s. m.* [Hem. Des. पारद्धी *fr.* S. पापर्द्धि chase,hunting, *fr.* S. पाप sin +ऋद्धि increase.] A sportsman; a hunter;a fowler.

પારં-પાર, } **પારં-પારા,** } *adj.* [See પાર.] From one end to the other;right through;thoroughly.

પાર-વતું, *adj.*[+ વિના.]Endless;abundant.

પાર-વું, *v. t.* To pluck up the weeds; to weed.

પારસ, } **પારસ-મણિ,** } *s. m.* [S. स्पर्श touch *fr.* स्पृश् to thuch + મણિ.] The philosopher's stone.

પારસ-ણ, *s. f.* [Fem. of પારસી.] A Parsi woman.

પારસ-પીપળો, *s. m.* [S. स्पर्श + પીંપળો.] A kind of *pipal* tree. 2. A man dependent upon no one; a man of independent spirit. 3. A man not encumbered with a family or relations.

પારસ-વું, *v. t.* [See સ્પર્શ.] To touch; to rub

પારસાત, *prep.* [S. पार्श्वात *fr.* पार्श्व side.] From (Used in documents.)

પાર-સાલ, *s. m.* [See પર another, gone, + સાલ a year.] The last year.

પારસી, *s.m.* [S.पारसीक Persia.]A Pārsī.2. *s.f.* The conventional language of brokers used in secret commercial communications.

પારસે-આવ-વું, *v. i.* [See પારસો + આવ-વું] To be in heat (of a cow,a mare, &c.).

પારસો મૂક-વો, *v. i.* [S. प्र-स्राव flowing *fr.* प्र forth + स्रु to flow + મૂક-વું.]To let milk flow into the udders. (Said of a cow, &c.).

પારાણ *s. n.* [S. पारायण *fr.* પાર. the other side + अय-न going *fr.* इ to go.] Perusal; reading through. 2. Reciting through. (Used especially of a sacred book).

પારા-પાર, *adv.* [See પાર] From one side to the other; from one end to the other. 2. Fully; thoroughly.

પારાયણ, Classical form of **પારાણ.**

પારા-વાર, *s. m.* [S. પાર + અ-પાર.] The sea; an ocean.

પારાવાર ટિટોડીની, રહે કહી બાથમાં? —**વલ્લભ.**

પારાવાર, Same as **પારા-પાર.**

પારિજાત, } **પારિજાત-ક,** } *s. n.* [S. *fr.* परि about, foreign,+જાત born;this tree being imported by Krisṇa for his wife Satyabhāma from a foreign country,probably fic.a Malaya,of it is a native.]The coral tree.2. The name which of one of the five trees of paradise (supposed to have been produced at the churning of the ocean).

પારિ-તોષિ-ક, *s.n.* [S. *fr.* પરિ-તોષ.] That which gives satisfaction. 2. A reward.

પારિપત્ય, *s.n.*[Mar. *fr.*S. परि-पति a protector *fr.* परि=Gr. *peri* around + પતિ.] Punishment; chastisement.

પારિ-પાર્શ્વ-ક, *s. m.* [S. पारि-पार्श्व-क *fr.* परि=Gr.*peri* around + S. पार्श्व side.] An assistant of the manager of a drama on the stage.

પારિ-ભાષિ-ક, *adj.* [S. *fr.* પરિ-ભાષા.] Technical (of a term).

પારી, *s. m.* [P.] A son.

પારી, *s. f.* [S.See પૂર.]A flood of water.

પારી, *s. f.* [See પરાઈ.] A crowbar.

પારેઠ, *adj. f.* [S. પ-ચ્યુ-ત. See પારસો.] Not suckling her young (of a buffalo).

પારેવો, *s. m.* [S. पारावत] A dove; a pigeon.

પારો, *s. m.* [See પારદ.] Quicksilver; mercury. 2. Semen virilis. 3. A small bullet. 4. A bead. 5. A kind of necklace.

પારોઠ, *adj.* Decayed or decomposed by long disuse or by being long under water.

પારો-પાર, *adv.* [See પાર + P. व and+Redup.] From one end to the other; across through.

પારોપાર પડયાં વેણ, ખેંચી તે કાઢો સહુ. —**વલ્લભ.**

પાર્થિવ, *s. m.* [S. *fr.* પૃથિવી.] An emblematic representation of Shiva made of earth or clay. 2. A king; a sovereign.

પાર્ષ-દ, *s. m.* [S. *fr.* पार्श्व+दा to give.] An attendant.

પાલ, *s. m.* [See પાલો.] Tender shoots.

પાલ, *s.m.*[See પાળ, પાર, a bank.]A cloth curtain which serves as the wall of a tent.

આકણ્ંતિ તાણી (ધનુષ), સાંઢયા પાલ ઘણા મોઝાર.

—**વીરજી.**

પાલ, *s. m.* [S. पल्लव પાલો, leaves.] A country abounding with trees, the leaves of which fall into the water and make the country unhealthy.

પા-લ, *s. m.* [S.*fr.* पा-ल to cause to protect *fr.* पा to protect.] A protector. (Used at the end of a compound., *e. g.*, **ભૂ-પાલ.**)

પાલ-ક, *s. m.* A protector; a guardian. 2. *s. f.* A protectress; a female guardian.

પાલખ, *s. f.* [Hem. Des. पाडुकी=S. क्षतेशिबिका a litter for the wounded,*fr.* S. पर्यङ्क. See પલંગ.] A cradle. 2. A scaffolding.

પાલખી, *s.f.* [See પલંગ.] A palanquin; a litter; a kind of conveyance of state.

પાલખી-પોસ, *adj.* [+ पुष्टदिन्= S. पुष to nourish] Sitting in a palanquin.2.Carrying as in a palanquin (a trick in a game for children).

પાલટ-વું, Same as **પલટ-વું** To change.

પાલટી પીઝ નિજ નામ નિહાળો. —**નિરાંતભક્ત.**

પાલટો, *s. m.* [S. पर्यस्त thrown about *fr.* परि about + अस् to throw.] A return; a recompense.

પાલ-ણ, } **પાલ-ન,** } *s. n.* [S. पाल-न See પાલ-ક.] Preserving; nourishing;protecting; maintenance; supporting.

Id. પાલણ પોષણ Nourishing; rearing; keeping and feeding.

પાલવ, *s. m.* [S. पल्लव. See પાલો.] The skirts or hem of a garment. 2. A tuft of foliage; a cluster of shoots or sprouts. 3. Support.

Id. તેને પાલવે પડયો છું I humbly depend upon him; he is my patron.

પાલ-વ-વું, *v. i.* To be able to afford or sell; to be able to bear the expense or cost.

પાલિ-યું, *adj.* [See પાલ, પાલો.] Affected by the decomposition of leaves (પાલો)(of water).

પા-ક્ષી, *s. f.* [Hem. Des. पारि=S. दोहन-भाण्डम् a milking vessel.]Any measure of capacity. 2. A measure of four *Sheers* (lbs.)

પાલીશ, *s. n.* [Eng. *Polish.*] Polish.

પાલું, *s. n.* [See પાલવ wall of a tent.] A space enclosed by strips of matting and light sticks.

પાલું, *s. n.* [See પાલો.] A temporary shed generally made of leaves.

Prov. પેટ જેવું પાલું, તેને કોઈ ના વહાલું Hungry men are pitiless.

પાલે-આર, *s.m.* [See પાલ-ન + કાર, ગાર, P.] A protector; a leader.

પાલો, *s. m.* [S.पल्लव.]Leaves; bunches of leaves; foliage; herbage. 2. Snow; ice.

Id. ભાજી પાલો Leaves used for food. ઝાડ-પાલો Leaves and trees, &c.

પાલો-રિ-યું, *s. n.* A bunch of thorns.

પાવ, *s. m.* [See પાદ, પા.] A fourth part; a quarter.

પાવ પલકકી ખબર નહિ, કરે કલકી આશ,
જીવ ઉપર જમડા ભમે, જ્યમ તેતર ઉપર બાજ.

You do not know what will happen in the twinkling of an eye; Death watches his time to catch you, as does the hawk his prey. —ભાણ.

પાવ-ક, *s. m.*[S. *fr.* पू to purify.] Who or what renders pure. 2. Fire; the deified personification of Fire.

પા-વટ-ડું, *s.n.* [See પાય + વૃત્તિ + ડું.] The sole of the foot.

ફાગણે ફાગ ખેલે ગોવિન્દા, પગરે પાવટડે હરિ લીલાટ ચંદા.
—તુળસી-વિવાહ.

પા-વડિ-યો, *s.m.* [See પાય, પાદ, + વૃત્તિ.] A menial servant accompanying a band of actors. 2. A particular religious sect.

પાવ-ડી, *s.f.* [+ડી dim.] A kind of wooden shoes; sandals. 2. A weaver's pedal. 3. A certain wooden instrument used in gymnastic exercises. 4. A small hoe.

પાવ-ડું, *s. n.* Same as **પાવ-ડો** A step.

પાવ-ડો, *s.m.* An iron step of a carriage. 2. A stirrup. 3. A spade. 4. A notch cut in a tree, by which to climb; a foot-stay; a pedal. 6. A leg.

પાવ-તી, *s. f.* [See પામ-વું.] A receipt.

Id. પાવતી લેવી To take a receipt. પાવતી આપવી To give a receipt.

પાવ-ન, *adj.* [S. *fr.* पू to purify.]Purifying. 2. Pure; clean; free from ceremonial defilement.

Id. ઘર પાવન થવું (Said when a distinguished man takes the trouble of visiting one's house.)Your visit is an honour to me.

પાવરધું, *adj.* [P. पर्वर्द: brought up, experienced, *fr.* पर्वर्दन् to nourish=S.परि around +वृध्, वर्ध्, to increase.] Clever; cautious; circumspect.

પાવરો, *s. m.* [See પાવ-ડો.] A horse's mouth-bag.

પાવ-લિ-યો, *s.m.* The foot (Used in affection or reverence).

પાવ-લી, *s. f.*
પાવ-લું, *s. n.*
પાવલો, *s.m.*
} [See પા.] A quarter of a rupee; a four-anna piece.

પાવ-લું, *s.n.* [See પગ, પાય.] The foot.

દામોદર દુખડાં કાપો રે, પાવલે લાગું. —દયારામ.

પાવ-લો-પા, *interj.* [See પગ, પાય.] An expression used in playing with a child placing its feet on the speaker's feet.

પાવ-લાં, *s.n.pl.* A kind of shoes.

પાવસ, *s. m.* [Mar. पाउस *fr.* S. प्रावृष् *fr.* પ્ર +આ वृष् to rain.] Rain.

પાવણી-યો, *s.m.* One who plays on drums before a demon-exorcist.

પા-વું, *v. i.* [Caus. of પી-વું.] To give to drink. 2. To water (cattle, &c.).

પા-વું, *v.t.* [S. प्र forth + आप् to obtain. See પામ-વું.] To get; to obtain.

પાવૈ, *s. f. s. m.* [Hem. Des. पोअंडो = S. षण्ढ: a eunuch.] Masc. of **પવૈ** A eunuch; a hermaphrodite.

પાવો, *s.m.* [Mar. पावा flute; or See વાંસ-ળી.] A fife; a pipe; a flute.

પાશ, *s. m.* [S.] A noose; a running knot; a tie or confining cord. 2. A tie. 3. An allurement; enchantment.

પાશ,
પાસ,
} *s. m.* [See પાસું.] An effect of

contact or accompany.

પાશ-ળી, *s. f.* [See પાસું, પાંસ-ળી.] A rib.

પાશા-તાણિ-યો, *s. m.* [See પાશો+તાણ-વું.] One who draws silver into wire.

પાશિ-યું, } **પાસિ-યું,** } *s.n.*[See પાસું a side.]A scythe having a sharp edge on one of its sides only.

પા-શેર, *adj.* [See પા+શેર.] A quarter of a *Sheer* (lb.).

પા-શેરો, *s. m.* A weight of a quarter of a *Sheer* (lb.).

Prov.પાશેરામાં પહેલી પૂણી This is only the beginning of a long tale or account.

પાશો, *s. m.* [See પાસો.] A silver ingot.

પાષાણ, *s. m.* [S.] A stone; a rock.

પાષાણ-ભેદ, *s. m.* [+ભેદ.] A sticky substance issuing from splits in rocks.

પાસ, Same as **પાસે.**

પાસ, *s. m.* [See પાસું.] The effect of being placed by the side of; an effect of contact or company. 2. The udders of a cow, &c.

Id.–નોપાસ લાગવો–બેસવો To be influenced by the contact or company of.ભેંસ પાસ ચોરે છે=ભેંસ પાસ મૂકતી નથી The she-buffalo does not yield milk.

પાસ, *s. m.* [Eng. Pass.] A pass; a passport.

Id. પાસ મેળવવો To get a passport.2. To get permission.

પાસ, [Eng. Pass, Passed.] Same as **પસાર.**

પાસ-લો, *s. m.* [See પાસો.] A nugget of gold or silver having the form of a die.

પાસ-વું, *v. t.* [See પાસ, પાસું.] To submit to the operation of an acid.2.To make bright.

Prov. પાસે, તે રંગે He who has begun, must finish.

પાસા-બંડી, *s. f.* [See પાસું+બંડી.]A waistcoat having strings at the sides to tie it with.

પાસું, *s.n.* [Dh. Des. पासा *fr.*S. पार्श्व side.] A rib. 2. The side. 3. Side; cause; partisanship.

છે કુન્તીજી સાસુ,ભોજકુળ પાસું;તુંરોહ્ય તપાસું,તો બડકું.
—પ્રેમાનંદ.

Id. પાસું બદલવું-ફેરવવું To turn on the side. 2. To turn the side of. રોગનું પાસું The effects of a disease. પાસું વાળીને સુવું To lie down at one's ease. પાસું સેવવું To gain the protection of; to be a partisan of; to have recourse to.

પાસે, *prep., adv.* [S. पार्श्वे in the side. See પાસું.] By the side of; near; nigh;close to. 2. With; having; possessing. 3. From. 4. To. 5. By; about; at; with.

પાસો, *s. m.* [S. पाश.] A die.

Id. અવળો પાસો પડવો To fail. સવળો પાસો પડવો To be successful. પાસો ચઢવો To be on the ascendant; to be rising.પાસો નાખવો Lit. To throw the dice (in a game). 2. To try one's fortune. 3. To engage oneself in an enterprise. પાસો જાણવો To know the secret steps of a plot or scheme.

પાસ્તર, *s. n.* [See પેસ્તર.] The second crop in a field.

પાહડી, *s. f.* [See પાડી.] A sheep that has not given birth to a young one.

પાહણ, *adj.* Produced after the proper season (of a crop).

પાહો-વાડિ-યાં, *adj. n.pl.* [See પાસું+વૃત્તિ, S. बाट, વાડી.] Neighbouring; adjoining; situated in the neighbourhood.

પાળ, *s. f.* [S. पालि, पाली.] Margin, edge, brink. 2. A parapet or marginal wall; a side. 2. The raised edge of the mouth of a hand-mill.

Id. પાણી પહેલાં પાળ બાંધવી Provide yourself with a remedy for the coming danger.

પાળ-ક, Same as **પાલ-ક.**

પાળ-ણ, Same as **પાલ-ન, પાલ-ણ.**

પાળ-વું, *v.t.*[S. पा-ल् to cause to protect *fr.* पा to protect.] To protect; to preserve. 2. To feed; to nourish; to foster. 3. To tame. 4. To keep; to maintain; to hold in violate. 5. To be wholesome, or beneficial to; to agree with (of water, climate). 6. To suit; to be convenient to.

Id. પાળી પોષીને મોટું કરવું To bring up; to rear.

Prov. પાળે, તેનો ધર્મ Religious faith is a question of concience.

પાળિ·યું, *s. n.* [See પાળ.] A large number of plots of cultivated ground.

પાળિ·યો, *s. m.* [See પાળ·વું.] A memorial erected in honour of a brave man on the spot where he died.

પાળી, *s. f.* [S. परि·पाल् to wait for *fr.* पा to protect.] A turn; a recurring season; an alternation.

પાળી, *s. f.*[Dh. Des. पालि·या *fr.* S. पालि·का a sword-hilt. S. पाली.] A knife.

Prov. કાપે તેને પાળી કહે છે, એવી દુનીયા આડી People are so perverse as to give the name પાળી (a protecting intrument) to a cutting instrument.

પાળું, *adj.* [See પાય, પગ. *Cf.* પાય-દળ, પ્યા·દલ.] Walking on foot; pedestrian.

પાળો, *s. m.* [See પાળ.] An encircling body or line. 2. A drop of dew.

જેમ રે પાળો, ઉદકથી જામ્યો,
તેને શબ્દ સૂરજ રૂપી,યો ફિરી ધામ્યો.—**ભોજોભગત.**

પાળો, *s. m.* [See પાળું.] A foot-soldier; a footman. 2. A band; a troop; a party; a company.3.A flock; a herd 4. *adv.* A-foot; on foot.

પિંખ·વું, *v.t.* [S. अप·स्किर·ति *fr.* अप down+ कृ to scatter; or S. पिष्, पिंष्, to grind.] To disperse; to scatter.2. To ransack;to rummage. 3. To tease; to vex.

પિંગળા, *s. f.* [S. पिङ्गला.] A particular vessel or tube of the body, which is the chief passage of air and breath.

પિંજ·ણ, *s. n.* [See પિંજ·વું.] Carding (of cotton, &c.). 2. A long and tedious discourse; a rant; a rigmarole.

પિંજ·ણિ·યો, *s. m.* }
પિંજ·ણી. *s. f.* } A particular part of a cart.

જૂની વે'લ્ય, ને ધૂસરી વાંકી. સાંગી સોટા ભાગી છે;
કોના તળાવા,ને કો પિંજણિયો?બળદ આવ્યા બે માગી છે.
—**પ્રેમાનંદ.**

પિંજ·ણી, *s. f.* [See પિંજ·વું.] A carding instrument, 2, The manner of carding.

પિંજર, }
પિંજરું, } Same as **પાંજરું** A cage.

પિંજ·વું. *v. t.* [S. पिञ्जा cotton.] To card; to comb.

પિંજા·મણ, *s. n.* }
પિંજા·મણી, *s. f.* } The manner of carding. 2. Wages paid for carding.

પિંજા·રી. *s.f.* The wife of a **પિંજારો**. 2. A woman who cards cotton or wool.

પિંજા·રો, *s. m.* A carder of cotton.

પિંડ·લો, *s. m.* [See પિંડ.] A round lump of clay or moistened flour.

પિંડારો, *s. m.* [Dh. Des. पिंडलइयं the principal part; Hem. Des. पेंडारो = S. माहिषीपालः, गोपालः, a cow-herd; *fr.* S. पिण्डार *fr.* पिण्ड the chief part+हार one who takes away. *fr.* हृ, हर्, હરવું, to take away.] A herdsman. 2. A plunderer; a bandit; a robber.

મૂક્યા પિંડારિયા પ્રેરી, રાધાને લીધી ઘેરી.—**પ્રેમાનંદ.**

પિંઢારિ·યું, *s. n.* [See પિંડ·લો.] A mud-house.

પિક, *s. m.* [S.] The Indian cuckoo.

પિક, *s. f.* [Imit.] Spittle; saliva. 2. Juice of betel-leaf chewed and spit out.

કહો, શાને મુખ લોહું મુજ છેડલે;
જુઓ રંગ લાગ્યો તંબોળની પિક જે.—**દયારામ.**

પિક·દાની, *s. f.* [+ P. दाश्तन्=S. धृ, धा र्, to hold.]A vessel made to hold spittle;a spittoon.

પિખ·વું, *v. t.* Same as **પિંખ·વું**.

પિ·ગળ·વું, *v. i.* [S. अपि around, from,+ ગળ·વું] To be melted; to be fused; to be dissolved; to be softened.

પિંગળ. *s. n.* [S. पिङ्गल Name of the author of an ancient work on Sanskṛit prosody.] A treatise on prosody.

Id. પિંગળ કરવું To enlarge upon; to dilate upon. 2. To expand (a theme, a subject). 3.To make a long speech on a small matter.

પિંગાણી, *s. f.* [See પિક·દાની.] A cylindrical vessel.

પિચ·કારી, *s. f.* [Guj. પિચ Imit.= પિક+S. कार showing the sound of the preceding letters *fr.* कृ to do.] A syringe;a squirt.2. A stream spouting out forcibly.

Id. પિચકારી મારવી To syringe. પિચકારી મારવી-છોડવી To urinate (vulgar).

પિચ્છ, Same as **પીછું**.

પિચ્છો, Same as **પીછો**.

પિછાન, *s. f. n.* [Dh. Des. पिच्छ=S.प्रेक्ष्‌·स्व *fr.* S. प्र forth + ईक्ष्‌ to see.] Knowledge; acquaintance with; familiarity. 2. Distinguishing; recognizing.

પિછાન·વું, *v. t.* [Dh. Des. पिच्छइ *fr.* S. प्रेक्ष·ते he sees *fr.* प्र forth+ईक्ष्‌ to see.] To recognize. 2. To know throughly.

પિછોડી, *s. f.* [Hin. पीछे, પાછું, back, again, +ઓઢ·વું to wear, to put on; or S. वृ·ति a covering *fr.* वृ to cover,] A sheet. 2. A scarf; a covering for the shoulders.

Id. પિછોડી ઓઢવી To cover oneself with a sheet. 2. To declare oneself as insolvent.

Prov. પિછોડીમાં પાચ્છેરી ઘાલીને મારે, તે ખોટું Beware of a silent dog and still water.

પિછોડો, *s. m.* A large **પિછોડી**.

પિંજર, Same as **પાંજરૂં** A cage.

પિટ·વ·વું, } *v. t.* [Caus. of પિટ·વું.] To
પિટા·વ·વું, }
cause to beat.

Id. ઢંઢેરો-ઢાંડી પિટવવી To send a drummer round the town beating a drum; to issue a proclamation; to give a public notice by beat of drum.

પિટ·વું, } *v. t.* [S. पिष्ट ground *fr.* पिष्‌ to
પીટ·વું, }
grind, to crush.] *To beat or strike the breat (as in mourning, &c,). 2. To beat (a drum) with force, *Cf.* **ટીપ·વું**.

Id. ઓસલો પિટવો To beat the breat (used by women as a term of abuse.) માથું પિટવું To beat the head. 2. To vex; to put to mental trouble.

પિટા-પિટ, *s. f.* Repeated beating of the breast (as in mourning).

પિણ્ડ, *s. m.* [S.] A lump; a quantity; a collection. 2. A ball of cooked rice (given as an offering to the dead); the funreal cake. 3, The body.

Id. પિણ્ડ મૂકવો-આપવો To perform a ceremony for the benefit of a dead person.

પિણ્ડ-જ્ઞાન, *s. n.* [S. *fr.* જ્ઞાન.] The Science of Anatomy.

પિણ્ડ-જ્ઞાની, *s. m.* An anatomist.

પિણ્ડ-રોગી, *adj.* [See પાણ્ડુ+રોગ.] Suffering from poor blood; pale.

પિણ્ડ-રોગી, *adj.* [From a confusion of પાણ્ડુ (pale) and પિણ્ડ (the body).] Sickly from birth.

પિણ્ડાર, Classical form of **પિંડારો**.

પિણ્ડી, *s. f.* [See પિણ્ડ.] The calf of the leg.

પિણ્ડું, } *s. n.* A small ball of thread.
પિણ્ડ·લું, }

પિણ્ડો, *s. m.* A large ball of thread.

પિતર, *s. m. pl.* [S. पितृ father *fr.* पा to protect.] The deceased and deified progenitors of mankind; the manes. 2. Ancestors.

પિતરા·ઈ, } *adj.* [S. पितृ·व्य·ज born of the
પિતરા·યું, }
paternal uncle *fr.* पितृ·व्य paternal uncle *fr.* पितृ father + जन्‌ to be born.] Of or relating to a paternal uncle. 2. Born of the same ancestors.

પિતરા·ણી, } *adj. f.* Married to the
પિતરે·ણ, }
members of one's family (of a woman).

પિતા, *s. m.* Father.

પિતામ્બરી, *s. f.* [See પીતામ્બર.] An inferior or small silk **પીતામ્બર**.

પિતા-મહ, *s. m.* [S. See પિતા + મહા.] The paternal grandfather. 2. An epithat of Brahmā.

પિતૃ, *s m.* Sk. base of **પિતર**, **પિતા**.

પિતૃ-ઋણ, *s. n.* [S. *fr.* + ઋણ.] The duties incumbent upon the son in return for life and other benefits received through his father. 2. The debts contracted by one's ancestors.

પિતૃ-પક્ષ, *s. m. n.* [+પક્ષ a fortnight.] The dark fortnight of Bhādrapada (Sept.-Oct.) appointed as the time for the Shrāddha ceremony to the manes of the dead.

પિતૃ-ભક્તિ, *s. f.* [S. *fr.* + ભક્તિ.] The son's duty to his father.

પિતૃ-લોક, *s. m.* [S. *fr.* + લોક.] The

region or heaven inhabitated by the પિતર (manes.)

પિતૃ-હત્યા, *s. f.*[S. *fr.* + હત્યા.]Parricide.

પિત્ત, *s. n.* [S.] One of the three humours of the body (the other two being વાત and કફ); bile; the bilious humour. 2. Choler; irascibility.

Id. પિત્ત ચઢવું To be affected by bile. પિત્ત માથે ચઢવું To be affected by bile in the head.2. To be angry.પિત્ત ઉતરવું-બેસવું To be free from the effects of bile. 2. To be free from anger; to be cool or quiet after an angry mood.

પિત્ત-જ્વર, *s. m.* [S. *fr.* + જ્વર.] A fever caused by an excess of bilious humour.

પિત્ત-પ્રકૃતિ, *s. f.*[S. *fr.* +પ્રકૃતિ.]A bilious temperament.

પિત્ત-વાયુ, *s. m.* [S. *fr.* + વાયુ.] Flatulence arising from the vitiation of bilious humour.

પિત્ત·ળ, *adj.* Bilious; fiery.

Id. પિત્તળ સ્વભાવનું Of a bilious temperament; irritable; peevish.

પિત્તળ, પિતળ, } *s. n.* [S. पित्तल.] Brass.

પિત્તાશય, *s. m. n.* [S. *fr.* પિત્ત + આ·શય an abode.] The receptacle or seat of bile; the liver.

પિત્તો, *s. m.* Same as **પિત્ત**. 2. The gall bladder.3. Choler; anger; ire; rage.

Id. પિત્તો ખસવો-હાથમાંથી જવો To be beyond one's control (of temper, anger).

પિધે·લ, *adj.* [See પી·વું.] Intoxicated; tipsy; drunk.

પિનાક, *s. m.*[S.] The bow of Shiva. 2. The trident of Shiva.

પિપર, *s. f.* [S. पिप्पली=L. *piper.*] Long pepper.

પિપરી-મૂળ, *s. n.* [+ મૂળ.] The root of *Piper-Dichosomum.*

પિપળો, *s. m.* [S. पिप्पल.] The holy fig tree; *Ficus religiosa.*

Id. પિપળે દીવો કરવો Lit.To make known from the top of a pipal tree; *Cf.* To declare from the house-top. પિપળો ઊગવો To be childless. પિપળો ફાટવો To be hold (of a large gathering of Brahmans).

પિ·પા·સા, *s.f.*[S.*fr.* पा to drink.]Thrist.

પિમળ, *s. f.* [S. परिमल.] Fragrance.

પિમળ·વું, *v. i.* To give out fragrance or a sweet odour.

પિયર, પિયેર, } *s.n.* [Hem. Des.पिउहरं *fr.* S. पितृगृह. See પિતા + ગૃહ.] The paternal mansion of a marriage girl.

Id. પિયરની સબધી-પનોતી A happy condition at the house of a married woman's father.

જે પિયર પનોતી હોય સુન્દરી,તે તેને ઘણું ધન સાથ છ.
—ગિરિધર.

પિયરિ·યું, પિયેરિ·યું, } *s. n.* A relative of a married woman on her parents' side. 2. *adj.* Of or relating to **પિયર**.

પિયારૂં, Same as **પાર·કું** Pertaining to another person or a stranger.

છે રે પિયારી,ને લેખે પોતાની,આપે લેછે એતો ઉધારી રે.
—ભોળો ભગત.

પિયળ, *s. f.* [Dh. Des. पेलवं *fr.* S. पेलवम् soft, delicate.] Painting the forehead of women with beautiful colours.

પિયુ, *s. m.* [S. प्रिय *fr.* प्री to please.] A lover; a gallant;sweet-heart.2. A husband.

પિયુખ, Same as **પીયૂખ**.

પિયુ·ડો, Same as પિયુ.(Used in endearment.)

પિરસ·ણુ, *s. n.* [See પિરસ·વું.] Prepared food served at dinner.

Id. પિરસણું મોકલવું Sending dishes fully served to persons, who do not go to a dinner party.

પિરસ·વું, *v.t.*[S. परि·वेष·ण *fr.*पार= Gr. *peri* around+विष् to pervade,to eat.]To serve out meals;to present or offer food the diners.

પિરોજ, *s. m.* [P. फिरोज़] Turquoise;a sapphire.

પિરોજું, *adj.* Having the colour of a sapphire.

પિલ-વણ, *s. f.* [S. पेलव delicate + वन a forest.] A kind of forest tree.

પિલ-વું, *v. t.* [S. पीड्. See પીડ-વું પીલ-વું.] To press; to squeeze. 2.To force out;to express. 3. To crush; to trample upon; to torture.4. To wrench; to wrest; to wring out; to extort.

Id. અવળી ઘાણીએ પિલવું To torture; to torment.

પિલા-વું, *v. i.* To be crushed; to be tortured; to suffer a lingering pain.

પિલુ, *s. m.* [S. पेलव delicate.] A musical mode.

પિલુ, *s.n.*The foot of the tree **પિલ-વણુ.**

પિલો-ડિ-યું, *s. n.* [See પીલો.] A sprout shooting from stalks of Bājrī, &c.

પિલ્લું, *s. n.* [See પિણ્ડ + ડું, લું, ડું, dim.] A small ball of thread.

પિશ-વી, *s. f.* [See P. પેશ inside.] A bag. 2.Loose trousers,specially those worn by Musalman women.

પિશાચ, *s. m.* [S.] A devil; a ghost; an evil spirit; a goblin; a fiend.

પિશાબ, *s. m. f.* [P. पेश front + आब=S. अप् आपः, water.] Urine.

Id. પિશાબ કરવો To urinate. પિશાબ થવો To urinate involuntarily. પિશાબ થઈ જવો To be terrified. હું તો એના ઉપર પિશાબ એ ન કરૂં I shall have nothing to do with him (vulgar).

પિશુન, *s. m.* [S.]A tale-bearer; a telltale.

પિષ્ટ, *s. n.* [S. पिष्ट, પિસ-વું.] Corn, &c., ground into flour; flour.

પિષ્ટ-પેષ-ણ, *s. n.* [+ S. पेषण grinding.] Lit.Grinding that which has been already ground. 2. Repetition.

પિસ-વું, *v. t.* [S. पिष्.] To grind; to reduce to powder in a mill.

Id. ઘઉં પિસવા To grind wheat. દાંત-હોઠ પિસવા To gnash the teeth.2. To lose one's temper.

પિસવો, *s.m.* A whistle made of clay.

પિસ્તાળીસ, *adj.* [See પાંચ + ચાળીસ.] Forty-five; (45).

પિસ્તોલ, *s. f.* [Eng. *Pistol.*] A pistol; a revolver; a small hand-gun.

પિહેરિ-યું, Same as **પિ-યરિ-યું.**

પિળ, } *s. f.* [See પિળવું, પિચળ.] A mark
પીળ, }
made on the forehead by women on auspicious occasions.

શત ગાડાં સરપણ તણાં, જોજન કીધી જ્વાળ;
કુમકુમના હાથા કરે, કરી પીળ કપાળ.—**સામળભટ.**

પિળ-ચટું, *adj.* [See પીળું+ચાટ-વું to lick; or ચટ્ટો a spot.] Yellowish.

પિળ-વું, *v.t.*To colour with કંકુ;to colour yellowish red. 2. To spoil; to dirty.

પિળા-ટ, } *s.f.*Yellowishness;paleness.
પિળા-શ, }

પિળિ-યું, *s. n.*A garment, coloured yellow with turmeric, worn by the bride on the marriage ceremony.

પીંખ, *s. f.*[See પિંખ-વું.]Scattered state. 2. Ransacking; rummaging. (Generally used as **ચૂંથ-પીંખ**).

પીંછ, Same as **પીંછું.**

પીંડો, *s. m.* Same as **પિણ્ડો.** *Cf.* **પેંડો.**

પીંઢારો, *s. m.* [S. पिण्डार a religious beggar *fr.* पिण्ड a ball of rice + हृ, हर, हार, carrying.] A free-booter.

પી, *interj.* [Imit.]Fie ! Oh,fie ! Shame ! 2. *s. f.* Ignominy; infamy.

પીછ, Same as **પીછું.**

પીછી, *s. f.* [Hem. Des. पिच्छी=S. चूडा the crest.] A brush;a switch. 2. A fly-whisk made of feathers. 3.A bundle of peacock's feathers.

પીછું, *s. n.* [S. पिच्छ.] A feather.

Id.પીછાનું પારેવું કરવું To make a mountain of a mole hill. પીછું ખેંચવું-ફેરવવું-મારવું To sign a document without taking care to know what it is about. પીછું ઘાલવું To throw an obstacle in the way of.

પીછો, *s.m.* [See પાછું.] Pursuing; pursuit. 2. Persecuting; persecution.

Id. પીછો લેવો-પકડવો To follow with perseverance. 2. To persecute without intermission.

પીટ-ણી, *s. f.* [See પીટ-વું.] Beating or striking the breast (in mourning).

પીટ-વું, } Same as **પિટ-વું.**
પીટી નાખ-વું, }

પીટ્યો, *adj. m.* Dead (used by women in abusing a man).

પીઠ, *s. f.* [Hem. Des. पिट्ठ प॰ठुं पुट्ठं, *fr.* S. पृष्ठ.] The back.

Id. પીઠનું જોર Strength owing to the porters who stand behind the scene; support. પીઠ ઠોકવી–થાબડવી To stroke on the back out of fondness; to praise and encourage. પીઠ ઉઘાડી પડવી To lose one's supporter or assistant. 2. To have no one to help; to be helpless. પીઠ ચોરવી To retreat; to shrink from; to be afraid of. પીઠ ઢાંકવી To cover the rear on a battle-field. 2. To help. પીઠ–કેડી ધરવી To run to the help of;to help. પીઠ પર હાથ ફેરવવો To encourage; to comfort;to console. પીઠ પાછળ મૂકવું To postpone. પીઠ પૂરવી To covor the rear of;to help. પીઠ ફેરવવી To turn one's back upon. 2. To abandon; to forsake. 3. To go over to the opposite party. પીઠ બતાવવી To run away from. (કામની) પીઠ ભાંગવી To perform the most difficult part of a work. પીઠ લેવી To pursue. 2. To be urgent in soliciting. 3. To harass. પીઠે કાળજું હોવું To have a stout heart; to have courage. પીઠે પેટ ચોંટેલું To be lean. 2. To be starved.

પીઠ, *s. n.* Same as **પિષ્ટ** Flour.

પીઠ, *s. f.* [Dh.Des. पीठ *fr.* S. पीठ a seat Or. S. पिटक a granary.]A market for selling corn. 2.A market.3.The state of the market; the market-rates.

પીઠિ-કા, *s. f.* [S. *fr.* पीठ a division of a book.] A chronological account; a narration. 2. Pedigree; lineage.3. A whole race; a series of generations.

પીઠી, *s. f.* [S. पिष्ट flour *fr.* पिष् to grind. See પિસ-વું.] A yellow fragrant powder applied to the bodies of the bride and bridegroom in the marriage ceremony.

Id. પીઠી ચોળવી To apply a yellow fragrant powder to the bride and bridegroom in the marriage ceremony.

પીઠું, *s. n.* [See પિષ્ટ.] Flour of **અડદ** made for a particular preparation.

પીઠું, *s. n.* [See પીઠ a market.]A liquor-shop;a public-house; a tavern. 2. Same as **પીઠ** A market.

પીડ, Same as **પીડા**.

પીડ, *s. m.* [See પીઠ.] Same as **પીઠ**.

પીડ, *s. f.* [See પિષ્ટ.] A substance applied to the teeth to colour them.

પીડ-વું, *v. t.* [S. पीड् to give pain to.] To give pain to; to afflict. 2. To trouble; to harass;to ill-treat.3.To bore;to plague.

પીડા, *s. f.* Pain; anguish; torment. 2. Trouble; vexation.

Id. પીડા ગઈ–પડી A good riddance for bad rubbish.

પીડા-કર,
પીડા-કાર-ક,
પીડા-કારી, *adj.*[S.*fr.*+કર-વું.]Noxious; injurious; hurtful.

પીડા-વું, *v. i.* To be in paid or trouble; to be ill; to be afflicted.

પીડિ-ત, *adj.* Pained; tormented; afflicted; distressed.

પીઢ, *s. f.* [See પીઢિ-યું.] A grinding tooth; a grinder.

પીઢિ-યું, *s. n.* [S. पीठ a stool.] A beam on which the planks of the floor are fixed.

પીઢિ-યું, *s. n.* [+ *Cf.* પીઢ.] Grinding tooth; a grinder. 3. The flesh that covers the lower part of the teeth; the gums.

પીત, *adj.* [S.] Yellow.

પી-ત, *s. n.* [S. = drunk, soaked with water, *fr.* पा drink.] Vegetable grown by irrigation.

પીત-કોડી, *s. f.* A kind of little black bird.

પીત-પાપડો, *s. m.* [See પિત્ત bile +પાપડ.] A kind of medicinal plant.

પીત-વાડો, *s. n.* [S. पीत drunk *fr.* पा to drink + वाट, **વાડો**, a region.] A field from which crops are obtained both in dry and wet seasons; a field watered in the dry season.

પીતળ, Same as **પિત્તળ** Brass.

પીતામ્બર, *s. n.* [S. *fr.* पीत, **પીળું**, yellow +अम्बर cloth.]A yellow silk loin-cloth.2. A silk loin-cloth of any colour.

પીતું, *s. n.* [See પૈતુ a circle.] The circular spot from which marbles are thrown in the game.

પીધુ, Past *part.* of **પી-વું** to drink.

પીન, *adj.* [S. *fr.* प्याय् to grow.] Fat; plump; fleshy. 2. Much; great.

પક્ષ દિન બન્ને હુવા, દુઃખ પીન આવી પડ્યાં;
અંશ હીન એક ઘાડી લેઈ કાળ હાંકતો. —**વલ્લભ.**

પીપ,
પીંપ, } *s. f. n.* [Portug. *pipa*=Eng. pipe.] A cask; a barrel; a hogshead. 2. A tub to keep water in.

પીપર, *s. f.* [S. पिप्पली.=Gr. *peperi.*]*Piper Dichotonium*; long pepper.

પીપળ, *s. m.* [S. पिप्पल.] A kind of tree held in reverance by Hindus.

પી-પી, *s. f.* [Imit. See પી.] A pipe; a mouth-piece;a fife.2. Ignomity;infamy.

પીપુ-ડી, *s. f.* A pipe; a mouth-piece.

Id. પીપુડી વગાડવી To play on a fife.2. To play the same tune with; to agree with as a matter of courtsey; to agree with a person in an order to please or flatter him.

પીમળા-ટ,*s. m.f.* [See પિમળ-વું, પરિમલ, + વૃત્તિ.] A strong fragrant smell.

પીયળ,
પિયળ, } *s. f.*[See પીળુ', પિળ-વું.]Besmearing the forehead of women with a red ointment or auspicious occasions.

પીયૂષ, *s. n.* [S.] The food of gods; ambrosia; nectar.

પીયો, *s. m.* [S. पीला.] The mucus or gum of the eye.

પીર, *s. m.* [P.] A Muhammadan saint.

Prov. પીરનો મહિમા મુજાવર વધારે The leader's glory is magnified by his followers.

પીર, Same as **પીડ, પીડા**, Pain.

દયા કરો દરિયાળ, ધીર વીર પીર-હારી. —**વલ્લભ.**

પીલ-વું, Same as **પિલ-વું** To press.

પીલુ-ડી,*s.f.* [Dh.Des. पीलु *fr.* S. पील a medicinal plant.]A kind of plant growing in a bush and bearing golden berries(**પીલુ-ડાં**).

પીલો, *s. m.* [See પાલો, પલ્લવ.] A sprout; a shoot.

પી-વું, *v. t.* [S. पा to drink.] To drink, 2. To tope; to tipple; to soak.3. To inhale; to smoke; to draw (tobacco).4. To absorb; to swallow up. 5. To trifle; to smother. 6. To endure quietly; to stomach affronts.

Id. ચલમ-બીડી-તમાકુ પી૰ To smoke a pipe, &c. ધોળીને પી જવું To disregard the authority of.

પીસ-વું, Same as **પિસ-વું** To grind; to crush.

મેઘનાદ માર્યો મારૂતી, પીસી લીધા પ્રાણ. —**પ્રેમાનંદ.**
આંહીં ત્યાંહીં પર્ણ-કુટી બાળી કર પીસે. —**એજન.**

પીળા-ક, *s. f.*[See પીળુ+ક dim.] Paleness.

પીળા-વું, Same as **પિળ-વું, પીલ-વું.**

પીળાશ, Same as**પિળા-ટ, પિળાશ.**

પીળુ', *adj.* [Hem. Des. पीअल *fr.* S. पीत + ઉં dim.] Yellow.

Id. પીળો દેડકો Pale; sickly.

Prov. પીળુ' તેટલું સોનું નહિAll that glitters is not gold.

પીળુ'-ધમ'ક, *adj.* Deep yellow.

પુંખ, Same as **પોંખ.**

પુંખ, *s. f.* [See પાંખ. *fr.* पक्ष a side.] The side-slopes of the roof of a house.

Prov. બાદશાહની પણ પુંખ કપાય, પણ રાંડી રાંડનાં નેવ નવ કપાયThe side-slopes of the roof of the house of even an emperor may be cut off, but not the eves of the house of even a poor widow; Right is Might.

પુંખ-ડું, *s. n.* [Imit. *Cf.* Eng. *Puff.*] A slight breeze. 2. A tender stripling.

પુંખ-વું, *v. t.* [S. प्रोक्ष् to sprinkle *fr.* प्र intens.+उक्ष् to sprinkle.] To sow corn with the hand. 2. To perform the ceremony of welcoming the bride and bridegroom on their arrival in their marriage ceremony.

પુંગી-ફળ, *s. n.* [S. पुगी a betel-nut tree+ ફળ a fruit] Betel-nut. *Cf.* **ફોફ-ળ.**

પુંછ,
પુંછ-ડી, } *s. f.* Same as **પુચ્છ** The tail.

Id. પુંછડી ગાંડમાં ઘાલીને નાસવું To sneak away like a frightened dog.

Prov. કુતરાની પુંછડી વાંકી તે વાંકી What is bred in the bone, will never come out of the flesh. પાડાનું પુંછડું સાહ્યું, તે સાહ્યું An obstinate person will not yield his point,

પુંછ·વું, *v. t.* [Hem. Des. पुंछइ, पुंसइ, पुसइ= S. मार्ष्टि he wipes off. Or Dh. Des. पुंछियं *fr.* S. प्रोञ्छितम् wiped off;*fr.* प्रोञ्छ् to wipe off *fr.* प्र+उञ्छ् to glean.]To wipe off; to wipe away. *Cf.* લૂછ·વું.

પુંછ·ડું, *s. m.* Same as **પુછ·ડું**.

પુંજ·વું, *v. i.* [See પૂજા worship and પુંજો sweeping, Here there is a confusion of the meanings of પુંજો sweepings, *fr.* S. पुञ्ज a heap, and પૂજા (worship.)] To sweep with care in order to save the lives even of little insects (Used by Jains). 2. To gather; to collect.

પુંજ·ણી, *s. f.* A broom carried by Jain ascetics.

ધરમ લાભ કરી રહ્યો, ભોઠીને મન ભાવ;
પાતરાં, પુંજણી પૃથ્વી પર્યા,બન્યો ત્યાંહે બનાવ.
—**સામળભટ.**

પુંજી, *s. f.*[S. पुञ्ज a heap.] A little heap. 2. A stock; a fund; a store; a hoard; a capital. 3. Property; substance; means; wealth.

પુંજો, *s. n.* Rubbish; refuse; sweepings.

પુંઠિ·યું, *s. n.* [See પુઠ, પૂઠ the back.] The hinder part; the rear. 2. The back. 3. The hinder shutter of a cartriage.

Id. ભાઈનાં પુંઠિયાં ફાટે છે The fellow is afraid.

પુંધિ·યું, *s. n.* [S. बुध्न the bottom.] A large patch. 2. A piece of leather fixed to the body to prevent friction.

પુંભ·ડું, *s. n.* Same as **પુમ·ડું**.

પુંભા·ડી, *s. f.* [See પુંભ·ડી.] Cotton left on the plants after the harvest is reaped.

પુંશ્ચલી, *s. f.* [S. *fr.* पुंस् a man + चल् to go.] A lewd woman.

પુ-કાર, Same as **પોકાર**.

પુખરાજ, Same as **પોખરાજ**.

પુખ્ત, *adj.* [P.] Mature; ripe.

Id. પુખ્ત વિચાર A mature thought. પુખ્ત ઉમરનું Arrived at the age when the thoughts of the person are steady;of the age of forty years and upwards.

પુગ·તું, *adj.* [See પુગ·વું to reach.] Sufficient; enough for.

પુગ·વું, *v. t.* [See પહોંચ·વું.] To reach; to arrive at.2. To come to hand; to be received by. 3. To last; to continue; to suffice. 4. To be equal; to like unto.

પુગાડ·વું, [Caus. of પુગ·વું.] To cause to reach; to send.

પુચ·કારી, *s. f.* [પુચ Imit. + કાર.] The sound uttered to quiet or soothe(a child).

ગોવિન્દ ઘુંટડે રે દૂધ પીએ, જસોદા મુખ જુએ;
પુચકારી કરી રે, જનુની આંખનાં આંસુ લુવે.
—**દયારામ.**

પુચ્છ, *s. f. n.* Classical form of **પુછ·ડી**, **પુછડું**, A tail.

પુછ·ડિ·યું, *adv.* Having a tail.

Id. પુછડિયો તારો A comet.

પુછ·ડી, *s. f.* }
પુછ·ડું, *s. n.* } A tail.

Id. પુછડું પછાડવું To threaten;to be angry. પુછડામાં પેસવું To humbly seek the protection of (used in contempt). એને પુછડું બાઝ્યું છે He is an ass; he is a fool. પુછડું છુટી જવું To break the wind.2.To suffer from looseness of the bowels.3.To be terrified. પુછડું પકડવું To stick to. 2. To be obstinate in. 3. To persevere in. પુછડું ફાટવું To be terrified. પુછડું બળવું To be angry with; to be displeased with.-ને પુછડે તણાવું To adopt and follow the opinions of.

પુછ-પરછ,
પુછ-પાછ,
પુછ-આછ, } [See પૂછ·વું to ask+redup.] inquiry; investigation.

પુછ·વું,
પૂછ·વું, } *v. t.* [S. प्रच्छ्, पृच्छ्.] To ask.2. To question; to interrogate. 3. To inquire of. 4. To regard; to heed; to mind; to care about. 5.To request;to beg;to solicit.

Id. વગર પૂછે Without making inquiries. -ને પૂછ્યા શિવાય પાણીએ ન પીવું To consult and follow the advice of,even in the smallest matters.

Prov. પૂછવું સૌને, ને કરવું પોતાનું Consult all and anybody, but decide for yourself. પૂછતા નર પંડિત થાય With an inquiring spirit a man becomes wiser. પૂછતાં પૂછતાં લંકા જવાય

An inquiring mind can achieve anything howsoever difficult.

પુછા-પુછ, *s. f.* Repeated questionings. 2. Questioning many persons or at many places.

પુછા-ર-ણુ, Same as **પુછ-પરછ.**

ન જમે અન્ન, ન પાણી પીએ, કોઇ ન જાણે કારણ કિયે;
પૂજ, પુછારણુ ને ઉતાર, ભુવા ગતિક મેલ્યા તે ઠાર.

—સામળભટ.

પુછા-વ-વું, *v. t.* To write or send to ask. 2. To cause to be asked.

પુછેટિ-યું, *s. n.* [See પુચ્છ, પુઠ, પાછ-લું. *Cf.* પુંઠિ-યું.] The hinder shutter of a carriage.

પુજ, Same as **પૂજ્ય.**

પુજ-વું, **પૂજ-વું**, *v. t.*[S. पूज् પૂજ-વું,to worship.] To worship; to adore;to render homage or reverence to. 2.To place flowers,&c., upon an idol by way of worship.

પુજા-પો, *s. m.* Apparatus for idol-worship; materials of worship.

પુજારાધ્ય, **પૂજારાધ્ય**, *adj.* [S. पूजाराध्य *fr.* પૂજા + આ-રાધના.] A term of address in letters; worshipful. *Cf.* પૂજાર્હ.

પુજારી, **પુજારો**, *s. n.* [S. पूजा-कारी *fr.* કાર doing *fr.* कृ કર-વું, to do.] A worshipper. 2. The officiating person in a temple.

પુંજ, **પુંજ**, *s. m.* [S. पुञ्ज.] A heap; a mass; an accumulation; a pile; a collection.

પુટ, *s. m.* [S. पुट a cavity.] A cavity.

પુટ, Same as **પટ**, Cloth, width.

પુઠ, Same as **પૂઠ** The back.

પુઠ-ળ, *adv.* Behind. 2. In the absence of; at the back of.

Id. પુઠળ પડવું-થવું To follow with perseverance.

પુઠિ-યાં, *s. n. pl.* The felloes of a wheel. 2. The hips.

Id. પુઠિયાં વેરાવા લાગવાં-ફાટવાં To lose courage.

પુઠું, **પુઠું**, **પૂઠું**, *s.n.*The cover of a book;a covering.2.A file-book. 3. The hips. 4. Husk. Same as **પૂઠું.**

પુઠે, *adv.* Following; next to; after. Same as **પૂઠે.**

પુડી, *s.f.*[S. पुटी, पुट. a cavity.] A small bundle. 2. A grocer's coffin;a packet.

પુડો, *s. m.* A bundle.2. Honeycomb. 3. A kind of bread. 4. A grocer's coffin.

પુણ-ચોઠું, *adj.* [S. પોણું +ચૌદ, ચૌદ-વિદ્યા.] Imperfect; deficient; incomplete.

પુણ-વું, **પૂણ-વું**, *v. i.* [See પૂર્ણ complete.] To ripen;to result. 2. *v. t.* To give pain to; to harass; to vex.

પુણી, **પૂણી**, *s. f.* [Hem. Des. पूणी= S. तूल-लता. *Also* Hem. Des. पोणिआ=S.सूत्र-भृत्-तर्कुः the part of a spindle that holds the thread.] A roll of cotton ready for spinning;a skein.

પુણ્ય, *s.n.*[S.]Moral or religious merit. 2. Righteousness;virtue;charity.3. Deathbed charity.

Prov. પુણ્યે પાપ ટેલાય Good conduct will save a man from the consequences of his sin. પુણ્ય, ત્યાં જય Success goes with piety. પુણ્ય કરતાં વારે, તેને ઘાલે જમને બારે Prevent no man from doing good. પુણ્ય કરેલું આડે આવે Good conduct leads to good results. પુણ્ય પરવાર્યું સમજવું Know that the results of his good conduct are already at an end: There is nothing that can save him from the consequences of his bad conduct.

પુણ્ય-દાન, *s. n.* [S. *fr.* + દાન.] Charities.

પુણ્ય-પ્રતાપ, *s. m.* [S. *fr.* + પ્ર-તાપ.] Efficacy of moral merit.

પુણ્ય-લોક, *s. m. n.* [S. *fr.* + લોક.] Heaven; paradise.

પુણ્ય-વાન્, *adj.* [S. *fr.* + वत्, वान्, having.]Having religious merits;meritorious; good; righteous.

પુણ્ય-શાળી, *adj.* [+ शाली having *fr.* शाल् to have.]Same as **પુણ્ય-વાન્.**

પુણ્ય-શ્લોક, *adj.* [S. *fr.* શ્લોક praise *fr.* श्लोक् to praise.]That by the mention of whose name પુણ્ય is acquired; of sacred memory.

પુણ્યાત્મા, *adj.* [S. *fr* + આત્મા the soul.] Holy-minded.

પુણ્યાહ-વાચન, *s. n.* [S. *fr.* + अहन् a day +वाच॰न causing to say *fr.* वच् to speak.] A ceremony in which Brāhmaṇs are requested to declare that the day is auspicious.

પુતળિ-યું, *s. n.* [See પુતળી] A gold coin bearing an impression of a face. 2. An ornament in which such gold coins are fixed.

પુતળી, *s. f.* [S. पुत्तली.] A figure of a woman in wood, &c;a small image; a doll; a puppet. 2. A gold coin valuing about four rupees. 3. The pupil of the eye. 4. A beautiful woman; a beauty.

પુતળું, *s. n.* A figure of a man in wood, metal, &c.; a small image; a doll. 2. An idol; a statue.

પુતળ-વિધાન, *s. n.* [+ વિધાન a ceremony.] Burning the effigy of a person; performing the funeral ceremonies on an image of a deceased person.

Prov. ભાંગી હાંલ્લી ચુલે ચઢે નહિ An empty bag cannot stand on its bottom.

ભાંગ-વું, *v.i.* To be broken; to be divided.

ભાંગ્યું, *adj.* Broken to pieces.

ભાંજ-ગડ, *s. f.* [See ભાંજ-વું + ઘડ-વું.] Intricacy; confusion; discussion; dispute; debate; altercation. 2. Settlement of a dispute; a compromise.

ભાંજ-ગડિ-યું, *adj.* Complicated; intricate. 2. Full of trouble.

ભાંજ-ગડિ-યો, *s. m.* Who settles a dispute; he who brings about a compromise. 2. A member of a body of arbitrators; an arbitrator.

Prov. ભાંજગડિયાનાં છોકરાં ભૂખે મરે નહિ A broker will never be a bankrupt.

ભાંજ-ણી, *s. f.* Reduction (in Arith.) Portioning; distribution. 3. Dividend. 4. Dividing; division.

Id. ચઢતી ભાંજણી Reducing a number to a higher denomination. ઉતરતી ભાંજણી Reducing a number to a lower denomination.

ભાંજ-વું, *v. t.* [S. भञ्ज्. See ભાંગ-વું, ભાગવું.] To break; to shatter; to smash; to demolish; to raze; to crush; to rout; to scatter; to disband; to quash; to subdue; to tame. 2. To change; to reduce into the metals; to turn into ashes. 3. To disturb; to interrupt. 4. To displease. 5. To consume; to kill. 6. To suppress; to subdue. 7. To appease; to settle. 8. To infringe; to violate. 9. To abrogate; to abolish. 10. To reduce to bankruptcy or ruin; to break. 11. To divide; to portion; to distribute; to share out.

ભાંડ, *s. m.* [S. भण्ड *fr.* भण्ड् to jest.] A class of jesters, buffoons, &c. 2. A pugnacious fellow. 3. *adj.* Indecent; obscene.

Id. ભાંડ બોલવું To speak indecent words.

ભાંડ-ણું, *s. n.* A quarrel; a dispute.

ભાંડ-વું, *v. t.* [Hem. Des. भंडणं = S. कलहः a quarrel.] To abuse; to revile; to slander. 2. To dispute; to quarrel; to fight.

Id. ગાળ ભાંડવી To make use of abusive language.

ભાંડું, *s. n.* [S. भाण्ड.] A pot; a vessel.

બળી ઘાટ બેઠા છે મહીપતિ;
લાખનાં ભાંડાં કયમ શીકે ચઢશે ?—**સામળભટ.**

ભાંડુ, Same as **ભાણ્ડુ.**

ભાંભઈ, **ભાંભળું,** **ભાંમળું,** *adj.* [Hem. Des. भंमलं = S. अप्रियम् unpleasant.] Rather saltish (of water).

ભાંય-રસો, *s. m.* [See ભોંય + રસ.] A kind of medicinal preparation made from the urine of cows.

ભાંય રિંગણી, *s. f.* [+ રિંગણી.] A medicinal plant; the deadly nightshade.

ભાંય-શીંગ, *s. f.* [+શીંગ.] A ground-nut.

ભાંય-પાતરી, *s. f.* [+ પાતરી.] A kind of plant.

ભા, *s. m.* [See ભાઈ.] A term of address to an elderly man. 2. A mother's father. 3. A grandfather.

ભાઈ, *s. m.* [Dh. Des. भाया *fr.* S. भ्राता; also Hem. Des. भाउओ *fr.* S. भ्रातृ-क: *fr.* S. भ्रातृ *fr.* भ्राज् to shine.] A brother. 2. A friend; a fellow. 3. A cousin. 4. An affix added to proper names to show respect.

Id. ભાઈ બાપા કરવા = ભાઈ સલામ કરવું To entreat humbly.

Prov. જેવાં ભાઈનાં મોસાળાં, તેવાં બહેનનાં ગીત Like for like. ભાઈ કરતાં ભાઈબંધ વધે Friendship is stronger than kinship: A friend in need is a friend indeed.

ભાઇ-ચારો, *s. m.* [+ S. चर् to practise, to behave one's self.] Brotherly intercourse; brotherliness; brotherly footing or feeling.

ભાઈ-જી, *s. m.* [+ જી honorific suffix.] An elder brother of one's husband.

ભાઈ-બંધ, *s. m.* [+બંધુ.] A friend; a companion; an associate. 2. A brother; a kinsman; a clansman. 3. The members of any fraternity. 4. A contemporary.

ભાઈ-બંદી, **ભાઈ-બંધી**, *s. f.* Friendship; amity; intimacy; companionship; fraternity; communion; fellowship.

ભાઈ-બીજ, *s. f.* [+ બીજ.] The second day of the bright half of the month કાર્તિક (Oct.-Nov.) when the brother is invited to dinner by the sister and is otherwise honoured at her hands.

ભાઈ-યાળી, *s. f.* Intimate friendship.

ભાઈ-લા-બીજ, Same as **ભાઈ-બીજ**.

ભાકડ-કથા, *s. f.* [See ભાષા speech + ડ dim.+કથા.] An impossible story.

ભાખરી, *s. f.* [Mar.] A loaf of a thick hard flat cake.

ભાખરો, *s. m.* A large and thick **ભાખરી**.

ભાખ-વું, *v. t.* [S. भाष् to speak.] To tell; to say; to utter; to speak.

ભાખા, Same as **ભાષા**.

ભાગ, *s. m.* [S. *fr.* भञ्ज् to break. See ભાંગ-વું.] A share; a portion; a part. 2. The quotient. 3. A fraction.

ભાગ, Same as **ભાગ્ય**.

ભાગ-લું, *adj.* [See ભાગવું, ભાગ.] Broken.
Id. ટાંટિયાનું ભાગલું Averse to walking. હાથ પગનું ભાગલું Averse to do work; idle.

ભાગ-લો. *s. m.* [See ભોગ a sacrifice; an offering+ડું,રું,લું,diminutive suffixes in Guj. *fr.* S. ટ.] A dish of food prepared as a present to a goddess.

ભાગ-વું, *v. t.*[Dh. Des & Hem. Des. भग्ग *fr.* S. भग्न broken *fr.* भञ्ज् to break.] Same as **ભાગવું**. 2. Not to pay; not to repay; to deduct from a payment.

Id. વચન ભાગવું To break a promise. પગાર ભાગવો Not to pay one's salary or wages. હાડકાં ભાગવાં To beat a person. હાંલ્લાં ભાગવાં To be idle; to be engaged in useless or fruitless work. ભાગી જવું-પડવું To be stopped before being finished; to get broken up. ભાગી જવું To be wrecked or to founder (of a ship). સાહુકાર ભાગ્યો The banker has become insolvent. જોર ભાગવું To lose in power; to become less powerful. દોરડું ભાગવું To be twisted (of a rope).ભો ભાગવો To be free from fear; to gain courage. માથે ભાગવું To take the responsibility upon oneself. ભાગવું તોલ Loss in weight. ભાગી રાત The last part of the night.

Prov.ભાગ્યાનો ભારૂ,ને ગોપીચંદન ને ગેરૂ Piety is often a cover for poverty;A man ruined in trade may wisely put on the disguise of piety. ભાગ્યો વાણિયો દલાલ, ને ભાગ્યો પારસી કલાલ A ruined merchant may fitly become a broker and a ruined Parsi may fitly become a liquor-seller.ભાગ્યું ભાગ્યું, તો પણ ભરૂચ A little fire burns up a great deal of corn. ભાગી ધાડ ઢેડવાડે પડે The weak man will always have some one to tyrannize over him.

ભાગ-વું, *v. i.* [S. भग्न routed. See ભાજવું. ભાગવું.] To run away:to abscond;to escape.

ભાગળ, *s. f.* [See ભાગ apart + ઓળ. *Cf.* ભાગોળ.] A gate in the wall of a town. 2.

The precints of a village. 3. A bazaar.

ભાગળિયો, *s. m.* A bazaar shopkeeper.

ભાગાકાર, *s. m.* [S. *fr.* ભાગ+કર-વું.] Division. 2. The quotient.

ભાગિ-યું, **ભાગિ-યેણ**, **ભાગિ-યો**, } *adj. n. f. m.* Same as **ભાગી-દાર.**

ભાગી-દાર, *s. m.* [See ભાગ +દાર P.] A partner; a shareholder.

ભાગુ, *adj.* Broken. 2. Averse to work; idle; dull.

ભાગો-વડ, *s. m.* [+વડ, size.] The middle size, class, or rank.

ભાગોળ, See **ભાગળ.**

Id. ભાગોળે જવું To go to stool.

ભાગ્ય, *s. n.* [S.] Luck; destiny; fortune; lot. 2. Good fortune; prosperity.

Id. ભાગ્ય ફૂટવું To be overtaken by adversity.

Prov. ભાગ્યમાં હોય, તો ઘેર બેઠાં આવે Everything comes of itself to a fortunate man. હુન્નર કરો હજાર, ભાગ્ય બિન કોડી ન પાવે Fortune favours fools.

ભાગ્ય-યોગ, *s. m.* [S. *fr.* + युज् to join.] The accession of good luck or fortune.

ભાગ્ય-વન્ત, **ભાગ્ય-વાન**, **ભાગ્ય-શાળી**, } *adj.* [+S. वन्त , वान , शाली, suffixes showing "possession."] Fortunate; lucky; prosperous.

Prov. ભાગ્યશાળીને ભૂત રળે=ભાગ્યશાળીને પગલે પગલે નિધાન Everything comes of itself to a fortunate man.

ભાગ્ય-હીન, *adj.* [S. *fr.* +હીન.] Luckless; unfortunate.

ભાગ્યે, *adv.* Seldom; rarely. 2. By luck; by good fortune (સારા ભાગ્યે is more common in this sense).

ભાગ્યોદય, *s. m.* [S. *fr.* +ઉદય.] The dawn of good fortune; rising prosperity.

ભાજ-ક, *adj.* [S. *fr.* ભાજવું.] (Math.) That which divides. 2. *s. m.* A divisor.

ભાજ-ન, *s. n.* [S.] A pot; a vessel; a receptacle.

ત્યારે ફડકા બ્રાહ્મણ ભોજન કરતા; ભર્યાં મુકયાં ભાજન ઇ —**પ્રેમાનંદ.**

ભાજી, *s. f.* [S. भर्जी rice-gruel.] Herbs; greens; vegetables; esculent vegetables.

ભાજી-પાલો, *s. m.* [+ પાલો.] A pot-herb; esculent vegetables.

ભાજી-મૂળા, *adj.* [+ મૂળા] Of no value; worthless.

Prov. ભાજી-મૂળા તે કાંઇ શાકમાં લેખું ? Everybody despises the poor.

ભાજ્ય, *adj.* [See ભાજ-વું.] Divisible; distributable. 2. *s.m.* (Math) The dividend.

ભાટ, *s. m.* [See ભટ્ટ, S. ભટ, a learned man.] A bard; a minstrel; a poet. 2. A gossip.

Prov. ભાટનો છોકરો જનમનો ભાટ Every one to his trade. ભાટ બ્રાહ્મણનું લાકડું, પણ પૈસાનું પૈસે Beggars do not wait for an invitation.

ભાટ-વેડા, *s. m. pl.* [+ વૃત્તિ.] Exaggerated speeches.

ભાટા-ઈ, *s. f.* The office or duty of a ભાટ. 2. Same as **ભાટ-વેડા.**

ભાટિ-યો, *s. m.* A class of Vāniās. 2. A milkman. 3. A vegetable-seller.

ભાઠ, *s. f.* [S. भृष्ट parched, burnt, *fr.* भ्रस्ज् to parch. Cf. ભુંજવું.] An ulcer in which the skin is lost, and the flesh is pitted.

ભાઠું, *s. n.* A shoal; a shallow. 2. A sandbank.

ભાઠું, *s. n.* [S. भृष्ट burnt. See ભાઠ.] An ulcer.

ભાઠે-લા, *s. m. pl.* A class of Brāhmans. 2. A boor; a villager.

ભાડ, *s. f.* [S. भ्राष्ट्र fr. भ्रस्ज् to parch.] A kiln or oven for parching corn, &c. 2. A pan in which corn is parched. 3. A large well.

ભાડ, *s. f.* [See ભાડું] Profites obtained by letting out females for prostitution.

ભાડ-ભુંજો, *s. m.* [See ભાડ + ભુંજવું.] A grain-parcher.

ભાડ-વાત, Same as **ભાડુ-ત.**

ભાડા-ચીઠી, **ભાડા-નામું**, } *s. f.* & *s. n.* [See ભાડું + ચી-

ઠી, નામું.] A lease of a house.

ભાઠિ·યો, *s. m.* [See ભાઠ a kiln.] An earthen pot with a hole in its side in which corn is parched.

ભાડું, *s. n.* [S. भाट wages.] Rent; hire; fare.

Prov. ભાડાની વહેલ, ઉચાળી મેલ The tenant may leave the house at any time.

ભાડું·ત, *s. m.* [See ભાડું+વૃત્તિ.] A tenant. 2. A hirer.

Prov. ભાડુતે કાંઈ ભાઠ ભાંગે ? The master's eye does more work than twenty servants.

ભાડું·તી, *adj.* Hired; hackney. 2. Mercenary; hireling; hired.

ભાણ, *s. m.* [S. *fr.* भण to speak.] A kind of dramatic composition, in which only one actor appears on the scene.

ભાણ, Same as **ભાનુ.**

ભાણ·કી, Same as **ભાણુજી.**

ભાણ·કો, Same as **ભાણેજ.**

ભાણુ·જી, } **ભાણે·જી**, } *s. f.* [S. भागिनेयी *fr.* भगिनी sister.] A sister's daughter; a niece.

ભાણિયો, *s.m.*[S. भागिनेय *fr.* भगिनी sister.] A sister's son; a nephew.

ભાણું, *s.n.* [Dh.Des. भाडणाइं *fr.* S. भाजनानि pots *fr.* भाजन a pot *fr.* भज to enjoy, to eat.] Food; a dish; a meal; a dinner.

Id ભાણાં ખડખડ A quarrel at the time of dining.2.Starvation; insufficiency of food. ભાણા·અંતર Different kinds of food served to different persons,though dining at the same time or at the same table. ભાણું માંડવું To dine.

Prov. મા મરે તે સોહેલી, ભાણાં ખડખડ દોહેલી To have to starve is the greastest misfortune.

ભાણે બેસી ભૂખ્યો ઉઠે, ચાકરની રાખે માઝા;
ઘરની બાયડીથી શરમાય, એ ત્રણે મૂરખના રાજા
—**ભાષા.**

He is a fool,who leaves the table hungry and is bashful before his servant or wife.

ભાણેજ, } **ભાણો**, } Same as **ભાણિયો.**

Prov. ભાણેજ ભાગ નહિ, ને જમાઈ ભાગ નહિ According to Hidnū Law the sister's son and the son-in-law have no share in the inperitance.

ભાણ્ડ, *s. n.* [S.] A pot; a vessel.

ભાણ્ડુ, *s. n.* [See ભન્ડુ, બાન્ધવ.]A brother or sister.

ભાત,*s f.*[S. भक्ति texture.]A kind;as sort a variety.2. Manner; mode; style; fashion.

Id. ભાત પડવી--ઉઠવી To be printed in a particular style;to be impressed. ભાત પાડવી To produce an impression; to surpass.

Prov. જાત ઉપર ભાત પડે Nobility binds to noble conduct.

ભાત, *s. m.* [S. भक्त.] Rice in the husk; paddy. 2. Boiled or cooked rice.

ભાત-ભાત·નું, } **ભાતી**, } **ભાતી·ગર**, } **ભાતી·લું**, } *adj.* Of diverse modes or methods; of various kinds or sorts.

ભાતું, *s. n.* [See ભાથું.] An allowance (beyond the settled rate of pay) given to Government servants,prisoners,witnesses, &c. 2. See ભાથું.

ભાતો, } **ભાથડો**, } *s. m.* See as **ભાથો.**

ભાથી, *s. m.* [See ભાથો.] A warrior.

પડ્યા ધારણમાં કોઈ, કોઈ ધારણને તજી;
ભજે ના રણને ભાથી, ભલે કીર્તિ કાંપતી.—**વલ્લભ.**

ભાથું, *s.n.*[S पाथेय provisions for a journey *fr.* પથ, પન્થ, a way.] Provisions for a journey; viaticum.

ભાથો, *s. m.*[S. भस्त्रा bellows.]An arrow-case; a quiver.

ભાદરવા·ની ભેંસ, *s. f.* [See ભાદરવો+ ભેંસ.] A kind of insect seen in the rainy season.

ભાદરવો, *s. m.* [S. भाद्रपद.] The eleventh month of the Saṁvat year; August-September.

ભાદ્રપદ, Sanskrit form of **ભાદરવો.**

ભા·ન, *s. n.* [S. *fr.* भा to shine.] Consciousness; waking or present state of mental faculties. 2. Remembrance; recollection;understanding; notion;impression. 3. Heed; advertence; notice; observation.

Id. ભાન કરાવવું Lit. To bring back to consciousness. Hence,2. To remind. ભાન–

થવું–આવવું To come to consciousness. 2. To remember.

ભાનુ, *s. m.* [S. *fr.* ભા to shine.] The sun.

ભાભી, *s.f.* [See ભ્રાતા+ભાર્યા.] A brother's wife.

ભાભી•જી, *s. f.* [+ જી, દેવ a god.] An elder brother's wife. 2. *adj.* Effiminate; womanish.

ભાભુ, *s. f.* [See ભા + ભાર્યા.] A father's mother; a grand-mother. 2. [See ભ્રાતા + ભાઈ.] A brother's wife.

ભા-ભો, *s. n.* [See ભાઇ, ભા.] A term applied to a Kunbī. 2.A stupid, bull headed person.

Prov. ભાભા નાતરૂં, તો કહે "તમારી જ વેરે" When you pity a man, he falls a dead weight on your hand. ભાભાજી ભારમાં; તો વહુ લાજમાં In the husband wisdom, in the wife gentleness.

ભામ, *s. m.* Hide. 2. A tax on leather. 3. See ભાન. 4. See ભામિની.

ભામ•ટો, *s. m.* [S. भ्रान्त wandering *fr.* भ्रम् to wander.] A sly thief;one who eludes observation in order to steal.

ભામણાં, *s. n. pl.* Same as **ઓવારણાં**.

બ્રહ્મા લિયે અતિ ભામણાં રે; શિવ સનકાદિક ગાય.
—અખો.

ભામની, Same as **ભામિની**.

ભા•મણું, *adj.* [See મોળું.] Tasteless (water.)

ખાધું તે કમાય નહિ; કૂપ જાણો ભામણો. —વલ્લભ.

ભામાં, *s. n. pl.* [See ભ•મણ.] Vain attempts. 2. Superstition.

માણ માણ મનના ભામાં,રાજ, મારે ઘેર શિદ આવ્યા ?
—ગોવિન્દ.

ભામા, *s. f.* [S.] A passionate or angry woman.

ભામિની, *s. f.* [S. भाम anger,passion, *fr.* भाम् to be angry.] A woman. 2. A young beautiful woman. 3. An angry woman.

ભામું, *s. n.* [See ભામા vain attempts.] Superstition.

ભામો, *s. m.* Same as **ભામાં**.

વંશ વગાડી વિઠ્ઠલે, અતિ લગાડ્યો ભામોજી.
—ભાલણ.

ભાય•ડો, *s. m.* [See ભાઈ.] A man. 2. An adult. 3. A husband.

Id. ઉભે ભાયડે–છતે ભાયડે–બીજાને જવું To obtain a divorce from the first husband and marry another.

ભાયાત, *s. m.* [See ભાઈ + વૃત્તિ.] A kinsman; a brother of a ruling chief.

ભાયાતી, *adj.* Pertaining to a kinsman of a ruling chief.

ભાર, *s. n.* [S. *fr.* ભૃ to fill, to hold.] Gravity. 2. Weight; pressure. 3. A weight; a load, a burden. 4. Importance; consequence; influence.

હસી બોલ્યો વિહંગમ વાણી જી;
એ શું માગ્યું ભાર બહુ આણી જી.—પ્રેમાનંદ

5. Obligation; being obliged. 6. Weight; force; power.

માટે વળાવા રાખ્યા બે અનેક, ત્યારે તેનો નહિ ભાર.
—દયારામ.

7. Indigestion. 8. A big bundle of the leaves of the ખાખરા tree used in making પત્રાળાં 9. *adj.* Of the weight of; equal in weight to.

Id. ભાર વહેવો–તાણવો To bear a burden; to bear responsibility. ભાર મુકવો To oblige. 2.To lay stress on;to emphasize. ભાર ભરવો–લાદવો To put a burden on a cart, or beast. ભાર પડવોTo be felt(the weight or influence of person's presence, character, reputation). ભાર રાખવોTo feel respect for. 2. To assert one's self-respect. ભાર ખોવો To lose influence or repute (a person). ભાર-છાંડવો–ભાગવો To lose respect for others. ભાર વગરનું Having no weight; imponderable. 2. Inspiring no respect for oneself. પેટમાં ભાર રહેવો To suffer from indigestion. ભાર બોજ Influence; respect.

Prov. ગાડી તળે કુતરૂં જાય, તે કહે હું જ ભાર ખેંચુ છું. Every horse thinks his own pack the heaviest.

ભારજા, Same as **ભાર્યા**.

ભા•ટિ•યો, **ભારો**, **ભાર•ટિ•યું**, *s. m.* [See ભાર + S. स्था to stand.] A beam.

ભારણું, *s. n.* A weight; a pressure.

ભારતી, *s. f.* [S.] A name of Sarasvati, the goddess of speech. 2. Declamation. 3. An order of the ગોસાવી class of ascetics.

ભારતી, *adj. f.* [S. *fr.* भरत name of a king *fr.* भृ to fill.] Relating to **ભારત**; relating to India.

ભારથી, *adj.* [See ભારતી. ત being changed to થ to make the word rhyme with મહારથી.] Brave.

ગણાય ન ગણના કૈં, ભીમ ભારે ભારથી. —**વલ્લભ.**

ભાર-દોરી, *s. f.* [See ભાર+દોરી.]A charmed thread believed to have efficacy to prevent a miscarriage.

ભારદ્વાજ, *s. m.* [S.] The crow-pheasant. 2.A name of a Rishi.3.A class of Brāhmans.

ભાર-બરદારી,*adj.*[P. बारबर्दारी *fr.* बार = ભાર a burden+बर्दारी carrying *fr.*बर्दाश्तन to carry.] That bears a burden (camels, bulls, &c.). 2. *s. f.* Carrying of a load, baggage &c.

ભાર-બોજ, } *s. m.* [See ભાર+બોજ, વક્કર.]
ભાર-વક્કર, }
Weight; importance; consequence. 2.Gravity; seriousness; state; dignity; respect.

ભારે-વટિ-યો, *s. m.* [See ભાર + વૃતિ.] A beam. *Cf.*ભારોટિ-યો.

ભારવું, *v. t.* To keep live coals, buried in the ashes. 2. To charm; to enchant; to fascinate; to bewitch.

ભારી, *adj.* [See ભાર.] Heavy; ponderous; weighty. 2. Difficult. 3. Important; profound; great; mighty. 4.Of high price; valuable;costly. 5.Disinclined;indifferent. 6.Heavy; stiff; dull; torpid.7. *adv.* Much; very; exceedingly.

ભારી, *s. f.* A bundle of sticks &c.

ભારે, *adj.* Same as **ભારી**.

Id. ભારે કરવું To magnify; to increase the importance of. ભારે થવું To assume importance. ભારે પડવું To be costly. 3. To be burdensome.

ભારે-ખમ, *adj.* [+ખમ-વું to bear.] Grave; sedate; serious; weighty.

ભારે-વાઈ, *adj. f.* [+ વહે-વું.] Pregnant.

ભારો, *s. m.* A load; a bundle.

ભારોટી, *s. f.* [See ભાર. + વૃતિ.] A bundle of fuel.

ભારો-ભાર, *adv.* Up to the weight of; in equilibrium with; equal in weight to. 2. Much.

ભાર્ગવ, *s. m.* [S. *fr.* भृगु, Name of a sage.] A class of Brhamans. 2. A name of **પરશુ-રામ**.

ભાર્યા, *s. f.* [S. *fr.* भृ to fill, to maintain.] A wife lawfully married.

ભાલ, *s. n.* A shoal.

ભાળ, *s. f.* [See ભાળ, ભાળ-વું.] A clue; a search; an investigation.

મારે તો નામ થકી તરવું, એવું વેદ માંહે ભાલ છે.
—**ગોરીબાઈ.**

ભાલ, *s. n.* [S.] The forehead.

ભાલ-દાર, *s. m.* [See ભાલો + દાર, P.] An usher; an attendant on a great man.

ભાલિ-યો, *s. m.* A water-pot.

ભાલું, *s. n.* } [Hem. Des. भुल्लंक *fr.* S.
ભાલો, *s. m.* }
भल्ल.] A lance; a spear; javelin.

ભાલોડું, *s. n.* The spear-head fixed at the end of an arrow.

ભાવ, *s. m.*[S. *fr.* भू to be.] The state or condition of being.2. The natural state of being;an innate property; the disposition; one's nature. 3. Meaning; purpose; intention.

વલ્લભ વલ્લભ ગાય, બાપા ભાવ નાવ તો. —**વલ્લભ.**

4. The inclination or disposition of the mind; desire. 5. A state or affection of the mind; emotion; passion; sentiment.

મોહની રૂપ દાનવ છળ્યા. તેવો કરય તું ભાવ.
—**પ્રેમાનંદ.**

6. Being; existence. 7. The simple idea involved in the root.

પાટલી પુષ્પ શિલીમુખ, સંયુકત શરધિ ભાવ ભજાવે.
—**ગીત-ગોવિન્દ.**

8.A class of affection;passions.9.Gestures. 10.Love.11.Assurance;faith in or towards; trust; confidence.

એક મને (ને) એક ચિત્તે તું ખણજે આણી ભાવ.
—**પ્રેમાનંદ.**

12. Price; value; rate.

Id. ભાવ કરવો–ઠરવવો To settle the price of. ભાવ કરવો To ask a higher price. ભાવ ખાવો To try to secure respect for oneself. ભાવ પૂછવો To pay respect to; to have regard for. ભાવ થવો To have an eager desire for. ભાવથી With affection. 2. Sincerely. ભાવ આવવો–ઉપજવો To get a price for. 2. To feel affection for. ભાવ ભજવવો To show oneself in one's true colours. ભાવે કભાવે With or without love or sincerity.

ભાવ, *s. m.* [S.] A worthy man (a term of address in a drama).
ભાવ ! હાવ ભાવ વિનાની કિંતું ભાવવાળો દીર્ઘસ્વર;
સુણ્યા પહેલાં જ હું આવી ઉભો રહ્યો છું. —**પ્રેમાનંદ.**

ભાવ-ટ, **ભાવ-ઠ,** *s. f.* [+ વૃત્તિ.] Thought; idea. 2. Bother; trouble.

Id. ભવની ભાવટ–જવી–ટળવી–ભાગવી To be free from the troubles of life.

ભાવત-બીજ, *s. f.* [See ભાઈ + બીજ.] Same as **ભાઈ-બીજ.**

ભાવ-તું, *adj.* [See ભાવ-વું.] Agreeable; suitable; choice; approved; amiable.

Prov. ભાવતું હતું; ને વૈદે કહ્યું We are apt to believe what we wish for.

ભાવ-ન, *adj.* Pleasing; suiting; agreeable. 2. *s. n.* A taunt; a reproach.

ભાવ-ના, *s. f.* Forming in the mind; conceiving; imagining; supposing. 2. Assurance; faith. 3. Natural constitution; nature. 4. Wish; desire. 5. Choice; approval. 6. Abstract meditation.

ભાવ-વાચ-ક, *adj.* [S. See ભાવ + વાચ-ક.] (Gram.) An abstract (noun); showing " State or condition. "

ભાવ-વું, *v. t.* [See ભાવ.] To be inclined to; to wish; to approve; to be pleased with. 2. To be fond for; to agree with. 3. To please or suit; to be agreeable to, or liked by.

Prov. ભાવે એટલું ખાવું નહિ, ને આવડે એટલું બોલવું નહિ Tell not all you know, nor do all you can.

ભાવસાર, *s. m.* A class of cloth-dyers among Hindus.

ભાવાર્થ, *s. m.* [See ભાવ + અર્થ.] The inherent or implied sense or meaning; the purport, tenor, or drift.

ભાવિ-ક, *adj.* Believing; trusting; confiding; devoted; devout.

ભાવી, *adj.* Future. 2. Predestined; fated.

Prov. ભાવી આગળ કોઈનું ચાલતું નથી No body can change his destiny; There is no flying against destiny. ભાવી ભુલાવે Ill fate will mislead the man.

ભાવી પ્રયોગ, *s. m.* [See ભાવ + પ્રયોગ.] The impersonal construction determined by the relation of an impersonal verb with the agent (Gram.).

ભાષ-ક, *adj.* [S. *fr.* भाष् to speak.] That which speaks, implies, or indicates. *Cf.* **વાચ-ક.**

ભાષ-ણ, A speech; a discourse; an oration; a lecture.

ભાષા, *s. f.* Speech; language; tongue; dialect. 2. The Vrija dialect, a corruption of Sanskrit.

ભાષા-જ્ઞાન, *s. n.* [S. *fr.* + જ્ઞાન.] The science of language; philology.

ભાષાન્તર, *s. n.* [S. *fr.* + अन्तर another.] A translation; a version.

ભાષી, *adj.* That speaks (used at the end of a compound). *E. g.* **બહુભાષી.**

ભાષ્ય, *s. n.* A gloss, a commentary; an exposition; a scholium. 2. Annotations; comments.

ભાષ્ય-કાર, *s. m.* [S. *fr.* + कृ to do.] A commentator; an expounder; an annotator.

ભાસ, *s. m.* [S. *fr.* भास् to appear.] An impression; a perception; a fancy. 2. A semblance; a seeming likeness; appearance. 3. Verisimilitude.

ભાસ-માન, *adj.* Seeming; apparant. 2. Impressive.

ભાસ-વું, *v. i.* To appear; to seem; to have a resemblance or likeness. 2. To impress; to strike.

ભાસ્કર, *s. m.* [S. *fr.* भास् light *fr.* भास् to shine + कृ to do.] The sun.

ભાળ, *s. n.* [S. भाल] The forehead.

ભાળ, *s. f.* [See ભાળ·વું.] Seeing; sight. appearance. 2. Search; investigation. 3. A clue; a trace.

Id. ભાળ લાગવી–મળવી To obtain a clue. ભાળ કાઢવી To make a search. ભાળ આપવી–દેવી To give information. ભાળ લેવી To have an eye upon; to take care about.

ભાળ·વણ, } **ભાળ·વણી,** } *s. f.* [See ભાળ·વ·વું, Or, see ભલા·મણ.] Recommendation.

ભાળ·વ·વું, *v. t.* [Caus. of ભાળ·વું.] To introduce. 2. To recommend.

ભાળ·વું, *v. t.* [See ભાળ the forehead.] To see; to observe; to notice.

ભાળિ·યો, Same as **ભાલિ·યો.**

ભાળું, *adv.* Well; very good.

ભિંગ·ડું, *s. n.* [Dh. Des. भिंगारी = S. चीरी a wasp; also Hem. Des, भिंगारी = S. भृंगार: a bee, S. भृङ्ग a large black bee.] Scales (of fish). 2. Husks.

Id. ભિંગડાં ઉખેડી નાખવાં To crush down (said as a threat).

ભિંગારી, *s. f.* A kind of wasp.

ભિંગારો, *s. m.* A wasp.

ભિંછડું, *adj.* Having abundant hair. 2. Having dishevelled hair.

ભિંજ·વ·વું, *v. t.* [Caus. of ભિંજ·વું.] To wet; to moisten; to saturate. 2. To win over; to gain over. 3. To bribe.

ભિંજા·વું, *v. i.* [See ભિંજ·વું, ભીંજવું.] To get wet; to wet; to be drenched with water.

ભિંડા, *s. m. pl.* A kind of vegetable; *Hibiscus osculentus.*

ભિંડી, A kind of hemp; flax; jute.

ભિંત·ડી, } **ભિંત·ર·ડી,** } *s. f.* Same as **ભીંત.**

ભિંસવું, *v. s.* [See ભીંસવું.] To press; to embrace.

ભિક્ષા, *s. f.* [S. *fr.* भिक्ष् to beg.] Asking; begging. 2. Alms; charity; a boon.

ભિક્ષા-વૃત્તિ, *s. f.* [S. *fr.* + વૃત્તિ.] The profession of alms-begging.

ભિક્ષુ·ક, *s. m.* A mendicant Brahman; a beggar.

ભિખ-વાળી, *s. f.* [See ભીખ + વાળી.] An ornament for the upper part of the right ear.

ભિખ·વું, *v. t.* [S. भिक्ष् to beg.] To beg; to ask for presents.

ભિખા·વું, *v. i.* To be reduced to beggary; to be deprived of an income. 2. To be disappointed; to fail in business.

ભિખા·ર-ચોટ, *adj.* [See ભિખારી + ચોટ.] Miserly; wretched. 2. Beggarly.

ભિખા·રી, *s. m.* [See ભીખ + કાર.] A mendicant; a beggar. 2. *adj.* Poor; miserly; wretched.

Prov. ભિખારી ભિખારીભાઈ, મેરમેરાઈયાં Due a beggar and catch a louse.

ભિખા·રૂ, Same as **ભિખા·રી.**

ભિખા·ર·ણ, } **ભિખા·રે·ણ,** } *s. f.* A female mendicant or beggar.

ભિ·જ·વું, *v. i.* [See ભીંજું.] To be wetted; to be drenched with water.

ભિડ·વું, *v. t.* [Dh. Des. अब्भिडियं *fr.* S. भेदितम broken *fr.* भिद्, ભેદવું to break.] To come into contact or contiguity; to be close at hand. 2. To wrangle; to fight. 3. To embrace; to hug. 4. To undertake; to venture; to come forward. 5. To shut (as the doors).

Id. કામ ભિડવી To undertake; to engage one's self in an enterprise. બાથ ભિડવી To engage in a fight with.

ભિડા-ભીડ, *s. f.* Crowded state.

ભિડા·વ·વું, *v. t.* [Caus. of ભિડ·વું.] To outwit; to nonplus. 2. To threat; to menace. 3. To clasp; to embrace. 4. See ભિડવું. 5. To poison one's ears.

ભિડા·વું, *v. i.* To be in a crowd. 2. To be in a fix.

ભિણ્ડી-ભાળ, *s. f.* [See ભાળ.] A sling.

ભિત·ડી, } **ભિત·ર·ડી,** } *s. f.* Same as **ભીંત,** (Used in contempt).

ભિતર, *adv.* [S. अभ्यन्तर] In; inside; within. 2. *s. n.* The heart.

ભિના·વું, *v. i.* [See ભીનું.] To be wetted; to be drenched with water.

ભિના·શ, *s. f.* Wetness; moisture.

ભિન્ન, *adj.* [S. *fr.* भिद् to break.] Broken; divided; parted; disunited. 2. Separate; distinct; different.

ભિન્ન·ભાવ, *s. m.* [S. *fr.* + ભાવ.] The feeling of difference; disunion; separation.

ભિમ·કાં, *s. n.* Spittal thrown out by babies.

ભિલ·ડી, *s. f.* [See ભીલ.] A female **ભીલ**.

ભિલામું, *s. n.*
ભિલામો, *s. m.* } [Dh. Des. भल्लायं *fr.* S. भल्लातः.] The marking-nut tree. 2. A markingnut.

ભિલ્લું, *s. m.* [See ભિડ·વું.] A playmate; a compeer. *Cf.* **ભીરૂ**.

ભિસ્તી, *s. m.* [P. बिहिश्ती heavenly *fr.* बिहिश्त paradise.] A water-carrier; a waterman.

ભીંત, *s. f.* [S. भित्ति.] A wall.

ભીખ, *s. f.* [See ભિક્ષા.] Alms. 2. Want; lack.

Id. ભીખ માગવી To beg. ભીખ લાગવી To be reduced to beggary.

Prov. ભીખનાં હાંલ્લાં સીંકે ચઢે નહિ What is obtained in driblets does not make rich. ભીખ તેને ભૂખ શી ? Beggars can never be bankrupts. ભીખની બહેન ચાકરી Serving is as good as begging. ભીખને માથે ભઠ Begging is the most despised occupation. ભીખ કરતાં ભૂખ સારી It is better to die than to beg.

ભીજ, Same as **ભેજ**.

ભીડ, *s. f.* [See ભિડ·વું.] Crowdedness; thronged state; a crowd; a throng. 2. Scarcity; preciousness. 3. Straitened circumstances.

Id. ભીડ ભાગવી-ટાળવી To free from straitened circumstances; to help one in one's difficulty; to supply with necessaries. ભીડે કામ આવવું To help one in one's difficulty.

ભી·તિ, *s. f.* [S. *fr.* भी to fear.] Dread; apprehension. 2. Terror; fright; alarm.

ભીતો, *s. m.* [See ભીંત.] A beam resting on a wall.

ભીનું, *adj.* [See ભિન્ન.] Moist; wet.

ભીમ અગિયારસ, *s. f.* [S. भीम Name of one of the Pandavas + અગિયારસ.] The eleventh day of the bright fortnight of જ્યેષ્ઠ May–June.

ભીર, *s. f.* [See ભીડ.] Help; aid; assistance.

ભીરૂ, *s. m.* [See ભિલ્લું.] A partner; a companion.

ભીલ, *s. m.* [S. भिल्ल.] A race of people that inhabit hills, forests, &c.; a barbarian of a particular class.

ભીષણ, *adj.* [S. *fr.* भी to fear.] Terrible.

ભુંઆં, *s. n. pl.* Water.

Id. ભુંઆં ભરાઈ જવાં To be tired.

ભુંક·વું, *v. i.* [Hem. Des. भुक्क·इ = S. भष·ति it barks *fr.* भष् ભસ·વું, to bark.] To bray.

ભુંખરો, *adj.* Having the colour of ashes.

ભુંગરા,
ભુંગળા, } *s. m. pl.* [See ભુંજવું.] Parched wheat or gram.

ભુંગરેટ, *s. f.* Hot ashes.

ભુંગળ, *s. f.* [Imit.] A bugle; a trumpet. 2. A tube. 3. A door-bar.

ભુંગળિ-યો, *s. m.* A bugler. 2. A kind of drug.

ભુંગળી, *s. f.* [See ભુંગળ.] A tube; a long pipe; a poker.

ભુંગળું, *s. n.* A long circular case made of paper, metals, &c. 2. A cylinder.

ભુંજર·વાડો, *s. m.* A troop of little children.

ભુંજ·વું, *v. t.* [S. भ्रस्ज्. भृज्ज्, to parch.] To roast.

ભુંડું, *adj.* [See બૂઠું blunt.] Mortified; humiliated; held in disrespect.

Id. ભુંડું પાડવું To mortify; to show disrespect to.

ભુંડ, *s. n.* [Hem Des. भुंडो = S. सूकरः a hog.] A hog; a boar.

ભુંડ·ણ, *s. f.* A sow.

ભુંડ-મશોળિ·યું, *adj.* Rancorous; malicious; revengeful.

ભુંડાઈ, } *s. f.* [See ભુંડું.] A quarrel;
ભુંડાશ, } a dispute;a disagreement. 2. Ruin;perdition.3. Badness;wickedness;injuriousness.

ભુંડાઇ, *s. n.* Abusive language. 2. Indecent gestures.3. Illicit intercourse with a woman.

Id.ભુંડાઇ બોલવુંTo use abusive language. ભુંડાઇ કરવું To make indecent gestures.2. To commit adultery with a woman.

ભુંડું, *adj.* [See ભુંડ.] Bad; evil; sinful; wicked. 2. Unnatural; improper. 3. Inimical; spiteful.

Prov. ભુંડાથી ભૂત નાસે = ભુંડા માણસનું કાળું મોં Everybody fears a serpent-bite. ભુંડામાં ભુંડી ભૂખ A hungry man is an angry man. ભુંડી રાંડે બમણો વરો A man must ask his wife's leave to thrive.ભુંડું ભુંડાનો ભાવ ભજવ્યા વગર રહે નહિ Worse will come to worse.

ભુંથું, *s. n.* A knot of roots 2. *adj.* Ugly.

ભું-ભું, *adv.* [Imit.] Imitative of the sound of a bugle.

ભુંસ-વું, *v. t.* [S. बुस chaff.]To blot out; to efface; to destroy.

ભુંસું, *s. n.* [S. बुस.] Chaff; husk; bran.

ભુ, *s. n.* Water (used by children).

Id. ભુ પીતો કરવો To make powerless (as a king or a superior).

ભુઆં, Same as ભુંઆં.

ભુઓ, Same as ભુવો.

ભુકી, *s. f.* See ભૂકી.

ભુકે-ભુકો, *adv.* Being reduced or crushed to powder.

ભુકો, Same as ભૂકો.

ભુકત, *adj.* [S. See ભુક્તિ.] Eaten. 2. Enjoyed.

ભુકતાવવું, *v. t.*To cause to eat or enjoy.
નિજ જન સહુ સુખ ભુકતાવો, અલેપ રાખો સદા.
—**દયારામ.**

ભુક્તિ, *s. f.* [S. *fr.* भुज to enjoy.]Fruition; enjoyment. 2. Dining; making a meal.

ભુખ, *s. f.* [Dh. Des. भुक्खियं *fr.* s. बुभुक्षितम् hungry, also Hem. Des. भुक्खो. *fr.* S. बुभुक्षा desire to eat, hunger, *fr.* भुज to eat, to enjoy.] Hunger; appetite. 2. Desire; longing.

Id. ભુખ લાગવી To be hungry. ભુખે મરવું To starve; to famish. 2. To die of hunger. ભૂખે મારવું To put to death by starvation.

Prov. ભુખ ન જુવે બાખરો, ઉંઘ ન જુવે સાથરો= ભૂખે ભુંડું લાવે, ઉંઘ ઉકરડે આવે Hunger is the best sauce,and fatigue is the best pillow. ભુખ વિનાનું ખાવું, ને મન વિનાનું ગાવું Don't eat if you have no appetite, and don't sing if you are not so inclined. ભુખે મરતું છોકરાં ખાય Hunger is the worst of enemies.

ભુખ-ડું, *adj.*Hungry.2.Indigent; needy.
Id. ભુખડું બારસ Quite hungry.

ભુખ-મરો, *s. m.* [See ભુખ + મરો, મર-વું.] suffering from hunger; starvation.

ભુખર, *s. m.* A contrary wind; a head-wind. (Used by sailors).

ભુખરૂં, *adj.* Faded; pale (of a colours).

ભુખાળ-વું, Same as ભુખડું.

ભુચિ-યો, *adj.* Easily broken; brittle.

ભુજ, *s. m.* [S.] The whole arm. 2. A side of a polygon (in Geom.). 3. A curve.

ભુજંગ, *s. m.* [S. *fr.* +गम to go.]A snake; the cobra-de-capello.

ભુજંગ પ્રયાત, See ભુજંગી.

ભુજંગી, *s. m.* [S.] A kind of metre.

ભુટ્ટા-ચોર, *s. m.* [See ભામટો + ચોર.] A petty thief; a mean pilferer.

ભુટ્ટો, *s. m.* An ear of Indian corn; a maize-top.

ભુડ-ક-વું, Same as ભુર-ક-વું.

ભુડકસ, *s. n. pl.* Little children.

ભુત-ખાનું, *s. n.* [+ ખાનું.] A haunt of ghosts; a place infested with spirits, goblins, &c.

ભુત-ડું, *s. n.* } Calcarious earth.
ભુત-ડો, *s. m.* }

ભુનાં, *s. n. pl.* Green dry grains found in pulse. 2. Berries of a પિંપળો tree.

ભુર, Same as ભુરસી.

ભુર-ક-વું, } *v. i.* To be terrified. 2. *v. t.*
ભુર-કા-વું, } To enchant. 3. To cheat.

ભુરસી, *s. f.* [S. भूयसी दक्षिणा great present

of money *fr.* भूयस् great + દક્ષિણા.] Money presents given to Brāhmans. 2. Cherry-merry; a bribe.

ભુરા·ટ, *s. f.* [See ભૂરૂં + વૃત્તિ.] A brown colour.

ભુરા·ટ·ણ, } **ભુરા·ડું,** } *s. n.* Reddish clay.

ભુરા·સ, Same as **ભુરા·ટ.**

ભુલ·ક·ણું, *adj.* Forgetful; that which habitually forgets.

ભુલ-ચુક, *s. f.* [+ચુક.] Errors and omissions.

Id. ભુલચુક લેવી દેવીErrors excepted. ભુલેચુકે By an act of commission or omission.

ભુલ·થાપ, [+ થાપ a slap.] Misleading; misguiding; deceiving.

Id. ભુલથાપ દેવી-ખવડાવવી-મારવી To mislead; to lead one into error. ભુલ થાપ ખાવી To be misled.

ભુલ-ભુલા·મણી, *s. f.* [See *infra.*] A labyrinth; a maze.

ભુલ-ભુલા·મણું, *adj.* [See ભુલ·વું+ભુલાવ·વું.] Misleading; misguiding; deceptive. 2. *s.n.* Anything that causes an illusion or deception.

ભુલ·વ·ણ, } **ભુલ·વ·ણી,** } *s. f.* Captivating; beguiling; a bewitched or captivated state.

ભુલ·વું, *v. i.* [Hem. Des. भलंतं = S. प्रस्खलत् stumbling; also भुल्ल·इ=S. भ्रश्यति it falls.] To err; to mistake; to blunder. 2.To forget;to miss; to lose memory of. 3. To become infatuated.

Prov. ભુલ્યા ત્યાંથી ફરીથી ગણો What cannot be cured, must be endured.

ભુલા·વ·વું, *v. t.* [Caus. of ભુલ·વું.] To make commit an error or mistake. 2. To make to forget; to beguile; to entrap.

ભુલા·વો, *s. m.* Deception; imposition. 2. Misapprehension; misleading;misrepresentation; misinterpretation. 3. Forgetfulness.

ભુવ·ન, *s. n.* [S. *fr.* भू to be.] A world; a sphere.

ભુવર્લોક, *s.m.* [S. भुवर् the atmosphere + લોક.] The region between the earth and heaven.

ભુવો, [See ભુઓ. *fr.* S. भवानी the goddess Durgā, wife of Shiva, *fr.* भव Shiva *fr.* भू to be.] A worshipper in the temple of a goddess.

Prov. ભુવાનું માન જાગરિયા વધારે Accomplices raise one's reputation. ભુવો ધૂણે, પણ નાળિયેર ઘર ભણી ફેંકે Every one is always watchful of one's own interest.

ભુવો, *s. m.* [See ભ્રમર.] A circular pit in the ground caused by a whirlpool of water.

ભુશંડી, *s. f.* A kind of missile.

ભુસ·કો, *s. m.* [Imit.] A jump;a spring; a bound; a hop; a leap.

Id. ભુસકો મારવો-ખાવો To jump headlong or carelessly.2.To run into danger without minding consequences.

ભુસ·ડ·વું, *v. t.* [See ભુસ·વું.] To efface; to blot out. 2. To write in haste or carelessly.

ભુસ·વું, *v. t.* [Dh. Des. फुसियं = S. प्रोञ्छितम् thrown.] Same as **ભુસ·ડ·વું**

ભૂ, *s. f.* [S. *fr.* भू to be.] The earth.

અસુર વંશ નિકંદન કરવા, ભૂ કરવા નિરભાર જી.
—**ભાલણ.**

2. *adj.* Produced from or springing from. (Used at the end of a compound. *e. g.* ગિરિ-ભૂ, વિત્ત-ભૂ)

ભૂ, Same as **ભુ.**

ભૂ·કંપ, *s. m.* [S. *fr.* + કંપ.] An earthquake.

ભૂ·કી, *s. f.* [See ભૂકો.]A very fine powder.

ભૂ·કો, *s. m.* [S. बुष chaff.] Powder; any substance pulverized. 2. Crumbs. 3. Shattered state.

ભૂખ, Same as **ભુખ.**

ભૂખર, *adj.* [See ઉખર.] Unproductive; barren.

ઉખર ભૂખર અવનીમાં એ વાત,
આખા વિશ્વમાં થયું વિખ્યાત. —**પ્રેમાનંદ.**

ભૂખું, } **ભૂખ્યું,** } *adj.* Hungry. 2. Need; necessity.

Prov. ભૂખ્યો સિંહ તરણું ન ખાય Nobility

stands above meanness.

ભૂ-ગોળ, *s. m.* [See ભૂ the earth + ગોળ a globe.] A terrestrial globe; the earth. 2. *s. f.* Geography.

ભૂ-ગોળ-વિદ્યા, *s. f.* [S. *fr.* + વિદ્યા.]Same as **ભૂ-ગોળ** Geography.

ભૂ-ચર, *adj.* [S. *fr.*+चर् to walk.] That moves, or lives, on land.

ભૂંડું, *adj.* Ashamed; abashed; confounded; astounded.

ભૂ-ત, *s. n.* [S. *fr.* भू to be.] A malignant spirit; a goblin; a fiend. 2. A ghost; a demon; a monster; an apparition; the shade of a deceased person. 3. A god; a devil; a demi-god. 4. Any one of the five elements. 5. Any material, elements, or principle.6. *adj.* Past; gone by; elapsed; been. 7. Become.

Id. ભૂત વળગવું To be possessed by an evil spirit. ભૂત આવવું To be present (of an evil spirit in a person).2.To be obstinate; to be cross. ભૂત કાઢવું To drive away an evil spirit.2.To presuade to give up one's obstinacy. ભૂત વળગાડવું To mislead, to lead in to a wrong path.

Prov. ભૂત ગયું, ને પલિત જાગ્યું Out of the frying pan into the fire. ભૂત ભુસકા મારે, ને હનુમાન હડિયા કાઢે An empty house.2. A very poor condition. ભૂતનું ઠેકાણું આંબલી Firewood must at last come to the fireplace.

ભૂત-કાળ, *s. m.* [+ કાળ time.] The past time. 2. Past tense (in Gram.).

ભૂતાવળ, *s. n.* [+ આવલિ a line, a ross.] A group of troop of spirits, goblins, &c.

ભૂ-તળ, *s. n.* [See ભૂ the earth+ તળિ-યું.] The surface of the earth.2. *s. f.* Physical geography.

ભૂતિ, *s. f.* [S. *fr.* भू to be.] Being; existence. 2. Birth; production.3. Well-being; prosperity. 4. Good fortune; success. 5. Wealth. 6. Grandeur,dignity.7. Superhuman power over other persons obtained by the practice of penance or magical rites.

ભૂતિ કેરો હરણ કરતાં, જો પૂઠે ભીમ ભૂતિ ।
ભૂતિ જાણે મન થકી, રૂડી જે ધરાવે જ ભૂતિ ॥
ભૂતિ એની પવન થકી છે, ના લજાવે વિભૂતિ ॥
ભૂતિ જાણે થઇ કરિ હરિ, આજ તારી વિભૂતિ. ॥
—પ્રેમાનંદ.

ભૂ-દેવ, *s. m.* [S. *fr.* +દેવ a god.] A god on the earth; a title arrogated to themselves by the Brāhmaṇs.

ભૂ-ધર, *s. m.* [S. *fr.* ધર-વું to hold.] A king. 2.A large snake.3. A mountain.

ભૂ-પ, *s. m.* [S. *fr.* + पा to protect.] A king. 2. A mode in music.

ભૂપ-કલ્યાણ, *s. m.* [S.] A particular musical mode.

ભૂ-પતિ, *s. m.* [S. *fr.* ભૂ the earth + પતિ a lord.] A king.

ભૂ-પાળ, *s. m.* [+પાળ-વું to protect.] See **ભૂ-પતિ.**

ભૂ-ભાર, *s. n.* [S. *fr.* + ભાર a burden.] A load or burden upon the earth; sins or wickedness committed by men upon the earth.

ભૂ-મંડળ, *s. n.* [S. *fr.* + મંડળ a circle.] The terrestrial globe.

ભૂ-મિ, *s. f.* [S. *fr.* ભૂ the earth.] The earth.2.Land; ground. 3. An upper storey in a house.

કનક ભુવન વિશાળ સુંદર તેજનો અંબાર,
સપ્તભૂમિ અવાસ સુંદર થઇ રહ્યો આકાર.
—હરિદાસ.

ભૂમિ-કા, *s. f.* The earth. 2. A dramatic person; a dramatic part. 3. A stage; an arena.

ભૂમિતિ, *s. f.* [S. *fr.* भू the earth + मिति measuring *fr.* मा to measure.] Geometry.

ભૂ-મિતિ-શ્રેણી, **ભૂ-મિતિ-શ્રેઢી,** *s. f.* [S. *fr.* + શ્રેઢી શ્રેણી, a row.] Geometrical progression.

ભૂર, Same as **ભુર, ભુરસી.**

ભૂર, ભૂરિ, *adj.* [S. भूरि.] Much; many.

લક્ષ્મીને નિશ્ચલ કામે, ભડ ભૂર પડયો તે ભામે.
—ગિરિધર.

છે ભૂર ભોગી વારૂણીનો, સુરા પાન પ્રીછે નહિ રે.
—પ્રેમાનંદ.

હે માત અથવા થયો તુજ પર, યથા ભૂરિ ભાર.
— રત્નેશ્વર.

ભૂરૂં, *adj* Brown; auburn.

Id ભૂરૂં ભટાક Very white.

ભૂલ, *s. f.* [S.भ्रम *fr.* भ्रम् to wander.] A mistake.

Id. ભૂલ ખાવી–કરવી To make a mistake. ભૂલ આવવી–પડવી To creep in (of a mistake). ભૂલ ભરેલું Full of mistakes; mistaken; wrong.

Prov. ભૂલ તો અજ્ઞાની એ થાય = માણસ ભૂલને પાત્ર છે = માણસ છે, ભૂલે પણ ખરો *Humanum est errare* = Man is liable to err = To err is human.

ભૂ-લોક, *s. m.* [S. *fr.* भू the earth + लोक the world.] The earth as the habitation of men.

ભૂ-શલાકા, **ભૂ-શીર,** } *s. f.* [See ભૂ the earth + S. शलाका a stick, શીર the head.] A promontory; a cape.

ભૂષણ, *s. n.* [S. *fr.* भूष् to adorn.] An ornament. 2. Decoration; embellishment.

ભૂષિ-ત, *adj.* Adorned; decorated; embellished.

ભૂ-સૃષ્ટિ-વિદ્યા, *s. f.* [S. *fr.* ભૂ the earth + સૃષ્ટિ + વિદ્યા.] Physical geography.

ભૂ-સ્તર-વિદ્યા, *s. f.* [S. *fr.* + स्तृ to cover + વિદ્યા.] Geology.

ભૃ-કુતિ, Same as **ભ્રૂ-કુટિ.**

ભૃગુ-વાર, *s. m.* [S. भृगु name of a sage + વાર a day.] Friday.

ભૃંગ, *s. m.* [S.] A wasp.

ભૃ-ત્ય, *s. m.* [S. *fr.* ભૃ, ભર-વું, to fill, to maintain.] A servant.

ભૂવ, Same as **ભૂ.**

ભેંકડો, *s. m.* [Imit. See ભેક a frog.] A loud prolonged cry.

ભેંચો, *s. m.* Crushing. 2. Anything crushed.

ભેંસ, *s. f.* [Dh. Des. महिसी *fr.* S. माहिषी.] A she-buffalo.

Prov. ભેંસ આગળ ભાગવત To throw pearls before swine. ભેંસ આવતા પહેલાં ખુંટો દાટવો = ભેંસ ભાગોળે, ને ઘેર ઝેટકા To count one's chickens before they are hatched. ભેંસ કુદે તે ખીલા વગુંદી Put off your armour, and then talk of your courage.

ભેંસર, *s. m.* A male buffalo.

ભેંસ-લો, *s. m.* The ground between two wheel-ruts.

ભેંસાસુર, *s. m.* [See ભેંસ + અસુર.] A demon in the form of a buffalo. 2. A terrible man.

ભે, *s. m.* [See ભય.] Fear; dread; danger; risk.

Id. ભે ભાગવો To be free from fear.

Prov. ભે વિના પ્રીત નહિ No love without fear.

ભેક, *s. m.* [S.] A frog.

ભેખ, *s. m.* [See વેષ.] A disguise. 2. [See વેષ. or ભીખ.] An ascetic who maintains himself upon begging.

Id. ભેખ લેવો To retire from the cares of the world.

ભેખડ, *s. f.* A mass; a heap. 2. A clod; a lump of clay. 2. A precipice; a rock.

Id. ભેખડ પડવી To get a heap of money.

ભેખ-ધારી, *adj.* [S. *fr.* + ધરવું.] Wearing a disguise. 2. *s. m.* An ascetic beggar, who is known from his dress.

ભેખ-વટો, *s. m.* [+ વૃત્તિ.] Maintaining one's self by begging. 2. Asceticism; living the life of an ascetic.

ભેગ, *s. m.* Admixture; adulteration.

ભેગ-વ-ડું, **ભેગું,** } *adj.* Mixed together. 2. Being together; being in combination with; collected; assembled.

Id. ભેગું કરવું To mix. 2. To assemble. ભેગું થવું To meet. 3. To be joined; to be mingled.

ભેગા-ભેગું, *adj.* Accompanied by; being along with.

ભે-ચક, *adj.* [See ભે + ચકિત.] Overcome with fear; distressed with fear.

બુદ્ધિ બૂડી જાય બોલતાં, ભાળી ભેચક થાવે;
અખંડ જેવું ઉદ્યતન્યું, કાંઇયું કેવામાં ના'વે.

—**ભોજોભગત.**

ભેચો, *s. m.* Strength; power.

ભેજ, *s. f.* [See ભિજ-વું.] Humidity; dampness; moisture.

ભેજું, *s. n.* The brains. 2. Intellect.

Id. ભેજું ફાટી જવું To be insane; to be crazy. ભેજું ખસવું, ભેજું ઠેકાણે ન હોવું, To be foolish.

ભેટ, *s. f.* [S. अभीत gone towards, met, *fr.* अभि towards + इ to go.] A meeting; an interview; a visit. 2. A present; a gift; an offering. 3. An embrace; augging.

Id. ભેટ લેવી To pay a visit. ભેટ મોકલવી To send a present. ભેટ આપવી To make a gift.

ભેટ-વું, *v. t.* To meet; to have an interview. 2. To embrace; to hug. 3. To meet; to encounter.

ભેટં-ભેટા, *s. f.* Mutual meeting or embracing; a face to face encounter.

ભેટા-ડ-વું, *v. t.* [Caus. of ભેટ-વું.] To bring together to a meeting or close embrace.

ભેટા-મણ, *s. n.* A gift made at the time of paying a visit.

ભેટિ-યો, *s. m.* A bearer of a gift.

ભેટો, *s. m.* Meeting on the way by coming together in opposite directions.

ભેડ, *s. n.* A sheep; a goat.

ભેડિ-યો, *s. m.* A wolf.

ભેણું, *s.n.* An earthen vessel to cook in.

ભેદ, *s. m.* [S. *fr.* भिद् to break.] Dividing; separating. 2. Division; separation; alienation. 3. Difference; diversity; variety. 4. Distinguishing; discrimination. 5. A species; a kind. 6. A mystery; secret arcana; secret matters. 7. Guile; deceit. 8. One of the four means of success against an opponent; splitting; dividing.

Id. ભેદ લેવા-જાણવો To find out one's secrets. 2. To test. ભેદ ફોડવો To divulge the secrets. ભેદ રાખવો To keep secret. ભેદ આપવો To let another person know one's secrets.

ભેદ-વું, *v. t.* To divide; to separate; to split asunder; to pierce; to be disunited; to disjoin. 2. To distinguish; to discriminate. 3. To work; to produce an effect.

Id. હૃદય ભેદવું To break or pierce the heart.

ભેદિ-યો, }
ભેદુ, } *s. m.* That knows the secrets; a spy. 2. A confidant.

ભેભટ, *s. f.* Hot ashes.

ભેર, Same as **ભેરી.**

ભેરવ, *s. m.* [S. भैरव *fr.* भीरु timid *fr.* भी to fear.] A kind of musical mode sung in the morning. 2. A form of Shiva. 3. *adj.* Relating to ભેરવ. 4. Terrible; horrible; terrific.

Id. ભેરવ જોગ ખાવો To throw oneself down from the top of a particular hill of Girnar in Kāthīāwād, believed to secure salvation.

ભેરવી, *s. f.* A particular musical mode sung in the morning.

ભેર-વ-વું, *v. t.* [Caus. of ભર-વું.] To put in; to fasten; to fix; to button. 2. To mislead; to poison one's ears. 3. To place hanging (a cloth, &c.) on a peg.

ભેર-વા-વું, *v. t.* [Pass. of ભેર-વ-વું.] To be put in; to be fixed. 2. To be in a difficult situation.

ભેરી, *s. f.* [S.] A kind of kettledrum.

ભેરુ, Same as **ભીરુ.**

ભેલાડ, *s. m.* [See ભીલ+વૃત્તિ.] Spoiling; ruining (a harvest).

ભેલા-ડ-વું, *v. t.* [See ભિલ્લ.] To spoil a harvest by setting cattle to eat it or by plundering it.

ભેવ, *s. m.* [See ભેદ.] A secret.

ભેષજ, *s. n.* [S. *fr.* भिषज a physician.] A medicine.

ભેસપત-વાર, *s. m.* [S. *fr.* बृहस्पति the preceptor of gods + વાર a day.] Thursday.

ભેળ, *s. m.* [See ભળ-વું] A mixture; a compound of different substances mixed together.

રાય સાથે રાય દીપે, સુયોધન, ઉકો, રમો;
સર્વે કહ્યું " ખરી વાત, ભુંડી આ તો ભેળ છે. "

—વલ્લભ.

ભેળ-વણ, }
ભેળ-વણી, } *s. f.* Mixing together.

ભેળ-વ-વું, *v. i.* [Caus. of ભળવું.] To mix; to mingle. 2. To add. 3. To adulterate. 4.

To associate; to mix up with.

ભેળ-સેળ, *adj.* [+ સેળ redup.] Mixed together. 2. Hotch-potch.

ભેળા·ડ·વું, Same as **ભેલા·ડ·વું.**

ભેળું, *adj.* Associating; accompanying. 2; Mixed up.

Id. ભેળું થવું To be mixed up. 2. To meet or assemble. તમને હું ભેળો થઈશ I will meet you. ભેળું કરવું To mix up.

ભૈડ·કી, Same as **ભડ·કી.**

ભૈડ·કું, Same as **ભડ·કું.**

ભૈડ·વું, Same as **ભરડ·વું.**

ભૈરવ, Classical form of **ભેરવ.**

ભો, Same as **ભોંય.**

ભો, *adv.* Imit. of the sound.

ભોંક, Same as **ભોક.**

ભોંય, *s. f.* [See ભૂમિ.] The ground; the floor. 2. Land.

Id. ભોંય કરવી To make the floor level with mud. ભોંય આવવી To cicatrize. ભોંય ભાગવી To slough (said of the skin). ભોંયે પડવું To lie down on the ground at full length out of weariness. ભોંયે કરવું, ભોંયે નાખવું To prepare to receive the last sacrament. ભોંયે નાખ્યા About to die (used as a term of abuse by women). ભોંય ખાતરવી=ભોંયમાં પેસવું To feel ashamed. ભોંય ભેગું કરવું To level with the ground; to ruin.

Prov. ભોંયના પડ્યા કાંઇ ભોંયે રહેવાના છે ? Ups and downs follow alternately.

ભોંય-તળિ·યું, *s. n.* [+તળિ·યું] The ground-floor of a house.

ભોંય·રૂં, *s.n.* [+અગાર a house.] A cellar, a vault.

Prov. ભોંયરામાં નાગી થઇને નાચે, તોપણ છાનું ન રહે Every act, however secret, comes to light in the long run.

ભોંયો, Same as **ભોમિયો.**

ભોંરી, *s. f.* [See ભમરી.] A black bee.

ભોંસ·વું, Same as **ભુસ·વું.**

ભોંસ·ડું, Same as **ભુંસ·વું.**

ભો, *s. m.* [See ભય.] Fear;dread; terror; danger.

ભોઈ, *s. m.* [Dh. Des. भुक्ते *fr.* S. भुज the arm; also Hem. Des. भुइ, भोइ, *fr.* S. भृति service, or भृत्य a servant.] A palanquin-bearer.

ભોક, *s. n.* [See ભોક·વું.] A perforation; a hole; a bore.

ભોક·વું, *v. t.* To pierce; to perforate; to bore; to puncture. 2. To drive in or through; to stab.

ભોકા·રૂં, *s. n.* Hollowness; emptiness; unsubstantiality (*esp.* of that which bears a fair outside.).

ભોક્તા, *s. m.* [S. *fr.* भुज् to enjoy.] That enjoys or experiences.2.A pleasure-enjoyer. 3. An epicure.

ભોગ, *s. m.* [S. See ભોગ·વ·વું.] Pleasure; enjoyment. 2. Sexual enjoyment.3. Endurance; experience. 4. Use; using. 4. Allotment; lot. 5. Suffering; an evil; misfortune; a woeful plight. 6. Eating; devouring.7.A sacrifice; an oblation;an offering.

Id. ભોગ લાગવા–ફરી વળવા–મળવા To come into a difficult position. 2.To be attacked by misfortune. ભોગ ભોગવવા To enjoy pleasures. ભોગ પડવું To be the property of. ભોગ થઈ પડવું To fall a victim to.

ભોગ-જોગ, *s. m.* [જોગ.] A coincidence; a casualty.

ભોગ-જોગે, *adv.*Accidentally;by chance; casually.

ભોગ-દાર, *adj.* [+દાર P.] Being the proprietor of; having property in.

ભોગ-દારી, *s.f.* Proprietorship.

ભોગ·વટો, *s. m.* [+ વૃત્તિ state.] Enjoyment; possession and use.

ભોગ·વ·વું, *v. t.* [S. भुज् to enjoy.] To enjoy, to experience. 2. To undergo; to bear; to suffer. 3. To use; to manage.

Prov. ભોગવે, તે ભાગ્યશાળી Not possession but use is the only riches: Wealth is not his who has it, but his who enjoys it.

ભોગી, *s. m.* [S. *fr.* ભોગ.] That enjoys. 2. A voluptuary. 3. An epicure. 4.A king. 5.A wasp.6.[S. *fr.* भोग the hood of a snake.] A snake.

ભોજ·ક, *s. m.* [S. *fr.* भुज् to enjoy.] A Jain musician.

ભોજ·ન, *s. n.* [S. *fr.* भुज् to enjoy.] Eating; dining. 2. Dinner; meal; victuals.

ભોજ·ન-દક્ષિણા, *s. f.* [+દક્ષિણા.] Money-presents given to Brāhmans after supplying them with a meal.

ભોજ-પત્ર, *s. n.* [S. भुज-पत्र.] The bark of the birch tree.

ભોજ·લું, *s. n.* An ape; a monkey.

ભોજાઈ, *s. f.* [Hem. Des. भाउज्जा *fr.* S. भ्रातृ, भ्राता, a brother+જાયા a wife.] A brother's wife.

ભોટ, *s. m.* A dunce; a blockhead.

ભોટવો, *s. m.* An earthen jug.

ભોટીલું, *s. n.* A puppy; a whelp.

ભોડું, Same as **ભૂંડું.**

ભોથડ, *adj.* Dull-headed; stupid; foolish.

ભોથું, *s. n.* [See ભુથું.] A knot of roots.

ભોપાળી, *s. f.* [See ભૂપ + આવલિ.] A morning hymn in which occur the names of ancient kings of sacred fame.

ભોપાળું, *s. n.* Hollowness; emptiness. 2. Exposure.

Id. ભોપાળું ઉઘાડું પડવું The bubble burst.

ભોપી, *s. m.* A person that officiates in a temple of Shiva.

ભોમ, *s. m.* [S. भौम the planet Mars. + વાર a day, being understood.] Tuesday.

ભોમિ·યો, *s. m.* [See ભૂમિ.] A guide. 2. *adj.* Acquainted with; conversant with.

ભોર, *s. f.* [See ભૂરૂં.] The morning twilight.

ભોર થઈ, ઓર ચિડિયાં ચચાંની;
ભાગ્યો ન જાય, ભગાયો ન જાય. —દયારામ.

ભોર, Same as **ભોળ.**

Id. ભોર મુકવું To waste (money).

ભોર,
ભોરમ-ભોર, } *adv.* Being consumed of exhausted. 2. Being finished.

ભોરિંગ, *s. m.* [See ભુજંગ.] An adder.

ભોશ,
ભોસ,
ભોશ·ડી,
ભોસ·ડી, } *s. f.* The female organ of generation.

ભોસ·ડો, *s. m.* Same as **ભોસ.**

ભોળ, *s. m.* [See ભ્રમ.] Dizziness; giddiness. 2. Vomitting caused by dizziness.

ભોળ·પણ, *s. n.* [See ભોળું.] Simplicity; artlessness; frankness. 2. Credulity. 3. Fairness; candour; guilelessness; plainness.

ભોળ·વ·વું, *v. t.* To impose upon; to cajole; to take in; to beguile; to mislead; to deceive; to wheedle.

ભોળ·વા·વું, *v. i.* [Pass. of ભોળ·વ·વું.] To be deceived.

ભોળા·ઈ, *s. f.* Same as **ભોળ·પણ.**

ભોળિયો, *s. m.* A particular class of beggars. 2. *adj. m.* See ભોળું.

ભોળું, *adj.* [Dh. Des. बन्धो = S. बहुल: large, broad Or S. भावालु affectionate *fr.* भाव affection.] Simple; artless; guileless. 3. Weak; silly; foolish. 4. Credulous.

Id. ભોળા શંકર–ભોળો બ્રહ્મા જેવો Very openhearted; silly; foolish.

Prov. ભોળે ભાવે રામૈયો A credulous man is indifferent to consequences.

ભૌતિ·ક, *adj.* [See *fr.* ભૂત an element.] Elemental; relating to the universe or elemental combinations; physical; material.

ભ્રંશ, *s. m.* [S. *fr.* भ्रंश् to fall.] Falling; fallen state; deviation from rectitude. 2. Corruption.

ભ્રમ, *s. m.* [S. *fr.* भ्रम to wander.] Wandering. 2. Mistake; error; delusion erroneous conception or judgment. 3. Wandering of mind; aberration; incoherence; wildness of thought. 4. Straying 5. Suspicion. 6. Moving in a circle.

ભ્રમ·ણ, *s. n.* Same as **ભ્રમ.**

ભ્રમ·ણ·તા,
ભ્રમ·ણા, } *s. f.* Same as **ભ્રમ·ણ.**

ભ્રમર, *s. m.* [S. *fr.* भ्रम to wander.] A large black bee. 2. A wasp. 3. A ringlet or curl line of hair. 4. An eddy. 5. [See ભ્રૂ.] The eye-brow.

ભ્રમિ·ત,
ભ્રમિ·ષ્ઠ,
ભ્રમી, } *adj.* [See ભ્રમ.] Wandering; confused; bewildered; deluded.

ભ્રમ્મી, *s. f.* [S. ब्राह्मी.] A kind of medi-

cinal plant.

ભ્રષ્ટ, *adj.* [S. See ભ્રંશ.] Fallen; depraved; polluted. 2. Vicious; lost;abandoned.

ભ્રષ્ટાચાર, *s. m.* [S. *fr.* + આચાર.] A devious, lax, impure course of life; a dissolute life; a life of dissipation.

ભ્રાત, ભ્રાતા, *s. m.* [S. भ्रातृ, भ्राता.] A brother.

ભ્રાન્તિ, *s. f.* [S. See ભ્રમ.] Mistake; error; delusion; wrong notion. 2. Wandering; aberration; erroneous judgment. 3. Doubt; uncertainty.

ભ્રૂ, *s. f.* [S.] The eyebrow.

ભ્રૂ-કુટિ, ભ્રૂ-કુટી, ભ્રૂ-વલ્લી, *s. f.* [S. *fr.* +कुटि कुटि, a curve, વલ્લી a creeper.]The eyebrow.2. A contracted eye-brow; a frown.

મ.

મ,The thirty-sixth letter of the alphabet, and the 25th consonant.

મ, *adv.* [S. मा.] No; not.

મઊ, Same as **મૈ**.

મઊ થવું, *v. i.* [See મઊ, મૈ + થવું.] To be submissive; to be obedient.

મકર, *s. m.* [S.] An aquatic monster; a fabulous marine monster.2. A crocodile. 3.A fish.4. One of the signs of the zodiac; *Capricornus.*

મકર, *s. m.* [Ar. मक्र fraud; deceit.] Fraud; a feint; a pretence; a show.2. Dissimulation; hypyocrisy.

મકર-કેતન, મકર-ધ્વજ, *s. m.* [S. *fr.* મકર a fish + S. केतन, ध्वज, a banner.] The God of Love; Cupid.

મકરંદ, *s. m.* [S.] The nectar or honey of a flower.

ચરણ કમલ મકરંદ સુવાસિત, મન ખટપદ થઈ લેશે.
—**પ્રેમાનંદ.**

2. The cuckoo.

મેલું, *adj.* [Dh. Des. मइलं *fr.* S. मलितम्, मलिनम्; also Hem. Des. मइलो=S. गत तेजः that has lost its lustre. See મેલ dirt.] Dirty; foul; nasty; filthy. 2. *s. n.* A demon; an evil spirit. 3. A pest; a plague.

Id. મેલી વિદ્યા Black magic; knowledge

of dealings with evil spirits; witchcraft. 2. The Art or practice of intrigue.

મેલી, Same as **મેહલી, મોહોલી.**

મેવ-લો, *s. m.* [See મેહ, મેહુલો, મેઘ.] Rain. 2. Songs sung to propitiate the god of rain, when there has been no rain for many days in the rainy season.

મેવાડા, *s. m. pl.* [मेवाड name of a part of Rājputānā.] A class of Brāhmaṇas who originally came to Gujarāt from Mevāda.

મેવાડી, Me-vāḍī, *adj*. Relating to Mevāda.

મેવાડો, *s. m.* A particuler class among Vāniās, who deal in piece goods, &c. 2. The singular of **મેવાડા**. 3. A particular musical mode.

મે-વાસ, *s. m.* [मही a river in Gujrāt + વાસો.] The province of Mahikāntha. 2. A class of freebooters in Gujarāt.

મે-વાસી, *adj*. Turbulent; insubordinate. 2. *s. m.* See **મે-વાસ**.

મેવો, *s. m.* [P. मवः.] Fruit.

મેશી, *adj*. [See મિસ્સી, મેસ.] Stingy; miserly.

મેષ, *s. m.* [S.] A ram. 2. *s. f.* The first sign of the Zodiac; the constellation *Aries*.

મેષો-મેષ, *s. m.* [S. निमेषोन्मेष, *fr.* निमेष shutting the eye + उन्मेष opening the eye. *fr.* नि down, उद् up + मिष् to shut the eye.] Twinkle; twinkling; winking with the eye.

મેસ, *s. f.* [See મશી.] Soot; lampblack.

મેસરી, *s. m.* [See મહેશ્વર,] A class of Vāniās.

મેહસુર, મેસુર, } *s. m.* A particular kind of sweetmeat.

મેહ, મેહુલો, } *s. m.* [Hem. Des. मेहो *fr.* मेघ: See મેઘ.] Rain.

મેહક, *s. m.* [S. महक्क *fr.* मह् to gladden.] Perfume; fragrance.

મેહ-ક-વું, *v. i.* [S. मिह् to be wet, to emit semen. *Cf.* મેકવું, બેહેકવું.] To emit a sweet smell.

મેહકા-ટ, *s. m.* [+वृत्ति.] A strong sweet smell.

મેહણું, Same as **મેણું**.

મેહતર, Same as **મે-તર.**

મેહતરાણી, Same as **મે-તરાણી.**

મેહતલ, *s. f.* [Ar. मुहलत.] Respite; postponement; delay; rest. 2. Time; interval.

મેહતા-જી, *s. m.* [See મેહતો+જી.] A schoolmaster; a tutor; an instructor; a teacher.

Prov. મેહેતાજી ન હોય, ત્યારે છોકરાને મઝા, When the cat is away, the mice will play.

મેહતાબ, *s. m.* [P. मेहताब् moonlight *fr.* माह् the moon+ताब्=S. ताप.] The moon.

મેહતો, *s. m.* [Hem. Des. मेहो = S. वणिक् सहाय: a merchant's clerk. *fr.* S. महित praised, great. *fr.* मह् to praise, to make great.] A schoolmaster. 2. An accountant; a clerk; a writer.

Prov. મહેતા મારે નહિ, ને ભણાવે નહિ A man of no pluck or courage.

મેહનત, *s. f.* [Ar. मिहनत.] Labour; toil; pains. 2. Work. 3. Price or wages of labour. 4. Difficulty; trouble. Same as **મહેનત.**

મહનતુ, *adj*. Painstaking; Industrious; laborious; hardworking; diligent.

મેહબૂબ, *s. m.* [Ar.] God.

મેહમાન, *s. m.* [P. मेहमान्.] A guest. Same as **મહેમાન.**

મેહર, *s. f.* [P. मिहर्.] Favour; kindness; graciousness.

મેહર-બાન, *adj*. [P. *fr.*+बान=S. वान्=વાળું having.] Kind; favourable; gracious; affectionate; loving; benignant. 2. *s. m.* A patron; a benefactor.

મેહર-બાની, *s. f.* Kindness; favour; regard; obligation; condescension.

મેહરમ, *adj*. [P. मह्रम् a man related to a woman whom she is prohibited by religion from marrying, as her father or brother, and in whose presence she can dispense with the veil.] Heartily beloved.

મેહરાબ, *s. m.* [Ar. मिह्राब्.] An arch; a vault. 2. A building in the form of a segment of a circle.

મેહરામણ, *s. m.* [Prob. a corruption of

વેહળાવણ fr. વહેળો a stream fr. વહે·વું.] A sea.

મેહરો, *s. m.* A pālkī-bearer.

મેહલ, *s.m.* [Ar. महल a palace. S. महालय a great house *fr.* महा great+आलय abode] A royal palace.2.A mansion. 2. A decorated part of a house.

Id. હવાઈ મેહેલ Castles in the air. (મનમાં) મેહેલ ચણવો To build castles in the air.

મેહલા·યત, *s.f.* The beauty, dignity or splendour of a palace.

મેહલ્લો, Same as મોહોલ્લો.

મેહસુલ, *s. m. n.* [Ar. महसूल gained.] A tax; a duty. 2. Revenue. 3. Finance.

મેહસુલી, *adj.* Pertaining to the collection of taxes, or the revenue department.

મેળ, *s. m.* [S. मेल meeting *fr.* मिल् to join.] Tallying; balancing of accounts. 2. Certainty; necessity; obligation. 3. A necessary consequence. 4. A cash-book.5. A day-book. 6. Nearness; approximation. 7. Concord; agreement.

Id. મેળ કાઢવો–મેળવવો–બેસાડવો To balance an account. મેળ ખાવો–બેસવો To meet together; to be suitable or favourable. મેળ કરવો To unite. 2. To reconcile. મેળ લાવવો To make fitting or suitable. 2. To bring about a reconciliation. તેના આવવાનો મેળ નથી It is not certain or settled when he will come.

મેળ·વ·ણ, *s.n.* [See મેળ·વ·વું.] Mixing. 2. A mixture; a composition. 3. An acid put into milk to curdle it.

મેળ·વ·ણી, *s.f.* A mixture. 2. Admixture; addition; adding; composition. 3. A sum; addition (in Mathem.).4. Exaggeration. 5. Adapting;joining;suiting. 6.Comparison.

મેળ·વ·વું, *v. t.* [Caus. of મળ·વું *fr.* S. मिल् to join.]To mix; to mingle;to combine, to unite; to join together; to add; to sum up. 2. To earn; to gain; to acquire. 3. To collect. 4.To reconcile; to bring together. 5. To tally; to correspond; to harmonize. 6. To compare, 7. To introduce.

Id. હિસાબ મેળવવો--ખાતું મેળવવું To compare account-books.તાળો મેળવવો To verify the result of a mathematical calculation. દુધ મેળવવું To mix a sour substance with milk in order to curdle it.

મેળા, *s.f.* [S. महिला *fr.* मद् to gladden.] A woman.

મેળા·પ, *s.m.* [S. मेला·प·क. See મેળ·વ·વું,] A meeting; an interview.

મેળા·વ·ડો, }
મેળાવો, } *s. m.* A congrgation; a concourse; a collection of people. 2. A meeting; an assembly.

Id. મેળાવડો કરવો--ભરવો--મેળવવો To call or hold a gethering or meeting.

મેળે, *adj.* Of itself; of its own accord; spontaneously; willingly.

મેળો, *s. m.* [Dh. Des. मेलो; *also* Hem. Des. मेली = S. सहतिः a group. S. मेलः See મેળ·વ·વું.] A concourse of people; a fair. 2. Meeting together. 3. Seeing a dying person for the last time.

મૈત્રી, *s.f.* [S.*fr.* मित्र.] Friendship.

મૈથુન, *s. n.* [S.*fr.* मिथुन a couple. See મિથુન.] Copulation; sexual intercourse. 2. Junction; union; combination; coalition. 3. [See મિથુન.] A couple; a pair. 4. A man and his wife.

મૈથુની, *adj.* Arising from the union of sexes. 2. Relating to the union of the sexes.

Id. મૈથુની પ્રજા Propagation of the species by the union of the sexes.

મૈયત, *s. f.* [Ar. मैयित् dead.] Death; A funeral. 2. *adj.* Deceased; dead.

મૈયત-ખરચ, *s. m. n.* [+ ખરચ.] Funeral expenses.

મૈયર, Same as મહિયર. Relations on the mother's side.

માતા પિતા મૈયર સંતાપે, સાસરિયાં અતિ આરત આપે.
—દયારામ.

મૈયા, *s. f.* [See મા, માતા.] A mother.

મૈલ, *s. m.* [Eng. *Mile.*] A mile.

મોં, }
મોંહ, } *s. n.* [See મુખ.] The mouth.

Id. See under Id. મોઢું.

મોંઘ-વારી, Same as **મોઘ-વારી.**

મોંઘા-ઈ, *s. f.* Value; worth. 2. Claim to indulgence or respect.

મોંઘું, Same as **મોઘું.**

મો-જો-ણું, મો-જોય-ણું, *s.n.* [+જો-વું.] A gift given at the first visit. 2. The ceremony of first seeing the bride or bridegroom.

વહુ વર મો-જોયણાં કરે સર્વ;તજ્યો મદન મેહેતાએ ગર્વ.
—હરિદાસ.

મોં-માગ્યું, *adj.* [See મો + માગ-વું.] As much (price) as is asked or demanded; without abatement; without haggling.

મોં-માર, *adj.* [+મારવું.] Without considerations of respect or favour; fearless; boldspeaking; speaking with boldness.

મોં-રખું, *adj.* [+ રાખવું.] Acting with reserve out of respect for a person;modest; shy. 2. Partial to, out of respect.

મોં-વડ, *adv.* [+ S. वर्तिन् being, existing, *fr.* वृत् to be. See વૃત્તિ.] Before the face; in front; just near in front.

મોઈ, *s.f.* A little bit of stick struck in the game called મોઈ-દંડો or ગિલ્લી-દંડો (trip-stick).

Prov. મોઈ પાદી, તે લાભ Something is better than nothing.

મોકમ, Same as **મક્કમ.**

તલે તલનો હિસબ લેશે, મોકમ દેશે મારો.
—ભોજોભગત.

મોકલ-વું, *v.t.* [See મૂક-વું.] To send; to despatch. 2. To remit; to transmit.

મોકળા-સ, *s. f.* [See મોકળું.] Width; breadth. 2. Spaciousness; roominess; extensiveness. 3. Freedom; ease; openness. 4. Extension; expansion.

મોકળું, *adj.* [Hem. Des. मुक्कल=S. स्वरम् स्वच्छन्दम्, at one's will. Also Dh. Des. मुक्कका *fr.* S. मुक्त-का let loose. See મુક્ત.] Free; unbound;unconfined; unrestrained; at liberty. 2. Open; unclosed; not shut. 3. Loose; separate; distinct. 4. Empty; unoccupied. 5. Free; relieved. 6. Magnanimous; elevated in soul. 7. Frank; ingenuous.

Id. પગ મોકળા કરવા To move one's legs about; to walk about. મન મોકળું કરીને બોલવું To speak freely; to unburden one's mind. સાંકડે મોકળે ચલાવી લેવું To manage as best one can. મોકળે મહાલવું To indulge oneself with freedom. 2. To separate oneself from one's relations and live a life of ease and freedom.

મો-કાણ, *s. f.* [Hem. Des. मोक्काणिआ= S. असितपद्मोदरम् the black interior of a lotus. Also Dh. Des. मुहविक्कोणो =S. निन्दार्थं मुख-विकूणनम् making faces at. Or See મોહ+કાણ.] A visit of condolence. 2. News of a death having occurred. 3. Ruin; perdition.

In. મોકાણના સમાચાર Discouraging news; information about one's failure. મોકાણ માંડવી To gather a number of mourners. 2. To spoil or ruin one's business or life.

મોકુફ, મોકુબ, *ad.* [Ar. मवक़ूफ़ stopped.] Postponed; delayed; deferred; put off; adjourned. 2. Abolished; abrogated; stopped; repealed; ceased. 3. Dismissed; discharged.

મોક્ષ, *s. n.* [S. See મૂક-વું *Cf.* મુક્તિ.] Final and eternal happiness; final emancipation. 2. Liberation.

Id. મોક્ષ પામવો--મેળવવો To get absolution or salvation of the soul. 2. To die. મોક્ષ દેવો--આપવો To save the soul of. 2. To kill. મોક્ષે જવું-મોક્ષ થવો To return to one's Maker. 2. (To die. મોક્ષ-કાળ The time of release (of the soul or of death.) 2. The time of release (of the sun or moon from an eclipse). મોક્ષ-પદ The state of deliverance from all existence as an individual.

મોખ, *s.m.* [See મુખ્ય.] A tent-pole.

મોખ, *s.m.* [Ar. मवक़ञ; also, See મુખ્ય.] An opportunity. 2. An intention; a motive. 3. Cause.

Id. મોખ સાધવો To take advantage of one's opportunities. મોખ ધારવો To make provision for. મોખ આવો To get an opportunity. મોખમાં ને મોખમાં ફરવું-હોવું To run about in search of an opportunity; to be engrossed in taking advantage of an opportunity; to be self seeking. શા મોખમાં આવ્યા

છો?What is your object or motive in coming or calling? What has brought you here?

મોખરો, *s. m.* [See મુખર, મુખ.]The front or foremost part; the van.

Id. મોખરે જવું To walk in front; to be the leader of; to lead. મોખરે કરવું--ધરવું To place in front; to appoint as the leader of. મોખરો સાચવવો To face boldly; to bear the brunt of war. મોખરે બેસવું To sit in front; to occupy one of the front places. 2. To be considered deserving of respect.

મોગરી, *s. f.* [See મોગરો.] The seed vessel of the radish.2.A mallet; a wooden hammer. 3. Arabian jasmine. 4. A small pestle.

મોગરે-લ, *s. n.* [+ તેલ.] Jasmine scent; hair oil.

મોગરો, *s. m.* [Hem. Des. मोग्गरो=S. मुलम् a bud. S. मुद्गर a hammer.] The jasmine flower. 2. A jasmine-shaped ornament. 3. The snuff of a wick. 4.A dome; a cupola.

મોગલા•ઈ, Same as **મુગલા•ઈ.**

મોઘમ, *adj.* [Ar. मुबहम् indefinite.] General;indefinite;vague;loose; equivocal; unexplained.

Id. મોઘમ રાખવું To leave undefined or undecided; not to make a clear statement.

મોઘ-વારી, } **મોંઘ•વારી,** } *s. f.* [See મોઘું+વારો.] Dearness; high prices.

મોઘું, } **મોંઘું,** } *adj.* [S, महार्घ *fr.*મહત્+અર્ઘ price.] Dear; bearing a high price; not cheap; costly. 2. Difficult of attainment.

Prov. ફજેતી સોંઘી, ને મોજ મોંઘી Disgrace is cheaper than honour. મોંઘો માલ પરોણો જમે Good things go to the guest.

મોચ•ક, *adj.* [S. *fr.* मुच् to release.]That frees, liberates, or looses (used at the end of a compound-word.

મોચ•ણ, *s. f.*A female of the મોચી class.

મોચ•ન, *s. n.* Liberating; freeing; releasing; setting free; loosening.

મોચ•ન, *s. n.* False pride. 2. Empty splendour.

જેહ તણા જનમાં ધનમાં નહિ,મોચનમાં ક્ષણમાં વનમાં શું?
—વલ્લભ.

મોચ-રસ, *s. m.* [+રસ.] The gum of the silk-cotton tree.

મોચમ, *s.m.*[See મૂકવું.]The unploughed space left in a field.

મોચ•વું, *v.i.*To be twisted or dislocated.

મોચી, *s. m.* [Hem. Des. मोच•क a kind of shoes. *Cf.* મોજું a stocking *fr.* P. मोजः a stocking.] A shoemaker; a cobbler.

મોજ, *s. f.* [Ar. मव्ज् a wave. *Cf.* તરંગ.] Pleasure; mirth; merriment; joy; gaiety; hilarity; delight; enjoyment. 2. Choice; will.

Id. તારી મોજમાં આવે તેમ Just as you please.મોજ મારવી–કરવી–માણવી To experience pleasure. 2. To act as one wills. મોજ શોખ Pleasures of various kinds.

મોજડું, Same as મોજું a wave.

હિમ્મત રાખીએ, દલ એ દાખીએ;
પાણી પહેલાં, શાં મોજડાં? —સામળભ.ટ.

મોજ•ડી, [See મોજું.] Shoes; slippers.

મોજ•ણી, *s. f.* [Mar. *fr.* मोज•ण *fr.* Ar. मीज़ान a balance.] A survey with a cross-staff. 2. Measuring.

મોજણી-દાર, *s. m.* [+દાર P.] A surveyor who measures with a cross-staff.

મોજ•વું, *v. t.* [See મોજ•ણી.] To survey. 2. To comprehend; to understand. 3. To measure.

મોજાં, *s.n. pl.* [P. मोजः.] Stockings or socks. 2. Gloves.

મોજાં, *s.n.pl.*[Ar. मव्ज् a wave. *Cf.*મોજ.] Waves; billows.

મોજાર, } **મોઝાર,** } *prep.* [Hem. Des. मज्झआरं = S. मध्यम् the middle, *fr.* मध्य centre + अगार house.] In; into. (Used in poetry.)

મોજિ•લું, } **મોજી,** } *adj.* [See મોજ.] That experiences pleasure; voluptuous. 2. Gay.

મોજું, *s. n.* [P. मोजः stockings, gloves. *Cf.* Hem. Des. मोचक under **મોચી.** See **મોજ•ડી.**] A stocking; a glove.

મોજું, *s. n.* [Ar.] wave.

મોજુદ, *adj.* [Ar. मय़ुजद़ existent.] Ready; on hand. 2. Existing; present.

મોજે, *s.n.* [Ar. मय़ुजिअ a place, the site.] A village.

મોજેજો, *s.m.* [Ar.] A miracle; a wonder.

મોજો, *s. m.* [See મોજું a wave.] A large and high wave.

મોટ, Same as **મોટું** Large, great.

મોટમ, } *s. n.* [See મોટું + પણ, પણું, = S.
મોટમ, }
त्व suffix forming abstract nouns from adjectives.] Same as **મોટા·ઈ.**

મોટા·ઈ, *s. f.* Largeness; bigness. 2. Greatness. 3. Large-mindedness; magnanimity. 4. Pride; arrogance; vanity. ostentation.

મોટિ·યું, *s. n.* [Mar. मोट a bundle.] A sack of grain; a load.

મોટું, *adj.* [See મહત્.] Large; big; extensive. 2. Copious. 3. Great; grand; magnificent. 4. Considerable. 5. Old; generous; magnanimous. 6. Grown up; having attained the age of puberty.

Id. ઘરમાં એનું માથું મોટું કેની ? Indeed he is the head and leading member of the family. મોટાં નેટાં Grown-up. નાનાથી મોટો કર્યો Reared him up from childhood. મોટું મન A generous mind. મોટું મન કરવું--રાખવું To forgive; to overlook short-comings. મોટું પેટ રાખવું To bear and forbear.

Prov. મોટાના પગરખામાં કોણ પગ ઘાલી શકે? Who can vie with the grert ? મોટા એટલા ખોટા A fine shoe often hurts the foot. મોટા ઘરના પોકળ વાંસા Much display but no substance. મોટાની મોટી વાત, અટ્ટો રોટલો ને આખી રાત (હળાવે) Serve a great man, and you will know what sorrow is. મોટાને મોટી ફિકર High winds blow on high hills.

મોટે·થી, *adv.* Loudly; noisily; clamorously; with a loud voice.

મોટે પરોઢિયે, *adv.* [+પરોઢિ·યું.] Early in the morning.

મોટે·રું, Same as **મોટું.**

મોટો પૈસો, *s. m.* [+પૈસો.] One pice and a half; four pies and a half.

મોઠી, *s. f.* Dining; eating; food; victuals; meal.

Id. મોઠીદાસ An epicure.

મોડ, *s. m.* [See મોડું the face, or મુકુટ the head.] A kind of chaplet worn by females on auspicious occasions. 2. Ears of corn fallen to the ground from their stalks. 3. Crossness; coquetry; ill humour.

એક વાતે તું ઉગરે, મેલી મનનો મોડ—**સામળભટ.**

Id. બધો મોડ તમારે માથે છે The credit of all this arrangement is due to you.

મોડ, Same as **મોડ** delay.

ઉપનંદે કહ્યું, "કહાવો, વ્રજભાનને રે;
ઘટિત છે એ વાત, રખે કરતા મોડ."—**દયારામ.**

મોડછી, *s. f.* [See મૂર્ચ્છા, મુળચી, મુળછી.] Purging and vomiting; cholera.

મોડ·વું, *v. t.* [See મરડ·વું.] To twist; to turn; to bend. 2. To dishonour; to disrespect.

ત્યાં માન મોડી રાયનાં, સીતા વર્યાં શ્રીરંગ.—**ગિરિધર.**

મોડ·વું, *s.n.* A heap or pile of cow-dung cakes or of grass.

મોડા, *s. m. pl.* A roll of names of boys in a school. 2. The roll-call.

મોડા-મોડ, } *adv.* [See મોડ·વું, મરડ·વું.]
મોઢા-મોઢ, }
Turning and twisting (as the gestures of a coquette). 2. [See મોઢું.] Face to face; in the presence of.

મોડિ·યું, *s. n.* [See મોં, મુખ.] The mouth of a thing; a piece which covers an aperture.

મોડી, *s. f.* [Mar. See મરોડ.] A written character peculiar to the Marathi language.

મોડી, *s. f.* A small **મોઢું.**

મોડું, *s. n.* [See મોડ·વું a heap.] Late. 2. Delay; lateness.

મોં·ડું, }
મોઢું, } *s. n.* [Hem. Des. मोंडं *fr.* S.
મોં, }
मुण्डम् the head. Or see મુખ, મોઢ, the mouth; the face.] The mouth. 2. The tongue. 3. The face. 4. An aperture; an orifice; an opening. 5. The head of a boil. 6. The fore-

part. 7. A spokesman. 8. Boldness. 9. An entrance; a passage.

Id. મો (મોઢું) આવવું To have inflammation of the interior membrane of the mouth; to salivate. મને એનું મો આવે છે I feel shy or modest in his presence. મો આણવું-લાવવું To cause to salivate. મો ઉઘડાવવું-ઉઘાડવું Lit. To open the mouth. Hence, 2. To cause to speak. 3. To beg; to request. 4. To begin to speak (a child). 5. To throw off modesty or respect and speak impudently; to use impudent or insolent language. મો (મોઢું) ઉતરવું-ઉતરી જવું To turn pale; to lose colour through disappointment, sorrow or shame. કાળું મો (મોઢું) Disgrace. કાળું મો (મોઢું) કરવું To get away; to run away in disgrace; to hide one's face. મો કરવું-થવું-કાઢવું To collect the puss or matter at a particular point (of a boil). મો ઉઘડવું-ખીલવું To have a blooming face or appearance. મો (મોઢું) ચઢાવવું To knit the brows; to wear an angry expression; to be angry. મો (મોઢું) ચઢવું To have an angry face. મો ચળવળવું To have a desire to speak. મો ચુકાવવું To escape the notice of; to turn away and avoid meeting with. મો છાંડવું-ટાળવું To avoid the sight or face of; to avoid looking at, or being looked at; to refuse to see (out of contempt or disgust). મો (મોઢું) છુપાવવું-સંતાડવું To conceal one's face; to be ashamed. રોજ ઉઠીને મો (મોઢું) જોવાનું To have dealings with, every moment; to be inevitable. મો જોયું છોકરૂં An only son. મો ઢાંકવું To cover or shut the mouth (of a pot, jar, &c). મો (મોઢું) પડવું-પડી જવું See મો ઉતરી જવું. મો ફેરવવું Lit. To turn the face. Hence, 2. To give up one's own party; to go over to the enemy. મો ફેરવીને બોલવું To speak excitedly. 2. To speak in anger. મો બંધ કરવું To shut the mouth; to stop from speaking. 2. To win over by an illegal gratification; to give a bribe. મો ભરવું To eat. 2. To take a mouthful. 2. To give a bribe. મો રાખવું To behave oneself respectfully towards; to obey out of respect for; to consent to out of respect for. મો વકાશીને રહેવું Lit. To remain with the mouth gaping wide (out of surprise, astonishment, helplessness). Hence, 2. To remain or to be left helpless. મો વટાળવું To eat howsoever little. મો (મોઢું) વશ રાખવું To restrain the tongue. 2. Not to speak disagreeable words. 3. Not to eat injurious things. મો વાળવું-કાઢવું To mourn for the dead. મો મુકાવવું To stop crying; to comfort or console a mourner. મો પહોળું થવું To die. મો પહોળું કરવું-ફાડવું Lit. To gape wide. Hence, 2. To be astonished. 3. To remain anxiously waiting for. મો બગડવું To lose taste; to have a foul taste or smell in the mouth. મો બગાડવું To make a wry face. બાળ તારૂં મોહ Get away; be gone; get you gone. મો બાંધવું See મો બંધ કરવું. મો ફફડાવવું To speak in anger. મો (મોઢું) ભભડવું-ભભડાવવું To have a desire to eat. મો મલકાવવું To smile; to be pleased. મો સિવવું To seal the mouth; to stop speaking. મો સીડવું To seal or stop the opening made a little above the bottom of a કોઠી (an earthen jar filled with grain. મો (મોઢું) હલાવવું To eat; to chew. 2. To speak. મો ધોવું To cleanse the mouth; to wash the face. મો ધોઈ આવવું Lit. To wash the face, and be prepared to receive a gift. Hence, 2. To put on a pleasing appearance in expectation of receiving a gift (said by a giver to one who makes a request, when he has no mind to grant the request). અવળું મો કરીને બેસવું To turn one's back upon; to be indisposed to. મો આડું કરવું To avoid looking at, or being looked at. એનું મો ઉપડયું He has gained the power to speak; he is free from the restraint that obliged him to be silent. ઉજળું મો-ગળ્યું મો Honourable acquittal. ગળ્યું મો કરવું To eat sweetmeats. ગળ્યું મો કરાવવું To give sweetmeats to eat. 2. To give a feast in honour of a victory. મો ઉપર દેવતા મુકવો To set fire to the funeral pyre. મો ઉપર દેવતા મુકનાર A near relative who sets fire to the funeral pyre, and inherits the property of the deceased; the heir. જરા જેટલું

મોં થઇ જવું To be ashamed. મારી આગળ તું શું મોં લઈને બોલે ? How can you stand before me,and speak on the matter ? 2. Knowing your antecedents, which are bad enough, are you not ashamed to speak to me on the matter ? બે મોં ભરવાં-ભરી લેવાં To eat a little and in haste. મોં માગ્યું-મોંઢે માગ્યું Lit. What is asked for; Hence, 2. A price paid without haggling. એનું લોહીઆળું-લોહી ભર્યું-મોં છે He has lost the dearest and nearest relative. મોઢે કહેવું-મોં ઉપર કહેવું-મોં ઉપર મારવું To speak without being afraid; to tell boldly. મો ઉપર મારવું To return in a lump what one was dunned for. મોઢે-મોઢે કરવું To commit to memory; to learn by heart. મોઢે ચઢવું To be committed to memory (of a lesson).મોંઢે ચઢાવવું To indulge to excess; to fondle. મોંઢે ચઢીને કહેવું To speak to in person. 2. To speak to without fear. મોંઢે તાળું દેવું To shut the mouth of; to cause to stop from speaking. મોંઢે ભણી જવું To repeat by heart. મોંનું છુટું Free in speaking; outspoken. મોંનું સાચું True to one's promise. મોંનું જુઠું False to one's promise. મોંમાં આંગળીઓ ઘાલવી To be tired or disgusted with. મોંમાં આંગળી ઘાલીએ તો એ કરડે નહિ એવો Harmless;innocent. મોંમેં જીભ ઘાલવી To stop speaking. તારા મોંમાં જીભ છે કે નહિ ? Why do you not speak ? મોંમાં ડુચો ભરવો-મોંમાં ભરવું To eat voraciously. મોંમાં (માંહે) ડુંચો-દેવો-મારવો To stop speaking. મોંમાં થુંકે એવો More cunning than. મોંમાં પાણી આવવું To have a desire to eat. મોંમાં અમી ન હોવી-મોંમાંથી અમી જતી રહેવી To have a dry tongue. 2. To lose relish for food. મોંમાં મારીને લેવું To take not withstanding resistance or opposition; to take by force.

Prov. મો વાઘનું, પુંછડી શિઆળની Bold in appearance, but timid in heart. મોઢે મિઠાશ, ને, પેટમાં પાળી = મોઢે પરવત, ને, પેટમાં કરવત A lickerish tongue,a treacherous tail.મો ખાય, ને હોઠ દાઝે He who takes the profit in a business, must also take the loss. મો જોઈને થપડાક મારવી=મોં તેવો તમાચો To treat one according to one's deserts. મો બાંધીને કંકોડી દળાવવી Kind cruelty.મોંમાં આવેલો કોળિઓ પાછો જાય There is many a slip betwixt the cup and the lip.

મોઢ, *adj*. [Guj. મોઢેરૂ name of a village in the Barodā district.] Name of a section of Brāhmanas and Vāniās.

મોઢો, *s. m.* } **મોઢિ·યું,** *s. n.* } A net placed on the mouth of large animals to prevent them from biting, &c.

મોણ, Same as **મોયણ**.

Id. મોણ મોણ કરી નાખવું Lit. To make soft and slimy.Hence,2. To please and win over to one's side;to coax into obedience.

મોત, *s. n.* [Ar.मव्त death.] Death; demise; decease.

Prov. માગ્યું મોતે મળતું નથી A closed mouth catches no flies. મોત કોઈને છોડતું નથી Everything is doomed to destruction.

મોતિ·યાં, *s. n. pl.* [See મોતી.] Strength; courage.

Id. મોતિયાં લેવાવાં, મોતીયાં મરવાં To lose courage.

મોતિ·યું, *s. n.* The eaves. 2. A piece of wood fixed to the eaves rafter to prevent the tiles from sliding off.

મોતિ·યો, *s. m.* [See મોતી a pearl.] A kind of jasmine. 2. A disorder of the eye; cataract. 3. Strength; courage.

Id. મોતિયો આવવો To have cataract of the eye. મોતિયો કાઢવો To remove cataract from the eye.

મોતી, *s. n.* [S. मौक्ति·क *fr.* मुक्ता a pearl.] A pearl. 2. An imitation pearl.

Id. મોતીએ ચોક પુરવો Lit. To stud the court-yard of a house with pearls. Hence, 2. To do what one wills; to indulge in extravagant words; to misrepresent matters so as to suit one's purpose. મોતીએ વધાવવું Lit. To welcome one by carrying handfuls of pearls round one's head;to remove the influence of the evil epe; to consider nothing to be more valuable than the arrival and presence of a beloved person. Hence, 2. To give a cordial welcome.

છીપનું મોતી A pearl of the purest water. 2. An honest person. અમળા જેવડું મોતી A big round pearl of the finest water.

Prov. મોતીનાં પાણી ઉતર્યાં તે ઉતર્યાં Done is done: A permanent loss.

મોતી-ચૂર, *s. m.* [+ ચુર•વું.] A kind of sweetmeat.

મોતે•યો, *s. m.* [See મોતિ•યો.] Cataract (of the eye).

મોતૈ•યો, *s. m.* [See મોતી.] A drop of water. 2. A pimple.

મોતૈ•યો, Same as **મોતી-ચૂર**.

મોથ, *s. m.* [S. मुस्ता.] A fragrant grass.

મોદ, *s. m.* [S. *fr.* मुद् to rejoice.] Joy; delight; pleasure.

મોદ, *s. f.* A kind of coarse thick cloth in which corn is packed in cart.

મોદ•વું, *v. i.* [See મોદ joy.] To be delighted.

મોદ•ક, *s. m.* [S. *fr.* મોદ joy.] A sort of sweetmeat. 2. *adj.* Delightful.

મોદિ•યું, Same as મોદ A kind of coarse cotton cloth.

મોદી, *s.m.* A steward. 2.A grain-dealer; a retail grocer.

મોદી-ખાનું, *s. n.* [+ખાનું.] A granary. 2. The Commissariat department.3.The business of supplying corn and other provisions.

મોનિ•યું, *s. n.* [See માન respect.] A half-hearted invitation.

પણ અમને સાથે તેડી જવાને મોનિયું કર્યું નહિ ને !
—**પ્રેમાનંદ.**

મોબેદ, *s. m.* [P. मूबुद् wise, talented, *fr.* मू talents +बुद् having.] A Pārsī priest; one of the Magi.

મોભ, **મોભારો**, } *s. m.* [Hem. Des. मुम्भो = गृह मध्ये तिर्यग् दारु a cross beam in the roof of a house.] A roof beam; the ridge.

Prov. મોભને સો, ને, વળીને એક (ખીલો) Regal honours have regal cares, and little gear, little care.

મોભમ, Same as **મોધમ**.

મોભાગ્ર-બુદ્ધિ, *s. f.* [+અગ્ર + બુદ્ધિ.] A dull intellect.

મોભા•દાર, **મોભા•વાળું**, } *adj.* Respectable; influential; leading; having a number of followers.

મોભી, *s. m.* [See મોભો.] The managing member of a house; the support of the family.

મોભો, *s. m.* [Ar. मुहाबा awe, regard.] Importance;weight;consequence;influence; self-respect; regard; deference.

Id. મોભો જાળવવો–રાખવો–સાચવવો To keep up one's respectability.

મોમ, *s. n.* [P. मूम् *fr.* મીણ.] Wax.

મોયડો, Same as **મોઢો**.

મોયરૂં, *s. n.* [See મહિયર.] The raised platform on which the marriage ceremony is performed.

ત્યાંથી અભિમન્યુ મોયરામાં આવ્યા,
મામાજી કન્યા પધરાવો રે. —**અભિમન્યુનો ચકાવો.**

મોર, *s. m.* [See मयूर.] A peacock. (*fem.* ઢેલ.)

Id. મોર મારવો To do a glorious deed. એમાં તેણે શો મોર માર્યો ? What has he done to merit praise ?

Prov. મોરનાં ઇંડાં કાંઈ ચીતરવા પડે ? A good face needs no paint. મોર પીંછે રળિયામણો All is not gold that glitters.

મોર, *adv.* [S. मुखर standing in front *fr.* मुख.] Before; in front of. 2. Before; previously.

મોરથી મેલી દેજે માન, તો અંત સમે આવે વિમાન.
—**ભોજાભગત.**

મોર, Same as **મોહોર**.

મોર-ચંગ, *s.m.* [See મોર a peacock+ચંગ.] A Jew's harp.

મોરચા-બંધ, *adv.* [See મોરચો + બાંધવું.] With the batteries arranged or drawn up; being fortified; entrenched.

મોરચી, Same as **મોડછી**.

મોરચો, *s. m.* [P. मोर्चल्.] A battery. 2. A gate; fortification.

Id. મોરચો બાંધવો To make preparations for a battle; to be prepared to fight. મોરચો પકડવો To fight and proceed. 2. To pursue

one's object with steadiness and zeal. મોરચો મારવો To win a battle. તેણે શો મારચો માર્યો ? What glorious deed has he done ?

મોરડ, *s. n.* A kind of food made by frying.

મોર-થુથુ, *s. n.* [S. मयूर-तुत्थ *fr.* મયૂર, મોર, a peacock+S. तुत्थ sulphate of copper.] Blue vitriol; sulphate of copper.

મોર-ફેર, *adj.* [See મોર, મોહોર+ફેર.] Of a different stamp (a coin).

મોરલી, Same as **મુરલી**.

મોર-વ-ણુ, *s. n.* [S. मृद् to rub.] Powder of cowdung.

મોર-વણુ, *s.n.* [See મોર-વ-વું+પાણી water.] An acid put into milk to curdle it.

મોર-વ-વું, *v. t.* [M. मुरवणें *fr.* S. मार-य् to kill *fr.* मृ to die. See મરવું.] To curd; to curdle.

મોર-વું, *v. i.* [See **મોર**, મોહર, blossom.] To bear blossom.

મોર-વું, Same as **મોળ-વું**.

મોર-વેલ, *s. f.* [See મોહર blossom + વેલ.] A kind of medicinal creeper.

મોરસ, *s. m.* A creeping plant growing on sea-coast.

મોરસ, *s. f.* [Eng. *Mauritius* an island on the coast of Africa.] Fine sugar, imported from Mauritius.

મોરસો, *s. m.* A knoll of ground under cultivation, which has low-lying sides.

મોરાખી, *adj.* [See મોહ + રાખ-વું.] Told under reserve or with shyness 2. *s. m.* An informer. 3. A king's evidence.

મોરા-ણી, *adj.* [See મોર, મુખર, મોખરો + S. नी to lead, to carry.] Leading; chief; principal.

માનીતો તો કરવા રે, તમો કોચ મોરા-ણીને.
—નરભેરામ.

મોરિ-યું, *s.n.* [See મોર, મુખર, *Cf.* મોળિ-યું.] A particular kind of turban.

મોરિ-યો, *s. m.* [See મુખ, મોહ, the mouth.] A pitcher; a ewer; an earthen pot.

મોરી, *s. f.* [See મુખ, મોહ, the mouth.] A little channel to carry off water; a gutter; a conduit; a drain.

મોરો, *s. m.* [See મુખર, મોખરો.] The beginning of a tune in music. 2. A particular mode in beating a drum. 3. The initial steps in wrestling. 4. A stroke of a sword. 6. A prepossessing appearance.

પોરો પરખી મોરો કર્યો, ધનંજય ટેરિયો.—**વલ્લભ.**

મોલ, *s. m.* [See **મૂલ.**] A crop.

મોલવી, *s. m.* [Ar. मवलवी a learned man.] A learned Muhammadan; a doctor of laws.

મોલ્લું, *s. n.* [See મુખ + Guj. ડું dim.] A drum having two faces beaten at the time of invoking a ghost or a spirit.

મોલ્લો-દાર, *s. m.* [See મોહોલ્લો + દાર, P.] A street-fellow; a neighbour.

મોલ્લો, *s. m.* A kind of conical-shaped cracker.

મોલ્લો, Same as **મોહોલ્લો**.

મો-વાસો, *s. m.* [See મોં + વાસ-વું.] A mouth-disease in cattle.

મો-વાળ, *s. m.* [See મોહ + વાળું having.] Friendship; intimacy.

મોવાળો, Same as **મુવાળો**.

મો-વું, Same as **મોહ-વું**.

મોસમ, *s. f.* [Ar. मवसिम.] A season: a recurrent period.

મોસંબી, *s. f.* [Eng. *Mozambique*, whence it originally came.] A kind of orange.

મોસલ, *s. m.* [Ar. मुहस्सिल one who collects.] A summons. 2. A motion; an application. 3. A bailiff.

મોસાળ, *s. n.* [S. मातृ mother + શાળા a house.] Maternal grandfather's house.

Prov. મોસાળે જમવું, ને મા પિરસનાર The circumstances are all favourable: One circumstance heightens the effect of others.

મોસાળિ-યાં, *s. n. pl.* Relatives at the **મોસાળ**.

મોસાળું, *s. n.* Presents given by the મોસાળિ-યા to the girl on occasions of marriage, first pregnancy, or tonsure ceremonies. 2. A song sung on the occasion of making such presents.

મોહ, *s. m.* [S. *fr.* मुह् to be silly.] Bewitchment; fascination; the state of being

allured. 2. Ignorance; foolishness. 3. Affection; love; fondness. 4. Loss of consciousness; fainting; swoon. 5. Delusion of mind which prevents the discernment of truth.

Id. મોહ થવો-ઉપજવો To feel affection for. મોહ પામવો To be under the influence of a swoon; to swoon; to faint.

મોહાન્ધ, Blinded by ignorance; infatuated.

મોહ્ક, *adj*. [See મોહ.] Enchanting; fascinating; captivating.

મોહકમ, *adj*. [Ar. मुहकम firm, established. See મકમ.] Much; plentiful.

મોહ-જાળ, *s. f.* [+જાળ] The snare of the world; the fascination or fetters of illusory objects.

મોહન, *adj*. Alluring; enchanting; bewitching; stupefying; fascinating; producing stupor or nervous composure. 2. *s. m.* Bewitchment; enchantment; fascination.

મોહન-માળા, *s. f.* [+માળા.] A particular ornament for the neck.

મોહબત, *s. f.* [Ar. महब्बत love, affection.] Friendship. 2. Love; affection; intimacy.

Id. મોહબત રાખવી To continue friendly towards.

મોહ-બાણ, *s. n.* [+બાણ.] Attraction of charms.

મોહ-રખાઈ, *s. f.* [See મો, મોં મોહ,+રાખ-વું. See મો-રખુ.] A reward given to an informer, or to one who promises to discover the offender.

મોહ-રખાઈયો, *s. m.* A man who accepts મોહો-રખાઈ; an informer; a detective.

મોહરમ, *s. f.* [Ar. मुहर्रम the first month of the Muhammadan year.] The Musalmān month of mohurrum. 2. The Mohurrum holidays.

મોહરૂં, *s. n.* [See મોહોર.] A chessman; a piece; a counter. 2. A brilliant person; a valuable person.

મોહરો, *s. m.* Gloss; polish; glaze. 2. A shell for polishing.

મોહરો, S. *m.* [See મહોર; also, P. मुहरः the instrument of glazing a conch-shell.] A stone found in the hood of a snake supposed to be a cure for snakepoison. 2. Polish; gloss; brightness. 3. That with which a thing is polished or made bright.

મોહવણ, Same as **મોયણ**, **મોણ**.

મોહર, *s. m.* [Hem. Des. साहर=S. शाकम् a pot-herb. S. मुखर standing in front *fr.* મુખ.] Blossom.

મોહવાવું, *v. i.* [Pass. of મોહવું.] To be bewitched.

વ્રજ વનિતા મોહવાઈ રહી, શ્રીનાથજી, ઘુઘરીનો ઘમકાર.
—દયારામ.

મોહવું, **મોવું**, *v. t.* [See મોહ.] To bewitch; to captivate; to fascinate. 2. To mix the grain, &c., with a little oil.

મોહિત, *adj*. Fascinated; captivated; enchanted; bewitched. 2. Enamoured; charmed.

મોહિની, *s. f.* [S. मोहनी. See મોહ, *s. m.*] Bewitchment; charm. 2. A fascinating woman; a charmer.

Id. મોહિની લાગવી To be bewitched.

મોહોટું, Same as **મોટું**. 2. Very early.

મોહોટે રે પ્રભાતે, મારે દ્વાર શીદ ઉભા;
જાઓ શો ગોરંભો ઠાલો રે. **—દયારામ.**

મોહોર, *s. f.* [Ar. मुहर् a seal.] A gold coin worth sixteen rupees; a mohor. 2. A seal.

Id. મોહોર મોહોરના શબ્દ Lit. Words each worth sixteen rupees. Hence, 2. Bad words (ironical).

મોહોલો, Same as **મોહોલ્લો**.

મોહોલાં, *s. n. pl.* [See મોહવું to make oily.] Pieces of old leather.

મોહોલ્લો, *s. m.* [Hem. Des. महल्लो. = S. निवह: a group. Ar. महल्ल: a place, a street.] A street; a division of a town.

મોળ, *s. m. f.* [S. मृदुल water, मृदु soft. see મોળું.] Nausea; qualm. 2. A layer 3. A ring (of cloth, &c.) To be put under a load on the head, or underneath a vessel, to break the weight.

મોળ, *s. f.* [See મોળું *fr.* S. मृदु soft.]

Low prices; a dull market.

મોળ·વું, *v. t.* [S. मृद्, मृद्नाति, to crush.] To shred (vegetables) for cooking.

મોળાઈ, *adj. m.* [See મોસાળ.] Of or pertaining to મોસાળ; related through the maternal uncle; (a son) of the maternal uncle.

મોળે·ણ, *adj. f.* See **મોળાઈ**.

મોળિ·યું, *s. n.* [See મુખર, મોરિ·યું, મોખરો.] That part of a garment on which lace is fixed. 2. Lace.

મોળી, *s. f.* [See મોળું.] A kind of preparation of grem-flour made into thin long sticks having no salt in it.

મોળું, *adj.* [S. मृदुल water *fr.* મૃદુ soft.] Tasteless; insipid. 2. Brackish. 3. Spiritless.

Prov. મોળું દહીં દાંત પાડે There is a snake under the grass.

મૈ, *adj.* [Hem. Des. मउअं=S. दीनम् poor, miserable *fr.* S. मृदु soft. See મૃદુ, મળુ.] Soft; pliant. 2. Indigent; necessitous; miserable. 3. *s. m.* A dunce; a blockhead.

મૈ·ડું, *adj.* Acting like a needy person; hungry; beggarly.

મૈ·ડું, *s. m.* A flower of મૈ·ડો. Same as મહુ·ડાં.

મૈ·ડો, *s. m.* [S. मधु a spirituous liquor+ ડો. dim. See મધ, મહુ·ડો.] A kind of tree from the flower of which a spirituous liquor is made; a Mhowrā tree.

મૈન, *s. n.* [S. See મુનિ a taciturn man; a sage.] Silence; taciturnity.

મૈલિ, *s. n.* [S.] The head.

મૈવર, } Same as **મહુવર**.
મૈવેર, }

ત્રિવિધનો ધારી ત્રાસ, મૈવરના માનને —**વલ્લભ**.

મ્યાન, *s. f.* [P. नयाम्.] A scabbard; a sheath.

Id. તલવાર મ્યાન કરવી To sheath a sword.

મ્યાનો, *s. m.* A kind of palanquin; a luxurious litter.

મ્યુનિસિપાલ કમિટી, *s. f.* }
મ્યુનિસિપાલ ખાતું, *s. n.* } [Eng.+ખાતું.]
મ્યુનિસિપાલિટી *s. f.* }

A municipal Committee; a municipality.

મ્લા·ન, *adj.* [S. *fr.* म्ल to fade.] Faded; withered. 2. Sad; dejected. 3. Languid; weak; feeble.

મ્લેચ્છ, *s. m.* [S.] The generic term for a barbarian or a foreigner in India; a barbarian.

ય.

ય, The thirty-seventh letter of the alphabet, and twenty-sixth consonant.

'યઃ પલાય', *s. n.* [S. यःपलायते, स जीवाति, He who runs away, saves his life, *fr.* यत्. यः, who+पलायते runs away. See જત, જે, and પલાયન.] Running away; absconding.

યક્ષ, *s. m.* [S.] A class of demigods or minor deities, or an individual of it; a servant of Kubera, the god of wealth.

યક્ષ-કર્દમ, *s. m.* [S. *fr.* + कर्दम, કાદવ.] A fragrant ointment made by mixing togather saffron, sandal, musk and camphor. (Used by poets.)

યક્ષ·ણી, *s. f.* [S. यक्षिणी.] A female યક્ષ. 2. The wife of a **યક્ષ**.

યકૃત્, *s. n.* [S.] The liver.

ય-ગણ, *s. m.* [S. *fr.* य name of a metrical foot+ગણ.] A metrical foot of three syllables, of which the first is short and the other two long; (⏑ – –); *Bacchius*.

યજ·ન, *s. n.* [S. *fr.* यज् to worship, to sacrifice.] Sacrificing; offering to a god by throwing oblations into fire.

યજ·માન, *s. m.* [S=sacrificing, a sacrificer, a host.] A host; a patron. 2. A sacrificer.

યજ·માનિ·યો, *s. m.* A Brāhmaṇa; who has his hereditary patrons, at whose house

he performs religious ceremonies.

યજ-માન-વૃત્તિ, *s. f.* [S. *fr.* યજ-માન+વૃત્તિ.] The business of officiating at the performance of ceremonies at a patron's house.

યજ-વું, *v. t.* To worship; to adore. 2. To offer a sacrifice.

યજુ-ર્વેદ, *s. m.* [S. *fr.* यजुस् a sacrificial prayer *fr.* યજ્-ન + વેદ.] The second of the four Vedas; it is written in prose and treats of sacrifices.

યજુ-ર્વેદી, *s. m.* A student of યજુર્વેદ; a class of Brāhmans.

યજ્ઞ, *s. m.* [S. *fr.* યજ્-ન.] A sacrifice; an offering. 2. An oblation; an observance or act for propitiating a deity.

યજ્ઞ-કુણ્ડ, *s. m.* [S. *fr.* + કુણ્ડ.] A hole in the ground built for receiving the sacrificial fire.

યજ્ઞ-નારાયણ, *s. m.* [S. *fr.*+नारायण a name of Viṣṇu.] A team for sacrificial fire viewed as a deity.

યજ્ઞ-પશુ, *s. m.* [S. *fr.*+પશુ.] A sacrifice-beast.

યજ્ઞ-યાગ, *s. m.* [S. *fr.* + યાગ.] A comprehensive term for sacrifices; sacrifices and offerings of all kinds.

યજ્ઞ-વૃક્ષ, *s. n.* [S. *fr.*+વૃક્ષ.] A tree, the wood of which is used in sacrifices.

યજ્ઞ-શાળા, *s. f.* [+ શાળા] A place of sacrifice.

યજ્ઞોપવીત, Classical form of જનોઈ.

યતિ, *s. f.* [S. *fr.* यम् to restrain.] A pause in a verse; a cæsura. 2. A stop or pause in prose; a mark in punctuation.

યતિ, } **યતી,** } *s. m.* [S. यतिन्, यती, *fr.* यत् to attempt.] A religious mendicant. 2. A person who subdues his passions; an ascetic. See જતી.

યત્કિઞ્ચિત્, *adv.* [S. *fr.* यत्, જત, જે, + કિઞ્ચિત.] Somewhat; something; a little.

યત્ન, *s. m.* [S. *fr.* यत् to strive, to attempt.] Effort; endeavour; exertion; attempt.

ય-થા, *adv.* [S. *fr.* यत्, જત.] As; like as; according to.

Prov. યથા રાજા તથા પ્રજા As is the king, so are the subjects.

યથા-ક્રમ, *adv.* [S. *fr.* +ક્રમ.] Regularly; orderly.

યથા-તથ્ય, } **યથા-તથ્ય,** } *adv.* [S. यथा-तथ्य.] Truly; in fact; actually.

યથા-તૃપ્ત, *adv.* [S. *fr.* + તૃપ્ત.] To the heart's content; to one's satisfaction.

યથાનુક્રમ, *adv.* [S. *fr.* + અનુક્રમ.] See **યથાક્રમ.**

યથા-ન્યાય, *adj.* [S. *fr.* + ન્યાય.] In accord with justice; just; equitable. 2. *adv.* Equitably; justly.

યથા-બુદ્ધિ, *adv.* [S. *fr.*+ બુદ્ધિ.] According to one's capacity, sense, or intellect.

યથા-મતિ, *adv.* [S. *fr.* + મતિ.] See **યથા-બુદ્ધિ.**

યથા-યુક્ત, *adv.* [S. *fr.* + યુક્ત.] Rightly; suitably; properly; justly; fairly; fitly.

યથા-યોગ્ય, *adv.* [S. *fr.* + યોગ્ય.] Same as **યથા-યુક્ત**. 2. *adj.* Proper; fit; suitable; right.

યથા-રૂચિ, *adv.* [S. *fr.*+રૂચિ.] According to one's taste or desire.

યથાર્થ, *adv.* [S. *fr.*+અર્થ.] According to the fact. 2. Correctly; rightly. 3. Truly; really; actually. 4. *adj.* True; right; real; actual.

યથા-વિધિ, *adv.* [S. *fr.* + વિધિ.] As prescribed or ordained; according to the prescribed method or process; methodically.

યથા-શક્તિ, *adv.* [S. *fr.* + શક્તિ.] As far as possible; to the utmost of one's power.

યથા-શ્રુત, *adv.* [S. *fr.* + શ્રુત heard *fr.* શ્રુ to hear.] As heard.

યથા-સંપ્રદાય, *adv.* [S. *fr.*+સંપ્રદાય.] According to custom or practice.

યથા-સ્થિત, *adv.* [S. *fr.*+સ્થિત.] Suitably with; conveniently; properly; rightly. 2. As things stood before; as matters then were; *in statu quo.*

યથા-જ્ઞાન, *adv.* [S. *fr.* + જ્ઞાન.] According to one's knowledge or understanding.

યથેચ્છ,
યથેચ્છા, } *adv.* [S. *fr.* + ઈચ્છા, ઈષ્ટ *fr.* इष् to wish.] According to one's desire or wish.
યથેષ્ટ,

યથોક્ત, *adj.* [S. *fr.*+ઉક્ત.] As spoken or said; as prescribed, directed or ordained.

યદ્યપિ, *conj.* [S. *fr.* यदि if + अपि even.] Even if; though; although; notwithstanding.

યંત્ર, *s. n.* [S. *fr.* यन्त्र् to restrain. See જંતર.] An engine; a machine; an apparatus. 2. A plate or paper on which are written the names of certain deities, and which is worshipped or suspended around the neck; an amulet; a charm. 3. A diagram of a mystical or astrological character.

યંત્ર-રચના, *s. f.* [S. *fr.* +રચના.] The construction of a machine; mechanism.

યંત્ર-વિદ્યા, *s. f.* [S. *fr.*+વિદ્યા] Mechanics.

યંત્ર-શાસ્ત્ર, *s. n.* [S. *fr.* + શાસ્ત્ર] The science of machines; mechanics.

યમ, *s. m.* [S. *fr.* यम् to restrain.] Restraint of the senses; affections, and passions.

યમ, *s. m* [S. See *Supra.*] The judge of the dead. 2. Death. 3. The punisher of the wicked. 4. A fierce, savage, pitiless man; *a devil.*

યમ-ક, *s. m.* [S. *fr.* यम twin.] Alliteration; rhyme.

યમ-દૂત, *s. m.*] See યમ + દૂત.] A messenger of Yama; an angel of death.

યમ-ન, *s. m.* [S.] A mode of music.

યમ-પાશ, *s. m.* [S. *fr.* યમ the god of death+પાશ.] The snare of Yama or death personified; the pangs of death.

યમ-પુરી, *s. f.* [See યમ + પુરી a town.] The city ruled over by Yama; Death's regions.

યવ, *s. m.* [S. See જવ.] Barley.

યવન, *s. m.* [S.] An Ionian or Greek. 2. A barbarian; a foreigner.

યવની, *s. f.* A **યવન** woman.

યશ, *s. m. n.* [S. यश.] Luckiness; fortunateness; falicity of destiny; propitiousness. 2. Success; happy result or issue. 3. Fame; glory; renown; reputation; celebrity. 4. Credit; honour.

Id. યશ મળવો-પામવો To get glory or fame.

યશ-વર્તી, *adj.* [+વર્ત-વું.] See **યશસ્વી.**

યશસ્વી, *adj.* Fortunate; lucky; of happy destiny. 2. Successful. 3. Renowned; famous; celebrated.

યશો-મતિ, *s. f.* [+ મતિ.] Intellect that leads to fame and glory. 2. Name of the mother of Krishna.

કોટિ કોટિ બ્રહ્માણ્ડ કેરો કર્તા.
તાકું ય (જ)શોમતિ ગોદ ખિલાવે રે.—**ભોજો ભગત.**

યષ્ટિ-કા, *s. f.* [S.] A stick.

યા, *conj.* [P. या = S. वा.] Or; in other words.

યાકુતી, *s. n.* [Ar. याक़ूत.] A ruby.

યાકુતી,
યાકુદી, } *s. f.* [Ar. याक़ूती a medicinal compound made of યાકુત.] A preparation with sugar, spices, &c., of the hemp plant.

યાગ, *s. f.* [S. *fr.* यज् to worship, to sacrifice. See જાગ.] A sacrifice.

યાચ-ક, *adj.* [S. *fr.* યાચવું. See જાચક.] That begs or solicits: a beggar.

યાચ-ના, *s. f.* [S. See યાચ-વું.] Begging; beseeching; petitioning; a prayer; a request.

યાચ-વું, *v. t.* [S. याच् to beg. See જાચ-વું.] To beg; to beseech; to pray; to request.

યાજ્ઞિ-ક, *s. m.* [S. *fr.* યજ્ઞ.] A sacrificer; an officiating priest at a sacrifice.

યાત-ના, *s. f.* [S. *fr.* यत् to struggle.] The agony of hell. 2. Pain inflicted by Yama. 3. Torment; anguish; agonies; extreme pain.

અરર ! યાતના આવિયો વૃથા
અરરર ! રાખતો ગૃમની વ્યથા. —**પ્રેમાનંદ.**

યા-ત્રા, Classical form of **જાત્રા.**

યાત્રા-ળુ, Classical form of **જાત્રાળુ.**

યા-દ, *s. f.* [P.=remembrance.] Remembrance; recollection. 2. Same as **યાદી.**

Id. યાદ કરવું To remember. યાદ આપવું-દેવું To remind. યાદ આપવું To be remembered.

યાદ-ગીરી, [+ P. *fr.* + गार् कार=S. कार a doer. *fr.* कृ to do.] Same as **યાદ-ગીરી.**

યાદ-ગીરી, *s. f.* [+गिरफ्तन्=S. गृभ्, ग्रह् to take.] A token of remembrance;a memento. 2. Remembrance. 3. Name; fame; praise.

યાદ-દસ્ત, *s.f.* [P. *fr.* + दाश्तन् = S. धृ, धार् to hold.] Memory; remembrance. 2. A memorandum.

યાદી, *s. f.* [See યાદ.] A memorandum-scrap; a petition; a representation. 2. A list; a roll.

યા-દૃશ, *adv.* [S. *fr.* यद् જેતે. + दृश् to see.] As; like.

યા-ન, *s. n.* [S. *fr.* या to go.] A vehicle; a conveyance; a carriage. 2.Going; travelling; proceeding.

યાને, *conj.* [Ar. यअ्नी that is to say.] Or; in other words.

યાન્ત્રિ-ક, *adj.* [S. *fr.* યંત્ર.] Pertaining to a machine; mechanical.

યામ, *s. m.* [S.] The eighth part of a day; a period of three hours.

યામ, *adj.* [See યમ.] Ceasing; desisting.

યામ-ની, } Same as **જામની.**
યામિ-ની, }

યાર, *s. m.* [P. = a friend, a helper, = S. जार a paramour.] A friend; an associate. 2. A gallant; a paramour.

યાર-બાજ, *adj.* [P. *fr.* + बाज़ practising, sporting, *fr.* बाख़्तन to sport.] Voluptuous.

યાર-બાજી, } *s.f.* Friendship;companionship. 2. Amour.
યારી, }

યારી, *s. f.* [Eng. *Yard.*] A Halyard; a balliard.

યાલ, *s. f.* [P. अयाल्.] Mane (as of a tiger).

યાવ-ત્, *adv.* [S. *fr.* यत्, જેતે.] As far as; as long as. 2. Till; until.

યાવની, *adj.* [S. See યવન.] Barbarian; foreign.

યાહુદી, *s.m.* [Ar. यहूदी a Jew.] The Jews; the people of Judea. 2. *adj.* Jewish.

યા-હોમ, *adv.* [Ar. या ah ! + S. હોમ.] Rushingly; daringly; desperately.

Id. યાહોમ કરવું To do a thing desparately or at any risk.

યાળ, Same as **યાલ.**

યુક્ત, *adj.* [S. *fr.* युज् to join.] Joined; connected; united. 2. Possessing; endowed with. 3. Intent on; engaged in. 4. Proper; becoming; suitable.

યુક્તાયુક્ત, *adj.* [S. *fr.* + अ-युक्त improper *fr.* अ not+युक्त.] Proper and improper; good and bad; fit and unfit.

યુક્તિ, *s. f.* [S. See *supra.* See જુક્તિ.] Junction. 2.Ingenuity; inventiveness;contrivance; cunning; art; skill; knack; tact; dexterity. 3. A plan; a device; a mode. 4. A measure; a stop; a means; an expedient.

Id. યુક્તિ કરવી–રચવી To make a contrivance; to contrive. યુક્તિ વાપરવી To make use of a contrivance.

યુક્તિ-માન્, }
યુક્તિ-વન્ત, } *adj.* [See યુક્તિ+ માન્, વંત,
યુક્તિ-વાન, }
યુક્તિ-વાળું, }

વાન, વાળું=having.] Ingenious; skilful. 2. Inventive.

યુગ, *s. m.* [S. *fr.* युज् to join.] One of the four ages; the period comprising the four ages. See **જુગ.** 3. Same as **યુગ્મ** a couple.

યુગાનયુગ, }
યુગાનુયુગ, } *adv.* From age to age; in
યુગેયુગ, }

all ages in succession.

યુગ્મ, *s. m.* [S. *fr.* युज् to join.] A brace; a pair.2.The male and his female;a couple.

યુદ્ધ, *s. n.* [S. *fr.* युध् to fight.] A war; a battle; a fight; a wrestling; a conflict. Same as **જુદ્ધ.**

યુદ્ધો, Same as **યોદ્ધો.**

યુનાની, *adj.* [Ar. *fr.* युनान् the ancient Ionian islands.] Persian. 2. Muhmmadan.

યુરોપીયન, *s. m.* [Eng. *European.*] A European; an inhabitant of Europe.2. An Englishman.

યુવતિ, } *s.f.* [S. Fem. of युवा.] A young
યુવતી, }

woman. Same as **જુવતી.**

યુવ-રાજ, *s. m.* [S. *fr.* + રાજા.] An heir-apparent to the throne.

યુવા,
યુવાન્, } *s. m.* [S. युवन्, युवा. See જુવાન.] A youth; a young man.

યુવાવસ્થા, *s. f.* [S. *fr.* + અવસ્થા.] Youth; juvenility.

યૂથ, *s. n.* [S. See જૂથ.] A flock; a herd; a troop.

યોગ, *s. m.*[S. *fr.* युज to join. See જોગ.] Junction. 2. Consecutive disposition as established by the Deity. 3. Spiritual or abstract meditation of the Supreme Being. 4. The system of philosophy established by Patanjali (in which it is maintained that absolution or નિર્વાણ can only be obtained by abstract meditation of the Supreme Being). 5. A way or expedient. 6. The twenty-seventh part of a circle measured on the plane of the ecliptic and used in calculating the longitudes of the sun and the moon.

Id. યોગ (જોગ) આવવો–બનવો–ખાવો To take place; to happen; to occur (a conjuncture of circumstances. યોગ (જોગ) સાધવો To take advantage of a conjuncture of circumstances or opportunity.2.To acquire proficiency in ascetic practices recommended by Yoga philosophy. તેને યોગે–તેના યોગે કરીને–તેના યોગથી Under its influence; by means of that; through it.

યોગ-દશા, *s. f.* [S. *fr.* + દશા.] The state of the mind in contemplation. 2. The highest bliss according to Yoga philosophy.

યોગ-માર્ગ, *s. m.* [S. *fr.* + માર્ગ] The way of attaining to the highest bliss, recommended by Yoga philosophy.

યોગ-માયા, *s. f.* [S. *fr.* + માયા.] See જોગ-નિદ્રા. 2. The Creative Power abstracted from actual creation.

યોગ-રૂઢ, *adj.* [S. *fr.* + રૂઢ.] (A word) That is correct etymologically as well as by use.

યોગાભ્યાસ, *s. m.* [S. *fr.* + અભ્યાસ.] The practice of abstract devotion or meditation.

યોગાયોગ, *s. m.* [S. *fr.* +अ•योग *fr.* अ not+ યોગ.] Seasonable and unseasonable time. 2. A conjucture.

યોગાસન, *s. n.* [S. *fr.* + આસન.] The posture fitted for profound and abstract meditation.

યોગિની, *s. f.* A subordinate goddess attendant on and created by Durgā. 2. A female devotee.

યોગી, *s. m.* A follower of the *Yoga* philosophy. 2. An ascetic; a devotee.

યોગીશ્વર,
યોગેશ્વર, } *s. m.* [+ ઈશ્વર.] A great ascetic.

યોગ્ય, *adj.* Suitable; fit; proper; worthy of; becoming; beseeming;right. 2. Deserving; qualified.

યોગ્ય-તા, *s. f.* Propriety; suitableness; fitness; worth; qualification; merit. 2. Importance.

યોગ્યાયોગ્ય, *adj.* [S. *fr.* + અયોગ્ય.] Fit and unfit.

Id. યોગ્યાયોગ્ય વિચાર Consideration of what is fit and unfit.

યોજ-ક, *adj,* Inventive: skilful.

યોજન, *s. m.* [S. See જોજન.] A measure of distance equal to eight miles.

યોજ-ના, *s. f.* [S. *fr.* युज to join.] Arrangement; contrivance; plan; device; disposition.

યોજ-વું, *v. t.* To arrange; to dispose; to contrive; to put to; to set on; to fix; to apply. 2. To excogitate; to strike out by thinking.

યોદ્ધો, *s. m.* [S. *fr.* युध् to fight.] A warrior; a combatant; a hero.

યોનિ, *s. f.* [S.] The female organ of generation; pudendum muliebre or vulva; womb;uterus.2.A source;an origin;spring; the place of birth.

યૌવન, *s. n.* [S. See યુવા. See જોબન.] Youth; prime of life; puberty.

યૌવના, *s. f.* A young beautiful woman.

ર.

ર, The thirty-eighth letter of the alphabet, and twenty-seventh consonant.

રઈ, *s.f.* [See રતિ.] The wife of the god of love.

રઈ, Same as રાઈ.

Id. એના રઈ રઈ જેટલા ટુકડા કરી નાખીશ I will cut him up into pieces as small as mustard-grains.

રક-ઝક, *s. f.* [Guj. રક redup. of ઝક *fr.* P. झिक् defeat.] Disputation; controversy. 2. Obstinacy; pertinacity.

Id. રકઝક કરવી To hold a disputation; to be engaged in a noisy quarrel.

રકમ, *s. f.* [Ar. रकम्.] An item; an article. 2. A sum; an amount; a nnmber.

Id. રકમ ઉપાડવી To borrow a sum of money. રકમ નામે લખવી To sell on credit a sum of money or an article of value, and enter it in the account-book.

રકાન, *s. m.* [P. रकानः.] A custom; a practice.

ર-કાર, *s.m.* [S. *fr.* ર્ the sound or sign ર્+કાર a suffix showing the sound or sign of the preceding letter or letters.] The sound or sign ર્ (r).

દો દકાર દુખ વસી મન મધે, પ્રવિણ પ્રાણ આધાર;
આપ લકાર લખો તમે ટાળી, નહિ તો લખેશ રકાર.
—**દયારામ.**

રકાબ. *s. m.* [Ar.] A stirrup.

રકાબી,
Prov. વાણિયો સિંચે પળી પળી, ને રામ ઉડાવે કુપ્પા What the good wife spares, the cat eats: Ever spare, ever bare. વાણિયા ભાઈની મૂછ નીચી તો નીચી Spare no pain to secure a gain. વાણિયો રહેશે રોઈ Everybody looks to his own interest. વાણિયો રીઝયો, તો તાળી આપે There is no use depending upon a trader's words. વાણિયા લોભે લેવાણો The miser is ever in want. જાતે વાણિયા ભાઈ, એટલે, તોડજોડ કરવામાં કુશળ Being a born merchant, he was possessed of tact and was good in settling quarrels.

વાણી, *s. f.* [S.] Speech; articulate utterance; sound. 2.Voice. 3. The faculty of speech; the power of speech; eloquence. 4. The goddess of speech; Sarasvatī. 5. Public voice; public opinion.

વિધાતાની ગતિ તો મેં જાણી, તે માટે લાવ્યો રાઘવરાણી;
પાછી આપે થાય ફજેતીની વાણી રે. —**ભવાન.**
વાણી-શૂરા વાણિયા, રણ-શૂરા રજપૂત. —**ભાષા.**

વા-ણું, Same as **વહાણું**.

વાણો, *s. m.* [S. वान weaving *fr.* वे to weave. See વણ-વું.] The woof. 2. The woof and the warp.

વાણો-તર, *s. m.* [See વાણિ-યો + S. तर a comp. suffix.] A merchant's clerk. 2. A servant; a factor; an agent.

વાત, *s. f.* [S. वार्ता *fr.* वृत्, वर्त, to be.] Talk; conversation. 2.A story;a narrative; a fable; a tradition. 3. News; a rumour. 4. History. 5. Relation; discourse. 6. An affair; a transaction; a business.7.Circumstances; events. 8. A suggestion; a proposal. 9.A subject;a point.10.The import.

Id. વાતનું વતેસર કરવું To make a mountain of a mole-hill;to give an unnecessary importance to an occurrence.વાત ઉડાવી દેવી To avoid the point at issue. વાત ખાઈ જવી To avoid giving an answer to a question. 2. To avoid replying to a request. વાત ઉપાડવી To start the subject of a discussion. વાત ફાટવી To be divulged(of a secret). વાત ઉરાડવી To circulate a rumour. વાત ચાલવી, વાતો થવી To be circulated(of a rumour).વાત પામવીTo know the secret; to unravel a mystery; to see through an intrigue.વાત મળવી To be corroborated;to be confirmed (of a statement). વાત માનવી To take a statement to be true; to believe. વાત બનાવવી To invent a story; to spread a false report. વાતમાં પડવું, વાતમાં લાગવું, વાતે વળગવું,To be engaged in conversation. વાત કરવી To talk about; to converse; to open a subject;to talk of a thing but not making it principal subject of conversation; to talk incidentally of.-ની વાત કરવી To expose the weakness or private conduct of(a person.) એકજ વાત A decisive statement. મોટા લોકની વાત જૂદી ને ગરીબની વાત જૂદી The case (circumstances or condition) of the great is quite different from that of the poor. વાત કાઢવી To start or open a subject. એની શી વાત કરવી ! He is beyond our comprehension, or beyond our reach: we can be no match for him.શી વાત કે જાણે મારી ચંપા ! Champā is all in all to me. વાતે વાતમાં While talking about several things; by way of disgression; talking incidentally about. વાતો કરાવવી To give an opportunity to (a person) to talk about. Hence, 2. To expose one's private affairs to public scrutiny; to expose oneself to public censure. વાત ઉકલવી To find one's way out of an en-

tanglement or perplexity. વાત મારી જવી Not to be noticed or paid attention to(of a request.) વાત બગડવી To be spoiled (of an affair. 2. To be beyond one's control. વાએ વાત ચાલવી To be freely talked about; to be a subject of public or general talk.

Prov. વાત ન કરીએ વાટે, વાત ન કરીએ રાતે It is not safe to confide our secrets to a man on the road, nor in the stillness of the night Cf. Even walls have ears. વાતે કાંઈ વડાં થાય નહિ Work and not an empty promise will gain the object. વાત વાતે પણ ધીરવી નહિ Rely upon nobody.વાત નહિ, ને વાતનો પાયો નહિ There is no foundation for this talk. વાત હુંકારે ને ગાય ટુંકારે A speaker continues when he has an attentive hearer, and a quarrel continues when the opponent uses abusive language. વાતે પાપડ, વાતે વડી, વાતે વહુ ગયેરે ચઢી A rouk-town is seldom a good housewife at home.

વા॰ત, *s. m.* [S. *fr.* वा to blow.] Wind. 2. Rheumatic affection; the gout;cramps.

વાત॰ગરૂં, *adj.* [See વાત, *s. f.* + *fr.* S. कृ to do.] Inclined to talk; talkative; communicative.

વાત-ચિત, *s. f.* [+ચિત redup.] Conversation; discourse; easy talk; a chat; an intercharge of ideas.

વા॰તડ, *s. f.* A lengthy dialogue.

વા॰તડ, *s. f.* [See વા wind + તડ.] An imperceptible crack, caused by exposure to the air.

વાતા-વરણ, *s. n.* [See વાત wind + આવરણ.] The atmosphere.

વાતી, *s. f.* [S. वर्ति a wick. See વાટ.] A perfume match or taper.

વાતુ॰ડું, **વાતો॰ડું**, } [S. वातुल.] See **વાતગરૂં**.

વાત્સલ્ય, *s. n.* Same as **વત્સલતા**.

વાદ, *s. m.* [S. वद् *fr.* to speak.] A dispute; a discussion;a controversy;a debate; a quarrel. 2. A plaint; a suit at law. 3. Rivelry; competition.

Id.બેની વચ્ચે એ બાબતનો વાદ પડયો There was a dispute about this matter between them.

વાદ॰ક, *s.m.* One who plays on a musical instrument.

વાદ॰વિવાદ, *s. m.* [S.*fr.* + વિવાદ.] A debate; a dispute; a discussion; a disputation.

વા॰દળ, *s. n.* [Hem. Des. वद्दलं = S. दुर्दिनम् a cloudy day, *fr.*See વા, વાયુ+દળ.] A cloud. 2. Raw weather. 3. A storm; a tempest. 4. A person whose presence is undesirable in a company of friends.

Id. વાદળ ચઢી આવવું The rising of a temppest. 2.The befalling of misfortunes.

વા॰દળી,*s.f.*A small cloud. 2. A sponge; a piece of sponge.

વા॰દળું, Same as **વા॰દળ**.

વાદી, *s. m.* [S. वादिन्, वादी, *fr.* વાદ.] A complainant; a plaintiff; a disputant. 2. *adj.* That disputes or maintains a point at issue. 3. *s. m.* [S. वादित्र a musical instrument.]A snake-charmer; a conjurer.

વાદી॰ગર, [S. वध्र a leather strap+ P.गर a doer *fr.* कर्दन=S. कर्तुम् to do *fr.* S. कृ, **કર॰વું** to do.] Same as **વાદી**.

વાદો॰વાદી, *s. f.* [See વાદ.] Competition; rivalry.

વાદ્ય, *s. n.* [S. *fr.* वद् to speak.] A musical instrument.

વાધ॰ણ, **વાધ॰ણી**, } *s. f.* [See વાંધ॰વું, વધ॰વું Or, વાંધો,] Hiccough; frequent belching.

વાધર, **વાધરી**, **વાધર॰ડી**, } *s. f.* A thong; a leathern strap. 2. A leathern rope.

Prov. વાધર માટે ભેંસ મારવી(એ મૂર્ખાઈનું કામ) To bring nine pence to nothing.

વાધ॰વું, *v. i.* [See વધ॰વું.] To advance; to proceed.2.To rush forward.3.To happen.

વાન્, *adj.* [S. वत्, वान. See વાળું having.] An affix denoting possession. *e. g.* **ધન॰વાન્**.

વાન, *s. m.* [See વર્ણ.] Colour; hue; tint. 2. *s. n.* The body.

Id. વાન વળવું To assume a proper or healthy from (of the body of a person after

sickness.)

Prov. સોળે સાન અને વીસે વાન One's sense matures at sixteen, one's physical frame at twenty.

વાન, *s. f.* Skin crached by cold.

વાનગી, *s. f.* [Ar. वपुओनगी.] A sample; a specimen. 2. A curious article; a novelty.

વાન-પ્રસ્થ, *s. m.* [S. *fr.* વન a forest + પ્રસ્થાન.] A hermit; an anchorite. 2. A man in the third stage of life according to the Hindū tenets.

વાનર, *s. m.* [S. *fr.* वा almost+નર a man.] An ape; a monkey.

વાની, *s. f.* [See વાનું.] Kind; sort; variety.] A kind of delicious *juwār*.

વાનું, *s. n.* [Dh. Des. वाण्णिमो =S. वस्तु a thing *fr.* See વર્ણ.] An ingredient; an article; a thing. 2. A hint; an abusive hint; an abusive language; a taunt.

Id. ઘણાં વાનાં કરવાં To treat polietly; to entreat. 2. To use taunting words. બે વાનાં કહેવાં To admonish; to advise.

વાનો, *s. m.* A fragrant drug.

Id. વાને ઘાલવું To rub a fragrant yellow powder on the body of the bride or bridegroom on an auspicious day before the marriage.

વાન્તિ, *s. f.* [S. *fr.* वम= L. *vomo* to vomit.] Vomiting.

વાપર, *s. m.* [See વ્યાપાર.] Use; employing; making use of.

વાપર-વું, *v. t.* To use; to bring into use. 2. To occupy. 3. To live in (a house). 4. To employ; to make use of. 5. To spend; to consume.

વાપી, *s. f.* [S.] A well with steps; an oblong or round reservoir of water.

વાફો, *s. m.* [S. बाष्प steam. See બાફવું.] A bed in a garden; a plantation.

વાબસ્તું, *adj.* [P. वाबस्त: connected, dependent.] Related; connected (as a relation, a friend, an acquaintance, &c.).

વામ, *s. f. m.* [S. व्याम.] A fathom; a measure of length equal to six feet.

વામ, *adj.* [S.] Left; opposed to right. 2. Contrary; reverse.

પાટલપુર પતન એક નામ, ત્યાં એક બ્રાહ્મણ કૃતિ વામ.
—**દયારામ.**

વામ, Same as **વામા.**

કરો ક્રિયા ન આમ, વામ કામ કેડું રે હિરે—**પ્રેમાનંદ.**

વામણું, *adj.* [S. વામન.] Short; stunted; dwarfish. 9. Flattened by pressure.

વામ-તા, વામ-તાઈ, *s. f.* [See વામ left.] Contrary conduct; acting contrary to what one is asked to do; wayward conduct; obstinacy.

વામન, *adj.* [S.] Dwarfish. 2. *s. m.* A dwarfish form of Viṣṇu in his fifth incarnation, assumed to prevent Bali from obtaining mastery over the three worlds. વામનપુરાણ Name of one of the 18 *Puranas.*

વામન-દ્વાદશી, *s. f.* [S. *fr.* + દ્વાદશી.] The anniversary of Vāmana's victory over Bali, being the twelfth of the bright half of *Bhadrapada* (Aug-Sep.)

વામ-માર્ગી, *adj.* [S. *fr.* વામ left + માર્ગ.] That worships a goddess with obscene rites.

વામ-વું, *v. t.* [See નામવું.] To throw overboard (goods at sea). 2. To cast out. 3. To throw outwards; to express a throught; to speak out; to remonstrate.

આજ એકાન્ત છે, બ્રાન્ત ભાગું ભલી,
વાત વનિતા પ્રત્યે વેણ વામું. —**સામળભટ.**

4. To abandon; to go away; to avert the presence of.

જૂઠું અંગ જામી જાય, ધર્મ કૃત્ય વામી જાય.—**વલ્લભ.**

વામાં-ટામાં, *s. n. pl.* [See વામ left+ટામાં redup.] Hesitation; irresolution. 3. Being in a strait betwixt two things.

વામા, *s. f.* [S.] A woman. 3. The goddess of wealth. 3. The goddess of learning. 4. Parvatī, the wife of **શિવ.**

વામી, Same as **વામ-માર્ગી.**

વામોરૂ, વામોરૂ, [S. वाम beautiful + उरु, ऊरू a thigh.] A handsome-thighed woman.

વાય, *interj.* [Imit. See હાય.] An exclamation of grief.

વાયક, *s. n.* [See વાક્ય.] A dictum. 3. An aphorism.

વાયદ, Same as **વાદ-ક**.

વાયજ, **વાયજી**, *s. f.* [Ar. वअ़्ज़ See વાએજ, વાજ.] A sermon.

Id. વાયજ કરવી To preach.

વાય-કું, *adj.* [See વાયુ.] Flatulent; windy. 2. Indigestible. 3. Not relished (of a reproof). 4. Obstinate; self-willed.

વાયણું, *s. n.* [Dh. Des. वायणयं=S. मोज्योपायनम्, भोजनोपायनम्, a present of food; or उवायणं *fr.* S. उपायनम् a present. Hem. Des. वायणं=S. मोज्योपायनम् *fr.* S. वायनम्.] A dinner given by her relatives to a young wife in her first pregnancy.

વાયદા-સર, *adv.* [See વાયદો + સર, *adv.*] At the appointed or stated time.

વાયદો, *s. m.* [Ar. वअ़्द:.] A stipulated time. 2. A time-bargain. 3. A promise; an appointment; a stipulation.

Id. વાયદો કરવો To appoint a time. વાયદે ચઢવું To be postponed from time to time. વાયદા-સર At the appointed time.

Prov. અગસ્ત્ય ઋષિના વાયદા When two Sundays meet: At the Greek Kalends. વાયદે વહાણું વાયું Procrastination is the thief of time.

વાય-રો, *s. m.* [Hem. Des. वायारो=S. शिशिरवात: a cold wind. See વાયુ.] Wind; air; a gust of wind.

Id. વાયરો વાવો To blow (of the wind. 2. To have a whim or a freak. વાયરે ચઢવું To build castles in the air. 2. To indulge oneself with one's own whims. વાત વાયરે ચઢવી (*Cf.* વાયરે ચઢવું.) To be frequently postponed (of a business.)

વાય-લ, **વાય-લી**, *adj.* [See વાયુ] Wild; whimsical; eccentric.

વાયવ્ય, *s. f.* [S. *fr.* વાયુ.] The north-west direction.

વાયસ, *s. m.* [S.] A crow.

ઉંટને કદળી ફળનું ભોજન, વાયસ અમૃત આહાર.
—ગિરિધર.

વાયું, *s. n.* [See વા, વાયુ.] An earthen pot made to serve as a protection for a lamp against the wind.

વાયુ, *s. m.* [S. *fr.* वा to blow.] Air. 2. Wind. 3. The wind personified as a deity. 4. A vital air of the animal system (these vital airs are five, *viz.* પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, and સમાન). 6. Rheumatism. 7. Air considered as one of the humours of the body. 8. Flatulence. 9. Cramps. વાયુ પુરાણ A name of one of the 18 *Purāṇas*.

Id. અર્ધાંગ વાયુ Semi-paralysis. વાયુ રૂપી પદાર્થો Gaseous bodies. વાયે લીધું જવું To be so light as to be carried away before the wind. 2. To be lowered in respect or position.

જે સ્ત્રીને નહિ માન પિયુનું, તે વાયે લીધી જાય.
—ભાષા.

વાયુ-ગુરૂ-ત્વ, *s. n.* [S. +ગુરૂ-ત્વ.] The weight of the atmosphere.

વાયુ-ગુરૂ-ત્વ-માપક, *adj.* [S. + માપક.] Measuring the weight of the atmosphere. 2. *s. m.* One who measures the weight of the atmosphere, marks the direction of the wind, &c.; a meteorological observator.

Id. વાયુ-ગુરૂત્વ-માપક યંત્ર A barometer.

વાયુ-ચક્ર, *s. n.* [S. *fr.* + ચક્ર.] The atmosphere.

વાયુ-ચક્ર-શાસ્ત્ર, *s. n.* [S. + શાસ્ત્ર.] Meteorology.

વાયુ-ચક્ર-શાસ્ત્રી, *s. m.* A meteorologist.

વાયુ-ચર, *s. n.* [S. *fr.* +चर् to move.] A bird.

વાર, *s. m.* [S. वासर, वार.] A day of the week. 2. A stated or recurring day. 3. A week. (It is used either alone, or is affixed to the names of the planets and the sun, to show the days of the week, as રવિવાર, સોમવાર, &c.).

વાર, *s. m.* [Eng. *Yard.*] A yard in length; a measure of length equal to three feet.

વાર, *s. f.* [See વાર a day, time.] Delay; time; procrastination. 2. Time repeated (once, twice; &c.) 3. Time as considered long or excessive, and as taken up or used.

Id. વાર કરવી, વાર લગાડવી To delay.

વાર, *adv.* [P. वार् a suffix=Eng. *ly,like.*] Like or in the manner of, *e. g.* **વિગત-વાર.**

વાર, **વ્હાર,** } *s. f.* [S. वार covering, a protection, *fr.* वृ to cover; See વાર in નિવારણ. Or, See **વ્યવહાર.**] Help; aid. 2. A cry for help or protection; a complaint.

ભેળી થઈ ચાર, બીજી મળી બાર,
કરી જઇ વાર, આજ કૃષ્ણ આવ્યા. **—રાધાબાઈ.**

Id. વાર કરવી To assist. વારે ચઢવું To aid; to come to succour.

વાર, *s. f.* Same as **નિવારણ.**

એ તેજ અદ્દ્ભુત અસ્ત્રીનું, અસ્ત્રને તેજે વાર.
—રત્નેશ્વર.

વાર, Same as **વારિ.**

દમયંતી છે અતિ મનોહર, ઉતારે સર્વનું વાર.
—ભાલણ.

વાર-ણ, *s. n.* [S. वृ to cover.] Warding off; averting; opposing; turning back or from.

વારણ, *s. m.* [S.] An elephant. 2. Restraining or keeping back or down.

અલક્ષ્ય આ સભા લવથી, અબ્ધિ જ વારણ તેને.
—વલ્લભ.

વારણાં, Same as **ઓવારણાં.**

નિગમ નેતિ ગવાય, વારીજાઉં વારણે.— **અખો.**

વારણ્ટ, *s. n.* [Eng. *Warrant.*] A warrant; a warrant issued by a court to apprehend a criminal.

વારતા, Same as **વાર્તા.**

વાર-તેહેવાર, *s. m.* [See વાર a day + તેહેવાર.] Certain days of the week of certain lunar months and holidays; a holiday.

વાર-વાર, **વારં-વાર,** } *adv.*[S. वारंवारम् *fr.* વાર time.] Frequently; often; repeatedly; again and again; now and then.

વાર-વું, *v. t.* [S. वृ to cover. See વારણ.] To forbid; to prohibit;to prevent; to avert; to ward off; to hinder; to stop; to oppose; to remove; to turn back.

વાર-વું, *v. i.* [See ઓવારવું.] To ward off misfortunes by waving the hands,or handfuls of certain seeds, round the head of a friend.

લાવી નારી, ભરી વારિ, તેને દીધાં રે.
દીવાળી જઇએ વારી, તેને દીધાં રે. **—દીવાળીબાઈ.**

2. To compare a thing with another, and throw it away, on its being found unfitfor comparison;to compare and find worthless.

હરિના મુખડા ઉપર, વારી કોટિક ચંદ્રમા. **—દયારામ.**
તારા નેત્ર ઉપર વારૂં, મૃગને મીન. **—દયારામ.**

Id. વારી જવું To take another's misfortunes on one's own head; to sacrifice one's own interests to ward off the misfortunes of others and secure their welfare. વારી નાખવું To throw away a valuable thing without the least concern, owing to one's admiration for another thing with which it has been compared and found unfit for comparison. 2. To wish well to. વાર્યું કરવું To listen to advice.

Prov. વાર્યું ન કરે, પણ હાર્યું કરે One does not listen to advice, but one yields when defeated.

વારસ, *s. m.* [Ar. वारिस.] An heir; an inheritor.

વારસ-નામું, *s. n.* [+ નામું.] A document appointing an heir or heirs.

વારસો, *s. m.* [See વારસ.] Inheritance; a heritage; a legacy; a bequest.

વારાઙ્ગના, *s. f.* [S. *fr.* वार a multitude + અઙ્ગના.] A concubine; a courtezan; a prostitute.

વારા-ફરતી, **વારા-ફરતું,** } *adv.* [See વારો + ફર-વું.] Turn by turn; one after another;by turns; alternately.

વારા-ફેરા, *s. m. pl.* Turns; alternation; reciprocal succession.

Id. જગતમાં સૌના વારાફેરા છે All have their ups and downs in this world.

વારિ, *s. n.* [S.] Water.

લાવી નારી, ભરી વારિ, તેને દીધાં રે,
દીવાળી જઇએ વારી, તેને દીધાં રે. **—દીવાળીબાઈ.**

વારિ-જા, *s. f.* [S. *fr.* + जन् to be born.] The goddess Lakshmi, so called from her being alluded to as the daughter of the ocean.

ક્ષિર સમુદ્રમાં વા'લે, કરિયું શયનજી;
નિકટ બેઠી વારિની, કમલ નયન જી. —નાકર.

વારિ·ધિ, વાર-નિધિ, s. m. [S. fr. વારિ, + S. धा to hold, & fr. + નિધ.] A sea; an ocean.

વારી, s. f. [See વારો.] A turn; the time at which, by successive vicissitudes, a thing is to be had or done. 2. A turn or time at which a village officer or servant is required to serve according to rotation; a turn in the rotation of village officers. 3. A compensation; a reward for work done or religious injunctions obeyed.

વિચારી વિઠ્ઠલ કૃપાએ, સાખ્ય શુદ્ધ ઉચારી રે;
વારી ધારે ધ્યાનમાં નવ, જેહ સદાચારી રે.
—પ્રેમાનંદ.

વારી, s. m. [S. वारिन्, वारा.] A horse.

વારૂ, adv. [S. वरम्. fr. વર best.] Well; good. 2. Yes; very well.

સારૂં રમરનાર નહિ, વારૂ વરનાર નહિ;
બુંડું ભરનાર નહિ, કશા કારમે કેદ. —વલ્લભ.

વારૂણી, s.f.[S.] An intoxicating liquor.

વારે·ઘડીએ, adv. [See વારો+ઘડી.] Same as **વારં·વાર.**

વારે·દાર, s. m. [See વારો + દાર, P.] One whose turn it is. 2. A tax-gatherer.

વારે-વારે, adv. [See વારો. See વારં-વાર.] Same as **વારં·વાર.**

વારો, s. m. [See વાર a day.] A recurring time. 2. A turn. 3. An opportunity; an occasion. 4. Cessation of work by workmen and tradesmen on certain days.

Prov. વારો આવે ડોશીને પણ નાચવું પડે Everybody will have his turn.

વારો-વાર, s. m. [See વાર a day of the week.] The same day of the next week; this day week.

વાર્તા, s. f. [S. fr. वृत्, वर्त्, to be. See વાત.] Tidings; news. 2. Conversation. 3. History. 4. A narrative. 5. An account.

વાર્તિ·ક, s. n. A supplementary explanation. 2. s. m. A bearer of news; an informant.

વાર્ષિ·ક, adj.[S. fr. વર્ષ.] Annual; yearly.

વાલ, s. m. [S.] A kind of pulse; bean. 2. One thirtieth part of a *tola*.

Id. વાલમાંથી રતી A small part taken out of a small thing; a part of a part.

વાલ·ન્દ, વાળ·ન્દ, s. m. [See વાળ + S. दो to cut.] A barber.

વાલ·પાપડી, s. f. [See વાલ bean+પાપડી.] A sort of bean.

વાલ·મ, વાલ·મ·જી, s. m. [S. वल्लभ·तम dearest fr. વલ્લભ, વહાલું.] The dearest man. 2. The husband.

વાલિયા, s. m. pl. [See વાલ.] Strings with which a cradle is hung. 2. Strings for the scalepans of a balance.

વાલી, s. m. [Dh. Des. बली=S. स्तम्भः a pillar, a prop. Cf. Ar. वाली See બેલી.] A guardian; a patron; a protector. 2. A master; a lord. 3. A loyer.

Id. વાલી વારસ A patron or an heir.

વાલી, વાલિઘોડો, s. m. [Hem. Des. वलवा fr. S. वडवा a mare.] A strong horse.

વા·લેસરી, adj. [+ સર the head.] Well-wishing. 2. s.m. f. A well-wisher; a patron. 3. An affectionate elderly person.

વા·લોળ, વા·લોર, s. f. A bean; a kind of vegetable.

વાવ, s. f. [See વાપી.] A large well with steps leading down to the water's edge. Same as **વાપી.**

વાવટા-કાઠી, s. f. [See વાવટો+કાઠી.] A flag-staff; the staff on which flags are hoisted.

વા·વટો, s. m. [See વા, વાયુ, + S. वृत्, वर्त्, =L. *verto* to turn.] A flag; a banner; an ensign; a standard.

Id. વાવટો–ચઢાવવો–ઉડાવવો To raise the flag (a sign of success).

વા·વડ, s. m. [See વા, વાયુ+વળ, વળ·વું. Or, વાવર·વું, વાપર·વું.] Spread; diffusion (of a disease); infection. 2. Rumour; news; information.

વાવ·ડી, s. f. [See વાવ, વાપી.] A small

well with steps. 2. A small well into which people are obliged to descend to get water.

Prov. વાવડી ચસકી Lit. The well has moved from its place. Hence, 2. An exaggerated assertion. 3. Follies and humours of prating barbers.

વાવણિ.યો, *s. m.* [See વાવ.ણી.] A drill plough; the sowing machine.

વાવ.ણી, *s. f.* [See વાવ.વું.] Sowing (seeds.) 2. The act of sowing seeds.

વા-વંટોળ, *s.m.* [See વા, વાયુ + વંટોળિયો.] Whirlwind.

વા.વતર, Same as **વાવે.તર.**

વાવર.વું, Same as **વાપર.વું.**

વાવ.લાં, *s.n. pl.* [See વાવ.વું.] Land given free in return for services done to the villagers.

વાવ.વું, *v. t.* [S. वप्.] To sow; to plant; to scatter seeds in the ground.

Prov. વાવે તેવું લણે As you sow, so you will reap; Do evil, and look for like.

વા.વા, *adj.* & *adv.* [Imit. See વાહ.] Very good; excellent. (Used in taking with little childen.)

વા.વા.ઝો.ડું, Same as **વાઝો.ડું.**

વાવા.દળ, *s. n.* [See વા, વાયુ, + વાદળ.] Stormy clouds.

વા.વું, *v.t.* [S. वह् to carry See વહે.વું.] To persuade; to induce. 2. To mislead.

હું તો જાણું તમારી વાત; વિઠ્ઠલ મૂકો વાયાની વાત. —**ગોવિન્દ.**

3. To raise (a weapon). 4. To besmear; to daub. 3. *v.i.* To be drawn or dragged.

Id. વાયદે વાવું To be deceived by several postponements.

વા-વું, *v. i.* [S. वा to blow.] To blow. 2. To feel; to be felt.

વા.વું, *v. t.* To blow (a musical wind instrument) so as to produce music.

મારે આંગણિએ નંદલાલ, મોરલી વાઈ રે.— **વલ્લભ.**

વાવે.તર, *s n.* [See વાવ.વું.] Sowing; planting. 2. Cultivation. 3. A crop. 4 *adj.* Brought under cultivation; cultivated.

વાસ, *s. f.* [S.] Smell; odour. 2. Scent; flavour. 3. A bad smell. 4. Trace; sign. 5. Colour; appearance of.

Id. કાગવાસ Food placed for crows in a *Shrāddha* ceremony. વાસ આવવી To be carried or wafted (of a smell, particularly a bad smell). વાસ મારવી To give out a bad smell. વાસ લેવી To feel or perceive a smell, a scent.

વાસ, *s. m.* [S. *fr.* वस् to dwell.] Residence. 2. An abode; a dwelling. 3. A part of a town inhabited by a section of the people; quarters; a street.

Id. વાસ પૂરવો-કરવો To take up one's lodging; to dwell.

Prov. ભૂતનો વાસ પીંપળે Firewood must at last come to the fireplace.

વાસ, *s.n.* [S. वासस *fr.* वस् to dress.] A garment; wearing apparel; clothes.

આર્દ્ર વસ્ત્ર અડે અવર, ભિન્જવે તે પણ વાસ—**દયારામ.**

વાસક-સજ્જા, } **વાસક-સજ્જિતા,** } *s. f.* [S. See વાસ fragrance + સજ્જ.] A woman, who has collected objects of enjoyment and expects to meet her lover.

વાસકુટ, *s m.* [Eng. *Waistcoat.*] A waistcoat.

વાસણ, *s. n.* [See વાસ a dwelling.] A utensil; a pot; a vessel; a culinary vessel.

વાસણ.કુસણ, *s.n.pl.* [*fr.* + કુસણ redup.] Culinary utensils; vessels of all kinds.

વાસના, *s.f.* [S.] Desire; inclination; wish. 2. The impression on the mind of past actions whether good or evil which produces pleasure or pain.

વાસન્તી, *s. f.* [S. See વસંત.] The goddess of the spring season.

વાસર, *s.m.* [S.] A day.

વાસર-મણિ, *s.m.* [S. *fr.* +મણિ.] The sun.

વાસવ, *s.m.* [S.] The God Indra.

વાસ.વું, *v.t.* [Causal of વસ.વું, used to avoid the inauspicious expression બન્ધ કર.વું.] To close; to shut. 2. To fill or blow (of a musical wind instrument).

વિઠ્ઠલ વાંસળી મા વાસરે, મારૂં કાળજ કાંપે છે. —**દયારામ.**

વાસ.વું, *v. t.* To inhabit; to make in.

habited; to colonize.

વાસ•વું, *v.i.* [See વાસ fragrance, smell.] To send out fragrance; to be fragrant.

વાસિ•ત, *adj.* Scented; perfumed.

વાસિ•દું, *s.n.* [See વાસી+ધૂળ.] Sweepings. Id. વાસિદું કાઢવું–વાળવું To sweep. વાસિદામાં સાંભેલું An impossibility.

વાસી, *adj.* [S. वासिन्, वासी, having a smell: See વાસ smell.] Not fresh; stale.

Prov. વાસી રહે શું, કે કુત્તા ખાય ? He who has lost his purse, will go whither you will.

વાસી, *adj.* [See વાસ, વસ•વું.] That inhabits, lives or dwells in, at, &c. (Used only in composition, as **નગર-વાસી**).

વાસુ, **વાસો**, *s.m.* [See વાસ, વાસો, વસ•વું.] Watching a field at night.

Id. વાસુએ–વાસો જવું To watch a field at night.

વાસુકિ, *s. m.* [S.] Name of a famous serpent-demon.

વાસુ-દેવ, *s.m.* [S.] Krisna.

વાસુ•પી, **વાસો•પી**, *s.m.* [See વાસુ, વાસો. + S. स्वप्, सुप्, સૂવું, to sleep.] One who sleeps in the field and keeps a watch on the crop.

વાસેલ, *s.n.* [See વાસ•વું, વસ•વું.] A field kept fallow.

વાસો, *s. m.* [See વાસ dwelling.] Dwelling. 2. Lodging. 3; A day in a journey.

વાસો, Same as **વાસુ**.

વાસ્ત•વિક, *adj.* [S. *fr.* વસ્તુ.] Actual; real. 2. Right; true; just. 3. Proper.

વાસ્તવ્ય, *adj.* [S. *fr.* वस् to dwell.] Habitable.

વાસ્તુ, *s.n.* [S. *fr.* वस् to dwell.] Habitation; an abode. 2. The ceremony of entering into a newly built house in order to occupy it.

વાસ્તુવિદ્યા, *s.f.* [+વિદ્યા.] Architecture.

વાસ્તુ-પૂજા, **વાસ્તુ-શાન્તિ**, [+પૂજા, શાન્તિ.] A ceremony performed at the time of entering a new house.

વાસ્તે, *prep.* [Ar. वासितः means.] For. 2. On account of.

વાહ, *interj.* [Imit.] Oh ! ah !

વાહ•ક, *adj.* [S. *fr.* वह् to carry.] That conveys; that carries or bears. (Used at the end of a compound, *e. g.* **ભારવાહક**).

વાહ•ન, *s.n.* A conveyance; a vehicle.

વાહલું, Same as **વહાલું**.

વાહ-વાહ, *interj.* Same as **વાહ**. 2. *s. f.* Praise.

Id. લોકોમાં તેની વાહ વાહ થતી Every one praised him.

વાહ•વું, *v.t.* [See વહે•વું, વા•વું to deceive.] To deceive; to delude; to beguile.

વનિતા પણ નવ જાયે વાહી —**સામળભટ**.

Prov. વાહ્યા કે વટલ્યા Better bow than break: Wisdom prefers an unjust place to a just war.

વાહાડ•વું, Same as **વાઢ•વ**.

વાહાણુ, Same as **વહાણુ**.

વાહાર, Same as **વહાર**.

વાહાલ, Same as **વહાલ**.

વાહાલું, Same as **વહાલું**.

વાહા•વું, Same as **વાહ•વું**.

વાહિ•ની, Feminine form of **વાહી**, as **રક્ત-વાહિની**.

વાહી, Same as **વાહ•ક**.

વાહે•લું, *adj.* [See વાહ•વું.] Deluded. 2. Bewildered.

વિપ્ર ફરે ઘણા લોભના વાહેલા. —**નરસિંહ મેહતો**.

વાળ, *s. m.* [S. बाल, वाल.] Hair.

Id. વાંકો વાળ થવા ન દેવો To take care of a person so well that no one can do him the slightest injury.

વાળન, *s. n.* [See વાળ•વું.] An antidote.

વાળન્દ, **વાલન્દ**, Same as **વાલન્દ**.

વાળવું, *v.t.* [Causal of વળ•વું] To sweep. 2. To fold; to twist; to bend. 3. To send back. 4. To change the direction of. 5. To liquidate; to remit; to return (a debt, a loan). 6. To recompense. 7. To wind up; to bring to an end.

Id. ચોટલો વાળવો To make up the braid of hair. ઉંધું વાળવું To sweep with the wrong end of a broom (on a mourning day). 2.

To set upside down. 3. To ruin; to spoil. મોઢું વાળવું, મોં વાળવું To cry with the face covered. હાથ વાળવા To beat the breast through sorrow in mourning. વરસી વાળવી To perform the first anniversary ceremony after the death of a person. ઝેર વાળવું To neutralize the effects of a poison. દાણા વાળવા To repeat a spell on a quantity of grain. મન વાળવું To turn the mind away from; to appease the eagerness of the mind; to pacify the mind. પોતાનું મન વાળવું To comfort one's self. એમ વિચારી તે મન વાળતો He comforted himself with this thought. જવાબ વાળવો To return an answer; to reply. પગ વાળવા To take rest after walking or standing. વાળી લેવું To sweep and collect a heap of corn or spilt liquid. 2. To deduct dues in paying an amount. ઢગલો વાળવો To make a heap; to pile up. ઉપકાર વાળવો To return a kindness. બદલો વાળવો To return a kindness or an injury. પાણી વાળવું To turn the course of water. કોળિયો વાળવો Lit. To put a quantity of food into a form fit for putting it into the mouth. Hence, 2. To eat. બીડી વાળવી To make cheeroots of tobacco and cover them with dry leaves. દોરડું વાળવું To make a coil of a rope. ઘડો વાળી લેવો To draw towards one's self a pot filled with water and drawn from the bottom of a well up to its mouth. (ભાર) વાળી લેવો To put (a heavy burden) on one's own head with one's own hands. શરીર વાળવું To give a proper or healthy shape to the limbs by hard body exercise. કેડ વાળવી To work hard. 2. To work with care or attention. ઘેડ વાળવી To fold (clothes paper). પલાંઠી વાળવી To sit with crossed legs. પલાંઠો વાળવો To sit with crossed legs at one's ease and free from anxiety. વાળી લાવવું To collect and bring. કલમ વાળવી To engraft a plant on another. 2. To change the subject; style, or aim of one's writings or speeches. 3. To desert one party and join the opposite one.

વાળા, *s.m. pl.* [See વાળો] An ear-ornament made of gold-wire.

વાળાકુંચી, *s.f.* [See વાળા + કુંચો.] A gold smith's brush.

વાળિ·યો, *s. m.* [See વાળ·વું to sweep.] Sweeping a heap of corn.

વાળી, *s. f.* [S. वलय a circle *fr.* वल् to turn See વળ·વું.] A nose-ring. 2. An ear-ring.

વાળું, [S. वत्, वान्.] An adjective suffix showing " possession."

વાળુ, } **વાળું,** } *s.n.* [Hem. Des. विआरिआ = S. पूर्वाह्ण भोजनम् breakfast. *fr.* S. वि+आहार.] Eating food cooked at noon. 2. Supper.

વાળુ *s. f.* [S. वालुका.] Sand. 2. Gravel.

વાળો, *s. m.* [Dh. Des. वालओ *fr.* S. वाल·कः small hair. See વાળ.] A wire. 2. The Guinea-worm.

Id. વાળો ખેંચવો To draw into a wire. વાળો નિકળવો To suffer from Guinea-worm.

વાળો, *s. m.* [S. वल्लुक.] The grass of which the roots are fragrant; *Andropogon muricatus.* 2. The roots of this grass.

વિંઘું, } **વિઘુ,** } *s. n.* [S. वि particularly; +घात a group *fr.* हन् to collect.] Square measure equal to about 1/3 acre; a vigha.

વિઘો·ટી, *s.f.* [+वृत्ति] An assessment on land collected per વિંઘા. 2. An assessment on land.

વિંછી, *s. m.* [Hem. Des. विंचुओ *fr.* S. वृश्चिक.] A scorpion.

વિંજણો, *s.m.* [S. व्यजन] A fan. 2. A large hanging fan; a *punkha.*

Id. વિંજણો નાખવો-ઉડાડવો To fan with a fan.

વિંજ·વું, } **વિંઝ·વું,** } *v.t.* To swing; to whirl round in the air. 2. To fan a fire.

વિંટણિ·યો, *s.m.* [See વિંટવું.] A reel of thread.

વિંટ·લો, *s. m.* [See વિંટ·વું.] A round roll; a roll.

વિંટ·વું, *v.t.* [Dh. Des. विंट, Hem. Des. वाढिअं *fr.* S. वेष्टितम् *fr.* S. वेष्ट् to surround. See વેષ્ટન.] To wrap. 2. To roll; to twine; to wind.

Id. વિંટી લેવું-વળવું To surround; to

encircle.

વિંટા·વું, *v. i.* Passive of **વિંટવું.**

વિંટા·ળ·વું, *v. t.* [Causal of વિંટ·વું.] To roll. 2. To wrap. 3. To twine.

વિંટી, *s. f.* A ring.

વિંટો, Same as **વિંટલો.**

વિંધ·ણું, *s. n.* [See વિંધ·વું.] A chisel.

વિંધ·વું, *v. t.* [S. व्यध्,विध्, to pierce.] To pierce. 2. To perforate. 3. To have a piercing effect on the mind.

વિંધા·રો, *s.m.* A borer; a perforator.

વિંધા·વું, Passive of **વિંધ·વું.**

વિંધું, *s. n.* A hole; a bore.

વિ, [S.] A prefix denoting separation, aversion, difference,variety; opposition or augmentation.

વિઆજ, Same as **વ્યાજ**.

વિઆજુ, *adj.* Relating to interest or money-lending.

વિઆ·વું, *v. i.* [S. वी to conceive.] To bring forth. 2. To deliver.

વિકટ, *adj.* [S.] Difficult; hard. 2. Formidable; frightful; terrible.

વિકરાળ, *adj.* [S. विकराल *fr.* वि excessively+कराल terrible.]Very terrible;formidable.

વિ·કર્મ, *s. n.* [S. *fr.* वि away from+કર્મ.] Bad action; a wicked act; sin.

વિ·કલ, *adj.* [S. *fr.* वि+कला a part. *Cf.* સકળ.]Wanting in some parts; incomplete. 2. Distracted;bewildered;perplexed.

વિ·કલ્પ, *s. m.* [S. *fr.* वि opposite +क्लृप् to arrange: See કલ્પના.] Doubt; suspicion; indecision. 2. Difference of opinion. 3. An alternative; option.

વિ·કસ·વું, Same as **વિ·કાસ·વું.**

વિકસ્વર, *adj.* Opening; expanding.

વિ·કળ, Same as **વિ·કલ.**

સખી મને વિકળ કરી છે, એની વાંસળિયે રે.—**દયારામ.**

વિ·કળ·તા, *s.f.* Distracted state of the mind; bewilderment; perplexity.

વિ·કળા, *s.f.*[S. विकला *fr.* वि excessively+कला a sixtieth part.] A sixtieth part of a sixtieth part; a second.

વિ·કાર, *s.m.* [S. *fr.* वि opposite + कृ to do.]Disease; disorder. 2. Change of form of nature.3. Feeling; passion; emotion.

Id. વિકાર હેતુ The cause of વિકાર; a temptation.

વિ·કાસ, *s m.* [S. *fr.* वि excessively + कास्, काश्, to shine, to appear.] Opening. 2. Expanding; blooming.

વિકાસ·વું, *v. t.* To open. 2. To expend. 2. To bloom. 4. *v.t.* To open; to extend.

વિકાસી, *adj.* Opening; expanding; blooming (of a flower. It occurs at the end of a compound.)

Id. દિવસ-વિકાસી Blooming by day. રાત્રિ-વિકાસી Blooming by night.

વિ·કૃત, *adj.* [S. See વિકાર.] Diseased. 2. Spoiled. 3. Changed.

વિ·કૃ·તિ, *s. f.* Same as **વિ·કાર.**

વિ·ક્રમ, *s.n.* [S. *fr.* वि excessively + क्रम् to walk.] Heroism; valour; prowess.2.*s. m.* An epithet of Visnu.

વિક્રમ સંવત, *s. m.* [S. विक्रम संवत्सर *fr.* विक्रम name of a king of Ujjayini + सवत्सर a year: Seeસંવત,સંવત્સર.]The era of Vikrama.

વિ·ક્રય, *s.m.* [S. *fr.* वि opposite + क्री to buy.] Selling;a sale.

વિ·કાળ, Same as **વિ·કરાળ.**

વિ-ક્રિયા, *s. f.* Same as **વિ·કાર.**

વિ-ક્ષેપ, *s. m.*[S. *fr.* वि excessively + क्षिप् to throw.] Hindrance;an obstacle.

Id. મા or માહે વિક્ષેપ પડવો નડવો-થવો To occur an obstacle.

વિખ, } *s.n.* [S. विष.] Poison; venom.
વિખ·ડું, }

વિખમ, Same as **વિષમ.**

વિ·ખર·વું, *v.i.* Passive of **વિ·ખેર·વું.**

વિખ-વાણ, *s. f.* [+વાણી.] A bitter taunt.

એમ નથી જાણતો, " કર્તા હું કોણ છું ?"
વિખ-વાણ જાણે વેપારી કમાયો શું —**નિરાંતભક્ત.**

વિખ·વાદ, *s. m.* [See વિખ+વાદ.] Disagreement; a quarrel.

વિખ·વું, *v. t.* [See વિખેર·વું. *Cf.* પિંખ·વું.] To tear and scatter through anger,excitement,or sorrow.

Id. લટિયાં વિખવાં To tear and scatter the hair through anger, &c.

વિખિયા, *s.f.* [See વેશ્યા.] A woman

(used in contempt).

વિખે, Same as **વિષે**.

વિ·ખેર·વું, *v. t.* [Dh. Des. वेरायं, વેરા·વું. scattered *fr.* S. विकिर् *fr.* वि apart + कॄ, किर्, to scatter.] To scatter; to throw about in disorder.

વિ·ખ્યા·ત, *adj.* [S. *fr.* + ख्या to tell.] Famous; celebrated; renowned.

વિ·ખ્યા·તિ, *s. f.* Fame; celebrity.

વિગત, *s.f.* [S. *fr.* वि particularly + गम् to go.] Description. 2. Particulars;details. 4.*adj.* Gone. 5. Departed; separated; lost.

વિગત-વાર, *adj.* [+वार, P.] Particular; minute. 2. Detailed; being in full particulars.

વિગેરે, *adv.* [Ar. विगैरिह् *fr.* व and + गैर् another + हि that.] Etcetera; &c.; and so on; that and others.

વિગો·વ·વું, Same as **વગોવ·વું**.

વિ·ગ્રહ, *s. m.* [S. *fr.* वि apart + ग्रह् to take.] A war; a battle; a fight; a quarrel. 2.Analysis of compound words;dissolution of a compound (Gram).

Id. વિગ્રહ-સભા A council of war.

વિઘર·વું, **વિઘરા·વું**, *v. i.* [+ ગર·વું, ગળ·વું.] To be melted; to be dissolved. 2. To be dispersed or scattered. 3. To be confused or embarrassed. 4.To be disheartened or dispirited.

વિ·ઘરો, *s. m.* [See વઘરો, વિગ્રહ.] See **વઘરો**. 2. Disagreement; a quarrel.

વિઘું, Same as **વિંઘું**.

વિઘ્ન, *s.n.* [S. *fr.* वि excessively, opposite,+हन् to strike.] Impediment; obstacle; hindrance. 2. Mishap; misfortune.

Id. વિઘ્ન આવવું-થવું-નડવું-પડવું To occur an obstacle.

વિઘ્ન-હારી, *adj.* [S. *fr.* +हृ,हर्, to take away.] Removing an obstacle. 2. *s. m.* A remover of obstacles.

વિચક્ષણ, *adj.* [S.] Shrewd; sharp; clever.

વિ·ચર·વું, *v.i.* [S. वि excessively + चर् to walk.] To go. 2. To enter.

વિ·ચાર, *s. m.* [S.See વિ·ચર·વું.] Notion; view; judgment; reflection; thought. 2. Trouble; perplexity;a difficult and embarrassing case. 3. Investigation.4. Deliberation. 5. Meditation. 6. Determination; decision.

Id. વિચાર આવવો To strike the mind (of a thought.) વિચાર કરવો To think; to meditate; to deliberate. વિચાર થવો-આવવો To be formed (a thought, an intention.) 2. To have an inclination or mind to. વિચાર ચલાવવો-દોડાવવો-પહોંચાડવો To think out; to devise by serious thinking; to excogitate. વિચાર-આપવો-દર્શાવવો-બતાવવો To give out or express an opinion. વિચાર ધારણ કરવો To entertain an opinion. લાંબો વિચાર A thought or calculation of remote consequeneces.લાંબો વિચાર કરી શકે એવો Foresighted;prudent. વિચારપૂર્વક Preceded by a thought or consideration; thoughtfully;deliberately.

વિચાર·વન્ત, **વિચાર·વાન્**, **વિચાર·શીલ**, *adj.* [S. *fr.*+ वत्, वान्, शील, affixes showing possession.] Considerate; thoughtful; contemplative; deliberative.

વિચાર·વું, *v. i.* To reflect; to think; to cogitate;to ponder over. 5. To reason. 6. To revolve in the mind.

વિચાર-શ્રેણી, *s. f.* [S. *fr.* + શ્રેણી.] A series of the thoughts.

વિચિક્ષણ, Same as **વિચક્ષણ**.

વિ·ચિત્ર, *adj.* [S. *fr.* वि excessively + ચિત્ર.] Divers; various.2. Surprising; marvellous. 3. Strange. 4. Sundry. 5. Of different colours.

વિ·ચેતન, *adj.* [S. *fr.* वि apart + **ચેતન**.] Unconscious; senseless; dead.

વિચ્છેદ, *s. m.* [S. *fr.* वि excessively + छिद् to cut.] Division; disjunction.

વિછર·વું, *v. i.* [See વિચ્છેદ.] To be seperated.

જુઓ મચ્છ જળથી વિછરતાં, તજે પ્રાણ, ધન્ય એહને.
—**દયારામ.**

વિ·છળ·વું,*v.t.* [Hem. Des. विच्छोल·इ = S. कम्पयति it shakes, *fr.*S. वि inten. + क्षल्, क्षाल्

to wash.] To wash; to cleanse; to rinse.

વિછુવા, *s. m. pl* [See વિંછી.] A pair of silver ornaments worn by women on the toes.

વિ-છોહ, *s. m.* [See વિ-ચ્છેદ. *Cf.* વછો.] Separation.

વનિતાનો વિરહ વિછોહ તો, દહન દાવાનળથી ઘણો.

—**સામળભટ.**

વિજણ-વારા, *s. m.* [See વિંજણ+વાયરો.] Fanning.

વિજણો, વિઝાણો, } Same as **વિંજણો, વિંઝણો.**

વિજન, *adj.* [S. वि apart + जन a man.] Unpeopled. 2. Solitary; retired; secluded; tenantless.

વિ-જય, *s. m.* [S. *fr.* वि excessively +જય] Victory. 2. Conquest.

Id. વિજય કરવો-મેળવવો To gain a victory.

વિજય-સ્થાન, *s. n.* [S. *fr.* + સ્થાન] The place where a victory was gained; a place of victory.

વિજયા, *s. f.* Hemp; bhānga. 2. An epithet of Durgā.

વિજયા-દશમી, *s. f.* [S. *fr.* + દશમી.] The Dasera; the tenth day of the bright fortnight of Ashvin (Sep.-Oct.).

વિજયાનન્દ, *s. m.* [S. *fr.* + આનન્દ] Joy on account of a victory; a triumph. 2God.

વિજયી, *adj.* [S. विजयिन्, विजया, *fr.* વિજય.] Victorious; conquering; triumphant. 2. *s. m.* A victor.

વિજળી, *s. f.* [Hem. Des. विज्ज॰ला *fr.* विद्युत् *fr.* वि excessively+द्युत् to shine.] Lightning. 2. Electricity.

Id. વિજળીનો તાર The electric telegraph a telegram. વિજળીનો ઝબકારો A flash of lightning.

વિજળી-કેઠો, *s. m.* [+ કેઠો.] A game for children. (In the Sorath District.)

વિ-જાતિ, વિ-જાતીય, } *adj.* [S. *fr.* वि different + જાતિ.] Of a different caste, tribe, or class; heterogeneous; dissimilar.

વિ-જારી, *s. f.* [Redup. of જારી adultery; confused with ઈજાર P.trowsers.] Adultery. 2.Cunning conduct; roguery.2. Sleight of hand; jugglery. (Generally used in the expression. **જારી-વિજારી.**)

વિ-જોગ, Same as **વિ-યોગ.**

વિ-જોગી, Same as **વિ-યોગી.**

વિ-જ્ઞપ્તિ, Same as **વિ-જ્ઞાપના.**

વિજ્ઞાન, *s. n.* [S. *fr.* वि excessively+ ज्ञान,] Particular, minute, or accurate knowledge.

વિજ્ઞાન-મય-કેશ, *s. m.* [S. *fr.* + કેશ.] One of the sheaths of the soul of man according to the Vedānta teaching. 2. Knowledge or perception of the eternal being while the individual soul is conscious of its own worldly existence.

વિ-જ્ઞા-પના, *s. f.* [S. *fr.* वि particularly + ज्ञाप् to inform *fr.* ज्ञा to know.] A respectful statement or representation.

વિટંગા, *s. f.* [S. विट a voluptuary + અંગના.] A voluptuous woman. 2. An accomplished woman.

હું તવના મુખથી ઉચરી પતિ,વલ્લભની નહિ વેળા વિટંગા.

—**વલ્લભ.**

વિટંડ, *s. n.* [S. वितण्ड.] Pretension; feigning.

વિટંડા, *adj. m. pl.* Pretentious; false.

કેઈ વિકંડા કહાવે નર્યા, જ્ઞાન-ખળજ કેટલાએક જ ખરા.

—**અખો.**

વિટમ્બણા, *s. f.* [S. विडम्बन.] Disgrace; dishonour. 2. Ignominious treatment. 3. Trouble; difficulty; distress.

Id. વિટંબણા પડવી To be exposed or subjected to trouble, difficulty; or distress. વિટંબણા વેઠવી To undergo trouble, &c.

વિટ-લા, *s. m. pl.* [See વિંટી.] Ear-ornaments worn by children and women.

વિટ-વું, *v. t.* [S. वेष्ट to surround. See વિંટવું.] To wrap; to roll; to encircle. 2.To hem in; to encompass. 3. To wind; to twine.

વિટળા-વું, *v. i.* [Passive of વિંટાળવું.] To roll round. 2. To be encircled.

વિટાળ-વું, *v. t.* [See વિંટાળવું.] To roll round. 2. To twine. 3. To fold up. 4. To wrap 3. To wind. 6. To pack.

વિટાળો, *s. m.* A round roll; a roll.

વિડમ્બના, Classical form of **વિટમ્બના.**

વિ-ડાર-વું, *v. t.* [See વિ-દાર-વું.] To tear; to cut. 2. To relieve; to allay.

વેરી વિડારો બાણુન્ન, જો રૂચે, તો તેમ. —પ્રેમાનંદ.

વિણુ, *prep.* [S. बिना.] Except; without. See **વિના.**

વિણ-વું, *v. t.* [See વિનય.] To clean. 2. To select. 3. To collect;to glean; to gather; to pick up; to pluck. 4. To pick up and separate extraneous particles from corn.

Id. દાણા વિણવા To pick up grains; to glean. 2.To pick up extraneous particles from corn. ફુલ વિણવાં To pick up flowers. વલખાં વિણવાં To make ineffectual efforts; to struggle even when there is no hope of success.વિણી કાઢવું-લેવું To pick out;to select.

વિણા-ચુંટા, *s.m. pl.* [+ચુંટ-વું.] Uneasiness; restlessness.

વિણા-મણ, *s. n.* [See વિણ-વુ] Dust that comes out from corn when cleaned. 2. The wages for cleaning.

Prov. ધૂળમાં વિણામણ કાંકરા Nothing can come out of nothing.

વિત-ક, *s. n.* [See વિત-વું.] That has happened; that has befallen; trials; troubles.

વિતણ્ડ-વાદ, *s. m.* [S. See વિટણ્ડ + વાદ.] An unnecessary dispute; a useless argumentation.

વિતંડા, *s. f.* Same as **વિતણ્ડ-વાદ.**

વિતથ વિતંડા કરી મે, લેવો તેણે આ લાવ ?
—રત્નેશ્વર.

વિ-તથ, *adj.* [S. *fr.* वि priv.+તથા.] False.

વિ-તનુ, *s.m.*[S. *fr.* वि priv.તનુ the body. *Cf.* અનંગ.] The god of love, who has no body, being burnt down by the god Shiva.

વિ-તર્ક, *s.m.* [S. *fr.* वि opposite + તર્ક.] A conceit. 2. Conjecture; guess. 3. Doubt; apprehension.

Id. તર્ક-વિતર્ક Various conjectures.

વિત-વું, *v. i.* [Hem. Des. विते *fr.* S. वृत्तम् happened *fr.* वृत् to be. Or S. वि apart + इत gone *fr.* इ to go. See વીત.] To elapse; to expire; to pass away. 2. To happen; to come to pass. 3.To be obliged to suffer or undergo. 4.To experience (as a calamity, misfortune.)

Id. ઓરીઓ વિતવો To enjoy the pleasuer of;to have a liking for something realised. વખત વિતવો-વિતી જવો To pass away; to expire (of time). 2. To pass away; to expire (of the appointed time). માથે વિતવું To be obliged to suffer,or put up with; to experience (a calamity, misfortune).

Prov. વિતી હોય, તે જાણે He jests at scars, that never felt a wound.

વિ-તળ, } **વિ-તલ,** } *s. n.* [S. वितल *fr.* वि intens. + તલ, તળિયું.] One of the seven lower regions according to Hindu Mythology.

વિતાડવું, *v. t.* To oblige to suffer; to harass.

વિત્ત, *s. n.* [S. *fr.* विद् to obtain.] Money. 2.Property;wealth;substance. 3. Strength; worth. 4. Resources.

વિદગ્ધ, *adj.* [S.]Clever; sharp; shrewd. 2. [S. *fr.* वि excessively + दग्ध burnt *fr.* दह् to burn.] Excessively burnt.3. Completely burnt.

વિદગ્ધા, *s. f.* A shrewd and artful woman.

વિ-દળ, *s. n.* [S. वि priv +દળ a part.] A bulbous root, which has no parts, but is a lump.

કંદ મૂળ અભક્ષને બોળો, વાસી વિ-દળ તે વર્જો છ.
—વીરવિજય.

વિદાય, Same as **વદા.**

વિદાય-ગિરી, } **વિદાયી,** } Same as **વદાય-ગીરી.**

વદારણ, *s.n.* [S. *fr.* वि excessively + दृ, दार् to tear.] Tearing; rending; splitting. 2. Killing; slaughtering.

વિ-દાર-વું, *v. t.* To tear; to rend. 2. To cut; to split; to cleave. 3. To lay open; to cut to pieces.

વિદિ-ત, *adj.* [S. *fr.* विद् to know.] Known; understood.

વિદુર, *adj.* [S.] Wise; intelligent.

વિ-દૂષ-ક, *s. m.* [S. *fr.* वि excessively + दुष् दूष् to spoil.] The clown (in a drama). 2. A jester; a joker.

વિ-દેશ, *s. m.* [S. *fr.* वि a part + દેશ.] A foreign country or land.

વિ-દેશી, *adj*. Foreign; strange.

વિ-દેહી, *adj*. [S.*fr*.+દેહ.] Released from the tabernacle of clay. 2. Disembodied. 3. Incorporeal.

વિદ્ધ, *adj*. [S. *fr*. व्यध् विध्, to pierce.] Pierced. 2. Perforated; bored. વિદ્ધયોની A woman who lives with her husband.

વિદ્ય-માન, *adj*. [S. *fr*. विद् to be.] Existent; being. 2. Being present.

વિદ્યા, *s.f.* [S. *fr*. विद् to know.] Knowledge. 2. Learning. 3. Science.

Id. ચૌદ વિદ્યા Lit. Fourteen departments of knowledge. 2.The fourteen parts of the Vedas, *viz*., શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ, જ્યોતિષ, ૪ વેદ, મીમાંસા, ન્યાય, ધર્મ, અને પુરાણ. 2. All the departments of human knowledge. ચૌદે વિદ્યા ભણેલો Fully educated and experienced. 2. Learned and experienced. 3. Wise and circumspect;skilful.4. (Iron.) cunning; roguish. વિદ્યા-વિલાસી Delighting in learning or science. અર્થ-વિદ્યા Physical sciences: Physics.પરમાર્થ-વિદ્યા Metaphysical sciences; Metaphysics.

Prov. વિદ્યા કોઈના બાપની નથી=ભણે, તેની વિદ્યા There is no royal road to learning.

વિદ્યા-ગુરૂ, *s. m*. [S. *fr*. +ગુરૂ.] A teacher; an instructor.

વિદ્યા-ધર, *s.m*. [S.] An individual of a particular class of demi-gods. (*fem*.**વિદ્યા-ધરી.**)

વિદ્યાનન્દ, *s.m*. [S. See વિદ્યા + આનન્દ.] The pleasures of learning.

વિદ્યાભ્યાસ, *s.m*. [S.*fr*. +અભ્યાસ.] Study; pursuit of learning or knowledge.

વિદ્યામૃત, *s.n*. [S.*fr*.+ અમૃત.] Learning considered as nectar.

વિદ્યાર્થી, *s. m*. [S. *fr*. + अर्थ् to beg.] A student. 2. A pupil; a disciple;a scholar.

Id. વિદ્યાર્થી અવસ્થા Student-days;pupilage.

વિદ્યા-લય, *s. n*. } **વિદ્યા-શાળા,** *s.f.* } [S. *fr*. + આલય, શાળા.] A school. 2. A college.

વિદ્યુત્, *s. f*. [S. *fr*. वि excessively+ द्युत to shine.] Lightning.

Id. વિદ્યુલ્લતા, વિદ્યુલ્લેખા, *s. f*. A flash of lightning.

વિદ્રુમ, *s. n*. [S.] The coral tree.

વિદ્વજ્જન, *s. m*. [S. See વિદ્વાન્,+જન.] A learned man. 2. *s.m*. An assembly or body of learned men.

વિદ્વત્તા, *s. f.* [S. See વિદ્વાન્.] Learning; erudition.

વિદ્વાન્, *adj*. [S. विद्वस्, विद्वत्, विद्वान् *fr*. विद् to know.] Learned; erudite. 2. *s. m* A learned man; a well-read man; a scholar.

વિધ, *s. m*. [S. विधा.] Kind; sort; form. (Used at the end of a compound,asબહુવિધ.)

વિ-ધવા, *s.f*. [S. *fr*. वि apart + धव a husband.] A widow.

વિધ-વિધ, Same as **વિ-વિધ.**

વિ-ધાતા, *s. m*. [S. *fr*. विधा to create *fr*. वि excessively +धा to hold.] The creator; the god Brahmā.

વિ-ધા-ત્રા, } **વિ-ધા-ત્રી,** } *s.f*. The goddess of destiny; the goddess of fate.

Prov. વિધાત્રીના લેખ ટાળ્યા ન ટળે The decrees of fate cannot be obliterated.

વિ-ધાન, *s.n*.An assertion;an ordinance. 2. The predicate (in Gram.) 3. Process; method.

વિ-ધિ, *s. m. f*. The god Bhrahmā. 2. Destiny.3.An ordinance; a sacred precept. 4. A rule. 5. Form;formality.6.A formula. 7. A command; injunction.8. A text (of the scriptures).

વિધિ-યુક્ત, } **વિધિવિત્,** } *adj*.[S.*fr*.+યુક્ત.] Conformable to prescribed rules; canonical. 2. Methodical.

વિધુ, *s.m*. [S.] The moon.

વિધુર, *adj*. Same as **વિધુરૂં.** 2. *s. m*. A widower.

વિધુરા, *adj.f*. [S. *fr*. विधुर divested.] (A woman.) Suffering from separation from the lover.

વિધુરૂં, *adj*. Confounded; agitated; perplexed; bewildered.

વિરહે, સહી, વિરહીને વિધુરાં,કરતા આ ઋતુ રાજે.
—ગ્રી. ગોવિન્દ.

વિધ્યર્થ, *s. m.* [S. See વિધિ+અર્થ.] The imperative mood (in Gram).

વિધ્વંસ, *s. m.* [S. *fr.* वि excessively + ध्वस् to destroy.] Ruin; destruction;demolition.

વિનતા, Same as **વનિતા.**

વિન.તિ, વ.નં.તિ, *s.f.* [S. विनति *fr.* वि excessively+नम् to bow, to bend.] Request. 2. Entreaty: supplication. 3. A humble, and respectful petition or representation.

વિ-નય, *s.m.* [S. *fr.* वि apart + नी to carry.] Courtesy; propriety of conduct; decorum. 2.Politeness; gentleman-like bearing. 3. Meekness; humility; modesty; affability.

વિનવ.વું, *v.i.* [See વિનય; or વિનતિ.] To entreat. 2. To supplicate. 3. To persuade. 4. To pray. 5. To praise. 6. To induce.

વિના, *prep.* [S.] Except; without.

વિનાયક, *s.m.* [S.] An epithet of **ગણેશ.**

વિ-નાશ, *s. m.* [S. *fr.* वि excessively + નાશ.] Destruction; ruin. 2. Perdition. 3. Extinction.4. Death.

Prov. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ Pride goeth before destruction.

વિનાશક, *adj.* That which destroys; destructive.

વિનાશી, *adj.* Perishable; liable to be destroyed.

વિ-નિ-પાત, *s. m.* [S. *fr.* वि excessively + नि down+पत् to fall.]A fall.2.Ruin;calamity evil.

વિ.નિ.યોગ, *s.m.* [S. *fr.* वि intens. + नि down +યોગ.] Use; employment; applying; application; charge; duty.

વિ.નીત, *adj* [S.See વિનય.] Courteous; polite. 2. Meek; modest; humble.

વિ.ને, See **વિ.નય.**

વિ.નોદ, *s.m.* [S. *fr.* वि excessively +नुद् to drive.] Diversion; sport; play;pastime; merriment.

વિ.નોદી, *adj.* Gay; jolly; sportive.

વિન્યાસ, *s. m.* [S. *fr.* वि particularly +नि down +अस्to throw.] Arrangement. 2. A deposit.

વિપત, *s. f.* [S. विपद्. See વિપત્તિ.] Misfortune;adversity; calamity; affliction. 2. An adverse or distressing occurrence.

વિ'પત્તિ, [S.*fr.* वि opposite + पद् to go.] See **વિ'પત.**

વિ-પરીત, *adj.* [S.*fr.* वि apart+परि around +इ to go.] Opposite; reverse. 2. Adverse. 3.Hostile;not favourable or propitious.

વિ.પર્યય, *s.m.* [S. *fr.* वि+परि around + इ to go.] Contraiety; reverse; inversion. 2. Change. 3. Absence; non-existence.

વિપદે વિપર્યય જો વશ્યો, તેનું ઔષધ ક્યાંહી,
વિનાશ વિનીતને નવ નડે, હોય ભાલ જો માંહી.
—**રત્નેશ્વર.**

વિ-પર્યાસ, *s. m.* [S. *fr.* वि + परि + अस् to throw.] Change; contrariety; reverse.

વિપિન, *s. n.* [S.] A wood; a forest.

વિપુલ, વિપુળ, *adj.* [S. विपुल.] Large; broad; wide; capacious; abounding. 2. Deep; profound.

ફરશી કરમાં ધરાં છો, વિપુલ દેવ પાવન. —**ભાલણ.**

વિપ્ર, *s.m.* [S.] A Brahman.

વિ-પ્રયોગ, *s.m.* [S. *fr.* वि apart+प्र forth+ યોગ.] Separation. 2. The separation of a lover from his lady-love.

વિ-પ્ર.લબ્ધા, *s. f.* [S. See વિપ્રલમ્ભ.] A woman disappointed by her lover's not keeping his appointment.

વિ-પ્ર.લમ્ભ, *s. m.* [S. *fr.* वि apart + प्र forth+लभ् to get.] Deception. 2. Separation ol lovers.

વિ-ફર.વું, *v.t.* [+ફર.વું.] To be infatuated; to be maddened. 2. To be provoked.

વિફળ, *adj.* [S. विफल *fr.* वि apart + ફળ.] Useless. 2. Fruitless.

થયો દારૂણ મન માન્યો, વિફળ થઈ સ્નેહની સાનો.
—**સરસ્વતીચંદ્ર.**

વિ-બુધ, *s. m.* [S. *fr.* वि excessively + बुध् to know.] A god.

વિ-બોધ, *s. m.* [S. *fr.* वि particularly बुध् to know.] Awakening. 2. Becoming conscious.3. Knowledge; wisdom.

વિભક્ત, *adj.*[S. *fr.* वि excessively + भञ्ज्

to break.] Divided. 2. Separated.

વિ-ભક્તિ, *s. f.* A case (in Gram.). 2. Inflection or variation of nouns; declension; a change in a word made by adding a termination.

વિભવ, *s. m.* [S. *fr.* वि particularly+ भू to be.] Greatness; glory; magnanimity. 2. Wealth; riches.

વિ-ભા-કર, *s. m.* [S. *fr.* वि intens. +भा to shine+कृ, क्, કરવું.] The sun.

વિ-ભાગ, *s. m.* [S. See વિ-ભક્તિ.] Division. 2. A partition. 3. A subdivision. 4. A share.

વિભાવ, *s. m.* [S. See વિભ-વ.] Emotion; 2. A cause of love-sentiment.

વિ-ભાવ-ના, *s. f.* Fancy; imagination. 2. Possibility.

વ્યાસ, *s. m.* [S.] The diameter of a circle.

વ્યાસઙ્ગ, *s. m.* [S. *fr.* वि excessively + આસક્ગો, આસક્તિ.] Diligent application; intense pursuit.

વ્યાલ, *s. m.* [S.] A snake.

વ્યુત્પત્તિ, *s. f.* [S. *fr.* वि excessively + +ઉત્પત્તિ.] Derivation; etymology. 2. The being versed in polite literature.

વ્યુત્પન્ન, *adj.* Learned in the science of derivation. 2. Learned enough to explain any book.

વ્યૂહ, *s. f.* [S.] A battle-array.

Id. વ્યૂહ-રચના The arrangement of an army in battle-array.

વ્યોમ, *s. n.* [S.] The sky.

આપણે વસવું વૃક્ષે વ્યોમ. —**પ્રેમાનંદ.**

વ્યોમ-ચર, *s. n.* [S. *fr.* चर् to walk. See ચર•વું.] A bird.

વ્રજ, *s. n.* [S.] A village inhabited by cowherds. 2. Bindrāvana, near Gokul in the United Provinces.

વ્રજ-વાસી, *adj.* [S. *fr.* વસ•વું.] Dwelling at Bindrāvana. 2. *s. m. f.* An inhabitant of Bindrāvana.

વ્રજ•વું, *v. i.* [S.व्रज् to go.] To go.

વ્રત, *s.n.* [S.] A vow; a religious observance.

Id. વ્રત લેવું To make a vow. વ્રત પાળવું To observe a vow. વ્રત તોડવું To break a vow. વ્રત મૂકવું To cease to observe a vow. વ્રત ઉજવવું To perform a ceremony at the end of a religious vow.

વ્રતા•ળુ, *adj.* [+ S. आलु having.] Particular in the observance of a religious vow.

વ્રીડા, *s. f.* [S.] Modesty; bashfulness.

વ્રીહિ, *s. m.* [S.] A grain of rice; rice. બહુવ્રીહિ *Lit.* Having many kinds of rice. 2. Name of a Samās(compound. in Gram).

વ્હ, Same as **વિરહ.**

વ્હાર, *s. n.* [See વહાર help.] An army.

સંખ્યા પાર પામે કોણ ! બંને વ્હાર તણો, ભાઈ. —**વલ્લભ.**

વ્હેલ, *s. f.* [Eng. *whale.*] A whale.

શ.

શ, The 41st letter of the alphabet, and 27th consonant.

શક, *s. m.* [Ar. शक्क् doubt.] Doubt; suspicion. 2. Ambiguity; uncertainty.

Id. શક રાખવો–લેવો To entertain a suspicion;to suspect.શક પડવો To have a doubt.

શક, *s. m.* [S.] Era; epoch (*esp.* that of શાલિવાહન, which began in 78 A. D.). 2. A Scythian warrior tribe.

શકટ, *s. m.* [S.] A cart. શકટ-વ્યૂહ The car-form arrangement of troops in an army.

શકઞ્ચો, } **શકઞ્જો,** } *s. f.* [P. शिकनजः a machine.] A pressing machine.2. Machinery.

શકુન, *s. m.* [See શકુન. S. शकुन *fr.* शकन a bird. *Cf.* the derivation of Eng.*Augury.*]

An omen; a prognostic.

શકરો, *s. m.* [P. शिकर: a kind of hawk.] A hawk; a falcon. 2. A shrewd fellow.

Id. શકરો બાજ A hawk. 2. *adj.* Sharp; keen; watchful; circumspect.

શક-વું, *v. i.* [Dh. Des. सक्क-इ *fr.* S. शक्नोति he is able *fr.* S. शक् to be able.] To be able.

શકુન, *s. m.* [S. See શકન.] See શકન. 2. The point or object upon which an astrologer, &c, is consulted.

Id. શકુન જોવા To observe an omen or prognostication, whether lucky or unlucky. 2. To wait for a lucky omen. 3. To observe whether a person is or is not possessed by an evil spirit. શકુન થવા To meet with an omen. 2. To meet with a lucky omen in the beginning of an undertaking. શકુન લેવા To accept an a lucky omen.

Prov. શકુનથી શબ્દ આગળા A benediction is more effective than a lucky omen.

શકુની, *s. m.* [S.] A bird. 2. A vulture.

શકે, Same as **શાકે**.

શકે, *conj.* [S. शङ्के=I doubt. See શઙ્કા.] I think; as if.

રસાળ વાણી વેણુની, શકે કામ-બાણ મૂકયાં કસી !
—નર્મ-કોશ.

શકો-રૂં, Same as **શિકો-રૂં**.

શક્કો, *s. m.* [See સિક્કો.] See સિક્કો. 2. The face; the appearance of the face.

શક્કા-દાર, *adj.* [See શક્કો, સિક્કો, + P. दार् having, See દાર P.] Having a good face or appearance; having a prepossessing appearance. 2. Pleasing; charming.

શક્ત, *adj.* [S. *fr.* शक to be able.] Able. 2. Strong; powerful.

શક્તિ, *s. f.* Ability. 2. Power, strength; prowess; energy. 3. A goddess. 4. A spear; a dart.

શક્તિ ગયે શક્તિ એત્તી, છે મન બદનમાં. —વલ્લભ.

Id. જ્ઞાન-શક્તિ Force of intellect; mental power. ક્રિયા-શક્તિ Power in the performance of an undertaking. શક્તિ આવવી To gain power; to become powerful. શક્તિ જવી To lose power; to become powerless.

શક્તિ-માન્, શક્ત-વાન્, શક્તિ-વાળું, *adj.* [S. *fr.* + मत्, मान्, वान् having.] Able. 2. Powerful; strong; capable. 3. Having money; well off in point of money; wealthy.

શક્તિ-હીન, *adj.* [+ હીન.] Powerless.

શકય, *adj.* Probable; possible. 2. Practicable.

શકય-રૂપ, શકયાર્થ, *adj.* [S. *fr.* + રૂપ, અર્થ.] A form of a root showing "ability." (Gram.).

શક્ર, *s. m.* [S.] Indra.

શખ, *s. m.* See **સાખ**.

શખસ, *s. m.* [Ar. शख्स् a person.] An individual; a person.

શગ, *s. f.* [See શિખા.] A conical form. 2. The conical form, which grains, &c., have when a measure is full.

થાળ ભરી શગ મોતીએ. —નરસિંહ મહેતા.

3. The conical form of a flame; the cone of a flame; a flame. 4. The teat; the dug of a beast.

કરવી વાછરડાની વગ છે, કે'વું ન ધાવે ગાયની શગ.
—પ્રેમાનંદ.

શઘડી, Same as **સઘડી**.

શઙ્કર, *s. m.* [S. *fr.* श welfare + कृ to do.] The God Siva.

શઙ્ક-રો, *s. m.* [S. शङ्कराभरण *fr.* + આભરણ.] A particular mode in music.

શઙ્ક-વું, *v. i.* [See શઙ્કા.] To have a doubt or suspicion.

શઙ્કા, *s. f.* [S. *fr.* शङ्क् to doubt.] Doubt; suspicion. 2. Diffidence; misgiving.

Id. શંકા ઉઠવી-આવવી To have a doubt or suspicion. લઘુ શંકા An inclination to urinate શંકા થવી To have an inclination to urinate or to go to stool.

શઙ્કા-વું, *v. i.* To be ashamed; to be abashed.

શંકા-શીલ, *adj.* [+ શીલ.] Doubtful; hesitating. 2. Suspicious.

શંકુ, *s. m.* [S.] A cone. 2. The top; the tip. 3. The pointed end of a needle; the point of an iron nail.

જે બહુત પાપ હોય, તો માનો,
લાગે શૂલ કે શંકુ અંગે જી. —પ્રેમાનંદ.

4. A sun-dial. 5. The needle of a dial. 6. A cross-staff in land measurement. 7. Ten billions.

શઙ્ખ, *s. m.* [S.] A conch-shell. 2. Conch-form lines at the extremities of fingers. 3. A senseless fellow; a blockhead. 4. A miser; an illiberal fellow. 5. A hundred billions.

Id. શંખ ફુંકવો To blow a conch-shell (by beggars) to attract the attention of the people. 2. To be insolvent. શંખ વાગવો To be exhausted; to be wanting. શંખ વગાડવો To declare oneself as insolvent. લપોડ-શંખ A great fool.

શઙ્ખ-જીરૂ, *s. n.* [P. शाहज़ीरः a superior kind of cumin seed *fr.* શાહ+જીરૂ] A kind of cumin seed.

શઙ્ખણી, *s. f.* [S. शङ्खिनी.] An ugly, lustful woman. 2. A quarrelsome and shameless woman; a termagant.

શઙ્ખ-લો, *s. m.* [See શઙ્ખ.] A small conch-shell.

Id. માં શઙ્ખલો બોલવો To be exhausted.

શઙ્ખા-વું, Same as **શઙ્કા-વું.**

શઙ્ખાવો, *s.m.* [See શઙ્કા-વું.] Shame.

શઙ્ખિની, Classical form of **શઙ્ખણી.**

શચી, *s. f.* [S.] The wife of Indra.

શઠ, *adj.* [S. शठ a rogue.] Miserly. 2. Cruel; merciless; hard-hearted. 2. Roguish; knavish; crafty; perfidious; wicked; deceitful. 4. *s. m.* A rogue.

શઠ-જ્ઞાની, *adj.* [+જ્ઞાની.] Cunning; roguish.

શઠતા, શઠતા-ઈ, શઠા-ઈ, *s. f.* Roguery; knavery; craftiness; perfidiousness.

શણ, *s. n.* [Hem. Des. सण्हं *fr.* S. श्लक्ष्णम् smooth. Or. S. शणम् hemp.] Hemp. 2. Linen. 3. Flax.

શણ-ગઠ, *s. f.* [+ગાંઠ.] A very firm knot.

વશીકરણ વેણ તમે કયાં રે ગુંથાવી ?
સુન્દરી શણ-ગઠ વાળી રે—નરસિંહ મહેતો.

શણગો, Same as **સણગો.**

શણબિંડી, *s. f.* [See શણ+બિંડી.] A jute-plant.

શણ-વું, Same as **સુણ-વું.**

મારવા લાગ્યો તે ક ,શણી જઈ શગને. —વલ્લભ.

શણ-યું, *s.n.* [See શણ.] A linen wearing apparel.

શણડલી, Same as **સાડી.**

શત, *adj.* [S. शतम्=L. *centum.*] A hundred; 100.

શત-ક, *s. n.* A cento; a century; a collection of hundred.

શતક્રતુ, *s. m.* [S. *fr.* + क्रतु a sacrifice.] An epithet of Indra, who alone is believed to have performed a hundred srcrifices.

શતજીવ, શતજીવી, *adj.* [S. *fr.* + જીવ-વું.] Living a hundred years. (Used as a blessing).

શત-ધા, *adv.* [S. *fr.* શત + ધા a suffix.] In a hundred ways.

શત-પદી, *adj.* [S. *fr.* + પદ the foot.] A centipede; having a hundred legs.

શત-શાઈ, *s. f.* A century of poetical pieces.

શતાં-શ, *s. m.* [S. *fr.* + અંશ.] A hundredth part.

શતાબી, *s. f.* [P. शिताबी.] Quickness.

શતાવરી, *s. f.* [S.] A kind of medicinal plant.

શત્રુ, *s. m.* [S. *fr.* शद् to cut.] An enemy; a foe; an adversary.

Prov. શત્રુને રોગ, ઉગતા છેદવા An enemy and a disease should be nipped in the bud.

શત્રુ-તા, શત્રુ-તા-ઈ, *s. f.* Enmity; spite.

શત્રુ-વટ, *s. f.* [+ વૃત્તિ.] Enmity; malice; spite.

શનિ, *s. m.* [S. See below.] The planet Saturn. 2. [+ વાર a day, being understood.] Saturday. 3. [+ માણેક being understood.] A sapphire.

Id. શનિની દશા The influence of the planet Saturn (in Astrology). Hence 2. Suffering; misery. બારમો શનિ Bitter enmity.

શનિ, *adj.* [S. शनैः Slowly.] Slow in moving.

શનિ-શ્ચર, *s. m.* [S. शनैश्चर *fr.* शनैः slowly

moving + चर् to walk.]The planet Saturn. 2.A sapphire. 3. Envy; pain felt and malignity conceived at the sight of excellence, felicity, or jealousy.4.A malignant person.

Id. એની આંખમાં શનિશ્ચર છે His look is malignant.

શને૰ઉ, Same as **શનિ**. *s. m.* 2.

શનૈશ્ચર, Classical form of **શનિશ્ચર**.

શનૈશ્ચર તો આંખે એવો, શનૈશ્ચર નવ ભક્ત ઈ;
શનશ્ચર જેવા દુઃખ-દાઈ, તોય તર્યો તે જક્ત ઈ.
—**દ્વારકો.**

શપથ, *s. m.* [S. शपथ *fr.* शप् to swear.] An oath; an adjuration.

Id. શપથ ખવડાવવા-દેવા To adjure. શપથ લેવા To swear.

શબ, *s. n.* [S. शव.] A corpse.

શબ્દ, *s. m.* [S.] Sound. 2. A word. 3. A part of speech. 4. Censure; reproof.

Id. શબ્દ કરવો To utter a sound. 2. To call. શબ્દ કાઢવો To utter a word. બે **શબ્દ** A small speech or statement. બે શબ્દ કહેવા To recommend. શબ્દ-વેધી Shooting or aiming when hearing only the sound uttered by the prey.

શબ્દ-કોશ, *s. m.* [S. *fr.*+ કોશ.] A dictionary; a vocabulary; a lexicon.

શબ્દ-યોગી અવ્યય, *s. m.* [S. *fr.* શબ્દ + યોગ+અવ્યય.] A preposition (in Gram.).

શબ્દ-રચના, *s. f.* [S. *fr.* +રચના.] An arrangement of words; style.

શબ્દ-વિચાર, *s. m.* [S. *fr.* + વિચાર.] Orthography (in Gram.).

શબ્દાલઙ્કાર, *s.m.* [S. *fr.* શબ્દ+અલઙ્કાર.] A pleasing arrangement of sounds (શબ્દ), as distinguished from their meaning(અર્થ).

શમ, *s. m.* [S. *fr.* शम् to be calm.] Tranquillity or peace of mind.

શમ૰તા, શમ૰તા૰ઈ, } *s. f.* Tranquillity. 2. Forbearance; patience.

શમન, *s. n.* The act of tranquillizing; pacification.

શમન-લાડુ, *s. m.* [+ લાડુ.] A ball of Sweetmeat put in to the month of a dying person.

શમ૰વું, *v. i.* [Hem. Des. सामिअं=S. दग्धम् burnt.] To become motionless or dead to all appearance. 2. To disappear (as a tumour). 3. To be diminished in force. 4. To be calm.

શમ-શમાકાર, *adj.* [+ આકાર.] Void of motion;statue-like; dead to all appearance.

શમશેર, *s. f.* [P. शमशेर् *fr.* शम् the nail+ शेर् a lion=a weapon like the nail of a lion.] A sword.

શમશેર-બહાદુર, *adj.* [+ બહાદુર.] Brave in the use of the sword.2.Brave.3.Skilful.

શમી, *s. f.* [S.] A particular kind of thorny tree.

શમ્ભુ, *s. m.* [S. *fr.* श welfare+भू to be.] The god Siva.

શયન, *s. n.* [S. *fr.* शी to lie down.] Sleeping. 2. A bedstead. શયનગૃહ, શયન ભુવન A bed-chamber.

શય્યા, *s. f.* [S. See શયન.] A bed.

શર, *s. m.* [S.] An arrow.

શરણ, *s. n.* [S. शरण protection.]Protection, defence; a refuge.

Id. શરણે જવું-થવું-પડવું To submit. શરણ ગાંઠ Complete submission.

શરણ-ગાંઠ રે, મેં તે બાંધી દૃઢ કરી;
તેણે સમે રે, સુન્દર વર બોલ્યા હરિ.—**હરિદાસ.**

શરણાગત, *adj.* [S. *fr.* + आगत come: See આગમ.] That has come for refuge.

શરણું, *s.n.*[See શરણ.] Help;aid;succour.

શરત, *s. f.*[Ar. शर्त् a condition,a wager.] A stipulation; an agreement. 2. A wager; a stake. 3. A course; a race.

Id. શરત બકવી-મારવી To wager; to bet; to stake. શરતનો ઘોડો A race-horse. શરતમાં દોડવું To run a race.2. To compete; to rival. શરતનું કુંડાળું A race-course.

શરદ, *s. f.* [S.] Winter; the months of Āshvin and Kārtik. (Sep.-Oct. and Oct.-Nov.) 2. The full-moon night in Āshvin. (Sep.-Oct.) 3. A year.

ગૃહસ્થાશ્રમ રૂપી બલીવર્દ, શત ચર્યો એવી શર્દ.
—**પ્રેમાનંદ.**

2. *adj.* Damp; wet; humid.

શરદ-પુનમ, શરદ-પુનેમ, *s. f.* [+ પુનમ, પુનેમ.] The fifteenth day of the bright half of Āshvin (September-October).

શરદી, *s. f.* [See શરદ, *adj.*] Dampness; cold; chillness.

શરદેન્દુ, *s. m.* [See શરદ+ઇન્દુ.] The moon as seen in the months of Āshvin and Kārtik. (Sep.-Oct. and Oct.-Nov.).

શર-ધિ, *s. m.* [S. *fr.* શર+धा to hold.] A store of arrows; a quiver.

શરબત, *s. m.* [Ar. शर्बत a draught *fr.* शर्ब to drink+त once.] A kind of drink; a cooling drink made of water, sugar, and lemon-juice; a syrup.

શરમ, *s. f.* [P. शर्म.] Modesty; bashfulness. 2. Shame. 3. A stigma; a blot.

Id. શરમ આવવી-લાગવી To feel shame; to be ashamed.

શરમાળ, *adj.* [+વાળું having.] Bashful; coy.

શરમા·વ·વું, *v. t.* [Causal of શરમાવું.] To make ashamed; to put to shame. 2. To win over by influence; to influence.

શરમા·વું, *v. i.* [See શરમ.] To be ashamed; to be abashed. 2. To be put out of countenance.

શર-મિન્દ·ગી, *s. f.* [See શરમિન્દું.] Disgrace; shame.

શરમિન્દુ, *adj.* [शर्मिन्द: ashamed *fr.* शर्मीदन to feel shame.] Ashamed; abashed. 2. Disgraceful.

શરવ·ડું, *s. n.* [By transposition of letters of વર્ષા.] A little shower.

શ્રાવણ વર્ષ્યો શરવડીએ. —**ભાપા.**

શરવું, *adj.* Delicious to the taste.

શર·વું, *adj.* [See શ્રવણ.] Sharp at hearing; having a very keen sense of hearing.

શરાધ, Same as **શ્રાદ્ધ.**

શરાધિ·યાં, *s. n. pl.* Days sacred to the performance of obsequies to the manes of the dead.

શરાપ, Corruption of **શ્રાપ, શાપ.**

શરાબ, *s. m.* [Ar. शराब् a liquid *fr.* शर्ब to drink. See શરબત,] A spirituous liquor; wine or liquor. 3. Spirits. 4. Ardent spirits.

Prov. શરાબ, તેરા ખાના ખરાબ Liquor is a curse in a dinner.

શરા·વ·વું, Same as **સરા·વ·વું.**

શરાસન, *s. n.* [S. *fr.* શર+આસન.] A bow.

શરિયો, Same as **સળિયો.**

ઈંઢી, પીઢી, શરિયો, સંપુટ, વાલુ ઝડાકે;
સાસુએ તાણ્યું ચૂક, કૃષ્ણનું નાકે. —**દયારામ.**

શરીક, *adj.* [Ar. शरीक an ally, a partner.] Having a partner or sharer.

શરીગત, *adj.* [Corruption of શરીક. Ar. शिर्कत् partnership *fr.* શરીક.] A partner; a partisan.

શરીર, *s. n.* [S.] The body.

Id. શરીર સંપત્તિ Health; bodily vigour.

Prov. શરીર સલામત, તો પઘડિયાં બહોતેરી Health is at the root of all happiness. શરીર કટાયા કરતાં ઘસાયું સારૂં A used key is always bright.

શરૂ, *adj.* [Ar. शुरुअ commencement.] Begun. 2. Continuing.

શરૂઆત, *s. f* [A corruption of શરૂ, *Cf.* રજુઆત corruption of રજુ.] Beginning; commencement.

શરૂવો, *s. m.* [S. स्रुव a sacrificial ladle.] A wooden ladle used in a sacrifice to serving out ghee.

શરે, *s. m.* [Ar.] Muhammadan Law.

શહેર, *s. f.* [See શેર P. = a line.] A delicious taste; a sensation produced by anything very sweet or cooling.

શરેરો, Same as **સરેરો.**

શર્કરા, *s. f.* [S.=*Gr. sakchar*=L. *saccharon*=Ar. *sukkara*=Eng. *Sugar.*] Sugar.

શર્વરી, *s. f.* [S.] Night.

રંગમાં જાયે શર્વરી, તેણે ભક્ત ગયો વિસરી.
—**પ્રેમાનંદ.**

શલાકા, *s. f.* [S.] A stick.

શલ્ય, *s. n.* [S.] An arrow. 2. A thorn.

શલ્ય થયો જશો શલ્ય, ધારો તમો જેહ મલ્લ.
—**વલ્લભ.**

શવ, [S.] Same as **શબ.**

શવ-યાન, *s. f.* [S. *fr*, +યાન.] A bier.

શવલ, *adj.* [S.] Variegated.

શશ, *s. m.* [S.] A hare.

શશિ, *s. m.* [S. *fr.* शश a hare.] The moon.

શશિ-મુખી, *adj. f.* [+ મુખ.] Having a face as pleasing and lovely as the moon.

શશિ-ચર, **શશિ-ધર**, *s. m.* [S. शशधर *fr.* शश a hare *fr.* धृ to hold.] The moon.

શસ્ત્ર, *s.n.*[S. *fr.* शस् to cut.] A weapon. શસ્ત્ર વિદ્યા The science of arms.

શાઉ, Same as **શેઠ**.

શાહેર, *s. n.*[P. शहर.]A city;a large town. Prov. શાહેર ત્યાં વહેર A great city is a great solitude. 2. A city abounds with luxuries.

શાહુ, Same as **શાહ**.

શળ, *s.m.* [See *fr.* S. शलाका.] A mark made by folding paper, cloth, &c. 2. A mark made by whipping or caning;a weal.

Id. શળ પાડવો To make a crease by folding paper, &c. શળ ઉઠવો-પડવો To cause the skin to swell by whipping or caning.

શળ, *s. f.* Same as **સિલા**.

શળી, *s. f.* [S. શિલા.] A whetstone used by barbers to sharpen their razors while shaving.

શળી, *s. f.* [S. शलाका.] A chip. 2. A covert term for a quarter of a rupee, used by merchants in secret conversation (so called beause a quarter of a rupee is represented by (ı) in writing, which resembles a શળી or chip).

Id. શળી કરવી To excite; to instigate; to encourage.

શળો, Same as **સળો, સડો**.

શાંડ-વું, *v. i.* [See છાંડ-વું to leave.] To go away.

શા, Same as **શાહ**.

શાઈ, *s. f.* [P. सियाही blackness *fr.* सियाह= S. श्याम black.] Ink. 2. Blackness; black colour.

Id. મોઢ શાઈ જેવું થઈ જવું To be blackened (of the face);to be disgraced.શાઈ જઈને સફેતી આવી The black colour of the hair is gone, and a white colour has come = Youth is past, and old age has come.

શાક, *s. n.* [S.] A pot-herb; a vegetable. 2. An esculent herb. 3. Greens.

શાકણ, **શાકણી**, **શાકેણ**, *s. f.* [S. शाकिनी.] A witch.

શાકે, *adv.* [See શક.] In the era of Shālivāhana, commencing. A.D. 78.

શાક્ત, *adj.* [S. શક્તિ, a goddess.] A worshipper of the female principle(**શક્તિ.**)

શાખ, *s. f.* [See શાખા.] Surname.

શાખ, *s.f.* [See સાક્ષિ.] Mercantile credit. 2. Good repute. 3. Honourable character. 4. Testimony.

Id.શાખ પડવી To be established of credit, reputation,or honourable character.શાખ જવી To have lost-credit, reputation, or honourable character.

Prov. લાખ જજો, પણ શાખ ન જશો=શાખની અગાડી લાખ તે રાખ બરાબર છે A good name is worth millions.

શાખા, *s. f.* [S.] A branch of a tree. 2. 2. A party; a sect.

શાખિ-યું, *s. n.* [See શાક.] A mango fruit almost ripe.

શાગરિદ, **શાગિર્દ**, *s. m.* [P. शागिर्द a pupil.] A disciple. 2. A pupil. 3. A patisan.

શાણ-પણ, Same as **સાણ-પણ**.

શાણું, Same as **સાણું**.

Prov શાણાને સાન, ગધેડાને ડફણાં, A word to the wise, a rod to a fool.

શાતા, Same as **શાન્તિ**.

Id. શાતા વળવી To be reduced to a quiet state. શાતામાં રહેવું To live at ease.

શાદી, *s. f.*[P. शादी pleasure *fr.* शाद् glad.] A marriage; nuptials.

શાન, *s. f.* [Ar. शान position.]Appearance; show. 2. Fashion.

શાન-દાર, *adj.* [+ દાર, P.] Showy; fine. 2. Fashionable.

શાન-શોગત, *s. f.* [+ Ar. शौकत pomp.] Particular attention to fine dress;fondness of dress. 2. A fashionable dress.

શાને, *adv.* [Dat. of શું.] Why ? for

what reason ?

શાન્ત, *adj.* [S. See શમ.] Quiet; calm. 2. Mild; gentle. શાન્તરસ The sentiment of quietism or indifference to all worldly objects.

Id. શાન્ત પડવું To abate; to be calm. શાન્ત પાડવું To pacify.

શાન્તિ, *s.f.* Quiet; ease; composure; calmness; tranquillity. 2. Mildness; gentleness. 3. Pacification.

Id. શાન્તિ વળવી To be reduced to quiet state.

શાપ, *s. m.* [S. *fr.* शप् to swear. See શ્રાપ.] A curse; an imprecation.

Id. શાપ દેવો To curse.

શાપિ·ત, *adj.* Cursed; lying under a curse.

શાબર, [S. शाम्बर.] Same as **સાબર.**

શાબાન, *s. m.* The eighth month of the Muhammedan year.

શાબાશ, *interj.* [P. *fr.* शा *fr.* शाद् glad + बाश् be.] Bravo ! thanks ! capital ! well done !

શાબાશી, *s. f.* Praise; applause; commendation.

Id. શાબાશી આપવી-દેવી To applaud. શાબાશી લેવી-મેળવવી To win applause.

શાબિત, શાબુત, શાબેત, *adj.* [Ar. साबित.] Strong; firm. 2. Uninjured; sound. 3. Whole; unimpaired; entire; untouched. 4. Durable; lasting; standing. 5. Proved; established by arguments.

શાબિતી, શાબેતી, *s. f.* Evidence; proof; verification; confirmation.

Id. શાબિતી આપવી To produce evidence.

શાબુતી, *s.f.* Strength; firmness. 2. Safety; security.

શામ, *adj.* [S. श्याम.] Black; dark.

શામળ·વાન, *adj.* [See શામળું + વાન, વર્ણ.] Having a black complexion.

શામળા·જી, *s. m.* See શામળું + જી, દેવ, an honorific suffix] An epithet of Krisna.

શામ·ળું, *adj.* [See શામ.] Of a dark colour or complexion.

શામિલ, શામેલ, *adv.* [Ar. शामिल containing.] Attached; annexed; joined; associated. 2. Included; comprised. 3. Concerned in; connected with; accessory.

શાયર, *s. m.* [Ar. शाइर् a poet.] A poet; a bard.

શાયી, *adj.* [S. शाहिन्, शायी. See શય્યા.] That sleeps or lies down.

શાર, *s. m.* [S. शॄ to cut.] A hole made by piercing; a bore; a hole.

Id. શાર પાડવો To cut a hole through.

શારંગ, *s. n.* [S. शार्ङ्ग *fr.* शृङ्ग a horn.] A bow of an archer.

શારદ, શારદા, *s. f.* [S.] The goddess of learning; the Hindu Minerva.

સુરિ નર બ્રહ્મા, શિવ ને શારદ રટે શેષ નિરંતર નામ.

—નિરાંતભક્ત.

શાર·વું, *v. t.* [See શાર.] To bore a hole; to bore.

Id. શાર્યાં કરવું To torment constantly.

શારીર, *adj.* [S. See શરીર.] Corporeal; bodily. 2. *s. n.* Anatomy.

શારીરિ·ક, *adj.* See શારીર, 1. શારીરિક વિદ્યા Anatomy.

શાર્દૂલ, *s. m.* [S.] A tiger.

શાર્દૂલ વિક્રીડિત, *s. m. n.* [S. *fr.* + वि excessively + ક્રીડા.] A particular kind of Samskrit metre containing 19 syllables in a verse.

શાલ, *s. f.* [P. शाल्=S. शाट.] A shawl; a fine kind of ornamented woollen cloth.

Id. શાલ ઓઢાડવી To present with a robe of honour.

શાલ-દુશાલા, *s. m. pl.* [+ દુશાલો.] Robes of honour.

શાલા, Classical form of **શાળા.**

શાલિગ્રામ, *s. m.* [S.] A round black stone worshipped as being essentially a form of Visnu. 2. flinty stone.

શાલિવાહન, *s. m.* [S.] The name of a king whose era, called **શક,** commences

A. D. 78

શાવક, Same as **શ્રાવક**.

શાવડી, *s. f.* [M. साळ, साळी, *fr.* S. सल्लकी.] A porcupine.

શાશ્વત, *adj.* [S. *fr.* शश्वत eternally.] Eternal; permanent.

શાસન, *s. n.* [S. *fr.* शास् to rule.] Punishment; chastisement: correction. 2. A command; an order.

શાસ્ત્ર, *s. n.* A science; a system. 2. The Scriptures; institutes of religion. 3. Law. 4. Literature.

શાસ્ત્રાર્થ, *s. m.* [S. *fr.* + અર્થ.]The meaning of the Scriptures; a precept of the Scriptures.

શાસ્ત્રી, *s. m.* One learned in the Shāstras; one versed in religious texts. 2. One who has studied any art, science, or system of religion or philosophy. 3. *adj.* See **શાસ્ત્રીય**.

શાસ્ત્રીય, *adj.* Pertaining to the Scriptures; scientific.

શાસ્ત્રોક્ત, *adj.* [S. *fr.* શાસ્ત્ર + उक्त spoken *fr.* वच् to speak.] Enjoined or allowed by the Shāstras.

શાહ, *s. m.* [P. शाह् a king.]A king; an emperor.

Prov. શાહ ત્યાં બજાર Courtiers follow the king.

શાહ, *s. m.* [See શાહુકાર.] A banker; an honest man.2.A title given to a Hindū merchant,banker,or shopkeeper in Gujarāt.

Id. શાહજોગ (હુંડી) (A hundī) which on being presented entitles the holder to be entrusted with the amount in cash.

Prov. શાહ ત્યાં બજાર That is a market in which there are honest merchants.

શાહ-જાદી, *s. f.* [See શાહ-જાદો.] The daughter of a king; a princess.

શાહ-જોગ, *adj.* [See શાહુ, સાહુ. સાધુ + જોગ, યોગ.] Payable to the holder (a bill of exchange or a *hundi*). 2. Honest; dealing honestly. 3. Lawful; legitimate.

શાહ-જાદો, *s. m.* [+ જાદો.] The son of a king; a prince.

શાહ-જીરૂ, [P. शाहजीरः,] See **શાહ્-ખ-જીરૂ**.

શાહ-વટ, *s. f.* [See શાહ a banker + વટ, વૃત્તિ.]Honest conduct or commerce in one's dealings; honesty.

શાહી, Same as **શાઈ**.

શાહુકાર, *s. m.* [Hem. Des. साहु *fr.* S. साधु good. See સાધુ+S. कार *fr.* कृ, કરવું, to do.] A banker; a shroff. 2. A gentleman;a man of credit.

શાહુકારી, *s. f.* Honest conduct in one's dealings; honesty.

શાહુડી, Same as **શાવડી**.

શાહેદ, *s. m.* [Ar. शाहिद् a witness.] A witness; one who gives evidence. 2. One who attests another's signature.

શાહેદી, *s. f.* Evidence; testimony; attestation. 2. Evidence; deposition.

Id. શાહેદી પૂરવી-આપવી To bear testimony; to depose as a witness. શાહેદી લેવી To write down the deposition of a witness in a court. શાહેદી રાખવો To ask a person to bear testimony. શાહેદી મૂકવો To submit the name of a person as a witness in a court of law. શાહેદી ઉભો કરવો To place a witness in the witness-box. 2. To get a witness to bear false testimony.

શાહેર, See **શાયર**.

શાહેરી, *s. f.* Poetry; ballads.

શાળ, *s. n.* [S. शालि.] Rice in husk.

જો ખડ ધાન જ વાવીએ, શુણ સુંદરી રે,
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે?

—**પ્રેમાનંદ.**

શાળા, *s. f.* [S. शाला.]A place; a house. 2. A school; an academy.

શાળિયું, *s. n.* [See શાળ.] A kind of rice in husk.

શાળોપયોગી, *adj.* [+ ઉપયોગી.] Useful for school purposes.

શિંગ, *s. n.* [Dh. Des. शिग्गु *fr.* S. शिग्रु: a pot-herb.] A horn.2.A trumpet 3. A pod.

શિંગડી, *s. f.* A small horn; a young horn just sprouting up. 2. A horn used to keep gun-powder in; a powder-horn.

શિંગડું, *s. n.* A horn. 2. A trumpet. 3. A powder-horn.

શિંગિ-યો વચ્છનાગ, *s. m.* Twisted and horn-like roots of *gloriosa superba*, which is more poisonous than ordinary **વચ્છનાગ**.

શિંગી, a., *s. f.* Horned; having horns.

શિંગોટી, *s. f.* [See શિંગ+વૃત્તિ.] The form of the horns of an animal. 2. A metallic tip or ornament for the horns. 3. The root or base of horns. 4. A polishing tool made of a horn.

શિંગો-ડું, *s. n.* [S. शृङ्गाट *fr.* શૃંગ.] A kind of aquatic plant, or the fruit of it.

શિંડું, Same as **આંડું**.

શિઆળ-વું, *s. n.* [See શિયાળ.] A fox; a jackal.

શિકસ્ત, *adj.* [P. शिकस्त a defeat *fr.* शिकस्तन् to defeat.] Defeated; overthrown. 2. *s. f.* Discomfiture; overthrow; defeat.

શિકાં, *s. n. pl.* [See શીકું.] Strings of pearls worn on the forehead by women.

શિકાક-ઈ, *s. f.* [M. शिककाई.] Pods of a certain kind of tree used in cleaning the hair.

શિકાર, *s. m.* [P.] Hunting; chase; shooting. 2. A prey; a victim. 4. Perquisites; peculation; venery.

Id. શિકાર-કરવો-રમવો, શિકારે જવું To hunt. શિકાર સાધવો To gain the desired object.

Prov. શિકાર લેવો હોય, ત્યારે સિંહ પણ નમે છે There is no harm in stooping down, when you have to gain your object.

શિ-કાર, *adj.* [See શ્રીકાર.] Epcellent.

શિ-કાર, *s. m.* [See સ્વીકાર.] (In commerce) Acceptance (of a draft, Hundi, or bill of exchange); endorsement.

શિકાર-વું, *v. t.* [See સ્વીકાર-વું.] To honour (a bill). 2. To accept. 3. To endorse.

શિકારી, *s. m.* [See શિકાર, P.] A hunter; a sportsman. 2. *adj.* Pertaining to hunting; useful in hunting. 3. Subsisting on hunting.

શિકારૂ, Same as **શિકારી**.

શિકે, *prep.* [See સહિત.] With; along with; together with.

શિકોતર, *s. n.*
શિકોતરી, *s. f.*
શિકોતરૂ, *s. f.*
} A spirit or a ghost of an inferior order.

શિકોરૂં, *s. n.* [P. सिकोरः.] An earthen dish 2. The head.

શિક્ષક, *s. m.* [S. *fr.* शिक्ष् to teach.] A teacher; a tutor; an instructor.

શિક્ષણ, *s. n.* Learning. 2. Teaching; instruction.

Id. શિક્ષણ પદ્ધતિ The mode or method of imparting knowledge. શિક્ષણ આપવું To impart education; to teach. શિક્ષણ લેવું To receive education; to learn.

શિક્ષા, *s. f.* [S. See શિક્ષક.] Instruction; teaching; tuition; communication of knowledge: knowledge received or acquired. 2. Chastisement; correction: punishment.

Id. શિક્ષા લેવી To learn a moral lesson from. શિક્ષા આપવી-કરવી To punish. શિક્ષા થવી-મળવી To be punished. શિક્ષા વળવી To be subjected to punishment; to be punished. 2. To learn a lesson. શિક્ષા-પાત્ર Liable to punishment; punishable.

શિક્ષિત, *adj.* Educated; disciplined.

Id. શિક્ષિત વર્ગ The educated classes; educated men.

શિખ, Same as **શિખામણ**.

શિ-ખણ્ડ, Same as **શ્રી-ખણ્ડ**.

શિખણ્ડી, *s. m.* [S. *fr.* शिखण्ड a crest.] A peacock.

શિખર, *s. n.* [S.] A peak; a summit; the top. 2. The extremity or crest (of a tree, a building, &c.). 3. A pinnacle; a minaret.

Id. શિખર ચુઢાવવું To place an ornamental top on the roof of a temple. શિખરે જવું-પોહોંચવું To reach the top. 2. To perform the greatest act within one's power or reach.

શિખરિણી, *s. n.* [S.] A Samskrit metre containing 17 syllables in a verse.

શિખ-વ-ણી, *s. f.* [See શિખ-વ-વું.] Instigation; tutoring.

શિખ-વ-વું, *v. t.* [Causal of શિખ-વું.] To teach; to instruct. 2. To instigate; to put up.

શિખ-વું, *v. t.* [S. शिक्ष् to learn.] To learn; to study.

Prov. માના પેટમાંથી શિખીને કોઈ અવતર્યું નથી No one is born a learned man.

શિખા, *s. f.* [S.] The crest; a plume. 2. The tuft or lock of hair on the head.

Id. અગ્નિની શિખા A flame of fire.

શિખા-ઉ, *adj.* [See શિખ-વું.] Learning; having not yet finished one's education; probationary. 2. *s. m. f.* An apprentice; a novice.

શિખાડ-વું, Same as **શિખ-વ-વું.**

શિખા-મણ, *s. f.* Instruction; advice; counsel. 2. Admonition; a lesson; a warning.

Id. શિખામણ દેવી-આપવી To admonish. શિખામણ લેવી To learn a moral lesson from. શિખામણ માથે ચઢાવવી To promise to humbly follow advice.

શિખા, *s. m.* [S. *fr.* શિખા.] A peacock.

શિંગ, *s. f.* See શિંગડું. 2. A bean; a pod.

શિતાબ, *adj.* [P. शिताब् haste *fr.* शिताफ़्तन् to hasten.] Smart; active; sharp.

શિતાબી, *s. f.* Smartness; activity; sharpness; alacrity.

Id. શિતાબી કરવી-રાખવી To use quickness; to make haste.

શિથિલ, **શિથિલતા,** } *adj.* [S. शिथिल.] Loose. 2. Languid. 3. Unenergetic.

શિપારસ, **શિફારસ,** } *s. f.* [P. सिपारश् *fr.* सिपार्दन् to entrust.] Recommendation.

શિબિકા, *s. f.* [S.] A sedan; a litter; a palanquin.

શિબિકામાં સહુ અબળા બેઠી, નિજ બાળક ઉત્સંગ જી.
—ગિરિધર.

શિબિર, *s. m.* [S.] A camp; an encampment. 2. A tent.

શિયળ, *s. m.* [See શીલ.] Chastity in the part of a woman; faithfulness to a husband. 2. Right conduct; good conduct. 3. [See શીળી.] A skin disease.

શિયા-વિયા, *adj.* Abashed; disconcerted; confounded; confused.

શિયાળ, *s. n.* [Hem. Des. सियालो *fr.* S. शृगाल.] A fox; a jackal.

Id. સિંહ કે શિયાળ ? Is the answer "yes" or "no" ?; is the news good or bad ?

Prov. શિયાળ તાણે સિમ ભણી, ને કુતરૂં ગામ ભણી, Each one is keen in his own interest: Each one takes care of Number (

શિયા-ળુ, *adj.* [See શિયાળો.] Wintry Produced in winter (a crop, &c.).

શિયા-ળો, *s. m.* [See શીત+કાળ.] Win cold season.

શિર, *s. n.* [S. शिरः.] The head. 2. top; the front.

Id. શિર આપવું To promise to perf even at the cost of one's head. શિર To play the traitor; to be false to. શિર At the cost of one's head. શિર ઉપર લેવું, હોવું To be responsible for.

Prov. શિર સલામત, તો પાઘડિયાં બહે Those who live longest will see most.

શિર-છત્ર, *s. n.* [+છત્ર.] Lit. A protect for the head. Hence, 2. A powerful tector.

શિર-છેદ, Same as **શિરશ્છેદ.**

શિર-જોર, *adj.* [+ જોર.] Headstrong Commanding; imperious; demanding.

શિર-જોરી, Same as **સર-જોરી.**

શિર-તાજ, *s. m.* [+ તાજ.] Lit. A cr for the head; an ornament worn on head; the best of ornaments in one's session; an object of pride.

શિર-નામું, Same as **સર-નામું.**

શિર-પાવ, *s. m.* [P. सरापा from hea foot, entirely, *fr.* P. सर् the head+P. पा foot. See સર+પાદ.] A present; an honorari

Id. શિરપાવ આપવો To present one v a dress of honour.

શિર-પેચ, *s. m.* [See શિર + P. चस्पीदन press.] An ornament worn in the turl

શિર-બંદ, *s. m.* [+બંદ, બંધ] An ornam al band with which the turban is tied the head.

શિર-બંદી, *s. f.* Soldiery maintained the protection of forts and towns.

શિર-મણિ, Same as **શિરો-મણિ.**

શિર-શ્છેદ, **શિર-છેદ,** } *s. m.* [S. See શિર + છે Beheading; decapitation.

શિરસ્તે-દાર, Same as **સિરસ્તે-દાર.**

શિરસ્તો, *s. m.* [P. सर् रिश्तः the end of a thread *fr.* સર the head. + P. रिश्तः thread.] Practice; custom.

Id. શિરસ્તો પાડવો To establish a practice. શિરસ્તો પડવો To be established (of a practice.)

શિરા, *s. f.* [S.] A vein. 2. A fibre.

શિર-ણું, *s. n.* [See શિર.] A billow.

શિરા-મણ, *s. n.* [See શિરા-વ-વું.] Breakfast; the morning meal.

શિરા-મણી, *s. f.* Same as **શિરા-મણ.**

શિરા-વ-વું, *v. i.* [See સવાર morning.] To breakfast. 2. *v.t.* To eat in the morning.

શિરી, *s. f.* [P. शीरीं sweet *fr.* शीर् =S. क्षीर milk.] Sweetness.

શિરીન, *adj.* [See શિરી.] Sweet; delicious.

શિરીષ, *s. n.* [S.] Name of a flower, noted for its extreme delicacy.

શિરો, *s. m.* [P. शीरः juice.] A particular sweetmeat. 2. A syrup; the juice of fruits, &c., boiled with sugar.

Prov. શિરા સારૂ શ્રાવક થવું To adopt new opinions for the loaves and fishes.

શિરો-બિન્દુ, *s. n.* [+બિન્દુ.] The vertex.

શિરો-મણિ, *s. m.* [S. *fr.* શિર + મણિ.] A jewel worn on the head. 2. The best of its kind. 3. A leader.

શિલક, *s. f.* [Ar. सिल्क् thread.] A balance in hand. 2. Remainders; the residue.

શિલા, *s. f.* [S.] A long and hard stone; a slab.

શિલા-છાપ, *s. f.* [+ છાપ, છાપ-વું, *fr.* P. चस्पीदन to press: See ચાંપ, ચાંપવું.] Lithography. 2. A lithograph.

શિલા-જિત, *s. m.* [S. *fr.* + जित् conquering *fr.* जि to conquer.] Bitumen.

શિલા-રસ, *s. m.* [S. *fr.* + રસ.] Benzoin. 2. Incense.

શિલા-લેખ, *s. m* [S. *fr.* + લેખ] An inscription on a stone.

શિલી-મુખ, *s. m.* [S. *fr.* शिली an arrow + મુખ.] A bee. 2. An arrow.

શિલ્પ, *s. m.* [S.] Handicraft. 2. A mechanical art.

શિલ્પ-કાર, }
શિલ્પ-કારી, } *s. m.* [S. *fr.* + कार a doer *fr.* कृ to do.] An artisan.

શિલ્પ-શાસ્ત્ર, *s. n.* [S. *fr.* + શાસ્ત્ર.] A treatise on any manual, mechanical or fine art.

શિલ્પ-શાસ્ત્રી, *s. m.* An architect.

શિલ્પ-શાળા, *s. f.* [S. शिल्पशाला *fr.*+શાળા.] A workshop; a manufactory.

શિલ્પી, Same as **શિલ્પ-કાર.**

શિવ, *s. m.* [S. शिव welfare, the god Shiva.] The god Shiva; the third member of the Hindū Triad, entrusted with the work of destruction. 2. The twentieth of the astrological *Yogas.* 3. Welfare.

ઊઠ તું પથ થકી હવે અલ્યા! નિજ જીવ, નવ શિવ છે ભલા.
—**પ્રેમાનંદ.**

શિવ-નિર્માલ્ય, *s. n.* [S. *fr.* + निर्माल्य a flower fallen from a garland *fr.* निर् out + માલા.] That has been offered to Shiva. 2. A deposit of property in solemn declaration that it shall not be appropriated.

શિવ-પુરાણ, *s. n.* [S. *fr.* +પુરાણ.] One of the 18 *Puranas.*

શિવ-રા-ઈ, *s. f.* [M. *fr.* शिव Shivājī the king who founded the Marathā kingdom + રાય, રાજા.] A copper coin of Shivājī. 2. A copper coin current in the Deccan and Konkan, equal to three pies.

શિવ-રાત, }
શિવ-રાત્રિ, } *s. f.* [See શિવ+રાત, રાત્રિ.] The 14th of the dark fortnight of every lunar month. 2. A Hindu holiday observed in honour of Shiva.

શિવ-લિઙ્ગ, *s. n.* [S. See શિવ+લિઙ્ગ.] Shiva in the form of a phallus.

શિવા, *s. f.* [S.] A name of the wife of Shiva (શિવ.) 2. A female jackal.

મૂઢ મિથ્યા બોલે જૂઠ, જ્યમ શિવા બોલે સિંહ પૂઠ.
—**ગિરિધર.**

શિવાએ, }
શિવાય, } *prep.* [Ar. सिवाअ.] Without; except; save. 2. Besides; moreover.

શિવા-લય, *s. n.* [S. *fr.* શિવ + આલય.] A temple sacred to Shiva.

શિશિર, *s. m.* [S. शिशिर cold.] The season of excessive cold; the months of Posa and Magha (Dec.–Jan. and Jan.–Feb.); winter.

શિશુ, *s. m.* [S.] A child; an infant.

શિશ્ન, } **શિશ્નુ,** } *s. m.* [S. शिश्न.] The male generative organ.

શિષિયો, Same as **શિષ્ય**.

શિષ્ટ, *adj.* [S. शिष्ट remained, distinguished. *fr.* शिष् to remain, to distinguish.] Left; remaining. 2. Respectable; honourable.

શિષ્ટા·ઈ, *s. f.* Same as **શિષ્ટાચાર**.

શિષ્ટાચાર, *s. m.* [S. *fr.* શિષ્ટ + આચાર.] Respectable conduct.

શિષ્ય, *s. m.* [S. *fr.* शास् to rule.] A pupil; a disciple.

શિસ્ત, *adj.* [P. शस्त aim.] Suitable; proper.

શિળિ·યો, Same as **શીળો**.

શિળી સાતમ, *s. f.* [See શીળું + સાતમ.] The seventh day of the bright or dark fortnight of Shrāvana, on which cold food is eaten.

શી, *adj. f.* [See શું.] What ?

શીકર, *s. m.* [S.] A spray of water.

શીકું, *s. m.* [S. शिक्य.] A sling for suspending things in.

શીખ, Same as **શિખ**.

શીખ, *s. f.* [See શિક્ષા.] Punishment.
હેરી નાથ અમારી શીખ, નહિ આપે કો માગી ભીખ.
—**સામળભટ**.

શીખ, *s. f.* [See શિખા.] A pointed iron bar. 2. A hollow pointed iron bar used to draw out grain, &c., from a bag.

શીઘ્રામ, *s. m.* (See શીઘ્ર + આરામ). A carriage.

શીઘ્ર, *adj.* [S.] Quick. 2. *adv.* Quickly; swiftly.

શીઘ્ર·બોધ, *s. m.* [S. *fr.* + બોધ.] Smoking Indian hemp or gānjā. 2. Indian hemp; *Canabis Indica.*

શીડ·વું, *v. l.* To fill up (a hollow or pit).

શીત, *adj.* [S.] Cold; frigid. 2. *s. n.* Cold; excessive cold.

Id. શીત વળવું To arise, to come on (perspiration before death).

શીત, *s. n.* Grains of cooked rice.

શીત કટિ-બંધ, *s. m.* [+ કટિ-બંધ.] The Frigid Zone.

શીત-કાળ, *s. m.* [+કાળ.] The cold season; winter.

શીતળ, *adj.* [S. शीतल.] Cool; soothing; agreeable.

શીતળા, *s. f.* [S. शीतला *fr.* શીતલ.] Smallpox.

Id. શીતળા કાઢવી–ટાંકવી To vaccinate.

શીથળો, *s. m.* A wooden contrivance to drag thorny plants with.
શીથળો લઈ તે સંચર્યો, ઝાંખરાં લેવા જાય;
એટલે પેલો વાણિયો,આવ્યો છે ઘરમાંય—**સામળભટ**.

શીદ, } **શીદ·ને,** } *adv.* [Guj. શાથી from what ? *fr.* શું, Or સિદ્ધિ.] Why ?

શી-ફળ, Same **શ્રી-ફળ**.

શીયળ, } **શીયળ-વ્રત,** } *s. n.* [See શીલ, શીળ+વ્રત.] The vow of chastity.

શીરો, Same as **શિરો**.

શીર્ષ, Same as **શીષ**, *s. n.*

શીલ, *s. n.* [S.] Nature; disposition. 2. Conduct; character. 3. Good conduct; good character.

શીલ·વંતુ, } **શીલ·વાન્,** } *adj.* Holding a good character.

શીષ, *s. n.* [S. शीर्ष.] The head.

શીષ, Corruption of **શિષ્ય**.

શીશો, *s. m.* [P. शीशः glass.] A bottle; a phial.

શીળ, Same as **શીલ**.

શીળા, Same as **શિલા**.

શીળી, Same as **શીતળા**.

શીળું, *s. n.* [See શીતળ.] Shade. 3. A shady place.

શીળું, *adj.* [See શીતળ.] Cold; stale; not fresh. 2. Dull; not active. 3. [Also *fr.* શીળ, શીલ.] Quiet; gentle; mild; patient. 4. Poor; moneyless.

Id. ટાઢું શીળું ખાઈને રહેવુંTo maintain oneself on whatever one gets;to maintain oneself with difficulty.

શીળો, *s. m.* Same as **શીળું**, *s. n.*

શીળો, *adj. m.* [See શીળું, 3. *and* શીળ, શીલ.] Apparently respectable or prudent, but really dull or stupid.

શું, *adj.* [P. चा of what kind ?] What ? which? 2. Of what value or worth ? (used to show contempt).

શું, *adj.* [S. सदृश like *fr.* स equal, like, + दृश् to see.] Used as a suffix to show likeness.

નાટકના ચેટક તો લાગે, એટક શો થયો.—**વલ્લભ.**

શું, *prep.* [See સહ.] With; being connected with.

શુંઠ, *s. f.* [S. शुण्ठी.] Dry ginger.

Prov. શુંઠને ગાંઠિયે કાંઈ ગાંધી થવાય ? One flower makes no garland=One swallow does not make the spring.

શુંડ, *s. f.* [S. शुण्डा.] The trunk of an elephant.

શુંઢ-મુંઢ, *adv.* [See ષંઢ or શૂન્ય + મૂઢ or મૌન.] Quietly; passively. 2. Being unconscious and silent.

શુંઢવું, *v. i.* [S. शुध् See શોધવું.]To go; to walk.

શુક, *s. m.* [S.] A parrot. 2. The name of a sage.

શુકન, *s. m.* [Ar. शकुन a bird, an omen. *Cf.* The derivation of Eng. *Augury.*] See **શુકુન**.

શુકર, *s. m.* [Ar. शुक्र.] Thanks; gratitude. 2. Victory; conquest; glory.

શુકરાના, *s. m. pl.* [Ar. *fr.* शुक्र् thanks.] Thanksgiving.

શુકલ, *s. m.* [See શુક્લ.] A superior caste of Brāhmaṇas.

શુક્ર, *s. m.* [S.] The planet Vanus. 2. Friday. 3. The name of the preceptor of the demons. 4. Semen virile.

શુક્ર પડયું સરદાર પૂરો કાંવે છ,
એમ દુઃખ સે'તા અપાર વર દો ભાવે છ.—**દ્વારકો.**

શુક્ર-વાર, *s. m.* [S. *fr.*+વાર day.] Friday.

શુક્રાચાર્ય, *s. m.* [S. *fr.* + આચાર્ય] See **શુક્ર**, 3.

શુક્લ, *adj.* [S.] White; bright. 2. *s. m.* Same as **શુકલ**.

શુક્લ-પક્ષ, *s. m.* [S. *fr.* + પક્ષ.] The bright half of a month; the period of the waxing moon.

શુચિ, *adj.* [S.] Pure; :clean] clear. 2. Holy.

શુડો, *s. m.* [See શુક.] A parrot.

શુદ, *s. f.* [See શુદ્ધ.] Same as **શુક્લ-પક્ષ.**

શુદ્ધ, *adj.* [S. *fr.* शुध् to become purified.] Pure; clean; purified. 2. Stainless; chaste. 3. Right; free from faults or error.

શુદ્ધ, *s. f.* [See શુદ્ધિ.] Consciousness.

Id. શુદ્ધ ઠેકાણે આવવી To come to one's right senses; to be prudent and sober. શુદ્ધ ઠેકાણે લાવવી To make prudent and sober.

શુદ્ધાન્ત, *s. m. n.* [S. *fr.* + અન્ત.] A seraglio; a harem.

શુદ્ધિ *s. f.* Purification; purity; cleanliness. 2. Consciousness.

Id શુદ્ધિ આવવી શુદ્ધિ ઉપર આવવું to come to consciousness; to become conscious.શુદ્ધિ લાવવી; શુદ્ધિ ઉપર લાવવું To bring back consciousness; to make conscious.

શુદ્ધિ-પત્ર, *s. n.* [S. *fr.* + પત્ર.] A list of errata; *Addenda et corrigendu.*

શુધ-બુધ, *s. f.* [+ બુદ્ધ] Consciousness; alertness of the faculties, as opposed to a state of swoon or insensibility.

શુનકાર, *adj.* [See શૂન્ય + S. कार a suffix showing the meaning of the preceding word *fr.* कृ to do.] Dismally and gloomily empty; inane.

શુની, *s. f.* [शूनी *fr.* श्वन्,श्वा, a dog; See શ્વાન.] A bitch.

શુબ-રાત, *s. f.* [P. शब् night + बरात् marriage.] A festival observed by the Muhammadans on the 18th day of the month Shābān the 8th month of the Muhammadan year.

શુભ, *adj.* [S. *fr.* शुभ् to appear splendid. See શોભા] Good. 2. Favourable; propitious. 3. Lucky;fortunate;auspicious. 4. Happy; felicitous (as acts, rites, omens,

signs, aspects, days, &c.). 5. *s. n.* Good fortune; auspiciousness; welfare.

શુભેચ્છુ, *s. m. f.* [S. *fr.* + ઇચ્છવું.] A well-wisher. 2. A benefactor.

શુભ્ર, *adj.* [S. See શુભ, શોભા.] Bright; lustrous. 2. White.

શુમાર, *s. m.* [P. *fr.* शुमार्दन् to count.] A rough estimate. 2. Counting; computing; computation. 3. A guess; a conjecture; a conjectural estimate. 4. A rough calculation. 5. Nearness; approximation.

Id. શુમાર કાઢવો-જોવો To calculate approximately.

શુમારે, *adv.* Approximately.

શુરૂ, Same as **શરૂ.**

શુષ્ક, *adj.* [S. *fr.* शुष् to be dry.] Dried up; dry. 2. Emaciated; withered. 3. Insipid; tasteless.

શૂકર, *s. m.* [S.] A hog. 2. A pig.

શૂદ્ર, *s. m.* [S.] An individual of the lowest of the four great classes of the Āryans; a serving man; a servant.

શૂન, }
શૂન્ય, } *s. n.* [S.] Inanity. 2. A cipher; a dot. 3. Insensibility. 4. Vacuity emptiness; a vacuum. 5. Nothingness; nonentity. 6. Numbness; torpor; deadness; stupefaction. 7. Stillness; silence. 8. *adj.* Empty; vacant. 9. Benumbed; torpid. 10. Stupefied.

શૂન્ય-વાદી, *s. m.* [S. *fr.* +વાદ.] One that holds the doctrine of the non-existence of the universe and of its creator; an atheist.

શૂન્ય-હૃદય, *adj.* [S. *fr.*+ હૃદય.] Having a vacant heart; heartless. 2. Absent-minded; insensible; unimpressionable. 3. Merciless; cruel; brutal.

શૂર, *adj.* [S.] Brave; valiant; heroic; intrepid; bold. 2. *s. m.* A warrior; a hero; a bold fellow. 3. *s. n.* Bravery; heroism; intrepidity; boldness.

Id. શૂર આવવું-ચઢવું-છુટવું To be inspired with bravery or courage. શૂર રાખવું To take courage.

શૂર-પણું, *s. n.* Bravery; courage.

શૂર-પૂર, }
શૂરે-પૂરે, } *adj.* [+પૂરે,] Overflowing with bravery; very brave.

શૂર-વીર, *adj.* [+વીર.] Brave; courageous.

શૂર-વીર-પણું, }
શૂરા-તન, } *s. n.* Bravery; courage.

શૂરું, Same as **શૂર.** *adj.*

શૂલ, }
શૂળ, } *s. f.* [S. शूल.] A prick. 2. Gripes; colic; a shooting pain. 3. A thorn. 4. A stake on which criminals were impaled.

શૂળી, *s. f.* The gallows; a gibbet.

Id. શૂળી દેવી, શૂળીએ ચડાવવું, To hang. શૂળીનું સાલ A difficult, laborious, or risky work voluntarily undertaken. શૂળી ઉપર સૂવા જેવું To lie on a bed of thorns; to be at the risk of one's life.

શૃગાલ, *s. m.* [S.] A jackal.

શૃઙ્ગ, *s. n.* [S.] A horn. 2. The summit of a mountain. 3. The pinnacle of a palace or temple.

કાઞ્ચન કળશ વિરાજે શિખરે, રૂપા કેરાં શૃઙ્ગ,
—ગિરિધર.

શૃઙ્ખલા, *s. f.* [S.] A chain.

શૃઙ્ગાર, *s. m.* [S.] Decoration; ornamentation. 2. A dress suitable for amorous purposes. 3. Love; love affairs; sexual enjoyment; coition. 4. One of the poetic sentiments according to Hindū rhetoric; the sentiment of love. 5. The effects or impressions produced on the mind by the sentiment of love.

Id. શૃઙ્ગાર સજવો-કરવો To tastefully decorate oneself.

શૃઙ્ગાર-રસ, *s. m.* [S. [illegible] + રસ.] Same as **શૃઙ્ગાર,** 3.

શૃઙ્ગારી, *adj.* Voluptuous; lustful; lecherous.

શેં, *adv.* [See શું.] Why ?

શેંકડો, *s. m.* [See સો, શેકો, સેંકો.] An aggregate of one hundred; a century. 2. *adj. pl.* Hundreds; several hundreds; by hundreds.

શેંકી, *s. f.* [See શીકું.] A net put on a bullock's mouth.

શેક, *s. m.* [S. शकटी a movable hearth *fr.* शकट a cart. See સગડી.] Fomentation. 2. Warming of a limb or member at the fire or with heated cloth, leaves, or medicaments.

Id. શેક કરવો-આપવો-દેવો:To foment.

શેક-વું, *v. t.* To foment. 2. To bake. 3. To torment.

Id. શેકયાં કરવું To torment. તેનું હૈયું શેકાયાં કરતું His heart was in a turmoil. હાડકાં શેકવાં To beat severely; to thrash. 2. To starve. આંતરડી શેકવી To starve. 2. To torment; to oppress. રોટલા શેકવા To bake cakes. પગ શેકવા To foment.

શેખ, *s. m.* [Ar. शय़्ख़.] The head of an Arabian family, or tribe. 2. A Muhammadan ecclesiastic of a high grade.

શેખ-ઈ, Same as **શેખી.**

શેખ-ચલ્લી, *s. m.* [See શેખ +ચલ્લી.] One that builds castles in the air; a mad-cap. 2. A braggart; a boaster.

Id. શેખ-ચલ્લીના વિચાર Building castle in the air.

શેખ-દાર, *s. m.* [+ દાર, P.] A village officer.

શેખર, *s. m.* [.S.] Same as **શિખર.** 2. A garland of leaves worn on the head.

શેખ-સલ્લી, Same as **શેખ-ચલ્લી.**

શેખી, *s. f.* [See શેખ.] Brag; vanity; boastings; vauntings. 2. Audacity; arrogance.

Id. શેખી કરવી-મારવી To brag; to boast.

શેખી-ખોર, *adj.* [P. *fr.* + ख़ोर् enjoying *fr.* खुर्दन् to eat.] Bragging; vain; boastful. 2. Arrogant; audacious.

શેજ, *s. f.* [See શય્યા.] A bed; a bedding. 2. A bedstead.

Id. શેજ બિછાવવી -કરવી To make a bed.

શેઠ, *s. m.* [Hem. Des. सेट्टी=S. ग्रामेशः a principal merchant in a city, *fr.* S. श्रेष्ठिन् શ્રેષ્ઠી, a merchant *fr.* શ્રેષ્ઠ] A master; an employer. 2. A rich man. 3. A respectful term for a merchant or gentleman; a title equivalent, to "Mister" or "Esquir."

Prov. શેઠ આવ્યા, તો નાખો વખારે A constant guest is never welcomed. શેઠ કેમ તણાયા, તો લોભે લોભે Covetousness bursts the bag. શેઠ ગયા કે, ચાકરને મજા When the cat is away, the mice are at play. શેઠની શીખામણ ઝાંપા સુધી Out of sight out of mind. શેઠ તેવા વાણોતર Like master like man. શેઠના સાળા સૌ થવા જાય A full purse never lacks friends. શેઠની ફાંદે ફોલ્લી થઇ,ને પંપાળીને મોટી કરીTo make a mountain of a mole-hill.શેઠનું મોટું પેટGreat men are patient and forgiving. શેઠને ચાકર ઘણા, ને ચાકરને ઠાકર ઘણા Employers and labourers have a wide field to choose from. શેઠ બોલ્યા તે સવા વીસ Be it for better, or be it for worse; Be ruled by him that bears the purse.

શેઠા-ઈ, *s. f.* The dignity of a Sheth; mastership; superiority. 2. Power; authority.

શેઠિ-યો, *s. m.* A rich man. 2. A gentleman. 3. A leader; a magnate; the head member of a community or society. 4. A man of respectability, consequence, and influence.

શેઠિ-યો, *adj. m.* [See શુક્લ.] White (a bullock).

શેઢો, *s. m.* [See સિમાડો. *Cf.* સીમ, છેડો, કેડો.] A boundary. 2. A foot-path; a way.

શેણુ, Same as **શાણું.**

શેણે, *inter.* of શું. By whom or which ?

શેતરંજ, *s. f.* [P. शत्रंज्=S. षट् , षट, six (men of chess)+ રંગ.] Chess; a game of chess.

શેતરંજી, *s. f.* शतरञ्जी. See શેતરંજ.] A carpet.

શેતાન, *s. m.* [Ar. शय़्तान् Satan.] Satan 2. A hobgoblin. 3. A mischievous fellow.

શેતુર, *s. n.* [P. शाह् तूत्,] A mulberry tree or its fruit.

શેર, *s. m.* [P. शेर्] A lion. 2. A tiger.

ગણિકા તે સતી થઈ, કર્યું તરણાનું મેર;
જળને સ્થાનક સ્થળ કર્યું, સામા એના શેર.

—**સામળભટ.**

Id. પહેલાં બકરી જેવો હતો, પણ હવે તો શેર થયો He was formerly as tame as a sheep, but now he is a tiger. શેર થવું To be a tyrant; to tyrannize over.

શેર, *s. m.* A pound in weight; a weight

of 40 *tolas*.2. A measure of capacity regarded as equivalent to 40 *tolas* in weight.

Id. એના શેર સાચા છે He is circumspect and watchful, and is not easily deceived. શેર બાજરી Enough to maintain oneself upon; a competency.

Prov. શેરને માથે સવા શેર Diamond cut diamond. શેર ચોખા જ્યાં ખાંડવા લખ્યા હોય ત્યાં ખંડાય We are ruled by destiny wherever we go: There is no flying against destiny. શેર કરતાં પાંચશેરી ભારેThe whole is undoubtedly greater than its parts.

શેર, Same as **સેર**. S.

શેર, Same as **શેર,** P.

શેરડી, *s. f.* Sugar-cane.

Prov. શેરડીનો સાંઠો પુંછડા લગી ગળ્યો ન હોય Sweet things may not always have a sweet end.

શેરડો, Same as **સેરડો.**

શેરિ-યું, *s. n.* [See શેર a pound in weight.] A measure containing one pound in weight.

શેરી, *s. f.* [Hom. Des. सेरी=S. दीर्घा long, भद्राकृतिः having an auspicious appearance; सिहंरिणी=S. मार्जिता swept, *fr.* S. शिखरिणी an excellent woman; संकरो=S. रथ्या a lane.]A line, a street. 2. An alley.

Prov. શેરી જોઈ ચાલીએ, ને કંથ જોઈ મહાલીએ Look to your purse before you buy.

શેરી-લોબાન, *s. m.* [Otherwise called शाहरीलुबान् *fr.* P. सर्बीलुबा *fr.* सर्व् a cyprus tree yielding a fragrant gum + લોબાન.] A kind of benzoin.

શેરો, *s. m.* [See શિર the head.] An endorsement. 2. A remark.

Id. શેરો મારવો-કરવો-લખવો To make a remark: To write a minute.

શેલી, *s. f.* [See સેર a string.] A piece of string ignited by contact with a flint when struck with steel.

શેલું, *s. n.* [See શાલ.] Fine cloth with gold borders worn as a part of a dress of honour.

શેલો, *s. m.* The cord for binding the hind legs of a cow at the time of milking her.

હું તો ગાવડી તે દોહવા નીસરી રે લોલ,
શેલો લીધો ને તાંબડી વિસરી રે લોલ.—**વલ્લભ.**

શેહોત, *s. m.* [See ક્ષેત્ર, ખેતર a field + S. वृत्ति wages: See વૃત્તિ.] A landholder's agent who collects his master's dues.

શેવટ, *s. m. n.* [See છેડો, સિમાડો.] The end; the termination.2. Result;conclusion.

Id. શેવટ આવવું To be ended. શેવટ લાવવું-આણવું To bring to an end or conclusion.

શેવ-ડી, *s. f.* A Jain female saint; a Jain nun.

શેવડો, *s. m.* [See સેવા.] A Jain saint. 2. An individual of a particular order of mendicants who allow the hair of their heads to grow.

શેવા-ળ, *s. f.* [S. शेवल, शेवल,शवेल.] Moss.

Id. શેવાળ વળવીTo be covered with moss.

શેવા-ળ, *s. f.* [See સ્વેદ+ વરાળ.] Particles of watery vapour attached to the bottom of a vessel covering a boiling pot.

શેશું, *adj.* Sloping down.

શેષ, *s. m.* [S.]The king of the serpent-race (represented as the upholder of the earth,having a thousand heads and forming the couch of Viṣṇu.)

શેષ, *s. m.* [शिष् to remain.]The remainder; the residue.

અહો મૂઢ, બળ-પૂર, સંભોગી શેષને,
છંછેડી હું શુંય, પામીશ શેષને ? —**પ્રેમાનંદ.**

2. The remainder of presents made to a god. 3. *adj.* Remaining.

શેષ-શાયી, *adj.* [S. *fr.* શેષ the serpent king+शी to lie down.] Lying down on the serpent king (an epithet of Viṣṇu).

શેહ, *s. f.* [P. शाह् a king.]A check, (in chess-playing). 2.A state of opposition(as of an enemy against a person or place).3. Intent or vigilant state, as of one watching an opportunity.

Id. શેહ આવવી-લાગવી-પડવી To be under a check.શેહ દેવી-આપવીTo keep under check.

શેહે-જોર, *adj.* [+જોર.] Very powerful.

શેહે-જોરી, *s. f.* Great power.

શેહેન-શાહ, *s. m.*[P. शाहा kings. + शाह् a king.] An emperor. 2. A king of kings.

શેહેરી, *adj.*Pertaining to a city as distinguished from a village.2.*s.m.*A citizen.

શૈ, *s. m.* A measure of corn (used in Kāthiāwād).

શૈ-કો, *s. m.* [S. शतक a group of one hundred *fr.* शतम्=L. *centum* a hundred.] A century. See **સૈકો.**

શૈલ, *s. m.* [S. *fr.* શિલા.] A mountain.

તેને તમ કુમ્ભમાં નાખે, પછે શૈલ શિલા વાટ જી.

—**પ્રેમાનંદ.**

શૈલી, *s. f.* [S. *fr.* શીલ.] Manner; mode; fashion.

શૈવ, શૈવી, } *adj.* [S. *fr.* શિવ.] Pertaining to Shiva. 2. *s. m.* A worshipper of Shiva; a member of Shaiva sect.

શોંઢ-વું, *v. i.* [See શુંઢ-વું.] To go.

શોક, *s. m.* [S. *fr.* शुच् to bewail.] Grief; sorrow;lamentation;affliction.2. Mourning.

Id. શોક કરવો-ધરવો To lament.શોક પાળવો To observe mourning.

શોક-કારક, શોક-કારી, }*adj.* [S. *fr.* +कृ, કર-વું to do.] Causing sorrow; sorrowful.

શોકિ-યું, *adj*. Pertaining to mourning. 2. *s. n.* A garment worn as a mark of mourning.

શોકય, શોક, શોક-લ-ડી, } *s. f.*[S. स-पत्नी *fr.*सcommon +पति husband.] A co-wife.

Id. શોકયનું સાલ The annoyance of a co-wife. શોકયનો ખાટલો પાથરી આપવા બરાબર A suicidal policy.

Prov. શોકયનાં કંકણ સાથે ઉતરે Partners should equally share the loss. શોકયની દાઝે ધણીનું ઘર હગી ભરવું Jealousy is blind even to one's own interest.

શોખ, *s. m.* [Ar. शवक़ desire.] Liking; fondness. 2. Desire; wish.

Id. શોખ કરવો-મારવો To indulge oneself.

શોખી, શોખી-લું, } *adj.*Fond of; pleasure-seeking.

Id. કવિતાનો શોખી Fond of poetry; having a taste for poetry. ખાવા પીવામાં શોખી Fastidious about food. શોખી જમનાર Particular about food; epicurean.

શોચ, શોચ-ન, } *s. m.* [See શોક.] Lamentation; sorrow. 2. Grief; anxiety; care.

શોચ-ના, *s. f.* Same as **શોચ, શોક**, *s. n.*

શોચ-નીય, *adj.* [See શોક, S. शुच् to bewail.] Deplorable; mournful; lamentable.

શોણિત, *s. m.* [S.] Blood.

શોધ, *s. f. m.* [S. *fr.* शुध् to make clear.] Search; quest; inquiry. 2. Discovery; exploration. 3. Purification. 4. Examination; scrutiny; scanning; inspection.

Id. શોધ કરવો-લેવો To discover. 2. To make an inquiry.

શોધ-ક, *adj.*That searches or inquires. 2.That investigates or examines. 3. That discovers.4.*s. m.* A discoverer;an inventor.

Id. શોધક બુદ્ધિ Inventive power; inventive genius.

શોધ-કો, *s. m.* A spy; a scout.

એમ બોધકા મળીને, ક્ષેમ શોધકા વિચારે;

આવી શોધકા ઉચ્ચારે, શુણો શંખ ગર્જતા.—**વલ્લભ.**

શોધ-ન,*s. n.*Act of searching; a search 2. Act of examining,or an examination. 3 Act of clearing, purifying or correcting.

શોધ-વું, *v. t.* To search. 2. To inquire after. 3. To explore. 4 To examine. 5. To purify

શોધ્યાં તેલ સુગંધી લાવ્યા, સેવક તેણી વાર;

મર્દન કીધાં મોહનજીએ, જીવન જગદાધાર.

—**હરિદાસ.**

શોધાશોધ, *s. f.* [Redup. of શોધ,] A search by several persons in several ways.

શોધિ-ત, *adj*. Inquired. 2. Examined. 3 Cleared: purified: corrected

શોફા, *s. m. pl.* [S शतपुष्पा *fr.* शत+पुष्प] A nise-seed or plant.

શોભન, *adj.* [S. See શોભ-વું.] Shining; splendid; beautiful. 2. Good. 3. Auspicious.

નૂતન ઘન સમ શોભન, દ્રગ લોભન એ.

—**ગીત-ગોવિન્દ.**

શોભ-વું, *v. i.* [S. शुभ्, शोभ्, to appear

beautiful.] To look well. 2. To become; to suit;to be suitable;to be graceful ornamental, fitting, or appropriate.

શોભા, *s. f.* Beauty; elegance. 2. Creditableness.3. An ornament.4.A decoration.

Id શોભા આપવી To add to the splendour of; to adorn; to beautify. શોભા રાખવી To maintain the splendour or honour of. શોભા લેવી To deprive a rival of his splendour; to throw a rival into the shade;to outshine; to surpass in splendour. 2. To enjoy the pleasure of; to accept respect paid.

Prov. શોભા એટલી ઓભા Every pleasure has its reaction:Every pleasure is followed by pain.

શોભાય-માન, } **શોભી-તું,** } *adj.*Beautiful; elegant; splendid.

શોર, *s.m.* [P. *fr.* शोरीदन to make noise.] Noise; uproar; hubbub;outcry; tumult.

Id. શોર બકોર Uproar. (The addition of બકોર intensifies the meaning of **શોર**.)

શોષ, *s. m.* [S. *fr.* शुष् to be dry: See ચુસ-વું.] Thirst. 2. Absorbing; absorption. 3. A strong desire.

Id. શોષ પાડવો To feel thirsty.

શોષ-ણ, *s. n.* Absorption; suction. 2. Drying up.

શોષ-વું, *v. t.* To imbibe;to suck; to absorb. 2. To dry up. 3. To suck up (moisture or liquor).

Id. શોષી લેવું To suck up. શોષાઈ જવું To be sucked up. 2. To be emaciated.

શોષા-વું, *v. i.* To be made dry; to be dried up.

શૌચ, *s. n.* [S. *fr.* शुचि pure.] Purity; cleanliness; purification.2. Evacuation of the bowels.

Id. શૌચે જવું. શૌચ કરવું To go to obey the call of nature.

શૌર્ય, *s. m.* [S. *fr.* શૂર.] Valour; prowess; courage; heroism.

શ્મશાન, *s. n.* [S.] A cemetery;a burial ground; a burning ground.

શ્મશાન-ભૂમિ, *s. f.* [S. *fr.* ભૂમિ.] A burial ground. Same as **શ્મશાન**.

શ્મશાન-વૈરાગ્ય, *s. m.* [S. *fr.* + વૈરાગ્ય.] Momentary alienation of the affections from the pleasures of the world by the sight of a cemetery.

શ્યામ, *adj.*[S.] Black.2.Dark.3. Blue.

શ્યામ-કર્ણ, *s. m.* [S. *fr.* + કર્ણ.] A horse having his ears and tail black, and the body white. 2. A beautiful horse.

શ્યામ-કલ્યાણ, *s.m.* [S. सायम् in the evening + કલ્યાણ.] A particular musical mode sung in the evening.

શ્યામ-વર્ણ, *adj.* [S. *fr.* + વર્ણ colour.] Having a dark complexion; black.

શ્યામા, *s. f.* [S. See શ્યામ.] A young woman under sixteen years of her age. 2. A woman of the colour of heated gold, whose limbs are pleasing to the touch in all the seasons.

શ્યાલક, *s. m.* [S. See સાળો.] A wife's brother.

શ્યા-વટ, *s. f.* [See શા, સા, સાહુકાર+વૃત્તિ.] Same as **સાહુ-કારી**.

શ્રદ્ધા, *s. f.* [S. *fr.* श्रद् confidently + धा to put.] Faith; belief; confidence. 2. Good faith.

Id. શ્રદ્ધા રાખવી To place confidence in; to confide in.

શ્રદ્ધાળુ, *adj.* [S. *fr.* + आलु having.] Having faith; believing.

શ્રમ, *s. m.* [S. *fr.* श्रम् to be fatigued.] Labour; toil; exertion; pains.2.Weariness; fatigue. 3. Annoyance.

Id. શ્રમ પડવો-લાગવો-પોહોંચવો To feel the fatigue of; to be fatigued. શ્રમ લેવો To take the trouble of. શ્રમ-જળ Sweat.

શ્રમિ-ત, *adj.* Fatigued. exhausted. 2. Tired; wearied.

શ્રવણ, *s. n.* [S. *fr.* શ્રુ to hear.] Hearing audition. 2. The ear.

શ્રવણ મંગળ હૃદય સુખદાતા, કળિ મળ શમત વિશોક જી.
—ગિરિધર.

3. The 22nd lunar mansion.

Id. શ્રવણેન્દ્રિય The organ of hearing; the ear.

શ્રવ્ય, *adj*. [S. *fr*. श्रु to hear.] Audible. 2. Intended to be only heard (a species of dramatic poetry).

શ્રાદ્ધ, *s. n.* [S. *fr*. શ્રદ્ધા.] Obsequies; a sacrifice performed at certain times, generally intended for the salvation of the dead.

Id. શ્રાદ્ધ સરાવ, કે, બાપ દેખાડ Make a choice between the two alternatives; there is no third course.

શ્રાપ, Corruption of શાપ.

શ્રાપ•વું, *v. t.* To curse.

શ્રાવક, *s. m.* [S. a hearer distinct from a teacher or preacher, *from* श्रु to hear. Or श्रमणक a Buddhistic devotee.] A lay follower of Jainism.

શ્રાવણ, *s. m.* [S. *fr*. શ્રવણ,3.] The tenth month of the Saṁvat year; July-August.

શ્રાવણી, *s. f.* A particular religious ceremony performed by the Brāhmaṇs on the full-moon day in the month of Shrāvaṇa. (July-Aug.)

શ્રાવિકા, Fem. of શ્રાવક.

શ્રી, *s. f.* [S.] Lakṣmī, the goddess of wealth. 2. Wealth; glory. 3. Beauty; grace. 4. The three object of life. *viz*., duty (ધર્મ), wealth (અર્થ), and fulfilment of desires (કામ). 5. An honorific prefix to the names of great men, gods, and celebrated works.

શ્રી•કાર, *adj*. [S. *fr*. +कार a suffix showing the sense of the preceding word *fr*. कृ to do.] Best; superior; superfine. 2. Opulent. 3. Reputable.

શ્રી-ખણ્ડ, *s. m.* [S. *fr*.+खण्ड collection.] Sandal wood. 2. A particular dish made with sugar and spices with curds.

શ્રી-ધર, *s. m.* [S. *fr*. શ્રી+ધર•વું.] The god Viṣṇu.

શ્રી-પાત, *s. m.* [+ પાદ, પાય.] A recluse.

શ્રી-ફળ, *s. n.* [See શિર+ફળ.] A cocoa-nut.

Id. શ્રીફળ આપવું To dismiss. (ironical.)

શ્રી-મત્, *adj*. [S. *fr*. +मत्, मान्, suffixes showing possession.] Glorious; splendid; fortunate.

શ્રી-મન્ત, *adj*. Opulent; rich; wealthy. 2. A term prefixed to the means of kings, equivalent to "His Highness."

શ્રીમંત, Same as સીમંત.

શ્રી-મન્તા•ઈ, *s. f.* The state of being rich, splendid, glorious.

શ્રી-માન્, Same as શ્રીમત્.

શ્રી-મુખ, *s. n.* [S. *fr*. શ્રી+મુખ.] A glorious or splendid, face.

શ્રી-રંગ, *s. m.* [S. *fr*. + રંગ.] The God Viṣṇu.

શ્રી-રાગ, *s. m.* [S. *fr*. + રાગ.] A particular musical mode.

શ્રી-વત્સ, *s. m.* [S. *fr*. + વત્સ.] The particular mark which Viṣṇu has on his breast.

શ્રી-હસ્તે, *adv*. [See સ્વ+હસ્ત.] With one's own hands.

શ્રુત, *adj*. [S. *fr*. શ્રુ to hear.] Heard.

શ્રુતિ, *s. f.* Hearing; audition. 2. The ear. 3. That which was heard by sages, *i. e.*, the *Vedas*.

શ્રુતિ-કટુ, *adj*. [S. *fr*. + કટુ.] That grates on the ear; harsh to the ear; not melodious.

શ્રુતિ-વિષય, *s. m.* [S. *fr*. + વિષય.] Sound; the object of the sense of hearing. 2. The reach of the ear. 3. The subject-matter of the *Vedas*.

શ્રેઢી, *s. f.* [S.] (In Arith.) Progression.

Id. ગણિત શ્રેઢી Arithmetical Progression. ભૂમિતિ શ્રેઢી Geometrical progression. ચઢતી શ્રેઢી Ascending progression. ઉતરતી શ્રેઢી Descending progression.

શ્રેણી, *s. f.* [S.] A row; a line.

શ્રેય, *s. m.* [S. श्रेयः greater, *comp.* of શ્રીમત્.] Moral or religious merit. 2. Welfare.

Id. શ્રેયકર, શ્રેયસ્કર Propitious; imparting bliss or happiness.

શ્રેષ્ઠ, *adj*. [S. *Superlative* of શ્રીમત્,] Best; excellent.

શ્રેષ્ઠી, *s. m.* [S. श्रेष्ठिन् See શ્રેષ્ઠ.] The foremost among traders. 2. A celebrated merchant.

શ્રોણિ, **શ્રોણી**, *s. f.* [S] The hip and loins; the buttocks.

શ્રોતા, *t. m.* [S. श्रोतृ, श्रोता, a hearer *fr*. to hear.] A hearer.

Id. શ્રોતાજન The audience. શ્રોતા-વક્તા,

The audience and the speaker; to whole assembly.

શ્રોત્ર, *s. m. n.* The ear.

શ્રોત્રી, *s. m.* [S. श्रोत्रिय *fr.* શ્રુતિ the *Vedas.*] A Brāhmana who observes the rites and ceremonies prescribed by the *Vedas.*

શ્રૌત, *adj.* [S. *fr.* શ્રુતિ the *Vedas.*] Pertaining to or prescribed by the *Vedas.* 2. *s. n.* The rites and ceremonies prescribed by the *Vedas.*

શ્લેષ, *s. m.* [S. *fr.* श्लिष् to embrace.] An expression having two or more meanings; an equivocal expression.

શ્લોક, *s. m.* [Hem. Des. सिलोओ *fr.* S. श्लोक् to praise.]A stanza;a verse. 2.Praise.

શ્લોક-બદ્ધ, *adj.* [S. *fr.* + બદ્ધ.] Written or composed in verses.

શ્વશુર, *s. m.* [S. See સસરો.] A father-in-law.

Id. શ્વશુર પક્ષ The party of the father-in-law.

શ્વશ્રૂ, Samskrit form of **સાસુ.**

શ્વાન, *s. m.* [S. श्वन्, श्वा.] A dog.

શ્વાન-નિદ્રા, *s. f.* [+ નિદ્રા.] A dog's sleep. 2. A light slumber which is broken by the slightest noise or touch.

શ્વાસ, *s. m.* [S. *fr.* श्वस् to breathe.] Breath; breathing; respiration. 2. Thick and hard breathing; panting. 3. Asthma.

Id. શ્વાસ ચાલવો To suffer from asthmatic convulsions. 2.To breathe hard(a little before death). શ્વાસ કાઢવો To breathe out. શ્વાસ કાઢતાં લગી Till the last breatb; at the cost of life. શ્વાસ મૂકવોTo take rest. શ્વાસ લેવો To draw in breath.2. To take rest. શ્વાસ ઘુંટવો-મારવો-દાબવો To restrain or suspend breathing. શ્વાસ નાખવો To sigh deeply. શ્વાસ-માર્ગ The windpipe.

Prov. શ્વાસ લગી શોષ Man lives by hope.

શ્વાસોચ્છ્વાસ, *s. m.* [S. *fr.* + ઉચ્છ્વાસ.] Respiration.

Id. શ્વાસોચ્છ્વાસ લેવો To breathe in and out; to breathe. શ્વાસોચ્છ્વાસ નાખવો To be out of breath.

શ્વેત, *adj.* [S.] White.

શ્વેતામ્બર, *s. m.* [S. *fr.* अम्बर a garment.] An order of ascetices among the Jains, who put on white garments, (as distinguished from દિગમ્બર, an order of ascetics whose clothes are the air *i. e.* who go about naked.

ષ.

ષ, The 42nd letter of the Alphabet, and the 31st consonant.

ષટ્-કર્મ, *s.n.* [S. *fr.* षष्, षट्, six + કર્મ. See ખટ-કરમ.]The six duties enjoined for a Brāhmana *viz*:-sacrificing (यजन), conducting a sacrifice (याजन), sacred stndy (अध्ययन),teaching (अध्यापन), giving alms (दान),and accepting gifts (प्रतिग्रह).

ષટ્-કોણ, *s. n.* [S. *fr.* + કોન, કોણ.] A hexagon. 2. The thunderbolt of Indra.

ષટ્-કોણાકાર, *adj.* [S. *fr.* + આકાર.] Hexangular.

ષટ્-ચક્ર, *s.n. pl.* [S. *fr.* +ચક્ર.] The six particular spots in the body of a man,supposed to be sacred to six gods according to the *Yoga* philosophy.

ષટ્-પદ, *adj.* [S. *fr.* +પદ, પાદ, the foot.] Six-footed. 2. A stanza of six lines.3. *s. m.* A bee.

ષટ્-શાસ્ત્ર, *s.n. pl.* [S. *fr.* + શાસ્ત્ર.] The six Shāstras, *viz.*, two branches of the Nyāya philosophy, two branches of the Mīmānsā philosophy, and the Sānkhya and the Yoga.

ષડ્-ગુણ, *s. m.* [S. *fr.* + ગુણ.] Six merits, *viz*,greatness,spiritual merit,fame; glory; knowledge, and independence of mind. 2. In military matters-treaty, war,

marching, siege, defection, and alliance.

ષડ્દર્શન, *s. n. pl.* [S. *fr.* દર્શન.] The six systems of Hindū philosophy taken collectively, *viz*:-ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા and વેદાંત. See **ષડ્શાસ્ત્ર**.

ષડ્-ભંગી, *adj.* [+ ભાંગ an intoxicating drug.] Stupid.

ષડઙ્ગ, *s. n. pl.* [S. *fr.* + અઙ્ગ.] The six parts of the body, *viz*, the two arms, the two legs, the head, and the waist. 2. The six works auxiliary to the Vedas, *viz*. grammar (વ્યાકરણ), prosody (छंदस्) astronomy (જ્યોતિષ), the science of pronunciation (शिक्षा), a glossary of the meanings of obscure Vedic terms (निरुक्त), and a directory of the ritual of the Hindū religion (कल्प) 5. Six things, obtained from a cow and considered as auspicious, *viz*. urine (મુત્ર), cowdung (ગોમય), milk (ક્ષીર), clarified butter (સર્પિ or ઘી), curdle milk (દધિ), and yellow pigment (ગોરોચના).

ષડાનન, *adj.* [S. *fr.* +આનન.] Six-faced. 2.*s.m.* Kārtikeya, one of the sons of Shiva and commander-in-chief of the gods.

ષડ્ઋતુ, *s. m. pl.* [S. *fr.* + ઋતુ.] The six seasons of the year, *viz*. શિશિર (the cool season), વસન્ત (the spring), ગ્રીષ્મ (the summer), વર્ષા (the rainy season), શરદ્ (the autumn), and હેમન્ત (the cold season or winter).

ષડ્રસ, *s. m. pl.* [S. *fr.* + રસ.] The six tastes, *viz*. sweet, sour, salt, pungent, astringent, and bitter. See **ખટ-રસ**.

ષડ્રિપુ, *s. n. pl.* [S. *fr.* + રિપુ.] The six enemies of the soul, *viz*, lust, anger, covetousness, fascination, pride, and envy.

ષણ્ડ, ષણ્ઢ, } *s. m.* [S.षण्ड.] A hermaphrodite; a eunuch.

ષણ્માસ, *s. m. pl.* [S. *fr.* षष्, षट् six+ માસ.] A period of six months.

ષષ્ટિ, *adj.* [S. *fr.* + ति a suffix showing "tens"=Eng. *ty.*] Sixty.

ષષ્ઠી, *s. f.* [S. *fr.* षष्, sixth *fr.* षष्ठ, षट्, six+થ an ordinal suffix.] The sixth day of a lunar fortnight. 2. The genitive or possessive case (in Gram.). ષષ્ઠીતત્પુરૂષ The તત્પુરૂષ compound, the first member of which corresponds to a genitive case (in Gram.).

ષોડશ, *adj.* [S. *fr.* षष्, षट्, six + દશ, દસ, ten.] Sixteen. 2. Sixteenth.

ષોડશોપચાર, *s. m. pl.* [S. *fr.* + ઉપચાર.] The sixteen ways of idol-worship.

સ.

સ, The 43rd letter of the Alphabet, and the 32nd consonant.

સ, *prep.* [S. See **સહ**.] With; together with; along with; *e. g.* **સપુત્ર**.

સ, Same as **સુ**.

સં-જ્ઞા, Same as **સંજ્ઞા**.

સંયમ, *s. m.* [S. *fr.* सम् together + यम् to restrain.] Restraint; restriction; check.

સંયમન, *s.n.* Same as **સંયમ**.

સંયુક્ત, *adj.* [S. *fr.* सम् together + युक्त joined *fr.* युज् to join] Joined together combined united; mixed.

સંયોગ, *s. m.* [S. *fr.* + યોગ.] Union. 2. Junction. 3. Mixing; 4. Copulation; coition.

સંયોગી-કરણ, *s. n.* [S. *fr.* + કરણ.] Synthesis; composition.

સંયોગી જળ, *s. n.* [+ જળ.] A narrow channel joining two seas; a strait.

સંયોગી-ભૂમિ, *s. f.* [+ભુમિ.] An isthmus.

સંરક્ષણ, *s. n.* [S. *fr.* + રક્ષણ.] Protection; preservation.

સંરક્ષિત, *adj.* Well protected.

સં-લગ્ન, *adj.* [S. *fr.* લગ્ન.] Joined; attached.

વિધિ સેવામાં, દેવ સંલગ્ન, બ્રહ્માનંદમાં સર્વે મગ્ન.
—ગિરિધર.

સંવત, *s. m.* [S. संवत्. See સંવત્સર.] The era of Vikrama begining B. C. 56-57. 2. A year of the era of Vikrama.

સંવત્સર, *s. m.* [S.] Any one of the sixty years making the Indian cycle. 2. A year.

સંવત્સરી, *s. f.* The anniversary of the death of a person.

સંવર-વું, *v. t.* [S. संवरण shutting *fr.* सम् together+वृ to cover.] To wind up; to conclude; to finish.

સં-વાદ, *s. m.* [S. *fr.* વાદ.] Conversation; a dialogue.

સં-વિધાન, *s. n.* [S. *fr.* + વિધાન.] Performance. 2. Arrangement. 3. Plan. 4. The arrangement of incidents in the plot of a drama.

સંશય, *s. m.* [S. *fr.* + शी to lie down.] Doubt; uncertainty; irresolution; suspicion. 2. Misgiving; apprehension.

Id. સંશય આવવો-ઉપજવો; સંશયમાં પડવું To entertain a suspicion. સંશય દૂર કરવો To dispel a suspicion; to disillusionise. સંશય-છેદ The removal of a doubt. સંશય પ્રકૃતિ A suspicious nature.

સંશયાત્મ-ક, *adj.* [S. *fr.*+આત્મા.] Doubtful; uncertain.

સં-શુદ્ધિ, સં-શોધન, *s. n.* [S. + શુદ્ધિ, શોધ.] Thorough purification.

સં-શ્રય, *s. m.* [+ *fr.* + श्री to go,] Refuge. 2. Patronage.

સં-સર્ગ, *s. m.* [S. *fr.* + सृज् to create.] Contact. 3. A close union of bodies. 3. Intercourse; communion; fellowship; association.

Id. સંસર્ગ કરવો To come in contact with. 2. To hold intercourse with. સંસર્ગ તજવો To part from; to dissociate oneself from.

સં-સર્ગી, *adj.* That is in contact or near connexion with; concomitant; intimate.

સંસાર, *s. m.* [S. *fr.* + सृ to move.] The universe; the system of created things; the world. 2. The earth and its inhabitants; secular life; worldly pursuits; general affairs of life. 3. Worldly business; worldly wisdom. 4. Human life; the mortal state. 4. The cares and troubles of the mortal state.

Id. સંસાર માંડવો To be married. 2. To begin the world. સંસારમાં પડવું To begin the world. સંસાર ચલાવવો, સંસારમાં રહેવું-બેસવું To decently carry on the duties of married life. સંસારની જાળ, સંસાર-ચક્ર, સંસાર-વ્યવહાર The ties of married life. સંસાર-સુખ, સંસારનો લહાવો The enjoyment of the pleasure of one's own home. સંસાર-વ્યવહારની ગતિ The tact or intelligence required in conducting oneself decently as a house-holder. સંસારની રીત The ways and customs of life as a house-holder. સંસાર-સુધારો Social reform.

Prov. છોકરાં વિના સંસાર નકામો છે Children are an ornament in a house. સંસાર અસાર છે; સંસાર જૂઠો છે; સંસાર દુઃખ-રૂપ છે The world is unsubstantial: The world is unreal: Worldly existence is full of difficulties and miseries. સંસાર પુઠે લાગ્યો છે Everywhere we have to face the difficulties of a worldly life.

સં-સારિ-ક, *adj.* Worldly; social.

સંસારી, *adj.* That has the cares of a family; worldly; that is engaged in the business, and exposed to the troubles, of human life. 2. Having a wife.

સંસ્કાર, *s. m.* [S. *fr.* सम् well+कृ to do.] Embellishing; refining; polishing. 2. Consecration; purification. 3. An essential and purificatory rite or ceremony; a sacrament. 4. An impression on the mind. 5. The effects of actions done in a past life. 6. Troubles; difficulties.

Id. સંસ્કાર કરવો To embellish; to refine; to purify. 2. To perform purificatory rites and ceremonies. માથે સંસ્કાર વીતવા To be subjected or exposed to troubles and difficulties. અગ્નિ-સંસ્કાર Burning the dead body. સંસ્કાર-રહિત-વિરહિત-વર્જિત-હીન Of whom the usual purificatory ceremonies have not been performed.

Prov. જેનો જેવો સંસ્કાર (તેવું તેનું કામ) A man is guided in his conduct by the effects

of his actions in his past life.

N. B.—The following are the sixteen purificatory rites among the Hindus for males of the three first classes:-(1) ગર્ભાધાન Sacrifice on or before conception; (2), પુંસવન Sacrifice on perceiving the first signs of vitality in the fœtus, (3), અનવલોભન Sacrifice in the third month of pregnancy; (4), વિષ્ણુબલિ Sacrifice in the seventh month of pregnancy; (5), સીમંતોન્નયન Sacrifice in the fourth, sixth, or eighth month;(6), જાત કર્મ Giving the infant clarified butter out of a golden spoon before dividing the navel string; (7), નામ કરણ Naming the child on the tenth, eleventh, or hunderedth and first day; (8), નિષ્ક્રમણ Carrying him out to be presented to the moon on the third lunar day of the third bright fortnight; (9), સૂર્યવિલોકન Carrying him out to be presented to the sun in the third or fourth month; (10), અન્ન-પ્રાશન Feeding him with rice in the sixth or eighth month, or when he has cut his teeth;(11) ચૂડા-કાર્ય Tonsure in the second or third year; (12), ઉપનયન Investiture with the sacred string in the fifth, eighth, or sixteenth year; (13), મહાનામ્ય Instruction in the Gāyatri; (14), સમાવર્તન Loosening the Brāhmanical girdle from the loins; (15), વિવાહ Marriage; and (16), સ્વર્ગારોહણ Funeral obsequies.

સંસ્કારી, *adj*. That has been the subject of a સંસ્કાર; embellished; polished; purified; consecrated. 2. Enjoying the effects of good actions done in a past life.

સંસ્કૃત, *s. f.* The Sanskrit language. 2. *adj*. Of or belonging to the Sanskrit language. 3. That has been the subject of a purificatory rite. 4. Elaborated; wrought.

સંસ્થા, *s. f.*[S. *fr.* सम् well+स्था to stand.] An establishment.2. An institution.

સં-સ્થાન, *s. n.* [S. *fr.* सम् well+स्थान.] A state; a body politic.2. A colony; a settlement. 3. A royal city.

સં-સ્થાનિ-ક, **સં-સ્થાની**, *adj*. Enjoying the revenues of a town or district assigned for maintenance.

સં-સ્થાપ-ક, *s. m.* The founder.

સં-સ્થાપ-ન, *s. n.* **સં-સ્થાપ-ના**, *s. f.* Setting up; establishing; founding (as a king, an idol, a religion).

સં-સ્થાપિ-ત, *adj*. Set up; established; founded (as a king, an idol, a religion).

સંહાર, *s. m.* [S. *fr.* सम् together + हृ to take away.]Destruction; annihilation; extinction. 2. Collection; assemblage.

સંહાર-વું, *v. t.*To destroy:to extinguish; to extirpate.

સંહિતા, *s. f.* [S. *fr.* सहित collected *fr.* सम् together+हित placed *fr.* धा to place.]Proximity, *esp.* the proximity of two letters without an intervening pause (in Gram). 2. An arrangement of the hymnal texts of the Vedas into short sentences, named after the person by whom it was made. 3. A compilation or compendium of laws; a code; a digest.

સઈ, *s. m.* [See સીવ-વું.] A tailor.

Prov. સઈની સાંજ અને મોચીનું વહાણું When two Sundays meet: When Calais and Dover meet=At the Greek kalends. સઈ, સોની ને સાળવી, જેમ ન શકે જાળવી Put a miller, a weaver, and a tailor in a bag,and shake them, the first that comes out will be a thief.

સઈ, **સઈયર**, *s. f.* [See સખી.] A female companion; a female friend.

સઈ-દર, *s. m.* [See શિર, સર,+દર rate.] A capitation-tax; a poll-tax.2. A tax; an impost.

સઉ, Same as **સહુ**.

સકડ-વું, *v. t.* [See સંકડા-વું. સંકટ.] To bind tight; to tighten.

સકન, *s. f.* A cross-bar; a cross-peg (in a cart). 2. See **શકુન**.

સકર-કન્દ, **સકરિ-યાં**, *s. n. pl.* [See સાકર + કન્દ.]

Sweet potatoes; yams.

સ·કરણ, *adj*. [S. *fr*. स, सहित with + કરણ organs, limbs.] Having organs or limbs; organic.

Id. સકરણ પદાર્થ Organic matter.

સ-કરમી, *adj*. [See સુ + કર્મ.] Fortunate; lucky. 2. That behaves well; that acts virtuously.

Prov. સકરમીની જીભ, ને અકરમીના ટાંટિયા He who has no brains ought to have legs= Little wit in the head makes much work for the feet.

સ-કર્મ·ક, *adj*. [S. *fr*. સ+કર્મ.]Transitive (of a verb, in Gram.).

સકલાત, *s. f*. [Turk. सूक़्लात=Eng. Sackcloth.] A kind of broadcloth; a kind of fine woollen cloth.

ગજેણિય, જાજમ તકિયા, સકલાત રૂપ વિશાળ.
—હરિદાસ.

સ-કસ, *adj*. [See સ+કસ, essence.] Having the essence; strong.

સકળ, *adj*. [S. सकल, *fr*. स, सह, with + कला a part, See સઘળું.] Whole; entire; all; complete.

સ-કામ, *adj*. [S. *fr*. સ+કામ desire.] Interested. 2.Sensual; carnally minded;lustful. 3. *adj*. Sensually; voluptuously.

સકાર, *s. m*. [S. सु well +कृ to do.] Good manners; accomplishments. 2. Fashion; love of fashion.

સકાર·વું, Same as **સિ·કાર·વું**,**સ્વી·કાર·વું**.

સ·કારો, *s. m*. [See સુ well + કાર *fr*.કર·વું.] A stick placed by Indian weavers in the warp to keep the threads in their proper places.

સ-કાળ, Same as **સુ-કાળ**.

સ-કુમાર, *adj*. [See સુ+કુમાર.] Delicate; tender.

સકૃત્, *adv*. [S.] Once.

સ-કોમળ, *adj*.[S. सु much + કોમળ.] Very delicate.

સકોરૂં, Same as **શિકોરૂં**.

સક્ક·ઈ, *adj*. [See સિક્કો.] Having the stamp (of a coin); true; real. 2. Fine; excellent,

સક્કર-ખોર, *s.n*.[See સાકર+ +P. ख़ोर eating *fr*. खुर्दन to eat.] An insect which lives on sugar, or which is found in sugar.

સક્કર-ટેટી, *s. f*. [+ ટેટી.] Musk-melon.

સક્કર-પારો, *s. m*. [+ પારો.] A kind of sweetmeat. 2. Sugar plums.

સક્કો, *s. m*. [See સિક્કો.] A stamp. 2. A coin stamped.3. [Also see સાખ.]Character; reputation; notoriety. 4. Credit.

સખ·ણું, *adj*. [See સુખ.] Meek; quiet; gentle.

સખત, *adj*. [P. सख़्त.] Firm. 2. Hard. 3. Solid. 4. Difficult. 5. Hard; arduous; fatiguing; laborious. 6. Cruel; unfeeling; rigorous; severe; harsh.7.Strong;resisting penetration or separation; dense. 8. Painful; keen; distressful.

Id સખત ભલામણ A strong recommendation. સખત લખાણ કરવું To write strongly in favour of or against a point at issue.સખત મજુરીની સજા A sentence of imprisonment with hard labour. સખત કાયદો An oppressive law. સખત તાપ Great heat. સખત કામ લેવું To overwork.

સખતા·ઈ, **સખતી**, *s.f*. Asperity; harshness; severity; rigour. 2. Hardship;cruelty; oppression. 3. Pressing nature; urgency.

Id. સખતાઈ વાપરવી-ગુજારવી-કરવી To be severe or harsh towards. 2. To lay down strict injunctions in a matter.

સખલાત, **સખલાદ**, Same as **સકલાત**.

સખા, *s.m*. [S. सखि, सखा, a friend.] A friend; a companion; an associate.

સખાવત, *s. f*. [Ar सख़ावत् liberality. See સખી.] Bounty; munificence; generosity; liberality.

સખી, *adj*. [Ar. सख़ी liberal.] Bounteous; munificent; generous; liberal.

Id. સખીનો લાલ A generous or liberal person.

Prov. સખીથી સુમ ભલો, કે ઝટ જવાબ દે A civil denial is better than a rude grant= It is charity not to excite hopes that must

end in disappointment. સખીકી બોલ બાલા, ઔર સુમકા મોહ કાલાMay the charitable prosper, and damn the fact of a miser.

સખી, *s. f.* [S. See સખા.] A female friend or companion.

સખી-ભાવ, *s. m.* [S. *fr.* + ભાવ.] The relation of friendship to a woman.2. Being womanish; womanish conduct;feminism.

સખુન, *s. m.* [P. सुखन.] Speech. 2. A promise. 3. A reqnest.

Id. બે સખુન કહેવા To remonstrate. બે સખુન સાંભળવા To patiently listen to advice.

સ·ખેદ, *adj.* [S. *fr.* स with + ખેદ.] In distress.

સખો, Same as **સખા**.

સગ, Same as **શગ**.

સગ·ટો, *s. m.* [See છેગું.] The end of a garment.

સગડ, *s. f.* [See સગવડ.] A track;a clue. 2. A footmark; the print or impression of a foot.

સગડી, *s. f.* [S. शकटी a small cart.] A pan to hold live-coal or embers; a fire-pan; a portable iron grate.

Id. સગડી માથે લેવી To take upon one's self another person's troublesome duty.બળતી સગડી A debt. 2. A continuous trouble. સગડી સળગાવવી To light a fire in a portable iron grate.

સ·ગણ, *s. m.* [S. *fr.* स a particular foot in prosody+ગણ.]A particular foot in Samskrit prosody; an anapœstus foot;(⏑⏑—).

સગન, *s. m.* An iron nail fixed in the pole of a plough for fastening the yoke.

સગ·પણ, *s. n.* [See સગું + પણું *fr.* S. त्व a suffix showing quality.] Relationship; affinity; connexion; relation.

Id. સગપણ કરવું To betroth.

સગરામ, *s. m.* A kind of carriage.

સગવડ, *s. f.* [See સુ + ઘડવું. Or સુ+ગત.] Convenience. 2. Suitableness. 3. Accommodation; room. 4. Roominess.

સગ-વાડ, *s. f.* [See સગું + વૃત્તિ.] Same as **સગ·પણ**.

સગરણ,*s.f* An occasion;an opportunity.

સગા·ઈ, *s. f.* [See સગું.] A betrothal; an affiance. 2. Relationship; connexion.

સગીર, *s. m.*[Ar. सगीर minor *fr.* सिगर् infancy.] A minor; a person under the legal age.

સગું,*adj.* [See સ·ગોત્ર.] Cognate; proper; full; born in the same family. 2. [See સખા, or સ્વ-કીય.] Related; formed by blood-relationship. 3.*s.n.* A relation; a relative; a kinsman.

Id. સગાં સહોદરBorn in the same family; relations and kinsmen; kith and kin. સગાં સંબંધી–સગું–સાગવું Friends and relations;relatives both near and distant.

સ-ગુણ, *adj.* [S. *fr.* स with + ગુણ.] Having attributes; having a perceptible or sensible form.

સ-ગુરો, *adj. m.* [+ ગુરૂ.] Having a religious guide.

સ-ગોત્ર, *adj.* [S. *fr.* स common with + ગોત્ર.]Of the same family;born in the same family; sprung from a common ancestor.

સઘડી, Same as **સગડી**.

સઘળું, *adj.* [See સકળ.] All; whole; entire; complete.

સંકટ, *s. n.* [S. *fr.* सम् together + कट side.] A strait; a difficulty; a trouble. 2. Adversity.

Id.સંકટ પડવું To be put to inconvenience or difficulty. સંકટ વેઠવું To put up with an inconvenience or difficulty.

સંકડાસ, **સંકડામણ**, *s. f.* Closeness; want of sufficient accommodation.

સંકડા·વું, *v. i.* To be crowded.

સંકર, *s. m.* [S. *fr.* सम् together + कृ to scatter.] Intermixture; a medley. 2. A mixed caste or race.

Id. વર્ણ-સંકર Intermixture of castes.

સંકર્ષણ, *s. n.* [S. *fr.* + कृष् to draw, to plough.] Drawing; attracting; pulling. 2. Ploughing.

સં·કલન, *s. n.* **સં·કલના**, *s. f.* [S. *fr.* सम् together with +कल् to collect.] Mixing; blending. 2. Ar-

ranging. 3. Addition (in Math.).

સં•કલિ•ત, *adj*. Blended. 2. Arranged. 3. Added up.

સંકલ્પ, *s. m*. [S. *fr*. + क्लृप् to arrange.] Volition; wish; a desire. 2. A resolve; a determination. 3. A solemn and formal declaration or enunciation of purpose, preparatory to entrance upon the performance of a religious rite or work.

Id. સંકલ્પ વિકલ્પ Hesitation. સંકલ્પ કરવો –મૂકવો To make a resolution. સંકલ્પ લેવો To perform a solemn and formal religious ceremony preparatory to beginning a religious vow. 2. To make a solemn resolution. સંકલ્પ મૂકવો To give up hope. સંકલ્પ ભણવો To repeat the sacred formula previous to beginning a religious vow. સંકલ્પ ઉઠવો To indulge in a reverie.

સંકષ્ટ, Same as **સંકટ.**

સં•કીર્ણ, *adj*. [S. See સંકર.] Mixed. 2. Confused. 3. Miscellaneous.

સં-કેત, *s. m*. [S. *fr*. सम् together+ कित् to make a sign.] A sign; a signal; an intimation. 2. Assignation; an appointment. 3. Abbreviation.

Id. સંકેત-સ્થાન A place of assignation or appointment, especially between lovers.

સં-કેલ•વું, *v. t*. [Dh. Des. संकोडियं *fr*. संकोटितम्, संकोचितम् made narrow, contracted. S. सङ्कलन winding up, narrowing, *fr*. सम् together+कल् to hold.]To wind up; to gather; to fold.

સં-કોચ, *s. m*. [S. *fr*. सम् together + कुच् to contract.] Contractedness. 2. Difficulty. 3. Reserve. 4. Drawing together, in, or up. 5. Straitness.

સં-કોચ•ન, *s. n*. Drawing together, in, or up; narrowing; contracting; shrinking; shrivelling.

સં-કોચા•વું, *v. i*. To be contracted; to be narrowed; to shrivel up. 2. To be ashamed.

સં-કોચિ•ત, *adj*. Drawn together, in, or up. 3. Become reserved or close; abashed. 4. Intimidated; overawed.

સં-કોડા•વું, Same as **સં-કડા•વું.**

સં-કોર-ણી, *s. f*. [See સં-કોર-વું.] Brightening; enlivening; the act of exciting.

સં-કોર•વું, *v. t*. [See સંસ્કાર.] To brighten; to enliven; to stir up.

Id. દેવતા સંકોરવો To brighten burning fire. લાકડાં સંકોરવાં To stir up fuel. 2. To partake in a transaction.

સં-કોલ•વું, Same as **સંકેલ•વું.**

સં-ક્રમણ, *s. n*. [S. See સઙ્ક્રાન્તિ.] The transit of a heavenly body.

સં-ક્રાન્ત, *s. f*. [See સં-ક્રાન્તિ.] The winter solstice; the sun's crossing of the tropic of *Capricorn*. 2. *adj*. Passed or gone on. 2. Entered.

સં-ક્રાન્તિ, *s. f*. [S. *fr*. सम् together + क्रम् to walk.] The passage of the sun or of the planets from one sign of the zodiac into another.

સંખા-વું, Same as **શંકા•વું.**

સંખા-વો, *s. m*. An inclination to ease nature. 2. Disgust. 3. Shame.

સં-ક્ષિપ્ત, *adj*. [S. See સં-ક્ષેપ.] Abridged; abbreviated.

સં-ક્ષેપ, *s. m*. [S. *fr*. सम् together with+ क्षिप् to throw.] Abridgment; abbreviation.

સંખ્ય, *adj*. [S. See સંખ્યા.] That can be numbered or counted.

સંખ્યા, *s. f*. [S. *fr*. सम् together + ख्या to tell.] A number; a figure. 2. Numeration.

Id. સંખ્યા માંડવી–લખવી To write down a number.

સંખ્યા-વાચક, *adj*. [+ વાચક.] Meaning a number (of a word); numeral.

સંખ્યા-વિશેષણ, *s. m*. [S. *fr*. + વિશેષણ.] A numeral adjective.

સંગ, *s. m*. [S. *fr*. सञ्ज् to go.] Association; society; companionship. 2. Contagion; infection. 3. Congress of the sexes; copulation; coition. 4. Union; junction.

Id. સંગ કરવો To associate with. સંગ છોડવો–તજવો–મૂકવો To leave the company of.

Prov. સંગ તેવો રંગ A man is known by the company he keeps: Tell me with whom thou goest, and I will tell you what thou

doest.

સંગત, *s. f.* Same as **સંગતિ.** 2. *adj.* Accompanying; united; connected with; attached to.

સંગતિ, *s. f.* [S. *fr.* सम् together + ગતિ.] See **સંગ.**

Id. સંગતિ દોષ The bad effects of vicious company.

સં-ગ-દિલ, *adj.* [P. सङ्ग a stone+दिल् the heart. See દિલ.] Hard-hearted; relentless; cruel.

સંગમ, *s. m.* [S. See સંગતિ.] A junction; a meeting; a union. 2. A confluence (of rivers).

સં-ગાત, } **સં-ગાથ**, } Same as **સં-ઘાથ.**

સં-ગાતી, *s. m.* A companion.

સં-ગી, *adj.* [S. सङ्गिन्, सङ्गी. See સંગ.] Accompanying; following; attached to.

સં-ગીત, *s. n.* [S. *fr.* सम् together + गै to sing. See ગા-વું.] Singing; music. 2. The science of music.

સં-ગીન, *adj.* [P. सङ्ग a stone, a weight+ इन् a suffix= "made of."] Solid; hard. 2. Heavy; massive. 3. Thick; dense. 4. Complete. 5. Strong; conclusive; able to prove the conclusion.

સંગે, } **સું-ગાતે**, } *prep.* [See સંગ.] With; along with; accompanying.

સં-ગે-મરમર, *s. m.* [P. सङ्ग a stone+मर्मर्= Gr. *marmaros* marble.] Marble.

સંગ્રહ, *s. m.* [S. *fr.* सम् together + ग्रह् to take.] A collection; an accumulation; a compilation. 2. An assemblage; a heap; a store; a hoard.

સં-ગ્રહ-ણી, *s. f.* [S.]Dysentery; costiveness alternately with diarrhœa.

સં-ગ્રહ-સ્થાન, *s. n.* [+ *fr.* સંગ્રહ + સ્થાન.] A museum.

સં-ગ્રહી, *s. m.* He who is in the habit of accumulating or collecting.

સંગ્રામ, *s. m.* [S.] A war; a battle.

સંઘ, *s. m.* [S. *fr.* सम् together + हन् to go.] A crowd; a multitude. 2. A body of pilgrims.

Id. સંઘ કાઢવોTo lead a body of pilgrims. 2. To become insolvent. આ સંઘ કાશીએ જવાનો નથી This unwieldy and disorganized business cannot be brought to a successful termination.

સં-ઘટ, *adj.* [S. *fr.* सम् + घट् to form.] Crowded.

સંઘર-વું, *v. t.* [See સંગ્રહ.] To preserve. 2. To hoard.

Prov. સંઘર્યો સાપ પણ કામમાં આવે Keep a thing for seven years, and you will find a use for it.

સંઘરા, *s. f.* [See શિંગડું being used in cupping.] Venesection; opening a vein.

સંઘરો, Same as **સંગ્રહ.**

સંઘ-વી, *s. m.* [S. सङ्घ-वाहिन्, सङ्घवाही, *fr.* सङ्घ+वह् to carry. See સંગ, વહે-વું.]The leader of a body of pilgrims.

સં-ઘાડિ-યો, *s. m.*[See સં-ઘાડો.]A worker on a lathe.

સં-ઘાડો, *s. m.* [Hem. Des. सघाडी = S. युगलम् a couple.] A lathe.

Id. સંઘાડે ચઢાવવું-ઉતારવું To work on a lathe. 2. To give brightness and polish to a thing by working it on a lathe. એક સંઘાડે ઉતારેલા Perfectly similar.

સં-ઘાત, *s. m.* [S. *fr.* सम् together+घात a group *fr.* हन् to go.] A multitude; a group.

સં-ઘાત, } **સં-ઘાથ**, } *s. m.* Accompanying on a journey; an escort.

Id. સંઘાત જોવો To get a good and trustworthy company or companion.

Prov. સંઘાતની મારી સાસરે ગઈ, ને, ટોલ્લો ઝાલી ઉભી રહી To take useless trouble.

સં-ઘાતી, } **સંગાથી**, } *s. m. f.* A companion on a journey.

સં-ઘાતે, } **સં-ઘાથે**, } *prep.* With; accompanying; in company with.

સ-ચરાચર, *adj.* [S. *fr.* સ + ચરાચર.] Including movable and immovable things.

Id. સચરાચરે (કામ) ઉતરવું To be finished

(a business or an undertaking) without any obstruction in the way.સચરાચર વ્યાપવું To pervade; to permeate. 2. To engross the attention of.

સચ, Same as **સોચ.**

સ-ચિન્ત, *adj*. [S. स with+ચિન્તા..] Anxious.2. Filled with gloomy thoughts.

સચિ, *s. f.* [S. शची.] The wife of Indra.

સચિવ, *s.m.* [S.] A minister of state.2. A vizier.

સ-ચેતન, *adj*. [S. *fr*. સ+ચેતન] Animate; living. 2.Awake; vigilant.

સ-ચોટ, *adv*. [See સ+ચોટ•વું.] Striking directly; with full force. 2. Prosperously. 3.Firmly; being well established. 4. [See સાચું+વૃત્તિ.] Honestly.

સ-ચોડું, *adj*. [+ ચોડું.] All; complete; entire; full. 2. *adv*. Completely; entirely; fully.

સચ્ચરિત, સચ્ચરિત્ર, } *s. n.* [S. See સત્ + ચરિત્ર.] Good conduct.

સચ્ચિદાનન્દ, *s. m.* [S. *fr*. સત્ + ચિત્ + આનન્દ.]That which is Truth Intelligent & Joy;God; the Supreme and all-sustaining essence.

સચ્ચું, Same as **સાચું.**

સજ, *adj*. [S. सज्ज ready.] Ready. 2. Fitted up;furnished;equipped. 3. Armed.

સજ•ક, *adj*. [See સજ્જ.] Watchful; awake.

સજક થઈને સુન્દરી હાવાં, વસ્ત્ર પહેરે ની વાળી.
—**દયારામ.**

સ-જડ, *adj*. [S. सुदृढ *fr*. સુ+દૃઢ.] Strong. 2.Firm; immovable. 3. Unchangeable. 4. Past recovery; dead.

Id. સજડ ઝાલવું–પકડવું To hold fast or firmly. સજડ માર A severe beating. સજડ થાપ A severe blow.અંગ સજડ રહી જવું To be quite stiff(of the body).સજડ થઇ જવું To be overawed; to be cowed down. 2. To be dead. સજડ લેવું To threaten.

સ-જન•તા, સ-જન-તા•ઈ, સ-જના•ઈ, } Same as **સુ•જન•તા.**

સ•જની, *s. f.* [See સજ્જન.] A mistress; a sweetheart. 2. A woman's female companion.

સજ•વવું. *t.* [See સજ, સજ્જ.] To make ready; to equip. 2. To adorn; to decorate. 3. To sharpen; to whet. 4. *v. i.* To become prepared or ready. 5. To become fit. 6. To speak.

સજે સાદે સારે સુવદની, અહીં તો લપી નથી
—**પ્રેમાનંદ.**

Id. શણગાર સજવો To put on ornaments; to adorn oneself. સજીને બેસવું To be ready.

સ-જળ, *adj*. [S. सजल *fr*. સ + જલ, જળ.] Filled with water; having water; containing water.

સજા, *s. f.* [P. सजा *fr*. सजादिन् to deserve.] Punishment; chastisement; correction.

Id. સજા કરવી–મારવી–દેવી To punish.

સજા•ઈ, *s. f.* [See સજ, સજ્જ.] Preparations.

તે સર્વને આજ્ઞા દીધ, કીજે સત્વર સજાઈ સિદ્ધ.
—**પ્રેમાનંદ.**

સજાઈ, Same as **સહાયી.**

સ-જાત, *adj*. [S. सु well + જાતિ.] Of good birth or family. 2. Civil; good-natured. 3. Dutiful; virtuous.

સ-જાતિ, સ-જાતીય, } *adj*. [S.*fr*. स common with+ જાતિ.]Of the same caste or species; homogeneous.

સજાપો, *s. m.* [S. સાજું.] Health.

સજાય, સઝાય, } *s. f.* [See સન્ધ્યા.] Meditation 2. Advice; instructions.

સજાયો, *s. m.* [See સજ•વું to sharpen.] A razor.

સજાવર,*adj*.Fit;suitable.

સજા•વું, *v. t* [Pass. of સજ•વું.] To be made ready. 2. To be adorned.

સજિત, *adj*. See **સજ, સજ્જ.**

સ-જીવ, સ-જીવન, સ-જીવું, } *adj*.[S. *fr*. સ + જીવ.]Possessing life; animate; alive.

Id. સજીવન પાણી Ever-flowing water. 2. Inexhaustible water. સજીવન ઔષધી A plant

which grows rapidly,and lives though cut down. સજીવન કરવું To bring to life again; to revive.

Prov. સજીવો પૂછે નજીવાને "તું મને કંઈ દે" નજીવો પૂછે સજીવાને "તારી એક કુટી કે બે ?" He begs a blessing of a wooden god.

સ-જીવારોપણ, *s. n.* [See સજીવ + આરોપણ.] Personification.

સ-જોડું, *s. n.* [See સ + જોડું.] A married couple living together.

સજ્જ, **સજ્જિત**, } Classical forms of **સજ**, **સ-જિત**.

સજ્જડ, Same as **સજડ**.

સજ્જન, *s. m.* [S. *fr.* સત્+જન.] A virtuous man; a well-bred man. 2. A beloved man; a paramour.

સજ્જન, *s. n.* [See સજ્જ.] The act of decorating; decoration.

સજ્જન-તા, **સજ્જન-તા-ઈ**, **સજ્જના-ઈ**, } *s. f.* [See સજ્જન a virtuous man.] Gentlemanliness. 2. Goodness; politeness.

સજ્જા, *s. f.* See શય્યા. 2. Bedding and a couch given to a Brāhmana on the thirteenth day after death.

સઞ્ચ, *s. m.* Same as **સઞ્ચો**.2. A plan; a design; an arrangement. 3. A contrivance in the side of a wall or beam, or a drawer in a big box (પટારા), for keeping pracious things in time of danger, so skilfully arranged that it is likely to escape one's notice even on close examination.

સઞ્ચક-વું, Same as **સઞ્ચ-વું**.

સઞ્ચાય, *s. m.* [S. *fr.* सम् together + चि to collect.] An accumulation; a collection; a heap; a hoard.

સઞ્ચર-વું, *v. i.* [S. सम् all around + चर् to walk.]To walk about;to enter and roam over. 2. To pervade; to penetrate.

સં-ચર-વું, *v. t.* [See સં-ચય, or સં-ઘર-વું.] To collect. 2. To store up carefully.

Id. સંચરી રાખવું To store up carefully.

સં-ચર-વું, See **સંચાર-વું** To turn the tiles on a roof.

સઞ્ચ-વું, *v. t.* [S. सम् together + चि to collect. See સઞ્ચય.] To accumulate: to amass.

સઞ્ચળ, *s. n.* [S. सौवर्चल *fr.* सुवर्चल name of a country.] Natron.

સઞ્ચાર, *s. m.* [S. See સઞ્ચર-વું.] Pervasion; penetration.2.Stirring about; lively motion.

સં-ચાર-વું, *v. t.* [Caus. of સં-ચર-વું.] To throw; to pour (water, &c).

ઉષ્ણોદક સંચારીને, પરાણે કરાવ્યું મજ્જન, —**વીરજી**.

સં-ચાર-વું, *v. t.* [S. सम् together+ચાલ-વું] To turn the tiles on a roof.

સં-ચારી, *adj.* Wandering.2. Changing; unsteady. 3. Evanescent. 4 *s. m.*A transient or evanascent feeling which serves to strengthen the prevailing sentiment.

Id. સં-ચારી ભાવ A transitory feeling,accessory to the provalling feeling, acting as its feeder,and strengthening it in various ways, whether openly or covertly.

સઞ્ચિત, *adj.* [S. See સઞ્ચય.] Amassed; accumulated.2. *s. n.* The stock of merit or demerit over and above that portion of it which causes the allotment of good and evil to be experienced in any particular birth, or of merit and demerit wrought out and laid up in preceding stages of existence.

સંચો, *s. m.* [See શકઞ્ચો.] A machine. 2. An engine.

સંચોરો, *s. m.* [See સઞ્ચળ; or સઞ્ચાર.] Carbonate of soda.

સંજમ, *s. m.* [See સંયમ.] Admonition; remonstrance.

સંજા, **સંજ્યા**, } *s. f.* [See સન્ધ્યા.] Evening; eve; the close of day.

સંજાપ, **સઞ્જાબ**, } *s. m.* [P. सञ्जाक़्.] An ornamental border to garments; a fringe.

સંજામી, *s. m.* [See સંયમ.]. A class of ascetics.

સંજુક્ત, Same as **સંયુક્ત.**

સંજુત, Same as **સંયુત.**

સંજોગ, *s.m.*[See સં॰યોગ.]A coincidence; a concurrence of events at the same time. 2. A conjunction; a meeting. 3.An interview.4.Orderly and discreet arrangement or management.5.An event; an accident.

સંજોગી, *s. m.* [See સં॰યોગ.] An ascetic who does not leave his worldly affairs.

સંજોરી, *s. f.*A kind of sweetmeat peculiar to the Diwālī holidays.

સંજ્ઞા, *s. f.* [S. *fr.* सम् together + ज्ञा to know.] That by which a thing is known; a name;a sign.2.Return of consciousness after a swoon. 3. A signal; any kind of gesture. 4. The Gāyatrī of the Vedas.5.A technical term.

સટ, *s. m.* [Eng. *Set.*] A set; an assortment; a number of things that suit each the others; a suit.

સટ,
સટ દઈને, } *adv.* [Guj. સટ, ઝટ,Imit+ દેવું.] In an instant; quickly. 2. Forcibly; violently.

સટ॰ક॰વું, *v. i.*To run away; to abscond; to decamp;to be off in a shake. 2. To start and disappear;to slip;to slide.

Id. સટકી જવું, સરી જવું To run away; to decamp.

સટ॰કાવ॰વું, *v. t.*To strike; to beat. 2. To sew.

સટ॰કિ॰યું, *s.n.*A noose; a running knot; a slip-knot.2. A little mouse.3. *adj.* That which slips or slides.

સટકો, *s. m.* A stick;a walking-stick.

સટર-પટર, *adv.* [See સથર-પથર.] Higgledy-piggledy.2. *s. f.* A jumble; a number of odd things;any disorderly collection of various kind of articles; a medley; a miscellany. 3. *adj.* Confused; disorderly.

સટલ, *adj.*[Eng. *Settle.*]Settled; agreed upon; determined; fixed.

સટ॰વું, Same as **સટક॰વું.**

સટાક, *adv.*[Imit.See સટ, સટ દઈને.] Imit. of the sound produced by striking a whip. &c.2 Smartly; briskly.

Id. સટાક લેવું કે Promptly; smartly.

સટાક, *s. f.* A large and long whip making a cracking sound.

સટાકા॰બન્ધ, *adv.* [+ બન્ધ, બાંધ॰વું.]In a shake; in a jiffey;in an instant.

સટીક, *adj.* [S. *fr.* સ+ટીકા.] That has a commentary annexed to it. 2. Annotated.

સટોરિ॰યો, *s.m.* [See સટ્ટો.] A speculator.

સટોસટ, *adv.* [See સટ, સટ દઈને.] Smartly; promptly;in a shake; in a trice.

સટ્ટા-ખોર,
સટ્ટા-બાજ, } [See સટ્ટો+P. खोर enjoying *fr.* खुर्दन to enjoy; *and* बाज् practising *fr.* बाख़्तन to play.] See **સટોરિયો.**

સટ્ટો, *s. m.* [See સાટું.] Speculation; a gambling transaction. 2. A time bargain. 3. Stealing; theft.

સઠલ, *adj.* Loose; not tight.

સડ, *adv.* [Imit.] Crackling;cracking.

સ॰ડ,
સ॰ડ॰ક, } *adv.* [See સ॰જડ.] Being stiff or motionless.

સડક, *s. f.*[See सरक *fr.* सृ सर्, to move.] A main road;a trunk road;a straight road. 2.A road that is made.

Id. સીધી સડક A straight road;a straight way. લોઢાની સડક A rail road. સડક નાખવી-કરવી To make a road.

સડ॰ક, Same as **સડ.**

સડ॰કો, *s. m.* [See સડ.] A draught of liquid food taken with the hand.

સડ-જોડ, *adj.* [See સાડા+જોડું] Two and a half (used in secret communication).

સડ-ઝોડ, *s. m.* [See સડ, સ॰જડ+ઝોડ.]One who blindly sticks to his own opinions or assertions.

સડ॰વું, *v. i.* [S. शद् to be dissolved.] To rot; to corrupt.2. To putrefy.

સડ॰વું, *v. t.* To make a latticed frame with bamboo chips.

સડ-સડ-વું, *v. i.* [Imit.] To make sharp, successive sounds, as in frying.

સડ-સડ॰વું, *v. i.* [Hem. Des. सण्णाविअं =S. परिताचितम् much heated *fr.* S. सम् together +

तप् to be hot.]To simmer;to be boiled.

સડ-સડાંટ, *adv.* [See સટ, સટ દઈને.] Nimbly; with light, quick motion.

સડ-સેટ, *adj.* [S. सप्त seven+षष्टि sixty : See સાત+સાઠ.] Sixty-seven; 67.

સડાક, *adv.*[See સડ, Imit.] Quickly.
મારિયું સડાક સર, નોચ નોચ મૃગ એ તો. —**વલ્લભ.**

સડા·કો, *s. m.* [See સડકો.] A sounding stroke or lash.2.The roaring and bellowing (of a storm, &c.). 3. The crack;whack (of a sound and hearty caning &c.).

Id. સડાકો તાણવો–મારવો To take a large draught of a liquid.

સડિ·યો, *s. m.* [See સર a string.] A large vein found in a preparation of અળવી leaf.

સડો, *s. m.* [See સડ·વું] Putrefaction. 2. The cause of putrefaction.

Id. સડો પડવો–પેસવો To begin to rot.

સઢ, *s. m.* [Hem. Des. सढो = S. स्तम्भः a pillar.] The sail of a ship.

Id. સઢ ચઢાવવો To hoist a sail; to unfurl a sail.

સન્ઢ, *adv.* [See સન્નડ.] Being stiff or motionless. 2. Stupid; bewildered.

સન્ઢ, *adj.* [S. सु well + દૃઢ See સન્નડ·] Hard; unyielding to pressure.

સણ, Same as **શણ.**

સણ·કો, *s. m.* [Guj. સણ Imit.] A whizzing sound emitted from the nose while taking a deep inspiration. 2. A shooting pain; a lancinating pain.

Id. સણકા નાખવા–આવવા–મારવા To feel a shooting pain.

સણગટ, *s. m.* [See સણગાર.] That part of a woman's dress which covers the body from the head to the waist.

સણગારા·વું, *v. i.* [Passive of સણગાર·વું.] To be adorned.

સણગાર, *s. m.* [S. शृंगार.] Ornament; decoration.

સણગાર·વું, *v. t.* To adorn.

સણગો, *s. m.* [See ફણગો.] A young shoot;a sprout.

સણુંગ, *s. f.* [See સુ·રંગ.]A passage under ground;a subterraneous passage.2. House-breaking.

સણંદ, Same as **સનદ.**

સણંદી, Same as **સનદી.**

સણભિંડી, Same as **શણભિંડી.**

સણ-સણ,*adv.*[Imit.]Fizzing (imitative of the sounding in boiling).

સણ-સણ·વું, *v. i.* To fizz;to hiss;to boil.

સણ-સણાટ, *s. m.* A fizzing sound; the sound of boiling.

સણસાર·વું, *v. t.* [See અણસારો, or S. सम् well + सार् to cause to move *fr.* सृ to move.] To give a signal, to a bullock, horse, &c., to make it run faster.

સણિ·યું, *s. n.* [See શણિયું.]Hemp cloth. 2.A cloth worn round the waist and loins by the Hindus while they are sacramentally clean.

સણિ·યું, *adj.* [See શાણું.] Circumspect; quick of understanding sharp.
પક્ષીમાં લંડ તે કાગ; ચોપગમાં શિયાળ સણિયું,
નવ સંદો નરમાંહ, ભાંડ વિદ્યા તે ભણિયો.
—**સામળભટ.**

સણીજી, *s. f.* [S. सवन birth *fr.* सू to give birth to+જી.] Mother.

સણીજે, *s. m.* Father.

સણ્ડાસ, *s. m.* [Guj. છંડાશ *fr.* છાંડ·વું.] A privy.

સત્, *adj.* [S. *fr.* अस् to be.] True; real; actual; that truly is or exists. 2. Good; virtuous. 3. Right; correct. 4. Proper. 5. Genuine,not counterfeited or imitated. 6. Honest; upright;free from fraudulence or guile. *s. n.* Essence. 1. Virtue; probity; integrity; honesty. 2. Veracity; inward purity. 3. Truth; reality; the real being.

Id. સત્ આવવું To be inspired with animation or life.સત્ ચઢવું To be possessed by an elevating excitement[said of a woman (સતી) burning herself on the funeral pyre of her husband].

Prov. સતકા બેલી રામ Truth is God's daughter=Virtue is as good as a thousand shields. સતની બાંધી મેદની The world is ruled by Truth.

સત-જુગ, Same as **સત્ય-યુગ.**

સત-ત, *adv.* [S. *fr.* सम् together + तन् to stretch.] Always; eternally; continually.

આત્મા સહિત સહુ અર્પિને, સેવે સતત થઈ દાસ.
—**દયારામ.**

સતમ, *s. m.* [P. सितम.] Tyranny. 2. Violence; oppression.

Id. સતમ ગુજારવી To tyrannize over; to oppress.

સતમી, *s. f.* [Eng. *Custom.*] An invoice or manifest; a passport for a ship to leave the harbour.

સતર, *s. f.* [Ar. सत्र.] A row; a line. 2. A series; a column.

સતાર, *s. m. f.* [P. सितार् *fr.* सि three+तार् a wire. Or, See છ+તાર.] A guitar with six or three strings.

સતારો, *s. m.* [P. सितार=Gr. *astron*=Eng. *Star.*] A star. 2. Fortune; luck.

Id. સતારો પાંસરો હોવાથી Through good fortune.

સ-તાવ-વું, *v. t.* [Hem. Des. सत्थइअं = S. उत्तेजितम् excited. See સં-તાપ-વું.] To harass; to tease; to vex.

સતિ-યો, *s. m.* [See સત્.] A truthful man; an honest man.

સતી, *s. f.* [S. See सत्.] A chaste and virtuous wife. 2. A woman who burns herself alive with her dead husband.

Prov. સતી શાપ દે નહિ, સંખણીના લાગે નહિ Cattle do not die from cow's cursing.

સતું, *adj.* [See સત્.] Just; virtuous.

સતું, *adj.* [See સત્.] Being; existing; continuing.

સત્કર્મ, *s. n.* [S. *fr.* સત્+કર્મ.] A virtuous action.

સત્કાર, *s. m.* [S. *fr.* + कृ to do.] Respect; courtesy; paying reverence or respect. 2. Welcoming and entertaining a visitor.

સત્કાલ-ક્ષેપ, *s. m.* [S. *fr.* + કાલ + ક્ષેપ.] Spending time in good deeds.

સત્ક્રિયા, *s. f.* [S. *fr.* + ક્રિયા.] A good action.

સ-ત્તમ, *adj.* [S. *fr.* સત્+तम superl. suffix.] Best. 2. Most truthful; most true.

મહા સંકટ પડિયું હો, હરિશ્ચંદ્ર ભૂપને,
પછી સત્તમ ભાખ્યો હો, સુખ થયું તે અનુપને.
—**પ્રેમાનંદ.**

સત્તર, *adj.* [S. सप्त seven + दश ten; See સાત+દશ.] Seventeen; 17.

Id. સત્તર આના ને બે પાઈ Most agreeable or acceptable.

Prov. સત્તર સાંધા, ને સો વાંધા A chain may break at any link. The more complex a machinery, the more liable is it to go wrong.

સત્તા, *s. f.* [S. *fr.* સત્.] Being; existence. 2. Ownership; mastership. 3. Authority; power; jurisdiction. 4. Strength; power. 5. Wealth; riches.

Id. સત્તા આવવી To get strength after a sickness; to convalesce. સત્તા આપવી To give power to; to empower; to authorise. સત્તા મળવી To get power; to be authorised. સત્તા ચલાવવી To exercise power. ઉપર સત્તા ચલાવવી To tyrannize over. આપ સત્તા One's own powers.

Prov. સત્તા આગળ શહાણપણ શા કામનું ? The intellect is powerless before brute force.

સત્તાણું, *adj.* [See સાત + નેવું.] Ninety-seven; 97.

સત્તા-ધારી, / **સત્તા-ધીશ,** *adj.* [S. *fr.* સત્તા + ધરાવ-વું, અધીશ.] Being in power or authority; ruling; governing.

સત્તા-લોભી, *adj.* [S. *fr.* + લોભી.] Greedy of power; ambitious.

સત્તાવન, *adj.* [See સાત + પચાસ.] Fifty-seven; 57.

સત્તા-વાન, / **સત્તા-વાળુ,** *adj.* [S. *fr.* सत्ता+S.वत्, वान्, =Guj. વાળુ having.] Powerful; mighty. See **સત્તાધારી.**

સત્તાવીસ, *adj.* [See સાત+વીસ.] Twenty-seven; 27.

સત્તો, *s. m.* [See સાત.] A card or a die marked with seven points. 2. A throw of seven with dice.

સત્ત્વ, *s. n.* [*fr.* સત્, S. + त्व a suffix showing quality.] Being; existence; entity.

2.Essence; strength. 3. Energy; efficacy; virtue. 4. The property of excellence or of goodness. 5.An elementary substance(*e.g.* earth, air, fire, *&c.*). 6. A being; an animal.

પડી અક્ષર પર કૃપા કટાક્ષ જી,સત્વ ઉપન્યાં લક્ષોલક્ષ જી.
—દયારામ.

Id. સત્વગુણ The principle of purity or goodness, the first and the best of the three (*viz.*: સત્વ, રજસ્ and તમસ્) properties.

સત્ય, *adj.* [S. *fr.* अस् to be. See સત.] Existing.2.True; real; actual. 3. Genuine. 4. Sincere; veracious; honest. *s. n.* Existence. 2. Truth; reality. 3. Genuineness. 4. Sincerity; veracity; honesty.

Prov. સત્ય તરે છેઃસત્યમેવ જયતેઃ સત્યનો જયઃ સત્યનો બેલી ઇશ્વર Truth and oil are ever uppermost.Truth has always a fast bottom: Truth is truth to the end of reckoning: Truth is God's daughter.

સત્ય-તા, *s. f.* See સત્ય, 5,6,7,8.

સત્ય-યુગ, *s. m.* [S. *fr.* સત્ય + યુગ.] The golden age, or the first of the four *Yugas,* consisting of 1,728,000 years.

સત્ય-લોક, *s. m.* [S. *fr.* + લોક.] The seventh heaven; the abode of the blessed; the uppermost world,wherein reside truth, Brahmā, and saints.

સત્ય-વકતા, } **સત્ય-વાદી,** } *adj.* [S. *fr.* + વાદી, વક્તા.] Truthful; veracious.

સત્ય-શીલ, *adj.* [S. *fr.* + શીલ.] That has a habitual disposition to speak the truth; veracious.

સત્ય-સ્વ-રૂપ, *s. m.* [S. *fr.* સ્વ-રૂપ.] God, whose form is Truth.

સત્યા-નાશ, } **સત્યા-નાસ,** } *s. n.* [See સત્તા + નાશ.] Perdition; utter destruction; ruin.

Id. સત્યા-નાશ વળવું To be utterly ruined. તારૂં સત્યાનાશ જાય Confound you ! સત્યાનાશ જવું To be left without an heir or child. સત્યાનાશ વાળવું To bring to utter ruin; to ruin in every way.

સત્યા-રથ, *s. n.* [See સત્ય + અર્થ.] The truth; a matter of fact.

સત્યાશી, *adj.* [See સાત+એંશી.] Eighty-seven; 87.

સત્યાશી-ચું,*adj.*Pertaining to the year 87.

Prov. સાસરે સત્યાશીયો, ને પીયર અઠયાશીયો (દુકાળ) Out of the frying pan into the fire.

સત્ર, *s. n.* [S. *fr.* सद् to sit.] A sacrifice. 2. Reciting the praises of a goddess. 3. A place where food is distributed to Brāhmaṇas and other mendicants.

સત્ર-પ, *s. m.* [S. क्षत्रप a governor, a satrap, *fr.* क्षत्र a dominion + पा to protect.] A satrap; a governor of a province.

સત્ર-શાળા, *s. f.* [S. *fr.* સત્ર + શાળા.] A place where alms are distributed; an almonry.

સત્વર, *adv.* [S. *fr.* स with + ત્વરા.] Hastily; quickly; swiftly; promptly.

સત્સંગ, *s. m.* } **સત્-સં-ગતિ,** *s. f.* } [S. *fr.*સત્+સઙ્ગ, સંગતિ.] Association with good or religious men. 2. Good society.

સત્-સંગી, *adj.* Associating with good or religious men.

સથર-પથર, *adv.* [Guj. સથર redup. of પથર *fr.* પાથરવું; or See સાથરો+પાથરવું. See સટર પટર.] Being scattered all about.

સથરા-ણુ, *s. n.* [See સાથરો *fr.* S. स्तृ to cover.] Scattering about. 2 A slaugher of an army.

સથ-વારો, *s. m.* [See સાથ+વાળું possessive suffix.] A caravan: a company of travellers.

સથવારો પ્રવાસીનો, મિત્ર માતું અમો ચક્ષ;
ગૃહવાસી કેરો મિત્ર, માનિની મનાય છે. —વલ્લભ.

સદ્, The form of સત્, when followed by a vowel or a soft consonant, *e. g.* **સદાચાર, સદ્-ગુણ.**

સદગર-વું, *v. t.* [See સદ્, સત્, સત્ય+કર-વું.]. To accept as true; to believe; to trust.

સદન, *s. n.* [S. *fr.* सद् to sit] A house; a dwelling-place.

ભૂલા ભમે તે, બીજા સદનમાં શોધે રે —દયારામ.

સ-દય, *adj.* [S. *fr.* स with + દયા.] Merciful.

સદર, *adj.* [Ar. सद्र् a president.] Chief; supreme.

સદર-અમીન, *s. m.* [+ અમીન.] A Native Civil Judge subordinate to the District Court.

સદર-પરવાનગી, *s. f.* [+ પરવાનગી.] Full permission; unconditional permission.

સદર-બજાર, *s. m.* [See. સદર+બજાર.] A bazaar in a British camp.

સદર•હુ, *adj.* [Not used in P or Ar *fr.* સદર+Ar. हु he.] A foresaid; set forth above; mentioned or indicated above; above alluded to.

સદરો, *s. m.* [Ar. सद्र् the chest.] A shirt worn by the Parsīs, as enjoyed by the religion of Zoroaster.

સદ•વું, *v. i.* [See સત્, સદ્.] To be agreeable; to suit.

સ-દળ, *adj.* [See સ with + દળ thickness.] Thick; pulpy.

સદા, *adv.* [S.] Always; at all times; for ever; eternally.

સદા-કાળ, [+ કાળ.] Same as **સ•દા.**

સદાચરણ, *s. n.* [S. *fr.* સત્. સદ્ આચરણ.] Good action; good and right conduct or behaviour. 2. Good practice.

સદાચાર, *s. m.* [S. *fr.* + આચાર.] good morals; good conduct or behaviour.

સદાનન્દ, *s. m.* [S. *fr.* સદા+આનન્દ.] Eternal joy. 2. An epithet of Shiva.

સદાબરૂ, Same as **સદા-વર્તું.**

સદારદા, *adv.* Without cause; with a slight cause.

સદા-વર્તું, *adv.* [+ વૃત્તિ.] Wholly; entirely; solely.

સદાવરત, *s. n.* [S. सदावर्त, *fr.* સત્, સદ્, + आवर्त a crowded place *fr.* आ upto + वृत, वर्त, =L. *verto* to turn.] A religious daily distribution of food to mendicants, foreign beggars, &c.

સદા-શિવ, *s.m.* [S. *fr.* સદા + શિવ.] The God Shiva.

સદા-સર્વ-દા, *adv.* [S. *fr.* સદા + સર્વદા.] Always; eternally; constantly.

સદી, *s. f.* [P. सद्=S. शत=Eng. *cent*=L *centum* a hundred.] A century.

સદીસા, *adv.* [See સદા+દિવસ.] In time; at the proper time; timely.

સદૈવ, *adv.* [S. *fr.* સદા, +S. एव only.] Always. 2. Invariably.

સદોદિત, [S. *fr.* + ઉદિત.] Same as **સદૈવ.** સત્ય સદોદિત જ્યમનું ત્યમ છે, ના આવે, ના જાય; પદ અવિનાશીરે, અલખ લખમાં આવે.—**નિરાંતભક્ત.**

સદ્-ગતિ, *s. f.* [S. *fr.* સત્, સદ્, + ગતિ.] Happy state. 2. Salvation.

સદ્-ગુણ, *s. m.* [S. *fr.* + ગુણ.] Good quality or property. 2. Virtue.

Id. સદ્-ગુણ-સંપન્ન Possessing good qualities; virtuous.

સદ્-ગુણી, *adj.* Possessing good qualities. 2. Virtuous.

સદ્ગૃહસ્થ, *s. m.* [S. *fr.* + ગૃહસ્થ.] A respectable gentleman.

સદ્ધર, Same as **સધર.**

સદ્ધર્મ, *s. m.* [S. *fr.*+ધર્મ.] True relegion. 2. True duty.

સદ્-બુદ્ધિ, *s. f.* [S. *fr.* + બુદ્ધિ.] Good understanding; good faith.

સદ્-ભાવ, *s. m.* [S. *fr.* + ભાવ.] A good or virtuous motive or desire.

સદ્મ, *s. n.* [S. सद्मन् *fr.* सद् to sit. See સદન.] A house; an abode; a dwelling.

સદ્ય, *adv.* [S. सद्य:] Quickly; readily; at once.

સદ્-વર્તન, *s. n.* [S. *fr.* સત્+વર્તન.] Good conduct.

સદ્વસ્તુ, *s. f.* [S. *fr.* સત્, સદ્, + વસ્તુ] A real or good thing.

સદ્વાસના, *s. f.* [S. *fr.* + વાસના.] A good desire.

સધર, *adj.* [S. सु well+धृ, धर्, to hold; See ધર•વું.] Able. 2. That has wealth or property. 3. Affluent. 4. Solvent. *s. m.* [See સુ+ધરાવું.] A belly-god, a glutton.

Id. સધર આસામી A person able to pay his debts. 2. A wealthy person.

સ-ધર•વું, Same as **સુ-ધર•વું.**

સ-ધામ, *s. n.* [S. स्वधाम *fr.* સ્વ + ધામ.] The original abode of the soul; heaven.

Id. સધામ પોહોંચવું-જવું To die.

સ-ધાર-વું, *v. i.* [See સુ-ધાર-વું.] To go off.

સ-ધાવ-વું, *v. i.* [See સ-ધાર-વું, Or, S. सु well + धावुं.] To go off.

સન, *s. m.* [Ar. सन् a year.] An epoch; an era; an age.

સનદ, *s. f.* [Ar. सनद् a charter, a certificate.] A commission; a warrant. 2. A charter; a diploma. 3. A royal mandate; a grant.

સનદી, *adj*. That has obtained a સનદ. 2. Authorised. 3. Lawful.

સન-મના, *s. f.* [See શુન્ય + મન.] Sorrow; grief; anxiety.

સુણી એમ, સનમના થઈ સહુ ઊઠયા,
ઉદ્યમ માંડયો વેવાહ તણો રે. —**દયારામ**.

સનસ, *s. f.* Need; want. 3. Care; concern; anxiety.

Id. સનસ રાખવી To feel anxiety about; to be partial to.

સના-તન, *adj.* [S. *fr.* સદા.] That has ever been and will ever be; everlasting; eternal; perpetual.

સ-નાથ, *adj.* [*fr.* સ+નાથ.] Having a patron; that is patronised, protected, or befriended.

સનાદે, *adv.* [See સન્નિધ.] Near; by the side of.

મારા વહાલા સનાદે રહેજો રે;
મીઠા-બોલા સનાદે રહેજો રે. —**ગોવિન્દ**.

સનાન, *s. n.*[See સ્નાન.]Bathing during a period of mourning for the death of a relative. 2. Intelligence of the death of a relative. 3. A cant term for disappointment denial, or refusal.

Id. સનાન સૂતક નડવું–આવવું To be put to inconvenience or trouble. સનાન માંડવું To hold a mourning party at one's own house for a relative that died at another house or at a distant place.

સનાનિ-યું, *adj*. Bearing the intelligence of the death of a relative. 2. Having to bathe at a time of mourning for the death of a relative. 5. That which has come in contact with one who has to bathe at a period of mourning.

સનિ-પાત, Same as **સને-પાત**.

સની, Same as **શનિ**.

સને-ડો, *s. m.* [See સ્નેહ+ ડો dim. suffix.] Affection; love.

છબિલા સાથે મારો સનેડો બંધાણો,
ચાલી સંસારની લાજ સર્વે છાંડી રે. —**ભોળોભગત**.

સને-પાત, *s.n.* [S. संनिपात *fr.* सम् much + नि down + पत् to fall.] Delirium (Generally used for delirium before death).

સન્ત, *s. n.* [S. सन्तः *pl.* of સત્.] A saint.

Id. સંત-સમાગમ Association with good people.

સન્ત-તિ, *s. f.* [S. *fr.* सम् together + तन to stretch.] Offspring; progeny; descendants.

સંતરૂં, *s.m.* [Eng. *Citron.*] A citron.

સન્તલસ, *s. f. n.* [Ar. सल्तनत् an empire, an organisation; See સુલતાન.] Collusion; fraud by concert; artifice; a scheme.

સંતા-કુકડી, *s. f.* [See સંતા-વું+કુકડી.] A game for children; the game of hide and seek.

સંતા-કુકડું, *s. n.* Same as સંતા-કુકડી (used in the Panch Mahāls).

સંતા-કુકલો, *s.m.*Same as સંતા-કુકડી (used in Jhālāwad.).

સન્તાડ-વું, *v. t.* [S. सम् together + तत drawn *fr.* तन to draw.]To conceal; to hide.

સન્તાન, *s. m.* [S. See સન્તતિ.] Progeny; offspring; issue.

સન્તાપ, *s.m.* [S.*fr.*सम् together + તાપ.] Affliction;pain; distress; anguish;sorrow.

સન્તાપ-વું, *v. i.* To be grieved; to be vexed. 2. *v. t.* To grieve; to vex.

સન્તા-વું, *v. i.* [S. सम् together + तायते is stretched *fr.* तन् to stretch.]To be concealed;to conceal oneself.

સન્તુષ્ટ, *adj.* [S. *fr.* + તુષ્ટ.] Satisfied; gratified; contented.

સન્તોખ, Same as **સન્તોષ**.

સન્તોખવું, *v. t.* To gratify. 2.To satisfy.

સન્તોલો, **સં-તોલો**, *s. m.* [See સમ-તોલ] A weight put into the opposite scale as a counterbalance.

સન્તોષ, *s. m.* [S. *fr.* सम् together + तुष् to be satisfied. *Cf.*L.*Satis* enough.] Satisfaction; contentment; patience.

Id.સંતોષ વાળવો To reconcile one's mind to one's unsatisfactory circumstances.

Prov. સન્તોષ સર્વ સુખનું મૂળ છે Contentment is the true philosopher's stone.

સંતોષ-કારક, *adj.* [S. *fr.* + કારક doing.] Satisfactory.

સંન્તોષ-વૃત્તિ, *s.f.* [S. *fr.*+ વૃત્તિ.] Contented nature; contentment.

સંન્તોષી, Same as **સન્તુષ્ટ**.

સન્થાવું, *v. i.* [See સંન્થા.] To be engaged; to be employed. 2. To be betrothed (of a boy or girl).

સન્દર્ભ, *s. m.* [S. *fr.* सम् together + दृभ् to tie.] The connexion of one portion of a writing or a speech with another. 2. The context. 3. Allusion.

સન્દીપન, *s. m. n.* [S. *fr.* सम + દીપ.] Inflaming; kindling.2. Exciting.

સન્દુક, *s.m.* [S.]A chest; a coffer.

સન્દેશો, *s.m.* [S.संदेश *fr.* +दिश् to show.] A message; tidings; an errand.

Id. સંદેશો કહાવવો-મોકલવો To send a message. સંદેશો લાવવો To bring a message.

સન્દેહ, *s. m.* [S. *fr.* + दिह् to besmear.] Doubt; suspicion. 2. Ambiguity; uncertainty; suspense.

Id. સંદેહ પડવો=સંદેહમાં પડવું To feel doubtful. સંદેહ આણવો-લાવવો To entertain a doubt; to doubt.

સન્ધાણું, *s.m.* [See સન્ધિ.] Pickles.

સન્ધાન, *s. n.* [S. *fr.* + धा to hold.] Uniting; joining. 2. Aim. 3. Opportunity. 4. Conjuncture.

Id. સંધાન માંડવું-જોડવું To aim at. સંધાન લગાડવું To find out a means to gain one's object by recommendation.

સન્ધાની, *adj.* Scheming; designing. 2. Watchful in taking advantage of an opportunity.

સન્ધારો, *s. m.* [+ કાર doing *fr.* કરવું.] A coppersmith.

સન્ધિ, *s.f.* [S. See સન્ધાન.] A juncture. 2.The euphonic union of letters;a coalition of letters (in Gram). 3. Treaty; peace. 4. Alliance.5.Union.6.The point of junction. 7. The exact time; the nick of time. 8. A period at the expiration of a *yuga* or age, equal to one-sixth of its duration, and intervening between it and the succeeding *yuga*.

સન્ધિ વા, *s. m.* [+વા, વાયુ.] Rheumatism in the joints.

સન્ધું, *adj.* [S. स-बन्ध *fr.* स with + બંધ a tie.] Whole; entire. 2. All; ever.

સન્ધે, *adv.* Everywhere.

સન્ધે, Same as **સન્દેહ**.

સન્ધ્યા, *s. f.* [S. See સન્ધિ.] The time which joins any of the parts of a day; morning; evening; midday. 2. [S. *fr.* सम् well+ध्यै to contemplate: See ધ્યાન.] Religious performances, prayers,and meditation performed at sunrise,mid-day,and sunset.

Id. સંધ્યા-વંદન Performance of the evening prayers.

સન્ધ્યા-કાળ, *s. m.* [S. *fr.*+ કાળ.] Evening. 2. Nightfall.

સંન્નાહ, *s.m.n.* [S. *fr.* सम्+नह् to bind.] A coat of mail; a suit of armour.

ઈંચાં આયુધ કરી રખવાળ, સંનાહ પહેર્યા કર કરવાળ.
—ભાલણ.

સન્નિધ, *adv.* [See સન્નિધાન.] Being near or close.

સન્નિધાન, *s. n.* [S. *fr.* सम् together + नि down+धा to hold.] Nearness; proximity; neighbourhood; vicinity.

સન્નિધિ, *s. f. m.* Same as **સન્નિધાન**.

સંનિપાત, Sanskrit form of. **સનેપાત**.

સંન્યસ્ત, } **સંન્યાસ**, } *s. n.*[S. *fr.* सम्+नि down +अस् to throw.] Renunciation of the world; turning a recluse; the fourth stage in the life of a Brāhmana.

સંન્યાસી, *s. m.* One who has renounced the world; a recluse. 2. A Brahmana in the fourth stage of his life.

સન્માન, *s. m. n.* [Hem. Des. सण्णाम॰ई *fr.* S. संमन्य॰ते he respects. See S. संमान *fr.* मन्

well+માન respect.] Respect; honour.

સન્માર્ગ, *s. m.* [S. See સત્ + માર્ગ.] The right course; the proper way.

સન્માર્જની, *s. f.* [S. संमार्जनी *fr.* सम् well + मृज् to wipe.] A broom.

સન્મિત્ર, *s. m.* [S. See સત્ + મિત્ર.] A faithful friend.

સન્મુખ, *adv.* [S. संमुख *fr.* सम् together + મુખ.] In front of; before the face of; fronting; facing. 2. Looking at with favour; favourable.

Id. સન્મુખ થવું To show a bold front; to stand boldly in front of; to oppose.

સપટમ્બર, *s. m.* [Eng. *September.*] September.

સપટાવવું, *v. t.* [See સપાટો.] To close; to shut up, or in.

સપડાવવું, *v. t.* [See પાટો.] To catch. 2. To entrap; to ensnare. 3. To scold; to tax. 4. To involve in difficulties; to perplex; to confound; to confuse.

સપડાવું, *v. i.* To be caught. 2. To be ensnared; to be entrapped. 2. To come into distress. 4. To be scolded.

સપત, **સપથ**, } Same as **શપથ**.

સપત સાચા કોણ કહેશે ? સમમીએ મન માહે રહેશે.
—દ્વારકો.

સ-પત્ની, *s. f.* [S. *fr.* स common + પતિ.] A co-wife.

સપન, **સપનું**, } Same as **સ્વપ્ન**.

સપરમો, *adj. m.* [S. सु well + પર્વ.] Very great, festive (of a day).

સપરાણું, *adj.* [S. सम्पूर्ण *fr.* सम् together + पृ to fill] All; whole.

સ-પરિવાર, *adj.* [S. *fr.* स with+પરિવાર.] Accompanied by children and dependents.

સપર્યા, *s. f.* [S.] Worship.

સપ-સપ, *adv.* [Imit.] quickly.

સ-પાટ, *adj.* [S. सु well + पाट extension; See પાટ, પટ.] Level; flat; plain; even. *s. f.* Flat shoes; slippers. *adv.* Removing a heap; making plain.

Id. સપાટ બેસવું આવવું To fit in firmly.

સપાટા-બંધ, *adv.* [See સપાટો+બન્ધ, બાંધવું.] Quickly; smartly; with great speed; with full force. 2. Straight; directly; strongly.

સપાટિયું, *s. n.* A chip of bamboo or reed.

સપાટી, *s. f.* [See સપાટ.] Evenness; smoothness. 2. A smooth and level expanse; a surface.

સપાટો, *s. m.* [S. संपात *fr.* सम् together + पत् to foll. See ઝપાટો.] Quickness; smartness. 2. Full force; full speed. 3. A blast; a gust. 4. A smart slap. 5. Activity; smart; doing. 6. A sounding cuff; a thump; a rap; a stoke; a blow; a puff; a whisk. 7. Action in general, of which rapidity, smartness, vehemence, &c., are the features.

Id. સપટો મારવો-લગાવવો To do an act with spirit or vehemence.

સપાડું, *s. n.* [S. सु well+ઉપકાર] Obligation. 2. Favour.

સપારે, *adj.* [પાર.] Right; correct; exact.

સ-પુચ્છું, [=પૂછડા સાથે S. स + पुच्छ a tail.] Same as **સ-મૂળગું**.

સ-પુચું, *adj.* [See સુ + પુરવું.] Totally; entirely.

N. B.—Always used with a negative, *viz.*, ન, નહિ, નથી; and means, none, nothing at all, not at all, never.

સ-પુરત, *s. f.* [+ પુરવું.] Trusting in; confiding in; entrusting to.

સ-પૂત, *s. m.* [+ પુત્ર.] A good son; a dutiful son.

સ-પૂત ઉઠવું-નિકળવું-નિવડવું. To prove or turn out to be a good and dutiful son.

સપ્ત, [S. सप्तन्=L. *Septem*=Gr. *Hepta*=P. हफ्त.] See **સાત**.

સપ્ત-ઋષિ, *s. m. pl.* [S. *fr.* + ઋષિ.] The seven sages, *viz.*, મરીચિ, અત્રિ, અઙ્ગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, and વસિષ્ઠ. 2. The seven saints of the Brahmarsi order, contemporary with each Manu. 3. A cluster of seven stars; the asterism of Ursa Major.

સપ્ત-દ્વીપ, *s. m. pl.* [S. *fr.* દ્વીપ.] The seven divisions of the earth, according to Hindu mytology, *viz.* જમ્બુ, કુશ, પ્લક્ષ, શા-

હમલી, ક્રૌઞ્ચ; શાક, and પુષ્કર.

સપ્ત-ધાતુ, *s. f. pl.* [S. *fr.* + ધાતુ.] The seven metallic substances, *viz.*gold, silver, lead, copper, tin, iron and bell-metal. 2. The seven elementary substances of the body, *viz.* chyle, blood, flesh, fat, marrow, bone, and semen.

સપ્તમી, *s. f.* [S.] The Locative case (in Gram.). 2. The sanskrit form of **સાતેમ**.

સપ્ત-રાશિ, *s. f.* The rule of seven.

સપ્તર્ષિ, Same as **સપ્ત-ઋષિ**.

સપ્ત-સ્વર, *s. m. pl.* [S. *fr.* + સ્વર.] The seven notes of music, *viz.*સા,રી,ગ, મ,પ,ધ,ની.

સપ્તાહ, *s. f.* [S. *fr.*+अहन् a day.] A week. 2.A reading through of a Purāna in a week.

સપ્પટ, *adj.* [See સપાટ.] Fitting tight; lying in close contact.

સફ, *s. n.* [Ar. सफ्फ् a line; Or, S. शष्प tender grass.] The hair on the pubes.2. A line; a row; a rank; a column.

સફર, *s. f.*[Ar. सफ़र् a journey.]A voyage. 2. A journey; travels.

Id. સફર કરવી=સફરે જવું To go on a voyage. સફર મારવી To go for a pleasure trip on sea.

સફરજન, *s. n.* A quince; a pear.

સફરી, *adj.* Sea-going (of a ship). *s. m.* A mariner; a sailor.

સફરી, *adj.* Liberal. 2. Extravagant; prodigal.

સફળ, *adj.* [S. सफल. See સ with + ફળ.] Fruitful. 2. Successful; effectual.3.Profitable; advantageous (of a business or concern).

સફા,*adj.* [Ar. सफा purity.]Same as **સાફ**.

Id. સફા થઈ જવું To be consumed or exhausted; to be removed completely.

સફાઈ, *s. f.* Cleanliness.2. Neatness. 3. Gloss. 4. Decision; adjustment. 5. Spruceness; elegance (of dress, furniture, &c.); freedom from dirt or filth. 6. Plainness; distinctness. 7. A surface; a superficies.8. Fluency; volubility; openness. 9.Liquidation (of debts).

Id. સફાઈ કરવી To make clear.સફાઈ મારવી-હાંકવી To talk proudly; to talk tall. એકજ સફાઈ The same plane.

સફાઈ-દાર, *adj.* [+દાર P.] Plain; smooth.

સ-ફાળું, *adj.* [S. स with + ફાળ] Feeling anxiety or surprise; being startled or surprised; sudden.

સફીત, *s. f.* A game for children. Same as **ખોભીલું**.

સફીલ, *s. f.* [Ar. फ़सील् a projection of a wall.] The ramparts; a parapet-wall; a breast-work or intrenchment.2. Adjoining land.

સફીલ-દાર, *adj.* [+ દાર P.,] Adjoining a wall; being near a wall.

સફું, *s. n.* [P. सफ्हः] A page (of a book).

સફેત, *adj.* [P. सफेद्=S. श्वेत.] White. સફેત મુસળી A kind of drug.

સફેતી, *s. f.* Whiteness. 2. The white of an egg. 3. A coating of whitewash. 4. A kind of medicine.

સફેતો, *s. m.* Chalk. 2. White-lead.

સફ્ફું, *s. n.* [Hem. Des. सफ्फं *fr.* S. शष्प tender grass.] The hair of the pubes. See સફ, 1.

સબ, *s. n.* See શબ. 2. *adj.* [Hind. सब *fr.* સર્વ.] All.

Id.સબ સોનેકી ઓર ગાંડ પિતળકીYou spoil a good dish with ill sauce.સબ સબકી હગીEvery one for himself. સબસે બડી ચુપ Silence is the best virtue=Speech is silvern, but silence is golden. સબકે ઘેર તો રાંડ ભાંટ, ઓર મેરે ઘેર તો સતી There is one good wife in the country and every man thinks he hath her. સબ બંદરકા વેપારી Jack of all trades and master of none. સબમેં મેરા લગતા હૈ He has a saddle for every horse: He will go with every wind: He would have a finger in every pie. સબ સબકી સમાલિયો Every one for himself: Let every man soap his own beard. સબ સાથ, ને, જગન્નાથ=સૌ સાથે મરવું તે વિવાહ જેવું ગણવું Social sorrow loses half its sting.

સબક, *s. m.* [Ar. सबक़्.] A lesson;a task.

સબજી, *s. f.* [P. सब्ज़ः green.] A potion made of dry hemp-leaves, black pepper, sugar, &c.2.Greenness; verdure.3. Greens. 4. Culinary vegetables.

સબજો, *s. m.* [See *Supra.*]A kind of fragrant plant.

સબ૰ડ૰કો, *s. m.* The sound made in sipping a liquid; a smack.

Id. સબડકો મારવો To eat or drink heartily.

સબડા૰ક, *adv.* [Imit.] Imitative of the sound made in sipping.

સબડા૰વ૰વું, *v. t.* To sip.

સ-બધું, *adj.*[S. सुबद्ध *fr.* સુ+બદ્ધ.]Having a good make;well-made;well-built.2.Strong; healthy.

સબબ, *s. m.* [Ar.] Cause; motive; reason; ground. 2. *conj.* For that reason; therefore.

Id. સબબ કાઢવો To find an excuse. સબબ બતાવવો-દેખાડવો To show or produce an excuse. સબબ જોવો To examine the validity of an excuse.

સબર, Same as **સબુર, સબુરી.**

સબ-રસ, *s. n.* [Hind. सब *fr.* સર્વ + રસ.] Salt.

સ-બળ, *adj.* [See સ with+બળ.] Strong; powerful; vigorous. 2. Having attributes (said of બ્રહ્મ.)

સ-બળું, Same as **સબળ.** 1.

સબી, *s. f.* [See છબી.] A portrait; a picture; a likeness.

સ-બુદ્ધિ, [See સુ+બુદ્ધિ.] See **સદ્બુદ્ધિ.**

સબુર, સબુરી, *s. f.* [Ar. सब्र् patient; and सब्री or सब्र् patience.] Patience; forbearance. 2. Endurance; waiting.

Id. સબુરી પકડવી To wait: To bear patiently.

Prov. સબુરીનાં ફળ મીઠાં; સબુરીનો બદલો સાહેબ આપે Patience is a plaster for all sores: Patience is bitter but its fruits are sweet.

સ-ભય, *adj.* [S. *f.* स with +ભય.] Frightened; afraid; timid.

સ-ભર, *adj.* [S. सु well +ભર૰વું.] Filled to the full.

બા'ર ને ભીતર સભર ભર્યો ક્ષણુ નહિ ખામી;
—**ભોજોભગત.**

સ-ભરે,*adv.*To the full; totally; entirely. Id. સભરે ભરવું To fill to the full.

સભા, *s. f.*[S.] An assembly; a council. 2. A meeting. 3. A public audience.

Id. સભા મેળવવી-ભરવી-બોલાવવી To call or hold an assembly or meeting. સભા-ક્ષોભ Nervousness in speaking or acting before an assembly.

સભા-સદ, *s. m.* [S. सभासद् *fr.* +सद् to sit.] A member of an assembly.

સભ્ભર, *adj.* [See સુ+ભર૰વું.] Rich; opulent. 2. Powerful; strong.

સભ્ય, *adj.* [S. *fr.* સભા.] Polite; well bred; gentlemanly; refined; civilised. 2. *s. m.* See **સભાસદ.**

સભ્ય૰તા, *s. f.* Politeness; courtesy; gentlemanly conduct; good behaviour.

સમ્, [S] A prefix corresponding with L. *co, con,* and showing union, junction (with, together), collection;excellence; intensity.

સમ, *s. m. pl.* [S. समय, *Cf.* Ar. क़सम्.] An oath; an adjuration.

Id સમ ખાવા-લેવા To swear. સમ ઘાલવા-દેવા-આપવા To administer an oath. મારા સમ: મારા જીવના સમ I swear by my own life. તમારા સમ; બાઈના સમ I swear by you.

Prov. સમ ખાય, તે સદાય જુઠો People swear, because their words are worthless:Freqnent swearing argues in a man perpetual distrust of his own reputation.

સમ, *adj.* [S.] Equal; like; similar. 2. Even; level; smooth. 3. Uniform.

Id. સમ અપુર્ણાંક A proper fraction.

સમ૰ઈ, *s. f.* [Ar शमअ.] A brass lamp-stand.

સમ-કાળીક, *adj.* [See સમ, *adj.* + કાળ.] Contemporaneous; simultaneous.

સમક્ષ, *prep.* [S. *fr.* સમ્ + અક્ષિ.] Before the eye of; in the presence of.

સમગ્ર, *adj.* [S. *fr.* + અગ્ર.] Complete; whole; all.

સમ-ચોરસ*adj.* [See સમ, *adj.* + ચોરસ.] Having four equal sides; square.

સમ-છેદ, *s. m.* [See સમ, *adj.* + છેદ] A common denominator.

સમજ, } **સમજણ,** } *s. f.* [See સમજ-વું.] Understanding; apprehension; comprehension. 2. Discernment; power of apprehending or comprehension. 3. Interpretation; comment; exposition. 4. Pacifying; reconciliation; a right understanding. 5. An understanding; a tacit agreement.

Id. સમજના ઘરમાં આવવું To arrive at the age of discretion.

સમજ-ણું, *adj.* Sensible; prudent; wise; easily reconciled. 2. Come to years of discretion.

સમજ-દાર, *adj.* [See સમજ + દાર, P.] Sensible. 2. That has power of understanding. See **સમજણું**.

સમજ-વું, *v. t.* [S. सम् well +ज्ञा, जानाति, to know.] To understand; to comprehend; to know; to have knowledge of. 2. *v. i.* To come to an understanding; to agree; to be reconciled; to be persuaded or pacified.

Id. સમજી લેવું To settle amicably. સમજીને બેસવું To sit quiet in obedience to the dictates of prudence.

Prov. સમજે નહિ, ને સરખો ભાગ માગે A foolish person cannot claim an equal share with his wiser colleagues.

સમજા-વ-વું, *v. t.* To make one understand or comprehend. 2. To explain (a subject). 3. To bring round; to persuade. 4. To deceive; to take in. 5. To pacify. 6. To convince. 7. To conciliate; to gain over; to reconcile; to satisfy.

Id. ખોટું-આડું અવળું-જેમ તેમ-સમજાવવું To give a person a false impression; to influence in the wrong direction; to mislead; to misguide.

સમજુ, } **સમજુ-ક,** } *adj.* Wise; prudent; discreet. 2. Considerate; thinking; reflecting; judicious; discerning. 4. Rational; sensible. 5. Sharp-witted.

Prov. સમજુ વેરી સારો, પણ મૂર્ખ ભાઇબંધ ખોટો A wise enemy is better than a foolish friend. સમજુની બલા દૂર Forewarned forearmed.

સમજુ-ત, } **સમજુ-તી,** } *s. f.* Understanding. 2. Bringing to a just understanding; bringing round or over. 3. Satisfying; pacification reconciliation. 4. Effecting a right understanding 5. Explanation; the art of explaining, expounding, or convincing.

Id. સમજુતી ઉપર આવવું To agree to settle a dispute amicably.

સમ-ડી, *s. f.* A kite. 2. [See શમી.] A kind of tree.

સમ-ડો, *s. m.* [See શમી.] A small thorny tree.

સમણ, *s. n.* [See સમાવું; Or; સમ *adj.*] As much as can be contained; a *quantum sufficit.*

સમણું, *s. n.* [See સ્વપ્ન.] A dream; a vision.

Id. સમણું લાધવું-આવવું, To dream a dream. સાચું સમણું A very happy occasion, *e.g.*, the birth of a son.

સમણણી, *s. f.* [See સમાણી, સમાણો.] A goldsmith's small pinches.

સમ-તલ, *s. m.* [S. *fr.* સમ equal, even +તલ, તળિયું.] An even surface. 2. A plane superficies (Geom.).

સમ-તલ-પૃષ્ઠ, *s. n.* [S. *fr.*+પૃષ્ઠ.] A plane superficies (Geom.).

સમ-તલ-ખૂણો, *s. m.* [+ ખૂણો.] A plane angle.

સમ-તલ-સીધી-લીટી-ખૂણો, *s. m.* A plane rectilineal angle (Geom.).

સમ-તા, *s. f.* [S. *fr.* સમ.] Equality.

સુણી શિષ્ય બોલ્યો, "પ્રભો, કયમ સમતા ઉભયને આપી ?"
—**દયારામ.**

2. Balance of the passions; equanimity.

Id. સમ-તા રાખવી To preserve the balance of the mind; to have an undisturbed mind.

સમ-તા, *s. f.* [See સમ.] Control over the mind; restraint of the mind. 2. Patience; forbearance.

સમ-તોલ, *adj.* [+ તોલ, તોલ-વું.] Of equal weight. 2. Equal. 3. Matching; rivalling. 4. Evenly proportioned.

Id. સમ-તોલ ઉતરવું To be equal; to be a match for.

સમ-દર્શી, *adj.* [S. *fr.*+दृश् to see.] Impartial; unbiassed.

સમ-દુઃખી, *adj.* [S. *fr.* + દુઃખ, દુઃખી.] Equally unhappy. 2. Sympathizing; sympathetic.

સમ-દૃષ્ટિ, *s. f.* [S. *fr.* + દૃષ્ટિ.] Impartiality. 2. *adj.* Same as **સમ-દર્શી.**

Id. ઉપર સમ-દૃષ્ટિ રાખવી To behave oneself with impartiality towards.

સમદો, *s. m.* Fresh uncoloured leather.

સમ-ધાત, *adj.* [See સમ+ધાતુ.]Moderate; temperate; not violent. 2. Pacific; quiet.

સમન, *s. m.* [Eng. *Summons.*] A summons.

સમન્ધ, Same as **સમ્બન્ધ.**

સમંધી, Same as **સમ્બધી.**

સમ-બહુ-ખૂણુ, *s. m.* [See સમ+બહુ+ખૂણુ, ખૂણો.] An equiangular polygon (Geom.).

સમ-બાજુ-ત્રિકોણુ, *s. m.* [See સમ + બાજુ+ ત્રિકોણ.] An equilateral triangle (Geom.).

સમ-ભાગ, *s. m.* [See સમ + ભાગ.] An equal share.

સમ-ભાવ, *s. m.* [+ ભાવ.] Impartiality; even-handed conduct.

સમય, *s. m.* [S. *fr.* सम् together + इ to go.] Time; a juncture. 2. The season. 3. An opportunity; an occasion.

Id. સમય જોવો-વર્તવો To serve the times; to suit one's conduct to the circumstances of the time and place.

Prov. સમે (સમય) વર્તે સાવધાન Set your sails as the wind blows.

સમય-ચ્છેદ, **સમય-ભંગ**, } *s. m.* [S. *fr.* + છેદ, ભંગ.] Not keeping the appointed time. 2. [S. *fr.* समय a promise + છેદ, ભંગ.] Not fulfilling one's promise; a breach of promise.

સમય-સૂચક, *adj.* [S. *fr.*+સૂચક.] Ready-witted; preserving one's presence of mind.

સમય-સૂચક-તા, *s. f.* Presence of mind.

સમયાનુસાર, *adj.* [S. See **સમય+અનુસર-વું.**] Time-serving. 2. *adv.* According to the circumstances of the time.

સમયોચિત, *adj.* [S. *fr.* +ઉચિત.] Proper to the time or occasion.

સમર, *s. m.* [S.] A battle; a fight.

કરી રિપુ હાણ સમર સહુ જીત્યા, રામકૃષ્ણ મહારાય.
—**દયારામ.**

સમર, *adj.* One of the secret numbers meaning 7.

સમરણ, Same as **સ્મરણ.**

સમરણી, Same as **સ્મરણી.**

સમરથ, Same as **સમર્થ.**

સમર-વું, Same as **સ્મર-વું.**

સમરાઙ્ગણ, *s. n.* [S. See સમર+આંગણું.] A battle-field.

સમરા-વ-વું, *v. t.* [Causal of સમાર-વું.] To get a thing repaired.

સમરી, *s. f.* [Eng.] A summary. 2. *adj.* Short; brief.

Id. સમરી કરવી To make a summary; to write down in short the substance of. સમરી કામ-કેસ A summary trial in a court of justice.

સમર્થ, *adj.* [S.] Powerful; strong. 2. Rich; wealthy.

સમર્થન, *s. n.* [S. *fr.* सम् with + अर्थ् to beg.] Argument; pleading in defence. 2. Defence or support in a dispute.

સમર્પણ, *s. n.* [S. *fr.* सम् well+ અર્પણ.] Offering; presenting; making over. 2. Devoting or offering everything one possesses to one's spiritual guide.

સમર્પ-ણી, *adj.* That has offered or devoted everything to his spiritual guide.

સમર્પ-વું, *v. t.* To devote one's possessions to a sacred purpose.

સમલો, *s. m.* [Ar. शम्ल: the flap of a turban.]A turban for children with a flap of glittering metallic circles.

સમ-વયી, *adj.* [See સમ equal + વય age.] Having equal ages; of the same age; co-eval.

સમવાય, *s. m.* [S.] Collection. 2. Relation.

સમ-વિષમ, *adj.* [See સમ equal + વિષમ.] Changing; unsteady. 2. Partial.

સમ-વિષમ-તા, *s. f.* **સમ-વિષમ-પણું**, *s. n.* } A changeful nature; unsteadiness. 2. Partiality.

સમ·વું, *v.i.* [See સમા·વું.] To be contained.

સમ·વું, *v.i.* [See શમ·વું.] To abate; to be less; to subside. 3. To be extinguished.

Id. લાગણી સમવી To subside (of the feelings).

સમશેર, Same as **શમશેર.**

સમષ્ટિ, *s. f.* [S. *fr.* सम् together+अश् to pervade.] The state of being gathered up into and of subsisting with.

સમ-સમાકાર, *s. m.* [See શૂન્ય + અ·કાર.] Complete stillness; perfect silence.

સમસાન, Same as **શ્મશાન.**

સમસાનિયું, *adj.* Accompanying a funeral procession to the burning ground. 2. Resembling a burning-ground.

સમ-સૂત્ર, *s. n.* [S. *fr.* સમ equal + સૂત્ર.] The continuation of a straight line. 2. *adj.* Situated in the same straight line.

સમસ્ત, *adj.* [S. *fr.* सम् together + अस् to throw.] All; entire; the whole.

સમ-સ્થળ, *s. n.* [See સમ equal, even, + સ્થળ.] Level ground; a level surface. 2. *adj.* Level; even.

સમસ્યા, *s. f.* [S.] A significant gesture. 2. A glance; a wink; a hint. 3. A riddle; a puzzle; an enigma.

Id, સમસ્યા પૂરવી To solve a riddle.

સમાગમ, *s. m.* [S. *fr.* सम् together + આગમ.] Meeting; society; company; association. 2. Junction; coalition.

સમાચાર, *s. m. pl.* [S. *fr.*+આચાર.] News; tidings; intelligence; account. 2. The enquiring into and relieving the wants and sufferings of the poor, sick, &c. 3. Inquiry as to one's health.

Id.–ના સમાચાર જોવા-લેવા To look after; to inquire after; to take an interest in.

સમાજ, *s. m. f.* [S.] An assembly; a meeting of respectable persons.

સમાણ, Same as **સમણ.**

સમાણી, *s. f.* [See સમાણો.] A goldsmith's small pinches.

સમાણું, *adj.* [See સમાન.] Like; equal.

કિંચિત્ શ્રમ ને લાભ ઘણેરો: નહિ કોઈ એહ સમાણું.
—**દયારામ.**

સમાણો, *s. m.* [See સમાન.] A goldsmith's pincers.

સમાધ, *s. f.* [See સમાધિ.] A tomb erected over the grave of a saint.

સમા-ધાન, *s. n.* [S. *fr.* सम् together + आ upto+धा to put.] Adjustment; settlement; solution. 2. Ease; relief. 3. Explanation; satisfaction of a difficulty. 4. Pleasing quiescence of mind; rest; quiet. 5. Abstract contemplation.

સમા-ધાની, *s. f.* Peace; quiet. 2. See **સમા·ધાન.**

Id. સમાધાની ઉપર આવવું To reach the stage of reconciliation (of a dispute). સમાધાની ઉપર લાવવું To bring a dispute to the stage of reconciliation.

સમા·ધિ, *s. f.* Deep and devout contemplation; silence. 2. Abstract contemplation; perfect absorption of thought into the one object of meditation, *viz.* the Supreme Spirit. 3. Self-immolation (of an ascetic). 4. Devout meditation. 5. See **સમાધ.**

Id. સમાધિ લેવી–ચઢાવવી To fall into deep devout contemplation. સમાધ લેવી To be buried or drowned while alive. સમાધિ લાગવી To be in deep devout contemplation.

સમાધિ-સ્થ, *adj.* [S. *fr.* + स्था to stand.] Engrossed in deep devout contemplation.

સમાન, *adj.* [S. *fr.* सम् together + अन् to breathe.] Equal. 2. Like. 3. Level; even. 4. *s. m.* Vital air considered as essential to digestion.

સમાન-તા, *s. f.* } [+ તા, પણું, abstract
સમાન-પણું, *s. n.* } suffixes.] Similarity.

સમાન-વૃત્તિ, *s. f.* [S. *fr.* + વૃત્તિ.] Evenness of mind; equanimity; the habit of regarding all things with indifference.

સમાનાધિકરણ, *adj.* [S. *fr.* + અધિકરણ.] Being in the same case or government (in Gram.).

સમાનાર્થ, *adj.* [S. *fr.* + અર્થ.] Having the same meaning (words).

Id. સમાનાર્થ શબ્દ Synonyms. સમાનાર્થ વા-

ક્રયયોગી Copulative conjunction.

સમાન્તર, *adj.* [S. *fr.* સમ equal+અન્તર.] Parallel; equidistant.

સમાપ્ત, *adj.* [S. See સમાપ્તિ.] Finished; completed.

સમાપ્તિ, *s. f.* [S. *fr.* सम् together + आप् to obtain.] End; conclusion; completion; *finis.*

સમાયક, *s. f.* [S. सामायिक collected in a body *fr.* समय coming together, a meeting, *fr.* सम् together + इ to go.] Sitting down together in a body for worshipping and saying prayers. (Used by Jains.).

સમારમ્ભ, *s. m.* [S. *fr.* सम् together + આરમ્ભ.] A commencement; a beginning 2.Celebration; pompous arrangements.

સમાર, *s. m.* [See સમાર·વું.] A flat board drawn on a field after sowing to cover the seed with earth.

સમાર·વું, *v. t.* [See સામું.] To correct; to repair; to mend;to erect after injury or dilapidation. 2. To adorn.

Id. શાક સમારવું To weed and make fit for cooking (of vegetables).

સમાર·વું, *v. t.* [See સંહાર·વું.] To cut.2. To kill.

કરવું અમારે કેમ ? કાલ શો તમારે નેમ ?
શત્રુઓ સમારો કિત્તા ? ભખો,ભખો, ભાઈ રે.—**વલ્લભ.**

સમાર·વું, Same as **સંભાળ·વું.**

સેવક વદે સમારી, વાણી થાય છે બિચારી;
શે શકું અમો ઉચારી, રાય આપ પાસ એ. —**વલ્લભ.**

સમાલવું, Same as **સમ્ભાળ·વું.**

સમાવ, *s. m.* [See સમાવ·વું.] Accommodation; room; space. 2. Capacity; the power of containing, holding, or comprising.

સમા·વ·વું, *v. t.* [S. समाप् to finish *fr.* सम् together + आप् to obtain.] To put in; to accommodate; to make room for 2. To include; to comprise.

સમા·વ·વું, *v. t.* [See શમા·વ·વું.]To abate; to mitigate; to pacify.

Id. કાળ સમાવવો To restrain one's own anger.

સમા·વું, *v. i.* [Passive of સમા·વ·વું.] To be contained in. 2. To be accommodated. 3. To ingratiate oneself with.

Id. ભોંયમાં સમાઈ જવું To be swallowed up by Mother Earth.

સમા·વું, *v. i.* [Passive of શમા·વ·વું.] To be mitigated.

Id. ઉભરો સમાઈ જવો To abate; to subside (of a swelling, rising,or excitement).

સમા·વેશ, *s. m.* [S. *fr.* सम् together + आ upto + विश् to enter.] Accommodation. 2. Inclusion.

સમાસ, *s. m.* [S. *fr.* + अस् to throw. See સમસ્ત.] Composition of words; formation of compound terms (in Gram.).2. A compound word; a noun formed by the combination of two or more words.3.Contraction.

સમાસ, *s. m.* [See સમાવ, સમાવેશ.] Room; accommodation.

Id.–માં સમાસ થવો To get on harmoniously or peaceably with.સાસરામાં સમાસ થવો To get on harmoniously with one's father-in-law's family (said of a married girl).

સમાસ, *s. m.* [S. समास *fr.* सम् with+વાસ, વસ·વું.] Dwelling in company with.

Id. તારે સાસરિયામાં સમાસ કરવો છે You have to dwell harmoniously with the members of your fother-in-law's family (said to a married girl).

સમાસક્ત, *adj.* [S. *fr.* सम् with+આસક્ત.] Devotedly attached.

સંબંધ વિના નથી રહેવાના, સર્વ સંબંધમાં સમાસક્ત.
—**ધીરો.**

સમાહાર, *s. m.* [S. *fr.* + आ upto + हृ to take way.] Collection; aggregation; assemblage.

સમી-કરણ, *s. n.* [S. *fr.* સમ equal+કરણ.] Algebraic equations;(In Mathematics). 2. Eqalizing; equalization.

સમીપ, *adj.* [S.] Near; nigh; close. 2. Contiguous. 3. Proximate.

સમીર, *s. m.* [S.] Wind.

સમી-સંધ્યા, સમી-સાંજ, *s. f.* [See સમીપ, or સામું, સંધ્યા, સાંજ.]The hour aboat even-tide;even-

ing twilight.

સમું, *adv.* [See સમ equal.] Entire; unbroken. 2. Right; proper. 3. Uninjured; in a good state. 4. Healthy; well.

સમુચ્ચય, *s. m.* [S. *fr.* सम् + उद् up + चि to collect.] A collection; an aggregation; an assemblage.

સમુદાય, *s. m.* [S. सम् together + उद् up + इ to go.] A multitude; a collection; a heap; a number (of things, persons, &c).

સમુદ્ર, *s. m.* [S.] A sea; an ocean.

Id. સમુદ્ર મંથન કરવું=સમુદ્ર ડોળવો=સમુદ્ર વલોવવો Lit. To churn the ocean. Hence, 2. To agitate, discuss, sift, scrutinize a very difficult subject.

Prov. સમુદ્ર તરીને ખાબોચિયામાં ડુબવું To swallow a whole ox and be choked with the tail. સમુદ્ર આગળ ખાબોચિયું A drop in the ocean. સમુદ્રનું પાણી કાંઇ સાવણીએ ખળે ? It is hard to fight with the wide ocean.

સમુદ્ર-ધુની, *s. f.* [S. See સામુદ્ર-ધુની] A strait.

સમુદ્ર-ફળ, *s. n.* [See સમુદ્ર + ફળ.] A kind of fruit; *Barringtonia acutangula.*

સ-મુરત, *s. n.* [S. सु well + મુહૂર્ત.] An auspicious time.

સમુળગું, } **સમુળું,** } *adj.* [S. समूलक *fr.* स with + મૂળ.] Whole; entire; all. 2. *adv.* Wholly; entirely.

સમૂહ, [S.] A multitude; a collection; a large number.

Id. જન-સમૂહ A multitude of people; the people; society.

સમૃદ્ધ, *adj.* [S. See *infra.*] Abundant. 2. Prosperous; thriving. 3. Rich; wealthy.

સમૃદ્ધિ, *s. f.* [S. *fr.* सम् much + ऋद्धि.] Abundance; plenty; profusion; prosperity. 2. Wealth; riches.

સમે, Same as **સમય.**

સમેટ-વું, *v. t.* [S. सम् together + विट-वुं.] To wind up. 2. To end; to close; to stop. 3. To crowd; to collect; to gather.

સમેત, *adj.* [S. *fr.* सम् together + इ to go.] Accompanied with; possessed of.

સમે-દાની, } **સમૈ-દાની,** } *s. f.* [See સમઈ + P. दान: place *fr.* दाश्तन्=S. धा to put.] A brass lamp-stand. 2. A candlestick.

સમૈયો, *s.m.* [See સમાજ or સમય time.] An assembly of the people of a porticular religious sect. 2. The time when such an assembly gathers together.

સમો, *s. m.* [Dh. Des. समओ *fr.* સમય.] Time. 2. Occasion. 3. Season.

Id. સારો સમો An auspicious occasion. સમો બારિક (કઠણ) છે It is a critical or difficult time. સમો આવવો To arise (of an occasion). સમો-આણવો-લાવવો To bring about a conjunction of events. સમો જોવો To examine or take into consideration the circumstances of the time.

Prov. સમે વર્તે સાવધાન To hit the nail on the head: To strike when the iron is hot: When you are an anvil hold you still, when you are a hammer strike your fill. સમે કામ લાગ્યું તે ખરૂં A friend in need is a friend indeed.

સમોતી, *s. f.* [See સમા-વું *fr.* સંવાસ.] Happiness or tranquility obtained by living together in harmony.

સમોતું, *adj.* Honoured or fondled on account of peaceable and loving qualities displayed in living together (spoken of a newly married girl living in her father-in-law's family).

પરણ્યાનો ઓરિયા નવ વીત્યો, જાત સાસરે સમોતી.

—**પ્રેમાનંદ.**

સમો-તું, *adj.* [See સમા-વું, સમાવ-વું; સામટું.] Taken together; taken as a whole.

બહુ કમળનો ભાર, શકટે સમોતો. —**દયારામ.**

સમોવડ, } **સમો-વડાઈ,** } **સમો-વડી,** } *s f.* [See સમ + વૃત્તિ, વડ.]

A feeling of equality; evenness of mind. 2. Condescension.

છોટું હોયે તો પણ સમોવડાઈ દાખીએ જો.— **દયારામ.**

સમો-વડ, } **સમો-વડાઈ,** } **સમો-વડી,** } *s. f.* [See સામું વૃત્તિ, વડ.]

Rivalry; competition. 2. Enmity.

સમો-વડિ-યું, *adj.* [See સમ, સામું +વાડ.] Homogeneous; of the same kind. 2. Rivalling; standing in competition with.

સમ્પ, *s. m.* [S. सम् together + पत् to fall.] Union; unanimity; harmony;unity.

Id. સંપ કરવો To make an alliance. સંપ રાખવો To keep the peace. સંપ સંપીને Peacefully; harmoniously.

Prov. સંપ ત્યાં જંપ Lit. where union is there is peace. From prudence peace,from peace abundance.

સમ્પત, [S. संपद] Same as **સમ્પત્તિ.**

Prov. સમ્પત હોય થોડી, તો રાખીએ ગાય કે ઘોડી Barefooted men should not go among thorns.

સમ્પત્તિ, *s. f.* [S. *fr.* सम् together + पद् to go.] Riches; wealth.

સમ્પન્ન, *adj.* Possessed of. 2. Rich; wealthy.

સમ્પર્ક, *s. m.* [S.] Contact; society.

સમ્પ સમ્પીલું, *adj.* Same as **સમ્પીલું.**

સમ્પાડ-વું,*v.i.* [See સમ્પાદ-વું.] To have or get made (as ornaments).

સં-પાત, *s. m.* [S. *fr.* + पात falling *fr.* पत् to fall.] Falling together;meeting together; concurrence; collision.

સમ્પાદ-ન,*s.n.* [S. See સમ્પત્તિ.] Acquiring; attaining; acquisition.

સમ્પાદ-વું, *v. t.* To acquire; to attain.

સમ્પી-લું, *adj.* [See સમ્પ.] Unanimous; united; living in hormony.

સમ્પુટ, *s. n.* [S. सम्पुट a casket/*fr.* सम् together + पुट a cavity.] A kind of casket, composed of two concave bodies joined mouth to mouth,just like the cavity formed by the palms hollowed and placed over each other;the two hands folded one over the other. 2. A cavity.

સમ્પૂર્ણ, *adj.* [S. *fr.* + પૂર્ણ.] Finished; completed. 2. All; whole; entire.

સમ્પ્ર-દાન, *s. n.* [S. *fr.* + प्र forth + દાન.] The relation between,a noun and its verb in a sentence, shown by the Dative case (in Gram.).

સમ્પ્ર-દાય, *s. m.* [S. See સમ્પ્ર-દાન.] Custom; practice. 2. A religious sect.

સમ્બન્ધ, *s. m.* [S. *fr.* + बन्ध् to bind: See બાંધ-વું.] Relation; connection; affinity. 2.Relationship.

Id. સંબંધ રાખવો To be related to; to have relation or concern with.લખાણનો સંબંધ The contents of a writing.સંબંધ મળવો બેસવો To be fitting. સંબંધ જોડવો To make fitting. 2. To make a marriage contract; to join in marriage one family with another.

સંબંધ-ક, *adj.* Connecting.

સમ્બન્ધી, *adj.* [S. संबन्धिन्, संबन्धी *fr.* સમ્બન્ધ.] Connected with. 2. *s. m.f.* A kinsman; a relative.

સમ્બન્ધી સર્વનામ, *s.n.* [+ સર્વનામ.] A relative pronoun.

સમ્બોધ-ન, *s. n.* [S. *fr.* सम् together + बुध् to know.] Addressing; calling. 2. The Vocative case (in Gram.).

સં-બોધ-વું, *v.t.* To call;to address.

સ્વામીએ સંબોધી નારી,
ઓખાએ ચિત્રલેહા મૂકી વિસારી. —પ્રેમાનંદ.

સમ્ભવ, *s.m.* [S. *fr.* + भू to be.] Probability; likelihood; possibility. 2. Evident congruity; consistency. 3. Origin; birth; production.

Id. સંભવ હોવો-રહેવો To be possible.

સમ્ભ-વ-વું, *v.i.* To be probable; to be likely. 2. To consist suitably;to be consistent. 3. To originate; to arise.

સમ્ભવિ-ત, *adj.* Probable; likely.

સમ્ભળા-વ-વું, *v.t.* [Causal of સાંભળ-વું.] To cause to hear. 2. To inform; to make known. 3. To utter, or deliver,(a speech, a lecture, &c.).

Id. બે શબ્દ સંભળાવવા To use abusive language.2. To remonstrate. 3. To request in humble terms.

સમ્ભાર, *s. m.* [S. सम् together + भृ to fill.] Salt and spices powdered and used in stuffing pickles with.

સમ્ભાર-ણું, *s.n.* [See સમ્ભાર-વું.] A token of remembrance; a memento; a keepsake. 2. A memorial. 3. A gift for fame

Id.સંભારણું રહેવું To be a token of remem

brance. સંભારણું રહે એવું કરવું To do a work where by one's memory will by perpetuated.

સમ્ભાર·વું, *v. t.* [Dh. Des. संथरियं *fr.* S. स्मृतम् remembered.See **સ્મરણ.**]To remember.

સમ્ભારિ·યું, *adj.* [See **સમ્ભાર.**] Mixed with powdered salt and spices.

સમ્ભાવ·ના, *s. f.* [S. See **સમ્ભવ.**] Possibility; the sense expressed by the Potential Mood. 2. Respect; respect shown in welcoming a guest.

સમ્ભાવિ·ત, *adj.* Possible; probable. 2. Respectable; honoured.

સમ્ભાષ·ણ, *s. n.* [S. *fr.* सम् together + ભાષણ.] A conversation.

સમ્ભાળ, *s. f.* [See સમ્ભાળ·વું.] Care; heed. 2. Protection; taking care of.

Id. સંભાળ લેવી–રાખવી To take care of સંભાળ નીચે Under the care of.

સમ્ભાળ·વું, *v. t.* [See સમ્ + S. भाल the forehead: See ભાળ·વું.] To take care of. 2. To protect; to preserve. 3. To be cautious.

સમ્ભોગ, *s. m.* [S. *fr.* सम् together+ભોગ.] Enjoyment. 2. Sexual enjoyment; copulation.

સમ્ભ્રમ, *s. f.*[S. *fr.*+ભ્રમ.]Wild thoughts; ravings. See **ભ્રાન્તિ.**

સમ્મત, *adj.* [S. See સમ્મતિ.] Approved of. 2. Agreed or assented to. 3. *s. m.* Approval; consent.

માંહે સંમત છે હરિવંશ તણો, વળી શ્રીભાગવતની કથાય છે.
—**ગિરિધર.**

સમ્મતિ, *s. f.* [S. *fr.* सम together + मन् to think.] Assent; approbation; approval; consent. 2. Concurrence; agreement.

Id. સંમતિ લેવી–મેળવવી To get the approval or sanction of. સંમતિ આપવી To give one's approval or sanction.

સમ્મર્દ, *s. m.* [S. *fr.* + मृद् to crush.] Hard fighting.2.A great war. 3. Friction; rubbing.4. Jostling in a crowd.5.A crowd.

સમ્માર્જની, *s. f.* [S. *fr.* + मृज् to wipe; See માર્જન.] A broom.

સમ્મુખ, *adj.* [S. *fr.* + मुख.] Facing; face to face; opposite.

સમ્યક, *adv.* [S. *fr.* + अञ्च् to go.] Well; properly.

સમ્રીત, Same as **સ્મૃતિ.**

સય, Same af **શત, સો.**

સર, *s. n.* [S. सरः.]A lake;a pond.

સર, Same as **શર.**

સર, *s. m.* [S.] A string; a necklace.

સર, *s. m.* [Eng. *Share.*] A share in a joint stock company.

સર, *s. n.* [P. See શિર.] The head. 2. *adj.* Chief.3. *adv.* and *prep.*According to; following.

Id. સર કરવું To conquer.

સર, *s. m.* The amount of interest calculated in dokaḏās (દોકડા) at one per cent per mensem.

સર·ઇયો, *s. m.* [S. सुरभि fragrant.] One who sells perfumery; a perfumer.

સર·કટ, *s. n.* [See શર+કાષ્ટ.] An arrow-stick. 2. A bundle of firewood.3.A species of coarse grass or reed.

સરકા·ણું, *adj.* [See સરક·વું.] Slippery. 2. Smooth. 3. *s. n.* Slipperiness.

સરક·વું, *v. i.* [S. सृ, सर्, to move.] To move.

તેણે કહ્યું,"સરકો સહુ, એક મંત્ર હું પાસે."—**દયારામ.**

2. To slip; to slide. 3. To slip away;to run away stealthily;to slink off;to sneak away.

સમજી સખા સરકી ગયા, મહારાજ;
હો જી રે, સખીઓએ માંડી ધામધુમ.—**દયારામ.**

Id. સરકી જવું To slip away; to slink; to sneak off.

સર·કસ, } **સર·ગસ,** } *s. n.* [P. शहरगश्त going round the town *fr.* શેહેર, + P. गश्तन to go round.] A procession. 2. A show; a spectacle. 3. [Eng. *Circus.*] A circus.

Id. સરગસ ચઢાવવું To form and start a procession. 2. To set going; to begin. 3. To expose to public ridicule.

સર·કાર, *s. f.* [P. *fr.* **સર** the head+कार्= S. कार्य.] The Government; the supreme power or authority. 2. The administrator of a government; the supreme magistrate; a sovereign. 3. A mistress; a sweetheart.

4. A fool.

Id. સરકાર દરબારે ચઢવું To appeal to law; to sue.

Prov. સરકારનાં ઘોડાં કાંઈ ભૂખે મરવાનાં નથી A great man's dependents are never in trouble. જે જાય સરકાર, તેનાં જાય ઘરબાર The expenses at law are ruinous: Law licks up all. સરકાર દરબારના અવળા પગ Justice is blind: The more law the less justice.

સર૰કારી, *adj.* Relating to Government; conected with Government; governmental. 2. Belonging to many; public.

Id. સરકારી રસ્તો A public road. સરકારી or દરબારી માણસ A man familiar with affairs at a king's court; a man of influence at a king's court; a high officer

સર૰કાવ૰વું, *v. t.* [Causal of સરક૰વું.] To push or to move a little.

Id. સોડો તાણવો To cover one's face with one's garment and lie in idleness.

સોણ, *s. f.* A wooden tack.2. A lobster. 3. A pawn. 4. A cuttle-fish. 5. A crustaceous fish.

[illegible]ણ, *s. f.* [See સંડ, સંઢ.] A nail; a peg; a wedge.

સોણું, *s n.* [See સમણું, સ્વપ્ન.] A dream.
આવ્ય નવ હાય ! સોણાં, વર્યા હર્યા ધનમાં.
—વલ્લભ.

સોત, સોતું, } *adv.* [See સહિત.] Along with; including.

સોત્કંઠ, *adj.* [S. *fr.* स with+ઉત્કંઠ.] Having anxiety or eagerness.2. *adv.* Anxiously; eagerly.

સોદા૰ઈ, *s. f.* [See સોદું.] Roguery; cunningness.

સોદા-ગર, *s. m.* [P. *fr.* સોદો,+ गर= S.कर् a doer *fr.* कृ to do.] A merchant who deals in valuable things; or with large sums.

સોદા-ગિરી, *s.f.* Dealing in valuable things, or with large sums. 2. *adj.* Mercantile; commercial.

સોદું, *adj.* [P. शहद: roguish.] Roguish; knavish; cunning.

સોદો, *s. m.* [P. सादा dealing.] Trade; traffic. 2. Merchandise.3.Marketing. 4. A bargain; the purchase or sale of goods; buying and selling; mercantile dealings.

સોધ૰વું, Same as **શોધ૰વું.**

સોધા-સોધ, *s. f.* An anxious search in

many places.

સોનાં-પાણી, *s. n.* [See સોનું+પાણી.] Purification by being sprinkled with water touched with gold, when there is only a suspicion of having come contact with a polluted thing.

સોના-ગેરૂ, *s. m.* [+ગેરૂ.] A kind of red ochre.

સોના-મુખી, *s. f.* [See સોનું+મુખ.] Senna.

સોનાર, *s. m.* [S. सुवर्ण-कार. See સોનું + S. कार a doer *fr.* कृ to do.] A goldsmith.

સોનાર-ણ, *s. f.* Fem. of **સોનાર**.

સોની, *s. m.*[See સોનું.] A goldsmith.

Prov. સોની સગી બહેનનો નહિ A goldsmith will steal even from his sister.

સોનું, *s. n.* [See સુવર્ણ.] Gold.

Prov. સોના કરતાં ઘડામણ મોઘું Great toil and little work. સોનું દેખી મુનીવર ચળે Gifts break rocks: Money makes the mare go. સોનું જોઈએ કસી, માણસ જોઇએ વસી Judge not of men or things at first sight. સોના કરતાં પીળું શું ? As yellow as a golden sovereign. સોનાના ચૂડાવાળી દાતણવાળીનું ખાય The rich eat up the labours of the poor. સોનાંની થાળીમાં લોઢાની મેખ You spoil a good dish with an ill sauce. સોનું મૂકીને પીતળમાં કોણ હાથ ઘાલે ? If you can kiss the mistress, never kiss the maid. સોનું લંકામાં, તે શા કામનું ? Honey is sweet, but the bee stings = It is good fish, if it were but caught. સોનાને શ્યામતા વળગે નહિ Truth has no shame. સોનું ને સુગંધ (બે એકઠાં મળ્યાં છે) Wealth and high birth meet (in him). સોનાની કટાર કમરે બંધાય, કાંઇ પેટમાં ખોસાય ? Everything in its proper place. સોનાની રતીનું મૂલ, પણ કર્મની રતીનું મૂલ નહિ Nobody can predict what a man may accomplish. સોનું તાવે, તેમ ચોખું Gold shines the brighter, the more it is heated.

સોનેરી, *adj.* Golden.

Id. સોનેરી કેળું A bright yellow plantain.

સોનૈ-યો, *s. m.* A gold coin.

Id. સોનયો કે રૂપૈયો ? A game for children, played in water.

સોપાન, *s.n.* [S.]A stair-case; the stairs. મણિ સ્ફાટિકનાં સોપાન જળ નિર્મળ સુગંધવાન.
—ગિરિધર.

સોપારી, *s. f. n.* [Guj. સોપાલા the name of a port.] The Areca-nut. 2.The fruit of *areca catechu.*

Id. સોપારી આપવું To appoint to perform a religious act. 2. To hand over the result of one's religious acts.

સોફ-વા, *s. m.*[S. शोफ swelling+ વા, વાત.] A disease in which the whole body is swollen.

સોબત, *s. f.* [Ar. सुहबत.] Company; association;companionship. 2. Co-habitation; sexual intercourse.

Prov. સોબત તેવી અસર, સોબતે અસર, તુખમે તાસીર A man is influenced by the company he keeps.

સોબતી, *s. m.* A companion; an accomplice.

સોભ, *s. m.* [See શોભા; Or, શુભ.] Songs sung by women when the bride and bridegroom are taken before a god to get his blessing.

સોભ-વું, Same as **શોભ-વું**.

સોભા, Same as **શોભા**.

સો-ભાગ, *s. m.* [See સૌ-ભાગ્ય.] The state or position of a woman whose husband is alive; wifehood. 2. The dress, ornaments and other marks worn only by those women whose husbands are alive.

સોભાગ-વટુ, *s.n.*[+વૃત્તિ.]A piece of wood fixed to the upper part of the frame of a door.

સોભાગ-વતી, } **સોભાગ્ય-વન્તી**, } [+S. वती *fem.* of वत्=વાળું having,]A married and unwidowed woman.

સોભાગ્ય-પઞ્ચમી, *s. f.* [+પઞ્ચમી.] The fifth day of the bright half of Kārtika. (Oct-Nov.)

સોમ, *s. m.* [S.] The moon. 2. Monday. 3. The *soma* plant or its juice.

સોમ-યજ્ઞ, } **સોમ-યાગ**, } *s. m.* [S. *fr.* + યજ્ઞ, યાગ.]A sacrifice at which the juice of the *soma*

plant is drunk.

સોમ-રાજ, *s. m.* [S. *fr.* + રાજ, રાજા.] A king who has performed the રાજ-સૂય-યજ્ઞ (thr sacrifice performed by the supreme king).

સોમલ, *s. m.* [Ar. सम्मुलफ़ार (often used in Guj. as સોમલખાર) a poison for rats *fr.* सम a poison+उल of+फ़ार a rat.] White arsenic.

સોમ-વંશ, *s. m.* [S. See સોમ + વંશ.] The lunar race or dynasty.

સોમ-વતી, *adj. f.* [See સોમ the moon + S. वत् વાળું having.] The last day of the lunar month happening on a Monday.

Prov. સોમવતી અમાસ ને શુક્રવાર (એટલે કોઈ દૂહાડો નહિ) When two Sundays come together, *i. e.*, never.

સોમ-વલ્લી, *s. f.* [S.See સોમ a plant+વલ્લી.] The *soma* plant.

સોમ-વાર, *s. m.* Same as **સોમ**. 2.

સોય, *s. f.* [Hem. Des. सिव्वी, सिव्विणी = S. सूची a needle. See સીવ-વું. Or S. सूचि.] A needle.

Prov. સોય કેડે દોરો A necessary adjunct= When the crow flies,her tail follows.સોયની ચોરી ને એરણનો માર A disproportionate punishment.

સોય, *pron.* [S. सः he.] He; that. (Used in poetry.).

સો-ય, *pron.* Same as **સૌએ**.

માત તાત સુત ભ્રાત ને ભગની, સગાં સહોદર સોય.
—**દયારામ.**

સોયણી, *s. f.* [See શોભા.] The name of a particular mode of music.

સોયમ, *adj.* [See સીયમ.] (Land) Of the third or inferior class;rough,and of a light-brown colour.

સોયલું, *adj*, [See સહેલું, સેહેલું, સુલભ.] Easy. 2. Not intricate.

એ સર્વે તો સોયલું, દોહલું કામ છે જારીનું;
નિશ્ચે દોહલું નિર્ખવું, વશીકરણ જે નારીનું.
—**સામળભટ.**

સોયો, Ssme as **સાઈયો**.

સોર, Same as **શોર**.

સોરંગી, *s. f.* [Hem. Des. सुरंगी *fr.* S. शिग्रु-तरुः a particular kind of pot-herb; or, See સુ+રંગ.] A kind of vegetable product from which a red dye is made.

સોરઠ, *s.m.*[S. सौराष्ट्र the name of a province of India *fr.* સુ + રાજ્ય.] A district of this name in Kāṭhiāwāḍa.2. A particular musical mode.

સોરૂઠો, *s. m.* A mode of music.

સોરતી, *s. f.* [Eng. *Surety, security.* જામીન.] A lottery; a distribution of prizes by chance; a raffle.

સોરમ, **સોરમ્ભ**, } *s. f.* [S. सौरभ्य fragrance *fr.* सुरभि fragrant.]Fragrance; odour.2. Smell.

સોર-વ-વું, *v. i.* [See સુ + રમ-વું.] To be agreeable; to suit.

સોર-વું, *v. t.* [See સારવ-વું; or, છોલવું.] To scrape; to peel; to take off the outer hard layer or skin; to flay. 2. To pierce with unkind words; to use abusive language.3. To be sorry at the remembrance of past events or associations; to pine and waste away.

Id. ગાળો સોરવીTo use abusive language. વહુ પીયર સંભારી સોરે છે A daugter-in-law becomes sorry when she remembers her father's house.

સોરા-ટ-વું, **સોરા-ડ-વું**, }*v. t.*[Caus. of સોર-વું.] To use abusive language.

સોરા-વું, *v. i.* [Passive of સોર-વું.] To be peeled; to be skinned.

સોરા-સોર, *s. m.* [Redup. of સોર, શોર.] A noise of several persons speaking at the Same time; an uproar.

સોરા-સોર, *s. f.* [Redup. of શોધ. *Cf.* શોધા-શોધ.] A search by several persons in several ways.

સો-વરણુ-ર્યું, *adj.* [See સુ+વર્ણ.] Having good appearance; beautiful.

સોરણ, *s. f.* [See સોર-વું.] Being sorry for the remembrance of;pining and wasting away; anxiety at the absence of.

સોવરા-વ-વું, *v. t.* [See શોભા-વ-વું.] To beautify.

જ્ઞાન વૈરાગ્ય બાજુબંધ સોવરાવું. —**ગોપાળ.**

સો-વસો, *adv.* [See સો a hundred+વસો.] Most likely;most probably;in all likelihood.

સોં-વું, *v. t.* To sift by moving a winnowing fan from one side to the other; to sift.

સોસ, *s. m.* [See શોષ.] Strong thirst. 2. Parchedness (from thirst). 3. A strong desire.

Id. સોસ લાગવો-પડવો To feel thirsty.

Prov.સાસ લગી સોસ Hope lasts with life.

સોસવાટ, **સોસવાળ,** } *s. f.* [See સોસવાડ.] An alligator.

સોસ-વા-વું, *v. t.* [See શોષ.] To be dried up. 2. To become lean.

સોસ-વું, *v. t.* [See સેહે-વું, સહન.] To endure; to suffer; to bear.

સોસ-વું, *v. t.* [See શોષવું, ચુસ-વું.] To dry up; to be absorbed. 2. To suck.

સોહ-ણી, *s. f.* [See શોભા.] Beauty.

મુખ તણી મોટી મોહની, ઉપર અલક તણી સોહણી.
—**ગિરિધર.**

સોહણું, *s. n.* [See સપનું, સ્વપનું, સ્વપ્ન.] A dream; a vision; an illusion.

સોહમ્, [S. *fr.* स he + अहम् I.] A doctrine—"I and He,(the Deity,)are one".2. An exclamation supposed to be uttered by every child in the womb. 3. A sound said to be heard by the individual soul when deeply contemplating the Universal Soul.

સોહ-લું, *adj.* [See સોહ-વું.] Good; auspicious. 2. *s. n.* Auspicious ceremonies; merry-making; holiday merriment and joyous sport; tumultuous glee and gaiety.

સખી માગસર મહીને મન માંહિ, કોણ કરે સોહલાં ?
જેના પિયુડા ઘર દેશ, બાળપણ દોહલાં. —**રામૈયો.**

સોહ-વું, [Hem. Des. सह-इ=S. राजते it appears splendid, *fr.* शुभ्, શોભ-વું.] See **શોભવું**.

સોહાગ,*s. n.* [See સૌ-ભાગ્ય.] Good luck; good fortune.2. That which gives beauty.

સો-હાગ-ણ, Fem. of **સો-હાગી.**

સો-હાગી, *adj.* Enjoying oneself; devoted to pastime and pleasure,fun and frolic.

સોહા-મણું, *adj.* [See શોભા, શોભી-તું.] Pretty; comely; handsome; beautiful. 2. Magnificent.

સોહા-વું, [Hem. Des. सोह-इ *fr.* S. शोभ-ते it is splendid.] See **સુહાવું, શોભવું.**

સોહાસણ, *s. f.* [S. सु-वासिनी *fr.* सु well + वस् વસ-વું to dwell.] A married woman in the state of happy wifehood.

સોહિ-ની, *s. f.* [See સોહ-વું.] A beautiful woman.

માનિની મંજુલ મોહિની, સોહિની,
ક્યાંઈ સ્વામી ધરી ભર નિદ્રા. —**વલ્લભ.**

સોહેણી, Same as **સે-ચ-ણી.**

સોહોડ, Same as **સોડ.**

સોહોર, Same as **શોર.**

સોહો-વું, Same as **સુહાવું, સોવું, શોભવું.**

સોહેળો, *s. m.* [See સોહલું.] Festivity; a festive occasion.

સોહ્યલું, Same as **સેહેલું.**

સો-ળ, Same as **સળ.**

સોળ, *adj.* [S. षोडश *fr.* षष्, षड्, six + दश ten.] Sixteen; 16.

Id. સોળ સણગાર The 16 kinds of decorations put on by a woman to adorn herself.

Id. સોળે સણગાર સજીને, In full dress and splendour (said of a woman). સોળ વાલ ને એક રતી Quite exact; just. સોળ કળા The sixteen digits of the moon. સોળે કળા સંપૂર્ણ Complete in all its parts. સોળ સંસ્કાર See under સંસ્કાર.

Prov. સોળે સાન ને વીસે વાન The intelligence of a person reaches its height at the sixteenth year, and his complexion at the twentieth.સોળે સોટકી કાચી છે Everything remains yet to be done.

સોળું, *s. n.* [Hem. Des. सुइओ=S. चाण्डालः a person of the lowest order *fr.* S. शुचिः pure, clean, (by euphemy). Or. S. सोज्ज्वल bright, clean, *fr.* स much +ઉજ્જ્વલ.]A cloth washed and kept apart to be put on at the time of ceremonial cleanliness.

સોળેયો, *s. m.* [See સોળ.] A rafter 16 feet long.

સૌ, Same as **સર્વ.**

Prov. સૌ ગયાં સગે વગે, ને, બાઈ રહ્યાં ઉભે પગે Pride goes before destruction. સૌ કહે બાપડી કોઈ ન સીવે કાપડી He is my friend that suc-

coureth me, not he that pitieth me. સૌની ગત તે વહુની ગત=સૌનું થશે તે વહુનું થશે=સૌ સાથે મરવું તે વિવાહ જેવું ગણવું All are rowing in the same boat. સૌ સારૂં જેનું છેવટ સારૂં All's well that ends well. સૌ કોઈ પોતાનું નશીબ સાથે લઈ આવે છે God never sends a mouth, but He sends meat. સૌ સૌનાં ગીત ગાય Every cook praises his own broth. સૌમાં શૂરો એકમાં નહિ પૂરો Jack of all trades, but master of none. સૌ સૌને ચડતી પડતી ચાલી જાય છે Every man has his ups and downs in life. સૌ સૌનાં મન સવા શેર I am always number one. Take care of number one. સૌનાં ઘર ગારે લીંપ્યાં છે. Every-one has his own failings.

સૌ-ભાગ્ય-દ્રવ્ય, *s. n.* [S. *fr.* + દ્રવ્ય.] Auspicious things, such as હળદર (turmeric), કંકુ (red powder of turmeric), અક્ષત (unbroken rice), &c.

સૌ-કુમાર્ય, *s. n.* [See સુ-કુમાર.] Delicacy; softness.

સૌખ્ય, Same as સુખ.

સૌ-જન્ય, *s. n.* [S. *fr.* સુજન.] Goodness. 2. Kindness.

સૌદામિની, *s. f.* [S.] Lightning; a flash of lightning.

સૌન્દર્ય, *s. n.* [S. See સુન્દર.] Beautifulness; loveliness; elegance; handsomeness; gracefulness.

સૌ-ભાગ્ય, *s. n.* [S. See સુ+ભાગ, ભાગ્ય.] The happy and joyous state of wifehood (as *op.* to widowhood). 2. Good fortune.

સૌભાગ્ય-વતી, *s. f.* [S. *fr.* + वती *fem.* of वत्=વાળું having.] A married unwidowed woman.

સૌ-ભાગ્ય-વર્ધક, *adj.* [S. *fr.* + વર્ધક.] Conducive to the promotion of the state of happy wifehood (of religious ceremonies).

સૌમ્ય, *adj.* [S. See સોમ the moon.] Mild; soft; gentle. 2. Handsome; pleasing.

સ્કંધ, *s. m.* [S.] The shoulder. 2. The trunk of a tree. 3. A chapter; a section of a book; any division, branch, part, or section of a book.

સ્તન, *s. n.* [S.] The female breast. 2. The teat; an udder or dug of any female animal.

સ્તન-પાન, *s. n.* [S. *fr.*+પાન drinking.] Sucking of the breast or teat.

સ્તન-વત્, *adj.* [S. *fr.* + वत्, વાળું having.] Having teats.

Id. સ્તન-વત્ પ્રાણી A mammal.

સ્તબ્ધ, *adj.* [S. *fr.* स्तम्भ् to be stiff.] Stiffened. 2. Brought to a stand. 3. Transfixed in thought; paralyzed; senseless; stupefied. 4. Surprised.

સ્તમ્ભ, *s. m.* [S. See થાંભલો.] A post; a column; a pillar.

સ્તમ્ભન, *s. n.* Stopping; arresting. 2. Suppressing (as of the functions or faculties of an animal by magical incantations, medicines, &c.); stunning; benumbing; paralyzing. 3. Depriving a limb or an organ of its function. 4. Anything (a charm, &c.) by which a limb is deprived of its power to move.

સ્તવન, *s. n.* [S. *fr.* स्तु to praise.] Praise; lauding. 2. A song or verse composed in praise of; a hymn.

સ્તવવું, *v. t.* To praise; to laud; to glorify; to magnify.

સ્તુતિ, *s. f.* Praise; commendation; eulogy.

સ્તુતિ-પાઠ, *s. m.* [S. *fr.* + પાઠ.] Singing or reciting of praises.

સ્તુતિ-પાઠક, *s. m.* [S. *fr.* + પાઠક.] A bard.

સ્તુતિ-પાત્ર, *adj.* [S. *fr.* + પાત્ર.] Deserving praise; praiseworthy.

સ્તુત્ય, *adj.* Fit to be praised; praiseworthy.

સ્તોત્ર, *s. n.* A hymn. 2. Praise; a panegyric; a eulogium.

સ્ત્રી, *s. f.* [S.] A woman; a female. 2. A wife.

Prov. સ્ત્રીની બુદ્ધિ પાનીએ Women are short-sighted. સ્ત્રીની આગળ સાચું ન બોલવું He who tells his wife all is but newly married. સ્ત્રી કોઈની થઈ નથી ને થવાની નથીઃ સ્ત્રી જાતનો વિશ્વાસ નહિ *No relying on wine, women, and fortune.* સ્ત્રીની આંખમાં આંસું તો ભરેલાંજ Women

laugh when they can,and weep when they will. સ્રીનું જોર જબરૂ Women can do everything,for they rule those who command everything.સ્રીનું જોર જીભે A woman's strength is in her tongue. સ્રી વિના સૂનો સંસાર, ગોળ વિના મોળો કંસાર No life without wife. સ્રીહઠ પૂરી ન પડે Swine, women, and bees cannot be turned.

સ્રી-કેસર, *s. n.* [S. *fr.*+ કેસર.] A tendril.

સ્રી-ચરિત્ર, *s. n.* [S. *fr.* + ચરિત્ર.] The feats and exploits of women; the marvellous and subtle doings of the fair sex.

Prov. સ્રીચરિત્રને રોતાં બાળ, તેનો કોઇ પામે નહિ પાર Women's doings are as deep as an ocean.

સ્રી-ધન, *s. n.* [S. *fr.* + ધન.] Woman's peculium; the property altogether at the disposal of the wife.

સ્રી-લમ્પટ, *adj.* [+ લમ્પટ.] Devotedly attached to woman; engrossed by woman; licentious;of a loose and immoral character.

સ્રી-લિઙ્ગ, *s. f.* [S. *fr.* + લિઙ્ગ.] The feminine gender (in Gram.).

સ્રી-સમાજ, *s. m.f.* [S.*fr.* સમાજ.] An assembly of women.

સ્રી-હઠ, *s.f.* [See સ્રી+હઠ.] The natural obstinacy of woman.

સ્રી-હત્યા, *s. f.* [S. *fr.* + હત્યા.] Killing a woman.

સ્રી-હરણ, *s. n.* [S. *fr.*+हृ to take away.] The forcible abduction of a woman.

સ્થ, *adj.* [S. *fr.* स्था = L. *Sto*=Gr. *Histemai*=P. स्त to stand.] That stands,stays, rests, abides. (Used at the end of a compound, *e. g.* **આશ્રમસ્થ.**)

સ્થળ, *s. n.* [S. स्थल *fr.* स्था to stand.] A place; a spot. સ્થળદેવતા A local or rural deity. સ્થળમાર્ગ Way by land.

સ્થળ-ચર, *adj.* [S. *fr.* चर् to walk, to live.] Living on land (opposed to જળ-ચર living in water.

સ્થાણુ, *s. m.* [S. *fr.* स्था to stand.] A pillar. 2. A post; a stake.3. An epithet of Shiva. 4. *adj.* Immovable; steady; firm.

સ્થાન, *s.n.*A place; a spot.2.A station; a position. 3. A situation; a site; a local position. 4. An appropriate point. 5. The place or organ of utterance of any letter (in Gram.), *e. g.* મુર્ધસ્થાન. 6. An abode; a dwelling-place.

Id.સ્થાનભ્રષ્ટ Dismissed from office; deposed; displaced.

સ્થાન-ક, *s. n.* An abode; a residence. 2. A situation;a place.3. The principal place of residence;the head-quarters;one's proper place or rank.

સ્થાનિ-ક,*adj.*Belonging to a place;local.

સ્થાપ-ક, *adj.* [S. See સ્થાપ-વું.] That places,sets,fixes.2. That establishes, erects, institutes, founds,sets up. 3. That settles, orders, ordains, appoints, determines. 4. That substantiates, prover, verifies.

સ્થાપ-ના, *s.f.* Placing; setting; fixing. 2. Establishing; erecting; founding; instituting.5. Settling; ordering; ordaining; appointing; determining. 4. Substantiating; proving; verifying. 5. Fixing or concentrating the thoughts upon the object of worship or meditation (as among devotees).

સ્થાપ-વું, *v.t.* [S. स्थाप् to cause to stand *fr.*स्था to stand.] To place;to fix.2. To erect; to establish.3.To substantiate.

સ્થાપિત, *adj.* Established. 2. Verified; proved.

સ્થા-યી, *adj.* [S. स्थायिन्,स्थायी, *fr.* स्था to stand.]Durable; lasting; permanent;steady. 2. That stays, abides, rests, dwells.

સ્થાયી-ભાવ, *s.m.* [S.*fr.* + ભાવ.] A feeling or passion as an object of dramatic or poetical description; a lasting feeling (Eight are reckoned, *viz.*રતિ,હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, an વિસ્મય.)

સ્થા-વર, *adj.* Fixed; immovable. સ્થાવરજંગમ (Law). Movable and immovable property.સ્થાવર મિલકત Immovable property.

સ્થિતિ, *s.f.* State; condition; situation; position; dignity. 2. Residence;stay. 3. A settled state.

સ્થિતિ-સ્થાપક, *adj.* [S. *fr.* + સ્થાપક.]

Elastic.

સ્થિતિ-સ્થાપક-તા, *s. f.* Elasticity.

સ્થિ-ર, *adj.* Steady; settled; fixed; firm; still. 2. Cool; calm; composed; quiescent; collected.

Id. સ્થિર રાખવું To keep steady.

સ્થિર-તા, *s. f.* Settledness; steadiness. 2. Coolness; calmness; composure.

સ્થૂળ, *adj.* [S. स्थूल.] Large; great. 2. Stupid; dull. 3. Dense; gross. 4. Big; thick; bulky; huge. 5. Fat; corpulent. 6. Not attenuated or subtile. 7. Coarse; rough (of a calculation, &c).

Id. સ્થૂળ દૃષ્ટિ=સ્થૂળ વિચાર Ordinary thought. સ્થૂળ દૃષ્ટિએ જોતાં Speaking generally; looking at from general considerations. સ્થૂળ દૃષ્ટિવાળા માણસ Men of ordinary vision.

સ્થૂળ-દેહ, *s. f.* } **સ્થૂળ-શરીર,** *s. n.* } [+ દેહ, શરીર.] The grosser or material and perishable body (as *op.* to **સુક્ષ્મ-શરીર.**)

સ્નાત, *adj.* [S. See સ્નાન.] Bathed.

સ્નાન, *s. n.* [S. *fr.* स्ना to bathe.] Ablution; bathing. 2. Ceremonial ablution in connexion with a deceased person. 3. Ceremonial purification of the body (through ablution with water, or through smearing ashes, &c.

સ્નાયુ, *s* [S. Eng. *Sinews.*] A tendon; a muscle. (Generally used in *pl*).

સ્નેહ, *s. m.* [S. *fr.* स्निह् to feel affection for.] Affection; attachment; fondness. 2. Friendship. 3. An unctuous substance; oil.

શીર્ષમાંથી સ્નેહ કાઢી અરપી, વિદ્યા ગ્રહું—**વલ્લભ.**

સ્નેહ-વટ, *s. m.* [+ વટ, વૃત્તિ.] Friendly relations.

સ્નેહાકર્ષણ, *s. n.* [S. *fr.* + આકર્ષણ.] The attraction of cohesion.

સ્નેહાર્દ્ર, *adj.* [S. *fr.* + આર્દ્ર.] Lit. Wet with affection: Hence, 2. Melted by affection; affectionate.

સ્નેહાળ, *adj.* [S. स्नेहालु *fr.* आलु a suffix showing "possession."] Affectionate; loving; kind.

સ્નેહી, *adj.* Affectionate; loving. 2. Friendly. 3. *s. m.* A friend.

સ્પર્ધા, *s. f.* [S. *fr.* स्पर्ध् to compete.] Rivalry; emulation. 2. Jealousy; envy. 3. Enmity.

સ્પર્શ, *s. m.* [S. *fr.* स्पृश् to touch.] Touch; contact. 2. The sense of touch. 3. A whit; a jot. 4. Any one of the 25 letters of the Gujarāti alphabet distributed into five classes; any of the letters from ક to મ.

Id. સ્પર્શરેખા=સ્પર્શલીટી A tangent. સ્પર્શમણિ The philosopher's stone. સ્પર્શ-કાળ The time of the beginning of an eclipse. સ્પર્શ કરવો To touch. જરા સ્પર્શ લાગે If there be the least contact. તેનો સ્પર્શ થાય છે It is felt. સ્પર્શેન્દ્રિય The organ of feeling; the skin.

સ્પર્શાસ્પર્શ, *s. m.* Mutual contact or touch of persons or things which should not come together.

સ્પષ્ટ, *adj.* [S. *fr.* स्पश् to see clearly.] Clear; plain; evident; manifest; distinct.

સ્પષ્ટ-વક્તા, *s. m.* [S. *fr.* + વક્તા.] One who speaks clearly and articulately. 2. An out-spoken person.

સ્પષ્ટી-કરણ, *s. n.* [S. *fr,* कृ to do.] Elucidating; explicating; expounding. 2. An explanation.

સ્પૃહ-ણીય, *adj.* [S. See સ્પૃહા.] Desirable; enviable.

સ્પૃહા, *s.f.* [S. *fr.* स्पृह् to desire.] Desire; wish. 2. Longing.

Id. સ્પૃહા રાખવી To desire.

સ્ફાટિક, *s.n.* [S.] Crystal; quartz.

સ્ફાટિક *adj.* Belonging or relating to crystal; crystal.

સ્ફુટ, *adj.* [S. *fr.* स्फुट् to break.] Loose; detached. 2. Blown; expanded. 3. Rent; burst; opened. 4. Explained; expounded. 5. Declered; revealed. 6. Evident; plain; apparent.

સ્ફુરણ, *s. n.* [S. *fr.* स्फुर् to throb.] Twitching; quivering; thrilling, vibration; trembling; shuddering. 2. Stirring; recalling to mind. 3. Rapid coruscations. 4. Excitement.

સ્ફુર-વું, *v. i.* To sprout. 2. To be mani-

fest. 3. To be excited.

સ્મર, *s.m.* [S.] The god of Love; Cupid.

સ્મરણ, *s. n.* [S. *fr.* स्मृ, स्मर्, to remember.] Recalling to mind; recollecting; remembering. 2. Memory; remembrance. 3. Mental recitation of the name of a deity. 4. A memorial; a memento; a token or mark of remembrance.

સ્મર-ણી, *s. f.* A sort of rosary.

નાહી ધોઈ મીરાં લે સ્મરણી, તો પૂજા કરત સીતાપતકી.
—**મીરાંબાઈ.**

સ્મરણ-પોથી, *s. f.* [+ પોથી.] A memorandum book; a note-book to assist the memory.

સ્મર-ણીય, *adj.* Memorable; worthy of being held in remembrance.

સ્મર-વું, *v. t.* [Dh. Des. सुमरियं *fr.* स्मृतम् remembred *fr*; स्मृ to remember.]. To recollect; to recall to mind; to remember.3. To recite mentally the name or names of a deity,and to meditate upon him with supplication or adoration.

સ્મશાન, Same as **શ્મશાન**.

સ્મારક, *adj.* [See સ્મર-વું.] Causing to remember;memorial. 2. *s. n.* A memorial; a monument.

સ્માર્ત, *s. n.* [S. *fr.* स्मृति.] That follows the doctrine of the Smritis.

સ્મિ-ત, *s. n.* [S. *fr.* स्मि to smile.] A smile; smiling; a gentle laugh. 2. *adj.* Blown; expanded; (as a flower, &c.).

સ્મૃ-તિ, *s. f.* [S.See સ્મરણ.] Recollection; remembrance; memory.2. A work or body of works in which the sages of antiquity, who saw or received the revelation of the Vedas, set down their recollections (*op. to* श्रुति the revelation of what was heard.) 3.Law or the body of laws as delivered originally by Manu and other legislators to their respective pupils, and committed by them from memory to writing: also any book, canon, or portion of this code.

સ્યન્દન, *s.m.* [S. *fr.* स्यन्द् to move smoothly.] A chariot.

સ્યામ, Same as **શ્યામ**.

સ્રાવ, *s. m.* [S. *fr.* स्रु to run, to ooze.] Oozing; flowing. 2. That which oozes or flows.3.Menstruation;menstrual discharge.

Id. રક્ત-સ્રાવ Loss of blood; a slaughter.

સ્લેટ, *s. f.* [Eng. *Slate.*] A slate for writing on.

સ્વ, *prep.* [S.] One's own (used as the first part of a compound).

સ્વ-કલ્પિત, *adj.* [S. *fr.*+ કલ્પિત.] Of one's own invention or fancy.

સ્વ-કી-ય, *adj.* Own.

સ્વ-કી-યા, *s. f.* One's own wife.

સ્વચ્છ, *adj.* [S. *fr.* સુ + अच्छ, અચ્છું.] Exceedingly clean or pure. 2. Unblemished;stainless;spotless.3.Unsoiled; unsullied.

સ્વચ્છ-તા, *s. f.* Cleanliness.2. Neatness.

સ્વ-ચ્છન્દ, *s. n.* [S. *fr.* સ્વ+છન્દ.] One's own will or fancy.

Id. સ્વચ્છંદે વર્તવું To act as one wishes; to be self-willed. સ્વચ્છંદ-વર્તન Self-willed conduct.

સ્વ-ચ્છન્દી, *adj.* Self-willed; wilful. 2. Headstrong.

સ્વ-જન, *s. n.* [S.*fr.* + જન.] A kinsman; a relative.

સ્વ-જાતિ, *s. f.* [S. *fr.* + જાતિ.] One's own caste or species.2. *adj.* Homogeneous.

સ્વ-તઃ, *adv.* [S. *fr.* +तः from.] By one's self; of one's own accord; *in propriâ personâ.*

સ્વ-તઃ-સિદ્ધ, *adj.* [S. *fr.* + સિદ્ધ.]Self-formed. 2.Self-existent; self-constituted.3. Absolutes free from control.

સ્વ-તન્ત્ર, *adj.* [S. *fr.* સ્વ + તન્ત્ર.] Independent; free; absolute; uncontrolled. 2. Of independent means; possessing a competency. 3. Not obsequious. 4. Self-willed; wilful.

Id. સ્વતંત્ર પુસ્તક A book containing independent thoughts. 2. A book free from plagiarism. એક સ્વતંત્ર પુસ્તક લખવું To write a separate work treating solely of a particular subject.સ્વતંત્ર વિચાર Independent thoughts.

સ્વ-તન્ત્ર-તા, *s f.* Independence; freedom.

સ્વ-દેશ, *s. m.* [S. *fr.* સ્વ + દેશ.] One's own country; one's native country; the mother-country; the father-land.

સ્વ-દેશ-હીતેચ્છુ, *adj.* [+ હિતેચ્છુ.] Wishing well of one's own country; patriotic.

સ્વ-દેશાભીમાન, *s. n. m.* [S. *fr.* + અભિમાન.] Patriotism.

સ્વ-દેશાભીમાની, *adj,* Patriotic. 2. *s. m.* A patriot.

સ્વ-દેશી, } **સ્વ-દેશીય,** } *adj.*Native; born, produced,or made in one's own native country.

સ્વ-ધર્મ, *s. m.* [S. *fr.* સ્વ + ધર્મ.] One's own duty or religion. 2. A native or inherent quality;a natural property.3.One's peculiar business.

સ્વ-ધામ, *s. n.* [S. *fr.* + ધામ.] Lit. One's own or proper abode. Hence,2. Heaven.

Id.સ્વ-ધામ જવું–પોહોચવું-પામવું To die.

સ્વપ્ન, *s. n.* [S. *fr.* स्वप् to sleep.] Dreaming; a dream; a vision.

Id. સ્વપ્ન આવવું–દેખાવું To have a dream સ્વપ્ન જોવું To see a vision.

સ્વપ્ન-દર્શન, *s. n.* [S. *fr.* + દર્શન.] Seeing in a dream; a vision in a dream.

સ્વપ્ન-વત્, *adj.* [S. *fr.* + वत् like.] Like a dream.2. Illusory; unreal; unsubstantial. 3.Freeting;transitory.

સ્વપ્નાન્તર, *s. n.* [See સ્વપ્ન + S. आन्तर internal *fr.* अन्तर in, within: See અન્દર.] The state of being in a dream.

સ્વ-પ્રકાશ, } **સ્વ-પ્રકાશક,** } *adj.* [S. *fr.* સ્વ + પ્રકાશ.] Self-illuminated (said of god).

સ્વભાવ, *s. m.* [S. *fr.* + ભાવ.] One's own quality; nature; natural temper; disposition;constitution;an inherent property.

Id. એ તો એનો સ્વભાવ પડયો That is his nature;he is in the habit of. એ તો એના સ્વભાવનો મેળ It depends upon his nature.

સ્વ-ભાવીક, *adj.* Natural. 2. Essential.

સ્વ-ભાષા, *s. f.* [S. *fr.* સ્વ + ભાષા.] One's native tongue;one's mother-tongue.

સ્વ-ભૂમી, *s. f.* [S. *fr.* +ભૂમિ.] One's own country;one's native place.

સ્વ-યમ્, *adv.* [S. See સ્વ.] Spontaneously. 2. Self (as the first part of a compound).

સ્વયમ્જાત, *adj.* [S. *fr.* + जात *p. p.* of जन to be produced.] Self-born.

સ્વયમ્દત્ત, *adj.* [S. *fr.* + दत्त *p. p.* of दा to give.] Self-given.2. (Law.) (A boy). who has given himself to be adopted.

સ્વયમ્પાક, *s. m.* [S. *fr.* + પાક.] Cooking with one's own hand. 2. Cooking. 3. Food cooked.

સ્વયં-પ્રકાશ, Same as સ્વ-પ્રકાશ.

સ્વયમ્ભૂ, *s. m.* [S. *fr.* + भू to be.] The selfexistent God. 2. Brahmā; Visnu;Shiva. 3. *adj.* Self-existent.

સ્વયમ્વર, *s. m.* [S. *fr.* + વરવું.] Choice of a husband made by a girl herself. 2. A marriage from choice.

સ્વયમ્વહ, *adj.* [S. *fr.* + वह् to carry.] That carries or bears itself; automatic.

સ્વર્, *s. m.* [S.] The space between the sun and the polar star; the region of the planets and constellations. 2. The sky;the heavens.3.The residence of Indra, the gods, and deified mortals.

સ્વર, *s. m.* [S. *fr.* स्व, स्वर् to sound.] Sound in general. 2. A vowel. 3. Accent; stress. 4. Air breathed through a nostril. 5. A note in music.

Id.સ્વર કાઢવો To utter a sound.ઊંચો સ્વર a high note.

સ્વ-રક્ષણ, *s. n.* [S. *fr.* સ્વ+રક્ષણ.] Self-preservation. 2. Self-defence.

સ્વ-રાજ, } **સ્વરાજ્ય,** } *s. n.* [S. *fr.* સ્વ+રાજ્ય.]Self-government.2. One's own kingdom.

Id. સ્થાનિક સ્વરાજ્ય Local self-government.

સ્વરિત, *s. m.* [S. *fr.* સ્વર.] The circumflex accent (in the Vedas). 2. *adj.* Articulated. 3. Accented. 4. Sounded (as a note); pitched.

સ્વ-રૂપ, *s. n.* [S. *fr.* સ્વ + રૂપ.] One's own figure or form; the natural or real figure; the general appearance; contour

2. One's countenance, visage, look, or features. 3. A natural condition or quality. 4. One's own appropriate form, mode, or character of being. 5. Personal beauty.

સ્વ-રૂપ-વાન્, *adj.* Handsome; pretty; beautiful; good-looking.

સ્વરોદય, *s. m.* [S. *fr.* સ્વર+ઉદય.] Classical form of **સરોદો.**

સ્વર્ગ, *s. n.* [S. See. સ્વર્.] Heaven; Indra's paradise.

Id. સ્વર્ગનું સુખ=સ્વર્ગ સુખ Heavenly happiness.

Prov. તેને સ્વર્ગ આંગળ બાકી છે He is very proud in anticipation of reaching the goal of his ambition. આપ મુવા વિના સ્વર્ગે ન જવાય *Lit.* A man must die before he can get to heaven. Hence, 2. Much pains, much gains.

સ્વર્ગગંગા, *s. f.* [S. *fr.* સ્વર્ + ગંગા the river Ganges, *lit* going or flowing rapidly *fr.* S. गम् to go.] The Galaxy; the Milky Way.

સ્વર્ગ-વાસ, *s. m.* [S. *fr.* સ્વર્ગ+વાસ dwelling.] Residence in paradise or heaven.

Id. તેનો સ્વર્ગવાસ થયો He died.

સ્વર્ગ-વાસી, *adj.* That dwells in heaven. 2. Deceased.

સ્વર્ગીય, *adj.* Divine.

સ્વલ્પ, *adj.* [S. *fr.* સુ+અલ્પ.] Very little; few; small; limited.

સ્વ-વશ, *adj.* [S. *fr.* સ્વ + વશ.] That is subject to himself; independent; uncontrolled; free.

સ્વશુર, Classical form of **સસરો.**

સ્વસા, *s. f.* [S. स्वसृ, स्वसा.] A sister.

સ્વસ્તિ, *interj.* [S. *fr.* સુ+અસ્તિ.] It is well. 2. An exclamation of benediction; an auspicious exclamation. 3. (Used ironically) Abusing; abuse.

Id. સ્વસ્તિ કહેવું To say "It is well done"; to bless a gift; to accept a gift.

સ્વસ્તિ-ક, *s. n.* [S.] A mystical figure the inscription of which upon any person or thing is considered to be lucky. 2. The emblem of the seventh deified teacher of the present era, having this form



(Jainism.) 3. A temple of a particular form with a portico in front. 4. Any auspicious or lucky object.

સ્વસ્તિ-ક્ષેમ, *s. n.* [S. *fr.*+ક્ષેમ.] Welfare; well-being. 2. An uncomfortable condition. 3. *adv.* Happily.

સ્વસ્તિ-વાચન, *s. n.* [S. *fr.* + વાચન.] A benediction; a blessing; any benedictory speech. 2. A benedictory ceremony with Vedic verses performed before beginning some auspicious rite.

સ્વસ્તિ-શ્રી, *adj.* [S. *fr.*+શ્રી.] Auspicious and glorious (Used at the beginning of a letter).

સ્વ-સ્થ, *adj.* [S. स्वास्थ्य tranquillity *fr.* સુ+સ્થ.] Easy; happy; comfortable. 2. Steady; firm. 3. Confident.

સ્વસ્થ-તા, *s. f.* Composedness. 2. Quietness; quietude. 3. Peace.

સ્વ-સ્થાન, *s. n.* [S. *fr.* સ્વ+સ્થાન.] One's own place.

સ્વાંગ, *s. m.* [See સોંગ.] Personation. See **સોંગ.**

સ્વાગત,
સ્વાગતા, } *s. f.* [S. स्वागत *fr.* સુ+આગતા.] A welcome; a courteous reception of a visitor.

Id. સ્વાગત-મંડળી A reception committee.

સ્વાતંત્ર્ય, *s. n.* [See સ્વતંત્ર.] Independence. 2. Freedom; liberty.

સ્વાતી, *s. f.* [S.] The star *Arcturus*; the 15th lunar asterism. 2. One of the wives of the Sun.

Id. સ્વાતીનાં બુન્દ Lit. Drops of rain during the influence of the asterism સ્વાતી.

N. B. It is believed that these drops falling into oysters in the sea, form pearls. Hence, 2. A highly valuable and dear object.

સ્વાત્માનુભાવ, *s. m.* [S. *fr.* +સ્વ+આત્મા+અનુભવ.] Personal consciousness; personal experience.

સ્વાદ, *s. m.* [S. *fr.* स्वाद.] Taste; flavour; relish. 2. Liking.

Id. જિહ્વા-સ્વાદ Excessive desire to eat. સ્વાદ લેવો To taste. સ્વાદ ચાખવો To taste. સ્વાદ ચખાડવો To let one know the taste of.

સ્વાદિ-ષ્ઠ, *adj.* [S. Superlative of स्वादु palatable *fr.* સ્વાદ.] Very palatable; delicious; savoury.

સ્વાદી-લું, *adj.* Given to enjoy the taste of; fastidious in criticising the dishes served up for dinner.

સ્વાધીન, *adj.* [S. *fr.* સ્વ + આધીન.] That is subject to itself; that is its own master; independent. 2. Being under the control of, or in the state of subjection under; being in the custody, control, care, keeping of.

Id. સ્વાધીન કરવું To hand over to; to intrust. સ્વાધીન લેવું To take charge of.

સ્વાધીન-પતિકા, *adj. f.* [S. *fr.* + પતિ.] (A woman) Who keeps her lover firm in his attachment to herself.

સ્વાન, Same as **શ્વાન**.

સ્વાભાવિ-ક, *adj.* [S. *fr.* સ્વભાવ.] Belonging to one's own nature; natural; native; inherent; peculiar. 2. Spontaneous. See **સ્વભાવિક**.

સ્વાભિમાન, *s. n.* [S. *fr.* સ્વ + અભિમાન.] Self-respect.

સ્વામ, Same as **સ્વામી**.

સ્વામ-ની, **સ્વામિ-ની**, *s. f.* [Fem. of સ્વામી.] A wife of the master or owner; mistress.

કષ્ટ અર્પી સુખ ગ્રહે, શોભા કસી સ્વામની!—**વલ્લભ.**
એ છે સર્વ સ્વામિનીઓ, દયા દાસની જોરે.—**દયારામ.**

સ્વામિ-તા, *s. f.*, **સ્વામ-તા-ઈ**, *s. f.*, **સ્વામિ-ત્વ**, *s. n.* Ownership; mastership. 2. Lordship; sovereignty.

સ્વામિતાઈ સાચવતા, સેવકાઈ થકી તેહ;
હીનતાઈ પામી પડયા, ભિન્નતાઈ ભામણે. —**વલ્લભ.**

સ્વામિ-દ્રોહ, *s. m.* [+દ્રોહ.] Infidelity to one's master. 2. Disloyalty; treason.

સ્વામિ-દ્રોહી, *adj.* Disloyal. 2. Treasonable.

સ્વામી, *s. m.* [S. स्वामिन्, स्वामी, *fr.* स्व wealth.] A proprietor; an owner; a master or load. 2. A husband. 3. A sovereign; a king or a monarch. 4. A god. 5. An ascetic or a saint of the highest order (In this sense this word is affixed to proper names, *e. g.* **ક્ષીરસ્વામી**).

સ્વાર, *s. m.* [See અસ્વાર *fr.* P. अश्वारोह *fr.* अश्व a horse + आरोह a rider *fr.* आ up to + रुह् to grow.] A horseman. 2. A cavalier. 3. One mounted on the back of an animal.

Prov. સ્વાર ને ડોસી, હારે ને હારે All are rowing in the same boat.

સ્વારથ, Same as **સ્વાર્થ**.

સ્વારથિયું, **સ્વારથી**, **સ્વારથુ**, *adj.* [See સ્વાર્થી.] Selfish; that pursues only its own projects or purposes.

સ્વારી, *s. f.* [See સ્વાર.] Mounting on horseback. 2. An equipage; a retinue. 3. A body of troops. 4. A rider. 5. Riding on. 6. An invasion; an expedition.

Id. સ્વારી કરવી To invade. સ્વારીએ ચઢવું To join an invasion (as a soldier). સ્વારી ચઢવી To start (a procession).

સ્વાર્થ, *s. m.* [S. *fr.* સ્વ + અર્થ.] Self-interest; selfishness. 2. Avarice. 3. The inherent meaning (Gram.) 4. A pleonasm.

Id. સ્વાર્થ સાધવો To accomplish one's own interest. સ્વાર્થની સગાઈ Interested friendship. સ્વાર્થ-પર Devoted to one's own interest; selfish.

Prov. સ્વાર્થ આંધળો છે Men are blind in their own cause.

સ્વાર્થી, [S. स्वार्थिन्, स्वार्थि, *fr.* स्वर्थ.] Classical form of **સ્વારથિ-યું, સ્વારથી, સ્વારથુ**.

સ્વાસ, Same as **શ્વાસ**.

સ્વાહા, *s. n.* [S.] An exclamation used in throwing an oblation for a god into the fire. 2. Burning out. 3. Swallowing; gulping. 4. Misappropriating. 6. *s. f.* The wife of Fire.

Id. સ્વાહા કરવું To eat up; to swallow. 2. To misappropriate. સ્વાહા થઈ જવું To be burnt down. 2. To be totally ruined.

સ્વી-કાર, *s. m.* [S. *fr.* स्व + कार doing *fr.* कृ to do.] Acknowledging; accepting. 2.

Taking upon one's self; undertaking. 3. Admitting;confession.4. Adopting; embracing;professing,assuming(an opinion,&c.).

સ્વી-કાર-વું, *v. t.* To acknowledge. 2. To confess. 3. To adopt;to embrace; to admit. 4. To accept.5. To take upon one's self; to undertake. See **સ-કાર-વું.**

સ્વી-ય, *adj*; [S. *fr.* સ્વ.] one's own belonging or relating to one's self.

સ્વીયા, *s. f.* One's own wife.

સ્વેચ્છ, *adj*. [S. See સ્વેચ્છા.] Self-willed; whimsical. 2. *adv*. According to one's own will.

સ્વેચ્છા, *s. f.* [S. *fr.* સ્વ + ઈચ્છા.] One's own wish or will. 2. Wilfulness.

સ્વે-ચ્છાચાર, *s. m.* [S. *fr.* + આચાર.]Self-willed conduct.

સ્વે-ચ્છાચારી, *adj*. Self-willed.

સ્વેચ્છા-પ્રારબ્ધ, *s. n.* [S. *fr.* + પ્રારબ્ધ.] The happening of a thing according to one's own wish.

સ્વે-દ, *s. m.* [S. *fr.* स्विद् to perspire.] Perspiration; sweat.

સ્વેદ-જ, *adj*. [S. *fr.* + जन् to be born.] Born from perspiration (as of vermin).

સ્વૈર, *adj*. [S. *fr.* સ્વ, + S. ईर् to go.] Wanton; unrestrained.

સ્વૈરિણી, *s. f.* A wanton woman; a loose woman.

સ્વોપાર્જિત *adj*. [S. See સ્વ + S. उपार्जित acquired *fr.* उप+अर्ज् to earn.]Self-acquired (as wealth).

હ.

હ, The 44th letter of the Gujarāti alphabet, and the 33rd consonant.

હં, *inter*. [Imit.] An interjection indicating attention, intelligence, and assent; yes; oh, indeed !

હંસ, *s. m.* [S. अहं सः I am that *fr.* अहम् I+सः he, that.] The individual soul.
નિજ સાધન બળે, તે થયો બ્રહ્મનો હંસ. —**દયારામ.**
2. An ascetic of the highest order (Same as **પરમ-હંસ**).

હંસ, *s. m.* [S.] A goose; a swan; a flamingo.

Id. હંસની ગતિ The graceful movements of a swan.

Prov. હંસની ચાલ ચાલવા જતાં કાગડાની એ ભૂલ્યો To go for wool and come home shorn.

હંસ-ગામિની, *s. f.* [+*fr.* S. गम् to go.] A woman having a graceful gait.

હંસ-ણી, } *s. f.* A female swan.
હંસી, }

હું હું, *interj*. [Imit. See હું] An exclamation of wonder of admiration.

હક, *s. m.* [Ar. हक़.] Right; claim; title. 2.Justness of claim or pretension.3,A privilege;a prerogative.4.Behalf;favour; cause. 5. Money asked as a claim; a fee. 6. *adj*. Just; right; equitable; proper.

Id. હક થવું To die. તેના હકમાં In his behalf; on his side. હક પહોંચવો To have a claim upon.

Prov. હકનામ સાહેબકા God is the highest Truth.

હક-તાલા, *s. m.* [Ar. *fr.* तआला high.] The Most High; The Supreme; God.

હક-દાર, *adj*. [See હક + દાર, P.] Rightful; legitimate. 2. Just; possessing a just right or title.3.Demanding the restitution of one's rights; being a claimant. 4. *s. m.* A claimant.

હક-નાહક, *adv*. [+ નાહક.] Rightly or wrongly; justly or unjustly. 2. Unjustly; wrongfully.3.Inconsiderately; rashly;racklessly. 4. Without reason or cause; causelessly.

હક-સ-ઈ, *s. f.*A commission; a fee; brokerage.

હ-કાર-વું, *v. t.* [See હંકાર-વું.]To sail;to

start. 2. To urge on; to drive.
ના રજ ફેર પડે, પતિ રીઝવ;ડારી વકારી,હકારી હરી લે.
—વલ્લભ.

હુંકારો, *s. m.* [See હોકારો.] A man who is employed to invite men to a dinner.

હકીકત, હકીગત, *s. f.* [Ar. हकीकत् a fact.] Circumstances. 2. Tidings. 3. A description; a narration; a relation; a representation. 4. An occurrence; the details; a detailed account.

હકીમ, *s. m.* [Ar. हकीम्] A physician; a doctor; a medical practitioner.

હકીમી, *s. f.* The profession of a physician; medical practice. 2. Medicine; the Healing Art.

હકુમત, *s. f.* [Ar. हुकूमत्] Dominion; sovereignty; sway; rule; government. 2. Power; authority; jurisdiction.

Id. હકુમત ચલાવવી To exercise power over.

હક્ક, Same as હક.

હખળ-ડખળ, *adv.* [Guj. હખળ redup. of ડખળ *fr.* ડખલ.] Damaged and become loose; in a slack state.

હગ-બોક, *s. f.* [See હગવું + બોકવું.] Cholera.

હગ-બગ, *adv.* [Guj. હગ redup. of બક, બગ, બગલું, with reference to બક-ધ્યાન a crane's steadiness in catching fishes].Close attention in securing one's own object.

હગ-બગ-વું, *v. i.* To be steady; to be motionless.2. To be cowed down;to crouch under a threat.
બગબગિયો હરણ, હાય ! આવ્યું મરણ આ.—વલ્લભ.

હગ-વું, *v. i.* [S. हद्] To void or discharge excrement;to go to stool;to answer the call of nature.

Id. હગી દેવું-પડવું-જવું To discharge excrement suddenly through fear. 2. To disburden oneself of what has been unjustly obtained.

હગા-મણ, Same as અઘા-મણ.

Id. હગામણ પદામણ Being terrified.

હગાર, *s. f.* Dung of birds or of monkeys. Same as અઘાર.

હંકા-ઈ, *s. f.*
હંકા-મણ, *s. f. n.*
હંકા-મણી, *s. f.* [See હંકા-વું.] Wages for drawing burdens.

હંકા-વું, *v. i.* [Pass. of હાંક-વું.] To be driven.2.To be driven away with contempt.
શ્વાન થઈશ, ભગવાનને ભૂલ્યો, હંકાઈશ ઘેર ઘેર.
—દયારામ.

હંકાર, Same as અહંકાર.

હંકાર-વું, [See હું+ S. कार doing *fr.* कृ to do.] Same as હકાર-વું.

હં-ખાર-વું, *v. t.* [*Cf.* Mar. सांखेरा *fr.* S. सम् well + क्षर् ખરવું to drop. Or See સંસ્કાર.] To cleanse; to purify.2.To filter, to strain.

હં-ખારો, *s. m.* Dregs left behind in the cloth after filtering or straining.

હંગામ, *s. m.*[P. हङ्गाम् time.] An occasion; an opportunity. 2. The season; the proper time.

હંગામી, *adj.* Temporary; (a servant) engaged for the time.

હંગામો, *s. m.* [P. हङ्गामः.] Uproar;hubbub. 2. A riot;a tumult; a disturbance. 3. See હંગામ.] The time; the season.

હ-કાર, *s. m.* [S. ह + कार the sound *fr.* कृ, કરવું. to go.]The letter or sound હ (h). 2. Good qualities(inasmuch as હારૂં a corruption of સારૂં,commences with the sound of હ).

Id. રસોઈમાં કંઇ હ-કાર નહતો There were no good qualities in the food cooked=The food had no taste.

હચ-મચા-ટ, *s. m.* [Guj. હચ Imit. + મચ redup.] Turning and twisting; agitation; disturbance.

હચ-મચા-વ-વું, હચ-હચા-વ-વું, *v.t.*To turn and twist; to agitate; to disturb.

હજ, *s. f.* [Ar. हज्ज्] Pilgrimage to Mecca by the Muhammadans.

હજમ, *adj.* [Ar. हज़्म्] Digested. 2. Misappropriating.

હજરત, *s. m.* [Ar. हज़रत् presence.] A term of respect for Muhammadans of distinction. 2. Your Majesty; Your High-

ness; Your Excellency; Your Worship; a title by which kings, princes, noblemen. and other great men are addressed.

Id. હજરત ભરવી To call together an assembly of great men. Hence, 2.To make a particular experiment of mesmerism, in which the subject sees an assembly of great persons.

હજામ, *s. m.* [Ar. हज्जाम् a cupper.] A barber.2.An unskilful mechanic (Slang). 3. A term for an inexpert or ignorant workman. હજામને હાથ આરશી The higher the ape goes, the more he shows his tail.

હજામ-ત, *s. f.* [Ar. हजामत् cupping *fr.* હજામ.] Tonsure; shaving. 2. Long hair. 3. The business of a barber.

Id. હજામત કરવી To be engaged in an unprofitable occupation.

હજાર, *adj.* [P. हज़ार्=S. સહસ્ર.] A thousand; 1000.

હજારી, *adj.* Having a thousand parts; having many parts. 2. Having a large number of petals (of a flower).

હજી, *adv.* [S. अद्यापि *fr.* अद्य, આજ, today + अपि even.] Still; yet. 2. Until now; as yet; up to this time.

હજીરો, *s. m.* [Ar. हजीरः.] A tomb; a sarcophagus. 2. A mausoleum.

હજુ, *adv.* [S. अद्यपुनः *fr.* अद्य, આજ, today + पुनः again.] Still; yet. 2. Until now; as yet; up to this time.

હજુર, *s. f.* [Ar. हुज़ूर्.] Presence. 3. The person of one of exalted rank. 3. Appearance; attendance.

હજુરિ-યો, } **હજુરી,** } *s. m.* An attendant whose duty it is to be présent before a great man; a personal attendant.

હટ, *interj.* [See હડ.] Begone.

હટ-ખટ, *s. f.* [Guj. હટ redup. + ખટક-વું.] A catch or impediment in the mind; a scruple.

હઠ, *s. f.* [S.] Obstinacy; pertinacity; stubbornness; persistency.

Id. હઠ લેવી–કરવી To be obstinate about. હઠ પકડવી To stick obstinately to. હઠે ચઢવું–હઠ પર આવવું–હઠમાં આવવું To be obstinate.

હઠ-યોગ, *s. m.* [S. *fr.* + યોગ.] Ascetic practices in which self-denial has a prominent place.

હઠ-વું, *v. i.* [See હત struck.] To recede; to retreat; to step back; to retire.

Id. પાછું હઠવું To retreat; to draw back; to shrink from.

હઠી-લા-ઈ, *s. f.* Same as હઠ.

હઠી-લું, *adj.* [See હઠ + વાળું having.] Obstinate; stubborn. 2. Perverse.

હઠે-ઠે, *s. f.* Importunity; urging.

હડ-કવા, *s. m.* [Telugu हड़ी a dog+કવા.] Hydrophobia. 2. Peevishness; fretfulness; petulance.

Id. હડકવા હાલવો To suffer from hydrophobia. 2. To have a tendency to bite or be peevish.

હડકા-યલું, } **હડકા-યું,** } *adj.* Affected with hydrophobia. 2. Peevish; fretful; petulant.

હડ-તાલ, } **હડ-તાળ,** } *s. f.* [S. हारिताली.] Yellow orpiment; a sulphuret of arsenic.

Id. હડતાલ મારવી To erase; to scratch out (of a writing), yellow orpiment being used in old religious books to erase or scratch out letters.

હડ-તાલ, } **હડ-તાળ,** } *s. f.* [See હાટ+તાળું.] The act of shutting up all the shops in a market, and refusing to sell anything on account of oppression or tyranny exercised by government or its officers; stoppage of business,dealings, traffick, &c. on account of the prevalence of gross injustice.

Id. હડતાલ પડવી To be shut up (with reference to buying and selling in a bazar). હડતાલ પાડવી To cause or order shops to be closed.

હડપ, *s. f.* A deposit in security of a payment due or of a toll or custom.

હડપચી, *s. f.* The chin.

હડ-ફાઉ, Same as અલ-ફાઉ.

હડકો, *s. m.* A chest; a large box (Used in the Sūrat District).

હડ-ફોટ, Same as અડ·ફટ.

હડ-બડ·વું, *v. i.* [Imit.] To be confused; to be stupefied. 2. To be hurried or confused through a tumult or outcry.

હડ-સાંકળ, *s. f.* [See હડ+સાંકળ.] A kind of silver anklet.

હડસેલ·વું, *v. t.* To shove; to push; to thrust. 2. To remove with violence.

હડસેલો, *s. n.* A rush; a thrust; a shove.

Id. હડસેલો મારવો-દેવો To give a push; to push.

હડ-હડ, *interj.* [Imit. Or, See હત Or, Telugu हडि a dog.] A sound uttered in driving off a dog. 2. *s. f.* Hooting; hissing. 3. A rebuff.

હડ-હડ·તું, *adj.* [Hem. Des. हड-हडो = S. तापः heat.] Dogged; staunch; zealous; devoted. 2. Active; enthusiastic. 3. Glaring; bare-faced; brazen-faced.

Id. હડહડતો ભગત A staunch worshipper. હડહડતું જૂઠું A glaring lie; a downright lie.

હડહડ·વું, *v. t.* To speak in anger.

હડહડયો દશાનન દશ વદન થકી,
"તાહરા તનનું તોલ તોલ્યું." —સામળભટ.

હડા·કો, *s. m.* [+S. कार a suffix showing the sound of the preceding letters *fr.* कृ to do. *Cf.* ધડાકો, ભડાકો.] Reverberation.

હડિ·યો, *s. m.* The upper part of the larynx; Adam's apple.

હડી, *s. f.* [See હડ·હડ.] Fast running.

Id. હડી મેલવી-કાઢવી To run fast.

હઢી, Same as અઢી.

હડુડા·ટ, *s. m.* [Guj. હડુડ Imit.+વૃત્તિ, વૃત્ત.] A sound caused by wind in the stomach.

Id. હડે ભૂત કરવું To treat with contempt.

હડે, Same as હડ-હડ.

હણ·વું, *v. t.* [S. हन् to kill, to strike.] To kill. 2. To destroy. 3. To strike; to beat; to hit.

Prov. હણતાને હણવું, તેમાં પાપ પુણ્ય નવ ગણવું Who pardons the bad injures the good.

હણહણ·વું, *v. i.* [Imit.] To neigh.

હણ-હણા-ટ, *s. m.* [+વૃત્ત, વૃત્તિ.] Neighing.

હણિ·યું, *s. n.* [See આસન.] The seat of a driver in a cart.

હત્, *interj.* [Imit. or See હત, or હડ-હડ.] Be off ! go away !

હ·ત, *adj.* [S. *fr.* हन् to kill, to strike.] Killed; destroyed. 2. Struck.

હત-ભાગી, *adj.* [+ભાગ્ય.] Unfortunate.

હત-ભાગ્ય, *s. n.* [S. *fr.* હત+ભાગ્ય.] Misfortune; ill luck.

હત·વું, Same as હણ·વું.

તદર્થે સાધન સકળ, શ્રીગુરુ, કરે, હતી સહુ દંડ.
—દયારામ.

હ·તું, *v. i.* [See હો.] Was.

Id. હતું ન હતું થઇ જવું To be destroyed.

હ·ત્યા, *s. f.* [S. *fr.* हन् to kill.] Killing; murder. 2. The sin of killing.

Id. હત્યા વહોરવી To undertake unnecessary responsibility. હત્યા લેવી-કરવી To kill. હત્યા ચોટવી-લાગવી To be guilty of murder.

હ·ત્યા·રો, *s. m.* [+S. कार a doer *fr.* कृ to do.] A murderer; an assassin.

હથ-રોટા, *s. m. pl.* [See હાથ.] Wristlets.

હથ-વાર, *adj.* [See હાથ.] (A cow, &c.) Habituated to be milked by a particular person.

હથિ-યાર, *s. m. n.* [Dh. Des. अत्थारो & Hem. Des. हत्थारं = S. साहाय्यम् help, *fr.* See +હાથ S. कार doing *fr.* कृ to do.] A weapon. 2. An implement; a tool.

Id. હથિયાર બાંધવાં To be ready to fight. હથિયાર પકડવાં-લેવાં To take up arms; to rise against. હથિયાર ઉચકવાં To be about to strike a blow.

Prov. હથિયાર કરતાં હિંમત વધે Courage is greater than the sword. હાજર સો હથિયાર A man of courage never wants weapons.

હથિયાર-બન્ધ, *adj.* [+બાંધ·વું.] Accoutred with arms; armed.

હથુ, *prep.* [See હસ્તઃ.] Through; by means of; through the instrumentality of.

હથે·લી, *s. f.* [Hem. Des. हत्थल्लिअं = S. हस्तापसारितम् pushed from the hand. See હાથ+તળિ·યું.] The palm of the hand.

Id, તેની હથેલીમાં પૃથ્વી આવી ગઇ He is overtaken by a great misfortune.

Prov. હથેલીમાં નચાવવું To lead one by the nose.

હથો-ટી, *s. f.* [+वृत्ति.] Dexterity; skill of hand; knack. 2. A way or manner peculiarly one's own.

Id. હથોટી પડવી To be accustomed; to be familiar. હથોટી બેસવી To have acquired a particular aptitude for.

હથો-ડી, *s. f.* [See હાથ + વૃત્તિ.] A small hammer.

હથો-ડો, *s. m.* A large hammer.

હદ, હદ્દ, *s.f.* [Ar. हद्द्.] The end; a boundary; a limit; a border; precincts. 2. The extreme limit; an excess.

Id. હદ બાર-બહાર-ઉપરાંત Excessively. હદમાં રહીને With moderation. હદ આવવી To be reached (of a climax). હદ વાળવી-કરવી To reach the climax. બે-હદ Boundless. હદ મળવી To meet (the adjoining boundaries).

હન-કન, *s.f.* [See હા + ના+કે+ના.] Hesitation.

હનુ-વટી, *s. f.* [S. हनु+वृत्ति.] The chin.

હન્તા, *s. m.* [S. हन्तृ, हन्ता, *fr.* हन् to kill.] A slayer; a murderer.

હપતો, હફતો, *s. m.* [P. हफ़्तः=S. सप्ताह a week *fr.* सप्तन्=P. हफ़्त्=Gr. *Hepta*=Guj. સાત seven+ अहन् a day.] A week. 2. A fixed term; 3. An instalment.

Id. હપતા કરવા To fix the instalments. હપતો ભરવો To pay an instalment. હપતો ભરાવો To be completed (of the period of paying an instalment). હપતો પડવો To be allowed to pass without a payment (at the fixed period).

હપસણ, હબસણ, *s.f.* [See હપશી, હબશી.] An *Abyssinian woman.*

હપશી, હબશી, *s.m.* [Ar. हबशी of हबश् Abyssinia.] An Abyssinian; a negro; a Moor. 2. *adj.* Abyssinian.

હફુસ, *s. m.* [Portug. *Alphonso.* See આફુસ.] A particular kind of mango.

હબ-ક, *s. f.* [Imit. See હેબક.] Fright; terror; consternation.

Id. હબક ખાવી To be terrified.

હબ-ક-વું, *v.i.* To be frightened or terrified.

Id. હબકી જવું To terrified.

હબકા-વ-વું, *v.t.* To terrify; to frighten.

હ-બધું, Same as સ-બધું.

હબશ-ણ, Fem. of હબશી.

હબશી, *s. m.* [Eng. *Abyssinian.*] A native of Abyssinia; an Abyssinian. 2. *adj.* Pertaining to Abyssinia.

હબ-હબા-ટ, *s m.* [Guj. હબ Imit. + વૃત્ત, વૃત્તિ.] A noise; an uproar; dint.

હમચી, *s. f.* A circle formed by women in which they move round while singing, in the festivities of a first pregnancy in the family.

હમ-ડી, *s. f.* [Hind. हम् = Guj. હું *fr.* S. अहम् I. *Cf.* અહં-કાર.] Egotism; pride; conceit. કોઈસાધનબળે ન ફૂલ્યા ફરશો. નિઃસાધનીહમડીમાંમરશો; દયા દીનતાએ હરિ મને હરશો. —દયારામ.

હમણાં, હમણો, *adv.* [S. अधुना.] Now; at present.

હમામ, *s. m.* [Ar. हम्माम्.] A bathing-place; a bath.

હમામ-ખાનું, *s. n.* [+ ખાનું.] A bathing-place; a bath.

હમામ-દસ્તો, *s. m.* [P. हावनदस्तः *fr.* हावन a mortar+दस्त: a handle *fr.* दस्त्=S. हस्त the hand: See દસ્તો.] A mortar and pestle.

હમાલ, *s. m.* [Ar. हम्माल a bearer.] A palanquin-bearer. 2. A porter; a carrier of loads. 3. A menial servant.

હમિયાણી, *s. f.* [Ar. हिमयान् a purse] A money-bag; a purse; a long and narrow-necked money-bag. 2. Wealth; riches.

હમી-દાર, *s. m. f.* [+દાર, P.,] A *surety.*

હમીર, *s. m.* A variation of the musical mode called Kalyāna.

હમેલ, *s. m.* [Ar. हम्ल् a burden; the fœtus] Conception; pregnancy.

Id. હમેલ રહેવો To be pregnant.

હમેલ, *s f.* [Ar. हमाइल् something suspended round the neck.] A peon's belt; a

badge.

હમેશ, હમ્મેશ, } *adv.* [P. हमेशः.] Always;ever; perpetually. 2. Constantly; continually.

હમેશા-ગી, *s. f.*[P. *fr.* હમેશ.] Perpetuity.

હમેશાં, હમ્મેશાં, } Same as હમેશ.

હય, *s. m.* [S.] A horse.

હયાત, *adj.* [Ar. हयात् life.]Living;alive; existing.

હયાતી, *s. f.* Life; being; existence.

હર, *s. m.* [S.] A name of Shiva or Mahādeva.

હર, *adj.* [S. *fr.* हृ, हर्, to take away.] That takes or carries away.2. That seizes. (Used at the end of compound).

હર, *adj.* [P.] Each; every.

હરકત, *s. f.* [Ar. हरकत् motion.] Hindrance; obstruction;objection;interruption; difficulty.

Id. હરકત આવવી–નડવી–પડવી To meet with an obstacle or difficuty.

Prov. હરકત ત્યાં બરકત Difficulties overcome are forerunners of success.

હર-કોઈ, *adj.* *m. f.* [See હર, P.+ કોઇ.] Any. 2. Every one or any one.

હરખ, Same as હર્ષ.

હરખ-ઘેલું, *adj.* [+ઘેલું.] Mad with joy.

હરખ-ચમક, *s. m.* [+ ચમક.] Madness caused by sudden joy.

હરખ-વા, *s. m.* [+ વા, વાયુ.] Madness arising from excessive joy or gladness.

હરખ-વું, હરખા-વું, } *v. i.* [See હરખ.] To rejoice; to exult; to be delighted or glad.

હરગીજ, હરગીસ, } *adv.* [P. हरगिज् never.] (Always used in negative sentences.) Never; at no time. 2. Not on any account; not at all; by no means.

હર-ઘડી, *adv.* [See હર, P. + ઘડી.] Every hour or moment. 2. Continually;constantly;always;at all hours. 3. Every now and then.

હરડતું, Same as હડહડ-વું.

હરડાં, *s. n. pl.* [See હરડે.] Yellow myrobalans used for dying and as a medicine.

હરડે, *s. f.* [S. हरीतकी.] Myrobalans used as an astringent.

હરણ, *s.n.* [S. हरिण.]An antelope;a deer.

હર-ણ, *s.n.* [S. *fr.* हृ, हर, to take away.] Taking away forcibly; seizing. 2. Removing, carrying or bearing off.3.Abduction.

હર-દમ, *adv.* [P. See હર, P. + દમ.] Every moment. 2. Constantly; continually. 3. Uninterruptedly; without any break.

હર-દાસ, હર-દાસી, } *s. m.* [See હરિ + દાસ.] One who recites Kathā or epic stories accompanied by music and chanting.

હર-નીશ, [See અહર્નિશ.] Day and night; constantly; always.

હરફ, *s. m.* [Ar. हर्फ़ a letter.] A letter of the alphabet. 2. A word.

હર-ફર, *s. f.* [See હર-વું+ફર-વું] Frequent coming and going.

હર-બડ-વું, Same as હડ-બડ-વું.

હડ-બડા-વ-વું, *v.t.* [Causal of હડ-બડ-વું.] To Frighten.

હર-મડ-વું, *v. i.*[Mar. अड-मड-णें. See Guj. અડ, અર, Redup. of મડું or મરડ-વું.] To turn or move in various ways; to writhe; to wriggle; to be fidgety. 2. To be confused.

પેલો સસલો ઘણો વેગવાળો, તોએ પણ હરમડ્યો રે.

—દયારામ.

હર-વું-ફર-વું, See under હર-વું-ફર-વું.

હરવું, *adj.* [M. हिरवें *fr.* S. हरित green.] Bitterish and slightly acrid; astringent to the taste.

હર-રોજ, *adv.* [See + હર, P.+ રોજ a day.] Daily; every day. 2. Always;continually.

હર-વખત, *adv.* [+ વખત.]·Every time; constantly; repeatedly; now and then.

હર-વર, *s. f.* [See સ્મર-વું.] Remembrance; recollection.

હર-વરસ, *adv.* [See હર,+વરસ,વર્ષ.] Every year; annually.

હર-વાયું, *adj.* [See હાર-વું.] Disgusted; frightened; dull.

હર-વું, *adj.* [See હરિત, હરૂં.] Green.

હરવું, *v. t.* [S. हृ, हर्, to take away.] To take away forcibly.2.To abduct. 3. To diminish; to lessen.

Id. **હરી** લેવું To deprive one of. **હરી** જવું To lose.

હરવું, *v. i.* [See હાર defeat.] To be defeated.

હરવું-ફરવું, *v. i.* [Guj. હરવું Redup. of ફરવું.] To walk about; to walk at ease.

Id. હરવું-ફરવું Lit. Moving about (opposed to lying in sick bed); convalescent. હરીફરીને અમારે તેના સામું જોવાનું Look where we will,he is all in all to us=He is our only child.

હરસ, *s. m.* [S. अर्शः.] Piles.

હર-સાલ, *adv.* [See હર each + સાલ a year.] Every year; annually.

હર-હુન્નર, *s. m.* [+ હુન્નર.] Every art; every artific; every trick.

હરાખ,*s. f.*[Turk. हराक् accountrements.] A rope for tying a horse.

હરાજ, *adj.* [Ar. हरराज् auction.] Sold by auction.2.Cheap.

હરાજી,*s.f.* An auction;a sale by auction.

હરાડ, *adj.* [S. अष्टादश *fr.* अष्ट, આઠ. + दश, દશ.] Eighteen; 18.

હરાડું, Same as હરાયું.

હેડલો હોડેરડો મ્હોરો માન્યો નહિ,
થયું હરાડું, હાવાં હું તો હાર્યો. —**દયારામ.**

હરામ, *adj.* [Ar. हराम् unlawful.] Unlawful; iniquitous.2.Wrong. 3. Forbidden.

Id. **હરામ** હાડકાંનું=હાડકાનું હરામ Lazy. હરામના પૈસા=હરામનો માલ Ill-gotten money or goods. **હરામનું** ખાવું To eat what one has not earned; to live upon others.

Prov. **હરામનો** માલ પચે નહિ=હરામનો માલ **હરામમાં** ગયો, નફામાં બે જૂતિયાં A cheating trade seldom thrives.

હરામ-ખોર, *adj.* [P. *fr.* હરામ. + P. खोर् an eater *fr.* खुर्दन् to eat.] Ungrateful;thankless. 2. Wicked. 3. *s. m. f.* A drone; an unproductive and burdensome consumer. 4. A bad man;a villain;a rogue;a scamp.

હરામ-ખોરી, *s. f.* Ingratitude; villainy; roguery.

હરામ-ચસ્કો, *s. m.* [+ ચસ્કો.] A habit of misappropriating other's goods or money.

હરામ-જાદું, *adj.* [P. *fr.* **હરામ**, + જાદો, a son.] Base-born; unlawfully begotten; illegitimate (of a child).2.Rascally; roguish; villainous.

હરામી, *adj.*Rascally, knavish;roguish; villainous; wicked; iniquitous.2. Wanton; turbulent; boisterous. 3. Cunning; mischievous. 4. Sly;artful.

Prov. હરામીના બે ભાગ Might is right.

હરાયું, *adj.* [See હરામી.] Refractory; unbridled.

Id. **હરાયું** ઢોર A stray animal. 2.An unbridled or dissolute person.હરાયા દિન Days of unbridled merriment, such as the Holi holidays.

હાવાં હરાયા તે દિન હોરી તણા. —**દયારામ.**

હરાર, *adv.* Certainly (used in Kāthiāwād).

હરિ, *s. m.* [S. *fr.* हृ, हर्, to take away.] God.2. The God Visnu or Krisna. 3. A horse.

સારથિને વદિયા " હરિ પ્રાડવ,
છોડવ નાહિ,નિશાન ધર્યું જે." —**પ્રેમાનંદ.**

4. The horse of Indra.5.A lion.

સાયક હેવી પડયો મૃગ ઉપર,
પીઠથી પેટ ચોરી હરિ વિંધ્યો. —**દયારામ.**

6. An ape; a monkey. 7. A frog. 8. The moon. 9. The sun. 10. The God of death; the Indian Pluto. 11. The God Indra or the Indian Jupiter.; 12. The God Varuna or the Indian Neptune. 13. A parrot. 14. A snake. 15.A peacock.16.[S. हरित green.] The third crop produced in the hot season by irrigation.

Prov.હરિ ગુણ ગાતી, ને, હૈયામાં કાતી The cross on his breast, and the devil in his heart.

હરિ-ગીત, *s. m.* [+ ગીત.] A particular metre.

હરિણ,*s.m.n.*[S.]A deer;an antelope.

Id. હરિણાક્ષી A woman having beautiful eyes.

હરિણી, *s.f.* [S.] A female deer.

હરિત, *adj*. [S.] Green. 2. *s. m*. [S. हरित.] A horse of the Sun.

હરિત ભૂમિ પર નાચે કલાધર, દેખ બદરિયાં કારી. —**ગિરિધર.**

હરિ-નયની, હરિ-નણી, *adj. f*. [See હરિણ + નયન, નેણ.] (A woman) Having eyes as lovely as those of a female deer.

હરિ-પરાયણ, *adj*. [S. *fr*. + પરાયણ.] Devoted to god; done for the sake of God.

હરિયા, *interj*. [Mar. आरया this way (used by sailors in shifting the sails.)] Come this way ! (used in driving asses).

હરિ-યાળી, *s. f*. [Dh.& Hem.Des. हरिणाली, हरिआली, हरिताली,=S. दूर्वा. See હરિત.] Verdure; greenness; a green colour. 2. Freshness. (of vegetables).

હરિ-યાળું, *adj*. Green.

હરિ-વદની, *adj. f*. [See હરિ + વદન.] (A woman) Having a countenance like the moon; beautiful-faced.

હરિ-સેવા, *s. f*. [S. *fr*. + सेवा.] Worship of God.

હરી, *s. f*. [See હરિત; હરિ, 16.] A summer crop.

હરી-ફરી, See under હર-વું-ફર-વું.

હરીફ, *s. m*. [Ar. हरीफ़ a rival.] An opponent; an antagonist; an adversary; an enemy 2. A rival; a competitor.

હરીફા-ઇ, હરીફી, *s. f*. Enmity; hostility. 2. Rivalry; competition.

હરૂં, Same as **હર-વું**, Green.

ચારૂ ચિબુક મધ્યે છે, હરૂં ટગકલું રે. —**દયારામ.**

હરૂં, *adv*. [S. अत्र.] Here; hither.

હરૂં-પરૂં, *adv*. [+ પરૂં redup.] Here and there; all about.

હરેક, *adj*. [See હર each + એક.] Each; every.

હરેડી, હરેરી, *s. f*. [See હડી.] Pursuit; running after.

હરેરૂં, *s. u*. Fruits of **હરેરો.**

હરેરો, *s. m*. A particular kind of tree.

હરોલ, *s. m*. [P. हरावल् vanguard.] The rear of an army.

હનુમંત સરખો બળવંત । હરોલ હઠીલો હાથી,
લૂટી લીધી લંકા તેહ સુગ્રીવનો સાથી.—**સામળભટ.**

2. *adv*. Before; previous to.

હર્તા, *adj*. [S. हर्तृ, हर्ता, *fr*. हृ, हर्, to take away.] That seizes. 2. That carries off. 3. That destroys.

હર્યું, Same as હરૂં.

બાળને વનમાળ આપે કોય, વસ્ત્રજિ રંગે હર્યાં.—**દ્વારકો.**

હર્ષ, *s. m*. [S. *fr*. हृष् to be glad.] Joy; delight; glee; gladness; hilarity; exultation.

હર્ષ-ઘેલું, *adj*. [+ઘેલું.] Mad with joy.

હર્ષ-તરંગ. *s. m*. [+તરંગ.] Ecstasy of joy

હર્ષિ-ત, *adj*. Joyful.

હલક, *s. m*. [Ar. हल्क़् the throat.] The throat. 2. Voice; tone.

તીવ્ર હલક છે તીનો । રીઝ મૃગ શાપશું. —**વલ્લભ.**

2. Discipline; position; dignity. 3. A very short time; a trice.

જાઉં છું, ખાઉં છું, વેર હું પલકમાં, હલકમાં રામ રમતાં ન રૂકે. —**પ્રેમાનંદ.**

હલકા-ઈ, *s. m*. [See હલ-કું.] Lightness. 2. Levity. 3. Meanness; baseness.

હલકા-ર, *s. m*. [See હલક+કાર the sound *fr*.S. कृ કર-વું to do.] A loud voice; a loud call.

હાંકયા હસ્તી દે હલકાર । થાય ખડગ તણા ચળકાર. —**પ્રેમાનંદ.**

હલકા-ર-વું, *v.i*. To speak in a loud voice; to call loudly. 2. To urge on with a loud noise (bullocks &c., yoked to a carriage). 3. To drive (bullocks, &c).

હુંડલી હલકાર મારે દેશ જવાં છે;
દેશ જવાં છે મારે દર્શન કરવાં છે. —**ભગત.**

હલ-કારો, *s. n*. [P. हरकार: a servant who does every kind of work *fr*. हर् each + कार्= કાર્ય.] A messenger; a running footman; a courier.

હલ-કું, *adj*. [Hem.Des. हलुअं *fr*. S. लघुकम् very slow, very small, *fr*. लघु+क dim. See લઘુ.] Light; not heavy. 2. Light; slight; easy of endurance. 3. Light; easy of digestion. 4. Light; easy. 5. Insignificant; unimportant. 6. Base; ignoble; mean. 7. Of low price; of little value. 8. Inferior. 9. Light; full of levity. 10. Mild; feeble;

gentle; weak. 11. Trifling: slight; simple; facile; easily endured or performed.12. Of little dignity, authority, or influence. 13. Frivolous; puerile.

Id. હલકું થવું To become light. હલકું થવું-પડવું To be lowered in public estimation; to be disgraced.હલકા પેટનું Narrow-minded. હલકા મનનું Shallow-minded. હલકો શબ્દ કાઢવો To use low or mean words; to use abusive language. હલકે શબ્દે બોલવું To speak in a low voice;to speak while free from excitement. હલકો ખોરાક Light food. હલકું પાણી Water that assists digestion.હલકું કામ Light work. 2. A low or mean act.હલકો ભાવ A low rate. હલકી જાત Birth in a low family.હલકું ફુલ જેવું As light as a flower; very light. શરીર હલકું થવું To be light (of the body); to be free from heaviness or dulness.

Prov. હલકું લોહી હવાલદારનું He that hath an ill name is half hanged.

હલ-ક, *adj.* Grown up; tall. 2.Weak in understanding ; short-sighted ; narrow-minded.

હલ-ફલ-વું, *v. i.* [See હાલ-વું + ફલ redup.] To be agitated;to be excited;to be confused.

હલ-બલ, *s. f.* [Imit. Or, See હાલ-વું+બલ redup.] A state of alarm; consternation; screaming and shouting.

હલ-મલ, *s. f.* [See હાલ-વું + મહાલ-વું.] Strutting about with a show of dignity.

ભૂપે હલમલે અતિશે કીધી રે,આગના રસોઈની લીધી રે.
—પ્રેમાનંદ.

હલ-મસ્ત, Same as હાલ-મસ્ત.

હલવા, *s. f.* [See હલવો.] A kind of fish.

હલવા-ઈ, *s. f.* A confectioner; a maker and vendor of sweetmeats.

હલવાન, Same as **અલવાન**.

હલવું, *adj.* [See હલ-કું.] Low.

હલવો, *s. m.* [Ar. हल्वा sweetmeat.] A kind of sweetmeat made of flour, ghee, and sugar.

હલસો, Same as હલેસું.

હલા, *s. f.* [S.] A female friend.

હલાક, *adj.*[Ar. हलाक destruction.]Overcome; exhausted; spent through labour. 2. Necessitous and wretched. 3. Reduced to extremities; being in want.

હલાકી, *s. f.* Exhaustion; fatigue. 2. A wearied and worn state. 3. Distress; want; exigency.

હલાણું, *s. n.* [See હળ, હળ-વું.] Tilling a large field after dividing it into small plots for the convenience of cultivation.

હલા-મણ, Same as હલા-કી.

હલાલ, *adj.* [Ar. हलाल lawful.] Proper; right; lawful. 2. Legal; allowable; just. 3. Honest; rightful; merited; deserved; performed; procured or earned by lawful means and practices (of wages, earnings, work,labour, occupation, &c.). 4. Permitted or allowed by law; not prohibited by law (of articles of food.)

Id. નિમક-હલાલ True to one's salt; honest; loyal; faithful.

હલાલ-ખોર, *s. m.* [+P. ख़ोर eater *fr.* ख़ुर्दन to eat.]A cleaner of privies;a scavenger; a sweeper.

હલાલી, *s. f.* Being true to one's salt; loyalty.

હલાવ-વું, *v. t.* [Causal of હાલ-વું.] To cause to move. 2. To shake; to stir. 3. To instigate.

Id.માથું હલાવવું To nod the head in signification of consent or approval. જીભ હલાવવી To speak in favour of; to recommend.ટોચો હલાવવો To throw in an obstacle; to spoil a plan by speaking against it.

હ-લેણું, Same as **અ-લેણું**.

નારી ગાળને આળ નહિ ચઢેરે,જેને હ-લેણું હોય,તે હઢેરે.
—રઘુનાથ.

હલે-વું, *adj.* [See હલકું, હાલ-વું.] Slow. 2. Not conversant with the cares of the world.

હલેસું, } **હલેસુ**, } *s. n.* [Hem. Des. हिल्लूरी = S. लहरी a wave, *fr.* S. हेलो sport+लहरी a wave.] An oar.

Id. હલ્લેસાં મારવાં To row.

હલ્યા, *interj.* [S. हला.] A term used in addressing an intimate friend.

હલો, *s. m.* Splendour; pomp.

હુલ્લાં, *s. f.* Same as **હુલ્લો.**

હુલ્લો, *s. m.* [Ar. हम्ल. See હુમલો.] An attack: an assault; an onset. 2. Injury; domage; loss.

હુવ॰ઈ, Same as હુવાઈ.

હુવ-કવ, *s. f.* [S. हव्यकव्य oblations to gods and to the manes *fr.* हु to sacrifice + कव्य an oblation of food to the spirits of deceased ancestors.] Oblations to gods and to the spirits of one's ancestors. 2. Artfulness; trickery; subtlety.

હવ-કવ કાંઈ જાણું નહિ,આઈ અલ્પ મારી શુદ્ધ.
—વસ્તો.

હ॰વડ, *adj.* [S. अ priv + વાપર॰વું.*Cf.*અ-વાવરૂ.] Not in use; unused.

હુવણ, Same as **હુવાણ**.

અહો વત્સ, હવે તને હવણ તો છે ને ? —પ્રેમાનંદ.

હુવ॰ણુ, *s. f.* [See હવન] A pleasure excursion.

હવણાં, } **હવડાં,** } *adv.* [S. अधुना now.] At this moment; at this instant; now; at present.

હવ॰ન, *s. n.* [S. *fr.* हु to sacrifice.] An offering; an oblation. 2. A sacrifice.

Id. હવનમાં પડવું To make an unnecessary self-sacrifice; to involve oneself in unnecessary trouble.

Prov. હવનમાં હાડકું Dirt parts friends = Play should not end in fray.

હવન-પડી, *s. f.* [+પડી.]A group of articles fit to be offered in a sacrifice.

હવસ, *s. m.* [P.] Ambition. 2. Eagerness; desire. 3. Curiosity. 4. Lust; concupiscence.

હવળ॰ઈ, Same as **હવાઈ.**

હવળે, *s. f.* Aromatic spices. 2. A shelf fixed in a wall.

હવાં, Same as **હવડાં, હવણાં.**

હવા, *s. f.* [Ar.] Wind; air; a breeze. 2. The atmosphere. 3. Moisture.

Id. હવા ખાવી-લેવીTo take a walk.હવા-ફેર Change of air. હવામાં ઉડી જવું To evaporate. 2. To produce no effect.

Prov. એક હવા ને સો દવા Pure air alone is worth hundreds of medicines. હવામાં કિલ્લા બાંધવા To build castles in the air = If wishes were horses then beggars would ride.

હવા॰ઈ, *s. f.* [See હવા.] A sky-rocket.

હવા॰ટ, *s. f.* [See હવા.] Dampness; moisture.

હવાડું, *s. n.* [See હવા॰ડો.] The udder.

હવા॰ડો, *s. m.* [S. आहाव *fr.* आ upto + ह्वे to call: or Deshi अडो *fr.* S. अवट a pit.] A reservoir or large basin of water for cattle to drink from; a trough near a well for watering cattle. 2. See **હવાડું**.

Id. કુવો હવાડો કરવો-પૂરવો To throw oneself into a well.

હવાયલું, } **હવાએલું,** } *adj.*[See હવા.]Moist;humid; damp.

હવાલ, *s. m.* [See એહવાલ.] A plight. 2. An account; a detailed description.

Id. ફુર હવાલ A bad condition; a sorry plight. શા હવાલ છે What is the state of affairs. તમારા શા હવાલ છે How are you ! how do you do. ?

હવાલ-દાર, *s. m.* [See હવાલો+દાર, P.] A peon under a village Patel or Talati. 2. The chief of a company of peons. 3. A superior officer in the army; a non-commissioned military officer corresponding to a sergeant.

હવાલ॰દારી, *s. f.* The position and office of a **હવાલ॰દાર.**

હવાલો, *s. m.* [Ar. हवाल: reference.] Custody; keeping. 2. Charge;responsibility. 3. A reference.

Id. હવાલે લેવું-રાખવું To take into custody. હવાલે કરવું-સોંપવું To deliver into custody. હવાલે થવું To be in the custody of.હવાલો આપવો To guarantee. હવાલો નાખવો-આપવો To refer to.

હવિષ્યાન્ન, *s. n.* [S. *fr.* हविष्य fit for an oblation *fr.* हविस् an oblation *fr.* हु to sacrifice+અન્ન.]Various articles fit to be offered in sacrifices.

હવે, *adv.* [See હવડાં,હવણાં, હમણાં.] Now; then; after that. (Used to introduce a new

subject in the course of conversation).

હવેજ, *s. m.* [S. हरिद्रा. *Cf.* હળદર.] A fine powder of turmeric.

હવે·થી, *adv.* [See હવે.] From now; henceforth; hereafter; henceforward; from this day.

હવેડું, *adj.* [See બહાવરૂં.] Confused; perplexed; agitated.

હવેલી, *s. f.* [Ar. हवाली around.] A large house or edifice; a mansion; a palace. 2. A temple of the Vaisnavas.

હવૈ, Same as હવ·ઈ, હવા·ઈ.

હશે, *adv.* [See હોવું.] Be it so. 2. May be; perhaps; perchance. 3. Never mind; no matter.

હસકે-તસકે, *adv.* Frequently. 2. At short intervals. 3. In every trifling affair.

હસ·ણી, *s. f.* [See હસ·વું.] The manner or style of smiling.

મંદ મીઠી હસણી,તે તો મોહનીનો ફંદ છે.—**દયારામ.**

હસતાન-ખરાન-દતાન, *adj.* [S. हस्ताक्षरेणदत्तम् *fr.* હસ્ત+અક્ષર+દત્ત.] Written and delivered in one's own handwriting; executed in one's own hand-writing; (said of a document).

હસદ, *s. f.* [Ar. हसद्.] Envy; grudge; malice.

હસદ·ખોર, *adj.* [+ P. खोर् enjoying *fr.* खुर्दन to eat.] Envious; jealous; malicious.

હસ-મુખું, *adj.* [See હાસ્ય + મુખ.] Merry; cheerful; gay; jolly. 2. That has a smiling countenance; pleasant; witty; jocose; lively.

હસ·વું, *v. i.* [S. हस् to laugh.] To laugh; to smile. 2. *v. t.* To joke; to jest; to ridicule; to deride; to sneer.

Id. હસી નાખવું-કાઢવું To ridicule. હસી પડવું To burst into laughter. ખડખડ હસવું-દાંત કાઢીને હસવું To laugh loudly. પેટ પકડીને હસવું-પેટ ભરીને હસવું To indulge in a hearty laugh. હસતાં હાડ ભાગવાં To use ironical language.

Prov. હસવું ને ભસવું, બે ન બને Conscientiousness and covetousness can never coalesce. હસવામાંથી ખસવું થાય Slanders in jest often prove serious injuries. હસવું એટલું રડવું Sadness and gladness succeed each other. હસે તેનું વસે May our sympathizers be happy. 2. Cheerfulness is the medicine for the mind.

હસ·વું, *s. n.* Laughter. 2. Ridicule.

અરે હાણ ને હસવું થશે, જગત જાણશે જાહેરે.
—**સામળભટ.**

હસાબ, Same as **હિસાબ.**

હસા·મણું, *adj.* [See હસ·વું.] That excites laughter; gay; humorous; witty.

હસારત, હસારથ, } *s. f.* [+ અર્થ.] Ridicule. 2. A cause of ridicule.

મારે શુકને કોઈ ન જાય રે, કુંવરી.
મોરી લોક હસારત થાય રે, કુંવરી.—**લજ્જારામ.**

હસા·વ·વું, *v. t.* [Causal of હસ·વું.] To cause to laugh.

Id. લોક હસાવવા To expose oneself to public ridicule.

હસી, *s. f.* } **હસું**, *s. n.* } Laughter. 2. Ridicule.

ગુણવંતને ગમે નહિ એક હાણ બીજું હસું.—**સામળભટ.**

હસ્ત, *s. m.* [S.] The hand. 2. The thirteenth lunar asterism, indicated by a hand and consisting of five stars.

હસ્ત·ક, *prep.* By the hand of; through; by; per; through the agency of. (A term used in commercial dealings to denote payment or delivery through or by the hand of a servant or bearer). 2. In charge of; in the custody of; in care of.

Id. હસ્તક લેવું-રાખવું-ધરવું-કરવું To take into one's charge.

હસ્ત-કૃત, *adj.* [+ કૃત.] Made with the hand (opposed to યંત્ર·કૃત machine-made). 2. Artificial (opposed to ઇશ્વર-કૃત natural).

હસ્ત-કૌશલ્ય, *s. n.* [See હસ્ત + કૌશલ્ય.] Dexterity; expertness; adroitness; manual skilfulness.

હસ્ત-ક્રિયા, *s. f.* [S. *fr.*+ક્રિયા.] A manual performance.

હસ્ત-ગત, *adj.* [S. *fr.* + ગત.] Gone into the hands of; fallen or taken into the possession, power, charge, or care of.

હસ્ત-દોષ, *s. m.* [S. *fr.* + દોષ.]A slip of the hand; a slip of the pen.

હસ્ત-મેલાપ,
હસ્ત-મેલાપ-ક, } *s.m.* [+મેલાપ.] Joining the hands of the bride and the bridegroom in the marriage ceremony.

હસ્તા-ખરણુ-દતવા,
હસ્તાનૂ-ખરાન-દસ્તાનૂ, } *adj.* [S. हस्ताक्षरेण दातव्यम् *fr.* હસ્ત+અક્ષર,+दातव्य should be given *fr.* दा to give.] Same as **હસ્તાન-ખરાન-દસ્તાન.**

હસ્તામળ, *s. n.* [S. हस्तामलक *fr.* હસ્ત,+ S. अमलक=આમળો] A fruit (આમળો) standing or placed in the hand. 2. *adj.* Standing in the hand. 3. That can be seen from all sides.

હસ્તિ-દન્ત, *s. m.* [S. *fr.* हस्तिन् an elephant=હાથી+દન્ત.] The tusk of an elephant; an elephant's tooth. 2. Ivory.

હસ્તિ-ની, *s. f.* [S. *fr.* हस्तिन् an elephant *fr.* हस्त the trunk of an elephant.]A female elephant. 2. A woman of the third of the four classes into which womankind is divided by Samskrit writers; (described as having thick lips, thick hips, thick fingers, large breasts and lubidinous desires).

હસ્તી, *s. m.* [S. हस्तिन्, हस्ती, *fr.* हस्त the trunk of an elephant.] An elephant.

હસ્તી, *s. f.* [S. आस्त is *fr.* अह् to be.] Being; existence.

હસ્તું,
હસ-તું, } *adj.* [See હસ-વું.] Smiling.

Id. હસતું મોઢું A smiling face.

હસ્તે, *adv.* [See હસ્ત] By the hand of; through. Same as **હસ્ત-ક.**

હળ, *s. m.* [S. हल्.] A plough.

Id. હળ (વડે જમીન) ખેડવી, હળ (વડે ખેતર) ખેડવું To till the ground;to plough a field.To plough. હળે જોડાવું To be yoked to a plough. 2. To be engaged in a hard and continuous work. હળેથી છુટવું To be freed from a yoke. 2. To be free from a hard and continuous work.

Prov. હળનો છુટયો ને હૈયાનો ફુટયો An ox free from his yoke and a dissolute person are impatient of control.

હળ-ક-વું, *v. i.* [See હાલ-વું.] To hang loosely.

હળદ,
હળદર,
હળધ, } *s. f.* [Hem. Des. हलद्दा *fr.* S. हरिद्रा.] Turmeric.

હળ-પુણી, *s.f.* [See હળ+પુરણી.]A ploughshare.

હળ-મળ, *adv.* [See હાલ-વું + મળ-વું.] Agitated.

એવે કાળાન્ત સરખી ગદા આવી લાગી જ પાણે,
હસ્તો બન્ને હળમળ થયા, આવિયો કાળ જાણે.
—પ્રેમાનંદ.

હળ-વટ, *s. f.* [See હળ+વટ, વૃત્તિ.] Agriculture.

Prov. હળવટ કે જળ-વટ Sink or swim=He will be a Cæsar or a nobody,either cock of the walk or nothing.

હળ-વું, *v. t.* [See હળ.] To plough.

Id. હળાએલું Yoked. 2. Being under the influence of.

હળ-વું, *v. i.* [See ભળ-વું.] To be familiar. 2. To be domesticated. 3. To be illegally attached to a person (said of a woman).

Id. હળતું આવવું To be suitable or agreeable; to resemble. હળી મળીને Amicably. હળી જવું To be agreeable; to be identified with. હળાએલું Being in love with.

લોકોમાં પ્રચલિત ભાષાની સાથે આ ભાષા હળતી ન આવી.
—વલ્લભ.

હળ-વું, *v. i.* [See ફળ.] To bear fruit.

કર્મ જોશો મ્હારાં, તો કશું નહિ બને.
દીન લ્હેશો, તો કાંઈક હળશે. —દયારામ.

હળ-વું, *adj.*[Hem. Des. हालुओ=क्षीणः exhausted. See હલકું.] Slow. 2. Soft. 3.Light.

Id. હળવું પડવું To be lighter; to lose weight.2.To lose one's influence or respect.

હળવે, *adv.* Slowly. 2. Softly; gently. 3. Lightly.

Id. હળવે હળવે Slowly and slowly; very slowly. હળવે રહીને Gently. 2. Carefully; watchfully.

હળા-એલું, See under હળ-વું To be familiar.

હળા-હળ, *s. n.* [S. हलाहल *fr.* हाला a deadly poison.] A vehement poison. 2. A very bitter drink.

હળુ,
હળુ-હળુ, } *adv.*[S. लघु small, swiftly.] Softly; gently; slowly.

હાં, *interj.* [Imit.] Ah ! 2. Yes. 3. An exclamation of grief, sorrow or surprise, corresponding with Ah ! Oh ! &c.

હાં•ઉ, *interj.* [S. आम् See આંઉ.]Enough ! that will do !

હાં•ક, *s. f.* [See હાં Or હોં•કારો.] A call. 2. A loud cry; a bawl.

Id. હાંક મારવી To call. 2.To bawl out.

હાંક•ણ•હાર,
હાંક•નાર, } *s. m.* A driver.

હાંક•ણી, *s. f.* [See હાં•ક•વું.] The way or manner of driving.

હાં•ક•વું, *v. t.* [See હાં•ક.] To drive; to urge (beasts, &c., by the voice, reins, or whip).2. To drive off or away.4. To urge forward.5.To utter loosely and carelessly; to exaggerate (a rumour).

Id. ગાડું હાંકવું To drive a carriage. બડાઈ હાંકવી To brag. ગપ્પાં હાંકવાં To talk big. હાંકી કાઢવું To drive away.

હાંકે•ડુ, *s. m.* A driver.

હાંજા, *s. m. pl.* [See સાંધો.] Joints of the body. 2. Power; ability; courage.

Id. હાંજા નરમ પડવા; હાંજા ગગડી જવા To lose hope; to despair. હાંજા મેલવા To give up in despair.

હાં•જી, *interj.* [See હાં+જી.] Very well, sir; yes, sir.

હાંડ•લી, Same as હાંલ્લી.

હાંડ•લું, Same as હાંલ્લું.

હાંડી, *s. f.* [S. हण्डा *fr.* भाण्ड a vessel.] An earthen pot. 2.A metal pot. 3.A hanging globe lamp.

હાંડી-ધોયો, *s. m.* [+ ધો•વું.] A menial servant whose duty it is to clean cooking pots.

હાંડો, *s. m.* A large metal vessel. 2. A fool; a dunce. 3. A kind of food, made of flour, &c.

હાંઢું, *s. n.* [See હાંડી + કાઢું.] A hole in the lower part of a large store of corn, through wich grain may be taken out.

હાંફ,
હાંફ•ણ, } *s. f.*[See શ્વાસ.] Hard breathing; asthma;frequent; difficult and short respiration.

હાંફ•લું, *adj.* Confused ; confounded ; stupid; stupefied.

હાંફ•લું-ફાંફ•લું, *adj.* [+ ફાંફલું redup.] See હાંફલું.

હાંફ•વું, *v. i.* [Hem.Des. संसप्पिअं=S. उत्लुत्यगतम् walking with leaps and bounds, *fr.* S. संसर्पितम् *fr.* सम्+सृ to move.] To pant; to be out of breath.

હાંલ્લી, *s. f.* [See હાંડી.] A small earthen vessel.

હાંલ્લું, *s. n.* An earthen vessel.

Prov. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે છે He is totally in want of food.2. He is a very poor man.

હાંસ, *s. m. pl.* [See શ્વાસ.] Breath; the breath of life.

Id. હાંસ ઉડી જવા Lit. To cease breathing. 2. To be shocked; to stand stock-still through sudden fright.

હાંસ-કાંસ, *s. m. pl.* [+ કાસ panting.] Hard breathing; palpitation of the heart.

Id. હાંસ-કાંસ ઉડી જવા To cease breathing in and breathing out. 2. To be shocked; to stand stock-still through sudden fright.

હાંસ, Same as હેંાસ, હવસ.

હાંસડી, *s. f.* A collar.2. The collar of a horse in harness. 3. A necklace. 4. A circular ring around a water-pot for use as a handle. 5. The collar of a horse.

હાંસલ, *s. n.*[Ar. हासइल् product.] Produce; result profit.2. A tax; a duty; customs. 2.Consequence. 4. Advantage. હાંસલ કરવું To get; to acquire.

હાંસવો, *s. m.* A hoe; a spade.

હાંસિયા-ઘઉં, *s. m. pl.* [Guj. હાંસોટ a village near Broach well-known for its wheat and rice + ઘઉં.] A superior kind of wheat.

હાંસિ•યો, *s.m.* [Ar. हाशियः a margin. *Cf.* Dh. Des. हंसयं=S. नूपुरम् an anklet. *fr.* S. हंसपदम् the *caret* sign (‸) in manuscripts,

denoting that something has been left out, *fr.* काक, કાગ, a crow + पद, પગ, the foot.] A margin; a border (of embroidered cloth, of a book, paper, &c).

હાંસી, *s. f.* [See હસ·વું, હાસ્ય.] Derision; ridicule; laughing at.

હાંસીલ, Same as **હાંસલ.**

હા, *inter.* [Imit. See હાં.] A particle expressing consent; yes.

Id. હાજી See **હાંજી.**

Prov. હા ને નાને વેર No and yes often cause great disputes. **હા** ના Hesitation. હા ના કરવી To hesitate.

હાઉ, *s. m.* [Imit. See સાપ.] A bugbear. 2. A term used for frightening infants. 3. A serpent.

કો કહે"હાઉ આવ્યો વિકરાળ,દેખાડો,રોતાં રહેશે બાળ."
—**પ્રેમાનંદ.**

હાક, *s. f.* [See હા. See હાંક.] A loud cry. 2. Awe; fright; terror.

Id. હાક મારવી To call aloud. હાક દેખાડવી To keep in awe; to terrify. હાક ધરાવવી-માનવી To obey a superior's order. હાક વાગવી To declare with a loud voice. 2. To be obeyed through fear. હાક દેવી To speak aloud a challenge to fight; to roar out in the excitement of a fight.

સવિતા સમા થઈને હાક દીજે હામની.—**વલ્લભ.**

હાક·ટ·વું, *v. t.* To scold; to rate.

હાક·વું, *v. i.* [See હાક.] To speak aloud or roar out through excitement.

તમે જવાબ હાકીને દેજો, નહિ તો નામ હમારૂં દેજો.
—**પ્રેમાનંદ.**

2. To call aloud.

કઈ ચક્રવાકને ચક્રવાકી રે મળતાં મનહર હાકી થાકી રે.
પ્રેમાનંદ.

હાકેટ·વું,
હાકોટ·વું, } Same as **હાકેટ·વું.**

કન્યાએ ક્રોધ જણાવિયો,હાકેટયો પરધાન.—**પ્રેમાનંદ.**

હાકે·ટો,
હાકો·ટો, } *s. m.* A loud cry uttered through excitement.

હાકમ,
હાકેમ, } *s. m.* [Ar. हकिम् a ruler. See હુકમ.] A ruler; a governor; a viceroy.

Prov. હાકેમનાં દંડયા ને વરસાદના ખરડયા (એની ફરિયાદ નહિ) There is no remedy at law against *vis major.*

હાકમી, *s. f* Rule; sway; government.

હા-કાર·વું,
હા-કલ·વું, } *v. t.* [See હા+S. कृ to do.] To call; to summon.

હાજત, *s. f.* [Ar. हाजत necessity.] Need; necessity. 2. Inclination to go for natural purposes.

Id. હાજત થવી-લાગવી To be inclined to ease nature. હાજત પડવી To be habituated.

Prov. હાજતને હુજત નહિ Necessity has no law.

હાજર, *adj.* [Ar. हाज़िर.] Present. 2. Ready; being at hand. 3. Being face to face.

Id. હાજર થવું-રહેવું To be present; to be ready. હાજર કરવું To bring forward; to produce. હાજર રાખવું To cause to be present.

Prov. હજર સો હજૂર (આગળ મૂકું છું) I present your honour with what I have.

હાજર-જવાબ, *s. m.* [+જવાબ.] Presence of mind; ready-wit.

હાજર-જવાબી, *adj.* Ready-witted.

હાજર-જામીન, *s. m.* [+જામીન.] A bail for appearance.

હાજરાત, *s. f.* [See હાજર.] Exorcism; raising a spirit.

હાજરા-હજુર, *adj.* [See હાજર] Ready at hand. 2. Manifest; cognizable by the senses; visible.

હાજરી, *s. f.* Presence. 2. A muster-roll; the morning-meal.

Id. હાજરી પત્રક A catalogue, roll, or register of attendence. હાજરી લેવી To call the roll; to see whether a person is present or not. 2. To examine the person of. 3. To take one to task; to scold. હાજરી ભરવી To show that one is present.

હાજ·વું, *v. i.* [See હાજત.] To persevere.

હા-જિ·યો, *s. m.* [See હા·જી,હાં·જી.] A flatterer; a sycophant; a parasite.

હાજી, *interj.* [See હા-જી.] Yes, sir.

Id. હાજી-હાજી કરવી To obey implicitly. 2. To flatter.

હાટ, *s. f. n.* [Dh. Des. हट्टो *fr.* S. a market a fair.] A shop. 2. A movable market; a fair.

Id. હાટ માંડવી-ઉઘાડવી To open a shop. હાટે બેસવું To be an apprentice to a shop. keeper.

Prov. હાટ ભાડે, ઘર ભાડે, વાણોતરને વ્યાજ, એને દેવાળાની શી લાજ ? Trading on one's credit is sure to lead to insolvency. કંદોઈની હાટ, સોનીનો ઘાટ, વેશ્યાનો ખાટ(તૈયાર થયે જોવું) Anything is nice in a show-room.

હાટક, *s. n.* [S.] Gold.

હાટક રૂપ દેખી સખી સાથે મુજને ગ્રહવા આવી,
ભુજ અંબુજ મેં પણ બેઠાં, તોય મન નવ લાવી.
—પ્રેમાનંદ.

હાટ-ડું, *s. n.* [See હાટ.] A recess in a wall; a niche. 2. a small shop.

હાટુ, *prep.* [See સાટ, સાટું.] For; for the sake of.

હાડ, *s. n.* [Hem. Des. हड्डं *fr.* S. हड्डम्.] a bone. 2. The frame; the structure; the make (of a man)

Id. હાડ ભાગવાં To beat severely. 2. To inflict pain. 3. To have pain all over the body. હાડનો તાવ Long-standing slow fever. હાડ ગળવું-ફૂટવું A cancer in the bones. હાડ વળવું To have a plump body. 2. To be healthy and stout.

હાડ, *s. n.* [See હૈડું.] The heart. 2. *adv.* Sincerely. 3. Extremely.

મને હરિ વહાલા છે હાડ જી —ભાલણ.

Id. હાડનો રાંક Humble in heart. હાડ જવું To feel bitter enmity towards.

કહેશે પણ કરશે નહિ, છેક જાશે નહિ હાડ.
—સામળભટ.

Prov. હાડ સલામત, તો માંસ ઘણું એ આવશે If you are sure of the substance, the form does not much matter.

હાડ-કચરિયો, *adj. m.* [+ કચરવું.] Fever in the bones.

હાડ-કી, *s. f.* [See હાડ, *s. n.*] A little bone; a small bone.

હાડ-કું, *s. n.* A bone.

Id. હાડકાંનો ભાગ્યો, હાડકાંનો આખો Idle; lazy; dull. હાડકાંનો ખરો Not lazy or dull; indefatigable. હાડકાં વાળવાં To do gymnastic feats or exercises.

હાડ-છેડ, / **હાડ-માર** *s. f.* [See હડ-હડ+છેડવું, મારવું.] Slight contempt.

હાડ-જવર, *s. m.* [See હાડ, હાડકું,+જ્વર.] A slow fever; fever in the bones.

હાડ-પિંજર, *s. n.* [See હાડકું + પાંજરૂં.] The skeleton-frame; a skeleton.

હાડ-વેર, / **હાડ-વર,** *s. n.* [See હાડકું + વેર.] Bitter enmity.

હાડ-વેરી, / **હાડ-વરી,** *s. m.* A bitter enemy.

હાડ-વૈદ, *s. m.* [+વૈદ.] A bone setter.

હાડિયા-કુંકું, *s. n.* A game for children otherwise called **ઘંટી-ખિલડો.**

હાડિ-યું, *adj.* Pertaining to, or born in, the bone. 2. Deep-seated.

Id. હાડિયો તાવ Long-standing slow fever.

હાડિયા-કરસણ, *s. m.* a plant growing wild in the rainy season.

હાડિ-યો, *s. m.* A crow; a rook.

Prov. હાડિયાને મન હસવું, ને દેડકાનો જીવ જાય You are laughing at his expense. હાડિયો બેસે, ત્યાં વિષ્ટા કરે It is an ill wind that blows nobody good. હાડિયો દહિંયરૂં લઇ ગયો Fortune often favours a man more than his merit: The hindmost dog may catch the hare.

હાડી, *adj.* [See હાડ, હાડકું] Pertaining to, or born in, the bone. 2. Muscular; strenuous. 3. Hard-working.

હાડી, *s. m.* A magician, who pretends to perform his tricks by the help of bones from dead bodies.

કૃષ્ણ અડે કર પ્રકટયો પૂરણ-કામ,
જયહાડી જોઈ, પ્રેત પડે ભૂણીજી. —દયારામ.

હાણ, Same as હાનિ.

હાથ, *s. m.* [Dh. Des हत्थो, हत्था, *fr.* S. हस्त.] The hand. 2. A cubit. 3. A side. 4. Province; sphere; range. 5. power. 6. Control. 7. Possession. 8. The hand as representing the agent in action. 9. Skill. 10. Complicity. 11. Favour.

Id. મારા હાથમાં નથી It does not lie within my reach. તે મારે હાથે નહિ થાય I have not the will to do it=I shan't do it. તે કામમાં તેનો હાથ સારો છે He has great skill in doing it. તે કામમાં તેનો હાથ છે He is implicated in it. તેને માથે ગુરૂનો હાથ છે He is in favour with his spiritual preceptor. હાથ આવવું To recover a lost thing.2.To get under control. હાથ ઉગામવો-ઉપાડવો-ઉઠાવવો To raise the hand to strike. હાથ ઉઠાવવો To relinquish a claim to. હાથ કરવું To subdue. હાથ કાપી આપવો To be bound by a writing signed with one's own hand. હાથ ઘાલવો To interfere; to meddle with another's business. હાથ ચલાવવો To beat. 2.To work with speed. હાથ ચળવળવા To be eager to beat. હાથ ચાલવો See હાથ ચલાવવો,હાથનો ચોખ્ખો Trustworthy. 2. honest. હાથનું છુટું-મોકળું That has the habit of beating. 2. Munificent; liberal.હાથથી જવું To be lost (said of a thing). 2. To be irreparably depraved in morals. 3. To be beyond all hope of recovery (said of a sick person.)હાથ જોડવા To join the hands in supplication. હાથ ઝાલવો-પકડવો To help. હાથ ટાઢા કરવા To have one's(worldly)desires fulfilled by doing work. હાથ દાબવો To give a hint (by pressing the hand). 2. To bribe. હાથમાં દાબવું-ચાંપવું To give a bribe retuctantly.હાથ દેખાડવો To show one's strength or power. 2. to show one's skill. હાથ દેવો To lend a helping hand. 2. To apply a liquid all over. હાથ ધરવો To hold up one's hands. 2. To beg. હાથ ધોવા To wash one's hands of. હાથ નીચેનું Subordinate. હાથ પગ ભાગી જવા To be dispirited; to despond. હાથ પગ Hands and feet. 2. (One's) Chief support; life and soul. હાથપર લેવું To win over. 2. To be engaged in going. હાથ ભીડમાં હોવો-સાંકડમાં હોવો To be in want of money; to have one's pocket empty; to be in a pecuniary difficulty. માથે હાથ મુકવો To pronounce a blessing on. 2. To infuse one's own characteristics into other person; to inspire another with one's own peculiar qualities હાથ મારવો To defraud a person of his money. 2. To acquire by dishonest means; to embezzle. 3. To apply a liqnid all over. હાથનું મોકળું See હાથનું છુટું. 2. હાથ લાગવું See હાથ આવવું, 1 હાથસર Obedient. આડો હાથ ધરવો-રાખવો To stop one from further action. હાથ હેઠે પડવા or હાથ નીચે પડવા To be deprived of one who could render assistance. 2. To be left in the lurch. ચારે હાથ હેઠા પડવા To become quite helpless.હાથ નીચે In subordination to;under the influence of.હાથ નીચે પડવું To be under the influence of. હાથ નીચે પડવો To lose one's own influence or power. 2. To be disgraced. હાથે ઝાલવું To catch redhanded. હાથની કરામત One's own handiwork. હાથે હાથ મિલાવવો To settle a contrct. હાથમાં હાથ આપવો To pledge one's hand; to make a promise. 2. To perform the marriage-ceremony; to declare to have been married. હાથ મેળાપ-મેળાવો The ceremony of marrige. હાથ બેસવો To be a practised worker. હાથે બેસવું To be skilled in doing. હાથ ઠોકવો To settle a contract.હાથ ભરવા-મારવા To go for ward in swimming. માથે હાથ દેવો To be disappointed. કેડે હાથ દેવા To be exhausted by over-work. હાથ છુટી બલક રમવી To indulge oneself in a sport in which stones, &c,ar thrown about. હાથ જોવો To examine the hand(in palmistry).તેનો હાથ ચોખ્ખો નથી She is in menses. હાથ વળાવો કરવો To be remarried. હાથ વાળવો To cry and mourn over the dead (by women).હાથની વાત A matter over which one have full control.હાથ પગ દોરડી ને પેટ ગાગરડી Thin hands and legs with a big stomach(said of an emaciated sickly person) હાથ વેંતમાં આવવું To be on the point of. હાથ ઘસવા To repent. હાથમાં હોવું To be in one's power. હાથ ફેરવવોTo apply a liquid lightly over. 2. To agitate;to stir.3.To steal every thing that one can lay one's hand on. માથે હાથ ફેરવવો To caress and fondle by passing one's hand over another's head,back, &c., and inquiring about another's health. 2. To bless.3. To make a recluse of, by causing him to get his head shaved. 4. To reduce to beggary or poverty.બે હાથવાળો The

bimana. ચાર હાથવાળાં The quadrumana. હજાર હાથનો ધણી Having a thousand hands (an epithet applied to god). હાથ પીળા કરવા–પીળવા To make one's hands yellow by rubbing turmeric over one's child previous to his or her marriage. Hence, 2. To get one's childern married. હાથે કરીને Voluntarily. 2. Knowingly; purposely.

Prov. હાથ પોલો તો જગ ગોલો Money makes the mare go. હાથ ચાટે કાંઈ પેટ ન ભરાય A fog cannot be dispelled by a fan. હાથના કર્યાં હૈયે વાગ્યાં Evil to him, who evil thinks: *Honi soi qui mal y pense*: As you sow, you will reap: Underhand practices fail in the end. હાથમાં આવ્યું તેજ ખરૂં; હાથે તે સાથે. A bird in the hand is worth two in the bush. હાથ હલાવ્યા વિના કોળિયો મ્હોમાં ન પેસે Heaven helps those who help themselves. હાથ કંકણને આરસીની શી જરૂર Seek not for a good man's pedigree. હાથ આવેલી તક ખોવી નહિ Everything hath its time, and that time must be watched. હાથે કરીને પગ ઉપર કુહાડો મારવો He that cuts himself wilfully, deserves no balsam. હાથે કરીને પોતાની એબ ઉઘાડીએ નહિ It is an ill bird that betrays its own nest. હાથમાં નહિ કોડી ને ઉભી બજારે દોડી Ere fancy you consult, consult your purse. હાથ દીવે હગામણ ખળે ? Submit where all opposition must be in vain. હાથના છુટા ને હૈયાના ફુટા Extravagant persons are generally thoughtless. હાથનું બાળ્યું ને પારકું સમાર્યું Do your own work=Self-interest is a powerful motive. હાથમાં તેના મોંહમાં=હાથમાં તેની બાથમાં Money makes the mare go. હાથ મૂકીને કોણી કયાં ચાટવી ? A bird in the hand is worth two in the bush. હાથે ચૂડી તે સદાએ રૂડી Wifehood is the happiest state under all circumstances. હાથ ભરે, પણ તસુ ન ફાડે Profuse in promises and slow in deeds. હાથે કરીને પેટમાં પાળી ન મારો Let not your tongue cut your throat.

હાથ-ઉછીનું, *adj.* [+ ઉછીનું.] That is lent or borrowed for an occasion (as money); that is lent or borrowed without being entered in the account-books.

હાથ-કડી, *s. f.* [+ કડી.] Handcuffs; manacles.

હાથ-ચાલાકી, *s. f.* [+ ચાલાકી.] Dexterity. 2. Sleight of hand; legerdemain.

હાથણી, *s. f.* [See હસ્તિની.] A female elephant.

હાથ-ધોણું, *s. n.* [See હાથ+ધોવું.] Diarrhœa.

હાથ-પોંચિયું, *s. n.* [See હાથ+પોંચી.] An ornament worn on the hand by women and children.

હાથા, *s. m. pl.* [See હાથો.] Marks of red turmeric (કંકુ) made with the hand and fingers, indicating good luck at the beginning of an auspicious ceremoney.

પુત્ર પ્રસવ્યો, પુત્ર પ્રસવ્યો, વાત ચાલી ચોફેર જી;
હાથા, તોરણ હરિને મંદિર વાજે વાજિત્ર ભેર જી.

—પ્રેમાનંદ.

હાથિયો, *s. m.* [See હસ્ત.] The thirteenth lunar asterism.

હાથી, *s. m.* [Hem. Des. हत्थी *fr.* હસ્તી.] An elephant.

Id. બેઠા હાથીની પેઠે Leading a useless but luxurious life.

Prov. આખર બેઠો હાથી છે A small spark may make a big fire. હાથી ઉપર બેઠો બેઠો પણ બ્રાહ્મણ હાથ લાંબો કરે Women, priests, and poultry never have enough. હાથી હાથી લઢે, અને ઝાડનો ખો The poor do penance for the follies of the strong. હાથીનો ભાર હાથીજ ઉપાડે Every man to his trade. હાથીની ગાંડમાં હરડે A drop in the ocean. હાથી પાછળ કુતરાં ઘણાંએ ભસે છે The moon does not heed the barkings of dogs. હાથીના મોંહ આગળથી પુળો લેવો છે You have to reach an inaccessible place. હાથી ખાય ઘણું, ને હગે પણ ઘણું Regal honours have regal cares=High winds blow on high hills. હાથી મસ્તાનો થાય, ત્યારે માથે ધૂળ ઘાલે A mad man is his own curse. હાથી તરશ્યો ઘુટણ સમાં પાણી A great fortnne is a great misery =A poor man is readily overwhelmed. હાથી દરબારે શોભે Everything has its place. હાથીના દંતુશળ બહાર નિકળ્યા તે નિકળ્યા A word once spoken cannot be recalled. હાથીના દાંત ચાવ-

વાના જૂદા, ને દેખાડવાના જૂદા He has one face to God, and another to the devil; one opinion for the chamber and another for the platform. હાથીને અંકુશ A small spark may make a big fire.

હાથી-દાંત, *s. m.* [See હસ્તિ+દાંત.] Ivory.

હાથે-લી, *s. f.* [+ તળિયું.] The palm of the hand.

Id. એને તો હાથેલીમાં પૃથ્વી આવી ગઈ He is overtaken by a great misfortune. એતો હાથેલીમાં પૃથ્વી જુવે છે He is at the height of his power. હાથેલીમાં નચાવવું To compel to do one's bidding.

Prov. હાથેલીમાં વાળ હોય, તો પૈસો હોય Utterly poor.

હાથે-વાળો, *s. m.* [+વાળવું.] Marriage.
પરમ દહાડે તેનો હાથેવાળો મળી જાય,એટલે ગંગા નાહ્યા.
—**પ્રેમાનંદ.**

હાથો, *s. m.* A handle; the hand; a hilt. 2. The band given to a merchant or a broker under a cloth for the purpose of bargaining or settling the price of goods; &c., by means of the fingers. 3. Grace; favour.

Id. એને માતાનો હાથો છેThe goddess shows particular favour to him. હાથો ઠોકવો To settle a bargain.

હાથો-હાથ, *adv.* Personally. 2. From hand to hand; from the hands of one person to the hands of another, and thus onwards. 3. Sharply; swiftly.

હાન, *s. f.* [See આજ્ઞા. Or, See સાન.] A vow.
સુભદ્રાને રૂકમણી માને,જગદંબાને હાન છે.—**ભાલણ.**

હાન, Same as **હાણ**, **હાનિ.**

હાનિ, *s. f.*[S. *fr.* हा to abandon.]Injury. 2. Loss; damage. 3. Detriment. 4. Privation. 5. Destruction; extinction.

હાનિ-કારક, *adj.* [S. *fr.* + કારક doing *fr.* कृ, કરવું to do.] Injurious. 2. Destructive.

હાબદું, *adj.* [P. आमाद; prepared *fr.* आमादन् to be prepared.] Whole; complete. 2. *adv.* Wholly; completely; entirely.

Id. હાબદા થવું To be ready; to be completely equipped.

હામ, *s. f.*[See હામી.] Courage;fortitude.

Id. હામ ભીડવી To venture; to run the risk of.

Prov. હામ, દામ, ને ઠામ (વેપારમાં) જોઇએ Commercial adventure, money, and the place of business are the three requisites in commerce.

હા-મા-કરતાં,*adv.*[See હા+મા don't+કરવું.] With great hesitation; at length.

હામી, *s.f.*[Ar. हामी a helper.]Guarantee; assurance; security.

Id. હામી ભરવી To stand security.

હાય, *interj.* [Imit.] An interjection uttered upon some sudden emotion, or sensation of pain; alas ! 2. *s.f.* An expression of pain. 2. A curse pronounced by a suffering person.
તુલસી હાય ગરીબકી કબૂ ન ખાલી જાય.—**તુલસીદાસ.**

હાય, *s. f.* [P. हाय.] Power; ability.

હાય-હાય, *s. f.* [See હાય, *interj.*] Extreme grief. 2. A general grief.

હાર, *s. f.* [See હારવું.] Defeat; discomfiture.

હાર, *s. m.* [S.] A necklace of gold, pearls, &c.

હાર, *s. f.* [See ધારા; Or, હાર *s. m.*] A line; a row.

Id. એક હારના Of the same rank; of the same kind. હાર-કતાર In rows. હાર પડવું, હારે પડવું To be set going; to be started. હારે પાડવું To set going; to start.

હાર, *s. m.* [S.*fr.* हृ,हर, to take away.] The power of carrying down; the force of a stream of water, or of the current of a river.

હાર, *s. m.* [See આહાર.] Paste of new rice used in stiffening cloth. 2.Food eaten at one sitting.

